ત્રીજી શ્રેણી)
પુસ્તક : ૧૧૩

ગુરૂવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૦૫
ફાલ્ગુન ૧૯, ૧૯૨૬ શાકે

થી

સોમવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૦૫
ફાલ્ગુન ૨૩, ૧૯૨૬ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

સત્તાવાર અહેવાલ
અગિયારમી ગુજરાત વિધાનસભા
સાતમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
| --- | --- |
| **ગુરૂવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૦૫ / ફાલ્ગુન ૧૯, ૧૯૨૬ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧ - ૧૯ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૦ - ૨૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૧ - ૩૮ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૯ - ૫૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૫ - ૧૪૯ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૧૫૦ - ૧૫૨ |
| ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રીનું નિવેદન | ૧૫૩ - ૧૫૩ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૧૫૪ - ૧૫૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૫૬ - ૧૯૧ |
| બિન સરકારી વિધેયકો | ૧૯૨ - ૧૯૮ |
| **શુક્રવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૦૫ / ફાલ્ગુન ૨૦, ૧૯૨૬ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૯૯ - ૨૦૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૦ - ૩૭૨ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૭૩ - ૩૭૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૭૪ - ૩૮૬ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૩૮૭ - ૩૮૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૮૮ - ૪૧૪ |

## અ નુ ક્ર મ ણિ કા

**વિષય** **પાના નંબર**

**સોમવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૦૫ / ફાલ્ગુન ૨૩, ૧૯૨૬ શાકે**


| | |
|---|---|
| ટૂંકી મુદતનો પ્રશ્ન | ૪૧૫ - ૪૧૬ |
| તારાંકિત પ્રશ્નો | ૪૧૭ - ૪૩૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૩૧ - ૫૩૨ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૫૩૩ - ૫૩૫ |
| શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન નિયમ- ૪૪ | ૫૩૬ - ૫૩૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો | ૫૩૭ - ૫૩૭ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૫૩૮ - ૫૩૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૪૦ - ૫૭૪ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૫૭૫ - ૫૭૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૭૬ - ૫૮૬ |


***

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૧૯, ૧૯૨૬ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

**કાયદા વિભાગ**
**માગણી નંબર :૬૦**

**શ્રી અશોક ભટ્ટ (કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રના વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧,૩૯,૪૦,૮૩,૦૦૦/- ની માગણી ક્રમાંક ૬૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૬૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ**
**માગણી નં.૮૩**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને મકાન વિભાગને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૬,૧૧,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૮૩ રજૂ કરું છું. :

**માગણી ક્રમાંક :૮૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક :૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર :૮૬**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગો અને પૂલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૬,૩૦,૦૪,૯૨,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૬,૮૮,૨૫,૩૬,૦૦૦/- ની માગણી ક્રમાંક : ૮૬ રજૂ કરું છું.

**માગણી નં. ૮૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક :૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૨૬રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઘે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક :૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૮૭**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગર બાંધકામ યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૮,૫૬,૧૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા.૨૩,૦૮,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક : ૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૮૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક :૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની ગુરુવાર, તા.૧૦–૩–૨૦૦૫ (પહેલી બેઠક) (સાતમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **કાયદા વિભાગ**<br>**માગણી નં.૬૦** | | |
| ૧. | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૩–ખાસ કોર્ટો<br>૦૨–લાંચરુશ્વત ...કોર્ટ<br>રૂા.૧૬,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬ પા.નં.૧૦ | ૧૦૦ | લાંચરુશ્વત ધારા હેઠળની કોર્ટોમાં પૂરતા સ્ટાફની ભરતી કરીને પડતર કેસોનો ઝડપી નિકાલ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બાબુભાઈ શાહ |
| *૨. | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫–સિવિલ અને સેસન્સ કોર્ટ<br>૦૧–જિલ્લા અને સેશન્સ જજ<br>રૂા.૩૪,૫૩,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬ પા.નં.૧૧–૧૨ | ૧૦૦ | જિલ્લાની કોર્ટોમાં પ્રજા અને વકીલોને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૩. | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫–સિવિલ અને સેસન્સ કોર્ટ<br>૦૨–સિવિલ જજ<br>રૂા.૪૨,૩૧,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬ પા.નં.૧૩–૧૪ | ૧૦૦ | સિવિલ/સેશન્સ કોર્ટોના કર્મચારીઓ ધ્વારા લોકો સાથે થતી તોછડાઈભરી વર્તણૂંક નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૪. | --"-- | ૧૦૦ | સિવિલ કોર્ટોમાં લાંબા સમયથી પડતર રહેલા કેસોનું મોનીટરીંગ કરી તેને સત્વરે હાથ ઉપર લેવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૫. | --"-- | ૧૦૦ | પ્રજાને ઝડપી અને સરળતાથી ન્યાય મળે તેવું સુદ્રઢ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૬. | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૮–ફોજદારી કોર્ટ<br>૦૧–અદાલતી મેજિસ્ટ્રેટ<br>રૂા.૭,૧૩,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬ પા.નં.૨૧ | ૧૦૦ | ફોજદારી કોર્ટોમાં જજોની ખાલી જગ્યાઓ સમયસર ભરી કેસોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વારલી |

| | | | | |
|---|---|---|---|---|
| **માર્ગ અને મકાન વિભાગ**<br>**માગણી નં.૮૩** | | | | |
| ૭. | ૩૪૫૧–સચિવાલય .... સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–માર્ગ અને મકાન વિભાગ (ખુદ)<br>રૂા.૪,૩૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (ભાગ–૧)<br>પા.નં.૯૨–૯૩ | ૧૦૦ | સમયસર ગ્રાન્ટ છૂટી કરી વિકાસના કામો ખોરંભે પડતાં અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૮. | --"-- | ૧૦૦ | કોન્ટ્રાકટરોને કામો ફાળવવામાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીસનતા. | |
| ૯. | --"-- | ૧૦૦ | ટેન્ડરો આપવા બાબતમાં આચરવામાં આવતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૧૦. | --"-- | ૧૦૦ | અધિકારીઓ/કર્મચારીઓની અનિયમિત હાજરીના કારણે કામોનો થતો ભરાવો નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માધુભાઈ ભોયે |
| *૧૧. | --"-- | ૧૦૦ | કોન્ટ્રાકટરોના બીલો માર્ચના આખરના બદલે સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૨. | --"-- | ૧૦૦ | બજેટમાં જરુરિયાત મુજબનો અંદાજ ન મુકતા પાછળથી વધારાનો ખર્ચ મંજૂર કરાવવો પડે તે સ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.દિનેશ પરમાર |
| *૧૩. | --"-- | ૧૦૦ | વડાપ્રધાનશ્રીની ગ્રામ સડક યોજના હેઠળ દરેક જિલ્લામાં જરુરિયાત મુજબના કામો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૧૪. | --"-- | ૧૦૦ | કેન્દ્ર સમક્ષ પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ આવે તેવી અસરકારક રજૂઆત કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૫. | --"-- | ૧૦૦ | ટોલટેક્સ કયા કયા માર્ગો ઉપર કેટલા સમય સુધી લેવામાં આવશે તે અંગેની જાણકારી જાહેર જનતાને આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| *૧૬. | --"-- | ૧૦૦ | ધારાસભ્યોએ લખેલા પત્રોના જવાબો સમયસર આપવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૧૭. | --"-- | ૧૦૦ | જોબનંબરો અપાયા બાદ નાણાની પૂરતી ફાળવણીના અભાવે કામો અટકી પડતા નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૧૮. | ૩૪૫૧–સચિવાલય.... સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–માર્ગ અને મકાન વિભાગ (ખુદ)<br>રૂા.૪,૩૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (ભાગ–૧)<br>પા.નં.૯૨–૯૩ | ૧૦૦ | જોબનંબરો અપાયા બાદ નાણાની ફાળવણી કરવા છતાં કામો રદ થતા અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૧૯. | --"-- | ૧૦૦ | દરેક શાખાનું મોનિટરીંગ કરી પડતર કામોનો ઝડપી નિકાલ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૦. | --"-- | ૧૦૦ | ગાંધીનગર ખાતે બંધ પડી રહેલા સરકારી મકાનો સરકારી કર્મચારીઓને વેચાણથી આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૧. | --"-- | ૧૦૦ | ટેન્ડરો ભરવામાં કોન્ટ્રાકટરો ધ્વારા રચાતી રીગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જેશાભાઈ બારડ |
| **માગણી નં.૮૬** | | | | |
| *૨૨. | ૩૦૫૪–માર્ગો અને પુલ<br>૦૪–જિલ્લા અને અન્ય માર્ગો<br>૩૩૭–માર્ગ કામો<br>રૂા.૧,૩૭,૫૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (ભાગ–૧)<br>અને (ભાગ–૨) પા.નં.૬૭ | ૧૦૦ | જિલ્લા માર્ગોમાં આવતા નાળીયા–પુલોના કામો સમયસર અને ઝડપી હાથ ન ધરાતાં પ્રજાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૩. | --"-- | ૧૦૦ | વરસાદના પાણીથી નુકશાન પામેલ રસ્તાઓની તાકીદે મરામત કામગીરી હાથ ન ધરાતા પ્રજાજનોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી છનાભાઈ ચૌધરી |
| *૨ | --"-- | ૧૦૦ | જિલ્લા માર્ગોની મરામત માટે ડામર–કપચી | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | | | પૂરતા પ્રમાણમાં ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૫. | --"-- | ૧૦૦ | ગ્રામ્ય માર્ગો ટકાઉ અને મજબૂત બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨૬. | ૫૦૫૪-માર્ગો ... જોગવાઈ<br>૦૧-રાષ્ટ્રીય ધોરીમાર્ગ<br>૩૩૭-માર્ગ કામો<br>રૂા.૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (ભાગ-૧)<br>પા.નં.૩૧૨ થી ૩૧૪ | ૧૦૦ | ચોમાસા દરમિયાન રાષ્ટ્રીય ધોરીમાર્ગો ઉપર પડેલાં ગાબડાં સત્વરે પૂરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મનિષ ગિલીટવાલા |
| *૨<br>૭. | --"-- | ૧૦૦ | રાષ્ટ્રીય ધોરીમાર્ગોના કામો સત્વરે પૂર્ણ કરવામાં ઉદાસીનતા. | |
| ૨૮. | ૫૦૫૪-માર્ગ ... જોગવાઈ<br>૦૩-રાજય ધોરીમાર્ગ<br>૧૯૦-જાહેર રોકાણ<br>રૂા.૧૧,૨૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (ભાગ-૧)<br>પા.નં.૩૫૦-૩૫૧ | ૧૦૦ | રાજયધોરી માર્ગ ટોલ રોડની બન્ને બાજુના આવેલ સામાન્ય રસ્તાની મરામત કામગીરી ન થતા પ્રજાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| | | **માગણી નં.૮૭** | | |
| *૨<br>૯. | ૪૨૧૭-શહેરી .... જોગવાઈ<br>૦૧-રાજય ... વિકાસ<br>૦૧-રહેણાંકના મકાનો<br>રૂા.૩,૫૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (ભાગ-૧)<br>પા.નં.૨૪૮-૨૪૯ | ૧૦૦ | ગાંધીનગર ખાતે બાગાયત ખાતામાં છેલ્લા પંદર વર્ષથી ફરજ બજાવતા રોજમદાર કર્મચારીઓને સરકારી મકાન ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૩<br>૦. | ૪૨૧૭-શહેરી ... જોગવાઈ<br>૦૧-રાજય ... વિકાસ<br>૦૩-માર્ગો અને પુલ<br>રૂા.૧,૬૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (ભાગ-૧)<br>પા.નં.૨૫૬ થી ૨૫૮ | ૧૦૦ | નવા સેકટરોના આંતરિક માર્ગો (સ્ટ્રીટરોડ)નું રીસરફેસીગ કરવામાં તંત્રની ઘોર નિષ્ફળતા. | |
| *૩<br>૧. | --"-- | ૧૦૦ | ગાંધીનગર શહેરના નવવિકસિત સેકટરોમાં બનાવવામાં આવતા પાકા રસ્તાનું ડામર કામ કરતી વખતે લેવલીગ જાળવવામાં તંત્રની સરિયામ નિષ્ફળતા. | |
| ૩૨. | --"-- | ૧૦૦ | સેકટર-૧૩ના રીંગરોડને પહોળો બનાવવામાં તંત્રની સરિયામ નિષ્ફળતા. | શ્રી પરેશભાઈ વસાવા |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી :** હવે માગણીઓ અને રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા વિભાગના મંત્રીશ્રી અને માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદા મંત્રીશ્રીના વિભાગ માટે એટલું જ કહેવાનું કે આ દેશની અંદર કાયદાનું શાસન અને એના દ્વારા કેટલીય બાબતોમાં પ્રજાને ન્યાય મળવા માટેની આશા અને અપેક્ષા તેમજ એજ રીતે રાજયમાં પણ આજ વ્યવસ્થા અને એમાં રાજય સરકાર પ્રજાને ન્યાય મળે એ માટેની વ્યવસ્થાની હંમેશા પૂરક હોય છે. સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ એ બધી સંસ્થાઓમાં સીધી આપણે કોઈ દખલગીરી કરી શકીએ નહીં. પણ એમને પૂરક બનવાનું કાર્ય કરી શકીએ. હાઈકોર્ટ કે જિલ્લા કક્ષાની કોર્ટ-કચેરી હોય ત્યાં બધાને ખ્યાલ આવે. પરંતુ ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટની કોર્ટ છે ત્યાં સંખ્યાબંધ ઠેકાણે પબ્લિક પ્રોસિકયુટર હાજર ન રહેતા હોય એના માટેના કેસો જયારે બોર્ડ ઉપર આવે ત્યારે પબ્લિક પ્રોસિકયુટર હાજર ન હોવાના કારણે લાંબી લાંબી મુદ્દત આપવામાં આવે, આ બાબત સામાન્ય બની ગઈ છે. રાપર અને ભચાઉ કોર્ટની આ હાલત છે, એટલા માટે મને ખબર છે અને એટલા માટે મારે એમનું ધ્યાન દોરવું છે. બાકી તો એ બહુ સક્ષમ વ્યકિતત્વ છે કાયદા મંત્રીશ્રી એ મૌલિકતાના વાહક છે. ઈટ સ્પાર્કસ ઓલ્સો, રિવર્સ સ્પાર્ક, પણ બધી બાબતો એમના ખ્યાલમાં છે કે કેમ? એટલા માટે આપના મારફત હું ધ્યાન દોરું છું કે, ઘણી વાર દિવા નીચે અંધારું હોય એ દેખાય નહીં માત્ર પ્રકાશ દેખાય. નવી નવી કોર્ટો ખોલવાની હતી ભૂતકાળમાં એની વિસ્તૃતતા વધારવામાં આવેલ છે પણ એને આગળ ધપાવવી એટલી જ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવેલ છે એમાં ટીકા કરતા સજેશન વધુ કરવાનું મન થાય છે કારણ કે, કેટલીક બાબતોમાં કહું તો રાજયમાં જે રસ્તાઓનું નેટવર્ક છે, ભારત સરકારના ધોરણો પ્રમાણે, નાગપુર પ્લાન પ્રમાણે આપણે આગળ વધ્યા છીએ. આદિવાસી વિસ્તારોમાં ખાસકરીને દૂધ ડેરીને માટે વિશ્વ બેન્કની ગ્રાન્ટ આવી એના કારણે આર.આર.પી.વગેરે પ્રોજેકટોનું આપણે ત્યાં નેટવર્ક ખૂબ મોટું થયું છે પણ એ નાણાની ફાળવણી રસ્તાઓની જાળવણી માટે પૂરતા પ્રમાણમાં છે ખરી? આમ જયારે આપણે ત્યાં ફોરલેન્ડની યોજના રાજકોટ કેબિનેટ વખતે સૌથી વધુ અકસ્માતગ્રસ્ત વિસ્તારનો રોડ હતો.

રાષ્ટ્રિય ધોરીમાર્ગ-૮નો ભાગ લિમડી-બગોદરા વચ્ચે ફોરલેન્ડ કરવાનું નકકી કર્યું હતું. અને એને માટે કન્ટીજન્સી ફંડમાંથી ૩૦ કરોડ રૂપિયા આપીને રાજય સરકારે કામ શરૂ કર્યું હતું એ પછી હુડકોએ એને આસીસ્ટ કર્યું અને ત્યાર પછી નેશનલ હાઈવે ઓથોરિટિની રચના થઈ અને પછી સ્ટેટનો રોડ પ્રોજેકટ પણ હાથ ધરાયો એના કારણે જાણે અજાણ્યે પ્રજા ઉપરનું ભારણ કેટલું વધતું જાય છે એનો પણ આપણે વિચાર કરવો જોઈએ. ભારત સરકાર તરફથી ડિઝલ ઉપર એક રૂપિયો ટેકસ આ રસ્તાઓની મરામત અને જાળવણી માટે લેવાય છે. ગુજરાતની અંદર ડિઝલ કે પેટ્રોલિયમ પ્રોડક્ટસના વેચાણ પર જેટલી આવક થાય એનું પ્રપોશનલી જો આપણને મળતું ન હોય તો એને માટેની માગણી કરવી જોઈએ. હું તો એમ કહુ છું કે એનું પ્રમાણ એટલું મોટું છે કે કદાચ આ ટોલટેકસ જે નાબૂદ કરવાની વાત છે એની પણ આપણે વાત કરી શકીએ. કેન્દ્ર સરકારના રસ્તાઓની આપણે રજૂઆત કરીએ પણ રાજય સરકાર તો એના માટેનો નિર્ણય લઈ શકેને? સ્ટેટ રોડ પ્રોજેક્ટના એસ્ટિમેટ, એના એટલા મોટા ખર્ચા થયા કે ફોરલેનને બદલે આપણે માત્ર વાઈડનીંગ પર આવવું પડ્યું છે. ફોરલેનના એટલા મોટા એસ્ટિમેટ થતા હતા કે એનો ટોલટેક્સ વસૂલ ન થઈ શકે એટલા મોટા ખર્ચા થયા એમ હતા. આ રાજયના જાહેર બાંધકામ ખાતાની ટ્રેડિશન ખૂબ ઉચ્ચતર રહી છે એની કાર્યશૈલી પણ વખાણવાલાયક છે. કેટલાક વખતથી એની અંદર જે આડખીલીઓ ઉભી થઈ એના કારણે કેટલાય એવા અધિકારીઓનો ભોગ પણ લેવાયો છે. એનો નિર્ણય રાજયના મંત્રી કે ઉપલી કક્ષાથી થતો હોય, એનું અમલીકરણ કરવાનું માત્ર અધિકારીઓના ભાગે આવે. સ્ટેટ રોડ પ્રોજેક્ટના જે ઉંચા એસ્ટિમેટ અને એની અંદરની જે કલમો, વિશ્વ બેન્ક સહાયક આની અંદર છે, આમાં અનુદાનિત નથી સંપૂર્ણપણે. આપણે એનું વ્યાજ ભરવું પડે છે અને એમાં શરતો એમની પોતાની હોય છે. એક રસ્તાનો આપને દાખલો આપું કે ભૂકંપ પછી ત્વરિત રીતે કામ લેવામાં આવ્યું વિશ્વ બેન્કની લોનથી એ દૂધઈથી થઈને, આંબડીથી થઈને ભુજ સુધીનો જે રસ્તો છે એ રસ્તો નવેસરથી બનાવવાનો નહોતો, માત્ર એને દૂરસ્ત કરવાનો હતો અને એમાં પણ કન્સલ્ટન્સી કોની લેવાઈ એ ફ્રાન્સની કંપનીની, આપણા નેશનલ હાઈવેનો સામખિયાળીથી ભચાઉનો જે રસ્તો બનાવાયો આજે પણ એ બેનમૂનેદાર રસ્તા તરીકે દેશભરની અંદર ઓળખાય છે. આપણા જ ઈજનેરો, આપણા જ ડિપાર્ટમેન્ટના એન્જિનિયરોએ આ રસ્તો બનાવેલો, આપણે કોઈ ફ્રાન્સની કન્સલ્ટન્સી નહોતી લીધી તેમ છતાં આઠ વર્ષ થયા ભૂકંપ પહેલાં આ રસ્તો બનેલો, ૧૯૯૭-૯૮ની અંદર એના ટેન્ડરો ફાઈનલ થઈ ગયેલાં અને મને લાગે છે કે લગભગ ૧૯૯૯ના વર્ષમાં આ રસ્તો મોટાભાગે પૂરો પણ થઈ ગયેલો. આજે છ વર્ષ થયાં પણ એ રસ્તા પરની કાંકરી પણ ખસી નથી. આ જે ફ્રાન્સની કન્સલ્ટન્સી આવેલી જે રસ્તો હતો માનનીય બાંધકામ ખાતાના મંત્રીશ્રી જાડેજા સાહેબ આ રસ્તા પર વારંવાર જાય છે. આ રસ્તાના બસો કરતાં તો વધુ ખાડાઓ રિપેર કરવા પડ્યા છે અને આ ધોરણો એવા હતા કે ભૂકંપમાં નુકશાન પામેલા રસ્તા માટે રિપેરીંગ કરવા માટે જેની પાસે મશીનરી અને જેની પાસે જાણકારી હોય એને જ આ કામ મળે, એને કારણે ગુજરાતના બધા જ કોન્ટ્રાકટરોનો છેદ નીકળી ગયો અને આ રિપેર કરવાનો કે એને કોટિંગ કે સરફેસ કરવાનો ખર્ચ, આ રાજયની અંદર વધુમાં વધુ કોસ્ટિંગ જો થયું હોય તો કદાચ આ આંબરડીથી ભુજના ચાલીસ કિલોમીટરના રસ્તાનું થયું છે. રાજયકક્ષાના રસ્તાનું આટલું બધું મોટું ખર્ચ કોઈ ઠેકાણે થયું નથી, તેમ છતાં આ કામ નબળું બન્યું, કારણકે આમાં એની કન્સલ્ટન્સી કંપની ફ્રાન્સની હતી અને એના કોન્ટ્રાક્ટરો પણ રાજય બહારના હતા. આ રાજયના કોન્ટ્રાકટરો ન માત્ર દેશમાં પણ પરદેશમાં પણ નામના મેળવે એવા છે તેમ છતાં આ કોઈ દબાણને કારણે થયું છે કે કેમ એ તરફ હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. બાંધકામ ખાતા તરફથી કેટલાય રસ્તાઓ, જરૂરી હોય એવા રસ્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો.

આ ગૃહના પૂર્વના બાંધકામ ખાતાના બે મંત્રીશ્રીઓને આ તબક્કે હું યાદ કરવા માગું છું એક શ્રી ખોડિદાન ઝુલા અને બીજા શ્રી દિનશા પટેલ. ખૂબ હકારાત્મક અભિગમ સાથે આ બે મંત્રીઓ કામ કરતા હતા અને એને કારણે કામ આગળ વધ્યું. મારા વિસ્તારને અને સૌરાષ્ટ્રને જોડતો ટિકર-પલાસવા રોડ, એના સરવેનું કામ થયું. તે ખોડીદાન ઝૂલા સાહેબના વખતમાં અને તે પછી માનનીય નરોત્તમભાઈએ તેમના બજેટમાં રોડનો સમાવેશ કર્યો, મારે તેમને ધન્યવાદ આપવા છે. એક ટીકર પલાસવા રોડ તે સૌરાષ્ટ્ર કચ્છને નહીં પણ ૪૫૦ વર્ષ જૂનો આ રસ્તો લોથલ બંદરેથી જે સામાન આવતો અને સિંધ જતો તેના માર્ગનો ધોળાવીરાને જોડતો સિંધને જોડતો આ જૂનો રસ્તો તે રસ્તાને wildlifeના નામે રોકી રાખવામાં આવ્યો છે અને તેને કારણે

વિભાગની ટીકા થઈ છે. વિભાગે કંઈ ખોટું કર્યુ નથી હું આપના મારફતે બાંધકામ મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, આ રસ્તો તેનાથી આપ પણ પરિચિત છો. કદાચ આપ બસમાં ગયા છો કે નહીં, ખબર નહીં પણ હું તો બસમાં ગયો છું અને મુસાફરી કરી છે અને બસની જે મુસાફરી હોય તે રોડ માર્ગ, કંઈ ગાડા માર્ગ ના હોય. તેને માટેનું ટ્રાન્સપૉર્ટ માટેનું લાયસન્સ જેને મળે ત્યારે ત્યાં બસની સર્વિસ શરુ થઈ શકે છે. આવો એક ટીકર પલાસવા રોડ તે અધૂરો મૂકી દેવામાં આવ્યો છે, કદાચ તેને પડતો પણ મૂકી દેવામાં આવે એટલા માટે થઈને આ રસ્તાનું કામ મંત્રીશ્રી સાથે પરામર્શ કરીને સંયુક્ત રજૂઆત કરી દિલ્હીથી આની અંદર આ રસ્તા માટેની મંજૂરી મેળવવી ખૂબ જરૂરી છે. પરંપરાગત આપણા જે રસ્તાઓ છે તે રોકી શકાય નહીં તે નક્કી છે તેમ છતાં આ રસ્તાને વિવાદમાં મૂકી અને ખૂબ ટૂકું અંતર થઈ જાય માત્ર ઉત્તર ગુજરાત, દિલ્હી અને તેનાથી આવતો જે સૌરાષ્ટ્રનો ટ્રાફિક છે તે ત્યાંથી વળી શકે એવો એક સારો રસ્તો છે.

સરહદી વિસ્તારના કેટલાક રસ્તાઓ કેન્દ્ર સરકારે નથી કરવાના પણ રાજય સરકારે તે કરવાના છે. ગરૂડી સાંતલપુર રોડ તેના મીસીંગ પાર્ટ કેટલા વર્ષથી અધૂરા પડેલાં છે. આઠ વર્ષના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ રસ્તાઓ માટેનું કોઈ ખર્ચ થયું ખરું? ગરૂડી સાંતલપુર રોડ તે બૉર્ડર વિસ્તારનો રસ્તો છે અને તેના મીસીંગ પાર્ટ જે છે તેનું કામ થોડુંક ૧૯૯૬-૯૭માં શરૂ થયેલું ધોળાવીરાથી કરી ખાવડા વચ્ચેનું તે અધૂરું કામ પૂરું કરવામાં આવે એટલું જ નહીં પરંતુ નવાણા મલહુત્રા રોડ જો તે કરવામાં આવે તો આખો ઉત્તર ગુજરાત સાથેનો તે છેક નારાયણ સરોવર સુધીનો વ્યવહાર છે તેનું અંતર ખૂબ ઘટી જાય એટલા માટે ખોડીદાન ઝૂલાને યાદ કર્યા કે તેઓએ તે વખતે હળવદ વાધરવા માળિયા અને હળવદથી ધ્રાંગધ્રાનો જે રસ્તો છે તેને માટેનું જે મીસીંગ પાર્ટસ જે હતા તેનું ધ્યાનમાં આવ્યું અને ત્વરિત તેમણે કામ શરૂ કરાવી દીધું. આ ગૃહની અંદર સભ્યોની જે રજૂઆત હોય આ વિભાગની ટીકા કરતાં સજેશન એટલા માટે કરવા માગું છું કે આ વિભાગ તે પ્રજાને ખૂબ ઉપયોગી વિભાગ છે તેનું નામ જે છે public works તે સાર્થક કરે એવું તે નામ છે, પરંતુ કમનસીબે મંત્રીશ્રી ઉપર કામનો બોજો વધુ હોય કે મહેકમ ઓછું હોય કે પૈસા ઓછા મળતાં હોય તે જ રીતે ધોળાવીરાનો રસ્તાનું રાપરમાં ખાતમુહૂર્ત થયું. ધોળાવીરા આંતરરાષ્ટ્રીય પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસી શકે એવો વિસ્તાર અને ૧૫ કરોડ ઉપરનું કામ તે શરૂ થયું? આજે રસ્તાની હાલત કેવી છે તે કામ પૂરું થયું ખરું? તો જે તેમના વિભાગના રસ્તાઓ છે કેન્દ્ર સરકાર ઉપર અવલંબિત હોય ત્યાં ડિલે થાય પરંતુ પોતાના વિભાગના રસ્તાઓને જે પ્રાયોરીટી આપવાની છે તે ખૂબ જરૂરી છે. આ વિભાગ નોન પ્લાન રસ્તાઓ માટેની પણ ખૂબ સારી કામગીરી કરે છે. માનનીય ધારાસભ્યશ્રીઓ જોબ નંબર વગેરે જે હોય તે માટે ધારાસભ્યોની પ્રશંસા પણ મેળવે છે પરંતુ ૩૧મી માર્ચના દિવસે વધેલી રકમમાંથી આ વિભાગને માટે કોઈ રકમ મેળવી શકો છો ખરા મારે આપના મારફતે પૂછવું છે. ૩૧ માર્ચના દિવસે હિસાબો સરભર થતા હોય ત્યારે વધારાની ગ્રાન્ટ અગાઉ બાંધકામ ખાતાને આપવામાં આવતી હતી, એ કેટલાયે વર્ષથી મળી શકી નથી. એના કારણે આજે કોન્ટ્રાકટરના પેમેન્ટસ વગેરેનો બેકલોગ વધી રહ્યો છે. નાના કોન્ટ્રાકટરોની બાદબાકી થઈ રહી છે. સમયસર પેમેન્ટ ન મળે તો કામ તો અટકવાનું નથી. એ કામ મોંઘા ભાવે થવાનું છે. મોટી કંપનીઓ જે રોકાણમાં આવે છે, તેની પાસે બેંક વગેરેની ફેસેલિટી હોય છે. સરકારના પૈસા કયાંય જવાના નથી. મોડા ભલે આવે, પણ એનો બોજ આખરે તો રાજયની પ્રજા ઉપર આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા નાગરિક ઉડ્ડયન માટેની સગવડ વધારવામાં આવે છે. એની અમે સરાહના કરીએ, પરંતુ આપણે જ કોઈકની સગવડો માટે તો આ કામ નથી કર્યુ ને? એની આત્મખોજ થવી જોઈએ. રીમોટ પ્લેઈસીસ છે એના ઉપર એરોડ્રામ માટે કરોડો રૂપિયાનું ખર્ચ આપણે કરતા હોઈએ, એનો હિસાબ તો આપણે લઈએ. અંદાજ તો કાઢીએ કે સવલતોનો લાભ કોઈ લેવાનું છે કે કેમ? જયાં સુધી નાના પ્લેન્સના માટેના ફયુઅલ ઉપરનો ટેકસ નહીં ઘટે ત્યાં સુધી કોમર્શિયલી પણ એનો લાભ લેવાના નથી અને સિવિલ એવિએશન ડિપાર્ટમેન્ટ દ્વારા આ એરોડ્રામનો વિકાસ થાય એ ખૂબ જરૂરી છે. સુરતનું એરોડ્રામ આપણે પૂરું કરી શકતા નથી. એને માટે કોઈ એરલાઈન્સની સર્વિસ ત્યાં આવવાની વાત હતી પણ એ આવી શકી નથી, કેમ કે એ કામ પૂરું થઈ શકયું નથી. દર વર્ષે આપણે બજેટમાં એની જોગવાઈ રાખીએ છીએ પણ એમાં ફાળવણી કરીને પછી એમાં કામ કેટલું થયું એની પણ મુલવણી જરૂરી છે.

આપણા સરકીટ હાઉસ અને વિશ્રામગૃહ, આરામગૃહોમાં સવલત વધારવામાં આવી રહી છે, પણ એમાં ગતિશીલતા લાવવાની જરૂર છે. સ્ટાફ પૂરતા પ્રમાણમાં મૂકવામાં ન આવે તો ત્યાં ઉતરનારા લોકોની સગવડ કયાંથી સાચવી શકાય? દિલ્હીનું ગુજરાત ભવન ભરચક રહે છે અને જયારે જયારે રાજકીય પ્રક્રિયા વધે છે ત્યારે ત્યારે એના ઉપર ખૂબ ભારણ રહે છે. ખૂબ લાંબા સમયથી આ ગુજરાત ભવનના વિસ્તૃતીકરણની વાત ચાલે છે પણ એમાં કાંઈ બહુ થઈ શકતું નથી. એ માટે આપના મારફત ધ્યાન દોરવા માગું છું. ત્યાં સૌથી પહેલા જરૂર તો ગુજરાતીકરણની છે. બીજા બધા ભવનોમાં પોતપોતાના પ્રદેશોનું વાતાવરણ હોય. ગુજરાત ભવનમાં ગુજરાતનું વાતાવરણ બિલકુલ દેખાતું નથી. ગુજરાતી ચિત્રો હોય છે. ભોજનાલયમાં જઈએ તો ગુજરાતીપણું કયાંય હોતું નથી. એમાં જે ગુજરાતનો આપણો સ્ટાફ હોય, એને પણ શકય હોય તો નિયમાનુસાર

એને ત્યાં ટકાવી રાખવો જરૂરી છે. ત્યાં ફરજ બજાવતા ડ્રાઈવરો વગેરે જે છે, એમને હાર્ડશીપ બોનસ આપવા માટેની વિચારણા થઈ હતી, કેમ કે એમને ટાઈમ-બેટાઈમ ફરજ બજાવવી પડતી હોય છે.

બાંધકામ ખાતા દ્વારા વપરાતા મટિરિયલની કવોલિટીનું ધોરણ દિવસે દિવસે કથળી રહ્યું છે. અગાઉ ૫, ૬ વર્ષે એનું રી-કાર્પેટીંગ કરવાની જરૂર પડતી હતી, તે આજે ૩ વર્ષમાં જર્જરીત બની જતા હોય છે. એની પાછળનું જે કારણ છે, સબ સ્ટાન્ડર્ડ મટિરિયલ હોય છે, એની બારીકાઈથી ચકાસણી કરવાની જરૂર છે. એના સેમ્પલ્સ લેવાની જે પ્રથા છે તેને વધુ અસરકારક બનાવવાની જરૂર છે. આ રસ્તા તૂટી જાય એટલે માત્ર તે વિભાગની અને મંત્રીની જવાબદારી ગણવામાં આવે છે, પણ ખરેખર તો એમાં વપરાતા મટિરિયલનું પ્રપોર્શન જે છે, એનો પણ વિચાર કરવો જોઈએ.

આપણે વરસાદના ધોરણે આપણા ડામરનો જે વપરાશ છે, એનું પ્રપોર્શન ઘટાડી નાંખ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આખી સીઝનનો વરસાદ એક સાથે પડી જાય તો આ પ્રપોર્શન કોઈ થઈ શકે ખરું? એના કારણે સંખ્યાબંધ ડામર રોડ જર્જરિત બની જાય છે. નેશનલ હાઈવેનું તંત્ર એ હવે સ્વાયત બની ગયું છે અને નેશનલ હાઈવે ઓથોરિટી મારફતે એનું કામ આગળ વધી રહ્યું છે તેમ છતાંય આપણે ત્યાં ચીફ એન્જિનિયરની જગ્યા છે અને આપણા પોતાના હસ્તકથી કેટલાય રાષ્ટ્રીય ધોરી માર્ગોની જાળવણી આપણે કરીએ છીએ. એની અંદર કેન્દ્ર સરકારની જે ફાળવણી હોય એ પૂરતી મળે છે કે કેમ અને એનો ઉપયોગ થાય છે કે કેમ એ પણ જોવાની જરૂર છે કારણ કે જે વિસ્તારમાંથી આ રાષ્ટ્રીય ધોરી માર્ગ પસાર થતો હોય એને ખબર પડે. મારે ત્યાં સામખીયાળીથી સુરજબારી અને સામખીયાળીથી રાધનપુર વચ્ચે આ રાષ્ટ્રીય ધોરી માર્ગ છે એ નેશનલ હાઈવે ઓથોરીટી હેઠળ છે, પરંતુ એમાંથી પસાર થનાર લોકો તો ગુજરાતના માર્ગો ઉપરથી જઈ રહ્યા હોય છે. જૂનો જે સુરજબારી ઉપરનો પુલ છે એ એમને એમ પડેલો છે. જૂનો પુલ હતો એની ઉપર ભૂકંપ પહેલાં ટ્રાફિક ચાલુ હતો અને ભૂકંપ પછી પણ થોડો સમય માટે વાહન વ્યવહાર ચાલ્યો હતો તો અત્યારે એ પુલને શા માટે ઉપયોગમાં લેવાતો નથી? આપ કહેશો કે કચ્છથી બારોબાર તો કચ્છથી નહીં, પરંતુ રાષ્ટ્રીય ધોરી માર્ગ જેનો દેશભરના વાહન ચાલકો આ રસ્તાનો ઉપયોગ કરે છે. રાષ્ટ્રીય ધોરી માર્ગનું નેટવર્ક હવે એના વિસ્તૃતિકરણ માટે અનેક કરોડો અને અબજો રૂપિયાનું આયોજન કરે છે ત્યારે કેટલાક માર્ગો ઉપરનાં સર્જેશન્સ આપણે કરીએ કે નેશનલ હાઈવે નંબર ૮ અને ૧૫ના લાકડીયા કટારીયા નેશનલ હાઈવેને જોડતો માર્ગ એમાં આ ૧૫ થી ૮ નો સમાવેશ થાય અને રેલવે લાઈન ઉપર ઓવર બ્રિજ થાય તો ૨૦૦ કરોડ રૂપિયા ઉપરનું ખર્ચ નિવારી શકાય તેમ છે, પરંતુ એના સર્જેશનરૂપે આ રસ્તાનું મજબૂતીકરણ કરવા માટેની એક દરખાસ્ત આવેલી છે એ દરખાસ્તને કારણે આપણે માત્ર એક એના ઉપર કારપેટિંગ કર્યું, પરંતુ એનું મજબૂતીકરણ ના થાય ત્યાં સુધી એ ના થઈ શકે. આ રસ્તો ખરાબ થવાનું કારણ એ છે કે એના ઉપર વાહન વ્યવહારનું ભારણ ઘણું વધારે છે. કોઈ ઉદ્યોગ આવે અને રસ્તો આપણો ખરાબ થાય છે. કોલસાને કારણે ચોપડવા અને લુડવાનો રસ્તો એ જિલ્લા પંચાયતના માર્ગો છે. જામનગરની રિલાયન્સ કંપનીએ શરૂઆતમાં પાઈપલાઈન નહોતી નાંખી ત્યારે એનાં ૩૦-૩૦ ટનનાં વાહનો ઉત્તર ભારતમાં જતાં હતાં એ મેં કહયું તેમ રોડ નંબર ૧૫ અને ૮ ને જોડતો જિલ્લા પંચાયતનો લાકડીયા-કટારીયા રોડના માર્ગ જર્જરિત થઈ ગયો છે, આજે પણ એનું રિપેરિંગ થતું નથી એટલે એનું મજબૂતીકરણ કરવું એ જરૂરી છે. એટલે જયાં જયાં ઔદ્યોગિકરણ થતું હોય છે ત્યાં રસ્તાઓનું મજબૂતીકરણ કરવાનું કામ આ જાહેર બાંધકામ વિભાગે વિચારવું જોઈએ અને જરૂર જણાય ત્યાં ૫૦ ટકાના ધોરણે એ ઉદ્યોગો એમાં સહકાર આપે એ માટે એમને કમ્પેલ કરવા જોઈએ, એમને એમ તો એ સામેથી ના આવે અને એ વિસ્તારમાં રહેતી ગ્રામ્ય પ્રજા છે, એમાં શહેરો પણ આવતાં હોય ત્યાંની જે પ્રજા હોય છે એની બેહાલી થાય છે અને બે પૈડાંવાળાં વાહનો ઉપર જતા હોય તો ખાડો આવે અને એ ઉછળી પડે છે અને પ્રાણઘાતક અકસ્માતો સંખ્યાબંધ થતા જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે રસ્તાઓ ફોર લાઈન કર્યા એના કારણે અકસ્માતોનું પ્રમાણ ખૂબ ઘટી ગયું છે, પરંતુ તેમ છતાં કેટલાય અકસ્માતો એ બેદરકારીના કારણે થતા હોય છે. કોઈ વાહન રસ્તા ઉપર ખોટી રીતે પાર્ક થયેલું હોય એના કારણે પણ આવા અકસ્માતો થતા હોય છે. આ બધાની જાળવણી એ માત્ર પોલીસ ડિપાર્ટમેન્ટની જ નહીં, પરંતુ બાંધકામ વિભાગની પણ છે. ઘણી વખત રસ્તાઓ ઉપર અકસ્માતો થતાં ટ્રાફિક જામ થઈ જતો હોય છે તો આ ટ્રાફિક જામ થાય તો એના માટે ક્રેઈનની વ્યવસ્થા રાખવાની પણ જરૂર છે. તો એનાથી પણ આવા અકસ્માતો થતા નિવારી શકાય છે. મારે આપશ્રીની મારફતે માનનીય જાડેજા સાહેબનું ધ્યાન દોરવું છે કે આપનો વિભાગ એ ખરેખર ખૂબ જ ઉપયોગી વિભાગ છે એટલા માટે મેં ટીકા ઓછી અને સૂચનો વધારે કર્યા છે. ટીકા કરી શકાય એવું છે, કારણ કે ટીકા આપના વિભાગની સી.એ.જી.એ પણ કેટલાક વિભાગમાં કરી છે, પણ ટીકામાં નહીં જતા આ રાજયને આપ ઉપયોગી થાઓ તેવી હું આપના મારફત બાંધકામ ખાતાને મારી શુભેચ્છાઓ પાઠવું છું. એમના વિભાગે સારું કામ કર્યું છે તેની સરાહના પણ કરું છું. આવતા દિવસોમાં વખાણી ખીચડી જેવું ન થાય, એટલું જ હું કહીશ, કારણ કે નહીંતર માનનીય સંસદીય મંત્રીશ્રી કહેશે કે આ અસંસદીય શબ્દો છે, એટલે એમના વિભાગમાં એકાદ બે તારણો મેં કહ્યા છે, કારણ કે

મારે એમને બહુ સ્કોપ નથી આપવો, આ કાયદા દ્વારા પ્રસ્થાપિત થયેલ બંધારણ છે તેના અમલીકરણ માટે રાજય સરકારે એમાં અનુકૂળતા કરી આપવાની છે, એમાં કોઈ મહેરબાની કરવાની નથી એટલા જ શબ્દો સાથે મારું પ્રવચન પૂરું કરું છું, આભાર.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આજે બહુ પ્રેમ બતાવ્યો છે.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની કાયદા વિભાગની માગણી નંબરઃ ૬૦ અને માર્ગ અને મકાન વિભાગની માગણી નંબરઃ ૮૩, ૮૬ અને ૮૭ છે એ માગણીઓને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા આપે નોંધ્યું એમ માનનીય વિપક્ષના આગેવાન બાબુભાઈ જે વાત કરી રહ્યા હતા ત્યારે કાયદા વિભાગના મંત્રીશ્રી માટે મૌલિક અને નિષ્ઠાથી આજ સુધી કામ કર્યુ છે તેવાં વિશેષણો વાપર્યા છે તે વિભાગ ઉપર હું પહેલા વાત કરી લઉં.

સામાન્ય રીતે સમગ્ર રાજયમાં માણસ પોતાનો ધર્મ બજાવે, માણસ પોતાની ફરજ બજાવે તે જોવાનું કામ એક તો ગૃહ વિભાગનું છે અને બીજું કાયદા વિભાગનું છે. ન્યાય આપવાનું કામ અદાલતનું છે. અને તેનું એડમિનિસ્ટર કરવાનું કામ કાયદા વિભાગ કરે છે. લોકશાહીના આધારસ્તંભ એક સરકાર, બીજું આપણે બેઠા છીએ તે એસેમ્બલી અને ત્રીજું ન્યાય તંત્ર, જે સ્વતંત્ર છે અને સ્વાયત છે. લોકશાહીના આધારસ્તંભનું એડમિનિસ્ટર કરવું, તેને સાથે રાખીને કરવું, તેને સ્વાયત અને સ્વતંત્ર રાખીને કરવું, સૂચારુ રૂપે કરવું અને રાજયમાં કાયદો અને વ્યવસ્થા બરાબર બની રહે તે કામ, એ ચાણકયએ પ્રબોધેલો ધર્મ છે, અને તે કામ કાયદા વિભાગ કરી રહ્યું છે તેના માટે તેને અભિનંદન આપીને મારી વાત શરૂ કરું છું. એટલા માટે કે કાયદા વિભાગ આપણે જોઈએ છીએ કે નવા કાયદા ઘડવા, કાયદામાં સુધારા-વધારા કરવા, ત્યાંથી માંડીને આ રાજયે ૫૭ જેટલા કાયદાઓમાં નવીનીકરણનું કામ કર્યુ છે. તેની સાથોસાથ આ રાજયમાં જે દિવસે અમે ૨૦૦૨ માં ચૂંટણી લડીને આવ્યા તે દિવસે એક સંકલ્પ પણ જાહેર કર્યો હતો. આજ સુધી સરકારોએ, ચૂંટણી લડતા પક્ષોએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં, પોતાના વચનો આપ્યા હશે. પણ આ વિભાગ, અનેક વિભાગોએ અહીં રજૂઆતો કરી છે તે ૯૯ ટકા કે ૯૮ ટકા કામો થયા છે. પણ કાયદા વિભાગે તેના સંકલ્પપત્રમાં આપેલો સંકલ્પ, કરેલો સંકલ્પ, કારણ કે લોકોને આપેલા વચનો નથી, પરંતુ આ રાજયના હિતમાં, પ્રજાના હિતમાં કરેલા સંકલ્પો છે અને એ સંકલ્પો સો ટકા પૂર્ણ થાય તે દિશામાં કામ થયું છે. અને તે કામ એ કાયદા વિભાગ પોતે બોલે છે.

માનનીય અધ્યક્ષશ્રી આ રાજધર્મ સારી રીતે બજાવી શકાય, લોકો પોતાનો ધર્મ સારી રીતે બજાવી શકે એના માટેનું કામ એ કક્ષાએ થયું. આ રાજય સમગ્ર દેશના બીજા રાજયોને દિશા આપી શકે તેવું સૌથી મોટુ કામ સંકલ્પપત્રમાં આપેલ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી બનાવવાનું કર્યુ છે. આ બાબતમાં જે ઝડપથી આ રાજય સરકાર ચાલી છે જે ઝડપથી મૌલિકતા કરી છે, જે ઝડપથી માનનીય અશોકભાઈએ કામ કર્યુ છે ૨૦૦૩ની અંદર હજુ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીનો કાયદો પસાર થયો અને ૨૦૦૪માં તો એ શરુ થઈ જાય અને એ શરૂ થઈ જાય ત્યારે આ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાં આવું બને કે જેમાં ૧૨માં ધોરણ પછીના વિદ્યાર્થીઓ સમગ્ર દેશના ગુજરાત સહિતના જેમાં ગુજરાતના ૩૯ વિદ્યાર્થીઓ અને દેશના બીજા રાજયોના ૧૧૮ વિદ્યાર્થીઓ અહીંયા આવીને કઈ રીતે કાયદાનો અમલ થઈ શકે, કઈ રીતે ન્યાય આપી શકાય અને અપાવી શકાય. એ ૧૨માં ધોરણ પછી અહીંયા આવે એટલું નહિ પરંતુ આ દેશમાં પ્રથમક્રમ એટલે છે કે ફક્ત લોનું ગ્રેજયુએશન નહિ એની સાથે બૈઝિક ગ્રેજયુએશન બી.એ., બી.એસ.સી., બી.કોમ પણ થઈ રહ્યું છે. માનનીય અશોકભાઈ સાથે મને અહીંયા જવાની એક તક મળી છે. આ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવાની અને એનો આઈકયુ આ રાજયમાં અને આ દેશમાં જે આપવું છે એ કક્ષાનો આઈકયુ મેં જોયો છે. એ કક્ષાનું જ્ઞાન, એ કક્ષાની માહિતી મેં આ વિદ્યાર્થીઓ પાસે જોઈ છે. એની સાથે સાથે એક એવું કામ છે. બાકીની યુનિવર્સિટીઓ સ્વાયત્ત તો હોય છે પણ અહીંયા યુનિવર્સિટીની સ્થાપના શરૂ કરી અને યુનિવર્સિટીના હેડ ઑફ ધી યુનિવર્સિટી એના વિઝિટર કહી શકાય જે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને આંતરરાષ્ટ્રીય તજજ્ઞો એના સલાહકાર મંડળમાં હોય અને એનાથી એનું સ્તર છે એ કઈ કક્ષાએ લઈ જવાના છે, કઈ કક્ષાએ જઈ રહ્યું છે એનો આપણને ખ્યાલ આવે એટલે એને નેશનલ લો યુનિવર્સિટી કહી શકાય. ઇન્ટરનૅશનલ લો થી માંડીને પ્રથમથી આ બધા વિષયોનું જ્ઞાન આપવાથી અને એની લાઇબ્રેરી અગાઉ કહેવાતું કે કોઈપણની સમૃદ્ધિ એની પાસે રહેલા ધનથી મિલકતથી ન માપી શકાય. પરંતુ સમૃદ્ધિ તો એની પાસે રહેલી વિદ્યા અને જ્ઞાનથી માપી શકાય. આ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીની સમૃદ્ધિ એના ૧૦ કરોડના ખર્ચે બનેલી લાઇબ્રેરી છે. આજે સુપ્રીમ કોર્ટમાં લાઇબ્રેરી છે એવા પુસ્તકો અહીંયા ઉપલબ્ધ છે અને એટલે જ જ્યારે માનનીય સભ્યશ્રી ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ કોર્ટની વાત કરી રહ્યા હતા. પરંતુ ત્યાંથી શરૂ કરીને નેશનલ કક્ષાએથી શરૂ કરીને તાલુકા કક્ષા સુધી ગઈ કાલ સુધી આપણને ખબર છે કે આ રાજયમાં લીંક કોર્ટો ચાલતી હતી. આ રાજયની લીંક કોર્ટો એ એક તાલુકાથી બીજા તાલુકા,

એક તાલુકાના લોકોને બીજા તાલુકા મથકે જવું પડે. એક તાલુકામાં ૧૫ દિવસ હોય અને પછી બીજા તાલુકામાં ૧૫ દિવસ તેથી ગામડાંનો અભણ માણસ લીટીગન્ટ બન્યો, ક્યાંક વાદી બન્યો હોય કે ક્યાંક પ્રતિવાદી બન્યો હોય, ક્યાંક ફરિયાદી હોય કે ક્યાંક તહોમતદાર બન્યો હોય એને દરદર ભટકવું પડતું. આ રાજય સરકારે એના સંકલ્પપત્રમાં આપેલા વચનો મુજબ લીંક કોર્ટો નાબૂદ કરી અને તમામ તાલુકા સ્થાનો છે ત્યાં તાલુકાની કોર્ટો બની એ ખૂબ મોટુ કામ રાજય સ્તરે થઈ શક્યું છે. એટલે સામાન્ય રીતે વાત થતી હોય એટલું સહેલું નથી. મેં કહ્યું એમ લોકશાહીનો આધારસ્તંભ એવું એક ન્યાયતંત્ર એ સતત તેની ઉપર નજર રાખી રહ્યું છે અને આ રાજય એવું સદ્‌ભાગી છે કે આ રાજયની હાઈકોર્ટના ચીફ જસ્ટિસ, મુખ્ય ન્યાયમૂર્તિ ભવાનીસિંગજીએ રાજયની તમામ તાલુકા કોર્ટો સુધી પોતાનો પ્રવાસ કર્યો છે. મુલાકાત લીધી છે. એટલે સરકારના કોઈ વિભાગે જોયું છે એવું નહીં, સરકારના કોઈ ઑડિટરે જોયું છે, સરકારના સી.એ.જી.એ જોયું છે એવું નથી. જે સૌથી ઉપર છે, જે સર્વોચ્ચ છે એવી વ્યકિતએ એવા હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિએ એક રાઉન્ડ તો પૂરો કર્યો છે. તમામ તાલુકા અને તાલુકાના ન્યાયતંત્ર સુધી જવાનો બીજો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. એક તંત્ર ઉપર આટલી નજર હોય, એ કામ જે કક્ષાએ થયું હશે અને રાજયના વિકાસનો આધાર, રાજયના ઉદ્યોગનો આધાર, રાજયની શાંતિ અને સલામતીનો આધાર આ વિભાગ, કદાચ તેના ઉપર વિપક્ષના આગેવાનોને બોલવાનું મન ઓછું થાય, આ વિભાગ સમગ્ર રાજયના તંત્ર માટે, સમગ્ર લોકશાહી માટે શ્વાસ અને ઉચ્છ્‌વાસનું કામ કરે છે.એટલે આ વિભાગ ન હોય તો માણસ પોતાની ફરજ બજાવવામાંથી ચૂક થાય તો તેને રસ્તા ઉપર લાવવાનું કામ કોઈ કરી ન શકે. તેની સાથોસાથ દરેક જિલ્લા મથકે જિલ્લાની અદાલતોની રચના થઈ. નવા જિલ્લાઓ ત્યાં થયા પણ આ અવશ્ય થવાની,

સૌથી મોટું કામ, મને યાદ છે અમારા ભાવનગરનો પાંચ-છ વર્ષ પહેલાંનો દાખલો. કોઈ બુટલેગરનો એક કેસ કોર્ટમાં ચાલતો હતો. તેનું નામ દલપત રાજા. એ કેસ ચાલતો હતો ત્યારે ખુલ્લી અદાલતમાં ન્યાયતંત્રની પ્રક્રિયા ચાલુ હતી, તેની સાક્ષી લેવાતી હતા, તેના પુરાવાઓ અપાતા હતા તે વખતે એ પીંજરામાં તેની હત્યા થઈ ગઈ. આજથી સાતેક વર્ષ પહેલાંની ઘટના છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે અમદાવાદની સિટી સિવિલ કોર્ટમાં વિડિયો લીંકેજ કરીને આ સલામતીનું કામ લીટીગન્ટની સલામતીનું કામ આપણે જોઈએ છીએ કે સામાન્ય રીતે બે પક્ષોને ત્યાં ભેગું થવું પડ્યું છે, જ્યાં મારામારી થઈ છે, કાપાકાપી થઈ છે. તેમને ભેગા થવું પડે છે અને ત્યારે તેમની આંખો વેરે વઢે છે. ત્યારે આવી ઘટનાઓ બનતી રહે છે. આવી ઘટનાઓમાંથી મુક્ત થવાય એટલે આ રાજયમાં પહેલી વખત અમદાવાદમાં સિટી સિવિલ કોર્ટમાં વિડિયો લીંકેજ થયું છે. જેનાથી વિડિયો કોન્ફરન્સીંગથી કોર્ટનું કામ ચાલે. જેલમાં રહેલો આરોપી ત્યાંજ રહીને આ કાર્યવાહીમાં ભાગ લઈ શકે. આના પછી પણ બાકીના ખર્ચમાં ઘટાડો થાય, પોલીસથી માંડીને બધાંમાં. ત્યાં સુધી લાવવાનું ન થાય, સલામતી રહે. એ તો વધારામાં છે. હવે ભાવનગર, જૂનાગઢ, સુરત, રાજકોટ, વડોદરા એ પણ આ વર્ષમાં વિડિયો લીંકેજમાં સામેલ થયા છે. રાજયમાં ન્યાય અદાલતોનું તંત્ર વધુ સુદ્રઢ બનશે. તેની કલ્પના આવે છે.

૧૦૦ ટકા કામની વાત કરી છે ત્યારે રાજયમાં સંકલ્પપત્રમાં કહેલું, ફાસ્ટ ટ્રેક કોર્ટનું કામ. કેન્દ્રએ મંજૂર કરેલું. ૧૬૬ જેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો કરવાની હતી. એ બધી પૂરી થઈ ગઈ. ૧૦૦ ટકા કામ તેને કહી શકાય. એક પણ બાકી નથી. મારે ત્યાં ભાવનગર શહેરમાં ૮ જેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો અને મહુવામાં એક થઈ છે. ખૂબ મોટું કામ થયું છે. તેની સાથોસાથ જ્યાં લીટીગેશનની વાત કરી. વિરોધપક્ષે ફર્સ્ટક્લાસ મૅજીસ્ટ્રેટની વાત કરી. તાત્કાલિક લિટિગેશન ઓછું થાય, ઝડપથી પતે. કેસોના ભરાવાની વાત પણ ક્યાંક આવશે, કેસોનો ભરાવો ઓછો થાય તે દિશામાં કામ છે. ફાસ્ટ ટ્રેક કોર્ટ માટે પહેલી વખત છેલ્લા ૨ વર્ષમાં ૫૩૧ જેટલા જજની નિયુકિત ખાલી ૨૦૦૪ના વર્ષમાં થઈ છે અને ૩૩૦૦૦ જેટલા કેસોનો નિકાલ થયો છે. એની સાથોસાથ કમ્પ્યુટરરાઈઝેશન હાઈકોર્ટમાં થયું છે. જેને કામ પડ્યું હશે એને ખબર હશે કે, હાઈકોર્ટનું સ્ટેટસ, હાઈકોર્ટના કેસોનું સ્ટેટસ આજ સુધીમાં ક્યાંક જાઓ, નકલ મેળવવાની અરજી આપો, તમારા કેસની છે કે બીજાના કેસની? અઠવાડિયું લાગશે, પંદર દિવસ લાગશે. પંદર દિવસે જાઓ તો કહેશે હજુ પંદર દિવસ લાગશે. આ રીતે ધક્કા ખાવા પડતા હતા. આજે ઈન્ટરનેટ ઉપર, કમ્પ્યુટર ઉપર, ગઈકાલે દાખલ થયેલ કેસની વિગત જોઈતી હોય તો આજે જ મળી જાય. એની સાથોસાથ ડીઝીટલ બોર્ડ સિસ્ટમ જે હાઈકોર્ટમાં છે. મારી મુદત ચોથી કોર્ટમાં હતી કે છઠ્ઠી કોર્ટમાં હતી? એ ડીઝીટલ બોર્ડ ઉપરથી એક જ જગ્યાએ બેઠાં બેઠાં એની મુદતનો જ્યારે વારો આવે ત્યારે એની ખબર પડી જાય. આવું કમ્પ્યુટરરાઈઝેશન સ્ટેટસવાઈઝ, કમ્પ્યુટરરાઈઝેશન ફક્ત હાઈકોર્ટમાં નહીં પણ ડિસ્ટ્રિક્ટ કોર્ટ સુધી પહોંચ્યું છે, તાલુકા કક્ષાની કોર્ટ સુધી આ વર્ષે પહોંચવાનું છે એટલે અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથોસાથ રાઉન્ડ ધ યર આખાય વર્ષમાં એ નવા જજીજની નિયુકિત અને એમને સતત તાલીમ, એમને આપવાની જાણકારી, એની પ્રક્રિયા સતત ચાલુ રહે. સમગ્ર દેશમાં પહેલાં ડિઝાસ્ટર મેનેજમેન્ટનું કામ ગુજરાતમાં થયું. ડિઝાસ્ટર મેનેજમેન્ટનો એકટ પણ સમગ્ર દેશમાં પહેલા-વહેલો આ ગુજરાતની અંદર લાવવામાં આવ્યો અને એના આધારે કામ શરૂ થયું. લો કમિશન પણ એણે કરવાનું કામ

શ્રેષ્ઠ રીતે કરી રહ્યું છે અને આ ૨ વર્ષમાં આપણે વિધાનસભામાં જોયું છે. એની સાથોસાથ એક તક ઝડપીને ભાવનગરની કોર્ટનું કામ પણ માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું. એની એક દરખાસ્ત પડી છે. કોર્ટો વધતી જાય છે, સ્ટાફ વધતો જાય છે, કામ વધતું જાય છે, લિટિગેશન અને એ બધાને બેસાડવાનું અને કોર્ટને બેસાડવાની પણ વ્યવસ્થા કરવાની થાય છે. ત્યારે ભાવનગરની અંદર ડિસ્ટ્રિક્ટ કોર્ટ મળે છે ત્યાં સ્ટેટ વખતનું બિલ્ડીંગ છે, ખૂબ સારું બિલ્ડીંગ છે. પણ જગ્યાની વ્યાપક જરૂરિયાતને ધ્યાનમાં લઈને, વિશાળ બિલ્ડીંગ કરવા માટે ૬૭૦૦ ચોરસ ફૂટ જમીનની દરખાસ્ત છે. આ દરખાસ્ત પેન્ડીંગ છે. હું વિનંતી કરું કે, આ પૂરું થાય. ત્યારે ત્યાં એ જુદી જુદી જગ્યાએ બેસે છે એના બદલે એક જ જગ્યાએ બેસી શકશે. કોર્ટની બાજુમાં કબ્રસ્તાનની જગ્યા છે, એ કબ્રસ્તાનની જગ્યા સરકારી માલિકીની છે. એમાં સરકાર દાખલ થઈ ગઈ છે. એની પણ જમીન કોર્ટના ઉપયોગ માટે માગી છે. તો એ કોર્ટના ઉપયોગ માટેની જમીન તુરતજ પ્રાપ્ત થાય એની માગણી અને વિનંતી કરું છું. પાર્કિંગ માટે કોર્ટને અડીને બાજુમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલની બિલ્ડીંગ છે, એની અંદરની ખુલ્લી જગ્યાની માગણી કરી છે. હું અપેક્ષા રાખું છું કે, આ માગણી પણ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે. આવતા દિવસોમાં લિટિગેશન ઘટે, આવતા દિવસોમાં ન્યાયની હજુ પણ ઝડપ થાય, આ રાજયમાં આ જે વિકાસની ગતિ પકડી છે એની સાથોસાથ કાયદા વિભાગ જે તાલ મેળવી રહ્યું છે એ હજુ વધારે ઝડપથી કામ કરે, એમણે અહીંથી ઉલ્લેખ કર્યો છે. ખૂબ પરિશ્રમી અને નિષ્ઠાવાન મંત્રીશ્રીના હાથમાં આ કામ છે. આવતા દિવસોમાં આ દિશામાં કંઈક બેઝીક, કંઈક ફન્ડામેન્ટલ ચેઈન્જીસ થાય જેના આધારે આ રાજયની પ્રજાને વધારે લાભ મળે, ફાયદા મળે એ માટે વિનંતી કરું છું.

માર્ગ અને મકાનની વાત કરું તો એમાં ૨-૩ ઉલ્લેખ વિપક્ષના આગેવાનોએ કર્યા છે. માર્ગ અને મકાનમાં સૌથી પહેલા તો એવું કીધું કે કામ તો બરાબર થાય છે. કામ તો થઈ રહ્યું છે પણ કદાચ એમને પૈસા ઓછા મળતા હોય એવો ઉલ્લેખ કર્યો છે અને ત્યારે મારે શરૂઆત ત્યાંથી કરવી પડે કે પ્રગતિપથ, વિકાસપથ અને કિસાનપથ જેની વાત લઈને માર્ગ અને મકાન મંત્રીશ્રી આવ્યા છે. આ વર્ષમાં ત્રણેયનું કામ ૧૫૦-૧૫૦ કરોડનું એટલે કે ૪૫૦ કરોડનું નવું કામ થવાનું છે. આવડું મોટું આયોજન, રાષ્ટ્રીય ધોરી માર્ગો, માર્ગોનું નવીનીકરણ, એનો સુધારો આ બધું જૂદું, આ નવું કામ આવડી મોટી માત્રામાં થઈ રહ્યું હોય અને હવે વજુભાઈએ એમની બજેટ સ્પીચમાં સ્ટ્રેટેજી કીધી છે જેને સ્ટ્રેટેજીક ડેવલપમેંટ કીધું છે રોડનું,એ દિશામાં જે કામ થઈ રહ્યું છે, પહેલી વખત એ સ્ટ્રેટેજી એટલે શું? સમગ્ર ગુજરાત એકમેક સાથે ગૂંથાઈ જાય (અંતરાય) હા, એટલે જોઉ છુંને લીમડી, બગોદરા કીધું વિપક્ષના આગેવાને, જેમણે ઓપનીંગ કર્યું, જર્મનીમાં પણ કદાચ આપ જોશો તો આવા રસ્તાઓ નહીં મળે, એવું કહેવું પડે. ચંદ્રિકાબેન તો ઘણા વર્ષોથી જાહેર જીવનમાં છે. કદાચ એમને ખબર હશે કે ગામડામાંથી સુવાવડી બેનને કદાચ મુશ્કેલી હોય, દવાખાના સુધી પહોંચાડવી હોય, ગામડામાં કોઈ માંદુ પડયું હોય એને હોસ્પિટલ સુધી લઈ જવું છે તો ત્યાં પહોંચાડવાનું કામ એ કાથીવાળા ખાટલામાં ૨-૪ લોકો એને લઈને દોડતા દોડતા જાય, નજીકના દવાખાના સુધી પહોંચાડવાનું કામ કરે, કારણ કે એ રસ્તા ઉપર વાહન લાવવા લઈ જવાનું અનુકૂળ નહોતું, શકય પણ નહોતું એ જમાનો હતો અને આજે તમામ ગામડાઓ શહેરની સાથે જોડાઈ ગયા છે અને હજી વધારે જોડાવાના છે. શહેરની તમામ સુવિધાઓ પ્રાપ્ત થાય અને એટલું જ નહીં શિક્ષણ માટે પણ ગામડામાંથી શહેરમાં આવી ન શકે એના માટે વિદ્યાર્થી ભાઈ-બહેનો ચોથા ધોરણ પછી, સાતમા ધોરણ પછી શિક્ષણ મૂકી દેતા હતા. આરોગ્યની સારવાર નહોતા લેતા અને કહેતા કે ૨ દિવસના તાવમાં મરી ગયો. ૨ દિવસના તાવમાં એ યુવાન નહોતો મર્યો, એ યુવાન મર્યો હતો એ સારવાર સુધી ત્યાં પહોંચાડી ન શકયા એટલે એનું નિદાન ન થયું. આ રાજયમાં હવે શકય બન્યું છે. આ રાજયના યુવાનની યુવાની રાજયના વિકાસના કામમાં વપરાય એ દિશામાં કામ થયું છે અને એની સાથો સાથ એક વનવે હતો. ગામડાની અંદર આપણે કહીએ જગતનો તાત પણ ગામડાના ૮૦ ટકા લોકો જે જમાનામાં વસતા હતા એ વખતે એનું કૃષિ ઉત્પન્ન શહેરમાં લઈ જાય તો એના ઉપર ભાવ મળે એ વખતે એ કૃષિ ઉત્પન્ન શહેરમાં લઈ ના જઈ શકે એ તો ત્યાંનો કોઈ શાહુકાર આવી અને એવી વ્યવસ્થા કરે કે ગામડાનું બધું ઉત્પન્ન લઈ જાય એ માગે એ ભાવે અને એટલે ખેડૂત ચીંથરેહાલ રહેતો હતો જે જગતનો તાત હતો એ આમના શાસનમાં. આ શાસનમાં એક શહેરોની એ.પી.એમ.સી. સુધી, માર્કેટ યાર્ડ સુધી એ માલ લાવી શકે એટલું જ નહીં પણ આ કિસાનપથની નવી યોજનાથી આ માલ લાવી શકે છે, એના કરતાં વધુ ઝડપથી લાવી શકે છે. ૧૫૦ કરોડ રૂપિયા એના માટે ખર્ચાવાના છે. આજ સુધી એવું થતું, આજ સુધી એવું થતું કે નગર, મહાનગરમાંથી હાઈવે પસાર થાય એના ઉપરથી આવીએ ત્યારે રસ્તો સારો હોય અને એના અંદરથી પસાર થઈએ ત્યારે નગર અને મહાનગરની આર્થિક પરિસ્થિતિ જે કાંઈ હોય એવા એના રોડ હોય. (સમયસૂચક ઘંટડી) એની સાથોસાથ એક જ વાત કરવાની છે.

**અધ્યક્ષશ્રી** : નો, પ્લીઝ. માનનીય જેસાભાઈ...

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી કાયદા વિભાગની માગણી નં. ૬૦ અને માર્ગ અને મકાન મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની માગણી નં. ૮૩, ૮૬ અને ૮૭ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી જે આ બજેટ લઈને આવ્યા છે તેમાં પ્રવૃત્તિની રૂપરેખા, પાના નંબર ૧૦૮, પ્રકાશન ૩૦માં નવા જિલ્લાઓનો દર વખતે ઉલ્લેખ થાય છે. ૧૯૯૭માં ૭ નવા જિલ્લા અને ૪૫ તાલુકાઓ થઈ ગયા પછી તેની વ્યવસ્થા, જિલ્લાની કોર્ટની વ્યવસ્થા હજુ ઘણા તાલુકાઓમાં બાકી છે. મારે એ વાત કરવાની છે કે કોર્ટમાં કેસના ભરાવાના હિસાબે ફાસ્ટ ટ્રેક કોર્ટ ૧૬૬ મંજૂર કરી એમાં ૧૫૯ કાર્યરત કરવામાં આવી છે, પરંતુ હજુ પણ ૪૦ લાખ જેટલા કેસો પડતર છે. મારે માનનીય કાયદા મંત્રીશ્રીને વાત કરવી છે કે જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકામાં જે સિવિલ કોર્ટ અને સેશન્સ કોર્ટ જ્યાં બેસે છે ત્યાં ફાસ્ટ ટ્રેક કોર્ટ ચાલુ કરવામાં આવી છે. છેલ્લા ચાર વર્ષથી નવી કોર્ટનું બાંધકામ ચાલુ છે એ હજુ સુધી પૂરું થયું નથી. આજે બાંધકામ પૂરું નહિ થવાના કારણે ચાર કોર્ટોના બદલે બે કોર્ટથી કામ ચલાવવું પડે છે. એ કોર્ટનું કામ તાત્કાલિક પૂરું થાય એવી મારી માગણી છે.

કાયદા મંત્રીશ્રીએ છેલ્લા ત્રણ ચાર વર્ષથી કાયદા પંચની રચના કરી છે. મારે કહેવું છે કે કાયદા વિભાગમાં ૪૩૬ કાયદાઓ જૂના જે અસ્તિત્વમાં છે. એમાં ૪૦ કાયદાઓ બ્રિટિશ સરકાર વખતના છે અને ૨૨૫ જેટલા કાયદાઓ મુંબઈ રાજય હસ્તકના અસ્તિત્વમાં છે એવું મારી જાણમાં છે. આ કાયદા પંચ દ્વારા બિનજરૂરી કાયદાઓ જે છે એ રદ કરી અને સરળ રીતે પ્રજાભિમુખ કાયદા અસ્તિત્વમાં આવે એવી આપના દ્વારા વિનંતી કરું છું. પેપરમાં પણ વચ્ચે જાહેરાત વાંચેલી કે તાલુકે તાલુકે નોટરીની નિમણૂંક કરી છે. ૫૪૧ નોટરીઓની પણ નિમણૂંક કરી છે પણ નોટરીની નિમણૂંક કર્યા પછી એની ઑફિસ કે જ્યાં બેસવાનું સ્થળ હોય ત્યાં એનું પાટિયું લાગે અને નોટરીને કેટલી ફી લેવાની છે એ જણાવવામાં આવે. જેથી અભણ માણસ મુશ્કેલીમાં છેતરાય નહિ અને ખોટા પૈસા પડાવી ન લે એ માટે ફરજિયાત આવું પાટિયું રાખવાની આપના દ્વારા વિનંતી કરું છું. ખેડૂતોના જમીન સંપાદનના પુષ્કળ પ્રમાણમાં કેસો થાય છે. આ જમીન સંપાદનની અંદર પણ વકીલો ટકાવારીથી ૨૦-૨૫ ટકા એવો દર લઈને જમીન સંપાદનના પૈસા સીધેસીધા લઈ લેતા હોય છે. એવોર્ડમાં એને કાંઈ કરવાનું રહેતું નથી, પરંતુ આ રીતે ખેડૂતોના પૈસા ખોટી રીતે વેડફાય નહિ એના માટે એમાં પણ સ્પેસિફિક લાઈનથી અને વહેલામાં વહેલા એનો પણ કોઈ ક્રાઈટ એરિયા નક્કી થાય એવી આપના દ્વારા વિનંતી છે. ટાઈટલ કલીયરની વાત હોય તો ફરજિયાત ૫૦૦-૭૦૦ લઈ લે એ વાત બરાબર નથી. નેશનલ લો ની વાત કરીએ તો હું કહેવા માગું છું કે ધોરણ ૧૨ પછી ગ્રેજ્યુએશનના ત્રણ વર્ષ છે. ગ્રેજ્યુએશનના ત્રણ વર્ષ પછી L.L.B. બે વર્ષે થાય, બે વર્ષ L.L.M. થાય એટલે પાંચ વર્ષના બદલે સાત વર્ષે વકીલાતનું પ્રમાણપત્ર મળે છે તો માનનીય કાયદા મંત્રીશ્રીને હું કહેવા માગુ છું કે એના પાંચ વર્ષનું સેટઅપ થાય અને કાયદામાં એવો સુધારો થાય અને પાંચ વર્ષે સીધા વકીલાતની કામગીરી કરવા માટેના બે વર્ષના રૂટિનમાં ફેરફાર થાય એવી પણ વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રીને પણ વાત કરવી છેઘણી વાત કરી, ઘ ણા નામો આપ્યાં. નામો ગુજરાતની પબ્લિક હવે ભૂલી જાય. હવે નામ બીજા નહિ મળે આઈ.કે. જાડેજા સાહેબ? ૧૮૫૦ કિલોમિટરના ધોરીમાર્ગોમાં ૭૫૫ કિલોમિટરના કામો પૂરા કરી નાંખ્યા અને બીજા ૪૭૫ કરોડ રૂપિયાની તમે ચાલુ નાણાકીય વર્ષમાં જોગવાઈ કરી છે એમાં વિશ્વબેંકની પણ સહાય છે, A.D.B.ની પણ સહાય ભૂકંપગ્રસ્તના હિસાબે આવતી હશે. બીજું નામ કોર નેટ વર્ક આ નામ તો હું પણ ભૂલી જાવ તેવું છે. કોર નેટ વર્ક ૮૯૫૪ કિલોમિટરના ધોરીમાર્ગો બનાવવાની કલ્પના કરી છે, જે કલ્પના નહિ પણ અસ્તિત્ત્વમાં છે. કારણ કે એમના શબ્દોમાં કહીએ તો ૯૯.૯૯ રસ્તા થઈ ગયા છે તો આજે માર્ગો છે recarpting ના અથવા રિપેરિંગના રસ્તા હોઈ શકે અથવા સુધારીકરણના હોઈ શકે, કારણ કે એમની જ વાતમાં કહીએ તો ૯૯ ટકા રસ્તા થઈ ગયા છે. શકિત પથ યોજનામાં ૫૦ કરોડની જોગવાઈ થઈ અને ૧૦૦ કરોડની પુરવણીમાં જોગવાઈ કરી લીધી, બહુ આનંદની વાત છે ૧૫ - ૧૫ લાખના ધારાસભ્યોને જોબ નંબર આપવાની વાત કરી, એ સારી વાત છે. કારણ કે રસ્તાની વિકાસ પથ યોજનાની વાત કરી એમાં પણ ૧૦૦ કરોડની પૂરક માગણી મંજૂર કરી અને ૫૦ કરોડ નવાની ચાલુ વર્ષમાં વ્યવસ્થા કરી છે.

ગૌરવ પથ એક એવો રસ્તો રાખો જેમાં કોઈનું નામાભિકરણ ના કરતાં નહિ તો આ બધા નવા રસ્તા છે. માનનીય અધ્યક્ષશ્રી આપના દ્વારા કહેવા માગું છું કે, રસ્તામાં બધા નામ કેમ થઈ જાય છે? ગૌરવ પથ રસ્તાનું નામ ના થાય, એમાં એક રસ્તા બાકી રહ્યા છે. કિસાન પથ યોજના બહુ સારી યોજના છે. કિસાન પથ યોજનામાં ખેડૂતોને ગામડામાંથી જોડતા રસ્તાની મારે વાત કરવી છે કે ગામડામાં હજુ તમે ૯૯ ટકાની વાત કરો છો? (અંતરાય) હું એ જ વાત પર આવું છું ગામડાની હમણાં સુનીલભાઈએ વાત કરી સુવાવડ વખતે દવાખાનામાં આવવાની મુશ્કેલી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા કહેવા માગું છું કે ૧૦-૧૦ વર્ષથી recarpting નથી થયું એવા કેટલાક રસ્તા છે કે જ્યાં આજે મોટરસાઈકલ નથી ચાલી શકતા એવા પણ કેટલાક રસ્તા છે તો આ સંકલિત વિકાસને ધ્યાને લઈને કામગીરી થાય. બીજું હું આપના દ્વારા કહેવા માગું છું કે મારો એક રસ્તો સોનારિયાથી જે નાવલીયાનો રસ્તો જે જાય છે અનીડા સુધીનો એ ૧૦ વર્ષથી recarpting નથી થયો, ત્યાં મોટરસાઈકલ નથી ચાલતી, ગોવિંદભાઈ તમારે પણ ચાલવાનું છે. મારે સૂત્રાપાડા ગામ જવું છે તો સૂત્રાપાડા કદવાડથી મોટી મુશ્કેલી છે, મારું ગામ છે, ભલે મારો મતવિસ્તાર નથી એમાં જે કાંઈ મુશ્કેલી છે એ માનનીય આઈ.કે.જાડેજા સાહેબને વિનંતી કરું છું કે આ કામ પણ ધ્યાને લઈને જે રસ્તાના સપ્રમાણ કામ નથી થયા અધિકારીઓ દ્વારા એની પણ વાતમાં ધ્યાન દોરીને કામનો ઉકેલ થાય.

ટોલટેક્સની પણ જે વાત આવી છે, એમાં પેટ્રોલ-ડિઝલમાં ટેક્સ આવે જ છે. ભારત સરકાર પેટ્રોલ-ડિઝલમાં ટેક્સ નાંખી પૈસા એક વખત લેવાય છે અને ફરી પાછો ટોલ ટેક્સ લેવાય છે. હમણાં જ સરખેજના ટોલ ટેક્સનો મને ખ્યાલ છે કે હાઈકોર્ટમાં કોઈકે સ્ટે લીધો છે. સરખેજ હાઈવે ઉપર ટોલ ટેક્સ નાંખવાની વાત હતી એમાં મારી જાણ પ્રમાણે હાઈકોર્ટમાં સ્ટે લીધો છે. જો વાત ખરી હોય કે ખોટી હોય તો માનનીય મંત્રીશ્રી જવાબ આપે તો આ ટોલ ટેક્સના રસ્તેથી આવીએ તો ચાર-ચાર જગ્યાઓએ ટોલ ટેક્સ ન લાગે એ પણ જોવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, જે કોન્ટ્રાકટરો છે એને કામ નક્કી કર્યા પછી, અહીંયા જોબ નંબરો આપ્યા પછી, એની વહીવટી મંજૂરી આપ્યા પછી બજૅટની જોગવાઈવાળા કામો પણ ટેન્ડર નીકળી ગયા પછી, એને ઇસ્યુ થયા પછી પણ એ કામો શરૂ નથી થતા અને એને બ્લૅક લિસ્ટમાં પણ મૂકવામાં નથી આવતા. ઘણા બધા કામો એવાં છે કે, એને બ્લૅક લિસ્ટ કે રદ કરી એવા કામો પણ નથી આપવામાં આવતા, મારા વિસ્તારમાં એવા ઘણા બધા કામો છે, વેરાવળથી ટાવર ચોકનો રસ્તો ઘણા સમયથી બંધ છે, ટાવર ચોકથી સોમનાથ સુધીના રસ્તાનું કામ એક યા બીજા કારણોસર હજુ સુધી થતું નથી. તેવી જ રીતે ઉમરાળાના રસ્તે મોટર સાયકલ પણ ચાલી શકતી નથી અને કામો સો ટકા આપી દીધા છે અને પૈસા પણ એને આપી દીધા છે છતાં કયા કારણોસર રસ્તાઓ પૂરા નથી થતા? કોન્ટ્રાકટર ગમે તે હોય એની સામે પગલાં લઈ ઝડપથી કામો પૂરા થાય અથવા તો એ અધૂરાં કામો વિભાગ મારફતે અથવા બીજા મારફતે એ કામો સો ટકા થઈ જાય એવી મારી વિનંતી છે. મારા જ મત વિસ્તારના જે બીજા રસ્તાઓ છે એમાં ખાસ કરીને કદવાડ થી સૂત્રાપાડા છે એ કામ મંજૂર થઈ ગયું છે એ સારી વાત છે પણ એ કામ ઝડપથી થાય એવી વિનંતી છે. નડિયાદથી વડોદરાનો પચાસ કિલોમીટરનો રસ્તો ૩૪૫ કરોડ અને હિંમતનગરથી ચીલોડાનો બાવન કિલોમીટરનો ૧૪૫ કરોડનો રસ્તો આ બંને રસ્તાઓ નેશનલ હાઈ-વેના બને છે તો એમાં પણ મંત્રીશ્રી સ્પષ્ટતા કરે. માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદરથી રાજસ્થાન સુધી નેશનલ હાઈ-વેનો રસ્તો થવાનો છે એની ટેન્ડરની કામગીરી પૂરી થઈ છે એ રસ્તો ઝડપથી બને કારણ કે, બહું સારો રસ્તો છે દરિયાકાંઠાથી રાજસ્થાનને જોડતો આ રસ્તો સીધો નક્કી થયો છે એના ટેન્ડરો નીકળી ગયા છે તો એ પણ વહેલામાં વહેલી તકે થાય એવી અપેક્ષા રાખું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કાયદા વિભાગ અને માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગ માગણી ક્રમાંક ૬૦, ૮૩, ૮૬ અને ૮૭ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર મને ખ્યાલ છે કે, લગભગ ઘણાં ગામો એવાં હતાં કે એક ગામેથી બીજા ગામે જવું હોય તો વાહન લઈ જવાની મુશ્કેલી પડતી, કાચા નાળાઓ હતા પણ આજે સમગ્ર ગુજરાતમાં લગભગ ૯૫ ટકા ગામડાંઓ એવાં છે કે, જે ડામર સપાટી રોડથી દરેક ગામને જોડવામાં આવ્યા છે, એમાં વિલેજ રોડ (V.R.). અધર ડિસ્ટ્રિક્ટ રોડ (O.D.R.), મેજર ડિસ્ટ્રિક્ટ રોડ (M.D.R.), સ્ટેટ હાઈ-વે(S.H.), નેશનલ હાઈ-વે(N.H.)અને એક્સપ્રૅસ હાઈ-વે. માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કે, કદાચ ગુજરાતમાંથી બીજા રાજયમાં વાહનમાં બેસીને જતા હોઈએ અને જો વાહનમાં ઊંઘતા હોઈએ તો પણ આપણને ખ્યાલ આવી જાય કે આપણે બીજા રાજયમાં પ્રવેશ કર્યો છે એટલા સારા રસ્તાઓ ગુજરાત સરકારે બનાવ્યા છે. રોડ નહોતા ત્યારે એક ગામથી બીજે ગામ સામેના પક્ષવાળા કહેતા હતા કે દર્દીને લઈ જવા માટે મુશ્કેલી પડતી હતી. ડામર સપાટીવાળા રોડ થયા પહેલા કોઈપણ વાહન કરવું હોય તો કાચા રસ્તે જવું હોય તો જીપ ભાડાવાળા ૧૫૦ થી બસ્સો રૂપિયા માગતા. આજે રસ્તા બન્યા પછી ૪૦-૫૦ રૂપિયામાં વાહનમાં જઈ શકાય છે. ચાર માર્ગીય રસ્તા અમદાવાદથી વડોદરા એકસપ્રેસ હાઈવે. ગાંધીનગરથી વડોદરા જતા ત્રણ કલાક લાગે ઓછામાં ઓછા કારણકે અહીંથી નારોલ જતા પોણો કલાક થાય અને પછી બીજા ત્રણ કલાક લાગે પણ અમદાવાદથી વડોદરા એકસપ્રેસ હાઈવે બનવાને કારણે એકસપ્રેસ હાઈવે પર જતાં એક કલાક કરતા પણ ઓછા સમયમાં વડોદરા પહોંચી શકાય. કેન્દ્રમાં ભા.જ.પા. અને ગુજરાતમાં ભા.જ.પા. સરકાર આવ્યા પછી રાષ્ટ્રીય ધોરી માર્ગ અને એકસપ્રેસ હાઈવેનું કામ પૂર્ણ કરવામાં આવશે. અમદાવાદ- રાજકોટ જતાં લીમડી પાસે અકસ્માત થતા. રાજકોટ સુધી ચાર માર્ગીય રસ્તો બન્યો જેને કારણે અકસ્માત થતા અટકયા છે. અમદાવાદ

મહેસાણા, હમણાં જેસાભાઈ કહેતા હતા કે ટોલ ટેક્સ ન લેવો જોઈએ. ટોલ ટેક્સ ડિઝલમાં આવી જાય છે. ડિઝલ કે પેટ્રોલમાં ટેક્સ હોય એ ગુજરાત સરકાર અથવા કેન્દ્ર સરકારનો હોય છે પણ તમે જે ખાનગી કંપનીને બી.ઓ.ટી.ના ધોરણે રોડ બનાવવા આપવાના હો એમાં લાખો, કરોડો રૂપિયાનો ખર્ચ થાય એમાં ટોલ ટેક્સની આવશ્યકતા છે. ખાનગી સંસ્થાને આવા રસ્તાની માગણી હોવા છતાં રસ્તાના કામ થતા નથી. ખાનગી કંપની આ રોડ બનાવવા માગતી હોય તો બી.ઓ.ટી.ના ધોરણે આપવા જોઈએ. જેના કારણે ગુજરાતમાં સારા રસ્તા બની શકે.

૧૯૯૦માં અમે ધારાસભ્ય હતા. મારા વિસ્તારમાંથી ગાંધીનગર આવવા માટે ચાર કલાક થતા. આજે ધાનેરાથી ગાંધીનગર આવતા ત્રણ કલાક જ થાય છે. આનું કારણ છે ડીસાથી પાલનપુર ખીમાણા ગામ છે. ત્યાં સુધી ૬૦ કરોડના ખર્ચે ચારમાર્ગીય રોડ બનાવ્યા છે. એના કારણે કેટલો ફાયદો થાય છે, ડિઝલ બચે, વ્યકિતનો સમય બચે, ઝડપથી પહોંચી શકાય અને આ ચાર માર્ગીય રસ્તો ડીસા સુધી બન્યો છે. જેને આગળ રાધનપુર સુધી ચાર માર્ગીય રસ્તો બનાવવાનું આયોજન ગુજરાત સરકારે કર્યું છે. મને ખ્યાલ છે રાધનપુર-સાંતલપુર-આડેશ્વર સુધી રાજય ધોરી માર્ગ હતો. નીચે ખારાશને કારણે વારંવાર ચોમાસામાં તૂટી જતો હતો. ગુજરાત સરકારે કાયમી ધોરણે ન તૂટે એ માટે પાલનપુરથી ડીસા, રાધનપુર, સાંતલપુર, આડેશ્વર સુધી ચાર માર્ગીય રસ્તો બનાવવાનું નકકી કર્યું છે. જેના કારણે આ રોડ વારંવાર તુટશે નહીં. ભૂકંપની પરિસ્થિતિ વખતે મને ખબર છે જ્યારે ભૂકંપ થયો એ વખતે અમે રાપર વિસ્તારમાં હતા. કેટલાય રોડ તૂટી ગયા હતા. મોટા મોટા ખાડા પડી ગયા હતા. એ વખતે બહુ ઝડપથી રોડને વાહનવ્યવહાર લાયક કર્યા છે.આજે ભૂતકાળમાં ધાનેરામાં હું અભ્યાસ કરતો હતો ત્યારે ધાનેરાથી પાલનપુર ડીસા સુધી મેટલના રોડ પણ નહોતા. કાચા નેળીયા દ્વારા જવું પડતું. આજે બનાસકાંઠા જિલ્લાનું એક પણ ગામ એવું નથી (અંતરાય) હેમાજી, તમે બોલજો તમારા વિસ્તારમાં. કોઈ ગામ એવું નથી કે ડામર સપાટીના રોડથી સંપર્ક ન થયો હોય. કોઈ ગામ રહી ગયું હોય તો ત્યાં આગળ મેટલ સપાટી પણ કરવામાં આવી છે અને આજે જે કાચા નેળિયા હતા, એના દ્વારા પાકા ડામર સપાટીવાળા રોડ થયા છે. મને આનંદ એ વાતનો છે કે આજે ગુજરાત સરકાર ધારાસભ્યોને ૧૮૨ મત વિસ્તારની અંદર દરેક ધારાસભ્યોને પંચાયત હસ્તક ૩૦ લાખ રૂપિયાનાં કામો સરફેશ કરવાનાં આપ્યાં છે. ૩૦ લાખ રૂપિયા પંચાયત હસ્તકના અને બીજા ૧૫ લાખ રૂપિયા નૉન-પ્લાનના બજેટમાં આવે છે, એટલે ટોટલ ૪૫ લાખ રૂપિયા પંચાયતના અને ૫૦ લાખ રૂપિયા રાજય ધોરી માર્ગ માટે રિપેરિંગ કરવા માટે આપ્યા છે. સરવાળો જેસાભાઈએ નહિ કર્યો હોય. ૪૫ લાખના ૮૧૯૦ લાખ અને ૫૦ લાખ રૂપિયા રાજય ધોરી માર્ગના ૯૧૦૦ લાખ એમ ટોટલ ૧૭૨ કરોડ ૯૦ લાખ ધારાસભ્યશ્રી પોતાના મત વિસ્તારમાં રિપેરિંગ કરવા માગતા હોય તો એના માટે ગુજરાત સરકારે આપ્યા છે.

આજે થોડા આંકડા આપવા છે. રાષ્ટ્રીય ધોરી માર્ગના વર્ષોથી પડેલ રોડમાં રાજયમાં ૨૩૪૨ કિલોમિટર લંબાઈના રાજય ધોરી માર્ગો હતા. આજે પોરબંદર, દ્વારકામાં ૨૨૬ કિલોમિટર માંડવી, નારાયણ સરોવર ૨૪૬ કિલોમિટર, રાજસ્થાનને જોડતો દાહોદ, ઝાલોદ ૩૯ કિલોમિટર, મણીપુર ૪૦૬ કિલોમિટરના નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ જાહેર કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસ યોજના દ્વારા ૧૨૦૨ કિલોમિટર રાષ્ટ્રીય ધોરી માર્ગનો સમાવેશ થાય છે, જે પૈકી ૫૮૬ કિલોમિટર લંબાઈનાં કામ પૂર્ણ થયેલ છે, બાકીના કામ પ્રગતિમાં છે. આજે વર્ષ દરમિયાન નડિયાદ વડોદરા એક્સ્પ્રેસનાં કામો ૩૪૫ કરોડનાં ખર્ચે પૂર્ણ કરી નાખેલ છે. હમણા વડાપ્રધાન ગ્રામ સડક યોજના દ્વારા જે રોડની વાત થઈ. વડાપ્રધાન ગ્રામ માર્ગ યોજના દ્વારા જે ૫૦૦ની વસ્તીવાળાં ગામને જોડવા માટે આજે કોઈ ગામ કે પરુ બાકી નથી રહ્યું કે જેને ગુજરાત સરકાર દ્વારા વડાપ્રધાન ગ્રામ માર્ગ યોજના હેઠળ આ રોડનો સમાવેશ કરવામાં ન આવ્યો હોય. વિશ્વ બૅન્કની યોજના દ્વારા ગુજરાત રાજયે ૨૦૦૦ કરોડના ખર્ચે ૧૮૫૦ કિલોમિટર લંબાઈના રાજય રસ્તાના સુધારણા કરવામાં આવ્યા છે. ૮૫૦ કિલોમિટર જેટલા રસ્તા પહોળા તથા મજબૂતીકરણના ત્રણ તબક્કામાં ૧૦૦૦ કિલોમિટરના રસ્તાનાં કામ નવીનીકરણ કરીને ૪ વર્ષના કાર્યક્રમ હેઠળ થનાર છે, એ પૈકી ૨૪૦ કિલોમિટર લંબાઈના પાંચ રસ્તા ૩૮૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યા છે. સરખેજ, વીરમગામ, મહેસાણા, પાલનપુર, રાજકોટ, જામનગર, વડોદરા, ગોધરા, હાલોલનો સમાવેશ થાય છે. દ્વિતિય તબક્કાની અંદર ૨૪૦ કિલોમિટર લંબાઈનાં ૩ કામ ૩૨૫ કરોડનાં ખર્ચે પ્રગતિમાં છે. આજે પૂરાં થઈ ગયાં છે. ગોધરા, શામળાજી, લાડવેલ, ડાકોર,મહેસાણા ચારમાર્ગીય રસ્તાનો સમાવેશ કરવામાં આવ્યો છે. તૃતીય તબક્કાની અંદર ૫૫૩ કરોડના ખર્ચે ૩૬૮ કિલોમિટરની લંબાઈનાં ૭ કામ શરૂ કરેલ છે, જેમાં રાજકોટ, મોરબી, ભરૂચ, વડોદરા, પાદરા, જંબુસર, વીરમગામ, ધ્રાંગધ્રા, હળવદ, જામનનગર, ખંભાળિયા, વટામણ, પીપળી, બગોદરા, ધોળકા, સુરત, ઓલપાડ, સચીન, મગદલ્લાનો સમાવેશ થાય છે. આટલાં કામો ગુજરાત સરકારે પ્રગતિનાં કર્યાં છે.

કાયદા મંત્રીશ્રી અહીયા બેઠા છે, ત્યારે થોડી વાત કરવી છે. મને ખબર છે કે બનાસકાંઠા જિલ્લાની અંદર જિલ્લા કક્ષાએ એક જ સેશન્સ કોર્ટ હતી. આજે કાયદા વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લાની અંદર ઝડપી કેસોનો નિકાલ આવે એના માટે ડીસાની અંદર સેશન્સ કોર્ટ બે ચાલુ કરી. ફાસ્ટ ટ્રેક કોર્ટ ચાલુ કરી છે, જેના

દ્વારા હજારો કેસોનો ભરાવો થયો હતો અને તેનો નિકાલ નહોતો આવતો એ ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા ઝડપી નિકાલ કરવામાં આવ્યો છે. લોક અદાલત. આજે લોકોને લાગે કે લોક અદાલત એટલે શું? તો સામાન્ય કિસ્સામાં જાહેરની અંદર તેમાં સેશન્સ કોર્ટના જજ સાહેબ જાય, બીજા જાય અને જાહેરમાં લોક અદાલત દ્વારા હજારો કેસો જે વર્ષોથી પડેલ કેસોનો લોક અદાલત યોજીને સમાધાન દ્વારા કાર્યક્રમો યોજીને કેસોનો નિકાલ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાત સરકારે કાયદો અને વ્યવસ્થા માટે જે પરિસ્થિતિ સર્જી છે. સાહેબ, આરોપો તો ઘણા થવાના કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડી ગઈ છે, કોર્ટોમાં ન્યાય નથી મળતો. બાકી આજની તારીખમાં ઝડપીમાં ઝડપી આ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની દૃષ્ટિએ ન્યાય મળે છે. આ રોડનાં એટલાં સારા કામ થતા હોય અને મને એ વાતનો આનંદ થયો કે બાબુભાઈ શાહ કે જેઓ પૂર્વ મંત્રી રહી ચૂકયા હતા તેમણે આ માર્ગ અને મકાન વિભાગ માટે વખાણ કર્યા છે એટલા માટે તેમને ધન્યવાદ આપવા પડે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના માટે ગઈ કાલે પ્રશ્નોત્તરીમાં મેં પ્રશ્ન પૂછયો હતો કે ભૂતકાળમાં જે ગણતરી થઈ હતી તે વખતે ૫૦૦ માણસોથી ઓછી વસ્તી હોય, ૪૫૦ હોય તો તેમાં નવેસરથી ગણતરી કરી આજે ૫૦૦ની વસ્તી ધરાવતા હોય તે તમામ પરાઓને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં સમાવી લે તેવી મારી વિનંતી છે. આજે આ બંને વિભાગના મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવી અભિનંદન આપું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી અને કાયદા મંત્રીશ્રી આજે પોતાની માગણીઓ લઈને આ વિધાનસભા ગૃહ સમક્ષ આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભી થઈ છું

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ કોઈપણ રાજયનો કરવો હોય તો તે વિકાસની અંદર સૌથી મહત્ત્વનું કોઈ અંગ હોય તો માર્ગ અને મકાન અને માર્ગમાં રસ્તાઓનું મહત્ત્વ છે અને તે મહત્ત્વના કારણે રસ્તાઓ એકબીજાના ટ્રાન્સપૉર્ટથી માંડીને નાના નાના ગામડાઓથી માંડી મોટા મોટા શહેરોના હાઈવે સુધીના જોડાણો આ રસ્તાઓ દ્વારા થઈ શકે તેમ છે. તેના દ્વારા વિકાસ થઈ શકે તેમ છે. શરૂઆતમાં માનનીય બાબુભાઈ અમારા સિનિયર સભ્યશ્રીએ વાત કરી, એક સ્પષ્ટ વાત કરી કે વિકાસ કે પ્રગતિની વાત હોય ત્યારે તેનો સેનાપતિ સબળ હોય પણ સેનાપતિ સબળ હોય અને ટીમ નબળી હોય તો યુદ્ધ જીતી શકાતું નથી. ટીમ નબળી હોય તો મંજિલે પહોંચી શકાય નહીં. સરકારમાં આવું હશે કે સેનાપતિ સબળ હોય પણ ટીમ સબળ ન હોય પણ માર્ગ અને મકાન પૂરતી સેનાપતિ સબળ છે અને ટીમ પણ સબળ છે તેથી યુદ્ધ પણ જીતી શકાય છે, મંજિલે પહોંચી શકાય છે. મારે જરૂરિયાતના રસ્તાઓ માટે બે વાત કરવી છે. આ વખતે કિસાનપથ યોજના દ્વારા નૉન પ્લાનિંગ યોજનાની અમલવારી જે કરી છે ત્યારે સમસ્ત ગુજરાતની અંદર જે વિસ્તાર ખારાપટમાં ફેલાતો જાય છે તે વિસ્તારની અંદર ગામડાના બદલે વાડીએ રહેતા થઈ ગયા છે. તેના ઘર, કુટુંબ, મકાન, લગ્ન પ્રસંગ કે દુ:ખદ પ્રસંગ હોય ત્યારે વાડીઓવાળા રસ્તાઓ અને આવા રસ્તાઓનું મહત્ત્વ વધી ગયું છે. ત્યારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે પ્લાનિંગ અને નૉન પ્લાનિંગની અંદર હવે તો પ્લાનિંગના રસ્તાઓ કેટલા, કયા લોકો કયાં રહે છે અને તેમને સુવિદ્યા આપવી હોય તો માત્ર નકશા ઉપરની સુવિધા નહીં, માત્ર નકશા ઉપર દોરેલા રસ્તા નહીં પણ જ્યાં લોકો રહે છે ત્યાં રસ્તા કરવા હશે તો સમસ્ત દરિયાઈ પટ્ટી ઉપર ગામડાના રસ્તાને બદલે વાડી વિસ્તારના રસ્તાઓ છે તેને નૉન પ્લાનિંગમાં મહત્ત્વ આપવું પડશે. એક ધારાસભ્યશ્રી જોબ નંબર આપ્યા, હમણાં સિનિયર સભ્યશ્રી કહેતા હતા.સો કરોડ રૂપિયાની પૂરક માગણી લઈ આવ્યા અને રાજીખુશીથી આપી. મારે પૂછવું છે કે જે પરિસ્થિતિ અને સંજોગો છે તેમાં ૧૫ લાખ રૂપિયાની અંદર કેટલા કિલોમીટરના રસ્તા થાય છે. માંડ અઢી કે ત્રણ કિલોમીટરના રસ્તાથી વધતા નથી. આપણે બહુ ખુશ થઈ જવાની જરૂર નથી. ખરેખર આ ત્રણ કે પાંચ કિલોમીટરની જગ્યાએ આ ગામડાઓના રસ્તાઓ વર્ષોથી થયા નથી અને વંચીત છે.

આપના માધ્યમથી ઘેડ વિસ્તારના રસ્તાઓની વાત કરવી છે. જૂનાગઢ સમસ્ત ઘેડ વિસ્તાર છે. તેમાં પોરબંદર, રાણાવાવ, કુતિયાણા, માંગરોળ, માણાવદર કે કેશોદના પાંચ ગામ આ રસ્તાઓની ભૂગોળ બીજા રસ્તાઓ કરતાં જૂદી છે અને એ જુદી ભૂગોળ છે, જે જગ્યાએ કિલોમીટરે ત્રણ લાખ રૂપિયા થતા હશે પણ ઘેડ વિસ્તારમાં પાંચ થી સાત લાખ રૂપિયા થશે, તો એનું સ્પેશિયલ આયોજન અને સ્કીમ કરીને એ કરવા પડશે. આજે મારે માનનીય દિનશા પટેલને યાદ કરવા પડે છે કે આ જ વિધાનસભામાં એમણે સ્પેશ્યિલ બજેટેડ રસ્તાઓ ઘેડ વિસ્તારમાં મૂક્યા હતા. મારે આપના દ્વારા કહેવું છે કે, બગસરા ટુ વાડલાનું કામ અર્ધુ પૂરું થયું છે. પછી એ એડીબીમાંથી હોય કે વર્લ્ડ બેંકમાંથી હોય, હમણાં જ માનનીય સભ્યશ્રી કહેતા હતા કે સેન્ટ્રલના પૈસા હોય, એની ગાથા આપણે ગાઈએ, કંઈ વાંધો નહીં. રસ્તા થાય છે. પછી એ એડીબીમાંથી હોય, તો એના વખાણ કરીએ એમાં પણ વાંધો નહીં, રાજય સરકારના પૈસા હોય એમાં પણ અમને કોઈ વાંધો નથી પણ મારો

સીધો સવાલ છે કે ઘેડ વિસ્તારના રસ્તાઓ માટે કોઈ સ્પેશિયલ આયોજન કરવા માગીએ છીએ? આજની તારીખે એ વિસ્તારમાં કોઈ વાહન કે ગાડી જવા તૈયાર નથી, ત્યારે મારું નમ્ર સૂચન છે કે, માનનીય મંત્રીશ્રી આઈ. કે. જાડેજા છે એમને ઘેડ વિસ્તારમાં આવવા આમંત્રણ આપું છું એ આમંત્રણનો સ્વીકાર કરીને એ ઘેડ વિસ્તારમાં આવીને ત્યાંના રસ્તાઓ જુએ અને એ જોયા પછી એમને વાસ્તવિકતા લાગે કે આ રસ્તાઓ કરવા જેવા છે તો ઝડપથી એક વર્ષનો રસ્તો બે ત્રણ વર્ષ સુધી એનું જે કામ ચાલે છે એને તાત્કાલિક પૂરા કરવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારું સૂચન એ છે કે, રસ્તાઓ જ્યારે મંજૂર થાય છે, જ્યારે એના પ્લાન અને એસ્ટીમેટ કરીએ છીએ ત્યારે વચ્ચે નાનું નાળું હોય છે, કે ક્યાંક રસ્તાને ઊંચો લેવો પડે તેવી સ્થિતિ હોય છે એ વાત ભૂલી જઈએ છીએ, રસ્તો શરૂ થાય ત્યારે આ બધી વાત યાદ આવે છે એટલે નાળા માટે સ્પેશિયલ પૈસા મૂકવા પડે છે, કે એ રસ્તાને ઊંચો કરવા માટે પણ જુદા પૈસા મૂકવા પડે છે એટલે મંજૂર થયેલો રસ્તો, જોબ નંબરવાળો રસ્તો કેટલાય સમય સુધી ખોરંભે પડે છે. મારા વિસ્તારના એસ.આર.માં મંજૂર થયેલ માંગરોળ તાલુકાનો આંત્રોલીનો રસ્તો માત્ર ઊંચો બનાવવાના કારણે આજે પણ ખોરંભે પડ્યો છે. ત્યારે મારી એ વાત છે કે, રસ્તાની શરૂઆત કરીએ કે એસ્ટીમેટ કરીએ ત્યારે આ નાળાંનું કામ હોય કે પછી એને ઊંચો લેવા માટેની વાત હોય, એ જે પ્રક્રિયા હોય એને પણ સ્વીકારીને ચાલવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અગિયારમું નાણા પંચ પૂરું થયું, હવે બારમું નાણાપંચ આવશે. સરકારને આપણે ધાર્યા કરતાં વધારે પૈસા જ્યારે મળવાના છે ત્યારે મારે એક નમ્ર સૂચન કરવું છે કે, પંચાયત વિભાગ હોય કે માર્ગ અને મકાન વિભાગ હોય, એનું સંકલન કરીને અગિયારમા નાણાં પંચમાં ગામડાંના નાના નાના રસ્તાઓ માટે સી. સી. રોડની મંજૂરી આપવામાં આવે છે, હવે જે વિસ્તારમાં, ગામમાં લોકો રહેતા નથી, વાડીએ જ લોકો જીવન શરૂ કરે છે ત્યાં સી.સી. રોડને બદલે મેટલના કે ડામરના રોડ કરવાની તાતી જરૂરિયાત છે. સી. સી. રોડ સીમેન્ટના કરીએ એ બે થી ત્રણ લાખ રૂપિયામાં પૂરા થતા નથી ત્યારે ગામડાનો રસ્તો સી.સી. થાય પણ વાડી વિસ્તારના રસ્તા બારમા નાણાં પંચમાં જે સૂચન થાય એ મેટલ અને ડામરના રસ્તા થાય એવી પણ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના, એમાં હું સ્પષ્ટ સૂચન કરવા માગું છું કે, જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓની વાત કહેવી છે કે રસ્તાઓ મંજૂર થયા પછી કોન્ટ્રાકટરોને અપાયા પછી એ કોન્ટ્રાકટરો વર્ષો સુધી એ રસ્તાનું કામ કરતા નથી, અને નોટિસ આપવાની પ્રક્રિયા થાય, એક નોટિસ અપાય, એનો જવાબ આવે, કામ મંજૂર થઈ ગયા પછી સરકારના પૈસા ત્યાં પહોંચી ગયા હોય છતાં પણ રસ્તો થાય નહીં, તો પ્રજાનો શું વાંક છે કે પ્રજા રસ્તાથી વંચિત રહે છે ત્યારે કોન્ટ્રાકટર કોઈપણ હોય , આપણને ઘણીવાર એમ થાય કે કોઈનાથી આપણે બીતા નથી ત્યારે મારે સ્પષ્ટ કહેવું છે કે, પ્રજાના પૈસા છે, સરકારની લાગણી મંજિલે પહોંચાડવાની અને પ્રજાનો એ રસ્તો છે પણ એ રસ્તો કોન્ટ્રાકટરના પાપે એ અટકતો હોય તો એવા કોન્ટ્રાકટરોને બ્લૅક લિસ્ટમાં મૂકીને એની સામે તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ એટલા માટે કરવી જોઈએ કે અમારો માંડલ-શરમાનો રસ્તો મંજૂર થયેલો રસ્તો છે, પૈસા મુકાઈ ગયા છે પણ માત્ર કોન્ટ્રાકટરના કારણે એ રસ્તો થતો નથી ત્યારે આવા કેટલાય રસ્તાઓ છે કે કોન્ટ્રાકટરોના પાપે, મારે પાપ શબ્દ વાપરવો પડશે, કોઈએ સામાન્ય ગુનો કર્યો હોય તો એફ.આઈ.આર. થાય છે તો આમાં તો પ્રજાના પૈસા હોય છે અને એ પૈસા ત્યાં પહોંચ્યા પછી પણ જો કોન્ટ્રાકટર કામ ન કરતો હોય તો એને તાત્કાલિક બ્લેક લિસ્ટમાં મૂકવો જોઈએ, અને માનનીય મંત્રીશ્રી, આપ તો બાપુ છો, થોડીક લાલ આંખ કરો અને લાલ આંખ કરીને કહો કે, આ પ્રજાના પૈસા છે અને એ કામ ઝડપથી પૂરું કરો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે આનાથી પણ આગળ વધીને એ વાત કરવી છે કે, શહેરી વિકાસ વર્ષની ઉજવણી પણ કરી રહ્યા છીએ અને માનનીય મંત્રીશ્રી પાસે શહેરી વિકાસ વિભાગ પણ છે અને એમાં ગૌરવ પથ રસ્તો સુવિધા પથ કરીને એક રસ્તાનું આયોજન કર્યુ છે,

માનનીય નાણાં મંત્રીશ્રી વજુભાઈ વાળાએ એમના બજૅટમાં કહ્યું છે કે દરેક શહેરો અને નગરોમાં શહેરી વિકાસ ૨૦૦૫માં સુવિધા પથનું આયોજન કરી રહ્યાં છે. આ સુવિધા પથના રસ્તાઓ કયારે કરવાના છો, કઈ રીતે કરવાના છો? અને કઈ માગણી લઈને આવ્યા છો એના અનુસંધાને કરવાના છો? કે શહેરી વિકાસમાંથી કરવાના છો એની સ્પષ્ટતા માનનીયમંત્રીશ્રી કરે. કેમ કે દરેક નગરપાલિકામાં-શહેરોમાં એક એક રસ્તો કરવાની વાત આવશે ત્યારે એની નાણાકીય જોગવાઈ જોઈશે. ત્યારે શરૂઆતની ૧૦૦ કરોડ રૂપિયાની પૂરક માગણી અંગે અમારા સભ્યશ્રીએ કહ્યું બાપુ વાણિયા છે, પણ દરબાર કરતા વધારે વાણિયા છે કેમ કે પહેલા પૂરક માગણી કરી ૧૦૦ કરોડ લઈ લીધા અને હવે ૫૦ કરોડની માગણી લઈને આવ્યા છે. ૫૦ કરોડમાં કંઈ થવાનું નથી પરંતુ અમારી લાગણી એવી છે કે રસ્તાઓની જે સ્થિતિ નિર્માણ થઈ છે એમાં બે તાલુકાઓને જોડતા રસ્તાઓનું તાલુકા આયોજનમાં, જિલ્લા આયોજનમાં આયોજન થાય છે. આ તાલુકાઓને જોડતા રસ્તાઓમાં અને સમસ્ત રસ્તાઓમાં લેટેસ્ટ મશીનરી છે, કોમ્પ્યુટરો છે, ઈ-ગવર્નન્સ કર્યું છે, ગુજરાતમાં બધાએ કર્યું છે ત્યારે એ તમામ રસ્તાઓને જોડવા માટેનો નકશો અને પ્લાન એસ્ટીમેટ બનાવવા જરૂરી છે.

કોર્ટની બાબતમાં મારે એટલું જ કહેવું છે કે, કોર્ટમાં કાયદાની વ્યવસ્થામાં ચાલવા માટે જે કેસો પેન્ડીંગ છે એના નિકાલ માટે તાત્કાલિક આયોજન થાય એ જરૂરી છે. એજ રીતે જે કોર્ટો નવી બની છે એમાં ગ્રાન્ટ કાયદા વિભાગની હશે પણ નવી કોર્ટોનું કામ કરવાનું છે એમાં એ કામ માર્ગ અને મકાન વિભાગ કરે છે. એ નવી કોર્ટોનું કામ મંદ ગતિએ ચાલે છે. પછી એમાં વેરાવળની કોર્ટનું હોય કે માગરોળની કોર્ટનું કામ હોય એ બધા કામો મંદ ગતિએ ચાલે છે તો આ કોર્ટોનું કામકાજ તાત્કાલિક પૂરૂં થાય એવી આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અહીંયા ઘણા બધા વિભાગો લઈને બેઠા છે ત્યારે માર્ગ અને મકાન વિભાગમાં પછી ગુજરાત ભવનની વ્યવસ્થા કરવાની હોય, બોમ્બે ભવનની વ્યવસ્થા કરવાની હોય, ગાંધીનગરના સરકારી મકાનો બિસ્માર હાલતમાં પડયા છે એને વેચી નાંખવાની વ્યવસ્થા કરવાની હોય, ગાંધીનગરના સર્કીટ હાઉસની વ્યવસ્થા કરવાની હોય, એના કરતા વધુ ચિંતાનો સવાલ  છે એ ગામડાના રસ્તાનો છે. મારે નમ્ર વિનંતી સાથે કહેવું છે કે, પ્લાનિંગના રસ્તાઓ કરવામાં આવે છે પણ નોન પ્લાનના રસ્તાઓ છે જે લોકો માટેના ઉપયોગી રસ્તાઓ છે એ રસ્તાઓનું આયોજન તાત્કાલિક થાય એના માટે એક નકશો બનાવવામાં આવે. નોન પ્લાનના રસ્તાઓને મંજૂરી આપવા માટે માનનીય મંત્રીશ્રી હિચકિચાટ ન અનુભવે કે આ નોન પ્લાન છે એટલે નહી. પણ લોકોની જરૂરિયાના રસ્તાઓ છે એ તમામ રસ્તાઓની મંજૂરી મળે એટલી વાત સાથે વિરમું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવી અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના અને આ દેશના વિકાસ માટે પ્રજાને ન્યાય આપનારું ન્યાયતંત્ર એ મહત્વનો પાયો છે. જે દેશનું ન્યાયતંત્ર નિષ્પક્ષ, ઝડપી અને કોઈ પણ શેહશરમ વગરનું હોય એ દેશની પ્રગતિ ટોચ ઉપર હોય છે. જેમ દુઃખમાં બાળક તેની મા સામે જુએ અને એની મા એને સુખ અને પ્રેમ આપે એવી રીતે આ માનવીને કોઈ અન્યાય થાય ત્યારે એ ન્યાયતંત્ર સામે જુએ છે. આ ન્યાયતંત્ર એ એની માની જેમ હુંફ અને ન્યાય આપવાનો પ્રયત્ન કરે છે. ગુજરાતમાં ન્યાયતંત્રની વ્યવસ્થા એક ઉત્તમ પ્રકારની વ્યવસ્થા છે અને રાજય સરકાર પણ ન્યાયતંત્રના વિભાગને અગ્રતા આપે છે. રાજયમાં વાત કરીએ તો ગામે-ગામ અને શહેરોમાં વિવાદો ટાળવા માટે અને કોર્ટનું ભારણ ઓછું કરવા માટે લોક-અદાલતોની સરાહનાપૂર્વક કાર્યવાહી કરી છે એમાં મારે કહેવું છે કે, દરેક ગામને વિવાદ વિહોણું બનાવવા માટે રાજયમાં ૨૪ લાખ જેટલા કેસો, ૨૪ જેટલી લોક-અદાલતો કરી એક મોટી સરાહનાપૂર્વક કામગીરી કરી છે.

ગામડાની અંદર જે ગામની અંદર પાંચ વર્ષથી કોઈ ગુનો ન બન્યો હોય એવા ગામને તીર્થગ્રામ તરીકે જાહેર કરી  એને સન્માન આપ્યું છે. રાજયની અંદર આવા ૪૫૦ જેટલા ગામોને આજે તીર્થગ્રામ તરીકે સન્માન પામ્યા છે. લોકઅદાલતની વાત કરું તો એનો વિચાર કેવી રીતે આવ્યો સરકારને? હું પણ કોર્ટમાં વકીલાતનો વ્યવસાય કરતો હતો એટલે મને ખબર છે વિરમગામની અંદર જ્યારે હું વકીલાત કરતો હતો ત્યારે એકાદ બે કેસની હું વાત કરું તો વિરમગામની અંદર એક પતિ-પત્નીનો કેસ ચાલતો હતો, મુંબઈથી એક ભાઈ આવતા અને વિરમગામની દીકરી હતી, એને એક બાળક હતું, ખોરાકી, ભરણપોષણના કાયદા નીચેનો કેસ ચાલતો હતો, જ્યારે ન્યાયાધીશે પોતે અંગત રસ લઈને આઉટ ઓફ કોર્ટ એ ભાઈને બોલાવીને વાત કરી, વેલ એજ્યુકેટેડ કુટુંબ હતું, એનો સમાજ પણ એજ્યુકેટેડ હતો ત્યારે એ ભાઈને બોલાવીને કહ્યું કે ભાઈ તું મુંબઈથી આવે છે મુદત, દર મુદતે તો એટલિસ્ટ એટલું કર કે સવારે ટ્રેનમાંથી ઉતરીને તારે સસરાના ઘેર જવું અને ત્યાંથી નાહીધોઈને પછી કોર્ટમાં આવવું. આવી વાત કરી ત્યારે એ ભાઈએ પણ વાત માની અને કોર્ટમાં આવે એ પહેલાં મુંબઈથી સવારે ટ્રેનમાં જ્યારે ઉતરે એવા સસરાના ઘેર જાય, નાહીધોઈને કોર્ટમાં આવે, સમય જતાં એવું બન્યું મહિને બે મહિને બન્ને સાથે કોર્ટમાં એકજ રિક્ષામાં આવે અને સામે બેસીને લડે, આવી વ્યવસ્થા કોર્ટ દ્વારા થઈ અને કોર્ટમાં એક દિવસ એવો પ્રસંગ બન્યો કે એમને ત્યાં જમીને આવે પણ સામે બેસીને લડે અને ત્યારપછી સુખદ સમાધાનમાં આ બાબત પરિણમી. આમાંથી લોક અદાલતનો વિચાર જન્મ્યો છે.

બીજો બનાવ એવો બન્યો મારા વકીલાતના સમયમાં કે પતિ-પત્ની પરણેલા ત્યારે ન્યાયની કોર્ટો સમાધાન કરવાના વલણમાં હતી, સમાજ સાથે આ જોડવા માટે અનેકવિધ પ્રયત્નો કોર્ટો કરતી હોય છે  ૧૧-૩૦ વાગ્યે કેસ ચાલુ થવાનો હોય ત્યારે પહેલા તો કોર્ટે પતિને ધમકાવ્યો કે ઘોડે ચડીને આવ્યો હતો, સેન્ટ છાંટીને આવ્યો હતો ત્યારે ગમતી હતી અને અત્યારે નથી ગમતી, આવી વાત  જયારે કોર્ટ કરતી હોય ત્યારે વકીલો પણ આની અંદર સહકાર આપતા હોય છે કે સાચી વાત છે અને ત્યારે નામદાર કોર્ટે એવું કહેલ, મને ખ્યાલ છે કે, કોર્ટે એવું જણાવેલ કે કોર્ટ ચાર વાગ્યે ચાલશે તમે બન્ને ૧૨-૩૦ થી ૩-૩૦ વાગ્યા સુધી પિક્ચર જોઈને આવો સાથે, કોઈ વડીલોએ સાથે નહિ જવાનું. આવા નૂસખા કોર્ટ કરે અને ખરેખર આ બન્નેનો કેસ પછી સમાધાનમાં પરિણામ્યો. આ બન્નેનું સમાધાન કોર્ટમાં થયું એનો હું સાક્ષી છું. માટે આવો વિચાર લઈને

જયારે અદાલત કામ કરતી હોય ત્યારે એમાં વકીલો અને સમાજ પણ સાથે જોડાતા હોય છે ત્યારે હું પણ માનુ છું કે લોકઅદાલતના ખૂબ જ સારા પરિણામો આવતા હોય છે.

૨૦૦૫-૦૬ ને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા તરફથી ઈયર ઓફ એકસેલન્સ વર્ષ તરીકે ઉજવવામાં આવનાર છે. આની અંદર મોટાભાગે કેસોનો ઝડપી નિકાલ થાય અને ઘણા જૂના કેસો નીકળી જાય અને કોર્ટનું ભારણ ઓછું થાય એવા પ્રયત્નો કરનાર છે. કાયદો અને સમાજની વાત કરું તો કાયદો પણ સમાજ સાથે જોડાયેલો છે. સભ્યશ્રીએ કહ્યું કે કાયદાનું પણ પરિવર્તન થવું જોઈએ. હું પણ માનું છું જયારે જયારે સમાજમાં કોઈ બનાવો બનતા હોય અને માગણી આવે ત્યારે કાયદાને પણ પરિવર્તિત કરવો જોઈએ. એક બીજો દાખલો આપું અનેકવાર છાપામાં સમાચારોમાં સમાચાર છપાતા હોય છે કે ગેસનો બાટલો ફાટ્યો, ચુલો ફાટ્યો અને સ્ત્રી કે બહેન દાઝી હોય, ત્યારે કોઈ સ્ત્રી મૃત્યુ પામે ત્યારે એમાં નણંદ અને સાસુ દાઝતી નથી માત્ર વહુ જ દાઝતી હોય છે જયારે આવા કેસો બાટલા ફાટવાના કે સ્ટવ ફાટવાના પ્રસંગો બને ત્યારે એવા બનાવો બને એ એક જાતની મોડસ ઓપરેન્ડી હતી એને મારી નાંખ્યા પછી આવા પ્રકારના કેસો પણ થતા મને એવું લાગતું કે ચોવીસ કલાક કંદોઈ કામ કરતો હોય એ ગાંઠિયા કે ભજીયા પાડતો હોય ગેસના બાટલા સાથે કામ કરતો હોય છતાં એને કંઈ ન થાય અને એના ગેસનો બાટલો ફાટતો નથી, માત્રને માત્ર સમાજની અંદર આવી રીતે જયારે ગેસના બાટલા ફાટતા હોય આવા બનાવો બનતા હોય છે ત્યારે સ્ત્રી અત્યાચાર વિરુદ્ધમાં જયારે કાયદો આ ગૃહની અંદર થતો હોય અને કોર્ટ પણ જયારે કડક થતી હોય ત્યારે આવા કડક કાયદાઓના કારણે આવા સ્ત્રી અત્યાચારના ગુનાઓ ટાળી શકાય છે.

કાનૂની શિબિરની વાત કરું તો સમાજની અંદર કાયદાની જાગૃતિ લાવવા માટે સમાજને કાયદાનું શિક્ષણ આપવા માટે સરકારે અને કોર્ટે ખૂબજ સઘન પ્રયત્નો કરેલા છે. ૧,૮૧,૨૭૮ જેટલી કાનૂની શિબિરો કરીને મોટી સફળતા તેમાં હાંસલ કરી છે અને એની અંદર વકીલો, ન્યાયાધીશો, સમાજના આગેવાનો, ગામના આગેવાનો અને નિવૃત્ત ન્યાયાધીશો પણ જોડાઈ અને આનું આયોજન કરી અને સમજ પૂરી પાડે છે એની અંદર હું પણ જયારે જતો ત્યારે મેં મહિલાઓની ઉપસ્થિતિ પણ વધારે જોઈ છે. એટલે મહિલાઓની અંદર પણ કાયદાની જાગૃતિ લેવાની જાણકારી અને ઉત્તેજના વધે છે. જ્યારે ન્યાયની અદાલતોનું નિરીક્ષણ અને માનનીય સભ્યશ્રીએ વાત કરી કે મુખ્ય ન્યાયમૂર્તિ પણ તાલુકે તાલુકે હવે પહોંચ્યા છે તેમને એક રાઉન્ડ પૂરો અને બીજા રાઉન્ડની શરૂઆત કરી છે ત્યારે ત્યાંના તાલુકાની કોર્ટોનો ઉત્સાહ પણ વધ્યો છે અને ન્યાયતંત્રને ચેતનવંતુ બનાવવા માટે તેમણે પણ પૂરા પ્રયત્નો કર્યા છે. કોર્ટોની વાત કરું તો ૧૬૬માંથી ૧૬૫ જેટલી કોર્ટો આજે કાર્યાન્વિત છે અને સેશન્સ કોર્ટમાં મોટાભાગના મોટર એકસીડન્ટ કલેઈમ હતા તે પણ આજે ઝડપી તેનો નિકાલ થઈ રહ્યો છે. આના માટે ૨૦૦૪-૦૫માં ૧૯.૭૩ કરોડની પ્લાન જોગવાઈ હતી અને ૨૦૦૫-૦૬માં ૪૧.૨૫ કરોડની બમણી જોગવાઈ કરી છે. રાજય સરકારે ૫૩૧ જેટલાં નવા જજોની નિમણૂંક કરી ખૂટતાં જજોની ઘટો પણ પૂરી કરી છે.

કોર્ટ બિલ્ડીંગની વાત કરું તો કોર્ટ બિલ્ડીંગની અંદર કોર્ટોની સાથે સાથે મકાનો, તેને રહેવાની વ્યવસ્થા તેમાં પણ રાજય સરકારે પૂરતું ધ્યાન આપી કામગીરી કરી છે. ચાલુ સાલે કોર્ટના ચાલુ કામોમાં ૧૫.૪૭ કરોડ અને નવા કામો માટે ૯ કરોડ અને રહેણાંકના કવાટર્સ માટે ૫ કરોડ મંજૂર કરી ૭૫ જેટલાં અત્યારે કોર્ટના બિલ્ડીંગનાં કામ પ્રગતિ હેઠળ છે. જ્યારે હું મારા વિરમગામના કોર્ટની વાત કરું વિરમગામની અંદર પહેલાં અમારે નારોલ કોર્ટ હતી. સેશન્સ કોર્ટ અને પછી મીરઝાપુરમાં હતી. જ્યારે જ્યારે વિરમગામથી કોઈ કેસ ચલાવવા નારોલ કે મિરઝાપુર આવવું પડે ત્યારે જીપ કે ગાડી બાંધીને આવવું પડે. તેમાં પોલીસ હોય, તપાસ કરનાર અધિકારીને પણ આવવું પડે, ડોકટરને પણ જુબાની દેવા આવવું પડે, ત્યારે ડોકટર વગરનું દવાખાનું બનતું હતું અને ઈન્સ્પેકટર વગરનું પોલીસ સ્ટેશન બનતું હતું. આ અમારી સમસ્યા હલ થઈ છે. સરકારે નવું બિલ્ડીંગ પણ ૫૦ લાખના ખર્ચે મંજૂર કર્યુ છે માટે રાજય સરકારનો પણ હું આ તબક્કે આભાર માનું છું અને જે ટેન્ડરમાં હોય તે પ્રગતિમાં છે આ રીતે દરેક તાલુકાની લિંક કોર્ટો પણ અમને સિનિયર ડિવિઝનની કોર્ટ આપી છે તેને માટે પણ હું રાજય સરકારનો આભાર માનું છું. માનનીય જેશાભાઈએ હમણાં સૂચન કર્યુ કે નોટરીના દર અને તેનું પાટિયું રાખવું જોઈએ. હું પણ તે સૂચન સાથે સહમત છું અને હું પણ રાજય સરકારને ભારપૂર્વક સૂચન કરું છું કે નોટરીના દર અને પાટિયું રાખે. આ સરકાર પારદર્શક છે તો આ મારું સૂચન સ્વીકારશે એવી આશા રાખું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી તેમની માગણીઓ લઈને આવ્યા છે, તેમાં હું મારો સૂર પુરાવું છું, સૂચન કરવા ઉપસ્થિત થયો છું.

સરકાર હંમેશા જે ચૂંટણી ઢંઢેરામાં વચનો આપતી હોય છે તે વાત હંમેશા એટલા માટે યાદ કરાવતો હોઉં છું કે રાજય સરકાર જ્યારે ચૂંટણી નિમિત્તે પોતે વચનો આપતી હોય છે અને તે કેટલા અંશે પૂર્ણ કરતી હોય છે. રાજય સરકાર દ્વારા બનતા માર્ગો અને બાંધકામનું યોગ્ય એન્જીનીયર દ્વારા મૂલ્યાંકન કરવાનું વચન

આ સરકારે આપેલું આ કેટલાં અંશે આજે પૂર્ણ થાય છે તે મારે પૂછવું છે. અમદાવાદ, બરોડા અને સુરત વચ્ચેના બંધનો પ્રોજેકટ પાંચ વર્ષમાં પૂર્ણ કરવાનું આજે વચન આપેલું આ પણ આજે ધીમી ગતિએ અને આજની સ્થિતિએ જે થાય છે મારે આપને યાદ દેવડાવવું છે જ્યારે વહીવટની અંદર કોઈ પણ કામગીરી જ્યારે મંજૂર થઈ ગઈ હોય અને જે ગતિએ કામ કરવાના હોય તે ગતિએ આજે થતી નથી હોતી અને તેની અંદર જે રૂકાવટ આવે છે. એક વખત કામ મંજૂર થઈ ગયા પછી અંદાજપત્રમાં જણાવ્યા પ્રમાણે ૨૦૦૪-૦૫માં મંજૂર થયેલ કામો આજે પણ કરી શકાયા નથી. રાજય વિભાગના ૯૭ મોટા પુલો એવા છે કે આજની તારીખમાં કામ થયાં નથી. પંચાયત ખાતાના ૨૯ પુલો એવા છે કે આજની તારીખમાં કામ થયા નથી. રાજય વિભાગના ૧૨ પુલો મોટા મોટા એવાં છે કે આજે પૂરાં થયા નથી તેમ પંચાયત વિભાગના ૧૯ પુલો મોટા છે તે પણ આજે પૂર્ણ થયા નથી અને વધુમાં ૯૫૦ કિલોમીટર જેટલો મોટો રસ્તો આજે પણ બાકી છે. આ બધાજ કામો મંજૂર થયેલા છે, છતાં આજની તારીખમાં તે આજે પણ કામ બાકી રહ્યાં છે.

માર્ગો અને પૂલો માટે સરકારે ૨૦૦૪-૦૫ માં ૮૭૩ કરોડ રૂપિયાનો અંદાજ રાખ્યો હતો, એમાં ૨૦ ટકા ઘટાડો કર્યો. ૭૪૯ લાખનો અંદાજ અને આ બધી યોજનાઓ એકબાજુ ઘટાડે. અમારી જે યોજનાઓ હતી, એના નામ બદલે. આર્થિક વિકાસ યોજના, પ્રગતિ પથ યોજના, સુવિધા પથ યોજના. આવા અનેક પ્રકારના નામ બદલવા છતાં પણ એની ફાળવણીમાં દિન પ્રતિદિન ઘટાડો કરવામાં આવે છે. એ બતાવે છે કે એના નામ બદલીને પછી જે પરિસ્થિતિમાં એના કામ કરવા જોઈએ એ કરવાનો આ સરકારનો ઈરાદો લાગતો નથી.

રાષ્ટ્રીય ધોરી માર્ગમાં જે રાષ્ટ્રીય ધોરી માર્ગ યંત્ર સામગ્રી અને ઓજારો માટે ૨૦૦૪-૦૫ માં ૧૪૪૦ કરોડ અને ૭૬ લાખનો સુધારેલો અંદાજ હતો, તે ઘટાડીને ૨૦૦૫-૦૬ માં ૧૩૩૨ કરોડ ૯૦ લાખ કર્યો. ૧૩૨ કરોડ અને ૪૪ લાખનો એમાં ઘટાડો કરવામાં આવ્યો. મારે પૂછવું છે કે સરકાર અમારી યોજનાઓના નામ બદલીને સડક સુરક્ષા યોજનાના નામે પ્રચાર ઝૂંબેશ ચલાવીને લોકોને કહે, તેમ છતાં એની ફાળવણીની રકમમાં ઘટાડો કરવામાં આવે છે. મને એ સમજાતું નથી કે આ રીતે ફાળવણીમાં ઘટાડો કરીને એ યોજના પૂર્ણ કરવાનો માર્ગ કેવી રીતે અપનાવવાનો છે? કેવી રીતે યોજના પૂર્ણ કરી શકાશે?

અન્ય માર્ગો માટે સરકારે પૈસા ફાળવવાની જરૂર છે. અન્ય માર્ગો માટે ૨૦૦૪-૦૫ માં ૮૮ લાખ રૂપિયાનો ખર્ચ આજની તારીખે કરવામાં આવ્યો નથી. રાષ્ટ્રીય ધોરી માર્ગમાં ૨૦૦૪-૦૫માં ૮૮ લાખની જોગવાઈનો કોઈ ખર્ચ કરવામાં આવ્યો નહીં. આ બે યોજનાઓમાં ૨૦૦૫-૦૬માં એકપણ રૂપિયો ફાળવ્યો નથી. બજેટમાં પૈસા ભેગા કરીને ફાળવાય અને પછી એકપણ રૂપિયો ખર્ચાય નહીં, એ પણ ખરેખર આશ્ચર્યજનક વાત છે. પૈસા ફાળવ્યા પછી આ યોજનાઓમાં કામ થતું નથી.

માર્ગ નિભાવવા માટે ૨૦૦૪-૦૫માં ૨૦૮ કરોડ અને ૧૨ લાખનો સુધારેલો અંદાજ હતો. એ માર્ગો અત્યારે કેવી સ્થિતિમાં છે? મારા વિસ્તારમાં અમદાવાદથી સિદ્ધપુર, પાલનપુર સુધી થયો છે, પણ આજુબાજૂના વિસ્તારોમાં ખેરાલું કે પાટણ તરફ જવું હોય તો એ માર્ગોમાં કેટલા બધા પ્રોબ્લેમ છે. એની ફાળવણીમાં પણ રાજય સરકારે ઘટાડો કર્યો છે. ૨૦૦૫-૦૬માં ૧૯૯ કરોડ ૧૪ લાખ રૂપિયા, એટલે એમાં પણ ૮ કરોડનો ઘ ટાડો કરવામાં આવ્યો છે. આજે આપણને એમ થાય કે માર્ગોની સંખ્યામાં સરકારે વધારો કર્યો છે, દિન પ્રતિદિન માર્ગો વધે છે, પણ એને સારી રીતે નિભાવવા માટે જે યોજનાઓ થાય એમાં ઘટાડો કરવામાં આવે છે. મને લાગે છે કે દિન પ્રતિદિન માર્ગોને સાચવવાના બદલે ધીમે ધીમે ગામડા તરફના માર્ગોમાં તકલીફ પડવાની છે.

રેલવે સલામતિ માટેની વાત હતી. એમાં ૨૦૦૪-૦૫માં ૧૦ કામો જેટલો અંદાજ રાખવામાં આવ્યો હતો, એમાંથી ૮ કામો આજે પણ શરું કરવામાં આવ્યા નથી. પાટણ જિલ્લાની અંદર ૨૦૦૪-૦૫માં સરકારે ૫૭ કરોડ ૧૨ લાખ રૂપિયાનો અંદાજ હતો, તેની સામે માત્ર ૨ કરોડ ૭૮ લાખનું ખર્ચ કરવામાં આવ્યું છે. મારે એ જાણવું છે કે આટલા બધા પૈસા આપ્યા હોવા છતાંયે લોકોને જે ઝડપથી સુવિધા મળવી જોઈએ તે આજે પણ પ્રાપ્ત થતી નથી. મારે મંત્રીશ્રીને એ વાત કરવી છે કે ગુજરાતમાં જેટલી પણ જિલ્લા પંચાયતો છે તે સમગ્ર જિલ્લા પંચાયતો કોંગ્રેસની છે. એના કારણે એની ફાળવણીમાં દિન પ્રતિદિન કાપ મૂકવામાં આવે છે. એમને આપવામાં આવતી ગ્રાન્ટમાં કાપ કેવી રીતે મૂકી શકાય તે જોવાય છે. ૨૦૦૪-૦૫માં ૧૬૫ કરોડ ૪૨ લાખના સુધારેલા અંદાજ સામે ૨૦૦૫-૦૬માં ૧૩૭ કરોડ ૩૨ લાખ એટલે કે ૨૮ કરોડનો ઘટાડો જે જિલ્લા પંચાયતો દ્વારા નાના ગામડાં સુધીના કામો માટે પૈસા વપરાય છે, તેમાં કરવામાં આવ્યો. આજે વિશ્વબેંક કે અન્ય સહાયથી મોટા મોટા રોડ કરવામાં આવે છે, પણ સરકાર જો ગામડાંમાં બેઠેલા લોકોનું જતન નહીં કરે, કેગામડામાં બેઠેલા લોકો સુધી સુવિધા પ્રાપ્ત ન થાય તો મને લાગે છે કે આપેલ વચનો છે એ આજની તારીખમાં પૂર્ણ નહીં થઈ શકે અને થયાં પણ નથી. આજે મારા પાટણ જિલ્લામાં ૩ કિલોમિટરનો રાજય ધોરી માર્ગ અને એક પુલ એના માટે વર્ષ ૨૦૦૩-૦૪ માં ૧૪ કરોડ ૪૧ લાખ રૂપિયાની જોગવાઈ થયેલ છે એની અંદર ઘટાડો કરીને ૧૦ કરોડ ૫૮ લાખ રૂપિયા કર્યા છે, અને એની સામે ૨ કરોડ ૭૮ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. વિશ્વ બેંકની યોજનાઓથી આપણાં જે રોડનાં કામ થાય છે એનો પહેલો તબકકો અને બીજા

તબકકામાં અને પહેલા તબકકામાં ૯૩ કરોડ અને બીજા તબકકાનાં ૮૦ કરોડ રૂપિયાનાં કામ પૂર્ણ થયાં છે અને ત્રીજા તબકકાની શરૂઆત છે, ૭૦ કરોડ રૂપિયાની એ ત્રીજા તબકકામાં કામ પ્રગતિમાં હોવાનું રાજય સરકાર જણાવે છે અને એમાં સરકાર વાસ્તવિકતા છૂપાવે છે, આ રોડ ઉપરનાં કામ ઝડપી કામ થાય એ બહુ જ જરૂરી છે અને ચોથા તબકકાનું કામ તો આજે આપણને એમ થાય કે ચોથો તબકકો તો પૂછવું જ શું? ૨૧૩ કિલોમિટરના કામની ટેન્ડરની પ્રકિયા આજે ચાલે છે. આજે એને પહોળો કરવાની અને મજબૂતી અંગેનાં કામ અને ભૂકંપના કારણે અસર પામેલ રસ્તાઓનાં કામનાં ટેન્ડર પણ આજે બાકી છે.

મારે માનનીય રાજય સરકારનું ધ્યાન દોરવું છે કે ઘણી વખત આપણે કામ કરતા હોઈએ છીએ પરંતુ ઘણી વખત કામના કારણે સરકારને કેટલું બધું નુકસાન થતું હોય છે. અમદાવાદ-વડોદરા એકસપ્રેસ હાઈવેનું કામ ફકત ૬ વર્ષમાં ૫૯ કરોડ રૂપિયાના ખર્ચે પૂરું કરવાનું હતું એની સામે ૧ કરોડ ૧૬ લાખ રૂપિયા વધારે ચૂકવવા પડયા છે અને એટલું સરકારને નુકસાન થયું છે. એવી જ રીતે અમદાવાદ-રાજકોટ ધોરી માર્ગ નંબર ૮ પહોળો કરીને ચાર માર્ગીય માર્ગ બનાવવાની અને વિધિવત માર્ગ મંજૂરીની આવશ્યકતા હોવા છતાંય ટેન્ડરની પ્રક્રિયામાં ૬૫ લાખ રૂપિયાનો નિર્ધારીત ખર્ચ એમાં આજે આપણે કરવો પડયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈને મારે માત્ર ચાર જ સૂચનો કાયદા વિભાગ માટે કરવાનાં છે. તેમણે વાત કરી હતી એ પ્રમાણે દરેક જિલ્લામાં ફેમિલી કોર્ટ, સુરત અને રાજકોટમાં હાઈકોર્ટની બેચ, એડવોકેટ વેલફેર ફંડની રચના, યુવા ગુનેગારોને રીઢા ગુનેગારોથી અલગ રાખવા, સ્ટેબલ વિસ્તારમાં મકાન વેચાણ ઉપર પ્રતિબંધ લાવતો કાયદો લાવવાની, કાયદા પંચને વિસ્તૃત કરીને બધા જ કાયદાનો સમય અને સમાજને અનુરૂપ દાખલ કરવાનું રદ કરવાની કાર્યવાહી પૂરી કરી છે.

મહિલા, આદિવાસી અને દલિત સંબંધિત કાયદાની જરૂરી સુધારાની પ્રક્રિયા અસરકારક બનાવવી અને દરેક જિલ્લામાં કાયદાનું શિક્ષણ આપતી કોલેજો માટેની એમણે વાતો કરી હતી એ કાયદામંત્રીશ્રીને આ વાત હું યાદ કરાવું છું કે આ બધી યોજનાઓ ઝડપીમાં ઝડપી પૂર્ણ થાય એવી મારી વિનંતી છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર(ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભાગૃહમાં માનનીય કાયદા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારાં કેટલાંક મંતવ્યો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જે વ્યવસ્થામાં અત્યારે છીએ એમાં ઘણીવાર આપણને લાગે કે શું દિલ્હી અને ગુજરાતમાં જે બેઠેલી સરકાર છે એનું શાસન છે? હું કહીશ કે એ બધાથી ઉપર પણ આપણે જે સ્વીકારેલું છે It is a rule of law, કાયદાનું શાસન આપણે સ્વીકારેલું છે. એક વખત આ સભાગૃહમાં ચર્ચામાં માનનીય સ્વ. શ્રી હરિચંદ્રભાઈએ એક સરસ ઉદાહરણ આપ્યું હતું અને અહીં કેટલા બધા નવા સભ્યશ્રીઓ પણ છે એટલે એ વાત ફરી દોહરાવવી મને ગમશે કે ખરેખર રૂલ ઓફ લો એટલે શું? અને બ્રિટીશ શાસનની ઘ ણીબધી ખરાબ ભેટો આપણને મળી હશે, પરંતુ બ્રિટીશ શાસનના કાયદાના શાસનનો કન્સેપ્ટ હતો એની એક અણમોલ ભેટ આપણને આ પ્રજાતંત્રને પ્રાપ્ત થઈ છે એની પણ નોંધ લેવી ઘટે અને એટલા માટે એક બહુ સુંદર ઉદાહરણ આપેલ કે કલકત્તાની કોર્ટમાં ક્રાંતિકારીઓ સામેનો કેસ ચાલતો હતો અને એ વખતે વાઈસરોયે એ જજ પાસેથી કેટલુંક અપેક્ષિત એવું જજમેન્ટ એમાં આવે, એમને સજા થાય એવી એમની અપેક્ષા, મારે કહેવું જોઈએ કે એ વખતના એ નામદાર ન્યાયધિશ જે કોઈ બિરાજમાન હતા એમણે વાઈસરોયનું કહેવું ઠુકરાવી અને એમના, બ્રિટીશ રૂલની સુપ્રીમ સત્તા, રાણી સાહેબ, એમને કહ્યું કે અમારે વાઈસરોય કહે એમ કરવાનું છે કે કાયદો કહે એમ કરવાનું છે? અને તે વખતની પાર્લામેન્ટમાંથી મેસેજ આવ્યો કે તમારે કાયદાનું પાલન કરવાનું છે, વાઈસરોય કહે એમ નથી કરવાનું. આ રૂલ ઓફ લો નું મહત્વ છે. આ પરંપરાને અનુસરીને આપણે જયારે આગળ વધી રહયા છીએ, એક વસ્તુ ચોક્કસ છે કે જયારે આપણે રૂલ ઓફ લો નો કન્સેપ્ટ સ્વીકારીને આખી વ્યવસ્થા ગોઠવી રહ્યા છીએ ત્યારે કાયદાની બાબતમાં ત્રણ વસ્તુને આપણે અવગણવી જોઈએ. એક, 'કાયદામાં વાયદો ન હોવો જોઈએ', બીજું, 'કાયદો કોઈ ચોક્કસ વ્યકિતને ફાયદો કરે તેવો ન હોવો જોઈએ', ત્રીજું, 'કાયદો કોઈ ખાસ વ્યકિત માટે અલાયદો ન હોવો જોઈએ'. એટલે કાયદામાં વાયદો ન હોય, કાયદો કોઈ ખાસ વ્યકિતને ફાયદો કરનાર ન હોય અને કાયદો કેટલાક લોકો માટે અલાયદો ન હોય એ જરૂરી છે. આ બાબતનું આપણે ખૂબ ઉંડાણથી નિરિક્ષણ કરવાની જરૂર છે. આજે આ સભાગૃહમાં હું એક ફેડરીક બસ્તીયાની બહુ સુંદર ચોપડી છે તેના અવતરણો ટાંકવા માગું છું. આ પુસ્તકનું નામ 'ધ લો' છે. તેની અત્યારસુધીમાં ૧૫ એડિશન થઈ છે, ૧૫મી એડિશન છેલ્લી ૧૯૯૦માં થઈ છે. આ પુસ્તકમાં બહુ સુંદર અને સારી વાત લખી છે. The Law, I say, not only turned from the proper purpose, but makes to follow entirely contrary purpose. The law become the weapon of several kind of grip instead of checking crime. The law itself is guilty. It is supposed to punish. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની વ્યવસ્થા આપણે જેના માટે બનાવી તેને કેવી રીતે આ વ્યવસ્થાનું અમલીકરણ કરવાથી

છેવટે ફળ શું મળે? તો તેની સામે સરસ લાલ બત્તી ધરીને કેટલીક વાત ઉપર લખી છે. મેં કહ્યું કે વાયદો ન હોવો જોઈએ, તેનું એક જ ઉદાહરણ આપું, કે આપણી વ્યવસ્થામાં સિનિયર સિટીઝન માટે પરિપત્ર થયો છે કે એમના કેસનો નિકાલ ઝડપથી કરવો. આ પરિપત્ર છે. કોઈ સિનિયર સિટીઝનને પૂછીએ તો ખબર પડે. એટલે છેવટે શું થાય કે અનેક પ્રોમિસ કરીએ કે તમને ન્યાય મળશે, છેવટે વાયદામાં પરિણમે, પછી બહુ પ્રખ્યાત વાકય છે જે મારે કહેવું નથી. કે 'Justice delayed is justice denied. આ વાયદાની પ્રક્રિયા છે. તેનાથી કાનૂન તંત્રને મૂકત કરવું પડશે. અને આપણે શું એવી વ્યવસ્થા ગોઠવી શકીએ તેનું સહચિંતન કરવું પડશે. હું કોઈની ટીકા કરવા માટે આ વાત નથી કરતો. આપણે વધુ સારી વ્યવસ્થા કેમ કરી શકીએ તેની તક આ ચર્ચા દ્વારા આપણને મળી છે તેનો ઉપયોગ હું કરવા માગું છું. એટલા માટે કેટલીક વાત મારે માનનીય મંત્રીશ્રીને અને આ સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકવી છે. વાત બહુ નાની છે. દા.ત. કોઈ કેસમાં ન્યાય માટે આપણે જઈએ છીએ...

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, માનનીય મહેન્દ્રભાઈ, આપનું પ્રવચન ચાલુ રહે છે.

**(વિરામ ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**(સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરુ અધ્યક્ષસ્થાને)**

**સભાપતિશ્રી :** માનનીય મહેન્દ્રભાઈ...

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## ગાંધી અને સરદારના નામનો ઉલ્લેખ કરવા અંગે

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**સભાપતિશ્રી** : માનનીય અર્જુનભાઈ, કયા મુદ્દા ઉપર છે?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : એક સ્પીચ ઉપરનો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**સભાપતિશ્રી** : માગણીના સંદર્ભમાં વાત છે?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માગણીના સંદર્ભમાં જ વાત છે. ગઈ કાલે માનનીય શિક્ષણમંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું કે •(XXX) આ તો મહાનુભાવોનું અપમાન છે. *(XXX)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈનો એક શબ્દ પણ રેકર્ડ ઉપર ન હોવો જોઈએ. આ બધું રેકર્ડ ઉપરથી દૂર કરવું જોઈએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, *(XXX) થઈ શકે નહિ.

**સભાપતિશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ મને પછી બતાવજો હું રેકર્ડ જોઈ લઈશ. (અંતરાય) માનનીય અર્જુનભાઈ, આપ આ રીતે મુદ્દો રેઈઝ કરો છો એ વાજબી નથી. હું રેકર્ડ જોઈ લઈશ પછી બતાવીશ. (અંતરાય) માનનીય મહેન્દ્રભાઈ, આપ આપનું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય) જે હશે એ રેકર્ડ ઉપરથી જોઈને કહીશ. હું આ તકે મુદ્દો ઉપસ્થિત કરવા નહિ દઉં. આપે કયા નિયમના આધારે મુદ્દો ઊભો કર્યો છે એ તો કહ્યું નથી. (અંતરાય) હું એ પછી જોઈ લઈશ. અને ત્યારબાદ કહીશ. (અંતરાય) તમે સચિવશ્રીને માહિતી આપી દેજો એ પછી હું જોઈ લઈશ.

( આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ગાંધી વિરોધી આ સરકાર નહિ ચલેગી નહિ ચલેગી એવા સૂત્રોચ્ચાર કર્યા)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી,...

**સભાપતિશ્રી** : હું રૅકર્ડ જોઈ લઈશ. મને સમય આપો, હું જોઈ લઈશ. આ રીતે મુદ્દો ઉપસ્થિત કરો એ વાજબી નથી. આ શબ્દો હું જોઈ લઈશ એ પછી હું કહીશ. (અંતરાય) આ રીતે વારંવાર મુદ્દો ઉપસ્થિત કરવાની જરૂર નથી. હું રેકર્ડ જોઈ લઈશ, જોયા પછી જે વસ્તુ યોગ્ય નહિ લાગે તો પછી આગળ વધીશ. અત્યારે મને સમય આપવો પડે. માનનીય મહેન્દ્રભાઈ, આપ પ્રવચન ચાલુ રાખો.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા અગાઉ વાત કરી રહ્યો હતો કે કાયદાની અંદર વાયદો કેવી રીતે નુકસાનકારક છે. એક બીજુ ઉદાહરણ આપવા માગું છું. (અંતરાય)

**સભાપતિશ્રી** : આપને વિનંતી કરુ છું કે આપ આપના સ્થાન ઉપર બેસી જાઓ, આ વસ્તુ વાજબી નથી. આપની માગણી ગમે તેવી સાચી હોય, (અંતરાય) આપ સાંભળો. આપની વાત આપને ગમે તેટલી સાચી લાગતી

• *(XXX) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

હોય, આપને મુદ્દો ગમે તેટલો સાચો લાગતો હોય, પણ મારે એનો અભ્યાસ કરવો પડે, હું એ જોઈ લઈશ. જોયા પછી હું નિર્ણય આપુ છું. ત્યાં સુધી આપ શાંતિથી બેસો. આપ એ રીતે નહીં કરી શકો. મુદ્દો રેઈઝ કરતાં પહેલાં પણ અમને બધાને કલીયર કરવું જોઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અધ્યક્ષશ્રી એમ કહે કે હું રેકર્ડ જોઈને નિર્ણય આપીશ, છતાંય સભ્યશ્રીઓ એમ કહે કે અત્યારે નિર્ણય આપો. એવું દબાણ લાવવું વાજબી નથી અને આ તો પરંપરા રહી છે કે રેકર્ડ તપાસીને કહેશે, પછી કયાં સવાલ છે? (અંતરાય) ના, એ તપાસીને જોઈ જશે. તમારું આપેલું રેકર્ડ(અંતરાય)

**સભાપતિશ્રી** : આપ એ નહીં કહી શકો, કારણ કે અત્યારે માગણીઓ બીજા વિભાગની ચાલે છે. બીજા વિભાગની વાત ચાલે છે. એ રીતે આપ નહીં કહી શકો કે હમણાં એક મિનિટમાં પૂરું કરી દો. પ્લીઝ, એ વાત વાજબી નથી. જૂનો રેકર્ડ જોઈ લો. અધ્યક્ષ જ્યારે નિર્ણય આપતા હોય કે, આપને આશ્વાસન આપતા હોય, કહેતા હોય કે થોડીવાર પછી હું જોઈને કહું છું, ત્યારે પણ આપને આવું કરવું છે એ વાજબી નથી. બેસો, પ્લીઝ. હું જોઈને જે કંઈ યોગ્ય હશે, નિયમ પ્રમાણે હશે તે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે. (અંતરાય) એ તો કહું છું, રેકર્ડ ચકાસીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. એ તો પહેલેથી કહું છું. પ્લીઝ બેસો. આપ બેસો પ્લીઝ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશઃ)

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, જે વાત હતી કે કાયદામાં વાયદાની જે વ્યવસ્થા કે આ વારંવારની જે મુદત, ન્યાયતંત્રમાં મને લાગે છે કે આ એક એવું બીજું ઉદાહરણ છે કે જેમાં કાયદાનો અર્થ રહે નહીં અને પછી વાયદો બની જાય. કેટલાક વિકસિત દેશોમાં પણ એવી વ્યવસ્થા ચોક્કસ છે કે જ્યાં બે મુદત પછી મુદતમાં ખર્ચ કોઈ મુદત માગનાર વ્યકિત ઉપર નાખે. અહીં જોગવાઈઓ છે પણ ટોકન છે. એ ખરેખર જેટલો ખર્ચ એ મુદતમાં થાય એ બધો જ ખર્ચ તેની પાસેથી લેવામાં આવે તો મને લાગે છે કે મુદત માગવાની એક આદત પડી ગઈ છે તેમાં ચોક્કસ ઘટાડો થશે. આજે કોઈને કોઈ કારણોસર દીવાની દાવાઓમાં તો મુદત ઉપર મુદત પાડીને ન્યાય લગભગ ન મળે. એ જીવિત હોય ત્યાં સુધી. એવા સંખ્યાબંધ દાખલાઓ ધ્યાનમાં છે. મને લાગે છે કે આનો અંત લાવવો હોય તો મુદતની આખી વ્યવસ્થા છે તેના ઉપર પુનઃમૂલ્યાંકન કરીને એવી કોઈ વ્યવસ્થા કરવી જોઈએ કે મુદતનું દૂષણ ન્યાયતંત્રમાંથી નીકળી જાય. મને ખબર નથી, લો કમિશને પણ આના ઉપર કંઈ પ્રકાશ પાડ્યો હશે.

કેટલીક વ્યવસ્થા એવી છે, હું વાંચતો હતો આપણે ત્યાં છેક ૧૯૭૫થી શરૂ કરીને ૧૯૯૦-૧૯૯૫ સુધીની ચર્ચાઓ જોતો હતો. તેમાં કાયદા વિભાગની દરેક ચર્ચામાં કોઈને કોઈ માનનીય સભ્યશ્રીએ એ મુદ્દો ઉપસ્થિત કર્યો છે કે આપણી બધી જ પ્રક્રિયા કમસેકમ જિલ્લા કક્ષાની કોર્ટ સુધી, ન્યાય અદાલત સુધી ગુજરાતી ભાષામાં થવી જોઈએ. આના માટે કમિટી નીમાઈ. ગુજરાતીમાં કાયદાઓ કરવા માટે જગ્યાઓ પૂરાય, એવું ૧૯૯૦માં કાયદા મંત્રી ફકીરભાઈએ પણ આ ગૃહમાં જવાબ આપ્યો હતો કે આના માટેની ભાષાંતરકારની જગ્યાઓ પૂરી રહ્યા છીએ. આજે મને એ વાત કહેતાં આશ્ચર્ય થાય છે કે જેના માટે ગૃહમાં વારંવાર આગ્રહ રખાતો હતો તેના બદલે હવે શેઠી કમિશનની ભલામણ આવી છે જેનું અમલીકરણ થવામાં છે. તેની અંદર એવી ભલામણોનો અમલ થવાનો છે કે જેમાં જુબાની પણ અંગ્રેજીમાં લખવી. ગુજરાતીની સાથોસાથ અંગ્રેજીમાં લખવી. કોર્ટની પાસે કેટલો કાર્યભાર વધશે? એકેએક જુબાની લેશે એ ગુજરાતી, પછી તેનું અંગ્રેજી, એ અંગ્રેજી જાણકાર ઠીક હશે, નહીં હોય, આખી વ્યવસ્થા જેમાં સ્ટેનોગ્રાફર, તેના માટેનું બાકીનું તંત્ર. મને લાગે છે કે એક તરફ અગાઉ કેટલા વખત સુધી આ ગૃહમાં વારંવાર રજૂઆત કર્યે રાખીએ કે ન્યાયતંત્રમાં કમસેકમ જિલ્લા કક્ષાની અદાલત સુધી શા માટે ગુજરાતીમાં વ્યવહાર ન થાય અને પછી હવે શેઠી કમિશનની ભલામણનો અમલ કરીશું તો બન્ને વસ્તુ અલગ, વિરોધાભાસી છે. માનનીય કાયદા મંત્રીશ્રી તેના ઉપર ધ્યાન આપશે કે હકીકતમાં એના ઉપર શું કરી શકાય? મારે વાત કરવી હતી તે એ હતી. આ આખાય કાયદાની પરિસ્થિતિમાં જે એક બુકનો રેકર્ડ છે, બીજી બાબત બહુ સુંદર રીતે જણાવી છે કે, આ આખીય બાબત જે કાયદાની એમાં શું કામ આવું થાય કે, છેવટે આપણો જે કોઈ મનુષ્ય સ્વભાવ છે. એની એક સ્પેશિયલ ટેન્ડન્સી છે. એમાં બહુ સરસ શબ્દો વાપર્યા છે. To satisfy his desire with the least possible effort. ઓછામાં ઓછા શ્રમે વધુમાં વધુ લઈ લેવાની માનવ પ્રકૃતિ છે. એના કારણે બધાએ ઠેકાણે કાયદાનો ભંગ થતો હોય છે અને આ બાબતને આ લેખકે ખૂબ સરસ રીતે ઉજાગર કરીને કેટલી બધી બાબતો લખી છે, એના ઊંડાણમાં અત્યારે નહીં જાઉ. આ બાબત છે વ્યકિત સ્વાતંત્ર્યની, મિલકતના સ્વાતંત્ર્યની, આ બધા સ્વાતંત્ર્યની વાત કરીએ પણ મેં અગાઉ કહ્યું તેમ કાયદાની અંદર એ વ્યવસ્થા આપણે કરી કે, જેની અંદર કેટલીક બાબતોનો કોઈ ચોક્કસ હેતુ માટે એનો ઉપયોગ થવા માંડ્યો. કાયદાનું એ ધ્યેય ન હોય. પણ એનો ઉપયોગ એ રીતે થવા માંડ્યો. પરિણામે એનું ઇચ્છિત ફળ ન આવે ત્યારે એ બાબતને લઈને ફાયદાની વાત કરે કે, અમુક લોકોના માટે આની અંદર,

કાયદાની અંદર કોઈના ફાયદાની વાત પણ ન હોવી જોઈએ. આના આધારે બહુ સુંદર રીતે એ વાત પણ ઉજાગર કરવામાં આવી છે. જે લોકો Generally the law is made by one man or the class of men. Since law cannot operate without the sanction and support of the dominating forces the force must be entrusted to those who make laws. એટલે જે કાયદો બનાવે એમની અનુકૂળતા માટે અને એમના જે કોઈ ફાયદા માટે એની વ્યવસ્થા થાય, અર્થઘટન થાય કે અમલવારી થાય, એની જે વાત છે. એટલે આખોય કાયદો કેવી રીતે નિરર્થક બને એની હકીકત પણ લેખકે લખી છે. એ એટલા માટે કહું કે, કાયદાની અંદર ફાયદો ન હોવો જોઈએ. એક ઉદાહરણ આપીશ કે, દરેક જિલ્લાની અંદર કોર્ટોમાં ૧૫૦૦૦ કેસો નશાબંધીને લગતા પડ્યા છે. આ જે કેસો છે એને કેટલા વર્ષો થઈ ગયા? આ બહુ સામાન્ય બાબત હશે. આવું તંત્ર કેમ ઊભું ન કરી શકીએ? ( સમયસૂચક ઘંટડી) ૨ મિનિટમાં પૂરું કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ૨-૩ વાત કરવાની છે. આપણે વ્યવસ્થા ગોઠવીને કેમ એવું ન કરી શકીએ કે, આનો નિકાલ કોઈ ચોક્કસ સમયની અંદર થાય. વ્યવસ્થા બહુ સિમ્પલ છે. એને સજા અને બાકીનું બધું નાનું નાનું છે એ કરીએ એટલે એનો નિકાલ થઈને એ ઝીરોએ કેમ ન આવી શકે? એક બીજી બાબત છે. વ્યવસ્થા એવી થઈ છે કે કોઈને સરકાર સામે કેસ કરવો હોય તો આપણી સામે કોઈએ કેસ કરવો હોય તો, સિવિલ પ્રોસિજર કોડની કલમ ૮૦ નીચે આપણને ૨ મહિનાની નોટિસ મળે. પણ એ ૨ મહિનાની અંદર, રાજય સરકારની અંદર બેઠેલા જે તે સંબંધિત લોકો એ નક્કી ન કરી શકે કે, ભવિષ્યમાં આ કેસમાં સરકાર જીતશે કે હારશે? કે એની સ્ટેબીલીટી આની અંદર શું છે? આની અંદર હકીકતો શું છે? કાયદાનું ફેકટ શું છે? ૨ મહિના જાય એટલે કેસ દાખલ થઈ જાય. એટલે પરિણામે સરકારને મોટા ભાગે લાખો કરોડો રૂપિયાનો ખર્ચ કરીને પણ કાયદાની બાબતમાં લોકો સંતોષ ન પામી શકે ન રાજય સરકાર એમાંથી ફાયદો મેળવી શકે અને કેટલાક ચોક્કસ તત્ત્વો એમાંથી પોતાનો ફાયદો મેળવે એ પ્રકારની વ્યવસ્થા આજે આપણે કરી છે. આપણે વારેવારે ઈ-ગવર્નન્સની વાત કરીએ છીએ. એવું કેમ ન થઈ શકે કે, પી.પી. લેવલ અને એ.પી.પી. લેવલે અને પછી છે સ્ટેટ પ્લીડર અને જે ક્રિમિનલ અને દીવાની હોય, એમની પાસે જે કામ છે એનું મોનીટરીંગ થાય. એમણે ખરેખર એ બાબત સમયસર કોર્ટમાં મૂક્યા કે નહીં? સમયસર કર્યા કે નહીં? કારણ કે એવી રીતે આપણા કેસો છે, એની અંદર સ્ટ્રીકચર પાસ થયા હોય તો એનું કમ્પ્યુટરરાઈઝેશન થાય. એની એ બાબતમાં ફરી વખત આવી કોઈ ભૂલ ન થાય એ પ્રકારની વ્યવસ્થા પણ આપણે કરતા નથી અને એટલા માટે મેં કહ્યું એમ કે ફાયદો ચોકકસ લોકોને થાય એવી જે હકીકત છે.

છેલ્લે મેં કહ્યું એમ કાયદાને અલાયદો પણ ન બનાવવો જોઈએ. એક નાનકડું ઉદાહરણ આપું કે આપણે ઈલેકટ્રીસીટીની અંદર જે વ્યવસ્થા કરી છે. રાજય કક્ષાએ એક જ ટ્રિબ્યુનલ હોય, કોઈ ગામડાના માણસને લડવું હોય તો ત્યાં કોઈ લોકલ વ્યવસ્થા ન હોય સિવિલ કોર્ટમાંથી એનું જયુડીશીયલ કાઢી નાખ્યું એટલે એને અહીં જ આવવું પડે છે, તો ગામડાના નાના માણસને પણ ન્યાય મેળવવા માટે છેક અહીં આવવું પડશે તો આવી કોઈ અલાયદી વ્યવસ્થા કાયદાનું સ્વરૂપ મને લાગે છે કે એ ન્યાયને ના પાડવા બરાબર છે. એટલા માટે એના માટેની વ્યવસ્થા ફરીથી વિચારવી જોઈએ એવું હું આ તકે કહીશ.

છેલ્લે એક વાત કરીને મારી વાત હું પૂરી કરીશ. છેલ્લું ઓબ્ઝર્વેશન છે. ઘણી બધી વાતો કહી શકાય એમ હતી પણ સમયના અભાવે મૂકતો નથી પણ how to identify the legal pleader? આ લીગલ છેતરપીંડી છે એને કેમ ઓળખાય તો If the law benefit one citizen at the expense of another by doing what the citizen himself cannot do without committing a crime. આ બહુ અગત્યની વાત છે અને એ જ રીતના છેલ્લી જે ખૂબ જ અગત્યની બાબત આપણે આ લખી છે. આપણો આખો કાયદો છે એમાં આ જે બધા વિકલ્પો એની અંદર legal pleader એને આપણે જો બંધ કરાવવું હોય તો કાયદેસરની છેતરપિંડી તો કાયદો બનાવતી વખતે કાયદાનું અમલીકરણ કરતી વખતે એ કાયદો માત્ર અને માત્ર ખૂબ જ પારદર્શક રીતે એનું કેવી રીતે અમલીકરણ થાય આની વ્યવસ્થા એ આજના સમયની જરૂરિયાત છે. એટલે મારી વાત પૂરી કરી અને મારાં સૂચનો માનનીય કાયદા મંત્રીશ્રીને કરીને હું બેસી જઈશ.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગ અને માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઈને મંત્રીશ્રીઓ જયારે હાઉસમાં આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

ગુજરાતની અંદર જિલ્લાઓ અને તાલુકાઓનું ઘણા સમય પહેલાં વિભાજન થયું. પાટણ જિલ્લો નવો અસ્તિત્વમાં આવ્યો. એની કોર્ટનું કામ આજે પણ ભાડાના મકાનોમાં ચાલી રહ્યું છે. એ કામ વહેલી તકે એની કોર્ટનું બાંધકામ વગેરે શરૂ થાય એવું હું મારું નમ્ર સૂચન કરું છું. મારા મતદાર વિસ્તારની અંદર બહુચરાજી તાલુકો એક અલગ તાલુકો થયો છે. બહુચરાજી યાત્રાધામ છે અને એ આર્થિક રીતે પછાત વિસ્તાર છે. ચાણસ્માની કોર્ટમાં આજે પણ એના કેસોનું ભારણ છે. એના ૬૦ થી ૭૦ ટકા કેસો બહુચરાજી વિસ્તારના છે.

એટલે વહેલી તકે બહુચરાજીને તાલુકા કોર્ટ મળે એવું આપના દ્વારા હું સૂચન કરું છું. કાયદાનું તંત્ર એટલું તો વિલંબીત છે કે માણસોની ન્યાયમાંથી શ્રદ્ધા જ ઉઠી જાય એટલો સમય પસાર થતો હોય છે ત્યારે આપણે એવું તંત્ર ગોઠવવું જોઈએ કે ન્યાયની પ્રક્રિયા ખૂબ જ ઝડપી બને અને લોકોને સમયસર એનો ન્યાય મળે એ મારી દૃષ્ટિએ ખૂબ જ જરૂરી છે. રાજયના કોઈપણ તુમાર માટે રાજય પોતે પોતાનો સમય નકકી કરે છે એમ કોર્ટોની બાબતમાં પણ સમય, કેસોનો ટાઈમ નકકી કરવાનો મને લાગે છે કે હવે સમય પાકી ગયો છે કારણ કે કેટલીક વખત એ પેઢી પણ બદલાઈ જાય છે એવો ટાઈમ કોર્ટોની અંદર પસાર થતા હોય છે. ત્યારે મારી દ્રષ્ટિએ એક નમ્ર સૂચન કરવાનું અને વિનંતી કરીશ કે કોર્ટમાં કેસ ચલાવવાની સમય મર્યાદા પણ નક્કી થાય.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઈને જ્યારે માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હું મારા થોડાં સૂચનો રજૂ કરું છું. ખાસ કરીને મહેસાણા-રાધનપુર સ્ટેટ હાઈ-વે મારી જાણ મુજબ રાજય સરકારે એને નેશનલ હાઈ-વેમાં કન્વર્ટ કરવા માટે ભારત સરકારને ભલામણ કરી છે. પરંતુ એ ફોર લેન થાય એ મારી દ્રષ્ટિએ સરહદી જિલ્લા તરીકે ખૂબ જ જરૂરી છે. કારણ કે આ હાઉસમાં અગાઉ પણ મેં ધ્યાન દોર્યું હતું કે જ્યારે કચ્છનો ભૂકંપ આવ્યો ત્યારે સુરજબારી પુલ ડેમેજ થયો અને એ વખતે સમગ્ર ગુજરાતનો ટ્રાફિક મહેસાણા રાધનપુર હાઈ-વે ઉપરથી પસાર થયો હતો. ત્યારે ઈમર્જન્સીમાં આ વસ્તુ આપણા માટે ખૂબ જ જરૂરી છે. આપણે સરહદી જિલ્લાના વિસ્તાર ઉપર આવેલા છીએ ત્યારે આ રસ્તાને ફોર લેનમાં કન્વર્ટ થાય એવું નમ્ર સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં ત્રણ નદીઓ પસાર થાય છે, ખારી, રૂપેણ અને પુષ્પાવતી. ચાર મોટા વળા પસાર થાય છે. ખાસ કરીને એ સમગ્ર પાણી પૂર્વમાંથી પશ્ચિમના વિસ્તારમાં કચ્છના નાના રણને મળે છે. એટલું જ નહિ, મારો મત વિસ્તાર ત્રણ જિલ્લાની સરહદો સાથે જોડાયેલો વિસ્તાર છે. ખાસ કરીને અમદાવાદ, સુરેન્દ્રનગર જિલ્લો ત્યારે મારે ધ્યાન દોરવું છે કે ચાણસ્મા બહુચરાજી વિસ્તારનો રૂપેણ નદી ઉપરનો ડોડીવાડા પુલ કોન્ટ્રાકટરે બિલના અભાવે કામ અધુરું છોડીને અથવા તો ન પાલવતું હોવાથી છેલ્લા દોઢ વર્ષથી એ કામ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યું છે. હાલમાં ખાલી પીલરો ઊભા કરી રાખ્યા છે. એ કામ ઝડપથી થાય એ માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. છેલ્લા બે વર્ષથી હું માનનીય મંત્રીશ્રી જાડેજા સાહેબને વિનંતી કરતો આવ્યો છું, એમની શુભ લાગણી છે પણ કોઈ કારણ સર શંખલપુર-સાંપાવાડા રસ્તો ચાર વર્ષથી બહુચરાજીના યાત્રાધામે સમી અને હારીજના લોકોને પહોંચવા માટે ટૂંકો રસ્તો છે. ચોમાસાની સીઝનમાં આ વિસ્તારના લોકોને ૩૦ થી ૩૫ કિલોમિટરનું અંતર કાપીને બહુચરાજીના મથકે આવવું પડે છે. ફક્ત આટલો રસ્તો ચાર કિલોમિટરનો બની જાય અને નદી ઉપરનો ડીપ થઈ જાય તો આ વિસ્તારની પ્રજાની ઘ ણા વર્ષોની લાગણી સંતોષાય. મને લાગે છે કે આ અત્યંત જરૂરી છે અને છેલ્લા બે વર્ષથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરતો રહ્યો છું, તો આ વસ્તુ સ્વીકારશે એવી મારી વિનંતી છે. ત્રણ નદીઓ ઉપર એક મોટપનો ડીપ છેલ્લા ૪૦-૫૦ વર્ષથી ધિણોજ-જોટાણા રસ્તો છે, અધર ડીસ્ટ્રીકટને જોડતો રસ્તો છે એના પુલના બન્ને છેડા બાકી છે. નથી રસ્તો થતો કે નથી ડીપ થતો. એના કારણે આ ગામના લોકોને ચાણસ્મા એટલું બધું ફરીને જવું પડે છે. મોટપનો ખારી નદી ઉપરનો પુલ થાય. એવી જ રીતે ગંગાપુરનો ડીપ ધિણોજથી બોદલા રસ્તો જે મહેસાણા જિલ્લાને જોડતો રસ્તો છે અને લીંક રોડ છે એ ડીપ પણ થાય એવું આ તબક્કે સૂચન કરું છું. મણીયારી એ ચાણસ્મા તાલુકાનું મોટું ગામ છે. તાલુકાના મથક સાથે સંપૂર્ણ રસ્તો પૂરો થયેલ છે પણ એ મણીયારી ગામના નાકેથી એક નદી પસાર થાય છે. વર્ષોથી એ નદી ઉપરનો ડીપ થતો નથી. એના કારણે લોકોને લાંબુ અંતર કાપીને તાલુકાના મથકે જવું પડે છે. ફક્ત ડીપનું કામ બાકી છે. મણીયારીથી આદીવાડા બે કિલોમિટરનો રસ્તો એવો છે કે જો એ પૂરો કરવામાં આવે તો ચાણસ્માથી નીકળેલો માણસ ૪૦ કિલોમિટર બહુચરાજી સુધી સળંગ જઈ શકે. દોઢ-બે કિલોમિટરની લીંક પૂરી થતી નથી એ વહેલી તકે થાય એવી વિનંતી છે. એટલું જ નહિ કેટલાક રસ્તાઓ ઉપર મેટલ કામ થઈ ગયું છે. સેવાળા-ચંદ્રુમાણા, સેવાળા-કુણઘેરનું થોડું કામ બાકી છે. મારા જિલ્લાને અડીને બે-ત્રણ રસ્તા છે. અમદાવાદ જિલ્લાને અડે છે એવા ડેડાણા-સીણજ રોડ, બરીયફ-ગુંજાળા રોડ, આ ગ્રામ્ય રસ્તાઓ માટે એટલા અતિ મહત્ત્વના રસ્તા છે કે જેના કારણે આ ગ્રામ્ય વિસ્તારના લોકોને ટૂંકામાં ટૂંકું અંતર થાય અને એ બાબતમાં મહત્ત્વનું ધ્યાન દોરાય.

માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે અને ગ્રામ વિસ્તારોના જે village approach road હોય, O.D.R. road હોય M.D.R. ના રસ્તા હોય એ રસ્તાઓની પોતાની આયુષ્ય મર્યાદા નક્કી થાય ત્યારે તરત જ એનું રિપેરીંગ કામ થઈ જાય, અનેક વખત સમય જાય પછી લોકો હેરાનપરેશાન થાય થોડા કામ માટે એ રસ્તાઓ થયા નથી. આ રસ્તાઓ બહુ ઝડપથી થાય એવું મારું નમ્ર સૂચન છે.

મારા વિસ્તારમાંથી કચ્છની મેઈન કેનાલ પસાર થાય છે એમાં એક નમ્ર સૂચન બાંધકામ મંત્રીશ્રીને કરવા માગું છું કે કેનાલ એટલી મોટી વિશાળ થાય છે કે એની બંને બાજુની સાઈડે રસ્તાઓના માટી કામ પણ એટલા સરસ થયા છે, જેથી કરીને જો એના ઉપર બંને સાઈડે પાકા રોડ બનાવવામાં આવે તો મને લાગે છે કે એક આપણા વિસ્તાર માટે પ્રવાસન નિગમ દ્વારા થોડા સેન્ટરો ઊભા કરીને ટૂંકા રસ્તા ઉપર લોકો

પસાર થઈ શકે એવું એક મોટું કામ થઈ શકે એ બાબતે હું ધ્યાન દોરવા માગું છું, તો આ કામ ઝડપથી થાય એવી આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત હું આ હાઉસમાં કહેવા માગું છું કે અમારા નેતાએ એક પ્રશ્ન ઊઠાવ્યો હતો એ પ્રશ્ન "ગાંધી અને સરદાર ક્રાંતિકારી નથી" એ વાત આ હાઉસમાં એક મિનિટ આપની પરવાનગીથી કહેવા માગું છું. આપણે જેના ફોટા આપણી સમક્ષ રહ્યા છે, જેના કારણે આઝાદી પ્રાપ્ત થઈ એ માણસને આપણે ક્રાંતિકારી નહિ કહીએ તો શું કહીશું? માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી જ્યારે ગોળમેજી પરિષદમાં પ્રથમ વખત ગયા ત્યારે ચર્ચિલે એમ કહ્યું હતું કે - આ હિંન્દુસ્તાનના લોકોને હું મારી બંધૂકથી બંધ કરી દઈશ ત્યારે આ મહાત્મા ગાંધીએ એમ કહ્યું હતું કે, તારી બંધૂકડીથી તો અમારાં છોકરા ફટાકડા ફોડે છે. એટલું જ નહિ જ્યારે આચાર્ય કૃપલાણીએ આ દેશના એક વખતના મોટા ઈતિહાસકાર હતા એ મહાત્મા ગાંધીને મળવા ગયા અને એ વખતે મહાત્મા ગાંધીને પૂછ્યું કે મિસ્ટર ગાંધી હું ઈતિહાસનો મોટો જાણકાર છું એમ આચાર્ય કૃપલાણીએ કહ્યું કે મેં દુનિયાનો ઈતિહાસમાં અભ્યાસ કર્યો છે મિસ્ટર ગાંધી પણ મેં જોયું નથી કે કોઈ ઈતિહાસમાં નોંધ થઈ હોય કે ક્રાંતિ વગર દેશ આઝાદ થયો હોય અને મહાત્મા ગાંધીએ કહ્યું કે મિસ્ટર કૃપલાણી તમે ઈતિહાસ ભણાવનાર છો અને હું ઈતિહાસ સર્જનાર છું, આ મહાત્મા ગાંધી અને સરદાર હતા. સરદારે ધીકતી કમાણી છોડીને એમ કહ્યું હતું કે આ ખેડૂતને અંગ્રેજોની સામે ઊભા કરી દઈએ. એ સરદાર અને મહાત્મા ગાંધીને આપણે એમ કહીએ કે એ ક્રાંતિકારી નથી. એમણે તો એમ કહ્યું હતું કે સૂતરના તાંતણે સ્વરાજ લાવી આપીશું. સમગ્ર દેશને એમણે બેઠો કરી દીધો અને એટલું જ નહિ એના રસ્તા અને વિચારોના ધોરણે દુનિયાના ૫૦ દેશો આઝાદ થયા છે. આજે પણ ૩૦-૩૦ વર્ષથી માંડેલા એણે કહ્યું કે મને જો શકિત મળી હોય આફ્રિકાની અંદર ત્રીસ વર્ષની જેલમાં તો એ પણ મહાત્મા ગાંધીના વિચારોમાંથી મળી છે આ વાત કહીને વિરમું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કાયદા અને માર્ગ મકાન વિભાગની માગણી નંબર ૬૦, ૮૩, ૮૬ અને ૮૭ લઈને આવ્યા છે, એમાં મારો સૂર પુરાવવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનો માર્ગ મકાન વિભાગ છે એ ગુણવત્તાની અને કામ કરવાની ઝડપની દૃષ્ટિએ જોઈએ તો ખરેખર માર્ગ મકાન વિભાગે ઘણાં સારાં કામો કર્યા છે. એના નમૂના રૂપે વિશ્વ બેંકની ટીમ અહીંયા આવી હતી એણે પણ સ્વીકાર કર્યો છે કે ગુજરાત રાજ્યની અંદર ગુણવત્તાની દૃષ્ટિએ, સમયસર કામ કરવાની દૃષ્ટિએ સારામાં સારા કામો કર્યા છે. એક ઈન્ટરવ્યુમાં વિશ્વ બેંકના એક અધિકારીએ કહ્યું છે કે તમામ રાજ્યોમાં ગુજરાત રાજ્ય કામ બાબતે શ્રેષ્ઠ રાજ્ય છે અને સારામાં સારું ગુણવત્તાની દૃષ્ટિએ અને સમયસર કામ કરતું હોય તો આ ભારતની અંદર ગુજરાત રાજ્ય છે. આ વિશ્વ બેંકની અંદર બેઠેલા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા નથી, એણે જો પ્રામાણિકતા અને સારા કામનું certificate આપ્યું હોય તો આપણે પણ વિચારવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બાબુભાઈ જ્યારે બોલવા ઊભા થાય ત્યારે એમનો એક શબ્દ એવો નહિ આવ્યો હોય કે ભાઈ ૧૯૯૭ માં અમે કર્યું હતું. ૧૯૯૭ માં તમે શું કર્યું હતું એ મને ખબર છે. આપણા કુટુંબની અંદર એક વડીલ મોભી હોય. એ નિર્ણય કરી નાખે કે આ વર્ષે મારે મકાન બનાવી નાખવું છે, આ વર્ષે માટે કૂવો બનાવી નાખવો છે, આ વર્ષે મારે ખેતર લઈ લેવું છે, આ વર્ષે મારે દીકરાને પરણાવી નાખવો છે આ બોલવું અને આયોજન કરવું એ સહેલું છે પણ એની અમલવારી કરવી એ બહુ વસમી છે. મકાન બનાવવા માટે રૂપિયા જોઈએ, જમીન ખરીદવા માટે રૂપિયા જોઈએ, કૂવો બનાવવા માટે રૂપિયા જોઈએ, છોકરાને પરણાવવા માટે રૂપિયા જોઈએ, રૂપિયાનું આયોજન કયાંય નથી કર્યુ. કાગળ ઉપર નિર્ણય કરી નાખ્યો કે, અમે આટલા તાલુકાઓ અને જિલ્લાઓ જુદા પાડીએ છીએ પણ એ જુદા થયા પછી એનું જે ડૅવલપમૅન્ટ કરવું જોઈએ, મામલતદાર ઑફિસ જોઈએ, પંચાયત ઘર જોઈએ, પોલીસ કવાટરો જોઈએ, પોલીસ ખાતાની ઑફિસ જોઈએ, તમામ ખાતાના અધિકારીઓને બેસવા માટે ઑફિસો બનાવવી જોઈએ આવો વિચાર નહોતો કર્યો અને કાગળ ઉપર નિર્ણય લઈ લીધો. આ ભા.જ.પ.ની સરકાર આવી, આપણે બધાને ખબર છે, આપણે આપણા ગામડેથી જ્યારે અમદાવાદ- ગાંધીનગર આવતા અને ચોટીલા જે હાઈ-વે છે ત્યાં સવારનું છાપું વાંચીએ એટલે હેડ-લાઈન હોય કે, આજે અકસ્માતમાં દસ જણાના મૃત્યું થયાં, આજે અકસ્માતમાં આટલા ઘાયલ થયા. આ ભા.જ.પ.ને યાદ આવ્યું કે, આ ફૉર-લેન રસ્તો બનાવીએ, આ અગાઉ મિત્રો તમે પચાસ વર્ષો સુધી રાજ કર્યુ પણ તમને આ યાદ ન આવ્યું? ભા.જ.પ.ને ૧૯૯૫માં યાદ આવ્યું.

આ ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી કામોમાં જે ગેરરીતિઓ થતી હતી એમાં જેમ અધિકારીઓ ઉપર તપાસ કરવામાં આવે એમ કોન્ટ્રાકટરોને પણ સામેલ કર્યા (અંતરાય) કુંવરજીભાઈ આપને ખબર છે આપણે રાજકોટથી આવતા હતા, ઘરે દીવો માનતા હતા કે મારો દીકરો ત્યાં ગયો છે અને પાછો આવે ત્યાં સુધી અખંડ

દીવો બળતા હતા, આ આપણને ખબર છે કુંવરજીભાઈ, આપણે ૧૯૯૫માં સાથે આવતા હતા ત્યારે ઘરના માનતાઓ માનતા કે ગાંધીનગર ગયા છે પાછા આવે ત્યાં સુધી હું દીવો ચાલુ રાખીશ આ પરિસ્થિતિ હતી. આપણે અહીંયા આવીએ પછી પહોંચીને ઘરે ફોન કરવો પડતો કે હું ગાંધીનગર પહોંચી ગયો છું, કોઈ ચિંતા કરતા નહીં અને અહીંથી નીકળીએ તો ઘરે ફોન કરવો પડતો કે હું અહીંથી આટલા વાગ્યે નીકળ્યો છું અને આટલા વાગ્યે ઘરે પહોંચીશ અને જો ન પહોંચું તો સમજજો કે રસ્તામાં કયાંય અકસ્માત થયો હશે, આ પરિસ્થિતિ હતી.

ટોલ ટેક્સ તો અમૅરિકા કે વિદેશમાં જોઈએ તો સારા રસ્તાઓ પણ કેટલા ટકા ટોલ ટેક્સ ત્યાં લેવાય છે, આવો વિચાર કોઈએ કર્યો છે? આ ટોલ ટેક્સ તમને યાદ આવ્યો જેમ લગ્નમાં વરરાજા પરણવા આવ્યા હોય ત્યારે સગપણ કન્યાનું કર્યુ હોય તો દસ વખત જોવા ગયા હોઈએ કે વરરાજો ફર્સ્ટ ક્લાસ છે પછી જ આપણે સગપણ કર્યુ હોય પણ છતાંય આ માંડવિયા બૈરાઓ ગીતો ગાય ત્યારે વરરાજા ઉપર ફટાણા દેતી હોય કે બાડો છે, બોબડો છે એનો એક આ સિલસિલો ચાલ્યો આવે છે કે, આપણે આંગણે પરણવા આવ્યા તો ફટાણા દેવા જોઈએ. હકીકતમાં આ કોંગ્રેસના મિત્રોની વાસ્તવિક સ્થિતિ આ છે. એતો અંદર ગલગલીયા થાય છે કે, અમે ન કરી શક્યા અને આ ભા.જ.પ.ની સરકારે ઘણા રસ્તાઓ બનાવી નાખ્યા, આ અમે કર્યું હોત તો કેવું સારું હતું, આ તો એને બોલવા ખાતર બોલવું પડે છે અમે પણ કહીએ છીએ કે, તમારી ફરજ વિરોધ કરવાની છે એ તમે અદા કરો અમને કોઈ વાંધો નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ એક રસ્તો જ નહીં, અહીંથી અમદાવાદ-રાજકોટ, રાજકોટ-જામનગર થ્રી-લેન હોય, રાજકોટથી મોરબી થ્રી-લેન હોય, અમદાવાદ-વિરમગામ-ધાંગધ્રા-હળવદ-માળિયા થ્રી-લેન હોય, અમદાવાદ-મહેસાણા ફોન-લેન હોય, અમદાવાદ-શામળાજી ફૉર-લેન હોય, વડોદરા એક્સપ્રૅસ હાઈ-વે હોય,

**સભાપતિશ્રી** : મોહનભાઈ એક મિનિટમાં પૂરું કરજો, હજુ ૧૪ સભ્યશ્રીઓ બાકી છે અને બે મંત્રીશ્રીઓને જવાબ આપવાનો બાકી છે, એટલે તમે એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : જ્યારે આ માર્ગ-મકાન વિભાગે કોઈપણ કોન્ટ્રાકટમાં કોઈપણ સરકારના મકાનો બનતા હોય એમાં એવી જોગવાઈ કરી છે કે વરસાદનું પાણી જતું ન રહે એના માટે સ્ટોરેજ ટૅન્ક અને પાણી રિચાર્જ કરવાનો આ ભા.જ.પે. વિચાર કર્યો. રસ્તાઓ બનાવ્યા એટલું જ નહીં રસ્તાઓમાં આવતા સર્કલો હોય એને ડેવલેપમેન્ટ કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓને આગળ કરી અને રોડ પણ સારા અને રૂડા લાગે એના માટેના પ્રયત્નો કર્યા. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આજસુધી આપણે બધાને ખબર છે કે, પંચાયત વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યાઓ કાયમ ખાલી રહેતી હતી આ ભા.જ.પ.ની સરકારે નિર્ણય કર્યો કે, પ્રમોશન આપતી વખતે એક વર્ષ ફરજિયાત એણે પંચાયતમાં કામ કરવું જોઈએ એટલા માટે આજે સો ટકા જગ્યાઓ ભરાયેલી છે. આજે જે આપણા રસ્તાઓ છે એની આજુબાજુમાં પરદેશી બાવળ..

**સભાપતિશ્રી** : શ્રી હેમાજી રાજપૂત.

**શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ)** : માનનીય અધ્યક્ષશ્રી, બંને મંત્રીશ્રીઓ જે માગણી લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. એમના સામેની પાટલીએ બેઠેલા સભ્યો વખાણ કરતા હતા રસ્તાના. હું ૧૯૭૫થી વિધાનસભામાં આવું છું. ચાર ટર્મથી. ૧૯૮૦ થી ૧૯૯૦માં જે રસ્તા થયા આખા ગુજરાતમાં અને મારા વિસ્તારમાં તો લગભગ ૮૦ટકા પાકા રસ્તા થઈ ગયા. ૧૫ કે ૨૦ રસ્તાના માટીકામને ૧૦ વર્ષ થઈ ગયાં છે. એવા ૧૫ રસ્તામાં કશું કામ થતું નથી. ૧૨ મેટલના રસ્તા છે. નાના નાના ટુકડા છે ૫-૧૦ કિલોમીટરના એ મેટલના રસ્તા ડામરના થતા નથી. એ ગામમાં ગાડુ કે વાહન જઈ શકતાં નથી. કઈ રીતે સામે બેઠેલા ભાઈએ વખાણ કર્યા એમ હું વખાણ કરી શકું? ગામડાંમાં જઈએ તો કહે મામા પાકા રસ્તા કરાવો પછી આવો. અમારે રાજસ્થાન નજીક છે. રાજસ્થાનથી કચ્છ આવવા માટે પાંચ કિલોમીટર રસ્તો પાકો કરવાથી ૧૦૦ કિલોમીટરનું અંતર ઘટે અને ફરીને આવીએ તો ૧૦૦ કિલોમીટર વધારે થાય આમ મારા વિસ્તારથી રાજસ્થાન જવું હોય તો પાંચ કિલોમીટર થાય. એવા દૈયબથી મહાવરી, તાખુઆ,કાસવી નજીકના ગામ છે. બે બે કિલોમીટરના રસ્તા છે. આ રસ્તા થાય તો સો કિલોમીટર અંતર ઓછું થાય. થરાદ-ધાનેરા ૧૦-૧૨ વર્ષથી નેશનલ હાઈવે છે કોણ કોન્ટ્રાકટર છે એ તો મંત્રીશ્રી જાણતા હશે. ૧૨ વર્ષથી કામ થતું નથી. સીંગલ છે. ૪૨ કિલોમીટર થરાદથી ધાનેરા છે. બહુ મુશ્કેલી પડે છે. અકસ્માત થાય છે. ૨૫ ટકા કામ થયું છે અને બીજું કામ થતું નથી. એ મંત્રીશ્રી જુએ એવી વિનંતી. મેટલના રસ્તા ઉપર ગાડી કે ગાડુ જઈ શકતા નથી. એવા ૧૨-૧૩ વર્ષથી ૧૦-૧૨ રસ્તા છે. હું મંત્રીશ્રીને લખીને ખાતામાં આપીશ. ૫-૧૦ કિલોમીટર માટીકામ થયેલું પડ્યું છે. એને મેટલ નહીં સીધા પાકા કરો. મેટલ સપાટી ૧૨ મહિનામાં ઉખડી જાય છે એટલે વાહન ચાલી શકતા નથી. કરો તો ડામર સપાટી કરો. સી.સી.રોડની વાત હમણાં ગૃહમાં ચાલતી હતી. સી.સી.રોડ એટલે ૫૦ ટકાની કટકી. આજે અમારી ૫૦ લાખની ગ્રાન્ટ છે એ માટે પણ આગેવાનોએ વિનંતી કરી સી.સી.રોડ આપો તો સરકારને વિનંતી કરું છું. સી.સી.અપાય નહીં, આપો તો મેટલ અને ડામર કરો. હમણાં વાત કરી ૧૫ લાખની મંત્રીશ્રીએ આપ્યા. ૩

કિલોમીટર શરમાવું જોઈએ. આવી મશ્કરી શું કામ કરી? ૩ કિલોમીટર રસ્તા અમને આપ્યા અને અમે તાળી પાડી. એ તો સામેવાળા પાડે અમે ના પાડી શકીએ. આ મશ્કરી કહેવાય. ૫૦લાખ સ્ટેટને આપો છો પણ ૮ કિલોમીટર કામ થયું છે. શકય હોય તો આ બજેટમાં વધારે જોગવાઈ કરીને રસ્તા વાહન વ્યવહાર ઉપર આખા દેશનો વહીવટ ચાલે છે, કશું નથી. રસ્તાની બાબતમાં આપ સજાગ છો. એમ નથી કહેતો કે તમે કશું નથી કરતા. બેરોજગારીની સંખ્યા વધતી જાય છે. બી.એસ.એફ.ના ૧૫૦૦, ૨૦૦૦ માણસો નોકરી કરતા હતા. એમને છૂટા કર્યા. બેકારી વધી જાય છે. છૂટા શા માટે કર્યા છે. એ હાઈકોર્ટમાં જીત્યા. સરકાર અપીલમાં જાય છે. એકબાજુ આપણે પોલીસ ખાતામાં ભરતી કરીએ છીએ અને ૧૫-૧૫ વર્ષથી બૉર્ડર વીંગમાં સેવા બજાવે છે, દેશની સરહદો ઉપર, એમને છૂટા ન કરવા અને સરકાર અપીલમાં ન જાય તેવી રિકવેસ્ટ છે. વાત કરો છો બેકારોની. એજ્યુકેશનની કિંમત ઘટી છે. બેકારી વધતી જાય છે. કાયદા મંત્રી અશોકભાઈ બહુ હોંશિયાર છે. મારા વિચારો રજૂ કર્યા છે, એ તરફ મહત્ત્વ આપે.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગ અને કાયદા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

આપણે સૌ જાણીએ છીએ કે રાજયનો વિકાસ કરવો હોય તો માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓનો વિકાસ અને રસ્તાઆનો વિકાસ એટલે રાજયનો ઔદ્યોગિક વિકાસ. રાજયના વિકાસમાં સામાજિક વિકાસ હોય અને આર્થિક પ્રગતિની વાત હોય તો રસ્તા જો સારા હોય તે રાષ્ટ્રની સમૃદ્ધિની વાત છે અને આ રાજય સરકાર જે કામગીરી છેલ્લાં ૫ વર્ષમાં ખાસ કરીને કરી છે, એ એટલી ઊડીને આંખે વળગે તેવી કહી શકાય એવી કામગીરી થઈ છે. ઔદ્યોગિક વિકાસની સાથે સાથે જો ગુજરાતનો વિકાસ કરવો હોય તો ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ થવું જોઈએ એ કરવા માટે જે વિઝન, એક સ્વપ્ન અને દ્રષ્ટિ જોઈએ, મને લાગે છે કે સ્વપ્ન, દ્રષ્ટિ પહેલી વખત ગુજરાત સરકારે આ છેલ્લા ૫ વર્ષમાં યોજનાબદ્ધ આયોજન કર્યુ છે, જ્યારે ગુજરાતનો જી.ડી.પી. દર વધારવાની વાત છે.

બીજાં રાજયની સરખામણીમાં વધારો કરવાનો સંકલ્પ કર્યો છે, ત્યારે કેવી રીતે વધશે, તેનો વિઝન-૨૦૧૦ ની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. બીજાં બધાં રાજયોની વાત કરીએ તો બીજાં રાજય કરતાં આપણા ગુજરાતની પ્રગતિ છે, આ ક્ષેત્રમાં કહીએ તો ૯૨ ટકા રોડ ડામર સપાટીથી જોડાયેલા છે. ૭૩,૬૧૯ કિલોમિટર નેટવર્ક આખા ગુજરાત રાજયમાં પથરાયેલ છે. નેશનલ સ્તરે ૨,૩૮૨ કિલોમિટર નેશનલ હાઈવેથી આ રાજય જોડાયેલ છે. ૧૯,૧૨૯ કિલોમિટર સ્ટેટ હાઈવેથી જોડાયેલ છે. ૨૦,૯૬૪ કિલોમિટર મુખ્ય જિલ્લા માર્ગેથી જોડાયેલ છે. ૨૦,૫૬૭ કિલોમિટર વિલેજ માર્ગથી જોડાયેલ છે. ૧,૨૯૦ જેટલા મોટા પુલો આવેલા છે. ૪,૨૫૮ માઈનોર પુલો આવેલ છે. આ બધાનું રાજય સરકારે આધુનિકીકરણ, મજબૂતીકરણ કરવાનું કામ કર્યું છે એ અદ્વિતિય કામગીરી છે. હમણાં ગઈ સાલ જ્યારે વડાપ્રધાન બાજપાઈ યોજના હેઠળ હિંમતનગરથી શામળાજી રોડ બન્યો છે. આપ સાહેબ એ બાજુથી નીકળ્યા હશો અને આપે જોયા હશે. ગઈ સાલ મારા વિસ્તારમાં એન.આર.આઈ. ગુજરાતના વતની રોડ ઉપર ટૅક્સી ભાડે કરીને આવેલ એ રોડ જોઈને એમણે ગામમાં જઈને ઉદ્ગાર કહ્યા કે ગુજરાતનો આટલો બધો વિકાસ, મારી તો કલ્પના નહોતી. અમેરિકામાં જે જાતના રોડ એવા આ રોડ છે. શામળાજી બાબુભાઈ આપ ગયા હશો. એ રોડ ઉપર જે સામાન્ય ફીલિંગ પ્રજાની છે, એની વાત કરી રહ્યો છું. જે ૫૦ વર્ષમાં નથી થયું. આ જે તમારી માનસિકતા હતી. બાબુભાઈ આ સારું કામ કર્યુ છે. તમારે તો ઈર્ષ્યાનો ભાવ હતો, ધ્વેષનો ભાવ હતો. પ્રજા સારી રીતે જાણે છે. આ જે કામ થયું છે તેના કારણે અને ગુજરાતમાં રસ્તાઓના જે કામ થયા છે છેલ્લા પાંચ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ડૅવલપમેન્ટ જે પ્રોજૅકટો થયા છે, રોડ ડૅવલપમેન્ટ પ્લાન-૨૦૦૭માં જી.ડી.પી ગ્રોથ વધારવા માટેની વાત કરી. એમાં જુદી જુદી યોજનાઓ હેઠળ તેમાં ગોલ્ડન કોરીડોર હોય, નેશનલ હાઈવે હોય, નાબાર્ડની યોજના હોય કે હુડકોની યોજના દ્વારા હોય ગુજરાતમાં અત્યાર સુધી નવ હજાર કરોડ કરતાં વધારે કામો જુદા જુદા સ્ટેજે પ્રગતિમાં છે અગર તો પૂરા થયાં છે. જરા વિચાર કરો આટલા મોટા નવ હજાર કરોડ કરતાં વધારે રકમના જુદી જુદી યોજનાઓ હેઠળના કામો થતા હોય, ગુજરાતના માર્ગ અને મકાન વિભાગના કામો પાછળ થતા હોય અરે ભૂતકાળમાં થતા હોય તેવા નથી. ભૂતકાળમાં એક રોડ થાય તે રોડનુ બીલ પણ ન ચૂકવાયું હોય ત્યાં બીજી વખતનો ડામર પણ કયાંય સાફ થઈ જાય. પણ આજે ગુણવત્તા સાથેના, મને કહેતાં આનંદ થાય છે કે ગુણવત્તા સાથેના રોડ થઈ રહ્યા છે.

રાજય સરકારનું કુશળ નેતૃત્વ અને અધિકારીઓની ખંત અને જવાબદારીથી કામ કરવાની વૃત્તિ છે તેને કારણે ગુજરાતનો સામાન્ય માનવી એથી વિશેષ આ બધા કરતાં ગુજરાતની એક એક ઈંચ જમીન જે પછી નગરપાલિકાની હોય, વીલેજ ટુ કનેકટીવીટી આપવાની હોય, એકેએક ગામડું રાજયના મુખ્ય માર્ગ સાથે જોડાય અને મેં કહ્યું તેમ ૯૨ ટકા કામગીરી થઈ છે અને જે કામગીરી બાકી છે તે ૨૦૦૭ સુધીમાં પૂરી કરવાનો સંકલ્પ

છે. નૉન પ્લાન રસ્તાઓની મિત્રએ ટકોર કરી કે આ તો મશ્કરી છે. પણ કંઈ નહોતું આવતું, હા ખાવાના ફાંફા પડતા તેના કરતાં જે તમારા વિસ્તારમાં ખરાબમાં ખરાબ રસ્તો છે, જયા ં મેટલ દસ વર્ષથી નથી થયો ત્યાં કમસેકમ ત્રણ કિલોમીટરનો રસ્તો એક વર્ષમાં પૂરો થશે અને બીજો આવતા વર્ષે થશે. ગામડાના રસ્તા બિલકુલ નહોતા લેવાતા. નૉન પ્લાનના રસ્તાઓ માટે આપણી લાગણી અને માગણી હતી જે રાજય સરકારે આ માગણી અને લોકોની અપેક્ષા સંતોષવા માટે પ્રયત્ન કર્યો છે તેની મહેરબાની કરીને હાંસી ન ઉડાવો. આ વાત પ્રજા સમજે છે. ૩૦ લાખ વધારાના મળ્યા, ૩૦ લાખમાં ચાર પાંચ કિલોમીટરનો રસ્તો થાય તે વર્ષોથી તે વિસ્તારની પ્રજા ઝંખતી હતી તેને સંતોષ નહોતા આપી શકતા તેને આપણે સંતોષ આપી શકીએ છીએ. સારી વાત તો સ્વીકારો.

**સભાપતિશ્રી .** : મારી દરેક સભ્યશ્રીઓને વિનંતી છે કે ઘણા બધા સભ્યો બોલવાના બાકી છે, તો દરેક સભ્યશ્રી પાંચ-પાંચ મિનિટમાં પોતાનું પ્રવચન પૂરું કરે.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગ અને માર્ગ મકાન વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

મારાં કેટલાંક સૂચનો છે તેમાં જે નદીઓ ઉપર મોટા બ્રીજ આવેલા છે, તેમાં માર્ગ મકાન વિભાગ, જળ સંપત્તિ વિભાગ અને નર્મદા વિભાગ સાથે થોડુંક સંકલન કરીને પુલોની તાંત્રિક ચકાસણી કરીને તેને ચેકડેમોમાં ફેરવાય તેવું આપના દ્વારા સૂચન કરું છું. આજે મોટી નદીઓ ઉપર જે ચેકડેમો બની રહ્યા છે તે ચેકડેમોની દસ ફૂટ પહોળાઈની ડિઝાઈન થઈ હતી તેની જગ્યાએ બે-બે, પાંચ-પાંચ ફૂટ પહોળાઈ વધારીને જે ભૂતકાળમાં નદીઓમાં રડી બનાવીને અવર જવરના રસ્તાઓ થતા હતા. કેટલાક ગામડાઓને આંતરિક રસ્તાઓથી જોડવાની પ્રક્રિયા હતી તે ૫-૭ ગામોને નદી ઓળંગીને જવા માટે ૩૦-૪૦ કિલોમીટર અંતર કાપવું પડે તેની જગ્યાએ નદીના ચેકડેમ છે તેમાં ચેકડેમ કમ રસ્તો થાય તે માટે આપના થકી ધ્યાન દોરું છું.

બીજુ કે દહેગામ તાલુકામાં છેલ્લા ૨૫ વર્ષથી ગ્રામ્ય વિસ્તારોના રસ્તા બિસ્માર હાલતમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, ગત સરકારોમાં સ્થાનિક ધારાસભ્ય, સ્થાનિક મંત્રીશ્રી અને માર્ગ અને મકાન મંત્રીશ્રીના અણબનાવના કારણે બેએક વર્ષ સુધી જોબ નંબર મળ્યા નથી તો એવા તાલુકાઓને, પછાત તાલુકાઓ છે કે જ્યાં સતત બે વર્ષ સુધી જોબનંબર ન મળ્યા તો આ વર્ષે કે આવતા વર્ષે એ જોબ નંબર વધારે મળે તેવી હું વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે કિસાન પથ, પ્રગતિ પથ, વિકાસ પથ જેવાં નામકરણો કર્યા છે, ગુજરાતમાં અઢાર હજાર ગામ છે એ અઢાર હજાર ગામોમાં મધ્યમ વર્ગના લોકો તેમજ ખેડૂતો વસે છે, ત્યારે માત્ર અઢાર હજાર ગામોના ખેડૂતો, મધ્યમવર્ગ અને ગરીબ લોકો માટેનું જે બજૅટ ફાળવ્યું છે એ અઢાર ટકા ફાળવ્યું છે ત્યારે હું આપના દ્વારા વિનંતી કરું છું કે, મોટા રસ્તાઆને અને એના ઉપર ફરતા સાધનો અને આર્થિક પ્રગતિ જે થઈ શકે એટલા માટે આ ૧૮૦૦૦ ગામડાંઓ માટે જે બજૅટ ફાળવ્યું છે એ ઓછું ફાળવ્યું છે તો ગ્રામ્ય રસ્તાઓમાં કંઈક વધારે કરે તેવી હું વિનંતી કરું છું.

અમદાવાદથી મહેસાણા હાઈવે છે, છેલ્લા બે વર્ષમાં ખૂબ જ વધારે અકસ્માતો થયા છે એ અકસ્માતોના નિવારણ કરવા માટે અવારનવાર સ્થાનિક કક્ષાએથી પણ જે સૂચનો થયાં છે એ સૂચનોનો અમલ થાય તેવી હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગમાં કાયદો એવું કહેવાય છે કે એ લોકશાહીના જે ત્રણ આધારસ્તંભ છે. ન્યાય, બંધારણ અને વહીવટ અને એટલે જ આપણું ત્રણ સિંહોવાળું જે પ્રતીક છે એ પ્રતીક કદાચ એના ઉપરથી બન્યું હશે, એ ત્રણે આધારસ્તંભની ઉપર કેટલાય સમયથી આ ગુજરાતનું ન્યાય તંત્ર, આ ગુજરાતના ન્યાયાધીશો, આ ગુજરાતના સરકારી વકીલો અને આ ન્યાયતંત્રની પદ્ધતિ સમગ્ર દેશમાં એક મોખરાનું સ્થાન, ગુજરાતની ન્યાય પદ્ધતિ મેળવીને બેઠી છે. કેટલાક સમયથી જે બનાવો બન્યા છે એ બનાવોમાં ગુજરાતના વ્યકિત તરીકે આ ગૃહમાં બોલતાં મને દુઃખ એટલા માટે થાય છે કે, આ દેશમાં સર્વોચ્ચ અદાલતોએ જ્યારે કેટલીક બાબતોમાં ગંભીર ધ્યાન દોર્યુ હોય ત્યારે એ બાબતમાં પણ કાયદા વિભાગના માનનીય મંત્રીશ્રીએ થોડુક ચિંતન કરવાની જરૂર લાગે છે,

માનનીય અધ્યક્ષશ્રી, જે લોકઅદાલતો અને કાનૂની શિબિરો થાય છે, એ લોક અદાલતોના આપણે ખૂબ સારા પરિણામો મેળવી શક્યા છીએ, અને એ આવકારપાત્ર પણ છે પણ કાનૂની શિબિરો થાય છે. એ જે દિવસે થવાની હોય એના આગળના દિવસે જ, કદાચ બે પાંચ દશ કાનૂની શિબિરો ખૂબ સારી રીતે આપ કરી શકતા હશો, પાટનગરમાં થતી હોય, અમદાવાદમાં થતી હોય, રાજકોટમાં થતી હોય, સુરતમાં થતી હોય એ ખૂબ સારી આયોજનબધ્ધ રીતે કરતા હશો પણ અંતરિયાળ તાલુકાઓમાં જે કાનૂની શિબિરો થાય છે એ માત્ર

ફોરમાલીટી છે, માત્ર પેપર ઉપર ચાલે છે તો એને પણ પાંચ દશ દિવસ પહેલાંનો સમય નક્કી કરીને એ સારી રીતે થઈ શકે તે પ્રમાણે કરવું જોઈએ જેથી સામાન્ય અને ગરીબ લોકોને એનો લાભ મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી વકીલો છે એના ફીના ધોરણમાં કંઈક સુધારો કરવા માટે માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરું છું. સિવિલ કેસોમાં ફીનું ધોરણ ખૂબ ઓછું છે, સિવિલ કેસો દશ દશ વર્ષ સુધી ચાલતા હોય છે અને સિવિલ કેસોમાં પરિણામ આવી શકતું નથી એના કારણોમાં ક્યાંક ભ્રષ્ટાચાર પણ માથુ ઉંચકી રહ્યો હોય તેવું લાગે છે ઓછી ફીના કારણે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી વકીલોમાં પણ જે રીતે નિમણૂકો થાય છે એમાં પણ આપણે ચિંતા સાથે જોવું પડશે. સરકારી વકીલોની નિમણૂક માટેની જે પદ્ધતિ છે, એની જાહેરાત વર્તમાનપત્રોમાં આપવામાં આવે છે એ જાહેરાત એટલા માટે કે પારદર્શક સરકાર છે, સેકશન ૨૪ ક્રિમિનલ પ્રોસીજર કોડ મુજબ કલેક્ટર કચેરીએ ડિસ્ટ્રિક્ટ જજ જાય, ઈન્ટરવ્યુ લે એની પૅનલ બને અને એની પૅનલ બન્યા પછી સરકારી વકીલની નિયુકિત થતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપનું ધ્યાન એટલા માટે દોરવા માગું છું કે, પક્ષના આગેવાનોને સાચવવા માટે કે બીજુ કંઈ થતું હોય ત્યારે ચોકકસ ડિગ્રીમાં આવતા હોય, પધ્ધતિમાં આવતા હોય અને મૂળ વાતની સિસ્ટમ સાથે બંધબેસતું હોય ત્યારે આવા સરકારી વકીલોની નિમણૂક થાય એ આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારી વકીલોની નિમણૂક બાબતમાં ગૃહનું ધ્યાન દોરવા માગુ છું કે, •(XXX) સરકારી વકીલ તરીકે નિમણૂક થઈ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : *(XXX) નામ માનનીય સભ્યશ્રી બોલ્યા છે એ નામ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, એક સરકારી વકીલની નિમણૂક માટે કોઈ પણ જાતની જાહેરાત કર્યા વગર, કોઈ પણ જાતના ઈન્ટર્વ્યુ લીધા વગર, કોઈ પણ જાતની કાર્યવાહી કર્યા વગર સીધી સરકારી વકીલ તરીકે નિમણૂક થાય છે ત્યારે એનો અભ્યાસ નથી જોવામાં આવતો, કવોલિફિકેશન નથી જોવામાં આવતી અને ફકત મારી મરજી મુજબનો ન્યાય તોળવા માટે મને કોણ-કયાં કેટલું ઉપયોગી થઈ શકે છે, એ જોઈને આ સરકારી વકીલની નિમણૂક થતી હોય એવું લાગે છે. કેટલીક બાબતોમાં સુપ્રીમ કોર્ટે ભયંકર ટીકા કરી છે. એ ટીકા સાંભળી ન શકાય, લખી ન શકાય એટલી ટીકા કરી છે, છતાં પણ એ સરકારી વકીલની ફરીથી નિયુકિત આપે અને એના હાથ નીચે ૧૭-૧૭ વકીલની ટીમ કામ કરતી હોય એવા સરકારી વકીલ બેઠા છે ત્યારે તેઓ શું મેસેજ આપવા માગે છે?

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આ સરકારી વકીલમાં પણ જે બનાવો બને છે એમાં કોર્ટમાં કેસ ચાલતો હોય ત્યારે કોઈ પણ જાતના મેડિકલ પ્રમાણપત્ર વગર બચાવ પક્ષના તહોમતદારને સજા કરાવવાની જેની જવાબદારી છે એ જવાબદારી નિભાવવાની જગ્યાએ કોઈ તૃટીઓ રહે છે અને આ આરોપીને છૂટવા માટે જે કોઈ મોકળાશ કરી આપવામાં આવે છે એ પણ મેડિકલ સર્ટીફિકેટ વગર કોઈને પાગલ દર્શાવવામાં આવે છે અને બીજી કોર્ટમાં કેસ ટ્રાન્સફર થાય છે અને એ માણસ કે જેને પાગલ દર્શાવેલ હતો એ ૫૫ પાનાનું સ્ટેટમેન્ટ આપે છે અને ગુનેગારને સજા કરાવા માટેની વ્યવસ્થાના ભાગરૂપે કોર્ટમાં ન્યાય મેળવે છે. કઈ પધ્ધતિ છે? એક કોર્ટ પાગલ જાહેર કરે છે ત્યારે બીજી કોર્ટમાં એજ માણસ ૫૫ પાનાનું નિવેદન આપે એ ગુજરાતના કાયદા વિભાગ માટે, ગુજરાતની ન્યાયની દેવીની અદાલત અને ન્યાયતંત્ર, સરકાર અને સમાજ ઉપરથી વિશ્વાસ ઉઠે છે ત્યારે એક મોટો આધારસ્થંભ છે ન્યાયનો અને ન્યાયની દેવીનો આધારસ્થંભ છે, ત્યાં ગુજરાતની પ્રજા કોની પાસે અપેક્ષા રાખશે? આટલી વાત કરીને મારી વાત પૂરી કરૂં છું.

**શ્રી અશોક ભટ્ટ (કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના લગભગ ૧૩ જેટલા માનનીય સભ્યશ્રીઓએ કાયદા વિભાગની ચર્ચામાં ભાગ લીધો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બધા જ માનનીય સભ્યશ્રીઓ શરૂઆતમાં સમય વધારે લે છે. બધાને બોલવું છે, એ મેળ નહીં આવી શકે. (અંતરાય) નહીં, નહીં, ઓપનિંગ કરનાર વિરોધ પક્ષના નેતાશ્રીને પણ ૨૫ મિનિટ આપી છે. ઓપનિંગમાં સમય આપીએ છીએ, બધાને સમય જોઈએ છે, બધાને બોલવું છે, પણ સમયની મર્યાદા છે, ત્યારે સ્પીકર કેવી રીતે સમય આપી શકે? (અંતરાય) નો, નો. માનનીય અશોકભાઈ, આપ શરૂ કરો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના તેર જેટલા સભ્યશ્રીઓએ કાયદો અને માર્ગ અને મકાન વિભાગની માગણીઓમાં ભાગ લીધો. આ ભાગ લેનારા સૌ સભ્યશ્રીઓનો હું કાયદા વિભાગ તરફથી ખૂબ આભાર વ્યક્ત કરું છું, અને એમણે કરેલાં વિધેયાત્મક સૂચનો અને કાયદા વિભાગ અને

• * આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ન્યાયતંત્રનું જે ગૌરવવંતુ પાસું છે એ દર્શાવવા માટે આ પાટલી પર હોય કે તે પાટલી પર બેઠા હોય, પરંતુ તેનાથી ઉપર ઊઠીને જે સૂચનો કર્યા છે એને મારો વિભાગ એક જવાબદારીપૂર્વક પૂર્ણ કરશે એવી ખાતરી હું આ સભાગૃહને આપુ છું.

કાયદો અને ન્યાયતંત્ર વિભાગ એક મંત્ર લઈને ચાલે છે અને એ મંત્ર છે ***ધર્મો રક્ષતિ ધર્મ*** જે ધર્મ કાયદાની રક્ષા કરે છે તેની રક્ષા કાયદો કરે છે અને આ સૂત્ર આપણા ઋષિમુનિઓએ જે આપણને આપ્યું હતું વારસાની અંદર એને એકવીસમી સદીમાં નવી પેઢીને આપવાનું કાર્ય ગુજરાત કરી રહ્યું છે, એટલા માટે જ સમગ્ર ગુજરાતની અંદર સમગ્ર દેશની અંદર રાષ્ટ્રિય કક્ષાની વૈશ્વિક કાનૂની શિક્ષણ આપતી સંસ્થા ઊભી કરવાનો નિર્ણય મારી પાર્ટીએ અને રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ સત્તાનું સુકાન સંભાળતા સૌથી પહેલા કહ્યું હતું એટલા માટેજ સમગ્ર દેશની અંદર પાંચ રાજ્યોમાં નેશનલ લો સ્કૂલ હતી અને છઠ્ઠી નેશનલ લો સ્કૂલ ગુજરાતની અંદર આપણે શરૂ કરી આ છઠ્ઠી નેશનલ લો સ્કૂલનું આજે મહત્ત્વ શું છે એ શરૂ કરતાં પહેલાં અમે અમૅરિકાથી એક ભારતીય, સમગ્ર વિશ્વની અંદર કાનૂની શિક્ષણની અંદર સૌથી મોટું જેમનું નામ છે એવા શ્રી વેદ નંદાજીને સલાહકાર તરીકે બોલાવ્યા, ભારતમાંથી શ્રી માધવ મેનન, જેમણે બેંગ્લોરની સૌથી પહેલી લો સ્કૂલની શરૂઆત કરી એમને આમંત્રણ આપ્યું. ગુજરાતની અંદર નેશનલ લો સ્કૂલની શરૂઆત કરી.

ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની વાત આ સભાગૃહની અંદર કરવામાં આવે છે, એવા આ ગુજરાતની નેશનલ લો સ્કૂલની અંદરની લાયબ્રેરી જોવા જેવી છે. કોઈપણ જ્ઞાનપીઠની જે શક્તિ છે એ શક્તિની સૌથી મોટી મહત્ત્વની વસ્તુ છે એ એની લાયબ્રેરી છે એ જોવા માટે હું આ સભાગૃહના બધા સભ્યશ્રીઓને નિમંત્રણ આપું છું. હું નેશનલ લો સ્કૂલની લાયબ્રેરીની વાત કરતો હતો. સમગ્ર દેશની અંદર કોઈપણ એક યુનિવર્સિટી પાસે કાનૂની શિક્ષણના પુસ્તકો હોય તો એ આપણી પાસે છે. દશ કરોડ રૂપિયાના પુસ્તકો હેગ, નેધરલેન્ડની પીસ પૅલેસ લાયબ્રેરીએ ગુજરાતની નેશનલ લો સ્કૂલને આપ્યા છે, મને લાગે છે કે આજે હું આ સભાગૃહ દ્વારા પીસ પૅલેસ લાયબ્રેરીનો આભાર વ્યક્ત કરવા માગું છું કે જેણે ગુજરાતને આખા દેશમાં માત્ર ગુજરાત છે એ ગુજરાતની નેશનલ લો સ્કૂલને આટલા બધા પુસ્તકો આપ્યા. આપણે એ પુસ્તકો લાવ્યા અને ગુજરાતને લો મ્યુઝિયમ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આ લાયબ્રેરીની અંદર ૧૮૫૭નું જજમૅન્ટ આપણે લાવ્યા છીએ, ક્રાંતિકારીઓને જે સજા થઈ તેનું અને ગાંધી કેસને પણ આપણે મૂક્યો છે. આ જ લાયબ્રેરીની અંદર સરદાર વલ્લભભાઈ પટેલને જે બાર એટ લો નું પ્રમાણપત્ર મળ્યું છે એ પ્રમાણપત્ર પણ મૂક્યું છે. ક્રાંતિકારીઓના બધા જ કેસો જે થયા છે તે અલગ અલગ રાજયોના અલગ અલગ કેસોને એક મ્યુઝિયમ બનાવવાનો પ્રયાસ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી કરી રહી છે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીએ ૨૦૦૩ની અંદર આ વિધાનસભાની અંદર કાયદાને પસાર કર્યો ત્યારે વિરોધપક્ષના નેતા તરીકે સ્વ.અમરસિંહભાઈ ચૌધરીએ તેને આવકારતું નિવેદન કર્યુ હતું તે બદલ હું ખૂબ આભાર માનું છું અને તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માગું છું, આ સભાગૃહે ૨૦૦૩ની અંદર આ બિલ પાસ કર્યુ હતું તેથી ૨૦૦૪ની અંદર નેશનલ લો યુનિવર્સિટીની આપણે સ્થાપના કરી શક્યા અને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષની અંદર એક જ યુનિવર્સિટી દેશની અંદર લો યુનિવર્સિટી છે જે એલ.એલ.એમ અને પી.એચ.ડી. અભ્યાસક્રમો આ વર્ષે ચાલુ કરી શક્યા છે, એટલે દેશભરની અંદર ૧૪ રાજયોમાંથી જ આ યુનિવર્સિટીમાં ૧૬૦ વિદ્યાર્થીઓ અત્યારે અભ્યાસ કરવા આવ્યા છે અને એટલે માનનીય જશાભાઈ કહેતા હતા કે ૧૨મા ધોરણ પછીનો અભ્યાસક્રમ તમે શરુ કરો. તો એ શરૂ થઈ ગયો છે અને સમગ્ર ગુજરાત અને ગુજરાત બહારથી વિદ્યાર્થીઓ તેમાં અભ્યાસ કરવા આવી રહ્યા છે. આ વર્ષને ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયાને સમગ્ર દેશને એક નિમંત્રણ આપ્યું છે, સમગ્ર દેશના રાજયોને અને તેમને એમ કહ્યું છે આ વર્ષ એટલે ૨૦૦૫-૦૬નું વર્ષ તે ઈયર ઑફ એકસેલન્સ તરીકે ઉજવવામાં આવે, આ તેમણે જાહેરાત કરી અને તેની સાથે જ ગુજરાતનું ન્યાય તંત્ર અને ગુજરાત હાઈકોર્ટ અને ગુજરાતના કાયદા વિભાગે તેનો એકશન પ્લાન તૈયાર કરી દીધો ઈયર ઓફ એકસેલન્સનો એકશન પ્લાન કેવો હોઈ શકે અને તે એકશન પ્લાનને શ્રી માધવ મેનનજી જે આખા દેશની અંદર કાનૂન વિદોની અંદર, કાનૂની શિક્ષણની અંદર સર્વશ્રેષ્ઠ પુરૂષોમાંના એક ગણાય છે તેમણે ગુજરાતે તૈયાર કરેલા એકશન પ્લાનને મંજૂર કર્યો અને આપણે તેને સુપ્રીમ કોર્ટને પણ મોકલી આપ્યો છે અને તેનો અમલ શરુ થઈ ગયો છે, મને જણાવતાં આનંદ થાય છે કે આ સભાગૃહની જે ચિંતા છે કે ઈયર ઑફ એકસેલન્સની અંદર આપણે પડતર કેસોના નિકાલ માટે શું કરવું જોઈએ અને તેને માટે એક વર્ષ પહેલાં આપણે તૈયારી કરવા માંડી અને તે તૈયારીની સાથે તે વાતની શરૂઆત કરી કે આ રાજયની અંદર ૧૯૯૭ના વર્ષની અંદર જિલ્લાઓનું વિભાજન થઈ ગયું નવા જિલ્લાઓની રચના થઈ ગઈ અને તે રચનાઓ થતાં તે જિલ્લાઓને પોતાની જિલ્લા કોર્ટો આપવી બહુ અઘરું કામ હતું. હાઈકોર્ટના સહયોગથી આપણે ગાંધીનગર, નવસારી, દાહોદ, આણંદ, પાટણ, પોરબંદર અને રાજપીપળાની ડિસ્ટ્રિક્ટ કોર્ટના માળખાને ગોઠવીને તેને કામ કરતી કરી દીધી છે. હવે તેના મકાનોના પ્રશ્નો છે. ગાંધીનગરનું પોતાનું ભવન બની ગયું. દાહોદના આદિવાસી વિસ્તારને અમે સૌથી પહેલી પ્રાયોરીટી આપી તેનું બાંધકામ અને આવતા થોડા મહિનામાં તેનું બાંધકામ પૂર્ણ થશે. આણંદની કોર્ટનું બાંધકામ ચાલી રહ્યું છે. પાટણની કોર્ટ માટે માલજીભાઈએ

વાત કરી જમીન મળી ગઈ છે અને તે માટે હું ત્યાંના પ્રભારી મંત્રીશ્રીનો આભાર માનું છું કે તે જમીન અપાવવામાં ખૂબ ઉપયોગી થયા અને પોરબંદરનું બાંધકામ શરુ થઈ ગયું છે.

રાજપીપળાની જમીન મેળવવાનું કાર્ય ચાલુ થઈ રહ્યું છે એટલું જ નહીં પરંતુ આપણે તે કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ અને વિશેષ કરીને આદિવાસી વિસ્તારોને ન્યાય મેળવવામાં કેટલી મુશ્કેલીઓ પડતી હતી તે માધુભાઈ જાણે છે. માધુભાઈને ૨૫ વર્ષ થયા ડાંગ જિલ્લાને બન્યાને પણ ડાંગ જિલ્લાને અલગ કોર્ટ નહોતી મળી અને ફાસ્ટ ટ્રેક કોર્ટ હમણાં ગયા અઠવાડિયે જ અમે આપી અને ગુજરાત હાઈકોર્ટે તેની નોંધ પણ લીધી કે ફાસ્ટ ટ્રેક કોર્ટ કરવા માટે ચીફ જસ્ટીસે ગુજરાત સરકારને પત્ર લખ્યો કે આહવાને કોર્ટ આપવી છે અને ૪૮ કલાકની અંદર રાજય સરકારે તેને વિધિવત નોટિફિકેશન બહાર પાડીને હાઈકોર્ટને મોકલ્યું ત્યારે આહવાની અંદર આ કોર્ટનું રોકાણ પણ કરતી વખતે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસે એમ કહ્યું કે ગુજરાત સરકાર તો વાયબ્રન્ટ છે, પણ ગુજરાતનું લો ડિપાર્ટમેન્ટ પણ વાયબ્રન્ટ કામ કરી રહ્યું છે એનો આ પુરાવો છે. આ શબ્દો મારા નથી. આ શબ્દો ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ભવાનીસિંઘે આહવામાં કહેલા છે. હું માનનીય માધુભાઈને કહું છું કે આપ જરા એ દિવસની સ્ક્રીપ્ટ જોઈ લેજો. (અંતરાય) હું આવું છું. (અંતરાય) માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી, આપે ચર્ચામાં ભાગ લઈને આ વાત કરી હોત તો હું ચોકકસ જવાબ આપત. (અંતરાય) મને યાદ છે, આપે ચર્ચામાં ભાગ નહીં લઈને મને જે મદદ કરી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી, પ્લીઝ. આપ બેઠા બેઠા ચર્ચા કરો તે ઠીક નહીં, પ્લીઝ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરું છું કે ઈયર ઓફ એકસેલન્સ તરીકે ન્યાય મેળવવાની દિશામાં રાજય સરકારે ૨૦૦૩-૦૪માં ગાંધીનગર કોર્ટની શરૂઆત કરી અને એને ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ આપ્યા. દાહોદની જિલ્લા કોર્ટ આપી અને અમદાવાદ જિલ્લામાં વિરમગામ ખાતે માનનીય સભ્યશ્રી પ્રાગજીભાઈ કહેતા હતા. એમને વિરમગામ ખાતે આસીસ્ટન્ટ જજ અને એડિશનલ સેશન્સ જજની કોર્ટની ત્યાં સ્થાપના કરીને ૩ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કર્યો. ૨૦૦૪-૦૫ માં આ કામ ચાલી રહ્યું છે.

જામનગર જિલ્લામાં કેસોનો ભરાવો ખૂબ હતો, એટલે જામખંભાળીયા ખાતે સંયુકત જિલ્લા ન્યાયાધીશની કોર્ટ આપવામાં આવી. ભાવનગરમાં ભાવનગરના ધારાસભ્યશ્રીની ખૂબ રજૂઆત હતી. ડો. કનુભાઈની એ રજૂઆતના આધારે હું એમ કહી શકું કે ભાવનગરનું એટલું જ આગવું સ્થાન મહુવા, એને અમે સંયુકત જિલ્લા ન્યાયાધીશની કોર્ટની સ્થાપના કરીને એને ચાલુ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ.

ઘણા વર્ષોથી ગુજરાતમાં ન્યાય મંદિરોના ભવનો, જે બ્રિટીશ કાળના હતા. રાજય સરકારે છેલ્લા ૨ વર્ષની અંદર કોર્ટના ન્યાય મંદિરોના ભવનો બનાવવાના ૭૯ કામો ૭૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યા હતા, તે પૈકી ૨૬ કામો પૂર્ણ કરવામાં આવેલા છે અને ૨૮ જેટલા કામો પ્રગતિમાં છે. થોડા વખતમાં એનું લોકાર્પણ થશે. સૌથી મોટી મુશ્કેલી એ થતી હતી કે આપણે ગામમાં ન્યાયાધીશ તો મૂકીએ, એમને રહેવા માટેના સ્ટાફ કવાર્ટર્સ નહોતા. નાણા ખાતાનો હું આભાર માનીશ કે એ માટે અમને છેલ્લા ૨ વર્ષમાં ૧૨ કરોડ રૂપિયા આપ્યા. એ માટે ૩૯ કામો હાથ ઉપર લીધા, એમાંથી ૨૦ પૂર્ણ કર્યા છે.

અમદાવાદ શહેરમાં ૧૦૦ વર્ષ પહેલાનું જૂનું કોર્ટનું બિલ્ડીંગ, ભદ્રની કોર્ટનું બિલ્ડીંગ અને સીટી સિવિલ કોર્ટનું બિલ્ડીંગ, એનું ખાતમુહૂર્ત નકકી થઈ ગયું હતું. ચીમનભાઈના વખતમાં, પણ પુરાતત્વ ખાતાએ વાંધો લીધો અને એ કામ અટકી પડયું. માનનીય અધ્યક્ષશ્રી 'પીઅર્સ' નામના ફ્રેન્ચ આર્કીટેકટ જે અમદાવાદના હેરીટેજ ઉપર ખૂબ મોટો અભ્યાસ કરી રહ્યા છે, એને અમે બોલાવ્યા અને એમણે ખૂબ સરસ મજાની ડિઝાઈન અમને તૈયાર કરી આપી. રાજય સરકારે એની ડિઝાઈન પ્રમાણે સીટી સિવિલ કોર્ટનું એ બિલ્ડીંગ, એનું પુરાતત્વપણું સચવાય, એ રીતે કરવાનું નકકી કર્યુ છે. એ વિચારણા હેઠળ છે અને અઢી કરોડ રૂપિયાનો ખર્ચ એમાં થવાનો છે.

અમદાવાદ શહેરની અંદર મેટ્રોપોલિટન કોર્ટના બિલ્ડીંગનો પાયો દસ વર્ષ પહેલા ખોદાયો હતો. એ કોર્ટ કયારેક મીરઝાપુરમાં બેસાડવી પડે, અત્યારે મેઘાણીનગરમાં ફરતી કરી અને હવે એ મેટ્રોપોલિટન કોર્ટનું બિલ્ડીંગ તૈયાર થઈ ગયું છે. પહેલી મે પહેલાં એનું લોકાર્પણ કરવાના છીએ. ઘણા વર્ષોથી આ પ્રશ્નો અટવાયેલા પડયા હતા. એટલું જ નહીં, પણ અમદાવાદ શહેરનું કલેકટર કચેરીનું બિલ્ડીંગ છે એનું અમે નવીનીકરણ કરી રહ્યા છીએ. હું માર્ગ અને મકાન વિભાગનો આભાર માનું છું કે એમાં ૧૦ ફાસ્ટ ટ્રેક કોર્ટો એક જ કેમ્પસની અંદર શાહપુર વિસ્તારમાં, ત્યાંના મધ્ય વિસ્તારમાં અમે ૩૦ ફોઝદારી કોર્ટોને મે મહિના પહેલા કાર્યરત કરી શકીશું. અમદાવાદ જિલ્લાને એના મકાનો માટે એવું કહેવાયું હતું, પરંતુ હું આજે એની ચર્ચામાં પડવા માગતો નથી કે ગ્રામ્ય વિસ્તારનું એ મકાન કેવું બન્યું હતું અને કોના વખતમાં એ કામ થયું હતું એની ચર્ચામાં હું પડવા માગતો નથી. એ મકાન ભૂકંપમાં ફરી પાછું જર્જરિત થઈ ગયું અને ડિસેમ્બર પહેલાં રૂરલ કોર્ટનું જે બિલ્ડિંગ જે કોર્ટ જૂની હાઈકોર્ટમાં બેસે છે એને અહીં લાવવામાં આવશે અને એ કાર્ય પણ પૂરું કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહીશ કે આ રાજયમાં સૌથી પહેલાં ન્યાય લેવા માટે કોનો અધિકાર છે? તો ગામડાનો ગરીબ માણસ, આદિવાસી છે, છેવાડે રહેનાર માણસ છે એને ન્યાય મળી રહે એના માટે અમે પ્રયત્ન કર્યો છે અને એવા કામમાં હું કહીશ કે શહેરા, ગરબાડા, દેવગઢબારીયા, ડેડીયાપાડા અને સૂરતના માંગરોળનો સમાવેશ થાય છે અને ત્યાં દાહોદની નવી કોર્ટની શરૂઆત થઈ છે. આટલાં કામ આપણે પૂરાં કર્યા છે. મારે માનનીય મુકેશભાઈને પૂછવું છે કે આટલાં વર્ષ આઝાદી પ્રાપ્ત કર્યા પછી ગયાં, ૧૯૬૦ માં ગુજરાતની સ્થાપના થઈ ત્યારપછી આજસુધી કોઈને દાહોદ યાદ ના આવ્યું, કોઈને શહેરા યાદ ના આવ્યું, કોઈને દેવગઢબારીયા યાદ ના આવ્યું અને કોઈને સૂરતના માંગરોળનો આદિવાસી વિસ્તાર યાદ ના આવ્યો, દાહોદને જુદી કોર્ટ આપવાનો વિચાર ના આવ્યો? તો આ તો માત્ર કોર્ટનો વિચાર નહીં, પરંતુ ત્યાં કોર્ટની સ્થાપના થઈ ગઈ છે અને ન્યાયાધીશની પણ નિમણૂક થઈ ગઈ છે, આપસૌને એનો આનંદ થવો જોઈએ કે તમારી જે ઈચ્છા હતી એ પૂર્ણ કરી શકયા નહોતા એ અમે પૂર્ણ કરી શકયા છીએ. તો એના માટેના કોઈ સૂચનો લઈને આવો ને?

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે વિરમગામ બાયડ, મહેસાણા, ડીસા, પાલનપુર, જામનગર, લીંબડી,ગારીયાધાર, ગોધરા, રાજપીપળા, વલસાડ, ઉંમરગામ, ભરૂચ, ભૂજ, નવસારી, અમરેલી, વિસનગર આ બધી જગ્યાએ મકાનોનું લોકાર્પણ કર્યુ છે એના માટે હું આ સભાગૃહ વતી ગુજરાત રાજયના વડા ન્યાયમૂર્તિ શ્રી ભવાનીસીંગનો, તેમની સાથે કામ કરતા બધા જ ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓનો, માનનીય મુખ્યમંત્રીશ્રીનો કે તેમણે આટલાં બધાં સ્થળોએ જાતે જઈને આ મકાનોનું લોકાર્પણ કર્યુ છે. તો આ બધું કાર્ય બે વર્ષમાં થયું છે. ૪૦ વર્ષમાં જે નહોતું બન્યું એ આ બે વર્ષમાં ન્યાય વિભાગમાં કર્યુ છે એની આપને યાદી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હવે બીજું શું બન્યું છે કે જે પડતર કેસો ૪૦ લાખ જેટલા હતા એના માટે કેન્દ્ર સરકારે ૪૯ કરોડ રૂપિયા આપ્યા અને હું ગર્વ સાથે કહું છું કે દેશમાં એક જ ગુજરાત રાજય એવું છે કે જેને રાજયમાં ૧૬૬ ફાસ્ટ ટ્રેક કોર્ટ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારે ૪૯ કરોડ રૂપિયાની ફાળવણી કરી અને ૧૬૬ જેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટ આપણે શરૂ પણ કરી ચૂકયા છીએ. આજે ગુજરાતમાં આ ૧૬૬ ફાસ્ટ ટ્રેક કોર્ટ શરૂ થવાને કારણે ૨૦૦૪ માં જે ગુના બન્યા છે, એ ગુનાઓનું જજમેન્ટ ૨૦૦૫ ના ડિસેમ્બર સુધીમાં આવશે. આટલો ઝડપી કેસોનો નિકાલ, ગંભીર પ્રકારના કેસોના નિકાલ તરફ આપણે જઈ રહયા છીએ અને પરિણામે ગુજરાત હાઈકોર્ટે આ ૧૬૬ ફાસ્ટ ટ્રેક કોર્ટોને હવે વધારાની મોટર વ્હીકલ એકસીડન્ટ કેસોની કામગીરી પણ આપી છે કે જેના માટે આ ગૃહને સૌથી મોટી ચિંતા છે અને એ કામગીરી પૂરી કરવાની દિશામાં આ કામગીરી પણ આ ફાસ્ટ ટ્રેક કોર્ટોને સોંપવાનું નકકી કર્યુ છે અને અમે નકકી કર્યુ છે કે હોઈકોર્ટ જે કહે એ પ્રમાણેનું કાર્ય આપણે કરવું અને આ ૧૬૬ ફાસ્ટ ટ્રેક માટે ૧૬૫ ન્યાયધીશોની નિમણૂક પણ થઈ ગઈ છે અને એક ન્યાયાધીશે રાજીનામું આપવાને કારણે એ નિમણૂક થઈ શકી નથી, પરિણામ એ આવ્યું છે કે ઝડપથી લોકોને ન્યાય મળવા માંડયો છે. કાચા કામના કેદીઓને આપણે પ્રાધાન્ય આપ્યું છે અને એવા કેસોની સંખ્યા ઘટી ગઈ છે. હાલ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં મોટર એકસીડન્ટ કેસો ચલાવાય છે અને ૧૬૬ કોર્ટ માટે મકાનોનું જે કામ થયું છે એમાંથી ૬૭ જેટલાં મકાનો પૂર્ણ થયાં છે અને ૭૫ જેટલાં મકાનો બાંધવાનું ફાસ્ટ ટ્રેક કોર્ટનું કામ ચાલે છે જે મકાનો પણ ટૂંક સમયમાં થઈ જશે.

આ રાજયમાં શિક્ષકોની ભરતી માટેનો ઘણો મોટો આંકડો ૮૦ હજારની ભરતીનો આંકડો આદરણીય શિક્ષણ મંત્રીશ્રી આપી શકે છે, પરંતુ આ વિભાગમાં તો ૨૦૦ જગ્યાઓ ખાલી હોય તો પણ નહોતી ભરાતી. અને ન્યાયમૂર્તિઓની ૨૦૦ જગ્યાઓ ખાલી હોય તો પણ નહોતી ભરાતી, બે ત્રણ જગ્યાઓ ભરવા માટે પણ વર્ષો ચાલ્યા જતા હતા. કેટલી કોર્ટોમાં કેટલા વર્ષોથી કેટલી જગ્યાઓ ખાલી હતી તેની વિગતોમાં હું પડવા નથી માગતો પણ હું વડી અદાલતનો આભાર માનું છું કે અમારા સંકલ્પપત્રમાં અમે કહ્યું હતું કે તાલુકા કોર્ટોમાં જોઈતા ન્યાય મૂર્તિઓની ભરતી કરીશું, અમે ૧૫૭ સિવિલ જજ, ૬૪ આસિસ્ટન્ટ જજ, ૬૩ ફાસ્ટ ટ્રેક કોર્ટના જજની ભરતી કરી છે એટલે હવે પરિસ્થિતિ એવી થઈ છે કે ન્યાયધીશો વિનાની કોર્ટો ગુજરાતમાં રહેશે નહીં. અને એ ન રહે તો કેવું થાય? કે હું જે બજેટ લઈને આવ્યો છું એ બજેટના કારણે ન્યાયતંત્ર અને ન્યાયમૂર્તિઓની અંદર રહેલ ન્યાય આપવાની ભાવના છે તેના માટે રાજય સરકારની કટીબદ્ધતા છે. એટલા માટે નાણા વિભાગનો પણ હું ખૂબ આભાર માનું છું કે અત્યારસુધી ન્યાય વિભાગને કેટલા કરોડ રૂપિયાનું બજેટ મળતું હતું, આપ જયારે હતા ત્યારે ૧૯ કરોડ રૂપિયા કરતાં પણ ઓછું બજેટ હતું. આજે હું ૪૧ કરોડ રૂપિયાનું બજેટ લઈને આવ્યો છું. એટલે ડબલ થયું છે. આ તો મારે એટલા માટે કહેવું છે કે મારી અને બાબુભાઈની મિત્રતા છે ત્યારે કહેવું પડે છે. આ રાજયમાં સૌથી મોટી જે વસ્તુ થવાની છે એમાં (અંતરાય) લાંચ રૂશ્વતની જિલ્લા કક્ષાએ કોર્ટો અમે શરૂ કરી છે એમાં ફરિયાદ કરવી જોઈએ, તમારી સામેની ફરિયાદ હશે તો પણ એમાં આવશે. કટકી બટકી વાળાને હવે કોઈ ચાન્સ રહેવાનો જ નથી. ગુજરાતની પ્રજા જાણે છે, એટલે મારે કંઈ કહેવાની જરૂર નથી. હું જે કહું છું તે એ કે ગુજરાતમાં આપણે જે પ્રકારના શ્રેષ્ઠતમ વર્ષ તરફ

જવા માગીએ છીએ તેના પરિણામે આ વર્ષે જંબુસર, અંકલેશ્વર, વાપી, લીમખેડા, ઈડરમાં નવા મકાનો બનાવવાનું આયોજન સરકારે કર્યુ છે. આ વર્ષે નવી કોર્ટો જે શરૂ કરી છે તેમાં.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટમાં પૂરું કરજો, અશોકભાઈ.

**શ્રી અશોક ભટ્ટ** : પાંચ મિનિટમાં સાહેબ, ઉના, જૂનાગઢ, લીંબડી, ઈડર, કલોલ અને અંકલેશ્વરમાં પણ સિનિયર જજ ડિવિઝનની કોર્ટો શરૂ કરવામાં આવી છે. વલસાડ, વાપી, ઉમરગામ, બાયડ, ખેડા માળીયા હાટીના, વંથલી, આમોદ, આહવા, સમી, લીમખેડા, એવી રીતે કુલ ૨૨ નવા સિવિલ જજ જુનિયર ડિવિઝન અને જે.એમ.એફ.સી.ની કોર્ટો સ્થાપવાનું નકકી કરવામાં આવ્યું છે. એટલે ૧૮૨ ધારાસભ્યોમાંથી એકે એક વિસ્તારમાંથી આવેલ માગણીઓને પરિપૂર્ણ કરવાની દિશામાં અમે આગળ જઈએ છીએ, તેનું ગુજરાતનું ન્યાયતંત્ર સૌથી વધારે ગૌરવ લઈ શકે છે, અને મને પણ ત્યારે સૌથી વધારે ગૌરવ થયું કે હું અને માનનીય મુખ્ય મંત્રીશ્રી ઓલ ઈન્ડિયા ચીફ જસ્ટીસ અને ચીફ મિનિસ્ટરની કોન્ફરન્સમાં ગયા હતા ત્યારે ભારતના સર્વોચ્ચ ન્યાયમૂર્તિ શ્રી લાહોટીએ ગુજરાતનું અભિવાદન કર્યુ કે ૧૯૮૨માં પહેલી લોક અદાલત ઉનામાં થઈ અને આજ સુધીમાં ૪૩૭૮૪ લોક અદાલતો થઈ અને તેમાં લગભગ ૨૨ લાખ કરતાં વધારે કેસોનો નિકાલ કરી શકયા છીએ. એટલે બાવીસ લાખ જેટલા કેસોનો લોક અદાલત દ્વારા ગુજરાતે નિકાલ કર્યો છે. ભાઈશ્રી જગદીશભાઈએ સૂચન કર્યુ છે તેને હું સ્ટેટ લિગલ ઓથોરિટીને કહીશ, અને એથી વધારે હું તો આ સભાગૃહને પણ નિમંત્રણ આપું છું કે કોઈપણ ધારાસભ્ય પોતાના વિસ્તારમાં લોક અદાલત કરવા માગતા હોય તો આ સત્ર પૂરું થાય તે પહેલાં પોતાના વિસ્તારની અંદર કયા તાલુકામાં લોક અદાલત કરવા માગે છે એ જણાવે. હું આવનાર ૨૦૦૫-૨૦૦૬ના વર્ષની અંદર ૧૮૨ વિસ્તારમાં ઓછામાં ઓછી પાંચ લોક અદાલતો કરવા માગું છું અને એમાં હું માનનીય ધારાસભ્યશ્રીઓનો સહયોગ માગું છું.

અહીંયા સરકારી વકીલોની વાત કરવામાં આવી છે. એની નિયુકિત માટે એમાં કાયદો ટાંક્યો છે, એ કાયદાની વાત થઈ છે. જે કાયદો સી.આર.પી.સી. એકટ ટાંક્યો છે એ કાયદા હેઠળ જ થાય છે. એની જિલ્લા કલેકટરશ્રી જાહેરાત આપે છે. જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા કલેક્ટર બે જણા ઈન્ટરવ્યુ લે છે. ઈન્ટરવ્યુ લઈને જે યાદી મોકલે છે એમાં જે ટોપ મોસ્ટ નામ હોય એને મુખ્યત્વે પસંદ કરીએ છીએ. ત્રણ થી વધારે નામો આવતા નથી. એટલે સરકાર કોઈ સરકારી વકીલની નિયુકિતમાં દખલ કરતી નથી.

હું આ સભાગૃહના ધારાસભ્યશ્રીઓએ કરેલ સૂચનનો કાયદા વિભાગ કેટલી ઝડપથી અમલ કરવા માગે છે એની પ્રતીતિ સભાગૃહને કરાવવા માગું છું. આજે સવારની ચર્ચાની અંદર ધારાસભ્યશ્રી જેશાભાઈ બારડે વાત કરી તેઓ અત્યારે હાજર નથી તેઓએ સૂચન કર્યુ હતું એ રીતે આદરણીય ધારાસભ્યશ્રી પ્રાગજીભાઈએ પણ નોટરી અંગેનું સૂચન કર્યુ હતું. નોટરી છે એ જ્યારે સહી કરે અને કેટલી ફી લેવાની એ નકલ મેળવનાર ગામડાના માણસને ખબર હોવી જોઈએ. એ સૂચનનો કાયદા વિભાગે કેટલી ઝડપથી અમલ કર્યો એ કહેવા માગું છું. હમણાં મેં પત્ર લખ્યો છે. આજ સાંજ પહેલા બીજી બેઠક થાય અથવા અત્યારે દરેક ધારાસભ્યશ્રીના ખાનાની અંદર જે આજે સૂચન થયું છે એ અંગેનો પરિપત્ર બહાર પાડીને હું આ સભાગૃહની અંદર મૂકવા માગું છું. એટલે આ સભાગૃહમાં માનનીય સભ્યશ્રીઓ સૂચન કરે છે એ સૂચનને કાયદા વિભાગે પૂરેપૂરું સ્વરૂપ આપીને મૂકવાનો પ્રયાસ કર્યો છે એનો એક નમૂનો જે મૂકવામાં આવ્યો છે એને આ સભાગૃહ આવકારે એટલી વિનંતી છે.

ઈ-ગવર્નન્સની વાત કરું તો ગુજરાત એક પહેલું રાજય છે જેને ઈ-ગવર્નન્સ હાઈકોર્ટની અંદર પૂરો કર્યો છે. હાઈકોર્ટની અંદર એને જોવા બીજા લોકો આવે છે. આવનાર દિવસોમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટો અને તાલુકા કોર્ટોનું કોમ્પ્યુટરાઈઝેશન કરીએ છીએ અને થોડા ટાઇમમાં એ પણ થઈ જશે.

ત્રીજી વાત શેઠી કમિશનના ચુકાદા હેઠળ અંગ્રેજીમાં જજમેન્ટ આપવું પડશે તેવું નથી. ગુજરાતી અને અંગ્રેજી બંનેમાં ભાષાંતર થશે અને આ ભાષાંતર હાઈકોર્ટમાં જશે. અત્યારે અંગ્રેજીમાં ભાષાંતર થશે કારણ કે પાછળથી સમય ન જાય.

કાયદા પંચ દ્વારા બ્રિટિશ તાલીમ કાયદા રદ કરવાનું કામ ઉપાડ્યું છે અને એ કરીએ છીએ. ફરીથી આ મારા પ્રવચન સાથે આ સભાગૃહ દ્વારા હું ગુજરાત વડી ન્યાય અદાલત અને ન્યાયતંત્રનો આભારી છું કે તેઓએ ન્યાયધર્મ સ્વીકાર્યો છે અને પ્રજાએ જેનો અનુભવ કરેલ છે. એ ન્યાયધર્મ ગુજરાતે અપનાવ્યો એને સમગ્ર વિશ્વે અને દેશની અંદર પહેલા ઝડપી ન્યાયધર્મની દિશામાં આગળ વધી રહ્યા છીએ એને અનુરૂપ થવા માટે આ સભાગૃહના જે સભ્યશ્રીઓએ સૂચનો કર્યા છે એનો આભાર માની વિનંતી કરું છું કે એમણે મૂકેલી કાપદરખાસ્તો પાછી ખેંચી લઈને સહયોગ આપશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આઈ. કે.જાડેજા, આપ ૧૨.૫૫ કલાકે આપનું પ્રવચન પૂરું કરજો.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા સભ્યશ્રીઓએ સૂચનો કર્યા છે એટલે જવાબ તો આપવો પડશે.

આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ માર્ગ અને મકાન વિભાગની વિવિધ માગણીઓ અંગે તેમના સૂચનો કરેલાં છે. મોટા ભાગના સભ્યશ્રીઓએ હકારાત્મક સૂચનો કરેલાં છે ત્યારે એ તમામ સૂચનોની હું નોંધ લઉં છું.

૨૦૦૫-૦૬ની માગણીઓ લઈને જ્યારે હું ઉપસ્થિત થયો છું, માર્ગ અને મકાન વિભાગ મુખ્યત્વે રાજયોના માર્ગોના વિકાસ અને જાળવણી, સરકારી મકાનોના બાંધકામ અને નિભાવણીનું કાર્ય કરે છે. આ ગૃહની જાણકારી માટે રાજયમાં ૧૯૬૧માં ચાર પૈડાના વાહનોની સંખ્યા ૩૫,૦૦૦ હતી. ૨૦૦૩ની સાલમાં ચાર પૈડાના વાહનો ગુજરાતમાં ૧૮ લાખ જેટલાં છે. આ માર્ગોના સુવ્યવસ્થિત માળખાની જરૂરિયાતમાં દિનપ્રતિદિન વધારો થતો ગયો છે. માળખાકીય સગવડતાઓ પૈકી માર્ગોની અગત્યતાને ધ્યાનમાં રાખીને ૭૪,૦૧૮ કિલોમીટર માર્ગોનું સુવ્યવસ્થિત માળખું ગુજરાત રાજયે ઉભું કરેલ છે. રાજયના વિકાસની સાથે અન્ય માળખાકીય સુવિધાઓ પણ ઉભી કરવામાં રસ્તાઓ મોખરે રહ્યા છે. આપના મારફત ગૃહને જણાવતા આનંદ અનુભવું છું કે કુલ રાજય ધોરીમાર્ગો પૈકી દ્વિમાર્ગીય અને મધ્યમ માર્ગીય ડામર સપાટી કરવાની કામગીરી આપણી હરોળના અન્ય રાજયો જેવા કે રાજસ્થાન, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટકની સરખામણીએ ગુજરાત રાજય ૭૨ ટકા સાથે શ્રેષ્ઠ સ્થાને રહેલું છે.

સમગ્ર રાષ્ટ્રમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગની કુલ લંબાઈ ૬૫,૫૭૦ કિલામીટર જેટલી રહેલી છે.ગુજરાત રાજયમાંથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગની લંબાઈ ૨,૯૧૦ કિલોમીટર એટલે કે ૪.૪ ટકા જેટલી રહેલી છે. રાષ્ટ્રમાં ફોરલેન-પહોળા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૧.૪ ટકાની સામે ગુજરાતમાં ૩૦ ટકા એટલે કે ૮૭૪ કિલોમીટર રહેલા છે. સમગ્ર દેશમાં પેવ્ડ સોલ્ડર સાથે એટલે કે ૧૦ મીટર પહોળાઈ ધરાવતા રાષ્ટ્રીય ધોરીમાર્ગની સરેરાશ ૪.૬ ટકા જેટલી છે. જેની સરખામણીએ ગુજરાતની રાષ્ટ્રીય ધોરીમાર્ગની પેવ્ડ સોલ્ડર સાથેની ૧૦ મીટર પહોળાઈના રસ્તાઓની લંબાઈ ૩૪ ટકા જેટલી, ૫૭૧ કિલોમીટર રહ્યા છે. રાજયના સર્વાંગી વિકાસ અને ગ્રામ્ય માર્ગોની અગત્યતાને ધ્યાનમાં રાખીને ૨૦૦૫-૦૬ માટે કરવામાં આવેલ આયોજન માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને આપણા સૌ વતી અભિનંદન પાઠવીને ધન્યવાદ વ્યક્ત કરું છું.

૨૦૦૪-૦૫ની સરખામણીએ માર્ગ વિકાસ માટે ૨૦૦૫-૦૬માં ૫૧.૮૬ ટકાના વધારા સાથે રૂા. ૧,૧૨૦ કરોડની નોંધપાત્ર જોગવાઈ સૂચવવામાં આવેલ છે. આ બતાવે છે કે ગુજરાત રસ્તાઓ માટે અગ્રિમ હરોળમાં હોવા છતાં કિસાનથી ઉદ્યોગપતિ અને ગામડાંથી મહાનગર સુધીના સર્વે રસ્તાઓની તમામ પ્રકારની આ બજૅટમાં કાળજી લેવામાં આવી છે. ૨૦૦૫-૦૬માં જે અગત્યના કામો હાથ ધરાનાર છે તેનાથી આ ગૃહને વાકેફ કરું તો માર્ગો માટે રૂા. ૧,૧૨૦ કરોડના આયોજન સાથે વર્ષ ૨૦૦૫-૦૬ના માર્ગ અને મકાન વિભાગના બજૅટમાં મકાનોના બાંધકામ માટે ભૂકંપ પુનઃનિર્માણના મકાનો સહિત રૂા. ૧૬૩.૪૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલી છે. પાટનગર યોજના અને ગુડા માટે થઈને રૂા. ૨૩.૦૮ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. આ જોગવાઈઓ સામે હાથ ધરાનારી અનેક અગત્યની યોજનાઓ છે. અહીં મિત્રોએ પ્રગતિપથ યોજનાનો વિચાર વ્યક્ત કરેલો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના વીઝન ડોકયુમેન્ટ ૨૦૨૦માં બંદરો, ઉદ્યોગો, ખેત ઉત્પાદન અને શહેરી વિસ્તારો, સર્વાંગી વિકાસનો ગ્રોથ, ડ્રાઈવર માટે જરૂરી માર્ગોની માળખાકીય સુવિધાની વિચારણા કરવામાં આવેલ, જેના અનુસંધાને રાજયના હાલના અભૂતપૂર્વ વિકાસને ટકાવી રાખવા માર્ગોમાં મોટા રોકાણની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. રાજયના ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમના આદિજાતિ વિસ્તારો અને અન્ય રાજયોને જોડતા હાઈસ્પીડ કોરીડોર દ્વારા જોડાણનું આયોજન આ બજૅટમાં કરાયેલ છે. પ્રગતિપથ યોજના હેઠળ નવ લાંબા અંતરના કોરીડોર તૈયાર કરવાનો નિર્ણય કરેલ છે. જેમાં પીપાવાવ, અંબાજી, આબુ સુધીનો રસ્તો બનશે. રાધનપુરથી શામળાજી સુધીનો રસ્તો બનશે. નારાયણ સરોવરથી દાહોદ સુધીનો રસ્તો બનશે. દ્વારકાથી ડાકોર સુધીનો રસ્તો બનશે. સુરતથી આહવા સુધીનો, વાપીથી શામળાજી, દહેજ-સાગબારા, દ્વારકા-ભાવનગર, થરાદ-વાવ, નર્મદા ડૅમનો સમાવેશ કરાયેલ છે. અનેક સભ્યશ્રીઓએ જે પ્રમાણે સૂચનો કર્યા છે આ બધા જ રસ્તાઓની ખૂટતી કડી, ટુ લેન હોય તો ટુ લેન વીથ સોલ્ડર, ક્યાંક ટુ લેન હોય તો થ્રી લેન, ફૉર લેન આ પ્રકારની વિકાસની નવી પરિભાષાની તાકાત આપે એ પ્રકારના રસ્તાઓની સાથે એડીશન કરીને,

રાજય ધોરી માર્ગની અંદર ખૂટતી કડી ઉમેરીને આ તમામ ૯ કોરીડોરને અપગ્રેડેશન સિસ્ટમમાં લઈ આવવામાં આવશે. પ્રગતિ પથ યોજના હેઠળ સમાવેશ કરેલા લાંબા અંતરના ૯ કોરીડોરની કુલ લંબાઈ ૩૩૯૯ કિલોમીટર જેટલી થાય છે. જે પૈકી રાષ્ટ્રીય ધોરી માર્ગના ૧૧૦૯ કિલોમીટરના છે. માનનીય વિપક્ષના નેતાએ એક નિવેદન આપેલ કે, આ પ્રકારના રસ્તાઓ તો તમામ રીતે રાષ્ટ્રીય ધોરી માર્ગની રીતે સંકળાયેલા છે. એટલે આ માનનીય ગૃહને વાકેફ કરું છું કે, કુલ ૩૩૯૯ કિલોમીટરના રસ્તાઓમાંથી ૧૧૦૯ કિલોમીટરના રાષ્ટ્રીય ધોરી માર્ગના રસ્તાઓ રહેલા છે. બાકી રહેલ ૨૨૯૦ કિલોમીટરની લંબાઈની સુધારણા તબક્કાવાર આગામી ૩ વર્ષમાં સંપૂર્ણપણે પૂર્ણ કરવાનું અમારું આયોજન છે. આ કાર્ય માટે કુલ ૧૫ કરોડ રૂપિયા ઉપલબ્ધ બનવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ પથ યોજના. વર્ષ ૨૦૦૫ને શહેરી વિકાસ વર્ષ જાહેર કરેલ છે. શહેરી વિસ્તારોમાંથી માર્ગ, મકાન વિભાગ હસ્તકના ૧૪૧ નગરો, મહાનગરો, ઓથોરીટી એમાંથી આશરે લગભગ ૫૫૦ કિલોમીટરની લંબાઈના રસ્તાઓ પસાર થાય છે. શહેરી વિસ્તારોના વિકાસને ધ્યાને રાખી આ માર્ગોની સુધારણાની કાર્યવાહી હાથ ધરાનાર છે. આ શહેરી માર્ગોની જરૂરિયાત મુજબ પહોળા કરવા એટલું જ નહીં પરંતુ એને મજબૂતીકરણ, વરસાદી પાણીના નિકાલ માટે, બંધ, ડ્રેનેજ વ્યવસ્થા, ફૂટપાથ સેન્ટ્રલ વર્ક અને સ્ટ્રીટ લાઈટ સાથેની સુવિધા પણ આપવાનું આયોજન આ ૫૫૦ કિલોમીટરમાં હાથ ધરાનાર છે. આ કાર્ય માટે ૧૫૫ કરોડ રૂપિયા ઉપલબ્ધ બનવાના છે. કિસાન પથની યોજના જે પ્રકારે ગામડાના વિકાસ માટેની અનેકવિધ યોજનાઓ ભારતીય જનતા પાર્ટીની સરકારે મૂકેલી છે એ જ સંપૂર્ણપણે કાર્યાન્વિત થશે. ગામડાઓના રસ્તાઓ માટે માનનીય સભ્યશ્રીઓએ વિચાર વ્યક્ત કર્યો છે. વધુ તાકાત આપવામાં આવે, વધુ સ્ટ્રેન્ધનીંગ કરવામાં આવે તો આ દિશામાં એક નક્કર કાર્ય હાથ ધરી શકાય. એ વિચારને લઈને કિસાન પથ યોજના આ સરકારે આ બજેટમાં સૂચવેલી છે.

ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે ગામોને જોડતા એપ્રોચ રસ્તાઓ તથા તાલુકાના જિલ્લાઓને જોડતા માર્ગોની અગત્યતાને ધ્યાને રાખીને કિસાન પથ યોજના હેઠળ આ માર્ગોની સુધારણા માટે વિચારણા કરેલ છે. ગ્રામીણ માર્ગો દ્વારા ખેત પેદાશ, વહન, આરોગ્ય, શિક્ષણ જેવી સામાજિક જરૂરિયાતોને પણ પરિપૂર્ણ કરી શકાશે. આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, આ યોજના તળે કુલ ૨૦૫ કરોડ રૂપિયા ઉપલબ્ધ બનવાના છે. વિશ્વબૅંકની યોજનાની અહીં વિગતે વાત કરવામાં આવી છે. સન ૨૦૦૪-૦૫માં કામ થયાં છે, એનો હું થોડાક સમય પછી જવાબ આપીશ. પરંતુ વિશ્વબૅંક યોજના હેઠળ ૨૦૦૫-૦૬ દરમિયાન નીચેના રસ્તાઓની કામગીરી ૮૭ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરાનાર છે. આ રસ્તાઓમાં રાજકોટ-આટકોટ ૪૪.૮ કિલોમીટર, ઢસા-અમરગઢ ૪૫ કિલોમીટર, વલ્લભીપુર-વરતેજ ૨૭.૪ કિલોમીટર, રાજપીપળા-નેત્રંગ ૩૮ કિલોમીટર, માંડવી-ખાંટ ૧૨ કિલોમીટર, વાંસદા-બાજુપુર ૫૦ કિલોમીટર અને આ માટે ચોથા તબક્કાની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. આ યોજના માટે બજેટમાં ૪૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ સૂચિત કરેલ છે. રાજ્યભરમાં વિશ્વબૅંક સહાયિત યોજના હેઠળ પૂર્ણ થયેલ કામોથી વાહન-વ્યવહાર માટે ઊભી થયેલી અદ્યતન સુવિધાને કારણે આ પ્રકારના રસ્તાઓ કરવા લોકમત થયેલો છે. જે ધ્યાને રાખીને આગામી વર્ષોમાં બીજા ૬૨૦૦ કિલોમીટરના રસ્તાઓ માટે એક સ્ટ્રેજીક ઓપ્શન સ્ટડી કરવા તજજ્ઞ નિમવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત સન ૨૦૦૫-૦૬માં જે બાબતોનો આ બજૅટની જોગવાઈમાં સમાવેશ કરવામાં આવેલ છે. એમાંની કેટલીક ખાસ બાબતો અહીંયાં જણાવવા માગું છું. કુલ નૅટવર્કની તબક્કાવાર જે પ્રમાણે કાર્યવાહી આગળ ધપી રહી છે. આગામી વર્ષ માટે રૂપિયા ૫ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. ભાગીદારીના ધોરણે રેલવે ઓવર બ્રિજના બાંધકામ માટે ૫ કરોડ રૂપિયાની જોગવાઈ સૂચવવામાં આવી છે. પાટનગર ગાંધીનગરમાં વધુ પ્રૅશરથી પાણી આપવાનો અનેક વખત વિચાર વ્યક્ત થયેલો છે. અને એ સ્થિતિને ધ્યાને લઈને સેકટરોની અંદર જૂથવાર પાણીની ટાંકીઓ બનાવવા માટે રૂા. ૯૨.૫૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

સાત આંતરરાજય અને ૧૦ આર્થિક અગત્યતાના રસ્તાની સુધારણાના રૂા. ૩૪.૮૮ કરોડના મંજૂર કાર્યક્રમના કામો પણ આ વર્ષમાં હાથ ધરાવાના છે. અમદાવાદ નડિયાદ એકસ્પ્રેસ વેના ઉદ્દઘાટન પછી જ્યારે નડિયાદ વડોદરાના એકસપ્રેસ વેનું ઉદ્દઘાટન હતું અને માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા કેન્દ્ર સરકારના માનનીય મંત્રીશ્રી બાલુજી આવ્યા હતા તેમના સમક્ષ માનનીય મુખ્યમંત્રીશ્રીએ વડોદરા સુરત રાષ્ટ્રીય ધોરીમાર્ગને છ લેનનો પહોળો કરવાની રજૂઆત કરેલ. આપના મારફત ગૃહના માનવંતા સભ્યશ્રીઓને જણાવતાં મને આનંદ થાય છે કે આ રસ્તો છ લાઈનનો કરવાનો મંજૂર થયો છે અને અંદાજે રૂા.૧હજાર કરોડના યોજનાની પૂર્વ લાયકાતના પ્રિકવોલીફીકેશનના ટેન્ડરો પણ જાહેર કરવામાં આવેલ છે. તાજેતરમાં નેશનલ હાઈવે માટે કેન્દ્રીય કૅબિનૅટ મળેલી, ગુજરાતની સરકારે જે પ્રમાણે અહીંયાથી સભ્યશ્રીઓએ વિચાર વ્યકત કરેલા છે કે નેશનલ હાઈવે માટે વધુ અને વધુ પૈસા મળે એના માટે રાજય સરકારની રજૂઆત યોગ્ય પ્રમાણમાં રહે. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે કેન્દ્રીય કૅબિનૅટે છેલ્લે જે રસ્તાઓનો દેશની અંદરના રસ્તાઓનો વિચાર વ્યકત કર્યો છે એમાં અમદાવાદ ગોધરા ઈન્દોર રસ્તો ૨૧૧ કિલોમિટરનો, સુરત ધુલીયા રસ્તો ૮૮ કિલોમિટરનો અને જેતપુર સોમનાથ રસ્તો ૧૨૮ કિલોમિટરનો ફોર લેન અને સીકસ લેનનો કરવા માટે સૈદ્ધાંતિક સ્વીકાર કરેલો છે અને ૪૦ ટકા સુધી સબસીડી અંગે આ કાર્યવાહી આગળ ધપાવવાની છે.

૨૦૦૪-૦૫માં જે પ્રમાણેના વિશિષ્ટ કાર્યો કરેલાં છે જે પ્રમાણે અહીંયાથી ઉલ્લેખ કરાયો છે એ મુજબ અમદાવાદ, નડિયાદ, વડોદરા એકસપ્રેસ વે રાજસ્થાન સરહદથી હિંમતનગર અને અતુલથી મહારાષ્ટ્ર સરહદના અનુભાગોને ચાર લાઈન પહોળા કરવાની કામગીરી ગત વર્ષામાં આપણે પૂર્ણ કરેલી છે. હિંમતનગર ચિલોડા સુરત અતુલ ચાર લાઈનના પહોળા કરવાની કામગીરી પૂર્તતાના આરે રહેલી છે. ઉત્તર દક્ષિણ અને પૂર્વ પશ્ચિમ કોરીડોરની યોજનાના ૭ હજાર કિલોમિટરમાંથી જે પ્રમાણે અહીંયા માનનીય સભ્યશ્રીએ લાગણી વ્યકત કરી ૮૪૦ કિલોમિટરનું કામ દેશમાં હાથ ધરાયું છે. વિપક્ષના નેતાએ પણ આ રસ્તા માટે ઉલ્લેખ કરેલો ત્યારે અમે

કહેલું કે આ રસ્તાનું જે ઉદ્દઘાટન થયેલું છે કેન્દ્ર સરકારે અમારી એન.ડી.એ.ની સરકારે આ વાત સ્વીકારેલી છે. મને કહેતાં આનંદ થાય છે કે સમગ્ર દેશની અંદર ૮૪૦ કિલોમિટરના રસ્તાનું કામ શરૂ કરી શકયા છીએ એમાં ૫૮૨ કિલોમિટર ગુજરાતનું કામ આપણે શરૂ કરી શકયા છીએ. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઝડપથી કરાયેલ જમીન સંપાદન યુટીલીટી શીફટીંગ તથા વન પર્યાવરણ મંજૂરીની કામગીરીના કારણે કેન્દ્રમાં આ કાર્ય આપણુ બહુ ઝડપી અને સકસેસ રહ્યું છે. આ યોજનાના ૭ અનુભાગોના રૂા. ૨૫૮૩ કરોડના કામો ટૂંક સમયમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં શરૂ થનાર છે. આ મોટા રોકાણ દ્વારા માળખાકીય સુવિધાઓમાં વધારાની સાથોસાથ આ વિસ્તારમાં ધંધા અને રોજગારીની તકો ઉપલબ્ધ થશે. નવા જાહેર થયેલા રાષ્ટ્રીય ધોરીમાર્ગોની સઘળી વહીવટી પ્રક્રિયા પૂરી કરી ૧૧૫ કિલોમિટર લંબાઈના રૂા. ૧૮ કરોડના ખર્ચે સુધારણાના કામો મંજૂર કરીને એની કામગીરી તાજેતરમાં શરૂ કરવામાં આવેલી છે. ૨૦૦૪-૦૫ દરમ્યાન રાષ્ટ્ર ધોરી માર્ગોની સુધારણાના ૧૦૦ કરોડના કામો મંજૂર કરીને એની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે પ્રમાણે અહીંયાથી વિચાર વ્યકત કરાયો છે ભાવનગર અને સોમનાથના રસ્તા ઉપર ૨૫૬ સાંકડા પુલ અને નાળા હતા એને પહોળા કરવાના પણ રૂા. ૧૨.૫૦ કરોડ મંજૂર કરીને એની કાર્યવાહી શરૂ કરવામાં આવેલી છે જે પ્રમાણે અહીંયાથી મિત્રોએ વિચાર વ્યકત કર્યો છે, ગત વર્ષે આ વિધાનસભામાં જે જાહેરાત કરી હતી એ મુજબ રાજયમાં ૬૦૧૦ કિલોમિટરના રસ્તાઓના કામો હાથ ધરાશે એવી અમે બાંહેધરી આપેલી હતી. આ ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે આ વર્ષ દરમ્યાન ૭૦૭૪ કિલોમિટરના કામો અમે પૂર્ણ કર્યા છે એટલે કે ગત વિધાનસભામાં અમે કહ્યું હતું એના કરતાં પણ વધારે કામો અને ૭૬૧ કરોડના ખર્ચે પૂર્ણ થયા છે. ૨૦૦૫ અને ૦૬માં જે આગામી વર્ષમાં અમારી કાર્યવાહી હાથ ધરાનારી છે જે પ્રમાણે બજેટમાં ૫૧ ટકાથી પણ વધારે આયોજન હાથ ધરાયું છે જે પ્રમાણે અન્ય યોજનાઓનો રાજય સરકાર મહત્તમ ઉપયોગ કરી રહી છે પછી એ વિશ્વબેંકની હોય, સી.આર.એફ. હોય એ.ડી.બી. હોય, નાબાર્ડ હોય, ૨૦૦૫-૦૬માં તમામ રસ્તાઓમાં જે રસ્તાઓ હાથ ધરાવાના છે, એ અત્યાર સુધી ન થયા હોય એટલા રસ્તાઓ એટલે કે ૧૧૧૦૦ કિલોમિટરના રસ્તા અમે વર્ષ ૨૦૦૫-૦૬માં હાથ ધરીશું અને આ રસ્તાઓ પાછળ રૂપિયા ૧૫૩૫ કરોડનો ખર્ચ થવાનો છે.

રાજય ધોરી માર્ગોને જે પ્રમાણે નવી તાકાત પ્રાપ્ત થઈ રહી છે એ સ્થિતિમાં વિશ્વબેંક સહાયિત યોજના અમે આગળ ધપાવી રહ્યા છીએ. આ યોજના ખૂબ જ સંતોષકારક રીતે પ્રગતિ હેઠળ છે અને આ કામમાં જરૂરી અન્ય સુવિધાઓ જેવી કે શહેરી વિસ્તારમાં પાકી ગટરો, રસ્તા, બસ સ્ટેન્ડ, પાર્કિંગની સુવિધા ટ્રાફિકની સુવિધા માટે cross barrier, retroreflecting sign board વગેરેનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજનાઓ પૈકી કુલ ૧૦૩૫ કિલોમિટર લંબાઈના રસ્તાના કામો પૂર્ણ થયાં છે. ૫૭૮ કિલોમિટર લંબાઈના રસ્તાના કામો હાલ પ્રગતિ હેઠળ છે. જે સભ્યશ્રીઓએ વિચાર વ્યક્ત કર્યો છે કે પ્રગતિ કયા પ્રકારની છે? હું સભ્યશ્રીઓને સૂચન કરીશ કે જે વિશ્વબેંકના કામો ચાલી રહ્યાં છે ત્યાં સભ્યશ્રી જોઈ શકે છે. એની પ્રગતિ ઉત્તમ પ્રકારની રહી છે અને વિશ્વબેંકની ટીમે જ્યારે જ્યારે મુલાકાત લીધી છે, મારી પાસે નામો છે, જુદા જુદા દસ જેટલા દેશોના વિશ્વબેંકના સભ્યોએ મુલાકાત લીધી છે એ બધાએ સંતોષની લાગણી વ્યક્ત કરી છે કે સમગ્ર દેશમાં વિશ્વબેંકની જે યોજનાઓ ચાલી રહી છે એ યોજનાઓમાં ગુણવત્તાની દ્રષ્ટિએ, સમયબદ્ધ કામની દ્રષ્ટિએ અને પર્યાવરણની જાળવણીની દ્રષ્ટિએ શ્રેષ્ઠ કામ ગુજરાતે કરેલું છે. વિશ્વબેંકની સહાયથી પુનઃનિર્માણની યોજના હેઠળના ૮૧૬ કિલોમિટરની લંબાઈના સુધારણાની પ્રગતિ હેઠળના કામો ૨૦૦૫માં પૂર્ણ કરવાનું આયોજન થયું છે. નાબાર્ડ યોજના તળે ૪૪ રસ્તા અને પુલો માટે હાથ ધરેલ એમાંથી ૨૪ના કામો પૂર્ણ થયેલાં છે. બાકી ૨૦ કામો છે એમાં પણ સભ્યશ્રીઓની લાગણીને ધ્યાને લઈને એ કામો પણ હાથ ધરવાનો ગત વર્ષે અમે નિર્ણય કરેલો. જે પૈકી ૧૨ રસ્તાની ૨૩૨ કિલોમિટરની લંબાઈની કામગીરી પ્રગતિમાં છે. ૮ ની કામગીરી ટેન્ડરની મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પુલો માટેનો વિચાર અહીંયા વ્યક્ત કરવામાં આવ્યો છે. ૨૯ જેટલા મોટા પુલોની ગત વર્ષે જાહેરાત કરેલી. એમાંથી ૨૪ પુલો વાહનવ્યવહાર માટે ખુલ્લા મૂક્યા છે. એને કારણે ૧૪ જિલ્લા અને ૩૫ તાલુકાઓને જોડતી વાહન વ્યવહારની નવી સુવિધાઓ પ્રાપ્ત થયેલ છે. બાકી રહેતાં પાંચ પુલોને પણ આગામી વર્ષમાં કાર્યવાહી હાથ ઉપર લેવાની છે. વાહન વ્યવહારની જરૂરિયાતને ધ્યાને રાખીને રેલવે ક્રોસિંગના સ્થાને ઓવર બ્રીજ બાંધવાની ગુજરાતમાં અનેક જગ્યાએથી રજૂઆતો થતી હતી. આ ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે સિદ્ધપુર અને આણંદ નજીક ચીખોદરા પાસેના રેલવે ઓવર બ્રીજની કામગીરી પ્રગતિમાં છે. હિંમતનગર અને કલોલના ટેન્ડરો મંજૂર કરવામાં આવ્યા છે. બોરીયાવી, જામનગર, ઉમરેઠ નજીક રેલવે ઓવર બ્રીજમાં ટેન્ડર મેળવેલ છે. જ્યારે સાવલી ઓવર બ્રીજના ટેન્ડર માગવામાં આવેલ છે. કેન્દ્રીય માર્ગ નિધિ હેઠળ ૧૮૮ કિલોમિટરની સુધારણાના ૨૩ કરોડથી વધારે ખર્ચની યોજના મંજૂર કરવામાં આવી છે. આર્થિક રીતે અગત્યના સાત રસ્તાઓને ૮૫ કિલોમિટરની સુધારણાનો રૂપિયા ૧૫.૩૫ કરોડનો કાર્યક્રમ મંજૂર કરીને એનું કામ પણ હાથ ધરવામાં આવ્યું છે.

અહીંયા ગ્રામ્ય માર્ગો માટેનો વિચાર પણ વ્યક્ત કરવામાં આવ્યો છે. ગ્રામ્ય માર્ગોમાં રાજય શ્રેષ્ઠ કનેકટિવિટી ધરાવે છે. આમ છતાં બાકીના ૭૦ ખૂટતાં ગામો છે એમાં વિવિધ પ્રક્રિયા જેવી કે જંગલ ખાતાના પ્રશ્નો વગેરે બાકી રહેલા છે. જે ૧૫ ગામોને મંજૂરી મળેલ છે અને એ કામો હાથ ધરવાનું આયોજન આ વર્ષમાં હાથ ઉપર લેવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૫ દરમિયાન વિવિધ યોજનાઓ હેઠળ ૧૮૩૫ કિલોમિટરના ગ્રામ્ય માર્ગોની સુધારણા કરવામાં આવી છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પણ ૭૬૮ ગામોને બારમાસી ડામર સપાટીથી જોડાણ આપેલ છે. આગામી વર્ષમાં ૧૫૦ ગામોને પણ વધુ કાર્યાન્વિત કરવામાં આવશે. વધુ વરસાદી પાણી ધરાવતા દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પ્રથમ વખત ૪૩ કિલોમિટરના ૨૯ રસ્તા રૂપિયા ૧૧.૪૭ કરોડના ખર્ચે વિવિધ જોગવાઈઓ સાથેની કાર્યવાહી હાથ ધરેલ છે. નાબાર્ડ સહાયિત યોજનામાં વર્ષ ૨૦૦૪-૦૫માં ૨૨૬ કિલોમિટરની કામગીરી રૂપિયા ૨૪.૩૫ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીઓએ આદિવાસી વિસ્તારનો ઉલ્લેખ કરેલ છે. આદિવાસી વિસ્તારમાં પાંચ જિલ્લાના ૫૨ ગામોને જોડતા ૪૯ રસ્તાઓને મેટલ સપાટીમાંથી ડામર સપાટી કરવાની રૂપિયા ૧૦.૩૫ કરોડની યોજનાના કામો પૂર્ણતાના આરે રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જન ભાગીદારી સાથે બંધાયેલા નવા ગામોમાં ૧૦૭ નવા ગામોને જોડાણ આપવામાં આવેલ છે. ૧૧માં નાણાપંચની કેન્દ્રિય સહાયના મહત્ત્મ ઉપયોગ માટે જિલ્લાના ૧૦૯ રસ્તાઓ માટે વિવિધ જિલ્લાના ૧૦૯ રસ્તાઓ માટે ૨૫ ટકા matching grant પણ મંજૂર કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, A.D.B. સહાય યોજના હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારોમાં અને ઉત્તર ગુજરાતના ૧૧ જિલ્લાઓના ૧૭૬૮ કિલોમિટરના ૩૩૩ રસ્તાઓના કામોમાં ૧૦૫ કરોડની સુધારણા યોજના મંજૂર કરવામાં આવેલ છે. આ પૈકી ૧૩૪૦ કિલોમિટર લંબાઈના કામો પૂર્ણ થયા છે. જ્યારે ૪૨૮ કિલોમિટરના કામો ભૌતિક રીતે માર્ચ ૨૦૦૫માં પૂર્ણ કરવાના છે. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે ૭૩૫ જેટલા ગામોને લાભ થનાર છે. મહેસાણા-ગાંધીનગર જિલ્લાના ૪૨ રસ્તાઓને ખાસ કિસ્સામાં ૧૬૫ કિલોમિટરના ૧૦.૩૮ કરોડ રૂપિયાના ખર્ચે સુધારણાની કાર્યવાહી હાથ ધરાયેલ છે. ખાનગીકરણ માટેનો વિચાર અહીંથી વ્યકત કરેલ છે, જે પ્રમાણે સમગ્ર દેશની અંદર ખાનગીકરણના કાર્યમાં ગુજરાતે વિશિષ્ટતા પ્રાપ્ત કરી છે. વડોદરા-હાલોલ અને અમદાવાદ-મહેસાણા પછી આ કાર્યમાં આગળ વધીને ડીસા-પાથવાડા-ગુંદરી ૪૫ કિલોમિટરના રસ્તાને ૧૦ મિટર પહોળો અને મજબૂત કરવાના, હિંમતનગર બાયપાસના ૮.૭ કિલોમિટરના કામોના ટેન્ડરો મંજૂર કર્યા છે. કીમ-માંડવી ૩૮ કિલોમિટરની લંબાઈના ટેન્ડરો આવી ગયેલ છે અને સૂઈગામ-સેંધાણા ૪૨ કિલોમિટર લંબાઈના ટેન્ડરો મંગાવવામાં આવેલ છે આ બધા જ કામો ખાનગીકરણથી હાથ ધરાનાર છે, જેના કારણે રાજ્ય સરકારને આર્થિક ભારણ વગર રાજસ્થાન અને ઉત્તર ભારત સાથેના જે પ્રમાણે વિચાર વ્યકત કરાયા છે એમાં ટૂંકા જોડાણના રસ્તા આપણને પ્રાપ્ત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, અતિ ભારે વરસાદથી નુકસાન પામેલા પૂલ-રસ્તાની મરામતની કામગીરી ઝડપભેર મંજૂરી આપી કામો હાથ ધરાયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહારની અગત્યતા અને થયેલ નુકસાનને ધ્યાને લઈને ફલડ આવ્યાથી ટૂંકા દિવસોમાં ૫૬.૫૩ કરોડના ૭૧૭ કામોને મંજૂરી આપેલ છે, એટલું જ નહિ એ કામો હાથ ધરાયેલ છે.

ગ્રામ વિસ્તારોમાં મરામતના અનેક કામો હાથ ધરાયેલાં છે. ગત વર્ષે રાજ્યના પંચાયત વિભાગના ૯૨૯ કામોના જોબ નંબરો આપવામાં આવ્યા. અહીંથી કેટલાક મિત્રોએ વિચાર વ્યકત કર્યા છે, મારે એમને જણાવવું છે કે ૯૨૯ કામોના જોબ નંબરો આપવામાં આવ્યા એ પૈકી ૮૯૫ કામો એટલે કે ૯૬.૩૪ કામો એજ વર્ષે ચાલુ થયા છે. કોઈપણ કામમાં કોન્ટ્રાકટરને કે અન્ય કોઈ પેમેન્ટ માટેની માથાકૂટ રહેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, નોન-પ્લાનમાં ૧૫ લાખ રૂપિયાના પ્રથમ વખત જોબ નંબરો ફાળવવામાં આવ્યાં છે. કદાચ આ જોબ નંબરો ઓછા હશે. રાજ્યના ૨૬૦૦૦ નોન-પ્લાન રસ્તાઓને પણ ધ્યાનમાં લઈને, પરંતુ આગામી દિવસોમાં સઘનતા સાથે એની પણ વિચારણા જ્યારે જ્યારે આયોજનની દૃષ્ટિએ હાથ ધરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી આગામી વર્ષના આયોજન તરીકે ખાસ મરામતના કાર્યક્રમ હેઠળ હાલમાં જે લોકો પંચાયત વિભાગના ૨૩૦૦ કિલોમિટરના રસ્તાની સુધારણા માટે સભ્યશ્રીઓને ૮૫૭ જોબ નંબરો ફાળવવામાં આવેલ છે અને આ પૈકી ૧૮૯ કામો શરૂ કરવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે વિચારો વ્યકત કરાયા એ મુજબ જે નવા જિલ્લાઓ થયા એની જિલ્લાના જિલ્લા સેવા સદનના કામો પૂર્ણ થયા છે. દાહોદ અને પોરબંદરના ચાલી રહ્યાં છે. નવા જિલ્લાના ૩૭ માંથી ૨૩ મામલતદાર કચેરીમાં કામો પૂર્ણ થયા છે. ૧૪ કામો પ્રગતિ હેઠળ છે. માનનીય અધ્યક્ષશ્રી, અન્ય વિભાગોના ૭૪ જેટલા કામો આ વર્ષે પૂર્ણ કરવામાં આવ્યાં છે અને ૨૪ કામો પ્રગતિ હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાટનગર ગાંધીનગરમાં પણ વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે. ગટરની પણ વધુ સુધારણાના અંતે ૭.૨૮ કરોડના ખર્ચે આ કામગીરીનો બીજો તબક્કો હાથ ધરાયેલ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, માનનીય આઈ. કે. જાડેજા.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : સાહેબ, માગણી પૂરી થાય અને મતદાન પૂરું થાય, માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવા દરખાસ્ત મૂકું છું.

**અધ્યક્ષશ્રી** : સમય લંબાવવામાં આવે છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં નદી કિનારાના ગામોના કોતરોનું ધોવાણ અટકાવવા માટે પણ એક કરોડના ખર્ચે રક્ષણાત્મક કામગીરી પૂર્ણ કરવામાં આવશે. ગાંધીનગર શહેરમાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના પણ પૂર્ણ કરવામાં આવી છે. જળ સંચય યોજનાના ભાગરૂપે ગાંધીનગરના વિભિન્ન સ્થળોએ ૧.૫૨ કરોડના ખર્ચે recharging well ની કામગીરી પ્રગતિમાં રહેલ છે. માનનીય સભ્યશ્રીઓના જ્યાં પ્લોટ આપવામાં આવ્યાં છે એ ગાંધીનગરના સેકટર ૧, ૨, ૭ અને ૮ માં ખાનગી પ્લોટના રસ્તાના ખાનગીકરણ, ગટર અને પાણીની કામગીરી તેમજ મુખ્ય માર્ગો તેમજ ઘ અને છ ઉપર સેન્ટ્રલ વર્ગની કામગીરી પ્રગતિ હેઠળ રહેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ મકાન વિભાગના થોડા નવા અભિગમો માટેનો વિચાર વ્યક્ત કરું તો માર્ગ અને મકાનોની બાબતમાં હયુમન એન્વાયરમેન્ટ એન્ડ સોસિયલ એલીમેન્ટ સંકળાયેલ છે જેની અગત્યતા ધ્યાને રાખી એન્વાયરમેન્ટલ મેનેજમેન્ટ યુનિટ વિભાગમાં શરૂ કરવાનો માર્ગ અને મકાન વિભાગે નિર્ણય કરેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, રોડ સેફટીને ધ્યાને રાખી માર્ગોના વળાંકો અને હાઈ બૅન્ડવાળા રસ્તાઓના સ્થળોએ ક્રેસ બેરીયર મૂકવામાં આવેલ છે. માર્ગો ઉપર સાઇડો સાફ કરવાનું, રોડની સાઇડની ધૂળ ખસેડવાનું અને સાથો સાથ બાવળ દૂર કરવાની કાર્યવાહી પણ હાથ પર લેવામાં આવેલ છે. આજ પ્રકારે માર્ગો ઉપર રહેલા અનધિકૃત દબાણો પણ દૂર કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવેલ છે. છેલ્લા એક-દોઢ મહિનામાં લગભગ ૪૫૦૦ જેટલા દબાણો દૂર કરવામાં આવ્યા છે. હું તમામ સભ્યશ્રીઓનો આભાર માનીશ કે, તમામ સભ્યશ્રીઓએ આ પક્ષના કે વિપક્ષના, તમામ સભ્યશ્રીઓએ આ કાર્યમાં સહયોગ આપ્યો છે કયાંય પણ કોઈ વિરોધ વ્યક્ત કર્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, લાંબા અંતરના માર્ગો ઉપર બિનજરૂરી બમ્પો દૂર કરવાનો પણ નિર્ણય કરવામાં આવેલ છે અને દૂર કરવામાં આવેલ છે. ખાનગી સંસ્થાઓના સહયોગથી અગત્યના જંક્શનોની સુધારણા કરી સુશોભિત કરી વિકસાવવામાં આવી રહ્યાં છે. જળ સંચયની કામગીરી જે અન્ય જગ્યાઓએ થાય એ સરકારી મકાનોમાં પણ દાખલ કરીને લગભગ ૩૧લાખ ચોરસ મીટર છત વિસ્તારને આવરી લેવામાં આવેલ છે. સચિવાલય સંકુલની તમામ સ્ટ્રીટ લાઈટોમાં વીજ બચત કરતા નવા પ્રકારના ફિટિંગો લગાવવામાં આવેલ છે આ ઉપરાંત ગાંધીનગર શહેરના ત્રણ સૅકટરોમાં આ પ્રકારની લાઈટો લગાવવામાં આવેલ છે અને તબક્કાવાર અન્ય સૅકટરોમાં પણ સોલાર લાઈટો અને સોલાર ઉપકરણોના વપરાશ વધારવાનું પણ આ વર્ષ આયોજન કરાયેલ છે. સચિવાલય સંકુલમાં સ્વચ્છ પાણી ઉપલબ્ધ થાય તે માટે પહેલી વખત આર.ઓ. પ્લાન્ટ લગાવવાની કાર્યવાહી પણ પ્રગતિ હેઠળ રહેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરના અગત્યના માર્ગને છ કિલોમીટરની લંબાઈમાં લોક-ઉપયોગી ફૂટપાથ બાંધવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આધુનિક યુગમાં જરૂરી એવી વર્કમેન શીપમાં પણ ફેરફાર કરી અદ્યતન બાબતોના સમાવેશ સાથે મકાનોના બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે. જેવા કે, હૅરીટેજ પ્લાસ્ટર, વિટ્રીફાઈઝ ટાઈલ્સ, છત ઉપર ચાઈના મોઝેક વગેરે બાબતોમાં પણ સમાવેશ કરવામાં આવેલ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા કમ્પ્યુટરાઈઝનના ઉપયોગથી વહિવટી સુધારણા અને રસ્તા-મકાનોના કામની પ્રગતિ, સમીક્ષા ઝડપથી હાથ ધરી શકાય એવી પણ કાર્યવાહી કરવામાં આવેલ છે. તાંત્રિક સક્ષમતા વધારવા અદ્યતન ટૅક્નીકના ઉપયોગ માટે ઈજનેરોને સતત તાલીમ આપવાની કાર્યવાહી કરાય છે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક મિત્રોએ ગુણવત્તા માટેનો વિચાર પણ કર્યો છે. મારે જણાવવું પડશે આ ગૃહને કે કામોની ગુણવત્તાના ઉચ્ચ ધોરણો જાળવવા માટો અમે કટિબદ્ધ છીએ. માર્ગ અને મકાન વિભાગ દ્વારા જે બાંધકામો થાય છે, રસ્તાઓ બને છે તેનું સક્ષમ અને સ્વતંત્ર તજજ્ઞ એજન્સીઓ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે અને એના કારણે અનેક પ્રકારના ફાયદાઓ પ્રાપ્ત થયા છે. ક્યાંક ક્યાંક ત્રણ વર્ષ અને પાંચ વર્ષે ગૅરન્ટી પિરિયડનો પણ અમલ કરવામાં આવ્યો છે. હું ગૃહના સભ્યશ્રીઓને એ વાત જણાવીશ કે કયાંય પણ રસ્તા-મકાનોના કામોમાં કોઈને પણ કોઈપણ પ્રકારની ગેરરીતિ જણાય કે ધ્યાનમાં આવે ત્યારે જો એ મારા ધ્યાને મૂકશે તો ચોવીસ કલાકમાં તુરત જ પગલાં ભરીને અમે ગમે તે વ્યકિત હશે, કાર્યવાહી કરાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની વિવિદ્ય બાબતો અને રજૂઆતો મેં અહીંયા કરેલી છે, માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકેલી છે. કેટલાક સભ્યશ્રીઓએ એમના સૂચનો વ્યક્ત કરેલાં છે. માનનીય સભ્યશ્રી સુનીલભાઈ, શ્રી હરજીવનભાઈ, શ્રી પ્રાગજીભાઈ, શ્રી મહેન્દ્રભાઈ, શ્રી મોહનભાઈ અને શ્રી રણજીતસિંહ વગેરે મિત્રોએ હકારાત્મક સૂચનો કરેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી હરજીવનભાઈએ બનાસકાંઠામાં પી.એમ.જી.એસ.વાય.માં વધુ ગામો જોડવા માટેનો વિચાર વ્યક્ત કર્યો છે, ચોક્કસપણે એનું આયોજન હાથ ધરવામાં આવશે. માનનીય મુ.સભ્યશ્રી બાબુભાઈએ એસ.આર.પી.ના કામો, કયારેય ફૉર લેન માટેનો વિચાર કર્યો છે. હું એમને જણાવીશ કે, એસ.આર.પી.ની યોજના જ્યારે પણ અમલમાં આવી ત્યારથી આજ દિવસ સુધી

એમાં ફૉર-લેનનો વિચાર થયો નથી, ફક્ત મહેસાણા- પાલનપુર ૬૦ કિલોમીટરનો જ વિચાર હતો બાકીના ટુ-લેન વીથ સોલ્ડરની યોજના હતી અને યોજનાનું કામ અમે આગળ ધપાવીએ છીએ. કોન્ટ્રાકટરોને પેમેન્ટ મળતું નથી એવી વાત એમણે મૂકેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા ગૃહના તમામ સન્માનનીય સભ્યશ્રીઓને જણાવવા માગું છું કે હાલની સ્થિતિએ તમામ પ્રકારના કોન્ટ્રાકટ માટેના તમામ બીલો કલીયર થયેલાં છે. કોઈ સભ્યના ધ્યાન ઉપર આવી એક પણ બાબત આવે તો મારા ધ્યાન ઉપર મૂકે તો તરત જ પેમેન્ટ કરાવીશ. કોઈ કોન્ટ્રાકટરનું નિયમાનુસારનું એક પણ બીલ બાકી નથી. ગુજરાત ભવનમાં નવા એનેક્ષીની કાર્યવાહી ચાલુ થઈ રહી છે. જેસાભાઈએ કોર નેટવર્ક અને બાકીના વિચારો વ્યકત કર્યા છે. નામો જે ચાલી રહ્યાં છે એ રસ્તાના નામ આપવાના નથી. રસ્તાની યોજનાના નામ છે. નગરપાલિકામાં બોર્ડ મૂકીએ છીએ એવું રસ્તાનું કયાંય બોર્ડ મૂકવાનું નથી. જે દસ વર્ષથી વધારે રીકાર્પેટના રસ્તા છે એ ગૃહની પ્રશ્નોત્તરી વખતે મેં જણાવ્યું છે લગભગ ૭ થી ૮ વર્ષથી વધારે રીકાર્પેટના રસ્તા આ વર્ષના આયોજનમાં હાથ ધરાય એવા પ્રકારનું આયોજન છે. બહેનશ્રી ચંદ્રિકાબહેને ઘેડ વિસ્તારના રસ્તા માટે એમનો વિચાર વ્યકત કર્યો છે. મારા સાથી સભ્યશ્રી ગોવિંદભાઈએ એમના વિચારો વ્યકત કર્યા છે એમની લાગણી સો ટકા સાચી છે. દક્ષિણ ગુજરાત માટે વિશિષ્ટ ટ્રીટમેન્ટ સાથેના રસ્તાનો વિચાર કર્યો છે. અમે આગામી દિવસોમાં ઘેડ વિસ્તાર માટે આ પ્રકારનો વિચાર કરીને કાર્યવાહી હાથ ધરવા માગીએ છીએ. બલવંતસિંહભાઈએ વડોદરા-સુરત રસ્તાનો વિચાર કર્યો છે. મેં જવાબ આપ્યો એમાં સીકસ લેન રસ્તો હાથ ધરાઈ ગયો છે. જિલ્લા પંચાયતની ગ્રાન્ટમાં કાપ મૂકવામાં આવે છે એવી લાગણી સભ્યશ્રીએ વ્યકત કરી છે. આ ગૃહના તમામ સભ્યશ્રીઓને હું જણાવવા માગું છું કે જિલ્લા પંચાયતની ગ્રાન્ટમાં માર્ગ અને મકાન વિભાગે એક પણ રૂપિયાનો કાપ મૂકયો નથી. ઉલટાનું બે વર્ષથી એમને વધારે રૂપિયા પ્રાપ્ત થયા છે. જયાં કામ ન થતા હોય, અડચણરૂપ થયા હોય, એમાં મોટેભાગે બ્લેક લિસ્ટમાં મૂકવા માટે કે અન્યના રીસ્ક એન્ડ કોસ્ટ ટેન્ડર કાઢવા માટે આ અટકાયત પગલું જિલ્લા પંચાયતમાં રહેલું છે. એટલે બલવંતસિંહભાઈ ધ્યાન આપે જયાં જયાં એમની જિલ્લા પંચાયત રહેલી છે ત્યાં ત્યાં મદદરૂપ બને એવી મારી વિનંતી છે. માલજીભાઈએ રસ્તા માટેના સૂચનો કર્યા છે એને પણ ધ્યાન ઉપર લઉ છું. ભેમાભાઈએ મેટલ રસ્તા પાકા કરવા માટેના વિચારો એમના વકતવ્યમાં લીધા છે. જગદીશભાઈ ઠાકોરે સિંચાઈ અને માર્ગ અને મકાન વિભાગને જોડવાની વાત કરી છે. આ ગૃહના સભ્યશ્રીઓને જણાવતાં હું આનંદ અનુભવું છું કે મેં ગઈકાલે વાત કરી હતી કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સર્વાંગી વિકાસને વરેલા વ્યકિત છે. એ સ્વરૂપમાં રાજયના ૧૫૫૯ એવા કોઝ-વે શોધવામાં આવ્યા છે કે જે કોઝ-વે, કોઝ-વે જ નહીં હોય પણ કોઝ-વે કમ ચેકડેમ હશે. આ કાર્યવાહી સિંચાઈ વિભાગ સાથે રહીને અમે હાથ ધરનાર છીએ. મને વિશ્વાસ છે કે જે પ્રક્રિયા માર્ગ અને મકાન વિભાગે હાથ ધરી છે એ કામગીરીને ધ્યાને લેતાં તમામ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે એમણે મૂકેલી કાપ દરખાસ્તો પાછી ખેંચી લેશે અને માર્ગ અને મકાન વિભાગ સમગ્ર ગુજરાતના વિકાસની સાથે માળખાકીય સુવિધા આપવામાં અગ્રેસર છે એની માગણીને મંજૂરી આપશે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૬, ૭, ૯, ૧૦, ૧૨, ૧૫, ૨૦, ૨૧, ૨૩, ૨૫, ૨૬, ૨૮ અને ૩૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૬૦, ૮૩, ૮૬ અને ૮૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૦૪ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૧૯, ૧૯૨૬**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળ્યું**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### સાંતલપુર તાલુકામાં વહી જતા પાણીથી સિંચાઈ

***૧૨૫૧૮ શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાંતલપુર તાલુકાના રણ વિસ્તારને અડીને આવેલ વૌવા-જાખોત્રા-મહુત્રા-બહુત્રા ડેમો (તળાવો)માંથી રણમાં વહી જતા પાણીને રોકીને સિંચાઈના ઉપયોગમાં લઈ શકાય તેવું છે, અને

(૨) જો હા, તો તે અંગે શું આયોજન છે અને આ તળાવો ઊંડા કરી વેસ્ટ વેટ બાંધવાનું કામ ક્યારે ચાલુ થશે?

**જળ સંપત્તિ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) નાણાકીય ઉપલબ્ધિ મુજબ કામો હાથ ધરવાનું આયોજન છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાંતલપુર તાલુકામાં જે રણને અડીને આવેલ ગામો છે. આ ગામોમાં વરસાદના પાણી રણની અંદર વહી જાય છે, એને અટકાવીને સિંચાઈના ઉપયોગમાં લઈ શકાય, એના માટેનો પ્રશ્ન છે. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આપે જે જવાબ લખ્યો છે. નાણાકીય ઉપલબ્ધિ મુજબ કામ હાથ ધરવાનું આયોજન છે. તો આ વર્ષમાં ચોમાસા પહેલા આ કામ પૂરું થાય એના માટેનું કોઈ નાણાકીય આયોજન કર્યુ છે કે કેમ? બીજો પ્રશ્ન અછત રાહતનાં કામમાં તળાવો ઊંડા કરી જે રાહત કામની અંદર પાળાઓ બાંધ્યા છે. તળાવો સેફ સ્ટેજે....

**અધ્યક્ષશ્રી** : આ તળાવો બંધાયા છે, એ આમાં છે?

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : આ રાહતનાં, અછતનાં કામની અંદર થયેલ છે.

**અધ્યક્ષશ્રી** : એમાં તળાવોનું નહિ આવે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી સાચી છે કે સાંતલપુર તાલુકો એ રણ વિસ્તારની નજીકનો વિસ્તાર છે અને વરસાદ પડ્યા પછી બોર્ડર ઉપરથી પાણી રણમાં વહી જાય છે, એના કારણે બીજી કોઈ સિંચાઈની મોટી અને નાની યોજના નથી. એમણે જે લાગણી વ્યક્ત કરી છે, ત્યાં આગળ જે રણનો વિસ્તાર આવવાથી ત્યાં નજીકમાં આડબંધ બાંધવામાં આવ્યા છે. નીચાણવાળી જમીનમાં વહેણ હોય છે. આડબંધ બાંધીએ છીએ. પ્રશ્નનો જવાબ આપ્યો છે ત્યાં આડબંધ બાંધવાની વ્યવસ્થા કરી શકાશે. એમણે કહ્યું કે આ આડબંધ ચોમાસા પહેલા બાંધવા માગો છો કે કેમ? એમની લાગણી છે, એમાં મારા વિભાગ સાથે મસલત કરતા લાગ્યું છે કે આડબંધ બાંધવાની ખૂબ જરૂરિયાત છે, એટલા માટે સાંતલપુર તાલુકાના વૌવા-જાખોત્રા-મહુત્રા-બહુત્રા ગામના આડબંધ માટે ૧૮૨ લાખનું પ્રોવિઝન સુજલામ્ સુફલામ્ દ્વારા પાટણ જિલ્લો હોવાના કારણે સ્ટોરેજ કરવા માટે અમે બાંધવાનો નિર્ણય કર્યો છે, એટલે ચોમાસા પહેલા હાથ ઉપર લેવાનો નિર્ણય કર્યો છે અને સુજલામ્ સુફલામ્ સાથે જે સેઈફ જગ્યા અછતના વિસ્તારોમાં ત્યાં તળાવો ખોદવામાં આવ્યા છે. એ વિસ્તારમાં અછતની અંદર એનું પૂરેપૂરું સ્ટોરેજ સરખી રીતે કરી શકતા નથી. એના કારણે ઘણા બધા ગુજરાતના વિસ્તારોમાં અછતનાં કામ થયા હોય ત્યાં પાણી ચાલ્યું જાય છે, ત્યાં વેસ્ટ વિયર બાંધવાના હોય છે. સત્તરેક ગામો એવાં છે કે આ કામને લેવા માટે સરકાર સંમત છે.

**શ્રી હરજીવન હી. પટેલ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જ્યારે ગુજરાત સરકાર આવા જે રણમાં આગળ વધતી ખારાશને અટકાવવા માટેનું આયોજન કરે છે, તો સાંતલપુર તાલુકાના આખા તાલુકામાં ઊંડા રણ વિસ્તાર આવેલ છે, વચ્ચે રણ વિસ્તાર છે, તો ચાલુ નાણાકીય વર્ષમાં આડબંધ બાંધીને ખારાશને રોકવા માટે આયોજમાં નાણાકીય જોગવાઈનો સમાવેશ કરવામાં આવ્યો છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : આ સમાવેશ ન હોય તો પણ અમારી સુજલામ્ સુફલામમાં લાભ આપીને સાંતલપુર તાલુકાને આનો લાભ આપી શકાશે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ વૌવા-જાખોત્રા-મહુવા-બહુત્રા ડેમો ક્યારે બન્યા હતા? એના મરામત માટે કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : આ જૂનો ડેમ જાખોત્રા તૂટી ગયો છે. જૂના વખતનો છે. એ ડેમને એટલા માટે બાંધવાની જરૂરિયાત છે કે એ જૂના વખતનો છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : મારે મંત્રીશ્રીનો આભાર માનવો છે. આવડા મોટા પ્રમાણમાં સર્વે વિસ્તારની અંદર પાણી રોકાય, એના માટેની ખાતરી આપી છે આભાર માનું છું. હું માનનીય ત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૨ લાખ રૂપિયાનો ખર્ચ ગયા વખતે કર્યો, સાહેબ આ ચાર-પાંચ વર્ષની અંદર બનેલાં કામ છે. જો તેમાં ૨ લાખ રૂપિયાનો ખર્ચ કરવાથી ૧૦ કરોડ જેટલો લાભ થયો છે, તો આમ કરવાથી કેટલા પ્રમાણમાં કેટલું ઉત્પાદન મળશે તેની પણ માહિતી મંત્રીશ્રી આપી શકશે?

**અધ્યક્ષશ્રી** : આ બાંધવાથી સિંચાઈને કેટલો ફાયદો થશે, કેટલો લાભ થશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અનુશ્રવણ તળાવો, આડબંધ બાંધ્યા છે, તેના કારણે ૮૦ હેકટર જમીન ઉપર તેનો લાભ થશે.

## મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન

***૧૧૦૮૪ શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧).તા. ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ મહેસૂલ વિભાગે છેલ્લા બે વર્ષમાં સરકારી ઠરાવો/પરિપત્રોને સંકલન કરીને બહાર પાડયા છે કે કેમ,

(૨).જો હા, તો કેટલા અને કયા કયા, અને

(૩).જો ના, તો બહાર પાડવાનું આયોજન કરેલ છે કે કેમ?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧).હા,જી.

(૨).સાત, યાદી મુજબ

(૩).પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ મહેસૂલ વિભાગે છેલ્લા બે વર્ષમાં સંકલિત કરીને બહાર પાડેલ ઠરાવો/પરિપત્રોની યાદી.

| અ. નં. | વિષય | ઠરાવ ક્રમાંક/તારીખ |
|---|---|---|
| (૧) | અછત-રાહત અંગેના ઠરાવો/પરિપત્રો સંબંધની પુસ્તિકા. | વર્ષ ૨૦૦૨-૨૦૦૩ના અછત રાહત અંગેના ઠરાવો. |

| | |
|---|---|
| (૨) સરકારી જમીનની જાળવણી કરવા તેમજ તેના પર થતું અનધિકૃત દબાણ અટકાવવા બાબત . | તા. ૧૬-૧૦-૨૦૦૪નો ઠરાવ ક્રમાંક : અદજ-૧૦૨૦૦૨-૧૬૬૭-ભાગ-૨-લ. |
| (૩) બીનખેતીના હેતુ માટે સરકારી પડતર જમીન આપવા બાબત. | તા. ૬-૬-૨૦૦૩નો ઠરાવ ક્રમાંક : જમન-૩૯૨૦૦૩-૪૫૪-અ. |
| (૪) ન ખેડી શકાય તેવી સરકારી પડતર જમીનોના વકાસ માટેની રાષ્ટ્રીય યોજના. | તા. ૧૦-૬-૨૦૦૩નો ઠરાવ ક્રમાંક : જમન-૩૯૨૦૦૩-૪૫૪-(૨)-અ. |
| ફળઝાડ અને અન્ય વૃક્ષના ઉછેર માટે આપવા ઉપરાંત કપાસ તથા અન્ય પાકોના વાવેતર માટે આપવા બાબત. | તા. ૧-૧૧-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક :જમન-૩૯૨૦૦૩-૪૫૪-(૧)-અ. |
| (૫) ખેતી વિષયક હેતુ માટે સરકારી પડતર જમીનના નિકાલ બાબત. | તા. ૧-૧૨-૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃ હકપ-૧૦૨૦૦૩-૨૭૨૭-જ. |
| (૬) હક્કપત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) અદ્યતન રાખવા બાબત. | તા. ૧૮-૧૨-૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃ નશજ-૧૦૨૦૦૩-૨૬૦૦-જ. |
| (૭) વિક્રિયાદી નિયંત્રિત (નવી અને અવિભાજ્ય શરતે) ખેતીના હેતુ માટે ધારણ કરાતી જમીનો બાબતના સરકારી હુકમોનું સંકલન. | |

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વિવિધ કુલ કેટલા ઠરાવોનું સંકલન કરવામાં આવ્યું?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ ખૂબ જ વિશાળ કામગીરી કરતો વિભાગ છે તેના ઉદ્દેશો અને હેતુઓ સિદ્ધ કરવા માટે તલાટીથી માંડી ગાંધીનગર સુધી કદાચ કેબિનેટ સુધી નિર્ણય લેવા જવું પડે છે. અનેક કાયદાઓનું અમલીકરણ કાયદા મુજબ કામગીરી ચાલે તેના માટે વર્ષોથી જે કાયદાઓ છે, ઠરાવો, પરિપત્રો છે આ બધાના સંકલનનું કામ આ વિભાગ દ્વારા બે વર્ષમાં એક પ્રભાવી કહી શકાય તેવી કામગીરી કરવામાં આવી છે. સૌ પ્રથમ સાત પરિપત્રો, ઠરાવોનું સંકલન કરવામાં આવ્યું છે. ૨૦૦૨-૨૦૦૩માં જયારે સ્કેર સીટી ડીકલેર કરી ત્યારે અછતના કામો માટે, રાહતના કામોની સહાય માટે અનેક જી.આર. કરવામાં આવ્યા હતા. તેની એક બુકલેટ બહાર પાડી હતી એટલે આ જી.આર.ને આધારે લોકોને સહાય મેળવવામાં મુશ્કેલી ન પડે. એવું એક કામ તે વખતે કર્યુ હતું. બિનખેતીના હેતુ માટે સરકારી પડતર જમીન આપવા બાબતના ૭૫ જેટલા ઠરાવો, પરિપત્રો ને એક કરી તા. ૬-૬-૨૦૦૦ સુધી સંકલન કરીને એક ઠરાવ બહાર પાડયો છે. તે પ્રમાણે ન ખેડી શકાય તેવી સરકારી પડતર જમીનોના વિકાસ માટે આઠ જેટલા...

**અધ્યક્ષશ્રી** : માહિતી આપેલ છે. માહિતી છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફીગર આપું છું. ૭૫ જેટલા હતા તેમાંથી એક ઠરાવ કર્યો છે. વર્ષો જૂના હતા. ૨૫-૩૦ વર્ષ પહેલાંના હતા. તે જ રીતે ખેતી વિષયક ૧૯ જેટલા ઠરાવો હતા તેનો એક ઠરાવ કર્યો છે. રેકર્ડ ઓફ રાઈટસના ૯૦ જેટલા ઠરાવો,પરિપત્રો હતા તેમાંથી એક કર્યો છે. તે જ રીતે નવી શરત અને જૂની શરત માટે ૧૩૨ જેટલા પરિપત્રો/ઠરાવો બહાર પાડવામાં આવ્યા હતા. તેના બદલે એક ઠરાવ કર્યો છે. ૪૦-૪૦ વર્ષ જૂના ઠરાવો પરિપત્રોનું સંકલન કરવા માટેની વાત છે. આ જ રીતે સરકારી જમીન બાબતના સાત જેટલા ઠરાવો હતા તેમાંથી એક ઠરાવ કર્યો છે. નજીકના ભષ્વિયમાં આદિવાસી વિસ્તારોમાં આદિવાસી દ્વારા ધારણ જમીન છે તેના માટે એક સંકલિત ઠરાવ અમે બહાર પાડવા જઈ રહયા છીએ. છેલ્લા ૪૦ વર્ષમાં આ વિભાગ દ્વારા અમલીકરણ કરવા માટે જી.આર., પરિપત્રો જે કર્યા છે તેનું સંકલન કર્યુ છે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂકંપ પછી કચ્છમાં સરકારી જમીન ઉપર અનેક ગરીબ માણસો ઝૂંપડાં બાંધીને રહે છે તે ઝૂંપડાં સરકાર તોડી પડાવી દબાણ દૂર કરાવે છે પરંતુ પ્રશ્ન એ છે કે સરકારી જમીન ઉપર કેટલાક ઉદ્યોગપતિઓ આવી ગયા છે સરકાર તેને ખાલી કરાવવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : નો, નો, આમાં કયાં આવે ? પ્લીઝ બેસો, માનનીય કુંવરજીભાઈ બાવળીયા,

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી જમીન ફાળવવા માટે તેમજ તેના ઉપર થતા અનધિકૃત દબાણ અટકાવવા બાબતના પરિપત્ર થયેલ છે. તે બાબતે કહેવા માગું છું કે જે જિલ્લા તાલુકાની અંદર સરકારી જમીનની ફાળવણી કરવા અને તેના ઉપર થતા અનધિકૃત દબાણ અટકાવવા માટેના આ

પરિપત્રના અનુસંધાને રાજકોટ જિલ્લાના કયા તાલુકામાં આના ઉપર શું કાર્યવાહી કરવામાં આવી? અને બીજો મારો પ્રશ્ન એ છે કે, અનધિકૃત રીતે થતા દબાણ અટકાવવા માટે જે જિલ્લા કે તાલુકાના સક્ષમ અધિકારીઓએ આ અનધિકૃત દબાણ અટકાવવાની કાર્યવાહી નથી કરી તેવા અધિકારીઓ ઉપર સરકારે શું પગલાં લીધાં છે? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું પરિપત્ર નંબર બે ટાંકેલો છે એના અનુસંધાને વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આ પ્રશ્ન તો માત્ર પરિપત્રોનું સંકલન કરવા અંગેનો છે, એટલે આપ જે પ્રશ્ન પૂછો છો, એ આમાં નહીં આવે, નેકસ્ટ.

## ખાંભા તાલુકામાં સર્વે નંબર ૧૮૨ની જમીનનો વિવાદ

***૧૦૯૯૪ શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખાંભા તાલુકાના વાંગધ્રા ગામે સર્વે નં. ૧૮૨ની જમીન સરકારી માલિકીની છે તે ખરું છે,

(૨) જો હા, તો આ જમીન ખાનગી વ્યકિતના નામે ચડાવવા માટે કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ,

(૩) આ ગેરકાયદેસર કાર્યવાહીમાં કોણ કોણ જવાબદાર અધિકારી સંકળાયેલા છે, અને

(૪) તેમની સામે તપાસ કરી શું પગલાં લેવામાં આવેલ છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) હા,

(૨) હા,

(૩) અને (૪) આ બાબત તપાસ હેઠળ છે.

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, ખાંભા તાલુકાના વાંગધ્રા ગામે સરવે નંબર ૧૮૨ની જમીન સરકારી માલિકીની છે તે ખરું છે, તે પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ હા જવાબ આપ્યો છે. ત્યારે હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ સરકારી જમીન ખાનગી વ્યકિતના નામે ચડી છે, એની સામે શું પગલાં લેવામાં આવ્યાં અને સાથોસાથ મારો એ પણ પ્રશ્ન છે કે, આ જે અધિકારીઓ કે જેમણે આ જમીન જેના નામે કરી છે એના ઉપર શું પગલાં લીધાં છે, એ હું જાણવા માગું છું.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખાંભા તાલુકાના વાંગધ્રા ગામે સરકારી બીડની જમીન ખાનગી નામે ચડાવવાની વાત માનનીય ધારાસભ્યશ્રીના તા. ૫.૩.૨૦૦૧ના પત્રથી અમારા વિભાગને એની પૂરતી માહિતી મળી છે, આ માહિતી મળ્યા પછી તરત જ એમાં ગેરરીતિ થવાની જે કંઈ બાબત હોય એમના પત્ર દ્વારા જે આવી હતી એમાં રાજય સરકારે તપાસના આદેશો આપ્યા છે, તા. ૧-૬-૨૦૦૧ના નાયબ કલેક્ટરના કબજાથી પ્રમાણપત્ર આપતી નોંધ રદ કરવાની સૂચના આપી છે, પછી તા. ૨-૮-૨૦૦૪ સુધી સમગ્ર મેટર કોર્ટ મેટર બની, તા. ૨-૮-૨૦૦૪ના રોજ માનનીય ધારાસભ્યશ્રીએ ફરી રજૂઆત અમારી સમક્ષ કરી એ પછી તા. ૧૮-૮-૨૦૦૪ના રોજ મહેસૂલી તપાસણી કમિશનરશ્રીને આખી તપાસ સોંપવામાં આવી અને તા.૩-૯-૨૦૦૪ના રોજ ૭૩૩ નંબરની એન્ટ્રી રદ કરવામાં આવી, રિવિજનમાં લઈને અને તા. ૭-૩-૨૦૦૫થી એન્ટ્રી રદ કરીને કલેક્ટરે આ જમીન સરકારી હેડે દાખલ કરી છે.

**શ્રી કાળુભાઇ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ જમીનનો કબજો ક્યારે કરવામાં આવ્યો અને હક્કપત્રમાં એન્ટ્રી એ પડી, આ જમીનનો ઉપયોગ અત્યારે શું કરવામાં આવે છે અને બીજું, આ જમીન ઉપર કબજામાં કૂવો હોય કે મકાન હોય એવું કંઈ છે કે કેમ ? અને જે અધિકારીઓએ આ કર્યુ છે એના ઉપર અત્યાર સુધી કેવાં પગલાં લેવામાં આવ્યાં, જે અધિકારીઓ ખોટું કર્યુ હોય એની સામે..?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર પાસે આ સમગ્ર બાબતની માહિતી આવી ત્યારે આ સમગ્ર ૫૦૬ એકર જમીન આ ગામની, ૧૯૫૯માં એ સરકારી બીડની જમીન હતી, આ ખાનગી માલિકીના નામે ૧૯૬૧માં કરવામાં આવી હતી. ૧૯૬૦માં એમાં પ્રોમલગેશન કરવામાં આવેલ, એ વખતે બીડની જમીન હતી, એટલે એ જમીન સરકાર હસ્તક ૧૯૬૦માં કરવામાં આવી, એની સામે ૨૦૦૦ની સાલમાં જે અરજદારો હતા, ચોપરાજભાઈ, એમણે આ જગ્યા નાયબ કલેક્ટર પાસે આટલા વર્ષોનો એમનો કબજો હતો એ કબજાની એન્ટ્રી પાડવા એમણે રજૂઆત કરી, આ સમગ્ર બાબત આવ્યા પછી કલેકટરશ્રીએ તા. ૭-૩-૨૦૦૫ના રોજ આ સમગ્ર કાર્યવાહી કૅન્સલ કરી, કોર્ટ મેટર હતી એ કોર્ટ મેટરનો પણ નિર્ણય આવ્યો અને આજે આ જમીન સરકારી હેડે છે અને આ જમીનમાં જે કોઈ લોકોએ ગેરરીતિ કરી છે એમાં નાયબ કલેક્ટર અકુવાલા અત્યારે એ હાલ અધિક કલેક્ટર છે એની સામે પણ જીએડી દ્વારા ખુલાસો માગવામાં આવ્યો છે, તલાટીને કદાચ મામલતદારના હુકમના અનુસંધાને તલાટીએ પણ ખોટું કર્યુ છે એટલે તલાટીની સામે પણ કાર્યવાહી કરવાના હુકમ કર્યા છે. નાયબ મામલતદાર અને મામલતદાર, એમનો પણ વીજીલન્સને રેફરન્સ કરવામાં આવ્યો છે વીજીલન્સના આધારે મામલતદાર અને નાયબ મામલતદારની સામે પણ કાર્યવાહી કરવાના આદેશો આપવામાં આવ્યા છે.

**ડો. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે એમાં ૫૦૬ એકર જમીન માટે માનનીય ધારાસભ્યશ્રીની રજૂઆત પછી આ કાર્યવાહી કરવામાં આવી છે, એટલે જો ધારાસભ્યશ્રીએ રજૂઆત ન કરી હોત તો આ કાર્યવાહી પણ ન થઈ હોત ત્યારે જે અધિકારીઓએ પ્રજાનું રક્ષણ કરવાનું છે એ જ ભરણ કરતા હોય તો એમની સામે તપાસ કરવાને બદલે એમને તાત્કાલિક સસ્પેન્ડ કરી અને પીબીએમ જેવા કેસ કરીને એમની સામે પગલાં લેવા માગો છો કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ કેસમાં સરકાર ઢીલી નીતિ અપનાવશે નહીં, જે કોઈ દોષિત છે એની સામે કાર્યવાહી કરવામાં આવશે. માનનીય ધારાસભ્યશ્રીની જે રજૂઆત આવી ૨૦૦૧માં એની પહેલા ૨૦૦૦ની સાલમાં નાયબ કલેકટર અકરુવાલાએ જે કામગીરી કરી હતી એની સામે કલેકટર દ્વારા તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી હતી પણ ૭-૩-૦૫ના રોજ જે એન્ટ્રીઓ પાડી હતી એ એન્ટ્રી પાડવામાં આવી છે એની માહિતીના આધારે પગલા લેવાનું ચાલુ કરવામાં આવ્યું છે અને કોઈ પણ વ્યકિતને સરકાર તરફથી છોડવામાં આવશે નહીં.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી જમીન ઉપર દબાણ કરીને એન્ટ્રી પડાવનાર વ્યકિત સામે કાર્યવાહી કરીને ૪૩૩ નંબરની એન્ટ્રી રદ કરવામાં આવી છે પરંતુ પ્રત્યક્ષ કબજો સરકારશ્રીએ લીધો છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોર્ટ મેટરની વાત કરી તેમ ૭-૩ ની એન્ટ્રીઓ રદ કરી છે અને આની કાર્યવાહી તાત્કાલિક પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી છે અને નાયબ કલેકટર છે એની વિરુધ પગલાં લેવા માટે જી.એ.ડી. એ કાર્યવાહી કરી છે. આ પ્રકરણ તાત્કાલિક પૂરું થાય એ રીતે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકરણ ૧૯૫૯ની સાલનું છે અને ૨૦૦૦ની સાલથી સમગ્ર કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જણાવવામાં આવ્યું છે કે નાયબ કલેકટર સામે પગલાં લેવામાં આવ્યા છે. તો મારે એ જાણવું છે કે એ નાયબ કલેકટરને પ્રમોશન આપવામાં આવ્યું છે કે કેમ? અને જો એને પ્રમોશન આપવામાં આવ્યું હોય તો એની સામે પગલાંનો અર્થ શું થયો? કેમ કે નાયબ કલેકટર અધિક કલેકટર બની ગયા છે તો પગલાં લેવા માટે એનું પ્રમોશન અટકાવવું જોઈએ તો એ કેમ થયું નથી?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીના સૂચન પ્રમાણે એને પ્રમોશન આપવામાં આવ્યું છે કે કેમ એની માહિતી નથી પણ જે ચાર લોકો સંકળાયેલા છે એની સામે પગલા લેવામાં આવ્યા છે.

## ગ્રાહકોના હિતોની જાળવણી માટેનાં પગલાં

***૧૦૬૬૭ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

ગ્રાહકોના હિતોની જાળવણી માટે કાયદા, નિયમોની ગ્રાહકોને જાણકારી મળે તે માટે સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવે છે?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી:**

હા, જી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, ગ્રાહક પ્રવૃત્તિને અસરકારક બનાવવા માટે સરકારનું શું આયોજન છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા ઘણા બધા વિભાગોમાં સુંદર કામગીરી થઈ રહી છે એમાંની એક સુંદર કામગીરી ગ્રાહક સુરક્ષાની બાબતમાં રાજય સરકાર કરી રહી છે. આખા દેશમાં ગુજરાત અને આંધ્રપ્રદેશ બે એવા રાજયો છે જેનો જર્મન સરકારે ૨૦૦૫નો પાયલોટ પ્રોજેકટ હાથમાં લીધો છે. આમાં ગુજરાતની પસંદગી કરી છે. ગ્રાહક સુરક્ષા અને હિતોનું રક્ષણ કરવા માટે રાજયની અંદર બીજા રાજયોની સરખામણીમાં જે કામગીરી થઈ છે એની અંદર આ પસંદગી કરવામાં આવી છે. માનનીય ધારાસભ્યશ્રીએ માહિતી માગી છે એ પ્રમાણે ગ્રાહક સુરક્ષા અને મળતી સુવિધા મેળવવા માટે એ અરજી કરે છે એનો વહેલામાં વહેલીતકે નિકાલ થાય એવા કેન્દ્ર સરકારના અને રાજય સરકારના ૨૮ કાયદાઓ છે. ગ્રાહક સુરક્ષા માટે ગ્રાહક હકો અંગે તેમનામાં જાગૃતિ આવે અને રક્ષણ થાય એ માટે આજની તારીખે ૨૩ જિલ્લાઓમાં ગ્રાહક સુરક્ષા મંડળો અસ્તિત્વમાં છે. એજ રીતે તાલુકા કક્ષા સુધી ગ્રાહક સુરક્ષાની કામગીરી પહોંચે એના માટે ૧-૭-૨૦૦૪ થી આ સમગ્ર કામગીરીને નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન સાથે જોડી દેવામાં આવી છે. દરેક જિલ્લામાં ગ્રાહક સુરક્ષાની કામગીરી માટે નોડેલ અધિકારી તરીકે અધિક કલેકટરની નિમણૂક કરવામાં આવી છે. કન્ઝયુમર્સ વેલફેર ફંડ યોજના કરવામાં આવી છે અને એમાં ૫૦ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ૨૯-૧-૨૦૦૪થી કલેકટરની અધ્યક્ષતામાં ગ્રાહક સુરક્ષા પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે અને વિદ્યાર્થી કાળથી જ લોકોને ગ્રાહકની સમજુતી અને માહિતી મળે અને એની સુરક્ષા માટેના શું શું

કાયદા છે એના માટે ધોરણ ૬ અને ધોરણ ૯માં સમાજશાસ્ત્ર વિષયમાં આ વિષય દાખલ કરવામાં આવ્યો છે. ઈન્દિરા ઓપન યુનિયવર્સિટી તથા આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ૬ માસનો કોર્ષ દાખલ કરવામાં આવ્યો છે. એટલે ગ્રાહકોના રક્ષણ માટે ઘણી બધી કાર્યવાહી કરી છે.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાહકોની સુરક્ષા માટે જે કાર્યવાહી કરવામાં આવે છે એમાં ગ્રાહક મંડળો રચવામાં આવ્યા છે એ ગ્રાહક મંડળોની રચના કેવી રીતે કરવામાં આવે છે?

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, આ પ્રશ્ન આમાં નહીં આવી શકે.

**શ્રી કાંતિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાહક મંડળોની રચના કરી એ ખૂબ સારી વ્યવસ્થા છે પણ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા ગ્રાહક મંડળો ચાલે છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની જુદી માહિતી નથી પણ રાજય લેવલે ૫૦ ગ્રાહક મંડળો કાર્યરત છે.

**શ્રીમતી રમીલાબેન બે. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, માનનીય મંત્રીશ્રીએ અછત/રાહત અંગેના ઠરાવો- પરિપત્રો સંબંધની પુસ્તિકા બહાર પાડેલ છે એવી જ રીતે ગ્રાહકોના હિત જળવાય એના માટે કાયદાના જે નિયમો છે એની પુસ્તિકા બહાર પાડવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : સૂચન છે. પ્રયાસ કરીશું એમાં.

**અધ્યક્ષશ્રી** : એમાં પ્રયાસ નહિ આવે હા કે ના એમ કહો.

### જેતપુર તથા ગોંડલમાં ગૌચરની જમીન ઓછી હોવા અંગે

***૮૨૨૪ શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) જેતપુર તથા ગોંડલ તાલુકામાં ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ કયા કયા ગામમાં ગૌચરની જમીન ઓછી છે,

(૨) ગૌચર જમીન ઘટી જવાના શા કારણો છો, અને

(૩) ખૂટતી જમીન પ્રાપ્ત કરવા શી કાર્યવાહી થઈ છે?

**મહેસૂલમંત્રીશ્રી**

(૧) પત્રક મુજબ

(૨) કારણો:-

૧) પશુધનની સંખ્યામાં વધારો થવાથી,

૨) જાહેર હેતુ માટે ઉપયોગમાં લેવાથી

૩) વનીકરણ માટે જરૂર પડવાથી

(૩) આ અંગે ગ્રામ પંચાયત તરફથી કોઈ રજૂઆત કે માગણી સક્ષમ અધિકારી સમક્ષ રજૂ થયેલ ન હોઈ કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | |
|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ |
| ૧ | જેતપુર | ૧ | અકાળા |
| | | ૨ | અમરનગર |
| | | ૩ | અમરાપર |
| | | ૪ | આર બટીબટી |
| | | ૫ | કાગવડ |
| | | ૬ | કેરાળી |
| | | ૭ | ખજુરી ગુંદાળા |
| | | ૮ | ખારચીયા |
| | | ૯ | ખીરસરા |
| | | ૧૦ | ચારણ સમઢીયાળા |
| | | ૧૧ | ચાંપરાજપુર |
| | | ૧૨ | જુની સાંકળી |
| | | ૧૩ | જેપુર |
| | | ૧૪ | જાંબુડી |
| | | ૧૫ | ડેડરવા |

| | | | |
|---|---|---|---|
| | | ૧૬ | થાણા ગાગોલ |
| | | ૧૭ | દેરડી |
| | | ૧૮ | દેવકીગાલોલ |
| | | ૧૯ | નવાગઢ |
| | | ૨૦ | નવી સાંકળી |
| | | ૨૧ | પીઠડીયા |
| | | ૨૨ | પીપળવા |
| | | ૨૩ | પેઢલા |
| | | ૨૪ | પ્રેમગઢ |
| | | ૨૫ | પાંચ પીપળા |
| | | ૨૬ | બોરડી સમઢીયાળા |
| | | ૨૭ | ભેડાપીપીળીયા |
| | | ૨૮ | મેવાસા |
| | | ૨૯ | મોટા ગુંદાળા |
| | | ૩૦ | મોણપર |
| | | ૩૧ | મંડલીકપુર |
| | | ૩૨ | રબારીકા |
| | | ૩૩ | રેશમડીગાલોલ |
| | | ૩૪ | લુણાગરી |
| | | ૩૫ | વાડાસડા |
| | | ૩૬ | વાળાડુંગરા |
| | | ૩૭ | વીરપુર |
| | | ૩૮ | સ્ટેશનવાવડી |
| | | ૩૯ | સરધારપુર |
| | | ૪૦ | સેલુકા |
| | | ૪૧ | હરીપર |
| | | ૪૨ | જેતપુર |
| ૨ | ગોંડલ | ૧ | મુંગાવાવડી |
| | | ૨ | ગુંદાસરા |
| | | ૩ | પીપળીયા |
| | | ૪ | ભરૂડી |
| | | ૫ | દાળીયા |
| | | ૬ | વાળાધરી |
| | | ૭ | પાટીયાળી |
| | | ૮ | હડમતાળા |
| | | ૯ | સીધાવદર |
| | | ૧૦ | મહીકા મોટા |
| | | ૧૧ | ભુણાવા |
| | | ૧૨ | શેમળા |
| | | ૧૩ | બીલીયાળા |
| | | ૧૪ | મહીકા નાના |
| | | ૧૫ | લુણીવાવ |
| | | ૧૬ | કોલીથડ |
| | | ૧૭ | બેટાવડ |
| | | ૧૮ | વણથલી |
| | | ૧૯ | મેસપર |
| | | ૨૦ | હડમડીયા |

| | | | |
|---|---|---|---|
| | | ૨૧ | ગરનાળા |
| | | ૨૨ | વેજાગામ |
| | | ૨૩ | ઉમવાડા નાના |
| | | ૨૪ | ઉમવાડા મોટા |
| | | ૨૫ | નાગડકા |
| | | ૨૬ | પાચયાવદર |
| | | ૨૭ | ખાંડાધાર |
| | | ૨૮ | અનીડા |
| | | ૨૯ | ડૈયા |
| | | ૩૦ | ત્રાકુડા |
| | | ૩૧ | પડવલા |
| | | ૩૨ | વેકરી |
| | | ૩૩ | પાટીદડ |
| | | ૩૪ | ગુંદાળા |
| | | ૩૫ | જામવાડી |
| | | ૩૬ | રૂપાવટી |
| | | ૩૭ | ધોધાવદર |
| | | ૩૮ | બંધીયા |
| | | ૩૯ | કટોલીયા |
| | | ૪૦ | વોરાકોટડા |
| | | ૪૧ | ચોરડી |
| | | ૪૨ | ચરખડી |
| | | ૪૩ | ગોમટા |
| | | ૪૪ | બાંદરા |
| | | ૪૫ | દેવચડી |
| | | ૪૬ | માંડણકુંડલા |
| | | ૪૭ | શ્રીનાથગઢ |
| | | ૪૮ | કેશવાળા |
| | | ૪૯ | કમઢીયા |
| | | ૫૦ | કમરકોટડા |
| | | ૫૧ | શીવરાજગઢ |
| | | ૫૨ | નવાગામ |
| | | ૫૩ | દેવડા |
| | | ૫૪ | ઘુડશીયા |
| | | ૫૫ | મોટા સખપર |
| | | ૫૬ | મેતાખંભાળીયા |
| | | ૫૭ | વાસાવડ |
| | | ૫૮ | રાવણા |
| | | ૫૯ | મોટી ખીલોરી |
| | | ૬૦ | નાના સખપર |
| | | ૬૧ | સુલતાનપુર |
| | | ૬૨ | વિઝીવડ |
| | | ૬૩ | રાણસીકી |
| | | ૬૪ | દેરડી |
| | | ૬૫ | પાટખીલોરી |
| | | ૬૬ | મોટાદડવા |
| | | ૬૭ | કરમાળ કોટડા |

| | | | |
|---|---|---|---|
| | | ૬૮ | ગોંડલ |

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ બરાબર છે પરંતુ ગૌચરની જમીન નહિ હોવાના કારણે ભેલાણના પ્રશ્નો બહુ જ થાય છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ગૌચરની જમીન જે ગામની હોય એમાં જો પેશકદમી થઈ હોય તો એ છૂટી કરવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ગૌચરની જમીન ગ્રામપંચાયત હેડે હોય છે, દબાણ દૂર કરવું હોય તો ગ્રામપંચાયતે પહેલાં પહેલ કરવી પડે અને એમાં ક્યાંક બીજા વિભાગોનો સહકાર લેવાનો હોય તો ચોક્કસ આપી શકાશે. ગોંડલ અને જેતપુરની અંદર ચાર બાબતોને લઈને ગૌચરની જમીન ઓછી થઈ છે. એમાં પશુધનની સંખ્યામાં વધારો થવાથી, જાહેર હિત માટે જમીન ઉપયોગમાં લેવામાં આવી તેમજ સરકારી કામો માટે જેવા કે નવું ગામ તળાવ, સિંચાઈ યોજના, કેનાલ, રસ્તા, સરકારી ઉપયોગ માટે જમીન લેવામાં આવી હોય એનાથી ગૌચર ઓછું થાય છે, અને વનીકરણ જરૂરી હોય ત્યારે પણ ગૌચર ઓછું થાય છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે પત્રક આપ્યું છે એમાં જે ગામોની સંખ્યા છે એ લગભગ ૬૮ જેટલા ગામો એમાં છે જેમાં ગૌચર નથી અને એ આપણા બધાનો ચિંતાનો વિષય છે, કોઈ ટીકા કરવા માટે નહિ પણ..

**અધ્યક્ષશ્રી** : ગૌચર છે પણ ઓછું છે, ગૌચરની જમીન ઓછી છે,

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, એ જ હું કહું છું ગામમાં જેટલી જરૂરિયાત હોય એના કરતાં ગૌચર ઓછું છે આપણે ગૌસંવર્ધનની બાબતમાં અગ્રિમતા આપીએ છીએ સરકારની પણ એ અગ્રિમતાનો વિષય છે ત્યારે આ એક તાલુકો છે એના પરથી આપણને એક અંદાજ મળે કે આખા રાજ્યની અંદર આવા તાલુકા જ્યાં બહુમતી ગામો એમાં ગૌચરની જમીન ઓછી હોય ત્યારે સર્વગ્રાહી રીતે ગૌચરની જમીન વધારવા માટે કોઈ કાર્યક્રમ હાથ પર લેવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ગ્રામ પંચાયત તરફથી ગૌચર વધારવા માટે અરજી આવે તો ચોક્કસ રાજય સરકાર વિચાર કરશે પણ ગોંડલ અને જેતપુરનો જ્યાં સવાલ છે ત્યાં કોઈ અરજી આવી નથી અને ગૌચર ઓછું થવાના વિવિધ કારણોમાં કેટલીક આવશ્યકતા છે ત્યાં કોઈ રસ્તા બનાવવાના હોય, સિંચાઈ યોજના બનાવવાની હોય, ત્યાં પશુધનની સંખ્યામાં વધારો થયેલો હોય આવા અનેક કારણોથી ગૌચરની જમીન ઓછી થાય છે પણ જો કોઈ ગ્રામ પંચાયત તરફથી આ બાબતની માગણી કરવામાં આવે તો ચોક્કસ રાજય સરકાર વિચાર કરશે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગૌચરની જે જમીનો છે એના પર બિનપરવાનગીથી કબજો જેનો છે એને છૂટી કરવા માગો છો કે કેમ અને બીજો એક મહત્વનો મુદ્દો એ છે કે, રાજ્ય પોતે ગૌચરની જમીનો કંપનીઓને વેચે છે તો એના માટે સરકાર શું કરવા માગે છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ગૌચરની જમીન ઓછી કરવા માટે સામાન્ય સમજ આપું તો ગૌચર ઓછું ન થાય એ માટે રાજય સરકાર આવશ્યક ઉપયોગ, જાહેર હિત સિવાય ગૌચરની જમીન ઓછી કરવાના મતની નથી પણ જ્યાં આવશ્યકતા હોય સરકારી કામકાજ કૈ આવશ્યક હોય તેવા સંજોગોમાં અને ત્યારે પણ ગ્રામ પંચાયતના ઠરાવથી અપાય છે, આની અંદર જેટલા કેસો છે એ ગ્રામ પંચાયતના ઠરાવથી ગૌચરની જમીન આપવામાં આવી છે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ ગૌચરની જમીન ઘટી એના કારણોમાં એક કારણ એવું માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે કે એમાં પશુધનની સંખ્યામાં વધારો થવાથી એટલે આ પશુધનની સંખ્યા વધે એટલે જમીન ટૂંકી થઈ જાય? આમાં ઘટાડો કઈ રીતે થયો છે માનનીય મંત્રીશ્રી જવાબ આપે, પશુધનની સંખ્યા વધવાથી જમીન ઘટી હોય આનું કદ ઘટી ગયું?

**અધ્યક્ષશ્રી** : તમે જવાબ સાંભળો. તમે સમજ્યા નથી, પ્લીઝ જવાબ સાંભળો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૌચર વેચી મારવાના જે કિસ્સાઓ છે, દબાણ કરવાના જે કિસ્સાઓ છે અમારી પાર્ટીમાં થયા નથી ભૂતકાળની અંદર સૌથી વધારે ગૌચર દબાણ અને ગૌચરનો બીજો ઉપયોગ લેવા માટે તેમના રાજયમાં વર્ષોથી થયું છે, આ અમારા રાજયમાં થયું નથી.

**શ્રી વજુભાઈ વાળા** : આમાં એવું હોય છે કે, જમીન કોઈ દિવસ વધે નહીં કે ઘટે નહીં, આ ગૌચરની જમીનની વાત કરું છું જે માણસો ચરી જાય છે તેની વાત નથી કરતો, સ્પષ્ટતા જ કરું છું. સાંભળો તો ખરા, પછી ના સમજાય તો ફરી પૂછજો. આમાં સવાલ એવો હોય છે ૧૦૦ ઢોરની સંખ્યા હોય તેના પ્રમાણમાં ૪૦ એકરની ગૌચરની જમીન હોય આટલા ઢોરે આટલી જમીન હોય. હવે જમીન તો વધવાની કે ઘટવાની નથી

પણ ઢોરની સંખ્યા ૧૦૦ના બદલે ૧૨૫ થાય તો એ જમીન ઘટી કહેવાય. આ જે છે તે એટલા માટે જવાબ આપ્યો છે તે સાચો છે કે ઢોરની સંખ્યા વધી જાય જમીન ના વધે એટલે ગૌચરની જમીન ઓછી થઈ કહેવાય.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બે પગવાળા આખલાઓ આ ગૌચરની જમીન ખાઈ ગયા છે તો તે છૂટ્ટી કરવા માગે છે કે નહિ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એવું નથી આ જ વિધાનસભાનું હાઉસ આટલું અને આટલું છે સભ્ય સંખ્યા વધી જાય તો હાઉસ નાનું થયું કહેવાયને? માનનનીય અધ્યક્ષશ્રી, આ ગૌચરની જમીન પણ તે જ છે. આ હાઉસમાં ૧૮૨ છે તેના ૨૮૨ થાય તો હાઉસ નાનું કહેવાય કે આટલા માણસે આટલી જગ્યા જોઈએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : પૂર્વ મહેસૂલ મંત્રી બહુ હળવાશથી પ્રશ્ન લઈ રહ્યા છે, તેમના સમયમાં મોટી મોટી ગૌચરની જમીનો અપાઈ છે.

**શ્રી વજુભાઈ વાળા** : આપ તો મંત્રી તરીકે રહી ગયા છો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ગૌચરની જમીનનું ધોરણ ૧૦૦ ઢોર દીઠ ૪૦ એકરનું છે. તે સંજોગોમાં જે જે ગામોની અંદર ઢોરોના પ્રમાણમાં ગૌચરની જમીન ઓછી હોય તે ગામોમાં કોઈ અન્ય હેતુસર સાર્વજનિક હેતુસર હોય તો સમજીએ પણ વ્યવસાયીક કે ઔદ્યોગિક હેતુસર આ જમીનો ન આપવા માટેની સરકાર જાહેરાત કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ ગૌચરની જમીન પણ મેં કહ્યું તેમ સરકારને પણ ઘણા બધા વિભાગોને સિંચાઈ બીજા બધા વિભાગ માટે જોઈતી હોય છે એટલે ભૂતકાળમાં નિયમ નથી આ જાહેર હેતુ માટે ઉપયોગમાં લેવાની હોય તો ગૌચરનાં અને ગામ ઠરાવ કરી આપે છે. આમાં સરકાર લઈ લેતી નથી પંચાયત ઠરાવ કરીને આપે છે અને ઠરાવને આધારે નિર્ણય લેવામાં આવે છે.

**ભરૂચ જિલ્લામાં જમીન બીન ખેતી કરવાની માગણીઓ**

***૧૦૬૭૨ શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૦૧-૨૦૦૫ની સ્થિતિએ જમીન બીન ખેતી કરવાની કેટલી અરજીઓ સરકારને વર્ષવાર મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ દફતરે કરવામાં આવી?

**મહેસૂલ મંત્રીશ્રી:**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા ૧-૨-૦૩થી તા.૩૧-૧-૦૪ દરમ્યાન મળેલ અરજીઓ | તા ૧-૨-૦૪થી તા.૩૧-૧-૦૫ દરમ્યાન મળેલ અરજીઓ | કુલ મળેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ભરૂચ | ૯૪ | ૬૬ | ૧૬૦ |
| ૨. | જંબુસર | ૧૬ | ૧૮ | ૩૪ |
| ૩. | અંકલેશ્વર | ૧૫ | ૧૩ | ૨૮ |
| ૪. | વાગરા | -- | ૧૮ | ૧૮ |
| ૫. | આમોદ | ૧૮ | ૧૯ | ૩૭ |
| ૬. | હાંસોટ | ૧૨ | ૮ | ૨૦ |
| ૭. | જગડીયા | ૧૮ | ૮ | ૨૬ |
| ૮. | વાલીયા | ૪ | ૩ | ૭ |
| | કુલ | ૧૭૭ | ૧૫૩ | ૩૩૦ |

(૨)

| તા. ૧-૨-૦૩ થી તા. ૩૧-૧-૦૪ દરમ્યાન મળેલ અરજીઓ પૈકી | | તા. ૧-૨-૦૪થી તા. ૩૧-૧-૦૫ દરમ્યાન મળેલ અરજીઓ પૈકી | | |
|---|---|---|---|---|
| મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર | પડતર |
| ૮૯ | ૮૮ | ૪૫ | ૯૫ | ૧૩ |

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે કુલ ૩૩૦ જેટલી અરજીઓ તાલુકાવાર મળી છે અને મંજૂરીનું પ્રમાણ ખૂબજ ઓછું છે કે જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૫/૨ પ્રમાણે બીન ખેતીની જમીનની પરવાનગી ગ્રામ્ય વિસ્તારમાં લેવાની રહેતી નથી. તેમ છતાં કલમ ૬૫/૧ પ્રમાણે પરવાનગી લેવાની ફરજ પાડવામાં આવે છે તો ૬૫/૨ કલમનો રાજય સરકાર અમલ કરવા માગે છે કે કેમ? બીજુ મહેસૂલ કાયદાની કલમ ૬૫/૨ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં માત્ર બિન ખેતીનો આકાર નક્કી કરવાનો હોય છે, તેમ છતાં આ કલમનો અમલ કરવામાં કેમ આવતો નથી? આમ થવાથી અરજદારોને ખૂબજ લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે અને ભ્રષ્ટાચાર વધતો જાય છે તો કલમ ૬૫/૨ નો અમલ આ બાબતે કરવા રાજય સરકાર વહીવટી તંત્રને સૂચના આપવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સવાલ ખૂબ લાંબો પૂછયો છે. તો ઘણી વખત રજૂઆતો આવે છે, આમાં જયાં સુધી ભરૂચ જિલ્લાનો સવાલ છે ત્યાં સુધી એન.એ.ની પરમિશન તો શહેરી વિસ્તારમાં કલેકટરશ્રી આપે છે અને ગામ્ય વિસ્તારમાં જિલ્લા પંચાયત એટલે કે જિલ્લા પંચાયતની કારોબારી સમિતિ આપે છે. પ્રશ્ન પૂછયો છે તેમાં આજની તારીખે બે વર્ષના પ્રશ્નમાં ૧૭૭ અરજીઓ પહેલા વર્ષમાં હતી, એમાંથી ૮૯ અરજી મંજૂર કરી છે અને ૮૮ અરજીઓ નામંજૂર કરી છે. એટલે ૧૦૦ ટકા એન.એ.પરમિશનની કામગીરી થઈ છે. એ રીતે બીજા વર્ષનો પ્રશ્ન છે તેમાં ૪૫ અરજી મંજૂર કરી છે, ૯૫ અરજી નામંજૂર કરી છે અને ૧૩ અરજીઓ પડતર છે એ સમયમર્યાદામાં પડતર છે. આમછતાં પણ એન.એ. પરમિશનમાં વિલંબ થાય, ગેરરીતિ થાય છે એવી ઘણીબધી ફરિયાદો આવે છે એના માટે રાજય સરકાર કામગીરી કરે છે એ આપના દ્વારા સૌ માનનીય સભ્યશ્રીઓને જણાવવા માગું છું. પહેલાં વધુમાં વધુ ૯૦ દિવસમાં પરવાનગી આપવાની હતી એ ઘટાડીને રહેણાંક વિસ્તાર માટે ૪૦ દિવસ અને અન્ય હેતુ માટે ૬૦ દિવસની મર્યાદા નકકી કરી છે. અગાઉ જુદી જુદી કચેરીઓમાંથી ૨૦ જેટલા એન.ઓ.સી. લાવવાના હતા એના બદલે ફકત ત્રણ એન.ઓ.સી. આપવાની રહે છે એવી જોગવાઈ કરી છે. શહેરી વિસ્તાર માટે બીન ખેતીની પરવાનગી માટે પહેલાં કલેકટરને અરજી કરી હોય તો પહેલાં જે તે ઓથોરિટી નગરપાલિકા, મહાનગરપાલિકા કે અર્બન વિસ્તારના લોકો પાસે પ્લાન અને નકશા મંજૂર કરાવીને અરજી કલેકટરને કરવાની હતી. હવે એવી વ્યવસ્થા છે કે એન.એ.ની અરજી કલેકટરને કરીને ઓથોરીટીને પણ જુદી કરવાની રહે એટલે બન્ને કામગીરી એકસાથે ચાલે એટલે સમયમાં ઘટાડો થઈ શકે. એ રીતે શહેરી વિસ્તારમાં ટૂકડા ધારાનો અમલ ન થાય એવી પણ એક ચર્ચા સરકાર લેવલે પડતર છે.

ગ્રામ્ય વિસ્તારના એન.એ.માં વિલંબ અને ગેરરીતિઓ થાય છે, એવા કિસ્સા અમારા ધ્યાનમાં આવ્યા છે એના લીધે રાજય સરકારે જે આયોજન કર્યુ છે એ પ્રમાણે એક કમિટી બનાવવાનું આયોજન કર્યુ છે અને તા. ૩૧-૮-૨૦૦૪ ના રોજ એક કમિટી બનાવી છે. એમાં એ.સી.એસ., રેવન્યુ, પી.એસ.ઈન્ડસ્ટ્રીઝ, પી.એસ.,પંચાયત અને પી.એસ. યુ.એલ.ડી.સી. છે. આ કમિટી એનો રિપોર્ટ આ મહિનાના અંતમાં આપશે અને કલેકટર લેવલે વિલંબ અને ગેરરીતિઓ થાય છે અને ખોટી રીતે નામંજૂર થાય છે એનો સર્વગ્રાહી અભ્યાસ કરીને આ કમિટી રિપોર્ટ આપશે અને એનાથી આ એન.એ. પરમિશનમાં જે કાંઈ ગેરરીતિઓ થાય છે એ ટાળી શકાશે. આનાથી પણ વધારે આગળ વધીને રાજય સરકારે તમામ પ્રભારી સચિવશ્રીઓને આદેશ આપેલ છે કે આ નામંજૂરીના કેસો છે એમાં રેન્ડમ ચેકિંગ કરીને રાજય સરકારને રિપોર્ટ આપે અને તેનાથી નામંજૂર કરવામાં પણ ગેરરીતિ થતી હોય તો એ ધ્યાનમાં આવી શકશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિન ખેતીની અરજીઓમાં સવાલ એ છે કે છેલ્લે તાલુકા પંચાયતો પાસે આને માટેના જે અધિકારો હતા એ રાજય સરકારે જિલ્લા પંચાયતને અધિકારો આપ્યા છે અને તેના કારણે સમગ્ર રાજયમાં તાલુકા પંચાયતોની કચેરીઓમાં આ મુદ્દો ઉભો થાય છે. અમુક તાલુકા પંચાયતો આજે પણ આ અધિકારો વાપરે છે અને અમુક તાલુકા પંચાયતો જિલ્લા પંચાયતોને અરજીઓ મોકલી આપે છે. એટલે બન્ને કક્ષાએ તાલુકા પંચાયતમાંથી દરખાસ્ત જિલ્લા પંચાયતમાં જાય અને જિલ્લા પંચાયત એની અમલવારી કરે છે. તો એમાં સમય જાય છે. એટલે ભૂળભૂત ખેતીમાં તાલુકા પંચાયત પાસે જે અધિકારો હતા એ તાલુકા પંચાયત પાસે જ યથાવત સ્થિતિમાં રાખવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : પહેલા તાલુકા પંચાયતમાં એ,બી,સી,ડી,અને ઈ એમ ચાર પ્રકારની કેટેગરી હતી એમાંથી એ અને બી પ્રકારની કેટેગરીનું મૂળ કામ ઓછું થઈ ગયું છે એટલે એ કામગીરી કલેકટર પાસે આવી ગઈ છે. એટલે એ રીતે તાલુકા પંચાયતના અધિકારો લઈ લીધા નથી, પરંતુ સમગ્ર તાલુકો એ બે તાલુકા પંચાયત જે કેટેગરીમાં આવે છે એ તમામ કામગીરી કલેકટશ્રી હસ્તક આવી છે એના અનુસંધનમાં પાવર્સ કલેકટર પાસે આવ્યા છે, એ લઈ લીધા નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : મેં જિલ્લા પંચાયતની વાત કરી છે, એન.એ. કરવાનું, ગામતળ વધે, પ્લોટીંગ કરવાના હોય તો ફકત આકાર નકકી કરવાનો હોય છે ગ્રામ્ય વિસ્તારમાં, પરંતુ તાલુકા પંચાયત પાસે

ઔદ્યોગિક માટે, રહેઠાણના પ્લોટોમાં શહેરમાં વેચાણ કરવા માટે આવે છે એ દરખાસ્ત જિલ્લા પંચાયતમાં કરવાની થાય છે અને એના કારણે આ પરિસ્થિતિ નિર્માણ થાય છે. તો એ યથાવત રાખવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : જિલ્લા પંચાયત રૂરલમાં આજે પણ ડી.ડી.ઓ. અને કારોબારી સમિતિના સભ્ય સચિવ ડી.ડી.ઓ. હોય છે અને કારોબારી સમિતિમાં આ રૂરલ વિસ્તારની એન.એ.ની કામગીરી થાય છે અને શહેરી વિસ્તારની કામગીરી કલેકટર પાસે થાય છે. જિલ્લાના પાવર્સ લઈ લીધા નથી, પરંતુ તાલુકા પંચાયતની અગાઉ વાત કરી એ આખી કેટેગરી બદલાઈ એટલે જિલ્લામાં આપ્યા છે. આજે પણ એ જિલ્લા પંચાયત કારોબરી સમિતિ પાસે જ છે.

**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે અંકલેશ્વરમાં ૨૮ અને હાંસોટમાં ૨૦ અરજીઓ આવેલ છે તે પૈકી કેટલી મંજૂર થયેલ છે, કેટલી નામંજૂર થયેલ છે અને કેટલી અરજીઓ પડતર છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અરજીઓનું મંજૂર અને નામંજૂરનું પત્રક છે તે ટેબલ ઉપર મૂકવામાં આવશે.

### દાંતા, અમીરગઢ અને પાલનપુર તાલુકામાં હેન્ડપંપો

***૧૨૩૬૭ શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ તથા પાલનપુર તાલુકામાં પીવાના પાણી માટે તાલુકાદીઠ કેટ કેટલા હેન્ડપંપોને મંજૂરી અપાયેલ છે, અને

(૨) મંજૂર થયેલ આ હેન્ડપંપો કયાં સુધીમાં શરૂ થશે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાદીઠ નીચે મુજબ હેન્ડપંપોને મંજૂરી મળેલ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર થયેલ હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાંતા | ૫૧ |
| ૨ | અમીરગઢ | ૪૦ |
| ૩ | પાલનપુર | ૦૦ |
| | કુલ | ૯૧ |

(૨) મંજૂર થયેલ તમામ ૯૧ હેન્ડપંપોના કામો પૂર્ણ કરી પાણી પુરવઠો ચાલુ કરેલ છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં પાલનપુર તાલુકામાં શૂન્ય હેન્ડપંપ બતાવ્યા છે તો મારે એ જાણવું છે કે પાલનપુર તાલુકામાં કોઈ માગણી આવી છે ખરી? અને આવી હોય તો કયા કારણસર ગ્રાહ્ય રાખવામાં આવી નથી?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીની માગણીઓ જરૂર આવી છે, પરંતુ જે કામ હાથ પર લીધા છે તે ડિસેમ્બર ૨૦૦૪ની સ્થિતિએ, એટલે કે છેલ્લા એક વર્ષમાં તાલુકાદીઠ કેટલા હેન્ડપંપોને મંજૂરી મળેલી છે તેના જવાબમાં એ પ્રમાણે આપેલ છે અને એટલા માટે શૂન્ય બતાવેલ છે. માનનીય સભ્યશ્રીએ માગણી કરી છે તેના ફિગર મારી પાસે છે અને માનનીય સભ્યશ્રીએ પાલનપુરમાં ૩ હેન્ડપંપની માગણી કરેલી છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : એ મંજૂર કરવા માગે છે કે કેમ તે હું જાણવા માગું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ત્રણેય હેન્ડપંપને મંજૂરી આપવામાં આવેલી છે અને આ માર્ચ સુધીમાં પૂરા કરવાના છે.

### રાજયમાં હકપત્રક નોંધોના નિકાલની ઝૂંબેશ

***૧૧૪૮૭ શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧).સન ૨૦૦૪ની સાલમાં રાજયમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝૂંબેશનું આયોજન કરવામાં આવેલ તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો ઝૂંબેશનું પરિણામ શું આવેલ છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧).હા, જી.

(૨).તા. ૧-૭-૨૦૦૪થી તા. ૩૧-૭-૨૦૦૪ દરમ્યાન રાજ્યવ્યાપી હક્કપત્રક નોંધ નિકાલ ઝૂંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તા. ૩૧-૫-૨૦૦૪ની સ્થિતિએ બાકી રહેલા ૧૦૨૨૫૨ નોંધો પૈકી ૯૮૪૧૮ નોંધોનો નિકાલ કરી ૯૬.૨૫ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૨૨૫૨ નોંધોમાંથી ૯૮૪૧૮નોંધોનો નિકાલ કરી અને ૯૬.૨૫ ટકા જેટલી નોંધોનો નિકાલ કરવામાં આવ્યો છે તે માટે અભિનંદન પાઠવું છું. મારે સાથે સાથે એ જાણવું છે કે માનનીય મંત્રીશ્રીએ આ ૩૧.૦૫.૦૪ નો આંકડો આપેલ છે, તો હાલમાં શું પરિસ્થિતિ છે અને કેટલી બાકી છે, અને એનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ હકપત્રક, ગામ નમૂના નંબર ૬ એ ખેડૂતો માટે ખૂબ જ પાયાનો દસ્તાવેજ છે. એમાં સમયે સમયે તબદીલી કરવાના કેસો એમાં વારસાઈ, ગીરો, બક્ષીસ આપી હોય તેની નોંધો કરાવવાની હોય છે. રાજય સરકારે ચોક્કસ સમય મર્યાદામાં થાય તેના માટેનું આયોજન કર્યુ છે. દર વર્ષે આની ઝૂંબેશ કરીને વર્ષ ૨૦૦૪ દરમિયાન જે ઝૂંબેશ કરી તે દરમિયાન ૯૬ ટકા કેસો જે પડતર હતા તેનો નિકાલ કરવામાં આવ્યો છે. પરંતુ આ કન્ટીન્યુઅસ પ્રોસેસ છે, ગ્રામ્ય કક્ષાએ સમયે સમયે રોજ આ માટે લોકો આવતા હોય છે, એમાં પેન્ડિંગ ન રહે તે માટે હકપત્રકોમાં નોંધ કરવા માટે રાજય સરકારે ચોક્કસ સમય મર્યાદામાં, વધુમાં વધુ ૯૦ દિવસમાં નોંધ થઈ જાય અને પ્રમાણિત થઈ જાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૩૮૩૪ હકપત્રકોની અરજીઓ બાકી રહી છે તો એ કોઈ વાંધા વચકાના હિસાબે રહી ગઈ છે કે અન્ય કોઈ કારણો છે? અને વારસાઈ એન્ટ્રીની બાબતમાં જેના વારસાદર હોય તેની સીધી એન્ટ્રી છ નંબરમાં નોંધાઈ જાય તેવી આગળ વાત થયેલી તો આવી વારસાઈ એન્ટ્રી સીધે સીધી નોંધવા માટે સરકાર આદેશ કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : હકપત્રકમાં જયારે ખાતેદાર પોતે આવી નોંધ પડાવવા જાય છે ત્યારે ઘ ણીવાર તકરારી કેસો હોય છે એટલે નિયમ અનુસાર કાર્યવાહી કરવાની હોય છે. આ સન્માનનીય સભાગૃહના સૌ સભ્યોને જણાવતા આનંદ થાય છે કે ઈ-ધરા પ્રોજેકટ હેઠળ રાજય સરકારે આયોજન કરેલ છે એમાં આ આખી સિસ્ટમ કોમ્પ્યુટરાઈઝડ થઈ જવાની છે. એટલે સુરક્ષિત, સ્વચ્છ અને ચેડા રહિત કોપી મળવાની છે. સમયસર કામ પણ ટૂંક સમયમાં પૂરું થવાનું છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હક્કપત્રક નિકાલ ઝુંબેશનું આયોજન આવકાર્ય છે. પરંતુ હાલ ૭(૧૨) નું કોમ્પ્યુટરાઈઝેશન થઈ ગયું છે. પરંતુ હકકપત્રકના અમલમાં કોમ્પ્યુટરાઈઝેશન થયું નથી એટલે જે નામોમાં ફેરફારો થયા છે એ કોમ્પ્યુટરાઈઝેશનમાં આપવામાં આવતા નથી તો એ આપવા માટેનું આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : અત્યારે ૭(૧૨) અને ૮(અ)નું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે. જ્યારે ૬ નું કામ ચાલી રહ્યું છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : નંબર-૬માં તલાટી સાથે મળીને બિન કાયદેસર નામો દાખલ કરવામાં આવે છે. ખેડૂત પછી પ્રાંત કક્ષાએ કેસ લઈ જાય છે ત્યારે પાંચ-છ વર્ષ સુધી એ ચલાવવામાં આવે છે. તો એનો ચોક્કસ સમય નક્કી કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ૯૦ દિવસમાં નોંધ પાડવી જોઈએ અને નોંધ પાડવામાં આવે છે. પરંતુ આ તમામ માટે ઈ ધરા સિસ્ટમ ચાલી રહી છે એ થયા પછી મોટા ભાગના પ્રશ્નોનો ઉકેલ આવવાનો છે.

**શ્રી જગદીશ ઠાકોર** : સીધી લીટીના વારસદારોની વારસાઈ કરવી ખૂબ જરૂરી એટલા માટે છે કે ખેડૂત અંગેનું પ્રમાણપત્ર ન હોવાથી વીમાની અને બીજી બધી મુશ્કેલીઓ પડે છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તલાટીઓની ઘટ હોય કે ગમે તે કારણોસર સીધી લીટીના વારસદારોની વારસાઈ પડતી નથી. જ્યારે અહીંયા ૯૬ ટકા સિદ્ધિ હાંસલ કરી છે એમ કહેવામાં આવે છે, પરંતુ આ બિલકુલ પાયા વગરની વાત છે ત્યારે બધી આંકડાકીય માહિતી સાથે એક તાલુકા અને જિલ્લાને પકડીને આ ૯૬ ટકા સીધી લીટીના વારસદારોની વારસાઈની ચકાસણી કરવાનું આયોજન સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : સીધી લીટીના વારસદારો છે એમાં રાજય સરકારે સૂચના આપી છે કે જ્યાં જે જગ્યાએ વારસાઈ કરવાની હોય ત્યાં તલાટીએ જાતે જઈને એ કરવું. પરંતુ હજી ક્યાંક એનો અમલ ન થતો હોય તો એનો ઝડપી અમલ થાય તેવી કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** : આ નંબર-૬માં નોંધણી પદ્ધતિ છે એ ભૂતકાળમાં તલાટીઓ દ્વારા ગ્રામ લેવલે નોંધો પાડવામાં આવતી હતી. હવે એ પદ્ધતિમાં બદલાવ કે ચેઈન્જ રાજય સરકારે કર્યો છે. એમાં

મામલતદાર કચેરીએ મામલતદાર પોતે આખા તાલુકાની એન્ટ્રીઓ પાડે તેવી નીતિ કરવામાં આવી છે કે કેમ? જો કરી હોય તો જે સ્ટાફ છે એ ખૂબ અપૂરતો હોય તો જ્યાં સુધી સ્ટાફ પેટર્ન મંજૂર ન થાય ત્યાં સુધી જૂની પદ્ધતિ ચાલુ રાખી સ્ટાફ મંજૂર થાય પછી આ પદ્ધતિ ચાલુ કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : જૂની પદ્ધતિ ચાલુ જ છે. તલાટી નોંધ પડાવવા માટે તાલુકા લેવલે જાય છે. ત્યાં કોમ્પ્યુટરમાં ફીડ થાય છે. આજે પણ ગ્રામ કક્ષાએ જ આ કામગીરી ચાલુ છે.

**શ્રી કાળુભાઇ વી. વીરાણી** : હક્કપત્રકની ઝુંબેશ ઉપાડવામાં આવી છે ત્યારે હક્કપત્રક છ માં વારસાઈની કેટલી એન્ટ્રીઓ કરવામાં આવી અને દસ્તાવેજો કેટલા કરવામાં આવ્યા. બીજું હક્કપત્રક-૨ આવે છે જેમાં મકાનો પ્લોટો પાડવામાં આવે છે તો એવી ઝુંબેશ-૨માં કરવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ જે નોંધોનો નિકાલ કરવામાં આવ્યો છે એ અલગ અલગ હેડ નીચે જુદી માહિતી નથી. ઘણી બધી નોંધો પાડીને તબદીલ કરવાના ૩૨ ટાઇપના કેસો હોય છે. આ રીતે અલગ અલગ નોંધો હોય એમાં જે તે વરસે બાકી કેસો હતા એમાંથી ૯૬ ટકા કેસોમાં પાડી દેવામાં આવી છે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : નોંધ પાડ્યા પછી મંજૂર કરવાની વાત કરી પણ નોંધ પાડતા પહેલા શું કાળજી લેવાની છે એની સૂચના આપવાની ખાસ જરૂર છે. અમારા મોડાસામાં એક માજી ગુજરી ગયા એને ત્રણ દીકરાઓ. એ ત્રણેયના સરખા ભાગે વહેંચાય. એક દીકરાએ જઈને કહ્યું અને મામલતદારે દીકરાના નામે સહભાગીદાર તરીકે નોંધ કરી દીધી. તો પહેલા આની પૂરેપૂરી તપાસ કરીને પછી જ નોંધ કરવી એવી સૂચના આપવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : હા, જી.

### કોલક તથા ઉદ્‌વાડા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવા અંગે

***૧૦૫૩૮ શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧).વલસાડ જિલ્લાના કોલક તથા ઉદ્‌વાડા ગામે દરિયાઈ ધોવાણ મોટા પ્રમાણમાં થઈ ચૂક્યું છે તે બાબત સરકાર જાણે છે કે કેમ, અને

(૨).જો હા, તો તાત્કાલિક દરિયાઈ ધોવાણ અટકાવવા માટે સરકાર શું કરવા માગે છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧).હા,જી.

(૨).આગામી વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન બજૅટ જોગવાઈને આધીન આ બન્ને યોજનાઓ હાથ ધરવાનું આયોજન છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન અતિ ગંભીર એટલા માટે છે કે આવતા ચોમાસા સુધી જો કદાચ પ્રોટેકશન વોલ બનાવવામાં આવે નહીં તો કોલક ગામ આખું દરિયામાં સમાઈ જાય એવી પરિસ્થિતિ છે. તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વલસાડ જિલ્લામાં કોલક અને ઉદ્‌વાડા ગામે દરિયાઈ ધોવાણ ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ બે વર્ષમાં કેટલું ધોવાણ થયું? આ અંગે રાજય સરકારને ગ્રામ્યજનોની કુલ કેટલી ફરિયાદો મળી છે? આ અંગે રાજય સરકારે ક્યારે અને શું પગલાં લીધાં? ક્યારે મુલાકાત લીધી? વર્ષ ૨૦૦૫-૦૬માં આ બન્ને યોજના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે ઉદ્‌વાડા અને કોલકનું ધોવાણ થાય છે એ હકીકત સાચી છે. તેની ગંભીરતા વિષે તેમને ખ્યાલ આવ્યો છે તેનો પણ મને આનંદ છે કે તેમને કમસેકમ ખ્યાલ તો આવ્યો છે. પણ સરકારે તેમને ખ્યાલ આવે તે પહેલાં આયોજન કર્યું છે. 'સેવ ઉદ્‌વાડા કમિટી' દ્વારા વારંવાર બેઠકો કરવામાં આવી છે. ઉદ્‌વાડાની આ યોજના છે તેમાં તેમની સાથે સંપર્ક કરીને લોકભાગીદારીથી ૧૫ ટકા લોકફાળો તેમની પાસેથી લઈને ૮૬ લાખ રૂપિયાનું કામ હાથમાં લેવાનો નિર્ણય કર્યો છે. કોલકમાં બે એકર જેટલું જમીનનું ધોવાણ થયું છે એ વાત સાચી છે. આજુબાજુની મિલકતોને નુકસાન થાય એવું છે. પાકા ઘરો, બે સ્કૂલો, બે મંદિર, પંચાયત ઘરને આ બધાને અસરો થાય છે, પરંતુ ૩ કરોડ ૩૨ લાખ રૂપિયાનો અંદાજ કર્યો છે અને આ કામ હાથમાં લેવા માટેનું આયોજન કર્યું છે. એટલે સભ્ય માટે નવો વિષય હશે પણ સરકાર માટે આ નવું નથી. આ કામ હાથમાં લેવા માટેનો નિર્ણય આ સરકારે કર્યો છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે ચોમાસા પહેલાં શું કરવા માગો છો? નહીં તો ગામ દરિયામાં સમાઈ જશે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ગામ દરિયામાં સમાઈ જાય તે પહેલાં સરકાર તેના ઉપર બિલકુલ કામ કરવા માગે છે અને સરકારે તેનું આયોજન કરી દીધું છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજી ઓગસ્ટે જ્યારે ફલડ આવ્યું ત્યારે કોલક ગામના કિનારે દરિયાઈ ધોવાણથી કેટલું નુકસાન થયું અને તેમાં કેટલો ખર્ચ થયો એ જાણવા માગું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ૪૦૦થી ૯૦૦ મીટરની લંબાઈમાં ૩ કરોડ ૩૨ લાખ રૂપિયાના અંદાજો બનાવ્યા છે. પરંતુ ધોવાણનું નુકસાન છે એ અલગ રીતે પ્રશ્ન પૂછવો પડે. ત્યાંના નુકસાનની આકારણી અત્યારે અમારી પાસે ન હોઈ શકે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મને માહિતી છે કે ઉદ્‌વાડા પારસી ગ્રામપંચાયતે જરૂરી લોકફાળો આ ધોવાણ અટકાવવા માટે ભરેલ છે. તો ભર્યા પછી પણ આ કામ કાર્યવંત ન થવાના કારણો શું છે? બીજો પ્રશ્ન એ છે કે કોલક અને ઉદ્‌વાડા સિવાય પણ દક્ષિણ ગુજરાતમાં મોટા ભાગના ગામો દરિયાઈ ધોવાણની અસર હેઠળ છે. તો તેવાં ગામોને માટે ખાતાએ કેટલી રકમ મંજૂર કરી છે? તે જાણવા માગું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : દક્ષિણ ગુજરાતનો લાંબો દરિયા કિનારો આવેલો છે. ત્યાં અલગ-અલગ જગ્યાએ ધોવાણ થયા છે અને સરકારના ધ્યાનમાં છે. ઉદ્‌વાડા અને કોલક ઉપરાંત કોસંબા, નાની દાંતી, તવડી, ઓજલમાશીવાડ, દાંડી, ખરેડચિત્રા, મોરભગવા અને સુરતના સાપરાભાઠા આ બધા વિસ્તારો ઉપર તેની અસર થયેલી છે. આ કામો માટે સરકારે ૨૬ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે. અને તેના માટે ૧૪.૩૫ લાખ રૂપિયાનું બજૅટમાં પણ પ્રોવિઝન કર્યું છે. એટલે આ પ્રકારનું ધોવાણ થાય છે એના ઉપર સરકારે ક્ષાર નિયંત્રણ ઉપરાંત દરિયા કિનારાનું ધોવાણ છે એના માટે પૂરતું પ્રોવિઝન કર્યું છે અને ૧૦ કામોને સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દીધી છે અને કામો તબક્કાવાર હાથમાં લેવાનું અમે શરૂ કરવાના છીએ.

## રાજયમાં ગામ નમૂના નં.૭-૧૨ અને ૮-અનું કમ્પ્યુટરાઈઝેશન

***૧૧૪૭૫ શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ (મહેમદાવાદ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧).સમગ્ર રાજયમાં ગા.ન.નં.૮-અ તથા ૭-૧૨નું કમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે તે વાત સાચી છે,

(૨).જો ના, તો કયા જિલ્લાનું બાકી છે, અને

(૩).કયાં સુધીમાં આ કામગીરી સરકાર પૂરી કરવા માગે છે?

**માનનીય મહેસૂલ મંત્રીશ્રી :**

(૧).હા જી, રાજયના ૩૩ ગામોને બાદ કરતાં.

(૨).અમદાવાદ, કચ્છ, આણંદ, સુરત અને પોરબંદરના ૩૩ ગામો બાકી છે.

(૩).રેકર્ડ તપાસના કામે નામદાર કોર્ટમાં હોવા તેમજ ભૂકંપના કારણે નવેસરથી રેકર્ડ તૈયાર કરવા પ્રમોલ્ગેશન બાકી હોવા વગેરે વહિવટી કારણોનો નિકાલ થયે પૂરું થઈ શકે.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સમગ્ર રાજયમાં ૮-અ અને ૭-૧૨ના ઉતારાનું કમ્પ્યુટરાઈઝેશન કર્યું છે. એ બદલ સરકાર ખૂબ ખૂબ અભિનંદનને લાયક છે. હવે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૭-૧૨ અને ૮-અની નકલ ગ્રામ કક્ષાએ મળે તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ધરા પ્રોજૅકટ રાજય સરકારનો ૭-૧૨ અને ૮-અ અને ૬માં વર્ષોથી નોંધ થતી નથી, પ્રયત્ન થતો નથી, નોંધમાં ચેડાં થાય છે. આવી વર્ષો સુધી ફરિયાદ ચાલતી આવી છે. પણ મુખ્યમંત્રીશ્રીના ધ્યાન ઉપર આ બાબત આવતાં આખી સિસ્ટમ કમ્પ્યુટરાઈઝડ કરવાનું રાજય સરકારે આયોજન કર્યું છે. એના ભાગરૂપે અત્યારે હાલ જે સિસ્ટમ કરી છે એમાં તાલુકા લેવલે કમ્પ્યુટર રાખીને નકલ મેળવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે પણ તાલુકા લેવલે મામલતદારની ઓફિસમાં ૭-૧૨ અને ૮-અની નકલ મળે છે. કેટલાક વિસ્તારોમાં ધારાસભ્યશ્રીઓની ફરિયાદ આવી, એટલે રાજય સરકારે ૨.૫ કરોડ રૂપિયા ખર્ચીને દરેક ગામના તલાટીને વેચાણના ઉપયોગ માટે એક એક નકલ આપી છે. એ આજની તારીખે ૧૬૭૭૭ ગામોમાં દરેક તલાટી પાસે આ વેચાણ માટેની એક એક કોપી પહોંચાડી દેવામાં આવી છે. એટલે ગ્રામ કક્ષાએ આજે પણ ૭-૧૨ અને ૮-અની નકલ તલાટી પાસેથી ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : ૭-૧૨ અને ૮-અનો પ્રશ્ન ઘણા સમયથી સરકારનો વિષય રહ્યો છે. માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવા માગું છું કે, જમીન મહેસૂલ નિયમ ૧૯૨૧ નીચે મહેસૂલી સર્ટિફિકેટ આપવા માટે થઈને ૫૦ પૈસા પ્રતિ નકલના આપવાની જોગવાઈ કરવામાં આવી છે. હાલની તારીખે કમ્પ્યુટરાઈઝ કોપી ખેડૂતોને અપાઈ રહી છે. આ પહેલા આ કોપી તલાટી-મંત્રી દ્વારા હસ્તલિખિત અપાતી હતી. પરંતુ આ કમ્પ્યુટર પ્રત માટે કોપી દીઠ ૧૫ રૂપિયા લેવાનો સરકારે નિર્ણય કર્યો છે. ૭-૧૨ની નકલ જેટલા સરવે નંબર હોય એટલા અને ૮-અ દરેક સરવે નંબરની સંકલિત નકલ, જેટલું જમીનનું ક્ષેત્રફળ હોય એ દર્શાવે છે. ખેડૂતને

વર્ષમાં ૨ વખત કોપી જોઈએ અને સરેરાશ દરેક વખત સો-સો, દોઢસો-દોઢસો રૂપિયાનો ખર્ચ થવાની શક્યતાઓ છે. આવા સંજોગોમાં ખેડૂતોને ૭-૧૨ અને ૮-અની નકલ ભલે કમ્પ્યુટરાઈઝ મળે. પરંતુ મૂળ જોગવાઈ પ્રમાણે ૫૦ પૈસા લેખે જ આ નકલ એમને ગામમાંથી આપવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આખી સિસ્ટમ કમ્પ્યુટરાઈઝ કરેલ છે એનો ખર્ચ આવતો હોય છે. એ ખર્ચને સરભર કરવા માટે અને એ માટે ભારત સરકારની સ્પષ્ટ ગાઈડ-લાઈન છે કે આવો પ્રોજૅકટ સ્વનિર્ભર થાય. એટલે આવો પ્રોજૅકટ વર્ષો સુધી ચલાવવા અને વર્ષો સુધી રેકર્ડ સુરક્ષિત રહે અને આવી કોપીઓ જોઈતી હોય તો એમાં ખર્ચ થાય એ લેવા માટે આ આયોજન કરવામાં આવ્યું છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ૭-૧૨ અને ૮-અના ફોર્મ માટે ૧૫ રૂપિયા ફી નક્કી કરી છે એ ઈનડાયરેકટ ખેડૂતો પાસેથી ટેક્સ વસૂલવાની યોજના હોય એવું લાગે છે. ખેડૂતનો દિકરો પરસેવાની કમાણીમાંથી આ રૂપિયા ભેગા કરતો હોય છે એ આ રીતે ઝૂંટવતા જાય. મુળ નિયમની જોગવાઈ છે કે, મહેસૂલી ફોર્મના ૫૦ પૈસા ફી વસૂલ કરીને આપીએ છીએ. તો મુળ જોગવાઈ મુજબ આપવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ગુજરાતના કુલ ૧૮૦૦૦ જેટલા ગામો છે. એમાંથી ૧૬૭૦૦ ઉપરના ગામોના ખાતેદારોને નકલો આપવા માટે પૂરી પાડી છે, બાકી રહેતા ગામોને કેટલા સમય સુધીમાં પૂરા પાડવા માગો છો? અને બીજો પ્રશ્ન એ છે કે આ નકલો આપવામાં જે તાલુકા લેવલે કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમને કારણે ખેડૂતોને જે હાલાકી પડે છે એના નિવારણ માટે રાજય સરાકાર શું વિચારે છે? કારણ કે આખો દિવસ વધારે પ્રમાણમાં ૫૦-૧૦૦ માણસો મામલતદાર ઓફીસમાં અત્યારે આ નકલ માટે બેસી રહે છે. હાલ શરૂઆત છે, કદાચ પાછળથી આની કોઈ પદ્ધતિ ડેવલપ કરશો પણ હાલ પૂરતું આમાં કંઈ સરલીકરણ લાવવા માગો છો કે કેમ? કોઈ યોજના બનાવવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ આ પ્રોજેકટ હેઠળ જે નિર્ણય કર્યો છે અને જયારે આટલી મોટી માત્રામાં આખા ગુજરાતમાં રેકર્ડ જયારે આપવાનું હોય અને સ્ટોરેજ કરવાનું હોય એટલે થોડોક સમય ગયો છે. આ યોજનાના જે રિઝલ્ટ મળ્યાં છે. તા:૧૫-૮-૦૪ થી ૩૧-૧-૦૫ સુધીમાં ૭-૧૨ ની ૭.૫૩ લાખ નકલો લેવામાં આવી છે. ૮-અની ૩.૧૫ લાખ અને રાજય સરકારને એમાંથી ૧.૭૦ કરોડની આવક થઈ છે. એટલે ધીરે ધીરે આ યોજના લોકોના ધ્યાનમાં આવી છે અને એનો અમલ ઝડપથી થાય એ દિશામાં રાજય સરકાર તરફથી જે ખૂટતું હશે એ તમામ કરવામાં આવશે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ગરીબ ખેડૂતો ઉપર એક જાતના વેરા તરીકે વસૂલાત જેવી છે. આ ૭-૧૨ અને ૮-અ ની અંદર નાખવામાં આવ્યું છે. એ મારો પ્રશ્ન છે. બીજું કેન્દ્ર સરકારે આ કર્યું છે. આપની એન.ડી.એ સરકારે આ કર્યુ છે એની અંદર કટકી બટકી સમાઈ છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઈ મહેસૂલ કે એવા કોઈ પ્રકારનો ટેકસ નથી. પણ જે કોમ્પ્યુટરાઈઝ નકલ આપીએ છીએ એનો જે સ્ટેશનરીનો ખર્ચ થાય અને જે ૫૦ પૈસાની વાત કરે છે એ લગભગ ૪૫ વર્ષ પહેલાં ૫૦ પૈસા હતા અને આ કોમ્પ્યુટરાઈઝ નકલ આપવામાં આવે છે એનો ચાર્જ લેવામાં આવે છે આમાં કોઈ મહેસૂલી કર કે એવું કંઈ નથી.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ખૂબ મોટા પાયા પર કામ હાથમાં લીધું છે ત્યારે તલાટી અને મામલતદારના સાચા રેકોર્ડની જગ્યાએ કોઈ ભૂલથી ખોટી એન્ટ્રી પડી ગઈ હોય એને સુધારવા માટેની કોઈ સમયમર્યાદા સરકાર કરવા માગે છે કે કેમ? આ એટલા માટે કહીશ કે એક મહિના પહેલા ૭-૧૨ નો ઉતારો સાચો મળે છે, બીજા મહિના પછી ત્રણ નામ ઉમેરાય છે અને ત્રણ નામ કઢાવવા માટે ત્રણ ત્રણ મહિનાથી ખેડૂત અને અમેરિકાથી આવેલો માણસ ધકકા ખાય છે. લાખ લાખ રૂપિયા ખર્ચવાની વાત કરે છે અને છતાં પણ એ એન્ટ્રીઓ નીકળતી નથી. એની વિગતો આપવા માટે તૈયારી બતાવીશું.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચોકકસ વિગત આપશે તો ચેક કરાવીશું.

### નદી કાંઠાના વાડા ભાડા પટ્ટે આપવા અંગે

***૧૧૭૧૨ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

નદિના પટ કે કાંઠા પર શાકભાજીના વાડા વાવી કુટુંબનો નિભાવ કરતા ગરીબ લોકોને રાજય સરકાર ભાડા પટ્ટેથી હકક આપવા માગે છે કે કેમ?

**મહેસૂલ મંત્રીશ્રી :**
સરકારની નીતિ અન્વયે માંગણી થયેથી વિચારણા કરી શકાય છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સાતેક વર્ષ પહેલાં નદિના પટ્ટ પર અને કાંઠા ઉપર જે શાકભાજીના વાડાઓ વાવતા એવા ગરીબ કુટુંબોને એક વર્ષાના ભાડા પટ્ટાથી એને વાવેતર કરવા માટે એકસાલી ધોરણે મામલતદાર કક્ષાએથી પહોંચ એને આપી એકસાલી ધોરણે આપવામાં આવતા. છેલ્લા સાતેક વર્ષથી આ બંધ કરી દેવામાં આવ્યું છે ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ફરી નદિના પટ કે કાંઠા પરની જે સરકારી જગ્યા હોય એ જગ્યા પણ ગરીબ લોકોને વાડા વાવવા માટે ભાડા પટ્ટાથી એકસાલી ધોરણે આ જગ્યા આપવા માગો છો કે કેમ અને કયારથી, અને બીજો સવાલ કે રાજકોટ જિલ્લામાં આવી અરજીઓ કેટલી આવેલી છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૯ની અંદર નદી તળાવોની જમીનો હરાજીમાં એક વર્ષ માટે અને વધુમાં વધુ ૩ વર્ષ માટે કલેકટરોએ આપી છે. ૮૧માં આ નિર્ણય જે લીધેલો એમાં સુધારો કરીને જે પછાત વર્ગના લોકો છે, અનુસૂચિત જનજાતીના લોકો છે એના માટે ૨૫ ટકા જગ્યા રિઝર્વ રાખીને એ ૨૫ ટકા જગ્યા હરાજી ન કરવી પણ છેલ્લા ત્રણ વર્ષમાં જે એના ભાવો આવ્યા હોય એને ધ્યાનમાં રાખીને વીના હરાજીએ આ નબળા વર્ગના લોકોને જગ્યા આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં આવી કેટલી અરજીઓ આવી છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા વાઈઝ આમાં કંઈ હોય નહીં. જનરલ પ્રશ્ન છે કે નદી તળાવની જગ્યા આપવાની છે કે કેમ? જિલ્લા વાઈઝ આખા રાજયમાં કયાં કેટલી અરજીઓ આવી છે એ કલેકટર લેવલે કામગીરી થતી હોય છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું કે જે કાંઠા પર વાવતા અને શાકભાજીના કુટુંબો છે એમાં હજારો કુટુંબો શાકભાજી વાવીને વાડા રેગ્યુલરાઈઝ કરે છે.હવે આપે જે વાત કરી એ પ્રમાણે જાહેર હરાજી કરીને છેલ્લે ઓછા ભાવ આવે એને આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ બાબતે એકસાલી કાયમ માટે આપવાનો સરકાર નિર્ણય કરવા માગે છે? દર વખતે કરવું એના કરતાં કાયમ માટે કરીએ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : કાયમ માટે નહિ પણ ૧૯૮૧માં નિર્ણય લેવામાં આવેલ છે એ પ્રમાણે હાલ એ નિર્ણયનો અમલ કરવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેક્સ્ટ

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### જૂનાગઢ જિલ્લામાં બી.પી.એલ કાર્ડ માટે અરજીઓ

૧૧૩૯૯ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ બી. પી. એલ. કાર્ડ માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી, | (૧) કુલ- ૧૪૭<br>(પત્રક-૧ સામેલ છે.) |
| (૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૪૭ અરજીઓ પૈકી ૮૮ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. (પત્રક-૨ સામેલ છે.) |
| (૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી કાર્ડ આપવામાં આવશે ? | (૩) બાકી રહેતી ૫૯ અરજીઓ નામંજૂર કરી, સંબંધિત અરજદારશ્રીને જાણ કરી નિકાલ કરેલ હોઇ કાર્ડ આપવાનો પ્રશ્ન રહેતો નથી. |

**<u>પત્રક-૧</u>**

**જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. કાર્ડ માટેની અરજીઓની તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૩૨ |
| ૨ | વંથલી | - |
| ૩ | વિસાવદર | - |
| ૪ | મેંદરડા | ૫૬ |
| ૫ | ભેંસાણ | - |
| ૬ | વેરાવળ | ૪૮ |
| ૭ | કોડીનાર | - |
| ૮ | ઉના | - |
| ૯ | તાલાળા | - |
| ૧૦ | સુત્રાપાડા | ૮ |
| ૧૧ | માળીયા | - |
| ૧૨ | કેશોદ | - |
| ૧૩ | માંગરોળ | - |
| ૧૪ | માણાવદર | ૩ |
| | કુલ... | ૧૪૭ |

**પત્રક-૨**

**બી.પી.એલ. કાર્ડની મળેલ અરજીઓ પૈકી મંજૂર કરેલ અરજીઓની તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૨૪ |
| ૨ | વંથલી | - |
| ૩ | વિસાવદર | - |
| ૪ | મેંદરડા | ૫૬ |
| ૫ | ભેંસાણ | - |
| ૬ | વેરાવળ | - |
| ૭ | કોડીનાર | - |
| ૮ | ઉના | - |
| ૯ | તાલાળા | - |
| ૧૦ | સુત્રાપાડા | ૮ |
| ૧૧ | માળીયા | - |
| ૧૨ | કેશોદ | - |
| ૧૩ | માંગરોળ | - |
| ૧૪ | માણાવદર | - |
| | કુલ... | ૮૮ |

---------------

## જૂનાગઢ જિલ્લામાં ખેતીની જમીન બીનખેતી કરવા માટે અરજીઓ

૧૦૭૭૯ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૧૧-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીની જમીન બીનખેતી કરવાની કેટલી અરજીઓ આવી, | (૧) આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી, | (૨) આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબ. |
| (૩) નામંજૂરીના કારણો શું છે, અને | (૩) નીચેના કારણોસર અરજી નામંજૂર કરવામાં આવી.<br>(૧) સંબંધિત ખાતાઓના અભિપ્રાય નહી મળવાના કારણે.<br>(૨) માંગણીવાળી જમીનના ટાઇટલ ક્લીયર ન હોવાના કારણે.<br>(૩) મંજૂરી પહેલાં બાંધકામ કરેલ હોવાથી શરતભંગની કાર્યવાહીના કારણે.<br>(૪) બીનખેતી કેસોમાં કેટલાક ખાતાના નકારાત્મક અભિપ્રાય મળવાથી.<br>(૫) ગામ નમુના નં. ૭/૧૨ અને ૮/અ સાથે જમીનની સ્થળસ્થિતિનો મેળ નહી પડવાના કારણે.<br>(૬) જમીન, સરકાર/બેંકના તારણમાં હોવાના કારણે વિગેરે. |
| (૪) પેન્ડિંગ અરજીઓ કેટલી છે, અને તેનો કેટલા સમયમાં નિકાલ થશે ? | (૪) છ અરજીઓ પેન્ડીંગ છે જેનો તા. ૩૦-૪-૨૦૦૫ સુધીમાં નિકાલ કરવામાં આવશે. |

**<u>પત્રક</u>**

**<u>તા. ૧-૧૨-૨૦૦૨ થી તા. ૩૦-૧૧-૨૦૦૪ દરમ્યાન મળેલ બીનખેતી પરવાનગી અંગેની અરજીઓનું પત્રક</u>**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજૂર | નામંજૂર | પેન્ડીંગ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧. | જૂનાગઢ | ૯૫ | ૬૯ | ૨૬ | ૦ |
| ૨. | સુત્રાપાડા | ૩૭ | ૨૨ | ૯ | ૬ |
| ૩. | ઉના | ૧૪ | ૯ | ૫ | ૦ |
| ૪. | માળીયા | ૧૨ | ૧૦ | ૨ | ૦ |
| ૫. | ભેંસાણ | ૩ | ૩ | ૦ | ૦ |
| ૬. | કેશોદ | ૨૩ | ૧૯ | ૪ | ૦ |
| ૭. | તલાલા | ૧૨ | ૧૧ | ૧ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮. | માણાવદર | ૮ | ૬ | ૨ | ૦ |
| ૯. | મેંદરડા | ૬ | ૬ | ૦ | ૦ |
| ૧૦. | માંગરોળ | ૧૪ | ૧૧ | ૩ | ૦ |
| ૧૧. | વંથલી | ૭ | ૭ | ૦ | ૦ |
| ૧૨. | વિસાવદર | ૭ | ૪ | ૩ | ૦ |
| ૧૩. | વેરાવળ | ૪૧ | ૩૨ | ૯ | ૦ |
| ૧૪. | કોડીનાર | ૯૪ | ૮૩ | ૧૧ | ૦ |
| | કુલ... | ૩૭૩ | ૨૯૨ | ૭૫ | ૬ |

----------------

**સંખેડા તાલુકાની ૪૨ ગામ પાણી પુરવઠા યોજના**

૧૦૬૫૪ **શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સંખેડા તાલુકાની ૪૨ ગામ પાણી પુરવઠાની યોજના હાલમાં ચાલુ છે તેમાં ઓન લાઇન ઉપર આવતા ગામોને જોડવા માટે કોઇ યોજના છે કે કેમ? | ઓન લાઇન પર આવતા ગામોને જોડવા માટે સરકારશ્રી દ્વારા યોજના માટે આયોજન કરવામાં આવેલ છે. |

----------------

**જામનગર જિલ્લાની સસોઇ સિંચાઇ યોજના**

૧૦૭૯૦ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાની સસોઇ સિંચાઇ યોજનાનું ખાતમુહુર્ત કરી દેવામાં આવેલ છે તે વાત ખરી છે, અને | (૧) હાજી. |
| (૨) જો હા, તો આ યોજનાનું ટેન્ડર બહાર પાડી કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) બાબત વિચારણા હેઠળ છે. |

**કચ્છ જિલ્લામાં સિંચાઇ યોજનાઓ ભૂકંપપ્રુફ બનાવવા અંગે**

૧૨૨૬૭ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મધ્યમ, નાની સિંચાઇ યોજનાઓને ભૂકંપપ્રુફ બનાવવાની કામગીરીમાં ગેરરીતિ થતી હોવાની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં મળી, | (૧) ત્રણ. |
| (૨) શાં શાં પગલાં ભરવામાં આવ્યા છે, અને | (૨) એક ફરિયાદમાં તથ્ય જણાયેલ નથી, બે ફરિયાદ ચકાસણી હેઠળ છે. |
| (૩) કઇ કઇ એજન્સીને બ્લેકલીસ્ટમાં મુકવામાં આવી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------

**ભૂકંપગ્રસ્ત કચ્છ વિસ્તારમાં પશુઓના મૃત્યુ અંગે ચૂકવાયેલ વળતર**

૧૦૯૦૯ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ ભૂકંપગ્રસ્ત કચ્છ વિસ્તારમાં પશુ માલિકોને ભૂકંપમાં થયેલ પશુનાં મૃત્યુ પેટે ચૂકવવાની રકમ હજૂ ચૂકવાઇ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં કારણો શાં છે,

(૩) કચ્છ જિલ્લામાં કેટલા પશુ મૃત્યુ સામે કેટલી રકમ ચૂકવવાની થાય છે, અને

(૪) જો ના, તો કેટલા પશુ મૃત્યુ સામે તા. ૩૧-૦૩-૨૦૦૪ સુધીમાં કેટલી રકમ ક્યા ક્યા તાલુકામાં ચૂકવાઇ ?

**જવાબ**

(૧) નાજી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અને (૪) ૪૦૦૨ પશુ મૃત્યુની સહાય ચૂકવવા માટેની રજૂઆતો નોંધવામાં આવી છે. પરંતુ હાલ નિયમોનુસાર નીચે મુજબ ચૂકવણું કરવામાં આવ્યું છે.

| તાલુકો (૧) | સંખ્યા (૨) | ચૂકવાયેલ રકમ રૂા. (૩) |
|---|---|---|
| ભચાઉ | ૪૬ | ૨૭,૩૫૦ |
| રાપર | ૨૯ | ૧,૪૫,૭૦૦ |
| મુંદરા | ૫૦ | ૫૭,૯૦૦ |
| નખત્રાણા | ૧૧ | ૧૯,૭૦૦ |
| કુલ | ૧૩૬ | ૨,૫૦,૬૫૦ |

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૦:૪૦ ના ચેકડેમો

૧૦૬૭૬ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૦:૪૦ યોજના હેઠળ તાલુકા વાઇઝ છેલ્લા બે વર્ષમાં ચેકડેમ બનાવવા કેટલી માંગણીઓ આવી છે,

(૨) આવેલ માંગણીઓ પૈકી કેટલી માંગણીઓનો સ્વીકાર કરવામાં આવેલ છે,

(૩) સ્વીકારાયેલ માંગણી પૈકીના કેટલા કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૪) કેટલા કામો બાકી છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | અરજીઓની સંખ્યા |
|---|---|
| ચોટીલા | ૧૨૬ |
| વઢવાણ | ૧૯ |
| ચુડા | ૨૪ |
| લીંબડી | ૨૮ |
| હળવદ | ૩૨ |
| ધ્રાંગધ્રા | ૧૭ |
| લખતર | ૭ |
| પાટડી | ૨૯ |
| સાયલા | ૧૫૩ |
| મૂળી | ૨૬ |
| કુલ.. | ૪૬૧ |

(૨) ૪૬૧ અરજીઓમાંથી ૨૪૩ નો

(૩) ૧૨૨ કામો

(૪) ૧૨૧ કામો પ્રગતિમાં છે.

----------

## ખાનપુર તાલુકા માટે અનાજના અલગ ગોડાઉન

૧૨૩૦૧ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ખાનપુર તાલુકાના તમામ સરકાર માન્ય સસ્તા અનાજના દુકાનદારોને અન્ન પુરવઠો લુણાવાડા લેવા જવો પડે છે તો સરકાર ખાનપુર તાલુકા માટે અલગ ગોડાઉન ક્યાં સુધીમાં ફાળવવા માંગે છે ? | ખાનપુર તાલુકાની વાજબી ભાવની દુકાનોને તેમની નજીકના ગોડાઉનેથી જાહેર વિતરણનો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવે છે અને અંતર પ્રમાણે કમિશન પણ આપવામાં આવે છે તેથી હાલ નવા ગોડાઉનની ફાળવણી કરવાનો પ્રશ્ન નથી. |

----------

## ઉના તાલુકામાં કલમ ૩૨-ક અન્વયે દસ્તાવેજો

૧૧૪૫૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં કલમ ૩૨-ક અન્વયેના નિકાલ થયેલ દસ્તાવેજો તથા મુક્તિપાત્ર દસ્તાવેજો જેવા ૧૦૦ ચોરસ મીટરથી ઓછા ક્ષેત્રફળના દસ્તાવેજો નાયબ કલેક્ટર જૂનાગઢ પાસે કઇ સાલના કેટલા દસ્તાવેજો પેન્ડીંગમાં છે,

**જવાબ**

(૧) ૩૨-ક અન્વયેના નિકાલ થયેલ કુલ દસ્તાવેજાની સંખ્યા ૧૪૩૫

૧૦૦ ચોરસ મીટરથી ઓછા ક્ષેત્રફળ વાળા મુક્તિપાત્ર દસ્તાવેજોની વર્ષવાર સંખ્યા

| વર્ષ | પડતર કેસોની સંખ્યા |
|---|---|
| ૧૯૯૫ | ૩ |
| ૧૯૯૯ | ૪ |
| ૨૦૦૦ | ૩ |

ઉપર સિવાયની અન્ય કેટેગરીના મુક્તીપાત્ર પડતર દસ્તાવેજોની સંખ્યા શૂન્ય

**પ્રશ્ન** (૨) આ દસ્તાવેજો પેન્ડીંગમાં રહેવાના કારણો શાં છે, અને

**જવાબ** (૨) મુંબઇ સ્ટેમ્પ અધિનિયમની કલમ ૩૨-ક હેઠળની કાર્યવાહી માટે પડતર કેસો સાથે સાંકળી લેવાના કારણે

**પ્રશ્ન** (૩) સત્વરે આ દસ્તાવેજો પરત કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ** (૩) આ કેસની ચકાસણી કરીને ટૂંક સમયમાં પરત કરવામાં આવશે.

----------

## મહુવા તાલુકામાં સરકારી જમીન માટે ટ્રસ્ટોની માંગણી

૧૦૯૯૭ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકામાં સરકારી જમીન મેળવવા કેટલા અને કયા કયા ટ્રસ્ટોની માંગણી પેન્ડીંગ છે, અને

**જવાબ**

(૧) ૩ માંગણી પેન્ડીંગ છે.

૧. શ્રી ખરક જ્ઞાતી સહાયક સમાજ. મહુવા

૨. શ્રી બજરંગદાસજી સનાતન સંસ્થાન ગુરુ આશ્રમ, બગદાણા, તા.મહુવા.

૩. શ્રી સમસ્ત બાબર સમાજના ઇષ્ટદેવ મેહુરદાદા સેવા ટ્રસ્ટ, ખારી તા.મહુવા

**પ્રશ્ન** (૨) યોગ્યતા ધરાવતા ટ્રસ્ટોને જમીન ક્યારે આપવામાં આવશે ?

**જવાબ** (૨) નિયમોને આધિન રહી શક્ય તેટલી ત્વરાએ.

----------

## સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં પાણી પુરવઠા યોજના

૧૨૪૫૬ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સુરત જિલ્લાના સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાના કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લીધેલ છે, અને | (૧) |

| ક્રમ | તાલુકો | જૂથ પા.પુ. યોજના હેઠળ આવરી લેવાયેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સોનગઢ | શૂન્ય |
| ૨ | ઉચ્છલ | ૫ |
| ૩ | નિઝર | ૪૫ |
| | કુલ | ૫૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) હાલમાં કેટલા ગામોને પીવાનું પાણી મળે છે? | (૨) નીચેની વિગતે |

| ક્રમ | તાલુકો | પાણી મેળવતા ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સોનગઢ | શૂન્ય |
| ૨ | ઉચ્છલ | શૂન્ય |
| ૩ | નિઝર | ૩૯ |
| | કુલ | ૩૯ |

----------

## વિરમગામ તાલુકામાં સુબેદારી પ્રથા

૧૧૨૦૫ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ વિરમગામ તાલુકામાં એવા કેટલા ગામો છે કે જ્યાં સૂબેદારી પ્રથા ચાલુ છે, અને | (૧) વિરમગામ તાલુકામાં સૂબેદારી પ્રથા અમલમાં નથી. |
| (૨) આવા ગામોમાં જમીન સૂબેદારોના નામે હોય છે. જ્યારે ૭/૧૨ અને ૮/અ ના ઉતારા ખેડૂતોના નામે આપવામાં આવે છે તો આવી જમીનો ખેડૂતોના નામે થાય તે બાબતે સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## નર્મદા જિલ્લામાં પશુ દીઠ ગૌચર જમીનનું પ્રમાણ જળવાઇ રહેવા અંગે

૧૦૭૧૫ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ૧૦૦ પશુ દીઠ ૪૦ એકર જમીન સરકારનું સ્થાપિત ઠરાવેલ ધોરણ પ્રમાણે નર્મદા જિલ્લાના કયા કયા ગામોમાં ડિસે-૦૪ની સ્થિતિએ ગૌચર જમીન છે, | (૧) *પત્રક-અ મુજબ. |

| | |
|---|---|
| (૨) આ પ્રમાણ જળવાઇ ન રહેતું હોય તેવા કયા કયા ગામો છે, અને | (૨) *પત્રક-બ મુજબ. |
| (૩) જ્યાં પ્રમાણ જળવાતું નથી ત્યાં સરકારે ગૌચર જમીન પ્રાપ્ત કરવા શી વ્યવસ્થા કરી છે ? | (૩) સંબંધિત ગ્રામપંચાયત દ્વારા વધારાની ગૌચર જમીન નીમ કરવા માટે દરખાસ્ત થયેથી સરકારી જમીનની ઉપલબ્ધતા ચકાસીને નિયોનુસાર ગૌચર નીમ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

**જોડીયા તાલુકાની ઉંડ-૨ સિંચાઈ યોજનાના કામો**

૧૨૩૮૫ **શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી** (જોડીયા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ જોડીયા તાલુકામાં આવેલ ઉંડ-૨ સિંચાઈ યોજનાની કેનાલો બનાવવાનું કામ ચાલુ કર્યાને કેટલા વર્ષ થયા છે, | (૧) ઉંડ-૨ સિંચાઈ યોજનાની કેનાલના જુદા જુદા ૧૨ કામો તા. ૧૬/૩/૯૮થી ૧૬/૮/૦૨ વચ્ચેના સમયગાળામાં ટેન્ડર પ્રક્રિયા પુર્ણ થયા પ્રમાણે અલગ અલગ સમયે શરૂ કરવામાં આવેલ હતા. પ્રથમ કામ ૬ વર્ષ ૧૦ માસ પહેલાં શરૂ થયું જે ૧૮ માસમાં પુર્ણ થયું છે. |
| (૨) આ કામ હાલ કયા તબક્કે છે, અને કયારે પૂરું થશે, અને | (૨) ૮ કામો પુર્ણ થયેલ છે. એક કામ પ્રગતિ હેઠળ છે. એક કામ ઈજારદારશ્રીને ટેન્ડર જોગવાઈ સામે વાંધો હોઈને વિવાદના કારણે સ્થગિત છે.<br><br>જમીન સંપાદનના કારણે એક કામ શરૂ થઈ શકેલ નથી અને એક કામ સ્થગિત છે. દરેક બંધ/સ્થગિત કામો માટે જુદા જુદા કારણો હોઈ તે અંગે યોગ્ય નિકાલ થયે કામ શરૂ કરી પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ટેન્ડરની શરતો મુજબ કામ પુરું ન થાય તો એજન્સી ઉપર સરકાર પગલાં લેવા માંગે છે કે કેમ? | (૩) ટેન્ડરની શરતો મુજબ જે તે ઈજારદારશ્રી સામે નિયમ અનુસારથી પગલા લેવામાં આવશે. |

--------------

**રાજ્યમાં હક્કપત્ર નોંધોના નિકાલની ઝુંબેશ**

૧૧૧૦૬ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૪ની સાલમાં સમગ્ર રાજ્યમાં હકક્પત્રક નોંધોના નિકાલની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ તે હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના પરિણામો શું મળેલ છે ? | (૨) તા. ૧-૭-૨૦૦૪ થી તા. ૩૧-૭-૨૦૦૪ દરમ્યાન રાજ્યવ્યાપી હકક્પત્રક નોંધ નિકાલ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. |

જેમાં તા. ૩૧-૫-૨૦૦૪ના રોજની સ્થિતિએ બાકી રહેલ ૧૦૨૨૫૨ નોંધો પૈકી ૯૮૪૧૮ નોંધોનો નિકાલ કરી, ૯૬.૨૫ % સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે.

------------

**સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાઆ**

૧૨૫૦૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓમાં પાણી પુરવઠાની કેટલી જૂથ યોજનાઓ ચાલુ કરી છે, અને | (૧) સાબરકાંઠા જિલ્લો- ૧૬ જૂથ યોજના<br>બનાસકાંઠા જિલ્લો- ૨૦ જૂથ યોજના |
| (૨) એનાથી તાલુકાવાર કેટલા ગામોને પાણી પીવા માટે મળે છે ? | (૨) સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ગામોને પાણી મળે છે. |

**સાબરકાંઠા જિલ્લો**

| ક્રમ | તાલુકો | પાણી મેળવતા ગામો |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧૧ | દિયોદર | ૧૭ |
| ૧૨ | કાંકરેજ | ૨૭ |
| | કુલ. | ૪૮૭ ગામો |

--------------

**ગાંધીનગરમાં વિકલાંગ વ્યકિતઓને રાહત દરે જમીન આપવા અંગે**

૧૦૬૯૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસુલ વિભાગના તા. ૨૮-૩-૮૯ના ઠરાવ ક્રમાંક : જમન-૩૯૮૮-૧૭૮૫-અ અન્વયે વિકલાંગ વ્યકિતઓને વિવિધ હેતુ માટે સરકારી જમીન હરાજીએ રાહત દરથી આપવા ઠરાવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી, માત્ર વિના હરાજીએ રાહત દરથી આપવાની જોગવાઈ છે. |
| (૨) જો હા, તો ગાંધીનગરમાં રહેતા વિકલાંગોને ગાંધીનગરમાં જમીન આપવાની તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલી આવી અરજીઓ પડતરમાં છે, અને | (૨) શૂન્ય. |
| (૩) ગાંધીનગરના વિકલાંગોને ગાંધીનગર ખાતે જ જમીન ફાળવવામાં આવે તે માટે સરકાર શું કાર્યવાહી કરવા માંગે છે ? | (૩) ગાંધીનગર શહેર ખાતે સરકારી કર્મચારીઓ/ અધિકારીઓ, અસરગ્રસ્તો માન. ધારાસભ્યશ્રીઓ,<br>માન. સંસદસભ્યશ્રીઓને જાહેર હરાજી સિવાય રાહત દરે સરકારી જમીન ફાળવવાની નીતિ નકકી થયેલ છે. જેમાં પાત્રતા ધરાવનાર વિકલાંગ વ્યકિતઓનો પણ સમાવેશ થઈ જાય છે. પરંતુ તે સિવાયના વિકલાંગ વ્યક્તિઓ માટે અલગ નીતિ નથી. તેમ માર્ગ અને મકાન વિભાગે જણાવ્યું છે. |

--------------

**વ્યારા અને સોનગઢ તાલુકામાં બંધ હેન્ડપંપ**

૧૨૩૭૫ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વ્યારા અને સોનગઢ તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીના કેટલા હેન્ડપંપો છે, | (૧) નીચેની વિગતે |

| ક્રમ | તાલુકો | હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|

(૨) આ પૈકી હાલમાં કાર્યરત કેટલા છે, અને બંધ હાલતમાં કેટલા છે, અને

| | | |
|---|---|---|
| ૧ | વ્યારા | ૪૫૧ |
| ૨ | સોનગઢ | ૫૨૬ |
| | કુલ....... | ૯૭૭ |

(૨) નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | કાર્યરત હેન્ડપંપની સંખ્યા | બંધ હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વ્યારા | ૪૩૯ | ૧૨ |
| ૨ | સોનગઢ | ૫૦૮ | ૧૮ |
| | કુલ... | ૯૪૭ | ૩૦ |

(૩) બંધ હાલતમાં છે તેવા હેન્ડપંપો કેટલા સમયમાં રિપેર કરીને ચાલુ કરવામાં આવશે ?

(૩) ક્રમશઃ તા. ૧૦-૧-૨૦૦૫ સુધીમાં રિપેર કરીને ચાલુ કરેલ છે.

--------------

**અમદાવાદ શહેરમાં ગ્રાહક સુરક્ષા કેસોનો ભરાવો**

૧૧૦૯૧ **શ્રી બિમલ શાહ (કપડવંજ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ગ્રાહક ફરિયાદના કેસોનો ભરાવો થયો છે તે હકીકત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો પડતર કેસોનો સમયસર નિકાલ થાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પડતર કેસોના સમય મર્યાદામાં નિકાલ થાય તે માટે નીચે મુજબ આયોજન કરેલ છે.

(અ) કાયદાની જોગવાઈ મુજબ રાજ્ય કમિશન દ્વારા સદર ફોરમના પડતર કેસો પૈકી અમુક કેસો જરૂર જણાયે નજીકના ફોરમને ટ્રાન્સફર કરવાનું આયોજન કરેલ છે.

(બ) એક વધારાના ફોરમની રચના કરવાનું આયોજન કરેલ છે.

--------------

**સરકારી જમીનો ગ્રાન્ટ કરવા પર પ્રતિબંધ**

૧૧૪૮૦ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના ઉકેલ અંગે સરકાર શું કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## રાજ્યમાં સીમાન્ત ખેડૂતોનું લેન્ડ હોલ્ડીંગ ઘટવા અંગે

૧૧૦૪૦**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં બિનપિયત જમીન ૨ એકર અને પિયત જમીન ૧ એકરથી ઓછા ક્ષેત્રફળની ખેતીની જમીનનું વેચાણ કયારથી બંધ કરવામાં આવેલ છે, | (૧) ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતના અધિનિયમ-૧૯૪૭ની કલમ-૫ હેઠળ રાજ્યના જુદા જુદા વિસ્તારો માટે ટુકડાના ક્ષેત્રફળ બાબતે તા. ૧૧/૭/૧૯૫૫ થી જાહેરનામું બહાર પાડયાની તારીખ પછી બિન પિયત ૨ એકર અને પિયત અર્ધા એકરથી ઓછી ક્ષેત્રફળવાળી જમીન તેને અડીને આવેલ સર્વે નંબરના ધારણકર્તા સિવાય બીજા કોઈને વેચાણ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. |
| (૨) રાજ્યમાં વધેલ વસ્તિ અને સિમાંત ખેડૂતના પરિવારોનું લેન્ડ હોલ્ડીંગ એક એકર કરતાં પણ પ્રતિ વ્યક્તિ ઘટી રહ્યું છે, ત્યારે આ કાયદાઓમાં સરકાર કોઈ છૂટછાટ આપવા માંગે છે, અને | (૨) ના, જી. |
| (૩) કેટલા સમયમાં સરકાર કેટલી મર્યાદામાં આવા પ્રકારની જમીનો તેમનાં ધારકોને ખરીદવા-વેચવા પર (ખેતીની જમીન) છૂટ આપવા ઈચ્છે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

## જંબુસર તાલુકામાં પીવાના પાણીની સમસ્યા

૧૦૬૪૩ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જંબુસર તાલુકાના કહાનવા ગામે પીવાના પાણીના ખૂબ પ્રશ્નો રહે છે, તેના અપૂરતા પાણીના પ્રવાહને કારણે ગામમાં પાણી જરૂરીયાત મુજબનું પહોંચતું નથી તેના માટે કહાનવા થી કારેલીની સીધી પાઇપ લાઇન નાંખવાની માંગણી થઇ છે તે વાત સાચી છે, અને | (૧) કહાનવા ગામે પાણીનો પ્રશ્ન નથી પરંતુ કારેલી ગામે પ્રશ્ન હોવાથી જંબુસર તાલુકાના કહાનવાથી કારેલી ગામ સુધી સીધી પાઇપ લાઇન નાંખવાની માંગણી થઇ છે, એ વાત સાચી છે. |
| (૨) આ અંગે શું કાર્યવાહી કરેલ છે ? | (૨) આ યોજનાને મંજૂરી આપવામાં આવી છે. તેમજ કામગીરી શરૂ થયેલ છે. |

----------

## તોલમાપ તંત્ર દ્વારા ગ્રાહકોની છેતરપીંડી અટકાવવાનાં પગલાં

૧૧૦૬૭ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| ગ્રાહકોને વજન માપમાં છેતરવામાં ન આવે તે માટે તોલમાપ તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે? | રાજ્યમાં ગ્રાહકોને વજન કે માપમાં છેતરાવું ન પડે તે માટે તોલમાપ તંત્ર દ્વારા વિવિધ એકમો દ્વારા વપરાતા વજનમાપનાં સાધનોને નિયત સમયે ચકાસણી અને મુદ્રાંકન કરવામાં આવે છે. |

આ એકમોનું નિરીક્ષકો દ્વારા નિરીક્ષણ પણ કરવામાં આવે છે. જુદા જુદા સ્થળોએ સામુહિક ચેકીંગ (મોબાઇલ) દ્વારા વેપારી એકમોની તપાસણી કરવામાં આવે છે ઉપરાંત સઘન ઝુંબેશ પણ કરવામાં આવે છે અને તેમાં કસુરવાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

ગ્રાહકો છેતરાય નહીં અને જાગૃત બને તે માટે તોલમાપ તંત્ર દ્વારા ગ્રાહક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે.

-----------

**બનાસકાંઠા જિલ્લાને સિંચાઇનો લાભ**

૧૧૭૦૩ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં કેટલા ગામોને સિંચાઇનો લાભ મળનાર છે,

**જવાબ**

(૧) (અ) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના અન્વયે સ્પ્રેડીંગ ચેનાલ અને નર્મદા મુખ્ય નહેર વચ્ચે આવતા તાલુકાવાર લાભિત થનાર ગામોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|
| કાંકરેજ | ૪૮ |
| દિયોદર | ૩૩ |
| થરાદ | ૬૧ |
| ડીસા | ૦૫ |
| | ૧૪૭ |

(બ) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળની બાલારામ સિંચાઇ યોજનાથી લાભિત થનાર ગામોની તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|
| અમીરગઢ | ૦૨ |
| પાલનપુર | ૦૨ |
| | ૦૪ |

(ક) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ હડમતિયા યોજના ઉંચી કરી સંગ્રહ શકિત વધારતા દાંતીવાડા તાલુકાના ૭ ગામો લાભિત થશે.

(૨) આ યોજનાનું કામ હાલ ક્યા તબક્કે છે, અને

(૨) સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ નહેરનું ખોદકામ પ્રગતિ હેઠળ છે. વચ્ચે આવતી ૨૧ મુખ્ય નદીઓ ઉપરના સ્ટ્રકચર્સના ટેન્ડરો પૈકી સાત મંજૂર કરી કામગીરી શરૂ થયેલ છે. અન્ય ટેન્ડર મંજૂર થવાની પ્રક્રિયા હેઠળ છે. સ્ટેટ હાઇવે અને નેશનલ હાઇવે તથા રેલ્વે ક્રોસીંગના સ્ટ્રકચર્સના ટેન્ડરો માંગવામાં આવેલ

છે. યોજના હેઠળ સીપુ દાંતીવાડા અને મુક્તેશ્વર ડેમમાં ઉદવહનથી નર્મદા મુખ્ય નહેરનું પાણી નાખવા માટે લાઇન દોરી નક્કી કરવાની તથા નકશા અંદાજની કામગીરી પ્રગતિમાં છે તથા બાલારામ સિંચાઇ યોજનાના ટેન્ડરો મંજૂરીમાં છે.

(૩) આ યોજના અન્વયે ઉક્ત ગામોને ક્યાં સુધીમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવશે ?

(૩) હાલમાં પૂર્ણ થયેલ ચેકડેમના લીધે રીચાર્જીંગ પ્રક્રિયાથી આડકતરી સિંચાઇનો લાભ ચાલુ થયેલ છે. ઉપરોક્ત કામગીરીઓ પૂર્ણ થતાં ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં મોટા ભાગના ગામોને સીધી તથા આડકતરી રીતે સિંચાઇનો લાભ મળે તેવું આયોજન વિચારાયેલ છે.

------------

## ભાવનગર તાલુકામાં સાંથણીમાં જમીન આપવા અંગેના કેસો

૧૧૧૦૮ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દક્ષિણ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ભાવનગર તાલુકામાં સાંથણીમાં જમીન આપવા માટેના કેટલા કેસો પેન્ડીંગ છે,

(૨) તે પૈકી બાનમુક્તિના પ્રમાણપત્ર માટે પેન્ડીંગ કેટલાં, અને

(૩) તેનો નિકાલ લાવવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) સાંથણીની જમીન ફાળવવા અંગેનું જાહેરનામું બહાર પડ્યા પછી રજુ થયેલ અરજીઓ ગણત્રીમાં લેવાની હોઇ એક પણ અરજી પડતર નથી.

(૨) બાનમુક્તિની જોગવાઇ રદ કરેલ હોઇ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સસ્તા અનાજની દુકાનો અને પેટ્રોલ પંપોની તપાસ

૧૧૬૮૩ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં પુરવઠા ખાતાએ કેટલી સસ્તા અનાજની દુકાનો અને પેટ્રોલ પંપોમાં તપાસ કરી,

(૨) તેમાં કેટલી ગેરરીતિ પકડાઇ, અને

(૩) કેટલા કેસ કરાયા અને કેટલા પરવાના રદ કરાયા ?

**જવાબ**

(૧)

| | તપાસણી |
|---|---|
| વ્યાજબી ભાવની દુકાનો | ૧૮૯૫૫ |
| પેટ્રોલ પંપો | ૧૪૬૦ |

(૨) તપાસમાં જણાયેલ ગેરરીતી સામે જથ્થો કબજે કરવામાં આવ્યો,

| | તપાસણી |
|---|---|
| વ્યાજબી ભાવની દુકાનો | ૩,૨૦૧<br>રૂા. ૨૫,૭૯,૨૯૪/- |
| પેટ્રોલ પંપો | ૫૦૪<br>રૂા.૧,૧૯,૭૨,૪૩૨/- |

(૩) નીચે મુજબ

| | કેસની સંખ્યા | પરવાના રદની સંખ્યા |
|---|---|---|
| વ્યાજબી ભાવની દુકાનો | ૩૦૦૦ | ૮૧ |
| પેટ્રોલપંપ | ૪૬૧ | ૫ |

-------

**કલોલ તાલુકામાં નવી જૂની શરતની જમીન**

૧૨૪૯૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકામાં નવી શરતમાંથી જૂની શરતમાં જમીન તબદીલ કરવાના કેટલા કેસો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૨૦૬૫ |
| (૨) કેટલા કેસો નામંજૂર કરવામાં આવ્યા ? | (૨) ૯૫૧. |

-------

**રાજકોટ જિલ્લા કલેકટર કચેરીમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ**

૧૧૭૦૬ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લા કલેકટર કચેરી અને સ્ટેમ્પ ડયુટી કલેકટરની કચેરીમાં મામલતદાર કેડરની તથા ડે.કલેકટર કેડરની તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) કલેકટર કચેરી ખાતે

| **જગ્યાનું નામ** | **કયારથી ખાલી છે.** |
|---|---|
| ખાસ જમીન સંપાદન અધિકારી, રાજકોટ | તા.૨૦-૧-૦૫ થી |
| મામલતદાર (બીન ખેતી) | તા.૧૭-૫-૦૩ થી |
| મામલતદાર (ડિઝાસ્ટર) | તા.૨-૧૧-૦૨ થી |
| મામલતદાર (નાની બચત) | તા.૫-૩-૦૪ થી |

સ્ટેમ્પ ડયુટી કલેકટર કચેરી ખાતે નાયબ કલેકટર (સ્ટેમ્પ)ની જગ્યા ખાલી નથી. જયારે મામલતદાર કેડરની કોઇ જગ્યા મંજૂર થયેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) આવી મહત્વની જગ્યાઓ ખાલી રહેવાના કારણો કયા છે, અને | (૨) વહીવટી કારણોસર. |
| (૩) આ જગ્યાઓ ઉપર કાયમી ધોરણે કયારે નિમણૂંક કરવામાં આવશે ? | (૩) શક્ય તેટલી જલ્દીથી. |

----------

**ગઢડા અને ઉમરાળા તાલુકાને મહી-પરીયેજ યોજનાનું પાણી પીવા માટે આપવા અંગે**

૧૧૪૫૬ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહી પરીએજ યોજનાના પીવાના પાણી ભાવનગર જિલ્લાના ગઢડા અને ઉમરાળા તાલુકાને કેટલા સમયમાં પુરા પાડવાનું આયોજન છે, અને | (૧) ગઢડા તાલુકાના ૪૯ ગામો અને ૧ શહેરને તથા ઉમરાળા તાલુકાના ૩૨ ગામો અને ૧ શહેરને છેલ્લા ૨ વર્ષથી પાણી પુરવઠો આપવામાં આવેલ છે. બાકી રહેતા ગામોને ક્રમશઃ જૂન-૨૦૦૫ સુધીમાં પાણી પહોચાડવાનું આયોજન છે. |
| (૨) આ કાર્યવાહી તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૨) ગઢડા તાલુકાના બાકી રહેતા ૧૪ ગામોએ પાઇપ લાઇન ટેસ્ટીંગની કામગીરી પ્રગતિમાં છે અને ઉમરાળા તાલુકામાં બાકી રહેતા ૫ ગામો પૈકી ૨ ગામોની પાઇપ લાઇન |

ટેસ્ટીંગની કામગીરી પ્રગતિમાં છે. જયારે બાકીના ૩ ગામોની પાઇપ લાઇન નાંખવાની કામગીરી પ્રગતિમાં છે.

----------

## સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાને લોક પ્રતિસાદ

૧૨૩૧૩ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાને પહેલાં જેવો લોક પ્રતિસાદ મળતો નથી તે બાબત સરકારના ધ્યાન ઉપર આવેલ છે, | (૧) લોક પ્રતિસાદ આયોજન પ્રમાણે મળેલ છે. |
| (૨) જો હા, તો એનાં કારણો શાં છે, અને એના નિરાકરણ માટે સરકાર યોજનાના ઢાંચામાં કે પ્રક્રિયામાં કોઇ ફેરફાર કરવા માંગે છે કે કેમ, અને | (૨) વધુ લોકપ્રતિસાદ માટે સમગ્ર રાજ્યમાં લોકભાગીદારી ૮૦ :૨૦ કરેલ છે. |
| (૩) ફેરફાર કરવા માંગે છે તો કેવા પ્રકારના ફેરફાર કરવા માંગે છે? | (૩) ઉપર મુજબ. |

----------

## અંત્યોદય યોજના હેઠળ આણંદ જિલ્લામાં ગરીબોને અનાજ

૯૯૪૬ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ આણંદ જિલ્લાના કેટલા અત્યંત ગરીબોને અનાજ પુરું પાડવામાં આવ્યું, અને | (૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ આણંદ જિલ્લામાં ૧૪,૧૧૦ અત્યંત ગરીબ કુટુંબોને અનાજ પુરું પાડવામાં આવેલ છે. |
| (૨) જિલ્લામાં અત્યંત ગરીબોને પુરતું અનાજ અપાય છે કે કેમ? | (૨) હા, |

----------

## કુદરતી આપત્તિ માટે નવી રાહત નીતિ

૧૧૯૯૫ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શું રાજ્ય સરકારે કુદરતી સંકટ કે કોમી અથડામણોના અસરગ્રસ્તો માટે નવી રાહતનીતિ ઘડવાની જાહેરાત કરી છે તે હકિકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેની શી વિગતો છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## નર્મદા માસ્ટર પ્લાન હેઠળ રાજ્યના આવરી લેવાયેલા શહેરો તથા ગામો

૧૨૫૦૨ **શ્રી સી. ડી. પટેલ (પેટલાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ નર્મદા માસ્ટર પ્લાનમાં રાજ્યના કેટલા ગામો તથા શહેરો આવરી લેવામાં આવેલ છે, | (૧) ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરો. |
| (૨) તેમાંથી કેટલા ગામોને પાણી પહોંચાડવામાં આવ્યું છે, | (૨) ૧૮૨૬ ગામોને. |
| (૩) બાકીના ગામોને પાણી આપવાનું શું આયોજન છે, અને | (૩) નાણાંકીય ઉપલબ્ધિ અનુસાર ક્રમશઃ ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં પાણી આપવાનું |

| | |
|---|---|
| | આયોજન છે. |
| (૪) હજુ વધારે કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવનાર છે? | (૪) ૧૪૧૮ વધારાના ગામો. |

----------

**પાનમ હાઇલેવલ કેનાલના કામોની પ્રગતિ**

૧૨૪૯૫ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ** (અંકલેશ્વર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ પાનમ હાઇલેવલ કેનાલના કામોનું શું આયોજન અને પ્રગતિ છે? | પાનમ હાઇલેવલ કેનાલ યોજનાના વિવિધ ઘટકો જેવા કે, એપ્રોચ ચેનલ, ટનલ, કોતર ટ્રેઇનીંગ, નહેર અને વિતરણ વ્યવસ્થા વિગેરેને તબક્કાવાર ચાલુ વર્ષે હાથ ધરી અને આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. યોજનાકીય મુખ્ય કામો માટે ટેન્ડરો મંગાવવામાં આવેલ છે. |

----------

**બી.પી.એલ. કાર્ડ ધારકોને સસ્તા ભાવે અનાજ**

૧૧૯૯૮ **શ્રી ધારસીભાઇ લ. ખાનપુરા** (કાંકરેજ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવીન બી.પી.એલ. યોજનાના કાર્ડ ઉપર રાહત ભાવે અનાજનો જથ્થો આપવામાં આવતો નથી તે વાત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સરકાર આવા તમામ કાર્ડ ધારકોને રાહત ભાવે જથ્થો આપવા માંગે છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ધોરણમાં ફેરફાર**

૧૧૭૯૪ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળની ૬૦ :૪૦ અને ૮૦ :૨૦ના ધોરણમાં સરકાર કોઇ ફેરફાર કરવા માંગે છે કે કેમ? | સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ૮૦ :૨૦ ના ધોરણે ચેકડેમો બનાવવાનો નિર્ણય લેવામાં આવેલ છે. |

----------

**ગાંધીનગર જિલ્લામાં બદલીપાત્ર કર્મચારીઓને રહેણાંકના પ્લોટોમાં દબાણ**

૧૨૩૦૦ **શ્રી કરસનભાઈ ભી. પટેલ (ગણદેવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર દ્વારા બદલીપાત્ર કર્મચારીઓને ગાંધીનગર ટાઉનશીપ ખાતે રહેણાંકના હેતુસર પ્લોટની ફાળવણી કરવામાં આવેલ છે. તેમાં સેતુબંધ કો.ઓ.સોસાયટી સરગાસણને પણ ફાળવણી કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) સેતુબંધ કો.ઓ.સોસાયટીને ગાંધીનગર ટાઉનશીપમાં જમીન ફાળવવામાં આવેલ નથી, પરંતુ મોજે.સરગાસણ તા.જિ.ગાંધીગર ખાતે રહેણાંકના હેતુ માટે જમીન ફાળવવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ સોસાયટીને ફાળવેલ જમીનમાં અન્ય કો.ઓ.સોસાયટી દ્વારા ગેરકાયદે દબાણ કરવામાં આવતા તે તાત્કાલિક હટાવવા | (૨) હા, જી. |

મામલતદાર કોર્ટ દ્વારા આદેશો જારી કરવામાં આવેલ છે તે સરકાર જાણે છે ખરી,

(૩) જો હા, તો તે મુજબ આ ગેરકાયદે દબાણ દૂર કરવા માંગે છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો ના, તો તે માટેના શાં કારણો છે અને આ દેખીતુ ગેરકાયદે દબાણ હટાવવા સરકાર અસરકારક પગલાં લેવા માંગે છે કે કેમ અને કેટલા સમયમાં?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## સુરત જિલ્લામાં ગામતળ નીમ કરવા અંગે

૧૦૬૩૭ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩-૦૪ માં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામતળ નીમ કરવાની દરખાસ્ત આવેલ છે, અને

**જવાબ**

(૧) પત્રક મુજબ.

**પત્રક**

**સુરત જિલ્લામાં તાલુકાવાર ગામતળ નીમ કરવાની દરખાસ્ત સંખ્યાની વિગતો.**

| અ.નં. | તાલુકાનું નામ | દરખાસ્તની સંખ્યા |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | સીટી | - |
| ૨ | ચોર્યાસી | ૦૭ |
| ૩ | પલસાણા | ૦૩ |
| ૪ | ઓલપાડ | ૦૯ |
| ૫ | કામરેજ | ૨૦ |
| ૬ | માંડવી | ૦૨ |
| ૭ | માંગરોળ | ૦૩ |
| ૮ | ઉમરપાડા | ૧૫ |
| ૯ | મહુવા | ૧૦ |
| ૧૦ | વાલોડ | ૦૨ |
| ૧૧ | વ્યારા | - |
| ૧૨ | બારડોલી | ૦૬ |
| ૧૩ | સોનગઢ | - |
| ૧૪ | ઉચ્છલ | - |
| ૧૫ | નિઝર | - |
| | **કુલ :-** | **૭૭** |

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલી દરખાસ્તનો નિકાલ કરવામાં આવેલ છે?

(૨) ૪૬.

----------

## #SB/સરકારી જમીનોને ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુકિતનો પ્રશ્ન

૧૧૦૭૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુકિતનો પ્રશ્ન આડે આવે છે તે વાત ખરી છે, અને

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો તે અંગે સરકાર શું પગલાં લેવા માંગે છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**સીમાંત ખેડૂતોને સ્ટેમ્પ ડયુટીમાંથી માફીની યોજના રદ કરવા અંગે**

૧૦૬૩૧ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાના અને સિમાંત ખેડૂતોને સ્ટેમ્પ ડયુટીમાંથી મળતી માફીની યોજના રદ કરવામાં આવી છે, એ હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેનાથી રાજ્ય સરકારને વધારાની કેટલી વાર્ષિક આવક મળવાનો અંદાજ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન**

૧૧૦૮૧ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ મહેસૂલ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં પરિપત્રોને સંકલીત કરીને બહાર પાડવામાં આવ્યા છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા અને કયા કયા, અને | (૨) સાત, યાદી મુજબ. |
| (૩) જો ના, તો બહાર પાડવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ મહેસૂલ વિભાગે છેલ્લા બે વર્ષમાં સંકલિત કરીને બહાર પાડેલ ઠરાવો/પરિપત્રોની યાદી.**

| અ.નં. | વિષય | ઠરાવ ક્રમાંક/તારીખ |
|---|---|---|
| ૧ | અછત-રાહત અંગેના ઠરાવો/પરિપત્રો સંબંધની પુસ્તિકા. | વર્ષ ૨૦૦૨-૨૦૦૩ના અછત રાહત અંગેના ઠરાવો. |
| ૨ | સરકારી જમીનની જાળવણી કરવા તેમજ તેના પર થતું અનધિકૃત દબાણ અટકાવવા બાબત. | તા.૧૬-૧૦-૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃઅદજ-૧૦૨૦૦૨-૧૬૬૭-ભાગ-૨-લ. |
| ૩ | બીન ખેતીના હેતુ માટે સરકારી પડતર જમીન આપવા બાબત. | તા.૬-૬-૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃજમન-૩૯૨૦૦૩-૪૫૪-અ. |
| ૪ | ન ખેડી શકાય તેવી સરકારી પડતર જમીનોના વિકાસ માટેની રાષ્ટ્રીય યોજના.<br>ફળઝાડ અને અન્ય વૃક્ષના ઉછેર માટે આપવા ઉપરાંત કપાસ તથા અન્ય પાકોના વાવેતર માટે આપવા બાબત. | તા.૧૦-૬-૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃજમન-૩૯૨૦૦૩-૪૫૪-(૨)-અ. |
| ૫ | ખેતી વિષયક હેતુ માટે સરકારી પડતર જમીનના નિકાલ બાબત. | તા.૧-૧૧-૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃજમન-૩૯૨૦૦૩-૪૫૪-(૧)-અ. |
| ૬ | હક્કપત્રક (રેકર્ડ ઓફ રાઇટસ) અદ્યતન રાખવા બાબત. | તા.૧-૧૨-૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃહકપ-૧૦૨૦૦૩-૨૭૨૭-જ. |
| ૭ | વિક્રિયાદી નિયંત્રિત (નવી અને અવિભાજ્ય) શરતે ખેતીના હેતુ માટે ધારણ કરાતી જમીનો બાબતના સરકારી હુકમોનું સંકલન. | તા.૧૮-૧૨-૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃનશજ-૧૦૨૦૦૩-૨૬૦૦-જ. |

----------

**બનાસકાંઠામાં ડેમો ભરવા અંગે**

૧૦૯૮૯ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સુજલામ્ સુફલામ્ યોજના અન્વયે ડેમો ભરવાના નથી તે હકિકત સાચી છે, અને | (૧) ના જી, સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ નર્મદા મુખ્ય નહેરમાંથી ઉદ્દવહન પાઇપ લાઇન દ્વારા બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા, સીપુ અને મુકતેશ્વર ડેમ ભરવાનું આયોજન વિચારાયેલ છે. |
| (૨) જો હા, તો આવા ડેમોમાં પાણી ભરવા બીજી કઇ વ્યવસ્થા કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**વલસાડ જિલ્લામાં ચેકડેમો**

૧૨૫૧૪ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૬૭૮ ચેકડેમો બાંધવામાં આવ્યા અને આ પેટે સરકારશ્રી દ્વારા રૂા.૧૫૧૮.૬૯/- લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

----------

**સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત પાઇપ લાઇનનું કામ**

૧૨૩૬૯ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત પાઇપ લાઇન નાંખવાનું કેટલું કામ પૂર્ણ થયુ કયાંથી કયાં સુધી, | (૧) નર્મદા મુખ્ય નહેર સાંકળ ૨૫૬.૦૦ કી.મી. પિયજથી ધરોઇ જળાશય સુધીની પાઇપ લાઇનનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂપિયા ૨૬૪.૦૨ કરોડ. |
| (૩) લીફટ કરી પાણી પાઇપ લાઇનમાં વહાવવા માટે તા.૧-૧-૨૦૦૪ થી તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલું વીજળી બિલ આવ્યું? | (૩) રૂપિયા ૧૨૦૨.૬૨ લાખ. |

----------

**પાલીતાણા અને ગારિયાધાર તાલુકાને પીવાનું પાણી પુરુ પાડતી શેત્રુંજય આધારિત યોજના**

૧૧૬૨૮ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા અને ગારિયાધાર વિસ્તારનાં ગામડાને પાણી પુરુ પાડતી શેત્રુંજય આધારિત પાણી પુરવઠા યોજનાને રીવાઈઝ કરવા અંગેની કોઈ દરખાસ્ત થયેલ છે, કે કેમ | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૦૧-૦૫ની સ્થિતિએ કયા તબકકે છે, અને | (૨) સર્વેક્ષણ અને નકશા-અંદાજો બનાવવાના તબકકે છે. |
| (૩) કયારે પૂર્ણ થશે ? | (૩) મે-૨૦૦૫ સુધીમાં નકશા અને અંદાજો બનાવવાની કાર્યવાહી પૂરી કરવામાં આવશે. જયારે યોજનાની મંજૂરી ટેન્ડરની કાર્યવાહી તથા બાંધકામની કાર્યવાહી ડિસેમ્બર-૨૦૦૭ |

સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**દાહોદ જિલ્લાના નવા તાલુકાઓમાં અનાજના ગોડાઉનો**

૧૦૬૮૫ **શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના નવરચિત ધાનપુર-ફતેપુરા-ગરબાડા તાલુકાઓમાં સરકાર નાગરિક પુરવઠાના તાલુકા મથકે ગોડાઉનો શરુ કરવા માંગે છે કે કેમ, અને | (૧) ધાનપુર-ફતેપુરા-ગરબાડા તાલુકાની વાજબી ભાવની દુકાનોને હાલમાં તેઓની નજીકના ગોડાઉનેથી જાહેર વિતરણનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવતો હોઈ અને અંતર પ્રમાણે કમિશન પણ આપવામાં આવે છે, તેથી અલગ ગોડાઉન ફાળવી શકાય તેમ નથી અલગ ગોડાઉન માટે થતા ખર્ચને ધ્યાને લેતાં અલગ ગોડાઉન ફાળવી શકાય તેમ નથી. |
| (૨) જો હા, તો કયારથી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**સૌરાષ્ટ્રને નર્મદાના પૂરના પાણી આપવા અંગે**

૧૧૭૯૬ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૌરાષ્ટ્ર વિસ્તારને નર્મદાના પૂરના એક મીલીયન એકર ફીટ પાણી આપવાનું શું આયોજન છે, | (૧) નર્મદાના પૂરના એક મીલીયન એકર ફૂટ પાણી, નર્મદા યોજનાની સૌરાષ્ટ્ર શાખાની છ પ્ર- શાખાઓ તથા બે લીંક કેનાલ ધ્વારા તેને છેદતી નદીઓમાં વહેડાવીને ૧૦૭ ચેકડેમનાં બાંધકામ કરી તેમજ હયાત તેમજ નવાં જળાશયોમાં સંગ્રહ કરી સૌરાષ્ટ્રમાં સિંચાઈ સુવિધા વધારવા સાથે પાણીના સંકટ દૂર કરવા આયોજન છે. |
| (૨) આ આયોજન હેઠળ કયા કયા જળાશયોમાં પાણી ભરવામાં આવશે, અને | (૨) જળાશયોની માહિતી પત્રક-૧ માં દર્શાવેલ છે. |
| (૩) આ આયોજન હેઠળ કઈ કઈ નદીઓમાં પાણી નાંખવાનું આયોજન છે ? | (૩) નદીઓની માહિતી પત્રક-૨ માં દર્શાવેલ છે. |

**પત્રક-૧**

**સૌરાષ્ટ્રમાં નર્મદાના પૂરના વધારાના ૧ મીલીયન એકર ફૂટ પાણી ભરી શકાય તેવા જળાશયોની યાદી**

| નર્મદા યોજનાની પ્રશાખાથી ભરાય તેવા જળાશયો | નર્મદા લીંક કેનાલથી ભરી શકાય તેવા વધારાના જળાશયો | |
|---|---|---|
| | મચ્છુ-૨ થી ફૂલઝર-૨ | કાળુભાર થી રાયડી |
| ૧. ગેડી | ૧. મચ્છુ-૩ | ૧. કાળુભાર |
| ૨. રણોલ | ૨. ડેમી-૨ | ૨. રંઘોળા |
| ૩. ફૂલવાડી | ૩. ડેમી-૩ | ૩. રાજાવડ |
| ૪. મૂળ બાવળા | ૪. આજી-૪ | ૪. ખારો |
| ૫. રાણાગઢ | ૫. ખોડાપીપર | ૫. સેત્રુંજી |
| ૬. સાકર | ૬. બંગાવડી | ૬. બગડ |
| ૭. ગડથલ | ૭. ઉન્ડ-૨ | ૭. ધાતરવાડી |
| ૮. બ્રાહ્મણી-૨ | ૮. કંકાવટી | ૮. સુરજવાડી |
| ૯. કંકાવટી | ૯. ઉન્ડ-૧ | ૯. રાયડી |

| | | |
|---|---|---|
| ૧૦. સુખપુર | ૧૦. વીજરખી | ૧૦. હણોલ |
| ૧૧. સતાપર | ૧૧. સપડા | ૧૧. રોજકી |
| ૧૨. ઘનશ્યામગઢ | ૧૨. રંગમતી | ૧૨. માલણ |
| ૧૩. હીરાપર | ૧૩. સસોઈ | ૧૩. ધાતરવાડી-૨ |
| ૧૪. કટારીયા | ૧૪. પુના | ૧૪. નિકોલ બંધારા |
| ૧૫. મચ્છુ-૨ | ૧૫. ફૂલઝર-૨ | ૧૫. માલણ બંધારા |
| ૧૬. ધોડાધ્રોઈ | ૧૬. આજી-૩ | |
| ૧૭. કડીયાણા | ૧૭. રૂપારેલ | |
| ૧૮. બ્રાહ્મણી-૧ | ૧૮. રણજીતસાગર | |
| ૧૯. ખારી | ૧૯. બાલંભા બંધારા | |
| ૨૦. સુંદરી | ૨૦. જાબુંડા બંધારા | |
| ૨૧. ફલ્કુ | ૨૧. સરમતખારા બેરાજાબંડ | |
| ૨૨. વઢવાણ ભોગાવો-૨ | ૨૨. બેડબંધારા | |
| ૨૩. ઉતાવળી | ૨૩. જોડીયા માણામોરાબંડ | |
| ૨૪. ખાંભડા | ૨૪. ખીજડીયા ધુવાવ બંડ | |
| ૨૫. લીંબડી ભોગાવો-૨ | | |
| ૨૬. ખેલડીયાદ | | |
| ૨૭. બલદાણા | | |
| ૨૮. ટૂંવા | | |
| ૨૯. ગુંદીયાળા | | |

**પત્રક-૨**

**સૌરાષ્ટ્રમાં નર્મદાના પૂરના વધારાના ૧ મીલીયન એકર ફૂટ પાણી ભરી શકાય તેવી નદીઓની યાદી**

| નર્મદા યોજનાની પ્રશાખાઓને છેદતી નદીઓ | નર્મદા લીંક કેનાલને છેદતી વધારાની નદીઓ | |
|---|---|---|
| | મચ્છુ-૨ થી ફૂલઝર-૨ લીંક ચેનલ | કાળુભાર થી રાયડી સુધી લીંક ચેનલ |
| ૧. મચ્છુ | ૧. ડેમી | ૧. રંઘોળા |
| ૨. ધોડાધ્રોઈ | ૨. આજી | ૨. રજાવલ |
| ૩. બ્રાહ્મણી | ૩. ઘોઘમ | ૩. ખારો |
| ૪. કંકાવટી (ખારી) | ૪. બંગાવડી | ૪. શેત્રુંજી |
| ૫. ગોદરા | ૫. ઉન્ડ | ૫. બગડ |
| ૬. ફલ્કુ | ૬. ઝીંઝું | ૬. માલણ |
| ૭. ઉમઈ (ચંન્દ્રભાગા) | ૭. ફૂલઝર | ૭. જામવાડી |
| ૮. વઢવાણ ભોગાવો | ૮. કંકાવટી | ૮. સુરજવાડી |
| ૯. લીંબડી-ભોગાવો | ૯. જગેડી | ૯. ધાતરવાડી |
| ૧૦. સુખભાદર | ૧૦. રૂપારેલ | ૧૦. રાયડી |
| ૧૧. ઉતાવળી | ૧૧. સપડા | ૧૧. ધાણો |
| ૧૨. ખલખલીયો | ૧૨. સુવેડા | |
| ૧૩. પાડલીયો | ૧૩. નાગમતી | |
| ૧૪. કેરી | ૧૪. રંગમતી | |
| ૧૫. વેગડ | ૧૫. સસોઈ | |
| ૧૬. ઘેલો | ૧૬. પન્ના | |
| ૧૭ કાળુભાર | | |

-----------

### ચોટીલા અને સાયલા તાલુકામાં નવા રેશનકાર્ડ અંગે પડતર અરજીઓ

૧૧૦૩૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચોટીલા અને સાયલા તાલુકામાં તા.૩૧-૧-૦૫ ની સ્થિતિએ નવા રેશનકાર્ડ કઢાવવા માટેની કેટલી અરજીઓ પેન્ડીંગ છે, | (૧) ચોટીલા-૦૮<br>સાયલા-૩૩ |
| (૨) સંયુકત કાર્ડમાંથી અલગ કાર્ડ કરવા કેટલી અરજીઓ મળેલ છે, અને | (૨) ચોટીલા-૧૫૮૯<br>સાયલા- ૬૨૮<br>કુલ : ૨૨૧૭ |
| (૩) બન્ને પ્રકારની પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) સત્વરે. |

--------------

### અમદાવાદ શહેરમાં પેટ્રોલ/ડિઝલમાં ભેળસેળના કિસ્સા

૧૨૦૦૩ ડૉ. **માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં પેટ્રોલ/ડીઝલની ભેળસેલ અંગેના કુલ કેટલા કિસ્સાઓ તા.૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં નોંધાયા છે, | (૧) એક કિસ્સો |
| (૨) કેટલા પેટ્રોલ પંપો પરથી નમૂના લેવામાં આવ્યા, | (૨) ૩૩ (તેત્રીસ) |
| (૩) કેટલા સામે પગલાં લેવામાં આવ્યા, અને | (૩) પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. |
| (૪) કોની સામે કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ? | (૪) ખંડ-૩ મુજબ. |

-------------

### રાજ્યમાં ૭/૧૨ અને ૮-અની નકલો ગ્રામ્ય કક્ષાએ મળવા અંગે

૧૦૨૩૨ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત સરકાર ધ્વારા ખેડૂત ખાતેદારોને ગામના નમૂના ૭/૧૨ અને ૮-અ વગેરેની નકલો મામલતદાર કચેરીમાં આપવામાં આવે છે. ખેડૂતોને નકલો મેળવવા ગામથી તાલુકા મથકે પહોંચવા સમયની બરબાદી આર્થિક માનસિક હેરાનગતિ પહોચે છે જે સરકાર જાણે છે કે કેમ, અને | (૧) ખેડૂત ખાતેદારોને ગામના નમુના નં.૭/૧૨ અને ૮-અ ની નકલો મેળવવામાં મુશ્કેલીઓ ન પડે તે માટે જે તે ગામના ગામ નમુના નંબર ૭/૧૨ અને ૮-અ ની નકલોનો એક સેટ તલાટીને ગામે વેચાણ માટે આપવાનું તા.૨૦-૧૨-૦૪ ના પરિપત્રથી ઠરાવવામાં આવેલ છે. અને તદ્નુસાર હવે ગામેથી નકલો મળી શકે છે. |
| (૨) તાલુકા મથકેથી મળતી ૭/૧૨, ૮-અ વગેરેની નકલો ગ્રામ્યકક્ષાએ કામચલાઉ ધોરણે તલાટી કમ મંત્રી પાસેથી મળે છે, જે પ્રથા સરકાર કાયમ ચાલુ રાખવા માંગે છે કે કેમ ? | (૨) તા. ૨૦-૧૨-૦૪ ના પરિપત્રથી આપવામાં આવેલ સુચનાઓ અમલમાં છે. |

-------------

### રાજ્યમાં મૂડી રોકાણકારોને રાહત દરે જમીન

૧૨૩૭૨ ડૉ. **સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ ની સ્થિતિએ વાઈબ્રન્ટ ગુજરાતના અનુસંધાને ગુજરાત રાજ્યમાં મૂડી રોકાણકારોને આકર્ષવા છેલ્લા બે વર્ષમાં કઈ કઈ કંપનીઓ/ટ્રસ્ટોને જમીન રાહત દરે આપવામાં આવેલ છે, | (૧) સધર્ન ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, સુરતને. |
| (૨) સરકારે કરેલ એગ્રીમેન્ટ મુજબ આ રાહતદરની જમીન ઉપર મૂડી રોકાણની કામગીરી શરુ થયેલ છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) ગાંધીનગર તાલુકામાં આ વિષય પરત્વે શી પરિસ્થિતિ છે ? | (૩) રાહત દરે જમીન આપી નથી. |

**જામનગર જિલ્લામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના**

૧૧૨૦૮ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ભાણવડ, ખંભાળીયા અને લાલપુર તાલુકામાં નર્મદા આધારિત પીવાના પાણીની યોજનાના ટેન્ડરો માંગવામાં આવેલ છે તે હકિકત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કયા તબકકે છે, અને | (૨) ટેન્ડરો મંજૂરી હેઠળ છે. |
| (૩) આ યોજના કયારથી શરુ કરવામાં આવનાર છે અને કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) ટેન્ડરો મંજૂર થયેથી એક વર્ષમાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**ધારી તાલુકાના ખારાપાટ ગામોમાં મહી આધારિત પીવાના પાણીની યોજનાઓ**

૧૦૭૮૩ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધારી તાલુકાના ચલાલા આસપાસના ૧૦ ખારા પાટના ગામોમાં મહી આધારિત પાઈપ લાઈન નખાયેલ હોવા છતાં કયા કારણોસર પાણી અપાતું નથી, | (૧) ૧૦ ખારા પાટના ગામોને યોજના દ્વારા પાણી આપી શકાય તેમ છે. પાણીની જરૂરિયાત ઉભી થયે પાણી આપવામાં આવશે. |
| (૨) નબળા પાઈપો ખાતા દ્વારા ફાળવવામાં આવેલ તે વાત સાચી છે, અને | (૨) પાઈપોના ચેકીંગ દરમ્યાન પાઈપોની ગુણવતા નબળી જણાતાં જથ્થો સ્થગિત કરેલ અને પેમેન્ટ રોકેલ છે. |
| (૩) આ બાબતે સરકાર શું પગલાં લેવા માગે છે? | (૩) આ બાબત માટે સક્ષમ અધિકારી દ્વારા તપાસ ચાલુ છે. |

-------------

**૭/૧૨ અને ૮-અના દાખલા ગ્રામ્ય કક્ષાએ મળવા અંગે**

૧૨૦૦૦ **શ્રી બેચરભાઈ વિ. ભાદાણી (લાઠી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૭/૧૨ અને ૮-અનાં દાખલા ગ્રામ્ય કક્ષાએથી મળવા બાબતની તા.૧-૦૪-૦૪ થી તા.૩૧-૧-૦૫ સુધીમાં કુલ કેટલી માંગણી સરકારને મળેલ છે, | (૧) ૫૧ જેટલી. |
| (૨) આ માંગણી બાબતે સરકારે શી કાર્યવાહી કરેલ છે, અને | (૨) કોમ્પ્યુટરાઈઝડ ૭/૧૨ અને ૮-અની નકલ ગામેથી પૂરી પાડવા વ્યવસ્થા કરી છે. |

| | |
|---|---|
| (૩) કોમ્પ્યુટર કોપી બાબતે સરકારે કુલ કેટલો જિલ્લા વાઈઝ ખર્ચ કર્યો ? | (૩) આ અંગેની માહીતી એકત્રિત કરવામાં આવી રહી છે. |

------------

**માતર ગામની નગરામાં જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પીવાનું પાણી આપવા અંગે**

૯૬૬૯ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ માતર ગામની નગરામાં જૂથ પાણી પુરવઠા યોજનામાંથી માતર ગામને પાણી આપવા માટેની રાજ્ય સરકારને રજૂઆત મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો પંચાયતની આર્થિક સ્થિતિ સારી નહિ હોવાથી ગ્રામજનોને પીવા લાયક પાણી આપવા માટે સંપ બનાવી સરકાર આ યોજનામાંથી પીવાના પાણીનો લાભ આપવા માંગે છે કે કેમ? | (૨) માતર ગામમાં સ્થાનિક સોર્સમાંથી હાલ પીવા લાયક પુરતું પાણી ઉપલબ્ધ છે. તેમ છતાં ભવિષ્યમાં પીવાના પાણીની મુશ્કેલી ઉભી થાય તે બાબતે વિચારી નિયમ મુજબ નગરામાં જૂથ યોજનામાં સમાવવા આયોજન કરેલ છે. |

-------------

**સાબરકાંઠા જિલ્લામાં પાણીની મોટરો**

૧૦૬૮૬ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાણી પુરવઠા વિભાગ હસ્તકના મીકેનીકલ વિભાગમાં સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલી મોટરો કેટલી કેપેસીટીની સ્ટોકમાં છે, અને | (૧) કુલ ૫૪ સબમર્શીબલ પંપ (મોટરો) પત્રક-મુજબ). |
| (૨) જે તે ગ્રામ પંચાયતમાં મોટરો બળી જાય કે ખૂબ જ જૂની મોટરો બદલી આપવા માટે હાલ શું નિતિ અમલમાં છે? | (૨) અ) જે પંપીંગ મશીનરી કંપનીના વોરંટી પીરીયડમાં આવતી હોય ત્યાં સુધી કંપની દ્વારા સબમર્શીબલ પંપ રીપેર કરાવવામાં યાંત્રિક વિભાગ સહાયભુત થાય છે.<br>બ) પરંતુ કંપનીના વોરંટી પીરીયડની અવધી પુરી થયા બાદ સબમર્શીબલ પંપની મરામત-નિભાવણીની જવાબદારી ગ્રામ પંચાયતની રહે છે.<br>ક) અછતના સમય દરમ્યાન જે મોટરો બળી જાય કે ખુબ જ જુની મોટરો હોય તેને બદલી ફંડની ઉપલબ્ધિ મુજબ નવી મોટરો આપવાનું ધોરણ છે. |

**પત્રક**

**સાબરકાંઠા જિલ્લા ખાતે જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, હિંમતનગર હસ્તકની હિંમતનગર, ભિલોડા તથા મોડાસા પેટા વિભાગ કચેરી પાસે તા. ૩૧-૧-૨૦૦૫ અંતિત ઉપલબ્ધ સબમર્શીબલ પંપોની યાદી**

| અ.નં. | સબ.પંપની કેટેગરી | જથ્થો સેટ | એલપીએમ | હેડ | હોર્સપાવર | નોંધ |
|---|---|---|---|---|---|---|
| (અ) થ્રીફેઈઝ સબ. પંપ માટે | | | | | | |
| ૧ | ૧.૧ | ૨ | ૯૦ | ૯૦ | ૫.૦૦ | |
| ૨ | ૧.૩ | ૧ | ૯૦ | ૧૫૦ | ૭.૫૦ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | ૧.૪ | ૩ | ૯૦ | ૧૮૦ | ૧૦.૦૦ | |
| ૪ | ૨.૦ | ૨ | ૧૩૫ | ૬૦ | ૪.૦૦ | |
| ૫ | ૨.૧ | ૧ | ૧૩૫ | ૯૦ | ૫.૦૦ | |
| ૬ | ૨.૩ | ૨ | ૧૩૫ | ૧૫૦ | ૧૦.૦૦ | |
| ૭ | ૨.૪ | ૧ | ૧૩૫ | ૧૮૦ | ૧૦.૦૦ | |
| ૮ | ૩.૦ | ૧ | ૧૮૦ | ૭૨ | ૫.૦૦ | |
| ૯ | ૩.૧ | ૧ | ૧૮૦ | ૧૦૮ | ૭.૫૦ | |
| ૧૦ | ૩.૨ | ૨ | ૧૮૦ | ૧૪૪ | ૧૦.૦૦ | |
| ૧૧ | ૪.૧ | ૫ | ૨૪૦ | ૧૦૮ | ૧૦.૦૦ | |
| ૧૨ | ૪.૨ | ૨ | ૨૪૦ | ૧૪૪ | ૧૫.૦૦ | |
| ૧૩ | ૪.૭ | ૨ | ૨૪૪ | ૨૫૦ | ૨૫.૦૦ | |
| | **કુલ :** | **૨૫** | | | | |

(બ) સીંગલ ફેઈઝ સબ. પંપ માટે

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ક્યુ ૧.૩ | ૧૩ | ૨૦ | ૧૧૦ | ૧.૫૦ | |
| ૨ | ક્યુ ૨.૧ | ૧ | ૪૦ | ૬૦ | ૧.૫૦ | |
| ૩ | ક્યુ ૨.૨ | ૭ | ૪૦ | ૯૦ | ૩.૦૦ | |
| ૪ | ક્યુ ૨.૩ | ૮ | ૪૦ | ૧૧૦ | ૩.૦૦ | |
| | **કુલ :** | **૨૯** | | | | |

કુલ સબ. પંપ મોટર (અ+બ) ૫૪ સેટ

-----------

## રાજ્યમાં હક્કપત્ર નોંધોના નિકાલની ઝુંબેશ

૧૦૬૬૪ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૪ની સાલમાં સમગ્ર રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તેનાં પરિણામો શું મળેલાં છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૧-૭-૨૦૦૪ થી તા. ૩૧-૭-૨૦૦૪ દરમ્યાન રાજ્યવ્યાપી હક્કપત્રક નોંધ નિકાલ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તા. ૩૧-૫-૨૦૦૪ના રોજની સ્થિતિએ બાકી રહેલ ૧૦૨૨૫૨ નોંધો પૈકી ૯૮૪૧૮ નોંધોનો નિકાલ કરી, ૯૬.૨૫% સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે.

-------------

## કચ્છ જિલ્લામાં ગૌચર અને સરકારી જમીનોના કૌભાંડો

૧૨૨૬૩ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં ગૌચર અને સરકારી જમીનોના કેટલા કૌભાંડોની તપાસ ચાલુ છે, અને કયા તબક્કે છે, અને

(૨) આ કૌભાંડો બાબતે કયા અધિકારી, કર્મચારી અને ખાનગી વ્યક્તિઓ સામે પગલાં

**જવાબ**

(૧) છ ગામોના ૪૪ કેસમાં સરકારી જમીન અનધિકૃત રીતે ખાતે કરવાના કિસ્સાઓની તપાસ ચાલે છે અને તે હક્ક પત્રકમાં પડેલ નોંધોને રીવીઝનમાં લેવા સુનાવણી પર બાકી છે.

(૨) શ્રી રમેશભાઈ કાનજીભાઈ ખરાડી, સર્કલ ઓફિસર સામે કલેકટરશ્રી દ્વારા

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભરવામાં આવ્યાં છે? | ખાતાકીય તપાસ ચાલે છે. અને ખાનગી વ્યકિતઓ :<br>૧. રામજી વાઢીયા હરીજન<br>૨. જયશ્રીબેન કાંતીલાલ જોષી<br>૩. જુમા ભચુ નોડે<br>૪. અલ્લાના સુમાર નોડે સામે સરપંચ દ્વારા ફોજદારી કાર્યવાહી થયેલ છે. |

-------------

## સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુક્તિનો પ્રશ્ન

૧૧૦૯૩ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુક્તિનો પ્રશ્ન આડે આવે છે તે વાત સરકાર જાણે છે, અને | (૧) આવો કોઈ પ્રશ્ન આડે આવતો નથી. |
| (૨) જો, હા, તો તેના નિકાલ માટે સરકાર શું કાર્યવાહી કરવા માંગે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## મહેસાણા જિલ્લાને નર્મદાનું પીવાનું પાણી

૧૦૫૬૪ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના આધારિત મહેસાણા જિલ્લા અને કલોલ તાલુકામાં પીવાના પાણીની યોજના કેટલા સમયમાં પૂરી થશે, અને | (૧) ક્રમશઃ સપ્ટેમ્બર થી ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં. |
| (૨) આ યોજનામાં કેટલો ખર્ચ થશે? | (૨) કુલ રૂા. ૨૨૪૮૨.૯૪ લાખ ખર્ચનો અંદાજ છે. |

-------------

## અમદાવાદ શહેરમાં ગેસના સિલીન્ડરોની કૃત્રિમ અછત

૧૨૨૬૦ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બેમાસથી અમદાવાદ શહેરમાં ગેસના બાટલાઓની કૃત્રિમ અછત સર્જાયેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ગ્રાહકોને સમયસર પુરવઠો મળી રહે તે માટે સરકારે શી કાર્યવાહી તરેલ છે? | (૨) કેન્દ્ર સરકારના જાહેર સાહસોની ઓઈલ કંપનીઓ દ્વારા રાંધણગેસનો દુરુપયોગ અટકાવવાના હેતુસર ગેસ ધારકોનીખરેખર જરુરિયાતોને લક્ષમાં લઈ બે-સીલીન્ડરોની ડીલીવરી વચ્ચેનો સમયગાળો ૨૧ દિવસનો રાખવાની અમલવારી ડિસેમ્બર-૨૦૦૪માં માસથી શરુ કરવામાં આવતાં ગેસધારકોને બીજુ ગેસ સીલીન્ડર મોડું ન મળે તે હેતુથી તૂર્તજ બીજા સીલીન્ડરના બુકીંગ કરાવવાની માનસિકતાના લીધે ગેસ સીલીન્ડરના બુકીંગમાં એકાએક વૃધ્ધિ થવાથી તેમજ શિયાળો અને લગ્નની ઋતુ ચાલતી હોવાથી પણ ગેસ સીલીન્ડરોની માંગ સામાન્ય કરતાં વધારે |

રહેવાથી સીલીન્ડરોના બુકીંગમાં વધારો થવાના કારણે કૃત્રિમ અછત ઉભી થઈ હોવાનું ચિત્ર ઉપસી આવતાં, નીચે મુજબની વિગતે રાજ્ય સરકાર દ્વારા જરુરી પગલાંઓ લેવામાં આવ્યાં.

(અ) બે સીલીન્ડરોની ડીલીવરી વચ્ચેનો સમયગાળો ૨૧ દિવસના બદલે ૧૫ દિવસે કરવાનું નક્કી કરવામાં આવ્યું તેમજ ઓઈલ કંપનીઓ સાથે બેઠકો યોજી સરળતાથી સમયસર ગેસ સીલીન્ડરોની ઉપલબ્ધિ માટે બેકલોગ દ ટાડવા વિતરણ પ્રણાલિ સુવ્યવસ્થિત કરવા સૂચના આપી અને તેનું નિયમિત મોનીટરીંગ કરવામાં આવે છે.

(બ) રાંધણગેસનો દુરુપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, હોટલ જેવા વ્યાપારી અને ઔદ્યોગિક એકમોની સઘન તપાસણીઓ કરવામાં આવે છે અને કસૂરવાન સામે કાયદાનુસાર કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

## છોટાઉદેપુર તાલુકાના ધોળી સામેલથી પાવી-જેતપુર તાલુકાના ભીખાપુરાનો રસ્તો બિસ્માર હોવા બાબત

૮૯૮૯ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર તાલુકાના ધોળીસામેલથી પાવી જેતપુર તાલુકાના ભીખાપુરાનો રસ્તો બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે, | (૧) રસ્તો બિસ્માર હાલતમાં નથી, હાલ વાહનવ્યવહાર ચાલુ છે. |
| (૨) તે રસ્તો કેટલા વર્ષોથી પડતર છે, | (૨) આ રસ્તાને ડબલ્યુ.બી.એમ. રોડ પ્રકારનો બનાવવાનું કામ છેલ્લા ચાર વર્ષથી પ્રગતિમાં છે. |
| (૩) કયા કારણોસર, અને | (૩) જમીન નહીં મળવાને કારણે. |
| (૪) આ કામ કયારે પૂર્ણ થશે? | (૪) વર્ષ ૨૦૦૫-૦૬માં કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

## સુરત ખાતે એસ.આર. ઉદ્યોગને જમીન

૧૦૬૯૨ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર(પૂર્વ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત, હજીરા ખાતે એસ.આર. ઉદ્યોગને રાજ્ય સરકારે શા ભાવે કેટલી જમીન કયારે ફાળવી, અને | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) આ જમીનની બજાર કિંમત શું છે? | (૨) સામેલ પત્રકના કોલમ-૪ મુજબ. |

**પત્રક**

| ક્રમ | ગામ તાલુકો | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં) | જમીનનો પ્રતિ ચોરસ મીટરનો ભાવ | ફાળવણીની તારીખ |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | મોરા | ૨,૪૦૦ | રૂ.૨૦-૦૦ | ૯-૧૧-૮૯ |

| | | | | |
|---|---|---|---|---|
| | તા.ચોર્યાસી | | | |
| ૨ | હજીરા<br>તા.ચોર્યાસી | ૨૦,૨૪૦ | રૂા.૪૦-૮૦ | ૨૮-૮-૯૧ |
| | | ૨૮,૪૬૪ | રૂા.૫૪-૦૦ | |
| | | ૧,૫૬,૨૮૦ | રૂા.૨૮-૭૦ | |
| | | **કુલ - ૨,૦૪,૯૮૪** | | |
| ૩ | હજીરા<br>તા.ચોર્યાસી | ૮૧,૯૦૦ | રૂા.૧૪૦-૦૦ | ૨૬-૬-૨૦૦૦ |
| | | ૮૫,૮૨૪ | રૂા.૧૪૦-૦૦ | |
| | | ૨,૦૨૮ | રૂા.૧૪૦-૦૦ | |
| | | ૧,૪૨,૬૯૩ | રૂા.૧૨૫-૦૦ | |
| | | **કુલ - ૩,૧૨,૪૪૫** | | |
| ૪ | હજીરા<br>તા.ચોર્યાસી | ૪૦,૭૨૪ | રૂા.૧૧૦-૦૦ | ૩૦-૬-૦૧ |
| | | ૫૬,૭૦૦ | રૂા.૧૪૦-૦૦ | |

| ક્રમ | ગામ તાલુકો | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં) | જમીનનો પ્રતિ ચોરસ મીટરનો ભાવ | ફાળવણીની તારીખ |
|---|---|---|---|---|
| | | ૧,૭૯૨ | રૂા.૧૩૦-૦૦ | |
| | | ૭૩,૦૪૭ | રૂા.૧૨૫-૦૦ | |
| | | ૧,૯૭,૯૪૭ | રૂા.૧૪૦-૦૦ | |
| | | ૨૮,૭૨૧ | રૂા.૧૧૦-૦૦ | |
| | | **કુલ - ૩,૯૮,૯૩૧** | | |
| ૫ | વરીયાવ<br>તા.ચોર્યાસી<br>(ભાડા પટ્ટે<br>આપેલ છે.) | ૮,૮૯૫ | રૂા.૭૦-૦૦ | ૧૫-૧-૦૩ |
| | | ૬,૪૩૪ | રૂા.૭૦-૦૦ | |
| | | ૨,૦૭૦ | રૂા.૭૦-૦૦ | |
| | | ૨,૭૭૭ | રૂા.૭૦-૦૦ | |
| | | ૨૦,૧૭૬ | | |
| ૬ | હજીરા<br>તા.ચોર્યાસી | ૪૧,૦૭૬ | રૂા.૪૫૦-૦૦ | ૨-૨-૦૫ |
| | | ૩૩,૬૫૭ | રૂા.૪૫૦-૦૦ | |
| | | ૨,૭૫,૨૬૭ | રૂા.૪૫૦-૦૦ | |
| | | ૩,૫૦,૦૦૦ | | |

-------------

**પશુદીઠ ગૌચર જમીનનું પ્રમાણ જળવાઇ રહેવા અંગે**

૧૦૬૯૯ **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ૧૦૦ પશુ દીઠ ૪૦ એકર જમીન સરકારનું સ્થાપિત ઠરાવેલ ધોરણ પ્રમાણે ભરૂચ જિલ્લાના કયા કયા ગામોમાં ડિસે-૨૦૦૪ની સ્થિતિએ ગૌચર જમીન છે, | (૧) સાથેના પત્રક-'અ' માં દર્શાવેલ ૨૯ ગામો. |
| (૨) આ પ્રમાણ જળવાઇ ન રહેતું હોય તેવા કયા કયા ગામો છે, અને | (૨) સાથેના પત્રક-'બ' માં દર્શાવેલ ૬૪૩ ગામો. |
| (૩) જયાં પ્રમાણ જળવાતું નથી ત્યાં | (૩) સંબંધિત ગ્રામ પંચાયત તરફથી |

| | |
|---|---|
| સરકારે ગૌચર જમીન પ્રાપ્ત કરવા શી વ્યવસ્થા કરી છે? | વધારાની ગૌચર જમીન નીમ કરવા માટે દરખાસ્ત કરવામાં આવ્યેથી જમીનની ઉપલબ્ધી ચકાસી નિયમાનુસાર યોગ્ય કરવામાં આવશે. |

*** પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.**

-------------

### પાટણ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકો

૧૦૬૩૫ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ડિસે.-૦૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારક કુટુંબો કેટલાં છે? | કુલ :- ૭૮૮૩૬. |

------------

### શેત્રુંજી ડેમ નર્મદાના પાણીથી ભરવા અંગે

૮૩૮૫ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શેત્રુંજી ડેમને નર્મદાના નીરથી ભરવા અંગે શું આયોજન છે, અને | (૧) નર્મદા નદીના પુરના વધારાના પાણીને નર્મદાની બોટાદ પ્રશાખા મારફત વહેવડાવી તેમાંથી લીંક નહેર બનાવી કાળુભાર જળાશયથી રાયડી જળાશય સુધીની લીન્ક નહેર કાઢવાનું આયોજન કરવામાં આવેલ છે. સુચિત લીન્ક નહેર ધ્વારા શેત્રુંજી ડેમને નર્મદાના નીરથી ભરવાનું આયોજન છે. |
| (૨) આયોજનનો કયારે અમલ થશે? | (૨) આયોજન મુજબની કામગીરી માટે સર્વેક્ષણ કામો હાથ ધરેલ છે. |

------------

### રાજ્યના ખેડૂતોને ૭/૧૨ તેમજ ૮-અ ની નકલો આપવા અંગે

૧૧૭૦૮ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ખેડૂતોને કોમ્પ્યુટરાઈઝડ ૭/૧૨ અને ૮-અ ની નકલો કોઈ પણ પહોંચ આપ્યા વિના ફી વસુલ કરીને આપવાની કામગીરીનો વિરોધ તાજેતરમાં રાજ્યના તલાટીઓએ કર્યો છે તે વાત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વિરોધ કરવાના કારણો શાં છે, | (૨) અધિકૃત પહોંચ વિના આ પૈસા લેવાતા હોવાની માન્યતાને આધારે તેઓ સામે આક્ષેપ થવાના કાલ્પનિક ભયના કારણોસર. |
| (૩) ખેડૂતોને ૭/૧૨ અને ૮-અ ની નકલો સમયસર મળી રહે તે અંગે સરકારે વિકલ્પે શું વ્યવસ્થા વિચારી છે, અને | (૩) ગુજરાત રાજ્ય તલાટી મહામંડળે ૧૪/૦૨/૦૫ના આદેશથી આ કામગીરી કરવા માટેના આદેશ આપેલ હોઈ અન્ય વ્યવસ્થા વિચારવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કોમ્પ્યુટરાઈઝડ નકલો આપવાથી સરકારને વાર્ષિક કેટલો ખર્ચ થનાર છે? | (૪) અંદાજિત ૩ કરોડ રૂપિયા (મહેકમ સિવાય) |

**મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાને સુજલામ્ સુફલામ્ યોજનાનો લાભ**

૧૧૪૦૨ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ યોજનાનો બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાની કુલ જમીન પૈકી અનુક્રમે કેટલા ટકા જમીનને લાભ મળવાનો છે, | (૧) (અ) બનાસકાંઠા જિલ્લો<br>સુજલામ્ સુફલામ્ યોજના તળે બનાસકાંઠા જિલ્લાની કુલ જમીન ૭,૪૦,૪૫૪ હેકટર પૈકી ૧,૫૫,૩૯૫ હેકટર જમીનને એટલે કે ૨૧% જમીનને લાભ મળવાનો છે.<br>(બ) મહેસાણા જિલ્લો<br>સુજલામ્ સુફલામ્ યોજના તળે મહેસાણા જિલ્લાની કુલ જમીન ૪,૩૯,૨૭૬ હેકટર પૈકી ૧,૨૧,૦૬૩ હેકટર જમીનને એટલે કે ૨૮% જમીનને લાભ મળવાનો છે. |
| (૨) આ યોજનાથી વંચીત રહેતા બનાસકાંઠા જિલ્લા માટે કોઈ આયોજન છે કે કેમ, અને | (૨) આ યોજનાથી બનાસકાંઠા જિલ્લા માટે ઉપર મુજબનું આયોજન છે. |
| (૩) જો હા, તો સરકાર શું આયોજન કરવા માંગે છે? | (૩) ઉપર મુજબ આયોજન છે. |

------------

**સુખી જળાશય યોજનાની કેનાલો રીપેર કરવા અંગે**

૧૧૧૧૨ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુખી જળાશય યોજનાની જે કેનાલો જાંબુઘોડા તેમજ હાલોલ તાલુકાઓમાંથી પસાર થાય છે તે રીપેરીંગ કરવા માટેની કોઈ ફરિયાદ તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) આને કારણે ઘણું પાણી વેડફાય જાય છે, તે સરકારના ધ્યાને છે કે કેમ, અને | (૨) મરામત કરાવવાથી નહેરોમાંથી પાણીનો વ્યય અટકાવવામાં આવે છે. |
| (૩) આ રીપેરીંગ માટે સરકાર ગ્રાન્ટ ફાળવવા માંગે છે કે કેમ? | (૩) હા, જી. |

------------

**કડાણા તાલુકામાં આનાવારી**

૧૨૧૮૪ **શ્રી પ્રબોધકાન્ત દા. પંડયા (સંતરામપુર): માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કડાણા તાલુકાના ધોડીયારથી ડીટવાસ સુધીના ગામોમાં આનાવારી ખોટી થઈ છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, અને | (૧) આ વિસ્તારમાં સમાવિષ્ટ ૫૮ ગામોમાં પ્રાથમિક આનાવારી પ્રસિધ્ધ કરતાં ૮ ગામોમાં આનાવારી સામે વાંધા આવેલ હતા. |
| (૨) જો હા, તો આ આનાવારી અંગે ફેર વિચારણા કરવા સરકાર તૈયાર છે? | (૨) આ વાંધાઓ ગ્રાહય રાખવાપાત્ર નહી જણાતાં ફેરવિચારણા કરવાનો પ્રશ્ન રહેતો નથી. |

------------

## સાવરકુંડલા તાલુકામાં મહી પરીએજ યોજના દ્વારા પીવાનું પાણી

૧૧૬૩૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાના ૮૧ ગામોને પીવાનું પાણી પુરુ પાડવા માટે મહી પરીએજ યોજનાની છેલ્લા બે વર્ષથી કામગીરી ચાલે છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૫ સુધીમાં તાલુકાના કેટલા ગામોને પાણી મળે છે, અને | (૨) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સાવરકુંડલા તાલુકાના કુલ ૪૭ ગામો તથા ૩ પરા વિસ્તારને પાણી મળે છે. |
| (૩) બાકી રહેતા ગામોને પીવાનું પાણી કયાં સુધીમાં પૂરું પાડવામાં આવશે? | (૩) બાકી રહેતા ગામોને મે-૨૦૦૫ સુધીમાં પાણી પૂરું પાડવા આયોજન કરેલ છે. |

------------

## રાજ્યની મોટી નદીઓ પર ચેકડેમો

૧૨૩૭૮ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર(ઉત્તર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન કઈ કઈ મોટી નદીઓ પર ચેકડેમો બાંધવાનું સરકારે આયોજન કરેલ છે. | (૧) ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન સાબરમતી, હાથમતી, મેશ્વો, વાત્રક, ખારી(પાટણ), બનાસ, સરસ્વતી, ઘેલો, ભાદર(સૌ), મચ્છુ, કેરી, બેટી, કુણ, ગોમા, ભાદ(પં), મેશરી, મહીયો, ચીકણી, અનાસ, નીલકી, નાદર, ડેભોલ, ખારી, લુણી, માઝમ, અંબાડીયા, હુકાડિયા, બાલારામ, કીડી, ઝુંફાણી, અર્જુની, મંકોડી, સીચી, સીતાપરી, સુખભાદર, પાડલીયો, રંગોળી, કાળુભાર, ગોમતી, માલણ, બગડ, રાજાવડ, માલેશ્રી, શેત્રુંજી, ભાદરોડી, રામતીલા, ખારો, સાંતલી, રઢીયાળી, નારીયેળી, ધાતરવાડી, જામવાડી, ફુલઝર, રાયડી, ઓઝત, સાંબલી, હિરેણ, સોનરખ, ગુડાજલી, (ઓઝત) નોલી, ઉતાવળી, લોલ, ઉબેણ, ધુનાવડી, મધુવંતી, મચ્છુંન્દ્રી, મેઘલ, બંદુકીયા (ઓઝત) વેણુ, મોજ, વાઘેશ્વરી, કોલીમ્બો, અહેમદપુરી, દ ાોડાધ્રોઈ, ખારી (સૌ), કોબવાલી, ડેમી, ફુલકી, ઉંડ, આજી, ભોગાવો, કાલીન્દ્રી, કાલાવાડી, મણવર, બાવલી, ઘેલ, ડઈ, સીપુર, પુષ્પાવતી, ધામણી (બ.કા.), દ્રોણનગરી, દુકાળીયા, મહોર, વણઝરી, બોરણ, શંકરીયા, વારણસી, વાલમ, વિડોલ, વેકરી, વેડા, રૂપેણ, રાશ્ર, લબડી, લાવરી, કુંવારીકા, ઝરમર, ભાખર (વોં), રોહાતળા (વોં), નદીઓ ઉપર ચેકડેમો બાંધવાનું સરકારે આયોજન કરેલ છે. |
| (૨) તેમાંથી તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલા બન્યા, અને | (૨) તા. ૩૧-૧-૦૫ સુધીમાં કુલ ૨૦૭ ચેકડેમો પૂર્ણ થયા છે. |
| (૩) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) પૂર્ણ થયેલા ચેકડેમોમાં રૂા. ૫૭.૮૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

------------

## અમદાવાદમાં ગ્રાહક સુરક્ષાના કેસોનો ભરાવો

૧૦૬૪૯ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ગ્રાહક સુરક્ષાના કેસોનો ભરાવો થયો છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેવા કેસોનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે, અને | (૨) સત્વરે. |
| (૩) ભવિષ્યમાં આ પ્રકારની પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે? | (૩) હા, જી. |

------------

## કચ્છ જિલ્લામાં ગૌચર જમીન અન્ય હેતુસર ફાળવવા અંગે

૧૨૩૮૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સન-૨૦૦૪માં તાલુકાવાર કયા કયા ગામોમાં ગૌચર જમીન, કયા કયા હેતુસર કોને ફાળવવામાં આવી, | (૧) ગૌચરની જમીન ફાળવવામાં આવી નથી. |
| (૨) વધુમાં વધુ ગૌચર જમીન જોગવાઈ જાળવી રાખવાની જોગવાઈ હોવા છતાં ગૌચર જમીન ફાળવવાના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) હવે પછી ગૌચર જમીનને જોગવાઈ મુજબ યથાવત સ્થિતિમાં રાખવા સરકારે શી વ્યવસ્થા કરી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## રાજ્યના નવા જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમો

૧૧૨૧૧ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના નવા જિલ્લામાં ગ્રાહકોને સ્થાનિક કક્ષાએ ન્યાય મળી રહે તે માટે સરકારે કોઈ વિચારણા કરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨)<br>(અ) નવ રચિત જિલ્લાઓના મૂળ જિલ્લામાં કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ ફોરમો મહિનામાં અમુક ચોક્કસ દિવસોએ સ્થાનિક રીતે કેસો ચલાવે તેવું આયોજન કરેલ છે.<br>(બ) જે જિલ્લામાં પડતર કેસોનું પ્રમાણ વધારે છે તેવા નવા જિલ્લાઓ પૈકીના જિલ્લાઓમાં જિલ્લા ફોરમ સ્થાપવાનું આયોજન કરેલ છે. |

------------

## સોનગઢ તાલુકાની ડોસવાડા નહેર યોજના

૧૨૦૦૭ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના સોનગઢ તાલુકાના ડોસવાડા ગામે આવેલ નહેરની યોજના માટે તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂા. ૩૭.૫૧ લાખની રકમ ફાળવવામાં આવી છે. |
| (૨) આ રકમ કેટલા તબક્કામાં અને કયારે ફાળવવામાં આવી, અને | (૨) આ રકમ પૈકી નહેરના બાંધકામ માટે રૂા. ૨૬.૦૩ લાખની રકમ એકજ તબક્કામાં આપવામાં આવેલ હતી. જ્યારે બાકીની રકમ વર્કચાર્જ મહેકમના માસિક ખર્ચ રુપે આપવામાં આવી હતી. |
| (૩) આ નહેરના બાંધકામની ગુણવત્તા જળવાઈ નથી તેનાં શાં કારણો છે? | (૩) આ નહેરના બાંધકામની ગુણવત્તા જળવાયેલ છે તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## સુરેન્દ્રનગર જિલ્લા સીટી સર્વેયર અને મેન્ટેનન્સ સર્વેયર સામે ભ્રષ્ટાચારની ફરિયાદો

૧૦૭૮૬ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લા સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ અને મેન્ટેનન્સ સર્વેયર સામેની ભ્રષ્ટાચારની ફરિયાદ મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયારે ફરિયાદ મળેલ છે તેમજ એમની સામે પોલીસ ફરિયાદ નોંધાયેલ છે કે કેમ, કોની સામે અને કઈ બાબતે, અને | (૨) તા. ૨૬-૭-૦૩, તા. ૯-૧-૦૪, તા. ૧૬-૪-૦૪ તથા તા. ૩-૫-૦૪ થી ફરિયાદ મળેલ છે. પોલિસ ફરિયાદ નોંધાવવામાં આવેલ નથી. |
| (૩) આ બાબતે સરકાર શું પગલાં લેવા માંગે છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## આણંદ અને ખેડા જિલ્લામાં જમીનો નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અંગે

૧૦૧૬૮ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કયા કયા તાલુકામાં નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો પડતર છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના કેસો પડતર હતા:-

| આણંદ | | | ખેડા | | |
|---|---|---|---|---|---|
| ૧ | બોરસદ | ૦ | ૧ | નડીયાદ | ૫,૯૩૫ |
| ૨ | પેટલાદ | ૦ | ૨ | કપડવંજ | ૬,૧૩૮ |
| ૩ | ખંભાત | ૦ | ૩ | કઠલાલ | ૬,૨૪૩ |
| ૪ | તારાપુર | ૧૨૧ | ૪ | ઠાસરા | ૧૧,૭૪૭ |
| ૫ | સોજીત્રા | ૦ | ૫ | વિરપુર | ૨,૩૧૬ |
| ૬ | આણંદ | ૦ | ૬ | બાલાશીનોર | ૩,૦૭૬ |
| ૭ | ઉમરેઠ | ૦ | ૭ | ખેડા | ૧,૪૨૫ |
| ૮ | આંકલાવ | ૦ | ૮ | માતર | ૩,૬૫૨ |
| | કુલ | ૧૨૧ | ૯ | મહેમદાવાદ | ૩,૮૩૩ |
| | | | ૧૦ | મહુધા | ૩,૮૪૬ |
| | | | **કુલ** | | **૪૮,૨૧૧** |

| | |
|---|---|
| (૨) તેનો કયારે નિકાલ કરવામાં આવશે, અને | (૨) સત્વરે |
| (૩) આની મુદત સરકાર લંબાવવા માંગે છે કે કેમ? | (૩) આ એક સતત ચાલતી પ્રક્રિયા હોઈ મુદત લંબાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સરકારી જમીન ગ્રાન્ટ કરતી વખતે લેવાની કિંમતના ધોરણમાં તફાવત**

૧૧૪૮૫ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીન નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને ગ્રાન્ટ કરવા અંગે કિંમત લેવાના ધોરણોમાં તફાવત છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવો ભેદભાવ દૂર કરવા માટે સરકાર શું પગલાં લેવા માંગે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ઘોઘંબા તાલુકામાં જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા અંગે**

૧૧૧૧૧ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાના કેટલા કેસો હજી પડતર છે, | (૧) ૧૬૫૭. |
| (૨) આ તમામ કેસોનો નિકાલ સરકાર કેટલા સમયમાં કરવા માગે છે, | (૨) ૬૦ પટની રકમ ભરપાઇ થયેથી. |
| (૩) નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા માટે કેટલા અરજદારોએ પટના પૈસા ભરેલ છે, | (૩) ૨૫૯. |
| (૪) તેમાંથી કેટલા અરજદારોની જમીન જુની શરતમાં ફેરવાઇ છે અને કેટલા અરજદારની બાકી છે, અને | (૪) ૨૫૯ અરજદારોએ પટની રકમ ભરતા જમીન જુની શરતમાં ફેરવાયેલ છે. અને ૧૩૯૮ અરજદારોની બાકી છે. |
| (૫) બાકી રહેતા અરજદારની કયાં સુધીમાં જમીન જુની શરતમાં ફેરવાશે? | (૫) ૬૦ પટની રકમ ભરપાઇ થયેથી. |

----------

**સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુકિતનો પ્રશ્ન**

૧૧૯૪૧ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુકિતનો પ્રશ્ન આડે આવે છે તે હકીકત ખરી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અંગે સરકાર શું પગલાં લેવા માંગે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## વડોદરા જિલ્લામાં જમીન નવસાધ્ય કરવા અંગે

૯૧૬૮**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં બીન ઉત્પાદક ખરાબાની કેટલી જમીન છે, અને | (૧) હેકટર - આરે. - પ્ર.આ.<br>૧૪૨૭૪ - ૧૧ - ૪૬ |
| (૨) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખરાબાની કેટલા હેકટર જમીન નવસાધ્ય કરવામાં આવી? | (૨) શૂન્ય. |

----------

## મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન

૧૧૪૭૮ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ (નસવાડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ મહેસૂલ વિભાગે છેલ્લા બે વર્ષમાં સરકારી ઠરાવો/પરિપત્રોને સંકલિત કરીને બહાર પાડયા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો ના, તો બહાર પાડવાનું આયોજન કરેલ છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## અમદાવાદમાં ગ્રાહક સુરક્ષાના કેસોનો ભરાવો

૧૧૪૭૯ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ગ્રાહક ફરિયાદના કેસોનો ભરાવો થયો છે તે વાત સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પડતર કેસોનો સમય મર્યાદામાં નિકાલ થાય તે માટે શું આયોજન કરવામાં આવેલ છે? | (૨) પડતર કેસોના સમય મર્યાદામાં નિકાલ થાય તે માટે નીચે મુજબ આયોજન કરેલ છે.<br>(અ) કાયદાની જોગવાઇ મુજબ રાજ્ય કમિશન દ્વારા સદર ફોરમના પડતર કેસો પૈકી અમુક કેસો જરુર જણાયે નજીકના ફોરમને ટ્રાન્સફર કરવાનું આયોજન કરેલ છે.<br>(બ) એક વધારાના ફોરમની રચના કરવાનું આયોજન કરેલ છે. |

----------

## સાબરમતી-સરસ્વતી લીંકયોજના અંતર્ગત જમીન સંપાદન

૧૧૩૯૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ સાબરમતી-સરસ્વતી લીંક યોજના અંતર્ગત કેટલી જમીનો સંપાદન કરવામાં આવી છે, | (૧) હેકટર - આરે. - ચો.મી.<br>૮૨ - ૮૫ - ૭૦ |
| (૨) આ વિસ્તારો કયા કયા છે, | (૨) |

| જિલ્લો | તાલુકો | ગામ |
|---|---|---|
| મહેસાણા | ઉંઝા | કહોડા, જગન્નાથપુરા |
| | ખેરાલુ | મોટી હીરવાણી |

| | | |
|---|---|---|
| | | નાની હીરવાણી મંડાલી, લુણવા |
| પાટણ | સિધ્ધપુર | ચાટાવાડા, સમોડા, લાલપુર, ખટાસણા |

(૩) આ અંગે કુલ કેટલું ખર્ચ સરકાર દ્વારા કરવામાં આવ્યું, અને

(૩) કુલ રૂા.૯૩,૭૯,૫૨૫-૦૦.

(૪) કેટલા ખેડૂતોને જમીન સંપાદનની રકમો આપવાની બાકી છે, અને કેટલી?

(૪) ૩૦ ખેડૂતોને કુલ રૂા.૩,૬૩,૧૦૦-૦૦ ની રકમો આપવાની બાકી છે.

----------

**દહેગામ, ગાંધીનગર, માણસા અને કલોલ તાલુકામાં હેન્ડ પંપો**

૧૨૪૯૬ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ૩૧મી ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ, ગાંધીનગર, માણસા અને કલોલ તાલુકામાં પીવાના પાણી માટે તાલુકાવાર કેટલા હેન્ડ પંપોની મંજૂરી આપેલ છે, અને

(૧) એકપણ નહીં.

(૨) મંજૂર થયેલ હેન્ડ પંપો કયાં સુધીમાં શરુ થશે?

(૨) પ્રશ્ન રહેતો નથી.

----------

**સુરત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો**

૧૦૬૬૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલી વ્યાજબી ભાવની દુકાનો બંધ હાલતમાં છે,

(૧) કુલ-૬૦.

(૨) આ બંધ પડેલ દુકાનોના કાર્ડ ધારકોને અનાજ વિતરણ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) આ દુકાનોની ફાળવણી કઈ રીતે કરવામાં આવનાર છે?

(૩) તા.૨-૮-૦૪ના ઠરાવથી કરેલ જોગવાઇઓ મુજબ.

---------

**સુનામીગ્રસ્ત દક્ષિણ ભારતના રાજ્યોને રાજ્ય સરકાર તરફથી સહાય**

૧૧૫૪૧ **શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

તાજેતરમાં વિશ્વના ઘણા બધા દેશોમાં સુનામીની જે હોનારત આવેલ છે તેમાં ભારતના દક્ષિણ ભાગમાં જે નુકશાન થયું છે તે રાજ્યોને મદદ પહોંચાડવા માટે ગુજરાત સરકારે શાં પગલાં લીધા છે?

સુનામી અસરગ્રસ્ત ભારતના દક્ષિણ ભાગના રાજ્યોને મદદ પહોંચાડવા નીચે પ્રમાણેના પગલાં લીધા છે.

૧. માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી

| | |
|---|---|
| તામિલનાડુ | રૂા.૫ કરોડ |
| અંદામાન-નિકોબાર | રૂા.૨ કરોડ |
| પાંડીચેરી | રૂા.૧ કરોડ |
| આંધ્રપ્રદેશ | રૂા.૧ કરોડ |

૨. રાજ્યના નાગરિકો, સ્વૈ.સંસ્થાઓ તથા ઔદ્યોગિક એકમો તરફથી મળેલ રોજિંદા

વપરાશ સ્વરુપની રાહત સામગ્રી તથા કપડાં અને અનાજની કીટસ રસ્તા, રેલ્વે અને હવાઇ માર્ગે પહોંચાડવામાં આવી છે.

૩. અંદામાન-નિકોબારમાં સંદેશા વ્યવહાર પુનઃ સ્થાપન માટે હેમ રેડિયોની ૧૦ સભ્યોની ટીમ મોકલી છે.

૪. અસરગ્રસ્તોને હંગામી આવાસો માટે
- ગેલ્વેનાઇઝના પતરા નંગ-૪૬૩૭૫
- વાંસ નંગ-૭૦,૦૦૦ મોકલવામાં આવેલ છે.

----------

## ગરીબોને અંત્યોદય યોજના હેઠળ અપાતું અનાજ

૧૦૬૪૬ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| બી.પી.એલ. કુટુંબોમાં પણ વધુ ગરીબ એવા લોકોને અંત્યોદય યોજના હેઠળ કેટલાં ઘઉં, ચોખા આપવામાં આવે છે તથા તેનો ભાવ શું છે? | બી.પી.એલ. કુટુંબોમાં પણ વધુ ગરીબ એવા લોકોને અંત્યોદય યોજના હેઠળ માસ દીઠ કુટુંબ દીઠ કુલ ૩૫ કિલોગ્રામ અનાજ જેમાં ઘઉં ૨૮ કિલોગ્રામ તથા ચોખા ૭ કિલોગ્રામ અનુક્રમે ઘઉં પ્રતિ કિ.ગ્રા.ના રૂા.૨ (બે) અને ચોખા પ્રતિ કિ.ગ્રા.ના ૩ (ત્રણ) ના ભાવથી આપવામાં આવે છે. |

----------

## ગારીયાધારમાં આવેલ સૌરાષ્ટ્ર રાજ્યના વાડાઓ અને મકાનો

૧૨૦૦૨ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગારીયાધાર શહેરમાં આવેલ જુના સૌરાષ્ટ્ર સમયના રાવળા, રાવ અને ઉભડવાડાઓ અને મકાનોને બેઠી કિંમત લઇ લીઝ હક્કમાં ફેરવવા માટેની માંગણી સરકારને મળેલ છે કે કેમ, | (૧) આ પ્રકારની જમીનો/ઘરને બેઠી કિંમતે માલિકી હક્કમાં ફેરવવાની રજુઆતો મળેલ છે. |
| (૨) જો હા, તો સરકાર દ્વારા આ બાબતમાં શું નિર્ણય કરવામાં આવેલ છે, અને | (૨) બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) આ પ્રશ્નનો નિકાલ સરકાર કેટલા સમયમાં કરવા માંગે છે? | (૩) સત્વરે. |

----------

## મહેસાણા જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેસા

૧૧૯૩૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીનોને જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો પડતર હતા, અને | (૧) ૨૨૬. |
| (૨) પડતર રહેવાના કારણો શું છે? | (૨) ખાતેદારો દ્વારા ૬૦ પટની રકમ નહિ ભરવાના કારણે તથા પૂર્તતા પર પડતર રહેવા પામેલ છે. |

----------

**મોરબી, ટંકારા અને પડધરી તાલુકામાં સેકટર રીફોર્મ યોજના**

૧૦૬૮૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી, ટંકારા, પડધરી તાલુકામાં સેકટર રીફોર્મ યોજના નીચે કેટલા ગામોને મંજૂરી આપવામાં આવી, | (૧) એકપણ નહીં. |
| (૨) તેમાંથી કેટલા ગામોના કામો પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા બાકી છે, અને | (૨) મંજૂરી આપવામાં આવી નથી જેથી પ્રશ્ન રહેતો નથી. |
| (૩) કયાં સુધી પૂર્ણ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

----------

**સતલાસણા તાલુકાના સર્વે નંબર ૧૮ ની જમીનનો કબજો**

૧૨૧૭૮ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સતલાસણા તાલુકાના સુદાસણા ગામે સર્વે નં.૧૮ પૈકી ૩૧ એકર જમીન ખેરાલુ તાલુકા પછાત વર્ગ કેળવણી મંડળ સંચાલિત શ્રી પરિક્ષિતલાલ મજમુંદાર છાત્રાલયને આ જમીનમાંથી ઉપજ મેળવીને નિભાવ ખર્ચ પેટે આપવાનો હુકમ થયેલ એ વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સંસ્થાને સદરહુ જમીનનો કબજો કયારે આપવામાં આવેલ છે, અને | (૨) તા.૫-૬-૧૯૭૦. |
| (૩) જો ના, તો આ જમીનનો કબજો સદરહુ સંસ્થાને કયારે આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ભરૂચ શહેરની પીવાના પાણીની યોજના**

૯૫૫૮ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ભરૂચ શહેરની પીવાના પાણીની માતરિયા તળાવની યોજના હાલમાં કયા તબક્કામાં છે, | (૧) "જયારે અને ત્યારે" ના ધોરણે ભરૂચ શહેરની પીવાના પાણીની યોજનાને મંજૂરી આપેલ છે. |
| (૨) આ યોજના પૂર્ણ કરવા સરકાર નાણાંકીય મદદ કરવા માંગે છે, અને | (૨) હા, જી. પ્રથમ સ્થાનિક સંસ્થા દ્વારા યોજનાનું સ્વભંડોળથી અમલીકરણ કરવાનું હોય છે તથા ત્યારબાદ "જયારે અને ત્યારે" નીતિ મુજબ અનુદાન મળવાપાત્ર છે. |
| (૩) ભરૂચ શહેરના લોકોને પીવાનું પાણી કયારે ઉપલબ્ધ બનશે? | (૩) નાણાંકીય વ્યવસ્થા થયેથી ૧૮ માસમાં પીવાનું પાણી ઉપલબ્ધ કરવાનું આયોજન છે. |

----------

**માલપુર અને મેઘરજ તાલુકામાં બાકી રેશનકાર્ડ**

૧૨૧૭૯ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માલપુર અને મેઘરજ તાલુકામાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલા વ્યકિતઓની રેશનકાર્ડની અરજી પડતર છે, અને | (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ માલપુર તાલુકામાં ૩૦ અને મેઘરજ તાલુકામાં ૧૭ રેશનકાર્ડની અરજીઓ પડતર છે. |

| | |
|---|---|
| (૨) આ બાકી કાર્ડ કયારે આપવામાં આવશે? | (૨) સત્વરે. |

----------

**પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં હકપત્રકો તથા વારસાઇ નોંધો**

૧૨૫૧૯ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્ર કે વારસાઇ નોંધો પાડવાની બાકી છે કે કેમ, અને | (૧) પાટણ જિલ્લો : ના, જી.<br>બનાસકાંઠા જિલ્લો : હા, જી. |
| (૨) જો હા, તો તે કયારે પાડવામાં આવશે? | (૨) પાટણ જિલ્લામાં કોઇ નોંધો પાડવાની બાકી ન હતી તથા બનાસકાંઠા જિલ્લામાં જે નોંધો પાડવાની બાકી હતી તે તમામ નોંધો પાડવામાં આવી હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**રાજ્યમાં ગામ નમુના નં.૭/૧૨ અને ૮-અ નું કોમ્પ્યુટરાઇઝેશન**

૧૧૦૮૫ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં ગા.નં. નં.૮-અ તથા ૭/૧૨ નું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા જી, રાજ્યના ૩૩ ગામોને બાદ કરતાં. |
| (૨) જો ના, તો કયા જિલ્લાનું બાકી છે, અને | (૨) અમદાવાદ, કચ્છ, આણંદ, સુરત અને પોરબંદરના ૩૩ ગામો બાકી છે. |
| (૩) કયાં સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે? | (૩) રેકર્ડ તપાસના કામે નામદાર કોર્ટમાં હોવા તેમજ ભૂકંપના કારણે નવેસરથી રેકર્ડ તૈયાર કરવા, પ્રમોલ્ગેશન બાકી હોવા વગેરે વહીવટી કારણોનો નિકાલ થયે પુરું થઇ શકે. |

**રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં સ્વજલ ધારા યોજનાની કામગીરી**

૧૦૯૯૫ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં સ્વજલધારા યોજના નીચે કામગીરી કરવા કેટલા ગામોની માંગણી આવેલ છે,

**જવાબ**

(૧) સેકટર રિફોર્મ યોજના (રાજ્ય) હેઠળ તાલુકાવાર નીચે મુજબ માંગણીઓ આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | આવેલ માંગણીઓની સંખ્યાવાળા ગામો |
|---|---|---|
| ૧ | રાજુલા | ૨૭ ગામ |
| ૨ | જાફરાબાદ | ૨૨ ગામો |
| ૩ | ખાંભા | ૧ ગામ |
| | કુલ : | ૫૦ ગામો |

| | |
|---|---|
| (૨) જે પૈકી કેટલી મંજૂર કરવામાં આવેલ છે, | (૨) કુલ ૫૦ ગામોની યોજનાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ-અમરેલી દ્વારા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી રાજુલા તાલુકાની ૧ યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ મંજૂર | (૩) એક ગામનું કામ શરૂ કરી પૂર્ણ |

| | |
|---|---|
| કરાયેલ ગામોના કામો પૈકી કેટલા ગામોએ કામો શરુ કરી પૂર્ણ કરાયેલ છે, અને | કરાવેલ છે. |
| (૪) બાકી રહેતા ગામોના કામો કયારે શરુ કરી પૂર્ણ કરવામાં આવશે, અને તેને માટેનું શું આયોજન છે? | (૪) બાકી રહેતા ગામોની વિગતવાર દરખાસ્તો ગ્રામ સમિતિ તરફથી રજૂ થયે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિમાં મંજૂરી આપી ફંડની ઉપલબ્ધતા અનુસાર કામો હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

## મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન

૧૦૬૬૮ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસૂલ વિભાગે તા.૩૧-૦૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી ઠરાવો/પરિપત્રોને સંકલિત કરીને બહાર પાડવામાં આવેલ છે, કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો ન પાડયા હોય તો બહાર પાડવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## જેતપુર અને ગોંડલ તાલુકામાં સરકારી જમીનમાં પેશકદમી

૧૨૧૮૨ **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ રાજકોટ જિલ્લાનાં જેતપુર તથા ગોંડલ તાલુકામાં સરકારી જમીન ઉપર કેટલાં ગામમાં પેશકદમી થયેલ છે, અને | (૧) જેતપુર તાલુકો-૩ ગામમાં<br>ગોંડલ તાલુકો-૧૦ ગામમાં |
| (૨) પેશકદમી થયેલ જમીન ઉપર દબાણ દૂર કરવાં સરકાર શું કાર્યવાહી કરવા માંગે છે ? | (૨) જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૬૧ અને ૨૦૨ હેઠળની કાયદેસરની કાર્યવાહી. |

-----------

## ભરૂચ જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ.કાર્ડ ધારકો

૧૦૬૭૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. અને અંત્યોદય યોજના હેઠળના કેટલા લાભાર્થી કાર્ડ ધારકો તાલુકાવાર છે, | (૧) પત્રક સામેલ છે. |
| (૨) આ કાર્ડ ધારકોએ રહેઠાણ ફેરફાર માટે કે કાર્ડ વિભાજન માટે કરેલ માંગણીઓ અન્વયે છેલ્લા બે વર્ષમાં ૩૧-૧-૦૫ સુધીમાં કેટલાને મંજૂરી આપવામાં આવી અને કેટલાને મંજૂરી આપી નથી, અને | (૨) તા. ૩૧-૧-૦૫ સુધીમાં માંગણી કરેલ તમામને મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) આવી મંજૂરીઓ સત્વરે આપવા સરકારે શી વ્યવસ્થા કરી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

**તા.૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં બી.પી.એલ. એ.પી.એલ., અને અંત્યોદય અન્ન યોજના હેઠળના લાભાર્થી કાર્ડ ધારકોની તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | બી.પી.એલ.યોજના હેઠળના કાર્ડ સંખ્યા | એ.પી.એલ. યોજના હેઠળના કાર્ડ સંખ્યા | અંત્યોદય અન્ન યોજના હેઠળના કાર્ડ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૨૬૯૦૯ | ૬૧૩૨૧ | ૪૪૧૬ |
| ૨ | અંકલેશ્વર | ૧૪૯૮૭ | ૩૬૬૬૧ | ૨૪૬૪ |
| ૩ | હાંસોટ | ૬૨૩૮ | ૬૧૦૨ | ૧૦૩૩ |
| ૪ | જંબુસર | ૧૯૩૨૦ | ૧૬૧૨૯ | ૨૬૩૬ |
| ૫ | આમોદ | ૧૦૨૨૨ | ૭૮૨૬ | ૧૫૨૮ |
| ૬ | વાગરા | ૭૦૪૨ | ૯૦૦૪ | ૧૦૯૩ |
| ૭ | વાલીયા | ૧૪૨૫૮ | ૭૪૦૮ | ૨૩૫૮ |
| ૮ | જગડીયા | ૧૭૬૧૫ | ૧૦૦૩૫ | ૨૭૪૫ |
| | **કુલ :** | **૧૧૬૫૯૧** | **૧૫૪૪૮૬** | **૧૮૨૭૩** |

-----------

**સ્થાવર મિલકતોના દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવા અંગે**

૧૨૩૬૮ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્થાવર મિલકત હસ્તાંતરણના નોંધાતા દસ્તાવેજોની પ્રમાણિત નકલો, દસ્તોવેજોના પક્ષકારો સિવાયના માંગણીદારોને તાત્કાલિક આપવા સરકારે કોઈ વ્યવસ્થા ઉભી કરેલ છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તેવી ઉભી કરાયેલ વ્યવસ્થાની વિગતો શું છે, અને | (૨) નોંધણી થયેલ દસ્તાવેજો પૈકી જે દસ્તાવેજોનું સ્કેનીંગ થઈ ગયેલ હોય તેવા દસ્તાવેજોની પ્રમાણિત નકલો દસ્તાવેજોના પક્ષકાર સિવાયના માંગણીદારોને શકય તેટલી વહેલી તકે આપવાની વ્યવસ્થા છે. |
| (૩) જો ના, તો તેવી વ્યવસ્થા ઉભી ન કરવાના કારણો શું છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**નવા જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમો**

૧૧૪૮૮ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના નવા જિલ્લામાં ગ્રાહકોને સ્થાનિક રીતે ન્યાય મળી રહે તે માટે સરકારે કોઈ વ્યવસ્થા કરી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) (અ) નવ રચિત જિલ્લાઓના મૂળ જિલ્લામાં કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ ફોરમો મહિનામાં અમુક ચોકકસ દિવસોએ સ્થાનિક રીતે કેસો ચલાવે તેવું આયોજન કરેલ છે.<br>(બ) જે જિલ્લામાં પડતર કેસોનું પ્રમાણ વધારે છે તેવા નવા જિલ્લાઓ પૈકીના જિલ્લાઓમાં જિલ્લા ફોરમ સ્થાપવાનું આયોજન કરેલ છે. |
| (૩) જો ના, તો તેના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

### વલસાડ જિલ્લામાં દમણગંગા નહેરમાં લીકેજ

૧૦૬૪૪ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાનાં પારડી તાલુકામાં દમણગંગા નહેર યોજનાનું મોટા પ્રમાણમાં લીકેજ થવાથી રસ્તા તથા ખેડુતોની જમીનમાં મોટું નુકશાન થાય છે તે સરકાર જાણે છે કે કેમ, અને | (૧) વલસાડ જિલ્લામાં પારડી તાલુકામાં દમણગંગા યોજનાની કેટલીક નહેરોમાં સામાન્ય લીકેજ ધ્યાને આવેલ છે. જેનાથી રસ્તાઓને સામાન્ય નુકશાન થયેલ છે. પરંતુ ખેડૂતોની જમીન/મિલકતને નુકશાન થયાનું ધ્યાને આવેલ નથી. |
| (૨) જો હા, તો તે લીકેજ બંધ કરવા સરકારનું શું આયોજન છે ? | (૨) લીકેજ કાયમી ધોરણે બંધ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. |

-----------

### બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકો

૧૧૭૧૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બી.પી.એલ. યાદી ધરાવતા કાર્ડ ધારકોના કાર્ડનું વિભાજન કરતા બી.પી.એલ. માંથી એ.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે તે રાજ્ય સરકાર જાણે છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તેના કારણો શા છે ? | (૨) ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ નવી બી.પી.એલ. યાદીઓ તૈયાર કરવાનું કામ ગ્રામ વિકાસ વિભાગ/શહેરી વિકાસ વિભાગ ધ્વારા ચાલુ છે, આ યાદીઓ તૈયાર થયા બાદ આ યાદીઓમાં સમાવેશ થયેલ લોકોને નવા બી,પી.એલ. કાર્ડ આપવામાં આવશે. હાલ નવા કાર્ડ એ.પી.એલ.ના જ આપવામાં આવે છે. |

-----------

### જુનાગઢ જિલ્લામાં નાની સિંચાઈ માટે ગ્રાન્ટની ફાળવણી

૧૧૪૦૦ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં નાની સિંચાઈ માટે તા.૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) રૂા. ૧૦૨૮.૨૯ લાખ |
| (૨) ફાળવેલ ગ્રાન્ટમાંથી કયા કયા કામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) સામેલ પત્રક મુજબ |
| (૩) આ કામમાં થયેલ ગેરરીતિઓની કોઈ ફરિયાદ મળી હોય તો શાં પગલાં લેવાયા ? | (૩) કોઈ ફરિયાદ મળેલ નથી. |

**પત્રક**

| ક્રમ | કામનું નામ | થયેલ ખર્ચ રૂ.લાખમાં | ક્રમ | કામનું નામ | થયેલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | બાંટવાખારો | ૩૨.૯૫ | ૧૦ | મઘરડી | ૫૬.૪૧ |
| ૨ | ઓઝત વિયર (શાપુર) | ૬૧.૭૯ | ૧૧ | ગળથ | ૬.૫૪ |
| ૩ | સાબલી | ૧૭૧.૫૩ | ૧૨ | ખાખરા હડમતીયા | ૦.૪૦ |
| ૪ | મોટા ગુજરીયા | ૧૨૯.૩૯ | ૧૩ | ઓઝતભેલાણ | ૦.૩૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | (ગોરવીયાળી) | |
| ૫ | ઓઝત વિયર (વંથલી) | ૦.૯૮ | ૧૪ | લાંછડી | ૨.૦૦ |
| ૬ | ભાખરવડ | ૩૪૮.૬૫ | ૧૫ | ચાંદ્રાવાડી | ૩.૫૦ |
| ૭ | ફુલઝર પીંડાખાઈ | ૦.૭૮ | ૧૬ | અનુશ્રવણ તળાવો-૩ | ૯.૮૨ |
| ૮ | ઉતાવળી | ૦.૩૫ | ૧૭ | ચેકડેમો-૧૪ | ૫૮.૧૭ |
| ૯ | પ્રેમપરા | ૯.૨૭ | ૧૮ | ધુસીયા ઉદ્વહન સિં.યોજના | ૩.૦૦ |

**કુલ થયેલ ખર્ચ રૂ.૮૯૫.૮૨ લાખ**

-----------

## જુનાગઢ જિલ્લામાં જમીન માપણી માટે અરજીઓ

૧૦૭૮૦ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં જમીન માપણીની તા.૩૦-૧૧-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ તાલુકાવાર આવેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓની માપણી કરવામાં આવી, સમય-મર્યાદામાં જ માપણી થયેલ છે કે કેમ,

(૩) જો ન થયેલ હોય તો તેના કારણો શું,

(૪) કેટલા સમયમાં નિકાલ થશે, અને

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં જમીન માપણીની તા.૩૦-૧૧-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૩૦-૧૧-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | માણાવદર | ૧૩૮ |
| ૨ | માંગરોળ | ૧૨૪ |
| ૩ | મેંદરડા | ૧૪૧ |
| ૪ | વંથલી | ૧૯૩ |
| ૫ | વિસાવદર | ૨૫૦ |
| ૬ | કોડીનાર | ૧૩૭ |
| ૭ | વેરાવળ | ૧૦૭ |
| ૮ | ઉના | ૩૪૨ |
| ૯ | કેશોદ | ૨૦૫ |
| ૧૦ | માળીયા | ૧૬૫ |
| ૧૧ | તલાલા | ૧૬૦ |
| ૧૨ | જુનાગઢ | ૨૭૨ |
| ૧૩ | ભેંસાણ | ૧૧૦ |
| ૧૪ | સુત્રાપાડા | ૭૮ |
| | **કુલ :** | **૨૪૨૨** |

(૨) તે પૈકી ૧૯૩૮ અરજીઓની જમીન માપણી કરવામાં આવી, જે મોટા ભાગે સમય-મર્યાદામાં થયેલ છે.

(૩) અતિ વરસાદને કારણે માપણી કરવામાં આવતી નથી. જે કેસોમાં અસલ રેકર્ડ ન મળવાથી/મોડું મળવાથી, અરજદાર તરફથી મુદત માંગવામાં આવતા તેમજ લેન્ડ ગ્રાન્ટના કેસોમાં સ્થળે કબજો સોંપાયાના નકશા/રોજકામ વિલંબથી મળવાને કારણે વિલંબ થતો હોય છે.

(૪) ક્રમાનુસાર સત્વરે નિકાલ કરવામાં

| | |
|---|---|
| | આવશે. |
| (૫) માપણીની આવક કેટલી થઈ ? | (૫) માપણીની આવક રૂા.૩૩,૪૧,૧૦૦/- થયેલ છે. |

-----------

**સંખેડા તાલુકાની ૬૧ ગામ જૂથ પાણી પુરવઠા યોજના**

૧૦૬૫૫ **શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સંખેડા તાલુકા ૬૧ ગામ જૂથ પાણી પુરવઠા યોજના જુન-૦૪ના બદલે ડિસે.-૦૪માં પૂર્ણ કરવાની હતી કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના કયારે પૂર્ણ થશે ? | (૨) માર્ચ-૨૦૦૫ સુધીમાં ૧૨ ગામો તથા બાકી રહેતા ૪૯ ગામોને જુલાઈ-૨૦૦૫ સુધીમાં ક્રમશ : પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**જામનગર જિલ્લાની સિંચાઈ કેનાલોનું લીફટ ઈરીગેશનમાં પરિવર્તન**

૧૦૭૯૧ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાની રાજ્ય હસ્તકની અને પંચાયત હસ્તકની સિંચાઈ યોજનાની કેનાલોને લીફટ ઈરીગેશનમાં પરિવર્તન કરવા અંગે કેટલી રજુઆતો આવેલ છે, | (૧) બે યોજનાઓ માટે રજુઆત મળી છે.<br>(૧) ડાયમીણસર - રાજ્ય હસ્તક.<br>(૨) વેણું - પંચાયત હસ્તક. |
| (૨) તે પૈકી કેટલી યોજનાને મંજૂરી આપી કામ પુર્ણ કરવામાં આવેલ છે અને તેમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) એક<br>વેણું યોજનાના કામોને મંજૂરી આપી છે.<br>કામગીરી પ્રગતિમાં છે. અત્યાર સુધીમાં<br>રૂા. ૭,૪૧,૦૦૦/-નો ખર્ચ થયેલ છે. |
| (૩) બાકી રહેલ યોજનાને કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવશે ? | (૩) તાંત્રિક/આર્થિક પાસાઓ ચકાસી, શકય એટલો વહેલો નિર્ણય કરવામાં આવશે. |

-----------

**કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે સરકારી પડતર જમીન આપવા અંગે**

૧૧૯૪૪ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે સરકારી પડતર કે ખરાબાની જમીન ત્રણ વર્ષોમાં ભાડા પટ્ટે કે કાયમી ધોરણે આપવામાં આવી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) અંજાર, ભૂજ, ગાંધીધામ, મુન્દ્રા અને ભચાઉ તાલુકામાં ગત ત્રણ વર્ષમાં ઔદ્યોગિક હેતુસર આવી જમીનો કોને કોને કયા કયા સ્થળે કયા ભાવે કઈ શરતોએ આપવામાં આવી, અને | (૨) સામેલ પત્રક મુજબ. |
| (૩) આ જમીનોના વેચાણ કે ભાડાપટ્ટા અંગે સંબંધીત સમયમાં રાજ્યની તીજોરીમાં કોણે કેટલી રકમ જમાં કરાવી ? | (૩) સામેલ પત્રક ના કોલમ નં. ૮ મુજબ. |

----------

## પત્રક

અંજાર, ભૂજ ગાંધીધામ, મુંદ્રા અને ભચાઉ તાલુકામાં ત્રણ વર્ષમાં ઔદ્યોગિક હેતુ માટે અપાયેલ જમીનની વિગત :-

| ક્રમ | કંપનીનું નામ | ગામ/તાલુકો | સ.નં. | પ્રતિ ચોરસ મીટરના ભાવ | હુકમની તારીખ | શરત | રાજ્યની તિજોરીમાં કેટલી આવક થઈ જમીનની કિંમત/ભાડું (રૂપિયા) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | અંજાર | | | | |
| ૧ | એકવાજેલ કેમીકલ લી. | વરસાણા તા. અંજાર | ૨૩૫ પૈ. | રૂા. ૫૬/- | ૧૪-૨-૦૩ | અવિભાજ્ય અને વિક્રિયાદિ નિયંત્રીત સત્તા પ્રકારે | ૫૨૫૫૬૦/- |
| ૨ | વેલસ્પન ઈન્ડીયા લી. | વરસામેડી તા. અંજાર | ૮૯૦ પૈ. | રૂા. ૧૫/- | ૧૦-૮-૦૪ | ,, | ૩૦૩૫૧૦/- |
| ૩ | વેલસ્પન ઈન્ડીયા લી. | વરસામેડી તા. અંજાર | ૮૯૦ પૈ. | રૂા. ૧૫/- | ૧૦-૮-૦૪ | ,, | ૩૦૩૫૧૦/- |
| ૪ | વેલસ્પન ઈન્ડીયા લી. | વરસામેડી તા. અંજાર | ૮૯૦ પૈ. | રૂા. ૧૫/- | ૧૦-૮-૦૪ | ,, | ૩૦૩૫૧૦/- |
| ૫ | વેલસ્પન ઈન્ડીયા લી. | વરસામેડી તા. અંજાર | ૮૯૦ પૈ. | રૂા. ૧૫/- | ૧૩-૮-૦૪ | ,, | ૩૦૩૫૧૦/- |
| ૬ | વેલસ્પન પાવન એન્ડ સ્ટીલ પ્રા.લી. | વરસામેડી તા. અંજાર | ૬૫૨ પૈ. | રૂા. ૧૫/- | ૧૬-૧૦-૦૪ | ,, | ૧૮૨૧૧૫/- |
| ૭ | વેલસ્પન ગુજરાત સ્ટાહેલ રોહરન .લી. | વરસામેડી તા. અંજાર | ૬૯૨ પૈ. | રૂા. ૧૫/- | ૧૬-૧૦-૦૪ | ,, | ૧૫૧૭૫૫/- |
| ૮ | વેલસ્પન ગુજરાત સ્ટાહેલ રોહરન .લી. | વરસામેડી તા. અંજાર | ૬૬૫/૧પૈ. ૬૮૦/૧પે | રૂા. ૧૬/- | ૧૦-૧-૦૫ | ,, | ૧૨૧૪૦૮/- |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | વેલસ્પન ગુજરાત સ્ટાહેલ રોહરન .લી. | વરસામેડી તા. અંજાર | ૬૬૫/૧પૈ. | રૂા. ૧૫/- | ૧૬-૧૦-૦૪ | ,, | ૩૦૩૫૧૦/- |
| ૧૦ | વેલસ્પન ગુજરાત સ્ટાહેલ રોહરન .લી. | વરસામેડી તા. અંજાર | ૬૭૯/પૈ. | રૂા. ૧૫/- | ૧૭-૧૦-૦૪ | ,, | ૩૦૩૫૧૦/- |
| | | | ભૂજ | | | | |
| ૧૧ | લાલચંદ લોગમલ ખત્રી | કુકમા તા. ભુજ | ૩૩૧ પૈ. | રૂા. ૮૦/- | ૧૯-૨-૦૨ | ,, | ૩૬૦૦૦૦/- |
| ૧૨ | અલ્પેશ શંકરલાલ ગુપ્તા | કુકમા તા. ભુજ | ૩૩૧ પૈ. | રૂા. ૯૦/- | ૧૯-૪-૦૨ | ,, | ૨૭૦૦૦૦/- |
| ૧૩ | ફોરફેસલ લી. (સેલફોર્સ) | રેલડી તા. ભુજ | ૫૬ પૈ. | રૂા. ૩૫/- | ૨૦-૧-૦૩ | ,, | ૧૧૫૫૦/- |
| ૧૪ | એ. ટી. એન્ડ ટી. લી. | રેલડી તા. ભુજ | ૫૬ પૈ. | રૂા. ૩૫/- | ૨૮-૨-૦૩ | ,, | ૧૭૫૦૦/- |
| ૧૫ | હેતુભા જાલમસંગ જાડેજા | કુકમા તા. ભુજ | ૩૩૧/૧પૈ. | રૂા. ૧૦૦/- | ૨૯-૩-૦૩ | ,, | ૧૦૦૦૦૦/- |
| ૧૬ | ગોવિંદ રૂપા મારવાડા | કુકમા તા. ભુજ | ૩૩૧/૧પૈ. | રૂા. ૧૧૫/- | ૩૧-૯-૦૩ | ,, | ૬૯૦૦૦૦/- |
| ૧૭ | રાજકોશી મીનરલ | પધ્ધર તા. ભુજ | ૭૪૧ પૈ. | રૂા. ૭.૫૦/- | ૫-૬-૦૪ | ,, | ૧૪૭૦૦૦/- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | દેવાંગ એમ પાઠક | પધ્ધર તા. ભુજ | ૭૪૧ પૈ. | રૂા. ૭.૫૦/- | ૫-૬-૦૪ | ,, | ૧૪૨૫૦૦/- |
| ૧૯ | રાધિકા ચાઈના કલે | પધ્ધર તા. ભુજ | ૭૪૧ પૈ. | રૂા. ૭.૫૦/- | ૫-૬-૦૪ | ,, | ૧૪૭૦૦૦/- |
| ૨૦ | એસ. એમ. ત્યાગી | કુકમા તા. ભુજ | ૩૩૧ પૈ. | રૂા. ૩૨/- | ૫-૭-૦૪ | ,, | ૬૨૪૧૬૦/- |
| ૨૧ | કિશાન કોટન જિનીંગ એન્ડ પ્રેસીંગ ફેકટરી | લાખોદ તા. ભુજ | ૧૩૬ પૈ. | રૂા. ૧૫૦/- | ૨૩-૯-૦૪ | ,, | ૪૦૯૮૦૦/- |
| ૨૨ | સોલારીસ કેમટેક લી. | રતાડીયા તા. ભુજ | ૧૬૪ પૈ. | રૂા. ૪/- | ૨૨-૧૧-૦૪ | ,, | ૮૦૯૩૬/- |
| ૨૩ | મનજી કારા ચાવડા | માનકુવા તા. ભુજ | ૪૯૦ પૈ. | રૂા. ૨૦૦/- | ૨-૨-૦૫ | ,, | ૯૦૦૦૦/- |
| ૨૪ | સોલારીસ કેમટેક લી. | રતાડીયા તા. ભુજ | ૧૬૪ પૈ. | રૂા. ૪/- | ૪-૯-૦૪ | ,, | ૮૦૯૩૬/- |
| | | | | ગાંધીધામ | | | |
| ૨૫ | ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા | મીઠી રોહર તા. ગાંધીધામ | ૫૭૩ પૈ. | રૂા. ૫૧/- | ૩૦-૪-૦૩ | ,, | ૪૦૮૦૦૦૦/- |
| ૨૬ | ત્રિકમ અરજણ આહીર | ભારાપર તા. ગાંધીધામ | ૫૫ પૈ. | રૂા. ૨૫/- | ૨૦-૭-૦૪ | ,, | ૪૦૦૦૦૦/- |
| ૨૭ | છાંગા ભગવાનજી અરજણ | ભારાપર તા. ગાંધીધામ | ૫૫ પૈ. | રૂા. ૨૫/- | ૨૦-૭-૦૪ | ,, | ૪૦૦૦૦૦/- |
| ૨૮ | એસ.એ.એલ. લી. | ભારાપર તા. ગાંધીધામ | ૨૪૫ પૈ. | રૂા. ૬૫/- | ૧૨-૮-૦૪ | ,, | ૨૧૯૦૫૭૮૦/- |
| ૨૯ | જીજ્ઞેશ દીપચંદ લોદરીયા વિ. | ભારાપર તા. ગાંધીધામ | ૨૪૫ પૈ. | રૂા. ૩૦/- | ૯-૯-૦૪ | ,, | ૫૪૦૦૦૦/- |
| ૩૦ | મહાસુખલાલ ડી પુંજ વિ. | ભારાપર તા. ગાંધીધામ | ૨૪૫ પૈ. | રૂા. ૩૦/- | ૯-૯-૦૪ | ,, | ૫૪૦૦૦૦/- |
| ૩૧ | હીરલ એન્ટર પ્રાઈઝ | ભારાપર તા. ગાંધીધામ | ૨૪૫ પૈ. | રૂા. ૩૦/- | ૧૪-૯-૦૪ | ,, | ૫૪૦૦૦૦/- |
| ૩૨ | ભાવેશ પ્રભુલાલ શેઠ વિ. | ભારાપર તા. ગાંધીધામ | ૨૪૫ પૈ. | રૂા. ૩૦/- | ૧૪-૯-૦૪ | ,, | ૫૪૦૦૦૦/- |
| ૩૩ | ભુમી એન્ટર પ્રાઈઝ. | કિડાણા તા. ગાંધીધામ | ૧૫૫/૧પૈ. | રૂા. ૨૦/- | ૧-૧૦-૦૪ | ,, | ૩૬૦૦૦૦/- |
| ૩૪ | કિરણ હિંમતલાલ પુંજ | કિડાણા તા. ગાંધીધામ | ૧૫૫/૧પૈ. | રૂા. ૨૦/- | ૧-૧૦-૦૪ | ,, | ૩૬૦૦૦૦/- |
| ૩૫ | મયુર મહેન્દ્રભાઈ શાહ | કિડાણા તા. ગાંધીધામ | ૧૫૫/૧પૈ. | રૂા. ૨૦/- | ૧-૧૦-૦૪ | ,, | ૩૬૦૦૦૦/- |
| ૩૬ | અમીત જયંતીલાલ મહેતા | કિડાણા તા. ગાંધીધામ | ૧૫૫/૧પૈ. | રૂા. ૨૦/- | ૧-૧૦-૦૪ | ,, | ૩૬૦૦૦૦/- |
| | | | | **મુંદરા** | | | |
| ૩૭ | અદાણી કન્ટેઈનર ટર્મીનલ લી. | ધ્રબ તા. મુંદરા | -- | રૂા. ૨.૫૦/- | ૧૧-૨-૦૩ | ,, | ૩૫૨૪૭૫/- |
| ૩૮ | અદાણી કન્ટેઈનર ટર્મીનલ લી. | ધ્રબ તા. મુંદરા | -- | રૂા. ૩/- | ૨૫-૭-૦૩ | ભાડા પટ્ટે | ૩૨૩૭૬૦/- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩૯ | વાઘેલા દિલીપસિંહ જેઠુભા. | રતાડીયા તા. મુંદરા | ૨૫૦ પૈ. | રૂા. ૧૨/- | ૨૦-૯-૦૩ | અવિભાજય અને વિક્રિયાદિ નિયંત્રીત સત્તા પ્રકારે | ૬૦૦૦/- |
| ૪૦ | વાઘેલા બટુકસિંહ જેઠુભા. | નાના કપાયા તા. મુંદરા | ૨૦૭ પૈ. | રૂા. ૧૧૧/- | ૨૦-૯-૦૩ | ,, | ૫૫૫૦૦/- |
| ૪૧ | સો પાઈપ્સ લી. | સમાઘોઘા તા. મુંદરા | ૩૩૬/૨પૈ. | રૂા. ૬/- | ૨૫-૩-૦૪ | ,, | ૮૩૧૬૦/- |
| ૪૨ | સો પાઈપ્સ લી. | સમાઘોઘા તા. મુંદરા | ૩૨૬ પૈ. | રૂા. ૬/- | ૨૫-૩-૦૪ | ,, | ૧૨૩૨૨૮/- |
| ૪૩ | સો પાઈપ્સ લી.. | સમાઘોઘા તા. મુંદરા | ૩૩૬/૩પૈ. | રૂા. ૬/- | ૨૫-૩-૦૪ | ,, | ૨૩૦૭૦/- |
| ૪૪ | નિશાંત વાસુદેવ ઠક્કર | ધ્રબ તા. મુંદરા | ૧૬૯/પૈ. | રૂા. ૨૫/- | ૧૩-૪-૦૪ | ,, | ૪૦૪૭૦૦/- |
| ૪૫ | મહાશકિત કોક | લાખાપર તા. મુંદરા | ૨૬૯/પૈ. | રૂા. ૧૩/- | ૩-૫-૦૪ | ,, | ૨૬૩૦૪૨/- |
| ૪૬ | સો પાઈપ્સ લી. | સમાઘોઘા તા. મુંદરા | ૩૬૯ પૈ. | રૂા. ૨૦/- | ૨૬-૧૦-૦૪ | ,, | ૩૩૬૦૦૦/- |
| ૪૭ | સો પાઈપ્સ લી. | સમાઘોઘા તા. મુંદરા | ૩૬૯ પૈ. | રૂા. ૨૦/- | ૨૬-૧૦-૦૪ | ,, | ૮૦૯૪૦/- |
| ૪૮ | સો પાઈપ્સ લી. | સમાઘોઘા તા. મુંદરા | ૩૬૯ પૈ. | રૂા. ૨૦/- | ૨૬-૧૦-૦૪ | ,, | ૧૮૪૬૦૦/- |
| | | | **ભચાઉ** | | | | |
| ૪૯ | ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા | વોંધ તા. ભચાઉ | ૮૧૮/૨ પૈ. | રૂા. ૩૮/- | ૩-૩-૦૪ | ,, | ૯૫૦૦૦/- |

--------------

### જૂનાગઢ જિલ્લામાં કલમ ૩૨-ક અને એમનેસ્ટી સ્કીમ હેઠળ ગુમ થયેલ દસ્તાવેજો

૧૧૪૫૪ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ૧૯૯૭ થી કલમ ૩૨-ક અન્વયે નિકાલ થયેલ દસ્તાવેજો તથા સરકારની એમનેસ્ટી સ્કીમ હેઠળ દસ્તાવેજો બાકી છે તેવા કેટલા દસ્તાવેજો કઇ કઇ સાલના નાયબ કલેકટર કચેરીમાં જડતા નથી, | (૧) શૂન્ય. |
| (૨) આવી બેદરકારી અંગે જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવા દસ્તાવેજો સત્વરે પરત કરવા શી વ્યવસ્થા કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

### મહુવા તાલુકાની મહી પરીએજ યોજના હેઠળના કામો

૧૦૯૯૯ **ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં મહી-પરીએજ યોજના હેઠળ કામની મુદત પૂર્ણ થવા છતા કામ એજન્સીએ પૂર્ણ કરેલ નથી તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બાકી કામ કેટલું છે, | (૨) આશરે ૩૦ ટકા. |
| (૩) બાકી રહેવાનાં કારણો શું છે, અને | (૩) પાઇપોની ખરીદીમાં વિલંબ તથા એજન્સી દ્વારા કામમાં ધીમી પ્રગતિ. |

(૪) હવે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? (૪) ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં આયોજન છે.

-----------

## માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં કેરોસીનની ફાળવણી

૧૨૪૫૭ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

સુરત જિલ્લામાં માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં રેશનકાર્ડ ધારકોને ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર જરૂરિયાત સામે કાર્ડધારકોને કેટલું કેરોસીન આપવામાં આવેલ છે ?

**જવાબ**

સુરત જિલ્લામાં માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં રેશનકાર્ડ ધારકોને તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર કેરોસીનની જરૂરીયાત અને ફાળવણી પત્રક-૧ મુજબ છે.

**પત્રક-૧**

**સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાઓની સને-૨૦૦૪ના વર્ષની માસવાર કેરોસીનની જરૂરીયાત અને ફાળવણીની વિગતોનું પત્રક :-**

**જથ્થો કિલો લીટરમાં**

| અ.નં. | માસનું નામ | માંડવી તાલુકો | | સોનગઢ તાલુકો | | ઉચ્છલ તાલુકો | | નિઝર તાલુકો | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૧. | જાન્યુઆરી-૦૪ | ૨૮૧ | ૨૫૩ | ૨૭૭ | ૨૫૦ | ૧૩૪ | ૧૨૧ | ૧૯૧ | ૧૭૨ |
| ૨. | ફેબ્રુઆરી-૦૪ | ૨૮૧ | ૨૫૩ | ૨૭૭ | ૨૫૦ | ૧૩૪ | ૧૨૧ | ૧૯૧ | ૧૭૨ |
| ૩. | માર્ચ-૦૪ | ૨૭૮ | ૨૫૧ | ૨૮૦ | ૨૫૨ | ૧૩૩ | ૧૨૦ | ૧૯૦ | ૧૭૧ |
| ૪. | એપ્રિલ-૦૪ | ૨૭૯ | ૨૪૩ | ૨૭૯ | ૨૪૩ | ૧૩૩ | ૧૧૬ | ૧૮૮ | ૧૬૪ |
| ૫. | મે-૦૪ | ૨૯૩ | ૨૫૫ | ૨૭૮ | ૨૪૨ | ૧૪૯ | ૧૩૦ | ૧૮૮ | ૧૬૪ |
| ૬. | જુન-૦૪ | ૩૦૧ | ૨૬૨ | ૨૮૬ | ૨૪૯ | ૧૫૪ | ૧૩૪ | ૧૯૪ | ૧૬૯ |
| ૭. | જુલાઇ-૦૪ | ૩૧૪ | ૨૭૩ | ૨૯૮ | ૨૫૯ | ૧૬૧ | ૧૪૦ | ૨૦૨ | ૧૭૬ |
| ૮. | ઓગસ્ટ-૦૪ | ૩૦૩ | ૨૬૭ | ૨૮૩ | ૨૪૯ | ૧૫૯ | ૧૪૦ | ૨૦૦ | ૧૭૬ |
| ૯. | સપ્ટેમ્બર-૦૪ | ૩૦૦ | ૨૬૭ | ૨૮૦ | ૨૪૯ | ૧૫૭ | ૧૪૦ | ૧૯૮ | ૧૭૬ |
| ૧૦. | ઓકટોબર-૦૪ | ૨૯૫ | ૨૬૦ | ૨૭૬ | ૨૪૩ | ૧૫૫ | ૧૩૬ | ૧૯૫ | ૧૭૨ |
| ૧૧. | નવેમ્બર-૦૪ | ૨૯૫ | ૨૬૦ | ૨૭૫ | ૨૪૨ | ૧૫૪ | ૧૩૬ | ૧૯૫ | ૧૭૨ |
| ૧૨. | ડીસેમ્બર-૦૪ | ૨૯૨ | ૨૫૭ | ૨૮૦ | ૨૪૬ | ૧૫૮ | ૧૩૯ | ૧૯૩ | ૧૭૦ |

## સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ધોરણોમાં ફેરફાર

૧૧૭૯૯ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૬૦:૪૦ અને ૮૦:૨૦ ના ધોરણમાં સરકાર કોઇ ફેરફાર કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ૮૦:૨૦ ના ધોરણે ચેકડેમો બનાવવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

------------

## ભિલોડા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ

૧૨૫૧૦ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં પીવાના પાણી માટે કુલ કેટલી જૂથ યોજનાઓ ચાલે છે,

(૨) આ જૂથ યોજનાઓ દ્વારા કેટલા

**જવાબ**

(૧) ૩ જૂથ યોજનાઓ

(૨) ૪૨ ગામ/૯ પરા

આદિવાસી ગામોને પીવાનું પાણી મળે છે, અને

(૩) બાકીના ગામોને ક્યારે અને કેટલા સમયમાં પીવાનું પાણી સરકાર આપવા માંગે છે ?

(૩) ૧૦ ગામોને માંગણી આવ્યેથી પાણી પુરવઠો આપવામાં આવશે. જ્યારે અન્ય ૯ ગામોને જુન-૨૦૦૫ સુધીમાં ક્રમશઃ પાણી પુરવઠો શરૂ કરવાનું આયોજન છે. વધુમાં સમગ્ર ભિલોડા તાલુકાના તમામ ગામોને સુજલામ્ સુફલામ્ કાર્યક્રમ અંતર્ગત માહે ડિસેમ્બર-૨૦૦૫ થી ક્રમશઃ પાણી પુરવઠો શરૂ કરવાનું આયોજન છે.

-------

**વ્યારા અને સોનગઢ તાલુકામાં હેન્ડપંપ**

૧૨૩૭૬ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ રાજ્યના આદિવાસી વિસ્તારોમાં ૫૦ વ્યક્તિએ એક હેન્ડપંપ આપવાનું સરકારે આયોજન કરેલ છે એ વાત સાચી છે,

(૨) જો હા, તો વ્યારા અને સોનગઢ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં આ આયોજન પ્રમાણે કેટલા હેન્ડપંપો ફાળવવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલા હેન્ડપંપો કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નીચેની વિગતે

| ક્રમ | તાલુકા | ફાળવેલ હેન્ડપંપોની સંખ્યા |
|---|---|---|
| (૧) | વ્યારા | ૩૦૪૦ |
| (૨) | સોનગઢ | ૨૬૩૦ |
| | કુલ.. | ૫૬૭૦ |

(૩) નાણાંકીય જોગવાઇને આધિન બે વર્ષમાં ક્રમશઃ પૂર્ણ કરવાનું આયોજન છે.

-------

**મહેસાણા જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેસો**

૧૧૦૯૨ **શ્રી બિમલ શાહ (કપડવંજ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીનોને જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો પડતર છે, અને

(૨) પડતર રહેવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) ૨૨૬

(૨) ખાતેદાર દ્વારા ૬૦ પટની રકમ નહિ ભરવાના કારણે તથા પૂર્તતા પર પડતર રહેવા પામેલ છે.

-------

**સરકારી જમીન બિનખેતી કરવા માટે મંજૂરી આપવામાં વિલંબ**

૧૧૪૮૧ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

પ્રશ્ન

(૧) સરકારી તથા સરકારનું હિત ધરાવતી જમીન જ્યારે બિનખેતી કરાવવાની હોય ત્યારે કરવી પડતી મૂલ્યાંકનની કામગીરીને કારણે બિનખેતીની મંજૂરી આપવામાં વિલંબ થાય છે તે વાત સરકાર જાણે છે, અને

**જવાબ**

(૧) હા, જી.

| | |
|---|---|
| (૨) જો હા, તો એ અંગે સરકારે શા પગલાં લીધા છે ? | (૨) મહેસુલ વિભાગના તા. ૬-૬-૨૦૦૩ના ઠરાવ અંતર્ગત જિલ્લા મૂલ્યાંકન સમિતિની બેઠક દર મહિને ઓછામાં ઓછી એકવાર મળે તેવી સૂચનાઓ પ્રસિધ્ધ કરી. |

--------------

**રાજ્યમાં ૭/૧૨ અને ૮-અ ની નકલો ખેડૂતોને આપવા અંગે**

૧૦૪૧ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ૭/૧૨ અને ૮-અ ની નકલો મેળવવા માટે ખેડૂતોએ પ્રતિ નકલ કેટલી રકમ ભરવાની હોય છે, | (૧) રૂા. ૧૫/-રૂપિયા. |
| (૨) નકલ તાલુકા મથક સિવાય દરેક તલાટી મંત્રી પાસેથી ખેડૂતોને કેટલા સમયમાં મળવાનો નિર્ણય થયો છે, | (૨) ગામેથી નકલ તુરતજ મળી શકે છે. |
| (૩) ૭/૧૨ અને ૮-અ ની નકલો વિના મુલ્યે અગાઉની જેમ સરકાર આપવા માંગે છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) ડીસેમ્બર-૨૦૦૪ સુધીમાં રાજ્ય સરકારને કેટલી આવક થઈ છે ? | (૪) રૂા. ૧,૬૯,૦૦,૦૦૦/-. |

------------

**સરકારી જમીનો ગ્રાન્ટ કરતી વખતે લેવાની કિંમતના ધોરણમાં તફાવત**

૧૧૦૯૮ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ સરકારી જમીન મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને ગ્રાન્ટ કરવા અંગે કિંમત લેવાના ધોરણોમાં તફાવત છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવા ભેદભાવ દૂર કરવા માટે સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

**જામનગર જિલ્લામાં જમીન બિનખેતી કરવાની માંગણીઓ**

૧૧૧૬૯ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી જમીન બિનખેતી કરવાની માંગણી આવી, | (૧) કુલ : ૮૭,૧૨,૨૭૭ ચો.મી.<br>જમીન બીન ખેતી કરવાની ૪૮૪ અરજી/માંગણી આવી. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરવામાં આવી, | (૨) અરજીની સંખ્યા — જમીનનું ક્ષેત્રફળ ચો.મી.<br>મંજૂર-૧૪૪ — ૨૪,૭૩,૯૯૨ ચો.મી.<br>નામંજૂર-૩૩૬ — ૬૦,૯૦,૯૮૧ ચો.મી. |

(૩) નામંજૂર કરવાના કારણો શું છે, અને

(૩) (ક) નોંધ વાદગ્રસ્ત હોવાથી અપીલ/રીવીઝનનું કામ ચાલે છે તેથી, અને

(ખ) સંબંધિત ખાતા/કચેરી તરફથી જરૂરી અભિપ્રાય નહીં મળવાના કારણે.

(૪) હાલ કેટલી માંગણીઓ પડતર છે ?

(૪) પડતર-૪ કેસ,

જમીન-૧,૪૭,૩૦૪ ચો.મી.

--------------

## બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલ ડીઝલની ભેળસેળના કેસો

૧૧૭૦૪ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર પેટ્રોલ, ડીઝલ અને કેરોસીનમાં ભેળસેળના કેટલા કેસો પકડાયા છે,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ. | પેટ્રોલ | ડીઝલ | કેરોસીન |
|---|---|---|---|
| દીયોદર | ૧ | -- | -- |
| ધાનેરા | -- | -- | ૧ |
| દાંતીવાડા | -- | -- | ૨ |
| પાલનપુર | -- | -- | ૧ |
| કાંકરેજ | -- | -- | ૧ |
| ડીસા | -- | ૧ | ૧ |
| થરાદ | -- | -- | ૧ |
| કુલ :- | ૧ | ૧ | ૭ |

(૨) આ અંગે સરકારે શું કાનૂની પગલાં લીધા, અને

(૨) **નીચે મુજબનાં પગલાં લીધાઃ-**

(ક)રૂા. ૩૪,૫૨,૨૬૨/-કિંમતનો જથ્થો કબજે કર્યો તે પૈકી

(ખ) રૂા. ૮,૫૨,૨૬૫/- કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો.

(ગ) રૂા. ૧,૦૦૦/- દંડ

(ઘ) ૧ પરવાનો મોકૂફ

(ચ) ૧ પરવાનો રદ

(છ) ૮ પોલીસ કેસ

(જ) ૨ કેસમાં અટકાયત.

(૩) કેટલા કેસોમાં લાયસન્સ રદ કરવામાં આવ્યા છે ?

(૩) ૧ કેસમાં કેરોસીન પરવાનો રદ કર્યો.

------------

## ભાવનગર જિલ્લામાં પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ નિવારવાના પગલાં

૧૧૧૦૯ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પેટ્રોલ તથા ડીઝલમાં ભેળસેળ નિવારવા ભાવનગર જિલ્લામાં સન-૨૦૦૪માં કેટલી રેડ પાડવામાં આવી,

**જવાબ**

(૧) ૪૨.

(૨) તેમાં ભેળસેળ યુકત કેટલો જથ્થો પકડાયો, અને

(૨) પેટ્રોલનો ૪૦૪૭ લીટર જથ્થો.

(૩) તેમની સામે શું પગલાં લીધાં ?

(૩) નીચે મુજબના પગલાં લીધાં.

ત્રણ પંપો સામે પોલીસ કેસ કરાયા. ત્રણ પરવાના મોકૂફ રખાયા.

-----------

## રાજ્યમાં આનાવારી તથા અછતની પરિસ્થિતિ

૧૧૯૮૫ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્યમાં સન ૨૦૦૪ ની સાલમાં કેટલા તાલુકા અને કેટલા ગામોમાં ૬ આની અને ૪ આનીથી નીચે આનાવારી થઇ છે, અને

(૨) ચાર આનીથી નીચેના ગામો અર્ધ અછત જાહેર કરાયા છે કે કેમ ?

**જવાબ**

(૧) ગુજરાત રાજ્યમાં સન-૨૦૦૪ની સાલમાં ૨૨ તાલુકાના ૧૫૦૩ ગામોમાં ૬ આની અને ૪ આનીથી નીચે આનાવારી થઈ છે.

(૨) ના, જી.

------------

## કડી તાલુકામાં શરતભંગના કેસો

૧૨૪૯૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોજે-વડુ, તા. કડી ગામની કયા કયા સર્વે નંબરની કેટલી જમીનમાં શરતભંગ થવા અંગેની ફરિયાદો સરકારને મળી, અને

(૨) શાં પગલાં ભરવામાં આવ્યા?

**જવાબ**

(૧) સાથેના પત્રક-'અ' મુજબ

(૨) કાયદાકીય કાર્યવાહી ચાલુ છે.

**પત્રક-'અ'**

| અ.ન. | સર્વે નંબર | જમીનનું ક્ષેત્રફળ |
|---|---|---|
| ૧ | ૪૧૫ | ૨૮૫૪ ચો.મી. |
| ૨ | ૪૧૩/૧ | ૪૦૪૩ ચો.મી. |
| ૩ | ૪૧૮/૧ | ૧૧૮૯ ચો.મી. |
| ૪ | ૪૧૮/૪ | ૨૧૪૧ ચો.મી. |
| ૫ | ૪૧૬ | ૨૬૧૬ ચો.મી. |
| ૬ | ૪૧૮/૨ | ૧૦૭૦ ચો.મી. |
| ૭ | ૪૧૮/૩ | ૧૩૦૮ ચો.મી. |
| ૮ | ૪૧૪/૧ | ૧૭૮૪ ચો.મી. |
| ૯ | ૪૧૪/૨ | ૧૯૦૨ ચો.મી. |
| ૧૦ | ૪૧૪/૩ | ૧૬૬૫ ચો.મી. |
| ૧૧ | ૪૧૭ પૈકી | ૨૫૫૬ ચો.મી. |
| ૧૨ | ૪૧૨ | ૫૨૩૨ ચો.મી. |
| ૧૩ | ૪૧૯/૧ | ૨૦૭૩ ચો.મી. |
| ૧૪ | ૪૧૯/૨ | ૧૫૪૬ ચો.મી. |
| ૧૫ | ૪૧૭ પૈકી | ૨૫૫૭ ચો.મી. |
| ૧૬ | ૧/અ | ૬૦૦૦ ચો.મી. |
| ૧૭ | ૧/૧/પૈકી | ૨૦૨૩૫ ચો.મી. |
| ૧૮ | ૧/૧ પૈકી | ૬૦૭૧ ચો.મી. |
| | કુલ :- | ૬૬,૮૪૨ ચો.મી. |

----------

## સિંધુ જળ કરાર અન્વયે ગુજરાતને પાણી

૧૧૭૦૭ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સિંધુ જળ કરાર અનુસાર ગુજરાતને પાણીનો જથ્થો મળવાપાત્ર છે તે હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાનો અમુક વિસ્તાર સિંધુ બેઝીનનો ભાગ છે તેને પ્રમાણિત કરવા પૂરતા પૂરાવા અને હકીકતો ઉપલબ્ધ છે અને તેથી 'રાઈપેરીયન રાઈટ' મુજબ કચ્છ વિસ્તાર સિંધુ નદીના પાણી વાપરવા

હકકદાર છે. આઝાદી બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ બેઝીનના પાણીની વહેંચણી અંગે વિવાદ થતાં વિશ્વબેન્કની મધ્યસ્થતામાં ભારતે સને ૧૯૬૦માં પાકિસ્તાન સાથે સિંધુના પાણીની વહેંચણી અંગે કરાર કર્યા જેને 'ઈન્ડસ વોટર ટ્રીટી-૧૯૬૦' કહેવામાં આવે છે. આ દ્વિપક્ષી આંતર રાષ્ટ્રીય પાણીના કરાર અનુસાર સિંધુ બેઝીનની પૂર્વની નદીઓ સતલજ, રાવી અને બીયાસના પાણી ભારતને ફાળવવામાં આવ્યા જ્યારે સિંધુ બેઝીનની પશ્ચિમોની નદીઓના સિંધુ, ઝેલમ, ચિનાબના પાણી પાકિસ્તાનને ફાળવવામાં આવ્યા. અગાઉ ૧૯૫૫માં થયેલ આંતર રાજ્ય કરાર દ્વારા પંજાબ (તે વખતનું સંયુક્ત પંજાબ-હરિયાણા), રાજસ્થાન, જમ્મુ કાશ્મીર, પેપ્સુ વગરે રાજયોને ફાળવવામાં આવ્યા હતા તે મુજબ ભારતના ભાગે મળેલ પાણીની વહેંચણી કરવામાં આવી. આ વહેંચણીમાં કચ્છને કોઈ ફાળવણી કરવામાં આવી નહતી. બાદમાં પંજાબના ભાગલા પડતાં તથા પાણીની સુધારેલી ઉપલબ્ધતા વિગેરે ધ્યાન પર લેતાં આ કરારમાં વખતોવખત સુધારા થતાં રહ્યા, પણ ગુજરાત રાજ્ય તરફથી અનેકવાર રજુઆતો છતાં કચ્છ વિસ્તારના હક્કોને અનુલક્ષીને સિંધુ બેઝીનના પાણીનો કોઈપણ ભાગ કચ્છને ફાળવવામાં આવ્યો નથી.

(૨) જો હા, તો આ મળવાપાત્ર પાણીના જથ્થા માટે રાજ્ય સરકાર તરફથી શું કાર્યવાહી કરવામાં આવી રહી છે?

(૨) ઉપરોક્ત હકીક્ત ધ્યાન પર લેતાં એવું સ્પષ્ટપણે ફલિત થાય છે કે સિંધુ જળ સંધી-૧૯૬૦ એ આંતર રાષ્ટ્રીય કરાર છે અને તેથી ગુજરાત રાજ્ય તેમાં ફેરફારની માંગણી કરી શકે નહી. પરંતુ પાકિસ્તાનમાં સિંધુ નદીનું તેના ભાગે આવેલ વધારાનું પાણી અરબી સમુદ્રમાં વહી જાય છે તે પાણીને માનવતાના ધોરણે નહેર દ્વારા પાણી તરસ્યા કચ્છ વિસ્તારને ફાળવવા પાકિસ્તાનને સમજાવવા ગુજરાત સરકારે ભારત સરકારને વિનંતી કરી છે. આ કામગીરી ભારત સરકારની કક્ષાએ પડતર છે. સિંધુ બેઝીનની પૂર્વની નદીઓ સતલજ, રાવી અને બીયાસનું પાણી જે ભારતના ભાગે આવ્યું તેને આંતર રાજ્ય કરાર ૧૯૫૫ અને તેમાં થયેલ વખતોવખતના સુધારાઓમાં વિચારણા કરીને પંજાબ, હરીયાણા, રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર અને દિલ્હીને ફાળવવામાં આવ્યુ, પરંતુ ગુજરાત રાજ્યના કચ્છ વિસ્તારને પાણી ન ફાળવીને દેખીતો અન્યાય કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારે સિંધુની પૂર્વની નદીઓનું પાણી કચ્છને ફળવાય તેના સુખદ નિરાકરણ માટે કેન્દ્ર સરકારને ગુજરાત સહિતના સંબંધિત રાજ્યોની બેઠક યોજવા વિનંતી કરી છે. તાજેતરમાં પંજાબ વિધાનસભામાં પસાર કરાયેલ ઠરાવ અનુસાર પૂર્વની નદીઓ જેવી કે સતલજ, રાવી, બીયાસના પાણીની ફાળવણી અંગેના કરાર રદ કરવા ઠરાવ કરેલ છે. ગુજરાત સરકારે સિંધુની પૂર્વીય નદીઓના ભારતને ફાળે પાણીની

પુનઃફાળવણી કરવા માટે કેન્દ્ર સરકારને રજુઆત કરી છે. આ રજુઆતમાં ઉપલબ્ધ જળરાશીમાંથી યોગ્ય ભાગ કચ્છ વિસ્તારને ફાળવવામાં આવે અને વાવાઝોડા, ભૂકંપ અને દુષ્કાળ જેવી અનેક કુદરતી આપત્તિઓનો સામનો કરતા કચ્છ વિસ્તારને થયેલ અન્યાય બાબતે સુખદ નિરાકરણ લાવવા કેન્દ્ર સરકારને વિનંતી કરવામાં આવેલ છે.

## જુનાગઢ જિલ્લામાં ચેક ડેમો

૧૨૩૧૬ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ જુનાગઢ જિલ્લામાં સને ૨૦૦૨, ૨૦૦૩, ૨૦૦૪માં વર્ષવાર કયા તાલુકામાં કેટલા ચેકડેમ બન્યા,

**જવાબ**

(૧)

| તાલુકો | વર્ષ ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦[illegible] |
|---|---|---|---|
| જુનાગઢ | ૦ | ૪ | ૧[illegible] |
| માણાવદર | ૦ | ૨ | [illegible] |
| વંથલી | ૩ | ૫ | ૧[illegible] |
| કેશોદ | ૫ | ૨૩ | ૩[illegible] |
| માળીયા(હા) | ૨૪ | ૯૭ | ૩૫[illegible] |
| માંગરોળ | ૦ | ૭ | [illegible] |
| વેરાવળ | ૧૭ | ૨૮ | ૫[illegible] |
| ભેંસાણ | ૩ | ૦ | [illegible] |
| મેંદરડા | ૨ | ૧૨ | ૨૭[illegible] |
| વિસાવદર | ૩ | ૯ | ૪[illegible] |
| કોડીનાર | ૧ | ૮ | ૧[illegible] |
| ઉના | ૬ | ૧૫ | ૨[illegible] |
| તાલાલા | ૨૭ | ૧૧૭ | ૨૨[illegible] |
| સુત્રાપાડા | ૧૦ | ૩૬ | ૨[illegible] |
| કુલ | ૧૦૧ | ૩૬૩ | ૧૧૦[illegible] |

(૨) ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૩૧-૧-૨૦૦૫ સુધીમાં કેટલા ચેકડેમોની કયા તાલુકામાંથી કેટલી કેટલી દરખાસ્તો મળી હતી અને તેમાંથી કેટલી કેટલી મંજૂર કરાઈ, અને

(૨)

| તાલુકો | મળેલ નવી દરખાસ્તોની સંખ્યા | મંજૂર થયેલ દરખાસ્તોની સંખ્યા |
|---|---|---|
| જુનાગઢ | ૨૦ | ૧૭ |
| માણાવદર | ૨ | ૨ |
| વંથલી | ૧૫ | ૧૦ |
| કેશોદ | ૨૭ | ૨૪ |
| માળીયા(હા) | ૧૧૫ | ૧૨૬ |
| માંગરોળ | ૬ | ૧૧ |
| વેરાવળ | ૧૨ | ૨૪ |
| ભેંસાણ | ૫ | ૫ |
| મેંદરડા | ૬૮ | ૨૨૭ |
| વિસાવદર | ૧૩ | ૪ |
| કોડીનાર | ૦ | ૯ |
| ઉના | ૩ | ૧૬ |
| તાલાલા | ૯૭ | ૯૩ |

| | | |
|---|---|---|
| સુત્રાપાડા | ૪૧ | ૨૩ |
| કુલ | ૪૨૪ | ૫૯૧ |

(૩) મંજૂર થયેલ પૈકી કેટલા કામો પૂર્ણ થયાં?

(૩) ૯૪૮ કામો.

----------

## રાજ્યમાં અતિવૃષ્ટિથી નુકશાન

૧૧૯૯૯ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ઓગસ્ટ-૨૦૦૪માં ગુજરાતમાં આવેલ ભારે વરસાદના કારણે જિલ્લાવાર કુલ કેટલું નુકશાન અને માનવ મૃત્યુ થયા,

(૨) નુકશાનની સામે તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કુલ કેટલી રકમની સહાય માટે કયારે રજુઆત કરી, અને

(૩) કેન્દ્ર તરફથી કેટલી સહાયતા કયારે મળી?

**જવાબ**

(૧) નુકશાન રૂપિયા ૩૦૨૨.૩૯ કરોડ, માનવ મૃત્યુ ૨૧૮. (સામેલ પત્રક મુજબ)

(૨) રૂપિયા ૩૪૮૫.૭૨ કરોડ તા. ૧૨-૮-૨૦૦૪, તા. ૧૭-૨-૨૦૦૫

(૩) રૂપિયા ૫૫ કરોડ તા. ૨૩-૮-૨૦૦૪.

**પત્રક**

| ક્રમ | જિલ્લો | માનવ મૃત્યુ | નુકશાન (રૂપિયા કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬ | ૩૫.૦૬ |
| ૨ | અમરેલી | ૪ | ૪૯.૩૭ |
| ૩ | આણંદ | ૪ | ૨.૨૪ |
| ૪ | બનાસકાંઠા | ૪ | ૫.૨૯ |
| ૫ | ભરૂચ | ૪૩ | ૬૫૪.૭૧ |
| ૬ | ભાવનગર | ૧૧ | ૧૬.૨૮ |
| ૭ | દાહોદ | ૯ | ૧૮.૭૬ |
| ૮ | ડાંગ | ૧ | ૨૦.૫૫ |
| ૯ | ગાંધીનગર | ૨ | ૭.૦૯ |
| ૧૦ | જામનગર | ૯ | ૧૪.૫૫ |
| ૧૧ | જૂનાગઢ | ૧૬ | ૩૩.૮૪ |
| ૧૨ | ખેડા | ૨ | ૩.૯૧ |
| ૧૩ | કચ્છ | - | ૮.૨૫ |
| ૧૪ | મહેસાણા | ૪ | ૬.૨૮ |
| ૧૫ | નર્મદા | ૫ | ૩૩.૭૫ |

| | | | |
|---|---|---|---|
| ૧<br>૬ | નવસારી | ૧૪ | ૧૩૭.૧૯. |
| ૧<br>૭ | પંચમહાલ | ૬ | ૨૦.૯૧ |
| ૧<br>૮ | પાટણ | ૨ | ૧૭.૯૧ |
| ૧<br>૯ | પોરબંદર | ૩ | ૫.૦૦ |
| ૨<br>૦ | રાજકોટ | ૭ | ૧૨.૬૨ |
| ૨<br>૧ | સાબરકાંઠા | ૨ | ૨૦.૮૫ |
| ૨<br>૨ | સુરત | ૧૭ | ૧૩૪૫.૯૦ |
| ૨<br>૩ | સુરેન્દ્રનગર | ૬ | ૧.૫૨ |
| ૨<br>૪ | વડોદરા | ૨૧ | ૬૩.૪૦ |
| ૨<br>૫ | વલસાડ | ૨૦ | ૪૮૭.૮૦ |
| | કુલ | ૨૧૮ | ૩૦૨૨.૩૯ |

----------

## રાજ્યમાં અતિવૃષ્ટિથી નુકશાન

૧૧૯૯૬ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઓગસ્ટ-૨૦૦૪માં ગુજરાતમાં થયેલ અતિવૃષ્ટિ અને પૂરને કારણે જિલ્લાવાર કુલ કેટલું નુકશાન અને કેટલા માનવ મૃત્યુ થયાં હતા, | (૧) નુકશાન રૂપિયા ૩૦૨૨.૩૯ કરોડ માનવ મૃત્યુ ૨૧૮. (સામેલ પત્રક મુજબ) |
| (૨) આ નુકશાનની સામે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કુલ કેટલી રકમની સહાય માંગી હતી, અને | (૨) રૂપિયા ૩૪૮૫.૭૨ કરોડ. |
| (૩) ડિસેમ્બર-૦૪ સુધીમાં કુલ કેટલી સહાય કેન્દ્ર સરકાર તરફથી મળી? | (૩) રૂપિયા ૫૫ કરોડ. |

**<u>પત્રક</u>**

| ક્રમ | જિલ્લો | માનવ મૃત્યુ | નુકશાન (રૂપિયા કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬ | ૩૫.૦૬ |
| ૨ | અમરેલી | ૪ | ૪૯.૩૭ |
| ૩ | આણંદ | ૪ | ૨.૨૪ |
| ૪ | બનાસકાંઠા | ૪ | ૫.૨૯ |
| ૫ | ભરૂચ | ૪૩ | ૬૫૪.૭૧ |
| ૬ | ભાવનગર | ૧૧ | ૧૬.૨૮ |
| ૭ | દાહોદ | ૯ | ૧૮.૭૬ |
| ૮ | ડાંગ | ૧ | ૨૦.૫૫ |
| ૯ | ગાંધીનગર | ૨ | ૭.૦૯ |
| ૧<br>૦ | જામનગર | ૯ | ૧૪.૫૫ |
| ૧<br>૧ | જૂનાગઢ | ૧૬ | ૩૩.૮૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | ખેડા | ૨ | ૩.૯૧ |
| ૧૩ | કચ્છ | - | ૮.૨૫ |
| ૧૪ | મહેસાણા | ૪ | ૬.૨૮ |
| ૧૫ | નર્મદા | ૫ | ૩૩.૭૫ |
| ૧૬ | નવસારી | ૧૪ | ૧૩૭.૧૯. |
| ૧૭ | પંચમહાલ | ૬ | ૨૦.૯૧ |
| ૧૮ | પાટણ | ૨ | ૧૭.૯૧ |
| ૧૯ | પોરબંદર | ૩ | ૫.૦૦ |
| ૨૦ | રાજકોટ | ૭ | ૧૨.૬૨ |
| ૨૧ | સાબરકાંઠા | ૨ | ૨૦.૮૫ |
| ૨૨ | સુરત | ૧૭ | ૧૩૪૫.૯૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૬ | ૧.૫૨ |
| ૨૪ | વડોદરા | ૨૧ | ૬૩.૪૦ |
| ૨૫ | વલસાડ | ૨૦ | ૪૮૭.૮૦ |
| | કુલ | ૨૧૮ | ૩૦૨૨.૩૯ |

----------

**બનાસકાંઠા જિલ્લામાં હકકપત્રક કે વારસાઈ નોંધો**

૧૧૯૩૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્રકે વારસાઈ નોંધો પાડવાની બાકી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) તમામ નોંધો પાડવામાં આવેલ છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરત જિલ્લામાં ખેતી અને બિનખેતીની જમીનની એન્ટ્રીઓ**

૧૦૬૩૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

(૧) સુરત જિલ્લામાં તા. ૧-૧-૦૪ થી ૩૧-૧૨-૦૪ સુધીમાં તાલુકાવાર બિનખેતીની તથા ખેતીની જમીનની કેટલી એન્ટ્રીઓ પાડવામાં આવેલ છે,

(૧)

| તાલુકાનું નામ | બિનખેતીની પાડવામાં આવેલ એન્ટ્રીઓ | ખેતીની પાડવામાં આવેલ એન્ટ્રીઓ |
|---|---|---|
| સીટી તાલુકા | ૯૧૯ | ૩૪૦ |
| ચોર્યાસી | ૧૮૦૩ | ૩૩૭૮ |
| પલસાણા | ૧૬૦૧ | ૨૨૧૮ |
| ઓલપાડ | ૧૨૨૩ | ૫૨૨૧ |
| કામરેજ | ૭૮૨ | ૨૫૧૯ |
| માંડવી | ૩૮૮ | ૧૪૧ |
| માંગરોળ | ૧૪ | ૧૬૭૯ |
| ઉમરપાડા | ૩ | ૧૧૪ |
| બારડોલી | ૪૮૪ | ૨૦૯૦ |
| મહુવા | ૪૮ | ૧૫૩૦ |
| વાલોડ | ૫૩ | ૭૬ |
| વ્યારા | ૩૫૨ | ૨૪૩૧ |
| સોનગઢ | ૭૧ | ૨૭૮ |
| ઉચ્છલ | ૩ | ૨૭૨ |
| નિઝર | ૧૭ | ૬૧૮ |
| કુલ | ૭૭૬૧ | ૨૨૯૦૫ |

(૨) તે પૈકી કેટલી એન્ટ્રીઓને પ્રમાણિત કરવામાં આવેલ છે, અને

(૨)

| તાલુકાનું નામ | બિનખેતીની પ્રમાણિત કરેલ એન્ટ્રીઓ | ખેતીની પ્રમાણિત કરેલ એન્ટ્રીઓ |
|---|---|---|
| સીટી તાલુકા | ૮૨૩ | ૩૦૩ |
| ચોર્યાસી | ૧૫૫૧ | ૩૦૧૬ |
| પલસાણા | ૧૫૨૧ | ૨૧૬૩ |
| ઓલપાડ | ૧૧૬૬ | ૪૬૭૪ |
| કામરેજ | ૭૨૬ | ૨૦૪૮ |
| માંડવી | ૩૨૩ | ૧૨૨ |
| માંગરોળ | ૧૪ | ૧૪૬૦ |
| ઉમરપાડા | ૩ | ૧૦૦ |
| બારડોલી | ૩૯૯ | ૧૮૬૩ |
| મહુવા | ૪૭ | ૧૦૪૪ |
| વાલોડ | ૫૩ | ૬૬ |
| વ્યારા | ૩૪૦ | ૨૦૪૨ |
| સોનગઢ | ૬૨ | ૯૯ |
| ઉચ્છલ | ૩ | ૨૦૫ |
| નિઝર | ૧૪ | ૫૧૦ |
| કુલ | ૭૦૪૫ | ૧૯૭૧૫ |

(૩) કેટલી એન્ટ્રીઓ રદ કરવામાં આવેલ છે?

(૩)

| તાલુકાનું નામ | બિનખેતીની રદ કરેલ એન્ટ્રીઓ | ખેતીની રદ કરેલ એન્ટ્રીઓ |
|---|---|---|
| સીટી તાલુકા | ૫૧ | ૧૭ |

| | | |
|---|---|---|
| ચોર્યાસી | ૧૭૬ | ૧૬૫ |
| પલસાણા | ૮૦ | ૪૭ |
| ઓલપાડ | ૧૭ | ૩૪૧ |
| કામરેજ | ૨૮ | ૧૮૦ |
| માંડવી | ૧૬ | ૧૨ |
| માંગરોળ | ૦ | ૨૫ |
| ઉમરપાડા | ૦ | ૬ |
| બારડોલી | ૪૧ | ૪૮ |
| મહુવા | ૧ | ૧૦૧ |
| વાલોડ | ૦ | ૧૦ |
| વ્યારા | ૧૨ | ૨૭૪ |
| સોનગઢ | ૨ | ૨૫ |
| ઉચ્છલ | ૦ | ૨૧ |
| નિઝર | ૧ | ૨૨ |
| કુલ | ૪૨૫ | ૧૨૯૪ |

----------

## સરકારી જમીનોને બિનખેતીના હેતુ માટે મંજૂરી આપવામાં વિલંબ

૧૧૦૭૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી તથા સરકારનું હિત હોય તેવી જમીનોને બિનખેતીના હેતુ માટે મંજૂરી આપવામાં મુલ્યાંકનની નક્કી થયેલ પ્રક્રિયાને કારણે વિલંબ થાય છે તે વાત સાચી છે, અને | (૧)હા, જી. |
| (૨) જો હા, તો આ વિલંબ નિવારવા સરકાર શું પગલા લેવા માંગે છે ? | (૨) (અ) મહેસુલ વિભાગના તા. ૬-૬-૨૦૦૩ના ઠરાવ અંતર્ગત જિલ્લા મુલ્યાંકન સમિતિની બેઠક દર મહિને ઓછામાં ઓછી એકવાર મળે તેવી સુચનાઓ પ્રસિધ્ધ કરી.<br>(બ) મહેસુલ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૪ના ઠરાવથી મુલ્યાંકનની પ્રક્રિયા સરળ બનાવેલ છે. |

## રાજ્યમાં પી.બી.એમ. એકટ હેઠળના કેસો

૧૦૬૩૪ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં જિલ્લાવાર પી.બી.એમ. એકટ હેઠળ કેટલા કેસ કરવામાં આવ્યા, | (૧) ૭૭.<br>જિલ્લાવાર વિગત સામેલ પત્રક-અ મુજબ છે. |
| (૨) તેમાંથી બોર્ડ દ્વારા કેટલા ઈસમોને છોડવામાં આવ્યા, | (૨) ૧૦. |
| (૩) હાઈકોર્ટ દ્વારા કેટલા ઈસમોને છોડવામાં આવ્યા, અને | (૩) ૩૯. |
| (૪) કેટલાને સજા થઈ છે ? | (૪) પી.બી.એમ. એકટ હેઠળ કરવામાં આવતી અટકાયત સજા તરીકે ગણવામાં આવતી નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક-અ**
**સન : ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં જિલ્લાવાર પી.બી.એમ. એકટ હેઠળ ૭૭ કેસ કરવામાં આવ્યા, તે દર્શાવતી વિગત.**

| ક્રમ | જિલ્લાનું નામ | પી.બી.એમ. કેસની સંખ્યા |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | ખેડા | ૬ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૨૫ |
| ૩ | અમદાવાદ શહેર | ૧૬ |
| ૪ | ભાવનગર | ૧ |
| ૫ | સુરત | ૧૩ |
| ૬ | સુરેન્દ્રનગર | ૨ |
| ૭ | વલસાડ | ૪ |
| ૮ | વડોદરા | ૪ |
| ૯ | મહેસાણા | ૨ |
| ૧૦ | નવસારી | ૪ |
|  | કુલ | ૭૭ |

----------

**રાજ્યમાં ગામ નમૂના નં. ૭/૧૨ અને ૮-અ નું કમ્પ્યુટરાઈઝેશન**

૧૧૦૮૨ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સમગ્ર રાજ્યમાં ગા. નં. નં. ૮ તથા ૭/૧૨નું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા જી, રાજ્યના ૩૩ ગામોને બાદ કરતાં. |
| (૨) જો ના, તો કયા જિલ્લાનું બાકી છે, અને | (૨) અમદાવાદ, કચ્છ, આણંદ, સુરત અને પોરબંદરના ૩૩ ગામો બાકી છે. |
| (૩) સરકાર આ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવા માંગે છે ? | (૩) રેકર્ડ તપાસના કામે નામદાર કોર્ટમાં હોવા તેમજ ભુકંપનાં કારણે નવેસરથી રેકર્ડ તૈયાર કરવા, પ્રમોલ્ગેશન બાકી હોવા વગેરે વહીવટી કારણોનો નિકાલ થયે પુરૂં થઈ શકે. |

----------

**વલસાડ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ**

૧૨૫૧૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં પાણી પુરવઠાની કેટલી જૂથ યોજનાઓ ચાલુ કરી, અને | (૧) એક જૂથ યોજના |
| (૨) એ દ્વારા હાલ તાલુકાવાર કેટલા ગામોને પાણી પીવા માટે મળે છે ? | (૨) વલસાડ તાલુકાના દશ ગામોને |

-------------

## પિયજથી ધરોઈ પાઈપ લાઈનનું કામ

૧૨૩૭૦ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પિયજથી ધરોઈ પાઈપ લાઈનનું કામ ટેન્ડરની શરતો મુજબ ક્યારે પુરું થવાનું હતું, | (૧) તા. ૨૫-૦૩-૨૦૦૪ સુધીમાં |
| (૨) કામની સમય-મર્યાદામાં વધારો અપાયો છે, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો શા માટે, અને | (૩) વર્ષ ૨૦૦૩-૦૪ તથા વર્ષ ૨૦૦૪-૦૫ ના ભારે ચોમાસાના કારણે, લંબાઈમાં વધારો થવાથી, ઓ.એન.જી.સી. અને ઓએફ.સી. ની પાઈપ લાઈન ક્રોસીંગના કારણે સમગ્ર દેશમાં પીગ આયર્નની અછત ઉભી થવાથી, વાલ્વ મેન્યુફેક્ચરર બાબતે થયેલ વિલંબ, હેવીડ્યુટી ઈલેક્ટ્રીક મોટર્સ બનાવતી કંપનીમાં હડતાલને કારણે થયેલ વિલંબ અંગેના કારણોને ધ્યાને લઈ સમયમર્યાદામાં વધારો આપેલ છે. |
| (૪) સમય વધારાના કારણે કામનાં નક્કી થયેલ પૈસામાં કેટલું વધારે ચુકવણું કરવામાં આવેલ છે ? | (૪) સમય વધારાના કારણે વધારાનું ચુકવણું કરવામાં આવેલ નથી. |

-----------

## ભાવનગર જિલ્લામાં ચેક ડેમો

૧૧૬૨૭ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત કુલ કેટલા ચેકડેમ થયા, અને | (૧) ૧૨૫ ચેકડેમો ખેડૂતો દ્વારા અને ૩૦ મોટા ચેકડેમો મળી કુલ ૧૫૫ ચેકડેમો થયા |
| (૨) કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂપિયા ૫૯૦.૪૩ લાખ |

------------

## ચોટીલા અને સાયલા તાલુકામાં નવા પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારો માટે અરજીઓ

૧૧૦૩૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકામાં વસ્તી અને કાર્ડના ધોરણે કેટલી નવી દિનદયાલ ગ્રાહક ભંડાર ખોલવા અરજીઓ મળી. | (૧) ચોટીલા-૩૬<br>સાયલા-૫૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર-નામંજુર કરવામાં આવી, | (૨) ચોટીલા તાલુકામાં ૨૬ અને સાયલા તાલુકામાં ૪૯ અરજીઓ |
| (૩) મંજુર કરવામાં આવેલી અરજીઓમાં ભ્રષ્ટ્રાચારની ફરિયાદ કે રજુઆત થઈ છે, અને | (૩) ના, જી |
| (૪) કલેકટર દ્વારા બોલાવેલ બેઠકમાં રજુઆત અને બેઠકનો બહિષ્કાર કર્યાની હકીકત ખરી છે ? | (૪) હા, જી. |

------------

## અમદાવાદ શહેરમાં નાગરિક પુરવઠા ખાતાના દરોડા

૧૨૦૦૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરમાં ઝોન પ્રમાણે નાગરિક પુરવઠા અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા.

**જવાબ**

(૧)

| અ.નં. | ઝોનનું નામ | પાડેલ દરોડા |
|---|---|---|
| ૧ | અસારવા | ૪૭૦ |
| ૨ | સાબરમતી | ૩૦૫ |
| ૩ | રખીયાલ | ૩૪૯ |
| ૪ | કાલુપુર | ૩૮૨ |
| ૫ | ખાડીયા | ૩૭૧ |
| ૬ | મણીનગર | ૭૭૬ |
| ૭ | શહેર કોટડા | ૬૩૧ |
| ૮ | એલીસબ્રીજ | ૩૬૧ |
| ૯ | દરિયાપુર-કાજીપુર | ૩૬૦ |
| ૧૦ | શાહપુર | ૪૬૯ |
| ૧૧ | જમાલપુર | ૪૪૬ |
| ૧૨ | નરોડા | ૪૯૫ |
| | **કુલ :** | **૫૪૧૫** |

(૨) ઝોન પ્રમાણે કેટલી રકમનો કેટલો જથ્થો સ્થગિત કરવામાં આવ્યો, અને

(૨) આ સાથેના પત્રક મુજબ

(૩) તે પૈકી કેટલો જથ્થો મુકત કરવામાં આવ્યો?

(૩) આ સાથેના પત્રક મુજબ

**પત્રક**

**ખંડ-૨ નો જવાબ** **ખંડ-૩ નો**

**જવાબ**

| **અ.નં.** | **ઝોનનું નામ** | **આ.ચી.વ. નું નામ** | **કબજે લીધેલ જથ્થો** | | **મુક્ત જથ્થો** | |
|---|---|---|---|---|---|---|
| | અસારવા | | જથ્થો | કિંમત (રૂા.) | જથ્થો | કિંમત (રૂા.) |
| ૧ | | રેશન જથ્થો | ૯૪૪ કીલો. | ૧૯૨૨૭ | ૨૦૨ કીલો | ૧૭૭૬ |
| ૨ | | કેરોસીન સોલવન્ટ | ૨૬૫૦ લી. | ૩૧૧૧૯ | ૧૨૧૯ લી. | ૧૧૧૩૫ |
| ૩ | | પેટ્રોલ-ડીઝલ | ૫૦૦ લી. | ૨૦૭૫૩ | ૪૦૫ લી. | ૧૦૬૦૦ |
| ૪ | | અનાજ-કઠોળ | ૮૫૭૫૦ કિલો. | ૩૮૯૭૦૫ | - | ૭૩ |
| ૫ | | ગેસ સીલીન્ડર | ૯ નંગ | ૮૪૨૩ | - | - |
| | | કુલ :- | | ૪૬૯૨૨૭ | | ૨૩૫૮૪ |
| | સાબરમતી | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | રેશન જથ્થો | ૧૭૮૨ કિલો. | ૧૭૬૫૯ | ૯૨૪ કિલો. | ૮૧૩૧ |
| ૧ | | કેરોસીન સોલવન્ટ | ૬૪૯ કિલો. | ૭૭૫૬ | - | - |
| ૨ | | પેટ્રોલ-ડીઝલ | ૨૪૦૦ લી. | ૮૩૮૪૦ | ૧૧૨૫ લી. | ૪૧૫૩૦ |
| ૩ | | અનાજ-કઠોળ | ૪૭૨ કિલો. | ૧૨૮૮૪ | ૨૦૭ કિલો. | ૧૧૦૭૦ |
| ૪ | | ગેસ સીલીન્ડર | ૧૦૧ નંગ | ૧૮૮૬૧૮ | ૪૭ નંગ | ૪૩૫૦૩ |
| | | કુલ :- | | ૩૧૦૭૫૭ | | ૧૦૪૨૩૪ |
| | રખિયાલ | | | | | |
| ૧ | | રેશન જથ્થો | ૧૯૯૪ કિલો. | ૧૦૨૦૬ | ૧૨૮૭ કિ. | ૬૬૨૬ |
| ૨ | | કેરોસીન સોલવન્ટ | ૪૨૯૭ લી. | ૭૦૦૬૯ | ૫૭૯ લી. | ૧૦૪૮૦ |
| ૩ | | ગેસ સીલીન્ડર | ૨૭ નંગ | ૨૬૬૪૯ | - | - |
| | | કુલ :- | | ૧૦૬૯૨૪ | | ૧૭૧૦૬ |
| | કાલુપુર | | | | | |
| ૧ | | કેરોસીન સોલવન્ટ | ૪૨૨ લી. | ૯૯૯૮ | - | - |
| ૨ | | ગેસ સીલીન્ડર | ૩૧ નંગ | ૪૭૪૫૦ | ૨૦ નંગ | ૩૬૦૦૦ |
| | | કુલ :- | | ૫૭૪૪૮ | ૨૦ નંગ | ૩૬૦૦૦ |
| | ખાડીયા | | | | | |
| ૧ | | રેશન જથ્થો | ૭૦૦ કિ. | ૬૧૦૦ | - | - |
| ૨ | | કેરોસીન સોલવન્ટ | ૨૫૦ લી. | ૩૨૯૦ | - | - |
| ૩ | | પેટ્રોલ-ડીઝલ | ૧૦૦૦ લી. | ૩૬૯૨૦ | - | - |
| ૪ | | ગેસ સીલીન્ડર | ૧૫ નંગ | ૧૫૦૧૪ | - | - |
| | | કુલ :- | | ૬૧૩૨૪ | - | - |
| | મણીનગર | | | | | |
| ૧ | | રેશન જથ્થો | ૪૪૦૦૦ કિ. | ૪૩૯૨૦ | ૧૭૦ કિ. | ૧૫૦૩૨ |
| ૨ | | કેરોસીન સોલવન્ટ | ૯૦૦૫ લી. | ૪૨૨૩૬૩ | ૪૧૮૩ લી. | ૩૯૮૮૦ |
| ૩ | | પેટ્રોલ-ડીઝલ | ૩૭૯૨ લી. | ૧૦૬૧૨૨ | ૧૬૩૦ લી. | ૪૫૬૦૮ |
| ૪ | | ગેસ સીલીન્ડર | ૧૪૭ નંગ | ૧૬૦૪૭૩ | ૭૧ નંગ | ૬૫૩૯૧ |
| | | કુલ :- | | ૭૭૨૮૭૮ | | ૧૬૫૯૧૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | શહેર કોટડા | | | | | |
| ૧ | | રેશન જથ્થો | ૧૬૯ કિ. | ૧૬૮૭ | - | - |
| ૨ | | કેરોસીન સોલવન્ટ | ૬૮૨૨ લી. | ૧૨૭૯૦૯ | - | - |
| ૩ | | ગેસ સીલીન્ડર | ૨૩ નંગ | ૧૯૭૬૫ | - | - |
| | | કુલ :- | | ૧૪૯૩૬૧ | - | - |
| | એલીસબ્રીજ | | | | | |
| ૧ | | રેશન જથ્થો | ૨૧૦ કિ. | ૨૦૪૮ | - | - |
| ૨ | | કેરોસીન સોલવન્ટ | ૧૩૮૭ લી. | ૨૧૦૭૭ | ૩૯૫ લી. | ૮૯૮૦ |
| ૩ | | પેટ્રોલ-ડીઝલ | ૪૩૩૩ લી. | ૧૨૬૨૮૪ | ૨૭૮૧ લી. | ૬૯૭૦૫ |
| ૪ | | ગેસ સીલીન્ડર | ૧૯૧ નંગ | ૧૮૩૭૪૪ | ૫૪ નંગ | ૪૦૬૩૫ |
| | | કુલ :- | | ૩૩૩૧૫૩ | | ૧૧૯૩૨૪ |
| | દરિયાપુર-કાજીપુર | | | | | |
| ૧ | | રેશન જથ્થો | ૭૧૫ કિ. | ૭૦૯૨ | ૩૧૮ કિ. | ૨૮૦૦ |
| ૨ | | કેરોસીન સોલવન્ટ | ૧૦૮૮ લી. | ૧૪૬૯૭ | - | - |
| ૩ | | પેટ્રોલ-ડીઝલ | ૨૨૦૦ લી. | ૮૭૯૦૫ | - | - |
| ૪ | | ગેસ સીલીન્ડર | ૧૬ નંગ | ૧૪૬૧૦ | - | - |
| | | કુલ :- | | ૧૨૪૩૦૪ | | ૨૮૦૦ |
| | શાહપુર | | | | | |
| ૧ | | કેરોસીન સોલવન્ટ | ૩૯૧ લી. | ૪૫૬૫ | - | - |
| ૨ | | પેટ્રોલ-ડીઝલ | ૧૨૦૦ લી. | ૪૫૭૫૦ | - | - |
| ૩ | | ગેસ સીલીન્ડર | ૩૦ નંગ | ૨૯૨૦૭ | - | - |
| | | કુલ :- | | ૭૯૫૨૨ | - | - |
| | જમાલપુર | | | | | |
| ૧ | | રેશન જથ્થો | ૨૫૯૫ કિ. | ૨૬૦૩૬ | ૭૩ કિ. | ૬૫૬૦ |
| ૨ | | કેરોસીન સોલવન્ટ | ૭૪૦૦ લી. | ૨૮૫૩૪૮ | ૧૯૫૫ લી. | ૭૨૧૬૬ |
| ૩ | | પેટ્રોલ-ડીઝલ | ૭૨૯૧ લી. | ૧૧૧૧૬૪ | ૧૫૦ લી. | ૧૪૦૦ |
| ૪ | | ગેસ સીલીન્ડર | ૧૪૪ નંગ | ૧૪૪૬૬૧ | ૫૩ નંગ | ૫૮૧૯૩ |
| | | કુલ :- | | ૫૬૭૨૦૯ | | ૧૩૮૩૧૯ |
| | નરોડા | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | | રેશન જથ્થો | ૧૮૨૦ કિ. | ૧૮૦૧૬ | ૧૧૨૫ કિ. | ૯૯૦૦ |
| ૨ | | કેરોસીન સોલવન્ટ | ૩૩૩૬ લી. | ૧૨૧૯૨૦ | - | - |
| ૩ | | પેટ્રોલ-ડીઝલ | ૧૯૯૧ લી. | ૩૪૫૪૬ | - | - |
| ૪ | | અનાજ-કઠોળ | ૧૦૦૯૪ કિ. | ૪૭૩૨૦૫ | ૮૯૯૪ કિ. | ૪૬૪૨૧૧ |
| ૫ | | ગેસ સીલીન્ડર | ૧૪૪ નંગ | ૧૩૬૨૬૯ | ૧૨ નંગ | ૧૧૩૮૫ |
| | | કુલ :- | | ૭૮૩૯૫૬ | | ૪૮૫૪૯૬` |

## બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ આપવા અંગે

૧૦૬૨૭ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં ગરીબી રેખા ગેઠળ બી.પી.એલ. અને ગરીબી રેખા ઉપરનાં એ.પી.એલ.ના નવા રેશનકાર્ડ સરકાર ક્યારે આપવા માંગે છે, અને | (૧) GOI તરફથી RDD/UDD મારફતે નવેસરથી બી.પી.એલ. યાદી આખરી થાય તે પછી નવા બી.પી.એલ. કાર્ડ આપવામાં આવશે જ્યારે ગરીબી રેખા ઉપરના એ.પી.એલ.ના નવા કાર્ડ સરકારે નિયત કરાલ પુરાવા રજુ કર્યેથી આપવામાં આવે છે. |
| (૨) ગરીબી રેખા હેઠળ અને ગરીબી રેખા ઉપરના સંયુક્ત કુટુંબો અલગ રહેતા હોય તેમના રેશન કાર્ડ છુટા પાડવા સરકારની મંજૂરી નથી તો ક્યારે આપવા માંગે છે ? | (૨) ગરીબી રેકા હેઠળ અને ગરીબી રેખા ઉપરના સંયુક્ત કુટુંબો અલગ થાય તો તેમના રેશનકાર્ડ છૂટા પાડી આપવામાં આવે છે. |

## રાજ્યમાં રેવન્યુ રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન

૧૨૩૭૩ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા,૩૧-૧-૦૫ની સ્થિતિએ રેવન્યુ રેકર્ડનું મામલતગાર કચેરીએ કોમ્પ્યુટરાઈઝ કરાવીને રાજ્યનાં કેટલા તાલુકામાં રાખવામાં આવેલ છે, | (૧) તમામ ૨૨૫ તલુકામાં |
| (૨) સંબંધીત ખેડૂત ને ૭/૧૨, ૮-અની નકલો આપવાની સરકારની હાલ શું પ્રથા છે, | (૨) ઈ-ધરા કેન્દ્ર પરથી ખાતેદાર પોતે પોતાના પ્રતિનિધિ મારફતે તલાટી મારફત નિયત ફી ભરીને નકલો મળી શકે છે. તેમજ સરકારનાં ૨૦-૧૨-૦૨૦૦૪નાં પરિપત્ર અનુસાર ગામે તલાટીને એક વેચાણ સેટ આપવા વ્યવસ્થા ગોઠવેલ છે તેથી ખાતેદાર ગામેથી પણ નિયત ફી ભરીને નકલ મેળવી શકે છે. |
| (૩) ૭/૧૨ અને ૮-અમાં પાણી પત્રકની વિગતો તલાટીએ અદ્યતન સમય સુધી રાખેલ છે કે કેમ, અને | (૩) હા, જી. મોટા ભાગે બધા જિલ્લાઓમાં |
| (૪) કઈ સાલ સુધી પાણી પત્રક થયેલ છે ? | (૪) લગભગ બધા જિલ્લાઓમાં ૨૦૦૩-૦૪ સુધીનું પાણીપત્રક થઈ ગયેલ છે. |

## જામનગર જિલ્લામાં સિંચાઈ યોજના માટે જમીન સંપાદન કેસો

૧૧૨૦૯ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં સિંચાઈ યોજના બનાવવા તથા કેનાલ બાબતના જમીન સંપાદનના કુલ કેટલા કેસો પડતર છે, અને | (૧) ૨૪૦ (બસો ચાવીસ) |
| (૨) આ અસરગ્રસ્તોને કેટલા સમયમાં વળતર ચુકવવાનું આયોજન થયેલ છે ? | (૨) ખંડ-૧માં ઉલ્લેખ કરવામાં આવેલ ૨૪૦(બસોચાલીસ) કેસો પૈકી ૬૦ (સાઈઠ) કેસોમાં એવોર્ડ થયા છે તેવા કેસોમાં શક્ય તેટલી વહેલી ત્વરાએ અને અન્ય ક્સોમાં કાયદાકીય પ્રક્રિયા પુરી થયેથી. |

----------

## લાઈનના કામમાં ગેરરીતિઓ

૧૦૭૮૪ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં મહી આધારિત પાઈપ લાઈન નંખાવેલ છે તે અંગે દેર-રીતિઓની કેટલી ફરીયાદો સન ૨૦૦૪માં મળેલ છે, | (૧) ૧૯ (ઓગણીસ) |
| (૨) આ અંગે કઈ કઈ એજન્સી દ્વારા તપાસ થયેલ છે, | (૨) (૧) ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર<br>(૨) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.<br>(૩) પોલીસ વિભાગ, અમરેલી. |
| (૩) આ તપાસમાં જે એજન્સી દ્વારા ગેર-રીતિ થયેલ છે તેમની સામે શા પગલાં લીધા, અને | (૩) એક એજન્સીનું કરારખત રદ કરેલ છે. એક એજન્સી સામે પોલીસ ફરીયાદ કરેલ છે. |
| (૪) અધિકારી ઉપર શા પગલાં લીધા ? | (૪) છ અધિકારીઓને ફરજ મોકુફી હેઠળ મૂકેલ છે. બે કર્મચારીઓની બદલી કરેલ છે. |

## લાઠી અને લીલીયા તાલુકામાં હલકી ગુણવત્તાની પીવાની પાણીની પાઈપો

૧૧૪૦૧ **શ્રી બેચરભાઈ વિ. ભાદાણી** (લાઠી) **: માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લાઠી અને લીલીયા તાલુકાના ગામોમાં હલકી જાતની ઓછી ઉંડાઈએ પીવાના પાણીની પાઈપ નાખેલ છે, તેવા પ્રકારની કોઈ ફરીયાદ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ સરકારે આ બાબતે શી કાર્યવાહી કરેલ છે ? | (૨) થયેલ ફરીયાદ અન્વયે જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં કલેકટરશ્રીને ખુલાસો રજૂ કરવામાં આવેલ હતો પરમતુ ફરિયાદમાં ચોક્કસ વિગતો ન હોવાથી વધુ તપાસ થઈ શકી નથી. |

----------

**સાબરકાંઠા જિલ્લામાં દબાણ દુર કરવા અંગે**

૧૦૬૮૭ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર દબાણો દુર કરવામાં આવ્યા, | (૧) તાલુકો - સંખ્યા<br>ભિલોડા - ૭૨<br>પ્રાંતિજ - ૪<br>તલોદ - ૨૩૭<br>હિંમતનગર - ૧૯૪<br>ઈડર - ૮<br>ધનસુરા - ૩૫<br>------<br>૫૫૦ |
| (૨) તે પૈકી રહેઠાણના કેટલા અને વાણિજ્યના હેતુના કેટલા, અને | (૨) રહેઠાણના-૧૦૨<br>વાણિજ્ય-૪૪૮ |
| (૩) આવા કેસોમાં રહેઠાણની તથા ધંધાકીય વેકલ્પિક વ્યવસ્થા માટે કોઈ યોજના રાખવામાં આવેલ છે કે કેમ ? | (૩) ના, જી. |

----------

**બનાસકાંઠા જીલ્લામાં હક્કપત્રકો તથા વારસાઈ નોંધો**

૧૦૬૬૫ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ)** : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્રક વારસાઈ નોંધો પાડવાની બાકી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) તમામ નોંધો પાડવામાં આવેલ છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**કચ્છ અને પાટણ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓની જમીનની માંગણીઓ**

૧૨૨૮૪ **શ્રી જોધાજી ગ. ઠાકોર** (વાગડોદ) **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ તથા પાટણ જિલ્લાની કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થાઓની જમીન માંગણીની દરખાસ્તો પેન્ડીગ છે, | (૧) પત્રક-'અ' મુજબ |
| (૨) તે પૈકી ૧૦ વર્ષ જુની હોય તેવી કઈ કઈ દરખાસ્તો પેન્ડીંગ છે. | (૨) **૧. કચ્છ જીલ્લો**<br>૧. ઈન્દીરા કલબ, ભુજ<br>૨. માતુશ્રી પ્રાણકુંવરબેન ચુનીલાલા મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ, ભુજ<br>૩. અંધ અપંગ માનવ કલ્યાણ સોસા. માડવી<br>૪. શ્રી યશોધર વર્ધમાન ૭૨ જીનાલય ટ્રસ્ટ, કોડાય, નલીયા<br>૫. સ્વ. ગોવિંદજી જીવણભાઈ મોરી સાર્વજનીક ટ્રસ્ટ નલીયા |

(૩) તેના કારણો શાં છે,

(૪) કઈ સંસ્થાની અસલ દરખાસ્તો ગુમ થઈ છે, અને

(૫) તે દરખાસ્તો શોધવામાં શાં શાં પ્રયત્નો કરવામાં આવ્યા છે ?

૨ : **પાટણ** : એક પણ નહિ.

(૩) ૧. કચ્છ - વહીવટી
૨. પાટણ - પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ૧ : કચ્છ - એક પણ નહી
૨ : પાટણ - એખ પણ નહી

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

**કચ્છ જિલ્લો.**

| **ક્રમ** | **માંગણીદાર સંસ્થાનુ નામ** | **માંગણીનો હેતુ** |
|---|---|---|
| ૧ | અંજાર અજ્યુકેશન સોસાયટી, અંજાર | શૈક્ષણિક |
| ૨ | રાષ્ટ્રીય સ્વાભિમાન સંસ્થા, દુબઈ | ગામના પુનઃ વસત માટે |
| ૩ | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અંજાર | માર્કેટયાર્ડ બનાવવા માટે |
| ૪ | મીશનરી ઓફ ચેરીટી, ભચાઉ | અનાથ આશ્રમ તથા શૈક્ષણિક હેતુ માટે |
| ૫ | ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ, ભચાઉ | કન્યા છાત્રાલય તથા આઈટીઆઈ તાલીમ કેન્દ્ર માટે |
| ૬ | નવચેતન અંધજન મંડળ, ભચાઉ | લાગુ તરીકે જમીન મળવા |
| ૭ | કચ્છ વિકાસ ભારતી, પલાસવા | શૈક્ષણિક હેતુ માટે |
| ૮ | સ્વામીનારાયણ ગુરુકુળ, રાપર | ગુરુકુળ માટે |
| ૯ | કચ્છ કલ્યાણ સંઘ, રાપર | શૈક્ષણિક હેતુ માટે |
| ૧૦ | સમસ્ત કચ્છી સથવારા સમાજ, ગાંધીધામ | સ્મશાન બનાવવા માટે |
| ૧૧ | કચ્છ જિલ્લા કોલી ઠાકોર યુવા વિકાસ મંડળ, ગાંધીધામ | અનુસુચિત જનજાતિના બાળકોના છાત્રાલય માટે |
| ૧૨ | ઈન્દીરા ક્લબ ભુજ | ક્લબની પ્રવૃતિ માટે |
| ૧૩ | માતુશ્રી પ્રાણકુંવરબા ચુનીલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ, ભુજ | કેન્સર નિદાન કેન્દ્ર, સાર્વજનિક ઓપીડી વિગેરે |
| ૧૪ | અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી, માંડવી | તાલીમ શાળા તથા રહેઠાણ |
| ૧૫ | શ્રી યશોધર વર્ધમાન ૭૨ જીનાલય ટ્રસ્ટ, કોડાય, માંડવી | દબાણ નિયમિત થવા |
| ૧૬ | શ્રી જીવાબેન મોરારજી ફાઉન્ડેશન, પ્રાગપર | વિવિધલક્ષી હેતુ માટે મળવા |
| ૧૭ | શ્રીમતી ઝવેરીબેન ડુંગરશી વોરા ચેરીયેબલ ટ્રસ્ટ, મુબઈ | ગૌશાળાના હેતુ માટે |
| ૧૮ | શ્રી પશ્ચિમ કચ્છ આહિર એજ્યુકેશન ટ્રસ્ટ, નખત્રાણા | છાત્રાલય બનાવવા માટે |
| ૧૯ | શ્રી કચ્છી ભાનુશાળી પંડિત શ્યામજી કૃષ્ણવર્મા સ્વ. ગોવિંદજી જીવણજીભાઈ ગૌરી સાર્વજનિક ટ્રસ્ટ નલીયા | મેડીકલ સેવા, અતિથિગૃહ, વૃધ્ધાશ્રમ,સ્ટાફ ક્વાર્ટર માટે |
| ૨૦ | શ્રી કચ્છી ભાનુશાળી સંતશ્રી ઓભવજી મહારાજ સાર્વજનિક ટ્રસ્ટ, રાતા તળાવ | ગૌશાળા તથા સાર્વજનિક હેતુ માટે જમીન મળવા |
| ૨૧ | શ્રી આશાપુરા એજ્યુકેશન ટ્રસ્ટ, ભાડરા | છાત્રાલય તથા રમતગમતના મેદાન માટે |

**પાટણ જિલ્લો**

| | | |
|---|---|---|
| ૧ | **સરીયદ મહાજન પાંજરાપોળ મું. સરાયાદ, તા. પાટણ** | ઢોરવાડો બનાવવા માટે |
| ૨ | **રંગ અવધુત ચેરીટેબલ ટ્રસ્ટ, પાટણ** | હોસ્ટેલ બનાવવા |

| | | |
|---|---|---|
| ૩ | **શ્રી લાલન સરસ્વતી ધામ, સિધ્ધપુર, તા. સિધ્ધપુર** | શૈક્ષણિક |

-----------------

**સરકારી જમીનોને બીનખેતીના હેતુ માટે મંજૂરી આપવામાં વિલંબ**

૧૧૦૯૪ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારી તથા સરકારના હિત સાથે જોડાયેલ જમીનોને બિનખેતીના હેતુ માટે મંજૂરી આપતી વખતે મુલ્યાકંનની પ્રક્રિયાના લીધે વિલંબ થાય તે હકિકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો તે વિલંબ નિવારવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) (અ) મહેસુલ વિભાગના તા.૬/૬/૨૦૦૩ના ઠરાવ અંતર્ગત જિલ્લા મુલ્યાંકન સમિતિની બેઠક દર મહિને ઓછામાં ઓછી એકવાર મળે તેવી સુચનાઓ પ્રસિધ્ધ કરી.<br>(બ) મહેસુલ વિભાગના તા ૨૨/૧૧/૨૦૪ના ઠરાવથી મુલ્યાકંનની પ્રક્રિયા સરળ બનાવેલ છે. |

----------

**કલોલ તાલુકામાં કાંસનું ખોદકામ**

૯૯૧૫ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કલોલ શહેરનું વરસાદનું પાણી બોરીસણા ગામ તળાવમાં જાય છે તે કાંસનું ખોદકામ થશે કે કેમ, | (૧) નવીન કાંસ કરવાનો થાય છે, જેથી તાંત્રિક પાસાઓની ચકાસણી તથા અંદાજપત્રો બનાવવાની કામગીરી હાથ પર છે. |
| (૨) જો હા, તો આવતા ચોમાસા પહેલાં થશે કે કેમ, અને | (૨) તાંત્રિક ચકાસણી પૂર્ણ થયેથી વિચારણા થશે. |
| (૩) આ પાણી કાંસ ઉંડા કરી થોળ તળાવ સુધી લઈ જવા સરકાર શું વ્યવસ્થા કરવા વિચારે છે? | (૩) નહેરનું પાણી વહેણ મારફત સહીજ-હાજીપુર કાંસમાં જાય છે જે ઈસ્ટ્રન ડ્રેઈનમાં પાણી ઠાલવે છે તેનું પાણી થોળ તળાવમાં જાય છે. ઈસ્ટ્રન ડ્રેઈનને ઉંડી કરવાની કામગીરીનો સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ સમાવેશ થાય છે . |

---------

**અમદાવાદ શહેરમાં કેરોસીનના કાળા બજાર**

૧૨૨૬૧ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં ગરીબ પ્રજાજનોને કેરોસીન પૂરતા પ્રમાણમાં મળતું નથી અને વધુ પૈસા આપી કાળા બજારમાં ખરીદવું પડે છે તે હકિકત સાચી છે, અને | (૧) અમદાવાદ શહેરમાં રાજ્યના અન્ય વિસ્તારની સરખામણીએ કાર્ડદીઠ કેરોસીનની વધુ ફાળવણી થતી હોઈ કાળા બજારમાંથી ખરીદવાની હકીકત સાચી નથી. |
| (૨) જો હા, તો આ ફરિયાદ નિવારવા રાજ્ય સરકારે શાં પગલાં લીધાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**નવા પંડિત દીનદયાલ ઉપાધ્યાય ગ્રાહક ભંડારોને મંજૂરી**

૧૨૫૦૪ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરકાર દ્વારા રાજ્યમાં નવા દિનદયાલ ગ્રાહક ભંડારોને ક્યારે મંજૂરી આપવામાં આવશે ? | જિલ્લા કક્ષાએ ફાળવણી ગતિમાં છે. |

----------

**રાંદેર તાલુકાની સર્વે નં. ૩૪૦ની જમીનની ખોટી વારસાઈ કરવા અંગે**

૧૦૬૯૪ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર(પૂર્વ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાની મોજે રાંદેર, તા. સીટીની બીન તબદીલ અવિભાજ્ય સત્તાનો પ્રકાર ગ.ધા.ક.૪૩ ને આધીન ૭૩-એએ નવી શરતની રે.સ.નં. ૩૪૦ વાળી જમીન ઉપર મનાઈ હુકમ હોવા છતાં મામલતદાર અને બીજા અન્ય કર્મચારીઓએ ખોટી રીતે વારસાઈ કરી આપેલ છે તેવી ફરિયાદો તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને કેટલી મળી, અને | (૧) ૪(ચાર). |
| (૨) મળેલ ફરિયાદો અન્વયે સરકાર દ્વારા ખોટુ કૃત્ય કરનાર અધિકારીઓ સામે ક્યા પ્રકારના શિક્ષાત્મક પગલાં લેવાયા ? | (૨) બાબત તપાસ હેઠળ છે. |

----------

**પાટણ જિલ્લામાં સરકારી તથા ગૌચર જમીનમાં દબાણ**

૧૦૬૩૬ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સરકારી પડતર તથા ગૌચર જમીન ઉપર ક્યાં ક્યાં દબાણ કરવામાં આવેલા છે, અને | (૧) પાટણ, સમી, ચાણસ્મા, સાંતલપુર, રાધનપુર, હારીજ તથા સિધ્ધપુર તાલુકામાં દબાણો કરવામાં આવેલ છે. |
| (૨) આ દબાણો દૂર કરવા માટે સરકારે ક્યા પગલાં લીધા છે ? | (૨) સરકારી પડતર જમીન ઉપરના દબાણો દૂર કરવા જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ હેઠળ તથા ગૌચર જમીન ઉપરના દબાણો દૂર કરવા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ ૧૦૫ હેઠળની કાયદાકીય કાર્યવાહી ચાલુમાં છે. |

-------

**વડગામ અને પાલનપુર તાલુકાને કેરોસીનની ફાળવણી**

૧૧૭૧૦ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વડગામ અને પાલનપુર તાલુકાને માસિક કેરોસીનના કેટલા જથ્થાની જરૂરીયાત છે. | (૧) વડગામ તાલુકાને ૪૧૨ કીલોલીટર અને પાલનપુર તાલુકાને ૬૦૬ કીલોલીટર. |

(૨) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડગામ અને પાલનપુર તાલુકાને માસિક કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો છે, અને

(૨) પત્રક-૧ મુજબ

(૩) આ બંને તાલુકાઓને કેરોસીનનો પૂરતો જથ્થો પૂરો નહીં પાડવાના શા કારણો છે ?

(૩) કેન્દ્ર સરકારશ્રી તરફથી રાજ્યને મળતી કેરોસીનની ફાળવણી જરૂરીયાત સામે અપૂરતી છે.

**પત્રક-૧**

**તારીખ ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડગામ અને પાલનપુર તાલુકાને માસવાર ફાળવેલ કેરોસીનના જથ્થાની વિગતોનું પત્રક**

| અ.નં. | માસનું નામ | વડગામ તાલુકાને ફાળવેલ કેરોસીનનો જથ્થો (કીલોલીટરમાં) | પાલનપુર તાલુકાને ફાળવેલ કેરોસીનનો જથ્થો (કીલોલીટરમાં) |
|---|---|---|---|
| ૧ | ફેબ્રુઆરી-૨૦૦૩ | ૩૮૪ | ૪૯૫ |
| ૨ | માર્ચ-૨૦૦૩ | ૩૭૭ | ૪૮૭ |
| ૩ | એપ્રિલ-૨૦૦૩ | ૩૬૭ | ૪૬૯ |
| ૪ | મે-૨૦૦૩ | ૩૬૮ | ૪૬૮ |
| ૫ | જુન-૨૦૦૩ | ૩૭૬ | ૪૫૮ |
| ૬ | જુલાઈ-૨૦૦૩ | ૩૭૨ | ૪૪૭ |
| ૭ | ઓગષ્ટ-૨૦૦૩ | ૩૭૨ | ૪૪૭ |
| ૮ | સપ્ટેમ્બર-૨૦૦૩ | ૩૫૯ | ૪૭૧ |
| ૯ | ઓક્ટોબર-૨૦૦૩ | ૩૫૬ | ૪૭૪ |
| ૧૦ | નવેમ્બર-૨૦૦૩ | ૩૪૭ | ૪૬૫ |
| ૧૧ | ડિસેમ્બર-૨૦૦૩ | ૩૫૭ | ૪૬૭ |
| ૧૨ | જાન્યુઆરી-૨૦૦૪ | ૩૫૮ | ૪૭૪ |
| ૧૩ | ફેબ્રુઆરી-૨૦૦૪ | ૩૫૮ | ૪૭૩ |
| ૧૪ | માર્ચ-૨૦૦૪ | ૩૬૪ | ૪૭૯ |
| ૧૫ | એપ્રિલ-૨૦૦૪ | ૩૫૧ | ૪૬૩ |
| ૧૬ | મે-૨૦૦૪ | ૩૫૧ | ૪૬૩ |
| ૧૭ | જુન-૨૦૦૪ | ૩૫૬ | ૪૬૮ |
| ૧૮ | જુલાઈ-૨૦૦૪ | ૩૫૬ | ૪૯૮ |
| ૧૯ | ઓગષ્ટ-૨૦૦૪ | ૩૫૪ | ૪૮૮ |
| ૨૦ | સપ્ટેમ્બર-૨૦૦૪ | ૩૫૭ | ૪૯૨ |
| ૨૧ | ઓક્ટોબર-૨૦૦૪ | ૩૫૫ | ૪૮૯ |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | નવેમ્બર-૨૦૦૪ | ૩૬૪ | ૪૮૬ |
| ૨૩ | ડિસેમ્બર-૨૦૦૪ | ૩૬૩ | ૪૮૪ |
| ૨૪ | જાન્યુઆરી-૨૦૦૫ | ૩૬૪ | ૪૮૬ |

----------

## બનાસકાંઠા જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીનની માંગણી

૧૧૪૦૩ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શૈક્ષણિક હેતુ માટે જમીન ફાળવવા તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ તાલુકા વાઈઝ કેટલી દરખાસ્તો પેન્ડિંગ છે, અને | (૧) ૬૧ દરખાસ્તો, તાલુકાવાર પત્રક સામેલ છે. |
| (૨) પેન્ડિંગ દરખાસ્તોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવનાર છે ? | (૨) બનતી ત્વરાએ. |

**પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પેન્ડિંગ અરજીઓ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૭ |
| ૨ | વડગામ | ૧૦ |
| ૩ | દાંતા | ૨ |
| ૪ | અમીરગઢ | ૧ |
| ૫ | દાંતીવાડા | ૩ |
| ૬ | ડીસા | ૬ |
| ૭ | કાંકરેજ | ૪ |
| ૮ | ધાનેરા | ૮ |
| ૯ | થરાદ | ૧૩ |
| ૧૦ | વાવ | ૫ |
| ૧૧ | દિયોદર | ૧ |
| ૧૨ | ભાભર | ૧ |
| | કુલ : | ૬૧ |

----------

## સાવરકુંડલામાં ગટર લાઈન રીપેર કરવા અંગે

૧૧૬૩૨ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા શહેરમાં ગટર લાઈન ડેમેજ થતા સમગ્ર શહેરમાં ગટરનું પાણી ભરાય છે તે વાત સાચી છે, અને | (૧) અંશતઃ શહેરમાં ગટરનું પાણી ભરાય છે. |
| (૨) જો હા, તો ડેમેજ થયેલી ગટર લાઈન સરકાર રીપેર કરવા માંગે છે કે કેમ ? | (૨) હા, જી. |

-------------

**નર્મદા માસ્ટર પ્લાન હેઠળ અમરેલી, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ જિલ્લાને પીવાનું પાણી**

૧૨૩૮૦ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર(ઉત્તર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નર્મદાના પાણી અંગેની પાણી પુરવઠાની યોજના હેઠળ અમરેલી, રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર જિલ્લાના કેટલા કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) આ પૈકી કેટલા ગામોને પાણી પુરવઠો પુરો પાડવામાં આવી રહ્યો છે, અને

(૩) બાકી રહેતાં ગામોને ક્યારથી પાણી મળતું થશે ?

**જવાબ**

૧) નર્મદાના પાણી અંગેની પાણી પુરવઠા યોજના હેઠળ અમરેલી, રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર જિલ્લાના ગામોને નીચે પ્રમાણે માસ્ટર પ્લાનમાં સમાવેશ કરવામાં આવેલ છે :

| ક્રમ. નં. | જિલ્લો | નર્મદા માસ્ટર પ્લાનમાં આવરી લેવાયેલ ગામો |
|---|---|---|
| ૧ | અમરેલી | ૬૧૨ |
| ૨. | રાજકોટ | ૮૫૧ |
| ૩. | ભાવનગર | ૭૯૪ |
| ૪. | જૂનાગઢ | ૮૫૯ |
| | કુલ | ૩૧૧૬ |

(૨) આ પૈકી ૩૧-૧-૦૫ ની સ્થિતિએ નીચે મુજબ પાણી પુરવઠો પહોંચાડવામાં આવે છે :

| ક્રમ. નં. | જિલ્લો | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૩૧૦ |
| ૨. | રાજકોટ | ૨૬૫ |
| ૩. | ભાવનગર | ૪૩૩ |
| ૪. | જૂનાગઢ | ૧૨૬ |
| | કુલ | ૧૧૩૪ |

(૩) વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન ૭૮૩ ગામોને ક્રમશઃ પાણી મળતું થશે. બાકી રહેતા ૧૧૯૯ ગામોને નાણાંકીય જોગવાઈને આધિન યોજનાકીય કામગીરીઓ હાથ ધર્યેથી પાણી આપવાનું આયોજન છે.

------------

**અમદાવાદ જિલ્લામાં ચેકડેમો અને કોમ્યુનીટી વેલ**

૧૦૬૮૧ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ અને કોમ્યુનીટી વેલ બનાવવામાં આવ્યા છે, અને

(૨) બાકી રહેતા ચેકડેમ/કોમ્યુનીટી વેલના કામો સરકાર કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫ ચેકડેમ બનાવવામાં આવેલ છે. અને સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ વધુ ૮ ચેકડેમ બનાવવા આયોજન છે, કોમ્યુનીટી વેલની કામગીરી હાથ ધરાયેલ નથી.

(૨) બાકી રહેતા ચેકડેમ ૨૦૦૫-૦૬ સુધીમાં પૂર્ણ કરવા આયોજન છે.

-------------

## ભૂજ અને નખત્રાણા તાલુકામાં પાણી પુરવઠા યોજનાઓ

૧૨૩૮૨ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ ભૂજ તથા નખત્રાણા તાલુકામાં કેટલા ગામોમાં જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે, | (૧) (અ) ભૂજ તાલુકામાં ૧૦૭<br>(બ) નખત્રાણા તાલુકામાં ૬૬ |
| (૨) તે પૈકી કયા કયા ગામોમાં જૂથ પાણી પુરવઠા યોજના બંધ હાલતમાં છે, | (૨) તાલુકા / ગામ<br>(અ) ભૂજ (૧) ઘોરાવર<br>(બ) નખત્રાણા (૧) ઝાલુ (૨) થાન |
| (૩) બંધ હોવાના શાં કારણો છે, અને | (૩) (અ) લાઈન રીપેરીંગ/બદલવાની જરૂર હોવાથી.<br>(બ) છેવાડાના ગામો અને ઉંચાઇવાળા ગામો હોવાથી. |
| (૪) તે ક્યાં સુધીમાં ચાલુ કરવામાં આવશે ? | (૪) માહે જુન-૨૦૦૫ સુધીમાં. |

-------------

## રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશ

૧૧૦૮૦ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૦૪ ની સાલમાં સમગ્ર રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ તે વાત સાચી છે ? | હા, જી.<br>સન ૨૦૦૪માં થયેલ હક્કપત્રક નોંધ નિકાલ ઝુંબેશમાં કુલ ૧,૦૨,૨૫૨ નોંધો પૈકી ૯૮,૪૧૮ નોંધોનો નિકાલ કરી ૯૬.૨૫ ટકા સિધ્ધિ હાંસલ કરી છે. |

------------

## વ્યારા, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં પેટ્રોલ પંપો સામે ઓછું પેટ્રોલ આપવાની ફરિયાદ

૧૨૦૦૮ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ સુરત જિલ્લાના વ્યારા, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં કેટલા પેટ્રોલપંપ અને ડીઝલપંપ આવેલા છે, | (૧) તાલુકાનું નામ — તાલુકામાં આવેલ પેટ્રોલ-ડીઝલ પંપોની સંખ્યા<br>(અ) વ્યારા ૭<br>(બ) સોનગઢ ૩<br>(ક) ઉચ્છલ ૨<br>(ડ) નિઝર ૧ |
| (૨) આ વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં પેટ્રોલ/ડીઝલ/ગ્રાહકોને ઓછું આપવામાં આવે છે તેમજ પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ કરવામાં આવે છે એવી કેટલી ફરિયાદો સરકારને મળેલ છે, અને | (૨) આ વિસ્તારની પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ અંગેની કુલ પાંચ ફરિયાદો મળેલ છે. |

(૩) આ ફરિયાદો અંગે જવાબદારો સામે સરકારે અત્યાર સુધી શાં પગલાં લીધાં છે ?

(૩) લીધેલ પગલાંની વિગત :-
(અ) રૂા.૧,૯૧,૧૮૧/-ની કિંમતનો પેટ્રોલ/ડીઝલનો જથ્થો કબજે લીધો તે પૈકી.
(બ) રૂા.૬૨,૧૯૪/-ની કિંમતનો પેટ્રોલ/ડીઝલનો જથ્થો રાજ્યસાત.
(ક) રૂા. ૫,૫૦૦/- પરવાનો અનામત રાજ્યસાત.
(ડ) ૧ પરવાનો રદ.

-----------

**વઢવાણ તાલુકામાં ચેકડેમો**

૧૦૭૮૮ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વઢવાણ તાલુકામાં ચેકડેમ બનાવવાની રજુઆત સરકારને મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો સરકારે આ બાબતે શું પગલાં લીધાં ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩૧ અરજીઓ/રજુઆતો પૈકી ૧૬ સ્થળો તાંત્રિક રીતે સક્ષમ જણાતાં ૧૧ના વર્કઓર્ડર આપવામાં આવ્યા. તેમાંથી ૫ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

------------

**દક્ષિણ ભારતના સુનામીગ્રસ્ત રાજ્યોને રાજ્ય સરકાર તરફથી સહાય**

૧૧૩૯૧ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) દક્ષિણ ભારતના રાજ્યોમાં હાલમાં સુનામી મોજાના કારણે થયેલ તબાહી અને જાન-માલના નુકશાનમાં રાજ્ય સરકાર દ્વારા કોઈ મદદ પૂરી પાડવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ મદદમાં આર્થિક મદદ કેટલી અને અન્ય આનુષાંગિક મદદ કેટલી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સુનામી અસરગ્રસ્ત દક્ષિણ ભારતના રાજ્યોને નીચે પ્રમાણેની આર્થિક/આનુષાંગિક મદદ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | તામિલનાડુ | રૂા. ૫ કરોડ |
| | અંદામાન-નિકોબાર | રૂા. ૨ કરોડ |
| | પાંડીચેરી | રૂા. ૧ કરોડ |
| | આંધ્રપ્રદેશ | રૂા. ૧ કરોડ |
| ૨. | અન્ન અને નાગરિક પુરવઠા મારફતે અસરગ્રસ્ત રાજ્યોને ૧ લાખ ફૂટ કિટસ મોકલી | રૂા. ૧,૩૮,૦૦,૦૦૦/- |
| ૩. | સુનામી રાજ્યોને હંગામી આવાસો માટે ગેલ્વેનાઈઝના પતરા મોકલાવ્યા | રૂા. ૧,૫૦,૭૧,૮૭૫/- |
| ૪. | હંગામી આવાસ માટે ૭૦,૦૦૦ વાંસ મોકલાવ્યા | રૂા. ૯,૮૭,૦૦૦/- |

----------

### રાજ્યમાં પાણી પુરવઠા માટે યોજનાઓ

૧૧૭૯૭ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સરકારે જાહેર કરેલ સુજલામ સુફલામ યોજના હેઠળ પાણી પુરવઠા માટે રાજ્યના કયા વિસ્તારમાં કેટલી યોજનાઓ કરવામાં આવનાર છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે

| ક્રમ | જિલ્લો | યોજનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪ |
| ૨ | કચ્છ | ૨ |
| ૩ | પાટણ | ૨ |
| ૪ | ગાંધીનગર | ૩ |
| ૫ | મહેસાણા | ૨ |
| ૬ | સુરેન્દ્રનગર | ૩ |
| ૭ | સાબરકાંઠા | ૫ |
| ૮ | બનાસકાંઠા | ૫ |
| ૯ | પંચમહાલ | ૪ |
| ૧૦ | દાહોદ | ૨ |
| | કુલ | ૩૨ |

(૨) આનાથી કેટલા ગામોને લાભ થશે, અને

(૨) ૪૯૦૪ ગામો, ૩૪ શહેરો.

(૩) આ યોજનાઓ પૂર્ણ કરવાનું શું આયોજન છે?

(૩) ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

### વડોદરા જિલ્લામાં પાણી પુરવઠા યોજનાઓ

૧૧૦૩૬ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી જૂથ પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) તે પૈકી તાલુકા દીઠ આ યોજનાઓ કયા તબક્કામાં છે, અને

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન રહેતો નથી.

----------

### નસવાડી તાલુકામાં વૃધ્ધિ કેન્દ્રની જમીનનું વેચાણ

૧૦૨૦૧ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ (નસવાડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નસવાડી તાલુકામાં બિયારણ વૃધ્ધિ કેન્દ્રની જમીન જાહેર હરાજીથી વેચવામાં આવી છે તે વાત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી જમીન કોને કોને વેચી અને કેટલી આવક થઈ ?

(૨) વિગતો નીચે મુજબ છે.

| કુલ | જમીનનું ક્ષેત્રફળ હે. આર. ચો.મી. | હરાજીમાં વેચાણ લેનારનું નામ | આવક રૂા. |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧. | ૧૧-૦૦-૦૦ | ભીલ ચંપકભાઈ ચુનીલાલ | ૭,૮૧,૦૦૦/- |
| ૨. | ૧૦-૧૭-૯૧ | ભીલ પાર્વતીબેન ધીરૂભાઈ | ૭,૦૨,૩૫૮/- |
| કુલ | ૨૧-૧૭-૯૧ | | ૧૪,૮૩,૩૫૮/- |

----------

## સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુકિતનો પ્રશ્ન

૧૦૬૫૩ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુક્તિ અંગે કોઈ મુશ્કેલી ઉભી થયેલ તે હકીકત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો તેના નિકાલ માટે સરકાર શું કાર્યવાહી કરવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## મહી નદીમાંથી ધરોઈ ડેમ ભરવાનું આયોજન

૧૧૩૯૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહી નદીમાંથી ધરોઈ ડેમમાં પાઈપ લાઈન દ્વારા પાણી ભરવાનું આયોજન છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ આયોજન દ્વારા ધરોઈ અને મુક્તેશ્વર ડેમમાં પાણી ક્યારે નાખવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## નવી શરતની જમીનોમાં ઇંટ ભઠ્ઠા કરવા સામે પ્રતિબંધ

૧૨૪૯૭ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સરકાર દ્વારા નવી શરતની જમીનોમાં ઇંટ ભઠ્ઠા અને ઇંટવાડા કરવા સામે કોઈ પ્રતિબંધ મુકવામાં આવેલ છે તે વાત સાચી છે ? | ના, જી. |

----------

## બારડોલી અને માંડવી તાલુકામાં રાંધણગેસનું વિતરણ

૧૦૬૭૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારડોલી અને માંડવી તાલુકામાં ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલી ગેસ એજન્સીઓ મારફત તાલુકાના ગામોને રાંધણગેસનું વિતરણ | (૧) બારડોલી તાલુકામાં -૫ (પાંચ)<br>માંડવી તાલુકામાં -૧ (એક) |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કરવામાં આવી રહેલ છે, | |
| (૨) આ એજન્સીઓ છેલ્લા કેટલાક સમયથી દ ાર વપરાશના રાંધણગેસ ધારકોને પૂરતા પ્રમાણમાં વિતરણ કરી શકતી નથી, અને | (૨) આ એજન્સીઓ દ્વારા રાંધણગેસના પાત્ર ધારકોને પૂરતા પ્રમાણમાં ગેસનું વિતરણ કરવામાં આવે છે, જેથી પ્રશ્ન રહેતો નથી. |
| (૩) કુત્રિમ અછત ઉભી કરીને કાળાબજાર કરનાર એજન્સી સામે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે? | (૩) સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાના રાંધણગેસ ધારકોને ગેસ વિતરણમાં કુત્રિમ અછત ઉભી કરી કાળાબજાર કરવાના બનાવો ઉપસ્થિત થયેલ નથી. છતાં, કુત્રિમ અછત ઉભી કરીને કાળાબજાર ન થાય તે માટે પુરતી તકેદારી રાખવામાં આવે છે. |

----------

## અન્નપૂર્ણા યોજના હેઠળના લાભાર્થીઓને અનાજનો જથ્થો

૧૦૬૪૭ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરકાર ધ્વારા શરૂ કરવામાં આવેલ અન્નપૂર્ણા યોજના હેઠળ કયા લાભાર્થીઓને કેટલો અનાજનો જથ્થો આપવામાં આવે છે ? | અન્નપૂર્ણા યોજના હેઠળ રાષ્ટ્રીય પેન્શન યોજના કે રાજ્યની પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવાની પાત્રતા ધરાવનાર પણ પેન્શન યોજનાનો લાભ ન મેળવતા હોય તેવા ૬૫ વર્ષ કે તેથી ઉપરના નિરાધાર વૃધ્ધોને ૧૦ કિલોગ્રામ અનાજ વિના મૂલ્યે આપવામાં આવે છે. |

## નર્મદાના પૂરના પાણીથી ભાવનગર જિલ્લાના ડેમો ભરવા અંગે

૧૦૫૬૭ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ નર્મદામાં આવતા પૂરના વધારાના પાણી દ્વારા ભાવનગર જિલ્લાના કયા તાલુકાના કયા કયા ડેમો ભરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

| તાલુકો | ડેમો |
|---|---|
| ગઢડા | કાળુભાર |
| ઉમરાળા | રંઘોળા |
| મહુવા | બગડ |
| પાલીતાણા | ખારો |
| પાલીતાણા | રાજાવળ |
| પાલીતાણા | શેત્રુંજી |

એમ ૪ તાલુકાના ૬ ડેમમાં પૂરના વધારાના પાણી માટે આયોજન છે.

## મહેસાણા જિલ્લામાં બાકી હક્કપત્રકો તથા વારસાઈ નોંધો

૧૧૯૩૨ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં હક્કપત્રકે વારસાઈ નોંધો પાડવાની બાકી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) તાલુકાવાર કેટલી બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યારે નોંધો પાડી નિકાલ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમો**

૧૨૫૦૬ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું શું આયોજન છે ? | સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ<br>પંચમહાલ જિલ્લામાં - ૧૪૫ અને<br>દાહેદ જિલ્લામાં - ૬૩<br>મોટા ચેકડેમોનું બાંધકામ કરવાનું આયોજન છે. |

----------

**અબડાસા તાલુકાની બાલાપર બુડધ્રો નાની સિંચાઈ યોજનાને ભુકંપ પ્રુફ બનાવવા અંગે**

૧૦૬૫૭ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં બાલાપર બુડધ્રો નાની સિંચાઈ યોજનાને ભુકંપ પ્રુફ બનાવવાનું કામ ચાલુમાં છે જેમા તેરા તથા હમીરપર ગામે મોટા પ્રમાણમાં સિંચાઈ કમાન્ડ વિસ્તાર આવેલો છે ત્યાં કેનાલને પાકી કરવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ ? | વિચારણા હેઠળ છે. |

----------

**રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાની રાયડી જૂથ પાણી પુરવઠા યોજના**

૧૦૯૯૬ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકા વિસ્તારની રાયડી જૂથ પાણી પુરવઠા યોજનાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા. ૨૯-૬-૯૮થી. |
| (૨) મંજૂર કરેલ કામ શરૂ કરવા માટે એજન્સીને ક્યારે વર્ક ઓર્ડર આપેલ છે, અને તેની સમય મર્યાદા કેટલી હતી, | (૨) એજન્સીને તા. ૧૦-૧૨-૨૦૦૦ થી વર્ક ઓર્ડર આપેલ તેની સમય મર્યાદા ૧૨ માસની હતી. |
| (૩) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ એજન્સી દ્વારા કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ થયેલ ન હોઈ તેની સામે શા પગલાં લેવામાં આવેલ છે, અને કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે ? | (૪) ખાતા દ્વારા એજન્સીને વારંવાર નોટીસો આપેલ છે અને રૂા. ૧૦.૭૩ લાખ વિલંબ માટે એજન્સીના બીલમાંથી કાપેલ છે. આ કામ માહે ૧૦-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. હાલ કામ ચાલુ છે. |

----------

**જેતપુર અને ગોંડલ તાલુકામાં મહેસૂલ કરની ઉઘરાણી**

૧૨૧૮૩ **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં જેતપુર તથા ગોંડલ તાલુકામાં મહેસૂલ વિભાગ દ્વારા મહેસૂલ કર ઉઘરાવવાનો કેટલો બાકી છે, અને | (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં જેતપુર તથા ગોંડલ તાલુકામાં નીચે દર્શાવ્યા પ્રમાણે મહેસુલકર ઉઘરાવવાનો બાકી છે. |

| | |
|---|---|
| | (૧) જેતપુર રૂા. ૧૧૩.૦૬ લાખ<br>(૨) ગોંડલ રૂા. ૧૮૭.૪૧ લાખ |
| (૨) બાકી રહેતી વસુલાત માટે સરકાર શું કાર્યવાહી કરવા માંગે છે ? | (૨) ઉપરના બધા જ કિસ્સાઓમાં જમીન મહેસૂલ કાયદા હેઠળની જરૂરી નોટીસો આપવામાં આવેલી છે. |

-------

## ભરૂચ જિલ્લામાં સ્વજલધારા યોજના

૧૦૬૭૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની યોજનાઓના કામો તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શરૂ કરવામાં આવ્યા, અને | (૧) નીચેની વિગતે. |

| તાલુકો | શરૂ કરાયેલ યોજના |
|---|---|
| ભરૂચ | ૩ |
| આમોદ | ૧ |
| જંબુસર | ૨ |
| અંકલેશ્વર | ૩ |
| ઝઘડીયા | ૪ |
| હાંસોટ | ૪ |
| વાલીયા | ૫ |
| કુલ... .... | ૨૨ |

| | |
|---|---|
| (૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા ગામોની યોજના મંજૂરી વગર પડતરમાં છે ? | (૨) આમોદ તાલુકાનું એક ગામ તથા હાંસોટ તાલુકાના એક ગામનું કામ પૂર્ણ થયેલ છે. એક પણ યોજના મંજૂરી વગર પડતર નથી. |

----------

## સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ક્ષાર પ્રવેશના કામો

૧૧૭૯૫ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ક્ષાર પ્રવેશ નિયંત્રણના કામો આવરી લેવાનું આયોજન છે કે કેમ ? | હાજી, સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ક્ષાર પ્રવેશ નિયંત્રણના કામો આવરી લેવાનું આયોજન છે. |

----------

## પારડી તાલુકામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો

૧૦૬૪૫ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં પારડી તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર કેટલા ગામોમાં મંજૂર કરવાની બાકી છે, અને | (૧) ગ્રામ્ય વિસ્તારની ૯ અને વાપી તથા જી.આઈ.ડી.સી. વિસ્તારની ૩ મળી, કુલ ૧૨ (બાર) દુકાનો મંજૂર કરવાની થાય છે. |
| (૨)કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવશે? | (૨) સત્વરે. |

----------

**રાજકોટ જિલ્લામાં ગામતળ નીમ કરવાના કેસો**

૧૧૭૨૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ગામતળ નીમ કરવાના કેટલા પ્રકરણો રજૂ થયા, અને | (૧) ૭૦. |
| (૨) તે પૈકી કેટલા ગામતળના કેસોને મંજૂરી આપવામાં આવી ? | (૨) ૧૫. |

----------

**એમ્નેસ્ટી સ્કીમ હેઠળ પડતર દસ્તાવેજો**

૧૧૪૫૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં સરકારની એમ્નીસ્ટી સ્કીમ હેઠળ કેટલા દસ્તાવેજો કઈ સાલના નાયબ કલેક્ટર જુનાગઢ પાસે કેટલા સમયથી પડતરમાં છે,

**જવાબ**

(૧)

| વર્ષ | સંખ્યા | ક્યારથી પડતર છે. |
|---|---|---|
| ૧૯૯૦ | ૧ | ડિસેમ્બર-૦૪ થી |
| ૧૯૯૩ | ૧ | ડિસેમ્બર-૦૪ થી |
| ૧૯૯૪ | ૧ | જાન્યુઆરી-૦૫ થી |
| ૧૯૯૫ | ૧ | જાન્યુઆરી-૦૫ થી |
| ૧૯૯૭ | ૧ | ડિસેમ્બર-૦૪ થી |
| | ૧ | જાન્યુઆરી-૦૫ થી |
| ૧૯૯૮ | ૧ | જાન્યુઆરી-૦૫ થી |
| ૨૦૦૧ | ૧ | જાન્યુઆરી-૦૫ થી |
| કુલ | ૮ | |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આવા દસ્તાવેજોની રકમ ભરવા જાય છે ત્યારે નાગરિકોને આ દસ્તાવેજો અમારી પાસે મળતા નથી તેવા જવાબો અપાય છે તો કેટલા દસ્તાવેજો કઈ કઈ સાલના ગુમ થયેલ માલુમ પડ્યા, અને | (૨) કોઈ દસ્તાવેજ ગુમ થયેલ નથી. |
| (૩) આ અંગે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાને સિંચાઈનો લાભ**

૧૨૪૫૮ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સુરત જિલ્લાના સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાઓના કેટલા ગામડાઓને સિંચાઈનો લાભ આપવામાં આવે છે, | (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સુરત જિલ્લાના સોનગઢ તાલુકાના ૫૩ ગામોને, ઉચ્છલ તાલુકાના ૧૦ ગામોને તથા નિઝર તાલુકાના ૩૪ ગામડાઓને સિંચાઈનો લાભ આપવામાં આવે છે. |
| (૨) બાકી રહેલા ગામડાઓને સિંચાઈનો લાભ આપવા માટે સરકારનું શું આયોજન છે, અને | (૨) બાકી રહેતા ગામડાઓ પૈકી સોનગઢ તાલુકાના ૫૦ ગામો, ઉચ્છલ તાલુકાના ૧૫ ગામો તથા નિઝર તાલુકાના ૧૧ ગામોને સિંચાઈનો લાભ આપવાનું સરકારનું આયોજન છે. |

| | |
|---|---|
| (૩) આ લાભ સરકાર કેટલા સમયમાં આપવા માંગે છે ? | (૩) નાણાકિંય જોગવાઈને આધિન તથા જંગલની જમીન છૂટી થયેથી જેમ બને તેમ જલ્દીથી આ લાભ આપવાનું આયોજન છે. |

----------

**રાજ્યમાં ગામ નમૂના નં. ૭/૧૨ અને ૮-અ નું કમ્પ્યુટરાઈઝેશન અંગે**

૧૧૯૩૭ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સમગ્ર રાજ્યમાં ગા.ન.નં.૮-અ તથા ૭/૧૨નું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા જી, રાજ્યના ૩૩ ગામોને બાદ કરતાં. |
| (૨) જો ના, તો કયા જિલ્લાનું બાકી છે, અને | (૨) અમદાવાદ, કચ્છ, આણંદ, સુરત અને પોરબંદરના ૩૩ ગામો બાકી છે. |
| (૩) કયાં સુધીમાં આ કામગીરી સરકાર પુરી કરવા માંગે છે? | (૩) રેકર્ડ તપાસના કામે નામદાર કોર્ટમાં હોવા તેમજ ભૂકંપનાં કારણે નવેસરથી રેકર્ડ તૈયાર કરવા, પ્રમોલ્ગેશન બાકી હોવા વગેરે વહીવટી કારણોનો નિકાલ થયે પુરૂં થઈ શકે. |

**રાજ્યમાં આદિવાસી ખેડૂતોના જમીન દફતરનું કમ્પ્યુટરાઈઝેશન**

૧૨૫૧૧ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગુજરાતમાં આદિવાસી ખેડૂતોની જમીન દફતરનું કોમ્પ્યુટરાઈઝેશન કર્યુ છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) આ ખેડૂતોની જમીનોનો રેકર્ડ અપડેટ કર્યા પછી કોમ્પ્યુટરાઈઝડ કર્યુ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો સરકાર રેકર્ડ અપડેટ કરવા માંગે છે કે કેમ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વ્યારા અને સોનગઢ તાલુકામાં સસ્તા અનાજની દુકાનો**

૧૨૩૭૭ **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ આદિવાસી વિસ્તારોમાં ૧૦૦ કાર્ડદીઠ સસ્તા અનાજની દુકાનની ફાળવણી કરવી એવું સરકારે નક્કી કરેલ છે એ વાત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો સુરત જિલ્લાના વ્યારા અને સોનગઢ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલી સસ્તા અનાજની દુકાનો ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેલી દુકાનોની ફાળવણી કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું આયોજન**

૧૧૭૯૮ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સુજલામ્-સુફલામ્ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું શું આયોજન છે? | સુજલામ્-સુફલામ્ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં ૧૪૫ અને દાહોદ જિલ્લામાં ૬૩ મોટા ચેકડેમોનું બાંધકામ કરવાનું આયોજન છે. |

----------

## બનાસકાંઠા જિલ્લામાં પડતર મહેસૂલી તુમારો

૧૧૭૦૫ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષથી તાલુકાવાર કેટલા મહેસૂલી તુમારો પડતર છે,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી તાલુકાવાર નીચે મુજબના તુમારો પડતર છે.

| કચેરી | બાકી તુમારો |
|---|---|
| મામલતદારશ્રી, થરાદ | ૧૨૨ |
| મામલતદારશ્રી, વાવ | ૨૨૭ |
| મામલતદારશ્રી, દિયોદર | ૧૨૪ |
| મામલતદારશ્રી, ભાભર | ૮૨ |
| મામલતદારશ્રી, ડીસા | ૨૬૭ |
| મામલતદારશ્રી, ધાનેરા | ૧૫૮ |
| મામલતદારશ્રી, કાંકરેજ | ૨૨૦ |
| મામલતદારશ્રી, પાલનપુર | ૨૭૫ |
| મામલતદારશ્રી, દાંતા | ૧૭૧ |
| મામલતદારશ્રી, વડગામ | ૨૭૫ |
| મામલતદારશ્રી, અમીરગઢ | ૧૫૩ |
| મામલતદારશ્રી, દાંતીવાડા | ૧૩૮ |
| કુલ | ૨૨૧૨ |

(૨) આ તુમારો પડતર રહેવાના કારણો શાં છે, અને

(૨) આ તુમારો પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

૧. તાબાની કચેરીએથી પુર્તતા/દરખાસ્ત મેળવવા ઉપર બાકી
૨. ડી.એલ.પી.સી.માં કિંમત નક્કી કરવા પર બાકી
૩. અન્ય વિભાગના અભિપ્રાય મેળવવા ઉપર બાકી
૪. ચકાસણી પર બાકી

(૩) કેટલા સમયમાં પડતર તુમારોનો નિકાલ કરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

----------

## કડી થોળ રોડ પર સરકારી જમીનમાં દબાણ

૧૨૫૦૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કડી થોળ રોડ ઉપર નર્મદા કેનાલના પુલ નજીક વિપુલ ઓઈલમીલ પાસે વે બ્રીજ બનાવી સરકારી જમીનનું દબાણ કરવામાં આવેલ છે, તે દબાણ સરકાર દુર કરવા માંગે છે કે કેમ, અને

**જવાબ**

(૧) વે બ્રીજ સરકારી જમીનમાં બનાવેલ ન હોઈ દબાણનો પ્રશ્ન નથી.

(૨) જો હા, તો આ દબાણ ક્યારે દુર કરવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## રાજ્યમાં ગરીબ કુટુંબોને ઘઉં અને ચોખાનું વિતરણ

૧૯૯૭ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ ગરીબ કુટુંબોને જિલ્લાવાર કુલ કેટલા મે. ટન ઘઉં અને ચોખાનું વિતરણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. | (૧) પત્રક મુજબ |
| (૨) આ વિતરણ કેટલું કરવાનો લક્ષ્યાંક હતો, અને | (૨) આ યોજના હેઠળ સમાવિષ્ટ કરવામાં આવેલ કુટુંબોને રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ વિતરણ પ્રમાણ મુજબ વિતરણ કરવામાં આવતુ હોવાથી વિતરણ લક્ષ્યાંકનો કોઈ પ્રશ્ન રહેતો નથી. |
| (૩) આ વિતરણ માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? | (૩) કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતા ઘ ઉં-ચોખાના ઈસ્યુ પ્રાઈસને અનુલક્ષીને રાજ્ય સરકારની જે પડતર કિંમત થાય તે પડતર કિંમત કરતાં જેટલા ઓછા ભાવે વિતરણ કરવામાં આવે તે તફાવતની રકમ સબસીડીના ખર્ચ તરીકે ભોગવવામાં આવે છે તે અનુસાર કુલ ૧૦૩.૭૦ કરોડનો ખર્ચ ભોગવવામાં આવેલ છે. |

### પત્રક-૧

### ડીસેમ્બર-૨૦૦૪ સુધીના સમયગાળાનું વિતરણ

| અનં. | જિલ્લાનું નામ | ઘઉં (મે.ટનમાં) | ચોખા (મે.ટનમાં) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૭૯૦૯ | ૩૪૮૧ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૬૫૪૧ | ૩૦૦૪ |
| ૩ | ગાંધીનગર | ૪૮૧૯ | ૨૨૪૯ |
| ૪ | બનાસકાંઠા | ૧૨૨૭૬ | ૫૨૪૨ |
| ૫ | સાબરકાંઠા | ૧૫૮૧૯ | ૭૦૭૩ |
| ૬ | મહેસાણા | ૫૨૩૮ | ૨૨૬૧ |
| ૭ | પાટણ | ૬૩૨૫ | ૨૮૫૭ |
| ૮ | ખેડા | ૧૧૦૭૭ | ૪૯૭૯ |
| ૯ | આણંદ | ૧૧૬૧૮ | ૫૦૪૩ |
| ૧૦ | પંચમહાલ | ૧૨૩૪૨ | ૪૯૬૧ |
| ૧૧ | દાહોદ | ૬૦૮૯ | ૨૫૩૬ |
| ૧૨ | વડોદરા | ૧૪૫૩૭ | ૬૦૫૪ |
| ૧૩ | નર્મદા | ૪૫૧૫ | ૨૦૯૦ |
| ૧૪ | ભરૂચ | ૮૪૬૦ | ૩૮૯૫ |
| ૧૫ | સુરત | ૨૧૨૨૫ | ૯૦૪૫ |
| ૧૬ | વલસાડ | ૭૯૮૦ | ૩૩૯૧ |
| ૧૭ | નવસારી | ૮૧૫૦ | ૩૭૯૨ |
| ૧૮ | ડાંગ | ૧૯૫૭ | ૮૮૯ |
| ૧૯ | રાજકોટ | ૧૦૪૮૪ | ૪૮૩૮ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૭૪૨૪ | ૩૪૬૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ભાવનગર | ૧૧૪૨૨ | ૫૧૭૪ |
| ૨૨ | અમરેલી | ૭૧૨૯ | ૩૨૩૦ |
| ૨૩ | જૂનાગઢ | ૯૨૩૧ | ૪૪૦૩ |
| ૨૪ | પોરબંદર | ૨૬૦૫ | ૧૨૫૬ |
| ૨૫ | જામનગર | ૭૧૯૨ | ૩૩૧૯ |
| ૨૬ | કચ્છ | ૧૦૬૦૪ | ૪૭૬૩ |
| | કુલ | ૨,૩૨,૯૬૮ | ૧,૦૩,૨૮૯ |

----------

## મહેસાણા જિલ્લામાં જમીનને નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેસો

૧૧૯૪૦ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીનોને જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો પડતર હતા, અને | (૧) ૨૨૬ |
| (૨) પડતર રહેવાનાં કારણો શું છે ? | (૨) ખાતેદારો દ્વારા ૬૦ પટની રકમ નહિ ભરવાના કારણે તથા પૂર્તતા પર પડતર રહેવા પામેલ છે. |

## સુરત જિલ્લામાં ગ્રાહક છેતરપીંડીના કેસો

૧૦૬૪૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સન ૨૦૦૩-૦૪ના વરસમાં ચીજ-વસ્તુઓના પેકીંગમાં વજન ઓછું હોવા બાબતના કેટલા ગુન્હા પકડવામાં આવેલ છે, અને | (૧) ૯(નવ) |
| (૨) ભંગ બદલ શું કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) ૯ એકમો સામે પ્રમાણભૂત વજન અને માપ (અમલ) ધારો ૧૯૮૫ હેઠળ પેકેજડ કોમોડીટીઝ રૂલ્સ ૧૯૭૭ના નિયમ ૨૫ના ભંગ બદલ પ્રોસીકયુશન કેસ કરી, ગુન્હા માંડવાળ ફી પેટે રૂપિયા ૨૭૦૦૦ વસુલ કરવામાં આવેલ છે. |

----------

## ૭/૧૨ અને ૮-અની કોમ્પ્યુટરાઈઝડ નકલો મેળવવા અંગે

૧૧૭૯૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ૩૧-૧-૦૫ની સ્થિતિએ કોમ્પ્યુટરાઈઝડ ૭/૧૨ અને ૮-અની નકલો મેળવવાની વ્યવસ્થા કેટલા તાલુકાઓમાં કરવામાં આવી છે, અને | (૧) ૨૨૫ તાલુકાઓમાં |
| (૨) આ યોજના પાછળ સરકારને કેટલો ખર્ચ થવાનો અંદાજ છે? | (૨) આ યોજના કેન્દ્ર પુરસ્કૃત હોઈ, મહેકમ ખર્ચ સિવાય રાજ્ય સરકારને અંદાજીત ત્રણ કરોડનો વાર્ષિક ખર્ચ થવાનો અંદાજ છે. |

-------------

**પાલીતાણા તાલુકાની પાંડેરીયા જૂથ પાણી પુરવઠા યોજના**

૧૧૬૩૦ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકામાં સૂચિત પાંડેરિયા જૂથ પાણી પુરવઠા યોજનાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) પાલિતાણા તાલુકામાં સૂચિત પાંડેરિયા જૂથ પાણી પુરવઠા યોજનાના કામો તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ શરૂ થયા નથી. |
| (૨) કયારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) આ કામો હવે જલ્દીથી હાથ ધરી ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂરા કરવાનું આયોજન છે. |

-----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અંગે**

૧૧૦૩૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો બાકી છે, અને

(૨) બાકી કેસોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | બાકી કેસોની સંખ્યા |
|---|---|
| ચોટીલા | ૪૬ |
| સાયલા | ૩૫ |
| કુલ | ૮૧ |

(૨) સત્વરે

------------

**અમદાવાદ શહેરને પીવાનું પાણી પૂરું પાડવા અંગે**

૧૨૦૦૫ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરના નાગરિકોને રાજ્ય સરકાર તરફથી દરરોજ કેટલું પાણી કેવી રીતે પૂરું પાડવામાં આવે છે, | (૧)<br>(અ) વણાકબોરી આડબંધથી શેઢીશાખા નહેર દ્વારા ૬૫ એમ.જી.ડી.<br>(બ) સાબરમતી નદીમાંથી નર્મદાનું પાણી ૧૫૦ એમ.જી.ડી. |
| (૨) રાજ્ય સરકારના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી તા. ૩૧-૦૧-૨૦૦૫ની સ્થિતિએ પાણી પેટે કેટલી રકમ લેવાની નીકળે છે, અને | (૨)<br>(અ) વણાકબોરી આડબંધના પાણી પેટે રૂા. ૬૧૧૮.૫૫ લાખ.<br>(બ) સાબરમતી નદીમાંથી નર્મદાના પાણી પેટે રૂા. ૨૨૬૭.૦૦ લાખ. |
| (૩) આ રકમ મેળવવા સરકારે શું પ્રયત્ન કર્યા? | (૩) સરકાર કક્ષાએથી તથા ક્ષેત્રિય કક્ષાએથી પત્રો દ્વારા તથા બેઠકો દ્વારા વારંવાર તાકીદ કરાયેલ છે. |

-----------

**ગાંધીનગર તાલુકામાં સિંચાઈ માટે સિંચાઈ યોજના**

૨૩૭૪ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ગાંધીનગર તાલુકામાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી પુરું પાડવાની કોઈ યોજના સરકારની વિચારણા હેઠળ છે કે કેમ ? | હા, જી, ગાંધીનગર તાલુકાના ૨૭૨ હેકટર વિસ્તારને નર્મદાનું પાણી આપવાનું આયોજન કરવામાં આવેલ છે. તથા સમગ્ર જીલ્લાને સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ આવરી લેવાનુ આયોજન વિચારાયેલ છે. |

-----------

## ભાણવડ તાલુકામાં વર્તુ-૨ સિંચાઈ યોજનાનો લાભ

૧૧૨૧૦ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાણવડ તાલુકાની વર્તુ-૨ સિંચાઈ યોજના આધારીત ધકકા કેનાલ દ્વારા કેટલા ગામોના વિસ્તારને લાભ મળવાનો છે, અને | (૧) વર્તુ-૨ સિંચાઈ યોજના આધારીત વધારાની ૫ (પાંચ) કટીંગ કેનાલ સ્થાનિક તળપદી ભાષામાં ધકકા કેનાલ તરીકે ઓળખાય છે, તેનાથી ૬ ગામોના ૪૮૭ હેકટર વિસ્તારને લાભ મળે તે પ્રમાણેનું આયોજન છે, |
| (૨) આ ધક્કા કેનાલનું કામ કેટલા સમયમાં પુર્ણ કરવાનું આયોજન થયેલ છે? | (૨) ૨ કેનાલનું કામ પ્રગતિ હેઠળ છે, જ ૩-૨૦૦૬ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. બાકી રહેલ ૩ કેનાલમાં જમીન સંપાદન થયે કામ શરૂ કરી પુર્ણ કરવાનું આયોજન છે, |

-----------

## બગસરા તાલુકાની મહિ આધારિત પાણી પુરવઠા યોજના

૧૦૭૦૯ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ બગસરા તાલુકામાં મહિ આધારિત પાણી પુરવઠા યોજનાની મુખ્ય લાઈન નંખાયા પછી બાકીના કામ માટે કયારે એજન્સીને વર્ક ઓર્ડર આપ્યો, | (૧) તા. ૯-૭-૦૩ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. |
| (૨) ૩ વર્ષ થયા છતાં કામમાં કોઈ પ્રગતિ થઈ નથી તો એજન્સી ઉપર શા પગલા લીધા, | (૨) વર્ક ઓર્ડર આપ્યાને દોઢ વર્ષનો સમય થયેલ છે, જે દરમ્યાન સિવિલ કામો પૂર્ણતાની નજીક છે. તેમજ બાકી રહેતા કામો માટે નોટીસો આપવામાં આવી છે. |
| (૩) આ એજન્સી દ્વારા અમરેલી જીલ્લામાં બીજા કામમાં ગેરરીતીની તપાસ થયેલ તે વાત સાચી છે, | (૩) હા, તે વાત સાચી છે. |
| (૪) તે છતાં ફરી આ જ કામ આ એજન્સી પાસે કરાવવાનો ખાતાનો આગ્રહ છે તે વાત સાચી છે, અને | (૪) આ કામ શરૂઆતથી આજ એજન્સી પાસે છે. |
| (૫) બગસરા તાલુકાના ગામોમાં મોડામાં મોડું કયારે પાણી આપવા સરકાર વિચારે છે? | (૫) ૧૦ ગામો તથા બગસરા શહેરને હાલ પાણી આપવામાં આવે છે. બાકી રહેતા ગામોને ડિસેમ્બર-૨૦૦૫થી પાણી આપવામાં આવશે.` |

-----------

## હિંમતનગર તાલુકામાં ગામતળ નીમ કરવા અંગે

૧૦૬૮૮ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર):માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ હિંમતનગર તાલુકામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો ચાલે છે, | (૧) ૨૪ દરખાસ્તો |
| (૨) આ દરખાસ્તો ગ્રામ પંચાયત દ્વારા પ્રથમ કયારે તાલુકા પંચાયત કચેરીમાં મોકલાવેલ, | (૨) પત્રક -અ મુજબ |
| (૩) બાકી દરખાસ્તો હાલ ગ્રામ પંચાયતવાર કયા સ્ટેજે છે, | (૩) પત્રક-બ મુજબ |
| (૪) આવી દરખાસ્તો નિકાલ કરવાની સમય મર્યાદા કેટલી છે, | (૪) ૧૨૦ દિવસ |

| | |
|---|---|
| (૫) ખૂબજ વિલંબથી ગામતળની દરખાસ્તો મંજૂર કરવામાં આવે છે, તે વાત સાચી, અને | (૫) હા જી. |
| (૬) જો હા, તો સરકાર આ અંગે કોઈ ચોકકસ સમય મર્યાદા નકકી કરવા માંગે છે કે કેમ? | (૬) બનતી ત્વરાએ. |

**પત્રક-અ**

**ગ્રામ પંચાયત દ્વારા તાલુકા પંચાયત કચેરીમાં પ્રથમ દરખાસ્ત કર્યા અંગેની માહિતી દર્શાવતુ પત્રક**

| અનુક્રમ નંબર | ગામનું નામ | સર્વે નંબર/બ્લોક નંબર | ગ્રામ પંચાયત દ્વારા તાલુકા પંચાયતને પ્રથમ દરખાસ્ત કર્યા તારીખ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | કુંપ | ૩૩૩ | ૧૦/૦૩/૯૮ |
| ૨ | જાંબુડી | ૭૩૯ | ૧૦/૧૨/૦૧ |
| ૩ | બળવંતપુરા | ૮ | ૨૦/૦૩/૦૧ |
| ૪ | મનોરપુર | ૮૫ | ૨૯/૦૧/૦૧ |
| ૫ | લીખી | ૬૦/૧૩૫ | ૦૯/૦૨/૦૨ |
| ૬ | બાવસર | ૪૫/૪૬ | ૧૨/૦૨/૦૨ |
| ૭ | દેસાસણ | ૯૩ | ૧૨/૦૨/૦૨ |
| ૮ | ઢુંઢર | ૬૩૦/૧૦૧૦ | ૨૬/૦૨/૦૨ |
| ૯ | ચોપલાનાર | ૫૬૪/૫૬૭ | ૨૧/૦૨/૦૨ |
| ૧૦ | નીકોડા | ૬૦૭ | ૧૩/૦૨/૦૩ |
| ૧૧ | સવગઢ | ૧૩૮ | ૦૭/૦૬/૦૩ |
| ૧૨ | મહાદેવપુરા | ૨૨૯ | ૧૦/૦૩/૦૩ |
| ૧૩ | લોલાસણ | ૨૩૨ | ૧૦/૦૩/૦૩ |
| ૧૪ | અડપોદરા | ૩૨૫ | ૦૧/૦૧/૦૪ |
| ૧૫ | હાજીપુર | ૦૨ | ૨૦/૦૧/૦૪ |
| ૧૬ | કુંપ | ૩૩૦ | ૩૦/૦૧/૦૪ |
| ૧૭ | માથાસુલીયા | ૨૪૧ | ૦૭/૦૨/૦૪ |
| ૧૮ | સુરપુર | ૧૨૬ | ૧૩/૦૭/૦૪ |
| ૧૯ | મુનપુર | ૨૭૮ | ૨૫/૦૮/૦૪ |
| ૨૦ | ઈલોલ | ૨૨૨૪ | ૨૭/૧૦/૦૪ |
| ૨૧ | કાણીયોલ | ૫૫૯ | ૧૯/૧૧/૦૪ |
| ૨૨ | બેરણ | ૧૦૬૫ | ૨૬/૧૧/૦૪ |
| ૨૩ | દલપુર (આ) | ૩૩૨ | ૦૬/૧૨/૦૪ |
| ૨૪ | નિકોડા | ૪૨૯ | ૨૮/૦૧/૦૫ |

**પત્રક-બ**

**ગ્રામ પંચાયત દ્વારા તાલુકા પંચાયત કચેરીમાં મોકલાવેલ દરખાસ્તોની સ્ટેજવાર માહિતી દર્શાવતુ પત્રક**

| અનુક્રમ નંબર | ગામનું નામ | સર્વે નંબર/બ્લોક નંબર | કયા સ્ટેજે બાકી છે તેની વિગત |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | કુંપ | ૩૩૩ | મામલતદારશ્રી, હિંમતનગર |
| ૨ | જાંબુડી | ૭૩૯ | મામલતદારશ્રી, હિંમતનગર |
| ૩ | બળવંતપુરા | ૮ | ડી.આઈ.એલ.આર.ઈ.શ્રી, હિંમતનગર |
| ૪ | મનોરપુર | ૮૫ | મામલતદારશ્રી, હિંમતનગર |
| ૫ | લીખી | ૬૦/૧૩૫ | તલાટી કમ મંત્રીશ્રી, લીખી |
| ૬ | બાવસર | ૪૫/૪૬ | પંચાયત સર્કલ ઈન્સ્પેકટરશ્રી, મનોરપુર |
| ૭ | દેસાસણ | ૯૩ | મામલતદારશ્રી, હિંમતનગર |
| ૮ | ઢુંઢર | ૬૩૦/૧૦૧૦ | તલાટી કમ મંત્રીશ્રી, ઢુંઢર |
| ૯ | ચોપલાનાર | ૫૬૪/૫૬૭ | તલાટી કમ મંત્રીશ્રી, ચોપાલાનાર |
| ૧૦ | નીકોડા | ૬૦૭ | તલાટી કમ મંત્રીશ્રી, નીકોડા |
| ૧૧ | સવગઢ | ૧૩૮ | તલાટી કમ મંત્રીશ્રી, સવગઢ |
| ૧૨ | મહાદેવપુરા | ૨૨૯ | પંચાયત સર્કલ ઈન્સ્પેકટરશ્રી, હિંમતનગર |
| ૧૩ | લોલાસણ | ૨૩૨ | પંચાયત સર્કલ ઈન્સ્પેકટરશ્રી, હિંમતનગર |
| ૧૪ | અડપોદરા | ૩૨૫ | તલાટી કમ મંત્રીશ્રી, અડપોદરા |
| ૧૫ | હાજીપુર | ૦૨ | તલાટી કમ મંત્રીશ્રી, હાજીપુર |
| ૧૬ | કુંપ | ૩૩૦ | તલાટી કમ મંત્રીશ્રી, હમીરગઢ |
| ૧૭ | માથાસુલીયા | ૨૪૧ | તલાટી કમ મંત્રીશ્રી, માથાસુલીયા |
| ૧૮ | સુરપુર | ૧૨૬ | તલાટી કમ મંત્રીશ્રી, લીખી |
| ૧૯ | મુનપુર | ૨૭૮ | તલાટી કમ મંત્રીશ્રી, મુનપુર |
| ૨૦ | ઈલોલ | ૨૨૨૪ | તલાટી કમ મંત્રીશ્રી, ઈલોલ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | કાણીયોલ | ૫૫૯ | પંચાયત સર્કલ ઈન્સ્પેકટરશ્રી, હિંમતનગર |
| ૨૨ | બેરણ | ૧૦૬૫ | પંચાયત સર્કલ ઈન્સ્પેકટરશ્રી, હિંમતનગર |
| ૨૩ | દલપુર (આ) | ૩૩૨ | પંચાયત સર્કલ ઈન્સ્પેકટરશ્રી, મુનોરપુર |
| ૨૪ | નિકોડા | ૪૨૯ | તલાટી કમ મંત્રીશ્રી, નિકોડા |

-------

## કચ્છ અને પાટણ જિલ્લામાં નવી જૂની શરતની જમીનો

**૧૨૨૬૫ શ્રી જોધાજી ગ. ઠાકોર** (વાગડોદ) : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ તથા પાટણ જિલ્લામાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાની કેટલી દરખાસ્તો પેન્ડીંગ છે, | (૧) <br>જિલ્લાનું નામ — પેન્ડીંગ દરખાસ્તો<br>કચ્છ — ૧૧૬૨<br>પાટણ — ૫૪૮૧<br>કુલ — ૬૬૪૩ |
| (૨) તે પૈકી એક વર્ષ ઉપરાંતની કેટલી દરખાસ્તો પડતર છે, | (૨) શૂન્ય |
| (૩) વિલંબના કારણો શાં છે, અને | (૩) (૧) ખાતેદારો તરફથી ૬૦ પટની રકમ નહી ભરવાના કારણે.<br>(૨) સાધનીક કાગળો તૈયાર કરવા પર બાકી.<br>(૩) ખરીદ કિંમત ભરાયા અંગેના આધાર-પુરાવા રજુ નહી થવાના કારણે.<br>(૪) શરતભંગના કારણે આખરી નિર્ણય થવા પર બાકી.<br>(૫) સતત ત્રણ વર્ષ સુધી ૭/૧૨માં પાણી પત્રક નહી લખવાના કારણે. |
| (૪) કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૪) સત્વરે. |

-----------

## રાજ્યના નવા જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમો

**<#M૧૧૦૯૫ શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના નવા જિલ્લામાં ગ્રાહકોને જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમોનો લાભ મળે તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨)(અ) નવ રચિત જિલ્લાઓના મૂળ જિલ્લામાં કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ ફોરમો મહિનામાં અમુક ચોક્કસ દિવસોએ સ્થાનિક રીતે કેસો ચલાવે તેવુ આયોજન કરેલ છે.<br>(બ) જે જિલ્લામાં પડતર કેસોનું પ્રમાણ વધારે છે. તેવા નવા જિલ્લાઓ પૈકીના જિલ્લાઓમાં જિલ્લા ફોરમ સ્થાપવાનું આયોજન કરેલ છે. |

---------------

**નર્મદાનું પાણી કાંસમાં છોડવા અંગે**

૧૦૫૬૫ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નર્મદા પાણી છત્રાલથી થોળ તળાવમાં જતાં કાંસમાં ક્યારે છોડવામાં આવશે ? | નર્મદા યોજનાના પાણીની ઉપલબ્ધિ અને યોજનાના પીયત વિસ્તારની જરુરીયાતને ધ્યાને લઈ વધારાનું પાણી નર્મદા નહેરના માળખાને ઓળંગતી નદીઓ/કાંસમાં છોડવામાં આવે છે. ચાલુ સાલે થોળ તળાવમાં જતા કાંસમાં જાન્યુઆરી-૦૫ તથા ફેબ્રુઆરી-૦૫માં પાણી છોડવામાં આવેલ છે. |

----------------

**અમદાવાદ કલેકટર કચેરીમાં પડતર અરજીઓ**

૧૨૨૬૨ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લા કલેકટર કચેરીમાં તા.૩૧-૧૨-૨૦૦૪ના રોજની સ્થિતિએ કેટલી મહેસુલી પ્રકારની અરજીઓ નિકાલ થયા વિના પડી રહેલ છે, અને | (૧) ૧૫૩૮ |
| (૨) સમયસર અને ઝડપી નિકાલ થાય તે માટે સરકારે શાં પગલાં લીધાં છે ? | (૨) બાકી અરજીઓના નિકાલ માટે કલેકટરશ્રી, અમદાવાદના અધ્યક્ષપણા હેઠળ યોજાતી અમદાવાદ જિલ્લાની મહેસુલી અધિકારીઓની માસિક મીટીંગમાં તેની દર માસે સમીક્ષા કરવામાં આવે છે તેમજ બાકી અરજીઓના ઝડપી નિકાલ માટે જરુરી સૂચના આપી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. |

----------

**કચ્છ જીલ્લામાં બંધારા અને ટાઈડલ રેગ્યુલેટર બાંધવા અંગે**

૧૨૫૦૫ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય જળ સંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જીલ્લા માટે સુજલામ યોજના હેઠળ બંધવાનું આયોજન છે કે કેમ, અને | (૧) આયોજન છે. |
| (૨) જો હા, તો તે માટે નાબાર્ડની સહાય મેળવવાની છે કે કેમ ? | (૨) હા જી, દરખાસ્ત રજુ કરેલ છે. |

------------

**રાજ્યમાં કેરોસીન વિતરણના ધોરણો**

૧૧૬૩૩ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સમગ્ર ગુજરાતમાં કેરોસીન વિતરમના દરેક જીલ્લામાં જુદા-જુદા છે તે હકીકત સાચી છે, | (૧) અમદાવાદ શહેર આમદાવાદ ઔડા વિસ્તાર તથા વડોદરા શહેરી વિસ્તાર સિવાયના તમામ જીલ્લાઓમાં ફાળવણીનું ધોરણ એક સરખુ છે. |
| (૨) જો હા, તો જુદા ધોરણોના શું કારણો છે,અને | (૨) (૩) અગાઉ કેરોસીનની ફાળવણી જિલ્લાના ઔદ્યોગિકરણ, શહેરીકરણ, |

| | |
|---|---|
| (૩) સમગ્ર ગુજરાતમાં એક સરખા ધોરણો કરવા સરકાર માંગે છે કે કેમ ? | જિલ્લાઓમાં આવેલ રેશનકાર્ડની સંખ્યા, ઉપાડનું વલણ, બળતણની વૈકલ્પિક ઉપલબ્ધિ વગેરે પાસાઓને લક્ષમાં લઈને ઐતિહાસિક ધોરણે કરવામાં આવતી હતી અને જિલ્લાકક્ષાએથી માંગણી અનુસાર ગ્રામ્ય વિસ્તારોમાં ૫ થી ૧૦ લીટર તેમજ શહેરી વિસ્તારોમાં ૧૦ થી ૨૦ લીટર પ્રતિકાર્ડ કરવામાં આવતી હતી. કાર્ડધારકોનો નકારાત્મક પ્રતિભાવ કે અસંતોષ વગર સરળ સ્વિકૃતિના આશયથી અગાઉના વિતરણના ધોરણોના તફાવતમાં ક્રમશઃ ઘટાડો કરી એક સમાન ધોરણો કરવનો અભિગમ અપનાવેલ છે, જેથી પ્રશ્ન રહેતો નથી. |

----------

### અમદાવાદ જિલ્લામાં જમીન મહેસૂલમાં વધારો

૧૦૬૮૨ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં જમીનસ મહેસૂલમાં તા.૩૦-૯-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તહક્કાવાર કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો, અને | (૧) ખેતીની જમીન ઉપરનું જમીન મહેસુલ તા.૧-૮-૯૭થી મોકૂફ રાખવામાં આવેલ છે. |
| (૨) જમીન મહેસૂલ નિયત સમયમાં ન ભરનાર પાસે કેટલો દંડ વસુલ કરવામાં આવે છે ? | (૨) જમીન મહેસુલ કાયદા અને નિયમો હેઠળની જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે. |

----------

### કચ્છ જીલ્લાના જળાશયો નર્મદાના પાણીથી ભરવા અંગે

૧૨૩૮૩ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય જળ સંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જીલ્લામાં ડૂજ તથા નખત્રાણા તાલુકામાં ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ નર્મદાના પાણીથી કયા કયા ગામોના કયા કયા તળાવો/જળાશયો ભરવાનું આયોજન છે, | (૧) આયોજન વિચારણા હેઠળ છે. |
| (૨) તેમાંથી કયા કયા તળાવો ભરવામાં આવ્યા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીના તળાવો/જળાશયો કયાં સુધીમાં ભરવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

### રાજ્યના નવા જિલ્લાઓના ગ્રાહક સુરક્ષા અંગે પગલાં

૧૧૯૪૨ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યના નવા જિલ્લાઓમાં ગ્રાહકોને સ્થાનિક રીતે ન્યાય મળી રહે તે માટે સરકારે કોઈ વિચારણા કરી છે? | હા, જી. |

-----------

## વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો સામે નિયમભંગના કેસો

૧૧૯૯૪ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેર અને જિલ્લામાં સસ્તા અનાજની દુકાનના પરવાનાદાર ઉપર તા.૧-૧-૦૪થી ૩૧-૧-૦૫ સુધીમાં સરકારના નિયમના ભંગ બદલ કેટલા ગુન્હા નોંધાયેલ છે, અને | (૧) ૧૩૪ કેસોમાં ગેરરીતિઓ જણાયેલ છે. |
| (૨) ગુનાહિતો સામે શું પગલાં લેવામાં આવેલ છે? | (૨) વાજબી ભાવની દુકાનોની તપાસમાં લીધેલ પગલાં નીચે મુજબ છે.<br>(ક) રૂા. ૧.૩૯ લાખની કિંમતનો જથ્થો રાજ્યસાત કરેલ છે.<br>(ખ) રૂા.૧.૦૫ લાખની પરવાના હેઠળની અનામત રકમ રાજ્યસાત કરેલ છે.<br>(ગ) ૧૭ કિસ્સાઓમાં પરવાના મોકુફ રાખેલ છે.<br>(ઘ) ૪ (ચાર) કિસ્સાઓમાં પરવાના રદ કરેલ છે.<br>(ચ) ૧ કેસમાં બે ઈસમો સામે અટકાયતનાં પગલાં લીધેલ છે. |

----------

## સુનામી ગ્રસ્ત દક્ષિણ ભારતના રાજ્યોને સરકાર તરફથી સહાય

૧૧૪૯૩ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તાજેતરમાં વિશ્વના ઘણાં બધા દેશોમાં સુનામીની જે હોનારત આવેલ છે. તેમાં ભારતના દક્ષિણ ભાગમાં જે નુકશાન થયું છે તે રાજ્યોને મદદ પહોંચાડવા ગુજરાત સરકારે શાં પગલાં લીધાં ? | સુનામી અસરગ્રસ્ત ભારતના દક્ષિણ ભાગના વિસ્તારોમાં નીચે પ્રમાણેની સહાય/મદદ પહોંચાડવામાં આવી છે :<br>૧. માન.મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી<br>તામિલનાડુ રૂા. ૫ કરોડ<br>અંદામાન-નિકોબાર રૂા. ૨ કરોડ<br>પાંડીચેરી રૂા. ૧ કરોડ<br>આંધ્રપ્રદેશ રૂા. ૧ કરોડ<br>૨. રાજ્યના નાગરિકો, સ્વૈ.સંસ્થાઓ તથા ઔદ્યોગિક એકમો તરફથી મળેલ રોજિંદા વપરાશ સ્વરૂપની રાહત સામગ્રી તથા કપડાં અને અનાજની કીટ્સ રસ્તા, રેલ્વે અને હવાઈ માર્ગે પહોંચાડવામાં આવી છે.<br>૩. અંદામાન-નિકોબારમાં સંદેશા વ્યવહાર પુનઃસ્થાપન માટે હેમ રેડિયોની ૧૦ સભ્યોની ટીમ મોકલી છે.<br>૪. અસરગ્રસ્તોને હંગામી આવાસો માટે<br>-ગેલ્વેનાઈઝના પતરાનંગ-૪૬,૩૭૫<br>-વાંસ નંગ- |

૭૦,૦૦૦
મોકલવામાં આવેલ છે.

----------

**મહેસાણા અને પાટણ જિલ્લાને ધરોઈ જૂથ પાણી પુરવઠા યોજનામાંથી અપાતું પીવાનું પાણી**

૧૧૩૯૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધરોઈ જૂથ પાણી પુરવઠા યોજના મારફતે મહેસાણા અને પાટણ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આપવામાં આવતું પીવાનું પાણી બંધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. ચાલુ વર્ષના લોકફાળાની આંશિક ચૂકવણી ન કરનાર ગામોનું પાણી બંધ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો જે નાગરિકો નિયમિત ટેક્ષ અને પાણી વેરો ભરે છે તેઓને પીવાના પાણીની મુશ્કેલી પડે છે તે અંગે સરકારે કોઈ આગવું આયોજન કરેલું છે કે કેમ ? | (૨) સ્થાનિક સંસ્થા દ્વારા લોકફાળાની રકમ ભર્યેથી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવતો હોઈ, આગવા આયોજનની જરૂરિયાત રહેતી નથી. |

----------

**બારડોલી તાલુકામાં પરપ્રાંતિય લોકોને સસ્તા અનાજની દુકાનના લાયસન્સ**

૧૦૬૭૧ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બારડોલી તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલા ગામોમાં સરકાર માન્ય સસ્તા અનાજની દુકાન પરપ્રાંતિય-રાજસ્થાની લોકો ચલાવી રહેલ છે. | (૧) ૨૨ (બાવીસ). |
| (૨) આ પરપ્રાંતિય લોકોને ક્યા આધારે આવી દુકાનોના પરવાના ફાળવવામાં આવેલ, અને | (૨) અને (૩) : સરકારના વાજબી ભાવની દુકાનની ફાળવણી કરવા અંગેના ઠરાવો/પરિપત્રોના આધારે આ દુકાનો ફાળવવામાં આવેલ છે. |
| (૩) આ પરપ્રાંતિય લોકોને આવા પરવાના ફાળવવાનો હેતુ શું છે ? | |

----------

**જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમોમાં કેસોનો ભરાવો**

૧૧૦૭૦ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને જિલ્લા ફોરમો હસ્તકના કેસોનો મોટી સંખ્યામાં ભરાવો થયેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેસોના ઝડપી નિકાલ માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૨)<br>(અ) જે જિલ્લાઓમાં કેસોનું પ્રમાણ વધુ હોય, તેના નજીકના જિલ્લાના ફોરમને કાયદાની જોગવાઈ મુજબ કમિશન ધ્વારા કેસો ટ્રાન્સફર કરવામાં આવેલ છે.<br>(બ) પ્રમુખ/મેમ્બરની જગ્યાઓ ખાલી ન રહે તેની તકેદારી રાખવામાં આવેલ છે. |

(ક) રાજ્ય કમિશન માટે વધારાની સરકીટ બેંચની રચના કરવામાં આવેલ છે.
(ડ) રાજ્યના મોટા શહેરો માટે વધારાના ફોરમ સ્થાપવા આયોજન કરેલ છે.

----------

**ગારિયાધાર તાલુકામાં પીવાનું પાણી**

૧૨૩૬૫ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગારિયાધાર તાલુકામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલા ગામોમાં પીવાનું પાણી કેવી રીતે આપવામાં આવે છે, અને | (૧)<br>(અ) શેત્રુંજી જૂથ યોજના દ્વારા ૨૦ ગામો<br>(બ) મહી પાઈપ લાઈન દ્વારા ૫ ગામો<br>(ક) સ્વતંત્ર પાઈપ યોજના અને હેન્ડ પંપ દ્વારા ૨૫ ગામો<br>કુલ ૫૦ ગામો |
| (૨) બાકી રહેતા ગામોમાં પીવાનું પાણી આપવાનું શું આયોજન છે ? | (૨) સ્વતંત્ર પાઈપ અને હેન્ડપંપ વાળા ગામોને શેત્રુંજય તથા મહી જુથ યોજના દ્વારા ક્રમશઃ જુન-૨૦૦૬ સુધીમાં પાણીની ઉપલબ્ધી અનુસાર પાણી આપવાનું આયોજન છે. |

----------

**ખેરાલુ તાલુકાના મોલીપુર ગામની સર્વે નંબર ૪૩૯ની જમીનમાં દબાણ**

૧૧૯૩૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોલીપુર તા. ખેરાલુના સર્વે નંબર-૪૩૯ જમીનના દબાણ બાબતે વિવાદ ચાલે છે, તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) જમીન દબાણ બાબતે સર્વે કરનાર અધિકારીઓ ધ્વારા અલગ અલગ સર્વે કરી દબાણ રીપોર્ટ આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આવા અલગ અલગ સર્વે કરનારા અધિકારીઓ સામે સરકાર શું પગલાં ભરવા માંગે છે ? | (૩) જો સર્વે કરનાર અધિકારી/કર્મચારીની ગેરરીતિ જણાશે તો તેમની સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે |

----------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ધોરણોમાં ફેરફાર**

૧૨૫૦૭ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૬૦ :૪૦ અને ૮૦ :૨૦ના ધોરણમાં કોઈ ફેરફાર કરવા સરકારે કોઈ વિચારણા કરી છે કે કેમ ? | સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ૮૦ :૨૦ના ધોરણે ચેકડેમો બનાવવાનો નિર્ણય લેવામાં આવેલ છે. |

----------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

## સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવતા ભૂકંપના આંચકાઓ અંગે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં સૌરાષ્ટ્રના જૂનાગઢ, બિલખા, મોટા કોટડા, ઉના, કોડિનાર, વેરાવળ, પ્રભાસ પાટણ, ભેંસાણ અને કચ્છના ભૂજ વગેરે સ્થળોએ ભૂકંપના ૩૦ થી વધુ આંચકા આવતાં તથા છેલ્લા ૫૩ કલાકમાં ૭૨ ધડાકાઓ થતાં આ વિસ્તારની જનતામાં ઊભી થયેલી ભયની લાગણી દૂર કરવા સરકારે લીધેલ કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં સૌરાષ્ટ્ર, જુનાગઢ અને કચ્છ વિસ્તારના ભૂકંપના આંચકા અને ધડાકાઓથી સરકાર વાકેફ છે. આ અગાઉ પણ ડિસેમ્બર અને જાન્યુઆરી માસમાં જુનાગઢ જિલ્લાના તલાલા તાલુકામાં આવા આંચકાઓના રિપોર્ટ તુરત જ જિલ્લા કક્ષાએથી રાજય સરકારને મળેલ છે. આ સંજોગોમાં રાજય સરકારે દિલ્હી ખાતે સિસ્મોલોજી વિભાગના અધિકારીઓને વાત કરી હતી અને સિસ્મોલોજીના ડાયરેકટરશ્રી દલસીંગ અને ડૉ. અરૂણ બાપટ દ્વારા ડિસેમ્બરમાં મુલાકાત લેવામાં આવી હતી.

ત્યારબાદ જાન્યુઆરીમાં પણ આ ધડાકાના અહેવાલ મળ્યા હતા. તે આધારે જાન્યુઆરીમાં પણ ગુજરાત એન્જિનિયરીંગ રિસર્ચ ઈન્સ્ટિટયૂટના સિસ્મોલોજીસ્ટશ્રી સિસ્મેસિક મશીન સાથે અને ઈન્ડિયન મિટિયોલોજીકલ ડિપાર્ટમેન્ટ (આઈએમડી) પુનાના અધિકારીશ્રી સિસ્મો રેકોર્ડર મશીન તથા ડિજિટલ બેરોગ્રાફી યંત્ર સાથે તા. ૧૨-૧-૨૦૦૫ના રોજ જુનાગઢ જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં સિસ્મો રેકોર્ડર યંત્ર તથા માઈક્રો અર્થક્વેક મૂકીને આ ધડાકાઓની તપાસ કરેલ હતી. તા. ૧૨-૧-૨૦૦૫થી તા. ૨-૨-૨૦૦૫ સુધી કુલ ૩૮૪ જેટલા સૂક્ષ્મ ભૂકંપના આંચકા નોંધાયા હતા. જેમાં ૧ મેગ્નિટયૂડથી ઓછા હોય તેવા ૩૫૬ આંચકા હતા. ૧ થી ૨ મેગ્નિટયૂડ વચ્ચે ૨૦ આંચકા અને ૨ થી ૩ મેગ્નિટયૂડ વચ્ચે ૮ આંચકા નોંધાયા હતા. આ વિગતોને આધારે સિસ્મોલોજી યુનિટનો અભિપ્રાય નીચે પ્રમાણે છે.

આ ધડાકાઓ જમીન ઉપરની સપાટીના ભાગમાં જણાયા છે. આ ધડાકાઓ સ્વાર્મ ટાઈપનો સાઈસ્મીક પ્રવૃત્તિના થતા હોય તેવા પ્રકારના જણાયા છે. આ ધડાકાઓ નોંધાયા બાદ ક્રમશઃ સંખ્યામાં ઘટાડો થઈ ૪થી ફેબ્રુઆરીથી શાંત થઈ ગયા હતા. આ ધડાકાઓની તીવ્રતા ૦.૮ થી ૨.૬ મેગ્નિટયૂટની હતી. ભુજમાં ૨૦૦૧માં આવેલ ભૂકંપ બાદ જમીનના ખડકોમાં ફેરફાર થઈ કેટલીક જગ્યાએ પોલાણ થાય છે અને વરસાદી પાણી નીચેના પોલાણમાં જતાં ખડકોમાં ફેરફાર થવાને લીધે રિસેટલમેન્ટ અને રિએડજેસ્ટમેન્ટની ધીમી પ્રક્રિયાના કારણે ખડકોમાંથી ધડાકાઓના અવાજો સંભળાય છે.

આ પરિસ્થિતિ સમયે સિસ્મોલોજીસ્ટ/ભૂસ્તર શાસ્ત્રીઓ દ્વારા સ્થાનિક ગામ લોકોની સાથે રાત્રિ રોકાણ કરી લોક ડાયરો/સાંસ્કૃત્તિક કાર્યક્રમનું આયોજન તથા જીએસડીએમએ અને યુએનડીપીના સહયોગથી તલાલા તાલુકાના ગામોમાં ગ્રામસભાઓ યોજીને જન જાગૃતિનું અને લોક શિક્ષણના કાર્યક્રમો યોજ્યા હતા. સંયુકત રીતે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી નાગરિકોને તથા બાળકોને મનમાંથી ભૂકંપ અંગેનો ભય દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો તથા કેટલાક ગામોમાં ભૂકંપની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભીંત ચિત્રો પણ લખવામાં આવ્યા હતા અને અખબારી નોંધ પણ જે તે સમયે આપવામાં આવી હતી.

તારીખ ૨૮ ફેબ્રુઆરી ૧લી માર્ચ અને બીજી માર્ચના રોજ જુનાગઢ જિલ્લાના ઉના, કોડીનાર, વેરાવળ તાલુકામાં ધડાકાઓ એક સાથે સંભળાયા હતા અને તુરત જ મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા આ ગામોની મુલાકાત લઈ તપાસ કરતા આ ધડાકાઓ એક થી બે સેકન્ડ માટે પડઘા સ્વરૂપનો અને આકાશમાં લીસોટા સાથેનો જણાયેલ હતો. આ ધડાકાઓ પણ સિસ્મોલોજીસ્ટના તારણ પ્રમાણે જમીન ઉપરના પડની તિરાડોના હલનચલનની પ્રક્રિયાના કારણે થયેલ હોય તેમ જણાય છે અને ક્યારેક સુપર સોનિક વિમાનની ગતિના કારણે સર્જાતી સોનિક બૂમની પ્રક્રિયાના કારણે ક્ષણિક ધ્રુજારીની સ્થિતિ હોય છે.

જુનાગઢ તાલુકાના ઉના, કોડીનાર અને વેરાવળ (પ્રભાસપાટણ) તાલુકાઓમાં આ ધડાકાનો અવાજ આકાશમાંથી સંભળાયેલ છે. ધરતીમાં ધ્રુજારી અનુભવાયેલ નથી તથા સમગ્ર જિલ્લામાં કોઈ નુકસાન કે જાનહાનિ થયેલ નથી. ભુજ ખાતે થયેલ ધડાકાઓ અંગે તપાસ કરતાં તે ભૂકંપ બાદના આફટર શોક છે અને ભૂકંપ નિષ્ણાંત ડૉ. અરૂણ બાપટના અહેવાલ પ્રમાણે ભૂકંપ બાદ આફટર શોક આવતા હોય છે તેવો નિષ્ણાંતોનો મત છે. આ ધડાકાઓની તીવ્રતા પણ ખૂબ જ ઓછી છે અને સામાન્યતઃ ભૂકંપ બાદ ૪ થી ૫ વર્ષ

સુધી આવી પ્રક્રિયા ચાલતી હોય છે. તે હકીકતે જિલ્લા તંત્ર દ્વારા ગામ લોકોમાં ભયની લાગણી ફેલાય નહીં તે માટે પણ પ્રયત્નો કરવામાં આવ્યા છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ નિવેદનમાં જે જવાબ આપ્યો છે એમાં ભુજમાં ૨૦૦૧માં આવેલ ભૂકંપ બાદ જમીનના ખડકોમાં ફેરફાર થઈ કેટલીક જગ્યાએ પોલાણ થયું છે અને વરસાદી પાણી નીચેના પોલાણમાં જતાં આ ખડકોમાં ફેરફાર થવાના લીધે રીસેટલમેન્ટ એન્ડ રીએડજસ્ટમેન્ટની ધીમી પ્રક્રિયાના કારણે ખડકોમાંથી ધડાકાના અવાજો આવે છે. પણ જુનાગઢ જિલ્લામાં આવા ધડાકાઓનું શું કારણ અને ઉપરાંત આ સિસ્મોલોજીસ્ટની ટીમ દ્વારા સ્થળની મુલાકાત લીધી છે અને એમાં એ લોકોના શું ઓબ્ઝર્વેશન્સ રહ્યાં છે.અને સાથોસાથ લોકોમાં આ ધડાકાઓના કારણે ઊભો થયેલ ભય દૂર કરવા માટે સરકારે શું પગલાં લીધાં છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં જુનાગઢ જિલ્લાના વિવિધ તાલુકાઓની અંદર જે ધડાકાઓ મોટી સંખ્યામાં એક દિવસમાં થયા છે એ ખૂબ જ ચિંતાનો વિષય છે. રાજય સરકાર દ્વારા તુરત જ ભારત સરકારની અંદર અને દિલ્હીમાં જે એકસપર્ટ અને ટેકનિશિયન લોકો હતા એમનો સંપર્ક કરીને તા. ૩-૧૨-૨૦૦૪, ૪-૧૨-૨૦૦૪ના રોજ ગેરી, વડોદરાના સિસ્મોલોજીસ્ટ શ્રી શેખનેત્યાં મોકલ્યા. આ સમગ્ર બાબતનો અભ્યાસ કરવા તારીખ ૫, ૬, અને ૭ ડિસેમ્બર, ૨૦૦૪ના સિસ્મોલોજીના ડાયરેકટર શ્રી દલસીંગ અને સિસ્મોલોજીસ્ટ ડૉ. અરૂણ બાપટ દિલ્હીના એમને પણ ત્યાં મોકલ્યા. તા. ૧૨-૧-૦૫ થી ૧૪-૧-૦૫ દરમિયાન આઈ.એમ.ડી. પુનાના ડાયરેકટર શ્રી પી.એન.મોહનાન અને આસીસ્ટન્ટ મેટ્રોલોજીસ્ટ શ્રી એ.વી. વાગડે પણ ત્યાંની મુલાકાતે જઈ આવ્યા અને તા. ૧૩-૧-૦૫ થી તા. ૧૦-૨-૦૫ના ગેરીના સિસ્મોલોજીસ્ટ શ્રી શેખ અને શ્રીવાસ્તવ. આ સમગ્ર તપાસની ટીમો લેટેસ્ટ ઈન્સ્ટ્રુમેન્ટસ સાથે આ વિસ્તારમાં રાત્રે રોકાઈને બે-ત્રણ દિવસ માટે રાત્રિ રોકાયા અને આ સમગ્ર પ્રકરણ કેવી રીતે બન્યું છે, શું છે એનો વિગતવાર અભ્યાસ કરીને રાજય સરકારને એમણે રિપોર્ટ આપ્યો છે. એમના રિપોર્ટ પ્રમાણે હાલના ધડાકાની પ્રક્રિયા જે છે એ ખૂબ જ ધીમી છે, સ્વાર્મ પ્રકારના સૂક્ષ્મ પ્રકારની પ્રક્રિયાના કારણે આ ધડાકા હોવાનું જણાયેલ છે. આ ધડાકાની માત્રા ૦.૮ થી ૨.૭ વચ્ચે જોવા મળેલ છે. આ ધડાકાનું ઉદ્‌ભવ કેન્દ્ર હરિપુરાથી ઉત્તર પશ્ચિમે અંદાજે ૩ કિલોમિટર અને તલાલાથી ઉત્તર પશ્ચિમે ૧૨ કિલોમિટર દેવડીયાનેસ નજીક ગીર રિઝર્વ ફોરેસ્ટમાં જણાયેલ છે. આ ધડાકાઓ અંદાજે ૨ કિલોમિટરની ઊંડાઈએથી થતા હોવાનું જણાયેલ છે. આ પ્રકારના ખૂબ જ ઓછી માત્રાના કંપન અવાજ સાથેના થતા ધડાકાઓ લો લેવલ મેગ્નેટીક એકટીવિટી ધરતીના ઉપરના પડની તિરાડોના હલન-ચલનના કારણે થતા હોવાનું જણાયું છે. આ ધડાકાઓ સ્વાર્મ ટાઈપનો અવાજ આવતો હોય એવો અવાજ આવે છે. જે કિસ્સામાં ધડાકા થયા હોય પરંતુ જમીનમાં કયાંય અમથી પણ તિરાડ પડી ન હોય એવા કિસ્સામાં સુપર સોનિક બૂમના કારણે હોઈ શકે એવું તારણ કાઢવામાં આવ્યું છે. આ ધડાકાના અવાજો બાદ વાતાવરણમાં કોઈ વાસ જણાતી નથી અને જમીનની સપાટી ઉપર કોઈ ધ્રુજારી જણાતી નથી. આ ધડાકાનું મુખ્ય કારણ છે જે વાત કરી છે એ પ્રમાણે ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ કચ્છમાં ૮ મેગ્નીટયૂડની તીવ્રતાવાળો ભૂકંપ આવ્યો એ પછી ૩૫૦ થી ૪૦૦ કિલોમિટરની અંદર પાણીના પ્રવાહમાં ફેરફાર થયો છે. જેના કારણે ઝરણાની દિશા પણ બદલાઈ છે, વળી ૨૦૦૩-૦૪ માં વરસાદ સારો થયો છે અને એના કારણે પણ વરસાદનું પાણી જે ઝડપથી અંદર ઊતર્યુ છે. એમાં પણ કેટલાક નીચે બે કિલોમિટર ફોર્સમાં પાણી જાય એમાં પણ કેટલાંક અવાજો થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, આવા અવાજો દોઢ-બે વર્ષ પહેલા ભાવનગરની અંદર પણ એ વખતે ઈલેકટ્રોનિક સાધનો દ્વારા લેટેસ્ટ ઈન્સ્ટ્રુમેન્ટસ્ દ્વારા ત્યાં ચકાસણી કરવામાં આવી હતી. આજે ભાવનગરમાં છેલ્લા એકાદ વર્ષથી આવા ધડાકાઓ બંધ થઈ ગયા છે અને આ ધડાકાઓ છેલ્લા ૧૫ દિવસથી કોઈ નોંધનીય આવો કોઈ અવાજ, આવી કોઈ માહિતી આવી નથી અને આનાથી કોઈ નુકસાન કે જાનહાનિની માહિતી આવી નથી.

**શ્રી રતિલાલ ગો. સુરેજા**: માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે લોકોમાં જે ભય વ્યાપી ગયો હતો, એ ભય ઓછો થાય એના માટે પગલા લીધા એ બરાબર છે પણ પગલા લીધા ત્યારે લોકોની જાણકારી માટે આપ શું કરવા માગો છો?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, ડિસેમ્બર-૨૦૦૪ માં દિલ્હી અને પૂનાથી પધારેલી ડાયરેકટર ઓફ સિસ્મોલોજિસ્ટ અને ડો. અરૂણ બાપટની જે ટીમ આવી હતી એ ટીમ ત્રણ દિવસ રોકાયેલ હતી.

**અધ્યક્ષશ્રી** : નહિ એમ નહિ, એની માહિતી લોકો સુધી પહોંચાડવા શું કર્યુ છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : હરીપુરા ગામમાં ૩-૧૨-૨૦૦૪ ના રોજ ત્યાં મિટિંગ યોજવામાં આવી, લોકડાયરાના સાંસ્કૃત્તિક કાર્યક્રમનું આયોજન કરી બાળકોના મનમાંથી ભૂકંપનો ભય દૂર થાય એવા કાર્યક્રમો યોજ્યા હતા. તજજ્ઞ- એકસપર્ટની મુલાકાત બાદ ત્યાં કોન્ફરન્સ પણ રાખવામાં આવી હતી અને મીડિયાના

માધ્યમ દ્વારા લોકોને આમાંથી ક્યા પ્રકારની બાબત છે એની પૂરતી જાણકારી આપવામાં આવી, એનાથી પણ વધારે ગેરી વડોદરા જીએસડીએમએ ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યમાં કુલ ૪૦ જેટલા સિસ્મોલોજીક ઓબ્ઝર્વેટરીઝ યંત્ર મૂકવાનું આયોજન કરવામાં આવ્યું છે એટલે પરમેનન્ટ આવા સાધનો મૂકવામાં આવ્યાં છે.

**શ્રી મહેન્દ્ર લી. મશરૂ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે પૂછવા માગું છું કે જુનાગઢ જિલ્લાના તલાલા તાલુકાના મોટાભાગના ગામડામાં છેલ્લા કેટલાક મહિનાઓથી આ ભૂગર્ભ ધડકાઓને કારણે નિહિત ધરતીકંપ જેવું વાતાવરણ ઊભું થયું છે, આના પરિણામે ગામડાના કાચા મકાનોમાં સેંકડોની સંખ્યામાં તિરાડો પડી છે. અનેક લોકો ભયજનક સ્થિતિમાં જીવી રહ્યાં છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું અને પૂછવા માગું છું કે આવા મકાનોનો સરવે કરીને જે ભયજનક મકાનો છે એ ભયજનક મકાનોના મજબૂતીકરણ કરવા માટે રાજ્ય સરકાર કોઈ આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના જીએસડીએમએ વિભાગ દ્વારા આવી એક આખી પુસ્તિકા મકાન બાંધવાની બહાર પાડવામાં આવી છે એના દ્વારા પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે આવા ધડાકા કે ભૂકંપ વખતે ક્યા ટાઈપના મકાનો બાંધવા, કેવી ડિઝાઈન કરવી એવી આખી પુસ્તિકા બહાર પાડવામાં આવી છે અને એના દ્વારા પણ માહિતી આપવામાં આવી છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જણાવ્યું એમ ભાવનગરમાં ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ પહેલાથી, એ માર્ચ ૨૦૦૦ થી ઓગસ્ટ-સપ્ટેબર ૨૦૦૦ સુધી આ પ્રકારના ધડાકાથી સહન કરતું રહ્યું છે, અહીંયા છેલ્લા પેરેગ્રાફમાં કહ્યું છે કે એમાં સમાવિષ્ટ થતાં ભૂકંપ બાદના આફટર શોક છે. અમારે આની પહેલા આવ્યાં હતા. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ પછી નથી આવ્યા, પણ મારે એ જણાવું છે કે ભાવનગરમાં સિસ્મોલોજીકલ યંત્ર અને માઈક્રો અર્થકવેક રેકોર્ડર રાખવામાં આવ્યા હતા એ હાલમાં રાખવામાં આવેલ છે કે કેમ? અને ભવિષ્યમાં આવી કોઈ કાયમી વ્યવસ્થા ઊભી કરવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એમ રાજ્યના જીએસડીએમએ દ્વારા આવા ૪૦ જેટલા સિસ્મોલોજીકલ યંત્રો મૂકવાનું પ્રાયોજન કર્યુ છે એમાં ભાવનગરનો પણ સમાવેશ છે અને જે બાપટનો રિપોર્ટ આવ્યો છે એમાં અવાજનું મૂળ ધરતીકંપ હોવાનું જણાતું નથી એવું એમણે એમના રિપોર્ટમાં સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અઠવાડિયા પહેલાં જ ગૃહમાં વાત કરેલી કે શનિ-રવિમાં માળિયા તાલુકાનું જલંધર ગામમાં કે જે તલાલાની બિલકુલ બોર્ડર ઉપર છે, મારી વાડી અને ભીખાભાઈની વાડી બિલકુલ બાજુ બાજુમાં છે. રાત્રીના બે વાગ્યે ખરેખર એવા ધડાકાઓ થયા કે એની કલ્પના બહાર હતા, એમ થયું કે બોમ્બ પડ્યો કે આંતકવાદીઓ આવ્યાં કે આ શું છે? માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં ભાવનગરમાં ધડાકાઓ થતા હતા હવે જુનાગઢમાં ધડાકાઓ થાય છે અને હવે તો અહીં, કાલે તો ગાંધીનગર સુધી ધડાકાઓ ચાલુ થઈ ગયા છે, ગાંધીનગરમાં પણ ગઈકાલથી ધડાકા ચાલુ જ છે તો આ ધડાકાઓના હિસાબે જે ખેડૂતોના કૂવાઓ છે એ કૂવાના પાણીના તળમાં જે પાણી નહતા, આ ભીખાભાઈના કૂવામાં પાણી નહતું ત્યાં પાણી ફૂટ્યું અને મારા પોતાના કૂવામાં જે પુષ્કળ પાણી હતું એ પાણી ખલાસ થઈ ગયું, તો આના માટે સરકાર કોઈ વિચારણા કરવા માગે છે કે કેમ ?

બીજું, આપના દ્વારા કે, શ્રી મહેન્દ્રભાઈએ જે વાત કરી કે, આ સૂત્રાપાડા તાલુકામાં મારું પોતાનું વતન છે સૂત્રાપાડા ગામમાં ધડાકાઓ થયા એમાં મકાનોને તીરાડો પડી છે, મકાનો પડી જાય એવી પરિસ્થિતિમાં છે તો આવા મકાનોમાં રાજય સરકારની કોઈ સ્કીમ કે એનાથી નવા મકાનો, ગરીબ માણસો એ મકાનોમાં રહી શકે એવી સ્થિતિમાં નથી તો એ સ્કીમ દ્વારા નવા મકાનો બનાવવા માગે છે કે કેમ? અને આવી સ્થિતિમાં આ ભય કાઢવા માટે ક્યાંક તો સુનીલભાઈને અમારા જિલ્લામાં મોકલી આપો અથવા આ ભાવનગર અને જુનાગઢ પછી ગાંધીનગરમાં સ્થિર, ધડાકાઓ થાય એવી હું આપના દ્વારા વિનંતી કરું છું.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજય માટે આ એક ચિંતાનો વિષય છે ભૂતકાળમાં આપણે ઘણું સહન કર્યું છે પ્રિકોશનના ભાગ રૂપે રાજય સરકારે જે કંઈ કરવું પડશે એ કરે છે અને કરી છૂટશે, અને આ ધડાકાઓની બાબતમાં અમારી પાસે આજની તારીખે એવું કોઈ ચોક્કસ નુકસાન કે વિગતો નથી, આપે તો ચોક્કસ પછી વિચાર કરી શકાય.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે આ ગંભીર ચિંતાનો વિષય છે, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યું છે કે, ક્યારેક સુપર સોનિક વિમાનની ગતિના કારણે આવું સર્જાય છે તો આ સમયે સુપર સોનિક વિમાન પસાર થયું હતું કે કેમ એની કોઈ તપાસ કરવામાં આવેલ છે કે કેમ ? બીજું, શ્રી મહેન્દ્રભાઈએ કહ્યું એ પ્રમાણે તલાળાના હરિપુરમાં છેલ્લા કેટલાય સમયથી આ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થઈ છે પણ હજુ સુધી કોઈ નક્કર રીતે આપણે કહી શકતા નથી કે ખરેખર આના કારણે જ આ પરિસ્થિતિ નિર્માણ થાય છે તો નક્કર સ્થિતિ જાણવા માટે રાજય સરકાર કોઈ ઉંડાણથી વ્યવસ્થા કરવા માગે છે કે કેમ કે જેથી લોકો આ પરિસ્થિતિમાંથી અને ભયમાંથી બહાર નીકળી શકે ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ રાજય સરકાર ચોક્કસ ચિંતિત છે, દિલ્હીના આ વિષયના નિષ્ણાંત લોકોને આપણે ત્યાં બોલાવ્યા છે, ચાર-પાંચ દિવસ-રાત્રે ત્યાં રોકયા છે જે સમયે ધડાકાઓ આવતા હતા અને એ જે કાંઈ માહિતી આપે અને જે કાંઈ કામગીરી કરવાની રાજય સરકારને સૂચનાઓ આપે છે એ રાજય સરકાર તુરત જ એને હાથ ઉપર લે છે.

**ડૉ. અતુલ કે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ ધડાકાઓ આટલા લાંબા સમયથી છે તો લોકોમાં કોઈ માનસિક ડિપ્રેશનના રોગો નોંધાયા છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : કોઈ માહિતી નથી આવી અમારી પાસે.

# ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રીનું નિવેદન

### ખેડૂતોના કાયમી ધોરણે કપાયેલ ખેતી વિષયક વીજ જોડાણ પુનઃચાલુ કરાવવા માટે આપવામાં આવતા અંદાજમાં ઘટાડા અંગે

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કાયમી ધોરણે કપાયેલ ખેતી વિષયક વીજ જોડાણ પુનઃ ચાલુ કરાવવા માટે ખેડૂતોને આપવામાં આવતા અંદાજપત્રની રકમમાં ઘટાડો કરવામાં આવે તેવી રજૂઆતો થતી રહી છે. તે બાબતે રાજય સરકારે ખેડૂતોની માગણીને લક્ષ્યમાં લઈને ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા ખેતી વિષયક વીજ જોડાણ કાયમી ધોરણે કપાયેલ તારીખથી છ માસથી વધુ પરંતુ બે વર્ષ સુધીના સમય માટે પુનઃચાલુ કરાવવા માટે અપાતા અંદાજપત્રની શરતોમાં ફેરફારો કરવાનો નિર્ણય કરેલ છે. આવા જોડાણોના પુનઃ જોડાણ માટે નીચેની શરતોથી અંદાજપત્રો અપાશે.

**૧.** કાયમી ધોરણે વીજ જોડાણ કપાયેલ તારીખથી છ માસથી વધુ પરંતુ બે વર્ષ સુધીના સમયગાળા માટે:

- જો લાઈન અંશતઃ હયાત હોય તો તે હયાત લાઈનનો ચાર્જ લેવામાં આવશે નહિ, પરંતુ ઊભી કરવી પડતી જરૂરી લાઈન માટે નાખવા પડતા માલ-સામાનની કિંમત, મજુરીની કિંમત તેમજ સુપરવિઝન ચાર્જ ઉપરાંત સર્વિસ કનેક્શન ચાર્જ ગુજરાત વિદ્યુત બોર્ડના ધારાધોરણ મુજબ વસૂલ કરવામાં આવશે.
- જો આવા કિસ્સામાં નવી લાઈન તથા ટ્રાન્સફોર્મર સેન્ટર ઊભા કરવા જરૂરી હોય તો, તેનો ચાર્જ તત્કાલ યોજના મુજબ નહિ પરંતુ પ્રર્વતમાન ધોરણ મુજબ વસૂલ કરાશે.
- આ કિસ્સામાં મળવાપાત્ર લાભ મૂળ ગ્રાહક અથવા તેના કાયદેસરના વારસદાર જે તે જગ્યાએ જ પુનઃ જોડાણ માટે અરજી કરે તો જ મળી શકશે.
- અને હોર્સ પાવર દીઠ રૂપિયા ૩૫ લેખે મૂળ વીજભાર માટે કાયમી ધોરણે બંધ રહેલ સમયનું બીલ ભરપાઈ કરવાની શરતે આપવામાં આવશે.
- પરંતુ જો મૂળ જગ્યા સિવાય ગ્રાહક અથવા તેના કાયદેસરના વારસદાર પુનઃ જોડાણ અન્ય જગ્યાએ માગે તો આ લાભ મળી શકશે નહીં.

૨ રાજયમાં દુષ્કાળ -અછતના કારણે ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી રાજય સરકારે ખાસ કિસ્સા તરીકે જાન્યુઆરી-૨૦૦૧ થી કાયમી ધોરણે કપાયેલ ખેતી વીજ જોડાણોને પુનઃ ચાલુ કરાવવા માટે આ યોજના હેઠળ સમાવેશ કરેલ છે. આવા કિસ્સાઓમાં આ યોજના જાહેર થયેથી ચાર માસમાં અરજી કરવાની રહેશે.

રાજય સરકારના આ નિર્ણયથી ખેડૂતોના કાયમી ધોરણે કપાયેલા વીજ જોડાણો પુનઃ ચાલુ કરાવવા માટે ખેડૂતો ઉપર આર્થિક ભારણ ઘટશે એટલું જ નહીં પરંતુ રાજયના કૃષિ ઉત્પાદનમાં ચોકકસપણે વધારો થશે.

રાજય સરકારના આ નિર્ણયથી માનનીય ગૃહને વાકેફ કરૂં છું.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## સન ૨૦૦૫-૨૦૦૬નું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું અંદાજપત્ર

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૦૫-૨૦૦૬નું અંદાજપત્ર તથા સન ૨૦૦૪-૨૦૦૫ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત હાઉસીંગ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

### સન ૨૦૦૨-૨૦૦૩નો ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનો વાર્ષિક અહેવાલ

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૦૨-૨૦૦૩ના વાર્ષિક હિસાબ, ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગની તા.૧૧-૮-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક: જીએસ-૨૦૦૪-(૩૦)-પીએસસી-૧૦૨૦૦૩-૧૧૭૯-ગ.૨ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

### ગૃહ વિભાગની અધિસૂચના

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવાઓ જાળવણી અધિનિયમ અન્વયેની તા.૨૧-૧૨-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક:જીજી-૨૦૦૪- ૧૨૨-એસટીસી-૩૪૯૭- ૪૨૬૮- પાર્ટફાઈલ/ ઘ. સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## નાણાકીય સમિતિઓ અને સેનેટ પ્રતિનિધિની ચૂંટણી માટેના સુધારેલ કાર્યક્રમની જાહેરાત

**અધ્યક્ષશ્રી :** અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ પર સભ્યોની અને વીર નર્મદ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર એક પ્રતિનિધિની ચૂંટણી કરવા માટે અગાઉ તારીખ: ૧-૩-૨૦૦૫ના રોજ સુધારેલ કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી. આ કાર્યક્રમ અનુસાર નામ નિર્દેશન પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૦-૩-૨૦૦૫ ઠરાવી હતી. ત્યાર બાદ શાસક પક્ષના મુખ્ય દંડકશ્રીએ અને વિરોધ પક્ષના દંડકશ્રીએ આ ચૂંટણી માટેના નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની મુદત લંબાવી આપવા મારી સમક્ષ રજૂઆત કરી હતી જે મેં ગ્રાહય રાખી છે અને આ ચૂંટણી માટે હું નીચે મુજબ કાર્યક્રમ ઠરાવું છું.

- નામ નિર્દેશન પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય : ગુરુવાર તા: ૧૭-૩-૦૫ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી
- નામ-નિર્દેશન પત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ : શુક્રવાર, તા:૧૮-૩-૨૦૦૫ સાંજના ૫-૩૦ વાગ્યે નાયબ સચિવશ્રી મહેન્દ્ર જે.પરમારની ચેમ્બરમાં.

- નામ-નિર્દેશન પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ અને સમય : ગુરુવાર તા.૨૪-૩-૨૦૦૫, સાંજના ૫-૦૦ વાગ્યા સુધી.
- મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ : પાછળથી જાહેર કરવામાં આવશે.

## મુલતવી રાખેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય

**અધ્યક્ષશ્રી :** તા. ૨૮-૨-૨૦૦૫ના રોજ તારાંકિત પ્રશ્નોત્તરી પૂરી થયા બાદ માનનીય સભ્ય ડો. ચંદ્રિકાબેન ચુડાસમાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને રજૂઆત કરી હતી કે રાજયમાં બી.એડ અને પી.ટી.સી. કોલેજોને મંજૂરી આપવા બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૯૮૫૨ ની પૂરક પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય શિક્ષણમંત્રીશ્રી દ્વારા તેમના જવાબમાં ઉક્ત પ્રશ્ન પૂછનાર માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાને ઉદ્દેશીને કરેલા કેટલાક ઉચ્ચારણો પ્રશ્ન પૂછનાર સભ્ય માટે બદનક્ષીકારક હોઈ કાર્યવાહીમાંથી તે દૂર કરવા જોઈએ. માનનીય સભ્યશ્રીએ તેમના મુદ્દાના સમર્થનમાં જણાવ્યું હતું કે ગૃહના સભ્યો જ્યારે જાહેર હિતને લગતી બાબતના પ્રશ્નો પૂછતા હોય ત્યારે મંત્રીશ્રી દ્વારા પ્રશ્ન પૂછનાર સભ્યને એમ કહેવું કે તેમની કોલેજને એન.ઓ.સી. આપી નહિ, એટલે તેઓ આ પ્રશ્ન અહી લઈ આવ્યા છે, તે કોઈપણ રીતે યોગ્ય નથી. આ તબક્કે માનનીય વિરોધ પક્ષના નેતા શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ રાંધણગેસના સિલિન્ડર ઉપર વેચાણવેરા પેટે થયેલ આવક અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૮૨૬૨ની પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજયને નજીકના ભવિષ્યમાં પાઈપલાઈન મારફત ગેસ પૂરો પાડવામાં આવશે તેવી જે માહિતી આપી હતી, તે મૂળ પ્રશ્ન સાથે સુસંગત ન હતી અને માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આ પ્રકારે દરમ્યાનગીરી કરીને ગૃહને મૂળ પ્રશ્ન સાથે સુસંગત ન હોય તેવી માહિતી આપી તે ગૃહના નિયમો અને પ્રણાલિકા સાથે સુસંગત નથી તેમ જણાવી મૂળ પોઈન્ટ ઓફ ઓર્ડરથી અલગ બીજો મુદ્દો મારી સમક્ષ ઉપસ્થિત કર્યો હતો. આ મુદ્દો ઉપસ્થિત કરતી વખતે તેમણે ગૃહની કાર્યવાહીના સંચાલન સંબંધે અધ્યક્ષની કામગીરી પ્રત્યે શંકા ઊભી થાય તેવા કેટલાક ઉચ્ચારણો પણ કર્યા હતા.

પોઈન્ટ ઓફ ઓર્ડરના ઉક્ત બંને મુદ્દાઓ સંબંધમાં માન. વિરોધપક્ષના નેતાશ્રી, સંસદીય બાબતોના મંત્રીશ્રી, ગૃહ રાજયમંત્રીશ્રી, શિક્ષણ મંત્રીશ્રી, જળસંપત્તિ મંત્રીશ્રી, ઊર્જા રાજય મંત્રીશ્રી, સભ્યશ્રી ડો. દિનેશભાઈ પરમાર અને શ્રી પુંજાભાઈ વંશે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા. આ સંબંધમાં રેકર્ડ જોયા પછી હું મારો નિર્ણય આપીશ તેમ મેં જણાવ્યું હતું.

ઉક્ત બંને મુદ્દાઓને લગતી સમગ્ર કાર્યવાહી નોંધ હું જોઈ ગયો છું. કાર્યવાહી નોંધ પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે માન. સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ પૂરક પ્રશ્ન પૂછતી વખતે સરકારની કામગીરી અંગે કેટલાક આક્ષેપાત્મક ઉચ્ચારણોની પૂર્વભૂમિકા બાંધીને વર્ષ ૨૦૦૪માં એન.ઓ.સી. માટે જિલ્લાવાર કુલ કેટલી અરજીઓ આવી તેમાંથી કેટલી અરજીઓને મંજૂરી આપવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી તથા સન ૨૦૦૪ની અંદર જે લોકોને એન.ઓ.સી. આપી છે, તે કઈ કઈ સંસ્થાઓ છે અને બાકીની નામંજૂર થયેલી અરજીઓ કઈ કઈ છે, તે જાણવા માગ્યું હતું. માનનીય શિક્ષણમંત્રીશ્રી ઉક્ત પૂરક પ્રશ્નોના પ્રત્યુત્તર આપે તે પહેલા માનનીય સભ્યશ્રીના સરકારની કામગીરી અંગેના આક્ષેપાત્મક ઉચ્ચારણો સંબંધે સંસદીય બાબતોના મંત્રીશ્રીએ મારું ધ્યાન દોરતા મેં તે ઉચ્ચારણો ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો તત્સમયે આદેશ આપ્યો હતો. ત્યારબાદ શિક્ષણમંત્રીશ્રીએ જે કોલેજોને મંજૂરી આપી હતી, તે પૈકી કેટલીક કોલેજો / સંસ્થાઓનાં નામો જણાવ્યા બાદ પ્રશ્ન પૂછનાર સભ્યશ્રીને ઉદ્દેશીને જે વાંધાજનક ઉચ્ચારણો કર્યા હતા તે સભ્યશ્રી માટે બદનક્ષીકારક હોઈ, માન.સભ્યશ્રી ડો.ચંદ્રિકાબેન ચુડાસમાએ ઉપસ્થિત કરેલો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો મંજૂર રાખીને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૩૬(૧) હેઠળ તે શબ્દો ગૃહની કાર્યવાહીમાંથી મેં દૂર કર્યા છે.

આ તબક્કે એક મહત્ત્વની બાબત મારે ગૃહના ધ્યાન પર મૂકવાની કે સુસ્થાપિત સંસદીય કાર્યરીતિ અને પ્રણાલિકાઓ અનુસાર પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પ્રજાને સ્પર્શતા પ્રશ્નોની ગૃહમાં રજૂઆત કરતી વખતે હંમેશા જાહેર હિતને જ પ્રાધાન્ય આપવું જોઈએ. ગૃહ સમક્ષ કોઈપણ પ્રશ્નની રજૂઆત કરતી વખતે તે પ્રશ્નમાં તેમનું પોતાનું સહેજ પણ અંગત હિત સમાયેલું હોય તો ચૂંટાયેલા સભ્યોએ પાળવાની આચારસંહિતા મુજબ સૌ પ્રથમ તેની જાહેરાત કરીને જ તે પ્રશ્નની ગૃહ સમક્ષ રજૂઆત કરવી જોઈએ. મારા પૂરોગામી અધ્યક્ષે પણ આ બાબતમાં એવો નિર્ણય આપ્યો છે કે "કોઈ પણ ધંધા - વ્યવસાય સાથે જોડાયેલા સભ્ય તે ધંધામાના પોતાના અંગત હિત માટેના પ્રશ્નો પૂછી શકશે નહીં." ( જુઓ અધ્યક્ષના અગત્યના નિર્ણયો, સન ૧૯૮૫ થી ૨૦૦૨, નિર્ણય ક્રમાંક-૫૧)

આ ઉપરાંત સન ૨૦૦૧માં નવી દિલ્હી ખાતે મળેલ વિધાન મંડળોના પ્રમુખ અધિકારીઓની પરિષદ કે જેમાં તમામ પક્ષોના નેતાઓ, દંડકો તથા ઉચ્ચ પદાધિકારીઓએ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પાળવાની આચાર સંહિતાનો અમલ કરવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો છે, ત્યારે મને લાગે છે કે સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ પોતાના અંગત હિતને સ્પર્શતા પ્રશ્નો પૂછવાથી દૂર રહેવું જોઈએ. ભવિષ્યમાં આ બાબતમાં ગૃહના સૌ સભ્યો તકેદારી રાખશે તેવી હું આ તબક્કે અપેક્ષા રાખું છું.

પોઈન્ટ ઓફ ઓર્ડરના ઉક્ત મુદાની સાથે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલા બીજા પોઈન્ટ ઓફ ઓર્ડર સંબંધે તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૮૨૬૨ની કાર્યવાહી નોંધ હું જોઈ ગયો છું. રાજયમાં રાંધણગેસના સિલિન્ડર પરના વેચાણવેરા અંગેના માનનીય સભ્યશ્રી પુંજાભાઈ વંશ દ્વારા પૂછાયેલા પ્રશ્ન પરની પૂરક પ્રશ્નોત્તરી દરમ્યાન "ગુજરાત સરકાર ગેસ સિલિન્ડર પર સ્પેશ્યલ સબસીડી આપીને મહિલાઓને રાહત આપવા માગે છે કે કેમ" તેવા સભ્યશ્રી ડો. ચંદ્રિકાબહેન ચુડાસમા દ્વારા પૂછવામાં આવેલા એક પૂરક પ્રશ્નનો માનનીય નાણામંત્રીશ્રી દ્વારા જવાબ અપાયા બાદ માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રશ્ન અંગે ગૃહને વિશેષ માહિતી પૂરી પાડવાના હેતુથી એવું જણાવ્યું હતું કે રાજયમાં નજીકના ભવિષ્યમાં જ પાઈપલાઈન મારફત ગેસ ઉપલબ્ધ થનાર હોઈ હવે આ સમસ્યા રહેશે નહીં. મને લાગે છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વિશેષ માહિતી ગૃહને આપી હતી તે સભ્યશ્રી ડો. ચંદ્રીકાબહેન ચુડાસમા તથા સભ્યશ્રી ગોવાભાઈ રબારીએ પૂછેલા પૂરક પ્રશ્ન સાથે સુસંગત હતી. કારણ કે મૂળ પ્રશ્નને પરોક્ષ રીતે વિસ્તૃત કરેલ ક્ષેત્ર મર્યાદામાં મેં જયારે બંને સભ્યશ્રીઓના પૂરક પ્રશ્નો માન્ય કર્યા ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે પ્રત્યુત્તર આપ્યો હતો તે નિયમો અને પ્રણાલીઓ સાથે સુસંગત છે એમ મને લાગે છે. કારણ કે મંત્રીમંડળના વડા તરીકે કોઈપણ ખાતાને લગતા પ્રશ્નો પર દરમ્યાનગીરી કરવાનો કે માર્ગદર્શન આપવાનો તેઓને અધિકાર છે અને આ જ કારણોસર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો આ બાબતને લગતો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદો હું સ્વીકારી શકતો નથી.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી દ્વારા સદરહુ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદો ઉપસ્થિત કરતી વખતે ગૃહની કાર્યવાહીના સંચાલન સંબંધે અધ્યક્ષશ્રીની કામગીરી પ્રત્યે શંકા ઉભી થાય તેવા જે ઉચ્ચારણો કરવામાં આવ્યા હતા તેને હું વિધાનસભાના નિયમોના નિયમ ૩૬(૧) હેઠળ ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરું છું.

એક બીજી બાબત પણ આ તબકકે મારે ગૃહના ધ્યાન પર મૂકવાની કે પોઈન્ટ ઓફ ઓર્ડરને લગતા વિધાનસભાના નિયમોના નિયમ ૪૭ની જોગવાઈઓ તથા તે સંબંધેના મારા પૂરોગામી અધ્યક્ષોના નિર્ણયો મુજબ એક પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદો પૂર્ણ થયા બાદ જ બીજો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાય. પ્રસ્તુત કિસ્સામાં પ્રથમ પોઈન્ટ ઓફ ઓર્ડરથી સ્વતંત્ર રીતે ગૃહની કાર્યવાહી સંબંધિત બીજી બાબત અંગે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે મુદો ઉપસ્થિત કર્યો હતો તે પોઈન્ટ ઓફ ઓર્ડર અંગેના નિયમો સાથે સુસંગત ન હતો તેમ મને લાગે છે. ભવિષ્યમાં આ બાબતમાં વિશેષ કાળજી રાખશે તેની પણ હું આ તબકકે અપેક્ષા રાખું છું.

આજરોજ ગૃહની પ્રથમ બેઠકના વિરામ બાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદો ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે ગઈકાલે માનનીય શિક્ષણમંત્રીશ્રીએ તેમના વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતી વખતે રાષ્ટ્રપિતા પૂજય મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ અંગે જે શબ્દો ઉચ્ચાર્યા હતા તે આ બંને મહાનુભાવો માટે યોગ્ય ન હોઈ તે ઉચ્ચારણો સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવા જોઈએ. આ બાબતમાં સભાપતિશ્રીએ ગૃહની કાર્યવાહીનો રેકર્ડ જોઈને નિર્ણય કરશે તેમ તત્સમયે જણાવ્યું હતું.

આ બાબતમાં ગૃહની કાર્યવાહીનો રેકર્ડ મેં જોયો છે અને તે જોતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ અંગે કરેલા ઉચ્ચારણો આ મહાનુભાવોની પ્રતિભા માટે યોગ્ય ન હોઈ તે ઉચ્ચારણો વિધાનસભાના નિયમોના નિયમ ૩૬(૧) હેઠળ ગૃહની કાર્યવાહીમાંથી મેં દૂર કર્યા છે. પ્લીઝ નેકસ્ટ

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

**માગણી ક્રમાંક : ૫૭.**

**શ્રી રમણલાલ ઈ. વોરા (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૧૨,૯૫,૭૪,૦૦૦/- ની માગણી ક્રમાંક:૫૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૬ રજૂ કરવામાં આવી. :**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર :૯૨**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૨,૨૯,૯૬,૫૯,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂ. ૨,૦૪,૯૧,૦૦૦ ની માગણી ક્રમાંક ૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૯૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગ. ઠાકોર** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું. :

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરવામાં આવી. :**

**શ્રી માધુભાઈ જે. ભોયે** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું. :

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરવામાં આવી. :**

**ડો. દિનેશ પરમાર** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું. :

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી. :**

**શ્રી હેમાજી દ. રાજપૂત** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરવામાં આવી. :**

**ડો. અનિલ જોષીયારા** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી શીવજીભાઈ ક. આહીર** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૯ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર : ૯૫**

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૩,૩૫,૩૩,૫૫,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂ. ૨૩,૦૩,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૯૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. દિનેશ પરમાર** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪૪ અને ૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૪ અને ૪૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. દિનેશ પરમાર** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૯૮**

**શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ (રાજય કક્ષાના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત ગમત, યુવા અને સાંસ્કૃત્તિક વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૩૦,૨૭,૨૨,૦૦૦ની માગણી ક્રમાંક ૯૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૯૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૫૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૫૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૫૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૨ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬૪ રજૂ કરવામાં આવી.**

## સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની ગુરુવાર, તા.૧૦–૩–૨૦૦૫ (બીજી બેઠક) (આઠમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| શ્રમ અને રોજગાર વિભાગ<br>માગણી નં.૫૭ | | | | |
| *૧. | ૨૨૩૦-શ્રમ અને | ૧૦૦ | શ્રમિકોને તબીબી સવલતો સરળતાથી | |

| | | | | |
|---|---|---|---|---|
| | રોજગાર<br>૦૧-શ્રમ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-એલબીઆર-૧ શ્રમ આયુકત<br>રૂા.૨,૮૯,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫ પા.નં.૬-૭ | | આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨. | --"-- | ૧૦૦ | શ્રમ આયુકત કચેરીનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જગદીશ ઠાકોર |
| ૩. | --"-- | ૧૦૦ | રાજયની બંધ પડેલી મિલોના કામદારોના બાકી લહેણાંની રકમ ચૂકવવામાં રખાતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૪. | --"-- | ૧૦૦ | શ્રમિકોના પડતર પ્રશ્નો/કેસોનો સમયસર ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માધુભાઈ ભોયે |
| *૫. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૦૦૪-સંશોધન અને આંકડા<br>૦૧-સામાજિક આર્થિક મોજણી<br>રૂા.૨૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫ પા.નં.૧૦ | ૧૦૦ | રોજગારી અંગેની માહિતીના વાસ્તવિક આંકડા પ્રસિધ્ધ કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૬. | --"-- | ૧૦૦ | શ્રમયોગીઓની સલામતિ તથા વ્યાવસાયિક આરોગ્ય વિષયક સંશોધન કામગીરી કરી આંકડા પ્રસિધ્ધ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જેશાભાઈ બારડ |
| ૭. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૧૦૧-ઔદ્યોગિક સંબંધો<br>૦૧-એલબીઆર-૨ જિલ્લા મહેકમ<br>રૂા.૩,૨૧,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫ પા.નં.૧૩-૧૪ | ૧૦૦ | કોન્ટ્રાકટરો દ્વારા મજૂરોનું શોષણ થતું અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૮. | --"-- | ૧૦૦ | મજૂરો અને માલિકો વચ્ચેના ઔદ્યોગિક સંબંધો સુદ્રઢ બને તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૯. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૧૦૨-કામકાજની ... સલામતિ<br>૦૧-એલબીઆર-૧૦ અકસ્માતો ... એકમ<br>રૂા.૭૫,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫ પા.નં.૨૪-૨૫ | ૧૦૦ | કારખાનાઓમાં સલામતિના સાધનોની ચકાસણી નિયમિત કરવામાં અને સુરક્ષા ધારાનો ખુલ્લેઆમ ભંગ કરનાર જવાબદારો સામે સખત પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૧૦. | --"-- | ૧૦૦ | જોખમવાળી કામકાજની જગાઓ ઉપર શ્રમિકોને જરુરી સલામતિનાં સાધનો પૂરાં પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હેમાજી રાજપૂત |
| *૧૧. | --"-- | ૧૦૦ | શ્રમિકોની કામકાજની સલામતિ અંગે માલિકો દ્વારા સેવાતું દુર્લક્ષ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨. | --"-- | ૧૦૦ | શ્રમિકોના કામકાજના સ્થળની નિયમિત દેખરેખ રાખવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૧૩. | --"-- | ૧૦૦ | ફરજ દરમિયાન અકસ્માતનો ભોગ બનેલા શ્રમિકોને સારવાર અપાવવામાં તથા આર્થિક નુકશાનની ચૂકવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| *૧૪. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર ૦૧-શ્રમ ૧૦૩-સામાન્ય મજૂર કલ્યાણ ૦૮-બીડીકામદારોનું કલ્યાણ રૂ.૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૫ પા.નં.૩૬ | ૧૦૦ | બીડી કામદારોના કલ્યાણ માટે નાણા ફાળવણીમાં થતો અન્યાય દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૧૫. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર ૦૧-શ્રમ ૧૦૩-સામાન્ય મજૂરકલ્યાણ ૧૬-બાળમજૂર ધારાનું અમલીકરણ .... રૂ.૪,૫૦,૦૦૦ અં.પ્ર.નં.૧૫ પા.નં.૩૬ | ૧૦૦ | બાળમજૂર ધારાનો થતો ખુલ્લેઆમ ભંગ અટકાવી બાળકો ઉપર થતો અત્યાચાર નિવારવામાં તંત્રની ઘોર નિષ્ફળતા. | |
| ૧૬. | --"-- | ૧૦૦ | હોટલો/કારખાના/ફેકટરીઓમાં બાળમજૂરોની વધતી જતી સંખ્યા નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| *૧૭. | --"-- | ૧૦૦ | બાળમજૂર ધારાનો સખતાઈથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૮. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર ૦૩-તાલીમ ૦૦૧-નિર્દેશ અને વહીવટ ૦૧-ઈએમપી-૫-રોજગાર ... બનાવવી રૂ.૧,૦૫, ૫૨,૦૦૦ અં.પ્ર.નં.૧૫ પા.નં.૫૯-૬૦ | ૧૦૦ | આઈ.ટી.આઈ.માં અપૂરતા સ્ટાફને કારણે વિદ્યાર્થીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી છનાભાઈ ચૌધરી |
| *૧૯. | --"-- | ૧૦૦ | આઈ.ટી.આઈ.ના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૨૦. | --"-- | ૧૦૦ | આઈ.ટી.આઈ.માં ઈન્સ્ટ્રકટરોની ખાલી જગ્યાઓ ન ભરાતાં તાલીમાથીર્ઓને પડતી હાડમારીઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માગણી નં.૯૨** | | | | |
| ૨૧. | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ ૦૩-પછાતવગોર્નું કલ્યાણ... ૦૦૧-નિર્દેશ અન વહીવટ ૦૨-બીસીકે-૧૨૮ સામાજિક ... બનાવવું. રૂ.૨,૩૨,૭૫,૦૦૦ અં.પ્ર.નં.૨૪ (ભાગ-૧) પા.નં.૨૩-૨૪ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વગોર્ના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટનો જરુરિયાત મુજબની કામગીરી પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોધાજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| *૨૨. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વગોર્ના વિકાસ માટે જરુરી ઉપાયો શોધી યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૨૩. | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૩-પછાતવગોર્નું કલ્યાણ...<br>૦૦૧-નિર્દેશ અન વહીવટ<br>૦૨-બીસીકે-૧૨૮ સામાજિક ... બનાવવું.<br>રૂા.૨,૩૨,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૧)<br>પા.નં.૨૩-૨૪ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વગોર્ના વિકાસને અવરોધતા પ્રશ્નો હલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૨૪. | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિમુકત... કલ્યાણ<br>૦૬-બીસીકે.૧૩૭-એસએસસી .....<br>શિષ્યવૃત્તિ<br>રૂા.૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૧)<br>પા.નં.૨૯ | ૧૦૦ | વિચરતી અને વિમુકત જાતિઓની વિદ્યાથિર્નીઓને એસ.એસ.સી. પછીના અભ્યાસ માટે શિષ્યવૃત્તિની રકમો સમયસર આપવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૫. | ૨૨૨૫-અનુસૂચિત ... કલ્યાણ<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિમુકત ... કલ્યાણ<br>૦૮-બીસીકે.૧૪૦ ધો.૧ થી ૭ .... કપડાં<br>રૂા.૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૧)<br>પા.નં.૨૯ | ૧૦૦ | વિચરતી અને વિમુકત જાતિનાં ધો.૧ થી ૭માં અભ્યાસ કરતા બાળકોને મફત પુસ્તકો અને કપડાં આપવામાં થતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૨૬. | ૨૨૨૫-અનુસૂચિત ... કલ્યાણ<br>૦૩-પછાત વગોર્નું કલ્યાણ<br>૧૦૨-આથિર્ક વિકાસ<br>રૂા.૪,૮૮,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૧)<br>પા.નં.૩૧ થી ૩૮ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના યુવાનોને વાંસકામ અને પરંપરાગત વ્યવસાય માટે સમયસર આથિર્ક સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા. | ર્ડા.દિનેશ પરમાર |
| *૨૭. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના યુવાનોને કુટિર ઉદ્યોગ માટે પૂરતી નાણાકીય સહાય આપી તેઓને પગભર કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૨૮. | --"-- | ૧૦૦ | રબારી અને ભરવાડોને ઉંટ (માદા) ખરીદી માટે પૂરતી નાણાકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૨૯. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વગોર્ના લેખકો અને કવિઓને તેમના પ્રકાશનો માટે પ્રોત્સાહિત કરી આથિર્ક લાભ/પ્રતિષ્ઠા મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૩૦. | ૨૨૨૫-અનુસૂચિત ... કલ્યાણ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વગોર્ના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષા માટેની | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ<br>૧૦૨-આર્થિક વિકાસ<br>રૂા.૪,૮૮,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૧)<br>પા.નં.૩૧ થી ૩૮ | | સઘન તાલીમ આપવા અંગે સુદ્રઢ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૩૧. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની મહિલાઓ આર્થિક રીતે પગભર થાય તે માટે તેમને સીવણકામની તાલીમ આપવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૩૨. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના શહેરી વિસ્તારના ઉદ્યોગ સાહસિકોને નાણાકીય સહાયમાં થતો અન્યાય નિવારી નાણાંની વધુ ફાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૩. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના બેરોજગાર યુવાનોને કોમ્પ્યુટર તાલીમ આપવાનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હેમાજી રાજપૂત |
| *૩૪. | --"-- | ૧૦૦ | પછાતવર્ગોના ઉત્થાન માટેની યોજનાઓમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૫. | --"-- | ૧૦૦ | પછાતવર્ગોના ઉત્થાન માટે તંત્ર દ્વારા દર્શાવાતી ઉપેક્ષા નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડાૅ.અનિલ જોષીયારા |
| ૩૬. | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૦૩-પછાતવર્ગોનું કલ્યાણ<br>૨૭૭-શિક્ષણ<br>૧૫-બીસીકે.૯૫ વિદ્યાર્થીઓ ....શાળાઓ<br>રૂા.૩,૬૫,૬૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૧)<br>પા.નં.૪૯-૫૦ | ૧૦૦ | પછાતવર્ગોના વિદ્યાર્થીઓને નિવાસી શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ તથા સારું શિક્ષણ મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૩૭. | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૦૩-પછાતવર્ગોનું કલ્યાણ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-બીસીકે.૧૨૧ સમાજ ...શિબિરો<br>રૂા.૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૧)<br>પા.નં.૬૧ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સમાજ શિક્ષણ શિબિરો યોજી તેઓની અંધશ્રધ્ધા/અજ્ઞાનતા દૂર કરવામાં અને શિબિરો પાછળ નાણાની પૂરતી ફાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શીવજીભાઈ આહીર |
| ૩૮. | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૦૩-પછાતવર્ગોનું કલ્યાણ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૭-બીસીકે.૯૭ સામાજિક... સાયકલ<br>રૂા.૩,૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૧)<br>પા.નં.૬૪ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ધો.૮માં અભ્યાસ કરતી કન્યાઓને મફત અને મજબૂત સાયકલો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| ૩૯. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની કન્યાઓને આપવામાં આવતી સાયકલના વિતરણમાં ચાલતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| *૪૦. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની ધો.૮માં ભણતી કન્યાઓને આપવામાં આવતી સાયકલોની ખરીદીમાં ચાલતી વ્યાપક ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૪૧. | ૨૨૩૫-સામાજિક...કલ્યાણ<br>૦૨-સમાજકલ્યાણ<br>૧૦૧-વિકલાંગોનું કલ્યાણ<br>૦૩-એસસી ડબલ્યુ-૮<br>વિકલાંગ .... યોજના<br>રૂા.૧૬,૧૪,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૧)<br>પા.નં.૭૨-૭૩ | ૧૦૦ | વિકલાંગ વ્યકિતઓના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓનો લાભ સમયસર અપાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૪૨. | --"-- | ૧૦૦ | વિકલાંગ વ્યકિતઓના કલ્યાણ માટેની યોજનાઓનો લાભ આપવામાં ચાલતી ભેદભાવભરી નીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| | | | **માગણી નં.૯૫** | |
| *૪૩. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૮-પાઠયપુસ્તકો<br>રૂા.૩,૯૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૨)<br>પા.નં.૧૨ | ૧૦૦ | અનુસૂચિત જાતિના પ્રાથમિક શાળાના બાળકોને પાઠયપુસ્તકો સમયસર પૂરા પાડવામાં નહીં આવતાં તેમના અભ્યાસ ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૪. | ૨૨૧૦-તબીબી<br>...આરોગ્ય<br>૦૩-ગ્રામીણ ... એલોપથી<br>૧૦૩-પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો<br>૦૧-એચએલટી-૪૧<br>ખાસ.... બનાવવા<br>રૂા.૭૨,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૨)<br>પા.નં.૧૮ | ૧૦૦ | ખાસ અંગભૂત યોજના અન્વયે અનુસૂચિત જાતિઓ માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના કથળેલા વહીવટને સંગીન બનાવવા પૂરતી નાણાકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા. | ર્ડા.દિનેશ પરમાર |
| ૪૫. | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામીણ આવાસન<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-એચએસજી-૧-<br>ગરીબી...<br>સહાય (સરદ ાર આવાસ યોજના)<br>રૂા.૧૧,૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૨)<br>પા.નં.૨૫ | ૧૦૦ | અનુસૂચિત જાતિના લોકો માટે ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ ઘરથાળના પ્લોટ ઉપર મકાન બાંધકામ માટે અપાતી સહાયમાં ચાલતી ભેદભાવભરી નીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | ર્ડા.દિનેશ પરમાર |
| ૪૬. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાના ..... વિકાસ<br>૧૯૧-સ્થાનિક ... સહાય<br>૦૧-યુડીપી-૧૧<br>અનુસૂચિત ... સુધારણા<br>રૂા.૫૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૨)<br>પા.નં.૨૮ | ૧૦૦ | નાના અને મધ્યમ શહેરોમાં અનુસૂચિત જાતિના વિસ્તારોમાં થતી વ્યાપક ગદકીને દૂર કરી પર્યાવરણલક્ષી સુધારણા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મારુ |
| *૪૭. | ૨૨૨૫-અનુસૂચિત<br>....કલ્યાણ<br>૦૧-અનુસૂચિત<br>.....કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને | ૧૦૦ | અનુસૂચિત જાતિના ઉત્થાન માટે ધારાસભ્યશ્રીઓએ લખેલા પત્રોનો યોગ્ય પ્રતિભાવ આપવામાં તંત્રની ઉદાસીનતા. | |

| | | | | |
|---|---|---|---|---|
| | વહીવટ<br>૦૧-સમાજકલ્યાણ ...<br>કચેરી<br>રૂા.૨,૪૯,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૨)<br>પા.નં.૩૪-૩૫ | | | |
| ૪૮. | --"-- | ૧૦૦ | અનુસૂચિત જાતિના લોકોને જાતિ અંગેના પ્રમાણપત્રો આપવામાં થતો વિલંબ નિવારવામા તંત્રની ઉદાસીનતા. | ડૉ.દિનેશ પરમાર |
| **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઅ ોનો વિભાગ**<br>**માગણી નં.૯૮** | | | | |
| *૪૯. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૫-ભાષા વિકાસ<br>૧૦૨-અર્વાચીન ....<br>ઉત્તેજન<br>રૂા.૧,૬૧,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫ પા.નં.૫ | ૧૦૦ | અર્વાચીન ભારતીય ભાષાઓ અને સાહિત્યને પૂરતું ઉત્તેજન આપવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૫૦. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૫-ભાષા વિકાસ<br>૧૦૩-સંસ્કૃત શિક્ષણ<br>૦૨-ઈડીએન.૪૯<br>સંસ્કૃતનો વિકાસ<br>રૂા.૧૦,૯૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫ પા.નં.૮ | ૧૦૦ | લુપ્ત થવા તરફ ધકેલાતા સંસ્કૃત ભાષાના શિક્ષણને ઉત્તેજન આપી નવજીવન બક્ષવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૫૧. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૫-ભાષા વિકાસ<br>૧૦૩-સંસ્કૃત શિક્ષણ<br>૦૨-ઈડીએન.૪૯<br>સંસ્કૃતનો વિકાસ<br>રૂા.૧૦,૯૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫ પા.નં.૮ | ૧૦૦ | સંસ્કૃત શિક્ષણ તરફ પ્રજાની રુચિ વધે તે અંગે જરુરી નાણાની ફાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જેશાભાઈ બારડ |
| ૫૨. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૫-ભાષા વિકાસ<br>૧૦૩-સંસ્કૃત શિક્ષણ<br>૦૩-સંસ્કૃતના .... સન્માન<br>રૂા.૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫ પા.નં.૯ | ૧૦૦ | સંસ્કૃતના વેદ પંડિતોનું સન્માન કરવા માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| ૫૩. | ૨૨૦૪-ખેલકૂદ ....<br>સેવાઅ ો<br>૦૦૧-નિર્દેશ અને<br>વહીવટ<br>૦૧-યુવક ... નિયામક<br>રૂા.૫૪,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫ પા.નં.૧૨ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં રમતગમતના સારા અનુભવી પ્રશિક્ષકોને નિમણૂકો આપવામાં થતો અન્યાય નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૫૪. | --"-- | ૧૦૦ | ત્રણ વર્ષથી વધુ સમય સુધી ગાંધીનગર ખાતે ફરજ બજાવતા વર્ગ-૧ અને ૨ના અધિકારીઓની અન્યત્ર બદલીઓ કરી વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૫૫. | --"-- | ૧૦૦ | વર્ષોથી ગાંધીનગરમાં ફરજ બજાવતા વર્ગ-૧,૨ અને ૩ના અધિકારી/ કર્મચારીઓની બદલીઓ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જગદીશ ઠાકોર |
| *૫૬. | --"-- | ૧૦૦ | રાષ્ટ્રિયકક્ષાએ રમતવીરોના સારા દ ેખાવ અંગે પ્રોત્સાહન આપવા માટે ઉત્સાહિત અધિકારીઓને નિમણૂક આપવામાં તંત્રની નિષ્ફળતા. | |

| | | | | |
|---|---|---|---|---|
| *૫૭. | ૨૨૦૪-ખેલકૂદ... સેવાઓ ૧૦૪-ખેલકૂદ અને રમતો ૦૨-ઈડીએન-૫૩ રાજય .. વિસ્તરણ રૂા.૭૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પા.નં.૧૫ | ૧૦૦ | રમતવીરોને જરુરી પ્રોત્સાહન આપવા તથા પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૮. | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ ૧૦૫-જાહેર ગ્રંથાલયો ૦૧-ઈડીએન-૬૦ ગ્રંથાલય વિકાસ રૂા.૪,૦૯,૦૫,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પા.નં.૨૯-૩૦ | ૧૦૦ | વાંચન/અભ્યાસ માટે આવતી જનતાને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| *૫૯. | --"-- | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં પૂરતાં પુસ્તકો વસાવવામાં તં ત્રની ઉદાસીનતા. | |
| ૬૦. | --"-- | ૧૦૦ | પુસ્તકોની યોગ્ય જાળવણી કરવામાં દાખવવામાં આવતી બેદરકારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૬૧. | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ ૧૦૭-સંગ્રહાલયો ૦૧-પ્રાચીન ... અમલ રૂા.૭,૬૫,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પા.નં.૩૭ | ૧૦૦ | ધરતીકંપથી નુકશાન પામેલી પ્રાચીન અને ઐતિહાસિક કલાકૃતિઓની મરામત કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૬૨. | --"-- | ૧૦૦ | પ્રાચીન અને ઐતિહાસિક કલાકૃતિઓની જાળવણી અંગે પૂરતી રકમની ફાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૬૩. | --"-- | ૧૦૦ | પ્રાચીન અને ઐતિહાસિક કલા/પુરાતત્વોના અવશેષોની જાળવણીમાં રખાતી બેદરકારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૬૪. | --"-- | ૧૦૦ | ખુલ્લા પડી રહેતા પ્રાચીન અને ઐતિહાસિક કલા કૃતિઓના અવશેષોને સલામત સ્થળે રાખવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી :** સભાગૃહની આજની આ બીજી બેઠકમાં છેલ્લા બે કલાકમાં બિન સરકારી વિધેયક હાથ ધરવા માટે ફાળવવામાં આવેલ હોય માગણી ઉપર ચર્ચા અને મતદાન માટે સાંજે ૪-૩૦ કલાકે સમય પૂરો થાય છે. બન્ને પક્ષો તરફથી ચર્ચામાં ભાગ લેવા માટે સભ્યશ્રીઓના નામોની જે યાદી મને મળેલ છે એ જોતાં વિધાનસભાના નિયમોના નિયમ અન્વયે હું ચર્ચા અને મતદાન માટે સાંજના ૭-૦૦ વાગ્યા સુધીનો સમય ઠરાવું છું. ત્યાર બાદ નિયમ અનુસાર બે કલાકનો સમય બિનસરકારી કામકાજ માટે ફાળવવામાં આવશે. આ બાબતમાં સહયોગ આપવા આપ સર્વે સભ્યશ્રીઓને વિનંતી છે. આપણી માગણી ઉપરની ચર્ચા છે, એ ૪-૩૦ કલાકે પૂરી થાય છે, એટલે આપણે સમય લંબાવીને ૭-૦૦ વાગ્યા સુધીનો કરીએ છીએ.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર આજ રોજ ગૃહ સમક્ષ માગણી નંબર ૯૫ હેઠળ અનુસૂચિત જનજાતિ માટેની ખાસ અંગભૂત યોજના માટેનું ૩૩૫ કરોડ ૩૩ લાખ ૫૫ હજારનું મહેસૂલી ખર્ચ અને રૂા. ૨૩ કરોડ, ૩ લાખનું મૂડી ખર્ચ મંજૂરી માટે રજૂ કરેલ છે તેમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના એસ.ટી. એસ.સી, અને ઓ.બી.સી.ના લોકો જે ભૂતકાળમાં દલિતો, પિડિતો, શોષિતો, અત્યંત ચાંડાલ, ક્ષુદ્રો અને અતિ ક્ષુદ્રો તરીકે ઓળખાતા હતા. આ લોકોની વસતિ ૮૫ ટકા જેવી થાય છે. આ ૮૫ ટકા લોકોને આપણે મૂળ નિવાસી તરીકે ઓળખીએ છીએ. આ મૂળ નિવાસી લોકો ૩૨૦૦ વર્ષથી આ દેશની અંદર જે અન્યાયનો ભોગ થતા હતા, જે અધિકારોથી વંચિત હતા. આઝાદી પ્રાપ્ત થયા પછી એને આ અધિકારો પ્રાપ્ત થયા છે. દુ:ખની વાત તો એ છે કે, કહેવાતા ધર્મના ઓઠા નીચે જયારે આ

કોમના લોકો ઉપર ઝૂલ્મ અને અત્યાચારો થતા હતા એ આપણાથી સહન ન થઈ શકે એ જાતના હતા. આ દેશની અંદર ચાતુર વર્ણ વ્યવસ્થા હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર. બ્રાહ્મણને ચાર અધિકારો આપવામાં આવેલ. ભણવાનો અધિકાર, ભણાવવાનો અધિકાર, સંપતિ એકઠી કરવાનો અધિકાર અને શસ્ત્ર ધારણ કરી રાજ સંચાલન કરવાનો અધિકાર. ક્ષત્રિયને ત્રણ અધિકારો આપવામાં આવેલ. ભણવાનો અધિકાર, ક્ષત્રિયને ભણાવવાનો અધિકાર ન હતો. ગુરૂ કદી ક્ષત્રિય બની ન શકે. સંપતિ એકઠી કરવાનો અધિકાર, શસ્ત્ર ધારણ કરીને રાજ સંચાલન કરવાનો અધિકાર. વૈશ્યને બે અધિકારો આપવામાં આવેલ. સંપતિ એકઠી કરવાનો અધિકાર અને ભણવાનો અધિકાર એને ભણાવવાનો અધિકાર ન હતો. જે ક્ષુદ્ર કોમ હતી એને ઉપરના ત્રણે વર્ણની સેવા કરવાનો અધિકાર હતો, એને બીજો કોઈ અધિકાર ન હતો. સંપતિ એકઠી કરી ન શકે. જો એ સંપતિ એકઠી કરે તો એની સંપતિ લૂંટી લેવા માટે શાસ્ત્રો દ્વારા બતાવવામાં આવેલ છે. જેને લીધે આ ૮૫ ટકા લોકો આળસુ બની ગયા કેમ કે, સંપતિ એકઠી કરવી તો કોના માટે કમાવું અને ભેગું કરવું? અને એને લીધે આળસને કારણે આ દેશ બરબાદી તરફ જવા લાગ્યો.

શક, હૂણ, પોટૂગિઝ, અંગ્રેજ અને તુર્કીસ્તાની લોકોએ આ દેશની બરબાદી કરવામાં કાંઈ બાકી ન રાખ્યું. કારણ કે, આપણી આ ચતુર વર્ણ વ્યવસ્થાના લીધે આ દેશની પરિસ્થિતિ એવી થઈ. મારે કહેવું જોઈએ કે આ દેશનું બંધારણ જ્યારે અમલમાં આવ્યું ત્યારે મુળભૂત અધિકારો મળવાના લીધે બંધારણના આર્ટિકલ નંબર-૧૩ પ્રમાણે આ દેશના વિધિવિધાન, સંવિધાન અને કાયદા કાનૂનને શૂન્ય જાહેર કરવામાં આવેલ છે, જેને લીધે જેના વધુ પડતા અધિકારો હતા એના પર કાપ મૂકવામાં આવ્યો અને જે લોકો અધિકારોથી વંચિત હતા એવા લોકોને અધિકારો સંપન્ન કરવા માટે આર્ટિકલ-૧૪ પ્રમાણે મુળભૂત અધિકારોનું પ્રાવધાન કરવામાં આવ્યું અને ભારતીય બંધારણની જોગવાઈ મુજબ લોકશાહી ગણતંત્રમાં પ્રતિનિધિત્વ અને સંચાલન માટેની ભાગીદારી, રાજ સંચાલન માટેની ભાગીદારી પ્રસ્થાપિત થઈ અને આ દેશના અનેક એવા દલિતો, પિડિતો, શોષિતો અને નબળા વર્ગના લોકોને અધિકારો પ્રાપ્ત થયા અને આ દેશના માલિકી હક્કની અંદર પણ એના ભાગીદાર બન્યા. આ દરેક વર્ગના લોકોને સાથે રાખી આપણા બંધારણમાં, એમનો વિકાસ કરી અને વિકાસના કાર્યમાં દેશને મહાસત્તા તરફ લઈ જવાના પ્રયોજનની અંદર દેશના એક એક નાગરિકનો સાથ અને સહકાર મળવો જોઈએ. આ દેશની અંદર એ પ્રયત્ન શરૂ થયો. આ દેશના ૮૫ ટકા મૂળ નિવાસીઓની પ્રગતિ વગર એના સામાજિક, આર્થિક ઉત્થાન વગર દેશ કદાપિ પ્રગતિ કરી શકવાનો નથી. આ દેશના ૩૪ કરોડ લોકો ગરીબી રેખાથી નીચે જીવતા હોય અને જેનું પ્રદાન અર્થતંત્રની અંદર શૂન્ય હોય તો દેશ કઈ રીતે પ્રગતિ કરી કરવાનો છે? એ રીતે જોવા પ્રયત્ન કરીએ તો આ દેશની અંદર આ રાજયની અંદર રહેલા નબળા વર્ગના લોકો, પછાત લોકો, પિડિત લોકો અને શોષિત લોકો અને દલિત લોકોના ઉત્થાન માટે ખાસ બજેટની અંદર પ્રાવધાન કરી અને એને બીજા લોકો સમકક્ષ મૂકવા માટેના પ્રયત્નો કરવા માટેનું કામ કરી એ જાતની માવજત કરવા માટેનું કામ કરવું જોઈએ. મને અત્યારે યાદ આવે છે નોબલ પુરસ્કાર વિજેતા ડો. આમર્ત્યસેન કે જેનો સિદ્ધાંત આપણે અનુસરવો પડશે, ગરીબોનું ઉત્થાન કરવું, ગરીબોના ઉંગલનની યોજનાઓ દાખલ કરવી, ગરીબોને કેન્દ્રમાં રાખીને અર્થતંત્રમાં જોગવાઈ કરવી અને રૂરલ ડેવલપમેન્ટ અને રૂરલ ઈકોનોમી ઉપર ભાર મૂકવાનું કામ કરી ગરીબલક્ષી અર્થતંત્ર બનાવવાનું અને ગરીબોને રોજગારી આપી અને આ દેશનો સર્વાંગી વિકાસ કરવા માટેનું જે કામ છે, એટલે તો દલિતો, પિડિતો, શોષિતો માટે બજેટમાં ખાસ જોગવાઈ કરવામાં આવે છે, જેથી એને સામાજિક દરજ્જો અપાવવા માટેની સ્કીમો, શૈક્ષણિત પ્રગતિ કરવા માટેની સ્કીમ, આર્થિક પ્રગતિ માટે રોજગારલક્ષી, આરોગ્યલક્ષી, વેલ્ફેરલક્ષી, રહેઠાણલક્ષી યોજનાઓનો અમલ કરી અને અન્ય વર્ગની સમકક્ષ મૂકવા માટેનું કામ થાય, આ હેતુથી બજેટમાં ખાસ પ્રકારનું પ્રાવધાન કરી અને એની માગણીઓ લઈને આ સરકાર આવી છે ત્યારે મારે કહેવું જોઈએ કે ભારતના લોકકલ્યાણના હેતુલક્ષી બંધારણ, તેની રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં અને જોગવાઈઓમાં નાત, જાત, ધર્મના ભેદભાવ વગર સૌને સમાન તક આપવાનું અને સમાજના નબળા અને કચડાયેલા વર્ગના વિકાસ માટે ખાસ માવજતની ગોઠવણ કરી છે જે અનુલક્ષીને એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., માયનોરિટિના લોકોને અન્ય સમાજની હરોળમાં મૂકવા માટેનું કામ કરવાની જવાબદારી આ સરકારની છે. આ જવાબદારીમાંથી વર્તમાન સરકાર પિછેહઠ કરી રહી હોય એવું મને પોતાને લાગી રહ્યું છે. અનેક યોજનાઓ બંધ કરી દેવામાં આવી છે અને અનેક યોજનાઓ પર કાપ મૂકવામાં આવ્યો છે અને અનુસૂચિત જાતિની વસતિ, ૨૦૦૧ની સાલ પ્રમાણે ૩૫.૯૩ લાખ થઈ છે અને એ વસતિ આઠ ટકા જેવી થાય છે, ગુજરાતના ખજાના ઉપર દલિતોનો આઠ ટકા અધિકાર છે એ અધિકાર પ્રસ્થાપિત કરવા માટે એની ફાળવણી પણ આઠ ટકા થવી જોઈએ એના બદલે મારે દુ:ખ સાથે કહેવું જોઈએ કે વસતિના ધોરણે જે ફાળવણી કરવી જોઈએ એના બદલે ૨૦૦૩-૦૪ માં ૨૪૬ કરોડ ૭૪૯૦ લાખ અને ૫ હજાર ફાળવ્યા જે માત્ર પોઈન્ટ ૬૦ ટકા વસતિના ધોરણે ખાસ અંગભૂત યોજનાની અંદર ફાળવણી થઈ છે, ૨૦૦૪-૦૫માં ૩૭૦ કરોડ ૯૫ લાખ ૮૯ હજાર રૂપિયાની ફાળવણી થઈ છે, એ પોઈન્ટ ૯૫ ટકા છે અને આ વર્ષની અંદર ૪૪૪ કરોડ ૫૩ લાખ ૮૫ હજાર થઈ છે એટલે ૧.૨૨ ટકા, આ ૧.૨૨ ટકા એટલે નહિવત કહી શકાય અને નહિવત

ફાળવણીની અંદર પણ ઘણા રૂપિયા વપરાતા નથી અને વપરાયા વગરની ઘણી બધી રકમ પાછી આવતી હોય છે અને એ રકમ જે કુલ ફાળવણી કરવામાં આવે છે એની વપરાતી નથી એમાં ખાસ અંગભૂત યોજનાની ગ્રાન્ટ નંબર-૯૩ માં ૧૯૯૯-૨૦૦૦માં ૧૮ ટકા બચત થઈ, ૨૦૦૦-૦૧ માં ૨૦.૪૦ ટકા બચત થઈ અને ૨૦૦૧-૦૨માં બચત ૩૯.૫૦ ટકા બચત થઈ અને ૨૦૦૨-૦૩માં ૩૧.૩૦ ટકા બચત અને ૨૦૦૩-૦૪ માં ૨૧.૧૫ ટકા બચત થઈ છે.

I would like to draw the attention of Honourable Speaker that it is very serious matter that the Legislative Assembly has voted and passed for a particular grant which the Government could not spend properly to the full extent. It is a very serious matter. Persistent savings proves lack of political will to utilize the money for Scheduled Castes and other weaker sections of the society.

મારે એ પણ આપનું ધ્યાન દોરવું છે અનેક યોજનાઓ બંધ કરી દેવામાં આવી છે કે જેને લીધે વેલ્ફેર કઈ રીતે થઈ શકશે. પસંદગીની શાળાઓમાં અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ ફી દશમી પંચવર્ષીય યોજનામાં ૧૦ લાખ ફાળવ્યા હતા. ૨૦૦૧-૨૦૦૨માં ૧ લાખ ફાળવ્યા પછી એક પણ રુપિયો અત્યાર સુધી છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવ્યો નથી. સ્વનિર્ભર સંસ્થાઓમાં વેશ માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આર્થિક સહાય ૭૫૦ લાખ રૂપિયા ફાળવેલા, ૨૦૦૨-૦૩ની અંદર ૧૫૦ લાખ અને ૨૦૦૩-૦૪માં ૧૫૦ લાખ ૨૦૦૪-૦૫માં અને ૨૦૦૫-૦૬માં એક પણ રુપિયો ફાળવવામાં આવ્યો નથી.

તબીબી અને ઈજનેરી કોલેજો માટે પુસ્તક બેન્ક ૫૦ લાખ રૂપિયા દશમી પંચવર્ષીય યોજનામાં ફાળવેલા પણ છેલ્લાં વર્ષની અંદર ૨૦૦૫-૦૬માં એક પણ રૂપિયો ફાળવવામાં આવ્યો નથી. શહેરી વિસ્તારોમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અનુસૂચિત શિક્ષણ કેન્દ્રો માટે છેલ્લા બે વર્ષમાં એક પણ રૂપિયો ફાળવવામાં આવતો નથી. અનુસૂચિત જાતિના કેરોસીનના ફેરિયાઓને આર્થિક સહાય માટે છેલ્લા બે વર્ષથી એક પણ રૂપિયો ફાળવવામાં આવતો નથી. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ દેવા નાબૂદિના નાણાં સહાય માટે આ વર્ષની અંદર એક પણ રૂપિયો ફાળવવાનું આયોજન કરવામાં આવ્યું નથી. ૨૧૯ સહકારી મંડળીઓને નાણાં સહાય માટે છેલ્લા ત્રણ વર્ષથી એક પણ રુપિયો ફાળવવામાં આવ્યો નથી. દીકરી રૂડી સાચી મૂડી એવી સરસ મજાની યોજના કેશુભાઈ અને ફકીરભાઈ વાઘેલા લઈ આવેલા. કોણ જાણે શું છે કેશુભાઈ આ સ્કીમ લાવ્યા હોય કે ફકીરભાઈ વાઘેલા લાવ્યા હોય તો આ સરકારને આ સ્કીમ કેમ ગમતી નથી. છેલ્લા બે વર્ષથી આ દીકરી રૂડી કેમ કદરૂપી થઈ ગઈ અને કેમ ગમતી નથી તે એક પ્રશ્ન ઊભો થાય છે. તેને માટે પણ એક રૂપિયો ફાળવવામાં આવ્યો નથી.

કર્મકાંડ માટે બીજરૂપ અંદાજપત્ર ત્રણ વર્ષની અંદર દશમી પંચવર્ષીય યોજનામાં આયોજન નહોતું પણ છેલ્લાં બે વર્ષથી ૫-૫ લાખ રુપિયા ફાળવવામાં આવે છે. મારે અત્યારે ગૃહને કહેવું જોઈએ કે દલિતો, પીડિતો જે લોકો છે તે ઓરીજીનલ સનાતન ધર્મી છે. તે સનાતન ધર્મના લોકો મૂર્તિપૂજામાં કે કર્મકાંડમાં માનતા નથી.તેને કર્મકાંડ તરફ વાળી અને તેને અંધશ્રદ્ધા તરફ લઈ જવા માટેનું જે કૃત્ય સરકાર કરી રહી છે તે હરગીઝ ચલાવી લઈ શકાય તેમ નથી અને વહેલામાં વહેલી તકે બંધ થવું જોઈએ અને આ જાતનું કર્મકાંડ માટેના જે પૈસા ફાળવવામાં આવ્યા છે તે પૈસાની દલિત સમાજના લોકોને એક રૂપિયાની પણ જરૂર નથી. કારણકે તે લોકો ચેતન સ્વરૂપને પૂજવાવાળા, જળ અને ચેતન આદિ અનાદિ છે તેમાં ચેતનની સર્વોપરીત છે અને પ્રાણી માત્રમાં જીવ સ્વરૂપે ચેતન બિરાજમાન છે તેને પૂજવાવાળા લોકો છે, પથ્થરને પૂજવાવાળા લોકો નથી. ધોરણ ૧ થી ૭માં ભણતી અત્યંત પછાત બાળાઓ માટે અનાજ પછાત વર્ગોને આપવા માટે ૨૫૦ લાખ રૂપિયા દશમી પંચવર્ષીય યોજનામાં આયોજન કર્યુ પણ એક વર્ષમાં એક પણ દાણો આપવામાં આવ્યો નથી. ધોરણ ૧ થી ૧૦ પછાત બાળકોને પ્રોત્સાહક શિષ્યવૃત્તિ માટે છેલ્લા બે વર્ષથી એક પણ રુપિયો આપવામાં આવતો નથી. કોળી, ઠાકોર કોમનાં લોકોના પશુઓ માટે ઘાસચારાની સહાય માટે ૭૦ લાખ રૂપિયા દશમી પંચવર્ષીય યોજનામાં ફાળવવામાં આવ્યા છે પણ એક પણ રૂપિયો એક પણ વર્ષની અંદર ઘાસનું તણખલું પણ આપવામાં આવ્યું નથી. બક્ષીપંચની અંદર પણ દીકરી રૂડી સાચી મૂડી તેમાં પણ છેલ્લાં બે વર્ષથી એક પણ પૈસો નહીં. કુટિર ઉદ્યોગ સહિત સ્વરોજગારી માટે નાણાંકીય સહાય એક પણ પૈસાનું આયોજન નહીં અને એક પણ પૈસો ફાળવવામાં આવ્યો નથી. એમ ફીલ અને પી.એચ.ડી.વિદ્યાર્થીઓના ફેલોશીપ માટે વિમુક્ત અને વિચરતી જાતિ માટે છેલ્લાં ચાર વર્ષની અંદર દશમી પંચવર્ષીય યોજનામાં દશ લાખ રૂપિયા ફાળવ્યા હોવા છતાં એક પણ રૂપિયો ફાળવવામાં આવ્યો નથી. કોમ્પ્યુટર અને ખાસ ટ્રેનીંગ માટે ૫ લાખ રૂપિયા ફાળવેલા હોવા છતાં એક પણ રૂપિયો આપવામાં આવતો નથી. દરેક કક્ષાએ વહીવટી તંત્રને સુદ્રઢ બનાવવા વિચરતી અને વિમુક્ત જાતિ માટે ૧૦ લાખ રૂપિયા ફાળવ્યા છે પણ એક પણ રૂપિયો ફાળવવામાં આવ્યો નથી. વિચરતી અને વિમુક્ત જાતિના વહીવટી તંત્રને સુદ્રઢ કરવાની જરૂર નથી? તેને માટે ખર્ચ કરવાની જરૂર નથી? આ બધી યોજના માટે એસ.ટી/ એસ.સી/ ઓ.બી.સી. અને અતિ પછાત વર્ગોએ માંડી વાળવા જેવું છે. યોજના સદંતર બંધ થઈ ગઈ

છે, કરી દેવામાં આવી છે. નાણાંકીય રીતે આ યોજનાનો એક પણ રૂપિયો ફાળવવામાં આવ્યો નથી. આ ઉપરાંત હું ચોક્કસ કહી શકું કે આ સરકાર દલિત વિરોધી છે. આ સરકાર આદિવાસી વિરોધી છે. આ સરકાર પછાત વિરોધી છે અને આ સત્રને સરકારને જ્યાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી આ સત્રને દલિત વિરોધી સત્ર તરીકે હું જાહેર કરું તો કંઈ ખોટું નથી તેવું મને પોતાને લાગે છે.આપણે આગળ જોયું તેમ યોજના સદંતર બંધ કરી દેવામાં આવી જ્યારે હવે હું જણાવું છું તેમાં મોટા પાયે કાપ મૂકવામાં આવ્યો છે અને બજેટમાં નાણાંકીય ફાળવણીમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. કાયદા તબીબી સ્નાતકોને નાણાંકીય સહાય માટે ૨૦૦૪-૦૫માં ૧ કરોડ ૧૩ લાખ ૯૦ હજાર ફાળવવામાં આવેલા અને ૨૦૦૫-૦૬માં માત્ર ૯૬ લાખ ૫૦ હજાર એટલે ૧૭ લાખ અને ૪૦ હજારનો ખર્ચમાં ઘટાડો કર્યો છે. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમને સબસિડી માટે રૂપિયા ૪ કરોડ અને ૫૦ લાખ રૂપિયા આપવામાં આવેલ પણ આ વર્ષની અંદર એક પણ રૂપિયો નહીં ફાળવવામાં આવવાને લીધે ૪ કરોડ ૫૦ લાખ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.એસ.સી. પૂર્વેના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (પરિક્ષિત મજમુદાર) એમાં ૨૦૦૪-૦૫ ના વર્ષમાં રૂા. ૩ કરોડ ૪૩ લાખ ૨૮ હજાર ફાળવેલ હતા અને ૨૦૦૫-૦૬ માં રૂા. ૩ કરોડ ૮ લાખ ૪૫ હજાર જ ફાળવીને ૩૪ લાખ ૮૩ લાખનો ઘટાડો કરેલ છે. એસ.એસ.સી. પૂર્વેના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૧ કરોડ ૮૫ લાખ ૬૦ હજાર રૂપિયાની ફાળવણી કરી હતી, એના બદલે ૨૦૦૫-૦૬ માં એ ૧ કરોડ ૮૦ લાખ કરીને ૫ લાખ ૬૦ હજારનો ઘટાડો કરેલ છે, અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વ્યકિતઓને પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃત્તિમાં ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૨૬ કરોડ ૪૧ લાખ ૬૯ હજાર રૂપિયા ફાળવ્યા હતા એના બદલે ૨૦૦૫-૦૬ માં રૂા. ૨૪ કરોડ ૧૨ લાખ ફાળવીને એમાં ૨૯ લાખ ૬૯ હજાર રૂપિયાનો ઘટાડો કર્યો છે, ભગવાન બુધ્ધ એસ.એસ.સી. પછીની બાળાઓને શિષ્યવૃત્તિ યોજના નીચે ૨૦૦૪-૦૫ માં ૧ કરોડ ૫૦ હજાર રૂપિયાની ફાળવણીમાં ૨૦૦૫-૦૬ માં ઘટાડીને ૧ કરોડ ૪૩ લાખ ૧૩ હજાર કરીને ૬ લાખ ૮૭ હજારનો ઘટાડો કરવામાં આવ્યો છે, ટેકનીકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટેની શિષ્યવૃત્તિમાં ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૧ કરોડ ૪૩ લાખ ૮૫ હજારની ફાળવણી કરી હતી એમાં ૨૦૦૫-૦૫૬ ના વર્ષમાં ૨૮ લાખ ૮૫ હજારનો ઘટાડો કરીને ૧ કરોડ ૧૫ લાખની કરવામાં આવી છે, બી.પી.એલ. કુંટુંબોને ધોરણ ૧ થી ૭ માં ભણતા બાળકોને ગણવેશ સહાય માટે ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૬ કરોડ ૮ લાખ ૧૦ હજારની ફાળવણી સામે વર્ષ ૨૦૦૫-૦૬ માં ૩ કરોડ ૪૪ લાખ ૩૮ હજારની ફાળવણી કરીને એમાં ૨ કરોડ ૬૩ લાખ ૭૨ હજારનો ઘ ટાડો કર્યો છે અને એ જ રીતે પી.એચ.ડી. અને એમ.ફીલ. માટે નાણાકીય સહાયમાં ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૯ લાખ ૪૩ હજારની ફાળવણી સામે ૨૦૦૫-૦૬ માં ૬ લાખ રૂપિયાની જ ફાળવણી કરીને એમાં પણ ૩ લાખ ૪૩ હજારનો ઘટાડો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિમુકત અને અન્ય અસ્થાયી જાતિઓના કલ્યાણ માટેના ખર્ચમાં પણ ઘટાડો કરેલ છે. જે લોકો ભટકી રહેલ છે, સ્થાયી નથી, જેનાં બાળકો અભ્યાસ પ્રાપ્ત કરી શકતાં નથી, જે લોકોને હજુ આઝાદીનાં ફળ જ ચાખવા મળ્યાં નથી એમના માટે જોગવાઈમાં વધારો કરવાની જરૂરર હતી એના બદલે ઘ ટાડો કર્યો છે. એમાં એસ.એસ.સી. પૂર્વના વિદ્યાર્થી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, એમાં ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૮૬ લાખની જોગવાઈ સામે ૨૦૦૫-૦૬ માં ફકત ૬૦ લાખની જોગવાઈ કરીને એમાં ૨૬ લાખનો ઘટાડો કરેલ છે, એસ.એસ.સી. પછીની વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિમાં વર્ષ ૨૦૦૪-૦૫ માં ૨૦ લાખ ૭૨ હજારની જોગવાઈ હતી એની સામે ૧૯૯૫-૯૬ ના વર્ષમાં ૩ લાખની જોગવાઈ કરીને એમાં ૧૭ લાખ ૭૩ હજારનો ઘટાડો કરેલ છે, ધોરણ ૧ થી ૭ માં બાળકોને કપડાં અને પુસ્તકો આપવાની યોજનામાં વર્ષ ૨૦૦૪-૦૫ માં ૫ કરોડ ૩૪ લાખ ૨૩ હજારની જોગવાઈ હતી એની સામે ૨૦૦૫-૦૬ માં ૧ કરોડની જ જોગવાઈ કરીને એમાં ૪ કરોડ ૩૪ લાખ રૂપિયાનો ઘટાડો કર્યો છે, આશ્રમશાળાઓ માટે ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૧ કરોડ ૬૪ લાખ હતા એની સામે ૨૦૦૫-૦૬ માં ૧ કરોડ ૫૫ લાખની જોગવાઈ કરીને ૯ લાખ રૂપિયાનો ઘટાડો કર્યો છે, મફત તબીબી સહાયમાં ૨૦૦૪-૦૫ મા ૧૫ લાખ ૭૩ હજારની ફાળવણી સામે ૨૦૦૫-૦૬ માં ૮ લાખની જ જોગવાઈ કરીને એમાં ૭ લાખ ૭૩ હજારનો ઘટાડો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં પછત વર્ગના કલ્યાણ માટેના ખર્ચમાં ૪૧.૭ ટકાનો ઘટાડો કરેલ છે. આ રાજયમાં બક્ષીપંચ અને માંડલ પંચની ૫૪.૫ ટકા વસતિ છે. આ લોકોના માટે કલ્યાણ માટેની યોજનાઓ અધૂરી અને ઓછી છે અને એમાં પણ ઘટાડો કરીને જો આ રીતે ૪૧.૭ ટકાનો ઘટાડો થતો હોય તો આપણે કલ્પના કરવી જોઈએ કે કઈ રીતે એમનું આપણે કલ્યાણ કરવાના છીએ? ગયા વર્ષની સરખામણીમાં વિમુકત અને અસ્થાયી જાતિઓના કલ્યાણની જોગવાઈમાં ૪૫.૩૯ ટકાનો ઘટાડો કર્યો છે, આર્થિક વિકાસમાં ૧૫.૬૬ ટકાનો ઘટાડો, શિક્ષણમાં ૪૩.૭૦ ટકાનો ઘટાડો, આરોગ્યની બાબતમાં ૨૦.૩૯ ટકાનો ઘટાડો, આવાસન બાબતમાં ૩૯.૩૮ ટકાનો ઘટાડો કર્યો છે. ૨૦૦૪-૦૫ ના વર્ષમાં પછાતવર્ગો માટે કુલ ખર્ચ ૨૪૪ કરોડ ૪૮ લાખ ૬ હજાર કર્યો હતો અને ૨૦૦૫-૦૬ માં ફાળવણી ૧૪૪ કરોડ ૭ લાખની કરી છે એટલે એમાં

૧૦૦ કરોડ ૪૭ હજાર ૯૦૦ નો ઘટાડો કર્યો છે જે ટકાવારીમાં જોઈએ તો ૪૧.૦૭ ટકાનો થવા જાય છે. એટલે આ તો મોટો કાપ કહેવાય એવી રકમ ઘટાડી નાંખી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. માટેની જોગવાઈઓમાં આ રીતે સરકાર ઘટાડો કરશે તો મને પોતાને લાગે છે.કે એ લોકો આ સરકારને જ ઘટાડી નાંખશે.ખેત કામદારોના લઘુત્તમ વેતન દરમાં વધારો કરીને એ ૭૩ રૂપિયા કરવો જોઈએ અને કેરાલા અને ત્રિપુરાની સરકારની જેમ આર્થિક કાયદો કરવો જોઈએ અને લઘુત્તમ વેતન ધારાની કલમ ૨૬ (૧) નાબૂદ કરવી જોઈએ. ખેતી કામમાં રોકાયેલા ખેત કામદારોને ચાર મહિનાથી વધુ કામ મળે એ માટે રોજગાર ખાતરી યોજના જે મહારાષ્ટ્રની કોંગ્રેસ સરકારે ચલાવી રહી છે એ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટેડ સ્કીમ અહીંયાં પણ દાખલ કરવી જોઈએ અને રૂપિયા ૩૦૦ કરોડ એના માટે ફાળવવા જોઈએ. તેમજ રૂપિયા ૩૦૦ કરોડની તેના માટે ફાળવણી કરવી જોઈએ. ખેતમજૂરોના પ્રશ્નો અને તેના વિકાસ માટેના પ્રશ્નોનો અભ્યાસ કરી અને તેમને જમીન વિહોણા ખેતમજૂરોને ઘરથાળના પ્લોટ અને શાકભાજી-ફળફૂલ ઉગાડવા માટે જમીન આપવી જોઈએ.

"કહે છે બાળકો ઘરના, દિવાળી છે, દિવાળી છે, પણ ખબર નથી એમને કે ઘરમાં ન ઘઉંની એક પાલી છે,
રાંધે શું? અને બાફે શું? વઘારે શું? જમાડે શું? ન છાંટો તેલ ઘરમાં છે તપેલી ઘરની ઠાલી છે,
મલાઈ અને માખણ તો હશે ધનવાનના ઘરમાં, મોંઘા છાશના ટીપા, ગરીબની દોણી ખાલી છે,
ફકીરી હાલ, તોય અમીરી ચા ની પ્યાલી છે, ગરીબના મુખ ઉપર જૂઓ ફકત એક ચાની લાલી છે,
મિલકત, જાન ને ઈજ્જત ને જિંદગી કયાં સલામત છે, ઘણી છે ગામનો ગુંડો અને બીજો મવાલી છે,
મકાનો, વાહનો, રસ્તાઓ વસતિથી ભરેલા છે, ભરેલી છે દુકાનો પણ ઘણાના પેટ ખાલી છે,
મજા એને છે શેખાણી, જેની પાસે પૈસો છે, એને હરદમ દિવાળી છે, ગરીબની રાત કાળી છે".

માનનીય અધ્યક્ષશ્રી, આ વાત ૫૦ વર્ષ પહેલા લખાયેલી છે, અત્યારે તો આ સરકારની મહેરબાનીથી ઘણી પ્રગતિ થઈ હશે એવું મને લાગે છે. આટલી લાગણી સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સ્વપ્નદષ્ટા, આદરણીય મુખ્ય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટેની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨,૨૯,૯૬,૫૯,૦૦૦ અને મૂડી ખર્ચ માટે ૨,૦૪,૯૧,૦૦૦ની માગણી નંબરઃ ૯૨ અને ખાસ અંગભૂત યોજના માટે મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૩,૩૫,૩૩,૫૫,૦૦૦ તથા મૂડી ખર્ચ માટે ૨૩,૦૩,૦૦,૦૦૦ની માગણી નંબરઃ ૯૫ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. આદરણીય ડોકટર દિનેશભાઈ પરમાર દલિત સમાજના મસિહાની જેમ એમણે ખૂબ મજાની વાત કરી છે., પરંતુ મારે કહેવું છે કે જયારે તેઓ મને એકલા મળે છે ત્યારે ચોકકસ કહેતા હોય છે કે અંબાલાલભાઈ, તમે ખૂબ ભાગ્યશાળી છો કે તમને આવા કાબેલ, કૂનેહવાળા અને બુદ્ધિશાળી મુખ્ય મંત્રીશ્રી મળ્યા છે.

**અધ્યક્ષશ્રી** : તમે સભ્યશ્રીઓ અંદર અંદર વાત કરતા હો, તેની અમને શું ખબર પડે?

**શ્રી મહેન્દ્ર લી. મશરૂ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઈ એમની જગ્યા ઉપર નથી અને ત્યાંથી બોલે છે તે વાજબી નથી, એમની જગ્યાએ બેસીને વાત કરે.

**અધ્યક્ષશ્રીઃ** માનનીય અંબાલાલ, તમે અને દિનેશભાઈ બન્ને મિત્રો છો, અને ખાનગી વાત અહીં કહો તે ચાલતુ હશે?

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, સાચી વાત તો કહેવી જ પડે ને સાહેબ, મારું કહેવું એ છે કે ભારતનું બંધારણ બનાવનાર, દલિતોના મસિહા જેવા દલિતોના ભગવાન, ડોકટર બાબા સાહેબ આંબેડકર, જેને કોઈપણ પક્ષના હોય, હિન્દુસ્તાનમાં બધાએ સ્વીકાર્યા છે, કોઈપણ પક્ષના દલિત સમાજના લોકો એ સ્વીકારતા હોય છે ત્યારે મારે એટલું જ પૂછવું છે કે ૧૯૫૨ ની ચૂંટણીમાં ડોકટર બાબા સાહેબ આંબેડકર રીપબ્લીકન પાર્ટીમાંથી લડયા ત્યારે જેણે ગરીબોને, પિડીતોને પછાતોને ધ્યેય આપ્ય હતું તેની તમે જરા પણ ચિંતા કરી ન હતી, કારણ કે દેશ આઝાદ થયા પછી દલિતો અને પિડિતોની જો કોઈએ ચિંતા કરી હોય તો તે માત્ર અને માત્ર ડોકટર બાબા સાહેબ આંબેડકરે કરી હતી અને તેઓ એક જ એવા નેતા હતા, ત્યારે તેના માટે એક પણ કોંગ્રેસના આગેવાન તેમની પડખે નહોતા રહ્યા, જે દલિતોના મસિહા છે, દલિતો માટે જેમણે રાત દિવસ દુઃખ વેઠયું હતું તેને તમારે જીતાડવા જોઈતા હતા, પણ કોંગ્રેસે તો આજ દિવસ સુધી દલિતોના નામ ઉપર ખોટા આંસુ સાર્યાં છે, દલિત સમાજની બુમરાણ કરીને ખોટી રીતે તેમને પાછળ પાડયા છે, મને આજે ૧૯૮૧નું અનામત આંદોલત યાદ છે, હજુ પણ મારા મગજમાં ઘૂમરાયા કરે છે, આ દેશના માજી વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈજીએ જેમને દુર્ગાનું નામ આપ્યું હતું....

**અધ્યક્ષશ્રી** : માનનીય અંબાલાલભાઈ, વિરામનો સમય થયો છે, વિરામ બાદ આપનું પ્રવચન ચાલુ રહે છે.

**(વિરામ સાંજના ૦૪-૩૦ થી ૦૫-૦૦)**
**(સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરુ અધ્યક્ષસ્થાને)**

**શ્રી અંબાલાલ આ. રોહિત** : (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૯૮૧ની વાત કરતો હતો. ગુજરાતમાં ૧૯૮૧માં અનામત આંદોલન ચાલુ થયું અને એ ખૂબ લાંબા સમય સુધી ચાલ્યું. આ દેશના જે તે વખતના વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરાબેન ગાંધી અહીંયા આવ્યા અને તેઓએ જાહેર પ્રવચનમાં એક વાક્ય બોલ્યા કે કોઈપણ માણસ એનો પગ અકસ્માતથી ભાંગી જાય તો એને પ્લાસ્ટર ઓફ પેરીસથી પાટો બાંધવામાં આવે છે. બે-ત્રણ મહિના સુધી હાડકુ ન સંધાય ત્યાં સુધી એ પ્લાસ્ટર ઓફ પેરીસનો પાટો રાખવામાં આવે છે. હાડકુ સંધાઈ ગયા પછી એને ઘોડી અથવા તો લાકડી થોડા સમય માટે આપવામાં આવે છે. એ હાડકુ સંધાઈ જાય પછી ઘોડી અથવા તો લાકડી લઈ લેવામાં આવે છે. આ કંઈ ભારતીય જનતા પાર્ટીના લોકોનું વાક્ય નહોતું. જે દલિત સમાજની ચિંતા કરવાવાળા લોકો છે જે મારી પાર્ટીના કાર્યકરો છે, મારી પાર્ટીમાં કેવા નેતાઓ છે એનું એક ઉદાહરણ હું આ તકે આપ સૌની સમક્ષ આપવા માગું છું.

રાધનપુરના માનનીય ધારાસભ્યશ્રી શંકરભાઈ ચૌધરીની હું વાત કરવા માગું છું. હમણાં કેન્દ્ર સરકારે હુકમ કર્યો છે. કેટલાક વરસોથી ગેરકાયદેસર રીતે રહેતા પાકિસ્તાનીઓને ભારતીય બનાવવા માટે માનનીય સભ્યશ્રીએ સૂચન કર્યુ હતું. એ પ્રમાણે ગુજરાતમાં અને અન્ય રાજયોમાં થઈ રહ્યું છે. કેટલાક વાદીઓ, કેટલાક મદારીઓ વરસોથી આપણા દેશમાં રહે છે. એના ભાગ સ્વરૂપે આપણા ગુજરાતમાં પણ રહે છે, રાધનપુરમાં પણ રહે છે, જેમની પાસે રૅશનકાર્ડ નથી, જેમનું મતદારયાદીમાં નામ નથી, જેમની પાસે કોઈ આવાસ નથી. તેમના માટે ૨૦૦ આવાસો બનાવવા માટે ૧૦ વીઘા જમીન માનનીય શંકરભાઈ ચૌધરીએ મફત આપી છે. આ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર કરી શકે છે. એક તો ગરીબો પ્રત્યે લાગણી હોય માન હોય તેવો એક તો દાખલો તમારી પાર્ટીનો બતાવો? ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર હોય કે સરકાર હોય એની પાસે ગરીબો માટે પ્રેમ અને ઈચ્છાશકિત છે અને એ જ દલિતો વગેરેની પીડા દૂર કરી શકે છે. આ વિધાનસભામાં ૧૩ જેટલા ધારાસભ્યો દલિત સમાજ માટેની અનામત સીટ ઉપરથી ચૂંટાઈને આવેલા છે. તમે અત્યાર સુધીમાં દલિત સમાજ માટે શું શું કર્યુ એ તો કહો? તમે આ દલિત સમાજની ફરિયાદો દૂર કરવા માટે, એની ફરિયાદો સાંભળવા માટે મહિને, બે મહિને કે છ મહિને કેટલી મિટિંગો કરી, એના પ્રશ્નો નિવારવા માટે શું કર્યુ? સરકાર ગમે તે પક્ષની હોય પણ આ દલિત સમાજના પ્રશ્નો માટે કેટલી રજૂઆતો કરી. આપણે ૧૯૪૭ માં આઝાદ થયા એ પછી આટલા વરસો સુધી આ દલિતોની યાતના છે એને સાચી સમજ આપવામાં આવી નથી. જે યોજનાઓ આવે છે એનો અમલ કરી શક્યા નથી. દલિતો ઘરે જ રહે એના માટે જ કોંગ્રેસ સરકારે અત્યાર સુધી પ્રયાસ કર્યો છે. એના ઘણા બધા કારણો છે. ૧૯૮૬માં ગોલાણા હત્યાકાંડ થયો, ત્યારબાદ રણમલપુરનો હત્યાકાંડ થયો તે વખતે કોની સરકાર હતી? ૧૯૯૫થી દોઢ વર્ષ બાદ કરતાં ૨૦૦૫ સુધીમાં એક પણ હત્યાકાંડ થયો હોય તેવું તો બતાવો? આ દલિત સમાજને સંપૂર્ણ ન્યાય મળી રહે એ જોવાનો આ સરકારે પ્રયત્ન કર્યો છે.

ડોકટર દિનેશભાઈ પરમાર પોતાના પ્રવચનમાં કહેતા હતા કે ગુજરાત સરકારે આ સમાજની દરેક યોજનાઓ બંધ કરી દીધી છે. મારે આ તકે જણાવવાનું કે આ ગુજરાત સરકારે એક પણ યોજના બંધ કરી નથી. જે યોજનાઓ બેવડાતી હતી એને બંધ કરીને એકજ યોજના બનાવી છે. દા.ત.ડ્રાય હોસ્ટેલો એમાં વિધાર્થી, વિદ્યાર્થિનીઓને જમવાનું આપવામાં આવતું નહોતું એટલે વિદ્યાર્થીઓ આવતા નહોતા. એ યોજના આપણે બંધ નથી કરી દીધી પણ એ યોજનાને ડોકટર આંબેડકર યોજના સાથે ભેળવી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં ૨૪૫૩ કરતાં વધારે છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. ભીમરાવ આંબેડકર બાલવાડી યોજના ચાલતી હોય, ડોકટર બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના ચાલતી હોય, ડોકટર સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન યોજના ચાલતી હોય, સફાઈ કામદાર જૂથ વીમા યોજના ચાલતી હોય, આવી અનેક યોજનાઓ કુંવરબાઈનું મામેરુ યોજના હોય કે પછી દીકરી રૂડી સાચી મૂડી એમાં ટ્રાન્સફર કરવું પડ્યું હશે. જે યોજનાનો લોકો સુધી અમલ થતો ન હોય, લોકો સુધી એ યોજના પહોંચતી ન હોય, લોકો એનો લાભ લેતા ન હોય તો ચોક્કસ યોજના રદ કરીને બીજી યોજનામાં ભેળવી દેવી પડતી હોય છે.

ડોકટર દિનેશભાઈ પરમાર સાહેબ બોલ્યા કે આ સરકારે તમામ યોજનાઓમાં કાપ કર્યો છે. મારે આપને પૂછવું છે કે ગઈ સાલની સરખામણીમાં આ વરસે ૧૫ કરોડ કરતાં વધારે રકમ દલિત સમાજ માટે આપી છે. માત્ર વાતો કરવાથી, વિરોધ કરવાથી સરકારને આપણે ખરાબ નથી કહી શકતા. મને કહેવા દો કે ડો. દિનેશભાઈ પરમાર સાહેબ હમણાં જ બોલ્યા કે આ સરકારે આ કર્યું, આ સરકારે આ કર્યું. હું તેમને પૂછવા માગું છું કે ગુજરાત સરકારમાં આદરણીય કેશુભાઈની સરકાર હોય કે આદરણીય નરેન્દ્રભાઈની સરકાર હોય, અત્યાર સુધીમાં ૫૫થી વધારે લોકો અમેરિકા, લંડન, યુરોપ કોઈ પણ દેશમાં, વિદેશ ફરવા માટે આ સરકારે

ચાર ટકા વ્યાજની પાંચ લાખથી વધારે રકમની લોન આપી છે. અત્યારે અમારા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી કહેવાના છે કે કેટલી અરજીઓ આવીને પડી છે અને કેટલી મંજૂર થવાની છે. આ સરકારે એક પછી એક દલિતોનો ઉદ્ધાર કર્યો છે અને દલિતોનો ઉદ્ધાર એ જ સરકારનો ઉદ્ધાર છે. આ સરકાર હંમેશને માટે દલિતોની હામી બનીને જીવવા માગતી હોય એવી સરકારને કોઈ પણ સંજોગોમાં ગમે તે રીતે ગમે તેવા વાક્યો બોલીને કોંગ્રેસના લોકો જે ગુમરાહ કરવા માગે છે, પણ સરકાર મક્કમ નિર્ધાર સાથે જ્યારે દલિતોનું ભલું કરવા બેઠી છે ત્યારે દલિતોનું ભલું તેમ જ થવાનું છે. મને એક પછી એક વાત યાદ આવે છે કે અત્યાર સુધીમાં કાગળ ઉપર યોજના હતી. દલિતોને બે એકર કે ત્રણ એકર જમીન ગૌચર હોય કે ખરાબો તે આપવામાં આવતી હતી. હું પૂછું છું કે તમે કેટલા પ્લોટ આપ્યા? એક પણ પ્લોટ અત્યાર સુધીમાં કોંગ્રેસ સરકારમાં દલિત સમાજના લોકોને મળ્યો નથી અને પ્લોટ મળ્યો હશે તો બીજી બાજુ ગમે તે રસ્તે યેનકેન પ્રકારે તેની પાસે ગીરવે મૂકાવીને વેચાતો લઈ લેવામાં આવ્યો હશે. એક લોકો પ્લોટ આપતા હશે તો બીજાં બે લોકો કોર્ટે લઈ જતાં હશે, કંટડીમાં લઈ જતા હશે, ક્યાંકને ક્યાંક ગેરમાર્ગે વાળીને એ લોકોની દુર્દશા કરી છે. ખરેખર તો શરમ એમને લાગવી જોઈએ કે દેશને આઝાદ થયે ૫૭ વર્ષ થયા પછી પણ દલિતોનો ઉદ્ધાર ન થયો હોય. અમારી સરકાર છેલ્લા પાંચ વર્ષથી ગુજરાતમાં કામ કરે છે. હું માનું છું કે ગુજરાતના દલિત સમાજ જ્યારે ગરિમા સાથે, ગૌરવ સાથે આગળ વધી રહ્યો છે ત્યારે, અમેરિકા સુધી ભણવા જઈ રહ્યો છે ત્યારે કોંગ્રેસના લોકોને કહેતા શરમ આવવી જોઈએ કે સરકાર કશું કામ નથી કરતી.

ગુજરાતના મુખ્યમંત્રીની વાત કરું, હું મારા વિસ્તારમાં, મારા જિલ્લામાં જે કામ કરી રહ્યો છું સામાન્ય અધિકારીની વાત હોય, સામાન્ય કારકૂનની વાત હોય, ત્યારે પણ દલિત સમાજના ધારાસભ્યને વિશ્વાસમાં લીધા વગર આગળ વધ્યા નથી. કોઈ પણ મંત્રી હોય, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી હોય કે શિક્ષણ મંત્રી હોય કે કાયદા મંત્રી હોય દલિત સમાજના એકેએક ધારાસભ્યો તેમને પોતાના પ્રશ્નોની વાચા આપવા માટે એક ફોરમ બનાવ્યું છે. એ ફોરમ ઉપર દલિત સમાજના પ્રાણપ્રશ્નો ઉકેલવા માટે સરકાર જ્યારે આગળ વધતી હોય ત્યારે સરકારને હું સમર્થન આપું છું. સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી તમામ ધારાસભ્યોને ખબર છે કે દર મહિને દલિત ધારાસભ્યોની મિટિંગ બોલાવીને તેમના તમામ પ્રાણપ્રશ્નો હોય એ સાંભળીને યોગ્ય નિર્ણય કરીને વહેલી તકે પ્રશ્નો હલ કરવા માટે પ્રયત્ન કરતા હોય છે. એક પણ યોજના મેં જે ગણાવી ૧થી૪૭ યોજના સરકારે વર્ષોથી અમલમાં મૂકી છે એ તમામ યોજના બીજી રીતે કાર્યરત છે. તેને જેટલું જોઈએ એટલું બજૅટ આ સરકારે ફાળવ્યું છે. કોઈ પણ જગ્યાએ બજૅટમાં કાપ નથી આવ્યો. એ વાત સાથે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી જે માગણીઓ લઈને આવ્યા છે, સામાજિક સુરક્ષા અને અંગભૂત યોજનામાં તેને મારું સમર્થન આપું છું, મારો ટેકો આપું છું અને મારી વાત અહીં પૂરી કરું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગાર, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, રમતગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના મંત્રીશ્રી માગણી નં. ૫૭, ૯૨, ૯૫, ૯૮ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. સમાજના નબળા વર્ગોની માવજત કરીને અન્ય સમાજની હરોળમાં લાવવાની જરૂર છે. તેના માટે તેમનો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ કરવાની જરૂર છે. તેના માટે સરકાર ઘણી બધી યોજનાઓ લાવે છે. યોજનાઓ તો ઘણી આવે છે. દરવર્ષે નવી નવી યોજનાઓ આપણે ઉમેરતા જઈએ છીએ. પણ તેની વસતિ છે, દલિત અને ઓ.બી.સી.ની વસતિના પ્રમાણમાં જ્યારે આપણે ગ્રાન્ટ ફાળવીશું, કુલ જે ગ્રાન્ટ છે એ તેમની વસતિના ધોરણે ફાળવીશું તો તેમનો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ ચોક્કસ થશે. ગઈ સાલનું બજૅટ હોય તે બજૅટ કરતાં આ વર્ષે થોડું વધારે બજૅટ હોય તો આ ગૃહમાં આપણે તેને વધાવીએ છીએ. જ્યારે આ વાપરવાની વાત આવે છે ત્યારે આ બજૅટ પૂરતું વપરાતું નથી. ઘણાં બધાં આંકડાઓ મારી પાસે છે. ગઈ સાલ આર્થિક વિકાસ માટે, ગરીબોનો આર્થિક વિકાસ થાય તે માટે ૨૦૦૪-૦૫માં ૧૭ કરોડ ૬ લાખનું બજૅટ ફાળવવામાં આવ્યું હતું. આ વર્ષે ૧૬ કરોડ ૫૩ લાખનું બજૅટ ફાળવવામાં આવ્યું છે. ૫૦ લાખ રૂપિયા જેટલું બજૅટ ઓછું ફાળવવામાં આવ્યું છે. આના પરથી ખબર પડશે કે ગરીબોનો આર્થિક વિકાસ થાય તેના માટે આપણે કેટલા જાગૃત છીએ. ગરીબોના વિકાસ માટે શિક્ષણ બહુ જ અગત્યનું છે. શિક્ષણ વગર ગરીબ પ્રજા આગળ આવી શકતી નથી. ત્યારે શિક્ષણ માટે ગયા વખતે જે બજૅટ ફાળવવામાં આવ્યું હતું, લગભગ ૧૦૦ કરોડ ૧૨ લાખ, તેની સરખામણીમાં આ વર્ષે ૯૭ કરોડ ૫૫ લાખ, એટલે કે લગભગ ૨ કરોડ ૨૫ લાખ જેટલું ઓછું બજૅટ ફાળવવામાં આવ્યું છે. ગરીબલક્ષી યોજનાઓ હતી તેમાં કોઈ સુધારો સૂચવવામાં આવ્યો નથી. ૧થી ૭ ધોરણમાં ગરીબ બાળકોને જે બે જોડી ડ્રેસ આપવાની વાત છે તેમાં છેલ્લા ઘણાં વખતથી બે જોડી ડ્રેસ આપતા નથી. પણ ૧૫૦ રૂપિયા આપી દઈએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કદાચ મંત્રીશ્રીને એમ થાય કે, ટૂંકા થાય, લાંબા થાય એના કારણે મુશ્કેલી થાય પણ અત્યારે મોંઘવારી વધતી જાય છે. એના લીધે કાપડમાં ભાવ વધારો થાય છે. એની સરખામણીમાં ૨ ડ્રેસની

કિંમત થતી હોય એટલા પૈસા આપવામાં આવે તો યોગ્ય ગણાશે. હમણાં મારા સભ્યશ્રી કહેતા હતા કે, દીકરી રૂડી સાચી મૂડી. એના માટે સરકારે ઘણી બધી જાહેરાતો કરી હતી. અત્યારે તો દીકરીઓનો રેશિયો દિવસે દિવસે ઘટતો જાય છે. ત્યારે સરકારે આના માટે વિચાર કરવાની જરૂર છે. ૨૦૦૩-૦૪માં જોગવાઈ કરી હતી ૧ કરોડ ૯૨ લાખ ૪૬ હજાર. છેલ્લા ૨ વર્ષમાં કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. અનુસૂચિત જાતિના લોકો ઉપર અત્યાચાર દિવસે દિવસે વધતા જાય છે. અત્યાચાર નિવારવા માટે જે જોગવાઈ ગઈ વખતે ૧ કરોડ અને ૧૦ લાખની કરવામાં આવી હતી. એની સરખામણીમાં આ વખતે ૫૨ લાખ ૨૫ હજારની જોગવાઈ કરવામાં આવી છે. ૫૦ લાખની ઓછી જોગવાઈ કરવામાં આવી છે. સાત ફેરા સમૂહ લગ્નના. ગરીબ પરિવારના લોકો સમૂહ લગ્નમાં જોડાય એના માટે એમને પ્રોત્સાહિત કરવા માટે સરકારે ગયા વખતે બજેટમાં ૨૦૦૩-૦૪માં ૫૨ લાખ ૪૬ હજાર ફાળવ્યા હતા અને આ વખતે ૪૦ લાખ જ ફાળવવામાં આવ્યા છે. દિવસે દિવસે સરકાર આ યોજનામાં પૈસા ઓછામાં ઓછા ફાળવતી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહન ભોજન યોજના. ગરીબ બાળકોને જમવાનું મળતું નથી. એટલે એ સ્કૂલમાં જાય તો ભોજન મળે અને એ દ્વારા એમને શિક્ષણ મળે. એ માટે સરકારે ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૧૮ કરોડ અને ૪૦ લાખની જોગવાઈ કરી હતી. એના બદલે આ વર્ષે ૧૪ કરોડ ફાળવ્યા છે. એટલે કે, ૪ કરોડ ૪૦ લાખનો આટલો મોટો ઘટાડો થયો છે. શિક્ષિત બેરોજગારોને સ્વરોજગાર માટે નાણાકીય સહાય આપવામાં આવે છે પણ શિક્ષિત બેરોજગારોની સંખ્યા ઘણી બધી વધારે સરકારના રેકર્ડ ઉપર છે. ૯.૫ લાખ છે. એવી તો ઘણી સંખ્યા છે જે નોંધાઈ પણ નથી. આવી મોટી સંખ્યા માટે ૨૦૦૩-૦૪ના બજેટમાં ૧ કરોડ ૫૨ લાખ ૯૩ હજાર હતી. આ વર્ષે ૧ કરોડ ૮ લાખ ફાળવ્યા છે. એટલે કે ૨૯ ટકા ઓછી રકમ ફાળવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લઘુતમ વેતન દર મળવો જોઈએ એ પણ પૂરતો મળતો નથી. સરકાર તરફથી જે યોજનાઓ ચાલે છે. એસ.જી.આર.વાય. યોજનાઓ ચાલુ છે. ગામડાઓમાં જે લોકો મજૂરીનું કામ કરે છે એને આખા દિવસનું કામ કરે ત્યારે ૨ રૂપિયા પણ પડતા નથી. આવી રીતે સરકાર દિવસે દિવસે યોજનાઓમાં કાપ મૂકતી જાય છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન બાંધવાની સરકારે ગયા વર્ષે જાહેરાત કરી હતી. એમાં વડોદરા, પાટણ, જૂનાગઢ માટે સરકારે ૧ કરોડ ૮ લાખની જાહેરાત કરી હતી અને સરકારે બાંધવાનું કામ પણ શરૂ કર્યું છે. છેલ્લે કોણ જાણે કેમ આ યોજનામાં ઘટાડો કરીને ફક્ત ૪૦ લાખ અને ૭૨ હજારનો ખર્ચ કરી શકાશે. કુંવરબાઈનું મામેરું યોજના માટે લગ્નમાં આર્થિક મુશ્કેલી હોય એવા ગરીબ લોકો માટે સરકારે ગયા વર્ષે ૩ કરોડ ૫૦ લાખની જોગવાઈ હતી. એના બદલે આ વર્ષે ૨૫ લાખ રૂપિયા ઓછા અંદાજ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સફાઈ કામદાર અને ઝાડુવાળા માટે જૂથ વીમા યોજનાની જાહેરાત કરી હતી. એ માટે ૧૪.૫૦ લાખ ફાળવ્યા હતા. એમાં આ વખતે ફક્તને ફક્ત ૬ લાખ ૯૯ હજાર જ ફાળવ્યા છે. ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિયલગ્નો પ્રોત્સાહન આપવા માટે ગયા વર્ષે ૨૦૦૩-૦૪માં ૧ કરોડ ૧૬ લાખ રૂપિયાની જોગવાઈ કરી હતી. આ વર્ષે ૭૫ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. સફાઈ કામદાર, ઝાડુવાળા અને વાલ્મીકી, હાડી, નાડીયા, સેનવા એ લોકોને રહેઠાણ મળે એના માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના છે. એમાં ૨૦૦૩-૦૪માં ૨ કરોડ ૪૮ લાખની જોગવાઈ હતી. આ વર્ષે ૨ કરોડ ૪૮ લાખની જોગવાઈ કરી છે. એટલે કે, ૮.૫ લાખની ઓછી જોગવાઈ કરી છે. સરસ્વતી સાધના યોજના. ગરીબ બાળકોને સ્કૂલે જવા માટે સારી યોજના છે પણ એમાં ગયા વખતે ૧ કરોડ ૫૬ લાખની જોગવાઈ હતી. એમાં આ વખતે ફક્ત ૭૫ લાખની જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. કુટુંબોના ધોરણ ૧થી ૭માં ભણતા બાળકોને ગણવેશ માટે ગયા વર્ષે ૬ કરોડ અને ૮ લાખ હતા તે આ વખતે ૩ કરોડ ૪૮ લાખ ફાળવ્યા છે. પી.એચ.ડી. અને એમ.ફીલ.માં જે ભાઈઓ ભણે છે. એમને આગળ અભ્યાસ કરવા માટે જોગવાઈ કરી હતી એમાં ૩ લાખ અને ૪૩ હજારની ઓછી જોગવાઈ કરી છે. સરદાર પટેલ આવાસ યોજનામાં પૂરતા પૈસા મળતા નથી અને ટાઈમસર મળતા નથી અને પૂરતા મકાનો બાંધી શકાતા નથી એ માટે સરકારે જોગવાઈ કરવી જોઈએ.

કાયદા અને તબીબી સ્નાતક એમને જે નાણાકીય સહાય મળે એના માટે જે ગયા વખતે જોગવાઈ કરી હતી એમાં પણ ૧૭ લાખ અને ૪૦ હજાર જેટલો ઘટાડો કર્યો છે. એસ.એસ.સી. પૂર્વેના વિદ્યાર્થીઓ માટે પરીક્ષીત લાલ મજમુદાર શિષ્યવૃત્તિ યોજનામાં જે ગયા વખતે ૩ કરોડ અને ૪૩ લાખની જોગવાઈ કરી હતી એમાં પણ લગભગ ૩૪ લાખનો ઘટાડો કરવામાં આવ્યો છે. અસ્વચ્છ વ્યવસાય સાથે જોડાયેલા પરિવારો છે એમના બાળકોને પૂર્વ એસ.એસ.સી. મુની મેતરાજ શિષ્યવૃત્તિ જે લગભગ ૨૬ કરોડ અને ૪૧ લાખની છે એમાં પણ ૨ કરોડ અને ૨૯ લાખનો ઘટાડો કરવામાં આવ્યો છે.

ગુજરાતના ઠાકોર અને કોળી સમાજના ભાઈઓ છે એમની વસ્તી ૫૨ ટકા છે એ ૫૨ ટકાની વસ્તી માટે વસ્તીના ધોરણ પ્રમાણે એમને કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. એટલા માટે એ જે સમાજો છે એમનો વિકાસ થતો નથી. હજી એવા પણ પરિવારો છે જે મદારી છે, વાદી છે એમણે હજી તો સ્કૂલના દરવાજા

નથી જોયા એવા માણસો માટે સરકારે વિચાર કરવો જોઈએ અને એમના માટે પણ બજેટમાં જોગવાઈ કરવી જોઈએ એમ લાગે છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગાર વિભાગ તેમજ માનનીય મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમને મારું અનુમોદન આપવા માટે અને રમત ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ ગુજરાતની અંદર ૧૯૯૦થી ખાસ કરીને એક અલગ વિભાગ તરીકે અસ્તિત્વમાં આવ્યો ત્યારથી આ વિભાગની અંદર તબકકાવાર એમાં સુધારા વધારા થતા ગયા છે. આ વિભાગ એટલો મહત્વનો વિભાગ છે કે જેની અંદર પુરાતત્વ, ગ્રંથાલય, અભિલેખાગાર, સંગ્રહાલય, રમતજગત આ બધી જે પ્રવૃત્તિઓ આવી જાય છે અને કદાચ આ વિભાગને ન ઓળખે એટલે સ્વાભાવિક રીતે દરેક લોકોને એવું થાય કે આ વિભાગની અંદર માત્ર યુવાનોની જ પ્રવૃત્તિ હશે. માત્ર યુવા વર્ગને સ્પર્શતો વિભાગ હશે પરંતુ એમાં જે વિવિધ વિભાગોને સ્પર્શતા, બધા જ વર્ગોના લોકોને સ્પર્શે છે. એ યુવાનોને પણ સ્પર્શે છે. જયારે ગ્રંથાલય જેવા વિભાગો હશે તો આમ જનતાના મોટી ઉંમરના, નાની ઉંમરના કે વિદ્યાર્થીઓ એ બધાને સ્પર્શ કરતા હોય છે. આ ઉપરાંત પુરાતત્વ વિભાગ પણ આવે છે તો પુરાતત્વ વિભાગે ખાસ કરીને જે લોકોને કંઈ જિજ્ઞાશા છે, જે લોકોને કંઈક સંશોધન કરવું છે, કંઈક રિસર્ચ કરવું છે, જેમને કંઈ નવું જાણવું છે એમને પણ આનાથી માહિતી મળતી રહેતી હોય છે. ખાસ કરીને આ વિભાગને જે દષ્ટિએ છેલ્લા ૫-૧૦ વર્ષથી ભારતીય જનતા પક્ષની સરકાર આવી ત્યારથી આ વિભાગની અંદર જે પ્રવૃત્તિઓનું ફલક વધારવામાં આવ્યું છે.

આ વિભાગની જે પ્રવૃત્તિઓ છે એને જનતાની વચ્ચે એક વિશિષ્ટ પ્રકારે ઉપસી આવે એવી પ્રવૃત્તિ કરે છે. એ રીતે પ્રવૃત્તિઓનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ વિષય ઉપર હું થોડુંક કહેવા માગું છું કે ગ્રામીણ ઓલમ્પિકનું આયોજન એ આ રાજય સરકારનું સૌથી મોટું મહત્વનું આયોજન છે. કારણ કે ગ્રામ્યક્ષેત્રની અંદર ગ્રામ્ય પ્રતિભાઓ ખૂબ પડી છે. યુવાનોમાં રહેલું કૌશલ્ય એમનામાં રહેલી સુજ, અને એમાં પણ ગ્રામિણ ઓલમ્પિકસનું નામ એટલા માટે આપવામાં આવ્યું છે કે ગામડાની જે પરંપરાઓ છે, ગામડાઓની જે રૂઢીઓ છે, ગામડાના રિવાજો છે, ગામડાની જે વ્યવસ્થાઓ છે અને ગામડાના યુવાનોથી માંડીને વડીલો સુધી જે કૌશલ્ય પડયું છે રમતગમત ક્ષેત્રનું એ આ માધ્યમથી ખીલવવાનો આદર્શ ઉકેલ છે અને આ તમામ પ્રકારના કૌશલ્ય છે એ જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ, સામાજિક પરિસ્થિતિ, ,ઋતુઓ, પ્રસંગોને અનુલક્ષીને હોય છે અને એટલા માટે આમાં ખાસ કરીને દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી દોડ, રસ્સા ખેંચ, વોલીબોલ, કબડ્ડી, મલ્લકુસ્તી વગેરેનું આયોજન તા:૧૯-૯-૦૪ના રોજ તરણેતરના મેળાની અંદર તા:૨૨-૧૦-૦૪ના રોજ દેવગઢબારીયા ખાતે એટલે કે આદિવાસી વિસ્તારની અંદર પણ આવું સરસ મજાનું ગ્રામિણ ઓલમ્પિકનું આયોજન થયું હતું એમાં પણ એ વિસ્તારને અનુરૂપ કે જે વિસ્તારમાં પરંપરાગત રમતો હોય, જે વિસ્તારની અંદર પરંપરાને સ્પર્શતી હોય, જૂના સમયથી ચાલી આવી હોય આ બધા જે કૌશલ્ય છે એવા માધ્યમથી ખીલવવાનું આયોજન થયું. એમાં ખાસ કરીને તીરંદાજી, ગોળાફેંક, ગીલોલ આ ખાસ આદિવાસી વિસ્તારની અંદર પ્રચલીત રમત છે. એમાં એ વિસ્તારના યુવાનોના વિકાસ, કૌશલ્ય ખીલે એમાં રહેલી શકિતઓ બહાર આવે અને જનતા જોવે અને રાજય અને રાષ્ટ્ર કક્ષાએ એમને આ ક્ષેત્રની અંદર પ્રગતિ કરવા માટેની તક પણ રાજય સરકાર આપે છે. આ ઉપરાંત સરફરોશીનું પુસ્તક, પ્રેરણાનું પ્રકાશન પણ આ સરકારે કર્યુ છે. એમાં આ રાષ્ટ્ર માટે, આ રાષ્ટ્રની આઝાદી માટે જે આપણા શ્યામકૃષ્ણ વર્મા, તાત્યા ટોપે, ચંદ્રશેખર આઝાદ, ક્રાંતિકારી ભગતસિંહ, આ બધા લોકો એ જે પોતાના બલીદાનો આપ્યાં છે એ બધા જ વીર પુરુષોની યાદી પ્રકાશિત કરી અને જનતાની વચ્ચે ખુલ્લી મૂકી છે.

રાજયમાં આવેલા તમામ ગ્રંથાલયોનું કમ્પ્યુટરાઈઝેશન કરીને એનું એક સુદ્રઢ આયોજન બનાવ્યું છે. જ્યારે કોઈપણ ગ્રંથાલયમાં જાય ત્યારે કોઈપણ તાલુકા અને જિલ્લા કક્ષાની વ્યકિતને પોતાને જોઈતું હોય એ પુસ્તક સહેલાઈથી કાઢી શકાય એના માટે ખૂબ જ સરસ આયોજન આ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રમત-ગમત ક્ષેત્રમાં પણ રાજય સરકારે ૧૯૯૯-૨૦૦૦થી ખૂબ મોટા પાયે સિદ્ધિ હાંસલ કરી છે. આ ગુજરાતની પાંચ કરોડની વસતિ છે, ગુજરાતની અંદર યુવાનોમાં કૌશલ્ય છે, આ ગુજરાતના યુવાનો પરંતરાગત રમતોમાં માહિર હોવા છતાં એમને પ્લેટફોર્મ અત્યાર સુધી મળતું ન હતું. રમતમાં પોતાનું કૌશલ્ય ખિલવવાની તક મળતી ન હતી. ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી તેમાં પ્રગતિ થઈ રહી છે અને રાષ્ટ્રીય સ્પર્ધામાં પણ આપણા યુવાનો ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લેતા થયા છે અને સારા પરિણામો લાવી શક્યા છે. એના ઉપરથી કહી શકાય કે ૧૯૯૯-૨૦૦૦માં ગુજરાતમાંથી રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવનાર ૧૫ યુવાનો હતા તેની સામે ૨૦૦૪-૦૫માં એ સંખ્યા વધીને ૫૦ થઈ છે. ૧૯૯૯-

૨૦૦૦માં ગુજરાતના યુવાનોએ રાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર મેડલ મેળવ્યા હતા એની સંખ્યા માત્ર ૧૬ હતી તે વધીને ૨૦૦૪-૦૫માં ૪૪ની થઈ છે. ૧૯૯૯-૨૦૦૦માં ગુજરાતના યુવાનોએ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લઈ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા એની સંખ્યા ૨૩ હતી એની સામે ૨૦૦૪-૦૫માં એ સંખ્યા ૫૨ થઈ છે. એમ ૧૯૯૯-૨૦૦૦માં કુલ મેળવેલ મેડલની સંખ્યા ૫૪ હતી તે ૨૦૦૦૪-૦૫માં ૧૪૬ જેટલી થઈ છે. આ બતાવે છે કે ગુજરાતના યુવાનોને, ગુજરાતની બહેનોને જે રમતવીર છે એમનામાં રહેલા કૌશલ્યને ખિલવવાની તક આ વિભાગ અને આ રાજય સરકાર દ્વારા મળી છે.

રાજય સરકારના આ વિભાગ દ્વારા કે.કા.શાસ્ત્રીની શતાયુ પ્રવેશની ઉજવણીનો એક સરસ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન એટલા માટે કરવામાં આવ્યું હતું કે આ આયોજનથી સો વર્ષ સુધી જેમણે જાહેર જીવનમાં પ્રદાન કર્યું છે, સાહિત્ય ક્ષેત્રમાં પ્રદાન કર્યું છે, અધ્યયન ગ્રંથો લખ્યા છે, સંશોધન ગ્રંથો લખ્યા છે એવા મૂર્ધન્ય, સારસ્વત એવા કે.કા.શાસ્ત્રીમાંથી ગુજરાતના યુવાનોને પ્રેરણા મળે. સો વર્ષ સુધીના સુદ્રઢ અને નિશ્ચિત આયોજનબદ્ધ જેમનું આયુષ્ય પસાર થયું છે એમાંથી યુવાનોને પ્રેરણા લઈ અને પોતાનું આરોગ્ય, પોતાનું સ્વાસ્થ્ય, પોતાની જીવન શૈલી એમને અનુરૂપ બને અને યુવાનોને પ્રેરણા મળે. એ ઉપરાંત ગુજરાત સરકારના આ વિભાગ દ્વારા બાબાસાહેબ આંબેડકરના પુસ્તકોના વિમોચનની શ્રેણી છે એને ગુજરાતીમાં ભાષાંતર કરીને ગુજરાતીમાં પ્રકાશિત કરવામાં આવી છે અને આશ્રમશાળાઓ અને છાત્રાલયો વગેરે જગ્યાએ પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતના ગામડાના નામોનો ઈતિહાસ એ ખૂબ મહત્વની બાબત છે. ગુજરાતના ગામડાંઓ પાછળ એક મોટો ઈતિહાસ રહેલો હોય છે. શૂરવીરના નામ ઉપરથી, ઐતિહાસિક પૂરાણોના તથ્ય ઉપર હોય છે એ ૧૮ હજાર ગામડાંઓનો ઈતિહાસ ગુજરાતની જનતા સમક્ષ મૂકવાનું રાજય સરકારે આયોજન કર્યું છે. ડૉ. હર્ષેશ જમીનદાર દ્વારા આ પ્રોજેકટ હેઠળનું નિયત કાર્ય પૂર્ણ પણ કરવામાં આવ્યું છે અને ચાર સભ્યોની એક તજજ્ઞ સમિતિ નીચે એનું થોડા સમયમાં વિમોચન કરીને દરેક ગામને પોતાના ગામમાં એની પાછળ રહેલા ઈતિહાસથી વાકેફ કરવાથી ગુજરાતના ૧૮ હજાર ગામનો ઈતિહાસ એમની પાસે ઉજાગર થશે અને એમાંથી પ્રેરણા મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત આ વિભાગ દ્વારા જે વિશિષ્ટ પ્રવૃત્તિઓ થઈ છે એમાં ખાસ કરીને સંસ્કૃતિકૂંજ ખાતે છેલ્લા બે વર્ષથી સાંસ્કૃતિક મહોત્સવ યોજવામાં આવે છે. આ ગુજરાતના યુવાનો, આદિવાસી વિસ્તારના યુવાનોમાં રહેલું જે કૌશલ્ય છે એ ખાસ કરીને જનતા જુએ એ માટે આયોજન થયું છે. ગુજરાત સ્થાપના દિવસની પણ ઉજવણી થઈ છે. આ દ્રષ્ટિએ આ વિભાગ દ્વારા જે કાર્યવાહી થઈ છે એ પ્રશંસનીય રહી છે. એટલા માટે હું એને અનુમોદન આપું છું.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગની માગણીઓ પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને આર્થિક પછાત સમાજોની સંખ્યા જોઈએ તો ૮૫ ટકા કરતા પણ અધિક થાય છે. આ ૮૫ ટકા લોકોની જરૂરિયાત સરકારને છે. આ ૮૫ ટકા લોકોને સરકાર માઈ-બાપ આ ૮૫ ટકા લોકો માટેની હોવી જોઈએ. છેલ્લા ઘણાય વર્ષોથી આ ૮૫ ટકા સમાજો માટે બજેટ ઓછામાં ઓછું ફળવાય છે. ફળવાય એ પૂરું વપરાય નહિ અને સાહેબ, સામાજિક પ્રસંગોમાં અમે બધા જતા હોઈએ છીએ ત્યારે કયાંક મજાક થતી હોય છે. ૮૫ ટકા સમાજ જે સાચો દરિદ્રનારાયણ છે એના માટેની વાત કરીએ, ભાષણ કરીએ ત્યારે પોતાની જાતને છેતરતા હોય એવો અહેસાસ સામાજિક પ્રસંગે જતા હોઈએ ત્યારે દેખાતું હોય છે એ એટલા માટે આટલા મોટા સમાજોમાં ઓછા બજેટ મૂકીને મજાક કરવી એના કરતા તો આ વિભાગ બંધ થઈ જાય, સરકારને સાહેબ, એટલા માટે કહું છું કે છેલ્લા ૧૦-૧૫ વર્ષથી આ નબળા સમાજના મંડળો બન્યાં, કલ્યાણ માટેના મંડળો બન્યા, એની સમૂહ લગ્ન સમિતિ બની, એના વિભિન્ન યુવાનો માટેના માર્ગદર્શન મંડળો બન્યા અને આ બધાની પ્રવૃત્તિથી, સામાજિક પ્રવૃત્તિથી, સમાજના પૈસાની વ્યવસ્થા થાય. આ સમાજમાં ખૂબ મોટી જાગૃત્તિ આવી છે અને આ સમાજોના લોકોની જે અવગણના છે એનો આ સમાજો સમય આવે પરચાઓ પણ બતાવે છે અને પરચાઓ રાજકીય લોકોના મગજમાં નહિ ઊતર્યુ હોય, પણ વર્ષમાં બે ચૂંટણી આવતી હોય તો પણ આ ચૂંટણીમાં કંઈક પરચા બતાવ્યા છે અને વર્ષમાં પાંચ ચૂંટણી આવે તો પણ એના માટે બોલેલું માણસ પાળતા નથી. આ સમાજો આ પ્રજા સાથે રહેતી નથી એવા અસંખ્ય બનાવો બન્યાં છે. એટલા માટે સાહેબ સત્તા પરિવર્તન પણ આ સમાજ ઓળખતો થયો છે અને એટલા માટે આપના માધ્યમ દ્વારા વિનંતી કરું છું કે સમસ્ત ઠાકોર-કોળી વિકાસ નિગમની મારા વિદ્વવાન ધારાસભ્યશ્રીઓએ વાત કરી. સાહેબ આટલો મોટો સમાજ ૧૮૦૦૦ ગામડામાં ગમે ત્યાં જાવ કોળી અને ઠાકોરની વસ્તી મળે, મળે ને મળે. સાહેબ, એવું શું કારણ બન્યું કે આ નિગમને કાર્યાન્વિત કરવામાં નથી આવતું? આ નિગમના ચેરમેન નથી બનાવવામાં નથી આવતા, આ નિગમના બોર્ડ ઓફ ડાયરેકટર્સ નથી નિમવામાં આવતા, સાહેબ ના નીમો પણ

પૈસા તો આપો. એક વખત ૧૦ લાખ ફળવાય બે ગાડી માટે, બીજા વર્ષે ૪૦ લાખ ફળવાયા રૂપિયા વપરાયા વગર પડ્યા રહ્યા, ત્રીજા વર્ષે ૩૦ લાખ ફળવાયા રૂપિયા વપરાયા વગર પાછા જતા રહે. એટલે મને એવું લાગે છે કે આ સત્તામાં બેઠેલા લોકોને આ સમાજ કણાની જેમ ખૂંચતા તો નથી ને? એવું પૂછવાનું નમ્રપણે એટલા માટે મન થાય છે કે આ સમાજની અવગણના કરવા પાછળનું કોઈ વાજબી કારણ આપશો? આ સમાજોને બિલકુલ છેવાડે મૂકી દેવાના જે કાવતરાંઓ થઈ રહ્યાં છે એના ભાગરૂપે જે રમતો રમાય છે, એમાં આ સમાજ પાછો તો પડી નથી રહ્યોને?. એટલા માટે આપના દ્વારા વિનંતી કરું છું માનનીય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી જ્યારે જ્યારે પણ પછાતો અને ગરીબોની વાત કરતા હોય છે ત્યારે મને બંને માટે આનંદ અને માન થાય છે, એટલે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સાહેબ આજે કાં તો જાહેરાત કરો કે ઠાકોર-કોળી વિકાસ નિગમને કાર્યાન્વિત કરીએ છીએ નહિ તો આ બોર્ડ-નિગમને અમે બંધ કરીશું, બેમાંથી એક કરો. એ એટલા માટે જરૂરી છે અમે જઈએ ત્યારે લોકો પૂછે છે કે મત લઈને જાવ છો ત્યારે અમારાં માટે શું બોલો છો? અમારા માટે ક્યા અધિકારની લડાઈ લડો છો? કયા અમારા વાજબી પ્રશ્ન મૂકો છો? જે લોકો અમને પૂછે છે ત્યારે એનો જવાબ નથી આપી શકતા ત્યારે સાહેબ થોડા આક્રોશ સાથે બોલાતું હોય તો ક્ષમ્ય ગણજો.

માનનીય અધ્યક્ષશ્રી, ખોટી જાતિના પ્રમાણપત્રો ઉપર આવું છું. સાહેબ હું કહું છું વારંવાર અમારો વારો આવે ત્યારે કાયદો બદલાઈ જાય, અમારો વારો આવે ત્યારે છેતરવાનું ચાલુ થાય. સાહેબ અમારો વારો આવે ત્યારે સી.સી.રોડ બંધ, સાહેબ અમારો વારો આવે ત્યારે ડાર્ક-ઝોન, સાહેબ અમારો ભણવા ગણવાનો જ્યારે વારો આવ્યો ત્યારે સ્વનિર્ભર અને અમારો વારો ભણીગણીને કાળી મજૂરી કરીને જ્યારે નોકરી લેવાનો વારો આવ્યો ત્યારે ખોટા પ્રમાણપત્રો. માનનીય અધ્યક્ષશ્રી, ખોટા પ્રમાણપત્રો હજારોની સંખ્યામાં વાત નથી કરતો, લાખ્ખોની સંખ્યામાં છેલ્લા પંદર વર્ષોમાં નીકળ્યા છે. (સમયસૂચક ઘંટડી) હમણાં સાહેબ ક્લાસ-૧ અને ક્લાસ-રની ભરતી થઈ એમાં બે ડી.એસ.પી. અને બે મામલતદારો ખોટા બક્ષીપંચના સર્ટિફિકેટ લઈને આવ્યા, બે ડી.એસ.પી.ની નિમણૂંક થાય સાહેબ, બે મામલતદારોની નિમણૂંક થાય, બક્ષીપંચના નથી ખોટા છે એની નિમણૂંક થાય તો સાચો ગરીબનો દીકરો ભણી ગણીને ડીએસપી થવાનો વારા ઉપર આવ્યો આ આતંકવાદી પ્રવૃત્તિ કરી અને સાચા બક્ષીપંચના દીકરાની નોકરી ઝૂંટવી લેવાવાળા માણસોની સામે આ સરકાર કોઈ ગંભીર થવા માગે છે કે નહીં, એ આપના માધ્યમ દ્વારા પ્રશ્ન પૂછું છું. આ બે ડીએસપી અને બે મામલતદારો થઈ ગયા એની નોકરી ઝૂંટવીને મેરિટમાં જે લોકો આવતા હતા એને નોકરી આપવા માગો છો કે કેમ? માનનીય મંત્રીશ્રી પાસેથી જવાબની સ્પષ્ટ અપેક્ષા એટલા માટે રાખું છું કે, સાહેબ કોર્ટ કચેરીઓમાં આ સમાજો ટકી શકે નહીં, કોર્ટ કચેરીઓના લિટીગેશનમાં આ સમાજો નહીં ટકી શકે અને એટલા માટે લાખ્ખોની સંખ્યામાં પ્રમાણપત્રો નીકળી રહ્યા છે. એક બાપના ત્રણ દીકરા, બે આઈએએસ, ખોટા પ્રમાણપત્રો, એક ક્લાસ-૧ અધિકારી, ધારાસભ્યો પત્રો લખે કે બક્ષીપંચના ખોટા પ્રમાણપત્રો લઈને એ આઈએએસ બની ગયા છે, એક ક્લાસ-૧ અધિકારી બની ગયો છે પણ મારે દુ:ખ સાથે કહેવું પડે કે ધારાસભ્યના પત્રનો જવાબ પણ આપતા નથી ( પૂરું કરો) એક જ મિનિટ સાહેબ, ગયા વર્ષે સંકલ્પ લાવ્યા હતા અમો ખોટા પ્રમાણપત્રો બાબતમાં, આખું હાઉસ માનનીય મંત્રીશ્રી આપની સાથે છે, ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી પણ આપની સાથે છે, સમગ્ર હાઉસ પણ આપની સાથે છે, પચાસ કરતાં પણ અધિક જુદી જુદી જ્ઞાતિના લોકોએ રિટ પીટીશન દાખલ કરી એ જાતિના લોકો અને સમસ્ત ન્યાયાલય પણ આપની સાથે છે કેમ આવા ખોટા પ્રમાણપત્રોને બનાવવા માટેનો કોઈ કાયદો નથી. મેં મારો સંકલ્પ એટલા માટે પાછો ખેંચ્યો હતો કે, માનનીય મંત્રીશ્રીએ ખાતરી આપી હતી કે, મહારાષ્ટ્રની પેટર્નથી કોઈ કાયદા નવા લાવીશું, નીતિઓ નક્કી કરીશું, જી.આર. કરીને પણ આવા પ્રમાણપત્રો પાછા લેવા માટેની કાર્યવાહી કરીશું. માનનીય મંત્રીશ્રી આ બાબતમાં પણ સ્પષ્ટતા કરે.

**સભાપતિશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે, શ્રી જગદીશભાઈ.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન કરવા હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ઘણું બધું સામાપક્ષેથી સાંભળવામાં આવતું હતું, ભૂતકાળમાં પણ અગાઉની સરકારોએ બક્ષીપંચના, હરિજનના અને આદિવાસીઓના બાળકોને ૧૫૦ રૂપિયાના ગણવેશ આપવામાં આવતા હતા તેમાં મોટો ભ્રષ્ટાચાર ચાલતો હતો, દર વર્ષે આદિવાસી, હરિજનો અને બક્ષી જાતિના બાળકો માટે આશરે ૭૦ કરોડ રૂપિયા જેવો ખર્ચ થતો હતો અને એમાં અગાઉના મંત્રીશ્રીઓ અને અધિકારીઓ મારફતે ભ્રષ્ટાચાર પણ થયો હતો, ભ્રષ્ટાચાર એકલો નહીં પણ એમાં સી.બી.આઈ. તેમજ પોલીસ ઈન્કવાયરી પણ આજ ગૃહમાં સોંપવામાં આવી હતી એ મારા સામેના સાથી સદસ્ય ભૂલી ગયા હશે કદાચ કે કયાં ભ્રષ્ટાચાર થયો છે, કોણે આ સમાજને પાછળ રાખવાનું કામ કર્યુ છે. આજ સુધી કદાચ પચાસ-પચાસ વર્ષો સુધી આ સમાજ એમને યાદ આવ્યો નહતો અને માત્ર આજે જ આવા સમાજ યાદ આવે છે? એની એમને પણ ખબર છે

કે, આ સમાજને અમે ભૂલી ગયા એનું પરિણામ ભોગવી રહ્યા છે, ત્યારે મારે કહેવું છે કે, સામાવાળા પણ વિચાર કરે કે આ બધું તમારા જમાનામાં થયું હતું,

અમારી સરકારોમાં નહીં( અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, નટવરસિંહ પણ એમાંથી કાંઈ બાકાત નથી રહેતા એટલે આપ જરા ધીરા રહો, આપ એના સાક્ષી છો. ભૂતકાળમાં જે કાંઈ બન્યું એના. ભૂતકાળમાં કાપડ ખરીદવામાં આવતું હતું એનું સિલાઈકામ આપવામાં આવતું હતું. એમાંથી જે કાંઈ ગોરખધંધા કરવામાં આવતા એ કોના જમાનામાં? આ સરકાર આવ્યા પછી માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીએ દ્રઢ સંકલ્પ કરીને આમાંથી કઈ રીતે ભ્રષ્ટાચાર અટકાવી શકાય, કઈ રીતે સીધી રીતે આ વાત સમાજ સુધી પહોંચાડી શકીએ એના માટે ચિંતા કરી અને આજે આપણે ૪૦ કરોડ રૂપિયા રોકડા નિયામકશ્રીના અધ્યક્ષસ્થાને, કયાંક કલેકટર હોય, કયાંક ધારાસભ્ય હોય એમને સમૂહમાં એક સાથે જિલ્લામાં બોલાવીને આપ્યા છે તે પણ સીધા બાળકોને નહીં પણ આચાર્યને. કયાંય ભ્રષ્ટાચાર ન થાય, કયાંય મુશ્કેલી ન થાય.

કોંગ્રેસના મારા મિત્રો પણ કયાંક સમારંભમાં ગયા હશે અને જોઈ શકયા હશે કે ભૂતકાળમાં આવું કરવામાં આવ્યું હોત તો આ સમાજ ઘણો આગળ વધી શક્યો હોત પણ એમણે કાંઈ ચિંતા કરી નથી એવું કહું તો ઓછું નથી. (અંતરાય) એવું નથી જોષીયારાસાહેબ, આપ હિંમતનગરમાં રહો છો, ખાતરી કરો તો ખબર પડે હિંમતનગરમાં આપનું નામ હતું પણ આપ હાજર નહોતા. મને દુ:ખ થાય છે. આવો સારો કાર્યક્રમ હતો અને આપ હાજર હોત તો ખબર પડત કે આ સમાજ માટે આ સરકાર કેટલી ચિંતિત છે? કેટલી ફાળવણી કરી હતી એ આપ નજર સમક્ષ જોઈ શકયા હોત. આમ તો મારા જોષીયારાસાહેબને ચોકકસ ખબર છે. અમને પણ કહેતા હોય છે કે આ સરકાર ઘણી સારી છે. ઘણા વિકાસના કામો કરે છે. પણ ખરેખર અહીં જાહેરમાં તો કાંઈક કહેવું પડે. એ ચોકકસ કહે પણ સાચી વાત એમણે જોવી જોઈએ. વિચારવી જોઈએ. ગામડે શાળાના આચાર્યને તેમજ દરેકને જે રકમ આપીએ છીએ એનું ઓડિટ થાય છે. નિરીક્ષણ કરવામાં આવે છે. ખરેખર પૈસા પહોંચ્યા છે કે નહીં તેનું પ્રમાણપત્ર પણ લેવામાં આવે છે. જ્યારે સ્વાભાવિક મુશ્કેલી જુદીજુદી હોય છે. આવા કાર્યક્રમ કરીને ટુંકાગાળામાં આપણે ૪૦કરોડ જેવી રકમ ફાળવતા હોઈએ એ ઓછું નથી. અગાઉ શિષ્યવૃત્તિના નામે મોટો ભ્રષ્ટાચાર અને ધાંધીયા ચાલતા હતા ત્યારે ગ્રાન્ટ પૂરી ફાળવવામાં મુશ્કેલી આવતી હતી.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને રમણલાલ વોરા ૯૦કરોડ જેવી શિષ્યવૃત્તિ બક્ષીપંચ, લઘુમતિ, આર્થિક પછાત અને વિચરતી વિમુકત જાતિ માટે ૭૦થી ૮૦લાખ રૂપિયા બાળકોને ફાળવ્યા હોય એ કાંઈ સામાન્ય વાત નથી. આમ વિચરતી જાતિના લોકો માટે પણ આ સરકારે ચિંતા કરી છે અને દિન દયાળ આવાસ યોજના દાખલ કરી. આવી વિચરતી જાતિની સામૂહિક યોજના પણ દાખલ કરી છે જે આપણે કલ્પના પણ ન કરી શકીએ. ભૂતકાળમાં આના માટે કોઈએ ચિંતા કરી નથી. વાદી, વિચરતી જાતિ, વણઝારા માટે જેમને કશું છે નહીં એમની પણ આ સરકારે ચિંતા કરી છે અને હંમેશા આ સરકાર ગરીબોના પક્ષે રહી છે. શ્રમ અને રોજગારની વાત કરું તો એમાં પણ આપણે હરણ ફાળ ભરી છે. કલ્પના પણ ન કરી શકીએ. ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે આગળ જઈ રહ્યું છે, પરિણામે રોજગારીની વ્યાપક તકને પહોંચી વળવા માટે આ સરકાર કટિબદ્ધ છે અને કચેરીના માધ્યમથી ૧૩૨ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા તેમજ ૧૦૯ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રમાં અંદાજે ૫૬૦૦૦ જેટલા વ્યવસાયલક્ષી તાલીમ દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રે હરણ ફાળ ભરી રહ્યા છે. એના લીધે સામાન્ય માણસ, ગરીબ લોકો ગામડાંમાં વસતા ૫૬૦૦૦ જેટલા તાલીમ લે છે તથા રોજીરોટી આપવા માટે આ સરકાર કાર્યરત બની રહી છે. કારીગર તાલીમ લઈ રહ્યા છે ત્યારે નવા ઉદ્યોગો આવી રહ્યા છે, તેમાં ટ્રેડ માર્ક સાથે નોકરીની ઊજળી તકો એમને પ્રાપ્ત કરવાની છે. એના લીધે ચોકકસ જીવનધોરણ ઉંચુ આવી શકે. આ પ્રકારના આ સરકારના અભિગમ સાથે મંત્રીશ્રી માગણી લાવ્યા છે તેમાં મારો સૂર પુરાવીને વિરમુ છું. વંદે માતરમ.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થઈ છું.

શ્રમ અને રોજગારની બાબત પ્રત્યે પૂરતું લક્ષ આપી શકાય અને જરૂરી રોજગારી આપવામાં ઝડપી અને વિશાળ આયોજન કરવાના ઉદ્દેશથી રાજય સરકાર દ્વારા શ્રમ અને રોજગાર વિભાગની અલગ રચના કરવામાં આવી છે, પરંતુ આ રાજ્યમાં આ સરકાર આ ઉદ્દેશો જાળવી શકી નથી અને એના કારણે શ્રમિકોને જે પૂરી રોજી મળવી જોઈએ, એ પૂરતી રોજી મળતી નથી. તેનાં સ્પષ્ટ ઉદાહરણો આપણી પાસે છે. દાહોદ, ગોધરામાં મજૂરો દરદર ભટકીને ફેકટરીઓમાં કે ખાંડસરીમાં જઈને, રોડનું કામ હોય તો ત્યાં જઈને પોતે રોજી મેળવવા માટે પોતાનું વતન છોડીને બીજા જિલ્લામાં જતા હોય છે. એમની સાથે એમનાં જે બાળકો છે, એમને શિક્ષણ પૂરતા પ્રમાણમાં મળતું નથી, એના કારણે ગામડાં ભાંગી રહ્યાં છે. ધંધા, ઉદ્યોગ મેળવવા માટે લોકો શહેરોમાં જતા હોય છે અને એના કારણે ગામડાના લોકોને કોઈ લાભ મળી શકતો નથી. લઘુત્તમ વેતન દર પણ વધારવું જોઈએ. મજૂરોને પૂરતું વેતન ન મળવાના કારણે ગરીબ વિસ્તારોમાં જે મજૂરી મળે છે, તે

પૂરેપૂરી મજૂરી મળતી નથી. પહેલાના સમયમાં આપણે ઈન્સ્પેક્ટરોની નિમણૂક કરીને, એનું ચેકિંગ કરીને એ પૂરેપૂરી રોજી આપે તેવી દેખરેખ સરકાર રાખતી હતી. આ સરકારમાં પૂરતું આ બાબતે ધ્યાન અપાતું નથી. ખાસ કરીને ખેત કામદારોને ૪ મહિના સુધી કામ મળી રહે એના માટે રોજગાર આપતી ખાતરીઓની યોજના ચાલતી હતી, તે ફરીથી ચાલુ કરીને એના કાયદાનો અમલ દાખલ કરાવવો જોઈએ અને એમાં રકમ પણ વધારે ફાળવવી જોઈએ. ખાસ કરીને રોજગારીમાં ગ્રેજ્યુઈટી ચૂકવણી અધિનિયમ ૧૯૭૨થી આ રાજયમાં અમલમાં છે. તેના અધિનિયમની જોગવાઈ પણ છે. તેમ છતાં મારા વિસ્તારની વાત કરું તો બિલિમોરા ખાતે જે કાપડની મિલો છે. ગાયકવાડ અને વાણિયા સિલ્ક મિલ આજે કેટલાય વર્ષથી બંધ છે, બધા કામદારો બેકાર છે. એમને ગ્રજ્યુઈટી મળવાની હતી, તે આજ દિન સુધી તેમને આપવામાં આવી નથી. કલેકટરશ્રીને પણ રૂબરૂ રજૂઆત કરવા માટે સૌને લઈને ગઈ હતી, પરંતુ આજ દિન સુધી તેનો કોઈ ઉકેલ આવ્યો નથી. એમને આપવાની વાત કરી છે, આ પ્રશ્ન એમનો હલ થયો નથી. મારા મત વિસ્તારનાં ગામડાઓના મજૂરો પણ આ મિલમાં કામ કરતાં હતાં, એમાંથી કેટલાક મૃત્યુ પામ્યા છે. એમના વારસદારો ગ્રેજ્યુઈટીની રાહ જોઈને બેઠા છે પણ હજુ સુધી તેને કોઈ પત્તો લાગ્યો નથી. આ મિલની મિલકત, જમીન, સાધનો છે, તે વેચીને પણ ગ્રેજ્યુઈટી ચૂકવે તેટલા પૈસા આવે તેમ છે, એમાં પણ માનનીય મંત્રીશ્રી રસ લઈને આ ચૂકવણી માટે કંઈક કરે, તો ગરીબ લોકોને લાભ મળે તેમ છે.

૨૦૦૪-૨૦૦૫ માં બેરોજગારોની સંખ્યા ૯,૪૬,૯૬૪ જેટલા નોંધાયેલ છે, જ્યારે નોંધાયેલ વગરના લાખો લોકો છે, પણ એમને રોજી આપવાનો ઉદેશ આપણે સ્વીકારેલ છે, તે રોજી તેમને મળી નથી. આદિજાતિ પેટા વિસ્તાર માટે રૂપિયા ૮૮૯ લાખ, ન્યુ ગુજરાત પેટર્ન માટે ૨૮૯ લાખ અને ખાસ અંગભૂતમાં રૂપિયા ૨૦૪ લાખની ફાળવણી કરી છે. રાજયનો વિકાસ થાય અને રોજગારી મળે, તાલીમ મળે તો ઘણું સારું, પરંતુ આપણી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં જે તાલીમ આપવામાં આવે છે, તેમાં ખાસ કરીને પ્રેક્ટિકલ કરવાનું હોય છે, તેમાં રો-મટીરિયલ પૂરેપૂરું આપવું જોઈએ, તે આપણે આપી શકતા નથી અને તેના કારણે જે તાલીમની ગુણવત્તા જાળવી શકવી જોઈએ તે જાળવી શકાઈ નથી. તે જાળવી શકયા નથી. તેની સાથે સાથે જે આઈ.ટી.આઈ.

ગયા વર્ષે શરૂ કરેલ છે પાંચ જેટલી નવી શરૂ કરેલ છે. મહેમદાવાદ ખાતે શરૂ કરેલ છે તેમાં પણ નહિવત સાધનોને કારણે મુશ્કેલી પડે છે. મારા વિસ્તારમાં પણ છે. તેમાં પણ પૂરેપુરા સાધનો નહીં હોવાને કારણે ગુણવત્તા જળવાતી નથી. રાજયભરમાં આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તેમજ તેમાં ચાલતી બેન્ચો, ટીચીંગ સ્ટાફ પણ ઘટે છે. તેમાં ખરેખર જે ટ્રેડની તાલીમવાળા શિક્ષકો હોવા જોઈએ તે નહીં હોવાને કારણે તાલીમાર્થીઓને જે પ્રમાણે તાલીમ મળવી જોઈએ તે મળતી નથી અને તેના કારણે અનેક મુશ્કેલીઓ સર્જાય છે. આપણે નોકરીની તકો ઉભી કરવા માટે તાલીમ આપતા હોઈએ છીએ. આજે આઈ.ટી.આઈ. દરેક વિસ્તારોમાં છે. તાલીમ મળ્યા પછી એને જે રોજી મળવી જોઈએ તે મળતી નથી. આજે આપણે ત્યાં આઈ.ટી.આઈ. પછી સી.ટી.આઈ. થયેલા છોકરાઓ છે તેઓની ઉંમર થઈ ગઈ છે તેઓને નોકરી મળી નથી. આના માટે અમે માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરી હતી અને લેખીતમાં પણ રજૂઆત કરી હતી કે આપણે તાલીમ આપવાની વ્યવસ્થા કરેલ છે ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી સાથે સંકલન કરીને આઈ.ટી.આઈ. થયેલા છોકરાઓ છે તેમનો નોકરીમાં સમાવેશ તેવો પ્રયાસ કરવો જોઈએ. આના માટે વિદ્યાર્થીઓએ અધિકારીઓ પાસે પણ રજૂઆત કરેલ છે તેનો કોઈ ઉત્તર આપવામાં આવતો નથી. ત્યારે આપની પાસેથી અપેક્ષા રાખીએ કે સી.ટી.આઈ. થયેલા છોકરાઓ છે, આજે તો ડિપ્લોમા અને ડિગ્રી થયેલા છોકરાઓ વધારે પ્રમાણમાં છે તેમ છતાં સી.ટી.આઈ. થયેલા મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ છે તેના માટે કંઈક વિચારે તેવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગામડાઓમાં લઘુ ઉદ્યોગો નથી. ત્યારે શ્રમ મંત્રી અને ઉદ્યોગ મંત્રીશ્રી સંકલન કરીને ગામડાઓમાં લઘુ ઉદ્યોગ શરૂ થાય અને તે તાલીમ પામેલા છોકરાઓ છે તેમને રોજી મળી શકે. રમત ગમત વિભાગમાં ખાસ કરીને દરેક જિલ્લા કક્ષાની યોજના માટે ૩૫.૫૦ હજારની જોગવાઈ કરી છે તે ઓછી છે. તેમાં પણ વધારો થવો જોઈએ. શ્રી અરવિંદ રમત ગમત કેન્દ્ર માટે ફકત પાંચ હજારની જોગવાઈ કરેલ છે. તેમાં સ્કૂલોમાં રમતના મેદા છે તેને સુવિદ્યાવાળા બનાવવા માટે આ જે રકમ ફાળવેલ છે તે ઓછી છે. તે રકમ વધારવી જોઈએ તેવી વિનંતી છે. બાળકો રમત ગમત ક્ષેત્રે આગળ અઆવે તેના માટે પ્રોત્સાહન આપવું જોઈએ. માનનીય મંત્રીશ્રીએ ખૂબ જ વ્યવસ્થિત રીતે સન્માનિત કરવા માટે આયોજન કરેલ છે. ગામડાઓના બાળકોને પ્રોત્સાહન મળે તેના માટે આયોજન વધારવું જોઈએ. માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારુ સમર્થન આપી શકતી નથી.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અધિકારીતા અને શ્રમ રોજગાર વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક- ૫૭, ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે તેને મારુ સમર્થન આપવા અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી કચડાયેલા, તરછોડાયેલા ગરીબ, દલિત, પછાત વર્ગના માણસો પોતાના પરિવાર માટે સુખ અને શાંતિ ઝંખતા રહયા હતા. પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગરીબો, દલિત પછાત વર્ગના લોકો માટે વિકાસની જયોત પ્રગટાવી ત્યારે આ સન્માનનીય ગૃહના તમામ સભ્યોને વિનંતી કરીશ કે રાજકીય અવલોકનોથી પર રહી વર્ષોથી કચડાયેલા, તરછોડાયેલા, પરિવારના વિકાસ અને અધિકાર માટેની ચિંતા કરીએ. તમામ ગૃહના સભ્યોને મારી લાગણી વ્યકત કરુ છું. આ વિભાગનું નામ પહેલાં સમાજ સુરક્ષા હતું. આ સમાજ સુરક્ષા નામ બદલીને ભારતીય જનતા પાર્ટીની સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નામ આપ્યું છે. આ સરકારની અંદર સામાજિક ન્યાય સાથે સમાજની સુરક્ષા સાથે સમાજને અન્યાય ન થાય તેના અધિકારો છિનવાઈ ન જાય તે માટે આ વિભાગની કામગીરી છે તે બિરદાવવા લાયક છે.

આ સરકાર કટિબદ્ધપૂર્વક આગળ વધી રહી છે એ સાથે સમાજ વિકાસ જે થઈ રહ્યો છે ત્યારે હું દલિત સમાજના ધારાસભ્ય તરીકે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કોંગ્રેસના લાંબા શાસન કાળ દરમિયાન દલિત સમાજના વિકાસ અને કલ્યાણ માટે કશું કર્યુ ન હતું એ દુ:ખની વાત છે. એ માત્ર વાતો કરીને, ભાષણો કરીને અને યોજનાઓ કાગળ ઉપર બનાવતા હતા પણ આજે દલિત સમાજનો ઉત્થાન થઈ રહ્યો છે. દલિત સમાજના ઉત્થાનના કોઈ બાગી હોય તો આ ભારતીય જનતા પાર્ટી છે, કોંગ્રેસ હંમેશાં દલિત સમાજને મતબેંક બનાવતા હતા. રાજકીય હાથા બનાવતા હતા, રાજકીય સિંહાસન મેળવવા માટે દલિત સમાજનો સીડી તરીકે ઉપયોગ કર્યો હતો પણ આજે હું ગૌરવ સાથે કહી શકું છું કે, ભાજપે દલિતસમાજને સત્તાના સુકાન પર પહોંચાડવા માટે સીડી નહીં પણ સમરસતાનો સેતુ બનાવી ભાજપની સરકાર આગળ વધી રહી છે. આજે મારા સમાજમાં સામાજિક સમરસતાનું નિર્માણ થઈ રહ્યું છે એવા ભગીરથ કાર્યને હું બિરદાવું છું. અનેક કલ્યાણકારી યોજનાઓ આ સરકારના શાસનમાં અમલમાં મૂકાઈ છે. એમાંથી અમુક યોજનાઓ એટલી બધી મહત્ત્વની છે કે જેનાથી આ દલિત સમાજ વિકાસના દ્વાર ખુલ્લાં થઈ રહ્યાં છે, એ પછી શિક્ષણ અંગેની યોજનાઓ હોય કે આર્થિક ઉત્કર્ષની યોજનાઓ હોય કે પછી રહેઠાણની સુવિધાઓ માટેની યોજનાઓ હોય , દલિત સમાજને આજે ભાજપની સરકારે શાસકકર્તાઓ વચ્ચે અને રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી વચ્ચે એક વિશ્વાસ અને અહોભાગ્યની લાગણી પેદા થઈ છે. મનુષ્યના જીવનથી લઈને એના મરણ સુધીની ભાજપની સરકારે ચિંતા કરી છે અને ભાજપની સરકારે અનેક યોજનાઓ બનાવી છે. અનુસૂચિત જાતિના શૈક્ષણિક વિકાસ માટેના ભાજપની રાજય સરકારે શિક્ષણને ટોચ પર અગ્રતા આપી ડો. બાબા સાહેબ આંબેડકરના શિક્ષણને આત્મ સન્માનની ભાવનાના રક્ષણને કવચ ગણતા હતા એ ભાવનાને આજે ચરિતાર્થ કરવા માટે રાજય સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના બજૅટમાંથી ૬૦ થી ૬૫ ટકા બજૅટની જોગવાઈ આ સમાજ માટે કરી છે એ બદલ માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાઓમાં, બાલમંદિરથી લઈ, પ્રાથમિક શિક્ષણ, હાઈસ્કૂલ, કોલેજો સુધીના અને કોલેજ કાળ પછી પણ ઉચ્ચ શિક્ષણ માટેની જે યોજનાઓ બનાવી છે એ કામગીરીને હું બિરદાવું છું. આજે બીજા રાજયો કરતાં ગુજરાત રાજયમાં અનુસૂચિત જાતિના લોકોના કુટુંબોનો જે વિકાસ દર છે એ વિકાસ દર ઊંચો રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીનો પણ હું આભાર માનું છું કારણ કે જે કન્યા કેળવણી મફત આપવાની વાત કરી છે, જે યોજનાઓ લઈને આવ્યા છે જેની સૌથી મોટી અસર દલિત સમાજના લોકોને, પછાતવર્ગના લોકોને પડવાની છે. દલિત સમાજની જે દશા હતી એના કોઈ પાપી ગણાતા હોય તો કોંગ્રેસના મિત્રો છે. તેમના વખતમાં એવી શિક્ષણ નીતિ હતી કે અભણને અભણ બનાવવો એવી શિક્ષણ નીતિ હતી. એમને બીક હતી કે દલિત સમાજના લોકો ભણશે, ગણશે અને એમનો જો વિકાસ થશે તો બીજા રાજકીય કાવાદાવાની રમતો ખુલ્લી પડી જશે એટલા માટે દલિત સમાજના લોકો અભ્યાસ ન કરે એ માટેના એમાના પ્રયત્નો હતા.

ડો. બાબા સાહેબ આંબેડકર એ બંધારણના ઘડવૈયા હતા અને દલિતના મસીહાની અને ડો. બાબા સાહેબ આંબેડકરની તેઓ વાતો કરે છે એ વાતો એમના મોંમાં શોભતી નથી કારણ કે ડો. બાબા સાહેબ આંબેડકરે જે વખતે આ સમાજના ઉત્થાન માટે કામગીરી કરી હતી ત્યારે એમાં રોડાં બનનાર પણ આ કોંગ્રેસના મિત્રો હતા, હું અમદાવાદની વાત કરું તો જ્યારે પહેલી વાર ડો. બાબા સાહેબ આંબેડકર કાલુપુર રેલવે સ્ટેશને આવ્યા ત્યારે ડો. બાબા સાહેબ આંબેડકર, તમે પાછા જાઓ એવા કાળાવાવટા ફરકાવનાર બીજા કોઈ નહીં પણ કોંગ્રેસના મિત્રો હતા. મને ગૌરવ મારી સરકાર ઉપર છે કે આજે એમના પરિવારના નામ ઉપર ભાજપની સરકારે અનેક યોજનાઓ બનાવી છે. ભાજપે અનેક યોજનાઓ બનાવી છે. ડો.આંબેડકર ભવન એ તમામ જિલ્લાઓમાં બાંધવાનું અને આ ભવનમાં શિક્ષણની અને રહેવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

ડો.બાબાસાહેબ આંબેડકરના ચરિત્ર માટેના પૂસ્તકો અને એના માટેની લાયબ્રેરીની સુવિધા કરવામાં આવી છે. આવી જ રીતે ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનાની વાત છે એમાં હમણા જ મારા મિત્રો કહેતા હતા ત્યારે કહું છું કે મકાનો બાબતનું સૂત્ર એમણે આપ્યું હતું 'રોટી-કપડા ઔર મકાન' તેઓ તો ન રોટી આપી શકયા, ન કપડા આપી શકયા કે ન મકાન આપી શકયા. ત્યારે હું ગૃહની અંદર કહું છું કે, સામાજિક અધિકારીતા વિભાગ દ્વારા ૧૯૯૭-૯૮ થી ૨૦૦૧-૨૦૦૨માં ૧૮૭૧૨ મકાનો બનાવવા માટેની અરજીઓ આવી હતી એમાંથી ૧૨૧૭ મકાનો શરૂ થયા ન હતા એના કારણે રદ કરવામાં આવ્યા હતા. પછી ૧૭૪૪૫ મકાનો અધૂરાં હતાં એમના શાસનના એમાંથી ૧૪૩૫૦ મકાનો પૂર્ણ કરી દેવામાં આવ્યા છે અને એમાં આજે દલિત સમાજની વ્યકિતઓ રહે છે. આજે ઓઢવ વાલ્મિકી આવાસ યોજના બનાવી છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૫૭, ૯૨, ૯૫ અને ૯૮ લઈને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ આપણા રાજય માટે બહુ મહત્વનો વિભાગ છે. પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગના કલ્યાણ માટેની બહુ મોટી જવાબદારી આ વિભાગ પાસે છે.

ભારત સરકારની કેટલીક યોજનાઓ દ્વારા પછાત વર્ગના કલ્યાણનું કામ પણ થાય છે. બક્ષીપંચની કોમો છે એના માટે રાજય સરકારે જયારે અનામતનો સ્વીકાર કર્યો છે ત્યારે આટલી મોટી બહુજન સંખ્યા માટે જે કોઈ બજેટમાં આટલી મૂડીનું રોકાણ છે એ મારી દષ્ટિએ ખૂબ જ ઓછું છે. બહુ મહત્વનું કામ કરનાર આ વિભાગ મારે મન મોટામાં મોટું કોઈ કામ કરતું હોય તો એ શિક્ષણનું કામ કરે છે. મારા અનુભવે અને હું ફર્યો છું ત્યારે મેં ગુજરાતમાં જોયું છે એ પ્રમાણે કહી શકાય એમ છે કે આ વિભાગ દ્વારા પછાત વર્ગોમાં, આર્થિક પછાત વર્ગોમાં અને આદિવાસીઓમાં શિક્ષણનું બહુ મોટું કામ થયું છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. એટલું જ નહીં, પણ આપણી આ પેટર્નને કારણે દેશના બીજા રાજયોમાંથી પણ આ કામ જોવા માટે આવતા હતા અને હું કહી શકું એમ છું કે, આના કારણે આ રાજયમાં પછાત વર્ગોમાં એક બહુ મોટું પરિવર્તન આવ્યું છે. રાજય સરકારે જયારે બક્ષીપંચની કોમોના વિકાસની વાત સ્વીકારી છે ત્યારે મારે ભારપૂર્વક કહેવું જોઈએ કે, રાજયના મુખ્યમંત્રી જો બક્ષીપંચના હોય, નાણામંત્રી બક્ષીપંચના હોય તો માનનીય રમણભાઈ, તમે માગવામાં કેમ ભૂલ કરો છો? માગો તમે. રાજયમાં રહેતા પછાત વર્ગોના કલ્યાણ માટે તમે માગો તો મળે, અને તો મારા અને માનનીય જગદીશભાઈ જેવા સભ્યશ્રીઓને ફરિયાદ કરવાનો મોકો ન રહે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, ધોરણ ૧૦-૧૨ પછીના જે અભ્યાસક્રમો થાય છે એના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં, ઉંડાણના વિસ્તારોમાં બક્ષીપંચની કન્યાઓ અને કુમારો માટે અને પછાત વર્ગના કુમાર-કન્યાઓ માટે છાત્રાલયો પણ આપણે ઝડપથી વિકસાવવી જોઈએ. જેટલા પ્રમાણમાં અગાઉના વર્ષોના બજેટમાં આયોજન કરવામાં આવતું હતું એ પ્રમાણે આજે આયોજન થતું નથી અને એના કારણે આ રાજયનો આટલો મોટો વિશાળ વર્ગ એનાથી વંચિત રહે છે. એટલે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા મારી વિનંતી છે કે, આર્થિક રીતે પછાત વર્ગના દિકરા-દિકરીઓ માટે ધોરણ ૧૧-૧૨ના છાત્રાલયો વહેલીતકે મોટી સંખ્યામાં થાય એવી વિનંતી કરવા માગું છું. રાજ્ય સરકાર પણ આ છાત્રાલયો ચલાવે છે અને આ રાજયની કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ મારે કહેવું જોઈએ આ હાઉસને કે ગુજરાતમાં કામ કરનારી આવડી મોટી સંસ્થાઓ એ મોટું ગૌરવ છે એટલું જ નહિ હિન્દુસ્તાનની કેટલીય સરકારો અને કેટલાય લોકોએ ગુજરાતની પ્રજામાંથી ધડો લીધો છે પછી એ શિક્ષણની સંસ્થા હોય, સામાજિક સંસ્થા હોય. સાર્વજનિક ટ્રસ્ટો કરીને અનેક વર્ષોથી લોકજીવનમાં પોતાનું પ્રદાન આપનાર આ જે સ્વેચ્છિક સંસ્થાઓ છે આવી સંસ્થાઓ દ્વારા આ સંગઠનો ચાલે છે એમાં વધારેમાં વધારે કેમ પૂરક થઈ શકાય તે જોવાની જરૂર છે. મારી દષ્ટિએ એમ કહું તો આ લોકો રાજ્યનું કામ કરે છે, એટલા માટે આવું કામ કરનારા જે લોકો છે એમાં રાજય સરકાર જરૂરી ચેકિંગ કરે, ભૂલવાળા લોકોને સુધારે અને ન સૂધરે એને શિક્ષા પણ કરે એમાં કોઈ ઈન્કાર કરી શકાય નહિ, પણ આ બાબતમાં બહુ વહેલીતકે વધારેમાં વધારે એનો વિકાસ થાય એવું હું ઈચ્છી રહ્યો છું. રાજય સરકારના છાત્રાલયો ચાલે એનું અનુદાન અને સ્વૈચ્છિક સંસ્થાઓ જે ચાલે એનું અનુદાન, એના ગૃહપતિ અને ગૃહમાતાઓ બન્ને હોય છે, જ્યારે વિદ્યાસહાયકની યોજનાઓ દરેક વિભાગમાં આપણે દાખલ કરી રહ્યા છે અને ઐમને અઢી હજાર રૂપિયા પગાર આપવામાં આવે છે ત્યારે ગૃહપતિ અને ગૃહમાતા એ જે લોકો ચોવીસે કલાક સ્થળ પર રહીને કામ કરે છે એને પૂરતું વેતન પણ મળતું નથી. એમાં માનનીય મંત્રીશ્રી વહેલીતકે વિચારે એવી મારી વિનંતી છે. મારે કહેવું છે કે ગ્રાન્ટ મળે છે પણ એની જે કંઈ અનિયમિતતા છે એના કારણે નાની સંસ્થાઓને ખરેખર બહુ તકલીફ પડે છે એની જે પેટર્ન તમે ગોઠવી આપી છે, એ પ્રમાણે સમયસર એની ગ્રાન્ટ આ સ્વૈચ્છિક સંસ્થાઓને મળે એ મારી દષ્ટિએ ખૂબ જરૂરી છે.

બક્ષીપંચનું પ્રમાણપત્ર આપવાની વાત થઈ, મારી દષ્ટિએ હાઉસમાં પણ ભાઈ જગદીશભાઈએ બહુ આક્રોશપૂર્વક વાત કરી છે હું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવા માગું છું એમાં કોઈ બાકી રહેતું નથી મને લાગે છે કે

બધાજ સમાજોને એમાં આમેજ કરી દેવા જોઈએ તો એમાં કંઈ ખોટું થવાનું નથી, પણ એટલું બધું ઝડપથી થઈ રહ્યું છે, પ્રમાણપત્રની જે વાતો છે મારી જાણ મુજબ એક વ્યકિત બી.સી.નું પ્રમાણપત્ર લઈ આવે, બીજો બક્ષીપંચનું પ્રમાણપત્ર લઈ આવે, ત્રીજો એસ.ટી.નું પ્રમાણપત્ર લઈ આવે અને એના લાભો લઈ લે અને એ સરકારમાં ઘૂસી જાય અને અધિકારી બની જાય એવા અનેકજાતના દાખલા રાજ્યના રેકર્ડ પર છે તો આની તપાસ કરીને જે કંઈ પગલાં લેવાના હોય એ લેવાની જરૂરિયાત છે એવું મારું કહેવું છે (અંતરાય) હું કોઈ વાતને વચ્ચે લાવવા માગતો નથી પણ કેટલાક મિત્રોએ બાબાસાહેબનું નામ લીધું ત્યારે હું સન્માનપૂર્વક કહેવા માગું છું કે બાબાસાહેબ હિન્દુસ્તાનના બંધારણના ઘડવૈયા એમને સૌપ્રથમ બંધારણ સભામાં આમેજ કરનાર એ કોંગ્રેસ હતું એટલું જ નહિ પણ પંડિત નહેરૂની જે પહેલી સરકાર બની એમાં પણ બાબાસાહેબને આ દેશના કેબિનેટ મંત્રી પણ કોંગ્રેસે બનાવ્યા હતા અને એ બન્નેમાં મહાત્મા ગાંધીજીનો મોટો ફાળો રહ્યો હતો, ત્યારે આ બધા મિત્રોને જેને ખબર ન હોય એ મહેરબાની કરીને આવા ઉચ્ચારણો ન કરે એટલું જ નહિ સૌપ્રથમ જે મિત્રો અહીંયા બોલી રહ્યા છે ખાસ કરીને પછાત વર્ગના, મારે બહુ માનપૂર્વક એમને કહેવું જોઈએ કે જેમને ખબર નથી આ દશ વર્ષની અનામતની પ્રથાની જે શરૂઆત કરી હિન્દુસ્તાનમાં, એ કોંગ્રેસે કરી છે અને તેની શરૂઆત પછી થતી રહી એટલે આ બાબતોનો આપણે સૌએ સ્વીકાર કરવો રહ્યો અને એનો ઈન્કાર તમે કરી શકો નહિ.

**શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી માગણી નંબર ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

આ વિભાગ રાજયમાં પછાત વર્ગોના ઉત્કર્ષ માટે જે કામ કરી રહ્યો છે, તેમાં સૌથી પહેલાં મારે આ ૨૦૦૫ના વર્ષમાં આ વિભાગની કામગીરી કે જેમાં હું સાક્ષી હતો અને ખૂબ સારી કામગીરી છે. મેં જોઈ છે. તેના માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને અને તેના વિભાગના તમામ અધિકારીને અભિનંદન આપવા છે. આ વર્ષમાં અમારા જામનગર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણની પંડિત દિન દયાળ આવાસ યોજના છે તેનો લાભ અમારા જિલ્લાના દરિયાઈ વસાહત જે ઉભી કરી છે અને તેમાં જે ગરીબોને મકાન આપ્યા છે તેના લોકાર્પણના પ્રસંગે હું તે કાર્યક્રમમાં ઉપસ્થિત હતો. ત્યાં મકાન બનાવવા જે અજાત ટાપુ જે દરિયાઈ વસાહત છે તે અજાત ટાપુ સલાયાથી સાડા ત્રણ કલાક બોટમાં જાવ ત્યાર પછી આ અજાત ટાપુ આવે. અત્યાર સુધી સરકારની કોઈ પણ ગ્રાન્ટનો એક રૂપિયો પણ આ દરિયાઈ વસાહતમાં જે અજાત ટાપુ છે ત્યાં પહોંચ્યો નથી તેમ જે કહેતા હતા એ લાભાર્થીઓ તે મેં નજરે જોયું છે. ત્યાં મુસ્લિમ જ્ઞાતિનાં જે માછીમારીનો ધંધો કરે છે એવા અતિ ગરીબ લોકોને પંડિત દિન દયાળ આવાસ યોજનામાંથી આ વિભાગના અધિકારીઓએ ત્યાં જે મકાન બનાવ્યા તેની વાત મારે એટલા માટે કરવી છે કે ત્યાં મટિરિયલ પહોંચાડવું પણ ખૂબ અઘરૂં છે. ત્યાં બોટમાં મટિરિયલ લઈ જાય અને ત્યાં આવાસની એક કોલોની ઉભી કરવી અને આ ગરીબોને આપવી અને તેનો જ્યારે પ્રત્યુત્તર તે લાભાર્થીઓ આપતા હતા ત્યારે મેં જોયું છે તે એમ કહેતા હતા કે અમારી સાત પેઢીમાં પણ આ રીતનો સરકારનો લાભ નથી મળ્યો પણ અહીંયા કોઈ પૂછવા પણ આવ્યું નથી. આ રીતે ૨૦૦૫માં ગયા મહિનામાં ફેબ્રુઆરીમાં અમારા જામનગર જિલ્લામાં રૂપિયા અઢી કરોડનો કુંવરબાઈનું મામેરું, દીકરી રૂડી સાચી મૂડી શિષ્યવૃત્તિ અને ગણવેશની સહાયના ચેક એક સમારંભમાં સીધા લાભાર્થીને આપવામાં આવ્યા તે પણ મેં જોયું છે. આ યોજનામાં જે ખામીઓ હતી તે ખામીઓ પણ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે ત્રૂટીઓ નાબૂદ કરી અને શિષ્યવૃત્તિ હોય તે સીધી તાલુકા શાળાને, પે સેન્ટરને મળે અને ત્રણ દિવસમાં વિદ્યાર્થીને હાથમાં શિષ્યવૃત્તિ મળે તે પ્રકારનું આયોજન થયું છે તે અભિનંદનને પાત્ર છે. ગણવેશમાં પણ મારા મિત્રો કહે છે કે બજેટ ઓછું છે. આટલી બધી મોટી વસતિ છે પણ અગાઉ તમારા વખતમાં જે બજેટ હતું તે ૧૯૯૫માં આ વિભાગ થોડો ટાઈમ આ વિભાગમાં મને કામ કરવાનો મોકો મળ્યો છે ત્યારે મેં જોયું છે કે ત્યારે કેટલું બજેટ હતું અને અત્યારે બજેટની જોગવાઈ કેટલી છે. આ ગણવેશમાં એમ કહેતા હતા કે કાપડ નબળું છે. આમા સિલાઈમાં આમ થાય છે તેમ થાય છે. તેમાં પણ સુધારો કરીને વિભાગે એ કાપડને બદલે રોકડ રકમ આપવાનો જે નિર્ણય કર્યો છે અને ગણવેશની રકમ પણ આવડી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને પહોંચાડવામાં આવે તે પણ એક અભિનંદનને પાત્ર છે. આ વિભાગ શૈક્ષણિક યોજનાઓ અને આરોગ્ય, ગૃહ નિર્માણ અને આર્થિક ઉત્કર્ષ માટેની અનેક જે યોજનાઓ મારફતેખરા જે લાભાર્થીઓ છે તેને લાભ આપી રહ્યા છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

અહીંયાં પ્રમાણપત્રોની વાત પણ કરવામાં આવી હતી. અગાઉ ૨૦ વર્ષના ઈતિહાસમાં જે ખોટાં પ્રમાણપત્રો લઈ જતા હતા અને જેનાથી બક્ષીપંચના સમાજના ઉમેદવારોને નુકસાન થતું હતું એવાં ૧૦ જાતિ પ્રમાણપત્રો સરકારે માત્ર છેલ્લા ૨૦ વર્ષમાં્ રદ કર્યા હતાં. અત્યારે આ સરકારે લગભગ ૨૫ હજાર જેટલાં જાતિ પ્રમાણપત્રોની ચકાસણી કરી છે અને તેમાંથી ૩ હજાર જેટલા કેસોમાં સુનાવણી કરીને એક હજાર જેટલાં

જાતિ પ્રમાણપત્રો રદ કર્યા છે. આના કારણે રાજયના બક્ષીપંચના આશરે ૪૦ લાખ જેટલી વસતિને લાભ થયો છે અને આ જાતિઓના પ્રમાણપત્રો લેતા હતા, જે ખોટી રીતે લેતા હતા એને અટકાવી શકાયા છે અને અગાઉ મેડિકલ, એન્જિનિયરિંગ, ડિપ્લોમા, ફાર્મસી અને સરકારી નોકરીઓમાં ખોટાં જાતિ પ્રમાણપત્રોના આધારે બક્ષીપંચના ઉમેદવારોના હકક મારી નાખતા હતા તે આ સરકારે બંધ કર્યુ છે. એના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીયમંત્રીશ્રીને આ તબકકે અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૫૫ વર્ષના ઈતિહાસમાં બક્ષીપંચની જાતિઓ માટે કેન્દ્ર સરકારમાંથી કોઈ ગ્રાન્ટ લેવાની હોય, નાણાં લેવાનાં હોય તો આ સરકાર લઈ આવી છે. છેલ્લા ૨ વર્ષમાં કેન્દ્ર સરકાર પાસેથી બક્ષીપંચની અતિ પછાત જાતિ જ્ઞાતિઓ જે છે અને મેં હમણાં જ પંડિત દિન દયાળ આવાસ યોજનાની જે વાત કરી એમાં અતિ પછાત જ્ઞાતિઓ છે એમના માટે કેટલીક છૂટછાટ આપી, એમના નામે જમીનના પ્લોટ ના હોય, બી.પી.એલ.માં નામ ના હોય તો પણ, રખડતી અને ભટકતી આવી જ્ઞાતિઓ છે એના માટે આ પંડિત દિન દયાળ આવાસ યોજના કે તેમા માટે ખૂબ આર્શીવાદરૂપ યોજના છે, એમને ગરીબોને ઘરનું ઘર મળે છે અને એવી આ વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટે આ સરકારે ૧૪ કરોડ રૂપિયા વધારાના આપ્યા છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ આપનું પ્રવચન ચાલુ કરો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : સાહેબ, અમારા સભ્યો હજુ બોલવાના બાકી છે, તો થોડોક સમય વધારો. બે ત્યાંથી બોલે અને બે અહીંથી બોલે.

**અધ્યક્ષશ્રી** : આપણે ૭-૦૦ વાગ્યે પૂરું કરવાનું છે,હવે સમય જ નથી. આપણે ૯-૦૦ વાગ્યા સુધીનો સભાગૃહનો સમય નકકી કરેલ છે એ તો ખબર છે ને? નહીં, નહીં, સમય પૂરો થઈ ગયો છે. ના, ના, ના, આપણી પાસે બીજા બે કલાક કામગીરીના છે, એટલે ૯-૦૦ વાગવાના છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : અમારે પણ અમારા વિભાગની વાત હોય તો કહેવાનું હોય ને? જે વિભાગ સાથે અમારે કામ કરવાનું છે એના માટે કહેવાનું છે.

**અધ્યક્ષશ્રી** : મેં અગાઉ સમય વધાર્યો હતો ત્યારે તમારે વાત કરવી જોઈતી હતી. તમે મને સમય આપો છો એ પ્રમાણે હું ગૃહનો સમય વધારું છું. એ પ્રમાણે અગાઉ સમય વધારેલો છે અને ૯-૦૦ વાગ્યા સુધીનો સમય નકકી કરેલ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : પાંચ પાંચ મિનિટ આપો, બે બે સભ્યો બન્ને બાજુથી બોલશે.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે સમય નથી, હવે ન લંબાવીએ તો પણ ૯-૦૦ વાગવાના છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : એક એક રાખો અને દરેકને પાંચ પાંચ મિનિટનો સમય આપો.

**અધ્યક્ષશ્રી** : તમે બન્ને નકકી કરીને મને કહો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : બન્ને બાજુથી બે બે જણા બોલશે તો ફકત ૨૦ મિનિટ થશે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : પછી પાછા તમે પ્રશ્નો પૂછશો તો એના માટે પણ સમય જોઈશે ને? એક સભ્ય તમારો અને એક અમારો એ રીતે રાખીએ.

**અધ્યક્ષશ્રી** : ગૃહનો સમય ૨૦ મિનિટ લંબાવવામાં આવે છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)**: માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી અને રમત ગમત મંત્રીશ્રી પોતાના વિભાગોની માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારા વ્યકત કરવા માટે ઉભો થયો છું.

રાજયની ૫૨ ટકા વસતિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની છે, એ જાહેર થયેલ છે. ત્યારે આ વિભાગ આ જાતિઓના લોકોના ઉત્કર્ષ માટે પાયાની કામગીરી કરે છે. આ ગૃહમાં જે ચિંતાનો વિષય છે અને ગત સત્રમાં પણ માનનીય સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર જે સંકલ્પ લઈને આવ્યા હતા ખોટા સર્ટિફિકેટની વાત લઈને, માનનીય અધ્યક્ષશ્રી હું એ વાતને દોહરાવવાનો નથી. ગયા સત્રમાં સંકલ્પ ઉપર જે ચર્ચા થઈ છે અને એ ચર્ચામાં ધારાસભ્ય તરફથી જે બક્ષીપંચની જાતિઓના પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે અને તેના આધારે નાયબ મામલતદાર કક્ષાના અધિકારી મારફત પ્રમાણપત્ર આપવામાં આવે છે એ અંગે ઘણી બધી ચર્ચા થયેલી હતી. માનનીય મંત્રીશ્રીએ તેની ચર્ચાના અંતે ખાતરી પણ આપી હતી કે આની પુનઃ વિચારણા કરી અને નવો ઠરાવ બહાર પાડવામાં આવશે. મારે દુઃખ સાથે કહેવું જોઈએ કે ગયા સત્ર પછી આજની તારીખ સુધી નાયબ મામલતદાર કક્ષાથી ઉપરના અધિકારી, મામલતદાર કક્ષાના અધિકારી બક્ષીપંચનું પ્રમાણપત્ર આપે તેવો ઠરાવ કરવા માટે કોઈ કાર્યવાહી આ વિભાગ તરફથી કરવામાં આવી નથી. ધારાસભ્યો જે પ્રમાણપત્ર આપે તે રદ કરવા માટે ઠરાવ કરવાની વાત કરવામાં આવી હતી તે અંગે પણ આજ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. માનનીય સભ્યશ્રી મુળુભાઈએ વાત કરી કે આ સરકારે ખોટા સર્ટિફિકેટો રદ કર્યા છે. તે રદ કર્યા છે તેને હું હ્રદયપૂર્વક આવકારું છું. અને ધન્યવાદ પણ પાઠવું છું. આ કાર્યવાહી કરવાથી સ્થાપિત હિતોના જે લોકો છે

તેના પેટમાં તેલ પણ રેડાયું છે, છતાં પણ આજે પરિસ્થિતિ છે તેને અટકાવવા માટે કોઈ ઠોસ નિર્ણય લઈને આપણે કોઈ નવા કાયદા અથવા નવો એકટ લાવવો પડશે. અને એમાં લાંબો સમય ન જાય તેવી વિનંતી કરું છું.

જી.આઈ.પટેલ સમિતિએ ૭૨ તાલુકાઓને પછાત તાલુકા તરીકે જાહેર કરેલા, તે પછાત તાલુકાઓને અગાઉ પાંચ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હતી. આજે પાંચ લાખ પૂરા મળતા નથી. પરંતુ કયાંક બે લાખ કયાંક અઢી લાખ મળે છે અને છેલ્લા ત્રણ વર્ષથી તો એ સંપૂર્ણ બંધ થઈ ગઈ છે. આવી પરિસ્થિતિ છે એટલે મારે વિનંતી કરવી છે કે જે ૭૨ તાલુકાઓ પછાત તાલુકાઓ છે એમાં અગાઉ જે રીતે પાંચ લાખ રૂપિયા ફાળવતા હતા એમાં વધારો ન કરો તો કંઈ નહીં પણ જાહેર કરેલ છે તે પ્રમાણે પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી વિનંતી કરું છું. આટલો મોટો બાવન ટકા વસતિ ધરાવતી વસતિ માટેનો આ વિભાગ છે અને તેનું સંચાલન કરવામાં આવે છે ત્યારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સાથે જયારે આ વિભાગ સંકળાયેલો છે ત્યારે મારી માગણી એવી છે કે પછાત વર્ગ માટેનો ખાસ એક અલગ વિભાગ શરૂ કરવામાં આવે. આ અંગે વર્ષોથી માગણી કરવામાં આવી રહી છે પણ તે અંગે અત્યારસુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. ત્યારે રાજય સરકાર પાસે હું માગણી કરું છું અને અપેક્ષા રાખું છું કે આ વર્ગોના ઉત્કર્ષ માટે અલગ વિભાગ કરવામાં આવે તેવી વિનંતી કરું છું.

બીજું કે જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ જે સ્ટાફનું મહેકમ છે એ જોઈએ તો જિલ્લા કક્ષાએ એક જ સમાજ કલ્યાણ અધિકારી ફરજ બજાવે છે, તાલુકા કક્ષાએ એક જ સમાજ કલ્યાણ નિરિક્ષક ફરજ બજાવે છે. અને એ પણ અઠવાડિયામાં એક જ વાર તાલુકામાં આવે છે. આટલી બધી યોજનાઓનું અમલીકરણ કરવા માટે ફકત એક જ સમાજ કલ્યાણ નિરિક્ષક હોય તે વાજબી નથી. અને એ ચાલી શકે નહીં વહીવટી માખળા માટે અસરકારક રીતે કામગીરી ન કરી શકે, એટલે અસરકારક કામગીરી કરવા માટે વધારે મહેકમ મંજૂર કરવામાં આવે અને તાલુકા કક્ષાએ એની વ્યવસ્થા કરવામાં આવે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

હાલમાં જે કુલ બજેટ ફાળવવામાં આવે છે તે કુલ બજેટમાં આ વસતિની ટકાવારી છે તે ટકાવારીના ધોરણે આ પછાત લોકોના ઉત્કર્ષ માટે બજેટમાં પણ ફાળવણી કરવામાં આવે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. બીજું કે જે વસતિ ગણતરી કરવામાં આવે છે તે વસતિ ગણતરીના અનુસંધાનમાં જે રીતે એસ.સી. અને એસ.ટી.ની વસતિ ગણતરી કરવામાં આવે છે તેવી જ રીતે આ જાતિઓની, પછાત વર્ગોના લોકોની પણ વસતિ ગણતરી કરવામાં આવે તેવી રાજય સરકારે ભારત સરકારને ભલામણ કરવી જોઈએ તેવી પણ વિનંતી કરું છું. જે બજેટની ફાળવણી કરવામાં આવે છે તેમાં જે રીતે આદિજાતિ વિભાગ માટે અલગ બજેટની ફાળવણી કરવામાં આવે છે, જે રીતે અનુસૂચિત જાતિ માટે અલગ બજેટની ફાળવણી કરવામાં આવે છે તે જ રીતે આ બક્ષીપંચના લોકોની જાતિઓ માટે પણ અલગ બજેટની ફાળવણી કરવામાં આવે અને તેના માટે ખાસ પ્લાન દ ાડી કાઢવામાં આવે કે જેથી કરીને આ લોકોનો સારી રીતે આપણે વિકાસ કરી શકીએ.

**શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાયના મંત્રીશ્રી માગણી નંબર ૯૨ અને ૯૫ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે, તેને મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરુ છું.

અનુસૂચિત જાતિ પૈકી જે સૌથી વધારે પછાત જાતિઓ છે એવી વાલ્મિકી, હાડી, સેનવા,ગરોડા સાધુ, દલિત બાવા વગેરે છે. આ જાતિઓના ૧ થી ૭માં ભણતા વિદ્યાર્થીઓને ૪૦૦ રૂપિયા સ્કોલરશીપ આપવામાં આવે છે. કેમકે આ જાતિ એકદમ દલિત છે એમને ભણવાની કોઈ બીજી સુવિધા નથી એટલે એમને સ્કોલરશીપ અત્યારે આપવામાં આવે છે એમાં વધારો કરવામાં આવે તો અત્યારે જે ભણવાનો રેશિયો છે એ ચોક્કસ ઉંચો આવશે. બહેનોને ૬૦૦ રૂપિયા સ્કોલરશીપ આપવામાં આવે છે. ૮ થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓને ૩૦૦ રૂપિયા અને ૪૦૦ રૂપિયા એમ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ જ્ઞાતિઓ માટે નિગમ અને બધા વિભાગોમાં ૧૫ ટકાની જોગવાઈ કરવામાં આવે છે કે જે જોગવાઈ હોય એમાં ૧૫ ટકાનો લાભ આ જ્ઞાતિઓને આપવો જોઈએ. એટલે આમાં આ સરકારે એકદમ ચોકકસ જ્ઞાતિઓને પ્રાધાન્ય આપીને એનું ધ્યાન રાખ્યું છે. જે કન્યાઓનું ભણતર ઓછું થયું હતું કારણ કે દૂર સુધી કન્યાઓ ભણવા જઈ શકતી નહોતી. તેથી આ સરકારે એ કન્યાઓ માટે સાઈકલ આપવાની યોજના દાખલ કરી કે જેથી એ શાળાએ ભણવા માટે જઈ શકે. આ સાઈકલમાં પણ થોડો પ્રોબ્લેમ થવા માંડયો એટલે એમને હાથોહાથ ૧૫૦૦નો ચેક આપવામાં આવે છે અને એમાંથી સાઈકલ લઈને એ કન્યા ભણી શકે છે.

દલિતો માટેની પાયલોટની ટ્રેનિંગ કે પરદેશ ઉચ્ચ અભ્યાસ કરવા માટે જવાનું હોય ત્યારે અત્યાર સુધી સ્વપ્ના સેવવા જેવી વાત હતી કે દલિત કોઈ દિવસ પરદેશ જઈ ન શકે કે પાયલોટની ટ્રેનિંગ લઈ ન શકે. પરંતુ આ સરકારે એના માટેની યોજના દાખલ કરી છે એને લોન અને શિષ્યવૃત્તિ આપવાની યોજના દાખલ કરી છે. અત્યારે દલિતો પરદેશમાં અભ્યાસ કરી રહ્યા છે.

કુલ બજેટ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું છે એમાં શિક્ષણ ઉપર ભાર આપીને ૬૦ થી ૬૫ ટકા બજેટ શિક્ષણ માટે જ ફાળવ્યું છે. આજે કુલ છાત્રાલયો છે એમાં ૩૫૦ની સહાય આપવામાં આવતી હતી એના બદલે આજે ૪૫૦ રૂપિયા કરવામાં આવેલ છે. ૧૪ કુમાર અને ૧૩ કન્યા છાત્રાલયો ચાલે છે એમાં ૨૪૫૩ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ૫૫૨ છાત્રાલયો ચાલે છે એમાં ૧૫૨ કન્યા જેમાં ૫૨૪૦ કન્યાઓ અભ્યાસ કરી રહી છે. ૪૦૦ કુમાર છાત્રાલયો છે એમાં ૧૨૩૧૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. એ જ રીતે આદર્શ નિવાસી શાળાઓ છે એના માટે ૫૨૧.૪૫ લાખની જોગવાઈ આ યોજનામાં કરવામાં આવી છે.

અનુસૂચિત જાતિની યોજનાની વાત કરું તો આજે પૂજય ડોકટર બાબાસાહેબ આંબેડકરનું નામ લીધા સિવાય રહી શકતો નથી. જેઓ દલિતોના સાચા અર્થમાં મસીહા કહેવાય એવા ડોકટર બાબાસાહેબ આંબેડકર છે. જે તે વખતે દલિતોની ખરાબ સ્થિતિ હતી ત્યારે એમણે આ દલિતોના ઉત્થાન માટેની યોજના જેના માટે બંધારણમાં હક્કો આપ્યા છે એ કબૂલ કરવું પડે. કોંગ્રેસ એમ માનતી હોય કે અમે કર્યુ છે. પરંતુ જયારે એમને મંત્રી તરીકે લીધા ત્યારે હેરાન કરવામાં આવ્યા હતા અને તેઓએ રાજીનામું આપવું પડયું. અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશને ઉતર્યા ત્યારે કાળી પટ્ટી પહેરીને વાવટા ફરાકાવીને આંબેડકર પાછા જાવ એવા સૂત્રોચ્ચાર કર્યા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રીએ ડોકટર બાબાસાહેબ આંબેડકર જેવી મહાન વિભૂતિની યાદ કાયમ માટે તાજી રહે એના પ્રયાસરૂપે દરેક જિલ્લામાં આંબેડકર ભવનની યોજના દાખલ કરી છે. ૧૯૯૨માં કોંગ્રેસે આ યોજના દાખલ કરી હતી પણ તેમાં એક રૂપિયાનો ખર્ચ કર્યો નથી કે એમાં આગળ વધ્યા નથી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આંબેડકર ભવનોનું કામ શરુ કર્યુ...

**અધ્યક્ષશ્રી** : માનનીય ધારશીભાઈ.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા (કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર મંત્રી જ્યારે તેમની માગણી લઈને આવ્યા છે ત્યારે હું મારા થોડા સૂચનો કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે પછાત વર્ગોના લોકોનું જીવનધોરણ જો ઉંચું લાવવું હશે તો તેનું નક્કર આયોજન કરવું પડશે. ગૃહમાં બેસીને આ પાટલીએ આમ કર્યું, આ પાટલીએ આમ કર્યું તેમ કરવાથી જીવનધોરણ ઉંચું આવવાનું નથી. તેના માટે ચોક્કસ નિર્ણય કરવો પડશે. અત્યારે વધારેમાં વધારે મુશ્કેલી હોય તો નીચલા વર્ગોના જે લોકો છે તેમને છે. આ મોંઘવારીમાં તેમનું પૂરું થતું નથી. આજે તેમના છોકરાઓને પૂરું ભણાવી શકતાં નથી. પોતાનું જીવન ખાધે-પીધે પૂરું કરી શકતાં નથી. આવા લોકો માટે, હરિજન હોય, ભંગી હોય, બાવા હોય આવી ઘણી જાતિના લોકો છે, જે બક્ષી પંચના લોકો હોય, આવા લોકો માટે ચોક્કસ યોજના કરી તેનો સરવે કરીને તેમને સહકાર આપવામાં આવે તો તેમનું જીવનધોરણ ઉંચું આવે. હકીકતમાં તો અત્યારે લાખો રૂપિયાની લોનો લઈને મોટા માણસો ધંધા કરતા હોય છે. નાના માણસો આવા ધંધા કરતા હોય, શાકભાજીની લારી ફેરવતા હોય, બૂટપોલીશ કરતા હોય એવા લોકોને લોન આપીને ધંધે વળગાડવામાં આવે તો તેમનું જીવનધોરણ ઉંચું આવે અને આવા લોકો તેમનું ભરણપોષણ સારી રીતે કરી શકે. તો મારી વિનંતી છે કે માનનીય મંત્રીશ્રી આના માટે સરવે કરીને ગરીબ લોકોનું જીવનધોરણ ઉંચું આવે તેના માટે વિચાર કરે એવું મારું સૂચન છે.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના બન્ને મંત્રીશ્રીઓ તેમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે તેને અનુમોદન આપી શ્રમ અને રોજગાર ઉપર મારી થોડીક વાતો કરવા માટે ઉભો થયો છું.

ભારત દેશમાં ઔદ્યોગિક ક્ષેત્રે જે વિકસિત રાજયો છે તેમાં પ્રથમ હરોળમાં મૂકી શકાય તેવું જો કોઈ રાજય હોય તો તે ગુજરાત રાજય છે. તેને લઈને ઔદ્યોગિક વિકાસ વધ્યો છે. તેની પાછળના પણ કારણો છે કે ગુજરાતની પ્રજા શાંત, સૌમ્ય અને પ્રમાણિક છે. એટલા માટે ઉદ્યોગો વધી રહ્યા છે. તેના કારણે શ્રમિકોની સંખ્યામાં વધારો થયો છે. એ શ્રમિકોને આજ દિન સુધી જે મજૂરી કરે છે તેને મજૂરો તરીકે ઓળખવામાં આવતા હતા. કોંગ્રેસના મિત્રોએ કદાચ એ બાજુ દૃષ્ટિ નહીં નાખી હોય, પણ ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી તેમને માનભેર એમ કહેવામાં આવ્યું કે આ શ્રમયોગીઓ છે. આ નામ આપવામાં આવ્યું. આ કામ ભા.જ.પ.ની સરકારે કર્યું છે. ગયા વર્ષે આપણે જોઈ રહ્યા હતા કે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન એકટ લાવ્યા. તેમાં ઘણી બધી જોગવાઈઓ છે. તેમાં મુખ્ય જોગવાઈ જોઈએ તો પ્રકરણ-૫ એ અને બી અન્વયે લેબર, જે શ્રમયોગી હોય તેણે જે મજૂરી કરી હોય, તેણે જેટલા વર્ષોનો શ્રમ કર્યો હોય એ શ્રમ કર્યા પછી ત્યાંથી નીકળી ગયો હોય ત્યારે દર વર્ષે ૪૫ દિવસ પ્રમાણે તેને વેતન આપવાની જોગવાઈ કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી.

માનનીય અધ્યક્ષશ્રી, આગળ વધીને બીજી વાત સંગઠિત શ્રમયોગીઓ છે એના માટેની જોગવાઈ તો છે. પણ અસંગઠિત શ્રમયોગીઓ છે એના માટે પણ આ સરકારે પ્રયત્ન કર્યો છે અને એમાં ૯૦ ટકા શ્રમયોગીઓ અસંગઠિત છે અને એ અસંગઠિત શ્રમયોગીઓ માટે આ સરકારે યોજના બનાવી છે અને એમાં વિશેષતઃ એમાં સરવે કરવામાં આવ્યો અને એવા શ્રમયોગીઓ માટે સરકારી સુવિધાઓ આપવામાં આવે એના માટે પ્રયત્ન કર્યો. એમાં ૯ વિભાગો છે. એમાં વિશેષતઃ જોવા જઈએ તો ખેત વ્યવસાય, આ ખેતીની અંદર મોટાભાગના શ્રમયોગીઓ છે. એને પ્રતિદિન ઓછામાં ઓછા ૫૦ રૂપિયા મળવા જોઈએ એવી સુવિધા આપવામાં આવી છે. બીજો બાંધકામ ઉદ્યોગ છે, હીરા ઉદ્યોગ છે, ઘરેલુ કામ, સિક્યોરિટી ગાર્ડ, સિલાઈ, અગરબત્તી, તમાકુ અને રસોઈયા, આ ૯ પ્રકારના અસંગઠિત શ્રમયોગીઓ છે. એની જોગવાઈ કરીને એને યોગ્ય વળતર મળે એના માટે સરકારે વિચાર કર્યો છે અને એ કરી રહી છે. અગરબત્તી બનાવવાનો વ્યવસાય એ મોટા ભાગે ઘરેલું ઉદ્યોગ છે અને એમાં વિશેષતઃ મહિલાઓ કામ કરી રહી છે. તો એ મહિલાઓ જે કાંઈ અગરબત્તી બનાવે એ અગરબત્તીના વજન પ્રમાણે એને મહેનતાણું મળવું જોઈએ એની સુવિધા કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ ત્રિપક્ષીય વાટાઘાટો. ક્યારેક કોઈ કારખાનાની અંદર, કોઈ ફૅક્ટરીની અંદર કોઈ કર્મયોગી કામ કરતો હોય અને કોઈ કારણોસર એને વાંકું પડે અને એને છૂટો કરી દેવામાં આવે ત્યારે એ માલિક, લેબર અને આ સરકારના મંત્રીશ્રી એમણે ત્રિપક્ષીય વાટાઘાટો યોજીને એનું નિરાકરણ લાવવાનું નક્કી કરવામાં આવ્યું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી. નો, નો, હવે ટાઇમ નથી. આપને ૨૦ મિનિટ આપી છે. આપ મને ટાઇમ આપતા નથી. નો, નો, મંત્રીશ્રી આપ ૨૫ મિનિટમાં પૂરું કરજો.

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા, શ્રમ અને રોજગારમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મારા બન્ને વિભાગની માગણીઓ લઈને આવ્યો છું એમાં સૌથી પહેલાં હું શ્રમ અને રોજગાર વિભાગની વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ઓછા ગુમાવેલ માનવ દિનની સંખ્યાની અંદર ગુજરાત રાજય પ્રથમ સ્થાને છે. છેલ્લા ૩ વર્ષની યાદી જુઓ તો.

**અધ્યક્ષશ્રી** : આપ ૨૫ મિનિટમાં પૂરું કરજો.

**શ્રી રમણલાલ વોરા** : મારે ૩૫ મિનિટ જોઈશે. પહેલેથી નક્કી કર્યું છે. બે ડિપાર્ટમેન્ટ છે.

**અધ્યક્ષશ્રી** : સમય નથી, એટલે ૨૫ મિનિટમાં પૂરું કરજો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧.૫૧ લાખ માનવ દિન ગુમાવીને ૩ વર્ષની અંદર ગુજરાત પ્રથમ ક્રમે રહ્યું છે. ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ લઘુતમ વેતન દરની વાત કરી છે. આ છેલ્લા ૧ વર્ષમાં ૩૮૬૪ શ્રમિકોને ૧.૫૨ કરોડ જેટલી માતબર રકમ આ માલિકો દ્વારા ચૂકવવામાં મારો વિભાગ સફળ રહ્યો છે. વધતા જતા કેસોને ધ્યાને રાખીને અમારા વિભાગે લોક અદાલતનો અભિગમ અપનાવ્યો. એના માટે ચાર મોટા શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે ૧ લાખ પેન્ડીંગ કેસો છે એ તમામ કેસોને અમે લોક અદાલત દ્વારા ઉકેલવા માગીએ છીએ. સ્પેશિયલ ઈકોનોમિક ઝોન દ્વારા વધારે વિદેશી મૂડી રોકાણ આવે, આ મૂડી રોકાણની સાથે આ ગુજરાતના બેરોજગાર યુવાનોને વધારે રોજીરોટી આપી શકાય. આ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની અંદર વિશેષ કરીને જોગવાઈ કરી અને શંકરભાઈએ કહ્યું એમ ઓછામાં ઓછા ૧ વર્ષના ૪૫ દિવસનું વળતર મળે એવી જોગવાઈ કરી. આ સિવાય ફિક્સ ટર્મ એમ્પ્લોયમેન્ટ થાય, જે કાયમી શ્રમયોગીઓ કામ કરતા હતા એના માટેની પણ જોગવાઈ આ નિયત સમય મર્યાદા પણ અમારા વિભાગમાં કરવામાં આવી.

આઠ જેટલા વ્યવસાયો એમાં વિશેષ કરીને મહિલાઓ જેની સાથે સંકળાયેલી છે એમાં ૫૦૦૦૦ કરતાં વધારે મહિલાઓ છે. એવા અગરબત્તી વ્યવસાયની અંદર લઘુત્તમ વેતન ધારો અમલમાં લાવવાનું કામ કર્યુ છે. અત્યાર સુધીમાં અનેક જગ્યાએ બાળ શ્રમયોગીઓ કામ કરતા હતા એના માટે સ્પેશિયલ સ્કવોર્ડ રચીને એના નિરીક્ષણો કરીને અને એના માટે ખાસ કાળજી લઈને Prevention of Child Labour Act, ૨૦૦૪એ આ રાજય સરકાર આગામી દિવસોમાં લાવી રહી છે. આ દેશની અંદર ૯૩ ટકા જેટલા અસંગઠિત ક્ષેત્રમાં કામદારો જ્યારે કામ કરી રહ્યા છે ત્યારે આ કામદારોની સુરક્ષા માટે ખાસ સેલ બનાવીને એની સમાજ સુરક્ષા માટે ૫૦ લાખ રૂપિયાની જોગવાઈ આ સરકારે કરી છે. આજ પ્રમાણે ગુજરાત વેલફેર બીલ ૨૦૦૪ એ આગામી ૨૦૦૪માં આ રાજય સરકાર લાવી રહી છે. વિશેષ કરીને સ્ત્રી શ્રમયોગીઓ માટે અત્યાર સુધીમાં રાત્રીના ૧૦-૦૦ સુધી કામ કરવાની જે પાબંદી હતી એ ઉઠાવી લેવામાં આવી છે. ફેકટરી એકટ માટે અત્યાર સુધીમાં જે લાઇસન્સ એક વર્ષે માટે હતું એ લાઈસન્સ પાંચ વર્ષ માટે કરવામાં આવ્યું છે. અપંગ શ્રમયોગીઓ જે હતા અત્યાર સુધીમાં જયાં ૨૦૦ શ્રમયોગીઓ કામ કરતા હતા ત્યાં એક ટકો રિઝર્વેશન હતું એની જગ્યાએ માત્ર ૧૦૦ શ્રમયોગીઓ જયાં કામ કરતા હોય ત્યાં અપંગો માટે એક ટકા રીઝર્વેશન કરીને વિકલાંગોની સેવા

અમારા વિભાગમાં કરવામાં આવી છે. આ રાજય સરકારે પહેલી વખત Prevention of Child Labour Act હેઠળ જે બાંધકામના ક્ષેત્રમાં, સંગઠિત ક્ષેત્રમાં કામ કરનારા મજૂરો માટેનું આગામી દિવસોમાં કામ લાવવાનું કામ અમારી સરકારે કર્યુ છે. ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને એ વખતે ખેડૂત અને ખેતમજૂર માટે આકસ્મિક કિસ્સાની અંદર ૨૦હજાર રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી. એને વીમાનું સુરક્ષા કવચ આપ્યું. ૨૬-૧-૦૪ના રોજ ૨૦ હજારથી ૫૦ હજાર કરવામાં આવ્યું અને આજે ૨૬-૧-૨૦૦૫ના રોજ આ જે ગ્રામ્ય મજૂરો કામ કરે છે એને ૧ લાખ રૂપિયાની વીમા સુરક્ષા સાથે એમને આવરી લેવામાં આવ્યા. મજૂરોના બાળકોને વધારે સારી રીતે સુવિધા આપી શકાય, આ નવા જમાનાની અંદર બદલાતા યુગની અંદર એને કોમ્પ્યુટરની તાલીમ આપી શકાય એટલા માટે અમે ત્રિપક્ષી ફાળામાં વધારો કર્યો. અત્યાર સુધી માત્ર ૪૫ લાખ ફાળાની આવક આવતી હતી એમાં ૩ કરોડ એટલે ૨ કરોડ ૫૫ લાખ રૂપિયાનો ફાળો અને આ વિભાગ માટે અમારી સરકારે કર્યો છે.

ઘણા બધા માનનીય ધારાસભ્યશ્રીઓએ રોજગારીની ખૂબ ચિંતા કરી છે. મેં અગાઉ એક-બે બીલોની અંદર પણ કહ્યું છે કે આ ગુજરાતના યુવાધનને યોગ્ય દિશામાં વાળવા માટે જ્યારે રાજય સરકારે અનેકવિધ પ્રયત્નો કર્યા છે, જ્યારે ૧૫.૪નો વિકાસ દર છે ત્યારે સમગ્ર હિન્દુસ્તાનમાં સૌથી વધારે રોજગારી આપવામાં ગુજરાત પ્રથમ સ્થાને રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સંગઠન આઈ.એલ. એ ગુજરાત એ મોડેલ રાજય છે, રોજગારી આપવામાં એ પ્રમાણેનો અહેવાલ આપ્યો છે. આ વર્ષ દરમ્યાન રાજય સરકારના જૂદા જૂદા ખાતા મારફતે ૨૩૬૬૪ લોકોને રોજગારી આપવામાં આવી છે. રોજગાર કચેરીના માધ્યમથી ૭૩૮૮૧ લોકોને રોજગારી આપવામાં આવી છે. સ્વરોજગારીના ક્ષેત્રે ૧,૪૨,૮૦૮ લોકોને રોજગારી આપીને ૨૪૦૩૦૩ લોકોને આ રાજય સરકારે રોજગારી આપી છે. આગામી ૨૦૦૫-૦૬ના વર્ષ દરમ્યાન આ ૨ લાખ ૪૦ હજારથી વધીને ૩ લાખ બેકારી યુવાનોને રોજગારી આપવાનું રાજય સરકારે વચન આપેલ છે. માનવદિનની સંખ્યાની અંદર પણ ૩૮૯.૧૩૨ લાખ અમારા જે જૂદા જૂદા બોર્ડ નિગમો છે એમાં માનવદિન આપવાનું કામ કર્યુ છે. સ્થાનિક રોજગારીના ક્ષેત્રે ૮૫ ટકા લોકોને રોજગારી મળે અને એના માટેના જે પણ પગલાં લેવા પડે એ આ રોજગાર વિભાગ થકી થાય છે. આ રાજય સરકારે રોજગારી વધારવા માટેના અનેકવિધ પગલાં લીધા છે. થોડાક લોકોએ ટીકા પણ કરી છે, મેં આગળ કહ્યું એ પ્રમાણે ગુજરાત એ પ્રથમ રાજય છે. મહારાષ્ટ્રની અંદર નોંધાયેલા બેરોજગાર ગુજરાતની અંદર નોંધાયેલા બેરોજગારોની સરખામણી કરીએ તો ગુજરાતમાં ૨૦૦૩માં ૯ લાખ ૯૮ હજાર હતા મહારાષ્ટ્રમાં ૪૩ લાખ ૨૪હજાર હતા, રોજગારી માત્ર ૧૪ હજાર હતી. ભા.જ.પ.ની સરકારમાં ૬૪,૯૦૦ લોકોને રોજગારી આપીને પ્રથમ સ્થાને છે. દિલ્હીમાં ૧૧ લાખ ૧૯ હજાર બેરોજગારો પૈકી માત્ર ૪૦૦ લોકોને રોજગારી આપી છે. ગુજરાત ૧૩મા ક્રમે છે. આના પહેલાના બધા લોકોની નિષ્ફળ પ્રવૃત્તિ રહી છે અને ગુજરાત પ્રથમ ક્રમે છે. એના કરતાં પણ મેં કહ્યું એ પ્રમાણે આ માત્ર રોજગાર વિભાગના આંકડા છે. રાજય સરકારનો આમાં આંકડો નથી. રાજય સરકારનો આંકડો ૨ લાખ ૪૦ હજાર છે, મેં કહ્યું એ પ્રમાણે આગામી વર્ષે ૩ લાખ લોકોને રોજગારી આપવા માટે ઔદ્યોગિક ભરતી મેળાઓ યોજીશું, પૂર્વ તાલીમ વર્ગો આપીશું. સ્વરોજગાર શિબિરો ટૂંકા ગાળાના કોમ્પ્યુટર વર્ગો, લશ્કરી ભરતી મેળા કોલેજ રોજગાર સહાય કેન્દ્રો દ્વારા આ બેકાર યુવાનોને અમે રોજગારી આપવા માટેનો પ્રયાસ કરીશું.

ઉદ્યોગ વિભાગના સહયોગથી વાયબ્રન્ટ ગુજરાતનો કાર્યક્રમ થયો. ૪૧૧ જેટલા જયારે એમ.ઓ.યુ. સાઈન થયા ત્યારે રાજયમાં ૧,૧૮,૦૭૯,૦૦૦ લોકોને રોજગારીની વધુ તકો ઊભી થશે. સ્થાનિક ૮૫ ટકા લોકોને રોજગારી અને ઓછા માનવ દિનમાં ગુજરાત પ્રથમ છે. એમાં ધ્યાન રાખીને રોજગારી આપવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. આ સ્કીલ લેબર માટે રાજય સરકારમાં ૧૩૨ આઈ.ટી.આઈ. છે. સ્વનિર્ભર સંસ્થાઓ ૬૬ એમ કુલ ૩૦૭ સંસ્થાઓ થકી ૭૧૭૬૭ વિદ્યાર્થીઓને અમે તાલીમ આપી રહ્યા છીએ. I.S.O. ૯૦૦૧ની અંદર અત્યાર સુધીમાં રાજય સરકારમાં માત્ર બે સંસ્થાઓ હતી, કુબેરનગર અને નરસાલી. આગામી વર્ષમાં પાંચ સંસ્થાઓનો ઉમેરો કરીને સરસપુર, ગાંધીનગર, બીલીમોરા, રાજકોટ અને ભૂજને આઈ.એસ.ઓ. ૯૦૦૧ મળે એના માટે રાજય સરકાર આગળ વધી રહી છે. એ સિવાય કેન્દ્ર સરકારની યોજના છે એ યોજનાઓ દ્વારા તાલીમની ગુણવત્તા વધારીને વૈશ્વિક કક્ષાનું Centre for Excellence Work આપણે કરી શકીએ એ માટે Centre for Excellence તરીકે વિકસાવવાનું આયોજન કર્યું છે. તે પૈકી ૮ આઈ.ટી.આઈ., કુબેરનગર, સરસપુર, તરસાલી, અંકલેશ્વર, બિલિમોરા, રાજકોટ, સુરત અને ગાંધીનગરનો સમાવેશ કરવાનો પ્રયત્ન કર્યો છે. આઈ.ટી.આઈ.માં કામ કરનારા વિદ્યાર્થી મિત્રો છે એ જોખમ સાથે કામ કરે છે. એવા સંજોગોમાં આ વિદ્યાર્થી મિત્રો માટે પણ "ઉદ્યોગ વિદ્યારત્ન"ના વીમા સુરક્ષા કવચ સાથે એક લાખનું સુરક્ષા કવચ આપી રહ્યા છીએ. ૬૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે એના માટે આ કવચ છે. દુનિયા બદલાતી રહી છે ત્યારે ટેકનોલોજી અને કૌશલ્ય નિર્માણની માગને પહોંચી વળવા માટે આગામી દિવસોમાં Automobiles, Apparels, Chemicals, Fire and Safety, Plastic Technology and

Information Technology અને મોબાઈલ રિપેરીંગના ક્ષેત્રમાં વધારે લોકોને રોજગારી મળે એ દિશામાં રાજય સરકાર કામગીરી કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગમાં વિશેષ કરીને સમાજ સુરક્ષા વિભાગ છે. જેને વિકલાંગો સાથે કામ કરવાનું હોય છે. આ લોકો કામ કરે છે, એને કોઈની દયાની જરૂર નથી પણ પ્રેમ અને હૂંફની જરૂર છે. એમને તક મળે એ તક માટે રાજય સરકાર કામ કરી રહી છે ત્યારે એક શાયરે કહ્યું છે કે:-

***ઈન્સાન લાખ સંભલ કે ગીર જાતા હૈ***
***ઝૂક કે જો ઉસકો ઉઠા લેતા હૈ વો ભગવાન હોતા હૈ.***

આ કામ ગુજરાતની સરકારે જયારે કરવાનું કર્યું છે ત્યારે અશકત અને નિરાધાર વૃદ્ધોને ૬૦ વર્ષથી ઉપરના હોય એને ૨૦૦ રૂપિયા. ૪૫ થી મોટી વયના વિકલાંગ વ્યકિતને માસિક ૨૦૦ રૂપિયા. ૬૫ થી વધારે વય હોય એને ૨૭૫ રૂપિયા રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજનામાંથી માસિક અને સંકટ મોચન રાષ્ટ્રીય વૃદ્ધ સહાય માટે ૧૦ હજાર રૂપિયા કુટુંબની એક વ્યકિતને આપવાની યોજના રાજય સરકારે સ્વીકારી છે. સંત સુરદાસ યોજના અન્વયે વિકલાંગોમાં ૧૮ વર્ષની વયની વ્યકિતને ૧૦૦ રૂપિયા, ૧૮ થી ૪૫ વર્ષની વ્યકિતને ૨૦૦ રૂપિયા આપવાનું કામ કરીએ છીએ. જયારે એમને મુસાફરી કરવાની હોય ત્યારે વિનામૂલ્યે મુસાફરીની યોજના બનાવી છે. મહર્ષિ અષ્ટાવક્ર યોજના અન્વયે આ લોકોને, વિકલાંગોને ઘેર જઈને disability એમની પાસે door to door જઈને એમને શોધવા, એમને મેડિકલની સારવાર આપવી, સાધન સહાય આપવી અને પુનઃવસન કરવા તેમજ સરકારની યોજનાઓનો લાભ આપવો. આ યોજના ખૂબ જ લોકપ્રિય થઈ છે ત્યારે આ ક્ષેત્રમાં કામ કરવા માટે નીતિ વિષયક નિર્ણયો કરીને અમે સ્વૈચ્છિક સંસ્થાઓ જે કામ કરે છે, એમાં અત્યાર સુધી ૨૦ ટકા કાપ હતો એ ઉઠાવી લીધો છે.

રાષ્ટ્રીય વૃદ્ધ સહાય, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. વલસાડ ખાતે આગામી દિવસોમાં એક centre ઊભું કરી રહ્યા છીએ. દાહોદ ખાતે ૫૦ બાળકો માટે Observation Home ચાલુ કરી રહ્યા છીએ. વધારાના ૧૦૦૦ વિદ્યાર્થી વિકલાંગોની સેવા શુશ્રૂષા થઈ શકે એ માટે રાજય સરકારે પ્રયાસ કર્યો છે. ૬ નવી વિકલાંગ સંસ્થાઓ બનાવી છે. ૮ Resource Centres ઊભાં કર્યા છે અને રાજય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જે અમારા વિકલાંગ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ભાગ લે છે એને પૂરેપૂરો ખર્ચ આપવાની રાજય સરકારે યોજના બનાવી છે. ઘણા બધા મિત્રોએ વિકસતી જાતિ કલ્યાણની અંદર ઘણી વાતો કરી છે. આ બધા મિત્રોના ધ્યાન ઉપર મૂકું કે ૨૦૦૪-૦૫માં ૧૨૪.૩૨ કરોડ જે હતા એમાંથી વધારો કરીને ૨૪૬.૨૬ કરોડ એટલે કે લગભગ ગયા વર્ષે જેટલી યોજના હતી એના કરતાં ડબલ વધારો આ વિકસતી જાતિમાં કર્યો છે.

આપણે બધા જાણીએ છીએ તે પ્રમાણે શિષ્યવૃત્તિ અને ગણવેશ આના માટેના ૧૨૫ કરોડની જોગવાઈ કરી છે, માત્ર જોગવાઈ નથી કરી માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈનો આભાર એટલા માટે માનવો છે, ઘણા બધા ધારાસભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ જાણે છે એ પ્રમાણે એકી સાથે ગણવેશ અને શિષ્યવૃત્તિ યોજના માટે જાહેરમાં કાર્યક્રમ કરીને જે કાંઈ વિદ્યાર્થી મિત્રોને આ જ વર્ષે શિષ્યવૃત્તિ અને ગણવેશના નાણા મળી જાય એ પ્રમાણે જિલ્લા કક્ષાએ કાર્યક્રમો કરી એક સાથે ચૂકવણી પહેલી વખત આ રાજ્ય સરકારે કરી છે. ગણવેશ માટે ઘ ણી બધી વાતો આગળ પણ થઈ છે અને આજે પણ થઈ છે. આ વિદ્યાર્થી મિત્રોને ૧૫૦ રૂપિયા આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. ધારશીભાઈ કહેતા હતા એ પ્રમાણે માનવ ગરિમા યોજનાના, પુંજાભાઈ આજ વર્ષે ૩૧મી માર્ચ પહેલા જેટલા પણ માનવ ગરિમાના કેસો છે, ૮૦ ટકા અમારું કામ પૂરું થઈ ગયું છે, જે પણ જિલ્લા અને તાલુકામાં જ્યાં પણ માનવ ગરિમા યોજનામાં કેટલાક બાકી છે એ આ ૩૧ માર્ચ પહેલા અમારે પણ અમારું બજેટ વાપરવાનું છે, મારી સંપૂર્ણ તૈયારી છે અને ૩૧ માર્ચ પહેલા એ કામ પૂરું થશે.

ગુજરાતમાં અનેક જાતિઓ છે એનો સમાવેશ થયો છે. એમાં પહેલા મુસ્લિમ કલાલનો સમાવેશ થતો હતો, હિન્દુ કલાલનો સમાવેશ થયો નહોતો આ રાજ્ય સરકારે હિંદુ કલાલ, ગરવી અને ગુરવ એમ ત્રણેય જાતિનો સમાવેશ આ બક્ષીપંચની અંદર કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાતિ પ્રમાણપત્રો માટે ઘણી બધી વાતો થઈ છે. આના પહેલા સંકલ્પમાં અમારા ભાઈશ્રી જગદીશભાઈ ઠાકોરે ઘણી બધી વાત કરી હતી. અત્યાર સુધીમાં અમારા વિભાગે ૨૮૦૦૦ જેટલા પ્રમાણપત્રોની ચકાસણી કરી છે, ૧૦૦૦ કરતાં વધારે પ્રમાણપત્રો અમે રદ કર્યા છે અને આના માટે ૫૬ જેટલા ઈસમો નામદાર હાઈકોર્ટમાં ગયેલા છે. આ ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે ૫૬ કિસ્સામાં રાજ્ય સરકાર જીતી છે. આ વિષય જે છે એ રાજકીય વિષય નથી. હું માનું છું ત્યાં સુધી ૧૩૨ જ્ઞાતિઓ છે એમની પણ આર્થિક સ્થિતિ જોઈએ તેટલી સુધરેલી નથી. એ સંજોગોમાં એમને નુકસાન ના થાય એ પ્રકારની અમે ચોક્કસ કાળજી લઈશું. નાયબ મામલતદારની વાત કરી છે. આ પ્રક્રિયા અમારી પ્રોસેસમાં છે જો શક્ય હશે તો આ માર્ચ મહિનામાં નહિ તો ૩૦/૪ સુધીમાં અમે આ નાયબ મામલતદારનો નિર્ણય લેવાની દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ, એ સાથે સાથે એમ.પી., એમ.એલ.એ. ના એ પણ ગતિવિધિમાં છે અને લગભગ એ પ્રમાણપત્રો રદ

કરવાની દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ. ભાઈશ્રી જગદીશભાઈએ વાત કરી એ પ્રમાણે માત્ર બે ડી.વાય.એસ.પી. છે અને બે મામલતદાર છે. હું આ ગૃહના ધ્યાન પર મૂકવા માગું છું કે આની કાર્યવાહી સામાન્ય વહીવટ વિભાગ અને અમારો વિભાગ બંને ભેગા મળીને જ્યારે કરી રહ્યો છે ત્યારે આની અંદર કયાંય પણ ગમે તેવો ચમરબંધી હશે તેની સેહશરમ રાખ્યા સિવાય જે સાચું છે તે આ રાજ્ય સરકાર કરશે એવી હું આ ગૃહને ખાતરી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં જે શિક્ષણ યોજના કરી છે એમાં ૬૦ લાખ કરતા વધારે વિદ્યાર્થીઓને ૮૨.૦૯ કરોડની શિષ્યવૃત્તિ એક સાથે અમે આપી છે. આગામી ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૬૧ લાખ ૬૨ હજાર કરોડની શિષ્યવૃત્તિ અમે આપવાના છીએ. ધોરણ ૧ થી ૭માં રાજ્યમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ૪૪.૩૮ કરોડ ગણવેશની સહાય પણ અમે કરી છે. ઘણા બધા મિત્રોએ વાત કરી છે. પંડિત દીનદયાળ આવાસ યોજના આઝાદીના ૫૬ વર્ષે પણ આજે એવો સમાજ છે કે જેને રેશનિંગ કાર્ડમાં નામ નથી, નીચે જમીન છે, ઉપર આભ છે એવી દશાની અંદર રહે છે એવા લોકો વાદી, મદારી, નટ, બજાણિયા, દેવીપૂજક, કાંગસિયા, ચામઠા, ભરથરી, ફકીર, વણજારા, ઠાકોર, ડફેર આવી જે જાતિઓ છે એમને એકી સાથે બલ્કની અંદર મકાનો બનાવી આપવા પંડિત દિન દયાળ આવાસની અમારી યોજના છે. માનનીય મૂળુભાઈએ કહ્યું એ પ્રમાણે જોઈએ તો અત્યાર સુધી આઝાદીના ૫૬ વર્ષમાં કોઈ સમાજમાં સરકાર જ્યાં પહોંચી નથી ત્યાં અમારો વિભાગે પહોંચવાનો પ્રયાસ કર્યો છે. ૨૯ જેટલી વસાહતો મેં અત્યાર સુધીમાં પૂરી કરી છે. ૧૦ વસાહતોનાં કામો અમારા હાથ પર છે અને લગભગ ૨૦૦૫-૦૬ ની અંદર ૨૫૦૦ ઈસમોને વસાહતના મકાનો આપવા માટેની ૬ કરોડની જોગવાઈ આ વખતના બજેટમાં અમે કરી છે.

કુંવરબાઈના મામેરાની અંદર એક જ વર્ષમાં ૩૫૯૮ કન્યાઓને ૧.૭૮ કરોડની અમે સહાય આપી છે. આ વખતના બજેટની અંદર ૩ કરોડ રૂપિયાની જોષીયારા સાહેબ અમે જોગવાઈ કરી છે. સામાન્ય રીતે બક્ષીપંચના વિદ્યાર્થીઓને મેં પહેલા પણ એક વખત વાત કરી હતી અને એ વખતે મારું રાજકીય નિવેદન નહોતું પણ મેં લાગણીસભર વાત કરી હતી. આ બક્ષીપંચના વિદ્યાર્થીઓ ૫૮ વર્ષે પણ આઈ.એ.એસ., આઈ.પી.એસ., ડોકટર કે વકીલ ના થઈ શકે? આની જવાબદારી બધાની છે, માત્ર આ સાત-આઠ વર્ષના ભા.જ.પ.ના શાસનમાં આ લોકોને મળ્યું છે એવું કહેવું ઠીક નથી. અમે તો વિદેશ અભ્યાસ માટેના માત્ર અત્યાર સુધીમાં ત્રણ લોકો, એની અમે જાહેર પ્રસિદ્ધિ કરી છે આ સન્માનીય ગૃહના ધ્યાન ઉપર મૂકું છું કે આ વખતે ૫૫ અમે ૫૫લાખ રૂપિયાની ફાળવણી કરી છે અને જરૂર પડશે તો આની અંદર વધારાના પણ નાણા મંત્રીશ્રી પૈસા આપશે પરંતુ આ બક્ષીપંચના વિદ્યાર્થીઓ સાત સમંદર પાર વિદેશોમાં જઈને પણ અભ્યાસ કરે એ ભા.જ.પ. સરકારનો અભિગમ છે.

કેન્દ્રીય પુરસ્કૃત યોજનામાં અત્યાર સુધીમાં પહેલી વખત ૮ લાખ રૂપિયા અમે લઈ આવ્યા છીએ. ૨૦૦૪-૨૦૦૫માં ધોરણ-૮માં ૩૭,૭૭૧ કન્યાઓને એરિયર્સ સાથે ૫ કરોડ ૬૬ લાખ રૂપિયાની સાયકલો અમે પૂરી પાડી છે. વિશેષ કરીને છાત્રાલયો બાંધવા માટે, બક્ષીપંચના છાત્રાલયો માટે આ વર્ષે ૨.૭ કરોડના ખર્ચે સાત જિલ્લાઓમાં સાત મોટા સંકુલો બાંધી સરકારી છાત્રાલયો અમે બાંધવાના છીએ. આ અગાઉ વાત કરી છે એ પ્રમાણે બક્ષીપંચના ૨૦ અને અનુસૂચિત જાતિના ૧૦ છાત્રાલયો રાજય સરકારે ગઈ વખતે જાહેરાત કરી હતી, એની છાપામાં જાહેરાત આપવામાં આવી છે અને આગામી દિવસોમાં એ પણ કાર્યન્વિત થશે.

બેન્કેબલ યોજનામાં અત્યાર સુધીમાં બેન્કો, તમારી સબસીડી આવતી નથી એમ ફોર્મ ક્યાંક બહાર પાડતા હતા, એકી સાથે ૧.૧૦ કરોડની બેન્કેબલ સબસીડી અમે આપી દીધી છે. આ વર્ષે પણ એમાં આઠ હજાર લાભાર્થીઓ માટે ત્રણ કરોડ રૂપિયાની અમે આમાં જોગવાઈ કરી છે.

શાળાઓમાં પરિણામ સારું આવે એટલા માટે અમારો વિભાગ ખૂબ ચિંતિત છે. આશ્રમ શાળા હોય, છાત્રાલયો હોય ગયા વર્ષે એઝ એ હોલ ટોટલ પરિણામ ૭૪.૬ ટકા હતું. અમારો અભિગમ છે કે, ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં અમારા જ્યાં સંકુલો છે એમાં ઓછામાં ઓછું ૮૦ ટકા પરિણામ આવે. આ સાથે સાથે આ સમાજમાં જે કામ કરવાવાળો વર્ગ છે એવા વ્યકિત જે વધારે સારું કામ કરે છે, આ સમાજને ઉત્કૃષ્ઠ બનાવવાનું કામ કરે છે, એવા લોકો માટે પૂજ્ય રવિ શંકર એવોર્ડ અમે જાહેર કર્યો છે એમાં એક લાખ રૂપિયા અને પ્રમાણપત્ર અમે આપવાના છીએ એ સાથે સાથે આ બક્ષીપંચના સમાજની અંદર જે સ્વૈચ્છિક સંસ્થાઓ સારું કામ કરતી હોય એને નાલંદા એવોર્ડ આપીને એક લાખ રૂપિયા અને એનું પ્રસ્થિપત્ર આપવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬માં અમે જે જોગવાઈઓ કરી છે એમાં આર્થિક સામાજિક પછાત, વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે ૧૪૩.૧૭ કરોડની જોગવાઈ કરી છે. શૈક્ષણિક યોજનાઓ છે, આર્થિક ઉત્કર્ષ માટેની યોજનાઓ છે અને આ વિભાગની, જે બધા લોકો કહે છે એ પ્રમાણે જ્યારે વધારે વસ્તી છે ત્યારે એને પણ આજ દિશામાં જરા પણ નુકસાન ન થાય એ દિશામાં અમારા પ્રયાસો છે.

મારી છેલ્લી વાત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં, સામાન્ય રીતે અનુસૂચિત જાતિના વર્ગો માટેની છે અને અનુસૂચિત જાતિના વર્ગોની જ્યારે વાત કરીએ છીએ ત્યારે ૨૦૦૫-૨૦૦૬માં માનનીય નાણા

મંત્રીશ્રીએ અમને જે આપ્યું છે એમાં આ વખતે ૩૮.૨૦ કરોડનો એમાં વધારો કર્યો છે. અમે જે નવી બાબતો મૂકી છે એમાં આ વખતે નિવાસી શાળાઓમાં પોરબંદર, ઈડર ખાતે કન્યા અને કુમાર છાત્રાલયો બનાવવાના છે. બાબુ જગજીવનના નામ સાથે મહેસાણા-જુનાગઢ ખાતે કન્યા છાત્રાલયો ૧.૨૦ કરોડના ખર્ચે અને અનસૂચિત જાતિના યુવાનો માટે કોચિંગ ક્લાસ, સરકારી, અર્ધસરકારી, બેન્કો, ખાનગી બેન્કો, ગુજરાત જાહેર સેવા આયોગ જગ્યાઓએ જે એન.જી.ઓ. કામ કરતી હોય એના માટે જે વિદ્યાર્થી મિત્રો ત્યાં હશે એને ૩૭૫થી ૭૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ આપીને ૪૦૦ વિદ્યાર્થીઓને અમે કોચિંગ ક્લાસ આપવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારનું મહત્વકાંક્ષી જે કામ રહ્યું છે એ ડાૅ.બાબા સાહેબ આંબેડકરના નામ સાથે વિદેશ અભ્યાસ લોન, પહેલાં ૧૦ લોકો હતા પછી ૨૦ લોકોને આપી, ચાલુ વર્ષે દર વર્ષે અમે ૪૦ વિદ્યાર્થીઓને તો વિદેશ જવા માટેની પાંચ લાખ રૂપિયાની લોન આપી છે અત્યાર સુધીમાં ૭૫ દલિત સમાજના વિદ્યાર્થીઓ આ સાત સમંદર પાર વિદેશની ધરતી પર અભ્યાસ કરી રહ્યા છે. જેમાં દસ કન્યાઓ અને ત્રણ વાલ્મિકી સમાજના મારા મિત્રો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે સરકારી કુમાર છાત્રાલયો છે એમાં ૩૭ છાત્રાલયોમાં ૨૪૫૩ લોકોની રહેવાની અને તમામ સુવિધા માટે ચાર કરોડ રૂપિયાની જોગવાઈ અમે કરી છે.માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં માનવ ગરિમા યોજનામાં ત્રણ હજાર રૂપિયા રોકડા આપવામાં આવતા હતા એના બદલે મેં આગળ કહ્યું એ પ્રમાણે આ વખતે સાધન સહાય અને કીટ આપીએ છીએ. આ વખતે અમે ૨૦૦૫ અને ૨૦૦૬ના વર્ષની અંદર પહેલી જે જોગવાઈ ત્રણ કરોડની હતી એમાં એક કરોડનો વધારો કરીને આગામી વર્ષથી આ માનવ ગરિમામાં ચાર કરોડ આપવાના છીએ. ડાૅ. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના રાજય સરકારની યોજના છે. એમાં આ સમાજના લોકો માટેની પહેલા જેટલી પણ અરજીઓ હતી અગાઉ એક વક્તા જીતુભાઈએ હમણાં કહ્યું એ પ્રમાણે ઘણી બધી અરજીઓ મંજૂર થઈ પરંતુ બજેટ ગ્રાન્ટ દર વર્ષે એકસરખી હોતી નથી એટલા માટે બે વર્ષથી અમે એક પણ નવી અરજી મંજૂર કરી નથી. પરંતુ જે આવાસ બન્યા છે એમાં પણ એક, બે, ત્રણ હપતા બાકી છે. આ બે વર્ષના સમયગાળા દરમિયાન અત્યાર સુધીમાં ૧૭૪૪૫ મકાનો પૂરા કરી દલિત સમાજના લોકોને પોતાનું ઘર આપ્યું છે. આગામી દિવસમાં વાલ્મિકી, અતિ પછાત, અને દલિત સમાજ માટે એટલે કે અનુસૂચિત જાતિ માટે ૧૯૬૨લાખની જોગવાઈ કરી છે. વિશેષ કરીને સફાઈ કામદારો માટે ૬કરોડની જોગવાઈ આ વર્ષે અમે કરી છે. રાજય સરકારના ૬૫ટકા કરતા વધારે..

**અધ્યક્ષશ્રી** : મેઈન પોઈન્ટ કહી દો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મને થોડો સમય આપો. ૬૯૪ સંસ્થામાં ૩૦૫૧૯ વિદ્યાર્થીઓ કામ કરે છે. બાલવાડી વિસ્તારમાં ૫૦ ઘર કે તેથી વધારે ઘર હોય ત્યાં સગવડ આપવાની વ્યવસ્થા કરી છે. આશ્રમશાળા માટે સી.પી.એડ, ડી.પી.એડ, અને એ.ટી.ડી. તાલીમાર્થીની વાત કરી છે. સેલ્ફ ફાઈનાન્સ. મિત્રો, જેની એક લાખ વાર્ષિક આવક હોય એવા ૧૫૨૭ વિદ્યાર્થીને અમે ફી ચૂકવીએ છીએ. આગામી વર્ષમાં ૧૩૨ લાખની ગ્રાન્ટ ગણવેશ માટે અત્યાર સુધીમાં ૯૧૫૬૧૭ વિદ્યાર્થીઓને ૧૨કરોડના ગણવેશ આપવામાં આવ્યા છે. સાઈકલ ૧૮૯૭૮૧ આપવામાં આવી છે. ડો.બાબાસાહેબ આંબેડકર ભવન પાંચ પૂર્ણ કરવામાં આવ્યા છે અને ચારનું બાંધકામ ચાલુ છે. એક વર્ષમાં આઠ ભવન બાંધવાના છે. આ ભવન પાછળ ૨૫ ના બદલે ૩૫લાખ અમે ખર્ચવાના છીએ. ભા.જ.પા. સરકારે અનેકવિધ યોજનાઓ કરી છે. આ સાથે ડો.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ, પૂ.મહાત્મા ગાંધીજી એવોર્ડ, સંત કબીર એવોર્ડ, જયોતિબા ફૂલે એવોર્ડ, દાસી જીવણ એવોર્ડ મુખ્યમંત્રીશ્રીએ પાટણમાં વીરમેઘમાયા માટે એવોર્ડની જાહેરાત કરી છે. એ પણ રાજય સરકાર કામ કરે છે. મારી છેલ્લી વાત, ઘણા બધા મિત્રોએ કહ્યું છે. કે આ સરકારમાં ઘણી બધી યોજનાઓ રદ થઈ છે. એક પણ યોજના રદ થઈ નથી. અમે સુધારો કર્યો છે. દા.ત. ડ્રાય હોસ્ટેલમાં રહેવાની સુવિધા હતી એ રદ કરીને અમે રહેવા જમવાની સુવિધા આપીએ છીએ. બહેનો માટે તાલીમ માટે માત્ર ૭૫ રૂપિયા સ્ટાઈપેન્ડ મળતું હતું એ યોજના રદ કરીને ૧૨૫ રૂપિયા સ્ટાઈપેન્ડ આપીએ છીએ. અંબર ચરખામાં અત્યાર સુધી ૧૭૦૦ રૂપિયા આપતા હતા એ બંધ કરીને અમે ૩૩૧૫ રૂપિયા આપીએ છીએ. જે યોજના બેવડાતી હતી, વર્કશોપમાં જે લોકો કામ કરતા હતા એ યોજનામાં એક પણ ખર્ચ થયો નથી.માત્ર સો રૂપિયા મળતા હતા એને બદલે ૧૨૫ રૂપિયા સ્ટાઈપેન્ડ આપીએ છીએ. બાલવાડીમાં ૭૨૦૦ રૂપિયાની આવક મર્યાદાની યોજના રદ કરી છે અને કોઈપણ પ્રકારની આવકમર્યાદા રાખ્યા સિવાય ૫૦ ઘરથી વધારે હોય એમને આપવાની યોજના કરી છે. જે બાળકો ટયૂશન જતા હોય અને અત્યાર સુધીમાં માસિક ૨૫૦ રૂપિયા અને વર્ષે ૨૫૦૦ રૂપિયા આપવાની યોજના હતી એ બંધ કરીને દર વર્ષે ઓછામાં ઓછા ૧૫૦૦૦ મળે એ પ્રકારની યોજના શરૂ કરી છે. ઓઈલ પંપ માટે ૫૦ ટકા અને ૫૦૦ની મર્યાદા હતી એને બદલે ૧૦૦૦૦ સુધીની મર્યાદા કરી છે. ઓળખપત્રોની જગ્યાએ જાતિ પ્રમાણપત્ર આપવાની યોજના કરી છે. શહેરી ગરીબો માટે ૨૧૯ ની સ્કીમની અંદર ૭૦ટકા લોન, ૨૦ ટકા સહાય અને ૧૦ ટકા લાભાર્થી ફાળો હતો એના બદલે પૂરેપૂરી ગ્રાન્ટ આપીને દલિતોનું કામ કરવાનો રાજય સરકારે પ્રયાસ કર્યો છે. આભાર.

**શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ (રાજય કક્ષાના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની જે માગણીઓ ઉપર ચર્ચામાં બે માનનીય સદસ્યશ્રીઓએ સૂચન કર્યાં છે અને તેમના મંતવ્યો રજૂ કરેલ છે. મનસુખભાઈ માંડવિયા અને ભારતીબેન પટેલ.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીબેન પટેલે એમના વિચારમાં રજૂઆત કરેલી કે રમત ગમત ક્ષેત્રે ખૂબ ઓછી રકમ ફાળવવામાં આવી છે અને ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે ખૂબ ઓછું આયોજન છે, ત્યારે હું આ ગૃહને જણાવવા માગું છું કે સમગ્ર રાજયમાં અત્યાર સુધીમાં રમત ગમત ક્ષેત્રે આ રાજયના યુવાનોએ અને આ રાજ્યની યુવતિઓએ નેશનલ કક્ષાએ ૧૪૭ મેડલો મેળવી અને નવો વિક્રમ નેશનલ કક્ષાએ આ રાજયના ખેલાડીઓએ સ્થાપિત કર્યો, એમાં આ રાજયની મહિલાઓ છે, એમણે ૧૪૭ મેડલમાંથી ૭૮ મેડલ એટલે આપણા જે યુવાનો છે એમની કરતા ૯ મેડલ વધારે પ્રાપ્ત કરી રાજયનું મહિલા ક્ષેત્રે ગૌરવ વધારેલ છે. આ રાજયની અંદર અમદાવાદ અને મહેસાણામાં નેશનલ કક્ષાએ રમતોનું આયોજન આ વર્ષથી થયેલ. દર વર્ષે આ રમતોનું આયોજન આપણા રાજયની અંદર થાય છે. અમદાવાદમાં સ્કેટિંગની સ્પર્ધાનું આયોજન થયેલું. આ સ્કેટિંગની સ્પર્ધામાં સમગ્ર દેશની અંદર વધારેમાં વધારે આ રાજયના ખેલાડીઓએ ૭૪ મેડલો મેળવી અને સ્કેટિંગમાં સમગ્ર દેશમાં આ રાજયના ખેલાડીઓએ મેડલ મેળવી આ રાજયને ગૌરવ અપાવેલ છે. એવી રીતે મહેસાણામાં યોગા અને બીજી બે રમતોનું આયોજન થયેલ, એમાં યોગની રમતોમાં આ રાજયના ખેલાડીઓએ ૧૮ મેડલ મેળવી અને યોગની અંદર પણ દેશની અંદર પ્રથમ નંબર આ રાજયના ખેલાડીઓ આવેલ છે. જૂડો અને યોગની સ્પર્ધા થઈ.

રાજયના જે ગ્રામ્ય કક્ષાના ખેલાડીઓ છે. આ ખેલાડીઓને પણ પ્રોત્સાહિત કરવા માટે જે તે વિસ્તારની અંદર રમતો પ્રચલિત છે, તેવી રમતો માટે અને નવી રમતો દાખલ કરી, ગ્રામ્ય ઓલમ્પિક દ્વારા દેવગઢબારીયા અને તરણેતરના મેળાઓમાં આ મેળાઓને ભાતીગળ મેળાઓ બનાવવા માટે તેની અંદર સમગ્ર ગ્રામ્ય વિસ્તારના યુવાન ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે, નવા ખેલાડીઓની પ્રતિભા શોધ કરવા માટે બંને મેળાઓની અંદર આ વર્ષે ૨૭૦૧ ખેલાડીઓએ ભાગ લીધો અને એમાં ૫૦૦ થી ૬૦૦ બહેનોએ ભાગ લીધો અને સ્પર્ધાનું સરસ રીતે આયોજન કર્યુ. નવા ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટેનું અમારા વિભાગ દ્વારા ખૂબ સરસ આયોજન થયું. આ રાજય સરકારે જે વિશ્વ મહિલા દિન ૮મી માર્ચ ગયો. આ દિવસે આ રાજયના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ખાસ વિશિષ્ટ એવોર્ડ ૨૩ ગુજરાત રાજયના રમતવીરોને ૩૦ એવોર્ડ આપી સન્માનિત કર્યા. આ ઉપરાંત આ રાજયની મહિલા ખેલાડીઓ છે, એમને પણ આ રાજય સરકાર દ્વારા રમત ગમત વિભાગ દ્વારા જે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે અને પ્રોત્સાહિત કરવા માટે છેલ્લા બે વર્ષમાં આ રાજયની જે ૩,૧૬૩ મહિલાઓને ૧,૩૪,૧૦,૦૦૦ ની સ્કોલરશિપ આપી આ રાજયની મહિલા ખેલાડીઓ છે, જેણે રાજય કક્ષાનો પ્રથમ, દ્વિતીય અને તૃતીય એવોર્ડ મેળવીને નેશનલ કક્ષાએ આ રાજયનું ગૌરવ વધારેલ છે. રમત ગમત ક્ષેત્રે આવી મહિલાઓને પુરસ્કાર રૂપે આ રાજય સરકારે સન્માનિત કર્યા છે.

વિશ્વ મહિલા દિન નિમિત્તે રાજયના મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીની હાજરીમાં ૯૪૧ મહિલાઓને ૪૧ લાખ ૩૦ હજાર ૪૦૦ પુરસ્કાર સ્કોલરશીપ તરીકે આપી સન્માનિત કર્યા છે. આ ઉપરાંત આ રાજયને એક ગૌરવ પ્રાપ્ત થાય છે કે નેશનલ કક્ષાએ આ યોગાસન સ્પર્ધા દાખલ કરવાનું શ્રેય ગુજરાત રાજયને જાય છે. સમગ્ર દેશમાં ઋષિઓના પરંપરાકાળથી યોગ અને પ્રાણાયામ માટે પણ સમગ્ર દેશમાં સ્પર્ધા દાખલ કરવાનું શ્રેય આપણા ગુજરાત રાજયને જાય છે. સમગ્ર રાજયના તમામે તમામ જિલ્લાઓમાં યોગ ફીટનેશ કેન્દ્ર પણ અમારા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ છે. આ રાજયની જે મહિલાઓ છે તે મહિલાઓને પોતાના રક્ષણ માટે સેલ્ફ ડીફેન્સ માટે જુડો અને કરાટે માટે સમગ્ર રાજયના ૨૫ જિલ્લાઓમાં કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. ગયા વર્ષે ૨૧૨૩ જેટલી મહિલાઓએ જુડો અને કરાટેની ટ્રેનિંગ લીધેલ છે. માનનીય ભારતીબેને વાત કરી હતી કે રાજયના ખેલાડીઓને પ્રોત્સાહન પૂરુ પાડવામાં આવતું નથી. ત્યારે આ સન્માનનીય ગૃહને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાત રાજયના ખેલાડીઓ નહીં પરંતુ સમગ્ર દેશના ખેલાડીઓ જે ખેલાડીઓ ગુજરાત રાજયની અંદર આવે છે, રમત રમવા માટે આછે છે અને જયારે નેશનલ કક્ષાની સ્પર્ધા ગુજરાત રાજયમાં યોજવામાં આવે છે ત્યારે તમામે તમામ ખેલાડીઓ સમગ્ર ભારત દેશમાં એક માત્ર ગુજરાત રાજય એવું છે કે આપણા ખેલાડીઓ છે, યુવાન યુવતીઓ છે તેની સાથે ભારત દેશના યુવાનો જયારે ગુજરાત રાજયમાં દેશનું ગૌરવ અપાવવા માટે આવે, રમત ગમત ક્ષેત્રે આગળ આવે, રાષ્ટ્રીય કક્ષાએ ખેલાડીઓ પુરસ્કાર મેળવે અને તેઓને પ્રોત્સાહન મળે એટલા માટે અમારા વિભાગ દ્વારા સમગ્ર ભારત દેશમાં એક ગુજરાત રાજય એવું છે કે જે ખેલાડીઓ ગુજરાત રાજયના નેશનલ કક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડૂઁ મેળવે તે તમામે તમામ ખેલાડીઓને આ રાજય સરકાર ૧૫૦૦, ૧૨૫૦ અને ૧૦૦૦ રૂપિયા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત રાજય સિવાય કોઈ રાજય ભારત દેશમાં નથી. આવું કાર્ય અમારા વિભાગ દ્વારા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે થાય છે. માનનીય ભારતીબેને વાત કરી કે ફકત ૩૫લાખ રૂપિયા રમત ગમત ક્ષેત્રે

ફાળવવામાં આવેલ છે. ૨૦૦૪-૦૫ માં ૨ કરોડ ૮ લાખ રૂપિયા બજેટની અંદર રમત ગમત સ્પોર્ટસ સંકુલના વિકાસ માટે ફાળવવામાં આવેલ હતા. આ વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ તેમાં બીજા ૨૦ કરોડનો ઉમેરો કરી ૨૨ કરોડ ૮ લાખ રૂપિયા ૨૦૦૪-૦૫ ના વર્ષની અંદર ફાળવી આપેલ છે. આ ઉપરાંત ૨૦૦૪-૦૫ની અંદર ૨ કરોડ ૮ લાખ રૂપિયા ફાળવવામાં આવેલ હતા તેમાં પણ વધારો કર્યો છે અને ૪ કરોડ ૬૯ લાખ આપ્યા છે એટલે ૨૦૦૫-૦૬માં એટલે એક વર્ષની અંદર ૨૭ કરોડ ૭૭ લાખ રૂપિયા કદાચ આપને આશ્ચર્ય થશે કે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીમાં આ રાજયની અંદર રમત ગમત સંકુલોના વિકાસ માટે ૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલો હતો. પણ એક વર્ષમાં ૨૭ કરોડ ૭૭ લાખ રૂપિયા અત્યાર સુધીના ઈતિહાસમાં કદાચ ભારત દેશમાં બીજા કોઈ રાજયમાં આટલી મોટી રકમ એક વર્ષમાં સ્પોર્ટસ સંકુલના વિકાસ માટે આટલી રકમ ફાળવવામાં આવી નહીં હોય. માનનીય અધ્યક્ષશ્રી, આ સ્પોર્ટ સંકુલમાં પાટણ, વડોદરા, ડાંગ, કચ્છ, લીમડી, ગાંધીધામ, ખેડા, નડિયાદ, રાજપીપળા, સુરેન્દ્રનગર, અમરેલી, જુનાગઢ, અમદાવાદ નરોડા, અમદાવાદ ખોખરા, આ ઉપરાંત વડોદરામાં એક આંતરરાષ્ટ્રિય કક્ષાની હોકીના ગ્રાઉન્ડ માટે પણ એક યોજના આમાં સામેલ છે. આ ઉપરાંત આ રાજયના ખેલાડીઓને પ્રિવેકેશન કોચિંગ કૅમ્પ, વેકેશન કોચિંગ કૅમ્પ, ઘનિષ્ઠ પ્રશિક્ષણ શિબિર, હાઈ એપ્ટીટયુડ કોચિંગ કૅમ્પ દ્વારા તમામે તમામ ખેલાડીઓને કોચિંગ આપવામાં આવે છે,

આ ઉપરાંત રાજયના જે રમતવીરો છે અને જેમને રાષ્ટ્ર કક્ષાએ અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે રાજયનું ગૌરવ વધારેલ છે આવા તમામે તમામ ખેલાડીઓને જેની ઉંમર ૫૦ વર્ષની થઈ હોય અને ખેલાડીઓ મહિલા હોય કે પુરુષ હોય અને આર્થિક મુશ્કેલીવાળા તમામ ખેલાડીઓને જીવે ત્યાં સુધી આજીવન પેન્શન આપવાની યોજના અમારા વિભાગ દ્વારા છે અને એને દર મહિને ૮૦૦ રૂપિયાનું પેન્શન તમામે તમામ ખેલાડીઓને આપવામાં આવે છે.

આ ઉપરાંત જે નાના બાળ ખેલાડીઓ છે એવા તમામ બાળ ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે આ વર્ષે તરણ, સ્કેટિંગ, યોગા, ઝૂડો, વ્યાયામ, ટેનિસ, બેડમિન્ટન, બિલિયર્ડસ, આ રમતોમાં આ વર્ષે નાના બાળ ખેલાડીઓને તાલુકા કક્ષાએ સ્પર્ધા યોજી કોચિંગ આપવા માટેની આ વર્ષની ૪૦ લાખ રૂપિયાની નવી યોજના દાખલ કરી છે. આ ઉપરાંત કમિશનર કચેરી અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કામગીરી છે એમાં પણ વડનગરમાં ખૂબ મહત્ત્વનો તાનારીરી મલ્હાર મહોત્સવ દર વર્ષે રાજયમાં યોજવામાં આવે છે, આ ઉપરાંત મોઢેરા સુર્યમંદિર ઉત્તરાર્ધ શાસ્ત્રીય નૃત્ય મહોત્સવનો ત્રણ દિવસનો કાર્યક્રમ પણ અમારા વિભાગ દ્વારા સારી રીતે યોજવામાં આવે છે, અને સાંસ્કૃતિક વારસાને અને નૃત્ય અને કલાના વારસાને આ ઉત્સવ દરમિયાન હજારો લોકો આ કાર્યક્રમને જોવા અને નિહારવા માટે પધારે છે. સમગ્ર વિશ્વમાં પ્રાચીન અને અર્વાચીન ગરબા અને રાસ દ્વારા આપણે વાયબ્રન્ટ ગુજરાત, જે પતંગ ઉત્સવ અને નવરાત્રી ઉત્સવ દ્વારા ગરબા દ્વારા આ રાજયના ગરબાને સમગ્ર વિશ્વના તખતા ઉપર મૂકવામાં અને એની સાથે સાથે આ રાજયના ઉદ્યોગ અને પ્રવાસન ઉદ્યોગ વિકસે અને એની સાથે સાથે આપણા ત્યાં ગરબા ઉત્સવ છે એ ગરબા ઉત્સવને નિહારીને અને રાજયને આપણે વિકાસની ગતિ તરફ આગળ લઈ જવામાં પણ આ વિભાગ દ્વારા આ ગરબાઓનું આયોજન થઈ રહ્યું છે, આ ઉપરાંત આ ગરબાઓનું જિલ્લા કક્ષાએ, પ્રાદેશિક કક્ષાએ, રાજય કક્ષાએ પણ સરસ મજાનું આયોજન થાય છે.

આ રાજયનું પ્રતિષ્ઠિત નાટ્ય ગૃહ જે જયશંકર સુંદરી નાટ્યગૃહ છે એના રિનોવેશન માટે, એ.સી. પ્લાન માટે રૂપિયા ૧ કરોડ ૫૩ લાખ ૨૫ હજારની રકમ ફાળવવાની જોગવાઈ આ વર્ષના બજૅટમાં કરવામાં આવી છે.

આપણા કલાકારોને પ્રોત્સાહન આપવા માટે રાજય સરકારે રાજયના કલાકારોને શાસ્ત્રીય સંગીત અને શાસ્ત્રીય નૃત્ય સંગીત અને લોક કલા, આદિજાતિઓની જે કલા છે, આ કલાઓને અમારા વિભાગ દ્વારા, કમિશનરની કચેરી દ્વારા, આ કલાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આપણા આ કલાકારોની કલા અને સંસ્કૃતિનો વારસો જાળવી રાખ્યો છે. આ વારસો જળવાઈ રહે અને આ કલાકરો પ્રોત્સાહિત થાય અને આપણી સંસ્કૃતિના આ વારસાને આપણા દેશના લોકો અને વિદેશના લોકો સારી રીતે જાણી શકે અને આ વારસાને પ્રોત્સાહન આપવા માટે ૫૦ લાખ રૂપિયાનું આ વર્ષે આયોજન કરવામાં આવ્યું છે અને અમારા વિભાગ દ્વારા આ કાર્યવાહી થઈ રહી છે.

આપણી આજે રાજધાની છે ત્યાં ગુજરાતના ગૌરવ સમુ સસ્કૃતિ કુંજ આવેલું છે. એમાં ૧૫૦ વર્ષ જૂની ઝવેરીની હવેલી જે અમદાવાદના દોશીવાડાની પોળમાંથી લઈને આબેહૂબ સંસ્કૃતિ કુંજમાં આપણે લાવ્યા છીએ. એ કાસ્ટકલાનો ઉત્તમ નમૂનો છે. આ ઉપરાંત સસ્કૃતિક કુંજમાં સમગ્ર દેશમાંથી ૧૧ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી વચ્ચે દસ દિવસ આપણા દેશની સાંસ્કૃતિક કલા અને વારસો છે એ અને એ ઉપરાંત આપણી જે હેન્ડીક્રાફટ કલા છે એને માટે સ્ટોલ દ્વારા પ્રદર્શન અને વેચાણ થાય છે. એ ઉપરાંત આપણા રાજયના જે આદિજાતિ કલાકારો છે અને બીજા જે કલાકારો છે એવા તમામ કલાકારોને ત્યાં દસ દિવસ રાખીને ૮૦૦ કલાકારો દ્વારા

આપણો સાંસ્કૃતિક વારસો જાળવવા માટે અમારી કમિશનર કચેરી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો થાય છે. આ ઉપરાંત આ સંસ્કૃતિ કુંજમાં હવે પછી રાજયમાંથી કોઈ પણ લોકોને ત્યાં કાર્યક્રમ કરવા માટેની છૂટ મળે અને આખું વર્ષ આપણો સાંસ્કૃતિક વારસો છે એ સસ્કૃતિ કુંજમાં ગુંજતો રહે એ માટે આયોજન કર્યું છે અને આ સંસ્કૃતિ કુંજ ફરતે કમ્પાઉન્ડ વોલ કરી આ સંસ્કૃતિ કુંજ સારી રીતે સુરક્ષિત થાય એના માટે ગયા વર્ષે બજેટમાં આયોજન કર્યું હતું એ કામ આ વર્ષે પુરજોશમાં શરૂ થયું છે. આ રાજયનું જે યુવા-ધન છે એ શિક્ષિત ઉપરાંત રાજયનો યુવાન સંસ્કારી બને, સાહસિક બને, સૌર્યવાન બને, નિડર બને અને રાષ્ટ્રપ્રેમી બને એના માટે અમારો વિભાગ યુવા ઉત્સવ દ્વારા સાહિત્યીક અને કલાની ૩૩ જેટલી આઈટમો દ્વારા ૪૨ સ્પર્ધા તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ, કોરપોરેશનમાં વોર્ડ કક્ષાએ, જિલ્લા, પ્રદેશ અને રાજય કક્ષાએ જે આયોજન થાય છે એમાં ૧ લાખ ૫૦ હજાર યુવક-યુવતિઓએ આ યુવા ઉત્સવમાં ભાગ લઈ અને પોતાની કલા અને સુષુપ્ત શકિત છે એને બહાર લાવવા માટે અને કલાનો વારસો જળવાઈ રહે એના માટે અમારા વિભાગ-યુવા બોર્ડ દ્વારા આયોજન થાય છે. આ વર્ષે હૈદ્રાબાદમાં યુવા ઉત્સવ થયો એમાં લોકગીત સ્પર્ધા અને શાસ્ત્રીય નૃત્યની સ્પર્ધા થઈ છે એમાં બન્ને સ્પર્ધામાં આપણા ગુજરાતના કલાકારોએ ત્રીજો નંબર પ્રાપ્ત કરીને રાજયનું ગૌરવ વધારેલ છે. આ ઉપરાંત યુવા ઉત્સવ વીર સાવરકર અખીલ ભારત તરણ સ્પર્ધા, આંતર રાજય પ્રવાસ, આદિવાસી ઉત્સવ, આપણી સરહદ ઓળખો, સંગિત શિબિર, સાહિત્ય શિબિર, વન વિસ્તાર પરિભ્રમણ, મહાજન સ્મારક, હોડી સ્પર્ધા, સમૂહ તરણ શિબિર, નર્મદા શ્રમ શિબિર, ઈન્ટર્વ્યુ માર્ગદર્શન, જિલ્લા યુવક નેતૃત્વ તાલીમ શિબિર, જિલ્લા કક્ષાએ યોગાશન શિબિર, ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા અને આવી સ્પર્ધાઓ ઉપરાંત આ રાજયના યુવાનો અને યુવતિઓમાં આત્મવિશ્વાસ અને સાહસિકતાના ગુણો ખીલે તેમજ વન-ડુંગરાળ અને પર્વતીય વિસ્તારોથી પ્રત્યક્ષ રીતે માહિતગાર થાય અને સાંસ્કૃતિક અને પ્રાકૃતિક શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી સરકારશ્રીએ માઉન્ટઆબુ અને ગિરનારની અંદર જે માઉન્ટેનીયરીંગની સ્પર્ધાઓ અને આ ઉપરાંત એડવેન્ચર કોર્સ, એડવાન્સ કોર્સ, કોચિંગ કોર્સ, આર્ટિફિશિયલ કોર્સ અને ગુજરાતના ડુંગરાળ વિસ્તારના પરિભ્રમણ અને હિમાલય પરિભ્રમણ અને દાર્જિલિંગ અને મનાલી અને ઉત્તરકાશી ખાતે પણ આ પર્વતારોહણ સ્પર્ધાનું આયોજન અમારા વિભાગ દ્વારા થાય છે.

આ ઉપરાંત રાજ્યના જે ગ્રંથાલયો છે એમાં આપણા રાજ્યના જે વાચકમિત્રો છે, વાચનક્ષેત્રે વાચન વધારે કરે અને એમનો સમય ઓછો બગડે એના માટે અમારા આ ગ્રંથાલય વિભાગમાં કમ્પ્યુટરાઈઝેશન દાખલ કરવામાં આવેલ છે. પાંચ જિલ્લા ગાંધીનગર, મહેસાણા, અમદાવાદ, ભરૂચ અને જુનાગઢનું કમ્પ્યુટરાઈઝેશન થઈ ગયું છે અને આ ઉપરાંત તેર જિલ્લા અને બે મધ્યસ્થ ગ્રંથાલયોનું આ વર્ષે આયોજન કરવામાં આવી રહેલ છે. આ ઉપરાંત આ રાજ્યની અંદર જે ગ્રંથાલયોની અંદર સ્પર્ધા થાય છે અને ગ્રંથપાલોની સ્પર્ધા થાય છે અને એના જે એવોર્ડ આપવામાં આવે છે એમાં પાંચ હજારની જગ્યાએ પચાસ હજાર રૂપિયા અને જે ગ્રંથપાલોને જે પાંચ હજાર આપવામાં આવતા હતા એની જગ્યાએ દશ હજાર રૂપિયા આપીને અને એમને પ્રોત્સાહન કરવા માટેનું આયોજન કરેલ છે અને ડોકટર બાબાસાહેબ આંબેડકરના ઓગણીસ પુસ્તકોનું અમે પ્રકાશન કર્યુ છે અને જે વીસ અંક છે એનું ગુજરાતીમાં ભાષાંતર કરીને હમણાં અમે પ્રકાશિત કરી રહ્યા છીએ અને બાકીના એકવીસથી ત્રીસ વોલ્યુમનું પણ ટૂંક સમયમાં હવે નવા આયોજનમાં એનું પ્રકાશન કરવાના છીએ

રાજ્યની જે કલા, સંસ્કૃતિ, આપણો ઈતિહાસ, આપણી ભવ્ય સંસ્કૃતિનો વારસો રજૂ થાય એના માટે આ વર્ષે ૧૦ લાખ રૂપિયા આ રાજ્યની અંદર જે આપણા વિચારકો, ચિંતકો અને આપણા જે ગ્રંથો છે રામાયણ, મહાભારત, વેદ ભાગવદ્‌ગીતા આ બધો આપણો વારસો રજૂ કરવા માટે આ રાજ્યની અંદર દશ લાખ રૂપિયાની ડાયરાની નવી આઈટેમ આ વર્ષે લાવ્યા છીએ અને રાજ્યના લોકોને ડાયરા દ્વારા આ આપણી કલા, સંસ્કૃતિનો વારસો આપવામાં આવશે. આ ઉપરાંત આ રાજ્યની શિલ્પકલા, ગ્રાફિક, ફોટોગ્રાફિક અને સરફરોશી શ્રેણી વલી ગુજરાતી ગઝલ કેન્દ્ર દ્વારા આ વર્ષે પચીસ લાખ રૂપિયાની નવી આઈટેમ અમારા વિભાગની આપણા બજેટની અંદર રજૂ કરવામાં આવેલ છે. જે આપણા વેદ અને આપણી જે દેવ ભાષા છે સંસ્કૃત એમાં પણ પંડિતોને પ્રોત્સાહિત કરવા માટે દશ હજાર રૂપિયાનો જે એવોર્ડ આપવામાં આવતો એના બદલે પચાસ હજાર રૂપિયા કરવામાં આવેલ છે. આ ઉપરાંત પુરાતત્વક્ષેત્રે, સંગ્રહાલય ક્ષેત્રે અને સર્વગ્રાહી સંગ્રહક્ષેત્રે આ વિભાગ દ્વારા ખૂબ કામગીરી થઈ રહેલ છે આ ગુજરાતની જે ભૂમિ છે સંસ્કૃતિની, રાષ્ટ્રવાદની એ પ્રયોગભૂમિ બની રહેલ છે અને સંસ્કારી, સાહસિક, નિડર અને શોર્યવાન એવા રાષ્ટ્રપ્રેમી નાગરકિો અમારા વિભાગ દ્વારા પ્રોત્સાહિત કરીને બનાવવાના છીએ ત્યારે હું આપણા સન્માનનીય ગૃહના તમામ મિત્રોને કહેવા માગું છું કે,

*ઉન્હે મંઝિલ નહિ મિલતી હૈ જો કિસ્મત કે સહારે હૈ,*
*હૈ ઉનકી જિંદગી ભી મોત જો હિમત કો હારે હે*
*યહાં જો બૈઠે હૈ સબ હિંમતવાલે હૈ, જનરક્ષક હૈ,*
*વિષય કો પહચાનનેવાલે હૈ સાકાર કરનેવાલે હૈ*

તો આજે આ મારા વિભાગની માગણી ક્રમાંક: ૯૮ અન્વયે જે સભ્યશ્રીઓએ કાપ દરખાસ્ત રજૂ કરી છે એ પાછી ખેંચવા અને મારા વિભાગની માગણી સર્વાનુમતે પસાર કરવા વિનંતી કરું છું. આવો આપણે ગુજરાતના સુરાજ્યનો  ઈતિહાસ રચીએ, એકવીસમી સદિના સુરાજ્યની વિરાટ વિકાસ યાત્રામાં આપણા યુવાનોને જોતરીએ અને આપણે રમતગમત, યુવાક્ષેત્રે નવા કીર્તિમાન સર કરીએ અને આપણી સંસ્કૃતિ અને વિરાસતને રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ફલક ઉપર ધબકતી રાખીએ તો આ સન્માનનીય ગૃહના તમામ મિત્રોને વિનંતી છે કે આપસૌ આપની જે કાપ દરખાસ્તો છે એ બધી પાછી ખેંચી લો એવી વિનંતી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૬, ૧૮, ૨૧, ૨૫, ૨૬, ૩૩, ૩૫, ૩૬,૩૭,૩૮, ૩૯, ૪૪, ૪૫, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૨ ,૫૩, ૫૪, ૫૫, ૫૮, ૬૦, ૬૧ અને ૬૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૫૭, ૯૨, ૯૫, ૯૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

# બિન સરકારી વિધેયકો

**વિધેયકો (બિન સરકારી)**
**દાખલ કરવાનાં બિનસરકારી વિધેયકો**

**સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક**
**મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૫**
**મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું મુંબઈ પશુ સંરક્ષણ ( ગુજરાત સુધારા ) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** :  માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૫નું મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૦૫ દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક**
**ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની ) જગાઓ અને સેવાઓમાં ખાલી જગ્યાઓ અનામત રાખવા બાબત વિધેયક,૨૦૦૫**
**રાજય હેઠળની જગાઓ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પૂરતા પ્રતિનિધિત્વ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી સિદ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ( રૂરલ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી સિદ્ધાર્થ મા. પરમાર** :  માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૫નું ગુજરાત ( અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની ) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક ૨૦૦૫ દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :**   વિના વિરોધે વિધેયક દાખલ કરવામાં આવે છે.

# પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો

**સચિવશ્રી:** સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૩ નું ગુજરાત સામાજિક સુરક્ષા વિધેયક.(થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી દોલતભાઈ પરમાર ગેરહાજર

**સચિવશ્રી**: સન ૨૦૦૪ નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૦૪ નું ગુજરાત લધુમતિ કલ્યાણ અને સંરક્ષણ વિધેયક. .(થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાળા ગેરહાજર

**સચિવશ્રી:** સન ૨૦૦૪ નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૦૪ નું ગુજરાત અશ્લીલ જાહેર ખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક. .(થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ડો. ચંદ્રિકાબેન ચુડાસમા ગેરહાજર.

## સન ૨૦૦૪ નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૧
## ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૦૪

જાહેર સાહસોમાંની જગ્યાઓ પર નિમણૂક અંગે સ્ટાફની પસંદગી માટે અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષાંગિક બાબતો માટે કમિશન રચવાની જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે *સન ૨૦૦૪ નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૪ નું ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના જાહેર સાહસો અને આ જાહેર સાહસોની નોકરીઓની જગ્યાઓની નિમણૂક અંગે, એના સ્ટાફની પસંદગી અંગે અને તેને આનુષાંગિક બાબતો અંગે ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન હોવું જોઈએ અને આ કમિશનના માધ્યમથી ગુજરાતનાં તમામ જાહેર સાહસોમાં ભરતીની અને બઢતી અંગેના નિયમોનું નિયમન થવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ તેમ ગુજરાતમાં આવેલાં જાહેર સાહસો નિરંકુશ ના બને અને સરકારના નીતિ નિયમો અને રીતિ પ્રમાણે એનો વહીવટ થાય એ માટે સૌ પ્રથમ એકાઉન્ટન્ટ જનરલ દ્વારા તેના હિસાબોની ચકાસણી કરવામાં આવે છે અને આ ચકાસણી દરમ્યાન જયાં પેરા ઉપસ્થિત થાય છે એ પેરા વિધાનસભાની પી.યુ.સી. કમિટીના માધ્યમથી તપાસવામાં આવે છે. ત્યારબાદ એનો અહેવાલ કરીને વિધાનસભા સમક્ષ મૂકવામાં આવે છે. આટલો બધો અંકુશ હોવા છતાં ગુજરાતનાં બોર્ડ/કોરપોરેશનોમાં નિમણૂક અને ભરતી અને બઢતી અંગે રાજય રસકારનો કોઈ જ અંકુશ નથી. રાજયમાં ૪૪ જેટલી કંપનીઓ એટલે કે જાહેર સાહસો અને ૫ જેટલાં વૈધાનિક નિગમો આવેલાં છે. તા. ૩૧ મી માર્ચ ૧૯૯૩ સુધીમાં જોઈએ તો લગભગ ૩૦ હજાર કરોડ રૂપિયાનું મૂડીરોકાણ રાજય સરકાર દ્વારા આ જાહેર સાહસોમાં કરવામાં આવેલ છે. જેમાંથી ૨૦ જેટલાં જાહેર સાહસો ૩૫૬ કરોડ રૂપિયા જેટલો નફો કરે છે અને બાકીનાં ૧૬ જેટલાં જાહેર સાહસો નુકસાન કરે છે. આ નિગમોની સ્થિતિ તપાસીએ તો આપણી અપેક્ષા પ્રમાણે જે નિગમો નફો કરવાની ક્ષમતા ધરાવે છ, પરંતુ એ અપેક્ષા પ્રમાણે નફો કરતાં નથી અને જે ખોટ કરે છે એ નિવારી શકાય એવી સ્થિતિ છે. આ બધાના મૂળમાં જોઈએ તો આ બોર્ડ/કોરપોરેશનોના મુખ્ય વ્યકિત, આ બોર્ડ/કોરપોરેશનોમાં થયેલ ભરતી અને આ બોર્ડ/કોરપોરેશનોમાં બઢતીના નિયમો માટેની એમાં કોઈ સ્પષ્ટ નીતિ ન હોવાના કારણે આજે આ બોર્ડ/કોરપોરેશનો એ ખોટ તરફ જઈ રહયાં છે. આપણે આપણા વ્યવસાયિક ધંધામાં કે પેઢીમાં પણ ભરતી કરતા હોઈએ તો પૂરેપૂરી રીતે ચકાસણી કરીને કોઈને નોકરીએ રાખીએ છીએ, પરંતુ આ જાહેર સાહસોમાં મુખ્ય વ્યકિતની નીચેના સ્ટાફ સુધી અનેક ફરિયાદો આજ દિવસ સુધીમાં કયારેક ગેરરીતિની કે ભ્રષ્ટાચારની કે સગાં વહાલાંની ભરતી કે કયારેક સક્ષમ લાયકાતવાળાને પૂરતી તક નહીં આપવાની ફરિયાદો ઉભી થયેલ છે. કયારેક કયારેક તો પસંદગીની રીત પણ પધ્ધતિસરની હોતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, જાહેર સાહસ સેવા

* * આ વિધેયક તારીખ ૨૪ મી ફેબ્રુઆરી, ૨૦૦૪ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

કમિશનની જો રચના કરવામાં આવે તો બધી સમસ્યાનું નિરાકરણ થઈ શકે એમ છે. આ જાહેર સાહસ સેવા કમિશનને બોર્ડ-કોરપોરેશન દ્વારા અંદાજિત ખાલી જગ્યાઓ વિષે જાણ કરવામાં આવે, કમિશન તેની પરીક્ષા લે, ઈન્ટરવ્યુ લે અને પ્રોફેશનલ અને સ્કીલ લોકોને પસંદ કરે અને બોર્ડ કોરપોરેશનને આપે તો તે રીતે તેની ભરતી, બઢતી અંગે સલાહ અને અંકૂશ, નિયમન આ જાહેર સાહસ સેવા કમિશન દ્વારા થાય તેવી આ વિધેયકમાં જોગવાઈ છે.

ભારત સરકારના જાહેર સાહસોમાં પબ્લિક એન્ટરપ્રાઈઝ સિલેકશન બોર્ડ છે, આ પબ્લિક એન્ટરપ્રાઈઝ સિલેકશન બોર્ડ દ્વારા તેના મેનેજિંગ ડાયરેકટર, જનરલ મેનેજર કક્ષાના લોકોની ભરતી થાય છે, એમના ઈન્ટરવ્યુ, એકઝામિનેશન અને સર્વિસ રેકોર્ડની ચકાસણી બાદ જે પ્રોફેશનલ કામ કરી શકે તેવા છે, જેમાં સ્કીલ છે તેવા લોકોની નિમણૂક કરવામાં આવે છે, રાજય સરકારની વાત કરીએ તો રાજય સરકારનું એક ગુજરાત ઈન્ફોર્મેટીક લિમિટેડ છે, જેને પોતાનો આઈ.ટી.બેઈઝ ન હોય તેવાના હવાલે જો આપણે જી.આઈ.એલ.ને સોંપીએ તો તેનો વિકાસ ન કરી શકીએ,

રાજય સરકાર દ્વારા બીજું ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કોરપોરેશન છે, જે અગાઉ ખોટ કરતું હતું, ત્યાં આપણે મીસ્ટર લૂક, આઈ.આઈ.ટી. એન્જિનિયરની નિમણૂક કરી તો છેલ્લા ૩ વર્ષમાં આજે આ જી.એસ.એફ.સી. નફા સુધીની પરિસ્થિતિમાં પહોંચી ગયું છે. મારો કહેવાનો આશય એ છે કે પોસ્ટ ગ્રેજયુએટ કરેલ હોય, આઈ.એ.એસ. ની પરીક્ષામાં પાસ થાય તેનો અર્થ એ નથી કે કોઈ પણ સારા કોમર્શીયલ બોર્ડ કોરપોરેશનને સારી રીતે ચલાવી શકે. તેના માટે જેમ રાજય સરકાર દ્વારા ગુજરાપ પબ્લિક સર્વિસ કમિશન દ્વારા નિમણૂક થાય છે તેમ જાહેર સાહસોમાં પણ જાહેર સાહસ સેવા કમિશન દ્વારા ભરતી થાય તે જરૂરી છે, અને તેવી જોગવાઈનો આ વિધેયકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આને કારણે સિસ્ટેમેટીક કોમ્પ્રીહેન્સી પોલીસી થાય એટલા માટે આ જરૂરી છે. ૨૦ હજાર લોકો ભરતીમાં બેઠા હોય અને એમાંથી ૨૦૦ જણાને સિલેકટ કરીએ તો જેની ક્ષમતા છે, તેને એ રીતે તક મળશે, અને કેપેબિલિટી વાળા અને કેલિબરવાળા લોકોને બોર્ડ કોરપોરેશનમાં યોગ્ય નેતૃત્વ મળશે. રાજય સરકારના ઘણાં બોર્ડ કોરપોરેશનો એવાં છે કે એફ.ડી.ના સરકયુલરને પણ ઘોળીને પી જાય, કરકસરના નામે ભરતી નહીં કરવાની હોય તો પણ તેની છટકબારીઓનો ઉપયોગ કરીને કયારેક કોન્ટ્રાકટના માધ્યમથી તો કયારેક સીધી ભરતીની રીતે એફ.ડી.ના પરિપત્રનો ભંગ કરવાના અનેક કિસ્સા ભૂતકાળમાં બન્યા છે, જે આપણા સૌની નજરમાં છે. અત્યારના સંજોગોમાં યુવાનો પાસે ક્ષમતા છે, પરંતુ કયાંક તેની પાસે લાગવગ નથી તેના કારણે જાહેર સાહસોમાં સીધી ભરતીના કારણે તેને પૂરતી તક નથી મળતી, માટે આ જાહેર સાહસ સેવા કમિશન અને તેના માધ્યમથી તેનું અમલીકરણ કરવાથી રાજય સરકારના બોર્ડ કોરપોરેશનની હાલત ઉત્તમ બનશે તેવું મારું માનવું છે, ધન્યવાદ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક ૨૦૦૪ આ ગૃહના સન્માનનીય સભ્ય ભાઈ શ્રી પ્રદિપસિંહ જાડેજા લઈને આવ્યા છે. એમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારનાં જે કોઈ જાહેર સાહસો છે તે જાહેર સાહસો દ્વારા જુદા જુદા વિભાગોની કામગીરી થાય છે. તેમાં ગુજરાત પાણી પુરવઠા બોર્ડ હોય, નાણા નિગમ હોય કે કોઈપણ એકમ જાહેર સાહસોના હોય તે એકમો રાજય સરકારના વિભાગો દ્વારા તેના હાથ નીચે આ જાહેર સાહસો કામગીરી કરે છે. અને તે જાહેર સાહસોમાં જે ભરતી કરવામાં આવે છે તે ભરતી જે આ સાહસોમાં કે એકમોમાં નિમણૂક કરવાની હોય છે તે રાજય સરકાર થકી તેના ચેરમેનની તેના બોર્ડની, અને તે બોર્ડ અથવા તે ચેરમેન તેની ભરતી કરે છે, અને તે ભરતી દ્વારા જેમ ભાઈ શ્રી પ્રદિપસિંહભાઈએ કહ્યું તે પ્રમાણે વ્યાપક ગેરરીતિઓ ભૂતકાળમાં થઈ છે, અને ઘણા બધા કિસ્સા એવા ધ્યાન ઉપર આવેલા છે. એનું અમલીકરણ કરવામાં આવે છે પણ સીધી રાજય સરકારની કોઈ દેખરેખ ન હોવાને કારણે એ ગેરરીતિઓને આપણે અસરકારક રીતે ડામી શકતા નથી.

ધારાસભામાં પણ સન્માનનીય સભ્યશ્રીઓ છે એ સભ્યશ્રીઓ પણ આ જાહેર સાહસ એકમોના કોઈપણ વહીવટી પ્રશ્નો પૂછી શકતા નથી અને તેના કારણે આ જાહેર સાહસ એકમો છે એના વહીવટ ઉપર અથવા એની કામગીરી ઉપર અથવા અન્ય બીજી કોઈ કામગીરી હોય, ભરતી હોય એના ઉપર રાજય સરકારની સીધી કોઈ દેખરેખ અથવા તો પગલાં લેવા માટેની અસરકારક જોગવાઈ નથી ત્યારે આ તમામ બાબતો એ.જી. દ્વારા મુદાઓ ઉપસ્થિત થાય છે ત્યારે ગુજરાત વિધાનસભાના માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ એ જાહેર સાહસો માટેની સમિતિ સમક્ષ આવે છે. એ સમિતિ એની તપાસ કરે છે. એ કર્યા પછી સમિતિને જે લાગે તેવા પ્રકારની ભલામણો અહેવાલ મારફત કરવામાં આવે છે. એ અહેવાલ આ વિધાનસભાના ફ્લોર ઉપર મૂકવામાં આવે છે. જાહેર સાહસો માટેની સમિતિ છે એ જે ભલામણો કરે છે એ ભલામણો રાજય સરકાર સ્વીકારવાપાત્ર હોય એ સ્વીકારે અને સ્વીકાર્યા પછી પણ અનુભવે એમ કહી શકાય કે એનું અમલીકરણ જે થવું જોઈએ એ થઈ શકતું નથી, ત્યારે ગુજરાત જાહેર સેવા કમિશન વિધેયકનો મૂળભૂત હાર્દ છે, આશય છે, માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહ

જાડેજાનો છે એ સ્વીકારવામાં આવે અને એનું અમલીકરણ કરવામાં આવે તો ચોક્કસ રીતે જાહેર સાહસોના એકમો છે એની અંદર ભરતી, એમની વહીવટી પ્રક્રિયા એની સીધી દેખરેખ એના ઉપર અંકુશ આવશે અને એ પ્રમાણે બીજી કોઈપણ ગેરરીતિઓ હશે તો એ ગેરરીતિઓ થતી અટકશે. એટલે માનનીય પ્રદિપસિંહ જાડેજા જે વિધેયક લઈને આવ્યા છે એના હાર્દ સાથે હું સહમત થઈ મારી વાત પૂરી કરું છું.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૦૪નું ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા લઈને આવ્યા છે એને અનુમોદન આપવા અને મારા સૂચનો જણાવવા માટે ઊભો થયો છું.

જે રીતે સરકારશ્રીમાં જ્યારે કોઈપણ વિભાગમાં ભરતી કરવાની હોય તો એના માટે નિયમો નક્કી થયા છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન એની ભરતી કરે અને નિમણૂક આપે અને એમાં એક અંકુશ રહે છે. ખોટી વ્યકિતને સારી જગ્યાએ નિમણૂક ન મળે અને જેનો ખરેખર અધિકાર છે, હોંશિયાર છે એને લાયક જગ્યા ઉપર નોકરી આપવામાં આવે. આપણા આશરે ૫૦ જેટલા જાહેર સાહસો આવેલા છે. આ જાહેર સાહસોની અંદર જે ભરતી કરવાની પ્રક્રિયા છે એમાં કોઈ નીતિ નિયમ નક્કી થયેલા નથી. જાહેર સાહસોનો વહીવટ છે એમાં કોઈ ક્ષતિ હોય અને એની સાથેસાથે ક્યાંક કોઈ જગ્યાએ ભરતી ખોટી રીતે થઈ હોય તો એ એ.જી. ના ધ્યાનમાં આવે. એ.જી. એમના પેરામાં ભૂલ કાઢે ત્યારે એ જાહેર સાહસો માટેની સમિતિ સમક્ષ આવે છે. જાહેર સાહસો માટેની સમિતિ સમક્ષ આવે છે ત્યારે એની પૂરી ચકાસણી કરીને એનો અહેવાલ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવામાં આવે છે. આ આશરે ૫૦ જેટલા જાહેર સાહસો છે એમાં ભરતી કરવામાં આવે એમાં કોઈ વહાલા દવલાની નીતિ હોય, સગા-સબંધીઓને નોકરીએ રાખવામાં આવે એવા કિસ્સા ધ્યાનમાં આવે, સગા-સબંધીઓને એક વર્ષમાં પ્રમોશન આપી દેવામાં આવે. પગાર નિયમ પ્રમાણે વધારવો જોઈએ એના બદલે ડબલ પગાર આપવામાં આવે એ મુદાઓ એ.જી.ના ઓડિટમાં આવે ત્યારપછી એ જાહેર સાહસો માટેની સમિતિ સમક્ષ આવે છે. એ તપાસ્યા પછી એનો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરે ત્યારે જે લોકોએ ખોટી નોકરી આપી હોય એના એમ.ડી. કે બીજા વહીવટકર્તા અને એની સામે પગલાં ભરવાનો વારો આવે અને એના અંગેનો જી.એ.ડી. થ્રુ પ્રોસિઝર થાય. ત્યારે જે લોકોએ ખોટો નિર્ણય કર્યો હોય છે એ લોકો કાં તો નિવૃત્ત થઈ ગયા હોય છે અથવા તો દુનિયામાંથી વિદાય લઈ ચૂક્યા હોય છે. એટલે આવા લોકો સામે એકશન લેવામાં આવતાં નથી. એટલા માટે માનનીય પ્રદિપસિંહજી જે વિધેયક લઈને આવ્યા છે તેનો જો અમલ કરવામાં આવે તો ખરેખર આપણી રોજગાર કચેરીઓમાં ભણેલા-ગણેલા બેકાર યુવાનો છે જેમના નામ નોંધાયેલા છે તેમને પણ સારી રીતે ન્યાય આપવામાં આવે અને નાણા વિભાગના ઘણા પરિપત્રો છે, બોર્ડ નિગમોનો કરકસરયુકત વહીવટ કરવો જોઈએ તેને પણ ઘણા વહીવટકર્તાઓ ઘોળીને પી જતા હોય છે. એટલે મારી આ સભાગૃહને વિનંતી છે કે સને ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૧૧ સન ૨૦૦૪નું ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક લઈને માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી જાડેજા આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને તેને આવકારું છું.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૧૧, સન ૨૦૦૪નું ગુજરાત જાહેર સેવા કમિશન વિધેયક લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને અભિનંદન આપું છું.

ગુજરાત સરકારના જે સાહસો છે અને તેમાં ૩૦ હજાર કરોડ જેટલું મૂડીરોકાણ હોય અને તેમાં સરકારનો અંકુશ નથી હોતો તેના હિસાબે આ જાહેર સાહસોમાં ભ્રષ્ટાચાર અને મનમાન્યું વર્તન કરવાની વાત છે, તેમાં સુધારો લાવવા માટે આ વિધેયક લાવવું ખૂબ જ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આલ્કોક એશડાઉન ભાવનગર ખાતે આવેલું આ ગુજરાત સરકારનું સાહસ કે જે છેલ્લા ૨૭ વર્ષથી નફો કરતું આ સાહસ છે. તેને સરકારે વેચી નાખવાની જાહેરાત આપી દીધી. છેલ્લા ઘણાં વર્ષોથી આ યુનિટ નફો કરી રહ્યું છે. આ એવું યુનિટ છે કે જેમાં જહાજને બાંધવામાં આવે છે. મોટા મોટા શીપ બાંધવામાં આવે છે. આજની તારીખે પણ ત્યાં બે કે ત્રણ જહાજનું બાંધકામ ચાલુ છે. આ જહાજના બાંધકામમાં છેલ્લા ઘણા સમયથી યુનિયનની સાથે એગ્રીમેન્ટ બાબતમાં વિવાદ ચાલે છે. આ એકમ નફો કરતું હોવા છતાં સરકાર વેચવા તરફ કેમ પ્રેરાઈ તે મને સમજાતું નથી. તેમાં છેલ્લા ઘણાં વર્ષોથી કામ કરતા કોન્ટ્રાકટરો કે જે બે કે ત્રણ કંપનીને જ આનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. જે કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે તેમાં મીલીભગત છે. જે એમ.ડી. છે એ માત્ર મહિનામાં બે-ત્રણ વાર આવે છે. તેમની હાજરી ત્યાં હોતી જ નથી. પ્રમોશનની બાબતમાં માનીતા વ્યકિતઓને પ્રમોશન અપાયા છે. અમુકને ૩૫ હજાર જેવો પગાર આપવામાં આવે છે. આવાં ઘણાં બધાં સરકારનાં ખાનગી સાહસો છે. આ નિગમોને બે વર્ષ પહેલાં...

**અધ્યક્ષશ્રી** : જે સાહસની વાત ચર્ચાતી હોય, ત્યાં મૂકાયેલી, હોય તે વાત નહીં કરવી જોઈએ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : આ ઉદ્યોગમાં વિકાસ થાય એવો છે અને સરકારનું ધ્યાન દોરવામાં આવે કે આ વિધેયકને ગંભીરતાથી લઈને ખાનગી સાહસોમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. *(XXXX) આવી બાબતો ખરેખર સમાજના હિતમાં કામ કરવાની વાત હોય ત્યારે આ વિધેયક લઈને સભ્યશ્રી આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું અને આ વિધેયક પસાર કરવા માટે સભાગૃહને વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : જે પ્રશ્ન મંજૂર કરવાની કાર્યવાહી છે એ આખી રીતની વાત પ્રવિણભાઈએ કરી છે. એ વાત અહીં કરી શકાય નહીં એટલા માટે રેકર્ડમાંથી દૂર કરવા માટે હું આદેશ આપું છું.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૪નું ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક લઈને આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા આવ્યા છે એને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના જાહેર સાહસો, બોર્ડ, નિગમોની આજે શું પરિસ્થિતિ છે. એ તાજેતરમાં ઘણા બધા ન્યૂઝ વારંવાર આપણે સાંભળીએ છીએ કે, બોર્ડ, નિગમ અને જાહેર સાહસો નફો કરે છે, નુકસાન કરે છે એવું સમાચારોથી આપણે જાણી શકીએ છીએ. આ મુદ્દાની અંદર કોઈ રાજકીય અવલોકનોથી પર રાજય સરકારના ૩૦ હજાર કરોડ રૂપિયાનું જે જાહેર સાહસોમાં મૂડી રોકાણ થયું છે અને એ પ્રજાના રૂપિયા પાણીની જેમ આ જાહેર સાહસો મારફતે વેડફાતા આપણે જોઈએ છીએ ત્યારે બહુ દુ:ખ થાય.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કર્મચારીઓને એમ્પ્લોયમેન્ટ કરવા માટેનું છે. જાહેર સાહસોમાં કેટલું મૂડી રોકાણ છે? નફો કરે છે? ખોટ કરે છે? કર્મચારીઓને કારણે ખોટ થતી હોય તો ચોક્કસ રીતે કહી શકાય કે, આ બિલનું હાર્દ ગુજરાત રાજય જાહેર સેવા કમિશનની અંદર ભરતી કેવી રીતે કરવાની છે એના માટે છે. નફો કરે છે કે ખોટ કરે છે એના માટે નથી.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ મને પૂરો સાંભળ્યો હોત તો. હું કોઈ રાજકીય અવલોકન કરતો નથી. જાહેર સાહસોના સેવા કમિશનના નિયુકિતના વિચાર લઈને આવ્યો છું. એમાં આજની પરિસ્થિતિનું જે નિર્માણ થયું છે એ સંજોગોના તાત્પર્યમાં બહુ વાજબી છે એવું બતાવવા માટે બેઈઝ બાંધતો હતો. જાહેર સાહસોની અંદર માનનીય પ્રદિપસિંહે કહ્યું કે, માત્ર આઈ.એ.એસ. થવાથી ક્વોલિફિકેશન પ્રાપ્ત થવાથી વેપાર ઉદ્યોગ કેવી રીતે કરી શકાય એનું સર્ટિફિકેટ મળતું નથી. એના માટે ઘણી બધી લાયકાતો જોઈએ. હું એ વાત કરવા માગતો હતો કે, આટલા બધા આપણા જાહેર સાહસો છે એ સાહસો સ્થાપવા માટેનો આપણો આશય શું હતો? એ જાહેર સાહસોની અંદર સરકાર પોતાનું મૂડી રોકાણ કરે જેનાથી જાહેર સાહસો ફૂલે ફાલે, રોજગારીની વધુમાં વધુ તકો પ્રાપ્ત થાય અને એ જાહેર સાહસો થકી રાજયની તિજોરી ઉપર વધુ ભારણ ન થાય. આ મૂળભૂત આપણો આશય હતો. એમાંથી ક્યાંક આપણે વિચલિત થઈ રહ્યા હોય એવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. જાહેર સાહસો, બોર્ડ, નિગમો, એની અંદર આજે કોઈપણ સરકાર હોય, જે રાજકીય મેળાવડાઓ થાય, રાજકીય પ્રસંગો ઉજવાય એનો ખર્ચ આવા બોર્ડ, નિગમોની અંદર જાહેર સાહસોની અંદર પડતો હોય એવું લાગી રહ્યું છે. આવા સંજોગોમાં રાજકીય વિખવાદોથી દૂર, આવા જે જાહેર સાહસો છે એમાં સેવા કમિશન મારફતે યોગ્ય કક્ષાની વ્યકિતની નિયુકિત થાય. એ જાહેર સાહસોની અંદર જે રૂપિયાનો નિરર્થક ખર્ચ થતો હોય એના ઉપર અંકુશ મૂકી શકાય. આવા જાહેર સાહસોની અંદર ભ્રષ્ટાચાર કરવાની વૃત્તિવાળા અધિકારીને નાથી શકાય અને સર્વ પ્રથમ તો આવી બદીઓ છે એ દૂર કરવાના પ્રથમ ચરણ કે સારા લોકોની નિયુકિત કરી શકાય. ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક લઈને આવ્યા છે એની તાતી જરૂરિયાત માની અનુમોદન આપી માનનીય પ્રદિપસિંહને હું અભિનંદન આપું છું.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય જાહેર સાહસ સેવા કમિશન એની ઉપર માનનીય પ્રદિપસિંહજી જે પોતાનું બિલ રજૂ કર્યું જેને માનનીય સભ્યશ્રી પુંજાભાઈ, શ્રી જયદ્રથસિંહજી, શ્રી પ્રવિણભાઈ, અને શ્રી પરેશભાઈએ જે એમને સમર્થન આપ્યું છે. ગુજરાત રાજય જાહેર સાહસ સેવા કમિશન, એની નિમણૂક માટે મોટામાં મોટી બીક બતાવી કે ભ્રષ્ટાચાર અને આ બધું થાય છે.

ગુજરાત રાજયના જેટલા જાહેર સાહસો છે એ ફકત અને ફકત એક જ પદ્ધતિથી કામ કરવાવાળા કે એક જ પ્રકારના એના કર્મચારી હોય એવું નથી હોતું. જે જાહેર સાહસ ગુજરાત રાજય જે કંપનીઓ અને બોર્ડ અને બાકીનું જે બધું નિર્માણ કરે છે એમાં ત્રણ પ્રકાર હોય છે. એક પ્રકાર છે કે જે સરકાર મંજૂર કરે તેવા ઠરાવથી દા.ત. હળપતિ હાઉસિંગ બોર્ડ, ગુજરાત એનર્જી એવી એજન્સી આ બધા જે છે એ સરકાર મંજૂર કરે એવા ઠરાવથી થાય છે. બીજા છે એ કંપની એકટ નીચેના હોય છે. ગુજરાત રાજય ખનિજ વિકાસ નિગમ

* (XXX) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.**

એ કોર્પોરેશન છે એ કંપની એકટ નીચે આવે, ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશનએ કંપની એકટ નીચે આવે. ગુજરાત રાજય ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ એ કંપની એકટ નીચે આવે છે એટલે એ કંપની એકટ નીચે આવે છે, સરકાર મંજૂર કરે એ અને ત્રીજા એવા હોય છે કે જેને વિધાનસભા કે વૈધાનિક રીતે જે મંજૂર થયા હોય, વિધાનસભા જે બોર્ડ અને કોર્પોરેશન રચે છે એવા દા.ત. જી.ઈ.બી, તો એની રચના કરી હોય, વૈધાનિક રીતે રચના થઈ હોય, હાઉસિંગ બોર્ડ છે એની રચના પણ એવી જ રીતે થઈ હોય, મેરી ટાઈમ બોર્ડ છે, માર્ગ વાહન વ્યવહાર બોર્ડ છે, ગુજરાત રાજય નાણાં નિગમ છે કે જેની પણ રચના વૈધાનિક રીતે થઈ, એક જ બોર્ડ કે એક જ નિગમ હોય અને એક જ પ્રકારના કર્મચારીઓ કોમન આવતા હોય તો વાત જુદી છે, જે હળપતિ સાહસની અંદર આવતા હોય એ મેરી ટાઈમ બોર્ડમાં ન આવે, મેરી ટાઈમ બોર્ડની અંદર જે માણસ આવતો હોય એ જી.એ.સી.એલ.ની અંદર ન આવતો હોય કે જી.એન.એફ.સી.ની અંદર ન આવતો હોય. એની કામ કરવાની પદ્ધતિ, એનો પ્રકાર અને બધું જુદું હોય છે.

ગુજરાત રાજયની અંદર જેટલા બોર્ડ અને નિગમો આપણા જાહેર સાહસો છે એ તમામ માટે થઈને ભરતીના નિયમો નક્કી થયેલા છે કે એક એક પોસ્ટ માટે એનું ક્વોલિફિકેશન શું હોવું જોઈએ અને લાયકાત હોવી જોઈએ એમાં કોઈ સીધી ભરતી નથી થતી. એ જે ભરતી થાય છે એની અંદર એના ઈન્ટરવ્યુ લઈને કરે છે. એના બોર્ડની અંદર. એના બોર્ડના એમ.ડી. હોય, બોર્ડના સભ્યો હોય કે બોર્ડના જે કાંઈ સ્ટેટસ ધરાવતા લોકો હોય આ બધા લોકો એની નિમણૂક અને એ બધું કરતા હોય છે અને એના કારણે, કોઈ કર્મચારીને કારણે બોર્ડ કે કોર્પોરેશન નફો કરે છે કે ખોટ કરે છે એવું નથી. આ બોર્ડ અને કોર્પોરેશનની રચના રાજય સરકારે જે તે વખતે એની જરૂરિયાત હતી એ મુજબ એમણે કરી. ધારો કે આપણા અમૂક બોર્ડ અને કોર્પોરેશન છે એ સેવાલક્ષી છે. જી.ઈ.બી. બોર્ડ છે તો ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ જે વખતે રાજયની અંદર કોઈ એવી કંપની નહોતી કે પોતે ઈલેકટ્રીસીટી પેદા કરી અને લોકોને આપે. લોકોને આપે તો એ પ્રોફિટ મોટીવ થઈને જ આપવા માટેની વાત થાય ,ત્યારે એવું નહોતું એસ.ટી. કોર્પોરેશન કર્યું . ત્યારે એસ.ટી.ની સેવા કરવા માટે થઈને સમાજમાં જયારે કોઈ લોકો નહોતા ત્યારે એના માટે થઈને આ આવ્યું. મેરી ટાઈમ બોર્ડ એટલે બંદરોના વિકાસ માટેની વાત હતી ત્યારે કોઈ પ્રાઈવેટ સેકટરના લોકો ત્યારે નહોતા આવતા ત્યારે જે તે વખતે રાજય સરકારે જે કામ પબ્લિકમાંથી લોકો ન કરી શકે એવું કામ રાજય સરકારે હિંમતથી લઈ જેની પાછળ પોતાનું મૂડીરોકાણ કરી અને આ રીતે કામ કર્યું હતું. આજે નાણાપંચના અહેવાલ પ્રમાણે પણ ઘણા બોર્ડની આપણે રચના કરી હતી. એ બોર્ડની જરૂર જ નહોતી. આજે ગુજરાત ડેરી ડેવલપમેન્ટ બોર્ડ કે કોર્પોરેશન હતું એ આજે ૫-૫ વર્ષથી ૧૫૦૦-૧૬૦૦ કર્મચારીઓ એમાં પગાર લેતા હતા અને એક લિટર પણ દૂધ નહોતા વેચતા એ સરકારી જ હતું, આજે કરોડો રૂપિયાની ખોટ એની અંદર આવતી હતી એ આજે બંધ કરવું પડયું એટલે આજે ગુજરાત રાજયે આવા બોર્ડ અને નિગમો જે ખોટ કરતા હતા એને નાણાપંચે પણ કહ્યું કે આને તમે બંધ કરી દો. જે ખોટ કરતા બોર્ડ અને નિગમને બંધ કરવાની વાત કરી જે થોડીક ખોટ કરતા હતા, જે વીક હતા એવાં વીક બોર્ડ અને નિગમો છે એ બીજાની સાથે મર્જર કરવાની વાત કરી અને જ્યારે કેન્દ્ર સરકાર પણ આવા બોર્ડ અને નિગમોમાંથી ડીસઈન્વેસ્ટમેન્ટ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી હું આપને દાખલો આપીને કહી શકું કે આઈ.પી.સી.એલ. જે બરોડામાં સારામાં સારી કંપની અને કારખાનું અને profitability સારી હતી છતાં પણ કેન્દ્ર સરકારે એ disinvestment કરી અને પ્રાઈવેટ કંપનીને સોંપી દીધું. રાજય સરકારનું કામ લોકોને જે સુવિધાઓ પ્રાપ્ત થતી નથી એ સુવિધાઓ આ બોર્ડ અને કોરપોરેશનો મારફતે આપવી જોઈએ એવી એની વાત છે. પરંતુ બધું આપણે ચલાવવાની વાત નથી. આજે ઈલેકટ્રિસિટીનું નિર્માણ કરવું હોય તો પ્રાઈવેટ લોકો આવે છે, પોર્ટ માટે આવે છે, કેમિકલ પ્રોડક્ટ માટે પ્રાઈવેટ લોકો આવે છે અને આ લોકો આવતા હોય ત્યારે બોર્ડ અને નિગમો ધીમે ધીમે ઓછા જતા જાય છે ત્યારે મને નથી લાગતું કે આવા પ્રકારના બોર્ડ અને કોરપોરેશનો માટે થઈને આપણે ગુજરાત રાજય જાહેર સાહસ સેવા કમિશનની જરૂરિયાત હોઈ શકે. બધાની અંદર આપણે કહીએ, સરકાર આટલી ચોખવટથી જયારે ભરતી કરતી હોય ત્યારે ભરતીમાં ભ્રષ્ટાચારની વાત આવતી હોય તો એક-બે ટકા તમે ગમે તે ક્ષેત્રમાં જશો તો થાય. જમવા બેસતા હોય તો પાંચ રોટલીમાંથી એકાદ રોટલીમાં કાંકરી આવે એનો અર્થ એ નથી કે પાંચેય રોટલીમાં કાંકરી આવે છે એટલે રોટલી નકામી છે. આજે જયારે માનનીય પ્રદિપસિંહજી બિલ લઈને આવ્યા છે ત્યારે રાજય સરકારનું હાર્દ છે કે કોઈપણ જગ્યા હોય એમાં ભ્રષ્ટાચારની વાત નથી. બોર્ડ અને નિગમ કે જેમાં વૈધાનિક રીતે થયેલું હોય અને વિધાનસભા અને બીજી રીતે એના ભરતી નિયમો નક્કી કર્યા છે, કંપની એકટ નીચે પણ એના નિયમો અને એ રીતે ચાલે છે. બોર્ડ અને નિગમો જાહેરાત આપીને ભરતી કરે છે. ડાયરેકટ ભરતી કરવાના દિવસો ભૂતકાળમાં હશે, એ ગયા છે. તો આટલી સ્પષ્ટ નિયત જોગવાઈ બોર્ડ અને કોરપોરેશનો માટે હોય ત્યારે મને નથી લાગતું કે આ ગુજરાત રાજય જાહેર સાહસ સેવા કમિશનની જરૂર હોય. એના માટે ફરીથી કહું છું કે જયારે કેન્દ્ર સરકાર પણ આ બોર્ડ અને નિગમોમાંથી ધીમે ધીમે disinvestment તરફ જતી જાય છે અને આપણે જોઈ શકીએ છીએ કે ખોટ ખાતા આપણા નિગમના કારણે આપણે જે ગેરન્ટી આપીએ

છીએ અને એ પૈસા ન આપતા હોય એના કારણે ગુજરાત રાજયની financial ranking છે, Rankingનું પ્રમાણ પણ નીચું જતું જાય છે. આવી ગુજરાત રાજયની financial ranking સદ્ધર હોવા છતાં ગેરન્ટી આપીએ છીએ અને પૈસા આપતા નથી એના કારણે ranking ઓછી થાય છે. એ બોર્ડ અને નિગમના કારણે થાય છે. આવા બોર્ડ અને નિગમને બંધ કરવાની વાત હોય disinvestment કરવાની વાત હોય, Service sector વાળા નિગમો ચાલે છે એમાં કોઈ ભ્રષ્ટાચારની કોઈ શક્યતા નહીં હોય. તો માનનીય પ્રદિપસિંહજીને વિનંતી કરું છું કે, બહુ ચોક્કસાઈથી તમામ બાબતમાં આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે આવું નવું કમિશન કરવાની જરૂર નથી એ ધ્યાનમાં રાખીને માનનીય સભ્યશ્રી પોતાનું આ બિલ પાછું ખેંચે એવી હું એમને વિનંતી કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જાહેર સાહસ સેવા કમિશનના આ બિન સરકારી વિધેયકમાં આ સન્માનનીય ગૃહના માનનીય સભ્યશ્રી પુંજાભાઈ વંશ, માનનીય સભ્યશ્રી પ્રવિણભાઈ મારુ, માનનીય સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી, માનનીય સભ્યશ્રી જયદ્રથસિંહ પરમારની સાથે માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રાજય સરકારની બોર્ડ, કોરપોરેશનની ઉપર સતત તકેદારી અને ચિંતા વ્યકત કરી છે કે આ બોર્ડ, કોરપોરેશનની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે રાજય સરકાર સતત નજર રાખી રહી છે. એવા સંજોગોમાં હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સને ૨૦૦૪નું વિધેયક ક્રમાંક: ૧૧ પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૦૪નું વિધેયક ક્રમાંક: ૧૧ પાછું ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૮-૦૫ વાગ્યે પૂંરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૧૧મી માર્ચ,૨૦૦૫ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

## ગુજરાત વિધાનસભા
## શુક્રવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૦૫
## ફાલ્ગુન ૨૦, ૧૯૨૬ શાકે

**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### નાયબ પશુપાલન નિયામકોની ખાલી જગ્યા

***૧૨૧૭૭ શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં પશુપાલન વિભાગમાં નાયબ પશુપાલન નિયામકોની ૭૦માંથી ૫૦ જગ્યાઓ ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ ખાલી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ જગ્યાઓ સરકાર કેવા પ્રકારે અને કયારે ભરવા માગે છે?

**પશુપાલન મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) આ જગ્યાઓ બઢતીથી તેમજ સીધી ભરતીથી, જેમ બને તેમ જલ્દીથી.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, સવાલના જવાબથી મને જરાય સંતોષ નથી. આ કામ કરતી સરકારમાં ૮૦ ટકા જગ્યાઓ કેટલા સમયથી ખાલી હતી? એટલે કે કઈ તારીખથી કઈ તારીખ સુધી ખાલી રહી? ખાલી રહેવાના કારણો આપ્યા છે. હાલ ૭૦માંથી ૫૦ ખાલી છે એટલે ૮૦ ટકા જગ્યાઓ ખાલી છે એ બઢતી અને સીધી ભરતીથી ભરવાની છે ત્યારે હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ સીધી ભરતી કેટલા સમયમાં કરવા માગો છો? સીધી ભરતી છેલ્લે કયારે થઈ હતી? અને બઢતીની ફાઈલ કેટલા સમયથી કયા કયા સ્ટેજે અટકી, અને હવે શું કરવા માગો છો?

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, સીધી ભરતીની માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ નવેમ્બર ૨૦૦૨માં સીધી ભરતી કરવામાં આવી હતી અને પછી ખાલી જગ્યાઓ બઢતીથી પુરવા માટે ૨૦૦૩-૪થી પ્રક્રિયા ચાલુ છે. કેટલીક વહીવટી બાબતોને કારણે થોડું ડિલે થયું છે. પરંતુ માનનીય સભ્યશ્રી અને આ સન્માનીય ગૃહને જણાવતાં આનંદ થાય છે કે આ જે પ્રક્રિયા ચાલુ હતી એના ભાગરૂપે તા.૧૦-૩-૨૦૦૫ના રોજ ૩૫ જગ્યાઓ ભરવાનો નિર્ણય લીધો છે. ગઈ તા. ૧૦મીએ ૩૫ જગ્યાઓ ભરી દેવાના હુકમ પણ કરી દેવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી પણ વાત કરું તો આ જે ૩૫ જગ્યાઓ ભરાય એમાંથી સીધી ભરતી માટે બીજી પણ ત્રણ જગ્યા માટેની નાણા વિભાગની મંજૂરી મળી ગઈ છે અને આ ત્રણ જગ્યાઓ ભરવા માટેની જાહેરાત પણ ટૂંક સમયમાં આવશે. આ તમામની સાથે સાથે બેકલોગની ૪ જગ્યાઓ હતી એની પણ જી.પી.એસ.સી. મારફત જાહેરાત આપવામાં આવી છે. એટલે બીજી પણ ૭ જગ્યાઓ ભરાશે એટલે હાલની પરિસ્થિતિ મુજબ જે જગ્યાઓ ખાલી હતી એમાં માત્ર ૧૫ જગ્યાઓ બાકી રહેશે. એટલે આ બીજી ૭ જગ્યાઓ ટૂંક સમયમાં ભરાશે

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધયક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, રાજયમાં કેટલી જગ્યાઓ કેટલા વર્ષોથી ખાલી હતી અને પશુપાલન માટેની આ જગ્યાઓ છે એ આજ દિન સુધી કયા કારણસર ભરવામાં આવી નથી?

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર**: માનનીય અધ્યક્ષશ્રી, જગ્યાઓ ઘણી બધી છે એ આખું લિસ્ટ વાંચી જવા તૈયાર છું. પરંતુ જે જગ્યાઓ ખાલી હતી એ વહીવટી પ્રક્રિયાના કારણે અને જી.પી.એસ.સી.ના ચેરમેનશ્રી ગેરહાજર રહેવાના કારણે વિલંબ થયો છે. એટલે વહીવટી પ્રક્રિયાના કારણે મોડું થયું છે બાકી સરકારને આ જગ્યાઓ ભરવામાં કોઈ મુશ્કેલી નથી.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, જે બઢતીથી ૩૫ જગ્યાઓ ભરવાની વાત કરી છે એ મદદનીશ પશુપાલન નિયામકમાંથી બઢતી આપીને ભરવામાં આવશે તો મદદનીશ પશુપાલન નિયામકની જે જગ્યાઓ ખાલી પડશે એ જગ્યાઓ ભરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ નાયબ પશુપાલન નિયામકની જગ્યા ભરવા માટેનો પ્રશ્ન હતો એ માટે બઢતીની પ્રક્રિયા ચાલે છે એ રીતે સરકારમાં જગ્યાઓ ભરવા માટેની સતત પ્રક્રિયા ચાલુ હોય છે એટલે નિયમ પ્રમાણે એ જગ્યાઓ પણ ભરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમ કહ્યું કે સીધી ભરતી કરવાની કાર્યવાહી વહીવટી કારણોસર વિલંબમાં પડી હતી. ત્યારે હું એ જાણવા માગું છું કે એ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહીની શરૂઆત કયારે થઈ, અને છેલ્લે સીધી ભરતી કરવા માટેની કાર્યવાહી અટકવાના કારણો શું હતાં?

**શ્રી દિલીપકુમાર વી. ઠાકોર** : મેં અગાઉ પણ જણાવ્યું તેમ અગાઉ વહીવટી પ્રક્રિયાને કારણે વિલંબ થયેલ છે, જી.પી.એસ.સી.ના ચેરમેન થોડો સમય બિમાર હતા, તેઓ હાજર રહી શકતા નહોતા તેના કારણે આ વિલંબ થયેલ છે અને ૨૦૦૩થી આપણે આ ભરતી કરવા માટે આગળ વધ્યા હતા અને છેલ્લે જી.પી.એસ.સી. ની ૨૭-૧૦-૦૪ ના રોજ મળેલ ડી.પી.સી.ની જોઈન્ટ બેઠકમાં મંજૂરી મળી છે, એ પ્રમાણે રાજ્યની અંદર ગુજરાત રાજ્યની સ્થાપના પછી આ પશુપાલન વિભાગની અંદર ઐતિહાસિક રીતે પ્રમોશન આપીને જગ્યા ભરી છે, પહેલીવાર ૩૫ લોકોને પ્રમોશન આપીને જગ્યા ભરી છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, સિત્તેરમાંથી પચાસ જગ્યા ખાલી હતી અને આ બાબતે મંત્રીશ્રીએ ઐતિહાસિક નિર્ણય લીધો છે ૨૦૦૩થી ૨૦૦૫ સુધીમાં કઈ વહીવટી પ્રક્રિયા ચાલી અને વહીવટી પ્રક્રિયાના હિસાબે આ ભરતી અટકાવવામાં આવી હતી અને હવે સીધી ભરતી કેટલા સમયમાં કરવા માગો છો?

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર** : મેં અગાઉ પણ જવાબ આપી દીધો છે જી.પી.એસ.સી.ના ચેરમેનશ્રીની તબિયત ખરાબ હોવાથી તેઓ હાજર રહી શકતા નહોતા એને કારણે મોડું થયું છે અને જેમને બઢતી આપવાની હતી, જેમને પ્રમોશન આપવાના હતા એની ફાઈલ આવી અને એના વેરીફીકેશનમાં સમય લીધો છે બાકી બીજો કોઈ સવાલ રહેલો નથી અને ઝડપથી જગ્યાઓ ભરવામાં આવી છે.

## ભાવનગરમાં આંબેડકર ભવનનું બાંધકામ

***૧૧૪૫૯ શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ભાવનગર શહેરમાં ડો. બાબાસાહેબ આંબેડકર ભવન બનાવવા માટે કેટલી રકમ ક્યારે ફાળવવામાં આવી અને,

(૨) આ બાંધકામની કાર્યવાહી તારીખ ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ કયા તબક્કે છે અને કેટલા સમયમાં પૂર્ણ થશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) શૂન્ય

(૨) બાંધકામ શરૂ કરેલ નથી.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકારે જિલ્લાવાર ડોકટર બાબાસાહેબ આંબેડકર ભવન બનાવવાની જાહેરાત કરી છે તો એ અનુસાર ભાવનગરમાં આ ભવન બનાવવાનું આયોજન ક્યારે છે? પહેલો પ્રશ્ન અને બીજો પ્રશ્ન ભાવનગર જિલ્લામાં જે ભવન બાંધવાનું છે એની જમીનનો જે પ્રશ્ન છે એ હલ થયો છે કે કેમ અને બાંધકામમાં કુલ કેટલો ખર્ચ કરવાનું આયોજન છે અને બાંધકામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી રમણલાલ વોરા** : ભાવનગર ખાતે આંબેડકર ભવન બાંધવામાં વિલંબ થયો છે. ૧૯૯૨માં નિર્ણય કર્યો, ત્યારપછી તેમની સરકારની બીનઆવડતને કારણે ભાવનગરનું આંબેડકર ભવન બાંધી શકાયું નહિ અત્યારે આ અંગેની જમીનનો કોઈ વિવાદ રહેલ નથી. ૧૩૫૦ ચોરસમીટર જમીન આંબેડકર ભવન માટે ફાળવી છે, પહેલા આ ભવન બાંધવા માટે રાજ્ય સરકાર પચીસ લાખ રૂપિયાનો ખર્ચ કરવાની હતી, હવે ૨૦૦૫-૦૬ના વર્ષથી નવા વર્ષમાં પાંત્રીસ લાખ રૂપિયાનો ખર્ચ આંબેડકર ભવન બાંધવા પાછળ કરવામાં આવનાર છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ભાવનગર શહેરની અંદર આંબેડકર ભવન માટે જમીન ક્યારે ફાળવવામાં આવી અને તેમાં તમામ દલિતો આવીને શહેરના મધ્યમાં હોય તો એનો લાભ લઈ શકે એવી રીતે આ સ્થળ મંજૂર કરવામાં આવ્યું છે કે કેમ અને એનો વિચાર કરવામાં આવ્યો છે કે કેમ અને પાંત્રીસ લાખ રૂપિયાના ખર્ચનો લાભ આ ભાવનગરના આંબેડકર ભવનને મળવાનો છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : કલેકટરશ્રી, ભાવનગર તરફથી સૌથી પહેલાં તારીખ ૧૪-૩-૨૦૦૩માં ૭૦૯ સમચોરસમીટર જમીન ફાળવવામાં આવી અને ત્યારપછી આ ભવન માટે જમીન વધારે મળે તેવો આગ્રહ હતો એને કારણે છેલ્લે તારીખ ૯-૩-૦૫ ના દિવસે ૧૩૫૦ ચોરસમીટર જમીન ફાળવવામાં આવી છે. આ વર્ષની અંદર આઠ ભવનો બાંધવાના છે એમાં ભાવનગરનો સમાવેશ થઈ જાય છે અને આ ભવનની પાછળ પાંત્રીસ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ આંબેડકર ભવન જિલ્લા કક્ષાએ બાંધવાની યોજનાની શરૂઆત ક્યારથી થઈ અને ત્યાર પછી તબક્કાવાર રાજ્ય સરકારે કેટલા આંબેડકર ભવન પૂરાં કર્યા અને સંપૂર્ણ જિલ્લાઓને આ યોજના હેઠળ ક્યારે આવરી લેવામાં આવશે?

**અધ્યક્ષશ્રી** : એકલા ભાવનગરની વાત આવે, ભાવનગરનું હોય તો પૂછો, બીજું કશું આમાં નહિ આવે. મંત્રીશ્રી જવાબ આપવાની જરૂર નથી.

### ખાંડ સહકારી ક્ષેત્રે એનસીડીસી યોજના હેઠળ મદદ

***૧૨૫૯૦ શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ખાંડ સહકારી ક્ષેત્રે ભારત સરકારની એનસીડીસી યોજના હેઠળ કેટલી મદદ મળેલ છે, અને

(૨) આ મદદ સતત મળતી રહે તે માટે રાજય સરકાર દ્વારા શું પ્રયત્ન કરવામાં આવેલ છે?

**સહકાર મંત્રીશ્રી**

(૧) રૂપિયા ૧૦૨.૬૫ લાખ

(૨) ગુણદોષને આધારે એનસીડીસીને ભલામણ કરવામાં આવે છે.

**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એનસીડીસીની યોજના અંતર્ગત ખાંડ સહકારી મંડળીઓને કેવી રીતે લોન આપવામાં આવે છે, કયા કયા હેતુ માટે લોન આપવામાં આવે છે અને તેના વ્યાજનો દર શું હોય છે. તેના કારણે ખાંડ ઉદ્યોગ અને ખેડૂતોને શું ફાયદો થાય છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : રાજયની ખાંડ સહકારી મંડળીઓને ભારત સરકારની એનસીડીસી યોજના અંતર્ગત એનસીડીસી દ્વારા જુદા જુદા હેતુઓ માટે લોન આપવાની વ્યવસ્થા છે. એનસીડીસીના તા.૨૦-૧૧-૦૨ના પરિપત્રના અનુસંધાને ટર્મ લોન આપવામાં આવે છે modernisation-cum-expansion માટે, upgradation માટે by-products ઉત્પાદન જેવા કે alcohol, ethanol માટે margin money જરૂરિયાત માટે આપવામાં આવે છે. working capital માટે આપવામાં આવે છે. computerisation ના હેતુ માટે આપવામાં આવે છે. godown માટે આપવામાં આવે છે. નવી સુગર ફેકટરી ઉભી કરવાના હેતુ માટે પણ આપવામાં આવે છે. તેના લાભની વાત છે તેને કારણે ખેડૂતોને વાવણી પહેલાંના ધિરાણ, બિયારણ, ખાતર અને માર્ગદર્શન પૂરું પાડવા માટેનું આયોજન છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એનસીડીસી યોજના નીચે ગુજરાતની કેટલી સહકારી મીલોએ લાભ લીધો અને તેના વ્યાજના દર શું હોય છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ખાંડ મંડળીઓને રાજય સરકારે ૧૦૫.૩૦ કરોડના શેરફાળા સાથે ૩૬૮.૯૬ કરોડની સંસ્થાકીય લોન ગૅરન્ટી આપવામાં આવી જે મહદ્અંશે એનસીડીસી દ્વારા આપવામાં આવી અને તેનો વ્યાજનો દર ૯ ટકા થી માંડીને ૧૧ ટકાનો હોય છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : કેટલી મિલોએ લાભ લીધો અને કઈ કઈ મીલોએ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ૧૭ મિલોએ લાભ લીધો છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, આ National Co-operative Development Corporation દિલ્હી દ્વારા જે લોન આપવામાં આવે છે. અહીંયાથી ગુજરાત સરકારમાં આપણે અરજી કરીએ ત્યારે અહીંયાથી ઘણો વિલંબ થાય છે અને બીજા રાજયોની સરખામણીમાં એનસીડીસીના પૈસા જે ગુજરાતમાં આવે છે તે ખૂબ જ ઓછાં આવે છે. તો આ ગુજરાત સરકાર આમાં કંઈ સરળતા લાવવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુણદોષના આધારે તેની સક્ષમતા જોઈને રાજય સરકાર તેની ગૅરન્ટી આપે છે. હવે ગુણવત્તામાં ના આવતા હોય અને સક્ષમ ના હોય તો તેની ભલામણ કરવામાં આવતી નથી.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : એનસીડીસીની યોજના હેઠળ મદદ એટલે સબસિડી મળી છે પણ મિલો, ખાંડ મિલો સૌરાષ્ટ્રમાં માંદી છે એટલે ઓછા વરસાદને હિસાબે શેરડીનો પાક ઓછો થયો છે અને નુકસાનમાં છે તેની એનસીડીસીની રાજય સરકાર ગૅરન્ટી આપી અને એનસીડીસીની વગર વ્યાજે લોન આપવા માગે છે કે કેમ? અને કેટલી ખાંડ ફેકટરીએ રાજય સરકાર પાસે આ જામિનગીરી માટેની અરજી કરી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : અત્યાર સુધીમાં ૩ સૌરાષ્ટ્રની અને કુલ રાજય સરકારમાંથી દરખાસ્ત છે દમણગંગા, તલાલા અને ઉના અને મંજૂરી અર્થે મોકલવામાં આવી છે અને સક્ષમતા ના જ હોય તો ગુણદોષના આધારે નિર્ણય લેવામાં આવે છે એટલે જો તે સક્ષમ ના હોય તો રાજય સરકારનું નાણાં ખાતું તેની ભલામણ કરતી નથી. જામીનગીરી તો જ આપે જો તે સક્ષમ હોય.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : સક્ષમતા છે કે કેમ? આ પ્રશ્ન જૂનો છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આની દરખાસ્ત મંજૂરી અર્થે એન.સી.ડી.સી.માં છે.

**શ્રી સી. ડી. પટેલ** : જે ખાંડ મિલો માંદી પડી છે એની પુનઃસ્થાપના માટે સરકાર ખાસ કોઈ યોજના ખેડૂતોના હિતમાં વિચારે છે કે કેમ? અને એમ હોય તો એમાં શું લાભ આપવા માગે છે?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નનું ક્ષેત્ર વિશાળ નહીં બનાવો. આ એન.સી.ડી.સી. પૂરતો પ્રશ્ન છે.

**શ્રી સી. ડી. પટેલ** : આ મદદના હેતુથી છે અને સરકારે એમાં યોજના વિચારી હોય..

**અધ્યક્ષશ્રી** : જે યોજનાની વાત ચાલતી હોય, એ યોજનાની વાત થાય.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું છે કે જે માંદા એકમો છે, એને રાહત આપવા માટે એન.સી.ડી.સી.ને ભલામણ કરવામાં આવી છે, અને એમાં ઉનાનો ઉલ્લેખ કર્યો છે, તો હું એ જાણવા માગું છું કે ઉના સુગર ફેકટરી માટે રાહત આપવા અને સહાય મેળવવા માટે એન.સી.ડી.સી.ને રાજય સરકારે કેટલી રકમની ભલામણ કરી અને કયારે ભલામણ કરી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ૧૮-૧૦-૨૦૦૪ ના રોજ વર્કીંગ કેપીટલ માટે ૧૫ કરોડ માટે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : આ એન.સી.ડી.સી. એ જે નાણાં મંજૂર કર્યા એમાં સંસ્થાઓ કેટલી છે અને કેટલી ચૂકવણી બાકી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ચૂકવણી કોઈ બાકી નથી.

### અમરેલી જિલ્લામાં મગફળી કપાસનું ઓછું ઉત્પાદન

***૧૦૭૯૬ શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે ૨૦૦૪-૦૫ માં મગફળી કપાસનો પાક નિષ્ફળ ગયેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે?

(૨) જો હા, તો તેનો પાક વીમો કયારે ચૂકવાશે, અને

(૩) જિલ્લાના કયા કયા તાલુકામાં સરેરાશ ઉત્પાદન કરતા કેટલું ઓછું ઉત્પાદન થયેલ છે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષ ૨૦૦૪-૦૫ માં મગફળી કપાસનો પાક અમુક વિસ્તારમાં વાવણી બાદ વરસાદની ખેંચ પડવાથી અસર થયેલ હતો, તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) ભારતીય કૃષિ વીમા કંપની દાવાઓની ગણતરીની કામગીરી પૂર્ણ કરશે ત્યારે નિયમાનુસાર જે તાલુકાને દાવાની રકમ મળવાપાત્ર હશે તેઓને મળવાપાત્ર વીમો ચૂકવાશે.

(૩) ખરીફ-૨૦૦૪ ઋતુમાં તાલુકાવાર ઉપજ અંદાજવાની અને તેને આનુષંગિક ગણતરીની પ્રક્રિયા ભારતીય કૃષિ વીમા કંપની કક્ષાએ ચાલે છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબના પહેલા પેરામાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે મગફળી અને કપાસનો પાક અમરેલી જિલ્લાની અંદર અમુક વિસ્તારમાં વાવણી બાદ વરસાદ ખેંચાવાથી પાકને અસર થયેલ છે. પેરા ૩ માં એવું જણાવ્યું છે કે ખરીફ ૨૦૦૪ ઋતુમાં તાલુકાવાર ઉપજ અંદાજવાની અને તેને આનુષંગિક ગણતરીની પ્રક્રિયા ભારતીય કૃષિ વીમા કંપનીની કક્ષાએ ચાલી રહી છે, પરંતુ આપના દ્વારા મંત્રીશ્રીને એ વાત જણાવવા માગું છું કે અમરેલી જિલ્લામાં અનુકૂળ વાતાવરણ ન હોવાને કારણે મગફળીનો પાક વીઘે ૩ થી ૪ મણ માંડ ઉતર્યો છે. એવા સંજોગોમાં રાજય સરકારમાં સચિવ કક્ષાએ અને મંત્રીશ્રી કક્ષાએ લેખિત રજૂઆત આપેલ છે. ધ્યાન ઉપર એવું આવ્યું છે કે તાલુકાવાર ક્રોપ કટીંગની પ્રક્રિયા થાય, એના અનુસંધાને વીમાની ગણતરી કરીએ છીએ. સમગ્ર જિલ્લામાં એકમાત્ર અમરેલી તાલુકાને જે વીમાનો લાભ મળવો જોઈએ તેનાથી બહાર રાખવા માટે અધિકારીઓ દ્વારા ગેરરીતિ થવાની મને સંભાવના દેખાય છે, તો હું પૂછવા માગું છું કે અમરેલી જિલ્લાની ફરતી સરહદમાં નબળું વર્ષ હોય અને અમરેલી કોંગ્રેસનો તાલુકો હોય અને ત્યાં સારું વર્ષ થયું હોય એવું બતાવે નહીં. ત્યાં પણ ખેડૂતો હોય, એના ઉપર દયા ભાવના રાખીને ફેરચકાસણી કરાવીને બધાને વીમાનો લાભ મળે એવું કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : રાજય સરકારના નિર્ણયમાં ભાજપ કોંગ્રેસ કયાંય આવતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, વરસાદની ખેંચના કારણે જરૂરિયાત હોય ત્યારે વરસાદ આવે નહીં, જરૂરિયાત ન હોય ત્યારે વરસાદ આવ્યો હોય. ત્યારે ઉત્પાદન ઉપર ચોકકસ અસર થાય છે. એના આંકડા તાલુકા પ્રમાણે યુનિટ કોસ્ટ કાઢીએ છીએ. ૧૬ અખતરા કરીએ છીએ. છેલ્લા ૫ વર્ષની સરેરાશ ઉપજ અને એના ૬૦ % અથવા તો તેથી નીચે ઉત્પાદનના આંકડા આવે તો એ બધા જ આંકડા રાષ્ટ્રીય કૃષિ વીમા કંપનીને મોકલી આપીએ છીએ અને એ રીતે મોકલી આપવામાં આવ્યા છે. એની ગણતરી ચાલે છે અને એ ગણતરીમાં જે લાભાર્થીઓ હશે, પ્રીમીયમ ભર્યું હશે અને ઉત્પાદન સરેરાશ ૫ વર્ષના ૬૦ % કરતા ઓછું આવ્યું હશે, તો એ મળવાપાત્ર થશે.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આ વીમા યોજના નીચે આ રકમ મળવાપાત્ર હોય છે એમાં ઘણો જ વિલંબ થાય છે. રાષ્ટ્રીય પાક વીમા યોજનાની જોગવાઈ છે એ કેન્દ્ર સરકાર સાથે રાજય સરકાર કોઈ મસલત કરીને સમયમર્યાદામાં મળવાપાત્ર આ રકમ એક વર્ષની સમયમર્યાદામાં મળે એવી કોઈ જોગવાઈ કેન્દ્ર સરકાર સાથે ચર્ચા વિચારણા કરીને કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળના વર્ષોમાં ૧૯૮૫ ના વીમા ૧૫ વર્ષે મળ્યા હતા. ૨૦૦૨નો વીમો માનનીય બેચરભાઈ પણ જાણે છે કે રાજય સરકારના સંયુકત પ્રયત્નોને કારણે ઝડપથી ફોલો અપ કરીને, ખૂટતી માહિતી આપીને એનો નિર્ણય કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીનું સૂચન ખૂબ સારું છે, હજુપણ એમાં કોઈ ખામી કે કમી હશે તો મારા વિભાગ દ્વારા આ આંકડા મોકલવામાં આવે છે અને ત્યારબાદ વારંવાર ફોલોઅપ કરવા માટેની વ્યવસ્થા ગોઠવવા માટે સરકાર તૈયાર છે.

**શ્રી રતિલાલ ગો. સુરેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન છે અને મારે જાણવું છે કે અત્યારે પાક વીમામાં તાલુકાને એક યુનિટ ગણવામાં આવે છે ત્યારે એક તાલુકામાં એક જગ્યાએથી બીજા તાલુકાનું ૬૦ થી ૭૦ કિલોમિટરનું અંતર હોય છે. એમાં એક જગ્યાએ વર્ષ સારું હોય અને બીજી જગ્યાએ વર્ષ નબળું હોય છે. તો એક તાલુકામાં ચાર યુનિટ કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ પાયાનો સવાલ છે અને મને કહેતાં આનંદ થાય છે કે આ ગૃહમાં હું પહેલી વખત ૧૯૯૦ માં જયારે કૃષિ મંત્રી બન્યો હતો અને આખા રાજયના ખેડતોની લાગણી છે અને હું પણ આ પધ્ધતિ સમજું છું અને જે તે વખતે દેવીલાલ કૃષિ મંત્રીશ્રી અને ઉપ પ્રધાનમંત્રીશ્રી હતા ત્યારે મેં તેમને પણ લેખિત રજૂઆત કરી હતી કે તાલુકાને બદલે ગામને યુનિટ ગણવામાં આવે. ત્યારપછી ૧૯૯૫ માં અને અત્યારસુધી ભારત સરકારમાં પણ જે જે કૃષિમંત્રીશ્રી આવ્યા છે એમને રજૂઆતો કરી છે અને મને ઓફ ધી રેકર્ડ જાણવા મળ્યું છે કે આ રજૂઆતની અસર થઈ છે અને કદાચ આવતા દિવસોમાં આ તાલુકાને બદલે ગામને યુનિટ ગણવા માટેની આપણી દરખાસ્ત ઉપર કેન્દ્ર સરકાર સક્રિય વિચારણા કરશે એવું મને લાગે છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : મારે જાણવું છે કે અમરેલી જિલ્લામાં ૨૦૦૪-૦૫ ની સાલનું મગફળીનું અને કપાસનું વાવેતરનું પ્રમાણ કેટલું હતું અને એની ઉત્પાદન ક્ષમતા કેટલી હતી? અગાઉની સરકારમાં ૧૫ વર્ષે વીમાની રકમ ચૂકવાતી હતી તો આ રાજય સરકાર આ પાક વીમાની રકમ વહેલી ચૂકવવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મગફળીનું વાવેતર ૩,૯૯,૬૮૬ હેકટરમાં હતું અને કપાસનું વાવેતર ૧,૧૬,૩૭૬ હેકટરમાં હતું અને ભૂતકાળના અનુભવને ધ્યાનમાં લઈને ખેડૂતોની લાગણીને ધ્યાનમાં રાખીને રાજય સરકાર ખેડૂતોને વહેલામાં વહેલી તકે આ વીમાની રકમ મળે એટલા માટે ભારત સરકાર સાથે પરામર્શ કરી રહી છે અને વહેલામાં વહેલી તકે વીમો મળે એ માટેના પ્રયત્નો રહયા છે.

**શ્રી કાળુભાઇ વી. વીરાણી** : મારે જાણવું છે કે આ વર્ષે અમરેલી જિલ્લામાં ખાસ કરીને સાવરકુંડલા તાલુકામાં અનિયમિત વરસાદને કારણે મારા તાલુકામાં ૪૨ ગામ એવાં છે કે જયાં દોઢ મહિનો વાવણી મોડી થઈ અને વાવણી કર્યા પછી અતિ વરસાદને કારણે વાવેતર નિષ્ફળ ગયું છે. તો સરકાર સો ટકા સહાય ચૂકવવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મેં વિસ્તૃત રીતે કહયું છે કે ૧૬ અખતરાઓ કરીને વાવેતરના આંકડા મેળવીને છેલ્લા પાંચ વર્ષની ગણતરી કરીને એમાંથી ૬૦ ટકા ઉત્પાદનથી ઓછું ઉત્પાદન જો હોય તો આ વિસ્તારને અવશ્ય રીતે પાક વીમાનો લાભ મળશે અને સાવરકુંઠલામાં પણ આ આખા જિલ્લાની ગણતરી ચાલે છે. અત્યારે મગફળીનું આખા જિલ્લામાં ચાલે છે અને એના ભાગરૂપે સાવરકુંડલાને પણ આનો ન્યાય મળે..

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય મંત્રીશ્રીએ પાક વીમા અંગે વાત કરી કે તાલુકાના બદલે ગામને યુનિટ ગણવા માટેની કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી છે, પરંતુ જો ગામડાને એકમ તરીકે ના ગણવામાં આવે તો પણ સરખી જમીન ટોચમર્યાદાવાળા વિસ્તારને એકમ તરીકે ગણીને રજૂઆત થાય કે નહીં?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એક હકીકત મારા ધ્યાન ઉપર આવી છે કે, અમરેલી જિલ્લાના, અમરેલી તાલુકાના સરહદી તાલુકાઓ લાઠી, લીલીયા, ધારી, કુંકાવાવ, બગસરા, બાબરા આ બધા જ તાલુકાઓ કરતાં અમરેલી તાલુકાનું ક્રોપ કટિંગનું ઉત્પાદન વધુ દર્શાવવામાં આવેલ છે. તો સમગ્ર જિલ્લાના અગિયાર તાલુકા પૈકી સૌથી વધુ ઉત્પાદન એક માત્ર અમરેલી તાલુકાનું જ દર્શાવવામાં આવેલ છે તો આપણે જયારે તાલુકાને યુનિટ તરીકે ગણીએ છીએ ત્યારે આવી કાર્યવાહીથી ખેડૂતોને નુકસાન થાય એવું છે એટલે હું વિનંતી કરવા માગું છું કે આ અંગે ફેરતપાસ કરીને આ વાસ્તવિક આંકડા રેકોર્ડ ઉપર આવે તેવી કોઈ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : કાપણીની પ્રક્રિયા તો પૂરી થઈ ગઈ હોય, રાજય સરકાર મેં અગાઉ કહ્યું એમ કોઈ એક તાલુકાને ધ્યાનમાં રાખીને કાપણીની પ્રક્રિયા અને તેના આંકડા જુદા મુકે અને બીજા તાલુકાના

જુદા મુકે તેવું કોઈ પણ પ્રક્રિયામાં થતું નથી. બધાને સરખી રીતે જ ન્યાય મળે અને કુદરતી રીતે વરસાદ પડયો હોય અને પાક થયો હોય તેના આધારે જ આ પ્રક્રિયા કરવામાં આવે છે. છતાં આ પ્રક્રિયામાં ગણતરી વખતે આ લાગણી પહોંચાડી શકાય, તે પ્રમાણે ગણતરી ચાલે છે ત્યાં આ લાગણી પહોંચાડીશું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પાક વીમા માટેના મગફળી અને કપાસના પ્રિમિયમના જે દરો છે તે ખૂબ ઉંચા છે તેથી હું જાણવા માગું છું કે આમાં કોઈ વિચારણા કરીને આ જે કપાસ અને મગફળીના પ્રિમિયમનાં દરો છે તેમાં કોઈ સુધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આપણે કેન્દ્ર સરકાર અને વીમા કંપનીઓને ભલામણ કરી શકીએ છીએ, અને કપાસ માટે ખાસકરીને અગાઉ છેલ્લા બે વર્ષમાં ભલામણ કરવામાં આવેલ છે.

## ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ

***૧૨૦૧૦ શ્રી ધારશીભાઈ લ. ખાનપૂરા (કાંકરેજ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
બનાસકાંઠામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલા ખેડૂતોને કિસાન કેડિટ કાર્ડ આપવામાં આવેલ છે?

**સહકાર મંત્રીશ્રી :**
૩૦૩૫.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપૂરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે આપણે ખેડૂતોની મોટી મોટી વાતો કરીએ છીએ, ખેડૂતોને ક્રેડિટ કાર્ડ આપવાની વાતો કરીએ છીએ..

**અધ્યક્ષશ્રી** : તમે પ્રશ્ન શું પૂછવા માગો છો?

**શ્રી ધારશીભાઈ લ. ખાનપૂરા** : હું એ પૂછવા માગું છું કે મારા બનાસકાંઠામાં ૩૦૩૫ કાર્ડ આપવામાં આવ્યા છે તો બીજા ખેડૂતોને કયારે ક્રેડિટ કાર્ડ આપવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠામાં ૬૨૪૭ કાર્ડ આપવામાં આવેલા છે અને અત્યારસુધીમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ ૯૨૮૬૫ જેટલા ક્રેડિટ કાર્ડ અમાપવામાં આવેલ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ૩૦૩૫ કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવેલ છે, આ યોજના સારી છે, પણ આની અંદર તા. ૩૧-૦૩-૨૦૦૪ સુધીમાં અરજીઓ કેટલી આવી હતી અને અરજીઓના પ્રમાણમાં કેટલા કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવેલા છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : જેટલી અરજીઓ આવી હતી તે અરજીઓને માન્ય કરી અને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવેલા છે.

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે સમગ્ર ગુજરાતમાં કિસાન ક્રેડિટ કાર્ડની યોજના કયારથી અમલમાં આવી અને કઈ કઈ વિગતોનો એમાં સમાવેશ થાય છે? અને આ કાર્ડ ધારકો માટે પાત્રતાના ધોરણો શું છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એન.ડી.એ.ની સરકાર હતી તે વખતે ૧૯૯૮ માં નાબાર્ડ દ્વારા આ યોજના અમલમાં આવી હતી વાણિજય બેંકો, ગ્રામિણ બેંકો અને જિલ્લા મધ્યસ્થ બેંકો માટે આ યોજના અમલમાં મુકવા માટે જણાવવામાં આવેલ હતું, મુખ્ય ઉદેશ ખેડૂતોને ધિરાણ મળી રહે અને ખેતી માટે જરૂરી ખાતર અને બિયારણ સમયસર મળી રહે તે માટેનો હેતુ હતો, ખેડૂતોને પાકનું ધિરાણ પૂરું પાડવું તે એક આદર્શ સોપાન છે, ક્રેડિટ કાર્ડ કમ પાસ બૂક ટાઈપની સુવિધા એમાં છે, એમાં ખેડૂતોનું નામ, સરનામું, ધારણ કરેલ જમીનની વિગતો, ઉવગાડવામાં આવતા પાકની વિગતો, અને ઉપાડ માટેના કોલમો છે, જમા કરવા માટેના કોલમ છે. પહેલા દર વરસે ધિરાણ માટેની વ્યવસ્થા હતી. હવે આ પાસબુકના આધારે દર ત્રણ વરસે વ્યવસ્થા થાય છે. વાણિજ્ય બૅન્કો, ગ્રામીણ બૅન્કો અને જિલ્લા બૅન્કોનું આ તંત્ર બરાબર ચાલે અને બધા ખેડ્રતોને આ કાર્ડ મળે એ માટે રાજય સરકાર કાર્યરત છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, એ અરજીઓ આવી એમાં કયા ધોરણ મુજબ કાર્ડ આપવામાં આવ્યાં છે, કાર્ડ માણસોના આગેવાનોના મોંઢા જોઈને આપવામાં આવે છે. જ્યારે ગરીબ ખેડૂતોની એમને એમ અરજી પડી રહે છે. તેથી છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી અને જે અરજીઓ આવી એમાંથી કાર્ડ આપવામાં આવે છે એ કયા ધોરણે અને એમાં કેટેગરી નક્કી કરેલી છે કે પહેલી અરજી આવી તો એને પહેલા આપવું અને બીજી અરજી આવી હોય તો એને બીજું આપવું. તો એ કેટેગરી પ્રમાણે આપવામાં આવ્યા છે કે પછી ખેડૂતોના મોંઢા જોઈને આપ્યા છે? બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, કેટલાને કાર્ડ આપ્યા અને એ કાર્ડ આપવાના ધોરણો શું છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મોંઢા જોઈને કામ કરવાની પદ્ધતિ તમારી છે અમારી નથી. અમે ગુણદોષના આધારે કામ કરીએ છીએ. માત્ર મુદત વીતી બાકીદાર ખેડ્રત હોય એ સિવાય તમામ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપીએ છીએ. આમાં અરજી ન હોય, તમારી અરજી હોય તો કહેજો હું ગુણદોષના આધારે નિર્ણય કરીશ.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : જિલ્લા સ્તર ઉપર બૅન્કોને કિસાન ક્રેડિટ કાર્ડ માટે લક્ષ્યાંક આપવામાં આવે છે. લક્ષ્યાંક પ્રમાણે બૅન્કો દ્વારા ધિરાણ કરવામાં આવે છે કે કેમ, જો ન થતું હોય તો આ બૅન્કો સાથે સરકાર કોઈ બેઠક યોજીને એ અંગેની બૅન્કોને સૂચના આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : વધુમા વધુ ખેડૂતો આ યોજનાનો લાભ લે એ માટે વારંવાર ગ્રામીણ બૅન્કો, જિલ્લા બૅન્કો અને વાણિજ્ય બૅન્કો સાથે રાજય સરકારની પરામર્શ અને ચર્ચા ચાલતી હોય છે. મેં કહ્યું એમ મુદત વીતી બાકીદાર ખેડૂતો સિવાય બાકીના બધા ખેડૂતોને આપવાની યોજના છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : ક્રેડિટ કાર્ડ માટે અરજી આપવી જરૂરી છે? અને આ ક્રેડિટ કાર્ડને લીધે ખેડૂતોને કયા કયા લાભો મળે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : અરજી આપવાની જરૂર છે. જેમાં એવી સુવિધાઓ છે કે ખેડૂત પોતાની જરૂરિયાત મુજબ ગમે ત્યારે ઉપાડ કરી શકે છે, એની વસૂલાતની પણ સરળ પ્રક્રિયા કરવામાં આવી છે. આ યોજના હેઠળ જો મોટો લાભ હોય તો એ પર્સનલ અકસ્માતનો આપવામાં આવે છે. ૫૦હજાર સુધીનો વીમો એમાં ૧૫ રૂપિયાનું પ્રીમિયમ છે. જેમાં ૫ રૂપિયા ખેડૂત અને ૧૦ રૂપિયા બેંકના એ રીતે આ યોજનાનો અમલ થાય છે.

## રાજયમાં ઈ-ગ્રામ યોજનાનું અમલીકરણ

***૧૨૧૯૭ શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર પશ્ચિમ): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયની દરેક પંચાયતોમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ છે,
(૨) ઈ-ગ્રામ યોજના દ્વારા કઈ કઈ વિગતો ગ્રામકક્ષાએ મળી શકશે, અને
(૩) રાજયની કુલ કેટલી ગ્રામ પંચાયતોમાં તા.૩૧-૧૨-૦૪ સુધીમાં ઈ-ગ્રામ યોજનાનું અમલીકરણ થયું છે?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧) હા, જી.
(૨) (૧) જન્મનું પ્રમાણપત્ર (૨) મરણનું પ્રમાણપત્ર (૩) મિલકતનો દાખલો
(૪) બી.પી.એલ.નું પ્રમાણપત્ર (૫) જાતિનો દાખલો (૬) આવકનો દાખલો (૭) ચારિત્ર્યનો દાખલો (૮) નિવાસનો દાખલો (૯) કરવેરાની પહોંચ (૧૦) જન્મનું રજિસ્ટર (૧૧) મરણનું રજિસ્ટર (૧૨) ખેડૂતનો દાખલો (૧૩) આકારણી રજિસ્ટર (૧૪) રૅશનકાર્ડ અલગ કરવાનો દાખલો
(૧૫) બી.પી.એલ.ના લાભ મેળવેલ લાભાર્થીઓની યાદી (૧૬) બી.પી.એલ. ના લાભ નહિ મેળવેલ લાભાર્થીની યાદી (૧૭) વિવિધ અરજીપત્રો
(૩) ૫૬૭

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, તમામ ગ્રામ પંચાયતોનો ઈ-ગ્રામ હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ? અને એ ક્યારે પૂર્ણ થશે, બીજું ૩૧-૩-૨૦૦૫ સુધીમાં કેટલા ગામોને કૉમ્પ્યુટરો આપવામાં આવશે અને કોમ્પ્યુટરાઈઝેશન માટે કેટલો ખર્ચ કર્યો છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સુરત જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૫૫ ગ્રામ પંચાયતોનો સમાવેશ થશે. માર્ચ, ૨૦૦૫ સુધીમાં આ રાજયમાં મને કહેતાં આનંદ થાય છે કે ૬૧૮૬ ગામડાંને આપણે ઈ-ગ્રામથી સાંકળી લઈશું કોમ્પ્યુટરાઈઝેશન ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં ૧૨,૦૦૦ ગામોને અને જૂન-૨૦૦૬ સુધીમાં રાજયની તમામ ગ્રામપંચાયતોને આ યોજના હેઠળ આવરી લઈશું.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત પૂછવા માગું છું કે ઈ-ગ્રામ યોજના દ્વારા જુદી જુદી ૧૭ બાબતોના ડોકયુમેન્ટ ગ્રામ્ય કક્ષાએ મળશે. ગામડાંમાં ગ્રામ્યજનોને રોજિંદી જરૂરિયાત પડે છે પરંતુ અભણ હોવાને કારણે આ પ્રમાણપત્રો કેટલી સમયમર્યાદામાં મળી શકે એ જાણકારી નાગરિક અધિકાર પત્ર હેઠળ આપેલી જોગવાઈઓની પણ હોતી નથી એટલે પંચાયતમાં એક બોર્ડ સરકાર દ્વારા એવું મૂકવા માગે છે કે આટલા દિવસોમાં આ બાબતના પ્રમાણપત્રો આપવામાં આવશે. આવા પ્રકારની

માહિતીનું એક સૂચના બોર્ડ ગુજરાતના દરેક ગામોમાં મૂકવામાં આવે તો અભણ ગ્રામજનોને આ યોજનનો સાચો લાભ મળી શકે. એટલા માટે આવું બોર્ડ મૂકવામાં આવશે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સૂચન સારું છે અને આના ઉપર હકારાત્મક વિચાર કરીશું.

**શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઈ-ગ્રામ યોજના દ્વારા અરજદારને પ્રમાણપત્ર, દાખલો મેળવવા સરકારશ્રી તરફથી ફીનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે કે કેમ? જો હા તો કેટલી ફી નક્કી કરેલ છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : પહેલો દાખલો જરૂર પડે છે ત્યારે મફત આપવાની યોજના છે ત્યાર પછી ચાર્જ લેવામાં આવે છે.

**શ્રી કનુભાઇ મે. ભલાળા** : ઈ-ગ્રામ યોજના નીચે તમામ ગામડાંઓને કૉમ્પ્યુટર આપવા માગીએ છીએ પરંતુ ગામડાંમાં તલાટી કે મંત્રી અઠવાડિયું દસ-દસ દિવસ આવતા નથી અને ગામડાંમાં ઘણી જગ્યાઓ ખાલી છે. તો કોમ્પ્યુટર કોણ ઓપરેટ કરશે અને દાખલા સર્ટિફિકેટ કોણ આપવાનું છે? તેના માટે અલગ આયોજન ઑપરેટર માટે કર્યું છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : કૉમ્પ્યુટર ચલાવવા માટે અલગ વ્યકિતની ભરતી કરવાના છીએ અને એ કાયમ માટે હાજર રહે અને ખેડૂતોને સહેજ પણ તકલીફ ન પડે તેના માટે પૂરતી કાળજી લેવામાં આવી છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગામડાંની પ્રજાને આધુનિક વૈજ્ઞાનિક સુવિધાનો લાભ આપવા જઈ રહ્યા છે ત્યારે મારે ટૅક્નીકલ ડીસએડવાન્ટેજ છે તેના ઉપર ધ્યાન દોરવું છે કે આ આખી ઈ-ગવર્નન્સમાં જે રૅકૉર્ડ પ્રિઝર્વ થવાનો છે તેની અંદર કોઈ હેકીંગ ન કરી જાય અને વાયરલ પ્રોબ્લેમ થાય ત્યારે આખો રૅકૉર્ડ ડિસ્ટ્રોય ન થઈ જાય તેના માટે પણ કોઈ વ્યવસ્થા સરકારે વિચારી છે કે કેમ? નહીં તો એવું થશે કે ઓચિંતું કંઈ નહીં મળે અથવા તો આવો સરસ ગુપ્ત રૅકૉર્ડ કોઈ હેકીંગ કરી જશે તો આના માટેની વ્યવસ્થા કરી છે. કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : વાયરસપ્રુફ આ યોજના છે. વાયરસની અસર દુનિયા આખીમાં થઈ હતી, હિંદુસ્તાનમાં નહોતી થઈ. અહીંયાથી ન થાય તો અમને ચિંતા નથી.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : ગમે તેવી વાયસરપ્રુફ હોય, આજે એવી વસ્તુ છે કે આટલી બધી આધુનિક હોવા છતાં સારી વસ્તુ એ છે કે સ્પેર ફલોપી કે સોફટવેર રાખીએ તો ક્યારેક પ્રોબ્લેમ થાય તો લગાડી શકાય.

**અધ્યક્ષશ્રી** : મહેન્દ્રભાઈની સાવધાની માટેની વાત છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સાચી વાત છે. તેમનું સૂચન છે.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સરકાર ઈ-ગ્રામ યોજના ગ્રામપંચાયતમાં દાખલ કરવા માગે છે, તો ગ્રામપંચાયતો પાસે આવક હોતી નથી. તેના માટે કઈ જોગવાઈમાંથી કૉમ્પ્યુટર આપવામાં આવશે અથવા તો બીજી મદદ કરી શકાશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : કૉમ્પ્યુટર રાજય સરકાર તરફથી મૂકવામાં આવે છે એટલે ગ્રામપંચાયતે કોઈ ચિંતા કરવાની જરૂર નથી.

## કૃષિ વિષયક પાક વીમા યોજના હેઠળ બાકી ચૂકવણી

***૧૧૪૦૪ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ૧લી જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ રાજય સરકારે કુલ કેટલી રકમોની ચૂકવણી કૃષિ વિષયક પાક વીમા યોજના હેઠળ કરી,
(૨) કુલ કેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે અને
(૩) કુલ કેટલી રકમોની ચૂકવણી આ યોજના હેઠળ કરવાની બાકી રહે છે?

**કૃષિ મંત્રીશ્રી:**

(૧) ૧લી જાન્યુઆરી-૨૦૦૪થી ૧લી જાન્યુઆરી-૨૦૦૫ સુધીમાં રાજયમાં પાકવીમાના દાવા પેટે રૂા. ૭૨૮.૩૦ કરોડની કુલ રકમના દાવાઓ ચૂકવાયેલ છે.
(૨) કુલ ૬,૭૯,૫૨૫ ખેડૂતોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.
(૩) ૧લી જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ રાજયમાં પાક વીમા હેઠળ કુલ ૧૫,૨૮૪ ખેડૂતોને રૂા. ૫,૭૪,૯૩,૧૬૦/-ના દાવા ચૂકવવાના બાકી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પાક વીમાની જે રકમ છે એ રકમ માટે મને જે જવાબ આપ્યો છે તેમાં ૭ કરોડ ૨૮ લાખ રૂપિયા થાય. તેમાં ૫ કરોડ ૭૪ લાખ રૂપિયા હજી સુધી ચૂકવવાના બાકી છે. મારે એ કહેવું છે કે, જ્યારે ખેડૂતોને એક તો નુકસાન થતું હોય ત્યારે પાક વીમા દ્વારા એને પૈસા પ્રાપ્ત થાય અને જલદીમાં જલદી પ્રાપ્ત થાય એ એનો હેતુ હોય. પણ જે

પ્રમાણે જવાબ આપ્યો છે એમાં ૧.૫ કરોડ રૂપિયા અત્યાર સુધીમાં અપાયા છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ રકમ છે એ કેટલા સમયથી બાકી છે અને બીજું આ રકમ જલદીમાં જલદી મળી જાય એના માટેનો કોઈ ચોક્કસ સમય આપ આપશો અને એના માટેની શું કાર્યવાહી કરશો?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૭.૨૫ કરોડ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા છે. આ બાકી રકમ છે એ ૨૦૦૨ની ખરીફની ચૂકવી દેવામાં આવી છે અને ૨૦૦૨ના રવિના બાકી છે અને એ રકમ ૨.૩૪ કરોડ જે બાકી છે, એ ભરાયેલી પ્રીમિયમની રકમ છે એ ચૂકવવાની રકમ કરતાં વધારે છે અને એટલે રાજય સરકારે કાંઈ આપવાનું નથી. એટલે રાજય સરકાર વીમા કંપનીને બાકી રકમ ચૂકવી આપવા માટે અનેકવાર રિમાઈન્ડર કરવામાં આવ્યા છે અને વહેલી તકે આ રકમ ચૂકવી આપવામાં આવશે એવી હૈયાધારણ આપી છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૫.૪૪ લાખ રૂપિયા જેટલી રકમ બાકી છે એ કેટલા જિલ્લાઓની બાકી છે અને કયા પાકોની બાકી છે અને એ કઈ ઋતુઓની બાકી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રવી ઉનાળુ ૨૦૦૨ના પાકના ૪.૩૦ લાખ અને ખરીફ પાકના ૫.૬૮ કરોડ મળીને કુલ ૫ કરોડ ૭૪ લાખ ૯૩ હજાર ૧૬૦ બાકી છે.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપૂરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પાક વીમાના પ્રીમિયમ પહેલેથી ખેડૂતો ધિરાણ લે ત્યારે કાપી લેવામાં આવે છે અને એને સમયસર ધિરાણ મળતું નથી. બીજી વાત એવી છે કે, જે ખેડૂતોને નુકસાન થાય છે અને વીમાનું પ્રીમિયમ કપાય છે છતાં પણ એને વીમાની રકમ મળતી નથી. તો મારે મંત્રીશ્રીને વિનંતી છે કે, દરેક ખેડૂતને જેના પ્રીમિયમ કપાય છે એને લાભ મળે એવી વિનંતી છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, જેના પ્રીમિયમ કપાય છે અને કુદરતી આપત્તિથી નુકસાન થતું હોય એને તો ચોક્કસ મળે છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૭ કરોડ અને ૨૮ લાખ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા છે એ કઈ ઋતુના હતા અને કયા પાકના આ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨ના ખરીફના હતા અને મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં કપાસ અને મગફળીના હતા.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પાક વીમાની ચૂકવણી કરવામાં આવી છે એમાં ભાવનગર જિલ્લામાં કેટલા તાલુકામાં ચૂકવણી કરવામાં આવી છે? ભાવનગર જિલ્લામાં ફક્ત બોટાદ તાલુકાને જ ફાળવવામાં આવ્યા છે તો મારે એ જાણવું છે કે બીજા તાલુકાઓને કેમ નહીં? રાજયના બીજા તાલુકાઓ અસરગ્રસ્ત નહોતા?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ગણતરીમાં આવતા હોય એ રીતે ચૂકવવામાં આવે છે. કોઈ તાલુકાને ઇરાદાપૂર્વક બાકાત રાખતા હોય એવું નથી.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા એ પૂછવા માગું છું કે, મંત્રીશ્રીએ હમણાં જવાબ આપ્યો કે ૨ લાખ રૂપિયા કરતાં વધુ રકમ લમસમ બતાવી છે. એ એમના પ્રીમિયમ કરતાં નીચી આવે છે. માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે પ્રીમિયમ ભર્યુ હોય અને એના કરતાં જો ખેડૂતને નીચી રકમ મળવાની હોય તો પ્રીમિયમ ભરવાનો કોઈ મતલબ રહેતો નથી. તો રાજય સરકાર, વીમા યોજના કંપની અને કેન્દ્ર સરકાર મીનીમમ લેવલ જે છે ઓછામાં ઓછું એણે જે પ્રીમિયમ ભર્યુ હોય એનાથી લેવલ નીચે ન જાય અને હંમેશા એનાથી ઉપર મળે અને નહીં તો પ્રીમિયમ ભરવાનો કોઈ મતલબ જ ન રહે, એટલે આવું કંઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી વખત સમજાવું કે ચૂકવવાપાત્ર રકમ ૫ કરોડ છે તો આ આવેલી રકમ પ્રીમિયમની એના કરતાં વધારે છે. એટલા માટે રાજય સરકારને એનો હિસ્સો આપવાની જરૂર નથી એટલે એકત્ર થયેલ પ્રીમિયમમાંથી જ આ ચૂકવવાપાત્ર બને છે. ટોટલ પ્રીમિયમ જે એકત્ર થયું વીમા કંપની પાસે એ ચૂકવવાપાત્ર રકમ કરતા વધારે થયું છે એટલે ખેડૂતોને ૫ કરોડમાં તો કંઈ ઓછું મળવાનું છે જ નહીં અને ભવિષ્યમાં કયારેય પણ ચૂકવવાપાત્ર રકમ કરતા કયારેય ખેડૂતોને એક પણ પૈસો ઓછો ન મળે એવી હું આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને ખાતરી આપું છું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમારા દાહોદ અને પંચમહાલ જિલ્લાને ગયા વર્ષે જે વીમાની રકમ નથી મળી એ કેટલા સમયમાં આપવા માગો છો અને કેટલી રકમ આપવાની બાકી છે એ કૃપા કરીને જણાવો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, વિગતો જોઈને બાકી હશે તો યોગ્ય કરીશું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જયારે ખેડૂતો ધિરાણ લે છે ત્યારે ખેડૂતોને એ પાક વીમાની રકમ છે જે એ

કાપીને જ ધિરાણ આપવામાં આવે છે અને માનનીય મંત્રીશ્રીએ કીધું કે એક પણ રૂપિયો ખેડૂતોને ઓછો મળશે નહીં પણ જે વીમાની રકમ કપાય છે અને બે બે, ત્રણ ત્રણ, ચાર, ચાર વર્ષનું જે રોકાણ થાય છે એ અંતે તો ખેડૂતોને જ નુકસાન જવાનું છે. વીમા કંપની આપવાની છે પણ આપે કીધું કે અનેક વખત રજૂઆતો કરી છતાં વીમા કંપની ચૂકવતી નથી તો વીમા કંપની આ તાત્કાલિક અસરથી ચૂકવી દેવા માટે કાર્યવાહી કરવા માગે છે કે કેમ? અથવા વીમા કંપની ન ચૂકવે તો રાજય સરકાર પહેલા આ રકમ ચૂકવી દે અને સરકાર છે એ કંપની પાસેથી પાછળથી લઈ લે એવી કોઈ વ્યવસ્થા ગોઠવવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, વીમા કંપની ન ચૂકવે અને રાજય સરકાર ચૂકવે તો ૧૯૮૫ થી ૧૫ વર્ષ આંદોલન ન ચાલ્યું હોત, ભૂતકાળમાં કયારેય પણ પદ્ધતિ નથી આજે પણ પદ્ધતિ નથી. પ્રમાણમાં એ વખતે ૧૫ ૧૫ વર્ષ જતા હતા અત્યારે તો વર્ષ, દોઢ વર્ષથી વધારે કયારેય સમય ગયો જ નથી અને છતાં હું આને ટાળવા માગતો નથી, હું આને પોઝીટીવ લેવા માગે છું કે ઓછા સમયમાં ખેડૂતોને આ વીમો મળે એ માટે રાજય સરકારના તમામ પ્રયત્નો હોય છે. મારા લેવલે, માનનીય મુખ્યમંત્રીશ્રીના લેવલે આની મીટિંગો, રજૂઆતો પત્રો દ્વારા અનેક વખત થાય છે અને હજી પણ આ સન્માનનીય સભાગૃહની લાગણી સાથેનો પત્ર પણ હું વીમા કંપનીને લખીશ.

## સરદાર આવાસ યોજના હેઠળ આવાસોનો લક્ષ્યાંક

***૧૨૧૮૯ શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તાઃ ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજયમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૦૪-૦૫માં કુલ કેટલા આવાસો માટેનો લક્ષ્યાંક નકકી કરવામાં આવ્યો છે,
(૨) તે પૈકી કેટલાં આવાસ મંજૂર કરવામાં આવ્યા, અને
(૩) મંજૂર થયેલા આવાસો પૈકી કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે અને બાકી આવાસોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી :**

(૧) ૩૬,૬૭૦
(૨) ૩૬,૬૭૦
(૩) મંજૂર થયેલ આવાસો પૈકી કુલ ૪૩૭૫ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે અને બાકી આવાસોનું કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરદાર આવાસ યોજનામાં લાભાર્થીઓને પોતાના મકાન બનાવવા માટે ૩૬ હજાર રૂપિયા મળે છે. અગાઉના વર્ષોમાં ૪૦ હજાર રૂપિયા મળતા હતા લાભાર્થીઓને એ વખતે મોડાસા તાલુકામાં મકાન બનાવવા માટે જે લક્ષ્યાંક હતો એ ૨૧૦ મકાનનો હતો એ પ્રમાણે તાલુકા વિકાસ અધિકારીને કીધું કે તમે મકાનો બનાવી દો. વર્ક ઓર્ડર અપ્યો એટલે ૨૧૦ મકાનો બની ગયાં પણ તે પછી લક્ષ્યાંક ઘટી ગયો કે ૧૮૦ મકાનો બનાવવાના છે તો ૨૧૦ મકાન બની ગયા તો તે પ્રમાણે અગાઉના ૧૮૦ મકાનો બન્યા એની રકમ ૪૦ હજાર પ્રમાણે ચૂકવાઈ પણ બાકીના જે ૩૦ મકાનો હતા એ બીજા વર્ષના લક્ષ્યાંકમાં લીધા એ ૩૬ હજાર પ્રમાણે રકમ ચૂકવાઈ તો સરદાર આવાસમાં આવો પ્રશ્ન બન્યો હતો ત્યારે સરકારે જી.આર. બહાર પાડયો અને કીધું કે અગાઉ જો મકાન બની ગયા હોય તો તેમને ૪૦ હજાર પ્રમાણે રકમ ચૂકવવી તો તે જ રીતે સરદાર આવાસમાં પણ અગાઉ મકાન બની ગયા હોય તો તેઓને ૪૦ હજાર પ્રમાણે રકમ ચૂકવવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન કે જયારે આપણે માહિતી મગાવીએ છીએ આખા રાજયમાંથી તો દરેક જિલ્લાની માહિતી આવી જાય, પરંતુ એકાદ જિલ્લાની માહિતી આવે નહીં તો અમારા આ પ્રશ્નો અટવાય છે તો જિલ્લામાંથી માહિતી મગાવી લેવાય એવી વિનંતી કરું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીની વાતમાં વજૂદ છે. લક્ષ્યાંક નકકી કરતી વખતે જે ભાવ હોય અને મંજૂર કર્યા હોય અને પછી એમાં કોઈ ફેરફાર થયાના માનનીય ધારાસભ્યશ્રી ઉપરાંત રાજયમાંથી અન્ય આવી જે કોઈ રજૂઆત હશે તો વહેલી તકે આ આખી રજૂઆતોને હું એકત્ર કરી અને નાણા વિભાગ સાથે બેસીને પરામર્શ કરીને એને હકારાત્મક કેવી રીતે ન્યાય આપી શકાય એનો હું ચોક્કસ પ્રયત્ન કરીશ અને એક જિલ્લા માટે થઈને આખા રાજયનો નિર્ણય લેવામાં ન આવતો હોય એવા બનાવો બનતા નથી. કોઈ જિલ્લો માહિતી આપવામાં મોડું કરતો હશે તો એને સમય મર્યાદા આપીએ છીએ અને સમય મર્યાદા આપીને માહિતી એકત્ર કરીએ છીએ.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે સરદાર આવાસની કામગીરી થાય છે એમાં જે પ્લાન એસ્ટિમેટ નક્કી કરવામાં આવ્યા છે, પણ ખરેખર

હકીકતમાં સ્થળ ઉપર જે એસ્ટિમેટની રકમ નક્કી હોય છે એના કરતાં વધારે હોય છે. અમારા પંચમહાલમાં જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા પંચાયતના કમ્પાઉન્ડમાં એક નમૂનાનું મકાન બનાવ્યું એમાં ૫૩ હજારનો ખર્ચ થયો. આમ, ઓછી રકમ મળે છે એને રિવાઈઝ કરી રકમ સુધારવા માટે કોઈ વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : છેલ્લા વર્ષમાં માનનીય સભ્યશ્રીએ વાત કરી છે એવી ઘણી ફરિયાદો આવી છે. કારણ કે છેલ્લા વર્ષ દરમિયાન ઈંટ, લોખંડ અને સિમેન્ટના ભાવો વધ્યા છે. એના કારણે ૫૩ હજાર યુનિટ કોસ્ટ થવા પામી છે એ વાત સાચી છે. જેના આધારે રાજય સરકારે એમાં છેલ્લે જી.આર. બહાર પાડીને જે થોડી છૂટછાટો આપી છે. જેના કારણે યુનિટ કોસ્ટ નીચી લાવી શકાય. ઈંટોના દર વધી ગયા એમાં ફેરફાર કરીને ઈંટોના બદલે સિમેન્ટના bricks અથવા hollowbricksનો ઉપયોગ કરી શકાય એવો સુધારો બહાર પાડ્યો છે. આ સિવાય પણ પહેલા સરદાર આવાસ યોજના કોઈ એન.જી.ઓ. દ્વારા બાંધવા માટેનું ફરજિયાત હતું. હવે ઈન્દિરા આવાસમાં વ્યકિતગત ધોરણે વ્યકિત પોતે બાંધી શકે છે એવી રીતે આમાં છુટછાટ આપવાનો નિર્ણય કર્યો છે કે વ્યકિત પોતે પણ પોતાનું ઘર બાંધી શકે. આ યુનિટ કોસ્ટ ઊંચી જવાના કારણોમાં સિમેન્ટ, લોખંડ અને ઈંટોની વાત કરી એ ધાબામાં વધારે સિમેન્ટ અને લોખંડ જાય અને ખર્ચ વધારે આવે. આથી એમાં ફેરફાર કરીને અમે ત્રીજો સુધારો આર.સી.સી. બાંધવાના બદલે મેંગલોરી નળિયા વાપરવાની છૂટ આપવામાં આવી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : રાજય સરકારનો ૨૦૦૪-૦૫નો કુલ લક્ષ્યાંક ૩૬૬૭૦ હતો, એમાં વર્ષના અંતે ફકત ૪૩૭૫ આવાસો બંધાયા છે. એમાં ૩૨૨૯૫ આવાસો બાંધવાના બાકી છે. મારે ધ્યાને જે વાત આવી છે એ માનનીય મંત્રીશ્રીના ધ્યાને મૂકું કે જે જગ્યા ગામથી દૂરના ભાગમાં સામાન્ય રીતે આ યોજનાના મકાનો બનાવવામાં આવતા હોય છે. એવી જગ્યાએ પાણી કે કોઈ પ્રકારની સુવિધા ન હોવાના કારણે લાભાર્થીઓને ખરેખર આવાસ બાંધવાના હોય એ માટે દૂરથી પાણી લાવવું પડતું હોય છે. એટલે આ યુનિટ કોસ્ટ ખૂબ ઊંચી પડે છે. જેના કારણે આ યોજનાના મકાનો બાંધી શકાતા નથી. એક તો પ્લાનમાં પણ સરકારે એવા નિશ્ચિત કરેલા હોય છે કે જેના કારણે સાનુકૂળ હવા ઉજાશ માટે બરાબર ventilation નથી. એટલે આ પ્લાનમાં ફેરફાર કરવા માગે છે કે કેમ અને જે જગ્યાએ સરદાર આવાસ યોજનાના મકાનો બનાવવાના હોય એવી જગ્યાએ બોર અથવા તો પાણીની સુવિધા ઊભી કરવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : એ અલગ સવાલ છે, પણ સુવિધા કે પ્લાનમાં ફેરફાર કરવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એ સૂચન છે પણ પહેલા સવાલમાં પૂછયું છે કે કામગીરી કેમ ઓછી થઈ છે? અત્યાર સુધીમાં ૩૩૨૪૧માં વર્ક ઓર્ડર અપાયા છે. ૨૭૫૭૫ કામો ચાલુ થઈ ગયાં છે. બાકીની સુવિધાઓ માટે રાજય સરકાર પ્રજા માટે છે, ખેડૂતો માટે છે, દલિતો માટે અને આદિવાસીઓ માટે છે. એમને પડતી મુશ્કેલી જેમ મેં અગાઉના જવાબમાં કહ્યું કે વ્યવહારિક રીતે એમને અનુકૂળ કેવી રીતે બની શકાય અને એમાં ત્રણ ફેરફારો ઈંટો, બેલા સ્ટોન અને મેંગલોરી નળિયાનો કર્યો એવી રીતે આમાં પણ સૂચન છે. ચોક્કસ હકારાત્મક રીતે વિચારણા કરીશું અને સૂચન સારું છે.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસે જાણવું છે કે આપણું જે રાજ્યમાં એલોટમેન્ટ થાય છે અને ત્યારબાદ જિલ્લામાં allotment થાય છે, એ એલોટમેન્ટ થયા પછી તાલુકામાં આપવા માટે કોઈ ધારાધોરણ હોય છે કે ડી.ડી.ઓ. પાસે આ distribution power હોય છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યયશ્રી, બી.પી.એલ.ના ધારાધોરણો છે. કોઈને આપણે અધિકાર આપી દેતા નથી કે તમે કરો એ final અને એના માટે તાલુકા પંચાયતમાં ખાસ મિટિંગ બોલાવવામાં આવે છે અને બી.પી.એલ. લાભાર્થીઓને જ આપવામાં આવે છે.

**શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાંથી કેટલી એન.જી.ઓ.ને કેન્દ્ર સરકારે કેટલા આવાસો ફાળવ્યા?

**અધ્યક્ષશ્રી**: આ આમાં નહિ આવે કાંતિભાઈ., પ્લીઝ, મોહનભાઈ.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાત રાજ્યમાં ઘણી જગ્યાએ વાંદરાઓની વસ્તી વધુ હોવાના કારણે..

**અધ્યક્ષશ્રી** : નો, નો, મોહનભાઈ, પ્લીઝ.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : જે આર.સી.સી. અને નળિયાની છૂટ આપવામાં આવી, ઘણા લાભાર્થીઓની પરિસ્થિતિ ગરીબ હોવાના કારણે સિમેન્ટ શીટના પતરાં અને ગેલ્વેનાઈઝ પતરાં વાપરવા રાજ્ય સરકાર છૂટ આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યયશ્રી, સૂચન છે.

### ખેડૂત વીમા યોજના અન્વયે અરજીઓ

***૧૧૬૪૪ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૪માં મહેસાણા જિલ્લામાં ખેડૂત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, અને

(૨) વર્ષના તા.૩૧-૧૨-૦૨ અંતે કેટલા કલેઈમ મંજૂર થયા, કેટલા બાકી છે?

**કૃષિ મંત્રીશ્રી** :

(૧) ૭૬.

(૨) ૨૧ કલેઈમ મંજૂર કર્યા છે ૩૮ કલેઈમ વિચારણા હેઠળ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં લખ્યું છે કે ૭૬ અરજીઓ આવી, ૨૧ના કલેઈમ મંજૂર કર્યા, ૩૮ના કલેઈમ વિચારણા હેઠળ છે, બાકીની ૧૭ અરજીઓનું શું થયું? અને ખાતેદાર ના હોય અને વર્ષોથી ખેતી કરતો હોય, પરંતુ જ્યારે એને આ પાક વીમો લેવાનો આવે ત્યારે અસલ ફોર્મવાળા લઈ જતા હોય ખેડૂતને કાંઈ મળતું હોતું નથી તો આના માટે સરકાર વિચારવા માગે છે કે કેમ? અને બાકીની ૧૭ અરજીઓ જે આમાં દર્શાવી નથી એનું સરકાર શું કરવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યયશ્રી, ઠરાવ મુજબ કાયદેસર વારસદારો ન હોવાથી અકસ્માત પુરવાર કરતા આધુનિક સાધનીક કાગળો ના મૂકવાના કારણે, આપઘાતના કિસ્સા બનવાના કારણે ને truthfulness પુરવાર ના થાય એવા સંજોગોમાં આ ૧૭ અરજીઓ નામંજૂર કરી છે. માનનીય સભ્યશ્રીની લાગણી ખૂબ વાજબી છે. મેં ગઈ વખતે માનનીય સભ્યશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીની આ લાગણીને સભાગૃહમાં રજૂ કરી હતી અને મેં જવાબ પણ આપ્યો હતો કે, આ યોજના ખેડૂત ખાતેદાર યોજના છે એટલે જે ખેડૂતના નામ ખાતાવહીમાં હોય અને અકસ્માત નડે તો જ એને લાભ મળે. આખા સભાગૃહની લાગણીની એ ચર્ચા પછી અને પહેલા સભાગૃહ સિવાય પણ એક એવી લાગણી છે કે ખાતેદાર ખેડૂત એ ખેડૂત છે, એના ચાર છોકરા છે ખેડૂત, પણ એનું નામ નથી, પણ એમાંથી કોઈ એકાદનું મૃત્યુ થાય તો શું? જેવી રીતે અગાઉના પ્રશ્નમાં પણ હકારાત્મક નિર્ણય લઈને અને પછી વિચારણા કરી છે તો આ કિસ્સમાં પણ આ technicality છે કે જે ખાતામાં જેનું નામ હોય એને જ મળે અને એ કરાર પણ આપણે technicality આધારે જ કર્યો છે. એટલે આજના સંજોગોમાં ફેરફાર ના કર્યો હોય, પણ ભવિષ્યમાં જ્યારે કરાર કરીએ ત્યારે હું વ્યકિતગત રીતે પણ નારાયણભાઈની વાત સાથે સંમત છું. સરકારમાં આખી વાતમાં નાણા ખાતા સાથે બેસીને આમાં કઈ રીતે હકારાત્મક નિર્ણય લઈ શકાય એના માટે ચોકકસ મિટિંગ આ આવતા સત્ર પતી જાય તરત ૧૦-૧૫ દિવસમાં આ બાબતે હકારાત્મક શું નિર્ણય કરી શકાય અને એવા ખેડૂતને કેમ લાભ આપી શકાય એ બાબતે નિર્ણય લેવા રાજ્ય સરકારે નકકી કર્યો છે.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : માનનીય અધ્યયશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું ખેડૂતને ૪ દીકરા હોય તો એને વારસદાર ગણવા તો દીકરીને વારસદાર ગણવી કે કેમ?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે, છઠ્ઠી, સાતમી અને આઠમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે કામ કરતી સંસ્થા/વ્યક્તિઓને એવોર્ડ

૧૨૬૧૩ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને વ્યક્તિઓએ તેમણે આ વર્ગો માટે કરેલ વિશિષ્ટ કામગીરી માટે એવોર્ડ આપવાનું નક્કી કરવામાં આવેલ છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ એવોર્ડ માટે પસંદગી સમિતિ રચીને કયારે એવોર્ડ આપવા માંગો છો? | (૨) શકય તેટલી વહેલી તકે. |

----------

## ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ ચૂકવવાની બાકી રકમ

૧૧૮૦૮ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જાતિઓ માટેની ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલા લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી, | (૧) ૧૩૧૩ લાભાર્થીઓને રૂપિયા ૧,૪૨,૨૨,૭૦૦ની સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૨) કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી લાભાર્થીઓને કયારે ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## કૃષિ વિષયક પાક ધિરાણ યોજના હેઠળ ખેડૂતોને લાભ

૧૨૩૮૯ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર(ઉત્તર)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના હેઠળ છેલ્લા નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં અમરેલી, રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં તાલુકા દીઠ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી, | (૧) રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના હેઠળ છેલ્લા નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં અમરેલી, રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં કુલ રૂ.૩૭૮,૬૦,૦૦,૬૭૪/-ની રકમના દાવાઓની ચુકવણી કરવામાં આવી. તાલુકાવાર વિગત પત્રક-૧ મુજબ છે. |
| (૨) કેટલા ખેડૂતોને તેનો લાભ મળ્યો, અને | (૨) ૩,૪૯,૨૯૪ |
| (૩) કેટલા ખેડૂતો આ યોજનાથી વંચિત રહ્યા? | (૩) યોજનાની જોગવાઈ મુજબ લાભ મળવાપાત્ર કોઈ પણ ખેડૂત યોજનાથી વંચિત રહેલ નથી. |

**પત્રક-૧**

**તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતીએ અમરેલી, ભાવનગર, જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ચુકવાયેલ દાવાની વિગત**

| જિલ્લો | તાલુકો | ચુકવાયેલ દાવાઓ રૂા. |
|---|---|---|
| અમરેલી | જાફરાબાદ | ૯૨૫૪૫૯૯.૫૬ |
| | કુંકાવાવ | ૨૦૭૧૨૯૧૫૧ |
| | **અમરેલીનુ કુલ** | ૨૧૬૩૮૩૭૫૦.૬ |
| ભાવનગર | બોટાદ | ૨૦૪૪૪૬૫.૫૪ |
| | **ભાવનગરનુ કુલ** | ૨૦૪૪૪૬૫.૫૪ |
| જુનાગઢ | ભેંસાણ | ૧૧૨૧૭૭૯૨૬ |
| | કેશોદ | ૭૭૯૯૫૬૬૭.૩ |
| | કુતીયાણા | ૯૮૫૯૨૮૧૧.૧ |
| | માણાવદર | ૨૧૩૧૮૫૯૯૨.૫ |
| | માંગરોળ | ૧૪૯૫૦૫૮૧.૮ |
| | પોરબંદર | ૧૧૪૨૬૮૯૧૭ |
| | રણાવાવ | ૩૭૩૫૧૬૫૩.૬ |
| | વંથલી | ૪૫૦૦૧૫૮૦.૩ |
| | વિસાવદર | ૧૭૬૧૮૬૬૧.૮ |

| | | |
|---|---|---|
| | **જુનાગઢનુ કુલ** | ૭૩૧૧૪૩૭૯૧.૪ |
| રાજકોટ | ધોરાજી | ૧૩૯૧૦૩૬૬૨.૭ |
| | ગોંડલ | ૪૦૧૧૯૪૪૯૪.૬ |
| | જામકંડોરણા | ૧૭૯૦૯૮૬૧૮.૩ |
| | જસદણ | ૨૯૭૫૫૫૨૬૦ |
| | જેતપુર | ૧૯૫૮૪૨૧૭૭.૪ |
| | કોટડા સાંગાણી | ૧૬૨૧૩૧૮૭૩.૯ |
| | લોધીકા | ૧૧૨૭૬૮૨૨૫.૨ |
| | માળીયા | ૧૨૫૧૨૬૪૫૨.૪ |
| | મોરબી | ૫૦૪૬૮૮૩૩૮ |
| | પડધરી | ૧૪૨૮૨૮૩૩૭.૧ |
| | રાજકોટ | ૨૫૩૭૨૦૨૫૩.૩ |
| | ઉપલેટા | ૨૪૦૭૯૦૨૫૦.૫ |
| | વાંકાનેર | ૮૧૫૮૦૭૨૩.૪૨ |
| | **રાજકોટનુ કુલ** | ૨૮૩૬૪૨૮૬૬૭ |
| | **એકંદરે કુલ** | ૩૭૮૬૦૦૦૬૭૪ |

----------

**સુરત જિલ્લામાં તાલુકાવાર ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રસ્તાના કામો**

૧૨૫૨૮ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રસ્તાના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તાલુકાવાર મંજુર કરેલ રસ્તાઓની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ (૩૧-૧-૦૫) ની સ્થિતિએ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (૧) | ચોર્યાસી | ૯૩ | ૯૪ | ૧૮૭ |
| (૨) | ઓલપાડ | ૧૧૫ | ૧૧૭ | ૨૩૨ |
| (૩) | કામરેજ | ૧૧૧ | ૮૯ | ૨૦૦ |
| (૪) | પલસાણા | ૧૦૧ | ૮૦ | ૧૮૧ |
| (૫) | બારડોલી | ૧૧૭ | ૧૦૯ | ૨૨૬ |
| (૬) | મહુવા | ૧૨૦ | ૧૧૫ | ૨૩૫ |
| (૭) | વાલોડ | ૭૮ | ૬૭ | ૧૪૫ |
| (૮) | વ્યારા | ૧૭૩ | ૧૪૬ | ૩૧૯ |
| (૯) | સોનગઢ | ૧૧૭ | ૧૨૬ | ૨૪૩ |
| (૧૦) | ઉચ્છલ | ૪૮ | ૪૮ | ૯૬ |
| (૧૧) | નિઝર | ૭૭ | ૫૨ | ૧૨૯ |
| (૧૨) | માંડવી | ૧૩૭ | ૧૭૯ | ૩૧૬ |
| (૧૩) | માંગરોળ | ૮૫ | ૧૦૬ | ૧૯૧ |
| (૧૪) | ઉમરપાડા | ૭૧ | ૧૨૦ | ૧૯૧ |
| | કુલ... | ૧૪૪૩ | ૧૪૪૮ | .૮૯૧ |

| | |
|---|---|
| (૨) તે પૈકી સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાઓમાં કયા કયા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, | (૨) સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાઓમાં મંજૂર કરેલ રસ્તાના કામોની વિગત સામેલ પરિશિષ્ટ* મુજબ. |
| (૩) તે પૈકી કેટલા રસ્તાનાં કાર્યો પૂર્ણ થયા છે અને કેટલા બાકી રહ્યાં છે, અને | (૩) તે પૈકી ૩૬૯ રસ્તાના કામો પૂર્ણ થયા છે. અને ૯૯ કામો બાકી રહેલ છે. |
| (૪) બાકી રહેલાં કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ? | (૪) બાકી રહેલ રસ્તાના કામો માર્ચ ૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું જિલ્લા આયોજન કરેલ છે. (*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.) |

----------

## પાક વીમા યોજનાના નાણાં પરત કરવા અંગે

૧૧૪૧૦ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચાલુ વર્ષે પાકવીમા યોજના પેટે કેટલા નાણાં મંજૂર થયા, | (૧) ચાલુ વર્ષે પાકવીમા યોજના હેઠળ વર્ષ ૨૦૦૩-૦૪ના ખરીફ અને રવિ/ઉનાળુ ઋતુના કુલ રૂા. ૫,૭૦,૬૨,૫૪૧/- ના દાવાઓ ભારતીય કૃષિ વિમા કું. એ મંજુર કર્યા છે. જ્યારે ખરીફ-૨૦૦૪ ઋતુના દાવાઓ હજુ ભારતીય કૃષિ વિમા કું. એ મંજૂર કરવાના બાકીમાં છે. |
| (૨) જો ના, તો તેનાં કારણો શું, અને | (૨) વર્ષ ૨૦૦૩-૦૪ના ખરીફ અને રવિ/ઉનાળુ ઋતુના દાવાઓની ખંડ-૧માં દર્શાવેલ નાણાંની ચુકવણી ભારતીય કૃષિ વિમા કું. એ કરવાની છે. જે માટે રાજ્ય સરકારે કોઈ હિસ્સો આપવાનો થતો નથી. આ ચૂકવણી સત્વરે કરવા વિમા કંપનીને રાજ્ય સરકારે જણાવેલ છે. જ્યારે ખરીફ ૨૦૦૪ના દાવાઓની ગણત્રીની કાર્યવાહી ચાલુ છે. |
| (૩) અમદાવાદ જિલ્લાના ખેડૂતોને પાક વિમાના પ્રિમિયમો પરત કરાયા છે, તે મુજબ બાકી રહેલ ખેડૂતોના પ્રિમિયમના નાણાં પરત આપવા શી કાર્યવાહી થઈ છે ? | (૩) અમદાવાદ જિલ્લાના ખેડૂતોને વિમા કંપની દ્વારા પાક વિમાના પ્રિમિયમો પરત કરાયા નથી, તેથી બાકી રહેલ ખેડૂતોના પ્રિમિયમના નાણાં પરત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

## કૃષિ યુનિવર્સિટીમાં સંશોધન ક્ષેત્રે સેન્ટર ઓફ એકસલન્સથી લાભ

૧૨૫૯૯ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની કૃષિ યુનિવર્સિટીમાં સંશોધન ક્ષેત્રે કેટલા સેન્ટર ઓફ એકસલન્સ મંજૂર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) ચાર. |
| (૨) જો હા, તો તેનાથી રાજ્યને શું લાભ થશે ? | (૨) સામેલ પરિશિષ્ટ મુજબ લાભ થશે. |

### પરિશિષ્ટ

**સેન્ટર ઓફ એકસલન્સ ઓન બાયોટેકનોલોજી, આણંદ :-**

- રોગ અને જીવાત સામે સારી ગુણવત્તાવાળી પ્રતિકારક જાતો તથા પાણીની ખેંચવાળી અને ક્ષારવાળી જમીનને અનુકૂળ સુધારેલ જાતો તૈયાર કરી શકાશે, જેનાથી અગત્યના પાકોનું ઉત્પાદન વધશે.

- બિન ખર્ચાળ અને પર્યાવરણ અનુકૂળ પધ્ધતિઓ જેવી કે, જૈવિક ખાતરો, જૈવિક કિટનાશકોનો ઉપયોગ કરવામાં આવશે અને કૃષિ આડ પેદાશોનું જૈવિક પધ્ધતિ દ્વારા ફાયદાકારક નિપજમાં રૂપાંતર કરી શકાશે.
- પેશી સંવર્ધનની મદદથી કૃષિ બાગાયતી પાકોની સુધારેલ જાતોનો પ્રસાર થઈ શકશે.
- પશુપાલન ક્ષેત્રે જાનવરોની ઉત્પાદકતા વધારવા અને પ્રજનન ક્ષમતા વધારવાના સંશોધન હાથ પર લેવામાં આવશે. તદ્ઉપરાંત પશુઓમાં આવતા રોગોનું જલ્દી નિદાન કરી શકાય તેવી પધ્ધતિઓ બાયોટેક દ્વારા વિકસાવી શકાશે. તેમજ રોગો સામેની અસરકારક રસીઓ તૈયાર થઈ શકશે.
- ડેરી વિજ્ઞાન ખાતે લેકટીક એસીડ ઉત્પન્ન કરતાં સુક્ષ્મ જીવોનો અભ્યાસ તેમજ પ્રોબાયોટીક અને ફંકશનલ ખાદ્ય પદાર્થો વિકસાવી શકાશે.
- કૃષિ બાયો ટેકનોલોજીના અંતિમ તબક્કામાં જુદા જુદા પાકો અને પશુઓના આર્થિક લક્ષણોને લગતા જનીનોની ઓળખ કરી ટ્રાન્સજનીક પાકો અને પશુઓ વિકસાવી શખાશે.
- દેશી કપાસમાં ગુણવત્તા સુધારવા માટે તારની લંબાઈ, મજબૂતાઈ અને સુવાળપ વધારવા માટે સંશોધન હાથ ધરી શકાશે.

**સેન્ટર ઓફ એકસલન્સ ઓન સોઈલ એન્ડ વોટર મેનેજમેન્ટ, જુનાગઢ :-**

- સૌરાષ્ટ્રના દરિયા કાંઠાના વિસ્તારમાં થતી ખેતીમાં દરિયાઈ પાણીથી જમીનમાં વધતી જતી ખારાશ અટકાવી શકાશે.
- જળ અને જમીનની ખારાશ અટકાવવા અંગે અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ અને સરકારી તેમજ બિન સરકારી સંસ્થાના કર્મચારીઓને તાલીમ આપી નિષ્ણાત માનવ બળ તૈયાર કરી શકાશે.
- અમુક અંશે ખારા પાણીનો ઉપયોગ કરી જુદા જુદા પાકોના વાવેતર દ્વારા કૃષિ ઉત્પાદનમાં વધારો કરી શકાશે.
- રિમોટ સેન્સીંગ પધ્ધતિ દ્વારા ભૂતળનો અભ્યાસ કરી જળ અને જમીન સંરક્ષણના પગલાં લઈ શકાશે.

**સેન્ટર ઓફ એકસલન્સ ઓન પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, નવસારી :-**

- પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી સેન્ટર દ્વારા બાગાયતી પાકોના પાયાના તથા પ્રાયોગિક સંશોધનમાં ફેરવણી, ફેરવણી, જાળવણી, સંગ્રાહણ અને વિવિધ ક્ષેત્રે સંશોધન કાર્ય હાથ ધરાશે. જેનાથી ખેડૂતો પોતાના બાગાયતી પાકો અને શાકભાજીના પાકોની પેદાશોને મુલ્ય વર્ધિત પેદાશોમાં રૂપાંતરિત કરી, પરદેશમાં તેની નિકાસ કરી વધુ આવક મેળવી શકશે.

**સેન્ટર ઓફ એકસલન્સ ઓન કેસ્ટર, દાંતીવાડા :-**

- દિવેલાના સેન્ટરની સ્થાપના થવાથી ઉત્તર ગુજરાતના અગત્યના રોકડીયા પાક દિવેલાની વધુ ઉત્પાદન આપતી/સુકારા જેવા રોગ અને જીવાત સામે પ્રતિકારક, ક્ષારીય જમીન અને શુષ્ક વિસ્તાર માટે ઓછા પિયતથી વધુ ઉત્પાદન આપતી હાઈબ્રીડ જાતો વિકસાવી, મૂલ્યવર્ધક પેદાશો માટે જરૂરી ગુણધર્મો ધરાવતી જાતોનું બીજ ઉત્પાદન કરી, ખેડૂતોને પુરુ પાડવામાં આવશે.

### રાજ્યમાં રોગ પ્રતિકારક બાયોટેકનોલોજી સંસ્થા સ્થાપવા દરખાસ્ત

૧૦૧૧૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં રોગ પ્રતિકારક શક્તિ ધરાવતા પાકના સંશોધન માટે અને હાઈપીલ્ડીંગ માટે સંશોધન કરવા માટે એડવાન્સ સેન્ટર ફોર એગ્રીકલ્ચર બાયોટેકનોલોજી સ્થાપવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને કયારે - કયારે દરખાસ્તો મોકલી, અને | (૧) તા. ૨૫.૩.૨૦૦૪, તા. ૧૩.૧૨.૨૦૦૪, તા. ૧૯.૧.૨૦૦૫, તા. ૮.૨.૨૦૦૫ |
| (૨) આ અંગે કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ ક્યારે આપ્યો? | (૨) કેન્દ્ર સરકાર પાસે નિર્ણય અર્થે પડતર છે. |

------------

## વડોદરા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

૧૧૦૪૨ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧/૧/૦૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ ગ્રામ પંચાયત તરીકે જાહેર કરવામાં આવી, | (૧) ૧૪૯ |
| (૨) આ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન ગ્રાંટ તરીકે કેટલી રકમ ચૂકવવામાં આવી છે, અને | (૨) રૂપિયા ૯૦.૨૦ લાખ. |
| (૩) આ ગ્રાંટનો ગ્રામ પંચાયતોએ કયા કયા કામોમાં ઉપયોગ કર્યો ? | (૩) સ્થાનિક વિકાસના કામો જેવા કે પીવાના પાણીની પાઈપલાઈન, સીસી રોડ, હવાડા, આંગણવાડી પંચાયતઘર, વારીગૃહ, મોટરમરામત, ગટરલાઈન, પ્રાથમિક શાળાના ઓરડા વગેરેમાં ઉપયોગ કરવામાં આવેલ છે. |

------------

## ટપક સિંચાઇ માટે ખેડૂતોને પ્રોત્સાહન

૧૧૦૦૯ **ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટપક સિંચાઇ પધ્ધતિ માટે સરકાર સક્રિય વિચારણા કરી રહી છે અને તે માટે રૂા. ૧૫૦૦ કરોડ વાયબ્રન્ટ ગુજરાત ઇવેન્ટ દરમ્યાન ફાળવવામાં આવ્યા છે તે વાત સાચી છે, | (૧) હા, જી. ટપક સિંચાઇ માટે સરકાર સક્રિય વિચારણા કરી રહી છે. આ માટે નાણાંકીય ફાળવણીની બાબત વિચારણા હેઠળ છે. |
| (૨) જો હા, તો ભાવનગર જિલ્લા માટે તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલા વિસ્તારમાં કેટલી રકમ ખર્ચ કરવાનું આયોજન છે, અને (૩) ખેડૂતોને પ્રોત્સાહન અને જાગૃતિ માટે કેટલી સબસીડી આપવાનું આયોજન છે ? | (૨) અને (૩) યોજનાની અમલવારીની બાબત વિચારણા હેઠળ છે. |

----------

## સરદાર પટેલ આવાસ યોજનાનો લક્ષ્યાંક અને સિધ્ધી

૧૧૧૭૪ **શ્રી કરસનભાઈ ભી. પટેલ (ગણદેવી) : માનનીય ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૦૪-૦૫ માં કુલ કેટલા આવાસો માટેનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, | (૧) ૩૬,૬૭૦. |
| (૨) તે પૈકી કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) ૩૬,૬૭૦. |
| (૩) મંજૂર થયેલા આવાસો પૈકી કેટલા આવાસનું બાંધકામ તા. ૩૧-૧-૦૫ સુધી પૂર્ણ થયેલ છે અને બાકી આવાસોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ૪૩૭૫ આવાસોનું બાંધકામ તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે બાકી આવાસોનું કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

----------

## સાણંદ, ધોળકા અને બાવળામાં સરદાર આવાસના મકાના

૧૦૮૦૦ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાણંદ, ધોળકા અને બાવળા તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલા સરદાર આવાસ બનાવવામાં આવ્યા, તેમાં કેટલા લોકોએ પઝેશન મેળવ્યું, અને | (૧) સાણંદ, ધોળકા અને બાવળા તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં કુલ ૬૪૭ આવાસ બનાવવામાં આવ્યા અને ૬૪૭ લોકોએ પઝેશન મેળવ્યું છે. |
| (૨) કેટલા મકાનો ખાલી છે, મકાનો ખાલી રહેવાના કારણો શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## ચોટીલા અને સાયલા તાલુકામાં પંચાયતના ગૌચર સર્વે નંબરોની તપાસણી

૧૧૫૪૮ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચાયતના અધિકારીઓ દ્વારા ગૌચરના સર્વે નંબરોની તપાસણી / ચકાસણી કરવાની કોઇ જોગવાઇ છે, | (૧) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩માં આવી કોઇ જોગવાઇ નથી પણ દબાણ હટાવવા અંગે વહીવટી સૂચના આપવામાં આવી છે. |
| (૨) જો હા, તો ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ના એક વર્ષમાં ક્યા ક્યા અધિકારી દ્વારા ક્યા ક્યા ગૌચરના સર્વે નંબરોની તપાસણી કરવામાં આવી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકારની જોગવાઇ મુજબ ગૌચરની તપાસણી ન કરનાર સામે ક્યા પગલાં લેવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## પંચવટી યોજના હેઠળ ગામોને આવરી લેવા અંગે

૧૨૧૯૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા પંચવટી યોજના જાહેર કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) આ યોજના પાછળ રાજ્ય સરકારનો આશય શું છે, અને | (૨) આ યોજનાનો આશય રાજ્યની ગ્રામ્ય પ્રજા ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃધ્ધોની સુખાકારી માટે તથા ગામોમાં સુવિધાયુક્ત બાગ-બગીચાઓનો વિકાસ થાય અને ગ્રામ્ય વિસ્તારમાં આનંદ પ્રમોદના સાધનો સહેલાઇથી ઉપલબ્ધ થાય તે છે, અને પંચવટી યોજના તળે પીપડ, વડ, હરડે, વેલ, અશોક તથા અન્ય ફળાઉ વૃક્ષો વાવવાનો છે. જેથી પારંપારીક સાંસ્કૃતિક વારસા પ્રત્યે આસ્થા જળવાઇ રહે. |
| (૩) સને ૨૦૦૪-૦૫ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલા ગામોને આ યોજના હેઠળ આવરી લેવાયેલા છે ? | (૩) ૩૨૪. |

----------

### વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓના શોષણ અંગે ફરિયાદો

૧૨૭૦૪ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય શ્રમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓના શોષણ અંગેની કેટલી ફરિયાદો મળી, અને | (૧) ૩૫. |
| (૨) આ ફરિયાદોના નિકાલ માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા ? | (૨) (૧) સમજાવટથી નાણાં ચુકવ્યા-૭<br>(૨) સમાધાન - ૮<br>(૩) કોર્ટમાં કેસ કર્યા - ૮<br>(૪) શ્રમયોગીએ સ્થળાંતર કરતાં અન્ય જિલ્લામાં તબદીલ - ૮<br>(૫) કાર્યવાહી ચાલુ - ૪<br>૩૫ |

----------

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ઉચાપત માટે મળેલ ફરિયાદો

૧૧૯૪૭ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વડોદરાના હોદ્દેદારોએ ખોટા બીલો બનાવી લાખો રૂપિયાની ઉચાપત કરેલ છે તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં મળી, અને | (૧) એક. |
| (૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધાં ? | (૨) નાયબ નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ વડોદરા દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે. |

----------

### ખંભાત અને ગોધરાની ફેકટરીઓમાં સીલીકોસીસ રોગથી મુત્યુ

૧૧૭૨૬ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખંભાત અને ગોધરામાં સીલીકાની કેટલી ફેકટરીઓ આવેલી છે અને તેમાં હાલમાં કેટલા મજૂરો કામ કરે છે, | (૧) ૧. ૨૯ ફેકટરીઓ આવેલી છે.<br>૨. ૨૪૯ મજૂરો કામ કરે છે. |
| (૨) આ સીલીકાની રજકણોનું નિયંત્રણ કરવા કેવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે, | (૨) આ સીલીકાની રજકણોનું નિયંત્રણ કરવા નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.<br>૧. ડસ્ટ કલેકશન સીસ્ટમ લગાડવામાં આવેલ છે.<br>૨. સાયક્લોન સેપરેટર વીથ ફીલ્ટર બેગ લગાડવામાં આવેલ છે.<br>૩. સીલીકાના રજકણોના ઉદ્‌ભવસ્થાન આગળ એકઝોસ્ટ સીસ્ટમ લગાડવામાં |

આવેલ છે.

૪. ડ્રાય મેન્યુફેક્ચરીંગ પ્રોસેસની જગ્યાએ વેટ મેન્યુફેક્ચરીંગ પ્રોસેસ સીસ્ટમનો ઉપયોગ કરવા માટેની વ્યવસ્થા કરવા કારખાનેદારોને જણાવેલ છે.

૫. શ્રમયોગીઓને પર્સનલ પ્રોટેકટીવ ઇક્વીપમેન્ટ આપવામાં આવેલ છે.

૬. અકીક ઘસવાથી ઉડતી ડસ્ટને કન્ટ્રોલ કરવા એન.આઇ.ઓ.એચ.ના સહયોગથી વિકસાવેલ ડસ્ટ એકઝોસ્ટ સીસ્ટમના મશીનો ૧૦ સંસ્થામાં સરકાર દ્વારા વિના મુલ્યે બેસાડેલ છે.

(૩) જો ના, કરવામાં આવી હોય તો તેના શાં કારણો છે, તેમની સામે સરકારે શું પગલાં લીધાં છે,

(૩) અકીકના રજકણો એકઠી કરવા માટે ડસ્ટ કલેકશન સીસ્ટમ નહી લગાડવા માટેના ત્રણ કારખાનાઓ સામે અદાલતમાં ૦૮ કેસો કરવામાં આવેલ છે.

(૪) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સીલીકોસીસ રોગનો ભોગ બનનાર અને મરણ પામનાર મજૂરોના વળતરના કેટલા કેસો પડતર છે, અને

(૪) સીલીકોસીસ રોગનો ભોગ બનનાર અને મરણ પામનાર શ્રમયોગીઓને વળતર ચુકવવાના કિસ્સામાં :- (અ) જ્યાં કામદાર રાજ્ય વીમા યોજના લાગુ પડતી હોય ત્યાં શ્રમયોગી કે તેના વારસદારે મેનેજમેન્ટ મારફત કામદાર રાજ્ય વીમા યોજનાને અરજી કર્યેથી કામદાર રાજ્ય વીમા નિગમ દ્વારા, અને (બ) જ્યાં કામદાર રાજ્ય વીમા યોજના લાગુ પડતી ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ વળતર કમિશ્નર તરીકે જાહેર કરાયેલ લેબર કોર્ટમાં અરજી કર્યેથી લેબર કોર્ટ દ્વારા વળતરની રકમ નક્કી કરવામાં આવે છે.

(૫) આ કેસોનો ક્યારે નિકાલ કરવામાં આવશે?

(૫) ઉપર (૪)માં કરવામાં આવેલ સ્પષ્ટતા જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યના યુવાનોને લશ્કરમાં જોડાવવા અંગે

૧૨૪૭૬ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના યુવાનો લશ્કરમાં વધારે પ્રમાણમાં જોડાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે સરકાર તરફથી શાં પગલાં લેવામાં આવેલ છે, અને | (૨)(૧)લશ્કરી ભરતી મેળાઓનો પ્રચાર માધ્યમો દ્વારા બહોળો પ્રચાર કરવામાં આવે છે.<br>(૨) લશ્કરી ભરતી મેળા દરમ્યાન તબીબી પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારને લેખિત પરીક્ષાની તૈયારી માટે તાલીમ આપવામાં આવે છે. |
| (૩) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા યુવાનો લશ્કરમાં જોડાયા છે ? | (૩) ૬૨૮૭. |

**વાવમાં ટીડીઓની ખાલી જગા**

૧૨૩૫૮ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાવ તાલુકા વિકાસ અધિકારીની જગ્યા કેટલા સમયથી ખાલી છે? | વાવ તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ખાલી નથી. |

---------------

**સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ આવરી લીધેલ જૂથો**

૧૨૬૧૭ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્વનિર્ભર જૂથોની રચના કરવામાં આવી છે, | (૧) રાજ્યમાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૩૫૩૭ જૂથોની રચના કરવામાં આવી છે. |
| (૨) સ્વનિર્ભર જૂથો દ્વારા કેટલાને સ્વરોજગારી માટે આવરી લેવાયા છે, અને | (૨) સ્વનિર્ભર જૂથો દ્વારા ૧૦૪૪ જુથોને સ્વરોજગારી માટે આવરી લેવાયા છે. |
| (૩) વ્યકિતગત સ્વરોજગારીની સંખ્યા કેટલી છે? | (૩) વ્યકિતગત સ્વરોજગારીની સંખ્યા ૨૯૯૧૮ છે. |

-----------

**ઔદ્યોગિક એકમોમાં અકસ્માતથી જાનહાની**

૯૮૩૩ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ઔદ્યોગિક એકમોમાં છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલા અકસ્માતો થયા, | (૧) ૭૪૨૩ |
| (૨) આ ઔધોગિક એકમોમાં કેટલી જાનહાની તથા આર્થિક નુકસાન થયુ, અને | (૨) (૧) ૨૧૫ જાનહાની થઈ<br>(૨) અંદાજીત રૂપિયા ૧૧૬.૯૫ કરોડનું નુકશાન થયું. |
| (૩) આવા અકસ્માતો નિવારવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે? | (૩) નીચે મુજબનાં પગલાંઓ લેવામાં આવે છે :-<br>(૧) શ્રમયોગીઓની સલામતી માટે કારખાના નિરીક્ષણ તંત્રના અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરાવી સલામતીની જોગવાઈ- ઓનો અમલ કરાવવામાં આવે છે.<br>(૨) સક્ષમ વ્યક્તિઓ દ્વારા સલામતીની જોગવાઈઓને અનુરૂપ પ્રેસર વેસલ્સ, લીફટીંગ મશીન્સ, બિલ્ડીંગ સ્ટેબીલીટી, ડેન્જરસ મશીન્સ, નેકેડ લાઈટ વગેરેની ચકાસણી કરાવવામાં આવે છે.<br>(૩) કેમીકલ કારખાનાઓમાં શ્રમયોગીઓ અને મેનેજમેન્ટના સભ્યોની બનેલી સેફટી કમિટિની રચના કરાવવામાં આવે છે.<br>(૪) જે કારખાનામાં ૧૦૦૦ કે તેથી વધુ તેમજ અતિશય જોખમી કારખાનાઓમાં ૧૦૦ કે તેથી વધુ શ્રમયોગીઓ હોય ત્યાં સલામતી અધિકારી રખાવવામાં આવે છે.<br>(૫) દરેક જોખમી કેમીકલ કારખાનાઓમાં હેલ્થ અને સેફ્ટી પોલીસી બનાવડાવવામાં આવે છે. |

(૬) જોખમી કેમીકલ પ્રક્રિયાવાળા કારખાનાઓમાં અનુભવી અને યોગ્ય લાયકાતવાળા સુપરવાઈઝરની નિમણુંક કરાવવામાં આવે છે.
(૭) અતિજોખમી કેમીકલ કારખાનાઓમાં ઓન સાઈટ ઈમરજન્સી પ્લાન બનાવડાવી તેનું રીહર્સલ કરાવવામાં આવે છે તેમજ ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા વર્ષમાં ત્રણ વખત તપાસણી કરવામાં આવે છે.
(૮) જોખમી કેમીકલ કારખાનાઓનું સેફ્ટી ઓડિટ કરાવવામાં આવે છે.
(૯) અતિજોખમી કારખાના આવેલ હોય તેવા બધા જિલ્લાઓમાં ઓફ સાઈટ ઈમરજન્સી પ્લાન બનાવેલ છે તથા તેનું દર વર્ષે જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ રીહર્સલ કરવામાં આવે છે.
(૧૦) શ્રમયોગીઓ તથા મેનેજમેન્ટના સભ્યોમાં સલામતી અંગે જાગૃતિ કેળવવા દર વર્ષે સેફ્ટી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવે છે તેમજ ચોથી માર્ચના દિવસને સેફ્ટી ડે તથા સેફ્ટી વીક તરીકે ઉજવણી કરાવવામાં આવે છે.
(૧૧) શ્રમયોગીઓ/સુપરવાઈઝરો માટેના સલામતી તાલીમ કાર્યક્રમો કરાવવામાં આવે છે.
(૧૨) ઔધોગિક એકમોમાં મેનેજમેન્ટ તથા શ્રમ યોગીઓને સલામતી માટે પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે સરકારશ્રી દ્વારા શ્રમ પારિતોષિક યોજના અમલમાં મુકાયેલ છે.

----------

**સોઈલ હેલ્થ કાર્ડ હેઠળ જમીનનું કાયમી ધોરણે પૃથ્થકરણ**

૧૨૩૯૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે સને ૨૦૦૩ તથા ૨૦૦૪ના વર્ષમાં સોઈલ હેલ્થ કાર્ડ યોજના શરૂ કરી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ખેતીની જમીનમાં દરેક ઋતુના પાક લીધા બાદ જમીનના પોષક તત્ત્વો સતત બદલાતા રહે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૨) હા, જી. |
| (૩) જો, હા, તો તેમ છતાં પણ સરકારશ્રી તરફથી એકવાર જમીનનું પૃથ્થકરણ કરી, કાયમી ધોરણે હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવામાં આવે છે તેના શાં કારણો છે, અને | (૩) અને (૪) રાજ્ય સરકારે જમીનના નમૂના તબક્કાવાર લેવાનું આયોજન આ હેતુથી જ કરેલ છે પરંતુ એકવાર રાજ્ય સરકાર કાર્ડ આપશે પછી ઉત્તરોતર પૃથ્થકરણ કરાવવાથી તથા ફેરફારની માહિતી યથા સમયે આપવાની કાર્યવાહી કરવામાં આવશે. |
| (૪) આ ફરિયાદના ઉકેલ માટે રાજ્ય સરકારે શી વ્યવસ્થા કરી છે? | |

---------

**રાજ્યમાં ભિક્ષુક ગૃહો**

૧૦૮૦૪ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશેકે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની અંતિત રાજ્યમાં કેટલા ભિક્ષુક કેન્દ્રો આવેલ છે, અને | (૧) ૬ |
| (૨) જે પૈકી સુરત શહેર અને જિલ્લામાં કુલ કેટલા ભિક્ષુક ગૃહો છે? | (૨) ૧ |

------------

**કૃષિ ધિરાણ ક્ષેત્રે આપેલ ધિરાણ**

૧૨૫૯૧ **શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કૃષિ વિષયક ધિરાણ ક્ષેત્રે રાજ્ય સરકાર ધ્વારા શું પ્રયત્ન કરવામાં આવેલ છે, | (૧) કેન્દ્ર સરકારે કરેલ જાહેરાત મુજબ આગામી ત્રણ વર્ષમાં કૃષિ ધિરાણ બમણું કરવાનું રહે છે અને તે મુજબ નાબાર્ડની પુનઃગઠન સહિતની યોજનાઓનો અમલ કરવા રાજ્ય સહકારી બેંક અને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. |
| (૨) સન ૨૦૦૪-૦૫ના વર્ષના અંતે કેટલા કિસાન ક્રેડીટ કાર્ડ આપવામાં આવેલ છે, અને | (૨) ૧૦,૦૩,૭૫૫. |
| (૩) તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલું ધિરાણ કરવામાં આવેલ છે? | (૩) રૂા. ૨૨૬૩.૩૬ કરોડ. |

----------

**શ્રમયોગી યોજનામાં લાભ આપવાનો લક્ષ્યાંક**

૧૨૦૧૧ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૪-૦૫માં શ્રમયોગી યોજના હેઠળ જિલ્લાવાર કેટલાં ગામોના કેટલા શ્રમયોગીને લાભ આપવાનો લક્ષ્યાંક રાખ્યો હતો, | (૧) શ્રમયોગી યોજના : તા. ૩૧-૭-૦૩થી શરુ કરવામાં આવેલ છે. રાજ્યના દરેક ગામના પાંચ સૌથી ગરીબ પરિવારોને અઢી અઢી વર્ષના બે તબક્કામાં આવરી લેવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. |
| (૨) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ જિલ્લાવાર કુલ કેટલાં ગામોના શ્રમયોગીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૨) સામેલ પત્રક મુજબ.* |
| (૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો? | (૩) રૂા. ૭૪૩૪.૩૨ લાખ. |

*** પત્રક**

**શ્રમયોગી યોજના હેઠળ જિલ્લાવાર આવરી લીધેલ ગામો અને લાભ આપવામાં આવેલ પરિવારોની સંખ્યા નીચે મુજબ છે.**

| અ.નં. | જિલ્લાનું નામ | યોજનાનો લાભ આપવામાં આવેલ ગામોની સંખ્યા | લાભ આપવામાં આવેલ પરિવારોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૫૫૪ | ૨૮૮૨ |
| ૨ | અમરેલી | ૬૩૩ | ૧૫૭૯ |
| ૩ | આણંદ | ૩૬૧ | ૧૧૭૦ |

| | | | |
|---|---|---|---|
| ૪ | બનાસકાંઠા | ૧૨૪૦ | ૬૨૧૮ |
| ૫ | ભરૂચ | ૬૬૨ | ૩૩૦૪ |
| ૬ | ભાવનગર | ૮૦૨ | ૩૯૮૮ |
| ૭ | દાહોદ | ૬૯૬ | ૩૪૮૦ |
| ૮ | ડાંગ | ૩૧૧ | ૧૫૫૫ |
| ૯ | ગાંધીનગર | ૨૯૭ | ૧૧૦૨ |
| ૧૦ | જામનગર | ૫૪૮ | ૨૫૬૫ |
| ૧૧ | જુનાગઢ | ૬૫૯ | ૨૪૬૭ |
| ૧૨ | કચ્છ | ૯૧૪ | ૪૫૬૯ |
| ૧૩ | ખેડા | ૬૩૧ | ૧૮૮૩ |
| ૧૪ | મહેસાણા | ૬૨૩ | ૩૧૦૮ |
| ૧૫ | નર્મદા | ૫૫૧ | ૧૨૯૫ |
| ૧૬ | નવસારી | ૩૯૩ | ૧૯૬૫ |
| ૧૭ | પંચમહાલ | ૧૨૦૧ | ૬૦૦૫ |
| ૧૮ | પાટણ | ૫૨૪ | ૨૬૧૮ |
| ૧૯ | પોરબંદર | ૧૪૫ | ૭૨૨ |
| ૨૦ | રાજકોટ | ૮૬૭ | ૪૩૩૫ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૩૫૮ | ૬૭૫૬ |
| ૨૨ | સુરત | ૧૨૭૬ | ૬૩૪૨ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૬૫૩ | ૩૧૪૪ |
| ૨૪ | વડોદરા | ૧૨૮૩ | ૬૫૩૬ |
| ૨૫ | વલસાડ | ૨૩૯ | ૨૩૪૫ |
| | કુલ.. | ૧૭૪૨૧ | ૮૧૯૩૩ |

-------------

**કચ્છ જિલ્લામાં સો ચોરસવારના પ્લોટ**

૧૦૧૨૫ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના તાલુકાઓમાં ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન ૧૦૦ ચો.વાર પ્લોટની ફાળવણી માટે કેટલી લેન્ડ કમિટિની મીટીંગો બોલાવવામાં આવી,

(૨) તાલુકાવાર કેટલા ૧૦૦ ચોરસવાર પ્લોટ મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ૮ (આઠ).

(૨) તાલુકાવાર નીચે મુજબ ૧૦૦ ચોરસવાર કુલ-૩૭૩ પ્લોટ મંજુર કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ મંજુર કરેલ પ્લોટની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૭૬ |
| ૨ | માંડવી | ૧૦૯ |
| ૩ | મુન્દ્રા | ૦૦ |
| ૪ | અંજાર | ૦૭ |
| ૫ | ગાંધીધામ | ૧૮ |
| ૬ | ભચાઉ | ૨૮ |
| ૭ | રાપર | ૦૦ |
| ૮ | નખત્રાણા | ૯૨ |
| ૯ | અબડાસા | ૦૦ |

| | | |
|---|---|---|
| ૧૦ | લખપત | ૪૩ |

(૩) તે પૈકી કેટલા લાભાર્થીઓને પ્લોટ સોંપવામાં આવ્યા? (૩) ૨૬૧.

-----------

## અમરેલી જિલ્લામાં એસ.જી.આર. યોજના હેઠળ મંજૂર થયેલ કામા

૧૧૦૦૬ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં એસ.જી.આર. યોજના નીચે તાલુકા જિલ્લા કક્ષાની ગ્રાન્ટમાંથી તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલા કામો મંજૂર કરાયેલ છે,

(૨) મંજૂર કરાયેલ કામો કયા કયા છે અને તેની કેટલી કેટલી રકમ મંજૂર કરાયેલ છે,

(૩) તે પૈકી કયા વર્ષના કયા કયા કામો પૂર્ણ થયેલ છે, અને

(૪) બાકી રહેતા કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) આ તાલુકાઓમાં એસ.જી.આર.વાય. યોજના હેઠળ તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મંજુર કરેલ કામોની વિગતો સામેલ પત્રક-૧ મુજબ.*

(૨) મંજુર કરેલ કામોનો પ્રકાર અને તેની રકમોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | મંજુર કરેલ કામનો પ્રકાર | મંજુર કરેલ કામોની સંખ્યા | કામની મંજુર કરેલ રકમો (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ગ્રામ્ય તળાવનાં કામો | ૨૦ | ૩૨.૨૧ |
| ૨ | બંધારાનાં કામો | ૩ | ૧.૯૪ |
| ૩ | રોડ સુધારણાના કામો | ૪૦ | ૫૯.૭૬ |
| ૪ | પીવાનાં પાણીની સુવિધાનાં કામો | ૩ | ૨.૩૯ |
| ૫ | પ્રોટેકશન વોલનાં કામો | ૯ | ૮.૫૨ |
| ૬ | અન્ય કામો (આવાસ સુધારણા/ સેનીટેશન વિ.) | ૪૦૫ | ૬૩.૧૫ |
| | કુલ.. | ૪૮૦ | ૧૬૭.૯૭ |

(૩) વર્ષવાર, કામના પ્રકારવાર પૂર્ણ કરેલ કામોની વિગતો સામેલ પત્રક-૨ મુજબ.

(૪) બાકી રહેલ કામો માર્ચ-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

*** પત્રક : ૧**

| ક્રમ | તાલુકો | વર્ષવાર, સેકટરવાર મંજુર કરેલ કામોની વિગત | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | | ૨૦૦૩-૦૪ | | ૨૦૦૪-૦૫ (૩૧-૧-૦૫ અંતિત) | | કુલ | | |
| | | જિલ્લા કક્ષા | તાલુકા કક્ષા | જિલ્લા કક્ષા | તાલુકા કક્ષા | જિલ્લા કક્ષા | તાલુકા કક્ષા | જિલ્લા કક્ષા | તાલુકા કક્ષા | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | રાજુલા | ૩૪ | ૩૫ | ૧૮ | ૫૩ | ૦ | ૮૩ | ૫૨ | ૧૭૧ | ૨૨૩ |
| ૨ | જાફરાબાદ | ૧૩ | ૧૮ | ૨૭ | ૨૧ | ૨૦ | ૨૧ | ૬૦ | ૬૦ | ૧૨૦ |
| ૩ | ખાંભા | ૧૯ | ૨૪ | ૧૫ | ૧૧ | ૨૦ | ૪૮ | ૫૪ | ૮૩ | ૧૩૭ |
| | કુલ | ૬૬ | ૭૭ | ૬૦ | ૮૫ | ૪૦ | ૧૫૨ | ૧૬૬ | ૩૧૪ | ૪૮૦ |

**પત્રક-૨**

| ક્રમ | મંજુર કરેલ કામનો પ્રકાર | પૂર્ણ કરેલ કામોની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ગ્રામ્ય તળાવનાં કામો | ૧૪ | ૨ | ૪ | ૨૦ |
| ૨ | બંધારાના કામો | ૨ | ૧ | ૦ | ૩ |
| ૩ | રોડ સુધારણાના કામો | ૯ | ૧૪ | ૧૭ | ૪૦ |
| ૪ | પીવાના પાણીની સુવિધાના કામો | ૦ | ૧ | ૨ | ૩ |
| ૫ | પ્રોટેકશન વોલના કામો | ૦ | ૧ | ૮ | ૯ |
| ૬ | અન્ય કામો (આવાસ સુધારણા/સેનીટેશન વિગેરે) | ૧૦૯ | ૧૧૯ | ૧૦૮ | ૩૩૬ |
| | કુલ ... | ૧૩૪ | ૧૩૮ | ૧૩૯ | ૪૧૧ |

------------

**નવરચિત જિલ્લા/તાલુકા પંચાયતનું બાંધકામ**

૧૨૨૦૬ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તારીખઃ- ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ નવરચિત જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત પૈકી કેટલી કચેરીઓનું બાંધકામ પૂર્ણ થયેલ છે, અને | (૧) ૩ જિલ્લા પંચાયત કચેરી અને ૨૧ તાલુકા પંચાયત કચેરીઓ. |
| (૨) બાકીની કચેરીઓનું કામ કેટલા સમયમાં શરૂ થશે? | (૨) બનતી ત્વરાએ. |

-----------

**જામનગર જિલ્લામાં બેરોજગારોની નોંધણી**

૧૨૬૫૪ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ(કાલાવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જામનગર જિલ્લાના કેટલા બેરોજગારોએ રોજગાર વિનિમય કચેરીમાં રોજગારી માટે નોંધણી કરાવેલ છે ? | ૨૩૧૧૭. |

-----------

**પાટણ તાલુકાના એસ.જી.આર.વાય. ના રસ્તાના કામો**

૧૧૬૮૯ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ પાટણ તાલુકાના એસ.જી.આર.વાય. ના કામોમાં નોન પ્લાન રસ્તા બનાવવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના મેટલીંગ વર્ક અને પેવર માટે સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ? | (૨) એસ.જી.આર.વાય. યોજના હેઠળ પાટણ તાલુકામાં ૨૦% જિલ્લા કક્ષા હેઠળ અને ૩૦% તાલુકા કક્ષા હેઠળ ૧૨ રસ્તાના કામો (મેટલીંગ વર્ક) મળી કુલ ૧૩ કામોનું આયોજન કરવામાં આવેલ છે. એસ.જી.આર.વાય. હેઠળ પેવર કામ કરી શકાતા નથી. જેથી પેવર કામ કરવાનું આયોજન કરાયેલ નથી. |

----------

**ધંધુકા બરવાળા અને રાણપુરમાં વોટરશેડ યોજના પાછળ ખર્ચ**

૧૦૪૭૭ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ ધંધુકા બરવાળા અને રાણપુર તાલુકાના કુલ કેટલા ગામોમાં વોટરશેડ યોજના ચાલુ છે, અને | (૧) ધંધુકા તાલુકાના ૧૯, બરવાળા તાલુકાના ૧૭ અને રાણપુર તાલુકાના ૧૪ મળી કુલ ૫૦ ગામોમાં વોટરશેડ યોજના ચાલુ છે. |
| (૨) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧/૧/૦૫ સુધીમાં આ કામો પાછળ કુલ કેટલી રકમ વાપરવામાં આવી? | (૨)રૂા. ૨૫૭.૬૩ લાખની રકમ વાપરવામાં આવી. |

----------

**પાલીતાણા તાલુકામાં ગ્રામ પંચાયતો અલગ કરવા દરખાસ્ત**

૧૧૬૩૮ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકામાં ગ્રામ પંચાયતો જુદી કરવા અંગેની કોઈ દરખાસ્ત રાજ્ય સરકારને મળી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે મળી છે, અને | (૨) તા. ૧૬-૭-૨૦૦૨ના રોજ. |
| (૩) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ તે કયા તબક્કે છે ? | (૩) વિધાનસભા મતવિસ્તારની સીમાંકનની કાર્યવાહી દરમિયાન યથાવત સ્થિતિ જાળવી રાખવાની છે. |

----------

**નિરાધાર વૃધ્ધોને પેન્શન યોજના અન્વયે મળેલ અરજીઓ**

૧૨૦૨૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિરાધાર વૃધ્ધોને પેન્શન આપવાની યોજના અન્વયે અમદાવાદ શહેરમાં ૨૦૦૪ના કેલેન્ડર વર્ષ દરમ્યાન કેટલા લાભાર્થીઓને રકમ ચૂકવવામાં | (૧) ૮૧૧૪ લાભાર્થીઓ. |

આવી,
(૨) કુલ કેટલી અરજીઓ આવી હતી, અને
(૩) કુલ કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

(૨) ૬૧૨ અરજીઓ.
(૩) ૬૧૨ પૈકીની ૫૯૯ અને અગાઉની ૪૯ મળી કુલ ૬૪૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

----------

**કચ્છ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૧૧૯૪૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના રાપર અને ભચાઉ તાલુકાનાં મહેસૂલી ગામોમાં ગ્રામ પંચાયતોનાં તલાટી કમ મંત્રીની જગ્યાઓ ખાલી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શું છે, અને | (૨) નિવૃત્તિ, બઢતી, રાજીનામું, ફરજમોકુફીના કારણે. |
| (૩) ૪૦૦૦થી વધુ વસ્તીનાં આ વિસ્તારના ગામોમાં તા. ૩૧/૧૨/૨૦૦૪ની સ્થિતિએ કેટલા તલાટી-કમ-મંત્રીઓને અન્ય ગામોના ચાર્જ સોંપવામાં આવ્યા છે ? | (૩) ૪૦૦૦ થી વધુ વસ્તીવાળા સેજાના તલાટી કમ મંત્રીને અન્ય વધારાના ગામનો હવાલો સુપ્રત કરાયેલ નથી. |

----------

**રાજ્યમાં ઈ-ગ્રામ હેઠળ કરેલ ખર્ચ**

૧૨૬૧૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યના ગામડાઓને કામકાજ અને વિકાસના કામો માટે ઈ-ગ્રામ યોજનાથી જોડવામાં આવ્યા છે તે વાત સાચી છે, | (૧) વર્ષ ૨૦૦૪ અંતિત ૫૬૭ ગ્રામ પંચાયોતોને ઈ-ગ્રામ યોજના હેઠળ આવરેલ છે. જ્યારે બાકીની ગ્રામ પંચાયતોને તબક્કાવાર આવરી લેવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો ભિલોડા તાલુકાના કેટલા આદિવાસી ગામડાઓને ઈ-ગ્રામથી જોડવામાં આવ્યા છે, અને | (૨) ૩. |
| (૩) એની પાછળ તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂા. ૨,૨૬,૦૦૦/- |

----------

**ખેત તલાવડી બનાવવા પાછળ ખર્ચ**

૧૨૬૦૧ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં કેટલી ખેત તલાવડીઓ બનાવવામાં આવી તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) (૧) ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. ધ્વારા રાજયમાં તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં ૧૪૩૬ ખેત તલાવડીઓ બનાવવામાં આવી તેની પાછળ રૂા. ૧૮૪,૫૧ લાખ ખર્ચ થયો.<br>(૨) ગ્રામ વિકાસ વિભાગ ધ્વારા તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં ૧,૩૦,૨૬૧ તલાવડીઓ બનાવવામાં આવી અને ૮૩૫૮૫.૦૫૧ મેટ્રીકટન અનાજ સહાય ચૂકવવામાં આવેલ છે. અને રૂા. ૭૩.૪૧ લાખ |

| | |
|---|---|
| | રોકડ ખર્ચ થયેલ છે. |
| (૨) આ તલાવડીઓ ધ્વારા કેટલા પાણીનો સંગ્રહ કરી શકાશે ? | (૨) ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. ધ્વારા બનાવવામાં આવેલ ખેત તલાવડીઓમાં ૯.૨૬ લાખ ઘન લીટર પાણીનો સંગ્રહ કરી શકાશે. ગ્રામ વિકાસ વિભાગ ધ્વારા બનાવવામાં આવેલ તલાવડીઓમાં ૨૨૭.૧૩ લાખ ઘન લીટર પાણીનો સંગ્રહ થઈ શકશે. |

----------

## માંગરોળ તાલુકાની ગ્રામ પંચાયતો છૂટી કરવાની માંગણી

૧૨૫૨૪ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાની ગ્રામ પંચાયતો પૈકી વસ્તીના આધારે કેટલી ગ્રામ પંચાયતો છૂટી પાડવાની માગણી તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રાજ્ય સરકારને મળી છે, અને | (૧) એકપણ દરખાસ્ત મળેલ નથી. |
| (૨) આ અંગે સરકારે શો નિર્ણય લીધો છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.. |

------

## ખેત બજાર ઉત્પન્ન સમિતિનું આધુનિકરણ

૧૨૧૯૧ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ખેત બજાર ઉત્પન્ન સમિતિના આધુનિકરણ માટે સન ૨૦૦૪-૦૫માં સરકાર ધ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ ધ્વારા ટી.એમ.સી. (ટેકનોલોજી મીશન ઓન કોટન) અંતર્ગત ખેત ઉત્પન્ન બજાર સમિતિ, કપડવંજને ઈમ્પ્રુવમેન્ટ કેટેગરીમાં રૂા. ૧૫૭/- લાખ મંજુર કરવામાં આવેલ છે તેમજ ૩૮ ખેત ઉત્પન્ન બજાર સમિતિઓને વિના મુલ્યે કોમ્પ્યુટર્સ આપવામાં આવેલ છે. |

----------

## ભાવનગરમાં ખેડૂત ખાતેદારના અકસ્માત વીમા માટે અરજીઓ

૧૧૦૫૭ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ભાવનગર જિલ્લામાં ખેડૂત ખાતેદારો માટે અકસ્માત વીમો મેળવવા કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૮૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને | (૨) યોજના અંતર્ગત જોગવાઇઓ આધીન ૧૦ અરજીઓ મંજૂર કરી છે. |

(૩) અરજીઓ બાકી રહેવાના શું કારણો છે?

(૩) બાકી રહેતી અરજીઓ વીમા કંપની હેઠળ ચકાસણીમાં, અરજદારો પાસે યોજનાનુસારના દસ્તાવેજો મેળવવા માટે તથા વહીવટી કારણોસર પડતર રહેલ છે.

----------

**સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ રોજગારી**

૧૨૨૧૬ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સન ૨૦૦૪-૦૫ના વર્ષમાં ડીસેમ્બર-૦૪ના અંતિત સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ કેટલા અનાજના જથ્થાનો વપરાશ થયો, અને

(૨) કેટલા માનવદિન રોજગારી રાજ્ય સરકારે ઉભી કરી ?

**જવાબ**

(૧) ૧,૨૦,૨૫૮ (મે.ટન) અનાજના જથ્થાનો વપરાશ થયેલ.

(૨) ૧૮૪.૬૭ (લાખ) માનવદિન રોજગારી ઉભી કરેલ છે.

----------

**રાજ્યમાં આપેલ સોઇલ હેલ્થ કાર્ડ**

૧૧૭૨૨ **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા સોઇલ હેલ્થકાર્ડ ઇસ્યુ થયા, અને

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં ૨,૦૫,૩૮૯ સોઇલ હેલ્થકાર્ડ ઇસ્યુ થયા, જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે :

| અ.નં. | જિલ્લાનું નામ | આપવામાં આવેલ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૫૯૧૪ |
| ૨. | ખેડા | ૫૯૯૫ |
| ૩. | આણંદ | ૩૮૬૦ |
| ૪. | ગાંધીનગર | ૩૦૧૪ |
| ૫. | વડોદરા | ૨૦૭૩૯ |
| ૬. | પંચમહાલ | ૧૨૨૩૨ |
| ૭. | ભરૂચ | ૧૦૪૮૮ |
| ૮. | દાહોદ | ૬૯૬૦ |
| ૯. | નર્મદા | ૬૬૨૧ |
| ૧૦. | સુરત | ૧૨૮૯૯ |
| ૧૧. | વલસાડ | ૪૬૮૯ |
| ૧૨. | ડાંગ | ૩૦૯૦ |
| ૧૩. | નવસારી | ૩૮૪૭ |
| ૧૪. | મહેસાણા | ૬૦૫૦ |
| ૧૫. | બનાસકાંઠા | ૧૪૩૨૨ |
| ૧૬. | પાટણ | ૫૨૦૦ |
| ૧૭. | સાબરકાંઠા | ૧૩૯૨૦ |
| ૧૮. | રાજકોટ | ૯૫૧૯ |
| ૧૯. | કચ્છ | ૧૦૨૧૦ |
| ૨૦. | સુરેન્દ્રનગર | ૭૫૯૦ |
| ૨૧. | જામનગર | ૮૩૬૮ |
| ૨૨. | જુનાગઢ | ૯૫૬૫ |
| ૨૩. | અમરેલી | ૮૧૮૯ |
| ૨૪. | ભાવનગર | ૧૦૫૭૮ |
| ૨૫. | પોરબંદર | ૧૫૩૦ |
| | કુલ :- | ૨૦૫૩૮૯ |

| | |
|---|---|
| (૨) આ કાર્ડ પાછળ જિલ્લાવાર કેટલો ખર્ચ થયો? | (૨) આ કાર્ડ પાછળ વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં કુલ રૂા. ૧૧૮.૬૮ લાખની ફાળવણી કરેલ છે તે પૈકી બે લાખ કાર્ડ છપાવવાનો રૂા. ૦.૬૮ લાખનો ખર્ચ થયો છે. જ્યારે પ્રોજેક્ટના સોફ્ટવેર ડેવલપમેન્ટ નેટવર્કીંગ અને ડેટા બેંક તૈયાર કરવા પાછળ રૂા. ૨૫,૪૩,૦૮૩ નો ખર્ચ કરવામાં આવ્યો છે. |

----------

## પંચાયત સેવાના કર્મચારીઓને રહેમરાહે નિમણૂંક

૧૨૧૮૬ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચાયત સેવાના કર્મચારીઓને રહેમરાહે નિમણૂક આપવાના છેલ્લા એક વર્ષમાં કેટલા ઉમેદવારોને નિમણૂક આપવામાં આવી છે, અને | (૧) ૧૪૨૩. |
| (૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ અરજીઓ કેટલી પડતર છે અને આવા બાકી ઉમેદવારોને કેટલા સમયમાં નિમણૂક આપવામાં આવશે ? | (૨) ૬૦૨. નિયમ મુજબ પાત્રતા ધરાવતા અરજદારોને રહેમરાહે નિમણૂક આપવાની કાર્યવાહી ચાલુ છે. |

----------

## પંચવટી યોજના હેઠળ આવરી લેવાયેલા ગામો

૧૨૧૯૩ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજય સરકાર દ્વારા પંચવટી યોજના જાહેર કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) આ યોજના પાછળ રાજ્ય સરકારનો આશય શું છે, અને | (૨) આ યોજનાનો આશય રાજ્યની ગ્રામ્ય પ્રજા ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃધ્ધોની સુખાકારી માટે તથા ગામોમાં સુવિધાયુક્ત બાગ-બગીચાઓનો વિકાસ થાય અને ગ્રામ્ય વિસ્તારમાં આનંદ પ્રમોદના સાધનો સહેલાઇથી ઉપલબ્ધ થાય તે છે, અને<br>પંચવટી યોજના તળે પીપડ, વડ, હરડે, વેલ, અશોક તથા અન્ય ફળાઉ વૃક્ષો વાવવાનો છે. જેથી પારંપારીક સાંસ્કૃતિક વારસા પ્રત્યે આસ્થા જળવાઇ રહે. |
| (૩) સને ૨૦૦૪-૦૫ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલા ગામોને આ યોજના હેઠળ આવરી લેવાયેલા છે ? | (૩) ૩૨૪. |

----------

## જામનગર જમીન વિકાસ બેંકના ડિરેકટર વિરુધ્ધ ફરીયાદ

૧૦૮૧૨ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં જમીન વિકાસ બેંકના ડિરેક્ટર દ્વારા સત્તાનો દૂર ઉપયોગ કરી | (૧) હા, જી. |

| | |
|---|---|
| ધિરાણો મેળવેલ છે અને કંપનીમાં ભાગીદાર રહીને પોતાની કંપનીનો વેપાર વધારવા, નિયત વિરુધ્ધમાં લોન મંજૂર કરી ધિરાણો કરવામાં આવેલ છે, તે વાત ખરી છે, | |
| (૨) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ આ અંગેની સરકારને આવી કોઇ ફરિયાદ મળેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કસૂરદાર સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) કસૂરદાર સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

----------

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોની આકસ્મિક મૃત્યુ વીમાની અરજીઓ**

૧૧૭૧૭ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને આકસ્મિક મૃત્યુ વીમા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૪. |
| (૨) તે પૈકી કેટલા અરજદારોને વીમા સહાય ચૂકવવામાં આવી છે, અને | (૨) ૧૯. |
| (૩) આ અંગેની કેટલી અરજીઓનો નિકાલ બાકી છે ? | (૩) ૩૨. |

----------

**રાજકોટ જિલ્લામાં પંચાયત ઘર**

૧૨૦૨૭ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ટંકારા-પડધરી અને મોરબી તાલુકામાં ગામવાર કેટલા પંચાયતઘર બનાવવાની કામગીરી બાકી છે, અને | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) બાકી રહેતા ગામડાઓમાં ક્યારે પંચાયતઘ ાર બનાવવાનું સરકારનું આયોજન છે ? | (૨) તબક્કાવાર શક્ય તેટલા વહેલા, |

**પત્રક**

**મોરબી તાલુકામાં પંચાયતઘરની સુવિધા ન હોય તેવા ગામોની યાદી**

(૧) વાઘપર (૨) આંદરણા (૩) સનાળા (૪) ભરતનગર (૫) બરવાળા (૬) અમરનગર (૭) હજનાળી (૮) થોરાળા (૯) લાલપર (૧૦) કાલીકાનગર (૧૧) લખધીરપુર (૧૨) રાજપર (૧૩) અંદેપર (૧૪) લીલાપર (૧૫) પાનેલી (૧૬) ગીડચ (૧૭) મકનસર (૧૮) કૃષ્ણનગર (૧૯) ભક્તિનગર

**ટંકારા તાલુકામાં પંચાયતઘરની સુવિધા ન હોય તેવા ગામોની યાદી**

(૧) ધુનડા (ખા) (૨) સજનપર

**પડધરી તાલુકામાં પંચાયતઘરની સુવિધા ન હોય તેવા ગામોની યાદી**

(૧) ખાખડાબેલા (૨) હરિપર

----------

## મહેસાણા જિલ્લાની સહકારી મંડળીઓ ફડચામાં લઇ જવા અંગે નોટીસો

૧૨૪૮૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લામાં જુદા જુદા તાલુકાઓમાં કેટલી સહકારી મંડળીઓને ફડચામાં લઇ જવા અંગેની નોટીસો આપવામાં આવી,

(૨) કેટલી મંડળીઓને ફડચામાં લઇ જવામાં આવી, કેટલી બાકી છે, અને

(૩) ગોપાલક સમાજની કેટલી મંડળીઓને નોટીસો આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૭૬

સામેલ પરિશિષ્ટ-અ મુજબ.

(૨) ૧૧૮ મંડળીઓને ફડચામાં લઇ જવામાં આવી. ૯ મંડળીઓ અંગે નિર્ણય લેવાનો બાકી છે, જ્યારે ૪૯ નોટીસો દફતરે કરવામાં આવી છે.

(૩) ૯.

**પરિશિષ્ટ-અ**

| અ.નં. | તાલુકો | તા. ૩૧-૧૨-૨૦૦૨ની સ્થિતિ | તા. ૩૧-૧૨-૨૦૦૩ની સ્થિતિ | તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | કડી | ૬ | ૧૭ | ૮ |
| ૨ | બેચરાજી | ૨ | ૨ | ૨ |
| ૩ | મહેસાણા | ૨૩ | ૩૨ | ૮ |
| ૪ | વિજાપુર | ૧૦ | - | ૫ |
| ૫ | ઉંઝા | ૧૩ | ૬ | ૨ |
| ૬ | વિસનગર | ૪ | ૭ | ૧૩ |
| ૭ | ખેરાલુ | ૧ | ૫ | ૩ |
| ૮ | સતલાસણા | ૩ | ૨ | - |
| ૯ | વડનગર | - | ૨ | - |
| | કુલ ... | ૬૨ | ૭૩ | ૪૧ |

----------

## સ્થાનિક એકમોમાં સરકારી નીતિનું પાલન

૧૧૦૦૩ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ઉદ્યોગોમાં ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રાજ્ય સરકારે શું પ્રયત્ન કરેલ છે,

**જવાબ**

(૧) ૧. તા.૩૧-૩-૯૫ના ઠરાવથી જાહેર સાહસો સંયુકત ક્ષેત્રીય તેમજ મોટા ઉદ્યોગોમાં ૮૫ ટકા જગ્યાઓ સ્થાનિક ઉમેદવારોથી ભરાય તે માટે જોગવાઇ કરેલ છે.

૨. મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવેલ છે.

૩. એકમો પાસેથી દર છ માસે રોજગારીની તથા સ્થાનિક રોજગારીની માહિતી મેળવવામાં આવે છે.

૪. જે એકમો નિયત ટકાવારી જાળવતા નથી

તેવા એકમોની યાદી ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીને મોકલવામાં આવે છે.
૫. ઔદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવે છે.
૬. ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ટ્રેડ શરુ કરવામાં આવેલ છે.
૭. કેન્દ્ર સરકારના એકમોમાં આ નીતિનું પાલન થાય તે માટે કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરવામાં આવે છે.

(૨) ભાવનગ-અમરેલી અને અમદાવાદ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા ઘડવામાં આવેલ નીતિનું કેટલા એકમો પાલન કરતા નથી એવી કેટલી ફરિયાદો સરકારને સન ૨૦૦૪ માં મળેલ છે, અને

(૨) ૨૯ એકમો પાલન કરતા નથી. આ અંગેની વર્ષ ૨૦૦૪ માં કુલ ૯ ફરિયાદો મળેલ છે.

(૩) આવા એકમો સામે શા પગલાં લેવામાં આવેલ છે?

(૩) એક ફરિયાદ એલ.એન્ડ ટી. સિમેન્ટ કંપની તા.રાજુલા સામે હતી. પરંતુ આ એકમોમાં સ્થાનિકોની નિયત ટકાવારી જળવાય છે. આઠ (૮) ફરિયાદો ગુજરાત પીપાવાવ પોર્ટ લી. સામે હતી. જે એકમમાં નિયત ટકાવારી જળવાતી નથી. જેથી તે સામે પગલાં લેવા ઉદ્યોગ કમિશનરશ્રીને જણાવેલ પરંતુ ઉદ્યોગ કમિશનરશ્રીના તા.૧૬-૧૦-૨૦૦૪ તથા ૮-૧૧-૨૦૦૪ ના પત્ર મુજબ આ એકમને તેઓ દ્વારા પ્રોત્સાહનના લાભો આપવામાં આવેલ નથી. જેથી કાર્યવાહી કરી શકાય નહીં.

જેથી નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરીના તા.૧-૧૨-૦૪ના પત્રથી મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત મેરીટાઇમ બોર્ડને આ એકમો સામે પગલાં લેવા રજુઆત કરેલ છે. જે અંગે ગુજરાત મેરીટાઇમ બોર્ડ જણાવેલ છે કે, આ કંપની બંદર પરથી માલ-સામાનની હેરાફેરીની કામગીરી કરે છે. જેથી તેને ઉદ્યોગ તરીકે ન સાંકળતા તેને એક સેવા તરીકે ગણી શકાય. જેથી આ ઠરાવ કંપનીને લાગુ પાડવો યોગ્ય નથી તેમ જણાવેલ છે.

------------

**વલસાડ જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ લાભાર્થીઓને સનદો**

૧૦૫૯૭ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરદાર આવાસ યોજના હેઠળ તા.૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ કેટલા આવાસો બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કુલ-૫૨૮૩ આવાસો તાલુકાવાર નીચે મુજબ બનાવવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | આવાસો બનાવવામાં |
|---|---|---|
| ૧ | પારડી | ૧૦૯૧ |
| ૨ | વલસાડ | ૧૯૯૦ |
| ૩ | કપરાડા | ૫૫૭ |
| ૪ | ધરમપુર | ૬૩૭ |

| | | |
|---|---|---|
| ૪ | ધરમપુર | ૬૩૭ |
| ૫ | ઉમરગામ | ૧૦૦૮ |
| | **કુલ :** | **૫૨૮૩** |

(૨) કેટલા આવાસો પૂર્ણ થયા કેટલા આવાસો બાકી છે,

(૨) ૫૨૮૩ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે જયારે ૧૧૮૩ આવાસો બાકીમાં છે.

(૩) આ યોજના પૈકી તા.૩૧-૧૨-૦૪ની સ્થિતએ કેટલા લાભાર્થીઓને સનદો આપવામાં આવી,

(૩) આ યોજનાના લાભાર્થીઓએ પોતાની માલીકીની જમીન પર આવાસ બનાવેલ હોઇ, સનદો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બાકીનાને સનદો કયારે આપવામાં આવશે, અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) સનદો આપવામાં વિલંબ થવાના કારણો શું છે?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ગામ તળાવો ઊંડા કરવા પાછળ થયેલ ખર્ચ

૧૧૮૦૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છેલ્લાં એક વર્ષમાં તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કુલ કેટલા ગામ તળાવો ઊંડા કરવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં ૩૧-૧-૦૫ની સ્થિતિએ ઊંડા કરવામાં આવેલ ગામ તળાવો અને થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે :

| | **તળાવોની સંખ્યા** | **થયેલ ખર્ચ રૂા.લાખ.** |
|---|---|---|
| ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડ | ૧૩૯ | ૪૬૦.૨૬ |
| નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ. | ૩૩૬ | ૧૫૩૦.૪૭ |
| **કુલ :** | **૪૭૫** | **૧૯૯૦.૭૩** |

(૨) આ તળાવો ઊંડા કરવાના કારણે તેમાં કેટલા પાણીનો સંગ્રહ થયાનો અંદાજ છે, અને

(૨) તળાવો ઊંડા કરવાના કારણે નીચે દર્શાવેલ ઘન મીટર પાણીનો સંગ્રહ થયાનો અંદાજ છે.

| | **પાણી સંગ્રહ ઘન મીટર** |
|---|---|
| ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડ | ૩૩.૩૬ |
| નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ. | ૭૪.૧૭ |
| **કુલ :** | **૧૦૭.૫૩** |

(૩) આ પાણીનો ખેતી માટે ઉપયોગ કરવાનું સરકાર વિચારે છે?

(૩) જરૂરિયાત ઉપસ્થિત થયે વિચારવાનું થાય.

------------

## બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોનું વિભાજન

૧૧૪૧૧ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪માં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાંથી વિભાજનની દરખાસ્તો કયારે મળી,

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

| **અ.નં.** | **તાલુકો** | **ગ્રા.પં.** | **નવીન રચાનાર ગ્રા.પં.** | **દરખાસ્ત મળ્યા** |
|---|---|---|---|---|
| ૧ | વડગામ | પાંચડા | ૧.મેજર-પુરા | ૧૫-૪-૦૨ |
| ૨ | દાંતી-વાડા | જેગોલ | ૧ ધાનેરી | ૩-૭-૦૨ |
| ૩ | ડીસા | કાત-રવા | ૧. મટુ | ૧૫-૭-૦૨ |
| ૪ | વાવ | કુંડા-લીયા | ૧.રાધા-નેસડા | ૨૦-૮-૦૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | વાવ | કુંડા-લીયા | ૧.રાધા-નેસડા | ૨૦-૮-૦૨ |
| ૫ | ડીસા | બલો-ધર | ૧.તાલેગંજ | ૧૯-૬-૦૨ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને વિભાજન કરી અલગ દરજ્જો આપવામાં આવ્યો, અને

(૨) શૂન્ય.

(૩) બાકી દરખાસ્તો માટે વિભાજનની કાર્યવાહી કેટલા સમયમાં કરવામાં આવશે?

(૩) વિધાનસભા મત વિસ્તારની સીમાંકનની કાર્યવાહી દરમ્યાન સ્થિતિ યથાવત જાળવી રાખવાની છે.

------------

## આણંદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓની ખાલી જગ્યાઓ

૧૦૭૯૫ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલા તલાટી-કમ-મંત્રીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૦ | મોટા ભાગની જગ્યાઓ ૨૦૦૩ બાદથી ખાલી છે. |
| ૨ | ઉમરેઠ | ૦૧ | |
| ૩ | બોરસદ | ૧૩ | |
| ૪ | આંકલાવ | ૦૫ | |
| ૫ | પેટલાદ | ૧૨ | |
| ૬ | સોજીત્રા | ૦૬ | |
| ૭ | ખંભાત | ૧૬ | |
| ૮ | તારાપુર | ૦૭ | |
| | કુલ : | ૮૦ | |

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી?

(૨) ૧૬ જગ્યાઓ પંચાયત સહાયકથી અને ૨૦ જગ્યા રહેમરાહે આશ્રિતોને નિમણૂંક આપી ભરવામાં આવેલ છે. બાકીની ખાલી જગા ભરવાની બાબત વિચારણા હેઠળ છે.

------------

## ટપક સિંચાઇ પધ્ધતિ યોજના હેઠળ અરજી

૧૧૭૨૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ટપક સિંચાઇ પધ્ધતિ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકીના કેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

(૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ટપક સિંચાઇ પધ્ધતિ યોજના હેઠળ ખેતીવાડી ખાતાની ૦ અને બાગાયત ખાતાની ૧૮ અરજીઓ આવી છે.

(૨) તે પૈકીના બાગાયત ખાતા માટે ૧૧ ખેડૂતોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

------------

## જામનગરમાં વેટરનરી ડોકટરોની જગ્યાઓ

૧૧૨૧૪ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ વેટરનરી ડોકટરની કેટલી જગ્યા ખાલી છે, અને

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ વેટરનરી ડોકટરની ૧૨ જગ્યા (બાર) જગ્યા ખાલી છે.

| | |
|---|---|
| (૨) આ જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન થયેલ છે? | (૨) વિચારણા હેઠળ છે. |

------------

**ખેત ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા યોગ્ય ભાવો માટે આયોજન**

૧૨૩૩૧ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ દ્વારા કૃષિ વિષયક કેટલી જણસોને આવરી લઇ ખેડૂતોને યોગ્ય ભાવો મળી રહે તે માટે શું આયોજન કરવામાં આવેલ છે? | રાજ્યની ખેત ઉત્પન્ન બજાર સમિતિઓમાં કુલ-૧૦૧ કૃષિ વિષયક જણસીઓને આવરી લેવાયેલ છે. ખેડૂતો દ્વારા લાવવામાં આવતા માલની જાહેરમાં ખુલ્લી હરાજી દ્વારા વેચાણ થાય અને ખેડૂતોને યોગ્ય ભાવો મળી રહે તેવી વ્યવસ્થા અસ્તિત્વમાં છે. |

------------

**રાજ્યમાં ખાંડસરીની મિલો**

૧૦૭૫૭ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કુલ કેટલી ખાંડસરીની મિલો આવેલી છે, | (૧) ૧૫ (પંદર). |
| (૨) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ વર્ષ દરમ્યાન આ ખાંડસરીની મિલોમાં કેટલા ટન મોલાસીઝનું ઉત્પાદન થાય છે, | (૨) ૧૮,૩૯૨ મે.ટન. |
| (૩) આ મોલાસીઝમાંથી ઇથેનોલ બનાવતી ખાંડસરીની મિલોની સંખ્યા કેટલી, અને | (૩) એકપણ નહિ. |
| (૪) છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧૨-૦૪ સુધીમાં ખાંડસરીની બીજી કેટલી મિલોએ ઇથેનોલ બનાવવા માટે લાયસન્સની માંગણી કરેલ છે? | (૪) કોઇ ખાંડસરી મિલોએ ઇથેનોલ બનાવવા માટે લાયસન્સની માંગણી કરેલ નથી. |

------------

**ગાંધીનગરમાં પંચાયત ઘરનું બાંધકામ**

૧૨૫૨૦ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલા નવીન પંચાયત ઘર બનાવવામાં આવ્યા, | (૧) ૧૦. |
| (૨) તેમાં ચાલુ વર્ષે કેટલા પંચાયત ઘર મંજૂર કરવામાં આવ્યા, | (૨) ૧. |
| (૩) મંજૂર થયેલ પંચાયત ઘર પૈકી કેટલાનું બાંધકામ શરૂ થયેલ છે, અને | (૩) વહીવટી મંજૂરી આપેલ છે. ટૂંક સમયમાં બાંધકામ શરૂ કરવામાં આવશે. |
| (૪) કેટલા પંચાયત ઘર બાંધવાના બાકી છે? | (૪) ૨. |

------------

## બનાસકાંઠા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

૧૨૫૩૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કાયમી તલાટી-કમ-મંત્રીની તાલુકા દીઠ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓ પુરવા સરકારે કાંઇ પગલાં લીધેલ હોય તો તેવા પગલાંની શું વિગતો છે, અને

(૩) જો કોઇ પગલાં ન લીધેલ હોય તો તેના શું કારણો છે?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૨ |
| ૨ | અમીરગઢ | ૦૩ |
| ૩ | વડગામ | ૧૧ |
| ૪ | દાંતા | ૦૭ |
| ૫ | ડીસા | ૧૭ |
| ૬ | ધાનેરા | ૦૯ |
| ૭ | દાંતીવાડા | ૦૨ |
| ૮ | કાંકરેજ | ૧૬ |
| ૯ | દીયોદર | ૧૧ |
| ૧૦ | ભાભર | ૦૮ |
| ૧૧ | થરાદ | ૧૮ |
| ૧૨ | વાવ | ૧૩ |
| | **કુલ :** | **૧૨૭** |

(૨) પંચાયત સહાયકથી ૫૫ જગ્યાઓ ભરેલ છે અને રહેમરાહે ૩૫ જગ્યાઓ ભરવામાં આવેલ છે, વધુ ખાલી જગ્યા ભરવાની બાબત વિચારણા હેઠળ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ઔદ્યોગિક એકમોમાં મહિલાઓનું શોષણ

૧૨૨૦૮ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ ખેડા તાલુકામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં મહિલા કામદારોનું શોષણ કરતાં હોવાની ફરિયાદ મળેલ છે, અને

(૨) જો હા, તો મહિલા કર્મચારીઓને કોન્ટ્રેકટ પધ્ધતિથી ઉચ્ચક પગારે રખાતા હોઇ છૂટા કરવાની ધમકીઓ આપી હેરાન કરતા હોવાની ફરિયાદ મળેલ છે કે કેમ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## પાકિસ્તાનની જેલમાંથી માછીમારોને છોડવવા કાર્યવાહી

૧૨૦૧૮ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યના કેટલા માછીમારો તા.૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ પાકિસ્તાનની જેલમાં છે,

(૨) આ માછીમારોને છોડવવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે શી કાર્યવાહી કરાવી, અને

**જવાબ**

(૧) ૬૫૩.

(૨) આ માછીમારોને છોડાવવા માટે તેમની વ્યકિતગત બાબતોની ફોટોગ્રાફસ સહિતની પ્રમાણભૂત વિગતો કેન્દ્ર સરકારને મોકલી આપવામાં આવે છે. તે પછી સદરહુ બાબતે

પાકિસ્તાન સત્તાવાળાઓ સાથે તેમને છોડવવા માટે જરૂરી કાર્યવાહી કરવા વખતોવખત માનનીય મંત્રીશ્રી દ્વારા, માનનીય સંસદસભ્યોશ્રીઓ દ્વારા તેમજ વિભાગ કક્ષાએથી કેન્દ્ર સરકારને જણાવવામાં આવે છે. તાજેતરમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી દ્વારા પણ માનનીય વડાપ્રધાનશ્રીને પત્ર પાઠવી દરમ્યાનગીરી કરવા વિનંતી કરવામાં આવી છે.

(૩) કેટલા માછીમારોને મુકત કરવામાં આવ્યા?

(૩) એકપણ નહીં.

------------

## બનાસકાંઠામાં કપાસની ખરીદી પર પોષણક્ષમ ભાવો

૧૧૦૦૦ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૧-૧-૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કપાસની ખરીદી શા ભાવે સરકારે કરી,

(૨) આ અંગે કયા કયા સ્થળોએ કપાસ ખરીદવા માટે કયારે કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા, અને

(૩) ખેડૂતોને તેના પોષણક્ષમ ભાવ મળતા નથી તે અન્વયે સરકારે શું વ્યવસ્થા કરી છે?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં કપાસની નિયુકત નોડલ એજન્સીઓ દ્વારા ખરીદી કરવામાં આવેલ નથી.

(૨) બનાસકાંઠા જિલ્લામાં ખરીદી કેન્દ્ર શરૂ કરવા રાજ્ય સરકારે નાફેડને સૂચન કર્યુ છે.

(૩) ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે તે માટે ભારત સરકારની ટેકાના ભાવની યોજના રાજ્યમાં અમલમાં છે. જેમાં રાજ્યના મહત્વના પાકોનો સમાવેશ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દર વર્ષે ખરીફ અને રવિ પાકોના ટેકાના ભાવોની ભલામણો કેન્દ્રીય કૃષિ ખર્ચ અને ભાવપંચને સમયસર કરે છે. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થતા ટેકાના ભાવો રાજ્યના ખેડૂતોને મળી રહે તે માટે સરકાર દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે. તેમજ પ્રવર્તમાન બજાર ભાવો તેના નિયત થયેલ ટેકાના ભાવથી નીચા જાય ત્યારે તુરત જ રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર તેમજ નિયુકત સંબંધિત નોડલ એજન્સી સાથે સંકલન કરી ટેકાના ભાવે ખેત પેદાશોની ખરીદી શરૂ કરાવે છે. ચાલુ વર્ષે કપાસના બજાર ભાવો તેના નિયત થયેલ ટેકાના ભાવથી નીચા જતાં કોટન કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા તા.૨૫-૧૧-૨૦૦૪ તથા નાફેડ દ્વારા તા.૨૨-૨-૨૦૦૫ થી રાજ્યમાં ટેકાના ભાવે કપાસની ખરીદી શરૂ કરાવેલ છે. આમ રાજ્યના મહત્વના પાકોના નિશ્ચિતરૂપથી ટેકાના ભાવો મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

------------

**કેન્દ્ર પુરસ્કૃત જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ હેઠળ વિસ્તાર આવરી લેવા અંગે**

૧૨૬૦૮ **શ્રી સી. ડી. પટેલ (પેટલાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) કેન્દ્ર પુરસ્કૃત જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત ૨૦૦૪-૦૫ના વર્ષમાં કેન્દ્રના હિસ્સા સહિત કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી છે, અને | (૧) રૂા.૧૭૨.૯૦ કરોડ. |
| (૨) આ યોજના હેઠળ કેટલા વિસ્તારને આવરી લેવાયા છે? | (૨) આ યોજના હેઠળ ૨૬.૮૯ લાખ હેકટર વિસ્તારને આવરી લેવાયેલ છે. |

------------

**ખાનગી ક્ષેત્રના એકમોમાં નિયમના ભંગ બદલ પગલાં**

૧૨૦૧૫ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ભરૂચ જિલ્લામાં ખાનગી ક્ષેત્રના ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને રોજગારી આપવા પ્રવર્તમાન નિયમોનો કેટલા ખાનગી ક્ષેત્રના એકમોએ તા.૩૧-૧-૦૫ સુધીમાં ભંગ કરેલ છે, અને | (૧) ૧૦૭. |
| (૨) તે સામે સરકારે શા પગલાં લીધા? | (૨) (૧) ટકાવારી ન જાળવતા બધા જ પ્રોત્સાહિત અને બિનપ્રોત્સાહિત એકમોની યાદી ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીને મોકલવામાં આવે છે.<br>(૨) સ્થાનિક લોકોને રોજગારી મળી રહે તે માટે સ્થાનિક કક્ષાએ ઔદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવે છે.<br>(૩) સ્થાનિક રોજગાર કચેરી દ્વારા જે તે એકમોની રૂબરૂ મુલાકાત વખતે આવા એકમોનું ધ્યાન દોરીને આ નીતિનું પાલન કરવા જણાવવામાં આવે છે. |

-------

**રાજ્યની પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનાનું અમલીકરણ**

૧૦૮૦૧ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં દરેક પંચાયતોમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે, તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઈ-ગ્રામ યોજના ધ્વારા કઈ કઈ વિગતો ગ્રામકક્ષાએ મળી શકશે, અને | (૨) ૧. જન્મનું પ્રમાણપત્ર<br>૨. મરણનું પ્રમાણપત્ર<br>૩. મિલ્કતો દાખલો<br>૪. બીપીએલનું પ્રમાણપત્ર<br>૫. જાતિનો દાખલો<br>૬. આવકનો દાખલો<br>૭. ચારિત્રનો દાખલો<br>૮. નિવાસનો દાખલો |

| | |
|---|---|
| | ૯. કરવેરાની પહોંચ<br>૧૦. જન્મનું રજીસ્ટાર<br>૧૧. મરણનું રજીસ્ટર<br>૧૨. ખેડૂતનો દાખલો<br>૧૩. આકારણી રજીસ્ટર<br>૧૪. રેશનકાર્ડ અલગ કરવાનો દાખલો<br>૧૫. બીપીએલના લાભ મેળવેલ લાભાર્થીની યાદી<br>૧૬. બીપીએલના લાભ નહિ મેળવેલ લાભાર્થીની યાદી<br>૧૭. વિવિધ અરજીપત્રો. |
| (૩) રાજ્યની કુલ કેટલી ગ્રામ પંચાયતોમાં તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં ઈ-ગ્રામ યોજનાનું અમલીકરણ થયું છે ? | (૩) ૫૬૭ |

-----------

**ઈન્દીરા આવાસ યોજના હેઠળ સહાય આપવામાં ઘટાડો**

૧૨૫૩૧ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ઈન્દરા આવાસ યોજના હેઠળ બનતા મકાન સહાય માટે આપવામાં આવતી રકમમાં સરકારે ૪૦,૦૦૦ થી ઘટાડીને ૩૬,૦૦૦ રૂપિયા કરી દીધા છે એ વાતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ગરીબી રેખા હેઠળ જીવતા ખેતમજૂરોને માટે બનાવવામાં આવતાં મકાનો માટે કયા કારણસર આ સહાયમાં ઘટાડો કરવામાં આવ્યો છે? | (૨) મકાનની રોકડ સહાય રૂા.૪,૦૦૦/- ઘટાડી તેને લાભાર્થીના શ્રમફાળા તરીકે રાખવામાં આવેલ છે. જેથી લાભાર્થીને પોતાનું મકાન બની રહ્યું છે તેવો અહેસાસ થાય. અને બચત રકમમાંથી વધુ લાભાર્થીને આવરી લઈ શકાય. પરંતુ યુનિટ કોસ્ટમાં કોઈ ઘટાડો કરવામાં આવેલ નથી. |

-----------

**સમુદાય આધારિત પુનઃસ્થાપન યોજના અન્વયે વિકલાંગોને લાભ**

૧૨૬૧૦ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સમુદાય આધારિત પુનઃસ્થાપન યોજના કયારથી અમલમાં આવેલ છે, | (૧) તા. ૪-૧-૨૦૦૧ થી |
| (૨) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યના કેટલા તાલુકામાં આ યોજના લાગુ પાડી છે, અને | (૨) ૧૨૦ |
| (૩) આ યોજના અંતર્ગત વિકલાંગોને શું લાભ આપવામાં આવે છે ? | (૩) "આ યોજના અંતર્ગત વિકલાંગોના કલ્યાણ માટે ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ જેવીકે શિક્ષણ આરોગ્ય, તાલીમ અને પુનઃવસનની જાણકારી વિકલાંગોને |

તાલુકા/ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ કરાય છે. અને આ સગવડો/સહાય મેળવવામાં તેમને મદદ કરવામાં આવે છે"

-----------

## ગામ તળાવો ઊંડા કરવા આયોજન અને ખર્ચ

૧૨૩૨૧ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે કેલેન્ડર વર્ષ ૨૦૦૩ તથા ૨૦૦૪ દરમ્યાન કેટલા ગામ તળાવો ઊંડા ઉતારવાનું આયોજન હતું,

**જવાબ**

(૧)

| ગુ.રા.જ.વિ.નિ.લિ. દ્વારા ગામ તળાવો ઊંડા કરવાનું આયોજન | નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા ગામ તળાવ ઊંડા કરવાનું આયોજન | કુલ |
|---|---|---|
| ૪૪૪ | ૧૨૭૩ | ૧૭૧૭ |

(૨) તે પૈકી કેટલા ગામ તળાવો બનાવવામાં આવ્યા, તા.૩૧-૧-૦૫ સુધીમાં કેટલો ખર્ચ થયો, અને

(૨)

| ગુ.રા.જ.વિ.નિ.લિ. દ્વારા ઊંડા કરેલ ગામ તળાવો અને ૩૧-૧-૦૫ સુધીમાં કરેલ ખર્ચ રૂ.લાખમાં | નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા ઊંડા કરેલ ગામ તળાવો અને ૩૧-૧-૦૫ સુધીમાં કરેલ ખર્ચ રૂ.લાખમાં | કુલ ઊંડા કરેલ ગામ તળાવો અને ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|
| ૪૫૧<br>રૂ.૧૩૯૫.૯૫ | ૭૮૯<br>રૂ.૪૬૪૭.૨૬ | ૧૨૪૦<br>રૂ.૬૦૪૩.૨૧ |

(૩) તે પૈકી તા. ૩૧-૧-૦૫ સુધીમાં જુનાગઢ જિલ્લાના કયા કયા તાલુકામાં કેટલા ગામ તળાવો કેટલી રકમના ખર્ચે બનાવેલૌ છે ?

(૩)

| અ. નં. | તાલુકાનું નામ | ગુ.રા.જ.વિ.નિ. લિ.દ્વારા જુનાગઢમાં ઉંડા કરાયેલ ગામ તળાવ અને ખર્ચ રૂ.લાખમાં | | ન.જ.પા.પુ.અને ક.વિ.દ્વારા જુનાગઢ જિલ્લામાં ઉંડા કરવામાં આવેલ ગામ તળાવ અને ખર્ચ રૂ.લાખમાં | | કુલ ગામ તળાવ અને ખર્ચ રૂ.લાખમાં | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | થયેલ ખર્ચ | સંખ્યા | થયેલ ખર્ચ | ૩+૫ ની સંખ્યા | ૪+૬ નોખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | માળીયા | ૨ | ૪.૭૩ | - | - | ૨ | ૪.૭૩ |
| ૨ | કેશોદ | - | - | ૫ | ૧૭.૩૫ | ૫ | ૧૭.૩૫ |
| ૩ | માંગરોળ | ૪ | ૭.૯૬ | ૮ | ૨૧.૭૧ | ૧૨ | ૨૯.૬૭ |
| ૪ | ઉના | ૭ | ૨૧.૪૩ | - | - | ૭ | ૨૧.૪૩ |
| ૫ | કોડીનાર | ૩ | ૩.૮૬ | - | - | ૩ | ૩.૮૬ |
| ૬ | વંથલી | ૨ | ૫.૮૦ | - | - | ૨ | ૫.૮૦ |
| ૭ | માણાવદર | ૩ | ૯.૨૧ | - | - | ૩ | ૯.૨૧ |
| ૮ | જુનાગઢ | ૧૦ | ૨૨.૮૨ | - | - | ૧૦ | ૨૨.૮૨ |
| ૯ | મેંદરડા | ૨ | ૫.૬૩ | - | - | ૨ | ૫.૬૩ |
| ૧૦ | વિસાવદર | ૧ | ૨.૯૧ | - | - | ૧ | ૨.૯૧ |
| | **કુલ :** | **૩૪** | **૮૪.૩૫** | **૧૩** | **૩૯.૦૬** | **૪૭** | **૧૨૩.૪૧** |

-------------

## રાજકોટ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

૯૯૩૮ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ ડીસે.૦૪ની સ્થિતિએ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) ૧૨૦ જગ્યાઓ
૪૬ જગ્યાઓ-છ માસ સુધીની
૦૬ જગ્યાઓ-છ માસ અને એક વર્ષ સુધીની
૬૮ જગ્યાઓ-એક વર્ષથી વધુ સમયથી

(૨) જગ્યા ખાલી રહેવાના કયા કયા કારણો છે, અને

(૨) વહીવટી કારણોસર

(૩) નવી ભરતી બંધ છે તો ખાલી રહેતી જગ્યાઓ કઈ રીતે પૂરવામાં આવશે ?

(૩) પંચાયત સહાયકની યોજનાથી સીધી ભરતીથી ૨૭ જગ્યાઓ તથા રહેમરાહેથી ૧૨ જગ્યાઓ ભરવામાં આવેલ છે. બાકીની ખાલી જગ્યાઓ ભરવાની બાબત વિચારણા હેઠળ છે.

-------------

## જેસ્ટ્રોફા વાવેતરથી ઉત્પાદન

૧૨૨૧૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં જેસ્ટ્રોફાનું છેલ્લા એક નાણાંકીય વર્ષમાં કેટલા હેકટરનું વાવેતર કરવામાં આવ્યું છે, | (૧) ૬૫૫૭ હેકટર |
| (૨) જેસ્ટ્રોફાના આ વાવેતરથી એક વર્ષમાં કેટલું ઉત્પાદન થવાનો અંદાજ છે, અને | (૨) જેસ્ટ્રોફાના વાવેતરથી ત્રણ વર્ષ બાદ પ્રતિ હેકટર ૧૦૦૦ કિલોગ્રામ બીજ પ્રાપ્ત થવાનો અંદાજ છે. |
| (૩) બિન ઉપજાઉ અને પડતર જમીનો પર બીજા કયા કયા પાકોનું વાવેતર કરીને સરકારે આવા પાકો લેવાનું આયોજન કરેલ છે ? | (૩) વિચારણા હેઠળ છે. |

-------------

## રાજ્યમાં એગ્રીકલ્ચર ઝોનથી ફાયદો

૧૨૨૧૫ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કુલ કેટલા એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોન હાલમાં કાર્યરત છે, | (૧) ૨ (બે) |
| (૨) તલ માટે એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોનને મંજૂરી મળી છે તે વાત સાચી છે, અને | (૨) હા જી. |
| (૩) જો હા, તો તેનાથી રાજ્યને શું ફાયદો થશે? | (૩) રાજ્યમાં એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોનની સ્થાપના કરવાથી રાજ્ય સરકાર, ભારત સરકાર, નિકાસકારો અને પ્રોસેસીંગ યુનિટોના ઉદ્યોગ સાહસિકો ધ્વારા એકસાથે મળીને સંકલિત અભિગમ અપનાવવામાં આવશે. જેનાથી ગુજરાતના તલની આંતર રાષ્ટ્રિય સ્તરે સ્પર્ધાત્મકતા વધશે અને ખેડૂતોને પોષણક્ષમ વળતર મળશે. |

-------------

## સરદાર આવાસ યોજનાનો લક્ષ્યાંક

૧૨૩૮૮ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર)** : **માનનીય ગ્રામ ગૃહ નિમાર્ણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સરદાર આવાસ યોજના નીચે તા.૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર લક્ષ્યાંક કેટલો હતો અને કેટલા આવાસો બનાવેલ છે, અને | (૧) સામેલ પરિશિષ્ટ-૧* મુજબ |
| (૨) આ બે વર્ષ દરમ્યાન તા.૩૧-૧૨-૦૪ સુધીમાં ખર્ચ કેટલો થયો, અને પ્રતિ આવાસ દીઠ રાજ્યનો ફાળો કેટલો તેમજ કેન્દ્રનો ફાળો | (૨) આ બે વર્ષ દરમ્યાન તા.૩૧-૧૨-૦૪ સુધીમાં રૂા. ૯૧૭૩.૦૭ લાખનો ખર્ચ થયો અને પ્રતિ આવાસ દીઠ રાજ્યનો ફાળો રૂા. |

| | |
|---|---|
| કેટલો મળેલ છે ? | ૩૬,૦૦૦/- રહેલ છે. જયારે આ યોજના હેઠળ કેન્દ્ર સરકારશ્રીનો ફાળો લેવામાં આવતો નથી. |

***(પરિશિષ્ટ-૧) સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.**

-------------

**પછાતવર્ગની આદર્શ નિવાસી શાળામાં વિના મૂલ્યે ભોજન**

૧૨૬૧૪ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની સરકારી આદર્શ નિવાસી શાળાઓના બાળકોને ભોજન વિના મૂલ્યે આપવામાં આવે છે તે વાત સાચી છે, | (૧) હા. જી. |
| (૨) જો હા, તો આ ભોજન માટે માસિક કેટલી રકમની મર્યાદા નકકી કરવામાં આવેલ છે, અને | (૨) છાત્રદીઠ પ્રતિમાસ રૂા. ૪૫૦/- |
| (૩) આ મર્યાદામાં વધારો કરવાનું સરકારનું શું આયોજન છે ? | (૩) આ તબકકે આવુ કોઈ આયોજન નથી. |

-------------

**અમદાવાદ જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરની ખાલી જગ્યાઓ**

૧૧૮૧૦ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) ૨૩ |
| (૨) તે જગ્યા ભરવા માટે રાજ્ય સરકારે, શું આયોજન કરેલ છે, અને | (૨) કાર્યવાહી ચાલુ છે. |
| (૩) કયા સુધીમાં સરકાર આ જગ્યાઓ ભરવા માંગે છે ? | (૩) જેમ બને તેમ જલ્દીથી. |

-------------

**ગ્રામ વાટીકા યોજના અંતર્ગત ખર્ચ**

૧૦૭૯૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ગ્રામવાટિકા યોજના અંતર્ગત રાજ્યમાં કુલ કેટલી ગ્રામ પંચાયતોને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ખરેખર યોજનાનું નામ પંચવટી યોજના છે. ૩૨૪ ગ્રામ પંચાયતોને પંચવટી યોજના હેઠળ પસંદ કરેલ છે. |
| (૨) તે અન્વયે તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) પસંદ થયેલ દરેક ગ્રામ પંચાયતને રૂા. ૧ લાખનું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવનાર છે. માર્ચ-૨૦૦૫ સુધીમાં આ કાર્યવાહી કરવામાં આવશે. |

-------------

## સુરત શહેર અને જિલ્લામાં ઉદ્યોગમાં મજુરોનું શોષણ અંગે

૧૨૩૯૦ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય શ્રમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત શહેર અને જિલ્લામાં કેટલા ઉદ્યોગો સામે તા. ૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મજૂરોના થતા શોષણ અંગે વર્ષવાર કેટલી ફરિયાદો મળી,

(૨) આ ફરિયાદો સામે સરકાર ધ્વારા કોના સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તેમાં કેટલા ઈસમોને શિક્ષા કરવામાં આવી?

**જવાબ**

(૧) નીચેની વિગતે ફરિયાદ મળેલ છે.

| | સુરત શહેર | | સુરત જિલ્લો | |
|---|---|---|---|---|
| વર્ષ | ઉદ્યોગ/ સંસ્થાની સંખ્યા | મળેલ ફરિયાદોની સંખ્યા | ઉદ્યોગ/ સંસ્થાની સંખ્યા | મળેલ ફરિયાદોની સંખ્યા |
| ૨૦૦૨ | ૧૦૨૧ | ૧૩૫૭ | ૨૦૦ | ૨૪૨ |
| ૨૦૦૩ | ૧૩૧૫ | ૧૪૭૩ | ૧૭૪ | ૧૯૪ |
| ૨૦૦૪ | ૨૧૨૨ | ૨૪૨૩ | ૩૨૪ | ૩૬૧ |
| જાન્યુ.૦૫ | ૧૪૬ | ૧૪૫ | ૦૪૪ | ૦૪૪ |
| **કુલ :** | **૪૬૦૪** | **૫૩૯૮** | **૭૪૨** | **૮૪૧** |

(૨) વિવિધ શ્રમ કાયદાઓની જોગવાઈ અન્વયે સુરત શહેર અને જિલ્લામાં ૫૨૯ ઉદ્યોગોની ૮૦૯ વ્યકિતઓ સામે ૧૨૮૪ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.

(૩) આ ફોજદારી કેસો અન્વયે કોઈ વ્યકિતને સજા થયેલ નથી પરંતુ ૬૭૦ વ્યકિતઓને રૂા. ૧,૦૪,૯૨૫ નો દંડ કરવામાં આવેલ છે.

-------------

## સુરત જિલ્લામાં એમએનઆર યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૨૫૨૯ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એમએનઆર યોજના હેઠળ સુરત જિલ્લામાં કેટલા ખેડૂતોને કૂવા, ઓઈલ એન્જિન, ઈલેકટ્રીક મોટર તથા પાઈપલાઈન માટે આ યોજનાનો લાભ લેવા માટે કેટલાં ખેડૂતોની અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) આ અરજદારોને આ યોજના હેઠળ સહાયનું ચૂકવણું કરવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) નીચે મુજબની અરજીઓ આવી :

| ક્રમ | વિગત | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
|---|---|---|---|
| ૧ | કૂવા | ૧૩૯ | ૩૩ |
| ૨ | ઓઈલ એન્જિન | ૧૩૧ | ૪૨ |
| ૩ | ઈલે.મોટર/પંપસેટ | ૧૯૨ | ૬૬ |
| ૪ | પાઈપ લાઈન | ૦૮ | ૦૪ |
| | **કુલ :** | **૪૭૦** | **૧૪૫** |

(૨) ૨૦૦૩-૦૪ ની ઓઈલ એન્જિનની ૩ અરજીઓ પડતર હતી. ૨૦૦૪-૦૫ ની કોઈ અરજી પડતર નથી.

(૩) ૨૦૦૩-૦૪ ની ૩ પડતર તેમજ ૨૦૦૪-૦૫ ની તમામ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે જેની સહાય ચૂકવવાની પ્રક્રિયા ચાલુ છે. જે ચાલુ વર્ષના અંતમાં ચૂકવી આપવાનું આયોજન છે.

-------------

## ખેત બજાર ઉત્પન્ન સમિતિ ધ્વારા કૃષિ મેળાનું આયોજન

૧૨૧૯૮ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યની ખેત બજાર ઉત્પન્ન સમિતિઓ ધ્વારા કૃષિ મેળા યોજનાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) અને (૨) : ગ્રામ કક્ષાએ કૃષિ મેળાનું આયોજન કરવાનું વિચાર્યુ છે જેમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ સહીત અનેક સરકારી તથા બિન સરકારી સંસ્થાઓ ભાગ લેશે.

## રોજગાર વિનિમય કચેરીમાં બેરોજગારોની નોંધણી

૧૧૪૦૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૧લી જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યની કઇ કઇ રોજગાર વિનિયમ કચેરીઓમાં છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોએ નોંધણી કરાવી હતી, અને | (૧) પત્રક મુજબ. |
| (૨) આ કચેરીઓ માટે છેલ્લા એક વર્ષમાં કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું? | (૨) રૂા.૪,૭૭,૨૬,૬૩૬/- |

**પ ત્ર ક**

**રાજ્યની રોજગાર વિનિમય કચેરીઓમાં ૧લી જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એટલે કે ૧-૧-૨૦૦૪ થી ૩૧-૧૨-૨૦૦૪ સુધી નોંધણી કરાવેલ ઉમેદવારોની વિગત**

| ક્રમ | કચેરીનું નામ | નોંધણી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ | ૨૮૯૯૫ |
| ૨ | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, અમદાવાદ | ૨૦૦૭ |
| ૩ | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, વડોદરા | ૯૧૧૮ |
| ૪ | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, વડોદરા | ૧૦૫૦ |
| ૫ | નગર રોજગાર વિનિમય કચેરી, છોટા ઉદેપુર | ૨૧૨૩ |
| ૬ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ભરૂચ | ૧૧૭૮૧ |
| ૭ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, રાજપીપળા (નર્મદા) | ૨૧૮૧ |
| ૮ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ભૂજ-કચ્છ | ૬૧૧૯ |
| ૯ | મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, ભાવનગર | ૭૩૩૯ |
| ૧૦ | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, ભાવનગર | ૮૮૨ |
| ૧૧ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, આહવા-ડાંગ | ૧૦૮૫ |
| ૧૨ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા (પંચમહાલ) | ૧૦૬૨૦ |
| ૧૩ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, દાહોદ | ૩૮૦૮ |
| ૧૪ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, હિંમતનગર (સાબરકાંઠા) | ૬૮૫૨ |
| ૧૫ | નગર રોજગાર વિનિમય કચેરી, ખેડબ્રહ્મા | ૧૬૧૪ |
| ૧૬ | મદદનીશ નિયાક (રોજગાર)ની કચેરી, જામનગર | ૬૧૯૪ |
| ૧૭ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ | ૮૧૬૧ |
| ૧૮ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પોરબંદર | ૨૦૯૯ |
| ૧૯ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, મહેસાણા | ૮૨૪૭ |
| ૨૦ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાટણ | ૩૦૩૩ |
| ૨૧ | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, પાટણ | ૨૬૧૯ |
| ૨૨ | પેટા પ્રાદેશીક રોજગાર વિનિમય કચેરી, નડિયાદ (ખેડા) | ૮૧૪૨ |
| ૨૩ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, આણંદ | ૫૦૭૪ |
| ૨૪ | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, વ.વિદ્યાનગર | ૧૨૩૧ |
| ૨૫ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાલનપુર (બનાસકાંઠા) | ૫૬૧૧ |
| ૨૬ | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, રાજકોટ | ૧૧૦૭૬ |
| ૨૭ | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, રાજકોટ | ૧૯૭૯ |
| ૨૮ | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, સુરત | ૧૪૪૯૫ |
| ૨૯ | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, સુરત | ૧૬૦૫ |
| ૩૦ | નગર રોજગાર વિનિમય કચેરી, સોનગઢ | ૨૬૧૮ |
| ૩૧ | નગર રોજગાર વિનિમય કચેરી, માડંવી | ૨૨૦૮ |
| ૩૨ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, સુરેન્દ્રનગર | ૪૦૩૧ |
| ૩૩ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી | ૫૧૬૬ |
| ૩૪ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, વલસાડ | ૬૯૩૫ |
| ૩૫ | નગર રોજગાર વિનિમય કચેરી, ધરમપુર | ૨૬૨૬ |
| ૩૬ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, નવસારી | ૬૨૮૨ |

| | | |
|---|---|---|
| ૩૭ | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર | ૭૭૬૬ |
| | **કુલ :** | **૨૧૨૭૭૨** |

-------

**મંડાલી ગામે કેમીકલ્સ ફેકટરીના કર્મચારીને છૂટા કરવા અંગે**

૧૦૮૨૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ મહેસાણા તાલુકાના મંડાલી ગામે આવેલ કેમિકલ્સ ફેકટરીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ કર્મચારીને છૂટા કર્યા,

(૨) કેટલા સ્વૈચ્છિક રીતે છૂટા થયા, અને

(૩) કેટલાને ફેકટરીએ છૂટા કર્યા?

**જવાબ**

(૧) છૂટા કરેલ કર્મચારી

| વર્ષ | સ્કીલ્ડ | અનસ્કીલ્ડ |
|---|---|---|
| ૨૦૦૩ | ૦ | ૮ |
| ૨૦૦૪ | ૦ | ૩ |
| | ૦ | ૧૧ |

(૨) ૧૦૦૧.

(૩) ૧૧.

------------

**વડોદરા જિલ્લામાં પાક વીમા યોજના હેઠળ ચૂકવવાની બાકી રકમ**

૧૧૦૪૩ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પાક વીમા યોજના હેઠળ વડોદરા જિલ્લામાં સાવલી તાલુકામાં તા.૩૧-૧-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) કેટલા ખેડૂતોને બાકી છે, અને

(૩) બાકી ખેડૂતોને આ રકમ સરકાર દ્વારા કયારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) પાક વિમા યોજના હેઠળ વડોદરા જિલ્લામાં સાવલી તાલુકામાં તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિયમાનુસાર કોઈ ખેડૂતને દાવા મળવાપાત્ર થયા નથી તેથી રકમ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યમાં વોટરશેડની કામગીરી**

૧૧૦૧૧ **ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ રાજ્યમાં વોટરશેડ યોજના હેઠળ કામગીરી ચાલુ છે, કેમ

(૨) જો હા, તો ભાવનગર જિલ્લામાં મહુવા તાલુકામાં કયા કયા ગામોને આ યોજના હેઠળ આ કામગીરી ચાલુ છે, અને

(૩) જો ના, તો બંધ રહેવાનાં કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) મહુવા તાલુકાના જેસર, બીલા, ઈટીયા, કરજાળા, કોબડીયા, તાતણીયા, બેડા, ભાણવડીયા, ટોલ સમડી અને છાપરીયાળી ગામોમાં યોજના હેઠળ કામગીરી ચાલુ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અષ્ટાવક્ર યોજના હેઠળ સંસ્થાઓને માન્યતા**

૧૧૮૦૬ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વિકલાંગો માટેની અષ્ટાવક્ર યોજના હેઠળ કુલ કેટલા સેન્ટરો મંજુર કરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) ૧૨૦

(૨) તે પૈકી અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ કેટલી સંસ્થાને માન્યતા આપવામાં આવેલ છે. અને

(૨) ૧૧

(૩) તે પૈકી ધોળકા તાલુકામાં કઈ સંસ્થાને માન્યતા આપવામાં ાવેલ છે ?

(૩) જય સોમનાથ મેમોરીયલ ટ્રસ્ટ, અમદાવાદ.

-------------

**ચોટીલા તાલુકાના મોટા હરસીયા ગામે સો ચોરસવારના પ્લોટ**

૧૧૫૫૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ચોટીલા તાલુકાના મોટા હરસીયા ગામે છેલ્લા બે વર્ષમાં તારીખ ૩૧-૧-૨૦૦૫ સુધીમાં સો ચોરસવાર પ્લોટની કેટલી અરજીઓ મળી, અને

(૧) ૧૧૪.

(૨) તે પૈકી કેટલી મંજૂર અને કેટલી ના મંજૂર કરવામાં આવી ?

(૨) તે પૈકી ૮૦ મંજૂર અને ૩૪ નામંજૂર કરવામાં આવેલ છે.

----------

**ખાંડ સહકારી ક્ષેત્રે એનસીડીસી યોજના હેઠળ મદદ**

૧૨૨૦૦ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ૩૧-૧-૦૫ સુધીમાં ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં ખાંડ સહકારી ક્ષેત્રે ભારત સરકારની એનસીડીસી યોજના હેઠળ કેટલી મદદ મળેલ છે, અને

(૧) રૂપિયા ૧૦૨.૬૫ લાખ.

(૨) આ મદદ સતત મળતી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા શું પ્રયત્ન કરવામાં આવેલ છે?

(૨) ગુણદોષને આધારે એનસીડીસીને ભલામણ કરવામાં આવે છે.

----------

**સમરસ થયેલ ગ્રામ પંચાયતો**

૧૨૬૦૬ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થયેલ છે,

(૧) ૧૦૫૮.

(૨) સમરસ જાહેર થયેલ ગ્રામ પંચાયતોને કેટલી રકમનું અનુદાન આપવામાં આવે છે, અને

(૨) સમરસ ગામ તરીકે જાહેર થયેલ ગ્રામ પંચાયત પૈકી જે ગામની વસ્તી ૫,૦૦૦ થી ઓછી હોય તેવા ગામોની પંચાયતોને રૂપિયા ૬૦,૦૦૦ અને ૫૦૦૧ થી ૧૫,૦૦૦ સુધીની વસ્તી ધરાવતા ગામોની પંચાયતોને રૂપિયા ૧,૦૦,૦૦૦નું અનુદાન આપવામાં આવે છે.

(૩) તારીખ ૩૧-૧૨-૨૦૦૪ના અંત સુધીમાં કેટલી રકમનું અનુદાન જિલ્લાવાર આપવામાં આવેલ છે?

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | સમરસ ગ્રામ પંચાયત અન્વયે ફાળવેલ ગ્રાંટ (રૂપિયા) |
|---|---|---|
| | | |
| ૧ | અમદાવાદ | ૧૨.૦૦ લાખ |
| ૨ | અમરેલી | ૨૧.૦૦ લાખ |
| ૩ | આણંદ | ૯.૬૦ લાખ |

| | | |
|---|---|---|
| ૪ | બનાસકાંઠા | ૨૭.૦૦ લાખ |
| ૫ | ભરૂચ | ૧૫.૨૦ લાખ |
| ૬ | ભાવનગર | ૧૦૮.૬૦ લાખ |
| ૭ | દાહોદ | ૦.૬૦ લાખ |
| ૮ | ડાંગ | ૦.૦૦ |
| ૯ | ગાંધીનગર | ૧૭.૮૦ લાખ |
| ૧૦ | જામનગર | ૭૪.૮૦ લાખ |
| ૧૧ | જૂનાગઢ | ૨૮.૮૦ લાખ |
| ૧૨ | ખેડા | ૧૦.૮૦ લાખ |
| ૧૩ | કચ્છ | ૨૫.૮૦ લાખ |
| ૧૪ | મહેસાણા | ૧૨૪.૬૦ લાખ |
| ૧૫ | નર્મદા | ૦.૦૦ |
| ૧૬ | નવસારી | ૩.૬૦ લાખ |
| ૧૭ | પંચમહાલ | ૫.૮૦ લાખ |
| ૧૮ | પાટણ | ૭૬.૦૦ લાખ |
| ૧૯ | પોરબંદર | ૪.૬૦ લાખ |
| ૨૦ | રાજકોટ | ૯.૬૦ લાખ |
| ૨૧ | સાબરકાંઠા | ૨૪.૬૦ લાખ |
| ૨૨ | સુરત | ૪.૮૦ લાખ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૬.૦૦ લાખ |
| ૨૪ | વડોદરા | ૨૮.૨૦ લાખ |
| ૨૫ | વલસાડ | ૫.૮૦ લાખ |
| | કુલ | ૬૪૫.૬૦ લાખ |

----------

**રાજ્યમાં કપાસના પોષણક્ષમ ભાવો**

૧૧૭૨૭ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧-૦૫ની સ્થિતિએ સન ૨૦૦૪-૦૫માં રાજ્યમાં કપાસનું કેટલું ઉત્પાદન થયું છે,

(૨) આ કપાસના રૂની કેટલી ગાંસડીઓ ચાલુ સીઝનમાં સરકારે ખરીદી છે,

(૩) આ કપાસના રૂ ના સરકારે પોષણક્ષમ ટેકાના ભાવો શું નક્કી થયા છે,

(૪) રાજ્યમાં રૂ ના ભરાવાના નિકાલ માટે સરકારે કેવા પ્રકારના પગલાં લીધાં છે?

**જવાબ**

(૧) ૨૦૦૪-૦૫ વર્ષ માટે રાજ્યમાં કપાસનું અંદાજીત ઉત્પાદન ૫૪.૩૮ લાખ ગાંસડી થવાની શક્યતા છે.

(૨) ચાલુ સીઝનમાં ભારત સરકારે પોતાની નિયુક્ત કરેલ નોડલ એજન્સીઓ મારફત તારીખ ૨૩-૨-૨૦૦૫ સુધીમાં ૪.૦૫ લાખ ગાંસડી રૂ નો કપાસ ખરીદેલ છે.

(૩) ભારત સરકારે ચાલુ વર્ષ ૨૦૦૪-૦૫ માટે ગુજરાતમાં ઉત્પાદિત કપાસના જાતવાર નીચે જણાવ્યા પ્રમાણે ટેકાના ભાવો નિયત કરેલ છે.

| અ.નં. | કપાસની જાત | નિયત થયેલ ટેકાના ભાવ રૂપિયા/કવીન્ટલ |
|---|---|---|
| ૧. | શંકર-૬/૧૦ | ૧૯૬૦ |
| ૨. | વી. ૭૯૭ | ૧૬૪૦ |
| ૩. | ગુજકોટ-૧૨/૧ ૩ | ૧૫૬૦ |

(૪) ભારત સરકારશ્રીની નોડલ એજન્સી કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડીયા દ્વારા તા. ૨૫-૧૧-

૦૪થી ટેકાના ભાવે રાજ્યમાં કપાસની ખરીદી ચાલુ કરેલ હતી, પરંતુ કપાસના વધુ ઉત્પાદનને ધ્યાને લઈ રાજ્ય સરકારે સઘન પ્રયાસો કરી નાફેડ દ્વારા પણ કપાસની ખરીદી શરૂ કરાવેલ છે.

(૫) નાફેડ દ્વારા કપાસની ખરીદી થાય તે અંગે સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કયારે કયારે રજુઆત કરી છે, અને

(૫) નાફેડ દ્વારા ટેકાના ભાવની યોજના હેઠળ રાજ્યમાં કપાસની ખરીદી કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ નીચેની વિગતે રજુઆત કરેલ છે.

૧. માન. મુખ્ય મંત્રીશ્રીએ તા. ૧૦-૧૨-૦૪ના પત્રથી માન. પ્રધાનમંત્રીશ્રીને રજુઆત કરી.
૨. તા. ૩૧-૧-૦૫ના રોજ માન. કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રીના રાજ્યના પ્રવાસ દરમ્યાન માન. મુખ્ય મંત્રીશ્રી તથા માન. કૃષિ મંત્રીશ્રીએ રૂબરૂમાં રજુઆત કરી.
૩. ૩-૨-૦૫ના રોજ માન. મંત્રીશ્રી (કૃષિ) માન. મુખ્ય સચિવશ્રી તથા સચિવશ્રી કૃષિએ માન. કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રીને દિલ્હી રૂબરૂ મળી રજુઆત કરી,

(૬) કેન્દ્ર સરકારે શું પ્રતિભાવ આપ્યો છે?

(૬) રાજ્ય સરકારની રજુઆતો તથા સંકલનના કારણે કેન્દ્ર સરકારે રાજ્યમાં તા. ૨૨-૨-૦૫થી નાફેડ દ્વારા ટેકાના ભાવની યોજના હેઠળ કપાસની ખરીદી શરૂ કરાવેલ છે.

----------

## અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટયુશન સહાય

૧૨૨૧૩ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોરણ ૧૧-૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પૈકી સાયન્સ પ્રવાહમાં ખાનગી ટયુશન સહાયની આપવાની યોજના અમલમાં છે તે વાત સાચી છે, અને | (૧) હા. જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં તારીખ ૩૧-૧-૨૦૦૫ સુધીમાં કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સહાયની કેટલી રકમ ચૂકવેલ છે? | (૨) કુલ ૮૧ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રૂપિયા ૯.૦૬ લાખ ટયુશન સહાયની રકમ ચૂકવવામાં આવેલ છે. |

----------

## ભૂજ અને નખત્રાણા તાલુકામાં ગોકુળ ગામ બનાવવાની કામગીરી

૧૨૩૯૫ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ભૂજ તથા નખત્રાણા તાલુકામાં ડીસે.-૨૦૦૪ની સ્થિતિએ કયા કયા ગામો ગોકુળ ગામ થવાના બાકી છે, | (૧) ભૂજ તાલુકાના જાંબુડી તથા હરૂડી એમ બે ગામો ગોકુળ ગામ જાહેર કરવાના બાકી છે. જ્યારે નખત્રાણા તાલુકાના કોઈ ગામ જાહેર કરવાના બાકી નથી. |
| (૨) આ કામગીરી બાકી હોવાના શા કારણો છે, | (૨) ઉક્ત ગામોમાં કોમ્યુનીટી હોલની સુવિધા પૂરી પાડવાની બાકી હોવાથી. |

(૩) બાકી રહેલા ગામોને ગોકુળ ગામ બનાવવાની કામગીરી કયા તબક્કામાં છે, અને

(૩) આખરી તબક્કામાં છે.

(૪) આ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૪) શક્ય તેટલા વહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

**સુરત જિલ્લામાં સરદાર આવાસ મકાનોની ફાળવણી**

૧૦૮૦૫ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩-૦૪ નાણાકીય વર્ષમાં તથા તારીખ ૧-૪-૦૪ થી તારીખ ૩૧-૧૨-૦૪ સુધીમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા સરદાર આવાસ યોજના હેઠળ મકાનોના બાંધકામ કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) સને ૨૦૦૩-૦૪ના નાણાકીય વર્ષમાં તથા તારીખ ૧-૪-૦૪ થી તારીખ ૩૧-૧૨-૦૪ સુધીમાં નીચે મુજબ તાલુકાવાર કુલ-૧૧૬૮ મકાનોના બાંધકામ કરવામાં આવ્યા છે. ..

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૩-૨૦૦૪ | તારીખ ૧-૪-૦૪થી ૩૧-૧૨૦૪ સુધી. |
|---|---|---|---|
| ૧ | સોનગઢ | ૩૭ | ૯૨ |
| ૨ | ઉચ્છલ | ૦૦ | ૧૦ |
| ૩ | નિઝર | ૦૦ | ૧૦૦ |
| ૪ | વ્યારા | ૦૦ | ૭૪ |
| ૫ | વાલોડ | ૦૦ | ૭૨ |
| ૬ | માંડવી | ૦૦ | ૧૨૮ |
| ૭ | માંગરોળ | ૦૦ | ૭૦ |
| ૮ | મહુવા | ૦૦ | ૬૫ |
| ૯ | બારડોલી | ૩૮ | ૨૩ |
| ૧૦ | પલસાણા | ૦૦ | ૭૨ |
| ૧૧ | કામરેજ | ૪૦ | ૮૧ |
| ૧૨ | ઓલપાડ | ૦૦ | ૯૦ |
| ૧૩ | ઉમરપાડા | ૦૦ | ૧૧ |
| ૧૪ | ચોર્યાસી | ૨૮ | ૧૩૭ |
| | કુલ | ૧૪૩ | ૧૦૨૫ |

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને મકાનોની ફાળવણી કરવામાં આવી?

(૨) તમામ ૧૧૬૮ લાભાર્થીઓને મકાનોની ફાળવણી કરવામાં આવેલ છે.

----------

**લોક કલ્યાણ મેળામાં યોજનાના લાભો**

૧૨૦૧૨ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કુલ કેટલા લોક કલ્યાણ મેળાઓ કયાં કયાં ભર્યા, આ માટે કેટલું ખર્ચ સરકાર દ્વારા કરવામાં આવ્યું, અને

(૨) આ મેળાઓ અંતગર્ત કઈ કઈ યોજનાના લાભો ગરીબોને આપવામાં આવ્યા?

**જવાબ**

(૧) છેલ્લા એક વર્ષમાં એક પણ લોક કલ્યાણ મેળો ભર્યો નથી તેથી ખર્ચ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ઉપર મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## કચ્છ જિલ્લામાં સરદાર પટેલ આવાસોના ફાળવેલ મકાનો

૯૯૪૮ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) : માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૨-૨૦૦૩ અને સને ૨૦૦૩-૨૦૦૪ ના નાણાકીય વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર સરદાર પટેલ આવાસ યોજના અન્વયે મકાનો મેળવવા કેટલા લાભાર્થીઓની માંગણીઓ આવી,

**જવાબ**

(૧) સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ ના નાણાકીય વર્ષમાં કચ્છ જિલ્લામાં નીચે મુજબ તાલુકાવાર સરદાર પટેલ આવાસ યોજના અન્વયે મકાનો મેળવવા કુલ ૧૩૧૫ લાભાર્થીઓની માંગણીઓ આવી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૨-૦૩ | વર્ષ ૨૦૦૩-૦૪ |
|---|---|---|---|
| ૧ | ભૂજ | ૧૧૧ | ૦૦ |
| ૨ | માંડવી | ૧૮૫ | ૮૭ |
| ૩ | મુન્દ્રા | ૧૧૬ | ૫૩ |
| ૪ | અંજાર | ૭૦ | ૩૦ |
| ૫ | ગાંધીધામ | ૦૧ | ૦૮ |
| ૬ | ભચાઉ | ૦૦ | ૦૦ |
| ૭ | રાપર | ૪૧ | ૦૦ |
| ૮ | નખત્રાણા | ૨૫૫ | ૮૩ |
| ૯ | અબડાસા | ૧૦૮ | ૩૫ |
| ૧૦ | લખપત | ૮૧ | ૫૧ |
| | કુલ : | ૯૬૮ | ૩૪૭ |

(૨) તે પૈકી તારીખ ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલા લાભાર્થીઓને મકાનો ફાળવવામાં આવ્યા, અને

(૨) ૯૮૦ લાભાર્થીઓને મકાનો ફાળવવામાં આવ્યા.

(૩) સને ૨૦૦૨-૨૦૦૩ અને સને ૨૦૦૩-૨૦૦૪ ના નાણાકીય વર્ષમાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) નીચે મુજબ વર્ષવાર અને તાલુકાવાર કુલ રૂા.૩૬૩.૬૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૨-૦૩ (રૂા. લાખમાં) | વર્ષ ૨૦૦૩-૦૪ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ભૂજ | ૩૫.૬૪ | ૦૦.૦૦ |
| ૨ | માંડવી | ૬૬.૯૭ | ૧૯૫૯ |
| ૩ | મુન્દ્રા | ૩૬.૦૮ | ૦૦.૦૦ |
| ૪ | અંજાર | ૨૩.૮૮ | ૦૧.૬૬ |
| ૫ | ગાંધીધામ | ૦૦.૦૦ | ૦૨.૨૭ |
| ૬ | ભચાઉ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૭ | રાપર | ૦૬.૩૬ | ૦૦.૦૦ |
| ૮ | નખત્રાણા | ૯૧.૬૧ | ૨૧.૧૪ |
| ૯ | અબડાસા | ૧૮.૫૩ | ૦૦.૦૦ |
| ૧૦ | લખપત | ૩૨.૮૪ | ૦૭.૦૪ |
| | કુલ : | ૩૧૧.૯૧ | ૫૧.૭૦ |

----------

## રાજુલા તાલુકા પંચાયત કચેરીમાંથી ફોર્મ ગુમ થવા અંગે

૧૧૦૦૭ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજુલા તાલુકા પંચાયત કચેરીમાં તા. ૧૩-૮-૨૦૦૪ના રોજ મળેલ લેન્ડ કમિટીની મીટીંગમાં ખેરા ગામના અરજદારોના માત્ર ૩૬ ફોર્મ રજૂ થયેલ હતા પરંતુ ૭૫ જેટલા અરજદારોએ માંગણી કરેલ હતી. જેમાં ૩૯ ફોર્મ ગુમ થઈ જવાથી રજૂ થયેલ ન હતા તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો લાભાર્થી અરજદારોના કચેરીમાંથી ગુમ થયેલા ફોર્મ પરત્વે કોની જવાબદારી થાય છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અંગે તપાસ કરી પગલાં લેવા માંગો છો કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## જળ સ્ત્રાવ કાર્યક્રમ હેઠળ આવરી લીધેલ વિસ્તાર

૧૨૨૦૫ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેન્દ્ર પુરસ્કૃત જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત ૨૦૦૪-૦૫ના વર્ષમાં કેન્દ્રના હિસ્સા સહિત કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી છે, અને | (૧) રૂા. ૧૭૨.૯૦ કરોડ. |
| (૨) આ યોજના હેઠળ કેટલા અને કયા કયા વિસ્તારને આવરી લેવાયા છે ? | (૨) આ યોજના હેઠળ ૨૬.૮૯ લાખ હેક્ટર વિસ્તારને આવરી લેવાયેલ છે. ડીપીએપી, ડીડીપી તથા આઈડબલ્યુડીપી વિસ્તારને આવરી લેવાયા છે. |

----------

## કાલાવડ તાલુકામાં પાક વીમાની ચુકવવાની બાકી રકમ

૧૨૬૫૫ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના બાંગા ગામના ખેડૂતોને તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ થયા છતાં પાક વિમાની રકમ ખેડૂતોને મળેલ નથી તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ખેડૂતોને વિમાની કેટલી રકમ ચૂકવવાની બાકી છે, ક્યારે ચૂકવણી કરવામાં આવશે, | (૨) નિયમાનુસાર મળવાપાત્ર તમામ દાવાઓ ચુકવી આપવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) વિમાની ચૂકવણીના વિલંબ થવાના કારણો શા છ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## સામાજિક પછાત વર્ગના લોકોને મકાન સહાય

૧૧૭૧૬ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૦૪-૦૫ તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં પાટણ તાલુકામાં સામાજિક શૈક્ષણિક અને પછાત વર્ગને વ્યક્તિગત ધોરણે મકાન કે સહાય આપવાનો કેટલો લક્ષ્યાંક નક્કી કરાયો છે, અને | (૧) કોઈ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યા નથી. |
| (૨) આ વર્ગોના લાભાર્થીઓને કયારે આવી મકાન સહાય મળનાર છે ? | (૨) સન ૨૦૦૪-૦૫ના વર્ષમાં પાટણ તાલુકામાં ૨૬ વ્યકિતઓને કુલ રૂા. ૨,૪૦,૫૦૦ની સહાય ચુકવવામાં આવી છે. |

## રાજ્યના માછીમારો પાકિસ્તાનની જેલમાંથી છોડાવવા અંગે

૧૧૬૪૨ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યનાં કુલ કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં છે, અને | (૧) ૫૨૪. |
| (૨) માછીમારોને છોડાવવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કરેલા પ્રયાસોની વિગતો શું છે ? | (૨) આ માછીમારોને છોડાવવા તેમની વ્યક્તિગત બાબતોની ફોટોગ્રાફસ સહિતની પ્રમાણભૂત વિગતો કેન્દ્ સરકારને મોકલી આપવામાં આવે છે. તે પછી સદરહુ બાબતે પાકિસ્તાન સત્તાવાળાઓ સાથે તેમને છોડાવવા માટે જરૂરી કાર્યવાહી કરવા વખતોવખત માનનીય મંત્રીશ્રી દ્વારા, માનનીય સંસદસભ્યોશ્રીઓ દ્વારા તેમજ વિભાગ કક્ષાએથી કેન્દ્ર સરકારને જણાવવામાં આવે છે. તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પણ માનનીય વડાપ્રધાનશ્રીને પત્ર પાઠવી દરમ્યાનગીરી કરવા વિનંતી કરવામાં આવી છે. |

## ગ્રામ વિકાસ એજન્સી દ્વારા વોટરશેડના કામોની ચૂકવણી

૧૨૩૫૫ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ના વર્ષોમાં ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મંજૂર કરાયેલ વોટરશેડના કામો પૈકી તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કુલ કેટલું ખર્ચ થયું, અને | (૧) છેલ્લા ત્રણ વર્ષનું તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કુલ રૂા. ૪૬૨૨.૨૦ લાખ ખર્ચ થયું. |
| (૨) આ સમય ગાળા દરમ્યાન કઈ કઈ સંસ્થાઓ કે એજન્સીઓને કયા કયા તાલુકામાં કયા કયા વિસ્તારમાં કેટલી રકમની ફાળવણી કે ચુકવણું તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કરવામાં આવ્યું ? | (૨) સંસ્થાવાર, તાલુકાવાર અને વિસ્તારવાર છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવેલ રકમની વિગતો પરિશિષ્ટ-૧*માં સામેલ છે. |

(*પરિશિષ્ટ-૧ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજ્યમાં માછીમારોને કોન્ટ્રાકટ આપવા અંગે**

૧૨૪૮૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં ટ્રાયબલ વિસ્તારમાં નાના, મધ્યમ અને મોટા ડેમોમાં માછીમારીનો કોન્ટ્રાકટ કેટલા આદિવાસી મંડળીઓને આપવામાં આવ્યો છે, અને | (૧) ૪૨ નાના ડેમોમાં, ૨ મધ્યમ ડેમોમાં અને ૧ મોટા ડેમોમાં મચ્છીમારીનો કોન્ટ્રાકટ ૪૨ આદિવાસી મંડળીઓને આપવામાં આવેલ છે. |
| (૨) માછીમારીનો કોન્ટ્રાકટ ન આપવાનાં કારણો શું છે ? | (૨) જે મંડળીઓ પાસે કોઈ પણ પ્રકારનું સરકારી લેણું બાકી હોય અને ડીફોલ્ટર હોય તેમજ ઈજારા હુકમની બોલીઓ અને શરતોનો ભંગ કરેલ હોય તેમને નિયમોનુસાર જળાશયના ઈજારા આપવામાં આવતા નથી. |

**કૃષિ ક્ષેત્રે આપેલ ધિરાણ**

૧૨૬૦૨ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કૃષિ વિષયક ધિરાણ ક્ષેત્રે રાજ્ય સરકાર દ્વારા શું પ્રયત્ન કરવામાં આવેલ છે, | (૧) કેન્દ્ર સરકારે કરેલ જાહેરાત મુજબ આગામી ત્રણ વર્ષમાં કૃષિ ધિરાણ બમણું કરવાનું રહે છે અને તે મુજબ નાબાર્ડની પુનઃગઠન સહિતની યોજનાઓનો અમલ કરવા રાજ્ય સહકારી બેંક અને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. |
| (૨) સન ૨૦૦૪-૦૫ ના વર્ષના અંતે કેટલા કિસાન ક્રેડીટ કાર્ડ આપવામાં આવેલ છે, અને | (૨) ૧૦,૦૩,૭૫૫. |
| (૩) સન ૨૦૦૪-૦૫ ના વર્ષના અંતે કેટલા કિસાનોને કુલ કેટલું ધિરાણ આપવામાં આવેલ છે? | (૩) ૧૦,૦૩,૭૫૫ કિસાનોને રૂા. ૨૪૫૯.૭૧ કરોડ. |

-----------

**માંગરોળ તાલુકામાં માછીમારોને રાહત દરે ડીઝલ/કેરોસીન પૂરું પાડવા અંગે**

૧૨૫૨૫ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) માંગરોળ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા માછીમારોને કેટલા લીટર ડીઝલ અને કેરોસીન રાહત ભાવે પૂરું પાડવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) માંગરોળ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે દર્શાવ્યા મુજબ માછીમારોને ડીઝલ અને કેરોસીન રાહત ભાવે પુરું પાડવામાં આવેલ છે.

| અ.નં. | વિગત | જથ્થો | માછીમારોની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | ડીઝલ | ૮૧,૧૮,૬૯૦ લીટર | ૪૨૫ |
| (૨) | કેરોસીન | ૮,૦૭,૦૦૦ લીટર | ૪૪૫ |

**પ્રશ્ન** (૨) જરૂરીયાતના પ્રમાણમાં આ જથ્થો ખૂબ જ ઓછો છે તે રાજ્ય સરકાર જાણે છે ?

**જવાબ** (૨) જરૂરિયાતના પ્રમાણમાં જથ્થો પુરતો છે.

## ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ રકમ મંજૂર કરવા અંગે

૧૨૫૯૩ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

રાજ્યમાં ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલા ખેડૂતોને કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

૧૦૫૯ ખેડૂતોને રૂા. ૧૦૪૬.૫૦ લાખની રકમ મંજૂર કરવામાં આવી

## ભાવનગર જિલ્લામાં સ્પ્રીન્કલર ફાળવવા અંગે

૧૧૦૫૮ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં કેટલી સ્પ્રીન્કલર સીસ્ટમ ફાળવવા આયોજન છે, અને

(૨) તે પૈકી ભાવનગર તાલુકામાં કેટલી ?

**જવાબ**

(૧) જુદી જુદી યોજનાઓ હેઠળ કુલ-૩૬૧૬ સેટ ફાળવવાનો લક્ષ્યાંક છે.

(૨) તે પૈકી ભાવનગર તાલુકામાં ૩૩૫ સેટનો લક્ષ્યાંક છે.

## ખાંડ સહકારી મંડળીઓના માધ્યમથી મદદ

૧૨૧૮૮**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ઈથેનોલ અને કો-જનરેશન ક્ષેત્રમાં રાજ્યની ખાંડ સહકારી મંડળીઓના માધ્યમથી મદદ પૂરી પાડવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) ઈથેનોલ ઉત્પાદનનો કે કો-જનરેશનમાં વિજળી ઉત્પાદનનો નિર્ણય જે તે ખાંડ મંડળીઓએ લેવાનો હોય છે.

(૨) ત્રણ ખાંડ સહકારી મંડળીઓ દ્વારા ઈથેનોલની તથા બે ખાંડ સહકારી મંડળીઓ દ્વારા કો-જનરેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે.

## બનાસકાંઠા જિલ્લામાં જમીન સુધારણાના કામો

૧૧૭૧૮ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં જમીન સમતળ કરવાના, પાળા બાંધવાના અને જમીન સુધારણાના કુલ કેટલા કામો તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ગુ.રા. જમીન વિકાસ નિગમ લિ. દ્વારા બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે પ્રમાણે જમીન સમતળના/પાળા બાંધવાના અને જમીન સુધારણાના કામો થયેલ છે.

| અનુ. નં. | તાલુકો | ગામની સંખ્યા | જમીન સમતળ/પાળા બાંધવા અને જમીન સુધારણાના કામો |
|---|---|---|---|
| ૧. | પાલનપુર | ૧૩ | ૨૦૫ |
| ૨. | દાંતા | ૪૦ | ૪૫૭ |
| ૩. | અમીરગઢ | ૩૭ | ૩૯૪ |
| ૪. | વડગામ | ૦૫ | ૪૦ |
| ૫. | થરાદ | ૦૨ | ૧૧ |
| ૬. | ભાભર | ૦૩ | ૪૦ |
| ૭. | ધાનેરા | ૦૧ | ૦૨ |
| ૮. | દાંતીવાડા | ૦૧ | ૨૪ |
| ૯. | ડીસા | ૦૧ | ૭૯ |
| ૧૦. | દિયોદર | ૦૧ | ૧૦ |
|  | કુલ | ૧૦૪ | ૧૨૬૨ |

| | |
|---|---|
| (૨) આ કામો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) આ કામો પાછળ કુલ રૂા. ૧૯૮.૩૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

-----------

**રાજકોટમાં સરદાર આવાસ યોજનાનો લાભ**

૧૨૦૨૮ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સરદાર આવાસ યોજનાઓના મકાનોની તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલી ચૂકવણી બાકી છે, અને | (૧) રૂા. ૧૦૩.૧૯ લાખની ચુકવણી બાકીમાં છે. |
| (૨) પડધરી, ટંકારા અને મોરબી તાલુકામાં કેટલા લાભાર્થીઓને આ આવાસનો લાભ મળેલ છે? | (૨) પ૨-લાભાર્થીઓને આવાસોના લાભ આપવામાં આવેલ છે. |

-----------

**મહેસાણા જિલ્લામાં ગ્રામ સેવકોની નિમણૂક**

૧૨૪૮૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં જુદા જુદા તાલુકાઓમાં આઈ.આર.ડી. ગ્રામ સેવકોની સંવર્ગની કેટલી નિમણૂકો છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી ? | કોઈ નિમણૂંક કરવામાં આવેલ નથી. |

-----------

**સ્થાનિક રોજગારી માટે નિયમોમાં સુધારા**

૧૧૦૦૪ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યના ઉદ્યોગમાં ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી મળી રહે તે બાબતે રાજ્ય સરકારે તાજેતરમાં શું પગલાં લીધાં ? | (૧) શ્રમ અને રોજગાર વિભાગના તા. ૭-૧૧-૦૩ના જાહેરનામાથી કોન્ટ્રાક્ટ લેબર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ની કલમ ૩૫(૧) હેઠળ સ્થાનિક કક્ષાએ કારખાનાઓમાં કોન્ટ્રાક્ટ ધોરણે રોકવામાં આવતા કુલ શ્રમયોગીઓ પૈકી ૮૫ ટકા સ્થાનિક રોજગારી આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે અને આ જોગવાઈનો સઘન અમલીકરણ ક્ષેત્રીય અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહેલ છે.<br>(૨) મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવેલ છે.<br>(૩) માહિતી દર છ માસે મેળવવામાં આવે છે.<br>(૪) નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીને જરુરી કાર્યવાહી માટે મોકલવામાં આવે છે. |

(૫) ઔદ્યોગિક ભરતી મેળા સ્થાનિક કક્ષાએ યોજવામાં આવે છે.
(૬) ઔદ્યાગિક તાલીમ સંસ્થાઓમાં જરુરિયાત મુજબ ટ્રેડ શરુ કરવામાં આવે છે.
(૭) આ નીતિના પાલન માટે કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરવામાં આવે છે.

----------

**વલસાડ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૧૨૪૮૦ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં ડીસેમ્બર-૦૪ સ્થિતિએ તાલુકાવાર તલાટી-કમ-મંત્રીની કુલ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે |
|---|---|---|---|
| ૧. | વલસાડ | ૨૧ | મોટા ભાગની જગ્યાઓ ૨૦૦૨ બાદથી ખાલી છે. |
| ૨. | પારડી | ૧૦ | |
| ૩. | ઉમરગામ | ૦૮ | |
| ૪. | ધરમપુર | -- | |
| ૫. | કપરાડા | ૦૫ | |
| | કુલ | ૪૪ | |

(૨) જેમ બને તેમ જલ્દીથી.

-----------

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ શૌચાલયો**

૧૧૪૧૩ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગ્રામિણ સ્વચ્છતા માટે કુલ કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા,

(૨) કઈ કઈ નોડલ એજન્સીઓને તાલુકાવાર કેટલા શૌચાલયો બનાવવા માટે આપવામાં આવેલ હતા, અને

(૩) નોડલ એજન્સીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ કોઈ નવા શૌચાલયો બનાવવામાં આવેલ નથી.

(૨) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ નોડલ એજન્સીને બનાસકાંઠા જિલ્લામાં નવા શૌચાલયો બનાવવા આપવામાં આવેલ નથી.

(૩) અગાઉના વર્ષના પૂરા થયેલ કામ સામે નોડલ એજન્સીઓને બાકી સહાયની કુલ. રૂા.૬૭,૮૨,૩૭૦ની રકમની ચુકવણી કરવામાં આવી.

----------

**રાજકોટ જિલ્લામાં બોરીબંધ બાંધવા પાછળ ખર્ચ**

૯૦૮૭ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૪ સુધીમા કેટલા બોરીબંધો છેલ્લા બે વર્ષમાં બાંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બાંધવામાં આવેલ બોરીબંધની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષવાર બાંધવામાં આવેલ બોરીબંધ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલ |
| ૧ | માળીયા | - | ૧૦૫ | ૧૦૫ |
| ૨ | મોરબી | - | ૧૫૭ | ૧૫૭ |
| ૩ | ટંકારા | - | ૧૫૫ | ૧૫૫ |
| ૪ | વાંકાનેર | - | ૩૩૦ | ૩૩૦ |
| ૫ | પડધરી | - | ૧૮૦ | ૧૮૦ |
| ૬ | રાજકોટ | - | ૪૦૧ | ૪૦૧ |
| ૭ | જસદણ | - | ૩૯૦ | ૩૯૦ |
| ૮ | કોટડા સાંગાણી | - | ૫૦ | ૫૦ |
| ૯ | લોધીકા | - | ૯૯ | ૯૯ |
| ૧૦ | ગોંડલ | - | ૨૫૦ | ૨૫૦ |
| ૧૧ | જેતપુર | - | ૧૨૮ | ૧૨૮ |
| ૧૨ | ધોરાજી | - | ૮૮ | ૮૮ |
| ૧૩ | ઉપલેટા | - | ૯૨ | ૯૨ |
| ૧૪ | જામ-કંડોરણા | - | ૩૦૦ | ૩૦૦ |
| | કુલ..... | - | ૨૭૨૫ | ૨૭૨૫ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) તેની પાછળ કુલ રૂા. ૧૫૯.૫૦ લાખનો ખર્ચ થયો છે.

---------

**ભાણવડમાં આઈટીઆઈ બનાવવાનું આયોજન**

૧૧૨૧૫ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાણવડ ખાતે ઔદ્યોગિક તાલીમ સંસ્થા(આઈટીઆઈ)નું બિલ્ડીંગ બનાવવાનું આયોજન છે, કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યા સુધીમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**સોઈલ હેલ્થ કાર્ડનું આયોજન**

૧૨૩૩૨ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સોઈલ હેલ્થ કાર્ડ અંગેની યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલા નમુનાઓ લેવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કુલ ૩,૬૦,૫૧૧ નમુનાઓ લેવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા ખેડૂતોને તા.૩૧-૧૨-૦૪ સુધીમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, અને | (૨) તા.૩૧-૧૨-૦૪ સુધીમાં ૨,૦૫,૩૮૯ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે. |

(૩) રાજ્યના તમામ ખેડૂતોને ક્યાં સુધીમાં આ કાર્ડ આપવાનું સરકારનું આયોજન છે ?

(૩) સને ૨૦૦૫માં ૩.૬૪ લાખ ખેડૂતોને અને ત્યારબાદ તબક્કાવાર તમામ ખેડૂતોને આ કાર્ડ આપવાનું આયોજન છે.

----------

**રાજકોટ જિલ્લાની આશ્રમશાળાઓમાં ચેકીંગ દરમ્યાન ગેરરીતિ**

૧૧૩૬૦ **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ કેટલી આશ્રમશાળાઓ કયા તાલુકામાં ચાલે છે, તેની અંદર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે,

(૨) આ આશ્રમશાળાઓનું સરકાર તરફથી છેલ્લા બે વર્ષ દરમ્યાન ઓચીતું ચેકીંગ કરવામાં આવેલ છે કે કેમ,

(૩) ચેકીંગ દરમ્યાન કોઈ ગેરરીતિ માલુમ પડેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેની સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ : ૧૦ આશ્રમશાળાઓ ચાલે છે. જેમાં રાજકોટ તાલુકામાં ૪, ઉપલેટા તાલુકામાં ૨, જસદણ તાલુકામાં ૩ અને વાંકાનેર તાલુકામાં ૧. તેની અંદર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા કુલ : ૧૧૨૭ની છે.

(૨) હા, જી.

(૩) ચેકીંગ દરમ્યાન અનિયમિતતાઓ જોવા મળેલ,

(૪) એક આશ્રમશાળામાં ૧૦ ટકા ગ્રાન્ટ કાપ બે આશ્રમશાળાઓમાં સંખ્યા કાપ (એક આશ્રમશાળામાં ૩૩, બીજી આશ્રમશાળામાં ૨૪) બે આશ્રમશાળાઓને ચેતવણી/તાકીદ આપેલ.

----------

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતો રચવાની રજૂઆત**

૧૨૫૩૫ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં, કઈ કઈ નવીન ગ્રામપંચાયતો રચવા માટેની માંગણીઓ પડતર છે, આ માંગણીઓ કેટ કેટલા વખતથી પડતર છે તથા તે પડતર રહેવાનાં શું કારણો છે, અને માંગણી પડતર રહેવાનાં કારણોના નિવારણ માટે સરકારે કાંઈ પગલાં લીધેલ હોય તો તેવાં પગલાંની શું વિગતો છે, અને જો કાંઈ પગલાં લીધેલ ન હોય તો તેના શું કારણો છે ?

**જવાબ**

પત્રક-૧ મુજબ

**પત્રક-૧**

(૧) બનાસકાંઠા જિલ્લામાં જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ નીચે મુજબની વિભાજનની મળેલ દરખાસ્તો વિચારણાની પડતર રહેવાની વિગતો

| અ.ન. | તાલુકો | ગ્રા.પં. | નવીન રચાનાર ગ્રા.પં. | જિ.પં.ને દરખાસ્ત મળ્યા તારીખ | જિ.પં. તરફથી વિ.ક.શ્રીને દરખાસ્ત મોકલ્યા તારીખ | પડતર રહેવાના કારણો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | કાંકરેજ | રૂવેલ | ૧. રૂવેલ જૂના<br>૨. રૂવેલ નવા | ૨૪-૧૨-૦૧ | ૧૩-૩-૦૨ | વિધાનસભા સીમાંકન કામગીરીના કારણે યથાવત સ્થિતિ જાળવી રાખવાની હોઈ, ગ્રા.પં. વિભાજનની દરખાસ્તો ઉપર નિર્ણય થયેલ નથી. |
| ૨ | કાંકરેજ | અધગામ | ૧. મેડકોલ અને<br>૨. ભાવનગર | ૭-૩-૦૨ | ૫-૪-૦૨ | ઉપર મુજબ |
| ૩ | ધાનેરા | માલોત્રા | ૧. મોટામેડા | ૭-૨-૦૨ | ૫-૪-૦૨ | ઉપર મુજબ |
| ૪ | ધાનેરા | રૂણી | ૧. રામપુરા-ઘોડા | ૭-૩-૦૨ | ૧૫-૪-૦૨ | ઉપર મુજબ |
| ૫ | વડગામ | પાંચડા | ૧. મેજરપુરા | ૧૫-૪-૦૨ | ૯-૫-૦૨ | ઉપર મુજબ |
| ૬ | દાંતીવાડા | જેગોલ | ૧. ધાનેરી | ૩-૭-૦૨ | ૨૭-૮-૦૨ | ઉપર મુજબ |
| ૭ | ડીસા | કાતરવા | ૧. મટુ | ૧૫-૭-૦૨ | ૨૨-૩-૦૩ | ઉપર મુજબ |
| ૮ | વાવ | કુંડાલીયા | ૧. રાધાનેસડા | ૨૦-૮-૦૨ | ૩૧-૧૨-૦૩ | ઉપર મુજબ |
| ૯ | ડીસા | બલોધર | ૧. તાલેગંજ | ૧૯-૬-૦૨ | - | ગ્રામસભાનો ગ્રા,પં.નો ઠરાવ મેળવવા તા.પં., ડીસાને દરખાસ્ત પરત કરેલ છે. |

----------------

**બનાસકાંઠા જિલ્લામાં પશુ સારવાર કેન્દ્રોમાં દવાની ગ્રાન્ટની ફાળવણી**

૧૧૦૦૧ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં પશુ સારવાર કેન્દ્રોના દવાખાનાઓમાં દવાઓ પેટે રાજ્ય સરકાર સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા.૩૧-૧-૦૫ સુધીમાં કેટલી રકમ ફાળવી છે, અને | (૧) રૂા.૯,૮૯,૦૦૦/- |
| (૨) આ રકમ ઓછી હોવાની ફરિયાદ અન્વયે વધુ રકમ ફાળવવામાં આવશે કે કેમ ? | (૨) આવી કોઈ ફરીયાદ મળી નથી. |

-------------

**ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા**

૧૨૦૧૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલી છે, અને | (૧) રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા ૨૩,૨૯,૩૭૮ ની છે. |
| (૨) ગરીબી રેખા નીચેની ગણતરીમાં બાકી રહી ગયેલા કુટુંબોનો સમાવેશ કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) દશમી પંચવર્ષીય યોજના અંતર્ગત ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની ગણતરીની કાર્યવાહી ગતિમાં છે. |

----------

## સુરત જિલ્લામાં પશુ ચિકિત્સકો અને નિરીક્ષકોની ખાલી જગ્યાઓ

૧૨૫૩૨ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં પશુ દવાખાનાઓમાં પશુ ચિકિત્સકો અને પશુધન નિરીક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં પશુ દવાખાનાઓમાં પશુ ચિકિત્સકોની ૫(પાંચ) જગ્યા અને પશુધન નિરીક્ષકોની ૨૫ (પચ્ચીસ) જગ્યાઓ ખાલી છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે, અને | (૨) જેમ બને તેમ જલ્દીથી. |
| (૩) આ જગ્યાઓ ન ભરવાનાં કારણો કયા છે? | (૩) વહીવટી કારણોસર. |

----------

## અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન

૧૨૬૪૯ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદેશી અભ્યાસ કરવા માગતા અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર તરફથી લોન આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં આ લોનનો લાભ મેળવી કેટલા યુવાનો પરદેશ અભ્યાસ માટે ગયા, અને | (૨) વર્ષ ૨૦૦૩-૨૦૦૪ : ૨૦<br>વર્ષ ૨૦૦૪-૨૦૦૫ (તા. ૩૧-૧-૨૦૦૫ સુધી) : ૧૧<br>---------<br>કુલ : ૩૧ |
| (૩) વર્ષ દરમ્યાન કેટલા યુવાનોને આવો લાભ આપવાનું નક્કી થયેલ છે ? | (૩) વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં ૪૦ યુવાનોને. |

----------

## જૂનાગઢ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગા

૧૨૩૨૩ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કયા તાલુકામાં કેટલા તલાટી-કમ-મંત્રીઓની જગ્યા ભરાયા વગરની છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ભરાયા વગરની જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | ઉના | ૧૭ |
| ૨. | કોડીનાર | ૧૩ |
| ૩. | સુત્રાપાડા | ૧૧ |
| ૪. | વેરાવળ | ૦૬ |
| ૫. | તાલાળા | ૧૩ |
| ૬. | માળીયા | ૧૩ |
| ૭. | કેશોદ | ૦૪ |
| ૮. | માંગરોળ | ૦૭ |
| ૯. | માણાવદર | ૧૧ |
| ૧૦. | ભેંસાણ | ૦૬ |
| ૧૧. | વિસાવદર | ૦૯ |
| ૧૨. | વંથલી | ૦૧ |
| ૧૩. | મેંદરડા | ૦૧ |

| | | |
|---|---|---|
| ૧૪. | જુનાગઢ | -- |
| | કુલ : | ૧૧૨ |

| | |
|---|---|
| (૨) આ ભરવાપાત્ર જગ્યાઓ રાજ્ય સરકાર ક્યાં સુધીમાં ભરવા માગે છે ? | (૨) જેમ બને તેમ જલ્દીથી |

-----------

**ગણવેશ અને શિષ્યવૃત્તિની યોજના અન્વયે બાળકોને લાભ**

૧૨૩૨૭ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૪-૦૫ માટે ગણવેશની યોજના ચાલુ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલા અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના બાળકોને લાભ આપેલ છે ? | (૨) અનુસૂચિત જાતિના ૨,૦૫,૬૭૩ બાળકોને લાભ આપેલ છે, અને બક્ષીપંચના ૨૧,૫૯,૬૦૭ બાળકોને લાભ આપેલ છે. |

**સોઈલ હેલ્થ કાર્ડની પ્રગતિ**

૧૦૭૯૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવાની કામગીરી હાલ કયા તબક્કે છે. તેનાથી શું ફાયદો થશે? | રાજ્યમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવાની કામગીરીના ભાગરૂપે કુલ ૨,૦૫,૩૮૯ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે. અને ચાલુ વર્ષે ૩.૬૪ લાખ સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું આયોજન છે. તેનાથી નીચે મુજબના ફાયદા થશે.<br>૧. જમીનની ફળદ્રુપતાની વિગતો જાણી શકાશે.<br>૨. જમીનમાં કયા ખાતરો કેટલા પ્રમાણમાં વાપરવા તેની જાણકારી મળી શકશે.<br>૩. ખાતરનો સમતોલ ઉપયોગ કરી શકાશે.<br>૪. પાક આયોજન કરી શકાશે.<br>૫. ખાતરની જરૂરીયાત અંદાજી શકાશે.<br>૬. ગામવાર, તાલુકાવાર અને જીલ્લાવાર ફળદ્રુપતાના નકશા તૈયાર કરી શકાશે.<br>૭. ખેતીવાડી, બાગાયત અને પશુપાલન ખાતા હસ્તકની સહાય યોજનાઓની જાણકારી મળી શકશે.<br>૮. જમીન ખારી, ભાસ્મિક કે અમ્લીય છે તે જાણી શકાશે અને તેને આધારે જમીનની સુધારણાના ઉપાયો થઈ શકશે.<br>૯. ખાતરના સમતોલ ઉપયોગને કારણે પાક ઉત્પાદન વધશે. |

-------------

## સુરત જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૧૨૩૯૧ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કયા કયા સંવર્ગની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી છે, અને

(૩) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવા સરકારનું આયોજન છે?

**જવાબ**

(૧) જુદા જુદા સંવર્ગોની કુલ મંજૂર થયેલ ૩૫૩ જગ્યાઓ પૈકી ૭૮ જગ્યા ખાલી છે. સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો સામેલ પત્રક-૧ મુજબ.

(૨) નિયમાનુસારની કાર્યવાહી ચાલુ છે.

(૩) બનતી ત્વરાએ.

**પત્રક-૧**

| ક્રમ | સંવર્ગ/જગ્યાનું નામ | નીઝર | ઉચ્છલ | પલસાણા | મહુવા | ઓલપાડ | માંડવી | બારડોલી | ચોર્યાસી | માંગરોળ | કામરેજ | વાલોડ | વ્યારા | સોનગઢ | ઉમરપાડા | કેટલા સમયથી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખાલી જગ્યા | | | | | | | | | | | | | | |
| ૧ | નાયબ ચાટનીશ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | - | - | - | - | - | - | - | ૧ જગ્યા ૪ વર્ષ ૫ માસથી અને બાકીની જગ્યાઓ તેથી ઓછા સમયથી |
| ૨ | નાયબ હિસાબનીશ | ૨ | ૨ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ જગ્યા ૩ વર્ષથી અને બાકીની જગ્યાઓ તેથી ઓછા સમયથી |
| ૩ | આંકડા મદદનીશ | - | ૧ | - | - | - | - | ૧ | - | ૧ | - | - | - | - | - | ૧ જગ્યા ૬ વર્ષ ૭ માસથી અને બાકીની જગ્યાઓ ૧ વર્ષથી ઓછા સમયથી |
| ૪ | વિસ્તરણ અધિકારી બાંધકામ | - | - | - | - | ૧ | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | ૧ જગ્યા ૯ વર્ષથી અને ૩ જગ્યાઓ ૩ વર્ષથી ઓછા સમયથી |
| ૫ | વિસ્તરણ અધિકારી ખેતી | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ | - | ૧ | - | ૧ જગ્યા ૫ વર્ષથી અને ૨ જગ્યાઓ તેથી ઓછા સમયથી |
| ૬ | વિસ્તરણ અધિકારી સહકાર | - | ૧ | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | - | મોટા ભાગની જગ્યાઓ ૮ વર્ષના સમયગાળાથી |
| ૭ | વિસ્તરણ અધિકારી પંચાયત | - | - | - | - | ૧ | ૧ | - | ૧ | - | ૧ | - | - | - | - | ૧ જગ્યા ૫ વર્ષ ૯ માસથી અને ૩ જગ્યાઓ ૩ વર્ષથી ઓછા સમયથી |
| ૮ | સીનીયર એકાઉન્ટ કલાર્ક | - | - | - | ૧ | ૨ | - | - | ૧ | - | ૧ | - | ૧ | - | - | ૬ જગ્યાઓ ૧ વર્ષ અને તેથી વધુ સમયથી |
| ૯ | સીનીયર કલાર્ક (વ) | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ જગ્યા ૧ વર્ષ ૧૦ માસથી |
| ૯ | જુનીયર એકાઉન્ટ કલાર્ક | - | ૧ | - | - | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ | - | - | - | - | ૪ જગ્યાઓ ૧ વર્ષથી ઓછા સમયથી અને ૨ જગ્યાઓ ૨ વર્ષથી વધુ સમયથી |
| ૧૦ | સર્કલ ઈન્સ્પેકટર | ૧ | ૧ | ૧ | - | ૨ | ૩ | ૧ | ૧ | - | ૨ | ૧ | ૧ | ૧ | - | ૮ જગ્યાઓ ૧ વર્ષ અને તેથી ઓછા સમયથી અને ૬ જગ્યાઓ ૧ વર્ષથી વધુ સમયથી |
| ૧૧ | ડ્રાઈવર | ૧ | ૧ | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ જગ્યાઓ ૭ વર્ષ અને ૫ વર્ષ વચ્ચેના સમયગાળાથી |
| | કુલ-૭૮ | ૫ | ૮ | ૪ | ૫ | ૯ | ૭ | ૮ | ૮ | ૫ | ૭ | ૩ | ૪ | ૪ | ૧ | |

## પંચાયતમાં વિકાસ કેડર વર્ગ-૧ ની ખાલી જગ્યાઓ

૧૨૫૩૦ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ પંચાયત કેડરમાં વિકાસ કેડરની વર્ગ-૧ની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) પંચાયત કેડરમાં વિકાસ કેડર, વર્ગ-૧નામનું કોઈ કેડર અસ્તિત્વમાં નથી. |
| (૨) આ જગ્યાઓ પૈકી અનુ.જનજાતિઓની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જગ્યાઓ ન ભરવાના કારણો કયા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.. |

------------

## સારાભાઈ કેમીકલ્સમાં શ્રમયોગીઓને બાકી પગાર

૧૨૪૬૯ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય શ્રમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સારાભાઈ કેમીકલ્સ વડોદરાના શ્રમયોગીઓનો ઘણા સમયથી પગાર બાકી છે, શું એ વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આના કારણે સંસ્થાઓમાં કોઈ શ્રમ પરિસ્થિતિ ઉભી થયેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) તંત્ર દ્વારા આ બાબતે શું પગલાં લેવામાં આવેલ છે? | (૩) માન.શ્રમમંત્રીશ્રીની દરમ્યાનગીરીથી શ્રમ પરિસ્થિતિનો ત્રિપક્ષીય વાટાઘાટોથી ઉકેલ આવેલ છે. સમાધાનજ થયા બાદ, દર માસે પગાર નિયમિત ચૂકવાય છે. સમાધાન અગાઉના સમયગાળા દરમ્યાન નિયમિત પગાર નહી ચુકવવા બાબતે સંસ્થા સામે ૨૦ ફોજદારી કેસો કરવામાં આવેલા છે. |

-----------

## પ્રાથમિક શાળામાં ગણવેશ પેટે રોકડ રકમ

૧૨૩૨૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ થી ૭માં ભણતા અનુસૂચિત જાતિના બાળકોને વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માટે ગણવેશ પેટે રોકડ રકમ ચૂકવવા નિર્ણય લેવાયેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૫ સુધીમાં પંચમહાલ અને દાહોદ જિલ્લામાં કુલ કેટલાં બાળકોને કેટલી રકમ ચૂકવી? | (૨) તા. ૩૧-૧-૦૫ સુધીમાં પંચમહાલ જિલ્લામાં કુલ ૧૯૭૪ બાળકોને રૂા. ૨,૯૬,૧૦૦-૦૦ અને દાહોદ જિલ્લામાં કુલ ૩૨૨ બાળકોને રૂા. ૪૮,૩૦૦-૦૦ ગણવેશ પેટે રોકડ રકમ ચૂકવી. |

**અનુસૂચિત જાતિના વકીલોને સ્ટાઈપેન્ડ**

૧૨૩૩૦ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અનુસૂચિત જાતિના વકીલોને સ્ટાઈપેન્ડ આપવાની યોજના હેઠળ એપ્રિલ-૨૦૦૪થી ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં કેટલી વ્યક્તિઓને સ્ટાઈપેન્ડ મંજૂર કરવામાં આવ્યુ, અને | (૧) ૭૦૮. |
| (૨) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલા વકીલોને કેટલી રકમ વર્ષવાર ચૂકવવામાં આવી? | (૨) (see table below) |

| વર્ષ | કેટલા વકીલને સહાય ચૂકવી | કેટલી સહાય ચૂકવી |
|---|---|---|
| ૧-૧-૦૩થી ૩૧-૧૨-૦૩ | ૬૪૯ | ૬૮,૯૪,૪૦૦ |
| ૧-૧-૦૪થી ૩૧-૧૨-૦૪ | ૮૮૭ | ૯૧,૬૦,૨૭૦ |
| --- કુલ : | ૧૫૩૬ | ૧,૬૦,૫૪,૬૭ |

--------------

**ઓલપાડ અને ચોર્યાસી તાલુકામાં ગ્રામ વિકાસ માટે ફાળવેલ રકમ**

૧૦૮૦૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧-૪-૦૪ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં સુરત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૨૪,૯૨,૪૭,૩૬૦/-ની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી ઓલપાડ અને ચોર્યાસી તાલુકામાં કેટલી ફાળવણી કરી છે? | (૨) તે પૈકી ઓલપાડ તાલુકાને રૂા. ૭૭,૪૫,૫૬૪/- અને ચોર્યાસી તાલુકામાં રૂા. ૪,૨૯,૨૯,૯૩૮/-ની ફાળવણી કરવામાં આવેલ છે. |

------------

**કચ્છ જિલ્લામાં ધીરધાર કરનાર ઇસમો સામે પગલાં**

૧૧૮૦૦ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં શાહુકાર ધારા હેઠળ નાણાનું ધીરધાર કરનાર કેટલા ઇસમોના પરવાના ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ અમલમાં છે, | (૧) ૨૬. |
| (૨) ગેરકાયદેસર ધીરધાર કરનાર કેટલા ઇસમો સામે ૨૦૦૪ ના વર્ષમાં ચેકીંગ થયા, અને | (૨) ૩. |
| (૩) કેટલા ઇસમો સામે આ અન્વયે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે ? | (૩) તપાસ કરતાં શાહુકાર ધારાનો ભંગ ન જણાતા શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી નથી. |

----------

## રોજગારી માટે માર્ગદર્શન

૧૨૪૭૪ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બેરોજગારોને રોજગારી મળી રહે તે માટે સરકાર તરફથી માર્ગદર્શન આપવાની કોઇ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨)૧. રોજગાર કચેરીઓ ખાતે વ્યવસાય માર્ગદર્શન એકમો ઉભા કરવામાં આવેલ છે.<br>૨. ઉમેદવારોને નામ નોંધણી, રીન્યુઅલ અને અપડેશનની કામગીરી વખતે વ્યવસાય માર્ગદર્શન આપવામાં આવે છે.<br>૩. તાલુકા રજીસ્ટ્રેશન કેમ્પમાં વ્યવસાય માર્ગદર્શન આપવામાં આવે છે.<br>૪. તાલુકા કક્ષાએ સ્વરોજગાર પ્રેરણા શીબીરો યોજવામાં આવે છે શાળા કોલેજોમાં કેરીયર કોર્નર તાલીમ વર્ગો શરૂ કરવામાં આવેલ છે.<br>૫. ઔદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવે છે.<br>૬. સંરક્ષણ દળો માટે પૂર્વ સેવા તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે.<br>૭. ટૂંકાગાળાના તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે.<br>૮. બેરોજગારોની વિગતો વેબસાઇટ ઉપર મૂકવામાં આવે છે.<br>૯. રોજગાર સહાય કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. |

----------

## ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવો

૧૨૬૫૬ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવો મળી રહે એ અંગે સરકારે શું આયોજન કરેલ છે, | (૧) ભારત સરકારની ટેકાના ભાવની યોજના રાજ્યમાં અમલમાં છે. જેમાં રાજ્યના મહત્વના પાકોનો સમાવેશ કરવામાં આવેલ છે. ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે તે માટે રાજ્ય કૃષિ ભાવ પંચ દર વર્ષે ખરીફ અને રવિ પાકોના ટેકાના ભાવો કેન્દ્રીય કૃષિ ખર્ચ અને ભાવ પંચને ભલામણ કરે છે. રાજ્યના કૃષિ વિભાગ દ્વારા સદર પાકોના બજારભાવોનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે. તેમજ પ્રવર્તમાન બજારભાવો તેના નિયત થયેલ ટેકાના ભાવોથી નીચા જાય ત્યારે રાજ્ય સરકાર તુર્તજ કેન્દ્ર સરકાર તથા સંબંધિત નિયુકત નોડલ એજન્સી સાથે સંકલન કરી ટેકાના ભાવની યોજના હેઠળ ખેત પેદાશોની ખરીદી શરૂ કરાવે છે. |
| (૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કઇ કઇ જણસીમાં તળિયાના ભાવથી ખરીદી કરવામાં આવી, અને | (૨) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે જણાવેલ ખેત પેદાશોની (જણસીઓની) ટેકાના ભાવે (તળીયાના ભાવે) ખરીદી કરવામાં આવેલ છે. |

છે.
૧. ચણા ૨. કપાસ

(૩) સરકારે કેટલી રકમની જણસામાં ખરીદી કરી?

(૩) ભારત સરકારની સંબંધિત નોડલ એજન્સીઓએ નીચે જણાવેલ કિંમતની (રકમની) ખેત પેદાશોની ખરીદી કરેલ છે.

| અ.નં. | ખેત પેદાશ | ભારત સરકારની સંબંધિત નોડલ એજન્સી | ખરીદીની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|
| ૧. | ચણા | નાફેડ | ૭.૩૬ |
| ૨. | કપાસ | સી.સી.આઇ. | ૧૩૯.૫૫ |

----------

**ભાવનગર જિલ્લામાં પશુ સુધારણા કેન્દ્રો**

૧૧૬૪૩ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ઘનિષ્ટ પશુ સુધારણા યોજનાના કુલ કેટલા ઉપકેન્દ્રો આવેલા છે, | (૧) ૩૬. |
| (૨) આ કેન્દ્રોમાં કેટલુ મહેકમ મંજૂર થયેલ છે, અને | (૨) ૩૬. |
| (૩) મંજૂર થયેલ મહેકમ મુજબ કેટલી જગ્યા ખાલી છે અને આ ખાલી જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે ? | (૩) ૧૮ જગ્યાઓ ખાલી છે જે ભરવા અંગેની બાબત સરકારની વિચારણા હેઠળ છે. |

----------

**તીર્થગ્રામ યોજના હેઠળ જાહેર કરેલ ગામો**

૧૨૬૦૩ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧૨-૦૪ના અંત સુધીમાં જિલ્લાવાર કુલ કેટલા ગામોને તીર્થગ્રામ તરીકે કરવામાં આવેલ છે? | પત્રક -૧ મુજબ. |

**પત્રક-૧**

| **અ.નં.** | **જિલ્લાનુંનામ** | **જાહેર થયેલ ગામોની સંખ્યા** |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | અમદાવાદ | ૪ |
| ૨. | અમરેલી | ૩ |
| ૩. | આણંદ | ૨ |
| ૪. | બનાસકાંઠા | ૨૦ |
| ૫. | ભરૂચ | ૯ |
| ૬. | નર્મદા | ૪ |
| ૭. | ભાવનગર | ૧૫ |
| ૮. | દાહોદ | ૩ |
| ૯. | ડાંગ | ૨૭ |
| ૧૦. | ગાંધીનગર | ૦ |
| ૧૧. | જામનગર | ૮ |
| ૧૨. | જૂનાગઢ | ૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | કચ્છ | ૨૪ |
| ૧૪. | મહેસાણા | ૦ |
| ૧૫. | નવસારી | ૧૧ |
| ૧૬. | પંચમહાલ | ૧૫ |
| ૧૭. | પાટણ | ૧૦ |
| ૧૮. | પોરબંદર | ૦ |
| ૧૯. | સાબરકાંઠા | ૧૨ |
| ૨૦. | સુરત | ૪૨ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૩ |
| ૨૨. | વડોદરા | ૨૭ |
| ૨૩. | વલસાડ | ૧૭ |
| ૨૪. | ખેડા | ૩ |
| ૨૫. | રાજકોટ | ૦ |
| | કુલ :- | ૨૫૨ |

----------

## રાજ્યમાં જોખમી કારખાનાઓમાં સલામતી

૧૨૫૯૫ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં અતિશય જોખમી કારખાનાઓ કેટલા છે, | (૧) ૪૩૧. |
| (૨) આ કારખાનાઓમાં કામ કરતાં શ્રમયોગીઓની સલામતી માટે સરકારે શું પગલાં લીધા છે, અને | (૨) નીચે મુજબ પગલાં લીધેલ છે. :-<br>૧. દર વર્ષે ત્રણવાર નિરીક્ષણ કરવામાં આવે છે.<br>૨. દર વર્ષે સેફટી ઓડીટ કરાવવામાં આવે છે.<br>૩. કેમીકલના કારખાનાઓમાં શ્રમયોગીઓ તથા મેનેજમેન્ટના સભ્યોવાળી સેફટી કમિટીની રચના કરાવવામાં આવે છે તથા તેની મીટીંગ ઓછામાં ઓછી દર ત્રણ મહિને એક વખત કારખાનેદાર દ્વારા કરાવવામાં આવે છે તથા તેમાં સલામતીના દરેક મુદ્દાઓ આવરી લેવામાં આવે છે.<br>૪. જ્યાં ૧૦૦ કે તેથી વધુ શ્રમયોગીઓ હોય ત્યાં સેફટી ઓફિસર રખાવવામાં આવે છે.<br>૫. ઓન સાઈટ ઈમરજન્સી પ્લાન બનાવડાવી તેનું રીહર્સલ કરાવવામાં આવે છે.<br>૬. શ્રમયોગીઓ/સુપરવાઈઝરો માટેના સેફટી તાલીમ કાર્યક્રમો કરવામાં આવે છે.<br>૭. દરેક જિલ્લામાં ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ ગૃપ બનાવવામાં આવેલ છે તથા અલગ અલગ પોકેટ વાઈઝ લોકલ ક્રાઈસીસ ગૃપ બનાવવામાં આવેલ છે અને તેની સક્રીય રીતે કામગીરી કરવામાં આવે છે.<br>૮. સેફટી સેમીનાર તથા સેફટી પ્રદર્શનનું આયોજન કરાવવામાં આવે છે.<br>૯. કેમીકલ કારખાનાઓમાં હાઈજીન લેબોરેટરીઝની ટીમ દ્વારા રૂબરૂ મુલાકાત લઈ શ્રમયોગીઓની દાકતરી તપાસ કરવામાં |

આવે છે તથા કારખાનાના વાતાવરણમાં જુદા જુદા કેમીકલ્સ/ગેસનું પ્રમાણ માપવામાં આવે છે.

(૩) આવા કારખાનાઓમાં ગેસ લીકેજ/આગ/ધડાકાનો ગંભીર બનાવ બને તો તેવા સમયે પરિસ્થિતિને કાબુમાં લેવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) નીચે પ્રમાણેનું આયોજન કરેલ છે :-

૧. ઓનસાઈટ ઇમરજન્સી પ્લાન બનાવડાવવામાં આવેલ છે તથા રીહર્સલ પણ કરાવવામાં આવે છે.

૨. દરેક જિલ્લાના ઓફ સાઈટ ઈમરજન્સી પ્લાન બનાવવામાં આવેલ છે અને તેનું દર વર્ષે રીહર્સલ કરવામાં આવે છે.

૩. આવા ગંભીર બનાવ બને ત્યારે નજીક નજીકના-અતિશય જોખમી કારખાનાઓ વચ્ચે પારસ્પરિક મદદ માટે મ્યુચ્યુઅલ એઈડના કરાર કરવામાં આવેલ છે.

૪. ગેસ / લીકેજ / આગ / ધડાકા જેવા ગંભીર બનાવ બને ત્યારે કારખાનાનો ઓન સાઈટ ઈમરજન્સી પ્લાન અમલમાં મુકી પરિસ્થિતિને કાબુમાં લેવામાં આવે છે અને જો પરિસ્થિતિ કાબુ બહાર જાય ત્યારે જિલ્લાનો ઓફ-સાઈટ ઈમરજન્સી પ્લાન કાર્યરત કરવામાં આવે છે.

૫. શ્રમયોગીઓ/સુપરવાઈઝરો માટેના સેફટી તાલીમ કાર્યક્રમો કરવામાં આવે છે.

૬. આવા ગંભીર બનાવોમાં તાત્કાલિક મદદ મળી રહે તે માટે વડોદરા, વાપી, અંકલેશ્વર, દહેજ ખાતે કંટ્રોલ રુમની સ્થાપના કરેલ છે.

૭. આવા અકસ્માતોમાં અકસ્માતો નિયંત્રણમાં લેવા માટે મદદરૂપ થઈ શકે તે માટે સલામતી અધિકારીઓની નિમણૂંક કરવામાં આવે છે તથા સેફટી કમિટીની રચના પણ કરવામાં આવે છે.

--------------

**બનાસકાંઠા જિલ્લામાં સો ચોરસવારના પ્લોટની ફાળવણી**

૧૧૭૧૯ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ૧૦૦ ચોરસવાર જમીનના કેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૧૦૦ ચોરસવારના નીચે મુજબ તાલુકાવાર કુલ ૧૧૧૬ પ્લોટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં કુલ ફાળવેલ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૭. | દાંતીવાડા | ૪૨ |
| ૮. | દીયોદર | ૧૫૭ |
| ૯. | ભાભર | ૦૦ |
| ૧૦. | થરાદ | ૦૦ |
| ૧૧. | વાવ | ૦૦ |
| ૧૨. | કાંકરેજ | ૩૯૫ |

(૨) કેટલાને કબજો સોંપવામાં આવ્યો, અને — (૨) ૧૧૦૨ ને.

(૩) બાકીનાને કયા કારણોસર કબજો સોંપાયો નથી અને બાકી રહેલા લાભાર્થીઓને કયારે કબજો સોંપવામાં આવનાર છે ? — (૩) વહીવટી કારણોસર બનતી ત્વરાએ.

--------------

## રાજ્યમાં પંચાયત વિભાગમાં રહેમરાહેની નિમણૂક

૧૨૦૨૯ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં પંચાયત વિભાગ હેઠળ રહેમરાહેના કેસો તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પડતર છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં કેટલી વ્યક્તિઓને નિમણૂક આપતા ઓર્ડર આપવામાં આવ્યા, અને | (૨) ૧૪૨૩. |
| (૩) બાકી રહેતા વ્યક્તિઓને કેટલા સમયમાં નિમણૂક આપવામાં આવશે ? | (૩) નિયમ મુજબ પાત્રતા ધરાવતા વ્યક્તિઓને રહેમરાહે નિમણૂકના હુકમો કરવાની કાર્યવાહી ચાલુ છે. |

----------

## જિલ્લા દીઠ ખેત તલાવડી પાછળ ખર્ચ

૧૦૧૫૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડીસેમ્બર, ૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે જિલ્લા દીઠ કેટલી ખેત તલાવડીઓ બનાવી, અને | (૧) ડીસેમ્બર, ૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાદીઠ નીચે મુજબ ખેત તલાવડીઓ બનાવવામાં આવી. |

| અ.નં. | જિલ્લાનું નામ | બનાવેલ ખેત |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૩૧૪ |
| ૨ | અમરેલી | ૨૮૪૬ |
| ૩ | કચ્છ | ૬૧૯૩ |
| ૪ | નડિયાદ | ૧૦૧૯૭ |
| ૫ | આણંદ | ૭૦૦૭ |
| ૬ | ગાંધીનગર | ૨૩૭૪ |
| ૭ | જામનગર | ૬૧૭૯ |
| ૮ | જૂનાગઢ | ૨૩૧૨ |
| ૯ | પોરબંદર | ૭૯૨ |
| ૧૦ | ડાંગ | ૮૮૯ |
| ૧૧ | ગોધરા | ૬૭૨૧ |
| ૧૨ | દાહોદ | ૨૭૦૫ |
| ૧૩ | બનાસકાંઠા | ૮૦૩૩ |
| ૧૪ | ભરૂચ | ૧૨૦૧ |
| ૧૫ | નર્મદા | ૪૨૬૩ |
| ૧૬ | ભાવનગર | ૮૧૬૦ |
| ૧૭ | મહેસાણા | ૪૦૩૫ |
| ૧૮ | પાટણ | ૨૮૧૫ |

| | | |
|---|---|---|
| ૧૮ | પાટણ | ૨૮૧૫ |
| ૧૯ | રાજકોટ | ૩૮૦૭ |
| ૨૦ | વડોદરા | ૪૭૨૮ |
| ૨૧ | વલસાડ | ૪૨૨૬ |
| ૨૨ | નવસારી | ૪૦૩૯ |
| ૨૩ | સાબરકાંઠા | ૧૦૮૫૧ |
| ૨૪ | સુરત | ૩૯૯૦ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૩૫૮૪ |
| | કુલ.. | ૧,૩૯,૨૬૧ |

(૨) તેની પાછળ જિલ્લા દીઠ કેટલો ખર્ચ થયો?

(૨) સુજલામ સુફલામ યોજના હેઠળ બનાવવામાં આવતી ખેત તલાવડી પેટે કોઈ રોકડ સહાય ચુકવવામાં આવતી નથી. ફક્ત અનાજ સહાય ચુકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જે મુજબ અનાજ (ઘઉં)ની પ્રતિ કી. ગ્રામ રૂા. ૫.૦૫ લેખે કિંમત ગણતાં રાજ્યમાં જિલ્લાવાર નીચે મુજબ અનાજ સહાય પેટે ખર્ચ થયેલ છે. ફક્ત સુરેન્દ્રનગર જિલ્લામાં વોટર શેડ યોજના હેઠળ બનાવવામાં આવેલ ખેત તલાવડી પેટે રૂા. ૭૩.૪૧ લાખનો રોકડ ખર્ચ થયેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | ચુકવવામાં આવેલ અનાજનો જથ્થો (મે.ટનમાં) | અનાજની કિંમત (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૬૧૯.૫૧૦ | ૨૮૩.૭૯ |
| ૨ | અમરેલી | ૧૬૧૦.૭૪૧ | ૮૧.૩૪ |
| ૩ | કચ્છ | ૪૦૩૦.૨૦૦ | ૨૦૩.૫૩ |
| ૪ | નડિયાદ | ૬૮૯૧.૨૮૮ | ૩૪૮.૦૧ |
| ૫ | આણંદ | ૩૫૫૬.૧૯૦ | ૧૭૯.૫૯ |
| ૬ | ગાંધીનગર | ૧૬૯૩.૫૬૭ | ૮૫.૫૩ |
| ૭ | જામનગર | ૪૧૪૮.૦૦૦ | ૨૦૯.૪૭ |
| ૮ | જૂનાગઢ | ૧૪૩૮.૦૦૦ | ૭૨.૬૨ |
| ૯ | પોરબંદર | ૪૬૯.૬૯૧ | ૨૩.૭૨ |
| ૧૦ | ડાંગ | ૩૬૨.૭૧૨ | ૧૮.૩૨ |
| ૧૧ | ગોધરા | ૪૧૮૯.૦૭૩ | ૨૧૧.૫૫ |
| ૧૨ | દાહોદ | ૩૫૧૧.૮૪૨ | ૧૭૭.૩૫ |
| ૧૩ | બનાસકાંઠા | ૬૧૪૬.૩૪૨ | ૩૧૦.૩૯ |
| ૧૪ | ભરૂચ | ૮૮૩.૯૦૦ | ૪૪.૬૪ |
| ૧૫ | નર્મદા | ૪૮૩૬.૦૦૦ | ૨૪૪.૨૨ |
| ૧૬ | ભાવનગર | ૫૧૭૬.૮૭૬ | ૨૬૧.૪૩ |
| ૧૭ | મહેસાણા | ૨૭૫૪.૮૫૮ | ૧૩૯.૧૨ |
| ૧૮ | પાટણ | ૧૪૫૦.૦૦૦ | ૭૩.૨૩ |
| ૧૯ | રાજકોટ | ૨૪૩૨.૦૩૪ | ૧૨૨.૮૨ |
| ૨૦ | વડોદરા | ૨૭૦૭.૧૧૮ | ૧૩૬.૭૧ |
| ૨૧ | વલસાડ | ૨૩૨૪.૬૪૪ | ૧૧૭.૩૯ |
| ૨૨ | નવસારી | ૨૯૧૪.૭૯૪ | ૧૪૭.૨૦ |
| ૨૩ | સાબરકાંઠા | ૬૫૯૬.૭૦૧ | ૩૩૩.૧૩ |
| ૨૪ | સુરત | ૧૪૩૩.૦૮૦ | ૭૨.૩૭ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૬૩૫૫.૭૪૬ | ૩૨૦.૯૭ |

----------

## જામનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળો

૧૧૨૧૬ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જીલ્લામાં પશુ આરોગ્ય મેળા અંતર્ગત તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નિદાન કેમ્પો યોજવામાં આવ્યા, અને | (૧) સને ૨૦૦૩-૦૪માં ૧૫૭ કેમ્પો અને સને ૨૦૦૪-૦૫માં ૧૧૩ કેમ્પો યોજવામાં આવ્યા. |
| (૨) આ પશુ આરોગ્ય મેળાઓ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં રૂા. ૫,૩૧,૯૩૬/- અને સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં રૂા. ૫,૯૯,૭૫૫/- નો ખર્ચ થયેલ છે. |

----------

## રાજ્યમાં કપાસ, શેરડી અને મગફળીના ઉત્પાદનમાં વધારો

૧૧૭૧૫ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કપાસ, શેરડી અને મગફળીનું ઉત્પાદન કેટલું થયેલ છે, અને

**જવાબ**

(૧)

| પાકનું નામ | વર્ષ ૨૦૦૨-૦૩નું ઉત્પાદન | વર્ષ ૨૦૦૩-૦૪નું ઉત્પાદન | વર્ષ ૨૦૦૪-૦૫નું ઉત્પાદન |
|---|---|---|---|
| કપાસ | ૧૬.૮૫ લાખ ગાંસડી | ૪૦.૨૭ લાખ ગાંસડી | ૫૪.૩૮ લાખ ગાંસડી |
| શેરડી (ગોળના રૂપે) | ૧૪.૦૭ લાખ મે.ટન | ૧૨.૬૭ લાખ મે.ટન | ૧૨.૫૫ લાખ મે.ટન |
| મગફળી | ૧૦.૯૫ લાખ મે.ટન | ૪૪.૭૮ લાખ મે.ટન | ૧૬.૭૫ લાખ મે.ટન |

**પ્રશ્ન**

(૨) આ ઉત્પાદનમાં ઉત્તરોતર વધારો થવા પામ્યો છે કે કેમ ?

**જવાબ**

(૨) કપાસના પાક પુરતો ઉત્પાદનમાં ઉત્તરોતર વધારો થયેલ છે.

----------

## બનાસકાંઠા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

૧૧૦૦૨ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, તેના કારણો શા છે ?

**જવાબ**

| અ.નં. | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૨ | ૧ વર્ષ સુધીની ૨ જગ્યા,<br>૨ વર્ષ સુધીની ૮ જગ્યા,<br>૩ વર્ષ સુધીની ૨ જગ્યા |
| ૨ | અમીરગઢ | ૦૩ | ૧ વર્ષ સુધીની ૧ જગ્યા,<br>૩ વર્ષ સુધીની ૨ જગ્યા |
| ૩ | વડગામ | ૧૧ | ૧ વર્ષ સુધીની ૬ જગ્યા,<br>૨ વર્ષ સુધીની ૪ જગ્યા,<br>૩ વર્ષ સુધીની ૧ જગ્યા |
| ૪ | દાંતા | ૦૭ | ૧ વર્ષ સુધીની ૨ જગ્યા,<br>૨ વર્ષ સુધીની ૪ જગ્યા,<br>૩ વર્ષ સુધીની ૧ જગ્યા |
| ૫ | ડીસા | ૧૭ | ૧ વર્ષ સુધીની ૧૧ જગ્યા,<br>૨ વર્ષ સુધીની ૫ જગ્યા,<br>૩ વર્ષ ઉપરની ૧ જગ્યા, |
| ૬ | ધાનેરા | ૦૯ | ૧ વર્ષ સુધીની ૩ જગ્યા,<br>૨ વર્ષ સુધીની ૧ જગ્યા,<br>૩ વર્ષ સુધીની ૨ જગ્યા,<br>૩ વર્ષ ઉપરની ૩ જગ્યા, |
| ૭ | દાંતીવાડા | ૦૨ | ૧ વર્ષ સુધીની ૧ જગ્યા,<br>૩ વર્ષ સુધીની ૧ જગ્યા, |
| ૮ | કાંકરેજ | ૧૬ | ૧ વર્ષ સુધીની ૭ જગ્યા, |

| | | | |
|---|---|---|---|
| | | | ૨ વર્ષ સુધીની ૩ જગ્યા,<br>૩ વર્ષ સુધીની ૪ જગ્યા,<br>૩ વર્ષ ઉપરની ૨ જગ્યા, |
| ૯ | દીયોદર | ૧૧ | ૧ વર્ષ સુધીની ૭ જગ્યા,<br>૨ વર્ષ સુધીની ૩ જગ્યા,<br>૩ વર્ષ ઉપર ૧ જગ્યા, |
| ૧૦ | ભાભર | ૦૮ | ૧ વર્ષ સુધીની ૩ જગ્યા,<br>૨ વર્ષ સુધીની ૨ જગ્યા,<br>૩ વર્ષ સુધીની ૩ જગ્યા, |
| ૧૧ | થરાદ | ૧૮ | ૧ વર્ષ સુધીની ૧૪ જગ્યા,<br>૨ વર્ષ સુધીની ૪ જગ્યા, |
| ૧૨ | વાવ | ૧૩ | ૧ વર્ષ સુધીની ૭ જગ્યા,<br>૨ વર્ષ સુધીની ૪ જગ્યા,<br>૩ વર્ષ સુધીની ૨ જગ્યા, |
| | **કુલ** | **૧૨૭** | |
| | વહીવટી કારણોસર | | |

----------

## સુરત જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કામો

૧૨૫૩૩ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રસ્તાનાં કેટલાં કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી બારડોલી, માંડવી અને વ્યારા તાલુકાઓમાં ક્યા ક્યા રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા,

(૩) તેમાંથી કેટલા રસ્તાના કામો પૂર્ણ થયા છે અને કેટલાં બાકી રહ્યા છે, અને

(૪) બાકી રહેલાં કામો કેટલાં સમયમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ રસ્તાનાં કામો મંજુર કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | મંજુર કરેલ રસ્તાનાં કામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૨૦૦૩-૦૪ | ૧૪૪૩ |
| ૨ | ૨૦૦૪-૦૫ (૩૧-૧-૦૫ અંતિત) | ૧૪૪૮ |
| | **કુલ...** | **૨૮૯૧** |

(૨) તાલુકાવાર મંજુર થયેલ રસ્તાનાં કામોની વિગતો સામેલ પરિશિષ્ટ* મુજબ છે.

(૩) તેમાથી ૬૪૧ રસ્તાનાં કામો પૂર્ણ થયેલ છે. અને ૨૨૦ રસ્તાના કામો બાકી છે.

(૪) બાકી રહેલ કામો માર્ચ-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

***પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.**

----------

## રાજ્યમાં સરદાર આવાસ યોજનાનો લક્ષ્યાંક

૧૨૩૨૪ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરદાર પટેલ આવાસ યોજનાના વર્ષ ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ ના વર્ષ માટેનો કેટલા આવાસોનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો, અને

(૨) તે પૈકી કેટલા આવાસો આ યોજના

**જવાબ**

(૧) રાજ્યમાં સરદાર પટેલ આવાસ યોજનામાં નીચે મુજબ લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો.

| વર્ષ | લક્ષ્યાંક |
|---|---|
| ૨૦૦૩-૨૦૦૪ | ૩૦,૦૦૦ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૩૬,૬૭૦ |

(૨) તે પૈકી કુલ-૬૬,૬૭૦ આવાસો મંજુર

હેઠળ મંજૂર કરવામાં આવ્યા. તા. ૩૧-૧-૦૫ સુધીમાં મંજૂર થયેલ પૈકી કેટલા પૂર્ણ થયા અને બાકી છે તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

કરવામાં આવ્યા. તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં મંજુર થયેલ આવાસો પૈકી ૧૬,૭૫૯ આવાસો પૂર્ણ થયા અને બાકીના આવાસો બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

----------

# અતારાંકિત પ્રશ્નો

## છઠ્ઠી અતારાકિત યાદી

### રાજ્યમાં સચિવ અને તેથી ઉપરની કક્ષાના અધિકારીઓનો વિદેશ પ્રવાસ અને ખર્ચ

અતારાંકિત : ૨૪૮૭ (૧૧-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં સચિવ અને તેનાથી ઉપરની કક્ષાના ક્યા ક્યા અધિકારીઓએ જૂન-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિદેશ પ્રવાસ કરેલો છે, અને

(૨) તેની પાછળ રાજ્ય સરકારને કેટલો ખર્ચ થયેલો છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૫-૨-૦૪) :

(૧) રાજ્યમાં અધિક મુખ્ય સચિવ કક્ષાના ૦૧, અગ્ર સચિવ કક્ષાના ૦૨ અને સચિવ કક્ષાના ૦૮ અધિકારીઓએ જૂન-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિદેશ પ્રવાસ કરેલો છે.

(૨) રૂા.૧,૯૬,૨૨૯.૦૦નો ખર્ચ ગુજરાત સરકારે ભોગવેલ છે.

------------

### મુખ્ય મંત્રીશ્રીને ધારાસભ્યશ્રીઓ દ્વારા પત્ર લખી કરવામાં આવેલ ફરીયાદો / સૂચનો

અતારાંકિત : ૨૫૧૭ (૧૧-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૧-૫-૨૦૦૪ થી તા.૩૦-૬-૨૦૦૪ના બે માસમાં મુખ્ય મંત્રીશ્રીને કેટલા ધારાસભ્યશ્રીઓની ફરિયાદો તથા સૂચનોના પત્રો મળ્યાં, અને

(૨) તે પૈકી કેટલા પત્રોની સરકારે પહોંચ, વચગાળાનો જવાબ તથા આખરી જવાબ આપ્યા ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૯-૧૧-૦૪) :

(૧) ૧૦૫ ધારાસભ્યશ્રીઓની ફરિયાદો તથા સૂચનોના ૪૩૧ પત્રો મળેલ છે.

(૨) આ પત્રો પૈકી ૨૮ પત્રોની પહોંચ, ૨૭ પત્રોનો વચગાળાનો જવાબ તથા ૩૪૨ પત્રોના આખરી જવાબ આપેલ છે.

------------

### ગાંધીનગર જિલ્લા સંકલન સમિતિઓમાં સભ્ય હોય તેવા ગેરહાજર રહેતા અધિકારીઓ બાબત

અતારાંકિત : ૨૫૧૯ (૧૧-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લાની સંકલન સમિતિના સભ્યો હોય તેવા કેટલા સરકારી અધિકારીઓ તા. : ૩૦-૬-૨૦૦૪ના રોજની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલન સમિતિની બેઠકમાં હાજર નહી રહેવાના કિસ્સાઓ સરકારના ધ્યાન ઉપર આવેલ છે, અને

(૨) ગેરહાજર રહેતા આ સરકારી અધિકારીઓ સામે સરકાર કયા કયા પગલાં કેટલા સમયમાં ભરવા માગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૯-૧૧-૦૪) :

(૧) કુલ ત્રણ અધિકારીશ્રીઓ આઠ કિસ્સામાં ગેરહાજર રહ્યાનું ધ્યાન પર આવેલ છે.

(૨) ઉપર્યુકત ત્રણ પૈકી બે અધિકારીશ્રીઓ વાજબી કારણોસર ગેરહાજર રહેલ હોઇ તેમની સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ત્રીજા અધિકારીશ્રીના કિસ્સામાં નિયમોનુસાર કાર્યવાહી કરવા કલેકટરશ્રીને સૂચનાઓ આપેલ છે.

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં તળાવો ઊંડા કરવા અંગ

અતારાંકિત : ૨૧૭૩ (૨૦-૭-૦૪) **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કયા કયા ગામોમાં તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ તળાવો ઊંડા કરવાની જરુરીયાત છે,
(૨) આ તળાવો ઊંડા ઉતારવા સરકારનું શું આયોજન છે,
(૩) તેમાં કેટલો ખર્ચ થાય તેમ છે, અને
(૪) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી** (૬-૧૧-૨૦૦૪) :

(૧) ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ દ્વારા ગામ તળાવો ઊંડા કરવા માટે કોઇ સર્વે કરવામાં આવતો નથી. તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં જે ગ્રામ પંચાયતો તરફથી અરજી સાથે રૂા.૫૦૦/- નો ડી.ડી. સાથે ભરેલ છે તેવા ૪૪ ગામોએ અરજી કરેલ છે જે નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ગામનું નામ | કુલ તળાવોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ચોટીલા | ભીમગઢ, શંખલીયા, મેવાસા, ભેટસુડા, નાની મોરસલ, પીપરાળા, રેશમીયા, ગુગલીયાણા | ૮ |
| ૨ | વઢવાણ | ટીંબા, બલદાણા, મોટા મઢાદ, ખોડુ, કટુડા, મુંજપર, વાઘેલા, ગુંદીયાણા | ૮ |
| ૩ | પાટડી | પ્રાણગઢ, મુલાડ, ગેડીયા, ભડેણા, રાજપર, નગવાડા, આદરિયાણા | ૭ |
| ૪ | ધાંગધ્રા | માનપર, રતનપર, રામપર | ૩ |
| ૫ | લખતર | સાકર, અણીયારી, લખતર, લીલાપુર, સદાદ, વણાદ | ૬ |
| ૬ | મુળી | મૂળી-૨, ગઢડા, કુકડા, ભવાનીગઢ | ૫ |
| ૭ | સાયલા | ટીંટોડા, નાનામાત્રા | ૨ |
| ૮ | લીંબડી | હડાળા, જશાપર, સમલા | ૩ |
| ૯ | ચુડા | જુની મોરવડ, કારોલ | ૨ |
| | | **એકંદરે કુલ :** | **૪૪** |

(૨) માંગણીવાળા ગામો પૈકી જે ગામો તરફથી થનાર ખર્ચના ૧૦% લેખે લોક ફાળાની રકમ જમા કરાવેલ હોય તેવા ગામોની કામગીરી હાથ ધરવામાં આવશે. વર્ષ ૨૦૦૪-૦૫ માં ૧૨ ગામ તળાવો ઊંડા કરવાનું આયોજન છે જયારે બાકીના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવશે.
(૩) આ કામો પૂર્ણ કરવા અંદાજીત રૂા.૨૨૦.૦૦ લાખનો ખર્ચ થાય તેમ છે.
(૪) તબક્કાવાર અને અગ્રતાક્રમાનુસાર કામો પૂર્ણ કરવામાં આવશે.

------------

## જૂનાગઢ જિલ્લામાં પશુ ચિકિત્સકની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૫૫૧ (૧૧-૮-૨૦૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૭-૨૦૦૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ગામવાર કુલ કેટલા પશુ દવાખાના છે,
(૨) આ પશુ દવાખાનાઓ પૈકી કેટલા દવાખાનાઓમાં પશુ ચિકિત્સકની જગ્યા ખાલી છે, અને
(૩) આ ખાલી જગ્યાઓ પુરવા સરકારનું શું આયોજન છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૪-૯-૨૦૦૪) :

(૧) તા.૩૧-૭-૨૦૦૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ગામવાર કુલ-૩૮ (આડત્રીસ) પશુ દવાખાના છે.
(૨) આ પશુ દવાખાનાઓ પૈકી કુલ-૧૨ (બાર) પશુ દવાખાનામાં પશુ ચિકિત્સકની જગ્યા ખાલી છે.
(૩) ખાલી જગ્યાઓ ભરવા બાબતે વહીવટી પ્રક્રિયા ચાલુ છે.

------------

## જૂનાગઢ જિલ્લામાં નાળિયેરીના વૃક્ષમાં રોગ

અતારાંકિત : ૨૫૫૨ (૧૧-૮-૨૦૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૭-૨૦૦૪ની સ્થિતિએ નાળિયેરીના વૃક્ષમાં અજાણ્યો રોગ આવવાથી નાળિયેર (ત્રોફા) ના પાકને ભારે નુકશાન થઇ રહ્યાની હકીકત રાજ્ય સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ રોગને નિયંત્રિત કરવા કોઇ સામૂહિક પ્રકારનું આયોજન સરકારે વિચારેલ છે કે કેમ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૮-૯-૨૦૦૪) :

(૧) હા, જી.

(૨) નાળિયેરીના વૃક્ષનો આ કોઇ રોગ નથી, પરંતુ ઇરીયોફાઇડ માઇટસને કારણે નાળિયેરીના ફળને નુકશાન થાય છે. જેને નિયંત્રિત કરવા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

(અ) આ જીવાતથી ખેડૂતોને માહિતગાર કરવા અને જીવાતના નિયંત્રણના ઉપાયો માટે બાગાયત ખાતા દ્વારા જરૂરી માહિતી અને માર્ગદર્શન દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

(બ) ગુજરાત કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞોને સાથે રાખી બાગાયત ખાતાના અધિકારીઓએ તા.૨૧-૧૦-૨૦૦૩ અને તા.૨૫-૮-૨૦૦૪ના રોજ નાળિયેરી જીવાત અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઇ જીવાત નિયંત્રિત કરવા તજજ્ઞો દ્વારા સૂચવવામાં આવેલ ઉપાયોથી ખેડૂતોને માહિતગાર કરવામાં આવેલા, તેમજ બાગાયત ખાતાના અધિકારીઓ દ્વારા સ્થળ ઉપર મુલાકાત લઇ તાંત્રિક માર્ગદર્શન ખેડૂતોને આપવામાં આવી રહેલ છે.

(ક) હાલમાં થયેલા સારા વરસાદ અને વાતાવરણમાં બદલાવ આવતાં તેમજ કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞોએ સૂચવેલ ઉપાયો પ્રમાણે ખેડૂતો દ્વારા અમલીકરણ થતાં આ જીવાતનું મહદઅંશે નિયંત્રણ થયેલ છે.

------------

## નવસારી જિલ્લામાં પશુ દવાખાના પોતાના મકાનોમાં ખોલવા અંગે

અતારાંકિત : ૨૬૦૯ (૧૧-૮-૨૦૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં પશુઓ માટેના કેટલા દવાખાના તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ હયાત છે,

(૨) કયા કયા તાલુકાના કયા કયા ગામોમાં કેટલા પોતાના મકાનોમાં છે, અને

(૩) નવા દવાખાના ખોલવા સરકારે કઇ વિચારણા કરી છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૪-૯-૨૦૦૪) :

(૧) બાર પશુ દવાખાના અને બે ફરતા પશુ દવાખાના, કુલ-૧૪.

(૨) વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાના | |
|---|---|---|---|
| | | સ્થળ | મકાનની વ્યવસ્થા |
| ૧ | નવસારી | નવસારી | સરકારી પોતાના મકાનમાં |
| | | અષ્ટગામ (ખડસૂપા) | સરકારી પોતાના મકાનમાં |
| ૨ | જલાલપોર | એરૂ | સરકારી પોતાના મકાનમાં |
| | | મરોલી | સરકારી પોતાના મકાનમાં |
| ૩ | વાંસદા | વાંસદા | સરકારી પોતાના મકાનમાં |
| | | ફરતા પશુ દવાખાના વાંસદા | પશુ દવાખાના વાંસદાના મકાનમાં |
| | | લીમઝર | સરકારી પોતાના મકાનમાં |
| ૪ | ગણદેવી | ગણદેવી | સરકારી પોતાના મકાનમાં |
| | | ખારેલ | સરકારી પોતાના મકાનમાં |
| | | અમલસાડ | સરકારી પોતાના મકાનમાં |
| ૫ | ચીખલી | ચીખલી | સરકારી પોતાના મકાનમાં |
| | | રાનકુવા | સરકારી પોતાના મકાનમાં |

| | | | |
|---|---|---|---|
| | | ખેરગામ | સરકારી પોતાના મકાનમાં |
| | | ફરતા એકમ ચીખલી | પશુ દવાખાના ચીખલીના મકાનમાં |

(૩) ચાલુ વર્ષે નવીન દવાખાના ખોલવાનું આયોજન નથી.

------------

## છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં નવીન કૂવાઓ માટેની અરજીઓ

અતારાંકિત : ૨૭૦૬ (૨૨-૯-૨૦૦૪) **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સને એપ્રિલ-૨૦૦૨ થી માર્ચ-૨૦૦૪ સુધીમાં છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં નવીન કૂવા માટેની કુલ કેટલી અરજીઓ મળી, અને
(૨) તે પૈકી કયા કયા ગામોમાં કુલ કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૦-૧૧-૨૦૦૪) :
(૧) છોટાઉદેપુર તાલુકામાં ૧૮૪ અને કવાંટ તાલુકામાં ૧૫૪ મળી કુલ-૩૩૮ અરજીઓ મળી.
(૨) તે પૈકી છોટાઉદેપુર તાલુકાના ૧૫૪ અને કવાંટ તાલુકાના ૯૨ લાભાર્થીઓને લાભ મળ્યો તેની ગામવાર વિગતો આ સાથેના પત્રકમાં સામેલ છે.

**પત્રક**

**(ખંડ-૨ માં) છોટાઉદેપુર અને કવાંટ તાલુકાના ગામવાર લાભાર્થીઓની સંખ્યા.**

| છોટાઉદેપુર તાલુકો | | | કવાંટ તાલુકો | | |
|---|---|---|---|---|---|
| **અ.નં.** | **ગામનું નામ** | **લાભાર્થીઓની સંખ્યા** | **અ.નં.** | **ગામનું નામ** | **લાભાર્થીઓની સંખ્યા** |
| ૧ | હરવાંટ | ૨ | ૧ | ભુમસવાડા | ૬ |
| ૨ | ઝોઝા | ૮ | ૨ | રોડધા | ૫ |
| ૩ | ખડકવાડા | ૩ | ૩ | ઉમઠી | ૨ |
| ૪ | દેવળિયા | ૧૧ | ૪ | થડગામ | ૧ |
| ૫ | ધંધોડા | ૩ | ૫ | કાચવાડ | ૧ |
| ૬ | ડુંગરભીંત | ૩ | ૬ | પીપલદી | ૭ |
| ૭ | પુનિયાવાટ | ૫ | ૭ | સિંહાદા | ૫ |
| ૮ | ઘોઘાદેવ | ૪ | ૮ | પલાસદા | ૨ |
| ૯ | એકલબારા | ૧ | ૯ | ચીખલી | ૨ |
| ૧૦ | કીકાવાડા | ૫ | ૧૦ | કનલવા | ૨ |
| ૧૧ | તેજગઢ | ૬ | ૧૧ | ઉછેલા | ૨ |
| ૧૨ | સનાડા | ૧ | ૧૨ | પાટડીયા | ૧ |
| ૧૩ | વિજોલ | ૧ | ૧૩ | કેલધરા | ૩ |
| ૧૪ | રાયસીંગપુરા | ૨ | ૧૪ | મોટી ટોકરી | ૨ |
| ૧૫ | ખજુરીયા | ૪ | ૧૫ | મોટી ચીખલી | ૧ |
| ૧૬ | ઝીણરવાણી | ૧ | ૧૬ | મોટી કઢાઇ | ૧ |
| ૧૭ | ગુનાટા | ૧ | ૧૭ | નાખલ | ૧ |
| ૧૮ | વાગલવાડા | ૨ | ૧૮ | રાયસીંગપુરા | ૨ |
| ૧૯ | રાજુવાંટ | ૨ | ૧૯ | મોટાવાંટા | ૧ |
| ૨૦ | ટીમલા | ૫ | ૨૦ | ગુગલીયા | ૧ |
| ૨૧ | ડોલરીયા | ૫ | ૨૧ | ટવા | ૧ |
| ૨૨ | મીઠીબોર | ૩ | ૨૨ | સૈડીવાસણ | ૧ |
| ૨૩ | ચીસાડીયા | ૫ | ૨૩ | ચીલીયાવાંટ | ૨ |
| ૨૪ | દુમાલી | ૪ | ૨૪ | નારુકીટ | ૧ |
| ૨૫ | બાડવાવ | ૧ | ૨૫ | ડુંગરગામ | ૮ |
| ૨૬ | ચોકડી | ૧ | ૨૬ | ડેરી | ૧ |
| ૨૭ | દીયાવાંટ | ૧ | ૨૭ | વેજપુર | ૧ |
| ૨૮ | રાઝકુવા | ૧ | ૨૮ | થડગામ | ૧ |

| છોટાઉદેપુર તાલુકો | | | કવાંટ તાલુકો | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | ગામનું નામ | લાભાર્થીઓની સંખ્યા | અ.નં. | ગામનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
| ૨૯ | જલોદા | ૧ | ૨૯ | મુંડામોર-અ | ૧ |
| ૩૦ | ઓલીઆબા | ૩ | ૩૦ | મોટીટીટોડ | ૨ |
| ૩૧ | સુરસી | ૨ | ૩૧ | કસરવા | ૧ |
| ૩૨ | નકામલી | ૩ | ૩૨ | ખરચડા | ૧ |
| ૩૩ | માલધી | ૧ | ૩૩ | ગેડથા | ૧ |
| ૩૪ | રાણીખેડા | ૧ | ૩૪ | નાનીટોકરી | ૧ |
| ૩૫ | કુભાણી | ૧ | ૩૫ | બળદગામ | ૨ |
| ૩૬ | રીંછવેલ | ૧ | ૩૬ | દેવત | ૨ |
| ૩૭ | જામલી (ડો) | ૧ | ૩૭ | ઝરોઇ | ૧ |
| ૩૮ | ધોળીસામેલ | ૧ | ૩૮ | નાનાકાટરા | ૧ |
| ૩૯ | વઢવાણ | ૨ | ૩૯ | ધનીવાડા | ૧ |
| ૪૦ | સીમલફળિયા | ૨ | ૪૦ | ચાપરીયા | ૧ |
| ૪૧ | ચીંચોડ | ૧ | ૪૧ | નાનીચીખલી | ૧ |
| ૪૨ | ડોબાચાપરા | ૧ | ૪૨ | ખેરકા | ૧ |
| ૪૩ | વડાગામ | ૩ | ૪૩ | ઉચેડા | ૧ |
| ૪૪ | નાનારામપુરા | ૧ | ૪૪ | રાયપુરા | ૧ |
| ૪૫ | બિલવાંટ | ૧ | ૪૫ | રુમડીયા | ૧ |
| ૪૬ | મોટારામપુરા | ૨ | ૪૬ | મોગરા | ૧ |
| ૪૭ | ભોરદા | ૨ | ૪૭ | નવાલજા | ૧ |
| ૪૮ | ગુડા | ૨ | ૪૮ | ગેલેસર | ૧ |
| ૪૯ | હાંસડા | ૧ | ૪૯ | ખૈડીબારા | ૨ |
| ૫૦ | વિરપુર | ૧ | ૫૦ | વાંકાનેર | ૨ |
| ૫૧ | ટુંડવા | ૩ | ૫૧ | નાકવીધ્યા | ૧ |
| ૫૨ | આંત્રોલી | ૩ | | | |
| ૫૩ | ચીલીયાવાંટ | ૨ | | | |
| ૫૪ | ભેસા | ૧ | | | |
| ૫૫ | ખડખડ | ૨ | | | |
| ૫૬ | બૈડવી | ૧ | | | |
| ૫૭ | અછાલા | ૧ | | | |
| ૫૮ | મોટી સઢલી | ૬ | | | |
| ૫૯ | જોડાવાંટ | ૨ | | | |
| ૬૦ | નાની સઢલી | ૨ | | | |
| ૬૧ | ગુગાવાડા | ૧ | | | |
| ૬૨ | રંગપુર | ૧ | | | |
| ૬૩ | હરપાલપુરા | ૪ | | | |
| | કુલ : | ૧૫૪ | | કુલ | ૯૨ |

------------

## સુરેન્દ્રનગર જિલ્લાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ

અતારાંકિત : ૨૧૪૦ (૨૯-૬-૨૦૦૪) **શ્રી જયંતિલાલ ૨. કવાડિયા (હળવદ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ કેટલા ગામોમાં પ્રાથમિક શાળાના વિધાર્થીઓને કોમ્પ્યુટરનું શિક્ષણ પુરું પાડવાની યોજનાનો લાભ આપવાનું સરકારનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૧-૧૦-૨૦૦૪) :

વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માં સુરેન્દ્રનગર જિલ્લાની વધુ ૧૦૨ પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓને કોમ્પ્યુટરનું શિક્ષણ પુરુ પાડવાની યોજનાનો લાભ આપવાનું સરકારનું આયોજન કરેલ હતું પરંતુ આ યોજનાનું અમલીકરણ કરવા વહીવટી પ્રક્રિયા આખરી ન થવાથી વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માં અમલ થઇ શકેલ નથી.

------------

## ગાંધીનગર શહેર અને જિલ્લાની ગ્રાન્ટેબલ તેમજ નોન ગ્રાન્ટેબલ શાળાઓ

અતારાંકિત : ૨૩૮૯ (૨૦-૭-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર શહેર અને જિલ્લામાં સન ૨૦૦૧ થી ૨૦૦૪ દરમ્યાન કેટલી ગ્રાન્ટેબલ તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓને મંજુરી આપવામાં આવી,

(૨) મંજૂરી અપાયેલ શાળાઓ પૈકી કયા શૈક્ષણિક સત્રમાં કેટલી શાળાઓ શરુ થઇ, અને

(૩) આ શાળામાં વિધાર્થીઓની સંખ્યા કેટલી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧-૧૨-૨૦૦૪) :

(૧)

| | **વર્ષ-૨૦૦૧** | | **વર્ષ-૨૦૦૨** | | **વર્ષ-૨૦૦૩** | | **વર્ષ-૨૦૦૪** | |
|---|---|---|---|---|---|---|---|---|
| | **મા.શા.** | **ઉ.મા.શા.** | **મા.શા.** | **ઉ.મા.શા.** | **મા.શા.** | **ઉ.મા.શા.** | **મા.શા.** | **ઉ.મા.શા.** |
| ગ્રાન્ટેબલ | - | - | - | ૦૧ | - | - | - | - |
| નોન ગ્રાન્ટેબલ | ૧૦ | ૦૯ | ૧૩ | ૦૯ | ૧૨ | ૦૮ | ૧૧ | ૦૭ |

(૨)

| | **વર્ષ-૨૦૦૧** | | **વર્ષ-૨૦૦૨** | | **વર્ષ-૨૦૦૩** | | **વર્ષ-૨૦૦૪** | |
|---|---|---|---|---|---|---|---|---|
| | **મા.શા.** | **ઉ.મા.શા.** | **મા.શા.** | **ઉ.મા.શા.** | **મા.શા.** | **ઉ.મા.શા.** | **મા.શા.** | **ઉ.મા.શા.** |
| શરુ થયેલ શાળાઓ | ૧૦ | ૦૯ | ૧૨ | ૧૦ | ૧૨ | ૦૭ | ૧૧ | ૦૭ |

(૩)

| | **વર્ષ-૨૦૦૧** | | **વર્ષ-૨૦૦૨** | | **વર્ષ-૨૦૦૩** | | **વર્ષ-૨૦૦૪** | |
|---|---|---|---|---|---|---|---|---|
| | **મા.શા.** | **ઉ.મા.શા.** | **મા.શા.** | **ઉ.મા.શા.** | **મા.શા.** | **ઉ.મા.શા.** | **મા.શા.** | **ઉ.મા.શા.** |
| વિધાર્થી સંખ્યા | ૮૨૦ | ૧૦૯૨ | ૮૭૨ | ૭૯૮ | ૯૦૨ | ૪૧૨ | ૧૮૮ | ૧૭૯ |

-------

## જામનગર તાલુકાના મસિતિયા, વાવ-બેરાની અને સરમત પ્રાથમિક શાળામાં શિક્ષકોની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૫૯૯ (૯-૮-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૧૫-૬-૨૦૦૪ની સ્થિતિએ જામનગર તાલુકાના મસીતીયા, વાવ બેરાની અને સરમત ગામે કઇ કઇ શાળામાં કેટ કેટલા શિક્ષકોની મંજુર, ભરેલ અને ખાલી જગ્યાઓ છે,

(૨) આ શિક્ષકોની ખાલી જગ્યાઓને લીધે વિધાર્થીઓનું શિક્ષણ બગડે છે તે હકીકત સરકાર જાણે છે,

(૩) જો હા, તો કેટલા સમયમાં આ શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરી દેવામાં આવશે,

(૪) અત્યાર સુધી નહી ભરવાનાં કારણો શા છે, અને

(૫) તે માટે જવાબદારો સામે શાં પગલાં લીધા ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૯-૯-૨૦૦૪) :

(૧) તા.૧૫-૬-૨૦૦૪ની સ્થિતિએ જામનગર તાલુકાના મસીતીયા, વાવબેરાજા અને સરમત ગામે શિક્ષકોની મંજુર, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **પ્રાથ.શાળાનું નામ** | **મળવાપાત્ર મહેકમ** | **મંજૂર મહેકમ** | **કામ કરતા શિક્ષકો** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મસીતીયા કુમારશાળા | ૭ | ૭ | ૪ | ૩ |
| ૨ | મસીતીયા કન્યાશાળા | ૭ | ૭ | ૫ | ૨ |
| ૩ | મસીતીયા વાડી શાળા-૧ | ૨ | ૨ | ૧ | ૧ |
| ૪ | મસીતીયા વાડી શાળા-૨ | ૨ | ૨ | ૧ | ૧ |
| ૫ | વાવ બેરાજા-પ્રા.શાળા | ૪ | ૪ | ૩ | ૧ |
| ૬ | વાવ બેરાજા-પ્રા.શા.વાડી | ૨ | ૨ | ૦ સંચાલન | ૨ |
| ૭ | સરમત પ્રાથ.શાળા | ૮ | ૮ | ૫ | ૩ |
| ૮ | સરમત વાડી શાળા | ૨ | ૨ | ૨ | ૦ |
| | **કુલ :** | **૩૪** | **૩૪** | **૨૧** | **૧૩** |

(૨) પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓની વિગતો સરકાર જાણે છે.

(૩) પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા અંગે જિલ્લા શિક્ષણ સમિતિ જામનગર દ્વારા પ્રાથમિક શિક્ષકોની ૧૩૫૦ ખાલી જગ્યાઓ ભરવા માટે તા.૮-૭-૨૦૦૪ના રોજ જાહેરાત આપવામાં આવેલ છે. પરંતુ હાલ સમગ્ર રાજ્યમાં વિદ્યાસહાયકની ભરતી પ્રક્રિયા અંગે નામ.હાઇકોર્ટમેટર થયેલ હોઇ નામ.હાઇકોર્ટના નિર્ણય આવ્યા બાદ તથા સરકારશ્રીમાંથી આ અંગેની સૂચના આવ્યેથી તુરત જ ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૪) અત્યાર સુધીમાં ખાલી જગ્યાઓ ભરવા માટે દર વર્ષે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, જામનગર દ્વારા જાહેરાત આપવામાં આવે છે. પરંતુ પી.ટી.સી. લાયકાત ધરાવતા ઉમેદવારો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન થવાને કારણે આ ખાલી જગ્યાઓ ભરી શકાયેલ નથી.

(૫) પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં લાયકાત ધરાવતા ઉમેદવારો ખાલી જગ્યાઓ કરતાં ઓછી સંખ્યામાં મળતાં હોવાના કારણે આ ખાલી જગ્યાઓ ભરી શકાયેલ નથી. આ અંગે દર વર્ષે કાર્યવાહી કરવામાં આવે છે. જેથી જવાબદારો સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## જામનગર જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટ

અતારાંકિત : ૨૬૧૭ (૧૧-૮-૨૦૦૪) **ડૉ. દિનેશ પરમાર (જામનગર(રુરલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ તાલુકાવાર પ્રાથમિક શિક્ષકોની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) વિદ્યાર્થીઓની સંખ્યા સામે કુલ કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૩) આ ઘટ પૂરી કરવામાં સંગીત વિશારદ શિક્ષકોનો સમાવેશ કરવા માંગે છે કે કેમ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૧-૧૦-૨૦૦૪) :

(૧) આ અંગેની માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **મંજુર થયેલ શિક્ષકોની જગ્યાઓ (ઇડીએન-૧૧ સહિત)** | **ખાલી જગ્યા** |
|---|---|---|---|
| ૧ | ભાણવડ | ૪૯૮ | ૧૪૦ |
| ૨ | ધ્રોલ | ૨૮૧ | ૨૮ |
| ૩ | દ્વારકા | ૪૩૧ | ૧૩૩ |
| ૪ | જામજોધપુર | ૪૮૦ | ૬૦ |
| ૫ | જામકલ્યાણપુર | ૮૪૯ | ૨૭૦ |
| ૬ | ખંભાળીયા | ૯૧૯ | ૩૦૨ |
| ૭ | જામનગર | ૧૦૮૮ | ૧૭૫ |
| ૮ | જોડીયા | ૩૨૫ | ૧૭ |
| ૯ | કાલાવાડ | ૪૯૩ | ૯૫ |
| ૧૦ | લાલપુર | ૫૦૮ | ૧૫૫ |
| | **કુલ :** | **૫૮૭૨** | **૧૩૭૫** |

(૨) વિદ્યાર્થીઓની સંખ્યા સામે શિક્ષકોની ઘટ નથી.

(૩) વિદ્યાર્થીઓની સંખ્યા સામે શિક્ષકોની ઘટ નથી. તેથી સંગીત વિશારદ શિક્ષકોનો સમાવેશ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## નવસારી જિલ્લામાં પેટ્રોલપંપો તથા કેરોસીન ડેપો પર દરોડા

અતારાંકિત : ૨૫૯૨ (૧૭-૮-૨૦૦૪)**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી શહેર અને જિલ્લામાં પેટ્રોલપંપો તથા કેરોસીનના ડેપો પર કેટલી વખત દરોડા પાડવામાં આવ્યા,

(૨) કેટલા અને કયા પેટ્રોલપંપો તથા કેરોસીનના ડેપોમાં ગેરરીતીઓ જણાઇ, અને

(૩) તે સંબંધમાં શા શા પગલાં લીધા ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૪-૧૦-૨૦૦૪) :

(૧) તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં નીચે મુજબ દરોડા પાડવામાં આવેલ છે.

| | **પેટ્રોલપંપો** | **કેરોસીન ડેપો** |
|---|---|---|
| નવસારી શહેર | ૧૨ | ૬ |
| નવસારી ગ્રામ્ય | ૫૮ | ૮૨ |
| **કુલ :-** | **૭૦** | **૮૮** |

(૨) આ પૈકી ૨૩ પેટ્રોલપંપો અને ૭૭ કેરોસીન ડેપોમાં ગેરરીતી માલુમ પડેલ વિગતો આ સાથે પત્રક-૧, ૨ માં સામેલ છે.

(૩) આ સંબંધમાં લીધેલ પગલાંની વિગતો પત્રક-૩ માં સામેલ છે.

### પત્રક-૧

### ગેરરીતિઓ જણાયેલ પેટ્રોલપંપની યાદી

| અનુ.નં. | પેટ્રોલપંપનું નામ/સરનામું |
|---|---|
| ૧ | નિરવ પેટ્રોલીયમ, નવસારી |
| ૨ | રમેશ એન્ડ કા઼ે. નવસારી |
| ૩ | ધી ઓટોમોબાઇલ્સ ટ્રાન્સપોર્ટ સર્વિસ, નવસારી |
| ૪ | ચીખલી તાલુકા સ.રુ. અને વે.ક.મં.લી., ચીખલી |
| ૫ | અબ્રામા સેવા સહકારી મંડળી લીમીટેડ, અબ્રામા, તા.જલાલપોર |
| ૬ | ગડત વિ.કા.સ.મં.લી., ગડત, ગણદેવી |
| ૭ | ગોપાલક એન્ડ સન્સ, કબીલપોર |
| ૮ | સેન્ટ્રલ ઓટોસર્વિસ સ્ટેશન, હનુમાનબારી, તા.વાંસદા |
| ૯ | નાગધરા વિ.વિ.કા.સં.મં. સાતેમ, તા.નવસારી |
| ૧૦ | સી.એફ.શાહ, થાલા, તા.ચીખલી |
| ૧૧ | ખારેલ વિ.વિ.કા.સં.મં.લી, ખારેલા, તા.ગણદેવી |
| ૧૨ | ચીખલી તાલુકા સ.રુ. અને વે.ક.મં.લી, ખેરગામ |
| ૧૩ | નીલગંગા સર્વિસીસ થાલા, તા.ચીખલી |
| ૧૪ | સાલેજી ઓટોમોબાઇલ્સ, કબીલપોર, નવસારી |
| ૧૫ | ભાણા ઓટોમોબાઇલ્સ, કબીલપોર, નવસારી |
| ૧૬ | જય પેટ્રોલીયમ, દાંડી રોડ, વિજલપોર |
| ૧૭ | માતૃકૃપા પેટ્રોલીયમ, શનકુવા, તા.ચીખલી |
| ૧૮ | બીલીમોરા પેટ્રોલીયમ, બીલીમોરા |
| ૧૯ | શ્રોફ એન્ડ કા઼ે. બીલીમોરા |
| ૨૦ | કવોરી એસોસીએશન, આલીપોર, તા.ચીખલી |
| ૨૧ | અરિહંત પેટ્રોલીયમ, કબીલપોર, નવસારી |
| ૨૨ | મે.રણછોડજી નાગરજી દેસાઇ, થાલા, ચીખલી |

| | |
|---|---|
| ૨૩ | તાજ ઓટોમોબાઇલ્સ, મુ.વેસ્મા, તા.જલાલપોર |

## પત્રક-૨

## ગેરરીતિઓ જણાયેલ કેરોસીન ડેપોની યાદી

| અનુ.નં. | કેરોસીન વિતરણ કરતી પેઢીનું નામ/સરનામું |
|---|---|
| ૧ | તાબે રામજી ગંગારામ, બંદરરોડ, નવસારી |
| ૨ | નવસારી પેટ્રોલીયમ, નવસારી |
| ૩ | અંજનાબેન બોરસે, વિજલપોર, નવસારી |
| ૪ | હરીશંકર એલ.પાંડે, ઘેલખડી, નવસારી |
| ૫ | રામભાઇ હેમભાઇ પહાડીયા, વાંસદા |
| ૬ | મહંમદ રફીક શેખ, સારવણી |
| ૭ | જયઅંબે કેરોસીન ડેપો, પાલગભાણ |
| ૮ | ગાંધી રમણલાલ ઝીણાભાઇની કંપની, દહેગામ |
| ૯ | રમાબેન ઇન્દ્રસિંહ બારોટ, દહેગામ |
| ૧૦ | સુલેમાન આદમ જોગી, વભદ, મીણકચ્છ |
| ૧૧ | જલાલપોર ગ્રા.વિ.સે.સ.મં.લી, જલાલપોર, દુકાન નં.૨ |
| ૧૨ | જલાલપોર વિ.સે.સ. દુકાન નં.૧ |
| ૧૩ | મંજુલાબેન લક્ષ્મીલાલ શાહ, ભુલાફળીયા |
| ૧૪ | પારડી સે.સ.મં.લી. પારડી, સરસપોર |
| ૧૫ | ભુરાલાલ સોહનલાલ, નાગધરા |
| ૧૬ | અષ્ટગામ સે.સ.મં.લી. અષ્ટગામ |
| ૧૭ | જીતુભાઇ બાલુભાઇ વભદ, દુવાડા |
| ૧૮ | સતીષભાઇ પટેલ, કલમઠા |
| ૧૯ | બંકીમભાઇ મોતીભાઇ ચૌધરી, તલોધ |
| ૨૦ | ગુલામ ફકીરભાઇ ચરીવાલા, ચીખલી |
| ૨૧ | ખારેલ વિ.વિ.કા.સ.મં.લી, પીપલધરા શાખા |
| ૨૨ | હસમુખભાઇ બી.નાયક, કસ્બાપોર |
| ૨૩ | શ્રીનાથ કેરોસીન ડેપો, ખાંભલા |
| ૨૪ | નાથુલાલ સુરજમલ જૈન, બલવાડા |
| ૨૫ | કમલેશભાઇ બલ્લુભાઇ પટેલ, વભદ, સાગરા |
| ૨૬ | મોહનભાઇ બી.પટેલ, દોણજા |
| ૨૭ | શૈલેષ જોષી, વભદ, તેજલાવ |
| ૨૮ | મોહનભાઇ ચાવલા ભીનાર, તા.વાંસદા |
| ૨૯ | રામભાઇ હેમાભાઇ પહાડીયા, વાંસદા |
| ૩૦ | અરવિંદભાઇ એમ.પટેલ, ઉનાઇ, વાંસદા |
| ૩૧ | રાજુભાઇ બી.નિકમ, વિજલપોર, તા.જલાલપોર |
| ૩૨ | સુફામ બુધા કોળી, વિજલપોર, તા.જલાલપોર |
| ૩૩ | દિપકભાઇ એમ.પટેલ છાપરા, વભદ |
| ૩૪ | વનમાળીભાઇ એન.પ્રજાપતિ, કાળા કાછા |
| ૩૫ | ગાયત્રી કેરોસીન ડેપો, રુમલા તા.ચીખલી |
| ૩૬ | બંસીલાલ એમ.પ્રજાપતિ, સોનવાડી, તા.ગણદેવી |
| ૩૭ | ભુરાલાલ ત્રિલોકજી કુમાવત, ગણદેવી |
| ૩૮ | નવાગામ સે.સ.મં.લી. નવાગામ |
| ૩૯ | શ્રી રામ ઇન્દ્રબહાદુર, વિજલપોર, તા.જલાલપોર |
| ૪૦ | બબનભાઇ એચ.એલમાળી, વિજલપોર, તા.જલાલપોર |
| ૪૧ | નામદેવ અર્જુન વેન્દ, વિજલપોર, તા.જલાલપોર |
| ૪૨ | રોશન દલ્લાજી, બીલીમોરા |
| ૪૩ | નાથુજેરામ વિરવાલ, વાઘરેચ, ગણદેવી |
| ૪૪ | રાજુભાઇ આર.પટેલ વભદમંદિર તા.જલાલપોર |
| ૪૫ | શ્રીમતી લક્ષ્મીબેન ડી.લાડ કલપાણ તા.જલાલપોર |
| ૪૬ | સુમનભાઇ ડી.પટેલ ખાણરવાડા |
| ૪૭ | ઇસ્માઇલ મુસેજી શેખ, ખાપરવાડા, તા.ગણદેવી |
| ૪૮ | ચીખલી તા.સ.રુ. વે.મં.ચીખલી (ડીલર) |

| | |
|---|---|
| ૪૯ | ઝરી સે.સ.મં.લી. ઝરમી તા.વાંસદા |
| ૫૦ | સુવાલાલ મોતીલાલ શાહ, આમધરા, તા.ચીખલી |
| ૫૧ | પનાર સે.સ.મં.લી. પનાર |
| ૫૨ | કાળાકાછા સે.સ.મં.લી. કાળાકાછા, તા.જલાલપોર |
| ૫૩ | દાલચંદ વરદીચંદ ચૌહાણ, મરોલીબજાર તા.જલાલપોર |
| ૫૪ | રતનલાલ ભુરાલાલ શાહ, નવાગામ |
| ૫૫ | ચેલારામ ખટુમલ કાછીયાવાડી, નવસારી |
| ૫૬ | કાકડવેરી સે.સ.મંડળી લી., કાકડવેરી તા.ચીખલી |
| ૫૭ | ખેડુભાઇ નીછાભાઇ લાડ, રુમલા, કુંભારવાડા, તા.ચીખલી |
| ૫૮ | મોહનલાલ ચાવલા, ભીનાર, તા.વાંસદા |
| ૫૯ | રમેશચંદ્ર પ્રતાપજી કમાવત, બીલીમોરા |
| ૬૦ | નેમીચંદ રાણામલ શાહ, વભદ, પ્રતાપનગર |
| ૬૧ | વિનોદચંદ્ર કે.દેસાઇ, વભદ, હનુમાનબારી |
| ૬૨ | ભૈરવી સે.સ.મં.લી, ભૈરવી, તા.ચીખલી |
| ૬૩ | સલીમખાન રહીમખાન પઠાણ, વડોલી, તા.જલાલપોર |
| ૬૪ | ગોકુળભાઇ મોતીભાઇ પટેલ, વભદ, સ્પાદા, તા.ચીખલી |
| ૬૫ | રામુભાઇ રણછોડભાઇ મંદિર, જલાલપોર |
| ૬૬ | ઠાકોરભાઇ સી.પટેલ, ચીજગામ, તા.જલાલપોર |
| ૬૭ | કણધા સે.સ.મં.લી, કણધા, તા.વાંસદા |
| ૬૮ | સોલધરા સે.સ.મં.લી., સોલધરા |
| ૬૯ | મીઠાલાલ અંબાલાલ જૈન, સમરોલી, તા.ચીખલી |
| ૭૦ | એચ.એસ.પટેલ, મજીગામ, ચીખલી |
| ૭૧ | કાલચંદ મેઘરજ પટેલ, વભદ, ગણદેવી |
| ૭૨ | આશાબેન સુરેશભાઇ વિજલપોર, તા.જલાલપોર |
| ૭૩ | ગુલાબભાઇ પી.પટેલ, કાંગવાઇ, તા.ચીખલી |
| ૭૪ | કલાવતીબેન ટંડેલ, મેધરભાડ, તા.ગણદેવી |
| ૭૫ | શ્રી ગોર્વધન પ્રતાપજી કમાવત, વા.ભા.દુ.બીલીમોરા, તા.ગણદેવી |
| ૭૬ | શ્રી ભગવતીલાલ છોગાલાલ પરાડીયા, વા.ભા.દુકાન બીલીમોરા તા.ગણદેવી |
| ૭૭ | બીલીમોરા વિભાગ વિ.વિ.કા.સે.સ.મં.સંચાલીત વા.ભા.દુકાન મુ.તા.બીલીમોરા |

**પત્રક-૩**

**(અ) પેટ્રોલપંપમાં લીધેલ પગલાં :-**

| | **કબજે લીધેલ જથ્થો** | **કિંમત (રૂા.)** | **તે પૈકી રાજ્યસાત કરેલ જથ્થો** | |
|---|---|---|---|---|
| | | | **જથ્થો** | **કિંમત રૂા.** |
| પેટ્રોલ | **૧૨૮૮૦ લીટર** | ૪૫૯૩૦૨ | ૬૮૧ લીટર | ૨૩૭૫૬ |
| ડીઝલ | ૩૦૦૭૨ લીટર | ૭૪૨૪૫૭ | ૫૦૬૭ | ૧૧૯૧૭૬ |
| | **કુલ :** | **૧૨૦૧૭૫૯** | **કુલ :** | **૧૪૨૯૩૨** |

**<u>ખાતારાહે લીધેલ પગલાં :-</u>**

(એક) ૧ પરવાનો મોકુફ

**રૂા.૩૩૭૫ પરવાના અનામત રાજ્યસાત**

**(બ) કેરોસીન ડેપોમાં લીધેલ પગલાં**

**કબજે લીધેલ જથ્થો**

| | **જથ્થો** | **કિંમત રૂા.** |
|---|---|---|
| કેરોસીન | ૧૮૪૧૨ લીટર | ૧૬૮૯૮૧ |

તે પૈકી રાજ્યસાત કરેલ જથ્થો

| | **જથ્થો** | **કિંમત રૂા.** |
|---|---|---|
| કેરોસીન | ૧૦૫૧૪ લીટર | ૯૬૧૨૨ |

**ખાતારાહે લીધેલ પગલાં :-**

બે (૨) કેસમાં અટકાયતના પગલાં લીધા.
સાત (૭) પરવાના રદ
પાંચ (૫) પરવાના મોકુફ
રૂા.૫૪૬૨૩/પરવાના-અનામત રકમ રાજ્યસાત.

------------

## નવસારી જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કાર્ડ ધારકોની નોંધણી

અતારાંકિત : ૨૫૯૩ (૧૭-૮-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કાર્ડ ધારકોની સન ૨૦૦૩-૦૪ના નાણાંકીય વર્ષમાં કેટલી નવી નોંધણી કરવામાં આવી છે, અને

(૨) તાલુકાવાર કાર્ડ નોંધવાની કેટલી કામગીરી બાકી છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૯-૯-૦૪) :

(૧) સને ૨૦૦૩-૦૪ના નાણાંકીય વર્ષમાં નવસારી જિલ્લામાં નીચે મુજબ બી.પી.એલ. કાર્ડની તાલુકાવાર નોંધણી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| નવસારી (શહેર) | ૧૦૦ |
| નવસારી (ગ્રામ્ય) | ૭૦ |
| જલાલપોર | ૭૪ |
| ગણદેવી | ૬૮ |
| ચીખલી | ૩૫૦ |
| વાંસદા | - |
| **કુલ :-** | **૬૬૨** |

(૨) તાલુકાવાર નીચે મુજબ કાર્ડ નોંધવાની કામગીરી બાકીમાં છે.

| | |
|---|---|
| નવસારી (શહેર) | - |
| નવસારી (ગ્રામ્ય) | - |
| જલાલપોર | - |
| ગણદેવી | - |
| ચીખલી | ૩૦૮ |
| વાંસદા | ૬૮૯ |
| કુલ : | ૯૯૭ |

------------

## રાજ્યમાં સીંગતેલના વધી રહેલા ભાવો અંગે

અતારાંકિત : ૨૫૯૬ (૯-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે માસમાં રાજ્યમાં સીંગતેલના ભાવ વધતા તેને કાબુમાં લેવા સરકારે શા પગલાં લીધા, અને

(૨) તે પૈકી કુલ કેટલા દરોડા ઓઈલ મીલો ઉપર પાડવામાં આવ્યા અને સીંગતેલનો કેટલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૪-૧૦-૦૪) :

(૧) સીંગતેલના ભાવમાં પ્રશ્ન હેઠળના સમય દરમ્યાન ગત વર્ષની સરખામણીએ કોઈ મોટો ભાવ વધારો જોવા મળેલ ન હોઈ સામાન્ય તપાસણીના ભાગરુપે અથવા માહિતી ઉપરથી તપાસો કરાયેલ છે.

(૨) આવશ્યક ચીજવસ્તુ ધારાની જોગવાઈઓ અનુસાર ઓઈલ મીલરોએ હવે પુરવઠાના પરવાના લેવાના રહેતા નથી. કેન્દ્ર સરકારની ઉદારીકરણની નિતીના ભાગરુપે સરકારે સ્થાનિક કક્ષાએ વેપારીઓ સાથે બેઠકો યોજી ભાવો નિયંત્રણમાં રાખવાની નિતી અપનાવેલ છે. અને અત્રેથી ૫ (પાંચ) ઓઈલ મીલો ઉપર દરોડા પાડી સીંગતેલનો ૭૮ કિ.ગ્રા. જથ્થો જપ્ત કરવામાં આવ્યો.

------------

**કરમદડી ગામે થયેલ દીપડીની હત્યા**

અતારાંકિત : ૨૬૭૪ (૧૪-૯-૦૪) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ઓગષ્ટ-૨૦૦૪માં ગીર વિસ્તારના દલખાણીયા રેન્જમાં આવેલા કરમદડી ગામે વાડીમાં રાખવામાં આવેલા ફાસલાથી દીપડીનું મોત થયું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દીપડીના મોત બદલ કેટલા ઈસમોની ધરપકડ કરી તેની સામે શી કાર્યવાહી થઈ છે, અને

(૩) આ વિસ્તારમાં ઈરાદાપૂર્વક મુકવામાં આવેલા ફાસલા દૂર કરવા શી વ્યવસ્થા થઈ છે ?

**વન મંત્રીશ્રી** (૧૦-૧૧-૦૪) :

(૧) હા, જી.

(૨) બે ઈસમોની ધરપકડ કરી ધારી કાર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

(૩) વન્યપ્રાણીઓના અવર-જવરના રસ્તાઓ અભયારણ્ય વિસ્તાર આસપાસ ખેતરો, વાડીઓ વગેરે વિસ્તારમાં ક્ષેત્રિય સ્ટાફ ધ્વારા સધન ફેરણું કરવામાં આવે છે. ફેરણા દરિમયાન આ પ્રકારની કોઈ શંકાસ્પદ વસ્તુ જણાઈ આવે તો તેને તુરત જ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવે છે અને જેતે જવાબદાર વ્યકિતઓ સામે વન્યપ્રાણી (સંરક્ષણ) ધારા-૧૯૭૨ અન્વયે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે.

---------------

**કેશોદના સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવા બાબત**

અતારાંકિત : ૨૫૫૫ (૧૧-૮-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૭-૨૦૦૪ ની સ્થિતિએ કેશોદના સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવાનો કોઈ નિર્ણય થયેલ છે,

(૨) જો હા, તો એ નિર્ણય મુજબ આ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કયા કયા પ્રકારની સવલતો વધારવામાં આવશે, અને

(૩) આ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૭-૧૦-૦૪) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**ચોરવાડ તથા બાલાગામ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરુ કરવા બાબત**

અતારાંકિત : ૨૫૬૦ (૧૧-૮-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુનાગઢ જિલ્લામાં કેશોદ તાલુકાના ચોરવાડ તથા બાલાગામ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરુ કરવા માટે તા.૩૧-૭-૨૦૦૪ ની સ્થિતિએ કેટલી માંગણીઓ સરકારને મળેલ છે, તે કોના કોના તરફથી મળેલ છે,

(૨) સરકારે આ માંગણી અંગે કોઈ નિર્ણય કર્યો છે કે કેમ, અને

(૩) જો ના, તો કયાં સુધીમાં સરકાર આ અંગે નિર્ણય લેવા માંગે છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૪-૯-૦૪) :

(૧) તા.૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ ચોરવાડ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરુ કરવા માટે કેશોદના માન. ધારાસભ્યશ્રી તરફથી તા.૧૮-૫-૨૦૦૨ અને તા.૧૭-૬-૨૦૦૩ ની રજુઆતો મળેલ જયારે બાલાગામ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરુ કરવા માટે કોઈ રજુઆત મળેલ નથી.

(૨) અને (૩) : ચોરવાડ માળીયા-હાટીના તાલુકામાં આવેલ છે. ૧૯૯૧ની વસ્તીના ધોરણો મુજબ માળીયા-હાટીના તાલુકામાં એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર છે, જે મંજુર થયેલ છે. બીજુ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર નથી.

-----------------

## શહેરોમાં શુધ્ધ ઘીમાં ગાય અને ભૂંડની ચરબીની ભેળસેળ

અતારાંકિત : ૨૫૬૪ (૧૧-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યનાં શહેરોમાં શુધ્ધ ઘીમાં ગાય, ભૂંડ તથા કુતરાની ચરબીની મોટા પાયા પર ભેળસેળ થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) આવી ખતરનાક ભેળસેળથી નાગરીકોના સ્વાસ્થ્યને ગંભીર ખતરો ઉભો થયેલ છે. તે સરકાર જાણે છે,

(૩) તા.૩૧-૭-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના આરોગ્ય ઈન્સ્પેકટરો મારફત કેટલા દરોડા પાડયા અને કઈ કઈ જગ્યાએ, અને

(૪) ગુનાહીત ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી અને આ ગુનાહીત પ્રવૃત્તિ કાયમી બંધ થાય તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૭-૯-૦૪) :

(૧) ના, એક પણ નમૂનામાં આવી ભેળસેળ જોવા મળેલ નથી.

(૨) આવી કોઈ જાણ નથી.

(૩) આ સાથે સામેલ પત્રક મુજબ.

(૪) (અ) જુદા જુદા ગુન્હાઓ માટે કાર્યવાહીઓનું પત્રક આ સાથે સામેલ છે.

(બ) ઉપર પ્રશ્ન-૧ માં જણાવેલ ગુનાહિત પ્રવૃત્તિ કોઈ કરે નહી તે માટે તંત્ર સતત જાગૃત છે.

### તા.૧-૭-૨૦૦૩ થી તા.૩૧-૭-૨૦૦૪ સુધીમાં લેવાયેલ ઘી ના તથા પાસ જાહેર થયેલ નમૂનાનું પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | કેટલા નમૂના લીધા | કેટલા નમૂનાના રિપોર્ટ આવ્યા | પાસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીનગર મુખ્ય કચેરી | ૨૬ | ૨૬ | ૨૩ |
| ૨ | અમદાવાદ (ગ્રામ્ય) ગાંધીનગર | ૯ | ૯ | ૯ |
| ૩ | અમદાવાદ | ૪૬ | ૪૬ | ૪૩ |
| ૪ | અમરેલી | ૯ | ૯ | ૬ |
| ૫ | ભરૂચ | ૧૭ | ૧૭ | ૧૭ |
| ૬ | ભાવનગર | ૧૧ | ૧૧ | ૧૦ |
| ૭ | ભૂજ | ૧૨ | ૧૨ | ૧૧ |
| ૮ | ગોધરા પંચમહાલ | ૬ | ૬ | ૬ |
| | દાહોદ | ૨ | ૨ | ૨ |
| ૯ | હિંમતનગર | ૧૩ | ૧૩ | ૧૩ |
| ૧૦ | જામનગર | ૧૫ | ૧૩ | ૯ |
| ૧૧ | જૂનાગઢ | ૩૧ | ૩૧ | ૨૭ |
| ૧૨ | મહેસાણા | ૧૧૯ | ૧૧૯ | ૧૦૭ |
| ૧૩ | નડિયાદ | ૧૧ | ૧૧ | ૧૦ |
| ૧૪ | પાલનપુર | ૧૬ | ૧૬ | ૧૪ |
| ૧૫ | રાજકોટ | ૩૨ | ૩૨ | ૩૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૧ | ૧ | ૧ |
| ૧૭ | સુરત | ૧૭ | ૧૭ | ૧૬ |
| ૧૮ | વડોદરા | ૩૫ | ૩૫ | ૩૫ |
| ૧૯ | વલસાડ | ૨૨ | ૨૨ | ૧૯ |
| | **કુલ :** | **૪૫૦** | **૪૪૮** | **૪૦૮** |

નોંધ :- આ નમૂનામાં ઢોરની ચરબી મળી આવેલ નથી.

### તા.૧-૭-૨૦૦૩ થી તા.૩૧-૭-૨૦૦૪ સુધીમાં લેવાયેલ ઘી ના તથા નાપાસ નમૂનાનું પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | નાપાસ | કોર્ટમાં ફરિયાદ દાખલ કરી | ફરિયાદ દાખલ કરવાની બાકી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૬ | ૭ | ૮ |
| ૧ | ગાંધીનગર મુખ્ય કચેરી | ૩ | ૨ | ૧ |
| ૨ | અમદાવાદ (ગ્રામ્ય) ગાંધીનગર | ૦ | ૦ | ૦ |
| ૩ | અમદાવાદ | ૩ | ૨ | ૧ |
| ૪ | અમરેલી | ૩ | ૩ | ૦ |
| ૫ | ભરૂચ | ૦ | ૦ | ૦ |
| ૬ | ભાવનગર | ૧ | ૧ | ૦ |
| ૭ | ભૂજ | ૧ | ૧ | ૦ |
| ૮ | ગોધરા પંચમહાલ | ૦ | ૦ | ૦ |
| | દાહોદ | ૦ | ૦ | ૦ |
| ૯ | હિંમતનગર | ૦ | ૦ | ૦ |
| ૧૦ | જામનગર | ૪ | ૩ | ૧ |
| ૧૧ | જૂનાગઢ | ૪ | ૨ | ૨ |
| ૧૨ | મહેસાણા | ૧૨ | ૯ | ૩ |
| ૧૩ | નડિયાદ | ૧ | ૦ | ૧ |
| ૧૪ | પાલનપુર | ૨ | ૨ | ૦ |
| ૧૫ | રાજકોટ | ૨ | ૧ | ૧ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ |
| ૧૭ | સુરત | ૧ | ૦ | ૧ |
| ૧૮ | વડોદરા | ૦ | ૦ | ૦ |
| ૧૯ | વલસાડ | ૩ | ૦ | ૩ |
| | **કુલ :** | **૪૦** | **૨૬** | **૧૪** |

નોંધ :- આ નમૂનામાં ઢોરની ચરબી મળી આવેલ નથી.

-------------------

## રાજ્યમાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવા બાબત

અતારાંકિત : ૨૬૧૦ (૧૧-૮-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ૨૦૦૩-૦૪ ના નાણાકીય વર્ષમાં રાજ્યમાં નવા ૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવાના હતા તે સાચું છે,

(૨) જો હા, તો તા.૩૦-૬-૦૦૪ ની સ્થિતિએ આ ૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કયા-કયા તાલુકામાં કઈ-કઈ જગ્યાએ ખોલાયા, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૭-૯-૦૪) :

(૧) હા, જી નવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આદિજાતિ વિસ્તારમાં ખોલવાના હતા.

(૨) રાજ્યમાં આદિજાતિ વિસ્તારમાં નવા નવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કયા કયા તાલુકામાં ખોલવામાં

આવેલ છે તેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | દાહોદ | મોટી ખરજ |
| ૨ | દાહોદ | ગરબાડા | પાટીયા |
| ૩ | દાહોદ | લીમખેડા | સુડીયા |
| ૪ | દાહોદ | લીમખેડા | રઈ |
| ૫ | દાહોદ | દેવગઢબારીયા | ભુલાવ |
| ૬ | દાહોદ | દેવગઢબારીયા | દુધીયા |

| | | | |
|---|---|---|---|
| ૭ | દાહોદ | ફતેપુરા | મોટીઢઢેલી |
| ૮ | નર્મદા | સાગબારા | સેલંબા |
| ૯ | વડોદરા | કવાંટ | કરજવાંટ |

(૩) આ નવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખોલવા માટે કુલ રૂા.૨૪,૯૩,૦૦૦/- નો ખર્ચ થયો છે.

---------------

**બુટલેગર ધ્વારા લાલ-લાઈટવાળી ગાડી વાપરવા અંગે**

અતારાંકિત : ૨૫૭૯ (૧૧-૮-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યના પ્રધાન જેવી લાલ લાઈટવાળી ગાડી લઈને બુટલેગરો ફરે છે, તે હકીકત સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ અંગે આર.ટી.ઓ. ના કોઈ નિયમોનો ભંગ થાય છે કે કેમ, અને

(૩) જો હા, તો પ્રજાના પ્રતિનિધિઓના નામ અને હોદ્દાનો દુરપયોગ થતો અટકાવવા માટે સરકાર ધ્વારા લેવાનાર પગલાની વિગતો શું છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૮-૧૦-૦૪) :

(૧) ના જી, ચેકીંગ દરમ્યાન આવું કશું ધ્યાનમાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**નવસારી જિલ્લામાં દારુ અંગે દરોડા પાડી દારુ પકડવા બાબત**

અતારાંકિત : ૨૬૦૧ (૧૧-૮-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં જુન, ૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાદીઠ દારુ માટે કેટલા દરોડાઓ પાડી કુલ કેટલી કીંમતનો દારુ પકડવામાં આવ્યો,

(૨) કયા પોલીસ સ્ટેશન હેઠળ વધુ દારુ પકડાયો, અને

(૩) જે પોલીસ સ્ટેશનોની હદમાં વધુ રકમનો દારુ પકડાયો હોય તે અન્વયે સરકારે શાં પગલાં લીધાં?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧-૧૦-૦૪) :

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | પાડવામાં આવેલ દરોડાની સંખ્યા | પકડાયેલ દારુની કીંમત રૂા. |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૪૮૬૬ | ૨૩,૧૫,૮૯૦ |
| ૨ | જલાલપોર | ૩૦૦૬ | ૪૩,૨૯,૮૫૨ |
| ૩ | ગણદેવી | ૨૭૧૫ | ૧૮,૦૮,૬૪૫ |
| ૪ | ચીખલી | ૧૩૧૯ | ૩૬,૩૪,૪૨૪ |
| ૫ | વાંસદા | ૫૭૦ | ૮,૫૮,૨૫૮ |

(૨) નશાબંધી ખાતામાં નવસારી પ્રોહીબીશન સ્ટેશનમાં અને પોલીસ ખાતામાં જલાલપોર પોલીસ સ્ટેશનમાં વધુ દારુ પકડાયેલ છે.

(૩) નશાબંધી ખાતા ધ્વારા શોધાયેલ કુલ ૬૯ ગણનાપાત્ર કેસો પૈકી ૨૭ કેસો તપાસને અંતે દફતરે કરવામાં આવેલ છે. ૮ કેસોમાં કારણદર્શક નોટીસ આપવામાં આવી છે અને ૩૪ કેસોમાં તપાસ પડતર છે.

પોલીસ ખાતા ધ્વારા શોધાયેલ કુલ ૩૩ ગણનાપાત્ર કેસો પૈકી ૧૬ કેસો તપાસને અંતે દફતરે કરવામાં આવેલ છે અને ૧૭ કેસોમાં તપાસ પડતર છે.

--------------

**અમરેલી જિલ્લામાં ચાલતા નશાબંધી સંસ્કાર કેન્દ્રો અંગે**

અતારાંકિત : ૨૬૪૧ (૩-૯-૦૪) **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં પછાતવર્ગના લોકો પરિશ્રમ બાદ ફુરસદના સમયે મનોરંજન માણી શકે તે માટે નશાબંધી સંસ્કાર કેન્દ્રો ચલાવવામાં આવે છે તે ખરુ છે,
(૨) જો હા, તો જુન-૨૦૦૪ની સ્થિતિએ આવા નશાબંધી સંસ્કાર કેન્દ્રો અમરેલી જિલ્લામાં તાલુકાવાર કયાં કયાં ચાલે છે, અને
(૩) તેનું સંચાલન કોના ધ્વારા કરવામાં આવે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧-૧૦-૦૪) :

(૧) હા.
(૨) અમરેલી જિલ્લામાં જુન-૨૦૦૪ ની સ્થિતિએ આવા એકપણ સંસ્કાર કેન્દ્રો કાર્યરત નથી.
(૩) અમરેલી જિલ્લામાં એકપણ સંસ્કાર કેન્દ્ર કાર્યરત ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**સુરેન્દ્રનગર શહેરમાં ગરીબ દેવીપૂજક ગર્ભવતી મહિલાને મહિલા કોન્સ્ટેબલ ધ્વારા માર મારવા અંગે**

અતારાંકિત : ૨૬૯૧ (૧૪-૯-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર શહેરમાં રસ્તા પર બેસીને સામાન્ય ગરમ મસાલા વેચતી દેવીપૂજક ગરીબ ગર્ભવતી મહિલાને એક મહીલા કોન્સ્ટેબલે જુલાઈ-૨૦૦૪માં લાકડી વડે ફટકારી હતી તથા ગર્ભવતી હોવા છતાં તેના પેટ પર લાકડીઓ ફટકારી હતી તે ગંભીર હકીકત સરકાર જાણે છે,
(૨) લાકડીઓના મારથી બેભાન બની ગયેલી મહીલાને હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી તે હકીકત સાચી છે,
(૩) ગરીબ અને ગર્ભવતી સ્ત્રી પર સીતમ ગુજારનાર મહિલા પોલીસ કર્મચારી સામે કયારે ફરીયાદ લેવામાં આવી તથા કયા કાયદા અન્વયે તેને શી શિક્ષા કરવામાં આવી, અને
(૪) મહિલા કોન્સ્ટેબલ સામે ખાતાકીય રાહે શાં પગલાં લેવામાં આવ્યાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૪-૧૦-૨૦૦૪) :

(૧) હકીકત ખોટી પૂરવાર થઈ છે.
(૨) હકીકતને સમર્થન મળેલ નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**જામનગર જિલ્લામાં નવી લીઝ માટેની અરજીઓ અને મંજૂરી બાબત**

અતારાંકિત : ૨૨૩૯ (૨૮-૬-૨૦૦૪) **ડૉ. દિનેશ પરમાર (જામનગર(રુરલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૦૪ ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા ચાર વર્ષમાં કુલ કેટલી નવીન લીઝોની કયા કયા પ્રકારની માગણીઓ આવી,
(૨) તે પૈકી કેટલી લીઝો મંજૂર કરવામાં આવી,
(૩) ના મંજૂર કરેલ હોય તેના કારણો શાં છે, અને
(૪) આ લીઝોથી સરકારને કેટલી આવક થઈ ?

**મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** (૧૨-૧૦-૦૪) :

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૦૪ ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં તાલુકાવાર નવીન લીઝો માટે નીચે મુજબ કુલ અરજીઓ મળી છે.

**અરજીઓનો પ્રકાર**

| તાલુકો | માઈનીંગ લીઝ | સંશોધન પરવાના | કવોરી લીઝ |
|---|---|---|---|
| જામનગર | - | - | ૪૦ |
| ધ્રોળ | - | - | ૮૧ |
| જોડીયા | - | ૩ | ૪૧ |
| ખંભાળીયા | - | - | ૬૦ |
| કલ્યાણપુર | ૬૭ | ૧૧ | ૮૨ |
| ઓખામંડળ | ૨૩ | ૧ | ૨૦ |
| કાલાવડ | - | ૧૭ | ૧૬ |
| લાલપુર | ૧ | ૧૦ | ૪૫ |
| ભાણવડ | ૨૭ | ૯ | ૩૯ |
| જામજોધપુર | ૧૫ | ૩૭ | ૫૪ |
| **કુલ :** | **૧૩૩** | **૮૮** | **૪૭૮** |

(૨) ૫૬.
(૩) નામંજુર કરેલ હોય તેનાં કારણો નીચે મુજબ છે.
 (૧) માંગણીવાળો વિસ્તાર અન્ય મંજૂર/કરારખત થયેલ તેમજ અન્ય અરજદારની માંગણીવાળા વિસ્તાર સાથે બેવડાતો હોવાથી.
 (૨) માંગણીવાળા વિસ્તારનો જમીન ઉપલબ્ધતા અંગેનો નકારાત્મક અભિપ્રાય આવેલ હોવાથી.
 (૩) માંગણીવાળા વિસ્તાર અંગે ગ્રામ પંચાયતનો વાંધો હોવાથી.
 (૪) અરજદારશ્રીએ જરૂરી પુર્તતા કરેલ ન હોવાથી.
(૪) આ લીઝોથી સરકારને માર્ચ-૨૦૦૪ સુધીમાં રૂા.૧,૨૭,૦૨,૩૫૦/- ની આવક થઈ છે.

--------------

**ઝઘડીયા અને વાલીયા તાલુકામાં રેતી, સીલીકા અંગેની લીઝ આપવા અંગે**

અતારાંકિત : ૨૨૫૩ (૨૫-૧-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભરૂચ જિલ્લામાં ઝઘડીયા અને વાલીયા તાલુકામાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષની રેતી સીલીકા અંગે કેટલી અને કોને પરવાનગી આપવામાં આવી.
(૨) આ રેતી સીલીકા ભરેલ વાહનનું વજન કરાવવામાં આવે છે કે કેમ,
(૩) આ રીતે સીલીકાના વાહનોનું વજન કોના વજનકાંટા પર કરવામાં આવે છે,
(૪) કાયદેસર કરતા વધુ વજન ભરેલા વાહન માલિકો સામે શાં પગલાં ભરવામાં આવ્યાં,
(૫) જો પગલાં ન ભરવામાં આવ્યાં હોય તો, સરકાર આ અંગે પગલાં ભરવા માગે છે કે કેમ, અને
(૬) જો હા , તો કેટલા સમયમાં ?

**મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** (૧૧-૧૦-૦૪) :

(૧) ભરૂચ જિલ્લાના ઝઘડીયા અને વાલીયા તાલુકામાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે લીઝો આપવામાં આવી.

**તાલુકો : ઝઘડીયા**

રેતી ખનિજની ૩ અને સીલીકાસેન્ડની શુન્ય લીઝો આપવામાં આવી.
 (૧) શ્રી સુરેશ ગોવિંદ પટેલને મોજે-ગોવાલી નર્મદાનદી પટ.
 (૨) શ્રી ભુપત ગંભીરસિંહ ઠાકોર-નર્મદાનદી પટ.
 (૩) શ્રી અજય પરસોત્તમ પટેલ-મોટા વાસણા નર્મદાનદી પટમાંથી આપવામાં આવી.

**તાલુકો : વાલીયા**

રેતી-સીલીકાની કોઈ લીઝ કોઈપણ ઈસમને પરવાનગી આપવામાં આવેલ નથી.

(૨) અને (૩) : રેતીનું વહન ટ્રક મારફતે કરવામાં આવતું હોય તો પાવતીમાં ૧૦ મે.ટન અને ટ્રેકટર ધ્વારા રેતીનું વહન કરવામાં આવતું હોય તો ૪ મે.ટન લેખે પાવતી પટેદાર ધ્વારા ઈશ્યુ કરવામાં આવે છે. સામાન્ય રીતે તેનું વજન વજનકાંટા ઉપર કરવામાં આવતું નથી. જ્યારે સીલીકાસેન્ડ અંગે છેલ્લા ૧ વર્ષમાં કોઈ લીઝ મંજુર કરવામાં આવેલ નથી. પરંતુ જ્યારે પણ સીલીકાસેન્ડ ખનિજનું વહન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે ત્યારે ગુજરાત ખનિજ વિકાસ નિગમ ધ્વારા પોતાના વજનકાંટા ઉપર વજન કરીને રોયલ્ટી પાસમાં તે મુજબ દર્શાવવામાં આવે છે. જ્યારે અન્ય પટેદાર ધ્વારા માલ મોકલતી વખતે રોયલ્ટી પાસમાં ૧૦ મે.ટન વજન દર્શાવવામાં આવે છે. જે વાહનનું વજન ખાનગી કાંટા ઉપર કર્યા પછી માસિક પત્રકમાં ખરેખર મોકલેલ ખનિજના જથ્થા મુજબ જથ્થો દર્શાવવામાં આવે છે.

પટેદારને દર પાસના ૧૦ મે.ટન લેખે રોયલ્ટી ભરવા રોયલ્ટી પાસ ઈસ્યુ કરવામાં આવે છે. અને વાહન મુજબ વહન તફાવતની રોયલ્ટી પટ્ટેદારો દ્વારા ભરપાઇ કરવામાં આવે છે.

(૪) જી.એમ.ડી.સી. ધ્વારા પોતાના ખાણ ઉપર વજનકાંટા ધરાવે છે. જે થયેલ વજન રોયલ્ટી પાસમાં લખવામાં આવે છે.જ્યારે અન્ય પટેદાર ધ્વારા ખનિજ નિકાસ વખતે રોયલ્ટી પાસમાં ૧૦ મે.ટન દર્શાવવામાં આવે છે. જે વાહનનું વજન કર્યા પછી જો વજન તફાવત હોય તો તે જથ્થો માસિક પત્રકમાં દર્શાવવામાં આવે છે અને પટેદાર તરફથી રોયલ્ટી ભરવામાં આવે છે, જેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) લાગુ પડતું નથી.

(૬) લાગુ પડતું નથી.

--------------

## ગાંધીનગર જિલ્લામાં પ્રવાસન ધામો વિકસાવવા અંગે

અતારાંકિત : ૨૫૮૩ (૧૧-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં કયા કયા નવા પ્રવાસન ધામો વિકસાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે, અને

(૨) આ પ્રવાસન ધામોને કયાં સુધી પૂર્ણ વિકસિત કરવામાં આવશે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૯-૧૧-૦૪) :

(૧) ગુજરાત પ્રવાસન નીતિ-૨૦૦૩-૧૦ હેઠળની લેન્ડ બેન્ક સ્કીમ હેઠળ ગાંધીનગર જિલ્લામાં નવા પ્રવાસન પ્રોજેકટો માટે જમીનો ઉપલબ્ધ કરાવવા માટે જે સૂચિત યાદી તૈયાર કરવામાં આવી છે. તેમાં નીચેના સ્થળોનો સમાવેશ કરેલ છે.

(૧) અડાલજ (૨) રૂપાલ (૩) ધોળેશ્વર મહાદેવ (રાંદેસણ) (૪) કોબા (૫) ડભોડા, હનુમાન (૬) ઉનાવા (૭) મહુડી (૮) ગીયોડ અંબાજી માતા (૯) સાદરા (૧૦) રણાસણ (વલાદ) (૧૧) સુઘડ.

(૨) ગુજરાત પ્રવાસન નિગમ અથવા ખાનગી પાર્ટી દ્વારા પ્રોજેકટ સ્થાપવા માટે દરખાસ્ત મળ્યેથી લેન્ડ બેન્ક સ્કીમ હેઠળ જમીન ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. માટે પ્રવાસન ધામોને પૂર્ણ વિકસિત કરવા અંગેની ચોકકસ સમયમર્યાદા આપવી શકય નથી.

--------------

## જામનગર જિલ્લાનાં ઉદ્યોગોમાં રોજગારી ઉપલબ્ધ કરવાનું આયોજન

અતારાંકિત : ૨૨૦૮ (૧૧-૮-૦૪) **ડૉ. દિનેશ પરમાર (જામનગર(રુરલ)** : **માનનીય રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર શહેરમાં બ્રાસ પાર્ટસ બ્રાસ ભઠ્ઠીઓ, પ્લાસ્ટીક બટન્સના ઉદ્યોગમાં તા.૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ કુલ કેટલા લોકોને રોજગારી ઉપલબ્ધ થતી હતી,

(૨) છેલ્લા બે વર્ષમાં ઉદ્યોગો ઉપરની અવળી અસરને લીધે ઉદ્યોગ ગૃહો બંધ થવાથી કેટલા લોકોની રોજગારી ઝૂટવાઈ ગઈ, અને

(૩) આ બેકાર થયેલા લોકોને રોજગારી ઉપલબ્ધ કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ ?

**રોજગાર મંત્રીશ્રી** (૩-૧૧-૦૪) :

(૧) જામનગર શહેરમાં બ્રાસ પાર્ટસ, બ્રાસ ભઠ્ઠીઓ, પ્લાસ્ટીક બટન્સના ઉદ્યોગમાં તા.૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ કુલ-૧૦૪ ઉદ્યોગોમાં કુલ-૨૧૫૪ લોકોને રોજગારી ઉપલબ્ધ હતી.

(૨) છેલ્લા બે વર્ષમાં બ્રાસ પાર્ટસ, બ્રાસ ભઠ્ઠીઓ અને પ્લાસ્ટીક બટન્સના ૨૯ એકમો બંધ થતા ૧૯૨ લોકોની રોજગારી ઝૂંટવાઈ ગઈ.

(૩) ઔદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળો, લશ્કરી ભરતી મેળા, સ્વરોજગાર શિબિરો, શાળા-કોલેજોમાં કેરીયર કોર્નર, રોજગાર સહાય કેન્દ્રો, ટૂંકાગાળાના તાલીમ વર્ગો શરુ કરવામાં આવેલ છે, અને બેરોજગારોની વિગતો વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે.

--------------

## રાજ્યમાં કુલ ટ્રસ્ટોની નોંધણી અંગે

અતારાંકિત : ૧૯૯૨ (૨૮-૫-૦૪) **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દક્ષિણ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૨૦૦૩ ની સ્થિતિએ રાજ્યમાં કુલ ટ્રસ્ટો કેટલા, અને

(૨) તે પૈકી ઈન્ડીયન ટ્રસ્ટ એકટ તળે નોંધાયેલા કેટલા અને બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ નામે નોંધાયેલા કેટલા ?

**કાયદા મંત્રીશ્રી** (૧૧-૨-૦૫) :

(૧) તા.૩૧-૧૨-૨૦૦૩ ની સ્થિતિએ રાજ્યમાં કુલ : ૧,૯૧,૨૯૪, ટ્રસ્ટો નોંધાયેલ છે.

(૨) ઈન્ડીયન ટ્રસ્ટ એકટ નામે નોંધાયેલા ટ્રસ્ટોની સંખ્યા શૂન્ય છે.
બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ તળે ૧,૫૦,૪૧૩ ટ્રસ્ટોની નોંધણી કરવામાં આવી છે.

--------------

## સૌરાષ્ટ્રની નદીઓને જોડવા અંગે

અતારાંકિત : ૨૫૫૭ (૨૧-૬-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૭-૦૪ની સ્થિતિએ સૌરાષ્ટ્રમાં કુલ કઇ કઇ નદીઓને જોડવાની (ગ્રીડ) યોજના છે,

(૨) આ યોજનામાં જૂનાગઢ જિલ્લામાંની કઇ કઇ નદીઓનો સમાવેશ થશે, અને

(૩) એ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરાશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૮-૧૦-૨૦૦૪) :

(૧) સૌરાષ્ટ્ર વિસ્તારમાં નદીઓ જોડવાની (ગ્રીડ યોજના)ની કામગીરી માટે આયોજન નથી પરંતુ સૌરાષ્ટ્ર વિસ્તારના દરિયાકાંઠામાં આગળ વધતી ખારાશ અટકાવવા સરકારશ્રી દ્વારા રચાયેલ ઉચ્ચકક્ષાની સમિતિ દ્વારા થયેલ ભલામણ અનુસાર વિસ્તરણ નહેરોનું આયોજન કરેલ છે જે નીચે મુજબ છે.

| ઉચ્ચકક્ષા સમિતિ | વિસ્તાર | વિસ્તરણ નહેરની લંબાઇ |
|---|---|---|
| ૧ ઉચ્ચકક્ષા સમિતિ-૧ | ઉના થી માધવપુર | ૬૦ કિ.મી. |
| ૨ ઉચ્ચકક્ષા સમિતિ-૨ (ભાગ-૧) | માધવપુર થી માળીયા | ૨૪૦ કિ.મી. |
| ૩ ઉચ્ચકક્ષા સમિતિ-૨ (ભાગ-૨) | ઉના થી ભાવનગર | ૬૦ કિ.મી. |
| | **કુલ :-** | **૩૬૦ કિ.મી.** |

(૨) જૂનાગઢ જિલ્લાની ઓઝત, સાબલી, નેત્રાવતી, નોલી, મેઘલ, દેવકા, સોમત, શીંગોડા, સાંગાવાડી, છાસી, મચ્છુન્દ્રી વગેરે નદીઓને વિસ્તરણ નહેરથી જોડવાનું આયોજન છે.

(૩) અત્યાર સુધીમાં ભલામણ પૈકીની સાબલી, નેત્રાવતી, મેઘલ-ખારી વગેરે નદીઓને જોડતી વિસ્તરણ નહેરોના કામ પૂર્ણ થયેલ છે. નોલી-નેત્રાવતી નદીઓને જોડતી વિસ્તરણ નહેરનું ટેન્ડર સરકારમાં મંજૂરી હેઠળ છે. ઓઝત-સાબલી વિસ્તરણ નહેરના નકશા-અંદાજો તૈયાર થવામાં છે. જયારે બાકી રહેતી વિસ્તરણ નહેરના કામોનો વ્યાપ જોતાં આ કામોનો તબક્કાવાર, ફંડની ઉપલબ્ધીને ધ્યાને લઇ આગામી વર્ષોમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**જેતપુર-પાવી તાલુકામાં નાની સિંચાઇના તળાવો ઊંડા કરવા અંગેના ટેન્ડરો બહાર પાડવામાં વિલંબ**

અતારાંકિત : ૨૫૬૬ (૧૭-૮-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જેતપુર-પાવી તાલુકામાં નાની સિંચાઇના તળાવો ઊંડા કરવાના કામના ટેન્ડરો બે ચોમાસા પછી થયા તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ વિલંબિત કાર્યવાહી માટે સરકાર કોઇ પગલાં ભરવા માગે છે કે કેમ ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૭-૯-૦૪) :

(૧) ટેન્ડર માંગવામાં વિલંબ થયેલ નથી, કુલ-૧૪ તળાવો પૈકી ૧૩, તળાવોના ટેન્ડર માટે એક ચોમાસુ વિતેલ નથી, જયારે ૧, તળાવના કામમાં વહીવટી મંજૂરીના હુકમમાં કામના પ્રકારમાં ફેરફાર હોવાને કારણે બે ચોમાસાનો વિલંબ થયેલ છે, જે વહીવટી પ્રક્રિયાનો એક ભાગ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુખી જળાશયનો પેરિફરી રોડ વાહનવ્યવહારને લાયક ન હોવા અંગે**

અતારાંકિત : ૨૬૨૭ (૯-૯-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય પાણી પુરવઠા અને જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુખી જળાશય યોજનાનો પેરિફરી રોડ વાહન વ્યવહારને લાયક નથી તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો તે અંગે સરકાર શું કરવા માંગે છે ?

**પાણી પુરવઠા અને જળસંપત્તિ મંત્રીશ્રી** (૭-૧૦-૦૪) :

(૧) હા, જી.

(૨) સુખી જળાશય યોજનાના પેરિફરી રોડ બનાવવાની કામગીરી ચાલુ છે અને પ્રથમ સ્તરનું મેટલીંગનું કામ પૂર્ણ થયેલ છે, તેમજ બીજા સ્તરના મેટલીંગનું લગભગ ૭૫% કામ પૂર્ણ થયેલ છે. હાલમાં ચોમાસાના લીધે કામગીરી બંધ છે. હાલમાં નાના વાહનોની અવરજવર ચાલુ છે. બીજા સ્તરનું મેટલીંગ કામ ડિસેમ્બર-૨૦૦૪ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે, જે પૂર્ણ થયે રોડ બધા વાહનો માટે કાર્યરત થઇ શકશે.

------------

**દહેગામ તાલુકામાં ગૌચરની જમીન ઉપર દબાણો**

અતારાંકિત : ૨૪૪૦ (૫-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા ગામોમાં કેટલી ગૌચર જમીન ઉપર દબાણો થયા છે,

(૨) આ દબાણો દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરી છે,

(૩) દબાણો નહીં હટાવવાના કારણો શાં છે, અને

(૪) બેદરકાર અધિકારી/કર્મચારી સામે સરકારે શાં પગલાં લીધા ?

**પંચાયત મંત્રીશ્રી** (૮-૧૧-૦૪) :

(૧) પરિશિષ્ટ-અ મુજબ.

**પરિશિષ્ટ-અ**

**ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે ગૌચર જમીનો ઉપર દબાણો થયા છે.**

| અ.નં. | ગ્રામ પંચાયતનું નામ | ગૌચર દબાણોનો વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|
| ૧ | ખાનપુર | ૦૦-૮૦-૦૦ |
| ૨ | કડાદરા | ૦૦-૧૦-૧૧ |

| | | |
|---|---|---|
| ૩ | કનીપુર | ૦૩-૫૦-૫૧ |
| ૪ | કોદરાલી | ૦૦-૨૦-૦૦ |
| ૫ | ધમીજ | ૦૦-૦૨-૦૬ |
| ૬ | ચેખલાપગી | ૦૦-૨૦-૦૦ |
| ૭ | ઝાંક | ૦૧-૨૫-૫૦ |
| ૮ | કરોલી | ૦૨-૧૩-૦૭ |
| ૯ | પાલૈયા | ૦૧-૨૫-૦૭ |
| ૧૦ | વા.ચૌધરી | ૦૫-૦૦-૦૦ |
| ૧૧ | જલુન્દ્રામોટા | ૦૧-૨૫-૧૧ |
| ૧૨ | અમ.મુવાડા | ૧૦-૬૦-૫૦ |
| ૧૩ | રખીયાલ | ૦૨-૨૦-૧૧ |
| ૧૪ | લવાડ | ૦૫-૫૦-૨૦ |
| ૧૫ | કડજોદરા | ૦૩-૫૦-૨૬ |
| | **કુલ :-** | **૩૭-૫૨-૫૦** |

(૨) દબાણો દૂર કરવા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ કાર્યવાહી કરવા ગ્રામ પંચાયતોને જરુરી સૂચનાઓ આપેલ છે.
(૩) દબાણ દૂર કરવાની કાર્યવાહી નિયમાનુસાર કરવામાં આવે છે.
(૪) નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવે છે.

------------

**ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા થયેલ કામો**

અતારાંકિત : ૨૪૬૦ (૨૧-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં તાલુકાવાર ગ્રામ વિકાસમાં કયા કયા કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૪-૯-૦૪) :

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં પરિશિષ્ટ-૧ પ્રમાણે તાલુકાવાર ગ્રામ વિકાસમાં ૨૩૪૪ કામો પાછળ કુલ રૂા.૭૮૮.૬૦ લાખનો ખર્ચ થયેલ છે.

**પરિશિષ્ટ-૧**

| **ક્રમ** | **યોજનાનું નામ** | **તાલુકાનું નામ (રૂા.લાખમાં)** | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **ગાંધીનગર** | **દહેગામ** | **માણસા** | **કલોલ** | **કા.પા.ઇ. જિ.પં.** | **કુલ** |
| ૧ | એસજીઆરવાય-૧ | ૪૫.૧૩ | ૫૩.૨૧ | ૨૭.૫૭ | ૩૧.૪૯ | ૯૩.૦૩ | ૨૫૦.૪૩ |
| ૨ | એસજીઆરવાય-૨ | ૫૧.૧૩ | ૩૭.૮૦ | ૩૫.૪૯ | ૪૯.૮૯ | - | ૧૭૪.૩૧ |
| ૩ | ઇન્દિરા આવાસ યોજના (નવા આવાસ) | ૪૨.૫૧ | ૩૨.૦૦ | ૪૯.૫૧ | ૩૨.૯૭ | - | ૧૫૬.૯૯ |
| ૪ | ઇન્દિરા આવાસ યોજના (સુધારણા) | ૫.૨૫ | ૬.૧૦ | ૭.૫૦ | ૪.૨૦ | - | ૨૩.૦૫ |
| ૫ | ગોકુળ ગ્રામ યોજના | ૭૦.૪૩ | ૫૩.૧૫ | - | ૪૦.૬૯ | - | ૧૬૪.૨૭ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | એસજીએસવાય | ૫.૨૧ | ૪.૧૧ | ૫.૫૩ | ૪.૭૦ | - | ૧૯.૫૫ |
| | **કુલ :** | **૨૧૯.૬૬** | **૧૮૬.૩૭** | **૧૨૫.૬૦** | **૧૬૩.૯૪** | **૯૩.૦૩** | **૭૮૮.૬૦** |

------------

## નવસારી જિલ્લામાં ગોકુળ ગ્રામ યોજના હેઠળ પૂર્ણ થયેલ કામો

અતારાંકિત : ૨૪૯૯ (૬-૯-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં તાલુકાવાર કયા કયા ગામો ગોકુળ ગામો તરીકે પસંદ થયેલ છે,
(૨) તે પૈકી કેટલા ગોકુળ ગામોમાં કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને
(૩) પસંદ થયેલ ગામોમાં કેટલા ગામોનાં કામ પૂર્ણ કરવામાં આવેલ છે અને કેટલા ગામોમાં કામો પૂર્ણ થયેલ નથી. ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૮-૧૦-૦૪) :

(૧) નવસારી જિલ્લાના તમામ ૩૯૪ ગામો સને ૨૦૦૦-૦૧ સુધીમાં જ યોજના હેઠળ આવરી લેવાયેલ છે. જેથી ૨૦૦૩-૦૪ માં નવા ગામો પસંદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## નવસારી જિલ્લામાં ગોકુળ ગ્રામ યોજના હેઠળ ગેરરીતિ અને નબળા કામની ફરીયાદ

અતારાંકિત : ૨૫૯૦ (૧૧-૮-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર ગોકુળ ગ્રામ યોજના હેઠળ ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષ દરમિયાન કુલ કેટલા કામો કરવામાં આવ્યા,
(૨) તે ગામોના કામોમાં ગેરરીતિ કે નબળા કામ અંગે સરકારમાં કોઇ ફરીયાદ મળેલ છે કે કેમ,
(૩) જો હા, તો કયા ગામ અંગેની શું ફરીયાદ મળી છે, અને
(૪) તે અંગે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૮-૧૦-૦૪) :

(૧) નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર નીચેની વિગતે કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **તાલુકો** | **પૂર્ણ થયેલ કામોની સંખ્યા** | | |
|---|---|---|---|---|
| | | **૨૦૦૨-૦૩** | **૨૦૦૩-૦૪** | **કુલ** |
| ૧ | વાંસદા | ૧૮ | ૭ | ૨૫ |
| ૨ | ચીખલી | ૪૬ | ૪૫ | ૯૧ |
| ૩ | ગણદેવી | ૨૭ | ૯ | ૩૬ |
| ૪ | નવસારી | ૧૯ | ૬ | ૨૫ |
| ૫ | જલાલપોર | ૨૮ | ૭ | ૩૫ |
| | કુલ : | ૧૩૮ | ૭૪ | ૨૧૨ |

(૨) જી, ના.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## નવસારી જિલ્લામા તલાટી કમ મંત્રીની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૬૦૪ (૧૧-૮-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ તાલુકાવાર તલાટી કમ મંત્રીની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨-૧૧-૦૪) :

(૧) તાલુકાવાર તલાટી કમ મંત્રીની ખાલી જગ્યા નીચે પ્રમાણે છે.

| **તાલુકાનું નામ** | **સંખ્યા** |
|---|---|
| નવસારી | ૦૮ |
| જલાલપોર | ૧૨ |
| ગણદેવી | ૦૬ |
| ચીખલી | ૦૩ |
| વાંસદા | ૦૪ |
| **કુલ :-** | ૩૩ |

(૨) જેમ બને તેમ જલ્દી.

------------

## નવસારી જિલ્લામાં સો ચોરસવારના પ્લોટની ફાળવણી

અતારાંકિત : ૨૬૦૭ (૧૧-૮-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઘરથાળના સો ચોરસવાર જમીનના કેટલા પ્લોટ મંજૂર કરવામાં આવ્યા,

(૨) પ્લોટ ફાળવણી માટે આ સમયગાળા દરમ્યાન તાલુકાવાર કેટલી લેન્ડ કમીટીઓ મળી,

(૩) જો ના, મળી હોય તો, તેના કારણો શાં છે, અને

(૪) લાભાર્થીઓને ફાળવેલ પ્લોટના કબજા અને તેની સનદો આપવામાં આવી છે કે કેમ ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૪-૯-૦૪) :

(૧) અને (૨) : છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર ઘરથાળના સો ચોરસવારના જમીનના પ્લોટ મંજૂર કરવામાં આવ્યા તેમજ નીચે મુજબ લેન્ડ કમીટીની બેઠક મળેલ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજુર કરેલા પ્લોટની સંખ્યા** | **કુલ મળેલ લેન્ડ કમીટીની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૯૭ | ૨ |
| ૨ | જલાલપોર | ૩૮૮ | ૨ |
| ૩ | ગણદેવી | ૦૦ | ૨ |
| ૪ | ચીખલી | ૦૦ | ૪ |
| ૫ | વાંસદા | ૦૦ | ૨ |
| | **કુલ :-** | **૪૮૫** | **૧૨** |

(૩) પ્રશ્ન નથી.

(૪) હા, જી.

------------

## રાજ્યમાં રણ વિસ્તાર કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ

અતારાંકિત : ૨૬૫૫ (૯-૯-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા જુલાઈ-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારને જિલ્લાવાર કેટ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) કયા કયા વિકાસના કામો માટે જિલ્લાવાર કેટ કેટલી ફાળવણી કરાઈ, કેટલી રકમોનું ખર્ચ કરવામાં આવ્યું ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૫-૧૧-૦૪) :

(૧) જુલાઈ-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ જિલ્લાવાર ફાળવેલ ગ્રાન્ટની વિગતો પરિશિષ્ટ-૧માં સામેલ છે.
(૨) વોટરશેડ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાવાર ફાળવેલ રકમ પરિશિષ્ટ-૧માં દર્શાવેલ છે. તે અન્વયે જિલ્લાવાર થયેલ ખર્ચ પરિશિષ્ટ-૨માં સામેલ છે.

**પરિશિષ્ટ-૧**

**રાજ્યમાં રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા જુલાઈ-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર ફાળવવામાં આવેલ રકમની વિગત દર્શાવતું પત્રક**

**(રૂા.લાખમાં)**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **જુલાઈ-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ** | | | |
|---|---|---|---|---|---|
| | | **જુલાઈ-૦૨** | **જુલાઈ-૦૩** | **જુલાઈ-૦૪** | **કુલ** |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | કચ્છ | ૮૨૧.૨૫ | ૩૩.૭૫ | ૮૧૫.૫૧ | ૧૬૭૦.૫૧ |
| ૨ | સુરેન્દ્રનગર | ૨૬૪.૩૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૬૪.૩૮ |
| ૩ | પાટણ | ૧૧૨.૫૦ | ૧૩.૭૫ | ૮૭.૯૯ | ૨૧૪.૨૪ |
| ૪ | બનાસકાંઠા | ૧૮૦.૯૦ | ૩૧૦.૫૦ | ૧૬૯.૩૨ | ૬૬૦.૭૨ |
| ૫ | રાજકોટ | ૩૧૮.૬૦ | ૫૪૯.૩૨ | ૦.૦૦ | ૮૬૭.૯૨ |
| ૬ | જામનગર | ૨૪૦.૩૦ | ૦.૦૦ | ૬૩૭.૮૮ | ૮૭૮.૧૮ |
| | **કુલ :** | **૧૯૩૭.૯૩** | **૯૦૭.૩૨** | **૧૭૧૦.૭૦** | **૪૫૫૫.૯૫** |

**પરિશિષ્ટ-૨**

**રાજ્યમાં રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ જુલાઇ-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

**(રૂા.લાખમાં)**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **જુલાઈ-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ ખર્ચ** | | | |
|---|---|---|---|---|---|
| | | **જુલાઈ-૦૨** | **જુલાઈ-૦૩** | **જુલાઈ-૦૪** | **કુલ** |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | કચ્છ | ૧૩૨.૫૪ | ૮૯૬.૬૬ | ૨૬૨.૮૬ | ૧૨૯૨.૦૬ |
| ૨ | સુરેન્દ્રનગર | ૨૫.૦૦ | ૧૧૪.૮૦ | ૩૪.૪૫ | ૧૭૪.૨૫ |
| ૩ | પાટણ | ૧૮૨.૧૫ | ૧૪૧.૦૨ | ૧૮૮.૬૬ | ૫૧૧.૮૩ |
| ૪ | બનાસકાંઠા | ૧૭૯.૭૨ | ૨૫૯.૭૧ | ૩૧૪.૭૯ | ૭૫૪.૨૨ |
| ૫ | રાજકોટ | ૪૧૪.૯૫ | ૬૪૧.૭૦ | ૪૩૬.૫૧ | ૧૪૯૩.૧૬ |
| ૬ | જામનગર | ૧૫.૦૦ | ૨૩૫.૦૯ | ૦.૦૦ | ૨૫૦.૦૯ |
| | **કુલ :** | **૯૪૯.૩૬** | **૨૨૮૮.૯૮** | **૧૨૩૭.૨૭** | **૪૪૭૫.૬૧** |

-----------

**છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં સરદાર પટેલ આવાસ યોજના પાછળ થયેલ ખર્ચ**

અતારાંકિત : ૨૭૦૯ (૨૨-૯-૨૦૦૪) **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સન એપ્રિલ, ૧૯૯૯ થી માર્ચ-૨૦૦૪ સુધીમાં છોટાઉદેપુર અને કવાંટ તાલુકાના કેટલા સરદાર આવાસો મંજુર થયા,
(૨) આ યોજનામાં ગરીબી રેખા નીચે આવરી લેવાયેલ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે, અને
(૩) આ પાછળ નાણાંકીય વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**ગૃહ નિર્માણ મંત્રીશ્રી** (૪-૧૧-૨૦૦૪) :

(૧) છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં એપ્રિલ-૧૯૯૯ થી માર્ચ-૨૦૦૪ સુધીમાં નીચે મુજબ સરદાર આવાસો મંજુર કરવામાં આવ્યા.

| ક્રમ | વર્ષ | તાલુકાવાર મંજુર કરેલ આવાસની સંખ્યા | |
|---|---|---|---|
| | | છોટાઉદેપુર | કવાંટ |
| ૧ | ૧૯૯૯-૨૦૦૦ | ૬૯ | ૦૦ |
| ૨ | ૨૦૦૦-૨૦૦૧ | ૧૫૦ | ૨૦૪ |
| ૩ | ૨૦૦૧-૨૦૦૨ | ૧૬૦ | ૧૩૦ |
| ૪ | ૨૦૦૨-૨૦૦૩ | ૧૨૭ | ૩૨૧ |
| ૫ | ૨૦૦૩-૨૦૦૪ | ૮૦ | ૨૧૬ |
| | **કુલ :-** | **૫૮૬** | **૮૭૧** |

(૨) આ યોજના હેઠળ નીચે મુજબ છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં ગરીબીરેખા નીચે લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | આવરી લેવાયેલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૫૮૬ |
| ૨ | કવાંટ | ૮૭૧ |
| | **કુલ :-** | **૧૪૫૭** |

(૩) આ પાછળ નાણાકીય ખર્ચ વર્ષવાર નીચે મુજબ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | તાલુકાવાર મંજુર કરેલ આવાસની સંખ્યા | |
|---|---|---|---|
| | | છોટાઉદેપુર | કવાંટ |
| ૧ | ૧૯૯૯-૨૦૦૦ | ૨૦.૯૨ | ૦.૦૦ |
| ૨ | ૨૦૦૦-૨૦૦૧ | ૫૧.૩૦ | ૫૩.૩૦ |
| ૩ | ૨૦૦૧-૨૦૦૨ | ૩૫.૯૮ | ૩૪.૨૦ |
| ૪ | ૨૦૦૨-૨૦૦૩ | ૬૯.૨૪ | ૫૧.૩૦ |
| ૫ | ૨૦૦૩-૨૦૦૪ | ૧૬.૬૦ | ૬૦.૮૭ |
| | **કુલ :-** | **૧૯૪.૦૪** | **૧૯૯.૬૭** |

------------

## હળવદ અને મૂળી મામલતદાર કચેરીઓમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૧૯૧ (૨૦-૭-૨૦૦૪) **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ મામલતદાર કચેરીમાં મંજૂર થયેલ મહેકમ પૈકીની લાંબા સમયથી ઘણી જગ્યાઓ ખાલી છે તે વાત ખરી છે,
(૨) જો હા, તો આવી કેટલી અને કઇ કઇ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને
(૩) આવી ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૪-૧૧-૨૦૦૪) :

(૧) ના.
(૨) મામલતદાર કચેરી, હળવદ ખાતે કલાર્ક-૧, કલાર્ક-કમ-ટાઇપીસ્ટ-૧ અને ગુજરાતી ટાઇપીસ્ટ-૧ જગ્યા તથા મામલતદાર કચેરી, મુળી ખાતે કલાર્ક-૧, કલાર્ક-કમ-ટાઇપીસ્ટ-૧ અને પટાવાળા-૧ ની જગ્યા તા.૩૧-૩-૨૦૦૪ થી ખાલી છે.
(૩) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર તરફથી ઉમેદવારો ફાળવવામાં આવેથી જગ્યાઓ ભરવામાં આવશે.

------------

## ગાંધીનગર જિલ્લામાં ખેડૂત પોથીનું કામ

અતારાંકિત : ૨૫૯૫ (૧૦-૮-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૭-૦૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કયા કયા તાલુકામાં ખેડૂત પોથીનું કામ ૧૦૦ ટકા પૂર્ણ થયું છે,
(૨) જે તાલુકામાં કામ પૂર્ણ ન થયું તે તાલુકા અને ગામો કયા કયા છે, અને
(૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૪-૧૦-૨૦૦૪) :

(૧) ગાંધીનગર જિલ્લાના તમામ તાલુકાઓમાં ખેડૂત પોથીનું કામ ૧૦૦% પૂર્ણ થયેલ છે.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## નવસારી જિલ્લામાં જમીન માપણીના કામો

અતારાંકિત : ૨૬૦૨ (૧૭-૮-૨૦૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં ડીસ્ટ્રીકટ લેન્ડ રેકોર્ડ કચેરીમાં તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન માપણી અંગેની કેટલી અરજીઓ તાલુકાવાર મળી,
(૨) મળેલ અરજીઓ પૈકી તાલુકાવાર કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,
(૩) હજુ સુધી કેટલી જમીન માપણીઓના કામો પૂર્ણ થયા નથી, અને
(૪) તેના કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧-૧૦-૨૦૦૪) :

(૧) નવસારી જિલ્લામાં ડીસ્ટ્રીકટ લેન્ડ રેકોર્ડ કચેરીમાં તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન માપણી અંગેની મળેલ અરજીઓની તાલુકાવાર વિગત નીચે પ્રમાણે છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૭-૦૨ થી તા.૩૦-૭-૦૪ સુધીમાં મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | નવસારી | ૨૦૪ |
| ૨ | જલાલપોર | ૨૧૩ |
| ૩ | ગણદેવી | ૩૨૪ |
| ૪ | ચીખલી | ૩૧૨ |
| ૫ | વાંસદા | ૯૪૪ |
| | **કુલ :** | **૧૯૯૭** |

(૨) મળેલ અરજીઓ પૈકી તાલુકાવાર નિકાલ કરાયેલ અરજીઓ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૭-૦૨ થી તા.૩૦-૭-૦૪ સુધીમાં નિકાલ થયેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | નવસારી | ૧૮૬ |
| ૨ | જલાલપોર | ૧૮૯ |
| ૩ | ગણદેવી | ૩૧૨ |
| ૪ | ચીખલી | ૨૯૬ |
| ૫ | વાંસદા | ૯૧૧ |
| | **કુલ :** | **૧૮૯૪** |

(૩) તા.૩૦-૬-૦૪ અંતિત બાકી રહેલ ૧૦૩ જમીન માપણીની અરજીઓ પૈકી જુલાઇ-૦૪ માં ૯ અરજીઓ અન્વયે માપણી કરવામાં આવેલ છે. ઓગષ્ટ-૦૪ અંતિત ૯૪ માપણીની અરજીઓ પડતર રહેલ છે.
(૪) જુલાઇથી ઓકટોબરની વરસાદ સીઝન દરમ્યાન અરજન્ટ માપણી સિવાયની માપણીની કામગીરી કરવામાં આવતી નથી. આ સમય દરમ્યાન રેકર્ડ દુરસ્તી તથા રેકર્ડ ચકાસણીની

કચેરીમાં કામગીરી કરવામાં આવે છે. તેમજ કેટલાક કેસોમાં સ્થળે પાક ઉભો હોવાથી અરજદારશ્રી તરફથી માપણી મોકુફ રાખવાનું જણાવતા, વરસાદ પડતા વિગેરે કારણોસર કામગીરી બાકી રહેલ છે.

------------

**ખાંભા તાલુકાના વાંગધ્રા ગામે ગામતળ વધારવા અંગે**

અતારાંકિત : ૨૬૩૬ (૧૩-૯-૨૦૦૪) **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમરેલી જિલ્લામાં ખાંભા તાલુકાના વાંગધ્રા ગામે ગામતળ વધારવા માટે તાલુકા પંચાયત દ્વારા સને ૨૦૦૨-૦૩ ના વર્ષમાં કોઇ દરખાસ્ત આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ગામતળ વધારવા અંગેની દરખાસ્ત પરત્વે શું કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) ગામતળ વધારવા અંગેની દરખાસ્ત હાલમાં કયા સ્ટેજે છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૯-૧૧-૨૦૦૪) :

(૧) હા, જી.

(૨) નાયબ કલેકટરશ્રી, રાજુલાએ જરુરી પૂર્તતા માટે મામલતદારશ્રી, ખાંભાને પરત મોકલેલ છે.

(૩) મામલતદાર કચેરી, ખાંભા પાસે પૂર્તતા થવા પર બાકી છે.

------------

**ખાતાકીય તપાસ દરમ્યાન મામલતદારોને બઢતી આપવા અંગે**

અતારાંકિત : ૨૭૦૨ (૨૩-૯-૨૦૦૪) **શ્રી સિધ્ધાર્થ પરમાર** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જાન્યુઆરી-૨૦૦૨ થી ઓગસ્ટ-૨૦૦૪ દરમ્યાન ખાતાકીય તપાસ ચાલતી હોવા છતાં કયા કયા મામલતદારોને નાયબ કલેકટર તરીકે બઢતી આપવામાં આવી છે, અને

(૨) તેમની સામે કયા કયા પ્રકારની ખાતાકીય તપાસ ચાલતી હતી ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૬-૧૧-૨૦૦૪) :

(૧) કોઇ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ડામર કામ કર્યા વગરના રસ્તાઓ**

અતારાંકિત : ૨૧૮૫ (૨૫-૬-૨૦૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ કેટલા રસ્તાઓ એવા છે જે હાલમાં મેટલના છે તેને ડામરથી પાકા કરવાના બાકી છે, અને

(૨) તે કયા કયા રસ્તાઓ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૦-૧૧-૨૦૦૪) :

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ ૮૯ રસ્તાઓ મેટલ સપાટીના છે.

(૨) પત્રક મુજબ.

**પત્રક**

**મેટલ સપાટીવાળા હયાત રસ્તાની વિગત**

| અ.નં. | તાલુકાનું નામ | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | હળવદ | ધ્રાંગધ્રા-કુડા-ટીકર-ઘાટીલા રોડ |
| ૨ | હળવદ | હળવદ-રાયસંગપર-મયુરનગર-ધનાળા રોડ |
| ૩ | હળવદ | રણમલપુર-અંજાલ રોડ |
| ૪ | હળવદ | વેગડવાવ-ઇસનપુર રોડ |

| | | |
|---|---|---|
| ૫ | હળવદ | ધુળકોટ-મયુરનગર રોડ |
| ૬ | હળવદ | મીયાણી-મયાપુર-ઇંગોરાળા રોડ |
| ૭ | હળવદ | મંગલપુર એપ્રોચ રોડ |
| ૮ | હળવદ | ઢવાણા-જીવા રોડ |
| ૯ | હળવદ | પલાસણ-ભલગામડા રોડ |
| ૧૦ | મુળી | સડલા-દુધઇ-ધોળીયા-ખાખરાળા-વગડીયા રોડ |
| ૧૧ | મુળી | સ્ટેટ હાઇવેથી રાયસંગપર-ભવાનીગઢ-વગડીયા રોડ |
| ૧૨ | મુળી | મહાદેવગઢ-લીયા-કુંતલપુર રોડ |
| ૧૩ | મુળી | કુકડા-ગૌતમગઢ રોડ |
| ૧૪ | મુળી | વેલાળા એપ્રોચ રોડ |
| ૧૫ | મુળી | આંબરડી-કરશનગઢ રોડ |
| ૧૬ | મુળી | લીમલી-ચાણપર રોડ |
| ૧૭ | ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રા-નારીચાણા-કળમાદ-સડલા રોડ |
| ૧૮ | ધ્રાંગધ્રા | રાજગઢ-સરવાલ-માલવણ રોડ |
| ૧૯ | લખતર | ધણાદ-ગંજેલા રોડ |
| ૨૦ | લખતર | વઢવાણ-ઝાપોદર-વરસાણી-તલસાણા-વડેખણ રોડ |
| ૨૧ | લખતર | લખતર-અણીયાળી રોડ |
| ૨૨ | પાટડી | ફુલકી-અમનગર-મોટા ઉભડા રોડ |
| ૨૩ | પાટડી | પાટડી-બામણવા-કોચાડા-માલણપુર રોડ |
| ૨૪ | પાટડી | રાજપરા-કમાલપર રોડ |
| ૨૫ | પાટડી | ઝિંઝુવાડા-વચ્છરાજપુર રોડ |
| ૨૬ | પાટડી | ઘાસપુરા-હાથીપુરા રોડ |
| ૨૭ | પાટડી | ગોસાણ-માનાવાડા રોડ |
| ૨૮ | પાટડી | સુરેલ-વીસનગર રોડ |
| ૨૯ | પાટડી | નારાયણપુરા એપ્રોચ રોડ |
| ૩૦ | લીંબડી | વિઠ્ઠલગઢ-ગાંગડ-નાની કઠેચી-રાણાગઢ-મુળબાવળા રોડ |
| ૩૧ | લીંબડી | વનાળા-કંથારીયા-ઝોબાળા-નાગનેશ રોડ |
| ૩૨ | લીંબડી | ઘાઘરેટીયા-નટવરગઢ-રામરાજપર રોડ |
| ૩૩ | લીંબડી | ધોળી-કમાલપર રોડ |
| ૩૪ | લીંબડી | વખતપર એપ્રોચ રોડ |
| ૩૫ | લીંબડી | કાનપરા એપ્રોચ રોડ |
| ૩૬ | લીંબડી | સમલા એપ્રોચ રોડ |
| ૩૭ | લીંબડી | ઘોઘાસર એપ્રોચ રોડ |
| ૩૮ | લીંબડી | જસમતપર એપ્રોચ રોડ |
| ૩૯ | લીંબડી | ગડથલ એપ્રોચ રોડ |
| ૪૦ | ચુડા | કુંડલા એપ્રોચ રોડ |
| ૪૧ | ચુડા | ચુડા-છત્રીયાળા રોડ |
| ૪૨ | ચુડા | ઝીઝાવદર એપ્રોચ રોડ |
| ૪૩ | ચુડા | અચારડા એપ્રોચ રોડ |
| ૪૪ | ચોટીલા | નાની મોલડી મોટી મોલડી ચીરોડા રાજપરા રોડ |
| ૪૫ | ચોટીલા | રાજપરા-ડાકવડલા-ખાટડી-સાલખડા રોડ |

| | | |
|---|---|---|
| ૪૬ | ચોટીલા | રાજપરા-કાબરણ-ચોબારી રોડ |
| ૪૭ | ચોટીલા | એમ.ડી.આર. ટુ પીપરાળી-નાનીયાણી-મોટા હરણીયા રોડ |
| ૪૮ | ચોટીલા | મોરથળા-આણંદપુર રોડ |
| ૪૯ | ચોટીલા | રાવરાણી એપ્રોચ રોડ |
| ૫૦ | ચોટીલા | પીપળીયા-ગારીડા રોડ |
| ૫૧ | ચોટીલા | ગુગલીયાણા એપ્રોચ રોડ |
| ૫૨ | ચોટીલા | અભેપર એપ્રોચ રોડ |
| ૫૩ | ચોટીલા | રામપરા-ચોબારી રોડ |
| ૫૪ | ચોટીલા | ગુંદાળા એપ્રોચ રોડ |
| ૫૫ | ચોટીલા | રાજાવાડ એપ્રોચ રોડ |
| ૫૬ | ચોટીલા | તાજપર એપ્રોચ રોડ |
| ૫૭ | ચોટીલા | પરબડી એપ્રોચ રોડ |
| ૫૮ | ચોટીલા | સખપરા એપ્રોચ રોડ |
| ૫૯ | ચોટીલા | સુરઇ-મેવાસા-સુખસર-ચીરોડા રોડ |
| ૬૦ | ચોટીલા | રામપરા-રાજપરા રોડ |
| ૬૧ | ચોટીલા | સાંગાણી-નાના કાંધાસર-મોરસલ રોડ |
| ૬૨ | ચોટીલા | કંથારીયા એપ્રોચ રોડ |
| ૬૩ | ચોટીલા | ત્રંબોડા એપ્રોચ રોડ |
| ૬૪ | ચોટીલા | જીવાપર-આંકડીયા રોડ |
| ૬૫ | ચોટીલા | હબીયાસર-નાના પાળીયાદ રોડ |
| ૬૬ | ચોટીલા | શેખલીયા એપ્રોચ રોડ |
| ૬૭ | ચોટીલા | રૂપાવટી એપ્રોચ રોડ |
| ૬૮ | ચોટીલા | લોમાકોટડી એપ્રોચ રોડ |
| ૬૯ | ચોટીલા | હીરાણા એપ્રોચ રોડ |
| ૭૦ | ચોટીલા | જસપર-હબીયાસર રોડ |
| ૭૧ | ચોટીલા | આણંદપર-મોણપર રોડ |
| ૭૨ | ચોટીલા | નવાગામ-પાંજવાળી-નાળીયેરી રોડ |
| ૭૩ | સાયલા | કેસરપર એપ્રોચ રોડ |
| ૭૪ | સાયલા | નથુપુરા એપ્રોચ રોડ |
| ૭૫ | સાયલા | સાયલા-કાશીપરા-સીમાસ રોડ |
| ૭૬ | સાયલા | અડાળા એપ્રોચ રોડ |
| ૭૭ | સાયલા | ચાણપા એપ્રોચ રોડ |
| ૭૮ | સાયલા | નવાગામ કોટડા રોડ |
| ૭૯ | સાયલા | જુના જસાપર એપ્રોચ રોડ |
| ૮૦ | સાયલા | નીનામા-શેખડોદ રોડ |
| ૮૧ | સાયલા | કંસાળા-કાનપર રોડ |
| ૮૨ | સાયલા | સખપર-ધમરાશાળા રોડ |
| ૮૩ | સાયલા | ધાંધલપુર-ધજાળા વાયા કરાડી રોડ |
| ૮૪ | સાયલા | ગોસળ-મદારગઢ રોડ |
| ૮૫ | સાયલા | વડીયા-કોરડા રોડ |
| ૮૬ | સાયલા | રતનપર-સોનપરી રોડ |

| | | |
|---|---|---|
| ૮૭ | સાયલા | મુળી-વગડીયા-થાન-લાખા માચી વાંકાનેર રસ્તા પૈકી "લાખા માચીથી જિલ્લા હદ સુધીનો". |
| ૮૮ | સાયલા | કમાલપુર એપ્રોચ રસ્તો. |
| ૮૯ | સાયલા | ઝીંઝુડા રીપીટર સ્ટેશન રસ્તો. |

------------

**નવસારી જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાને સ્ટેટ હસ્તક લેવા બાબત**

અતારાંકિત : ૨૫૧૪ (૩૧-૭-૨૦૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં પંચાયત હસ્તકના કયા કયા મુખ્ય જિલ્લા માર્ગોને સ્ટેટ હસ્તક તબદીલ કરવામાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માં સરકારને કેટલી દરખાસ્તો મળી, અને

(૨) આ મળેલ દરખાસ્તો પૈકી સરકારે કેટલા માર્ગોને રાજ્ય રસ્તા તરીકે વિકાસાવવા વિચારણા કરેલ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૦-૧૧-૨૦૦૪) :

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**જેતપુર પાવી તાલુકાના વાઘવા ગામના તૂટેલા નાળા બાબત**

અતારાંકિત : ૨૫૬૭ (૧૧-૮-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જેતપુર પાવી તાલુકાના વાઘવા ગામનું તૂટેલું નાળું જેનું કામ ગત બજેટ વર્ષ ૨૦૦૩-૦૪ માં મંજૂર થયેલ છે, તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ મંજૂર થયેલ કામ શરુ ન થવાનાં કારણો શાં છે અને તે નાળુ કયાં સુધીમાં બનાવવામાં આવશે,

(૩) ટેન્ડરની પ્રક્રિયા ઝડપથી થતી ન હોવાથી કામમાં વિલંબ થયેલ છે તે વાત સાચી છે, અને

(૪) જો હા, તો ટેન્ડર પ્રક્રિયા ઝડપી કરીને તૂટેલા નાળાનું કામ શરુ કરવા સરકારનું શું આયોજન છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૩-૧૦-૨૦૦૪) :

(૧) વાઘવા ગામે તૂટી ગયેલા કોઝવેના રૂ.૫,૯૭,૩૦૦/- કિંમત પૈકી રૂ.૩.૦ લાખની વહીવટી મંજુરી જિલ્લા આયોજન મંડળ વડોદરા દ્વારા તા.૨૭-૨-૦૪ થી અને રૂ.૩.૦ લાખની વહીવટી મંજુરી રેતી કંકર સદર જિ.પંચાયત વડોદરા દ્વારા તા.૨૭-૨-૦૪ થી મળેલ છે.

(૨), (૩) અને (૪) : ચૂંટણી આચાર સંહિતાના કારણે કામ મંજુર થયા બાદ કામનું ટેન્ડર કાઢી ઇજારો નક્કી કરી શકાયેલ ન હતો. ત્યાર બાદ ટેન્ડર કાઢી તા.૨-૯-૦૪ થી ઇજારો નક્કી કરવામાં આવેલ છે. આ કામ તા.૮-૩-૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**નવસારી જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ બાંધેલા આવાસો પાછળ ખર્ચ**

અતારાંકિત : ૨૬૦૬ (૧૧-૮-૨૦૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અનુસૂચિત જાતિ માટે ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં તા.૧-૪-૨૦૦૩ થી તા.૩૦-૬-૦૪ ની સુધીમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે ગ્રાન્ટમાંથી કયા કયા તાલુકામાં કયા કયા ગામે કેટલા આવાસો બનાવ્યા અને કેટલા બાકી છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૪-૧૦-૨૦૦૪) :

(૧) રૂ.૧૧.૧૬ લાખ.

(૨) તાલુકાવાર તથા ગામવાર સ્થિતિ આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ છે.

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ગામદીઠ બાંધવામાં આવેલ આવાસોની સંખ્યા | ગામદીઠ બાંધવાના બાકી આવાસની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | નવસારી | નવસારી | ૨ | - |
| | | પેરા | ૧ | - |
| | | કુરેલ | ૧ | - |
| | | કુભારફળીયા | ૧ | ૧ |
| | | મહુડી | ૧ | ૧ |
| | | સદલાવ | ૧ | - |
| | | આમટા | ૧ | - |
| | | વાડા | ૧ | - |
| | | પીનસાડ | ૪ | - |
| | | ભટ્ટાઇ | ૧ | - |
| | | બોરીયારા | ૧ | - |
| | | અબ્રામા | ૧ | - |
| | | આટગામ | ૧ | - |
| | | કસ્બાપાર | - | ૧ |
| | | સાતેમ | ૧ | - |
| | | વેસ્મા | - | ૧ |
| | | વેજલપુર | ૪ | ૧ |
| | | | ૨૨ | ૫ |
| ૨ | જલાલપોર | સિસોદ્રાઆરક | ૪ | - |
| | | મયુવર | ૧ | - |
| | | કરાખટ | ૧ | - |
| | | જલાલપોર | ૧ | - |
| | | પરસોસલી | - | ૧ |
| | | | ૭ | ૧ |
| ૩ | ચીખલી | ખરોલી | ૧ | - |
| | | માણેકપોર | ૨ | - |
| | | મલિયાધરા | ૧ | - |
| | | રાનવેરીક્લબ | - | ૩ |
| | | દોણજા | ૨ | - |
| | | કુકેરી | ૧ | - |
| | | ખૂંધ | ૧ | - |
| | | સાદકપોર | ૧ | - |
| | | | ૯ | ૪ |
| ૪ | વાંસદા | વાંસદા | ૩ | - |
| | | ઢોલુમ્બર | ૧ | - |
| | | લાખાવાડી | ૧ | - |
| | | હનુમાન બારી | ૨ | - |
| | | ઉનાઇ | ૧ | - |
| | | | ૮ | ૦ |
| ૫ | ગણદેવી | કેસરી | ૨ | - |
| | | તોરણગામ | ૧ | ૧ |
| | | ઉડાચ | ૧ | - |
| | | પાથરી | ૧ | - |
| | | મોહનપુર | ૧ | - |
| | | આમલસાડ | ૧ | - |
| | | વેગામ | - | ૧ |
| | | દેવસર | ૧ | - |

| | | | | |
|---|---|---|---|---|
| | | એંધલ | ૧ | - |
| | | કછોળી | ૧ | - |
| | | ગણદેવી | ૬ | - |
| | | | ૧૬ | ૨ |
| | | **કુલ** | **૬૨** | **૧૨** |

(૩) રૂા.૧૧.૧૪ લાખ.

------------

**જામનગર તાલુકાના મસિતિયા ગામે આંગણવાડીની સુવિધા અંગે**

અતારાંકિત : ૨૪૫૯ (૫-૭-૨૦૦૪) **ડૉ. દિનેશ પરમાર (જામનગર(રુરલ) : માનનીય મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર તાલુકાના મસિતિયા ગામે બાળકો ૨ થી ૫ વર્ષથી વય જૂથના કૃપોષણથી પીડાતા બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાને આંગણવાડી ન હોવાથી તેના આરોગ્ય ઉપર મોટો ખતરો ઉભો થયો છે તે માટે સરકાર શું કરવા માંગે છે, અને

(૨) આ ગામે આંગણવાડી કયારથી ચાલુ કરવામાં આવશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૮-૧૦-૨૦૦૪) :

(૧) જામનગર તાલુકાના મસિતિયા ગામે આંગણવાડી કાર્યરત છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**છઠ્ઠી અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૨૪૮૭, ૨૫૧૭, ૨૫૧૯ | ૩ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૧૭૩, ૨૫૫૧, ૨૫૫૨, ૨૬૦૯, ૨૭૦૬ | ૫ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૨૧૪૦, ૨૩૮૯, ૨૫૯૯, ૨૬૧૭ | ૪ |
| ૪ | અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૫૯૨, ૨૫૯૩, ૨૫૯૬ | ૩ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૬૭૪ | ૧ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૫૫૫, ૨૫૬૦, ૨૫૬૪, ૨૬૧૦ | ૪ |
| ૭ | ગૃહ વિભાગ | ૨૫૭૯, ૨૬૦૧, ૨૬૪૧, ૨૬૯૧ | ૪ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૨૩૯, ૨૨૫૩, ૨૫૮૩ | ૩ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૨૨૦૮ | ૧ |
| ૧૦ | કાયદા વિભાગ | ૧૯૯૨ | ૧ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૫૫૭, ૨૫૬૬, ૨૬૨૭ | ૩ |
| ૧૨ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૪૪૦, ૨૪૬૦, ૨૪૯૯, ૨૫૯૦, ૨૬૦૪, ૨૬૦૭, ૨૬૫૫, ૨૭૦૯ | ૮ |
| ૧૩ | મહેસૂલ વિભાગ | ૨૧૯૧, ૨૫૯૫, ૨૬૦૨, ૨૬૩૬, ૨૭૦૨ | ૫ |
| ૧૪ | માર્ગ અને મકાન વિભાગ | ૨૧૮૫, ૨૫૧૪, ૨૫૬૭ | ૩ |
| ૧૫ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૬૦૬ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | મહિલા અને બાળ કલ્યાણ વિભાગ | ૨૪૫૯ | ૧ |
| | | **કુલ :** | **૫૦** |

--------------

# સાતમી અતારાંકિત યાદી

## ગાંધીનગર જિલ્લામાં કૃષિ વિષયક ઓજારો માટે અરજીઓ

અતારાંકિત : ૨૪૩૨ (૧૪-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૩-૦૪ ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટકેટલા ગામોમાંથી કૃષિવિષયક ઓજારોની સહાય માટે ખેડૂતોની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી, અને

(૩) બાકી રહેલી અરજીઓ કેટલા સમયમાં મંજુર કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (૨૧-૧૦-૨૦૦૪) :

(૧) તા. ૩૧-૩-૦૪ ની સ્થિતિએ તાલુકાવાર/ગામવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગામની સંખ્યા | અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ગાંધીનગર | ૮૦ | ૪૧૮ |
| ૨. | દહેગામ | ૯૦ | ૪૦૫ |
| ૩. | કલોલ | ૬૭ | ૪૦૫ |
| ૪. | માણસા | ૬૦ | ૪૬૬ |
| | કુલ :- | ૨૯૭ | ૧૬૯૪ |

(૨) તમામ- (૧૬૯૪)

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## નવસારી જિલ્લામાં પાક વીમાની રકમની ચૂકવણી

અતારાંકિત : ૨૫૮૯ (૧૧-૮-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૬-૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નવસારી જિલ્લામાં તાલુકાવાર પાક વીમાની કેટલી રકમો ચૂકવણી કરવાની થતી હતી, અને

(૨) તે પૈકી વર્ષવાર કેટ-કેટલી રકમ ચૂકવાઈ અને કેટલી પાક વીમાની રકમ ચૂકવવાની બાકી છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૨-૧૧-૨૦૦૪) :

(૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૧--૦૨ અને વર્ષ ૨૦૦૨--૦૩ માટે પાક વીમાના દાવાઓ યોજનાના નિયમોનુસાર મળવાપાત્ર થતા ન હતા, જ્યારે વર્ષ ૨૦૦૩-૦૪ માટે ભારતીય સાધારણ વીમા નિગમ દ્વારા પાક વીમાના દાવાઓની ગણતરીની પ્રક્રિયા પૂર્ણ થઈ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## નવસારી જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ અંતર્ગત ખેડૂતોને સહાય

અતારાંકિત : ૨૬૦૫ (૧૧-૮-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૬-૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ અંતર્ગત નવસારી જિલ્લાના કયા કયા તાલુકાના કયા કયા ગામોમાં કુલ કેટલા ખેડૂતોને સહાય આપવામાં આવી, અને

(૨) આ પધ્ધતિ વધારવાનું સરકારનું શું આયોજન છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૫-૧૦-૨૦૦૪) :

(૧) કૃષિવિઝન-૨૦૧૦ અંતર્ગત સંકલિત ખેતી હેઠળ ટપક સિંચાઈ યોજનામાં આપવામાં આવતી સહાયની વિગત.

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | જલાલપોર | અબ્રુમાં | ૮ |
| (૨) | વાંસદા | ઉવસળ | ૨ |
| | | સિણધર | ૧ |
| | | લીમગર | ૨ |
| | | મનપુર | ૧ |
| | | સતાપુર | ૧ |
| | | કુલ.. | ૧૫ |

એગ્રીકલ્ચર સપોર્ટ પ્રોગ્રામ ઈન ટ્રાયબલ એરીયા સબ પ્લાન આદિવાસી ખેડૂતોને તથા સમાયોજિત ડાંગી ખેડૂતોને વધુ ઉત્પાદન આપતી જાતોના પ્રમાણિત બિયારણો અને રાસાયણિક ખાતરો સહાયિત દરે પૂરા પાડવાની યોજના ડ્રીપ ઘટકમાં આપવામાં આવેલ સહાયની વિગત.

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | ચીખલી | ખેરગામ | ૧ |
| | | આછવાણી | ૩ |
| | | બહેજ | ૧ |
| | | શનવેરીકલ્લા | ૧ |
| | | ઘેજ | ૧ |
| | | ચીનાલી | ૧ |
| | | કુલ.. | ૮ |

(૨) આ પધ્ધતિનો ઉપયોગ વધારવા માટે ખાતાના ખેડૂત તાલીમ કેન્દ્રોમાં ખેડૂતોને તાલીમ આપવી, ખેડૂત સભા તથા ગ્રામસભા યોજવા તથા ખેડૂતોની મુલાકાત દરમ્યાન પ્રચાર કરવામાં આવે છે. ઉપલબ્ધ પાણીનો પિયત માટે કાર્યક્ષમ ઉપયોગ ડ્રીપ પધ્ધતિ દ્વારા જ કરવામાં આવે છે તે મુજબનું માર્ગદર્શન ખેડૂતોને આપવામાં આવે છે, તેમજ જુદી જુદી યોજનાઓ હેઠળ ખેડૂતોને સહાય પણ આપવામાં આવે છે.

----------

## ગાંધીનગર જિલ્લામાં ધોરણ ૧૧ અને ૧૨ ની શાળામાં નવા વર્ગોની મંજૂરી

અતારાંકિત : ૨૪૬૬ (૨૧-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં ચાલુ વરસે તા. ૩૦-૬-૦૪ સુધીમાં ધોરણ ૧૧ અને ૧૨ ની શાળાના નવા વર્ગો ચાલુ કરવા માટેની તાલુકાવાર કેટલી શાળાઓની અરજીઓ આવી,

(૨) આ પૈકી કેટલી શાળાઓને કેટલા નવા વર્ગો શરુ કરવાની પરવાનગી આપવામાં આવી, અને

(૩) બાકીની શાળાઓને નવા વર્ગો શરુ કરવાની મંજૂરી ક્યારે આપવામાં આવશે ?

**શિક્ષણમંત્રીશ્રી** (૩૦-૧૦-૨૦૦૪) :

**(૧)**

| તાલુકાનું નામ | શાળાઓની સંખ્યા | આવેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ | કુલ |
| ગાંધીનગર | ૦૭ | ૦૩ | ૦૭ | ૧૦ |
| માણસા | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૨ |
| દહેગામ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| કલોલ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |

**(૨)**

| તાલુકાનું નામ | શાળાઓની સંખ્યા | આપેલ મંજૂરીઓ | | |
|---|---|---|---|---|
| | | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ | કુલ |
| ગાંધીનગર | ૦૫ | ૦૧ | ૦૫ | ૦૬ |
| માણસા | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૨ |
| દહેગામ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| કલોલ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| કુલ | ૦૯ | ૦૧ | ૦૯ | ૧૦ |

(૩) બાકીની શાળાઓ બાબતે સત્વરે જે તે નિર્ણય લેવામાં આવશે.

----------

**દહેગામ તાલુકામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર**

અતારાંકિત : ૨૫૪૦ (૪-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) દહેગામ તાલુકામાં તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર કેટલા ગામોમાં મંજુર કરવાના બાકી છે, અને

(૨) આ કાર્યવાહી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૭-૧૦-૨૦૦૪) :

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**રાજ્યમાં સસ્તા અનાજની દુકાનોના પરવાનેદારો સામે ફરિયાદો**

અતારાંકિત : ૨૬૭૧(૩-૯-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુલાઈ-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કયા કયા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનના પરવાનાવાળાઓ સામે ફરિયાદ મળી છે,

(૨) આવી ફરિયાદો થયા પછી આવા પરવાનાવાળાઓ વિરૂદ્ધ રાજ્ય સરકારે પગલાં લીધા કે કેમ,

(૩) જો હા, તો જિલ્લાવાર શાં પગલાં લીધા, અને

(૪) જો ના, તો તેના કારણો શાં છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૩-૧૧-૨૦૦૪) :

(૧) ડાંગ સિવાય બધા જ જિલ્લામાં

(૨)હા,

(૩) સર્વે જિલ્લાઓમાં ફરિયાદમાં તથ્યની ગુણવત્તા અનુસાર પરવાના તથા અધિકાર પત્ર તળેની ડીપોઝીટ રાજ્યસાત કરવામાં આવી, પરવાના તથા અધિકારપત્ર મોકુફ તથા રદ કરવામાં આવ્યા પી.બી.એમ કેસ કરવામાં આવ્યા. (પત્રક સામેલ છે.)

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | મળેલ ફરિયાદની વિગત જુલાઈ-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની વિગત | આવી ફરિયાદો થયા પછી આવા પરવાનાવાળાઓ વિરૂદ્ધ રાજ્ય સરકારે પગલાં લીધા છે કે કેમ? | પરવાના મોકૂફ | અધિકારપત્રા અને પરવાના રદ | પરવાના તથા કરારનામા અનામત રાજ્યસાત કરેલ રકમ | કરેલ પી.બી.એમ. કેસની સંખ્યા | દફતરે કરેલ ફરિયાદો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૩૬ | હા | ૧૬ | ૧૪ | ૧,૮૨,૩૦૦ | ૧ | ૨૦ |
| ૨ | અમરેલી | ૩૭ | હા | ૩ | ૨ | ૬૧૩૫૦ | ૨ | |
| ૩ | આણંદ | ૨૩ | હા | ૧ | | | | |
| ૪ | ભરૂચ | ૧૮ | હા | | | ૩૩૨૧૦ | | |
| ૫ | જામનગર | ૬ | હા | ૧ | | ૧૦૫૦૦ | | ૧ |
| ૬ | દાહોદ | ૧૦૯ | હા | ૧૩ | | | | |
| ૭ | ગોધરા | ૩૫ | હા | ૯ | ૪ | ૧૯૮૦૦ | ૧ | |
| ૮ | પાટણ | ૬૮ | હા | ૩ | ૧ | ૬૦૩૮૬ | ૧ | |
| ૯ | ભૂજ | ૧૯ | હા | ૪ | | ૨૦૦૦ | | |
| ૧૦ | પોરબંદર | ૧૦ | હા | ૨ | ૩ | | | |
| ૧૧ | રાજકોટ | ૪૮ | હા | ૫ | ૧ | ૫૨૦૫૦ | | |
| ૧ | નવસારી | ૧૬ | હા | ૨ | ૧ | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | | | | | |
| ૧૩ | નર્મદા | ૪ | હા | | | | | |
| ૧૪ | વલસાડ | ૩૭ | હા | ૧૩ | ૧૨ | ૬૭૫૦૦ | | |
| ૧૫ | સાબરકાંઠા | ૮૧ | હા | | | | ૨ | ૪૨ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૪૮ | હા | ૨ | ૨ | | ૨ | |
| ૧૭ | સુરત | ૭૫ | હા | ૪૫ | ૫ | | ૮ | |
| ૧૮ | ગાંધીનગર | ૪ | હા | | ૨ | | | |
| ૧૯ | જુનાગઢ | ૫૧ | હા | | | | ૧ | |
| ૨૦ | વડોદરા | ૪૪ | હા | ૨૦ | ૯ | ૧,૨૯,૨૫૦ | ૧ | |
| ૨૧ | મહેસાણા | ૪૨ | હા | ૫ | ૩ | | | |
| ૨૨ | ભાવનગર | ૧૬૭ | હા | | | ૯૦૯૬૨ | ૧ | |
| ૨૩ | બનાસકાંઠા | ૫૩ | હા | ૨ | | ૭૬૮૬૨ | | |
| ૨૪ | ખેડા | ૪૦ | હા | ૩ | ૧ | ૩૯૩૭૫ | | |
| ૨૫ | ડાંગ | શૂન્ય | હા | શૂન્ય | | | | |

----------

## અમરેલી જિલ્લામાં વૃક્ષારોપણ માટે કરવામાં આવેલ ખર્ચ

અતારાંકિત : ૨૬૩૫ (૩-૯-૨૦૦૪) **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સને ૨૦૦૨-૦૩ તથા ૨૦૦૩-૦૪ના નાણાકીય વર્ષમાં વૃક્ષારોપણ પાછળ અમરેલી જીલ્લામાં તાલુકાવાર કેટ-કેટલો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૩) તે પૈકી તા. ૨૫-૮-૦૪ના રોજની સ્થિતિએ કેટલા વૃક્ષો હયાત છે ?

**વન મંત્રીશ્રી** (૨૦-૧૦-૨૦૦૪) :

(૧) સને ૨૦૦૨-૦૩ તથા ૨૦૦૩-૦૪ના નાણાકીય વર્ષમાં વૃક્ષારોપણ પાછળ અમરેલી જીલ્લામાં રૂા. ૭૯,૩૮,૯૨૯/- નો ખર્ચ કરવામાં આવેલ છે. જેની તાલુકાવાર તેમજ વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કરવામાં આવેલ ખર્ચ (રૂા.) | | કુલ (રૂા.) |
|---|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | |
| ૧ | ખાંભા | ૨૫૮૯૩૦ | ૯૩૨૩૩૫ | ૧૧૯૧૨૬૫ |
| ૨ | કુકાવાવ | ૨૫૯૦૯૯ | ૩૬૮૬૨૮ | ૬૨૭૭૨૭ |
| ૩ | રાજુલા | ૨૮૯૧૬૭ | ૨૬૯૬૮૨ | ૫૫૮૮૪૯ |
| ૪ | લીલીયા | ૨૨૨૩૯૬ | ૨૧૪૯૬૭ | ૪૩૭૩૬૩ |
| ૫ | ધારી | ૬૯૫૮૮૫ | ૮૮૩૧૮૭ | ૧૫૭૯૦૭૨ |
| ૬ | બાબરા | ૧૫૬૮૬૦ | ૩૯૧૦૫૪ | ૫૪૭૯૧૪ |
| ૭ | અમરેલી | ૩૬૧૦૧૬ | ૫૨૨૨૨૩ | ૮૮૩૨૩૯ |
| ૮ | લાઠી | ૨૭૬૨૧૧ | ૬૦૪૦૫૮ | ૮૮૦૨૬૯ |
| ૯ | જાફરાબાદ | ૧૭૧૨૫૯ | ૨૩૫૨૮૭ | ૪૦૬૫૪૬ |
| ૧૦ | સાવરકુંડલા | ૩૧૫૭૨૮ | ૫૧૦૯૫૭ | ૮૨૬૬૮૫ |
| | **કુલ :-** | **૩૦૦૬૫૫૧** | **૪૯૩૨૩૭૮** | **૭૯૩૮૯૨૯** |

(૨) સને ૨૦૦૨-૦૩ તથા ૨૦૦૩-૦૪ના નાણાકીય વર્ષમાં કુલ રૂા. ૮,૯૨,૬૮૪ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું જેની તાલુકાવાર તેમજ વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વાવેતર કરવામાં આવેલ રોપા | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | |
| ૧ | ખાંભા | ૩૯૮૭૪ | ૩૮૪૭૫ | ૭૮૩૪૯ |
| ૨ | કુકાવાવ | ૫૦૪૫૨ | ૩૧૫૦૦ | ૮૧૯૫૨ |
| ૩ | રાજુલા | ૫૫૪૭૫ | ૩૨૬૦૦ | ૮૮૦૭૫ |
| ૪ | લીલીયા | ૩૫૪૭૫ | ૩૧૦૫૦ | ૬૬૫૨૫ |
| ૫ | ધારી | ૧૧૨૭૦૮ | ૫૫૭૦૦ | ૧૬૮૪૦૮ |
| ૬ | બાબરા | ૪૦૪૦૦ | ૩૪૧૭૫ | ૭૪૫૭૫ |
| ૭ | અમરેલી | ૬૧૫૭૫ | ૩૮૫૭૫ | ૧૦૦૧૫૦ |
| ૮ | લાઠી | ૪૬૯૦૦ | ૪૦૮૨૫ | ૮૭૭૨૫ |
| ૯ | જાફરાબાદ | ૩૧૮૫૦ | ૨૯૭૦૦ | ૬૧૫૫૦ |
| ૧૦ | સાવરકુંડલા | ૫૦૩૭૫ | ૩૫૦૦૦ | ૮૫૩૭૫ |
| | **કુલ :-** | **૫,૨૫,૦૮૪** | **૩,૬૭,૬૦૦** | **૮,૯૨,૬૮૪** |

(૩) સને ૨૦૦૨-૦૩ તથા ૨૦૦૩-૦૪ના નાણાકીય વર્ષમાં વાવેતર કરવામાં આવેલ પૈકી તા. ૨૫-૮-૨૦૦૪ ના રોજની સ્થિતિએ નીચે મુજબ કુલ **૪,૫૬,૩૮૦** વૃક્ષો હયાત છે.

| ક્રમ | તાલુકાનું નામ | વાવેતર કરવામાં આવેલ રોપા પૈકી હયાત | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | |
| ૧ | ખાંભા | ૧૦૬૩૭ | ૩૧૬૦૦ | ૪૨૨૩૭ |
| ૨ | કુકાવાવ | ૧૬૩૯૦ | ૨૪૮૬૦ | ૪૧૨૫૦ |
| ૩ | રાજુલા | ૧૮૮૮૯ | ૨૫૪૪૦ | ૪૪૩૨૯ |
| ૪ | લીલીયા | ૪૪૪૦ | ૨૦૨૩૫ | ૨૪૬૭૫ |
| ૫ | ધારી | ૬૪૯૦૩ | ૪૨૨૫૫ | ૧૦૭૧૫૮ |
| ૬ | બાબરા | ૬૯૪૦ | ૨૫૦૩૦ | ૩૧૯૭૦ |
| ૭ | અમરેલી | ૧૩૪૩૧ | ૨૮૮૯૪ | ૪૨૩૨૫ |
| ૮ | લાઠી | ૧૦૩૫૦ | ૩૨૨૯૦ | ૪૨૬૪૦ |
| ૯ | જાફરાબાદ | ૧૪૭૩૦ | ૨૪૪૩૦ | ૩૯૧૬૦ |
| ૧૦ | સાવરકુંડલા | ૧૬૧૮૬ | ૨૪૪૫૦ | ૪૦૬૩૬ |
| | **કુલ :-** | **૧,૭૬,૮૯૬** | **૨,૭૯,૪૮૪** | **૪,૫૬,૩૮૦** |

--------------

## ખંભાત તાલુકાના હરીપુરા ગામ પાસે નીલગાયનો શિકાર થવા બાબત

અતારાંકિત : ૨૬૮૧ (૧૪-૯-૨૦૦૪) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૫-૭-૨૦૦૪ના રોજ ખંભાત તાલુકાના હરીપુરા ગામ પાસે નીલગાયનો ગેરકાનુની શિકાર કરી તેના માંસની મીજબાની ઉડાવવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ નીલગાયની હત્યાના આરોપી કોણ હતા અને તેની સામે શાં પગલાં લેવાયા છે, અને

(૩) નીલગાય વન્ય જીવન સંરક્ષણ અધિનિયમમાં રક્ષિત પ્રાણી હોવાથી તેના રક્ષણ માટે શાં પગલાં લેવાયા છે?

**વન મંત્રીશ્રી** (૧૭-૧૧-૨૦૦૪) :

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) નીલગાય વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અન્વયે રક્ષિત પ્રાણી હોવાથી તેના રક્ષણ માટે વન વિભાગના કર્મચારીઓ દ્વારા પુરતી તકેદારી રાખી લોકોને વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધન માટે જાણકારી આપવામાં આવે છે અને ગુન્હો બને ત્યારે આ અધિનિયમની જોગવાઈ મુજબ ગુન્હેગાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

--------------

## પાદરા તાલુકાના પાટોદ ગામમાં થયેલ મોરની હત્યા

અતારાંકિત : ૨૬૮૪ (૧૪-૯-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના પાટોદ ગામમાં જુન-૨૦૦૪ માં પાંચ જેટલા રાષ્ટ્રીય પક્ષી મોરની હત્યા કરી ઈરાદાપૂર્વક ખેતરમાં દાટી દેવામાં આવ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુન્હાહીત કામના આરોપી કોણ કોણ હતા તથા તેની સામે કયા કાયદા અન્વયે શાં પગલાં લેવાયા છે, અને

(૩) રાષ્ટ્રીય પક્ષી મોરની રાજ્યમાં સતત હત્યા/કતલને રોકવા ઉચ્ચ કક્ષાએ શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

**વન મંત્રીશ્રી** (૩૦-૧૦-૨૦૦૪) :

(૧) હા જી, વડોદરા તાલુકાના પાટોદ ગામે ખેતીની જમીનમાં એક મોર તથા બે ઢેલ તથા કેનાલની પાસે ખાડામાં એક ઢેલ એમ કુલ ચાર રાષ્ટ્રીય પક્ષી મોરની હત્યા થયેલ છે.

(૨) પ્રસ્તુત ગુના બાબતની વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ તપાસ ચાલુ છે.

(૩) વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ અન્વયે મોરના શિકારના કેસમાં કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે, આ ઉપરાંત વન્ય પ્રાણીના મહત્વ વિષે તેમજ તેના શિકાર થવાથી કાનુની કાર્યવાહી અંગેની માહિતી લોકોને આપવા માટે વન્ય પ્રાણી સપ્તાહ કે પ્રકૃતિ શિક્ષણ શિબિર જેવા કાર્યક્રમો રાખવામાં આવે છે.

---------

## કચ્છ જિલ્લાના પલાસવા ગામમાં નીલગાયનો બંદૂકથી કરેલ શિકાર

અતારાંકિત : ૨૬૮૫ (૧૪-૯-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાના વાગડ વિસ્તારમાં વન્ય જીવો માટે કુખ્યાત બનેલા પલાસવા ગામમાં જુલાઈ-૨૦૦૪માં રક્ષિત રોઝ (નીલ ગાય) નો બંદૂકથી શિકાર કરવામાં આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) ઊંટ ઉપર બેસીને આવેલા બુકાનીધારીઓને ગામવાસીઓએ શિકાર કરતા નજરે જોયેલા સાક્ષીઓને મારી નાખવાની ધમકી આપી રહ્યા છે તે ગંભીર હકીકત સરકાર જાણે છે,

(૩) આ ગુન્હાહીત કામના આરોપી કોણ છે તેને પકડવામાં આવ્યા છે કે કેમ, અને

(૪) આરોપીઓ સામે કયા કાયદા અન્વયે શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**વન મંત્રીશ્રી** (૨૮-૧૦-૨૦૦૪) :

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ઓરેટ યોજના હેઠળ ખુટતા સાધનો પૂરા પાડવા અંગે

અતારાંકિત : ૨૦૫૧ (૩૧-૫-૨૦૦૪) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યના કયા કયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓરેટ યોજના હેઠળ ખુટતા સાધનો કઈ કઈ તારીખે પુરા પાડવામાં આવ્યા,

(૨) આ સાધનો પૈકીના સ્ત્રી દર્દીના ઉપયોગી સાધનો વાપરવા તાલીમબધ્ધ ડૉકટરો કે ટેકનિકલ સ્ટાફ કયા કયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ નિમાયેલ નથી કે હાજર થયેલ નથી, અને

(૩) આ સાધનો વાપરવા તાલીમબધ્ધ સ્ટાફની નિમણૂંક સાધન આવ્યા પહેલા કે પછી કઇ તારીખે થઈ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૫-૧૧-૨૦૦૪) :

(૧) ઓરેટ યોજના હેઠળ સમાવેશ થયેલ પત્રક-અ મુજબ ૩૬ સામૂહિક આરોગ્ય કેન્દ્રો / હોસ્પિટલોને તેની સામે દર્શાવેલ તારીખે સાધનો પુરા પાડવામાં આવેલ છે.
(૨) સ્ત્રી દર્દીના ઉપયોગી સાધનો અંગે સ્ત્રી રોગ નિષ્ણાતની ૩૬ જગ્યાઓ મંજુર થયેલ છે. તા. ૩૧-૩-૦૪ ની સ્થિતિએ ૧૬ જગ્યા ભરેલી અને ૨૦ જગ્યા ખાલી છે.
(૩) વિગતવાર માહિતી પત્રક-ક મુજબ છે. જ્યારે ટેકનીકલ સ્ટાફની ૨૦ જગ્યા મંજુર થયેલ છે જે પૈકી ૧૪ જગ્યા ભરેલી અને ૬ જગ્યા ખાલી છે. વિગતવાર માહિતી પત્રક-ડ મુજબ છે.
(૪) આ સાધનો પ્રસ્થાપિત થયા પછી તજજ્ઞ અને પેરામેડીકલ કર્મચારીઓને ફીલીપ્સ મેડીકલ સીસ્ટમ ઇન્ડીયા લીમીટેડ ધ્વારા તાલીમ આપવામાં આવેલ છે.

## પત્રક - અ

## ઓરેટ પ્રોજેકટમાં સમાવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો, તાલુકા હોસ્પિટલો તથા કોટેજ હોસ્પિટલોને કઇ તારીખે સાધનો પુરા પાડવામાં આવ્યા તેની યાદી :-

| | | |
|---|---|---|
| ૧. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ધંધુકા, જિ. અમદાવાદ | તા. ૨૬-૧૧-૯૯ |
| ૨. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, છોટાઉદેપુર જિ. વડોદરા | તા. ૧૩-૯-૯૯ |
| ૩. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ડભોઈ, જિ. વડોદરા | તા. ૧૩-૯-૯૯ |
| ૪. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ચીખલી, જિ. વલસાડ | તા. ૨૭-૫-૯૯ |
| ૫. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વ્યારા જિ. સુરત | તા. ૭-૧-૯૯ |
| ૬. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ઉના, જિ. જુનાગઢ | તા. ૪-૩-૯૯ |
| ૭. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વાંકાનેર જિ. રાજકોટ | તા. ૭-૪-૯૯ |
| ૮. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, જંબુસર, જિ. ભરૂચ | તા. ૨૭-૫-૯૯ |
| ૯. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ડાકોર, જિ. ખેડા | તા. ૧૭-૧૧-૯૮ |
| ૧૦. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, માણસા, જિ. ગાંધીનગર | તા. ૧૦-૩-૯૯ |
| ૧૧. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વિજાપુર, જિ. મહેસાણા | તા. ૪-૩-૯૯ |
| ૧૨. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, અંજાર જિ. કચ્છ | તા. ૨૯-૯-૯૯ |
| ૧૩. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, રાજુલા, જિ. અમરેલી | તા. ૪-૧-૨૦૦૦ |
| ૧૪. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા | તા. ૨૬-૧૧-૯૯ |
| ૧૫. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, માંગરોળ, જિ. જુનાગઢ | તા. ૪-૧-૨૦૦૦ |
| ૧૬. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, માણાવદર, જિ. જુનાગઢ | તા. ૪-૧-૨૦૦૦ |
| ૧૭. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ચોટીલા જિ. સુરેન્દ્રનગર | તા. ૨૬-૧૧-૯૯ |
| ૧૮. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, દિયોદર, જિ. બનાસકાંઠા | તા. ૨૭-૫-૯૯ |
| ૧૯. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વિરમગામ, જિ. અમદાવાદ | તા. ૨૪-૯-૯૯ |
| ૨૦. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, રાધનપુર, જિ. પાટણ | તા. ૧૨-૧૨-૨૦૦૧ |
| ૨૧. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, શામળાજી, જિ. સાબરકાંઠા | તા. ૧૩-૧૧-૨૦૦૦ |
| ૨૨. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ધ્વારકા જિ. જામનગર | તા. ૧૬-૧-૨૦૦૧ |
| ૨૩ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, હાલોલ, જિ. પંચમહાલ | તા. ૨૬-૧૨-૨૦૦૦ |
| ૨૪. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ગઢડા, જિ. ભાવનગર | તા. ૧-૧૧-૨૦૦૦ |
| ૨૫. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, માંડવી, જિ. સુરત | તા. ૨૭-૩-૨૦૦૧ |
| ૨૬. | સ્ટેટ હોસ્પિટલ ધરમપુર જિ. વલસાડ | તા. ૨૨-૬-૯૯ |
| ૨૭. | કોટેજ હોસ્પિટલ, ભિલોડા જિ. સાબરકાંઠા | તા. ૭-૧-૯૯ |
| ૨૮. | સરકારી હોસ્પિટલ ધ્રાંગધ્રા જિ. સુરેન્દ્રનગર | તા. ૨-૧૦-૯૯ |
| ૨૯. | સરકારી હોસ્પિટલ ગોંડલ જિ. રાજકોટ | તા. ૪-૨-૯૯ |
| ૩૦. | સરકારી હોસ્પિટલ રાજપીપળા જિ. નર્મદા | તા.૧૩-૯-૯૯ |
| ૩૧. | એસ. એસ. હોસ્પિટલ, પેટલાદ, જિ. ખેડા | તા.૨૭-૫-૯૯ |
| ૩૨. | સિવિલ હોસ્પિટલ, વિસનગર જિ. મહેસાણા | તા. ૪-૩-૯૯ |
| ૩૩. | કોટેજ હોસ્પિટલ, દાહોદ, જિ. દાહોદ | તા. ૨૭-૫-૯૯ |
| ૩૪. | માંડવી ગ્રુપ ઓફ હોસ્પિટલ, માંડવી, જિ. કચ્છ | તા. ૧૪-૧૦-૯૯ |
| ૩૫. | સરકારી હોસ્પિટલ, પાલીતાણા, જિ. ભાવનગર | તા. ૪-૧-૨૦૦૦ |
| ૩૬. | સ્ટેટ હોસ્પિટલ, સંતરામપુર, જિ. પંચમહાલ | તા. ૧૪-૫-૨૦૦૧ |

## પત્રક-ક

## ઓરેટ પ્રોજેકટમાં સમાવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, તાલુકા હોસ્પિટલો તથા કોટેજ હોસ્પિટલોમાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ સ્ત્રી રોગ નિષ્ણાતોની માહિતી દર્શાવતું પત્રક

| | | મંજુર જગ્યા | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ધંધુકા, જિ. અમદાવાદ | ૧ | - | ૧ |
| ૨. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, છોટાઉદેપુર જિ. વડોદરા | ૧ | ૧ | - |
| ૩. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ડભોઈ, જિ. વડોદરા | ૧ | ૧ | - |
| ૪. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ચીખલી, જિ. વલસાડ | ૧ | - | ૧ |
| ૫. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વ્યારા જિ. સુરત | ૧ | ૧ | - |

| | | | | |
|---|---|---|---|---|
| ૬. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ઉના, જિ. જુનાગઢ | ૧ | ૧ | - |
| ૭. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વાંકાનેર જિ. રાજકોટ | ૧ | - | ૧ |
| ૮. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, જંબુસર, જિ. ભરૂચ | ૧ | - | ૧ |
| ૯. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ડાકોર, જિ. ખેડા | ૧ | ૧ | - |
| ૧૦. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, માણસા, જિ. ગાંધીનગર | ૧ | ૧ | - |
| ૧૧. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વિજાપુર, જિ. મહેસાણા | ૧ | - | ૧ |
| ૧૨. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, અંજાર જિ. કચ્છ | ૧ | ૧ | - |
| ૧૩. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, રાજુલા, જિ. અમરેલી | ૧ | - | ૧ |
| ૧૪. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા | ૧ | - | ૧ |
| ૧૫. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, માંગરોળ, જિ. જુનાગઢ | ૧ | - | ૧ |
| ૧૬. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, માણાવદર, જિ. જુનાગઢ | ૧ | - | ૧ |
| ૧૭. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ચોટીલા જિ. સુરેન્દ્રનગર | ૧ | - | ૧ |
| ૧૮. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, દિયોદર, જિ. બનાસકાંઠા | ૧ | - | ૧ |
| ૧૯. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વિરમગામ, જિ. અમદાવાદ | ૧ | ૧ | - |
| ૨૦. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, રાધનપુર, જિ. પાટણ | ૧ | ૧ | - |
| ૨૧. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, શામળાજી, જિ. સાબરકાંઠા | ૧ | - | ૧ |
| ૨૨. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ધ્વારકા જિ. જામનગર | ૧ | - | ૧ |
| ૨૩ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, હાલોલ, જિ. પંચમહાલ | ૧ | - | ૧ |
| ૨૪. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ગઢડા, જિ. ભાવનગર | ૧ | - | ૧ |
| ૨૫. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, માંડવી, જિ. સુરત | ૧ | - | ૧ |
| ૨૬. | સ્ટેટ હોસ્પિટલ ધરમપુર જિ. વલસાડ | ૧ | - | ૧ |
| ૨૭. | કોટેજ હોસ્પિટલ, ભિલોડા જિ. સાબરકાંઠા | ૧ | ૧ | - |
| ૨૮ | સરકારી હોસ્પિટલ ધ્રાંગધ્રા જિ. સુરેન્દ્રનગર | ૧ | ૧ | - |
| ૨૯. | સરકારી હોસ્પિટલ ગોંડલ જિ. રાજકોટ | ૧ | - | ૧ |
| ૩૦. | સરકારી હોસ્પિટલ રાજપીપળા જિ. નર્મદા | ૧ | ૧ | - |
| ૩૧. | એસ. એસ. હોસ્પિટલ, પેટલાદ, જિ. ખેડા | ૧ | ૧ | - |
| ૩૨. | સિવિલ હોસ્પિટલ, વિસનગર જિ. મહેસાણા | ૧ | ૧ | - |
| ૩૩. | કોટેજ હોસ્પિટલ, દાહોદ, જિ. દાહોદ | ૧ | ૧ | - |
| ૩૪. | માંડવી ગ્રુપ ઓફ હોસ્પિટલ, માંડવી, જિ. કચ્છ | ૧ | ૧ | - |
| ૩૫. | સરકારી હોસ્પિટલ, પાલીતાણા, જિ. ભાવનગર | ૧ | - | ૧ |
| ૩૬. | સ્ટેટ હોસ્પિટલ, સંતરામપુર, જિ. પંચમહાલ | ૧ | - | ૧ |
| | કુલ :- | ૩૬ | ૧૬ | ૨૦ |

## પત્રક - ૬
## ઓરેટ પ્રોજેકટ હેઠળ આવરી લેવાયેલ તબીબી વિભાગ હસ્તકના સામૂહિક આરોગ્ય કેન્દ્રના પેરામેડીકલ / ટેકનીકલ સ્ટાફ અંગેની માહિતી દર્શાવતું પત્રક

| અ.નુ. નં. | સામૂહિક આરોગ્ય કેન્દ્રનું નામ | મંજુર થયેલ જગ્યા | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ભિલોડા | લેબ. ટેકનિશ્યન<br>એકસ-રે ટેકનિશ્યન | ૨<br>૧ | ૧<br>૧ | ૧<br>૦ |
| ૨. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ગોંડલ | લેબ. ટેકનિશ્યન<br>લેબ. આસીસ્ટન્ટ<br>એકસ-રે ટેકનિશ્યન<br>એકસ-રે આસીસ્ટન્ટ | ૨<br>૧<br>૧<br>૧ | ૧<br>૦<br>૧<br>૧ | ૧<br>૧<br>૦<br>૦ |
| ૩. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ધાંગધ્રા | લેબ. ટેકનિશ્યન<br>એકસ-રે ટેકનિશ્યન | ૨<br>૧ | ૨<br>૧ | ૦<br>૦ |
| ૪. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, માંડવી | લેબ. ટેકનિશ્યન<br>લેબ. આસીસ્ટન્ટ<br>એકસ-રે ટેકનિશ્યન<br>એકસ-રે આસીસ્ટન્ટ | ૨<br>૧<br>૧<br>૧ | ૦<br>૧<br>૧<br>૦ | ૨<br>૦<br>૦<br>૧ |
| ૫. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વિસનગર | લેબ. ટેકનિશ્યન<br>લેબ. આસીસ્ટન્ટ<br>એકસ-રે ટેકનિશ્યન<br>એકસ-રે આસીસ્ટન્ટ | ૧<br>૧<br>૧<br>૧ | ૧<br>૧<br>૧<br>૧ | ૦<br>૦<br>૦<br>૦ |
| | | કુલ :- | ૨૦ | ૧૪ | ૬ |

------------------

**અમરેલી જિલ્લાના જાફરાબાદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે જમીન દાનમાં આપવા બાબત**

અતારાંકિત : ૨૬૩૩ (૩-૯-૨૦૦૪) **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમરેલી જિલ્લાના જાફરાબાદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે જરૂરી જમીન દાનથી આપવા માટે કોઈ દાતા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આવી દરખાસ્ત કયારે આવેલ છે અને કોના કોના દ્વારા આવેલ છે, અને

(૩) દરખાસ્ત પરત્વે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૨-૧૧-૨૦૦૪) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------

**ધારાસભાના મત વિસ્તાર દીઠ આયુર્વેદિક, હોમીયોપેથીક દવાખાનામાં સ્ટાફની નિમણુંક**

અતારાંકિત : ૨૬૩૪ (૯-૯-૨૦૦૪) **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ધારાસભા મતવિસ્તાર દીઠ મંજુર કરાયેલ એક આયુર્વેદિક અને એક હોમીયોપેથીક પૈકીના તા. ૩૧-૭-૨૦૦૪ની સ્થિતિએ કયા કયા દવાખાનામાં સ્ટાફની નિમણુંક કરી ચાલુ કરવામાં આવેલ છે, અને

(૨) આયુર્વેદિક અને હોમીયોપેથીક દવાખાનામાં બાકી રહેતા સ્ટાફની કયારે નિમણુંક કરી શરૂ કરવામાં આવશે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૮-૧૦-૨૦૦૪) :

(૧) (અ) તા. ૩૧-૭-૨૦૦૪ની સ્થિતિએ નીચે મુજબના આયુર્વેદિક દવાખાના ચાલુ છે. જયાં ખાલી જગ્યા છે ત્યાં વધારાનો ચાર્જ આપી સેવા ચાલુ રાખવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | મંજુર | ભરેલી | ખાલી | ક્રમ | જિલ્લો | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૮ | ૧૭ | ૦૧ | ૧૦ | સુરત | ૧૨ | ૦૬ | ૦૬ |
| ૨. | અમરેલી | ૦૬ | ૦૬ | ૦૦ | ૧૧ | સુરેન્દ્રનગર | ૦૪ | ૦૨ | ૦૨ |
| ૩. | વડોદરા | ૧૩ | ૦૭ | ૦૬ | ૧૨ | ખેડા/આણંદ | ૧૭ | ૧૪ | ૦૩ |
| ૪. | વલસાડ/નવસારી | ૧૦ | ૦૧ | ૦૯ | ૧૩ | રાજકોટ | ૧૧ | ૧૧ | ૦૦ |
| ૫. | જુનાગઢ/પોરબંદર | ૧૧ | ૧૦ | ૦૧ | ૧૪ | ગાંધીનગર | ૦૩ | ૦૩ | ૦૦ |
| ૬. | જામનગર | ૦૮ | ૦૮ | ૦૦ | ૧૫ | ગોધરા/દાહોદ | ૧૩ | ૦૨ | ૧૧ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭. | ભાવનગર | ૧૦ | ૧૦ | ૦૦ | ૧૬ | બનાસકાંઠા | ૧૦ | ૦૫ | ૦૫ |
| ૮. | ભરૂચ/નર્મદા | ૦૭ | ૦૧ | ૦૬ | ૧૭ | મહેસાણા/પાટણ | ૧૩ | ૧૧ | ૦૨ |
| ૯. | સાબરકાંઠા | ૦૮ | ૦૫ | ૦૩ | ૧૮ | કચ્છ-ભૂજ | ૦૬ | ૦૩ | ૦૩ |

(બ) તા. ૩૧-૭-૨૦૦૪ની સ્થિતિએ નીચે મુજબના માનદ્ હોમીયોપેથીના દવાખાના ચાલુ છે.

| ક્રમ | જિલ્લો | મંજુર | ભરેલી | ખાલી | ક્રમ | જિલ્લો | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૯ | ૧૬ | ૦૩ | ૧૩ | સુરત | ૧૨ | ૦૯ | ૦૩ |
| ૨. | અમરેલી | ૦૬ | ૦૫ | ૦૧ | ૧૪ | સુરેન્દ્રનગર | ૦૬ | ૦૪ | ૦૨ |
| ૩. | વડોદરા | ૧૩ | ૦૯ | ૦૪ | ૧૫ | ખેડા | ૦૯ | ૦૯ | ૦૦ |
| ૪. | વલસાડ | ૦૫ | ૦૨ | ૦૩ | ૧૬ | આણંદ | ૦૮ | ૦૮ | ૦૦ |
| ૫. | નવસારી | ૦૫ | ૦૨ | ૦૩ | ૧૭ | રાજકોટ | ૧૧ | ૧૦ | ૦૧ |
| ૬. | જુનાગઢ | ૧૦ | ૧૦ | ૦૦ | ૧૮ | ગાંધીનગર | ૦૪ | ૦૩ | ૦૧ |
| ૭. | પોરબંદર | ૦૨ | ૦૨ | ૦૦ | ૧૯ | ગોધરા | ૦૭ | ૦૭ | ૦૦ |
| ૮. | જામનગર | ૦૮ | ૦૮ | ૦૦ | ૨૦ | દાહોદ | ૦૬ | ૦૬ | ૦૦ |
| ૯. | ભાવનગર | ૦૯ | ૦૭ | ૦૨ | ૨૧ | બનાસકાંઠા | ૦૮ | ૦૮ | ૦૦ |
| ૧૦. | ભરૂચ | ૦૫ | ૦૫ | ૦૦ | ૨૨ | મહેસાણા | ૦૮ | ૦૮ | ૦૦ |
| ૧૧ | નર્મદા | ૦૨ | ૦૨ | ૦૦ | ૨૩ | પાટણ | ૦૫ | ૦૪ | ૦૧ |
| ૧૨ | સાબરકાંઠા | ૦૮ | ૦૭ | ૦૧ | ૨૪ | કચ્છ-ભૂજ | ૦૬ | ૦૦ | ૦૬ |

(૨) આયુર્વેદિક અને હોમીયોપેથીક દવાખાનાઓમાં જયાં ખાલી જગ્યા છે ત્યાં વધારાનો ચાર્જ આપીને સેવા ચાલુ રાખવામાં આવેલ છે. આ જગ્યાઓ જેમ બને તેમ જલ્દીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે.

------------------

**ગુટખા અને તમાકુની બનાવટની જાહેરાતો ઉપર પ્રતિબંધ**

અતારાંકિત :૨૬૭૯ (૧૪-૯-૨૦૦૪) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગુટખા તથા તમાકુની બનાવટની જાહેરખબરો પર કેન્દ્ર સરકારે સને ૨૦૦૩ થી કાનુની પ્રતિબંધ ફરમાવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ગુજરાતના વર્તમાનપત્રોમાં ગુટખાની જાહેરખબરો સતત ચાલુ છે, તે હકીકત સરકાર જાણે છે.

(૩) આવી ગેરકાનુની જાહેરાતો રોકવા સરકારે શાં પગલાં લીધાં, અને

(૪) આ જાહેરાતો રોકવા શું આયોજન કરવામાં આવ્યું છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૭-૧૧-૨૦૦૪) :

(૧) હા.

(૨) જાહેરાત બંધ થયેલ છે.

(૩) અને (૪) આ કામગીરી માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળની ડ્રગ્સ ઈન્સ્પેકટરો અને ફુડ ઈન્સ્પેકટરોને તેમના કાર્યક્ષેત્ર હેઠળ આવતા વિસ્તારો માટે તા. ૩૦-૪-૦૪ થી આ કામગીરી માટે નોટીફાઈડ કરવામાં આવેલ છે.
સમગ્ર રાજ્યમાં નીચે દર્શાવેલ અધિકારીઓને તેમના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારો માટે તા. ૧૨-૫-૦૪થી અધિકૃત કરવામાં આવેલ છે.
૧. ગુજરાત રાજ્યના તમામ મામલતદારો
૨. ગુજરાત રાજ્યના તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
૩. તમામ સરકારી કચેરીઓના વડાઓ

૪. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના તમામ ડેપો મેનેજરો.
૫. તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના લોકલ હેલ્થ ઓથોરીટીઓ.
૬. ગુજરાત રાજ્યના તમામ મ્યુનિસિપાલિટી/નગરપાલિકાના મુખ્ય અધિકારીઓ.

- ઉપર દર્શાવેલ ઓથોરીટીઓએ જાહેર સ્થળોએ બોર્ડ ઉતરાવી લીધેલ છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા બસ ઉપર તમાકુ/ગુટખાના જાહેરાતોના તમામ બોર્ડ ઉતરાવી લીધેલ છે. તેમજ આવી જાહેરાતો વર્તમાન પત્રો કે જાહેર સ્થળોએ તદ્દન બંધ કરવામાં આવેલ છે. આ કાનુની પ્રતિબંધનો એકપણ કિસ્સો ધ્યાન પર આવેલ નથી.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ખાદ્ય નિરીક્ષકો દ્વારા સમયાંતરે તપાસ કરાવવામાં આવે છે. વેપારીઓને કાયદાનો ભંગ ન થાય તે બાબતે સમજણ આપવામાં આવેલ છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળની જિલ્લા કચેરીઓના વડાઓને પણ જરૂરી સૂચનાઓ આપી કાયદાનું અમલીકરણ કરવાની કામગીરી સોંપવામાં આવેલ છે.
- આ કાયદાનો અમલ શરુ થયો ત્યાર પછી આ કાયદા અંગેની જોગવાઈઓનો ભંગ કરી પ્રતિબંધિત જાહેરાતો કોઈ આપતું હોય તેવા બનાવ ધ્યાન પર આવેલ નથી.
- તંત્ર દ્વારા કાયદાની સમજ અને જોગવાઈઓ બાબતે પ્રેસનોટ આપવામાં આવેલ છે.

------------------

**ભુજ શહેરમાં ચાલતો નકલી ઘી નો વેપાર**

અતારાંકિત :૨૬૮૦ (૧૪-૯-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભુજ શહેરમાં માર્કેટયાર્ડ રોડ ઉપર આવેલ ભીડ બજારમાં નકલી શુધ્ધ "ઘી" નો વેપાર પુર બહારમાં ૩૫ થી ૪૦ જેટલા વેપારીઓ ચલાવી રહ્યા છે તે ગંભીર હકીકતથી સરકાર વાકેફ છે.
(૨) આ નકલી કહેવાતા શુધ્ધ ઘીનો જથ્થો કયાંથી આવે છે, અને
(૩) આ ગેરકાનુની વેપાર બંધ કરવા શાં પગલાં લેવાયાં છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૮-૧૦-૨૦૦૪) :

(૧) ના, તપાસ કરતા નકલી ઘી નો વેપાર હાલમાં કોઈ વેપારીઓ ભૂજ શહેરમાં માર્કેટયાર્ડ રોડ ઉપર આવેલ ભીડ બજારમાં ચલાવી રહ્યા નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) સમગ્ર રાજ્યમાં ઘીમાં ભેળસેળ રોકવા માટે સઘન કાર્યવાહી કરવામાં આવે છે. અને રાજ્યમાં ભેળસેળના ઘણા કિસ્સા પકડવામાં આવેલ છે. અને તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

------------------

**રાજકોટ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળના કેસ**

અતારાંકિત : ૨૬૯૬ (૨૨-૯-૨૦૦૪)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અંગેના કેટલા દરોડાઓ પાડી અને કેટલા કેસો તાલુકાવાર નોંધવામાં આવ્યા, અને
(૨) તે પૈકી કેટલા સામે કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૭-૧૧-૨૦૦૪) :

(૧) તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અંગેના ૩૪૪ દરોડાઓ પાડયા અને જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં.<br>૧ | તાલુકાનું નામ<br>૨ | દરોડા દરમિયાન લીધેલ સેમ્પલ<br>૩ | ભેળસેળના કેસો માલુમ પડયા<br>૪ |
|---|---|---|---|
| ૧. | રાજકોટ | ૨૩ | ૩ |
| ૨. | ગોંડલ | ૬૮ | ૨ |
| ૩. | જેતપુર | ૩૦ | ૧ |
| ૪. | કોટડા-સાંગાણી | ૩૨ | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૫. | ધોરાજી | ૪૫ | ૫ |
| ૬. | ઉપલેટા | ૩૪ | ૧ |
| ૭. | જામ-કંડોરણા | ૧ | ૦ |
| ૮. | લોધીકા | ૨૩ | ૦ |
| ૯. | પડધરી | ૮ | ૦ |
| ૧૦. | ટંકારા | ૨ | ૦ |
| ૧૧. | મોરબી | ૨૭ | ૦ |
| ૧૨. | વાંકાનેર | ૨૬ | ૦ |
| ૧૩. | જસદણ | ૨૫ | ૦ |
| ૧૪. | માળીયા-મીયાણા | ૦ | ૦ |
| | કુલ : | ૩૪૪ | ૧૪ |

(૨) તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામં છેલ્લા એક વર્ષમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અંગેના ૧૨ કેસોમાં કાનુની કાર્યવાહી કરેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કાનુની કાર્યવાહી કરી |
|---|---|---|
| ૧. | રાજકોટ | ૩ |
| ૨. | ગોંડલ | ૧ |
| ૩. | જેતપુર | ૧ |
| ૪. | કોટડા-સાંગાણી | ૨ |
| ૫. | ધોરાજી | ૪ |
| ૬. | ઉપલેટા | ૧ |
| ૭. | જામ-કંડોરણા | ૦ |
| ૮. | લોધીકા | ૦ |
| ૯. | પડધરી | ૦ |
| ૧૦. | ટંકારા | ૦ |
| ૧૧. | મોરબી | ૦ |
| ૧૨. | વાંકાનેર | ૦ |
| ૧૩. | જસદણ | ૦ |
| ૧૪. | માળીયા-મીયાણાં | ૦ |
| | કુલ : | ૧૨ |

--------------

**છોટાઉદેપુર તાલુકાના ભીલપુર ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનનું બાંધકામ**

અતારાંકિત : ૨૭૦૮ (૨૩-૯-૦૪) **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -**

(૧) સન ૨૦૦૨માં મંજુર થયેલ છોટાઉદેપુર તાલુકાના ભીલપુર ગામનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ તા. ૧૪-૯-૨૦૦૪ સુધી થયેલ નથી, તે વાત સરકાર જાણે છે, અને

(૨) તે કામ ક્યારે ચાલુ થશે, અને કયાં સુધીમાં પૂર્ણ થશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૨-૧૧-૨૦૦૪) :

(૧) ભીલપુર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

**એસ.એસ. જી. હોસ્પિટલમાં બાયો મેડિકલ વેસ્ટના નિકાલ બાબત**

અતારાંકિત : ૨૭૨૩ (૪-૧૦-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વડોદરાની એસ.એસ. જી. હોસ્પિટલમાં નીકળતા બાયો મેડિકલ વેસ્ટનો નિકાલ કરવામાં બેદરકારી બતાવવામાં આવે છે તે બાબત સરકાર જાણે છે,

(૨) જો હા, તો સરકાર આ અંગે શાં પગલાં ભરવા માંગે છે, અને

(૩) આ બેદરકારી માટે જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધાં છે અથવા શા પગલાં ભરવા માંગે છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૦-૧૧-૦૪) :

(૧) ના, જી.
(૨) લાગુ પડતું નથી.
(૩) લાગુ પડતું નથી.

-----------------

## વડોદરાની સયાજીરાવ હોસ્પિટલમાં ધનુરની રસી ન મળવા બાબત

અતારાંકિત : ૨૭૨૪ (૪-૧૦-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વડોદરાની એસ.એસ. જી. હોસ્પિટલમાં ધનુરની રસી ન મળવાને કારણે ગરીબ દર્દીઓને હેરાનગતિ થઈ રહ્યા છે તે બાબત સરકાર જાણે છે, અને
(૨) જો હા, તો ધનુરની રસી સત્વરે પુરી પાડવા સરકારે શાં પગલાં ભર્યા છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૦-૧૧-૦૪) :

(૧) આ સંસ્થામાં ધનુરની રસીનો જરૂરીયાત મુજબનો જથ્થો પુરો પાડવામાં આવે છે. તેથી હેરાનગતિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

## રાપર અને ભચાઉ તાલુકામાં મેલેરીયા નાબુદી માટે દવાનો છંટકાવ

અતારાંકિત : ૨૭૫૧ (૧૨-૧૦-૨૦૦૪) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મેલેરીયા નાબૂદી અંગે આગોતરા આયોજન હેઠળ રાપર અને ભચાઉ તાલુકામાં તા. ૧-૪-૨૦૦૪ થી તા.૩૦-૯-૨૦૦૪ સુધીમાં ક્યા ક્યારે દવાનો છંટકાવ કરવામાં આવ્યો,
(૨) કુલ કેટલી વસ્તીને આવરી લેતા કેટલા વિસ્તારમાં આ દવાનો છંટકાવ થયો, અને
(૩) આ દવાનાં છંટકાવમાં દવા અને વ્યવસ્થા અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી (૨૨-૧૧-૨૦૦૪)**

(૧) રાપર તાલુકામાં તા. ૮-૭-૨૦૦૪થી તા. ૨૦-૭-૨૦૦૪ સુધી તથા તા. ૧૬-૮-૨૦૦૪થી તા. ૩૦-૯-૨૦૦૪ સુધી અને ભચાઉ તાલુકામાં તા. ૨૦-૮-૨૦૦૪ થી તા. ૧૬-૯-૨૦૦૪ સુધીમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.
(૨) બંને તાલુકાના ૧૦૦ ગામોની ૧,૪૭,૫૧૪ની વસ્તીમાં દવાનો છંટકાવ થયેલ છે.
(૩) દવાના છંટકાવમાં જંતુનાશક દવા પેટે રૂા. ૨૦,૦૭,૭૧૮ તથા વ્યવસ્થા અન્વયે રૂા. ૪,૮૨,૩૧૦ નો ખર્ચ કરવામાં આવેલ છે.

-------------

## રાજ્યની જેલોમાંથી ફરાર કેદીઓ બાબત

**અતારાંકિત : ૨૦૪૬ (૨૫-૫-૨૦૦૪) શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -**

(૧) રાજ્યની જેલોમાંથી વર્ષ ૨૦૦૩ દરમ્યાન કેટલા કયા ગુનાઓમાં સંડોવાયેલા કેદીઓ ફરાર થઈ ગયા,
(૨) ફરાર કેદીઓમાંથી કેટલા ફરી પકડાયા,
(૩) બેદરકારી દાખવનારા કર્મચારીઓ સામે શું પગલાં લેવામાં આવ્યા, અને
(૪) ભવિષ્યમાં આવા બનાવો બનતા અટકે તે માટે શું પગલાં લેવામાં આવ્યા છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૨૪-૧૧-૨૦૦૪)**

(૧) ઈ.પી.કો. ૧૧૪, ૨૨૩, ૨૨૪, ૩૦૨, ૩૦૬, ૩૬૩, ૩૬૪, ૩૯૬, ૧૨૦-બી હેઠળના ગુનાઓમાં કુલ ૧૯ કેદીઓ ફરાર થયા,
(૨) ૦૭ કેદીઓ
(૩) બેદરકારી દાખવનાર પોલીસ કર્મચારીઓ સામે ખાતારાહે પગલાં લેવામાં આવે છે.

(૪) જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી દ્વારા રાજ્યની જેલોમાંથી કેદીઓ ફરાર ન થાય તે અંગે વખતો વખત જેલ અધિક્ષકશ્રીઓને સૂચના આપવામાં આવે છે. જેલ અધિક્ષકશ્રીઓ દ્વારા સબ જેલોની ઓચિંતી તપાસ/નિરીક્ષણ કરવામાં આવી રહ્યા છે. જેલની સુરક્ષા લક્ષી સવલતો વધારવા તેમજ જેલ બિલ્ડીંગના રીપેરીંગ માટે જરૂરી પગલાં લેવામાં આવે છે. ગાર્ડ ઉપરના પોલીસ કર્મચારીઓને નિયમિત ચેક કરવા અને કેદી પાર્ટીની આરોપીઓને હાથ કડી પહેરાવવાની અને નાસી ન જાય તે અંગે તકેદારી રાખવા નોંધ રાખેલ છે. ઓપન જેલના કેદીઓ પૈકી કોઈ કેદી નાસી જવાના મનોવૃત્તિ ધરાવતા હોય તો આવા કેદીઓને બંધ જેલમાં બદલી કરવા જરૂરી કાર્યવાહી કરવા ઓપન જેલ અધિક્ષકશ્રીઓને તાલુકા સબ જેલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીઓને તકેદારી રાખવા જરૂરી સૂચના આપવામાં આવે છે.

------------

## જાફરાબાદ તાલુકામાં પકડાયેલ દારુ અંગે

અતારાંકિત : ૨૬૪૨ (૩-૯-૨૦૦૪) **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -**

(૧) જાફરાબાદ તાલુકામાં તા.૩૧-૭-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો દારુ પકડાયેલ છે,

(૨) પકડાયેલ દારુમાં એકી સાથે મોટી રકમમનો જથ્થો ક્યારેય પકડાયેલ છે કે કેમ,

(૩) તે કોના કોના દ્વારા પકડવામાં આવેલ છે, અને

(૪) મોટી રકમનો એકી સાથે જથ્થો પકડાયેલ હોય તેવા કિસ્સાઓમાં જવાબદાર અધિકારીઓ સામે શાં પગલાં લેવામાં આવે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૨૦-૧૦-૨૦૦૪)**

(૧) દેશી દારુ ૧૫૭૬ લીટર અને વિદેશી દારુ ૨૩૯૭ બોટલ.

(૨) હા, જી.

(૩) (૧) રાજુલા નશાબંધી સ્ટેશન દ્વારા (૨) સ્ટ્રાઈકીંગ ફોર્સ-૨ નશાબંધી જુનાગઢ અને રાજુલા નશાબંધી સ્ટેશનના અધિકારીઓએ સાથે મળી (૩) પો.સ.ઈ.શ્રી જાફરાબાદ તથા એલ.સી.બી. અમરેલી દ્વારા.

(૪) રાજુલા નશાબંધી સ્ટેશન દ્વારા શોધાયેલ મોટી રકમના કેસ અંગે સ્થાનિક જવાબદાર પોલીસ બાબતે પ્રાથમિક તપાસ પુર્ણકરી જરૂરી પગલા લેવા પોલીસ અધિક્ષકશ્રી અમરેલીએ પોલીસ મહાનિર્દેશકશ્રીને દરખાસ્ત કરેલ છે. બીજા કેસમાં નાગેશ્રી પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. તથા સ્થાનિક ગુના નિવારણ શાખાની પોલીસ પણ આ કામે તેઓને મળેલ બાતમી અન્વયે વોચમાં હતા એટલે આ કેસમાં તેઓની હાજરી હતી જેથી સ્થાનિક પોલીસની જવાબદારી અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. ત્રીજા કેસમાં પ્રાથમિક તપાસ કરતાં નશાબંધી ખાતાના અધિકારીઓ/કર્મચારીઓનું આરોપી સાથે મેળાપીપણું કે આ ગુનો શોધવા નિષ્કીયતા જણાઈ આવેલ નથી. જેથી પ્રકરણ દફતરે કરેલ છે.

----------------

## ધોરાજી તાલુકાના લાંગડીધાર પાસેથી ગૌ-વંશ પકડાવા અંગે

અતારાંકિતઃ ૨૬૮૯ (૧૪-૯-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના લાંગડીધાર પાસેથી જુલાઈ, ૨૦૦૪માં ધોરાજીના ગેરકાનૂની કતલખાનામાં લઈ જવાતા ચાર ગાય તથા ૧૧ ગૌવંશ વાછરડા મળીને કુલ પંદર ગૌવંશ પ્રાણીને પોલીસે બચાવી લીધા હતા તે હકીકત સત્ય છે,

(૨) જો હા, તો આ ગુન્હાહિત કામના આરોપી કોણ હતા તથા તેની સામે કયા કાયદા અન્વયે શાં પગલાં લેવાયા છે,

(૩) વાહન જપ્ત કરવામાં આવ્યું છે કે કેમ,

(૪) બચાવી લીધેલા ગૌવંશ પ્રાણીઓ હાલ ક્યાં છે, અને

(૫) ધોરાજીના ગેરકાનુની કતલખાના શોધી તેને બંધ કરવા તથા તેના સંચાલકો સામે શાં પગલાં લેવાયા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧-૧૨-૨૦૦૪) :

(૧) ગેરકાનુની કતલ અંગે લઈ જવાતા પ્રાણીઓ અંગે કોઈ ગુનો દાખલ થયેલ નથી. પરંતુ પ્રાણીઓને ટુંકા દોરડાથી બાંધી પ્રાણદાયક રીતે રાખવા સંબંધે ગુન્હો દાખલ થયેલ છે. આ બાબતે ધોરાજી

પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૧૦૨/૦૪, પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ (F) મુજબનો ગુનો તા. ૮-૭-૦૪ના રોજ દાખલ થયેલ છે.

(૨) ઉપરોકત ગુનામાં ત્રાસદાયક રીતે બાંધેલ પ્રાણીઓને પકડવામાં આવેલ છે. જેમાં ૪ આરોપીઓ પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ (F) મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) આ ગુનામાં કોઈ વાહન સંડોવાયેલ નથી.

(૪) આ પ્રાણીઓ હાલ ધોરાજી પાંજરાપોળમાં નામદાર કોર્ટના હુકમ નં. ૧૧૦૩૦૪, તા. ૯-૭-૦૪ના આધારે રાખેલ છે.

(૫) ધોરાજીમાં કોઈ ચોક્કસ જગ્યાએ કોઈ ગેરકાનૂની કતલખાના આવેલ નથી. પરંતુ જુદી જુદી જગ્યાએ પ્રાણીઓની કતલ અંગેના ગુન્હાઓ અગાઉ દાખલ થયેલ છે. જેથી ગેરકાનુની કતલ ન થાય તે માટે ખાનગી રાહે વોચ રાખવામાં આવે છે. અને આવી હકીકત ધ્યાને આવેથી જવાબદાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

-----------------

**છોટાઉદેપુરના નવાપુરા વિસ્તારમાં રહેતા બી.એસ.એફ.ના ૬ માસથી ગુમ થયેલ જવાન**

અતારાંકિત : ૨૭૧૩ (૧૧-૧૦-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) છોટાઉદેપુરના નવાપુરા ખાતેના રહીશ અને બી.એસ.એફ.માં ફરજ બજાવતો યુવાન ૬ માસથી ગુમ થયો છે તે હકીકત સાચી છે,

(૨) ગુમ થયેલા લશ્કરના જવાનને ૬ માસ વીતી જવા છતાં પોલીસ તંત્રએ નિષ્ક્રિયતા દાખવી સક્રિય પગલાં ભર્યા નથી એ હકીકત પણ સાચી છે, અને

(૩) આ ગુમ થયેલા જવાનને ત્વરીત શોધી કાઢવા પોલીસ તંત્રને શા આદેશ આપવામાં આવ્યા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧-૧૨-૨૦૦૪) :

(૧) હા.

(૨) ના.

(૩) આ ગુમ થનાર વડોદરાથી કલ્યાણી જવા માટે વડોદરા સ્ટેશન ઉપરથી અમદાવાદ હાવડા એક્સ.માં મુસાફરી કરતા દરમ્યાન કલ્યાણી પહોંચતા પહેલાં ગુમ થયેલ છે. આ ગુમ થનાર બીએસએફ જવાનને શોધી કાઢવા માટે ભારતના તમામ પોલીસ કમિશનરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીઓને ટી.પી. મેસેજથી જાણ કરવામાં આવેલ છે. આ કામે ઉંડાણપૂર્વક તપાસ કરી ગુમ થનારને શોધી કાઢવાના તમામ પ્રયત્નો થવા આદેશ કરવામાં આવેલ છે. હાલમાં તપાસ ચાલુ છે.

------------------

**વડોદરા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં શ્રી બાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે આવેલ અરજીઓ અંગે**

અતારાંકિત : ૨૭૦૭ (૨૩-૯-૦૪) **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સને ૨૦૦૨ થી ૨૦૦૪ના કેલેન્ડર વર્ષમાં વડોદરા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં બાજપાઈ સ્વરોજગાર યોજનામાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં કુલ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૪-૧૧-૦૪) :

(૧) સને ૨૦૦૨ થી ૨૦૦૪ના કેલેન્ડર વર્ષમાં (તા. ૧-૧-૨૦૦૨ થી ૩૦-૯-૨૦૦૪) સુધીમાં શ્રી બાજપાઈ બેન્કેબલ યોજનામાં ૫૦૫૬ અરજીઓ આવી.

(૨) ૨૪૪૮

(૩) ઉપરોક્ત લાભાર્થીઓ પૈકી છોટાઉદેપુર તાલુકામાં ૬૬ લાભાર્થીઓ અને કવાંટ તાલુકામાં ૫૩ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો.

----------

## સાબરકાંઠા જિલ્લામાં પીવાના પાણીના ટયુબવેલના કામો

અતારાંકિત : ૨૦૬૭ (૨૦-૭-૦૪)**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં સરકાર દ્વારા પીવાના પાણીના કેટલા નવીન ટયુબવેલ તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ચાલુ કર્યા છે,

(૨) આ નવીન ટયુબવેલ કયા કયા સ્થળે બન્યા છે, અને

(૩) તેમાં કુલ કેટલો ખર્ચ થયો છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૫-૧૦-૦૪) :

(૧) સાબરકાંઠા જિલ્લામાં સરકાર દ્વારા પીવાના પાણીના કેટલા નવીન ટયુબવેલ તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૧૯ નંગ ટ્યુબવેલમાં પાણી પુરવઠો ચાલુ કરેલ છે,

(૨) નવીન ટયુબવેલ નીચે મુજબની વિગતે/સ્થળોએ બનાવેલ છે.

| અ.નં. | તાલુકો | ગામનું નામ | લોકેશન | શારેલ બોરની સંખ્યા |
|---|---|---|---|---|
| (વર્ષ, તા. ૧-૭-૨૦૦૧ થી તા. ૩૦-૬-૨૦૦૨ (અ) ૧૬૫. મી.મી. વ્યાસ ડીટીએચ. બોર (સબ. પંપ) | | | | |
| ૧ | મોડાસા | નાદરી મુલોજ | ગામમાં | ૧ |
| ૨ | મોડાસા | મોટી ચીચણો | ગામમાં | ૧ |
| ૩ | મોડાસા | બડોદરા | કુવા પાસે | ૧ |
| ૪ | મોડાસા | ભેરૂન્ડા | તળાવ નજીક | ૧ |
| ૫ | મોડાસા | વાંટડા કાબોલ | સાદા કુવા પાસે | ૧ |
| ૬ | માલપુર | માલપુર | પશુદવાખાના પાસે | ૧ |
| ૭ | માલપુર | નાનાવાડા | વાંઘા નજીક | ૧ |
| ૮ | બાયડ | બોડાસણ | ગામતળ | ૧ |
| ૯ | બાયડ | જુના ઉંટરડા | ગામતળ | ૧ |
| ૧૦ | મેઘરજ | રામગઢી | ગામતળ | ૧ |
| ૧૧ | ભિલોડા | રાયસીંગપુર | અસારી જીવાભાઈના ખેતર પાસે | ૧ |
| ૧૨ | ખેડબ્રહ્મા | આંબા મહુડા | પરમાર અરજણ દેવજીના ખેતર પાસે | ૧ |
| ૧૩ | ખેડબ્રહ્મા | કોલંદ | બુબડીયા ભોજા નવાના ખેતરના ખુણે | ૧ |
| ૧૪ | ભિલોડા | ગઢફળી બાલેટા | પ્રા.શાળા પાસે | ૧ |
| ૧૫ | ખેડબ્રહ્મા | ઝાંઝવા પાંણાઈ | પુજા ધુળા પારગીના ઘર પાસે | ૧ |
| ૧૬ | ખેડબ્રહ્મા | બહેડીયા | સોલંકી હગરા હકમાના ઘર પાસે | |
| ૧૭ | ખેડબ્રહ્મા | ખેડવા | નિનામા પુના કાળાના ઘર પાસે | ૧ |
| ૧૮ | ખેડબ્રહ્મા | દંત્રાલ | ડાભી સવજી કેસરાના ઘરની ડાબી બાજુ | ૧ |
| ૧૯ | ખેડબ્રહ્મા | કાલીકાંકર | ગમાર વેલા ભેરાના ઘર પાસે | ૧ |
| ૨૦ | ખેડબ્રહ્મા | અજાવાસ | ગમાર નાથા સોમાના ઘર પાસે | ૧ |
| ૨૧ | ખેડબ્રહ્મા | દીગથલી | પારગી ભાણા વસ્તાના ઘર પાસે | ૧ |
| ૨૨ | ભિલોડા | ઓડ-૧ | ગામેતી કનુભાઈ જીવાભાઈના ઘર પાસે | ૧ |
| ૨૩ | ભિલોડા | ઓડ-૨ | ભરાડા ધુળજી ધનજીના ઘર પાસે | ૧ |
| ૨૪ | ભિલોડા | ઓડ-૩ | પારગી ધરમદાસ કલ્યાણદાસના ઘર પાસે | ૧ |
| ૨૫ | ભિલોડા | કિશનગઢ | તબીયાડ કાળાજી કમજીના ઘર પાસે | ૧ |
| ૨૬ | ભિલોડા | નવલપુર (કુશ્કી) | બસસ્ટેન્ડ પાસે | ૧ |
| ૨૭ | ખેડબ્રહ્મા | દેમતી | પીપલસરી બસસ્ટેશન | ૧ |
| ૨૮ | ખેડબ્રહ્મા | મતરવાડા | પારગી મેણા ભુતાના ઘર પાસે | ૧ |
| ૨૯ | ખેડબ્રહ્મા | કોટડા | ગમાર બાબુ ગલજીના ઘર પાસે | ૧ |
| ૩૦ | વિજયનગર | નલીયાવાડા | પ્રા, શાળા પાસે | ૧ |
| ૩૧ | ભિલોડા | બાવળીયા ટોરડા | આદર્શ પ્રા. શાળા | ૧ |
| ૩૨ | ભિલોડા | રામપુરી | ડુગરી ફળી, ભગોરા નંદુ પુનાજીના ઘર પાસે | ૧ |
| ૩૩ | ઈડર | આરસોડીયા | રોડની બાજુમાં | ૧ |
| ૩૪ | ઈડર | ઈટડી | ગામતળમાં, વાંઘાની બાજુમાં | ૧ |
| ૩૫ | ઈડર | જોરાપુર (બડોલ) | ગામમાં જુના રસ્તાની બાજુમાં | ૧ |
| ૩૬ | વડાલી | નારણેશ્વરકંપો | રસ્તાની બાજુમાં | ૧ |
| | | | કુલ :- | ૩૬ |

| | | | | |
|---|---|---|---|---|
| **(વર્ષ, તા. ૧-૭-૨૦૦૧ થી તા. ૩૦-૬-૨૦૦૨ (બ) ૧૬૫. મી.મી. વ્યાસ બોર (પોકેટ યોજના ફકત બોર)** | | | | |
| ૩૭ | ભિલોડા | મસોતા | ડામોર માવાજી સંગ્રામના ઘર પાસે | ૧ |
| ૩૮ | મેઘરજ | બ્રહમણ કોટડા | ગામતળ | ૧ |
| | | | **કુલ :-** | **૨** |

| | | | | |
|---|---|---|---|---|
| **(વર્ષ, તા. ૧-૭-૨૦૦૧ થી તા. ૩૦-૬-૨૦૦૨) (ક) ૨૦૦ મી.મી. વ્યાસ ડી.આર. બોર (સબ. પંપ)** | | | | |
| ૩૯ | પ્રાંતિજ | જેનપુર | જુના બોર પાસે | ૧ |
| ૪૦ | પ્રાંતિજ | સદાના મુવાડા | પંપ હાઉસ પાસે | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૧ | પ્રાંતિજ | સલાલ | ગામતળ | ૧ |
| ૪૨ | મોડાસા | ઢાંખરોલ | ગામતળ | ૧ |
| ૪૩ | ધનસુરા | કનાલ | ગામતળ | ૧ |
| ૪૪ | તલોદ | બડોદરા | તળાવ પાસે | ૧ |
| ૪૫ | પ્રાંતિજ | તાજપુર (ઓ) | ડેરી સામે | ૧ |
| ૪૬ | પ્રાંતિજ | અમીનપુરા | તળાવની બાજુમાં | ૧ |
| ૪૭ | પ્રાંતિજ | સલાલ | કેનાલની બાજુમાં | ૧ |
| ૪૮ | પ્રાંતિજ | કમાલપુર | પંચાયત ઓફિસ સામે | ૧ |
| ૪૯ | પ્રાંતિજ | મોરવાડ | નદીના પટની બાજુમાં | ૧ |
| ૫૦ | પ્રાંતિજ | નનાનપુર | ગામતળમાં | ૧ |
| ૫૧ | પ્રાંતિજ | ઓરાણ | પંપ હાઉસ પાસે | ૧ |
| ૫૨ | પ્રાંતિજ | તખતગઢ | રોડની બાજુમાં | ૧ |
| ૫૩ | તલોદ | આંજણા | વાંઘાની બાજુમાં | ૧ |
| ૫૪ | તલોદ | રૂપાલ | ગામતળમાં | ૧ |
| ૫૫ | તલોદ | ધાંધવાસણ | પ્રા. શાળા | ૧ |
| ૫૬ | તલોદ | તોરણીયા | વક્તાપુર ગામતળમાં | ૧ |
| ૫૭ | તલોદ | વરવાડા | કાચા રસ્તાની બાજુમાં | ૧ |
| ૫૮ | તલોદ | સાદોલીયા | ગામતળમાં | ૧ |
| | | | **કુલ :-** | **૨૦** |
| **(વર્ષ, તા. ૧-૭-૨૦૦૧ થી તા. ૩૦-૬-૨૦૦૨ (ડ) ૨૦૦ મીમી. વ્યાસ કોમ્બીનેશન બોર (સબ. પંપ)** | | | | |
| ૫૯ | હિંમતનગર | બીલપણકંપો | ગામતળ | ૧ |
| ૬૦ | હિંમતનગર | રાજપુર (ગાંભોઈ) | રોડપાસે | ૧ |
| ૬૧ | ઈડર | ઈસરવાડા | ગામતળ | ૧ |
| ૬૨ | હિંમતનગર | કેવણ | ગામતળ | ૧ |
| ૬૩ | હિંમતનગર | બલવંતપુરા | રેલ્વે ક્રોસીંગ પાસે | ૧ |
| ૬૪ | હિંમતનગર | માનપુર | જુના બોર પાસે | ૧ |
| ૬૫ | હિંમતનગર | નવા | રોડ પાસે | ૧ |
| ૬૬ | હિંમતનગર | મહેરપુરા | કબ્રસ્તાન પાસે | ૧ |
| ૬૭ | હિંમતનગર | ગાંભોઈ | રોડની બાજુમાં | ૧ |
| ૬૮ | હિંમતનગર | અમરાપુર (સાકરોડીયા) | ગામતળમાં | ૧ |
| ૬૯ | હિંમતનગર | હમીરગઢ (ખેડ) | ગામતળમાં | ૧ |
| | | | **કુલ :-** | **૧૧** |
| | | | **ગ્રાન્ટ સરવાળો** | **૬૯** |
| ૭૦ | મોડાસા | શામપુર | ગામતળમાં | ૧ |
| ૭૧ | મોડાસા | દોલપુર (શિ) | જુના સાદા કુવા પાસે | ૧ |
| ૭૨ | બાયડ | મોતીપુરા રણેચી | ભાથીની મંદિર પાસે | ૧ |
| ૭૩ | ખેડબ્રહ્મા | લાંબડીયા | પાણીની ટાંકી પાસે | ૧ |
| ૭૪ | વિજયનગર | ખોખરા | ખરાડી ફળી વાંઘા પાસે | ૧ |
| ૭૫ | વિજયનગર | બંધણા | રબારીવાસ, કાયમી બંધ હે. પંપ અને આર.સી.સી. ટાંકી પાસે | ૧ |
| ૭૬ | ખેડબ્રહ્મા | કરૂન્ડા | ગ્રામ પંચાયત પાસે, પ્રા.શાળા પાસે | ૧ |
| ૭૭ | ખેડબ્રહ્મા | દેરોલ(વા) | હયાત સોર્સ નજીક | ૧ |
| ૭૮ | ખેડબ્રહ્મા | પરોયા | હયાત કુવા પાસે, કોસંબી નદી નજીક | ૧ |
| ૭૯ | ભિલોડા | ભિલોડા-કંપો | ખેતીવાડી ફોર્મ પાસે | ૧ |
| ૮૦ | મોડાસા | માથાસુલીયા | ગામતળ | ૧ |
| ૮૧ | હિંમતનગર | સવગઢ | ડામર રોડની બાજુમાં | ૧ |
| ૮૨ | ઈડર | પાનોલ | ગામતળમાં | ૧ |
| ૮૩ | ઈડર | પોશીના ઘાંટી | ગામતળમાં | ૧ |
| ૮૪ | ઈડર | વસઈ | રોડની બાજુમાં | ૧ |
| ૮૫ | ઈડર | મોટા કોટડા | ગામતળમાં | ૧ |
| | | | **કુલ :-** | **૧૬** |
| **(વર્ષ, તા. ૧-૭-૨૦૦૨ થી તા. ૩૦-૬-૨૦૦૩ (બ) ૧૬૫ મીમી. વ્યાસ પોકેટ યોજના બોર** | | | | |
| ૮૬ | ભિલોડા | પહાડા | પંચાલ ભીખા છગનના ઘર પાસે | ૧ |
| ૮૭ | ભિલોડા | પાટીયાકુવા | ભગોરા રમીલાબેન કે.ના ઘર પાસે | ૧ |
| ૮૮ | વિજયનગર | વિજયનગર | પાશ્વનાથ સોસાયટી પાસે, | ૧ |
| ૮૯ | વિજયનગર | હાથીયા | કટારા અરવિંદ ધુળાના ઘર પાસે | ૧ |
| ૯૦ | વિજયનગર | ઝીંઝુડી | બસસ્ટેન્ડ પાસે કા. બંધ હે. પંપ પાસે | ૧ |
| ૯૧ | વિજયનગર | ગોપાલકુંજ | પ્રા.શાળા પાસે, હવાડા નજીક | ૧ |
| ૯૨ | વિજયનગર | કઠવાવડી | રબારી માલાભાઈ મણકાભાઈ અને ચૌહાણ અલુસિંહ વાઘાસિંહના ઘર વચ્ચે | ૧ |
| ૯૩ | વિજયનગર | પાલ | પ્રા.શાળા નજીક, શહીદ સ્મારક નજીક | ૧ |
| ૯૪ | ખેડબ્રહમા | હિગટીયા જાગીર | પ્રા.શાળા પાછળ, પારગી લલીતભાઈના ઘર પાસે | ૧ |
| ૯૫ | ભિલોડા | શંકરપુરા | વોટર વર્કસના કુવા પાસે | ૧ |
| ૯૬ | વડાલી | ઘરોલ | રોડની બાજુમાં | ૧ |
| | | | **કુલ :-** | **૧૧** |

**(વર્ષ, તા. ૧-૭-૨૦૦૨ થી તા. ૩૦-૬-૨૦૦૩ (ક) ૨૦૦ મીમી વ્યાસ કોમ્બીનેશન બોર (સબ. પંપ)**

| | | | | |
|---|---|---|---|---|
| ૯૭ | મોડાસા | ગારૂડી | ગામતળમાં | ૧ |
| ૯૮ | ધનસુરા | ગોપાલપુર | ગામતળમાં | ૧ |
| ૯૯ | ધનસુરા | નવલપુર | ગામતળમાં | ૧ |
| ૧૦૦ | હિંમતનગર | વાંટડા | ખેતરના શેઢા ઉપર રોડ પાસે | ૧ |
| ૧૦૧ | હિંમતનગર | દેધરોટા | હેડવર્કસ ખાતે | ૧ |
| ૧૦૨ | હિંમતનગર | હાજીપુર | ડામર રોડની બાજુમાં | ૧ |
| ૧૦૩ | હિંમતનગર | પૃથ્વીપુરા | ગામતળમાં | ૧ |
| ૧૦૪ | હિંમતનગર | પુરૂષોત્તમનગર | ગામતળમાં | ૧ |
| ૧૦૫ | હિંમતનગર | ઢુંઢર | ગામથી પશ્ચિમે | ૧ |
| | | | કુલ :- | ૯ |

**(વર્ષ, તા. ૧-૭-૨૦૦૨ થી તા. ૩૦-૬-૨૦૦૩ (ડ) ૨૦૦ મીમી વ્યાસ ડી.આર. બોર**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૬ | તલોદ | અણીયોર | ગામતળમાં | ૧ |
| ૧૦૭ | ઈડર | વેરાબર | ગામતળમાં | ૧ |
| ૧૦૮ | પ્રાંતિજ | જેનપુર | ગામમાં | ૧ |
| ૧૦૯ | પ્રાંતિજ | કમાલપુર | ગામતળમાં | ૧ |
| ૧૧૦ | તલોદ | ગોરા | ગામની પશ્ચિમ બાજુમાં | ૧ |
| | | | **કુલ :-** | ૫ |
| | | | **કુલ ગ્રાન્ટ સરવાળો :-** | ૪૧ |

**(વર્ષ, તા. ૧-૭-૨૦૦૩ થી તા. ૩૦-૬-૨૦૦૪ (બ ) ૧૬૫ મીમી પોકેટ યોજના (ફક્ત બોર)**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧૧ | હિંમતનગર | ભાવપુર | ગામની દક્ષિણે રોડની બાજુમાં | ૧ |
| ૧૧૨ | હિંમતનગર | બેરણા | જુના બોરની બાજુમાં | ૧ |
| ૧૧૩ | મેઘરજ | ઉકરડી | સાદા કુવા પાસે | ૧ |
| ૧૧૪ | બાયડ | વાંટા | હે. પંપ પાસે | ૧ |
| ૧૧૫ | માલપુર | જાલમપુર | સરપંચ ફળી | ૧ |
| ૧૧૬ | મેઘરજ | કુણોલ | હરિજનવાસ | ૧ |
| ૧૧૭ | હિંમતનગર | દેસાસણ | મંદિર પાસે | ૧ |
| | | | **કુલ :** | ૭ |

## (વર્ષ, તા. ૧-૭-૨૦૦૩ થી તા. ૩૦-૬-૨૦૦૪ (બ ) ૧૬૫ મીમી પોકેટ યોજના (ફક્ત બોર)

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧૮ | ખેડબ્રહ્મા | ચાંગોદ | મકવાણા ફળી, તેજા માંના ના ઘર પાસે | ૧ |
| ૧૧૯ | ખેડબ્રહ્મા | ઈટાવા | તરાળ કાળુ લુકાના ઘર પાસે, પ્રા. શાળાના હયાત હે. પંપ નજીક | ૧ |
| ૧૨૦ | ખેડબ્રહ્મા | વિખરણ | પ્રા. શાળા નજીક, હયાત ચાલુ હે. પંપ પાસે | ૧ |
| ૧૨૧ | ભિલોડા | ચિભડીયારા | પ્રા. શાળા અને આંગણવાડી વચ્ચે | ૧ |
| ૧૨૨ | ભિલોડા | શોભાયકા | પ્રા. શાળા નજીક, કટારા ગમુભાઈ મંગળાભાઈના ખેતરના ખૂણે | ૧ |
| ૧૨૩ | ભિલોડા | ઝુમસર છાપરા | તળાવ પાસે, પ્રા. શાળાની દક્ષિણે | ૧ |
| ૧૨૪ | ભિલોડા | વેજપુર | બરંડા અમરતલાલ અળખાજી | ૧ |
| ૧૨૫ | ભિલોડા | કમઠાડિયા | નવી વસાહત બુવડ શંકરજી રતનાજીના ઘર પાસે | ૧ |
| ૧૨૬ | ભિલોડા | પાદરા (ઉબસલ) | અસારી મણીલાલ કાન્તીભાઈના ઘર પાસે | ૧ |
| ૧૨૭ | વિજયનગર | કોડીયાવાડા | ચોલવીયા વાઘાજી સોમજીના ખેતરના ખુણે | ૧ |
| ૧૨૮ | વિજયનગર | સરસવ | ભૈરવનાથ મંદિર પાસે | ૧ |
| ૧૨૯ | ખેડબ્રહ્મા | લક્ષ્મીપુરા | ફાભીપુરા ફળી | ૧ |
| ૧૩૦ | વિજયનગર | કેલાવા | ધાંગી જીવા રામજીના ખેતરના ખૂણે | ૧ |
| ૧૩૧ | મેઘરજ | ગેડ | સ્કૂલ નજીક | ૧ |
| ૧૩૨ | મેઘરજ | વાંટા પાણીબાર | સ્કૂલ નજીક | ૧ |
| | | | **કુલ :** | **૧૫** |
| ૧૩૩ | પ્રાંતિજ | ગલેરારા | રસ્તાની બાજુમાં | ૧ |
| ૧૩૪ | પ્રાંતિજ | સાંપડ | ગામથી પશ્ચિમ વિસ્તારમાં રસ્તાની બાજુમાં | ૧ |
| | | | **કુલ :** | ૨ |

## (વર્ષ, તા. ૧-૭-૨૦૦૩ થી તા. ૩૦-૬-૨૦૦૪) (ડ ) ૨૦૦ મીમી વ્યાસ કોમ્બીનેશન બોર (સબ. પંપ)

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩૫ | હિમતનગર | ગઢોડા | રોડની બાજુમાં | ૧ |
| ૧૩૬ | હિંમતનગર | પોલજપુર | કાચા રસ્તાની બાજુમાં | ૧ |
| ૧૩૭ | હિંમતનગર | ગોવિંદપુરા | જુના કુવાની બાજુમાં | ૧ |
| ૧૩૮ | હિમતનગર | જાંબુડી | વાંઘાની બાજુમાં | ૧ |
| | | | **કુલ :** | ૪ |
| | | | **કુલ સરવાળો :-** | ૨૮ |
| | | | **કુલ ગ્રાન્ટ સરવાળો :-** | ૧૩૮ |
| | | | | |

(૩) નવીન ટયુબવેલ નંગ ૧૩૮ માં કુલ ૨૧૯.૯૬ લાખ ખર્ચ થયેલ છે. તે પૈકી ૧૧૯ નંગ ટયુબવેલમાં પાણી પુરવઠો ચાલુ કર્યો તેનો ખર્ચ રૂા. ૨૦૬.૮૮ લાખ થયેલ છે.

----------

## ગાંધીનગર જિલ્લામાં પૂર્ણ થયેલ પાણી પુરવઠા યોજનાઓ

અતારાંકિત : ૨૩૬૯ (૨૦-૭-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સને ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ના વર્ષમાં ગાંધીનગર જીલ્લામાં તાલુકાવાર નવી મંજુર થયેલી કેટલી પાણી પુરવઠાની યોજનાઓ પૂર્ણ કરવામાં આવી,

(૨) કેટલી યોજનાઓના કામો તા. ૩૧-૦૫-૦૪ની સ્થિતિએ બાકી છે,

(૩) તે કેટલા સમયમાં પૂર્ણ થશે, અને

(૪) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૦-૧૦-૨૦૦૪) :

(૧) વર્ષ ૨૦૦૨-૦૩ અને વર્ષ ૨૦૦૩-૦૪માં તાલુકાવાર નીચેની વિગતે સ્વતંત્ર પાઇપ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ થયેલ છે.

| વર્ષ | તાલુકો | પૂર્ણ થયેલ યોજનાની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧. ગાંધીનગર | ૩૮ |
| | ૨. દહેગામ | ૨૭ |
| | ૩. માણસા | ૩૪ |
| | ૪. કલોલ | ૧૯ |
| | કુલ :- | ૧૧૮ |
| ૨૦૦૩-૦૪ | ૧. ગાંધીનગર | ૫૭ |
| | ૨. દહેગામ | ૯૬ |
| | ૩. માણસા | ૭૦ |
| | ૪. કલોલ | ૬૨ |
| | કુલ :- | ૨૮૫ |

(૨) એક પણ નહી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| ૨૦૦૨-૦૩ | રૂ. ૮૫૩.૦૭ લાખ |
| ૨૦૦૩-૦૪ | રૂ. ૧૧૪.૪૨ લાખ |

-------------

## દહેગામ તાલુકામાં પાણી પુરવઠા યોજનાના કામો

અતારાંકિત : ૨૩૮૭ (૨૦-૭-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) દહેગામ તાલુકામાં તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ કેટલી પાણી પુરવઠા યોજનાઓની કામગીરી ચાલી રહી છે, અને

(૨) આ તમામ પાણી પુરવઠા યોજનાઓ કયાં સુધીમાં પુર્ણ થશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૦-૧૦-૨૦૦૪) :

(૧) ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકામાં જુદા જુદા કાર્યક્રમો હેઠળ ૮ સ્વતંત્ર પાણી પુરવઠા યોજના તથા સુજલામ સુફલામ યોજના હેઠળના એસ. ડબલ્યુ.જી.-૨ પેકેજ હેઠળ એક જુથ પાણી પુરવઠા યોજનાના કામોની કામગીરી ચાલી રહી છે.

(૨) બીન અછત હેઠળના સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાના કામો ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં તથા સુજલામ - સુફલામ અન્વયેના કામો ઓગષ્ટ-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

## ગાંધીનગર જીલ્લામાં પાણીમાં ક્ષાર અને ફ્લોરાઇડનું પ્રમાણ

અતારાંકિત : ૨૪૮૨ (૪-૮-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જીલ્લામાં તાલુકાવાર સ્વતંત્ર અને જુથ પાણી પુરવઠા યોજનાવાર ટી.ડી.એસ. ક્ષાર અને ફ્લોરાઇડનું પ્રમાણ કેટલું છે, અને

(૨) પીવાનું પાણી શુધ્ધ મળી રહે તે માટે સરકારનું શું આયોજન છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૭-૧૦-૨૦૦૪) :

(૧) (અ) સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓમાં ક્ષાર તથા ફલોરાઇડનું પ્રમાણ *પરિશિષ્ટ-૧ મુજબ છે.

(બ) ગાંધીનગર જીલ્લામાં હાલમાં એક પણ જુથ યોજના કાર્યરત નથી.

(૨) સમગ્ર ગાંધીનગર જીલ્લાના તમામ ગામોને નર્મદા કેનાલ આધારિત વિવિધ જુથ પાણી પુરવઠા યોજના તળે આવરી લેવાનું આયોજન છે.

(* પરિશિષ્ટ-૧ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------------

**દહેગામ તાલુકામાં પીવાનું પાણી સંપૂર્ણ પ્રેસરથી પુરુ પાડવા માટે આયોજન**

અતારાંકિત : ૨૫૭૨ (૯-૮-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) દહેગામ તાલુકામાં જુથ પાણી પુરવઠા યોજના હેઠળ તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ કેટલા અને કયા-કયા ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે,

(૨) આ ગામોમાંથી કયા-કયા ગામોને સંપૂર્ણ પ્રેસરથી પાણી મળતું નથી, અને

(૩) તેના માટે શું આયોજન કરેલ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૦-૧૦-૨૦૦૪) :

(૧) એકપણ ગામને પીવાનું પાણી આપવામાં આવતું નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**ત્વરીત ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે નાણાંની ફાળવણી અને ખર્ચ**

અતારાંકિત : ૨૬૪૭ (૩-૯-૨૦૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને ત્વરીત ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ માટે જુલાઇ-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમો ફાળવી અને ખર્ચ કરવામાં આવી,

(૨) રાજ્ય સરકાર દ્વારા આ કાર્યક્રમ માટે કુલ કેટલી રકમની માંગણી કરવામાં આવી હતી,

(૩) આ કાર્યક્રમ માટે ઓછી રકમો કેન્દ્ર સરકારે કેમ ફાળવી,

(૪) ઓછી ફાળવણી અંગે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને ક્યારે અને કેટલી રજુઆતો કરી,

(૫) આ કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકારે કયાં-કયાં ને કેટલી રકમો ફાળવી અને ખર્ચવામાં આવી, અને

(૬) આ રકમો જીલ્લા સ્તરે ફાળવવાના ધોરણો કયા છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૫-૧૧-૨૦૦૪) :

(૧) નીચેની વિગતે

(રકમ રૂપિયા લાખમાં)

| વર્ષ | ફાળવણી | મળેલ રકમ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૦૧-૦૨ | ૭૮૩૭ | ૯૩૭૬.૩૦ | ૧૦૭૬૯.૫૮ |
| ૨૦૦૨-૦૩ | ૬૪૯૨ | ૯૮૪૫.૦૦ | ૯૩૩૯.૭૩ |
| ૨૦૦૩-૦૪ | ૫૫૩૭ | ૮૩૦૫.૦૦ | ૧૧૮૨૮.૦૦ |
| ૨૦૦૪-૦૫ (જુન-૨૦૦૪ સુધી) | ૪૮૯૦ | ૨૪૪૫.૦૦ | ૨૪૪૯.૨૫ |

(૨) અને (૩) ત્વરીત ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ હેઠળ ભારત સરકાર દ્વારા બજેટમાંની જોગવાઇ અનુસાર રાજ્યના હિસ્સા મુજબ પ્રમાણસર ફંડ ફાળવણી કરવામાં આવે છે, તેથી માંગણી કરવાનો કે ઓછી રકમ મલ્યાનો પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) ત્વરીત ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ હેઠળ રાજ્યનાં દરેક જીલ્લામાં ફંડની ફાળવણી કરવામાં આવે છે. મુખ્યત્વે એમપાવર્ડકમિટી દ્વારા એ.આર.પી. હેઠળની જુથ યોજનાઓ મંજુર કરવામાં આવી હોય તે જીલ્લાઓને યોજના પૂર્ણ કરવા ફંડ ફાળવવામાં આવે છે. ઉપરાંત એન.સી./પી.સી.

પાણી પુરવઠા યોજના માટે પણ ફંડ ફાળવવામાં આવે છે. જીલ્લાવાર કરેલ જોગવાઇ અને ખર્ચની વિગત નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

| અ.નં. | જીલ્લો | વર્ષ ૨૦૦૧-૦૨ (રૂા. લાખમાં) | | વર્ષ ૨૦૦૨-૦૩ (રૂા. લાખમાં) | | વર્ષ ૨૦૦૩-૦૪ (રૂા. લાખમાં) | | વર્ષ ૨૦૦૪-૦૫ (જુન ૨૦૦૪ સુધી) | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ફાળવણી | ખર્ચ | ફાળવણી | ખર્ચ | ફાળવણી | ખર્ચ | ફાળવણી | ખર્ચ |
| ૧ | વડોદરા | ૪૮૪ | ૫૪૮.૮૬ | ૨૦૦.૦ | ૧૦૧.૬૩ | ૨૧૭.૭૦ | ૮૪.૫૪ | ૧૮૦.૦ | ૩૦.૪૩ |
| ૨ | ખેડા | ૮૫ | ૧૧૬.૬૮ | ૧૫૦.૦ | ૧૩૮.૭૮ | ૧૩૩.૪ | ૫૩.૫૨ | ૧૨૦ | ૨૯.૪૭ |
| ૩ | આણંદ | ૪૪૮ | ૧૩૩૭.૨૦ | ૨૫૦ | ૩૧૮.૮૫ | ૧૩૧.૧૦ | ૬૭.૦૧ | ૮૫ | ૧૫.૬૮ |
| ૪ | ગોધરા | ૨૫૧ | ૫૪૬.૪૬ | ૪૦૦ | ૬૨૧.૬૯ | ૩૦૧ | ૨૦૨.૨૧ | ૧૦૦ | ૧૦૮.૩૭ |
| ૫ | દાહોદ | ૪૬૩.૫ | ૦.૭૬ | ૫૦ | ૩.૬૩ | ૫૬.૫૦ | ૧૯.૧૩ | ૨૫ | ૫.૧૫ |
| ૬ | સુરત | ૫૪૩.૫૦ | ૪૮૪.૮૧ | ૫૦૦ | ૪૧૭.૬૪ | ૧૧૯૭ | ૧૮૧૮.૮૩ | ૧૫૦૦ | ૭૦૧.૬૩ |
| ૭ | ભરૂચ | ૭૧.૫૦ | ૧૦૬.૯૦ | ૫૦ | ૩૯.૬૮ | ૧૨૪.૯૦ | ૨૪.૭૮ | ૭૫ | ૬.૪૪ |
| ૮ | નર્મદા | ૧૨.૫ | ૦ | ૧૦૦ | ૬૮.૪૨ | ૧૦.૩ | ૫૨.૦૭ | ૩૦ | ૧૭.૩૮ |
| ૯ | વલસાડ | ૧૨૫ | ૩૩૮.૨૯ | ૪૦૦ | ૩૯૮.૩૧ | ૧૭૭.૮ | ૫૨૦.૬૪ | ૯૦ | ૧૯૪.૨૦ |
| ૧૦ | નવસારી | ૨૮૯.૫ | ૨૬૫.૧૬ | ૪૦૦ | ૩૮૭.૯૪ | ૮૨૧.૩ | ૫૯૯.૩૬ | ૫૨૦ | ૧.૧૦ |
| ૧૧ | ડાંગ | ૧૭૫.૦૦ | ૧૫૩.૫૫ | ૧૫૦ | ૧૪૩.૪૯ | ૧૦૪.૯ | ૪૯.૫૧ | ૭૦ | ૯,૦૪ |
| ૧૨ | અમદાવાદ | ૧૩૯.૫ | ૧૧૭.૨૬ | ૨૦૦ | ૧૮૬.૮૪ | ૨૦૧.૪ | ૩૦૩.૨ | ૧૭૫ | ૧૦૬.૯૮ |
| ૧૩ | ગાંધીનગર | ૭.૭૦ | ૫.૬૫ | ૫૦ | ૬૭૧.૫૧ | ૦.૦ | ૩૯૦.૨૦ | ૦.૦ | ૫.૩૪ |
| ૧૪ | સાબરકાંઠા | ૧૫૯ | ૨૬.૨૧ | ૨૭૦ | ૨૭૪.૪૧ | ૨૯૫ | ૭૧૫.૯૭ | ૩૦૦ | ૧૦.૭૨ |
| ૧૫ | મહેસાણા | ૮૯૧.૫૦ | ૬૬૨.૫૯ | ૩૦૦ | ૧૮૦.૩૮ | ૫૧૨.૮ | ૧૦૨.૪૨ | ૫૨૫ | ૧.૬ |
| ૧૬ | પાટણ | ૧૧૪ | ૨૬૦.૭૭ | ૫૦ | ૪૪.૪૬ | ૧૦૧.૨૦ | ૩૫.૫૯ | ૮૫ | ૦.૬૧ |
| ૧૭ | બનાસકાંઠા | ૪૧૭.૮૦ | ૮૮૬.૨૫ | ૫૦૦ | ૯૦૨.૫૨ | ૬૨૦.૮૦ | ૧૨૪૯.૩૭ | ૧૯૦ | ૧૭૮.૨૩ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૬૦.૫ | ૬૯.૫૭ | ૩૦૦ | ૩૭૫.૧૨ | ૬૬.૩ | ૧૫૬.૬૪ | ૭૦ | ૭૮.૫ |
| ૧૯ | રાજકોટ | ૬૦૨ | ૨૭૫.૩૪ | ૧૫૦ | ૧૫૭.૪૧ | ૬૦૪.૭ | ૧૧૯.૦૫ | ૨૮૦ | ૮.૭૬ |
| ૨૦ | જામનગર | ૩૧૫.૫ | ૫૯૮.૧૬ | ૩૦૦ | ૨૯૭.૪ | ૧૩૬.૪ | ૩૩૬.૩૧ | ૫૫ | ૬.૩૯ |
| ૨૧ | જુનાગઢ | ૧૯૪૫ | ૮૧૯.૩૬ | ૨૦૦ | ૧૦.૧૯ | ૫૧૦.૫ | ૧૬૧૪.૫૬ | ૩૧૫ | ૬૪૭.૬ |
| ૨૨ | પોરબંદર | ૧૪૧ | ૨૦૬.૭૫ | ૧૦૦ | ૭૧.૨૪ | ૧૯૩.૯ | ૯૩.૧૮ | ૫૦ | ૮.૮ |
| ૨૩ | કચ્છ | ૧૬૭ | ૧૨૬૦.૮૯ | ૨૨૦૦ | ૨૨૧૨.૬૨ | ૧૬૦૦ | ૨૪૦૧.૪૪ | ૧૦૬૦ | ૧૧.૭૬ |
| ૨૪ | ભાવનગર | ૧૫૭.૫ | ૨૦૯.૭૩ | ૧૫૦ | ૧૨૯.૧૪ | ૫૩.૪૦ | ૬૬.૨૧ | ૩૦ | ૧૭.૭૦ |
| ૨૫ | અમરેલી | ૫૫૩.૫૦ | ૬૮.૦૮ | ૪૦૦ | ૩૬૩.૦૬ | ૧૩૨.૬૦ | ૧૯.૩૩ | ૭૦ | ૨.૯૦ |
| ૨૬ | મ. અને નિ. ખર્ચ | | ૧૪૦૪.૩૦ | ૨૦૨૬ | ૮૨૩.૩૭ | | ૭૩૨.૯૦૩ | | ૨૪૪.૪૭ |
| | કુલ | ૮૬૨૦.૦૦ | ૧૦૭૬૬.૬૦ | ૯૮૪૬.૦ | ૯૩૩૯.૭ | ૮૩૦૫.૦ | ૧૧૮૨૮.૦ | ૬૦૦૦ | ૨૪૪૯.૩૦ |

(૬) ઉપર મુજબ જે જીલ્લાઓની એ.આર.પી. હેઠળની પાણી પુરવઠા યોજનાઓ એમ્પાવર્ડ કમિટિ દ્વારા મંજૂર થઈ હોય તેના પ્રમાણમાં જોઈતી રકમ ફાળવવામાં આવે છે.

------------------

## જાંબુઘોડા તાલુકાના લફણી તળાવ દ્વારા સિંચાઈ તથા થયેલ ખર્ચ

અતારાંકિત : ૨૭૭૩(૧૪-૧૦-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જાંબુઘોડા તાલુકાના લફણી સિંચાઈ તળાવમાંથી છેલ્લા સાત વર્ષથી સિંચાઈનું પાણી આપવામાં આવતું નથી, તો તે પાણી આપવા સરકારનું શું આયોજન છે,

(૨) તેને રીપેરીંગ કામ માટે છેલ્લા પાંચ વર્ષમાં સરકાર દ્વારા કોઈ રકમ ખર્ચવામાં આવી છે કે કેમ,

(૩) જો હા, તો તેની પાછળ સપ્ટેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ ૩-વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરેલ છે, અને

(૪) તા. ૩૦/૯/૦૪ ની સ્થિતિએ આ તળાવની શું પરિસ્થિતિ છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૯-૧૧-૨૦૦૪) :

(૧) લફણી સિંચાઈ તળાવ મરામતની કામગીરી નાણાંકીય ઉપલબ્ધિને આધિન હાથ ધરી પાણી આપવાનું આયોજન છે,

(૨) હા, છેલ્લા પાંચ વર્ષ પૈકી સને ૧૯૯૯-૨૦૦૦માં મરામત પાછળ રૂા. ૧.૧૩ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) સપ્ટેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ ત્રણ વર્ષમાં કોઈ ખર્ચ થયેલ નથી.

(૪) ચાલુ ચોમાસામાં (સને ૨૦૦૪) આ તળાવમાં આલેખિત જીવંત સંગ્રહ શકિત ૨૮ એમસીએફટીની સામે પુરેપુરો પાણીનો જથ્થો સંગ્રાયેલ હતો. તળાવમાં લીકેજના કારણે તા. ૩૦/૯/૦૪ ના રોજ પાણીનો જીવંત જથ્થો ૧૩ એમસીએફટી રહેવા પામેલ છે. સદર તળાવમાં મરામતની કામગીરી પૂર્ણ કરી સિંચાઈ કરવાનું આયોજન છે.

---------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરની ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૨૧૮૬ (૨૨-૬-૨૦૦૪) **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફીમેલ હેલ્થ વર્કરની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તે જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) ક્યાં સુધીમાં સરકારનું આ જગ્યાઓ ભરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૭-૧૦-૨૦૦૪) :

(૧) હળવદ - ૩
મૂળી - ૧
કુલ :- ૪

(૨) તા. ૧૨-૨-૦૪ના રોજ હળવદ તાલુકામાં ૪ અને મૂળી તાલુકામાં ૨ જગ્યાઓ એડહોક ધોરણે ભરવામાં આવેલ છે.

(૩) ફીમેલ હેલ્થ વર્કરની તાલીમ માટે ઉમેદવારોને મોકલેલ છે. તાલીમ પુરી થયેથી જેમ બને તેમ જલ્દીથી.

---------

## ભરૂચ જિલ્લા પંચાયતના બાંધકામ વિભાગના કર્મચારીઓને છૂટા કરવા અંગે

અતારાંકિત : ૨૨૨૩ (૨૫-૬-૨૦૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભરૂચ જિલ્લા પંચાયતના બાંધકામ વિભાગમાં ૨૯ દિવસ માટે કામ કરતા કર્મચારીઓની તા. ૩૧-૩-૦૪ સુધીમાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલી સંખ્યા હતી,

(૨) ૨૯ દિવસ કામ કરતા કર્મચારીઓમાં કેટલાને કાયમ કર્યા અને કેટલા કાયમ કરવાના બાકી છે,

(૩) ૨૯ દિવસ કામ કરતા કર્મચારીઓને કાયમ ન કરતાં કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા છે એ વાત સાચી છે, અને

(૪) જો હા, તો છૂટા કરવાના કારણો શાં છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૯-૧૧-૦૪) :

(૧) ૩૦ કર્મચારીઓ.

(૨) શૂન્ય.

(૩) હાજી, ૩૦ પૈકી ૨૮ કર્મચારીઓ હાઇકોર્ટ મેટરના કારણે નોકરીમાં ચાલુ છે.

(૪) વહીવટી કારણોસર.

----------

## ભરૂચ જિલ્લા પંચાયતના રેસ્ટ હાઉસમાં ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૩૬૫ (૭-૭-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભરૂચ જિલ્લા પંચાયતના કયા ક્યા ગામોમાં રેસ્ટ હાઉસ આવેલા છે,

(૨) આ રેસ્ટ હાઉસમાં કેટલા કર્મચારીઓનું મહેકમ ફાળવવામાં આવેલ છે,

(૩) ક્યા ક્યા રેસ્ટ હાઉસમાં કેટલા કર્મચારીઓ તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ છે અને કેટલા ગુજરી ગયા છે, અને

(૪) આ રેસ્ટ હાઉસમાં ખાલી જગા કેટલા સમયમાં ભરવા સરકાર માંગે છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૮-૧૦-૦૪) :

(૧)
| | |
|---|---|
| ૧. વાલીયા | ૬. જંબુસર |
| ૨. નેત્રંગ | ૭. આમોદ |
| ૩. ઝઘડીયા | ૮. ભરૂચ |

૪. રાજપારડી ૯. શુકલતીર્થ
૫. હાંસોટ ૧૦. વાગરા

(૨) રેસ્ટ હાઉસ દીઠ વર્ગ-૪ ના એક કર્મચારીનું મહેકમ ફાળવવામાં આવેલ છે.
(૩) વાલીયા, નેત્રંગ, ભરૂચ, શુકલતીર્થ, વાગરા તથા આમોદના રેસ્ટ હાઉસમાં કર્મચારીઓ ફરજ બજાવે છે. ૪ રેસ્ટ હાઉસમાં જગ્યા ખાલી છે જે પૈકી ઝઘડીયા અને રાજપારડી રેસ્ટ હાઉસના બે કર્મચારીઓ ગુજરી ગયેલ છે.
(૪) જેમ બને તેમ જલ્દીથી.

------------

**પારડી તથા ઉમરગામ તાલુકામાં તલાટી કમ મંત્રીની ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૨૩૯૬ (૫-૭-૦૪) **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વલસાડ જિલ્લાના પારડી તથા ઉમરગામ તાલુકાના ગામોમાં ઘણા લાંબા સમયથી તલાટી કમ મંત્રીની જગ્યાઓ ખાલી છે તે વાત સાચી છે,
(૨) જો હા, તો ક્યા ક્યા ગામોમાં તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને
(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૫-૧૦-૦૪) :

(૧) બધી જગ્યાઓ ઘણાં લાંબા સમયથી ખાલી નથી.
(૨) પારડી અને ઉમરગામ તાલુકાની ગામવાર ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | પારડી તાલુકાના ગામો | ઉમરગામ તાલુકાના ગામો |
|---|---|---|
| ૧. | મોટી તંબાડી | ઉમરગામ |
| ૨. | ગોયમા | ખતલવાડા |
| ૩. | મોટી તંબાડી | મરોલી |
| ૪. | પરીયા | ફણસા |
| ૫. | ઉમરસાડી | કલગામ |
| ૬. | રેંટલવા | નારગોલ |
| ૭. | ડુંમલાવ | ભીલાડ |
| ૮. | સલવાવ | સરીગામ |
| ૯. | ડુંગરા | - |
| ૧૦. | લીવરીઝર્વ | - |

(૩) જેમ બને તેમ જલ્દી.

-----------

**ગાંધીનગર જિલ્લામાં તલાટી કમ મંત્રીઓની ગેરહાજરી**

અતારાંકિત : ૨૪૨૦ (૭-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રીઓ તેમની ફરજ ઉપર ગેરહાજર રહે છે. તે અંગેની છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૫-૦૪ સુધીમાં સરકારમાં કોઇ ફરિયાદ મળેલ છે કે કેમ,
(૨) જો હા, તો ક્યા ક્યા ગામોનાં તલાટી કમ મંત્રીઓની ગેરહાજરી બાબતની ફરિયાદો મળેલ છે, અને
(૩) ફરિયાદો મળ્યા પછી આવા તલાટી કમ મંત્રીઓ પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૧-૧૦-૦૪) :

(૧) હા, જી.
(૨) તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સેજો** |
|---|---|---|
| ૧. | ગાંધીનગર | જલુંદ |
| ૨. | ગાંધીનગર | ભોયણ રાઠોડ |
| ૩. | ગાંધીનગર | દંતાલી |
| ૪. | ગાંધીનગર | શાહપુર-રતનપુર |
| ૫. | દહેગામ | કડજોદરા |
| ૬. | દહેગામ | પાટનાકુવા |
| ૭. | દહેગામ | જીંડવા |

(૩) કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે

-----------

**નવસારી જિલ્લામાં સો ચોરસવારના પ્લોટની ફાળવણી**

અતારાંકિત : ૨૫૦૦(૩૧-૭-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લાના તાલુકાવાર તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ૧૦૦ ચો. વારના પ્લોટ ફાળવવા લેન્ડ કમિટિની કેટલી બેઠકો મળી,
(૨) આ પ્રકારના કુલ કેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા,
(૩) આ માટે અરજીઓ આવી હતી, તે પૈકી કેટલા પ્લોટો ફાળવવામાં આવ્યા, અને
(૪) કેટલા પ્લોટ ફાળવવાના બાકી છે ?

**પંચાયત, ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ મંત્રીશ્રી** (૨૯-૧૦-૦૪) :

(૧) અને (૨) નવસારી જિલ્લાના તાલુકાવાર તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ૧૦૦ ચોરસવારના પ્લોટ ફાળવવા લેન્ડ કમિટીની તાલુકાવાર બેઠકો નીચે મુજબ મળેલ છે. તેમજ પ્લોટો ફાળવવામાં આવેલ છે.

| ક્રમાંક | તાલુકાનું નામ | લેન્ડ કમિટીની મળેલ બેઠકો | કુલ ફાળવેલ પ્લોટ |
|---|---|---|---|
| ૧. | નવસારી | ૪ | ૪૦૭ |
| ૨. | જલાલપોર | ૪ | ૫૧૮ |
| ૩. | ગણદેવી | ૩ | ૫૧ |
| ૪. | ચીખલી | ૫ | ૦૦ |
| ૫. | વાંસદા | ૩ | ૦૦ |
| | **કુલ..** | **૧૯** | **૯૭૬** |

(૩) અને (૪) આ માટે તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી, પ્લોટો ફાળવવામાં આવ્યા અને પ્લોટો બાકી છે.

| ક્રમાંક | તાલુકાનું નામ | આવેલ અરજીઓ | ફાળવવામાં આવેલ પ્લોટો | ફાળવવાના બાકી પ્લોટ |
|---|---|---|---|---|
| ૧. | નવસારી | ૪૦૯ | ૪૦૭ | ૦૨ |
| ૨. | જલાલપોર | ૫૪૮ | ૫૧૮ | ૩૦ |
| ૩. | ગણદેવી | ૯૧ | ૫૧ | ૪૦ |
| ૪. | ચીખલી | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫. | વાંસદા | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ..** | **૧૦૪૮** | **૯૭૬** | **૭૨** |

-----------

**જુનાગઢ જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ ખેત તલાવડીના કામો**

અતારાંકિત : ૨૫૫૩ (૧૧-૮-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુનાગઢ જિલ્લામાં તા. ૧-૧-૨૦૦૪ થી ૩૧-૭-૨૦૦૪ સુધીમાં સુજલામ સુફલામ યોજના હેઠળ ક્યા ક્યા તાલુકાના કયા કયા ગામે કેટકેટલી ખેત તલાવડીના કામો પૂર્ણ થયાં, અને
(૨) આ પૂર્ણ થયેલ કામોમાં કેટલા માનવદિન રોજગારી મળી, અને કુલ કેટલો ખર્ચ થયો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૧-૧૦-૦૪) :

(૧) જુનાગઢ જિલ્લામાં તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૭-૦૪ સુધીમાં ૨૦૬૮ ખેત તલાવડીના કામો પૂર્ણ થયેલ છે, જેની તાલુકાવાર/ગામવાર વિગતો સામેલ *પરિશિષ્ટ મુજબ છે.
(૨) આ પૂર્ણ થયેલ કામોમાં એકંદરે કુલ ૧,૪૬,૪૪૨ માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલ. આ કામો ઉપર આપવામાં આવેલ અનાજની કિંમત પેટે રૂા. ૫૯.૧૬ લાખ ખર્ચ થયેલ છે.

* (પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## રાજ્યમાં મહેસૂલ વિભાગ દ્વારા ઈ-ગર્વનન્સ અમલીકરણની શરૂઆત

અતારાંકિત : ૨૦૧૫ (૨૮-૫-૨૦૦૪) **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યના ૨૨૫ તાલુકાઓમાં જમીન દફતરનું કોમ્પ્યુટરાઈઝડ તાજેતરમાં કરવામાં આવ્યું તેમાં આવરી લેવાયેલ ખાતેદાર ખેડૂતો કેટલા, અને

(૨) તેમને મળનારો લાભ ક્યો કયો?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૧-૧૦-૨૦૦૪) :

(૧) કુલ ૯૦,૭૪,૮૯૫ ખાતેદાર ખેડૂતો.

(૨) જમીન દફતર કોમ્પ્યુટરાઈઝડ કરવાથી ખેડૂતોને નીચે દર્શાવેલ સેવાનો લાભ મળવાપાત્ર છે.

૧. ખાતેદારોને ૭/૧૨ અને ૮/અની કોમ્પ્યુટરાઈઝડ સુવાચ્ય નકલો તાલુકા મથકેથી તુરત જ મળી શકશે.

૨. કોઈ ખાતેદાર એકજ તાલુકાના જુદા જુદા ગામોએ જમીન ધરાવતા હોય તો તેઓ નકલ મેળવવા જુદા જુદા ગામોએ જવાને બદલે મામલતદાર કચેરીમાંથી ૭/૧૨ અને ૮/અ ની નકલો સહેલાઈથી મળી શકશે.

૩. ખાતેદારોનાં હક-હિત યોગ્ય રીતે નિભાવી શકાશે.

૪. રેકર્ડમાં ગેરકાયદેસર વ્યવહારોની તેમજ રેકર્ડ સાથે ચેડાનું પ્રમાણ અટકાવી શકાશે.

૫. ખાતેદારો દ્વારા મેળવેલ ધિરાણની વિગતો તથા મુક્ત થયેલ ધિરાણની વિગતો પ્રાપ્ત થઈ શકશે. જેથી અન્ય ધિરાણ મેળવવામાં તકલીફ પડશે નહિ.

૬. જમીન મહેસૂલ વહીવટમાં પારદર્શિતા અને ઝડપ આવશે.

૭. જમીનના વ્યવહારની અસરકારક દેખરેખ રાખવાથી વધુ નિયંત્રણ થઈ શકશે.

૮. મેન્યુઅલ રેકર્ડમાં ખેડૂત ખાતેદારોને ૭/૧૨ અને ૮/અ માટે જે તે ગામના તલાટી પાસે જવું પડે છે. તલાટી પાસેથી એકથી વધારે ગામ સેજામાં આવતા હોવાથી અને તલાટી ફેરવણીમાં અથવા તાલુકા મથકે સરકારી કામે ગયેલ હોવાથી ખેડૂત ખાતેદારોને ૭/૧૨ અને ૮/અ ની નકલ મેળવવા માટે મુશ્કેલી પડતી હતી જે મામલતદાર કચેરી તરફથી સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકશે.

૯. ખેડૂત ખાતેદારો પોતાના જમીનના પાક, ક્ષેત્રફળ, સિંચાઈ વગેરે સાથે માલિકી હક્કો, કબજેદારો, બોજાની જાણકારી મેળવી શકશે.

--------------

## ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આવેલ જમીનો પચાવી પાડવા અંગે

અતારાંકિત : ૨૬૨૬(૩-૯-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આવેલ જમીનો ગોપાલ અમીન નામના ઈસમે ગેરકાયદેસર પચાવી પાડી છે તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ અંગે સરકાર શાં પગલાં ભરવા માંગે છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૦-૧૧-૨૦૦૪) :

(૧) ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આવેલ કેટલીક જમીનો પરત્વે શ્રી ગોપાલ અમીન દ્વારા થયેલ શંકાસ્પદ વ્યવહારો ધ્યાને આવેલ છે.

(૨) આ અંગે અત્યાર સુધીમાં શ્રી અમીન સામે ગાંધીનગર પોલીસ સ્ટેશનમાં ચાર તથા અમદાવાદ શહેર પોલીસ સ્ટેશનમાં ત્રણ અને અમદાવાદ (ગ્રામ્ય) પોલીસ સ્ટેશનમાં બે પોલીસ ફરીયાદો દાખલ થયેલ છે. તેમજ આવા વ્યવહારોમાં સરકારના અન્ય કયા કયા કાયદાઓ/નિયમોનો ભંગ થયો છે તેની ઝીણવટભરી તપાસ માટે સરકારે ઉચ્ચ અધિકારીઓની એક અન્વેષક ટૂકડીની રચના પણ કરી છે.

-------------

## સુરત જિલ્લામાં ડામરના રસ્તાઓ

અતારાંકિત : ૨૦૧૨(૧૫-૫-૨૦૦૪) **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૧-૪-૨૦૦૨ થી ૩૦-૪-૦૪ સુધીમાં સુરત જિલ્લામાં સરકારની જુદી જુદી સ્કીમો હેઠળ પંચાયત અને સ્ટેટના કેટલા કી. મી. રસ્તાઓ ડામર સપાટીના બનાવવામાં આવેલ છે, અને

(૨) કુલ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૯-૧૧-૨૦૦૪) :

(૧) ૫૩૦.૦૮ કી. મી.

(૨) રૂા. ૯૦૯૩.૬૬ લાખ

-------------

**હળવદ અને મુળી તાલુકામાં વડાપ્રધાન ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાઓના કામો**

અતારાંકિત : ૨૧૮૦ (૨૨-૬-૨૦૦૪) **શ્રી જયંતિલાલ ર. કવાડિયા (હળવદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડાપ્રધાન ગ્રામ સડક યોજના હેઠળ કયા કયા ગામના રસ્તાઓના કામ મંજૂર કરેલ છે અને કેટલા કામ ચાલુ છે,

(૨) કયા રસ્તાઓનું કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) હજુ આ યોજના હેઠળ કયા કયા રસ્તાઓ સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકાવાર બનાવવાનું આયોજન છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૯-૧૧-૨૦૦૪) :

(૧) હરીપુરા, પલાસણ, કરસનગઢ, જેપર, નાળીયેરી, તથા મંગલપુર ગામ/પરાને જોડતા ૫ રસ્તાઓના કામ મંજૂર થયેલ છે તે પૈકી એક રસ્તાનું કામ ચાલુ છે.

(૨) અગાઉ મંજુર થયેલ નીચે કામો પૈકી હળવદ અને મુળી તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબ ૪ રસ્તાના કામ પૂર્ણ થયેલ છે.

(૩) આ યોજના મંજુર થયેલ નીચે જણાવેલ રસ્તાઓ બનાવવાનું હાલ આયોજન છે.

| અનુ. | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | હળવદ | હરિપરા નવાકોસલારોડ |
| ૨ | હળવદ | પલાસણ ભલગામડા રોડ |
| ૩ | હળવદ | મંગલપુર એપ્રોચ રોડ |
| ૪ | મુળી | આંબરડી કરસનગઢ રોડ |
| ૫ | મુળી | જેપર નાળીયેરી રોડ |
| ૬ | સાયલા | ધાંધલપુર કરાડી ધજાળા રોડ |
| | | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગદર્શક સુચના મુજબ ૫૦૦ કે તેથી વધુ વસતી ધરાવતા અને ૫૦૦ કે તેથી વધુ મીટર હયાત રસ્તાથી દુર આવેલ ગામ/પરાને જમીન સંપાદનની કામગીરી પુર્ણ થયે અગ્રતા મુજબ નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર ભારત સરકારને દરખાસ્ત મોકલવાનું આયોજન છે. |

**પરિશિષ્ટ-૧**

**હળવદ અને મુળી તાલુકાના પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં પૂર્ણ થયેલ કામો**

| અનુ. | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | હળવદ | રાજય ધોરી માર્ગથી દેવીપુરા એપ્રોચ રોડ |
| ૨ | હળવદ | નવા છડીયાળા એપ્રોચ રોડ |
| ૩ | હળવદ | નવા ઘનાળા એપ્રોચ રોડ |
| ૪ | હળવદ | નવુ મયાપુર એપ્રોચ રોડ |

----------

**હળવદ અને મુળી તાલુકામાં ૫૦૦થી વધુ વસ્તીવાળા ગામ/પરાને રસ્તાની સગવડ**

અતારાંકિત :૨૧૮૧ (૨૫-૬-૨૦૦૪) **શ્રી જયંતિલાલ ર. કવાડિયા (હળવદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં તા ૩૧/૩/૨૦૦૪ની સ્થિતિએ ૫૦૦થી વધુ વસ્તીવાળા ગામ/પરાઓને રોડની સગવડ નથી, તેવા કયા કયા પરાઓ છે,

(૨) જે ગામ/પરાઓમાં માર્ગની વ્યવસ્થા નથી તેવા ગામોને રોડની સુવિધા આપવા સરકારનું શું આયોજન છે, અને

(૩) ગામ/પરાઓને રોડની વ્યવસ્થા પુરી પાડવા સરકાર કેટલા સમયમાં આયોજન કરી, વ્યવસ્થા પુરી પાડવા માંગે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૯-૧૧-૨૦૦૪) :

(૧) હરીપુરા, પલાસણ, કરસનગઢ, જેપર, નાળીયેરી, મંગલપુર તથા નવા રાણેકપર

(૨) અને (૩) રસ્તાની સુવિધા વિનાના બાકી ગામ/પરા પૈકી હરીપુરા, પલાસણ, કરશનગઢ, જેપર, નાળીયેરી તથા મંગલપુરને જોડતા રસ્તાઓના કામ મંજુર થયેલ છે, જ્યારે નવા રાણેકપરને જોડતાં રસ્તાની દરખાસ્ત પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં પી.એમજી.એસ.વાય. ના ધારાધોરણ, અગ્રીમતા અને ગ્રાન્ટની ઉપલબ્ધતા ધ્યાને લઇને ભારત સરકારને મંજુર કરવા ભલામણ કરવાનું આયોજન વિચારેલ છે.

------------

## ગાંધીનગર જિલ્લામાં રસ્તા બનાવવા માટે ડામરની જરૂરીયાત

અતારાંકિત : ૨૩૬૩ (૭-૭-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ સને. ૨૦૦૨-૨૦૦૩ તથા ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં રસ્તાના મરામત તથા નવા રસ્તાઓ બનાવવા ડામરની કેટલી જરૂરીયાત હતી,

(૨) તે પૈકી કુલ કેટલો ડામર ક્યારે ફાળવવામાં આવ્યો, અને

(૩) જરૂરીયાત કરતા ડામર ઓછો ફાળવેલ છે કે વધારે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧-૧૨-૨૦૦૪) :

(૧), (૨) અને (૩) સને. ૨૦૦૨-૨૦૦૩ તથા ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં રસ્તાના મરામત તથા નવા રસ્તાઓ બનાવવા માટેની જરૂરીયાત મુજબનો ડામર ટેન્ડરની શરતો મુજબ ઈજારદારશ્રીએ લાવવાની જોગવાઈ હતી, ડામર ખાતા દ્વારા ફાળવવામાં આવતો નથી પરંતુ કામની જરૂરીયાત મુજબ ઈજારદારશ્રીએ ડામર લાવવાની જોગવાઇ હતી.

-------------

## દહેગામ તાલુકામાં રોડનાં કામોના વર્કઓર્ડર આપવા બાબત

અતારાંકિત : ૨૪૨૫(૧૫-૭-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દહેગામ તાલુકામાં કેટલાં રોડના કામોના ટેન્ડરોના વર્કઓર્ડર આપ્યા છે અને તે કામો કયા કયા છે,

(૨) તે પૈકી કેટલા રોડોનું કામ પુરુ થયું અને કેટલા રોડનું કામ બાકી છે, અને

(૩) તેમાં કેટલી રકમ મંજૂર થયેલ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૨-૧૧-૨૦૦૪) :

(૧) તા. ૩૧/૩/૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દહેગામ તાલુકામાં સાત રોડના કામના વર્કઓર્ડર આપવામાં આવેલ.

(૧) દહેગામ-વા.રાઠોડ-હરસોલી-ધમીજ-ચાંદીયેલ રોડ
(૨) જલુન્દ-મોટા કડાદરા રોડ.
(૩) હરસોલી-કરોલી રોડ.
(૪) હીલોલ-ડેમાલીયા રોડ.
(૫) અપુજી-કામલબંધ-વાસણા રોડ.
(૬) સનોડા-વડવાસા રોડ.
(૭) દાંડ-નાનીમાંછગ રોડ.

(૨) ઉપર મુજબના કામો પૂર્ણ થયેલ છે.

(૩) રૂા. ૧૭૬.૮૮ લાખ.

------------

## હાલોલમાં નવા બંધાયેલા સરકીટ હાઉસમાં પાણી પડવા બાબત

અતારાંકિતઃ ૨૬૨૩ (૩૧-૮-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) હાલોલમાં નવિન બંધાયેલા સરકીટ હાઉસમાં પાણી પડે છે, ભીંતમાં પાણી ઉતરે છે તેમજ એર કન્ડીશન અને ગીઝરમાં પણ પાણી ટપકે છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો તે અંગે સરકારે અત્યાર સુધી શી કાર્યવાહી કરી, અને

(૩) આવું તકલાદી કામ કરવા માટે સંબંધિતો સામે કોઈ પગલાં ભરવા માંગે છે કે કેમ ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૦-૧૧-૨૦૦૪) :

(૧) પાણી ટપકવાની કોઈ ફરીયાદ મળેલ નથી કે જવાબદાર અધિકારીઓની મુલાકાતમાં પાણી ઉતરેલ જણાયેલ નથી. ગીઝરને પાઈપના સાંધામાંથી ટપકતું પાણી બંધ કરેલ છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

## વડોદરાના સરકીટ હાઉસના વાલ્મીકી બંગલામાં લાગેલી આગ

અતારાંકિત : ૨૬૨૪ (૧૧-૮-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તાજેતરમાં વડોદરાના સરકીટ હાઉસના વાલ્મીકી બંગલામાં આગ લાગી તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો આગ લાગવા પાછળના કારણો શાં છે,

(૩) આ આગ કોઈ કાવતરાનો ભાગ હતો કે કેમ, અને

(૪) તે અંગે તપાસ કરાવીને સરકાર કેવા પ્રકારના પગલાં લેવા માંગે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૦-૧૧-૨૦૦૪) :

(૧) હા,જી.

(૨), (૩) અને (૪)

આ અંગે સરકારશ્રી દ્વારા નીમેલ કમીટીનો અહેવાલ તાજેતરમાં જ મળેલ છે. જે વિચારાધીન છે.

------------------

## રાજ્યમાં વિદ્યુત સ્મશાનો માટે અપાતી વિજ સબસીડી

અતારાંકિત : ૨૬૯૦ (૧૪-૯-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં દાતાઓ કે સખાવતી ટ્રસ્ટો દ્વારા વિદ્યુત સ્મશાનો ચલાવવામાં આવે છે. તે હકીકત સરકાર જાણે છે,

(૨) જો હા, તો આવા વિદ્યુત સ્મશાનોને અપાતી વિજ સબસીડી સરકારે જુલાઈ-૨૦૦૪થી બંધ કરી દીધી છે તે હકીકત સાચી છે,

(૩) તેના શાં કારણો છે, અને

(૪) મડદા બાળવામાં કિંમતી લાકડાનો બચાવ કરતાં વિદ્યુત સ્મશાનોને અપાતી વીજ સબસીડી પુનઃ ચાલુ કરવા સરકારે શી વિચારણા કરી છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૮-૧૦-૨૦૦૪) :

(૧) હા, જી.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------

## રાજકોટ શહેરનો વિકાસ નકશો

અતારાંકિત : ૨૭૩૧ (૧૧-૧૦-૨૦૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૯-૨૦૦૪ના રોજની સ્થિતિએ રાજકોટ શહેરનો વિકાસ નકશો કયા તબક્કે છે, અને

(૨) આ વિકાસ નકશો ક્યાં સુધીમાં મંજુર કરવામાં આવશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૪-૧૧-૨૦૦૪) :

(૧) વિભાગના તા. ૨૦-૨-૨૦૦૪ના જાહેરનામા ક્રમાંક : જીએચવી/૨૪ ઓફ ૨૦૦૪/ડીવીપી/૧૩૨૦૦૧/૨૨૬૨/લ થી મંજુર થઈ તા. ૬-૩-૨૦૦૪ થી અમલમાં છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------

## અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૪૩૨, ૨૫૮૯, ૨૬૦૫ | ૦૩ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૨૪૬૬ | ૦૧ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની | ૨૫૪૦, ૨૬૭૧ | ૦૨ |

| | | | |
|---|---|---|---|
| | બાબતોનો વિભાગ | | |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૬૩૫, ૨૬૮૧, ૨૬૮૪, ૨૬૮૫ | ૦૪ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૦૫૧, ૨૬૩૩, ૨૬૩૪, ૨૬૭૯, ૨૬૮૦, ૨૬૯૬, ૨૭૦૮, ૨૭૨૩, ૨૭૨૪, ૨૭૫૧ | ૧૦ |
| ૬ | ગૃહ વિભાગ | ૨૦૪૬, ૨૬૪૨, ૨૬૮૯, ૨૭૧૩ | ૦૪ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૭૦૭ | ૦૧ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૦૬૭, ૨૩૬૯, ૨૩૮૭, ૨૪૮૨, ૨૫૭૨, ૨૬૪૭, ૨૭૭૩ | ૦૭ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૧૮૬, ૨૨૨૩, ૨૩૬૫, ૨૩૯૬, ૨૪૨૦, ૨૫૦૦, ૨૫૫૩ | ૦૭ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૨૦૧૫, ૨૬૨૬ | ૦૨ |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૨૦૧૨, ૨૧૮૦, ૨૧૮૧, ૨૩૬૩, ૨૪૨૫, ૨૬૨૩, ૨૬૨૪ | ૦૭ |
| ૧૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૨૬૯૦, ૨૭૩૧ | ૦૨ |
| | | કુલ : | ૫૦ |

-----------------------

# આઠમી અતારાંકિત યાદી

### યાત્રાધામ પાલીતાણાના વિકાસ પાછળ થયેલ ખર્ચ

**અતારાંકિત : ૨૮૧૬ (૧૦-૧૧-૦૪) શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભાવનગર જિલ્લાના પાલીતાણા યાત્રાધામના વિકાસમાં તા.૩૧-૧૦-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નાણા ફાળવવામાં આવ્યા, અને

(૨) કેટલા નાણા વાપરવામાં આવ્યા ?

**યાત્રાધામ મંત્રીશ્રી** (૨૮-૧૨-૦૪) :

| | | |
|---|---|---|
| (૧) | વર્ષ | રકમ |
| | વર્ષ ૨૦૦૩-૦૪ | રૂા.૧૧,૯૮,૭૧૫-૦૦ |
| | વર્ષ ૨૦૦૪-૦૫ | શૂન્ય. |
| (૨) | વર્ષ ૨૦૦૩-૦૪ | રૂા.૧૧,૯૮,૭૧૫-૦૦ |
| | વર્ષ ૨૦૦૪-૦૫ | શૂન્ય. |

------------

### રાજકોટ, જૂનાગઢ,સુરેન્દ્રનગર અને વલસાડ જિલ્લામાં અનુસૂચિત જાતિની ખેતી વિષયક મંડળીઓને જમીન ફાળવવા અંગે

અતારાંકિત : ૨૭૦૩ (૨૨-૯-૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજકોટ, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને વલસાડ જિલ્લામાં અનુસૂચિત જાતિની ખેતી વિષયક મંડળીઓ કેટલી છે,

(૨) તે મંડળીઓને ખેતી કરવા માટે જિલ્લાવાર કેટલી જમીન આપવામાં આવેલ છે, અને

(૩) તા.૩૧-૮-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ મંડળીઓ ધ્વારા ખેતી માટે જમીન માંગણીની નવી કેટલી અરજીઓ આવેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (૧૦-૧૨-૦૪) :

(૧) તા. ૩૧-૮-૨૦૦૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિની કુલ-૬૮ ખેતી વિષયક મંડળીઓ છે. જેની જિલ્લાવાર સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૨૭ |
| ૨ | જૂનાગઢ | ૨૩ |

| | | |
|---|---|---|
| ૩ | સુરેન્દ્રનગર | ૧૮ |
| ૪ | વલસાડ | - |
| | **કુલ :** | ૬૮ |

(૨) જિલ્લાવાર ફાળવેલ જમીનની વિગતો નીચે મુજબ છે.

| **અ.નં.** | **જિલ્લો** | **ફાળવાયેલ જમીન** | | |
|---|---|---|---|---|
| | | **એકર** | **ગુંઠા** | **મંડળીની સંખ્યા** |
| ૧ | રાજકોટ | ૨૯૦૫ | ૨૧ | ૨૦ |
| ૨ | જૂનાગઢ | ૧૨૭૯ | ૮૧ | ૧૬ |
| ૩ | સુરેન્દ્રનગર | ૨૮૯૨ | ૧૨ | ૧૬ |
| ૪ | વલસાડ | - | - | - |

(૩) તા.૩૧-૮-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ મંડળીઓ ધ્વારા સહકાર વિભાગ હેઠળની કચેરીઓને ખેતી માટે જમીન માંગણીની અરજીઓ કરેલ છે તેની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| **અ.નં.** | **જિલ્લો** | **આવેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | રાજકોટ | - |
| ૨ | જૂનાગઢ | ૧ (કલેકટરશ્રીને રજુ થયેલ છે.) |
| ૩ | સુરેન્દ્રનગર | ૧ (નાયબ કલેકટરશ્રી ધ્રાંગધ્રાને રજુ થયેલ છે. |
| ૪ | વલસાડ | - |
| | **કુલ :** | ૨ |

------------

## બોડેલી અને જેતપુર-પાવીમાં કપાસના પોષણક્ષમ ભાવો

અતારાંકિત : ૨૭૬૯ (૧૬-૧૦-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વડોદરા જિલ્લામાં બોડેલી અને પાવી-જેતપુર વિસ્તારમાં મોટા પાયે કપાસ ઉગાડતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતા નથી તે હકીકત સરકાર જાણે છે, અને

(૨) આ વિસ્તારના કપાસ ઉગાડતા ખેડૂતોને વ્યાજબી અને પોષણક્ષમ ભાવો મળે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૩૦-૧૧-૦૪) :

(૧) વડોદરા જિલ્લાના બોડેલી તથા પાવી જેતપુર વિસ્તાર સહ સમગ્ર રાજ્યમાં કપાસના પ્રવર્તમાન બજાર ભાવો તેના નિયત થયેલ ટેકાના ભાવોથી નીચા જવા પામેલ નથી. પરિણામે હાલ રાજ્યમાં કપાસ ઉગાડતા ખેડૂતોને તેમના કપાસના જાતવાર નિયત થયેલ ટેકાના ભાવોથી ઉંચા બજાર ભાવો મળી રહેલ છે.

(૨) આ વિસ્તાર સહ સમગ્ર રાજ્યમાં કપાસ ઉગાડતા ખેડૂતોને કપાસના ટેકાના ભાવો મળી રહે તે માટે રાજ્ય સરકારે ભારત સરકારની નિયુકત નોડલ એજન્સી કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડીયા સાથે તા.૪.૧૦.૨૦૦૪ ના રોજ બેઠક યોજી જરુર પડે ત્યારે ટેકાના ભાવની યોજના અંતર્ગત ટેકાના ભાવે કપાસની ખરીદી માટે હાલ રાજ્યમાં ૩૨ ખરીદ કેન્દ્રો જાહેર કરવામાં આવેલ છે. જેમાં વડોદરા જિલ્લાના મિયાંગામ, કારવાગ, બોડેલી અને પાવી જેતપુર કેન્દ્રો જાહેર કરવામાં આવેલ છે. તેમજ ભવિષ્યમાં જરુરીયાત જણાયે વધુ ખરીદ કેન્દ્રો શરુ કરવાનો પ્રબંધ કરવામાં આવેલ છે.

---------------

## કચ્છ ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓની સ્કોલરશીપ અંગ

અતારાંકિત : ૨૦૬૧ (૭-૭-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છના સ્વર્ગસ્થ મહાશય પ્રાગમલજી બીજાએ સન ૧૮૭૨માં પ્રાગમલજી શિષ્યવૃત્તિ (કચ્છ બેનીવોલન્ટ ફંડ શિષ્યવૃત્તિ) માટે વાર્ષિક આવકની મર્યાદા વધારવા જિલ્લા શિક્ષણાધિકારીએ પાંચ વર્ષ પહેલાં સરકારને દરખાસ્ત કરવા છતાં કોઈ નિર્ણય ન થવાના શાં કારણો છે, અને

(૨) લાંબા સમયથી બંધ પડેલી આ સ્કોલરશીપ તેજસ્વી વિદ્યાર્થીઓને મળતી થાય તે માટે શાં પગલાં લેવાયા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૯-૧૨-૦૪) :

(૧) કચ્છ બેનીવોલન્ટ ફંડની રકમ, જે એ.જી.અમદાવાદ હસ્તક છે. તે રકમ ચેરીટી કમિશનર હસ્તકનાં કોઈ શૈક્ષણિક ટ્રસ્ટને ટ્રાન્સફર કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે અને તે માટે ફંડ સમિતિમાં ઠરાવ કરી મુળ નિયમમાં સુધારો કરવા સૂચના આપી છે. સ્થાનિક સમિતિની તા.૨૪-૮-૯૯ની બેઠકમાં નકકી થયા મુજબ મહારાવશ્રીના કયા ટ્રસ્ટમાં આ ફંડ તબદીલ કરવું તે હવે પછી નકકી થશે. હજુ તેની જાણ થઈ નથી.

(૨) ટ્રસ્ટ નકકી થયા બાદ ફંડ ટ્રાન્સફર થયેથી સ્કોલરશીપની રકમ તેજસ્વી વિદ્યાર્થીઓને મળતી થાય તે મુજબ પગલાં લીધા છે.

---------------

## નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાના બિસ્માર ઓરડાઓ બાબત

**અતારાંકિત : ૨૫૦૮ (૨૮-૫-૦૪) શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર તા.૩૦-૬-૨૦૦૪ની સ્થિતિએ કયા કયા ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ કેટલા વખતથી બિસ્માર હાલતમાં છે. અને કેટલા પડી ગયા છે,

(૨) સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ માં બિસ્માર અને પડી ગયેલા ઓરડાઓ રીપેર કરવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) અગ્રતાના ધોરણે બાકીના બિસ્માર અને પડી ગયેલા ઓરડાઓ કેટલા સમયમાં રીપેર કરવામાં આવશે, અને

(૪) આ અંગે કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૨-૧૦-૦૪) :

(૧) પત્રક : ૧ મુજબ

(૨) વર્ષવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| **ક્રમ.** | **વર્ષ.** | **થયેલ ખર્ચ (રૂપિયા)** |
|---|---|---|
| ૧ | ૨૦૦૨-૨૦૦૩ | ૪,૦૦,૦૦૦ |
| ૨ | ૨૦૦૩-૨૦૦૪ | ૬,૦૦,૦૦૦ |

(૩) જેમ બને તેમ જલદી

(૪) રૂા. ૫૩,૫૬,૦૦૦/-

### પત્રક - ૧

### નવસારી જિલ્લામાં ગામવાર બીસ્માર અને પડી ગયેલ ઓરડાઓની વિગત

| ક્રમ | તાલુકાનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | શાળાનું નામ | બીસ્માર ઓર-ડાઓ | પડી ગયેલ ા ઓર-ડાઓ | કેટલા સમયથી બીસ્માર કે પડી ગયેલ હાલત-માં છે. | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જલાલપોર | ૧ | એથાણ | ૧ | એથાણ પ્રા. શાળા | ૨ | - | ૨ વર્ષ | ૩,૦૦,૦૦૦ |
| | | ૨ | સામાપોર | ૨ | સામાપોર | ૪ | - | ૨ વર્ષ | ૨,૦૦,૦૦૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પ્રા.શાળા | | | | |
| | | ૩ | પનાર | ૩ | પનાર પ્રા.શાળા | ૨ | - | ૧ વર્ષ | ૮૦,૦૦૦ |
| | | ૪ | રાણાભાઠા | ૪ | રાણાભાઠા પ્રા.શાળા | ૨ | - | ૧ વર્ષ | ૧,૫૦,૦૦૦ |
| | | ૫ | કૃષ્ણપુર | ૫ | કૃષ્ણપુર કન્યા શાળા | ૩ | - | ૨ વર્ષ | ૨,૫૦,૦૦૦ |
| | | ૬ | વેસ્મા | ૬ | વેસ્મા કાછીયાવાડી પ્રા. શાળા | ૧ | - | ૨ વર્ષ | ૧,૦૦,૦૦૦ |
| | | | વેસ્મા | ૭ | વેસ્મા કન્યા પ્રા. શાળા | ૧ | - | ૬ માસથી | ૨૫,૦૦૦ |
| | **કુલ :** | **૬** | | **૭** | | **૧૫** | | | **૧૧,૦૫,૦૦૦** |
| ૨ | નવસારી | ૧ | કુરેલ | ૧ | કુરેલ પ્રા.શાળા | ૨ | - | સને-૦૧-૦૨ | ૧,૦૦,૦૦૦ |
| | | ૨ | ખેરગામ | ૨ | ખેરગામ પ્રા.શાળા | ૨ | - | સને-૦૧-૦૨ | ૧,૦૦,૦૦૦ |
| | | ૩ | અષ્ટગામ | ૩ | અષ્ટગામ પ્રા.શાળા | ૫ | - | સને-૯૦-૯૧ | ૫૦,૦૦૦ |
| | | ૪ | ભુલા ફળિયા | ૪ | ભુલા ફળિયા પ્રા.શાળા | ૫ | - | સને-૮૮-૮૯ | ૫૦,૦૦૦ |
| | | ૫ | નવાતળાવ | ૫ | નવાતળાવ પ્રા.શાળા | ૫ | - | સને-૯૦-૯૧ | ૪૦,૦૦૦ |
| | | ૬ | રજવાડા | ૬ | રજવાડા પ્રા.શાળા | ૨ | - | સને-૦૧-૦૨ | ૩૦,૦૦૦ |
| | | ૭ | કબીલપોર | ૭ | કબીલપોર પ્રા.શાળા | ૨ | - | સને-૯૪-૯૫ | ૨,૦૦,૦૦૦ |
| | **કુલ :** | **૭** | | **૭** | | **૨૩** | | | **૫,૭૦,૦૦૦** |
| ૩ | ગણદેવી | ૧ | ઉડાચ વા.ફ. | ૧ | ઉડાચ રા.ફ. | ૨ | - | ૨ વર્ષથી | ૧,૫૦,૦૦૦ |
| | | ૨ | નાદરખા | ૨ | ઉટડી ફ.વર્ગ | ૨ | ૧ | ૨ વર્ષથી | ૭૩,૦૦૦ |
| | | ૩ | વાસણ | ૩ | વાસણ પ્રા.શાળા | ૨ | - | ૨ વર્ષથી | ૧,૫૦,૦૦૦ |
| | | ૪ | ભાટ | ૪ | ભાટ પ્રા. શાળા | ૧ | - | ૨ વર્ષથી | ૬૯,૦૦૦ |
| | | ૫ | સરી બુજરંગ (અમ.) | ૫ | સરી સ્ટેશન કુમાર | ૨ | ૧ | ૧ વર્ષથી | ૭૯,૦૦૦ |
| | **કુલ :** | **૫** | | **૫** | | **૯** | **૨** | | **૫,૨૧,૦૦૦** |
| ૪ | ચીખલી | ૧ | સાદડવેલ | ૧ | સોનારિયા સાદડવેલ | ૧ | - | ૨ વર્ષથી | ૧,૮૦,૦૦૦ |
| | | ૨ | ધેજ | ૨ | ધેજ નાના ડુંભરિયા | ૨ | - | ૨ વર્ષથી | ૨,૬૦,૦૦૦ |
| | | | | ૩ | ધેજ-બીડ | ૨ | - | ૪ વર્ષથી | ૫૦,૦૦૦ |
| | | ૩ | સાદકપોર | ૪ | સાદકપોર ચાડિયા ફ. | ૨ | - | ૨ વર્ષથી | ૨,૬૦,૦૦૦ |
| | | | | ૫ | સાદકપોર દાદર ફ. | ૨ | - | ૨ વર્ષથી | ૨૦,૦૦૦ |
| | | ૪ | પાણીખડક | ૬ | પાણીખડક હનુમાન ફ. | ૧ | - | ૩ વર્ષથી | ૩૦,૦૦૦ |
| | | ૫ | બામણવેલ | ૭ | બામણવેલ બાવી ફ. | ૩ | - | ૧ વર્ષથી | ૫૦,૦૦૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | આલીપોર | ૮ | આલીપોર ડુંગરી ફ. | - | ૧ | ૨ વર્ષથી | ૧,૨૦,૦૦૦ |
| | | ૭ | બહેજ | ૯ | બહેજ | ૧ | - | ૩ વર્ષથી | |
| | | ૮ | પાટી | ૧૦ | પાટી મુખ્ય | ૧ | - | ૧ વર્ષથી | ૨૫,૦૦૦ |
| | | ૯ | ડબરપાડા | ૧૧ | ડબરપાડા | ૧ | - | ૫ માસથી | ૨૫,૦૦૦ |
| | | ૧૦ | ટાંકલ | ૧૨ | ટાંકલ મુખ્ય | ૨ | - | ૭ વર્ષથી | |
| | | ૧૧ | બારોલીયા | ૧૩ | બારોલીયા વાડી ફ. | ૧ | - | ૩ વર્ષથી | |
| | | ૧૨ | ખેરગામ | ૧૪ | ખેરગામ સરસિયા ફ. | ૧ | - | ૧ વર્ષથી | |
| | | | | ૧૫ | ખેરગામ મિશન ફ. | ૧ | - | ૧ વર્ષથી | |
| | | ૧૩ | તલાવચોરા | ૧૬ | તલાવચોરા મુખ્ય | ૩ | - | ૫ વર્ષથી | ૧,૫૦,૦૦૦ |
| | | | | ૧૭ | તલાવચોરા બારોલીયા ફ. | ૪ | - | ૫ વર્ષથી | |
| | | ૧૪ | પીપલગભાણ | ૧૮ | પીપલગભાણ નવચેતન | ૨ | - | ૩ વર્ષથી | ૫૦,૦૦૦ |
| | | | | ૧૯ | પીપલગભાણ ખુંટીયાઆબા | ૨ | - | ૨ વર્ષથી | ૨,૦૦,૦૦૦ |
| | | ૧૫ | મલિયાધરા | ૨૦ | મલિયાધરા કૃષ્ણપુર | ૧ | - | ૨ વર્ષથી | ૨૫,૦૦૦ |
| | | ૧૬ | બલવાડા | ૨૧ | બલવાડા નવાનગર | ૧ | - | ૨ વર્ષથી | ૫૦,૦૦૦ |
| | | ૧૭ | ગોડથલ | ૨૨ | ગોડથલ ઝાડી ફ. | - | ૧ | ૪ વર્ષથી | ૭૦,૦૦૦ |
| | | ૧૮ | મિયાઝરી | ૨૩ | મિયાઝરી | ૧ | - | ૪ વર્ષથી | |
| | | ૧૯ | | ૨૪ | | ૧ | - | ૨ વર્ષથી | ૫૦,૦૦૦ |
| | | ૨૦ | ધોલાર | ૨૫ | ધોલાર મહાકાળપાડા | ૧ | - | ૧ વર્ષથી | ૩૫,૦૦૦ |
| | | | | ૨૬ | ધોલાર મુખ્ય | ૧ | - | ૧ વર્ષથી | ૩૦,૦૦૦ |
| | | ૨૧ | રૂમલા | ૨૭ | રૂમલા કોળીવાડ | ૧ | - | ૨ વર્ષથી | ૪૦,૦૦૦ |
| | | ૨૨ | કુકેરી | ૨૮ | કુકેરી કોળીવાડ | ૧ | - | ૨ વર્ષથી | ૨૦,૦૦૦ |
| | | ૨૩ | ખુંધ | ૨૯ | ખુંધ મુખ્ય | ૧ | - | ૩ વર્ષથી | ૩૫,૦૦૦ |
| | | ૨૪ | અંબાચ | ૩૦ | અંબાચ | ૩ | - | ૩ વર્ષથી | ૨,૦૦,૦૦૦ |
| | | ૨૫ | વંકાલ | ૩૧ | વંકાલ મુખ્ય | ૧ | - | ૨ વર્ષથી | ૧૫,૦૦૦ |
| | | | | ૩૨ | વંકાલ વજીફા | ૧ | - | ૨ વર્ષથી | ૨૦,૦૦૦ |
| | | ૨૬ | મજીગામ | ૩૩ | મજીગામ દેદરા ફ. | ૨ | - | ૨ વર્ષથી | ૧,૨૦,૦૦૦ |
| | | ૨૭ | મલવાડા | ૩૪ | મલવાડા | ૧ | - | ૩ વર્ષથી | ૧૫,૦૦૦ |
| | | ૨૮ | સારવણી | ૩૫ | સારવણી | ૨ | - | ૨ વર્ષથી | ૫૦,૦૦૦ |
| | | ૨૯ | વેલણપુર | ૩૬ | વેલણપુર | ૧ | - | ૨ વર્ષથી | ૨૦,૦૦૦ |
| | | ૩૦ | ખાંભડા | ૩૭ | ખાંભડા મુખ્ય | ૨ | - | ૨ વર્ષથી | ૫૦,૦૦૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩૧ | સુંધવાડ | ૩૮ | સુંધવાડ પટેલ ફ. | ૨ | - | ૨ વર્ષથી | ૧,૨૦,૦૦૦ |
| | | ૩૨ | રાનવેરીકલ્લા | ૩૯ | રાનવેરીકલ્લા નવા ફ. | ૨ | - | ૧ વર્ષથી | ૫૦,૦૦૦ |
| | | | | ૪૦ | રાનવેરીકલ્લા નહેર ફ. | ૪ | - | ૨ વર્ષથી | ૩૦,૦૦૦ |
| | | ૩૩ | કાકડવેરી | ૪૧ | કાકડવેરી | ૧ | - | ૧ વર્ષથી | ૨૫,૦૦૦ |
| | | ૩૪ | રાનકુવા | ૪૨ | રાનકુવા કન્યા | ૨ | - | ૨ વર્ષથી | |
| | | ૩૫ | હરણગામ | ૪૩ | સુધાવાડી | ૩ | - | ૧ વર્ષથી | |
| | | ૩૬ | રાનવેરી ખુર્દ | ૪૪ | રાનવેરી ખુર્દ મુખ્ય | ૨ | - | ૩ વર્ષથી | ૬૦,૦૦૦ |
| | | ૩૭ | ખરોલી | ૪૫ | ખરોલી | ૪ | - | ૨ વર્ષથી | ૨૦,૦૦૦ |
| | | ૩૮ | ફડવેલ | ૪૬ | ફડવેલ મુખ્ય | ૩ | - | ૨ વર્ષથી | ૬૦,૦૦૦ |
| | | | | ૪૭ | ફડવેલ નાગજી ફ. | ૨ | - | ૨ વર્ષથી | ૩૦,૦૦૦ |
| | | | | ૪૮ | ફડવેલ વાડી ફ. | ૨ | - | ૨ વર્ષથી | ૫૦,૦૦૦ |
| | | | | ૪૯ | ફડવેલ બેઢિયા ફ. | ૨ | - | ૨ વર્ષથી | ૫૦,૦૦૦ |
| | | | | ૫૦ | ફડવેલ દાદરા ફ. | ૨ | - | ૧ વર્ષથી | ૨૫,૦૦૦ |
| | **કુલ :** | **૩૮** | | **૫૦** | | **૯૦** | **૨** | | **૨૭,૮૫,૦૦૦** |
| ૫ | વાંસદા | ૧ | સિણધઈ | ૧ | સિણધઈ | ૧ | - | ૦૨-૦૩ | ૩૦,૦૦૦ |
| | | ૨ | મોળાઆંબા | ૨ | મોળાઆંબા | ૧ | - | ૦૨-૦૩ | ૩૦,૦૦૦ |
| | | ૩ | પ્રતાપનગર | ૩ | પ્રતાપનગર | ૧ | - | ૦૨-૦૩ | ૪૦,૦૦૦ |
| | | ૪ | પાલગભાણ | ૪ | પાલગભાણ | ૧ | - | ૦૨-૦૩ | |
| | | ૫ | આંબાબારી | ૫ | આંબાબારી | ૧ | ૧ | ૦૨-૦૩ | ૨૫,૦૦૦ |
| | | ૬ | મહુવાસ | ૬ | મહુવાસ | ૨ | - | ૦૨-૦૩ | ૪૦,૦૦૦ |
| | | ૭ | મોટીવાલઝર | ૭ | મોટીવાલઝર | ૧ | - | ૦૨-૦૩ | ૩૫,૦૦૦ |
| | | ૮ | વાંદરવેલા | ૮ | વાંદરવેલા | ૧ | - | ૦૨-૦૩ | |
| | | | | ૯ | વાંદરવેલા નાયકીવાડ | ૧ | - | ૦૨-૦૩ | |
| | | ૯ | ખરજઈ | ૧૦ | ખરજઈ | ૩ | - | ૦૨-૦૩ | |
| | | ૧૦ | કેવડી | ૧૧ | કેવડી | ૧ | - | ૦૨-૦૩ | ૨૦,૦૦૦ |
| | | ૧૧ | લાખાવાડી | ૧૨ | લાખાવાડી | ૧ | - | ૦૨-૦૩ | ૨૦,૦૦૦ |
| | | ૧૨ | ઝરી ડુંગરી | ૧૩ | ઝરી ડુંગરી | ૧ | - | ૦૨-૦૩ | ૨૫,૦૦૦ |
| | | ૧૩ | ઉનાઈ | ૧૪ | ઉનાઈ | ૩ | - | ૦૨-૦૩ | ૫૦,૦૦૦ |
| | | ૧૪ | અંકલાછ | ૧૫ | અંકલાછ | ૧ | - | ૦૨-૦૩ | ૨૫,૦૦૦ |
| | | ૧૫ | મોટી વાલઝર | ૧૬ | મોટી વાલઝર | ૧ | - | ૦૩-૦૪ | ૩૫,૦૦૦ |
| | | ૧૬ | સિંગાડ | ૧૭ | સિંગાડ | ૩ | - | ૦૩-૦૪ | તોડી પાડવાના હોઈ ખર્ચ દર્શાવેલ નથી. |
| | | ૧૭ | પ્રતાપનગર | ૧૮ | પ્રતાપનગર | ૫ | - | ૦૩-૦૪ | " |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ : | ૧૭ | | ૧૮ | | ૨૯ | ૧ | | ૩,૭૫,૦૦૦ |

---------------

## અમરેલી જિલ્લામાં ડી.પી.ઈ.પી. યોજના અન્વયે થયેલ કામો

અતારાંકિત : ૨૬૪૦ (૦૩-૯-૦૪)**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમરેલી જિલ્લામાં ડી.પી.ઈ.પી. યોજનામાં વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન તાલુકાવાર કયા કયા ગામોએ કયા કયા કામો કરવામાં આવેલ છે,

(૨) કરવામાં આવેલ કામો પાછળ ગામવાર થયેલ કામોમાં કેટલો-કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) ડી.પી.ઈ.પી. યોજનાના કામોથી વંચીત ગામોને આ યોજનાનો લાભ કયારે આપવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૪-૧૨-૦૪) :

(૧) અમરેલી જિલ્લાનો સમાવેશ ડી.પી.ઈ.પી. યોજનામાં કરવામાં આવતો ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

## રાજ્યમાં વિદ્યાદીપ યોજનાના લાભાર્થીઓ

અતારાંકિત : ૨૬૬૫ (૩-૯-૨૦૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુલાઇ-૦૪ની સ્થિતિએ વિદ્યાદીપ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે જિલ્લાવાર કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપ્યો,

(૨) આ વર્ષમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ કુદરતી અકસ્માતમાં માર્યા ગયા હતા,

(૩) આ યોજના અન્વયે જિલ્લાવાર કેટલા કેસોમાં યોજના હેઠળ લાભ આપવાનો બાકી છે, અને

(૪) મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓને સમયસર લાભ ન આપવાના શાં કારણો છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૭-૧૨-૨૦૦૪) :

(૧) પત્રક- અ સામેલ છે. ૬૪૯ કેસોમાં.

(૨) ૧૫૭૦ વિદ્યાર્થીઓ માટે રજુઆત આવી હતી.

(૩) પત્રક-બ સામેલ છે. ૧૬૫ કેસો ચકાસણી હેઠળ છે.

(૪) દરખાસ્ત સાથે જરુરી આધારો-પુરાવાઓ રજુ ન કરવાને કારણે.

### પત્રક-અ

### જુલાઇ-૦૪ અંતિત વિદ્યાદીપ યોજના હેઠળ જિલ્લાવાર મંજુર થયેલ કેસોની વિગત.

| ક્રમ | જિલ્લાનું નામ | મંજુર થયેલ કેસો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૫૭ |
| ૨ | વડોદરા | ૩૧ |
| ૩ | રાજકોટ | ૪૫ |
| ૪ | સુરત | ૩૦ |
| ૫ | ખેડા | ૪૯ |
| ૬ | આણંદ | ૩૩ |

| | | |
|---|---|---|
| ૭ | પંચમહાલ | ૪૧ |
| ૮ | દાહોદ | ૧૯ |
| ૯ | સાબરકાંઠા | ૩૬ |
| ૧૦ | જુનાગઢ | ૩૭ |
| ૧૧ | પોરબંદર | ૬ |
| ૧૨ | મહેસાણા | ૩૬ |
| ૧૩ | પાટણ | ૧૩ |
| ૧૪ | ભાવનગર | ૪૧ |
| ૧૫ | જામનગર | ૩૦ |
| ૧૬ | અમરેલી | ૧૨ |
| ૧૭ | કચ્છ | ૪ |
| ૧૮ | ભરૂચ | ૨૦ |
| ૧૯ | નર્મદા | ૯ |
| ૨૦ | વલસાડ | ૧૬ |
| ૨૧ | નવસારી | ૮ |
| ૨૨ | બનાસકાંઠા | ૩૮ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૭ |
| ૨૪ | ગાંધીનગર | ૨૧ |
| | **એકંદર કુલ :** | ૬૪૯ |

## પત્રક-બ

## જુલાઇ-૦૪ અંતિત વિદ્યાદીપ યોજના હેઠળ જિલ્લાવાર ચકાસણીના કેસોની વિગત.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **મંજુર થયેલ કેસો** |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | અમદાવાદ | ૧૪ |
| ૨ | વડોદરા | ૯ |
| ૩ | રાજકોટ | ૧૧ |
| ૪ | સુરત | ૭ |
| ૫ | ખેડા | ૨૪ |
| ૬ | આણંદ | ૮ |
| ૭ | પંચમહાલ | ૬ |
| ૮ | દાહોદ | ૨ |
| ૯ | સાબરકાંઠા | ૮ |
| ૧૦ | જુનાગઢ | ૭ |
| ૧૧ | પોરબંદર | ૫ |
| ૧૨ | મહેસાણા | ૭ |
| ૧૩ | પાટણ | ૫ |
| ૧૪ | ભાવનગર | ૧૨ |
| ૧૫ | જામનગર | ૨ |
| ૧૬ | અમરેલી | ૪ |
| ૧૭ | કચ્છ | ૩ |
| ૧૮ | ભરૂચ | ૭ |
| ૧૯ | નર્મદા | ૨ |
| ૨૦ | વલસાડ | ૩ |
| ૨૧ | નવસારી | ૨ |
| ૨૨ | બનાસકાંઠા | ૬ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૬ |
| ૨૪ | ગાંધીનગર | ૩ |
| ૨૫ | ડાંગ | ૨ |
| | **એકંદર કુલ :** | **૧૬૫** |

----------------

## રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં કન્યા સ્વચ્છતા સંકુલો અંગે

અતારાંકિત : ૨૬૬૮ (૩-૯-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુલાઈ-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કયા કયા જિલ્લાઓની કેટલા ગામોમાંની સ્કુલોમાં કન્યાઓ માટે અલગ સ્વચ્છતા સંકુલો ન હતા,

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કયા કયા જિલ્લાના કેટલા ગામોમાં આ અંગે કન્યા માટે અગલ સ્વચ્છતા સંકુલો બનાવવામાં આવ્યા, કેટલો ખર્ચ કરેલ છે, અને

(૩) આ અંગે રાજ્ય સરકારનું શું આયોજન આવેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૨-૧૦-૦૪) :

(૧) પત્રક - ૧- મુજબ

(૨) પત્રક - ૨- મુજબ

(૩) ચાલુ વર્ષે ૧૬૭૮ નવા સંકુલો બનાવવાનું આયોજન કરેલ છે.

**પત્રક - ૧**

### સ્વચ્છતા સંકુલો ન હોય તેવા ગામોની જિલ્લાવાર વિગત

| ક્રમ | જિલ્લો | છેલ્લા ત્રણ વર્ષમાં સ્વચ્છતા સંકુલો ન હોય તેવા ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૦૬૮ |
| ૨ | અમરેલી | ૫૪૩ |
| ૩ | આણંદ | ૬૬૭ |
| ૪ | બનાસકાંઠા | ૧૮૨૮ |
| ૫ | ભરૂચ | ૮૩૬ |
| ૬ | ભાવનગર | ૫૮૨ |
| ૭ | દાહોદ | ૧૨૭૫ |
| ૮ | ડાંગ | ૭૫ |
| ૯ | ગાંધીનગર | ૪૯૮ |
| ૧૦ | જામનગર | ૧૦૨૮ |
| ૧૧ | જુનાગઢ | ૧૦૦૪ |
| ૧૨ | ખેડા | ૧૧૦૩ |
| ૧૩ | કચ્છ | ૯૭૬ |
| ૧૪ | મહેસાણા | ૩૬૭ |
| ૧૫ | નર્મદા | ૫૫૧ |
| ૧૬ | નવસારી | ૩૩૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૪૩૯ |
| ૧૮ | પાટણ | ૩૫૧ |
| ૧૯ | પોરબંદર | ૨૧૪ |
| ૨૦ | રાજકોટ | ૩૩૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૨૦૦૩ |
| ૨૨ | સુરત | ૯૭૭ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૭૯ |
| ૨૪ | વડોદરા | ૧૨૬૪ |
| ૨૫ | વલસાડ | ૩૦૮ |
| | **કુલ** | **૨૦૧૯૬** |

**પત્રક - ૨**

### બાંધવામાં આવેલ સ્વચ્છતા સંકુલોનું જિલ્લાવાર ગામોની સંખ્યા દર્શાવતુ પત્રક

| ક્રમ | જિલ્લો | છેલ્લા બે વર્ષમાં બાંધવામાં આવેલ સંકુલોની (ગામોની) સંખ્યા | થયેલ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૫૧ | ૪૭૬૯૦૦૦ |
| ૨ | આણંદ | ૧૦૨ | ૧૯૩૮૦૦૦ |
| ૩ | બનાસકાંઠા | ૩૦ | ૫૭૦૦૦૦ |
| ૪ | ભરૂચ | ૨૩૩ | ૪૪૨૭૦૦૦ |
| ૫ | ભાવનગર | ૩૦ | ૫૭૦૦૦૦ |
| ૬ | દાહોદ | ૧૮૭ | ૩૫૫૩૦૦૦ |
| ૭ | જામનગર | ૧૦૦ | ૧૯૦૦૦૦૦ |
| ૮ | જુનાગઢ | ૯૮ | ૧૮૬૨૦૦૦ |
| ૯ | કચ્છ | ૮૯ | ૧૬૯૧૦૦૦ |
| ૧૦ | નર્મદા | ૨૧૨ | ૪૦૨૮૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | નવસારી | ૧૬૪ | ૩૧૧૬૦૦૦ |
| ૧૨ | પંચમહાલ | ૧૦૦ | ૧૯૦૦૦૦૦ |
| ૧૩ | પાટણ | ૮૪ | ૧૫૯૬૦૦૦ |
| ૧૪ | પોરબંદર | ૫૦ | ૯૫૦૦૦૦ |
| ૧૫ | સાબરકાંઠા | ૧૦૦ | ૧૯૦૦૦૦૦ |
| ૧૬ | સુરત | ૧૧૧ | ૨૧૦૯૦૦૦ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૬૧ | ૧૧૫૯૦૦૦ |
| ૧૮ | વડોદરા | ૧૬૫ | ૩૧૩૫૦૦૦ |
| | **કુલ** | **૨૧૬૭** | **૪૧૧૭૩૦૦૦** |

------------

## હાલોલ તાલુકામાં બી.આર.સી./સી.આર.સી.ના કાર્યક્રમમાં નાણાકીય ગેરરીતિ

અતારાંકિત : ૨૭૭૬ (૧૬-૧૦-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જાન્યુઆરી ૨૦૦૨થી સપ્ટેમ્બર ૨૦૦૪ સુધી હાલોલ તાલુકામાં બી.આર.સી./સી.આર.સી. કાર્યક્રમોના નાણાની ગેરરીતિ કરવામાં આવી છે, તેની કોઈ રજુઆત સરકાર પાસે તા. ૧૨-૯-૦૪ સુધીમાં મળી છે ખરી, અને

(૨) જો હા, તો તે અંગે કોઈ તપાસ કરાવી પગલાં ભરવા માગે છે કે કેમ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૭-૧૨-૦૪) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## કંડલા કોમ્પ્લેક્ષમાં રેશનકાર્ડથી વંચિત મજૂરો

અતારાંકિત : ૨૩૪૫ (૧૩-૮-૦૪) **ડૉ. નીમાબેન બી. આચાર્ય** (અંજાર) **: માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કંડલા કોમ્પ્લેક્ષમાં બહારથી આવેલા હજારો મજદુરોને રેશનકાર્ડથી વંચીત રાખવામાં આવે છે તે વાત સાચી છે.

(૨) આ લોકોને રેશનકાર્ડ ન આપવાના કારણો શાં છે, અને

(૩) સરકાર આ લોકોને રેશનકાર્ડ આપવા માગે છે કેમ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૨-૧૦-૦૪) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## જિલ્લા સમિતિઓએ નક્કી કરેલ જમીનની સનદો આપવા બાબત

અતારાંકિત : ૨૬૫૦ (૩-૯-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વન વિભાગના તા. ૬-૧૦-૯૨ના જી.આર. પ્રમાણે આદિવાસી અને અન્ય પછાત વર્ગોને દરેક જિલ્લા સમિતિઓએ નક્કી કર્યા પ્રમાણે રાજ્યમાં કુલ કેટલી સનદો દસ્તાવેજોના આધારે આપવાની થતી હતી,

(૨) જૂન-૨૦૦૪ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી સનદો જિલ્લાવાર આપી છે, કેટલી બાકી છે, અને

(૩) બાકી સનદો આપવાનું આયોજન કયારે છે?

**વન મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૪) :

(૧) ૧૯૮૦ પહેલાં જંગલ જમીન પર અનધિકૃત રીતે ખેતી કરતા આદિવાસી અને અન્ય પછાત વર્ગોને રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગના તા. ૬-૧૦-૯૨ના ઠરાવ આધારે તૈયાર કરેલ યાદી મુજબ ભારત સરકારના તા. ૨-૮-૨૦૦૦ના પત્રથી મળેલ મંજૂરી પ્રમાણે રાજ્યમાં કુલ ૩૪,૪૪૧ વ્યક્તિઓને દસ્તાવેજો આધારે સનદો આપવાની થતી હતી.

(૨) જિલ્લા કલેકટરશ્રી દ્વારા આપેલ સનદ તથા બાકી સનદની જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | અપાયેલ સનદોની સંખ્યા | બાકી રહેલ સનદોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧૮૧ | - |

| | | | |
|---|---|---|---|
| ૨ | **સાબરકાંઠા** | ૧૩૦૯ | ૨ |
| ૩ | ખેડા | ૧૪૧ | - |
| ૪ | પંચમહાલ | ૪૯૧૬ | ૧૧૬ |
| ૫ | દાહોદ | ૨૫૭૭ | - |
| ૬ | વડોદરા | ૫૭૩૨ | - |
| ૭ | નર્મદા | ૨૨૯૧ | - |
| ૮ | ભરૂચ | ૬૯૩ | ૧૬ |
| ૯ | સુરત | ૧૩૧૦ | ૨ |
| ૧૦ | ડાંગ | ૧૩૯ | ૨ |
| ૧૧ | નવસારી | ૪૨૯૮ | ૪૪ |
| ૧૨ | વલસાડ | ૧૦૬૧૫ | ૫૭ |
| | **કુલ** | ૩૪૨૦૨ | ૨૩૯ |

(૩) મહદઅંશે લાભાર્થીઓ ગામે મળી આવતા નથી તેથી સનદો આપવાની બાકી રહેલ છે. આ અંગે મામલતદારશ્રીઓ દ્વારા ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

-----------

## લુણાવાડા તાલુકાના ખારોલ ગામની સીમમાં મોરની થયેલી હત્યા

અતારાંકિત : ૨૬૭૫ (૧૪-૯-૦૪) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) લુણાવાડા તાલુકાના ખારોલ ગામની સીમમાં જુલાઈ-૨૦૦૪માં આઠ જેટલા રાષ્ટ્રીય પક્ષી મોરને મારી નાંખી ફેંકી દેવાયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાષ્ટ્રીય પક્ષીની હત્યામાં સંડોવાયેલા આરોપીઓ કોણ છે, તેની સામે કયા કાયદા અન્વયે કયા પગલાં લેવાયા છે, અને

(૩) મોરની સતત બનતી હત્યા તથા કતલને રોકવા શું આયોજન થયું છે?

**વન મંત્રીશ્રી** (૭-૧૨-૦૪) :

(૧) લુણાવાડા તાલુકાના ખારોલ ગામની સીમમાં મોરના સાત મૃતદેહ તા. ૧૩-૭-૨૦૦૪ના રોજ મળી આવેલ છે.

(૨) આ બાબતે કોઠંબા રાઉન્ડ ગુન્હા નં. ૩/૨૦૦૪-૦૫થી ગુન્હો નોંધી આગળની તપાસ ચાલુ છે.

(૩) આ બાબતે વખતોવખત પ્રાકૃતિક શિક્ષણ શિબિર અને સહભાગી વન વ્યવસ્થા હેઠળ બેઠકોનું આયોજન કરી વન્યપ્રાણી તેમજ રાષ્ટ્રીય પક્ષી મોર જેવા પક્ષીઓની હત્યા સંબંધે વન્યપ્રાણી સંરક્ષણ ધારા હેઠળ શિક્ષા અંગે વાકેફ કરવામાં આવે છે. તેમજ ગ્રામજનોને આ બાબતે જાગૃત રાખવા માટે રાષ્ટ્રીય પક્ષી મોરની મહત્તા સમજાવી તેમજ વન્ય પશુ-પક્ષીના રક્ષણ કરવા બાબતે સમજુતી આપવામાં આવે છે.

-----------

## બાયડ તાલુકાના ઈન્દ્રાણ ગામે મોરની થયેલ હત્યા

અતારાંકિત : ૨૬૭૬ (૧૪-૯-૦૪) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) બાયડ તાલુકાના ઈન્દ્રાણ ગામે તા. ૯-૭-૨૦૦૪ના રોજ બાવીસ (૨૨) જેટલા રાષ્ટ્રીય પક્ષી મોરની હત્યા કરવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો મોરની સામુહિક હત્યા માટે કોણ જવાબદાર છે, તેની સામે શાં પગલાં લેવાયા છે, અને

(૩) રાજ્યમાં રાષ્ટ્રીય પક્ષી મોરની હત્યા/ કતલ રોકવા ઉચ્ચકક્ષાએ શાં પગલા ભરવામાં આવ્યા છે?

**વન મંત્રીશ્રી** (૨૩-૧૧-૦૪) :

(૧) બાયડ તાલુકાના ઈન્દ્રાણ ગામે તા. ૯-૭-૨૦૦૪ના રોજ ૨૨ જેટલા રાષ્ટ્રીય પક્ષી મોરના મૃતદેહ મળી આવેલ હતા.

(૨) આ મોરના મૃત્યુ શ્રી વિરેન્દ્રભાઈ અંબાલાલ પટેલના ખેતરના શેઢા ઉપર ખુલ્લામાં નાંખેલ મકાઈના દાણા જેમાં ઝેરી દવા ભેળવેલ હતી, તે ખાવાથી થયેલા જણાતાં તેમની સામે જયુડીશીયલ ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટ, બાયડની કોર્ટમાં કેસ નં. ૫૨૩/૦૪થી ચાલુ છે.

(૩) મોર રાષ્ટ્રીય પક્ષી છે તેમજ મોરને વન્યપ્રાણી સંરક્ષણ ધારા, ૧૯૭૨માં અનુસૂચિ-૧માં સમાવેશ કરવામાં આવેલ છે. જેથી મોરની હત્યા કે શિકારમાં વન વિભાગના કર્મચારીઓ

દ્વારા કાયદાકીય પગલાં લેવામાં આવે છે. આ ઉપરાંત મોર અને અન્ય વન્યપ્રાણીઓ પ્રત્યે લોક જાગૃત્તિ માટે વન્ય પ્રાણી સપ્તાહ, પ્રકૃતિ શિક્ષણ શિબિર જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે.

-----------

**ગાંધીનગર શહેર તથા જિલ્લામાં રાષ્ટ્રિય પ્રસુતિ સહાય યોજનાનો લાભ**

અતારાંકિતઃ ૨૪૩૧ (૧૫-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર શહેર તથા જિલ્લામાં તા.૩૦-૬-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી મહિલાઓને રાષ્ટ્રીય પ્રસુતિ સહાય યોજના હેઠળ આર્થિક સહાય આપવામાં આવી, અને

(૨) કેટલી મહિલાઓને આ સહાય ન મળી અને આ સહાય ન મળવાનાં કારણો શાં છે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૪) :

(૧) અને (૨) : ગાંધીનગર શહેર તથા જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩૮૩ મહિલાઓને રાષ્ટ્રીય પ્રસુતિ સહાય યોજના હેઠળ આર્થિક સહાય આપવામાં આવી. હાલ ૧૦૮૩ મહિલાઓને સહાય ચુકવવાની બાકી છે, જેઓને ભારત સરકાર તરફથી ગ્રાન્ટ ઉપલબ્ધ થતાં સહાય ચુકવી આપવામાં આવશે.

-----------

**રાજ્યમાં ઔષધ વિતરણ કેન્દ્રો શરૂ કરવા બાબત**

અતારાંકિત : ૨૫૨૫ (૪-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં કયા કયા શહેરોમાં આમ જનતાને સોંઘા તથા ખાતરીવાળા સુકા તથા લીલા ઔષધો વિતરણથી મળી રહે તેવા કેટલા ઔષધ વિતરણ કેન્દ્રો આવેલ છે,

(૨) બાકી રહેલા કયા કયા શહેરોમાં આવા ઔષધ વિતરણ કેન્દ્રો શરૂ કરવા માટે સરકારે વિચારણા કરેલી છે, અને

(૩) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૪-૧૨-૦૪) :

(૧) રાજ્યમાં આવા વિતરણ કેન્દ્રો આવેલા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**કચ્છ જિલ્લાના લાકડીઆ, રાપર અને જનાણ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ થી ૪ની ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૨૭૪૬ (૧૨-૧૦-૦૪) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાના લાકડીઆ, રાપર અને જનાણ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૧ થી વર્ગ-૪ના મંજુર થયેલ મહેકમ અન્વયે દરેક સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કઈ કઈ જગ્યાઓ તા. ૩૧-૮-૨૦૦૪ના રોજ ખાલી હતી,

(૨) આ પૈકી કેટલી જગ્યાઓ બે વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હતી.

(૩) એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોય તેવી કઈ કઈ જગ્યાઓ કયા કયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી હતી, અને

(૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૦-૧૨-૦૪) :

(૧) લાકડીયા ખાતે તબીબી અધિકારી, વર્ગ-૨ની ૧ જગ્યાની સહિત કુલ ૭ જગ્યા ખાલી છે. રાપર ખાતે ચાલુ વર્ષે તબદીલ કરેલ નવી ૨ તજજ્ઞોની જગ્યા સહિત વર્ગ-૧ની ૩ તેમજ અન્ય સંવર્ગની કુલ ૨૪ જગ્યા ખાલી છે, તેમજ જનાણ ખાતે વર્ગ-૧ની ૧ જગ્યા સહિત કુલ ૧૫ જગ્યા ખાલી છે. વિગતવાર પત્રક સામેલ છે.

(૨) આ પૈકી ત્રણેય સામુહિક આરોગ્ય કેન્દ્રની કુલ ૩૨ જગ્યા ૨ વર્ષ ઉપરાંતથી ખાલી છે.

(૩) એક વર્ષ કરતાં વધુ સમયથી નીચેની જગ્યાઓ ખાલી છે.

| ક્રમ | જગ્યાઓનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | | |
|---|---|---|---|---|
| | | લાકડીઆ | રાપર | જનાણ |
| ૧ | તબીબી અધિકારી, વર્ગ-૨ | - | ૧ | ૧ |
| ૨ | વહીવટી અધિકારી, વર્ગ-૨ | - | ૧ | - |
| ૩ | સ્ટાફ નર્સ, વર્ગ-૩ | ૫ | - | ૪ |
| ૪ | સીનીયર કલાર્ક, વર્ગ-૩ | - | ૧ | - |
| ૫ | એકસ-રે-ટેકનીશીયન, | - | ૧ | - |
| ૬ | વોર્ડ સર્વન્ટ, વર્ગ-૪ | - | - | ૨ |
| ૭ | ચોકીદાર | - | ૧ | - |

(૪) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરીયોતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

**તા. ૩૧-૮-૨૦૦૪ના રોજ વર્ગ-૧ થી વર્ગ-૪ની ખાલી જગ્યાઓ.**

| ક્રમ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | ખાલી જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | લાકડીઆ | તબીબી અધિકારી, વર્ગ-૨ | ૧ |
| | | સ્ટાફનર્સ | ૨ |
| | | એકસ-રે ટેકનીશીયન | ૧ |
| | | લેબોરેટરી ટેકનીશીયન | ૧ |
| | | સીનીયર કલાર્ક | ૧ |
| | | પટાવાળા | ૧ |
| | | કુલ : | ૭ |
| ૨ | રાપર | અધિક્ષક, વર્ગ-૧ | ૧+૨= ૩ |
| | | વહીવટી અધિકારી, વર્ગ-૨ | ૧ |
| | | સ્ટાફનર્સ | ૫ |
| | | એકસ-રે ટેકનીશીયન | ૧ |
| | | જુની.ફાર્માસીસ્ટ | ૨ |
| | | સીનીયર કલાર્ક | ૧ |
| | | સ્વીપર | ૪ |
| | | વોર્ડ સર્વન્ટ | ૬ |
| | | ચોકીદાર | ૧ |
| | | કુલ : | ૨૪ |
| ૩ | જનાણ | અધિક્ષક વર્ગ-૧ | ૧ |
| | | તબીબી અધિકારી, વર્ગ-૨ | ૧ |
| | | સ્ટાફનર્સ | ૪ |
| | | એકસ-રે ટેકનીશીયન | ૧ |
| | | લેબોરેટરી ટેકનીશીયન | ૧ |
| | | જુની.ફાર્માસીસ્ટ | ૨ |
| | | સીનીયર કલાર્ક | ૧ |
| | | પટાવાળા | ૧ |
| | | આયા | ૧ |
| | | સ્વીપર | ૧ |
| | | વોર્ડ સર્વન્ટ | ૧ |
| | | **કુલ :** | **૧૫** |

-----------

## રાપર તાલુકાના બેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબ સેન્ટરોમાં વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૭૪૭ (૧૨-૧૦-૨૦૦૪) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાના રાપર તાલુકાના બેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને તેની હેઠળનાં સબ સેન્ટરમાં મંજુર થયેલ મહેકમ અન્વયે કઇ કઇ જગ્યાઓ તા.૩૧-૮-૨૦૦૪ના રોજ ખાલી હતી,

(૨) આ જગ્યાઓ પૈકી બે વર્ષથી વધુ સમયથી કઇ કઇ જગ્યાઓ ખાલી હતી,

(૩) એક વર્ષથી વધુ સમયથી વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની કઇ કઇ જગ્યાઓ ખાલી હતી, અને

(૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૫-૧૨-૨૦૦૪) :

(૧)

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|
| વર્ગ-૨ | શૂન્ય. |
| વર્ગ-૩ | ૧૦ |
| વર્ગ-૪ | ૦૨ |

(૨)

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|
| વર્ગ-૨ | શૂન્ય. |
| વર્ગ-૩ | ૦૮ |
| વર્ગ-૪ | ૦૨ |

(૩)

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|
| વર્ગ-૨ | શૂન્ય. |
| વર્ગ-૩ | ૦૧ |
| વર્ગ-૪ | શૂન્ય. |

(૪) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરુરીયાતોને ધ્યાનમાં લઇને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગાઓ ભરવામાં આવશે.

-----------

## ભચાઉ તાલુકાના મનફરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૭૪૮ (૧૨-૧૦-૨૦૦૪) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાનાં ભચાઉ તાલુકાનાં મનફરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને તેના હેઠળનાં સબ સેન્ટરોમાં મંજુર થયેલ મહેકમ અન્વયે કઇ કઇ જગ્યાઓ તા.૩૧-૮-૨૦૦૪ના રોજ ખાલી હતી,

(૨) આ જગાઓ પૈકી બે વર્ષથી વધુ સમયથી કઇ કઇ જગ્યાઓ ખાલી હતી,

(૩) એક વર્ષથી વધુ સમયથી વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની કઇ કઇ જગ્યાઓ ખાલી હતી, અને

(૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૫-૧૨-૨૦૦૪) :

(૧)

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|
| વર્ગ-૨ | શૂન્ય. |
| વર્ગ-૩ | ૦૭ |
| વર્ગ-૪ | ૦૧ |

(૨)

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|
| વર્ગ-૨ | શૂન્ય. |
| વર્ગ-૩ | ૦૩ |
| વર્ગ-૪ | ૦૧ |

(૩)

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|
| વર્ગ-૨ | શૂન્ય. |
| વર્ગ-૩ | ૦૨ |
| વર્ગ-૪ | ૦૧ |

(૪) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરુરીયાતોને ધ્યાનમાં લઇને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગાઓ ભરવામાં આવશે.

-----------

## જરોદ રેફરલ હોસ્પિટલમાં ડોકટરની મનમાની

અતારાંકિતઃ ૨૭૭૦(૧૨-૧૦-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વડોદરા જિલ્લામાં આવેલ જરોદ રેફરલ હોસ્પિટલમાં ડોકટરના મનસ્વી વર્તનથી દર્દીઓ હેરાન થઇ રહ્યા છે તે હકીકત સરકાર જાણે છે,
(૨) આ હોસ્પિટલમાં તા.૨૧-૯-૦૪ થી તા.૩-૧૦-૦૪ સુધી દર્દીઓને દાખલ કરવાનો ઇન્કાર થયો હતો તે હકીકત પણ સાચી છે, અને
(૩) જો હા, તો આ સંબંધમાં શી હકીકત તપાસમાં જણાઇ છે અને જવાબદારોને શી શિક્ષા થઇ છે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૧-૧૨-૨૦૦૪) :
(૧) આવી કોઇ ફરિયાદ મળેલ નથી.
(૨) ના.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**હડકવા વિરોધી રસીનું ઉત્પાદન બંધ કરવા બાબત**

અતારાંકિત :૨૭૭૧(૧૨-૧૦-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર): માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -
(૧) વડોદરા ખાતેની વેકસીન ઇન્સ્ટીટયુટમાં હડકવા વિરોધી રસીનું ઉત્પાદન બંધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે આ હકીકત સાચી છે,
(૨) જો હા, તો આવો નિર્ણય લેવાનાં કારણો શાં છે, અને
(૩) વેકસીન ઇન્સ્ટીટયુટ ચાલુ રાખવા માટે સરકારનું આયોજન છે કે કેમ ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૨-૧૨-૨૦૦૪) :
(૧) હા, જી.
(૨) અને (૩) : ભારત સરકારના ડાયરેકટર જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ, ન્યુ દિલ્હીના પત્ર નં.ટી-૨૨૦૧૧/૮૧૯૪-ઇપીઆઇ-(વોલ્યુ-૩), તા.૧૯-૩-૨૦૦૪ માં જણાવ્યા મુજબ "દેશમાં ન્યુરલ ટીસ્યુ રેબીજ વેકસીન તા.૩૧-૧૨-૨૦૦૪ સુધી જ ઉત્પન્ન કરી શકશે અને તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં ઉત્પાદિત કરાયેલ જથ્થો તે તારીખ પછી ખલાસ થાય ત્યાં સુધી વાપરી શકાશે"

---------------

**અનુસૂચિત જનજાતિના ખોટા પ્રમાણપત્ર રજૂ કરી પોલીસ ખાતામાં નોકરી મેળવવા અંગે ફરિયાદ**

અતારાંકિત : ૨૭૪૫(૧૪-૧૦-૨૦૦૪) **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા (વડોદરા શહેર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -
(૧) માનનીય મુખ્ય મંત્રીશ્રીના જનસંપર્ક કાર્યાલયમાં તા.૩૧-૮-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અનુસૂચિત જનજાતિના બોગસ પ્રમાણપત્ર રજૂ કરીને પોલીસ ખાતામાં નોકરી મેળવવાનો ગંભીર ફોજદારી ગુન્હો કરવાના આક્ષેપ સબબ કેટલા પોલીસ અધિકારીઓ વિરુધ્ધ ફરિયાદો મળી, અને
(૨) અનુસૂચિત જનજાતિના બોગસ પ્રમાણપત્રના આધારે નોકરી મેળવવાનો ગુનો કરનારાઓ વિરુધ્ધ મળેલી ફરિયાદ અન્વયે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૧-૧૨-૨૦૦૪) :
(૧) એક.
(૨) તપાસ ચાલુ છે.

---------------

**ગેરકાયદેસર સાગી લાકડા ભરેલો પોલીસનો ટેમ્પો પકડવા અંગે**

અતારાંકિત : ૨૮૩૪ (૯-૧૨-૨૦૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -
(૧) રૂા.૪૫,૦૦૦/-ની કિંમતના ચોરીના સાગી લાકડાં ભરેલો ડાંગ પોલીસનો ટેમ્પો સપ્ટેમ્બર, ૨૦૦૪માં વન વિભાગના હાથે આહવા-વઘઇ રોડ ઉપર ઝડપાઇ ગયો હતો તે હકીકત સાચી છે,
(૨) આ ગુન્હાહિત કામમાં પોલીસ ખાતાનું કયું વાહન તથા કયા કર્મચારીઓ સંડોવાયેલા હતા, અને

(૩) જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે શાં પગલાં લેવાયા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૯-૧૨-૨૦૦૪) :

(૧) હા, જી.

(૨) ડાંગ જિલ્લા પોલીસ વાહન નં. જીજે-૧૫ જી ૫૬૨, ટાટા-૪૦૭ તથા (૧) ડ્રાયવર આર્મ પોલીસ કોન્સ્ટેબલ જશુભાઇ શામજીને અટક કરવામાં આવેલા હતા. (૨) એમ.ટી.પોલીસ સબ ઇન્સ્પે. શ્રી આર.જે.રાણા (૩) રીઝર્વ પોલીસ સબ ઇન્સ્પેકટર, પોલીસ હેડ કવાર્ટર આહવાના શ્રી એ.એન.ચૌધરી એમ કુલ ત્રણ કર્મચારીઓ સંડોવાયેલ હતા.

(૩) આહવા પશ્ચિમ વન વિભાગ રેન્જ ગુન્હા રજીસ્ટર્ડ નંબર ૫૨/૦૪ થી ગુન્હો નોંધવામાં આવેલ છે અને ઉપર્યુકત ત્રણ કર્મચારીઓ સામે તા.૧૩-૯-૨૦૦૪ના હુકમથી તાત્કાલિક સસ્પેન્ડ કરી તેઓ વિરુધ્ધ ખાતાકીય તપાસની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

---------------

## રાજ્યમાં ટ્રેડ એન્ડ કોમર્સના ભૂકંપના પેકેજની અરજીઓ

અતારાંકિતઃ ૨૩૩૧ (૩૦-૬-૨૦૦૪) **ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ટ્રેડ એન્ડ કોમર્સના ભૂકંપના પેકેજમાં માર્ચ-૨૦૦૪ની સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર થયેલ છે,

(૨) તે પૈકી કેટલા લોકોને પૈસા ચૂકવાયા છે, અને

(૩) જે લોકોને પૈસા ચૂકવવાના બાકી છે તેના કારણો શાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૩-૧૨-૨૦૦૪) :

(૧) અને (૨) : વેપાર અને વાણિજય સંસ્થાને લગતી બે સંહત યોજના અન્વયે તા.૩૧-૩-૨૦૦૪ સુધીમાં કુલ ૧૭,૪૨૭ (સત્તર હજાર ચારસો સત્તાવીસ) અરજી મંજુર કરવામાં આવી હતી અને તેમાંથી ૧૭,૩૯૩ (સત્તર હજાર ત્રણસો ત્રાણું) અરજી પરત્વે કુલ રૂા.૫૩૩૦.૯૧ લાખ (રૂપિયા ત્રેપન કરોડ ત્રીસ લાખ અને એકાણું હજાર પુરા) ની રકમની ચૂકવણી કરવામાં આવી હતી.

(૩) મંજુર કરેલી હોય તેવી બાકીની ૩૪ (ચોત્રીસ) અરજી અંગે ફરીથી ચકાસણી કરવાનું જરૂરી જણાતાં સદરહુ અરજી પરત્વે ચૂકવણી કરવામાં આવી નથી.

---------------

## રાજ્યમાં રોયલ્ટીની રકમો જિલ્લા પંચાયતોને આપવા અંગે

અતારાંકિત : ૨૬૫૭ (૩-૯-૨૦૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્ય સરકાર દ્વારા કઇ કઇ રોયલ્ટીની રકમો જિલ્લા પંચાયતોને આપવામાં આવે છે,

(૨) જુલાઇ-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમો કઇ કઇ જિલ્લા પંચાયતોને ચૂકવવામાં આવી,

(૩) જિલ્લાવાર કેટલી રોયલ્ટીની રકમોની ચૂકવણી બાકી રહે છે,

(૪) આ રકમોની ચૂકવણી કરાઇ નથી તે અંગેના કારણો શાં છે, અને

(૫) આ રકમ સરકાર કયારે આપવા માંગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (૮-૧૨-૨૦૦૪) :

(૧) રાજ્ય સરકારશ્રી દ્વારા રેતી, કંકર અને ગ્રેવલ ખનિજની રોયલ્ટી આવકના ૯૫% રકમ સંબંધિત જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ-ઇન-એઇડ તરીકે આપવામાં આવે છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં કુલ રૂા.૧૬૭૩.૧૦ લાખ સંબંધિત જિલ્લા પંચાયતોને નીચે દર્શાવ્યા પ્રમાણે ચૂકવવામાં આવેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂકવાયેલ રકમ (રૂા.લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ (જુલાઇ-૦૪ સુધી) |
| ૧ | અમદાવાદ | ૨૯.૩૫ | ૨૮.૫૮ | ૧૯.૨૫ |
| ૨ | અમરેલી | - | ૪.૦૯ | ૩.૮૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | બનાસકાંઠા | ૮.૮૫ | ૨૭.૨૦ | ૧૧.૧૦ |
| ૪ | વડોદરા | ૨૧૫.૬૯ | - | ૩૯૯.૯૬ |
| ૫ | ભાવનગર | ૪.૦૨ | ૯.૧૮ | ૫.૦૫ |
| ૬ | ભરૂચ | ૪૮.૩૩ | - | ૯૨.૫૯ |
| ૭ | નર્મદા | - | - | ૦.૨૧ |
| ૮ | વલસાડ | - | ૧૮.૨૫ | ૭.૦૨ |
| ૯ | નવસારી | - | ૨૮.૯૭ | - |
| ૧૦ | ગોધરા | - | ૫૯.૯૭ | - |
| ૧૧ | દાહોદ | ૩.૯૮ | - | ૨૦.૮૦ |
| ૧૨ | જામનગર | ૨૩.૯૪ | ૫૪.૪૧ | ૨૨.૭૪ |
| ૧૩ | જૂનાગઢ | ૧૩.૭૨ | - | ૧૦.૧૪ |
| ૧૪ | પોરબંદર | ૧૦.૬૨ | - | ૯.૦૭ |
| ૧૫ | ખેડા | - | ૧૧.૮૯ | - |
| ૧૬ | આણંદ | ૧૨.૨૯ | ૧૮.૧૨ | - |
| ૧૭ | કચ્છ | ૮.૮૧ | - | ૫૧.૯૫ |
| ૧૮ | મહેસાણા | ૮.૪૧ | ૯.૬૯ | ૮.૩૧ |
| ૧૯ | પાટણ | ૧.૩૨ | ૧.૭૫ | ૦.૬૮ |
| ૨૦ | રાજકોટ | ૬.૨૧ | ૭.૨૮ | ૯.૧૬ |
| ૨૧ | સુરત | ૫૭.૦૯ | ૯૯.૨૧ | - |
| ૨૨ | સાબરકાંઠા | ૨૯.૭૭ | ૨૩.૫૧ | - |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૩૮.૭૫ | - | - |
| ૨૪ | ગાંધીનગર | ૭૭.૦૨ | - | - |
| | **કુલ :** | **૫૯૯.૧૭** | **૪૦૨.૧૦** | **૬૭૧.૮૩** |

(૩) જિલ્લાવાર નીચે દર્શાવેલ રકમ ગ્રાન્ટ-ઇન-એઇડ તરીકે ચૂકવવાની બાકી રહે છે.

| | **જિલ્લાનું નામ** | **રકમ રૂા.લાખમાં** |
|---|---|---|
| ૧. | નવસારી | ૬૨.૩૯ |
| ૨. | ગોધરા | ૧૪૮.૦૫ |
| ૩. | ખેડા | ૧૮.૦૯ |
| ૪. | આણંદ | ૧૫.૩૩ |
| ૫. | સુરત | ૧૧૫.૮૭ |
| ૬. | સાબરકાંઠા | ૨૫.૮૯ |
| ૭. | સુરેન્દ્રનગર | ૫૦.૯૩ |
| ૮. | ગાંધીનગર | ૧૪૫.૮૨ |
| | **કુલ :** | **૫૮૨.૩૭** |

(૪) અને (૫) : જિલ્લા પંચાયતોને ચૂકવવાપાત્ર રોયલ્ટીની જરુરીયાત સામે, વિભાગના અંદાજપત્રમાં મંજુર કરાયેલ જોગવાઇ અનુસાર ચૂકવણી જેમ બને તેમ જલ્દીથી કરવા અંગે આયોજન કરેલ છે.

---------------

**વડોદરા આઇ.ટી.આઇ. માં પાણીની સુવિધાનો અભાવ**

અતારાંકિત : ૨૭૨૧ (૪-૧૦-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વડોદરા ખાતે આવેલી આઇ.ટી.આઇ. માં પાણીની સુવિધાનો અભાવ છે, તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો પાણીની અસુવિધાના કારણે વિદ્યાર્થીઓએ ધમાલ કરી તોડફોડ કરી છે, તે વાત સાચી છે,

(૩) જો હા, તો આ અવ્યવસ્થા માટે સંસ્થાના જવાબદાર અધિકારીઓ સામે સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે, અને
(૪) વડોદરા આઇ.ટી.આઇ. ખાતે વિદ્યાર્થીઓ માટે પાણીની સુવિધા પૂરી પાડવા સરકારનું શું આયોજન છે ?

**રોજગાર મંત્રીશ્રી** (૨૪-૧૨-૨૦૦૪) :
(૧) વડોદરા ખાતે આવેલી આઇ.ટી.આઇ. માં પાણીની સુવિધાનો અભાવ નથી.
(૨) ના, જી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) હાલમાં પાણીની સુવિધા છે, તેમજ ભવિષ્યમાં વિકાસને ધ્યાને રાખી પાણીની એક ઇંચની નવી વધારાની પાઇપ લાઇન પંપમાં નાખવામાં આવેલ છે, તેમજ વધારાની એક હજાર લીટરની ટાંકીની પણ વ્યવસ્થા કરેલ છે.

---------------

## ભાવનગર જિલ્લામાં લેબર કોર્ટમાં પેન્ડીંગ કેસ

અતારાંકિત : ૨૮૧૭ (૧૦-૧૧-૨૦૦૪) **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -
(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૦-૨૦૦૪ની સ્થિતિએ કેટલી લેબર કોર્ટ કાર્યરત છે,
(૨) કેટલી કોર્ટની આવશ્યકતા છે, અને
(૩) આ સ્થિતિએ કેટલાં કેસો પેન્ડીંગ છે ?

**કાયદા મંત્રીશ્રી** (૨૯-૧૨-૨૦૦૪) :
(૧) એક.
(૨) બે કોર્ટો મંજુર થયેલ છે જે પૈકી એક કોર્ટ કાર્યરત છે અને એક કોર્ટ ખાલી છે, કેસોની સંખ્યા ધ્યાને લેતાં બે કોર્ટો પુરતી છે.
(૩) ૫,૪૩૦.

---------------

## ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન બનાવવામાં આવેલ ચેકડેમ બાબત

અતારાંકિત : ૨૦૩૫ (૨૧-૫-૨૦૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -
(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષના ગાળામાં કયા કયાં ગામોમાં ચેકડેમ બનાવવામાં આવ્યા,
(૨) દરેક ચેકડેમ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને
(૩) આ ચેકડેમથી કેટલા લાભાર્થીઓને લાભ મળશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૮-૧૦-૨૦૦૪) :
(૧) તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષના ગાળામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત વાલીયા તાલુકાના ૭ ગામોમાં ૯ ચેકડેમ, ઝઘડીયા તાલુકાના ૧ ગામમાં ૩ ચેકડેમ તથા જંબુસર તાલુકામાં ૨ ગામોમાં ૨ ચેકડેમ એમ ૩ તાલુકાના ૧૦ ગામોમાં કુલ ૧૪ ચેકડેમ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત બનાવવામાં આવ્યા છે. વિગતો (પત્રક-૧ માં સામેલ છે.) જયારે ભરૂચ સિંચાઇ પંચાયત વિભાગ દ્વારા ગુજરાત પેટર્ન હેઠળ વાલીયા તાલુકાના ૧ ગામમાં ૧ ચેકડેમ તથા ઝઘડીયા તાલુકાના ૫ ગામોમાં ૫ ચેકડેમ એમ ૬ ગામોમાં ૬ ચેકડેમ બનાવવામાં આવ્યા છે. (વિગત પત્રક-૨ માં સામેલ છે.)
(૨) ભરૂચ જિલ્લામાં ઝઘડીયા તાલુકામાં ૩ ચેકડેમનો ખર્ચ રૂા.૧.૬૭ લાખ, વાલીયા તાલુકામાં ૯ ચેકડેમનો ખર્ચ રૂા.૧૭.૨૬ લાખ, જંબુસર તાલુકામાં ૨ ચેકડેમનો ખર્ચ રૂા.૨.૫૬ લાખ મળી સ.પ.સ.જ.સં. યોજના હેઠળ કુલ રૂા.૨૧.૪૯ લાખનો ખર્ચ તથા ભરૂચ પંચાયત સિંચાઇ વિભાગ દ્વારા ગુજરાત પેટર્ન હેઠળ થયેલ ૬ ચેકડેમનો ખર્ચ રૂા.૨૨.૦૪ લાખ થયેલ છે.
(૩) આ ચેકડેમથી સ.પ.સ.જ.સં.યો. અંતર્ગત (૮૦ :૨૦) થી ૧૭૯ લાભાર્થીઓને પંચાયત સિંચાઇ વિભાગ, ભરૂચ (ગુજરાત પેટર્ન) હેઠળ ૧૫૦ લાભાર્થીઓને લાભ મળશે.

**પત્રક-૧**

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ બનાવવામાં આવેલ ચેકડેમોની તાલુકાવાર/ગામવાર વિગતો.**

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | થયેલ ખર્ચ રૂ.લાખમાં | લાભાર્થીની સંખ્યા | લાભિત વિસ્તાર હેકટર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વાલીયા | બડોલી | ૧.૯૯ | ૧૧ | ૬ |
| ૨ | વાલીયા | બડોલી | ૨.૦૦ | ૧૦ | ૭ |
| ૩ | વાલીયા | સિંગલવણ | ૨.૦૦ | ૧૧ | ૭ |
| ૪ | વાલીયા | સિંગલવણ | ૨.૪૪ | ૧૧ | ૭ |
| ૫ | વાલીયા | ધાણીખૂંટ | ૧.૮૨ | ૫૨ | ૬૪ |
| ૬ | વાલીયા | બોરખાડી | ૧.૭૦ | ૧૧ | ૫ |
| ૭ | વાલીયા | વાલીયા | ૨.૨૩ | ૧૧ | ૬ |
| ૮ | વાલીયા | કેશરગામ | ૧.૩૬ | ૧૧ | ૫ |
| ૯ | વાલીયા | પાંચસીમ | ૧.૭૨ | ૧૧ | ૭ |
| | | **કુલ :** | **૧૭.૨૬** | **૧૩૯** | **૧૧૪** |
| ૧૦ | ઝઘડીયા | કાંટીપાડા | ૦.૫૦ | ૮ | ૫ |
| ૧૧ | ઝઘડીયા | કાંટીપાડા | ૦.૫૫ | ૯ | ૭ |
| ૧૨ | ઝઘડીયા | કાંટીપાડા | ૦.૬૨ | ૬ | ૬ |
| | | **કુલ :** | **૧.૬૭** | **૨૩** | **૧૮** |
| ૧૩ | જંબુસર | ડાભા | ૧.૨૮ | ૯ | ૭ |
| ૧૪ | જંબુસર | મગણાદ | ૧.૨૮ | ૮ | ૬ |
| | | **કુલ :** | **૨.૫૬** | **૧૭** | **૧૩** |
| | | **કુલ :** | **૧૦** | **૧૭૯** | **૧૪૫** |

**પત્રક-૨**

**ગુજરાત પેટર્ન હેઠળ વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન પૂર્ણ થયેલ ચેકડેમની માહિતી.**

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | ૩૧-૩-૨૦૦૪ સુધી થયેલ કુલ ખર્ચ | લાભાર્થીની સંખ્યા | લાભિત વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વાલીયા | જંબુગામ (વડફળીયા) | ૫૭૧૦૦૦ | ૨૫ | ૧૦ |
| ૨ | ઝઘડીયા | ખાખરીપુરા ગામે ચેકડેમ | ૩૭૭૦૦૦ | ૨૫ | ૧૦ |
| ૩ | ઝઘડીયા | મણીનાગેશ્વર | ૨૯૧૦૦૦ | ૨૫ | ૧૦ |
| ૪ | ઝઘડીયા | ભગત ફળીયા | ૩૦૫૦૦૦ | ૨૫ | ૧૦ |
| ૫ | ઝઘડીયા | કૃષ્ણાપુરી | ૩૦૦૦૦૦ | ૨૫ | ૧૦ |
| ૬ | ઝઘડીયા | અરાનવી | ૩૬૦૦૦૦ | ૨૫ | ૧૦ |
| | | **કુલ :** | **૨૨૦૪૦૦૦** | **૧૫૦** | **૬૦** |

---------------

**સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ચેકડેમોના કામો**

અતારાંકિત : ૨૦૬૬ (૨૦-૭-૨૦૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને

(૨) તેમાં તાલુકાવાર કેટલો ખર્ચ થયો છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૩-૧૦-૨૦૦૪) :

(૧) **તાલુકાનું નામ** **પૂર્ણ થયેલ ચેકડેમ**

| તાલુકાનું નામ | પૂર્ણ થયેલ ચેકડેમ |
|---|---|
| હિંમતનગર | ૫૯૪ |
| ઇડર | ૬૦૪ |
| વડાલી | ૪૭૦ |
| મોડાસા | ૨૯૧ |
| પ્રાંતિજ | ૯૬ |
| ભિલોડા | ૨૬૮ |
| તલોદ | ૯૨ |
| ખેડબ્રહ્મા | ૧૬૭ |
| વિજયનગર | ૪૪ |
| બાયડ | ૧૫૪ |
| માલપુર | ૫૫ |
| મેઘરજ | ૩૮ |
| ધનસુરા | ૧૨૨ |
| **કુલ :-** | **૨૯૯૫** |

(૨)

| **તાલુકાનું નામ** | **ચૂકવવાપાત્ર થતી રકમ રૂા.** | **તા.૩૦-૬-૦૪ સુધીમાં ચૂકવાયેલ રકમ રૂા.** |
|---|---|---|
| હિંમતનગર | ૧૦૧૮.૫૨ | ૬૮૭.૫૧ |
| ઇડર | ૧૪૦૯.૪૩ | ૧૦૫૩.૦૭ |
| વડાલી | ૮૧૪.૨૪ | ૫૭૬.૨૧ |
| મોડાસા | ૪૬૪.૪૧ | ૩૯૨.૯૧ |
| પ્રાંતિજ | ૨૦૦.૯૦ | ૧૩૯.૩૧ |
| ભિલોડા | ૫૭૧.૧૨ | ૪૨૦.૨૯ |
| તલોદ | ૧૯૭.૫૯ | ૧૩૫.૬૦ |
| ખેડા | ૨૩૫.૦૪ | ૧૫૯.૨૨ |
| વિજયનગર | ૮૦.૯૩ | ૬૬.૧૧ |
| બાયડ | ૨૭૮.૦૯ | ૧૭૩.૭૬ |
| માલપુર | ૮૦.૦૨ | ૫૬.૭૪ |
| મેઘરજ | ૭૪.૮૨ | ૪૨.૬૧ |
| ધનસુરા | ૨૪૨.૧૪ | ૧૫૩.૨૩ |
| **કુલ :** | **૫૬૬૭.૨૫** | **૪૦૫૬.૫૭** |

---------------

**જામનગર, દ્વારકા અને કલ્યાણપુર તાલુકાઓના ડેમોના પાણી સિંચાઇ માટે અનામત રાખવા અંગે**

અતારાંકિત : ૨૨૮૫ (૨૧-૭-૨૦૦૪) **ડૉ. દિનેશ પરમાર (જામનગર(રુરલ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નર્મદાનું પાણી પીવા માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે તેથી જામનગર, દ્વારકા, કલ્યાણપુર તાલુકાના કયા કયા સિંચાઇના ડેમોને માત્રને માત્ર સિંચાઇ માટે ઉપયોગ કરવામાં આવશે,

(૨) આવા સિંચાઇના કયા કયા ડેમોમાં હાલમાં કેટ કેટલાં પાણીનું રીઝર્વેશન પીવા માટે કરવામાં આવેલ છે,

(૩) આ રીઝર્વેશન રદ કર્યા પછી કેટલા પાણીનો જથ્થો સિંચાઇના ઉપયોગમાં લઇ શકાશે, અને

(૪) આ રીઝર્વેશન કયારે રદ કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૩-૧૦-૨૦૦૪) :

(૧) નર્મદાનું પાણી પીવા માટેની વ્યવસ્થા કરવાની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે. જે પૂર્ણ થતાં ઉન્ડ-૧, સસોઇ તથા સાની સિંચાઇ યોજનાઓના ઉપયોગ પણ સિંચાઇ માટે કરવા વિચારી શકાશે.

(૨)

| **તાલુકાનું નામ** | **ડેમનું નામ** | **રીઝર્વેશન કરેલ જથ્થો** |
|---|---|---|
| જાનનગર | ઉન્ડ-૧ | ૭૧૦ મી ઘન ફૂટ |
| જામનગર | સસોઇ | ૯૬૦ મી ઘન ફૂટ |
| કલ્યાણપૂર | સાની | ૮૦ મી ઘન ફૂટ |

(૩) રીઝર્વેશન રદ કરવામાં આવે તો ખંડ (૨) માં દર્શાવેલ પાણીનો જથ્થો સિંચાઇ માટે ઉપયોગમાં લઇ શકાશે.

(૪) પીવાના પાણી માટેની વૈકલ્પિક-વ્યવસ્થાની કામગીરી પૂર્ણ થયેથી રીઝર્વેશન રદ કરવા વિચારણા થઇ શકશે.

---------------

## ચીખલી તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના

અતારાંકિત : ૨૬૦૮ (૧૭-૮-૨૦૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ૨૦૦૩-૦૪ના વર્ષમાં તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજનાથી કેટલા ગામોને પીવાના પાણીની સુવિધા આપવામાં આવેલ છે,

(૨) આ આવરી લીધેલા ગામોમાં કુલ કેટલી વસ્તી આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેલ ગામોને કેટલા સમયમાં જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૯-૧૦-૨૦૦૪) :

(૧) જૂથ પાણી પુરવઠા યોજનામાં કામો પ્રગતિમાં હોઇ એક પણ ગામને નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સમાવિષ્ટ જૂથ યોજનાના ૭ ગામોને ૩/૨૦૦૫ સુધીમાં પાણી આપવાનું આયોજન છે.

---------------

## સંખેડા તાલુકાની માલુ વસાહત માટે પીવાના પાણીનું આયોજન

અતારાંકિત : ૨૭૧૪ (૪-૧૦-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સંખેડા તાલુકાની માલુ વસાહતમાં પીવાનું પાણી નથી મળતું તે સરકાર જાણે છે, અને

(૨) વસાહતીઓને પીવાના પાણી માટે શું નક્કર આયોજન કરવામાં આવ્યું છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૭-૧૨-૨૦૦૪) :

(૧) ના, જી.

(૨) સદર વસાહતમાં વસતા લોકોને ખાનગી કુવાથી દૈનિક ભાડેથી તથા માલુ ગામમાં આવેલ નર્મદા યોજનાની સેકશન કોલોનીમાં કરેલ બોરમાંથી પીવાનું પાણી આપવામાં આવે છે.

---------------

## રાજકોટ, કોટડા અને લોધીકા તાલુકામાં કાયમી પીવાના પાણીની વ્યવસ્થા કરવા બાબત

અતારાંકિત : ૨૭૩૩ (૧૧-૧૦-૨૦૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજકોટ જિલ્લાના રાજકોટ, કોટડા અને લોધિકા તાલુકાના કુલ કેટલા ગામોમાં તા.૩૦-૯-૦૪ ની સ્થિતિએ પીવાના પાણીની કાયમી વ્યવસ્થા નથી,

(૨) તેના શાં કારણો છે, અને

(૩) કાયમી પીવાના પાણીથી વંચિત હોય તેવા ત્રણે તાલુકાઓના કયા કયા ગામ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૪-૧૨-૨૦૦૪) :

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) એકપણ નહીં.

---------------

## રાજકોટ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ

અતારાંકિત : ૨૭૩૬ (૧૧-૧૦-૨૦૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજકોટ જિલ્લામાં તા.૨૮-૩-૦૪ની સ્થિતિએ જૂથ પાણી પુરવઠાની તાલુકાવાર કેટલી અને કઇ કઇ યોજનાઓ કાર્યાન્વિત છે, અને

(૨) જે પૈકી કેટલા અને કયા કયા ગામોને પાણી આપવામાં આવે છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨-૧૨-૨૦૦૪) :

(૧) રાજકોટ જિલ્લાના ૧૪ તાલુકાઓ પૈકી ૧૧ તાલુકાની ૨૩ જુથ પાણી પુરવઠા યોજનાઓ તા.૨૮-૩-૦૪ની સ્થિતિએ કાર્યાન્વિત છે જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | તાલુકાનું નામ | કાર્યાન્વિત જુથ યોજનાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પડધરી | ૧ |
| ૨ | ગોંડલ | ૧ |
| ૩ | જસદણ | ૪ |
| ૪ | રાજકોટ | ૧ |
| ૫ | જેતપુર | ૫ |
| ૬ | ઉપલેટા | ૧ |
| ૭ | જામકંડોરણા | ૨ |
| ૮ | મોરબી | ૩ |
| ૯ | માળીયા | |
| ૧૦ | ટંકારા | ૨ |
| ૧૧ | વાંકાનેર | ૩ |
| | **કુલ :** | **૨૩** |

૧૧ તાલુકાની કાર્યાન્વિત ૨૩ જુથ યોજનાની યાદી.

| અનુ.નં. | તાલુકાનું નામ | કાર્યાન્વિત જુથ યોજનાઓનું નામ |
|---|---|---|
| ૧ | પડધરી | ૧-પડધરી જુથ |
| ૨ | ગોંડલ-જેતપુર | ત્રાકુડા જુથ |
| ૩ | જસદણ | ૧-સાણથલીજુથ યોજના<br>૨-ભાડલાજુથ ૩-વીંછીયાજુથ<br>૪-ભડલી જુથ |
| ૪ | રાજકોટ | ૧- મચ્છુ-૧ |
| ૫ | જેતપુર/જામકંડોરણા | ૧-અમરનગર- જુથ<br>૨-ભાદ્રાજુથ ૩-ધોળીધરજુથ<br>૪-રેશમડીજુથm ૫-છાપરવાડીજુથ |
| ૬ | ઉપલેટા | ૧-વેણુ-૨ જુથ |
| ૭ | જામકંડોરણા | ૧-ફોફળ-૧ ૨-ફોફળ-૨ |
| ૮ | મોરબી | ૧-લીલાપર-ખાનપર જુથ |
| ૯ | મોરબી-માળીયા | ૨-હડમતીયા જુથ<br>૩-મોરબી-માળીયા-જોડીયા જુથ |
| ૧૦ | ટંકારા | ૧-ખીજડીયા જુથ<br>૨-અમરાપર ટોળ જુથ |
| ૧૧ | વાંકાનેર | ૧-હસનપર જુથ<br>૨-ખેરવા ખખાણાજુથ<br>૩-પાજ જુથ |

(૨) રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાઓના ૨૩ જુથ પાણી પુરવઠા યોજનાઓમાં ૩૯૦ ગામ અને ૪ શહેરોનો સમાવેશ થાય છે. તે પૈકી ૨૮-૩-૦૪ ની સ્થિતિએ ૩૩૨ ગામ તથા ૩ શહેરોને પાણી આપવામાં આવે છે જેની યાદી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકા | જુથ યોજનાનું નામ | અ.નં. | સમાવિષ્ટ ગામ | શહેરનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | પડધરી | પડધરી જુથ | ૧ | મેટોડા | |
| | | | ૨ | બોડીઘોડી | |

| અ.નં. | તાલુકા | જુથ યોજનાનું નામ | અ.નં. | સમાવિષ્ટ ગામ | શહેરનું નામ |
|---|---|---|---|---|---|
| | | | ૩ | પાટીરામપર | |
| | | | ૪ | મોવૈયા | |
| ૨ | ગોંડલ | મહી જુથ | ૫ | મોટા દડવા | |
| ૩ | જસદણ | મહી જુથ | | સાણથલી જુથ | |
| | | | ૬ | આટકોટ | |
| | | | ૭ | વિરનગર | |
| | | | ૮ | ખારચીયા જામ | |
| | | | ૯ | પાંચવડા | |
| | | | ૧૦ | જશાપર | |
| | | | ૧૧ | કાનપર | |
| | | | ૧૨ | જંગવડ | |
| | | | ૧૩ | જુના પીપળીયા | |
| | | | ૧૪ | પ્રતાપપુર | |
| | | | ૧૫ | સાણથલી | |
| | | | ૧૬ | વેરાવળ એશ | |
| | | | ૧૭ | દોલતપર | |
| | | | ૧૮ | ડોડીયાળા | |
| | | | ૧૯ | મઠડા | |
| | | | ૨૦ | ઝુંડાળા | |
| | | | ૨૧ | રાણપરડા | |
| | | | | **ભડલી ગ્રુપ** | |
| | | | ૨૨ | બંધાણી | |
| | | | ૨૩ | બેલડા | |
| | | | ૨૪ | દેવધરી | |
| | | | ૨૫ | મોઢુકા | |
| | | | ૨૬ | પાટીયાળી | |
| | | | ૨૭ | સનાળા | |
| | | | ૨૮ | સરતાનપર | |
| | | | ૨૯ | વનાળા | |
| | | | ૩૦ | ગોડલાધાર | |
| | | | ૩૧ | શિવરાજપુર | |
| | | | ૩૨ | આંબરડી | |
| | | | ૩૩ | વડોદ | |
| | | | | **ભડલા ગ્રુપ** | |
| | | | ૩૪ | બલધોઇ | |
| | | | ૩૫ | ચીતલીયા | |
| | | | ૩૬ | કોઠી | |
| | | | ૩૭ | નાની લાખાવડ | |
| | | | ૩૮ | ગઢડીયા જામ | |
| | | | ૩૯ | ખડ વાવડી | |
| | | | ૪૦ | રામલીયા | |
| | | | ૪૧ | ભાડલા | |
| | | | ૪૨ | બોઘરાવદર | |
| | | | ૪૩ | દહીંસરા | |
| | | | ૪૪ | કુંદણી | |
| | | | ૪૫ | પોલારપર | |
| | | | ૪૬ | રાજાવડલા જામ | |
| | | | ૪૭ | રાજાવડલા જસ | |
| | | | ૪૮ | રણજીતગઢ | |
| | | | ૪૯ | વેરાવળ ભાડલા | |
| | | | ૫૦ | વીરપર | |
| | | | | | **જસદણ શહેર** |
| | | | | **વિંછીયા ગ્રુપ** | |
| | | | ૫૧ | આંસલપર | |

| અ.નં. | તાલુકા | જુથ યોજનાનું નામ | અ.નં. | સમાવિષ્ટ ગામ | શહેરનું નામ |
|---|---|---|---|---|---|
| | | | ૫૨ | અમરાપર | |
| | | | ૫૩ | ભોંયરા | |
| | | | ૫૪ | ફૂલઝર | |
| | | | ૫૫ | હાથસણી | |
| | | | ૫૬ | જનડા | |
| | | | ૫૭ | કંધેવાડીયા | |
| | | | ૫૮ | કોટડા | |
| | | | ૫૯ | પીપરડી | |
| | | | ૬૦ | રૂપાવટી | |
| | | | ૬૧ | સનાળી | |
| | | | ૬૨ | થોરયાળી | |
| | | | ૬૩ | વાંગધ્રા | |
| | | | ૬૪ | વેરાવળ ભાડલી | |
| | | | ૬૫ | અજમેર | |
| | | | ૬૬ | છાસીયા | |
| | | | ૬૭ | દડલી | |
| | | | ૬૮ | ટેઢુકી | |
| | | | ૬૯ | ગુંદાળા જસ | |
| | | | ૭૦ | ખડકાણા | |
| | | | ૭૧ | લાખાવડ મોટી | |
| | | | ૭૨ | મોટા હડમતીયા | |
| | | | ૭૩ | રેવાણીયા | |
| | | | ૭૪ | કડુકા | |
| | | | ૭૫ | કાલાસર | |
| | | | ૭૬ | કમળાપુર | |
| | | | ૭૭ | ખાંડા હડમતીયા | |
| | | | ૭૮ | લાલાવદર | |
| | | | ૭૯ | લીલાપુર | |
| | | | | | **વિંછીયા શહેર** |
| | | | ૮૦ | ગોખલાણા | |
| ૪ | રાજકોટ | મચ્છુ-૧ | ૮૧ | રામપર સુર્યા | |
| | | | ૮૨ | સણોસરા | |
| | | | ૮૩ | ખોરાણા | |
| | | | ૮૪ | રાણપર | |
| | | | ૮૫ | કુવાડવા | |
| | | | ૮૬ | મઘરવાડા | |
| | | | ૮૭ | રફાલા | |
| | | | ૮૮ | જીયાણા | |
| | | | ૮૯ | ગુંદા | |
| | | | ૯૦ | ડેરોઇ | |
| | | | ૯૧ | ધમલપર | |
| | | | ૯૨ | ખેરડી | |
| | | | ૯૩ | સાયપર | |
| | | | ૯૪ | પીપલીયા | |
| | | | ૯૫ | કુચીયાદડ | |
| | | | ૯૬ | ફાડદંગ | |
| | | | ૯૭ | ગઢકા | |
| | | | ૯૮ | હડમતીયા (ગો) | |
| | | | ૯૯ | સોખડા | |
| | | | ૧૦૦ | માલીયાસણ | |
| | | | ૧૦૧ | હડમતીયા (બેડી) | |
| | | | ૧૦૨ | રતનપર | |
| | | | ૧૦૩ | નાગલપર | |
| | | | ૧૦૪ | રાજગઢ | |

| અ.નં. | તાલુકા | જુથ યોજનાનું નામ | અ.નં. | સમાવિષ્ટ ગામ | શહેરનું નામ |
|---|---|---|---|---|---|
| | | | ૧૦૫ | વાંકવડ | |
| | | | ૧૦૬ | સાતડા | |
| | | | ૧૦૭ | રામપર (બેટી) | |
| | | | ૧૦૮ | બેડલા | |
| | | | ૧૦૯ | ચાંચડીયા | |
| | | | ૧૧૦ | જાલીયા | |
| | | | ૧૧૧ | આણંદપર | |
| | | | ૧૧૨ | મેસવડા | |
| | | | ૧૧૩ | જામગઢ | |
| ૫ | જેતપુર | છાપરવાડી | ૧૧૪ | પ્રેમગઢ | |
| | | | ૧૧૫ | કેરાળી | |
| | | | ૧૧૬ | લુણાગરી | |
| | | | ૧૧૭ | પાંચ પીપળા | |
| | | | ૧૧૮ | સરધારપુર | |
| | | | ૧૧૯ | મંડલીકપુર | |
| | | | | | **જેતલસર (જ)** |
| | જેતપુર | રેશમડી | ૧૨૦ | રેશમડી ગાલોલ | |
| | | | ૧૨૧ | ભેડા પીપળીયા | |
| | | | ૧૨૨ | ખારચીયા | |
| | | | ૧૨૩ | દેવકીગાલોલ | |
| | | | ૧૨૪ | થાણા ગાલોલ | |
| | | | ૧૨૫ | અમરાપર | |
| | જેતપુર | અમરનગર | ૧૨૬ | અમરનગર | |
| | | | ૧૨૭ | વાડાસડા | |
| | | | ૧૨૮ | ખજુરીગુંદાળા | |
| | | | ૧૨૯ | ખીરસરા | |
| | | | ૧૩૦ | સ્ટેશન વાવડી | |
| | | | ૧૩૧ | ચારણીયા | |
| | જેતપુર | ત્રાકુડા જુથ | ૧૩૨ | વાલાડુંગરા | |
| | જેતપુર | ધોળીધાર જુથ | ૧૩૩ | ઉમરાલી | |
| | | | ૧૩૪ | હરીપર | |
| | | ભાદ્રા જુથ | ૧૩૫ | લુનાગરા | |
| ૬ | ઉપલેટા | વેણુ-૨ જુથ | ૧૩૬ | મેરવદર | |
| | | | ૧૩૭ | તણસવા | |
| | | | ૧૩૮ | ખારચીયા | |
| | | | ૧૩૯ | ચરેલીયા | |
| | | | ૧૪૦ | વરજાંગ જાળીયા | |
| | | | ૧૪૧ | ગધેથલ | |
| | | | ૧૪૨ | તલગણા | |
| | | | ૧૪૩ | રબારીકા | |
| | | | ૧૪૪ | ઇસરા | |
| | | | ૧૪૫ | કુઢેચ | |
| | | | ૧૪૬ | મેખાટીંબી | |
| | | | ૧૪૭ | નીલાખા | |
| | | | ૧૪૮ | લાંઠ | |
| | | | ૧૪૯ | ભીમોરા | |
| ૭ | જામકંડોરણા | ફોફળ-૧, ભાગ-૧જુથ | ૧૫૦ | ઉજળા | |
| | | | ૧૫૧ | પાદરીયા | |
| | | | ૧૫૨ | બાલાપર | |
| | | | ૧૫૩ | બંધીયા | |
| | | | ૧૫૪ | ખજુરડા | |
| | | | ૧૫૫ | ખાટલી | |
| | | | ૧૫૬ | હરીયાસણ | |
| | | | ૧૫૭ | પીપરડી | |

| અ.નં. | તાલુકા | જુથ યોજનાનું નામ | અ.નં. | સમાવિષ્ટ ગામ | શહેરનું નામ |
|---|---|---|---|---|---|
| | | | ૧૫૮ | રોઘેલ | |
| | | | ૧૫૯ | આંચવડ | |
| | | | ૧૬૦ | થોરડી | |
| | | | ૧૬૧ | વાવડી | |
| | | | ૧૬૨ | વિમલનગર (પરુ) | |
| | | | ૧૬૩ | ચરેલ | |
| | | | ૧૬૪ | રામપર | |
| | | | ૧૬૫ | સનાળા | |
| | | | ૧૬૬ | બેલડા | |
| | | | ૧૬૭ | મેઘાવડ | |
| | | | ૧૬૮ | તરકાસર | |
| | | | ૧૬૯ | પીપળીયા (માલ) | |
| | | | ૧૭૦ | પીપળીયા (એ) | |
| | | | ૧૭૧ | સાતોદડ | |
| | | | ૧૭૨ | રાજપરા | |
| | જામકંડોરણા | ફોફળ-૨, જુથ | ૧૭૩ | ચાવંડી | |
| | | | ૧૭૪ | દાદર | |
| | | | ૧૭૫ | ગુંદાસરી | |
| | | | ૧૭૬ | કાનાવડાલા | |
| | | | ૧૭૭ | દડવી | |
| | | | ૧૭૮ | બરડીયા | |
| | | | ૧૭૯ | થોરાલા | |
| | | | ૧૮૦ | નવા માત્રાવડ | |
| | | | ૧૮૧ | જુના માત્રાવડ | |
| | | | ૧૮૨ | ચિત્રાવડ | |
| | | | ૧૮૩ | સોડવદર | |
| | | | ૧૮૪ | અડવાલ | |
| | જામકંડોરણા | ભાદ્રા જુથ | ૧૮૫ | મોટાભાદ્રા | |
| | | | ૧૮૬ | નાનાભાદ્રા | |
| | | | ૧૮૭ | મોટા દુધીવદર | |
| | | | ૧૮૮ | નાના દુધીવદર | |
| | | | ૧૮૯ | ઇશ્વરીયા | |
| | | | ૧૯૦ | રાયડી | |
| | | | ૧૯૧ | તરવડા | |
| | | | ૧૯૨ | જસાપર | |
| | | | ૧૯૩ | રંગપર | |
| | | | ૧૯૪ | સાજડીયાળી | |
| | | | ૧૯૫ | બોરીયા | |
| | જામકંડોરણા | ધોળીધાર જુથ | ૧૯૬ | ધોળીધાર | |
| ૮ | મોરબી | મો.મા.જો. જુથ યોજના | ૧૯૭ | સોખડા | |
| | | | ૧૯૮ | બહાદુરગઢ | |
| | | | ૧૯૯ | નવાનાગડાવાસ | |
| | | | ૨૦૦ | પીલુડી | |
| | | | ૨૦૧ | રાપર | |
| | | | ૨૦૨ | અણીયારી | |
| | | | ૨૦૩ | જેતપર | |
| | | | ૨૦૪ | વાઘપર | |
| | | | ૨૦૫ | જુનાનાગડાવાસ | |
| | | | ૨૦૬ | નારણકા | |
| | | | ૨૦૭ | ગુંગણ | |
| | | | ૨૦૮ | ગાળા | |
| | | | ૨૦૯ | સાપર | |
| | | | ૨૧૦ | જસમતગઢ | |
| | | | ૨૧૧ | રંગપર | |

| અ.નં. | તાલુકા | જુથ યોજનાનું નામ | અ.નં. | સમાવિષ્ટ ગામ | શહેરનું નામ |
|---|---|---|---|---|---|
| | | | ૨૧૨ | કેરાળા | |
| | | | ૨૧૩ | હરીપર | |
| | | | ૨૧૪ | જુનાસાદુળકા | |
| | | | ૨૧૫ | રવાપરનદી | |
| | | | ૨૧૬ | માનસર | |
| | | | ૨૧૭ | ખેવારીયા | |
| | | | ૨૧૮ | પીપળીયા | |
| | | | ૨૧૯ | લુટાવદર | |
| | | | ૨૨૦ | મોડપર | |
| | | | ૨૨૧ | વીરપરડા | |
| | | | ૨૨૨ | હજનાળી | |
| | | | ૨૨૩ | કાંતીપુર | |
| | | | ૨૨૪ | બીલીયા | |
| | | | ૨૨૫ | બરવાળા | |
| | | | ૨૨૬ | ખાખરાળા | |
| | | | ૨૨૭ | વનાળીયા | |
| | | | ૨૨૮ | નવાસાદુળકા | |
| | | | ૨૨૯ | બેલા રંગપર | |
| | | | ૨૩૦ | શનાળા (ત) | |
| | | | ૨૩૧ | વાકડા | |
| | | | ૨૩૨ | આંદરણા | |
| | | | ૨૩૩ | નીચીમાંડલ | |
| | | | ૨૩૪ | ઉંચીમાંડલ | |
| | | | ૨૩૫ | પીપળી | |
| | | | ૨૩૬ | ટીંબડી | |
| | | | ૨૩૭ | ધરમપુર | |
| | | | ૨૩૮ | ગોરખીજડીયા | |
| | | | ૨૩૯ | જેપુર | |
| | | | ૨૪૦ | બગથળા | |
| | | | ૨૪૧ | અમરેલી | |
| | | | ૨૪૨ | મહેન્દ્રનગર | |
| | | | ૨૪૩ | તાજપર | |
| | | | ૨૪૪ | ભડીયાદ | |
| | | | ૨૪૫ | રવાપર | |
| | | | ૨૪૬ | શકતશનાળા | |
| | | લીલાપર-ખાનપુર જુથ | ૨૪૭ | લીલાપર | |
| | | | ૨૪૮ | થોરાળા | |
| | | | ૨૪૯ | મોટીવાવડી | |
| | | | ૨૫૦ | નાગલપર | |
| | | | ૨૫૧ | અમરાપર (ના) | |
| | | | ૨૫૨ | માણેકવાળા | |
| | | | ૨૫૩ | રાજપર | |
| | | | ૨૫૪ | ખાનપર | |
| | | | ૨૫૫ | ચાચાપર | |
| | | | ૨૫૬ | જોધપરનદી | |
| | | | ૨૫૭ | પંચાસર | |
| | | હડમતીયા જુથ યોજના | ૨૫૮ | ધુનડા (સ) | |
| ૯ | માળીયા | મો.મા.જો.જુથ યોજના | ૨૫૯ | હરીપર | |
| | | | ૨૬૦ | હંજીયાસર | |
| | | | ૨૬૧ | કાજરડા | |
| | | | ૨૬૨ | ચીખલી | |
| | | | ૨૬૩ | વેણાસર | |
| | | | ૨૬૪ | કુંભારીયા | |
| | | | ૨૬૫ | વરડુસર | |

| અ.નં. | તાલુકા | જુથ યોજનાનું નામ | અ.નં. | સમાવિષ્ટ ગામ | શહેરનું નામ |
|---|---|---|---|---|---|
| | | | ૨૬૬ | ખીરઇ | |
| | | | ૨૬૭ | ફતેપર | |
| | | | ૨૬૮ | માળીયા | |
| | | | ૨૬૯ | જાજાસર | |
| | | | ૨૭૦ | બગસરા | |
| | | | ૨૭૧ | ભાવપર | |
| | | | ૨૭૨ | નાનીબરાર | |
| | | | ૨૭૩ | સોનગઢ | |
| | | | ૨૭૪ | રાસંગપર | |
| | | | ૨૭૫ | નવાગામ | |
| | | | ૨૭૬ | જશાપર | |
| | | | ૨૭૭ | મોટીબરાર | |
| | | | ૨૭૮ | મોટાભેલા | |
| | | | ૨૭૯ | નાનાભેલા | |
| | | | ૨૮૦ | ચમનપર | |
| | | | ૨૮૧ | લક્ષ્મીવાસ | |
| | | | ૨૮૨ | વર્ષામેડી | |
| | | | ૨૮૩ | મોટાદહીસરા | |
| | | | ૨૮૪ | તરઘરી | |
| | | | ૨૮૫ | સરવડ | |
| | | | ૨૮૬ | મેઘપર | |
| | | | ૨૮૭ | દેરાળા | |
| | | | ૨૮૮ | મહેન્દ્રગઢ | |
| | | | ૨૮૯ | ચાચાવદરડા | |
| | | | ૨૯૦ | દહીસરા નાના | |
| | | | ૨૯૧ | ખીરસરા | |
| | | | ૨૯૨ | બોડકી | |
| | | | ૨૯૩ | લવણપુર | |
| | | | ૨૯૪ | નવલખી | |
| | | | ૨૯૫ | વીરવદરકા | |
| | | | ૨૯૬ | વાઘરવા | |
| | | | ૨૯૭ | માણાબા | |
| | | | ૨૯૮ | સુલતાનપુર | |
| | | | ૨૯૯ | ખાખરેચી | |
| | | | ૩૦૦ | રોહીશાળા | |
| | | | ૩૦૧ | વેજલપર | |
| | | | ૩૦૨ | ઘાંટીલા | |
| ૧૦ | ટંકારા | લીલાપર-ખાનપર જુથ યોજના | ૩૦૩ | વીરપર | |
| | | | ૩૦૪ | નેસડા (ખા) | |
| | | હડમતીયા જુથ યોજના | ૩૦૫ | લજાઇ | |
| | | | ૩૦૬ | ધ્રુવનગર | |
| | | | ૩૦૭ | હડમતીયા | |
| | | ખીજડીયા જુથ યોજના | ૩૦૮ | મોટાખીજડીયા | |
| | | | ૩૦૯ | નાનાખીજડીયા | |
| | | | ૩૧૦ | સરાયા | |
| | | | ૩૧૧ | નેસડા (સુ) | |
| | | | ૩૧૨ | સાવડી | |
| | | અમરાપર-ટોળ જુથ યોજના | ૩૧૩ | ટોળ | |
| | | | ૩૧૪ | અમરાપર (ના) | |
| | | | ૩૧૫ | જીવાપર | |
| ૧૧ | વાંકાનેર | હસનપર જુથ યોજના | ૩૧૬ | હસનપર | |
| | | | ૩૧૭ | પલાસડી | |

| અ.નં. | તાલુકા | જુથ યોજનાનું નામ | અ.નં. | સમાવિષ્ટ ગામ | શહેરનું નામ |
|---|---|---|---|---|---|
| | | | ૩૧૮ | ધમલપર | |
| | | | ૩૧૯ | ભોજપરા | |
| | | | ૩૨૦ | રાજસ્થળી | |
| | | | ૩૨૧ | દેરાળા | |
| | | | ૩૨૨ | રાણેકપર | |
| | | | ૩૨૩ | લુણસરીયા | |
| | | | ૩૨૪ | પંચાસર | |
| | | | ૩૨૫ | વઘાસીયા | |
| | | | ૩૨૬ | જેતપરડા | |
| | | | ૩૨૭ | જાલી | |
| | | ખેરવા-ખખાણા જુથ | ૩૨૮ | ખખાણા | |
| | | | ૩૨૯ | ખેરવા | |
| | | | ૩૩૦ | વણજારા | |
| | | | ૩૩૧ | પીપરડી | |
| | | | ૩૩૨ | ઘીયાવડ | |
| | | | **કુલ :** | **૩૩૨ ગામ** | **૩ શહેર** |

---------------

## નર્મદા આધારિત સિદ્ધપુર તાલુકામાં પાણી પહોંચાડવા અંગે

અતારાંકિત : ૨૭૫૬ (૧૬-૧૦-૨૦૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦-૯-૦૪ની સ્થિતિએ નર્મદા યોજનાનું પાણી સિદ્ધપુર તાલુકામાં પહોંચાડવા અંગેના કામોમાં કેટલી પ્રગતિ સધાઇ છે,

(૨) આ અંગે તા.૩૦-૯-૦૪ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) નર્મદા આધારિત પીવાનું પાણી સિદ્ધપુર તાલુકાના દરેક ગામોને કયાં સુધીમાં પહોંચાડવાનું સરકારનું આયોજન છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૪-૧૨-૨૦૦૪) :

(૧) પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ફકત એક ગામ સિવાય નર્મદાનું પાણી મળનાર નથી.

(૨) કોઇ ખર્ચ થયેલ નથી.

(૩) માત્ર એક ગામ પુનાસણને ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં પાણી આપવાનું આયોજન છે.

---------------

## સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ-મૂળી તાલુકા પંચાયતમાં ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૧૬૩ (૨૫-૬-૨૦૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં તા.૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ તાલુકા પંચાયત કચેરીમાં મંજુર થયેલ મહેકમ પૈકીના લાંબા સમયથી ઘણી જગ્યાઓ ખાલી છે તે વાત ખરી છે,

(૨) જો હા, તો આવી કેટલી અને કઈ કઈ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આવી ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૨-૧૦-૨૦૦૪) :

(૧) હા, જી.

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) આ ખાલી જગ્યાઓ પૈકી બઢતીથી ભરવાપાત્ર થતી જગ્યાઓ બઢતી આપી ભરવાની કાર્યવાહી ચાલું છે અને સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ જેમ બને તેમ જલ્દીથી.

**પત્રક**

**સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તથા મુળી તાલુકા પંચાયતોમાં તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ મંજુર થયેલ મહેકમ પૈકીની ખાલી જગ્યાઓ, તેમજ કેટલા સમયથી ખાલી છે તેની વિગતનું પત્રક.**

| ક્રમ | તાલુકા પંચાયતનુંનામ | જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે. | |
|---|---|---|---|---|---|
| ૧ | હળવદ | વિસ્તરણ અધિ. પંચાયત | ૧ | ૧-એક વર્ષથી | |
| | | વિસ્તરણ અધિ. સહકાર | ૧ | ૧-એક વર્ષથી | |
| | | સીનીયર કલાર્ક | ૩ | ૩-એક વર્ષથી | |
| | | જુની. કલાર્ક | ૧ | ૧-એક વર્ષથી | |
| | | પટાવાળા | ૨ | ૧ | એક વર્ષથી |
| | | | | ૧ | બે વર્ષથી |
| | | તલાટી કમ મંત્રી | ૨૯ | ૩ | બાર વર્ષથી |
| | | | | ૨ | અગીયાર વર્ષથી |
| | | | | ૧ | નવ વર્ષથી |
| | | | | ૧ | આઠ વર્ષથી |
| | | | | ૪ | છ વર્ષથી |
| | | | | ૩ | પાંચ વર્ષથી |
| | | | | ૧ | ચાર વર્ષથી |
| | | | | ૧ | ત્રણ વર્ષથી |
| | | | | ૧ | બે વર્ષથી |
| | | | | ૧૦ | એક વર્ષથી |
| | | | | ૨ | એક વર્ષથી ઓછા સમયથી |
| ૨ | મૂળી | વિસ્તરણ અધિ. સહકાર | ૧ | ૧- એક વર્ષથી | |
| | | અ.મ.ઈ.ઘરથાળ | ૧ | ૧- ત્રણ વર્ષથી | |
| | | જુની. કલાર્ક | ૩ | ૨ | ત્રણ વર્ષથી |
| | | | | ૧ | બે વર્ષથી |
| | | સર્કલ ઈન્સ્પેકટર | ૧ | ૧- એક વર્ષથી | |
| | | ડ્રાઈવર | ૧ | ૧-દશ માસથી | |
| | | તલાટી કમ મંત્રી | ૧૩ | ૨ | ચાર વર્ષથી |
| | | | | ૧ | ત્રણ વર્ષથી |
| | | | | ૧૦ | એક વર્ષથી |
| | | પટાવાળા | ૧ | ૧ ત્રણ વર્ષથી | |

------------

## ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૪૧૮ (૧૪-૭-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં મંજૂર થયેલ મહેકમ મુજબની લાંબા સમયથી ખાલી પડેલ જગ્યાઓ કેટલી છે,

(૨) આવી કઈ કઈ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આવી ખાલી પડેલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૩-૧૦-૨૦૦૪) :

(૧) જુદા જુદા સંવર્ગની કુલ-૩૨૧ જગ્યાઓ ખાલી છે.

(૨) જુદા જુદા સંવર્ગોની જગ્યાઓ આ સાથે સામેલ પત્રક મુજબના સમયથી ખાલી છે.

(૩) જેમ બને તેમ જલ્દીથી.

**પત્રક**

**સંવર્ગવાર ખાલી જગ્યા દર્શાવતું પત્રક** **જિલ્લા પંચાયત ગાંધીનગર**

| અ.નં. | સંવર્ગનું નામ | એક વર્ષ સુધીની ખાલી જગ્યાની સંખ્યા | ૧ વર્ષથી વધુ | ૨ વર્ષથી વધુ | ૩ વર્ષથી વધુ | કુલ |  | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|---|---|
|  |  |  |  |  |  | કુલ મંજુર જગ્યા | કુલ ખાલી જગ્યા |  |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ના.તા.વિ.અ. | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |  |
| ૨ | ના.ચીટનીશ | ૨ | ૧ | ૨ | - | ૨૧ | ૫ |  |
| ૩ | જુ.કલાર્ક | ૧૨ | ૦ | ૦ | ૦ | ૮૨ | ૧૨ |  |
| ૪ | ટાઈપીસ્ટ | ૧ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૧ |  |
| ૫ | ડ્રાઈવર | - | - | ૨૧ | - | ૪૭ | ૨૧ |  |
| ૬ | સર્કલ ઈન્સ્પે. | ૩ | - | - | - | ૧૨ | ૩ |  |
| ૭ | પટાવાળા | ૫ | - | ૧૩ | ૦ | ૧૨૧ | ૧૮ |  |
| ૮ | ના.હિ. | - | - | ૧ | ૦ | ૧૦ | ૧ |  |
| ૯ | સી.એ.કલાર્ક | ૪ | ૦ | ૦ | ૦ | ૧૯ | ૪ |  |
| ૧૦ | જુ.એ.કલાર્ક | ૧ | ૭ | ૦ | ૦ | ૧૭ | ૮ |  |
| ૧૧ | પશુધન નિરીક્ષક | ૨ | ૦ | ૦ | ૦ | ૧૪ | ૨ |  |
| ૧૨ | ડ્રેસર | ૨ | ૦ | ૦ | ૨ | ૬ | ૪ |  |
| ૧૩ | આસી.સીડીપીઓ | ૦ | ૧ | ૨ | ૦ | ૮ | ૩ | રદ કરેલ છે. |
| ૧૪ | મુ.સેવિકા | - | ૧ |  | ૩ | ૩૩ | ૪ |  |
| ૧૫ | સંશો.મદદ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ |  |
| ૧૬ | ગ્રામ સેવક | ૨૩ | ૦ | ૦ | ૦ | ૧૧૩ | ૨૩ |  |
| ૧૭ | ફી.હે.વ. | ૨ | ૦ | ૦ | ૧૨ | ૧૮૧ | ૧૪ |  |
| ૧૮ | વેકસીનેટર/મલ્ટીવર્ક/મે.સ.વ. | ૧૪ | ૦ | ૧ | ૩૬ | ૧૧૬ | ૫૧ |  |
| ૧૯ | મેસઈ સુપ. | - | ૦ | ૨ | ૧૫ | ૩૨ | ૧૭ |  |
| ૨૦ | મેલે.સુપ. | ૦ | ૦ | ૦ | ૫ | ૫ | ૫ |  |
| ૨૧ | જુ.ફાર્મા | ૦ | ૦ | ૨ | ૦ | ૨૫ | ૨ |  |
| ૨૨ | લે.ટે.આરોગ્ય | ૦ | ૦ | ૧ | ૦ | ૨૫ | ૧ |  |
| ૨૩ | ફી.હેસુ. | ૧ | ૧ | ૧ | ૧૦ | ૩૧ | ૧૩ |  |
| ૨૪ | વોર્ડ બોય | ૦ | ૦ | ૧૬ | ૦ | ૨૫ | ૧૬ |  |
| ૨૫ | વોર્ડ આયા | ૦ | ૦ | ૧૮ | ૦ | ૨૫ | ૧૮ |  |
| ૨૬ | શા.આ.નિ. | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ |  |
| ૨૭ | ઈસીએસએસ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ |  |
| ૨૮ | સર્વેયર | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ |  |
| ૨૯ | ત.ક.મંત્રી | ૪૩ | ૬ | ૧૧ | ૦ | ૨૪૭ | ૬૦ |  |
| ૩૦ | કેળવણી નિરી. | ૭ | ૦ | ૦ | ૦ | ૧૪ | ૭ |  |
| ૩૧ | સિનિ.કલાર્ક | ૩ | ૦ | ૦ | ૦ | ૬૨ | ૩ | પ્રતિ.ના કારણે ખાલી રાખેલ છે. |
|  | કુલ : | ૧૨૭ | ૧૭ | ૯૨ | ૮૫ | ૧૩૧૩ | ૩૨૧ |  |

-------------------

## ગાંધીનગર જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૫૨૦ (૪-૮-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૦-૬-૦૪ ની સ્થિતિએ ગ્રામ સેવક આઈ.આર.ડી.પી. અને ગ્રામ સેવક બેનોરની તાલુકા દીઠ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ કયારથી ખાલી છે,

(૩) સરકાર આ જગ્યાઓ કયારે ભરવા માગે છે, અને
(૪) ખાલી જગ્યાઓ વાળા ગામો અને વિસ્તારો માટે શી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે?

**પંચાયત મંત્રીશ્રી** (૨૩-૧૧-૨૦૦૪) :

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૦-૬-૦૪ ની સ્થિતિએ ગ્રામ સેવકની તાલુકાવાર ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **ખાલી જગ્યા** |
|---|---|
| માણસા | ૦૬ |
| કલોલ | ૦૩ |
| ગાંધીનગર | ૦૪ |
| દહેગામ | ૧૧ |
| કુલ : | ૨૪ |

(૨) આ જગ્યાઓ નીચેના સમયગાળાથી ખાલી છે.
૧૨ જગ્યા તા. ૩૧-૧૨-૦૨ થી
૧ જગ્યા તા. ૩૧-૭-૦૩ થી
૧ જગ્યા તા. ૩૧-૧૦-૦૩ થી
૧૦ જગ્યા તા. ૩-૨-૦૪ થી ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ પૈકી ૭ જગ્યાઓ પર ફાજલ ખેતીમદદનીશોને તા. ૯-૯-૦૪ ના હુકમથી વિકાસ કમિશ્નરશ્રીએ નિમણુંક આપેલ છે. બાકીની ખાલી જગ્યા પણ શકય તેટલી ઝડપથી ભરવામાં આવશે.

(૪) નજીકના સેજાના ગ્રામ સેવકને વધારાના ચાર્જ આપી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

-----------------

## રાજુલા અને જાફરાબાદ તાલુકામાં સો ચોરસવારના પ્લોટની સનદો

અતારાંકિત : ૨૬૩૭ (૩-૯-૨૦૦૪) **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજુલા અને જાફરાબાદ તાલુકામાં ૧૦૦ ચો. વારના મફત પ્લોટ ફાળવેલ અરજદારો પૈકી ઘણાને સનદો આપવાની લાંબા સમયથી બાકીમાં છે તે વાત સાચી છે,
(૨) જો હા, તો બાકી રહેલ સનદો કયા કયા વર્ષની છે તે કેટલા સમયમાં આપવામાં આવશે, અને
(૩) લાંબા સમયથી સનદો આપવાની બાકી રહેતી હોય તેવા કિસ્સામાં આ અંગે કોણ જવાબદાર છે, અને તેની સામે શાં પગલા લેવામાં આવેલ છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૯-૧૨-૨૦૦૪) :

(૧) ના જી, પરંતુ રાજુલા તાલુકામાં તા. ૨૬-૮-૦૪ ના રોજ મળેલ લેન્ડ કમિટીમાં મંજૂર થયેલ ૧૭૨ પ્લોટની સનદો આપવાની બાકી છે.
(૨) તા. ૨૬-૮-૦૪ ના રોજની રાજુલાની લેન્ડ કમિટીમાં મંજૂર થયેલ ૧૭૨ પ્લોટની સનદો આપવાની બાકી છે, જે સનદો આપવાની કાર્યવાહી ચાલુ છે.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## અમરેલી જિલ્લામાં ગામતળ વધારવાની માંગણી

અતારાંકિત : ૨૬૩૮ (૩-૯-૨૦૦૪) **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમરેલી જિલ્લામાં ખાંભા તાલુકાના વાંગધ્રા ગામે ગામતળ વધારવા માટે તાલુકા પંચાયતમાં સને ૨૦૦૨ અને ૨૦૦૩ના કેલેન્ડર વર્ષમાં કોઈ માંગણી આવેલ છે કે કેમ,
(૨) જો હા, તો ગામતળ વધારવા અંગેની માંગણી પરત્વે શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને
(૩) ગામતળ વધારવા અંગેની માંગણી હાલમાં કયા સ્ટેજે છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૩-૧૨-૨૦૦૪) :

(૧) હા, જી.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી ખાંભાએ પ્રકરણ તૈયાર કરી નાયબ કલેકટરશ્રી રાજુલાને મોકલેલ છે.

(૩) કાર્યવાહી ચાલે છે.

------------

## વાંકાનેર તાલુકાના પંચાસર ગામે સો ચોરસવારના પ્લોટની સનદો

અતારાંકિત : ૨૭૮૫ (૨૬-૧૦-૨૦૦૪) **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૦-૯-૦૪ ની સ્થિતિએ વાંકાનેર તાલુકાના પંચાસર ગામે કેટલા ૧૦૦ ચોરસવારના પ્લોટો મંજુર થયેલ છે.

(૨) મંજુર થયેલ પ્લોટો પૈકી કેટલા લાભાર્થીઓને સનદ અને કબજા સુપરત કર્યા છે, અને

(૩) બાકી લાભાર્થીઓને કેટલા સમયમાં કબજા સુપરત કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૯-૧૨-૨૦૦૪) :

(૧) લાભાર્થી તરફથી અરજી આવેલ ન હોઈ, મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓને મંજુરી

અતારાંકિત : ૨૦૧૯ (૧૮-૫-૨૦૦૪) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સન ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ ના નાણાકીય વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર, બજેટમાં કેટલા રસ્તા મંજુર કરવામાં આવ્યા હતા,

(૨) આ મંજુર થયેલ રસ્તાઓ પૈકી કયા કયા તાલુકામાં કેટલા રસ્તાઓ કયા કયા કારણોસર રદ કરવામાં આવ્યા, અને

(૩) માર્ચ, ૦૪ સુધીમાં કેટલા રસ્તાઓના કામ પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા બાકી છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૪-૧૨-૨૦૦૪) :

(૧) વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માં બજેટ ઉચ્ચક જોગવાઈની આઈટમ હેઠળ નીચે જણાવ્યા મુજબ કામો મંજુર કરવામાં આવેલ.

| અ.નં. | તાલુકો | કામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૧ |
| ૨ | વંથલી | ૨ |
| ૩ | કેશોદ | ૧ |
| | **કુલ :** | ૪ |

(૨) ખંડ-૧ માં જણાવેલ ૪ રસ્તાના કામો બજેટ ઉચ્ચક જોગવાઈમાં નાણાકીય આયોજન સામે ઘણા વધુ સ્પીલઓવર કામો હોવાથી તથા ઈજારો નકકી થયેલ કામો પ્રથમ પૂર્ણ કરવાનું આયોજન હોવાથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### ભુજ તથા નખત્રાણામાં ભૂકંપનો મલબો ઉપાડવાના કોન્ટ્રાકટમાં ભ્રષ્ટાચાર

અતારાંકિત : ૨૦૫૭ (૧-૬-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાના ભૂજ તથા નખત્રાણા તાલુકા ભૂકંપનો મલબો ઉપાડવાના કોન્ટ્રાકટના કામમાં મોટા પાયે થયેલ ભ્રષ્ટાચારમાં તા.૩૧ મી માર્ચ, ૨૦૦૪ ની સ્થિતિએ કેટલા અધિકારીઓ, કર્મચારીઓ અને કોન્ટ્રાકટરોને જવાબદાર ઠરાવવામાં આવ્યા,

(૨) તેની સામે શાં પગલાં લેવામાં આવ્યા,

(૩) કેટલા જવાબદારો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની બાકી છે, અને ?

(૪) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૬-૧૦-૨૦૦૪) :

(૧) કચ્છ જિલ્લાના ભૂજ તથા નખત્રાણા તાલુકામાં ભૂકંપનો મલબો ઉપાડવા માટે ૮૩ અધિકારીઓ, ૩૭૮ કર્મચારીઓ અને ૫ કોન્ટ્રાકટરોને જવાબદાર ઠરાવવામાં આવ્યા, ૪૦ અન્ય સામાન્ય નાગરિકને પણ જવાબદાર ગણવામાં આવેલ છે.

(૨) જવાબદાર સાબીત થયેથી ધરપકડ/ફરજમોકુફી જેવી કાર્યવાહી કરેલ છે.

(૩) અને (૪) : ૧૮૬ વિરૂધ્ધ હજુ તપાસ થઈ રહેલ છે જે તપાસનો વ્યાપ ધ્યાને લેતા અંદાજે દસ માસ જેટલા સમયમાં પૂર્ણ થવા ધારણા છે.

------------

### સાબરકાંઠા જિલ્લામાં વન વિભાગ હસ્તકની જમીનમાં રસ્તાના અધુરા કામો

અતારાંકિત : ૨૦૭૫ (૨૫-૬-૨૦૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વન વિભાગ હસ્તકની જમીનને કારણે કેટલા રસ્તાના કામો ચાર વર્ષમાં ૨૦૦૦/૦૧, ૨૦૦૧/૦૨, ૨૦૦૨/૦૩ અને ૨૦૦૩/૦૪ ના વર્ષમાં પૂર્ણ થઈ શકયા નથી,

(૨) પૂર્ણ ન થયેલા કામો હાલ કયા સ્ટેજે પડતર છે, અને

(૩) વન વિભાગની જમીનોના કારણે રસ્તા અધુરા રહેલ છે તેવા તાલુકાવાર કેટલા રસ્તા છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૯-૧૦-૨૦૦૪) :

(૧) સાબરકાંઠા જિલ્લામાં વન વિભાગની જમીનના કારણે ૪ કામો પૂર્ણ થઈ શકયા નથી.

(૨) પાદરડી એપ્રોચ રસ્તાનું કામ શરુ થયેલ નથી, બાકીના કામો જે તે સ્ટેજે અધુરા છે.

(૩)

| તાલુકો | રસ્તાની સંખ્યા |
|---|---|
| હિંમતનગર | ૧ |
| ઈડર | ૧ |
| ભીલોડા | ૧ |
| વિજયનગર | ૧ |

------------

### ગાંધીનગર જિલ્લામાં રસ્તાઓનું મરામતનું કામ

અતારાંકિત : ૨૩૬૪ (૭-૭-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રસ્તાઓ બિસ્માર હાલતમાં હતા, અને

(૨) તે પૈકી કેટલા રસ્તાઓનું મરામત કામ કરવામાં આવ્યું ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૭-૧૨-૨૦૦૪) :

(૧) અને (૨) : રસ્તા વાહન વ્યવહાર લાયક છે.

------------

## ગાંધીનગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત કરવા બાબત

અતારાંકિત : ૨૪૧૪ (૭-૭-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત કરવા માટે સને ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં તા.૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ વર્ષવાર કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવેલ ગ્રાન્ટમાંથી તાલુકાવાર કયા કયા રસ્તાઓની મરામત કરવામાં આવી ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૩-૧૨-૨૦૦૪) :

(૧) વર્ષવાર પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત માટે નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી.

| વર્ષ | ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૨-૦૩ | રૂા. ૧૯૪.૭૩ |
| ૨૦૦૩-૦૪ | રૂા. ૨૦૦.૪૧ |

(૨) પત્રક-૧ મુજબ રસ્તા પ્રમાણે ખર્ચ કરેલ છે. આ ઉપરાંત રસ્તાના કાયમી મજુરો પાછળ રૂા.૩૨.૨૧ લાખનો ખર્ચ પાડેલ છે.

**પત્રક-૧**

**તાલુકાવાર મરામત કરેલ રસ્તાની યાદી**

| અ.નં. | તાલુકાનું નામ | રસ્તાનું નામ | લંબાઈ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ગાંધીનગર | વલાદથી ને.હા.નં.૮ રસ્તો | ૧.૧૦૦ |
| ૨ | " | પાલજથી ને.હા.નં. ૮ નો રસ્તો | ૨.૯૦૦ |
| ૩ | " | મેંદરાથી એનાસણનો રસ્તો | ૨.૨૦૦ |
| ૪ | " | સાદરાથી મોતીપુરા ચંદ્રાલા રસ્તો | ૬.૦૦ |
| ૫ | " | લેકાવાડાથી ભૂંડીયા રસ્તો | ૩.૦૦ |
| ૬ | " | ચંદ્રાલાથી માધવગઢ રસ્તો | ૧.૦૦ |
| ૭ | " | છાલા કાનપુર વાસણા ચૌધરી | ૬.૦૦ |
| ૮ | " | શીહોલી મોટીથી મહુન્દ્રા રોડ | ૧.૮૦૦ |
| ૯ | " | શીહોલી આલમપુર લેકાવાડા રોડ | ૪.૮૦૦ |
| ૧૦ | " | ભૂંડીયાથી દશેલા રોડ | ૩.૦૦ |
| ૧૧ | " | દશેલાથી ધણપ રોડ | ૨.૦૦ |
| ૧૨ | " | ધણપ હાલીસા રોડ | ૩.૮૦૦ |
| ૧૩ | " | ગીયોડ એ. રોડ | ૪.૦૦ |
| ૧૪ | " | ચીલોડા ઈસનપુર રોડ | ૪.૦૦ |
| ૧૫ | " | છાલાથી જાખોરા રોડ | ૪.૦૦ |
| ૧૬ | " | જાખોરા એ. રોડ | ૧.૫૦૦ |
| ૧૭ | " | મગોડી જંકશન ડભોડા વિરાતલાવડી રાયપુર રોડ | ૧૩.૫૦૦ |
| ૧૮ | " | મેંદરા વિરાતલાવડી રોડ | ૩.૦૦ |
| ૧૯ | " | વાકાનેરડા એ. રોડ | ૨.૫૦૦ |
| ૨૦ | " | ડભોડાથી વડોદરા રોડ | ૨.૦૦ |
| ૨૧ | " | મહુન્દ્રાથી શીવપુરા કંપા રોડ | ૪.૦૦ |
| ૨૨ | " | જેઠીપુરા એ. રોડ | ૦.૬૦૦ |
| ૨૩ | " | ને. હા. થી લીંબડીયા | ૦.૫૦૦ |
| ૨૪ | " | પાલજ મગોડીથી મીસીંગ લીંક રોડ | ૧.૨૦૦ |
| ૨૫ | " | ને. હા. નં. થી રનાસણ | ૧.૨૦૦ |
| ૨૬ | " | પ્રાંતિયા થી બુટાકીયા રોડ | ૧.૫૦૦ |
| ૨૭ | " | મગોડી લાટ એ. રોડ | ૧.૮૦૦ |
| ૨૮ | " | ચીલોડા નાના એ. રોડ | ૧.૦૦ |
| ૨૯ | " | વડોદરા ગલુદણ સોનારડાથી સ્ટેટહાઈવે રોડ | ૪.૦૦ |
| ૩૦ | " | વડોદરા થી ચીલોડા દહેગામ રોડ | ૪.૩૦૦ |
| ૩૧ | " | ઈસનપુરથી મગોડી રોડ | ૨.૦૦ |
| ૩૨ | " | દો. વાસણા એ. રોડ | ૨.૪૦૦ |
| ૩૩ | " | ને. હા. થી ફીરોજપુર | ૦.૬૦૦ |

| અ.નં. | તાલુકાનું નામ | રસ્તાનું નામ | લંબાઈ |
|---|---|---|---|
| ૩૪ | " | રાયસણ કોબા | ૪.૦૦ |
| ૩૫ | " | ખોરજ-ઝુંડાલ | ૦.૫૦૦ |
| ૩૬ | " | જમીયતપુરા-અડાલજ | ૧.૪૦૦ |
| ૩૭ | " | જમીયતપુરા-આરવર્લ્ડ | ૧.૨૦૦ |
| ૩૮ | ગાંધીનગર | ઉવારસદ-એપ્રોચ | ૦.૬૦૦ |
| ૩૯ | " | સરગાસણ-કુડાસણ | ૧.૦૦ |
| ૪૦ | " | ભોયણ રાઠોડ- ટીંટોડા | ૨.૪૦૦ |
| ૪૧ | " | સરઢવ-ભાદોલ | ૨.૫૦૦ |
| ૪૨ | " | રૂપાલ-એપ્રોચ | ૧.૦૦ |
| ૪૩ | " | કોલવડા ઈન્ટરવલ | ૧.૨૦૦ |
| ૪૪ | " | વાસણ-રૂપાલ | ૪.૦૦ |
| ૪૫ | " | ઉનાવા-પીપલજ | ૪.૦૦ |
| ૪૬ | " | પોર-અડાલજ | ૩.૦૦ |
| ૪૭ | " | ટીંટોડા | ૧.૦૦ |
| ૪૮ | " | જુના કોબાથી નવા કોબા | ૧.૧૦૦ |
| ૪૯ | " | ભોયણ રાઠોડ | ૨.૪૦૦ |
| ૫૦ | " | અમીયાપુર એપ્રોચ | ૦.૭૫૦ |
| ૫૧ | " | રાયસણ કોબા | ૪.૦૦ |
| ૫૨ | " | રાંદેસણ એપ્રોચ | ૨.૦૦ |
| ૫૩ | " | રાયસણ-વણઝારાના છાપરા | ૨.૨૦૦ |
| ૫૪ | " | હનુમાન મંદિરથી રણજીતપુરા-ઉવાસદ | ૧.૭૦૦ |
| ૫૫ | દહેગામ | રાયપુર કરોલી બહીયલ રોડ | ૧૯.૦૦ |
| ૫૬ | " | રખીયાલ સાહેબજીના મુવાડા પીપલજ જિંડવા રોડ | ૧૦.૦૦ |
| ૫૭ | " | બહીયલ કનીપુર હિલોલ રોડ | ૮.૦૦ |
| ૫૮ | " | દહેગામ હરસોલી બારડોલી ધમીજ રોડ | ૨૨.૦૦ |
| ૫૯ | " | રખીયાલ ધારીસણા રોડ | ૫.૦૦ |
| ૬૦ | " | લવાડ હરખજીના મુવાડા રોડ | ૩.૦૦ |
| ૬૧ | " | અમરાજીના મુવાડા એ. રોડ | ૧.૪૦ |
| ૬૨ | " | સાંપા એ. રોડ | ૧.૫૦ |
| ૬૩ | " | ખાનપુર એ. રોડ | ૨.૫૦ |
| ૬૪ | " | રખીયાલ નવા નગર પાટનાકુવા રોડ | ૬.૦૦ |
| ૬૫ | " | પાલુન્દ્રા વાસણા સોગઠી રોડ | ૩.૦૦ |
| ૬૬ | " | હાલીસા વાસણા ચૌધરી ચેખલીયા પગી રોડ | ૮.૦૦ |
| ૬૭ | " | પાલુન્દ્રા હાથીજણ બહીયલ રોડ | ૫.૪૦ |
| ૬૮ | " | બીલમણા એ. રોડ | ૨.૦૦ |
| ૬૯ | " | ધમીજ કનીપુર રોડ | ૩.૦૦ |
| ૭૦ | " | હાલીસા ધારીસણા રોડ | ૫.૪૦ |
| ૭૧ | " | પાટનાકુવા બાબરા રોડ | ૨.૯૦ |
| ૭૨ | " | કડાદરા રામનગર રોડ | ૩.૦૦ |
| ૭૩ | " | રખીયાલ ભાદરોડા ઉડનરોડ | ૫.૦૦ |
| ૭૪ | " | હાલીસા ધણપ રોડ | ૩.૦૦ |
| ૭૫ | " | નાંદોલ સલકી રોડ | ૩.૦૦ |
| ૭૬ | " | ભૂમેશ્વરી એ. રોડ | ૧.૭૦ |
| ૭૭ | " | અંગુથલા જાલિયામઠ રોડ | ૩.૦૦ |
| ૭૮ | દહેગામ | બારડોલી કોઠી હાથીજણ રોડ | ૩.૮૦ |
| ૭૯ | " | વાસણા ચૌધરી કંથારપુરા રોડ | ૩.૦૦ |
| ૮૦ | " | વાસણા રાઠોડથી સ્ટેટહાઈવે રોડ | ૩.૦૦ |
| ૮૧ | " | વાસણા ચૌધરીથી છાલા તા.હદ સુધી | ૨.૦૦ |
| ૮૨ | " | શીયાવાડા બહીયલ રોડ | ૯.૦૦ |
| ૮૩ | " | બારીયા એ. રોડ | ૦.૮૦ |
| ૮૪ | " | હરસોલી કડાદરા રોડ | ૮.૦૦ |
| ૮૫ | " | બહીયલ બારડોલી રોડ | ૮.૦૦ |
| ૮૬ | " | કડજોદરા દેવ મુવાડા રોડ | ૬.૫૦ |
| ૮૭ | " | દેવકરણના મુવાડા મોતીપુરા પાવઠી રોડ | ૪.૦૦ |

| અ.નં. | તાલુકાનું નામ | રસ્તાનું નામ | લંબાઈ |
|---|---|---|---|
| ૮૮ | " | ખાનપુર સાંપા રોડ | ૩.૦૦ |
| ૮૯ | " | કલ્યાણજીના મુવાડા લીહોડા રોડ | ૫.૦૦ |
| ૯૦ | " | સાંપા લીહોડા રોડ | ૨.૦૦ |
| ૯૧ | " | દહેગામ-લવાડ રોડ | ૩.૦૦ |
| ૯૨ | " | જિંડવા ડુમેચા રોડ | ૧.૭૦ |
| ૯૩ | " | દહેગામ-વા.રાઠોડ-હરસોલી-ચાંદીયેલ રોડ-૬/૦ થી ૧૯/૫ | ૧૨.૪૦૦ |
| ૯૪ | " | જલુન્દ્રા મોટા-કડાદરા રોડ ૦/૦ થી ૬/૩ | ૬.૩૦૦ |
| ૯૫ | કલોલ | જામળા એ. રોડ | ૨.૦૦ |
| ૯૬ | " | સાબાસપુરા | ૧.૦૦ |
| ૯૭ | " | સોજા-આમજા | ૩.૦૦ |
| ૯૮ | " | બાગજ-સાંતેજ | ૪.૦૦ |
| ૯૯ | " | ભાદોલ-મોખાસણ | ૨.૦૦ |
| ૧૦૦ | " | પલોડીયા | ૧.૫૦૦ |
| ૧૦૧ | " | કાંઠા-પલીયડ | ૩.૦૦ |
| ૧૦૨ | " | કલોલ-પલસાણા | ૩.૦૦ |
| ૧૦૩ | " | ગ્રામભારતી-લીંબોદ્રા | ૩.૦૦ |
| ૧૦૪ | " | વાયણા એપ્રોચ | ૧.૦૦ |
| ૧૦૫ | " | ડિંગુચા-મોખાસણ | ૨.૫૦૦ |
| ૧૦૬ | " | વેડા-હિંમતપુરા | ૨.૦૦ |
| ૧૦૭ | " | ઝુલાસણ એપ્રોચ | ૧.૫૦૦ |
| ૧૦૮ | " | ધમાસણા | ૧.૦૦ |
| ૧૦૯ | " | દંતાલી-સબાસપુરા | ૩.૦૦ |
| ૧૧૦ | " | આમના-મહનપુર | ૬.૫૦૦ |
| ૧૧૧ | " | બાલવા-લીંબોદરા | ૩.૦૦ |
| ૧૧૨ | " | પલીયડ-કાંઠા રોડ | ૧.૦૦ |
| ૧૧૩ | " | પલીયડ રોડ | ૧.૦૦ |
| ૧૧૪ | " | વેડા-વાળીનાથ | ૨.૦૦ |
| ૧૧૫ | " | આમજા-એપ્રોચ | ૧.૦૦ |
| ૧૧૬ | " | વેડા-બોરુ | ૪.૦૦ |
| ૧૧૭ | " | ખાત્રજ-જેઠલજ | ૨.૦૦ |
| ૧૧૮ | કલોલ | સાંતેજ-ખાત્રજ | ૪.૦૦ |
| ૧૧૯ | " | લક્ષ્મીનગર એપ્રોચ | ૧.૦૦ |
| ૧૨૦ | " | વેડા-જામળા | ૩.૦૦ |
| ૧૨૧ | " | બાલવા-લીંબોદરા | ૩.૦૦ |
| ૧૨૨ | " | ભાદોલ- મોખાસણ | ૨.૦૦ |
| ૧૨૩ | " | વડુ-વડસમા-કરજીસણ | ૩.૦૦ |
| ૧૨૪ | " | લીંબોદરા એપ્રોચ | ૨.૦૦ |
| ૧૨૫ | " | કાંઠા પલીયડ | ૩.૦૦ |
| ૧૨૬ | " | વડસર એપ્રોચ | ૧.૧૦ |
| ૧૨૭ | " | રકનપુરા સાંતેજ | ૨.૨૦ |
| ૧૨૮ | માણસા | લોદ્રા લાકરોડા રોડ | ૯.૨૦ |
| ૧૨૯ | " | માણસા ઈટાદરા બોરુ સાલડી રોડ | ૭.૨૦ |
| ૧૩૦ | " | વિહાર ચોકડીથી વિહાર એપ્રોચ રોડ | ૧.૧૦ |
| ૧૩૧ | " | પારસાથી ખાટા આંબા રોડ | ૨.૫૦ |
| ૧૩૨ | " | માણેકપુરથી મકાખાડ રોડ | ૩.૦૦ |
| ૧૩૩ | " | રણાસણથી કણભા રોડ | ૨.૫૦ |
| ૧૩૪ | " | બિલોદરા એપ્રોચ રોડ | ૨.૦૦ |
| ૧૩૫ | " | સોલૈયા ફતેપુરા રોડ | ૨.૧૦ |
| ૧૩૬ | " | વેડા દેલવાડા રોડ | ૩.૫૦ |
| ૧૩૭ | " | આજોલ દેલવાડા પાલડી વ્યાસથી ચડાસણા રોડ | ૮.૦૦ |
| ૧૩૮ | " | મહુડી અનોડીયા રોડ | ૬.૦૦ |
| ૧૩૯ | " | માણેકપુર ગ્રામભારતી | ૩.૦૦ |
| ૧૪૦ | " | લોદ્રા બજરંગ આશ્રમ | ૨.૭૦ |
| ૧૪૧ | " | પીલવાઈ વેડા પ્રેમનગર રોડ | ૨.૨૦ |

| અ.નં. | તાલુકાનું નામ | રસ્તાનું નામ | લંબાઈ |
|---|---|---|---|
| ૧૪૨ | " | ધોળાકુવા એપ્રોચ રોડ | ૧.૦૦ |
| ૧૪૩ | " | પરબતપુરા ભીમપુરા ધોળાકુવા | ૨.૫૦ |
| ૧૪૪ | " | ગોવિંદપુરા એપ્રોચ રોડ | ૨.૨૬ |
| ૧૪૫ | " | વિહાર જોઈનીંગ વિસનગર રોડ | ૨.૫૦ |
| ૧૪૬ | " | આનંદપુરા વેડા રોડ | ૦.૮૫ |
| ૧૪૭ | " | ખરણા એ. રોડ | ૧.૦૦ |
| ૧૪૮ | " | લોદ્રા એ. રોડ | ૩.૦૦ |
| ૧૪૯ | " | આજોલ ચરાડા રોડ | ૫.૦૦ |

------------

## નવસારી જિલ્લામાં તૂટેલા નાળાં

અતારાંકિત : ૨૫૧૩ (૩૧-૭-૨૦૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર તા.૩૦-૬-૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નાળા તૂટી ગયેલ છે,

(૨) આ તૂટી ગયેલા નાળાનું સરકાર રીપેરીંગ કરવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કયારે અને કેટલા સમયમાં ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૪-૧૨-૨૦૦૪) :

(૧) નવસારી જિલ્લામાં તા.૩૦-૬-૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તૂટેલા નાળા તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | તૂટેલા નાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૦ |
| ૨ | જલાલપોર | ૦ |
| ૩ | ગણદેવી | ૦ |
| ૪ | ચીખલી | ૧ |
| ૫ | વાંસદા | ૦ |
| | **કુલ :** | **૧** |

(૨) અને (૩) : તૂટી ગયેલા સ્લેબ ડ્રેઈનની જગ્યાએ નવા સ્લેબડ્રેઈનનું કામ પૂર્ણ થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

## રાજ્યમાં નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૫૬૨ (૯-૮-૨૦૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૭-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરોની જગ્યા વણ પુરાયેલી છે તે કયાં સુધીમાં ભરવામાં આવશે,

(૨) વર્ગ પ્રમાણેના ચીફ ઓફિસરો ન હોય તેવી કઈ કઈ નગરપાલિકાઓ છે, અને

(૩) તેમાં વર્ગ પ્રમાણે સબંધિત કક્ષાના ચીફ ઓફિસર નીમવા કોઈ આયોજન છે કે કેમ ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૬-૧૨-૨૦૦૪) :

(૧) કુલ-૧૮ નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરોની જગ્યા વણ પુરાયેલી છે, જે શકય તેટલી વહેલી ભરવામાં આવશે.

(૨) ઘાટલોડિયા, આણંદ, કરમસદ, પાલનપુર, દેવગઢ બારીયા, નડીયાદ, વિસનગર, નવસારી, કરજણ, સાવરકુંડલા, બોટાદ, મહુવા, ધ્રોલ અને સુરેન્દ્રનગર.

(૩) હા, જી.

-----------------

## રાજકોટ શહેરમાં ચાલતુ ગેરકાયદેસર કતલખાનું

અતારાંકિત : ૨૬૭૮ (૧૪-૯-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજકોટ શહેરમાં કૃષ્ણપરા-કાપડ માર્કેટ પાછળ ગેરકાયદે-લાયસન્સ વગરનું કતલખાનું લાંબા સમયથી ચાલી રહ્યું છે તે હકીકત સરકાર જાણે છે, અને

(૨) આ ગેરકાયદે કતલખાનું બંધ કરી તેના સંચાલકો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૭-૧૨-૨૦૦૪) :

(૧) અને (૨) : કતલખાના અંગેની બાબત મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. આ બાબતમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી છે.

(અ) કૃષ્ણપરાના કતલખાના બંધ કરાવવા તથા પગલાં લેવા બી.પી.એમ.સી. એકટની કલમ-૩૭૬ હેઠળ નોટીસ પાઠવી કાર્યવાહી હાથ ધરી હતી, પરંતુ જે સંદર્ભે ધંધાર્થીઓએ નામ. હાઈકોર્ટ માંથી મનાઈ હુકમ મેળવેલ.

(બ) નામ. હાઈકોર્ટ દ્વારા એસસીએ ૭૦૪૦/૧૯૯૦ તથા ૭૦૪૧/૯૨ રદ કરીને મહાનગરપાલિકાને જણાવેલ કે, વાદીઓ નિયમાનુસારની બધી શરતો પુરી કરી અરજી કરે તો મહાનગરપાલિકા વાદીઓને ધંધો ચલાવવા લાયસન્સ આપી શકશે.

(ક) ધંધાર્થીઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરીને ધંધાર્થીઓને વૈકલ્પિક જગ્યા આપવાનું વિચારાયેલ, પરંતુ શહેરના વિવિધ સંગઠનોના વિરોધને કારણે તે શકય બનેલ નહી.

(ડ) ૨૩-૨-૦૪ના રોજ ધંધો કરતા આગેવાનો સાથે મળેલ બેઠકમાં થયેલ નિર્ણય મુજબ, આ જગ્યાએ ધંધાર્થીઓ પાસેથી રકમ વસુલ કરી, મહાનગરપાલિકાના ફાળા સાથે આધુનિક કતલખાનું બનાવવાની પ્રક્રિયા મહાનગરપાલિકા દ્વારા હાથ ધરેલ છે.

-----------------

## અમરેલી જિલ્લામાં કુટિર જ્યોત યોજના અન્વયેની અરજીઓ બાબત

અતારાંકિત : ૨૬૪૩ (૩-૯-૨૦૦૪) **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમરેલી જિલ્લામાં જુન-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર કુટિર જ્યોત યોજના નીચે કેટલી અરજીઓ આવેલ છે,

(૨) જે પૈકી કેટલાને વીજજોડાણો આપવામાં આવેલ છે, અને

(૩) બાકી અરજદારોને કયારે વીજજોડાણ આપવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૧૫-૧૦-૨૦૦૪) :

(૧) અને (૨)

| તાલુકાનું નામ | અમરેલી જિલ્લામાં જુન-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કુટિર જ્યોત યોજના હેઠળ | | | |
|---|---|---|---|---|
| | મળેલ અરજીઓની સંખ્યા | મળેલ અરજીઓ પૈકી અપાયેલ વીજજોડાણોની સંખ્યા | મળેલ અરજીઓ પૈકી રદ થયેલ અરજીઓની સંખ્યા | મળેલ અરજીઓ પૈકી પડતર રહેલ અરજીઓની સંખ્યા |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| અમરેલી | ૪ | ૪ | ૦ | ૦ |
| બાબરા | ૧૬૨ | ૧૫૬ | ૬ | ૦ |
| લાઠી | ૩૧ | ૩૧ | ૦ | ૦ |
| લીલીયા | ૯૮ | ૭૪ | ૨૪ | ૦ |
| કુકાવાવ વડીયા | ૧ | ૧ | ૦ | ૦ |
| બગસરા | ૦ | ૦ | ૦ | ૦ |
| ધારી | ૦ | ૦ | ૦ | ૦ |
| સાવરકુંડલા | ૦ | ૦ | ૦ | ૦ |
| ખાંભા | ૧૩૦ | ૩૦ | ૦ | ૧૦૦ |
| રાજુલા | ૧૪૦ | ૬૦ | ૮૦ | ૦ |
| જાફરાબાદ | ૧૯૭ | ૧૩૫ | ૦ | ૬૨ |
| **કુલ :** | **૭૬૩** | **૪૯૧** | **૧૧૦** | **૧૬૨** |

(૨) બાકી અરજદારોને કેન્દ્ર સરકાર તરફથી દાખલ કરેલ નવી યોજનાના ધોરણો અનુસાર તથા નાણાં ઉપલબ્ધ થયેથી તબકકાવાર વીજજોડાણો આપવાનું આયોજન છે.

-----------------

**જેતપુર પાવીમાં અનુસૂચિત જનજાતિનું સરકારી કુમાર છાત્રાલય બંધ થવા બાબત**

અતારાંકિતઃ ૨૬૨૦(૩૧-૮-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જેતપુર પાવીમાં અનુસૂચિત જનજાતિની સરકારી કુમાર છાત્રાલય જુન-૦૪ના સત્રથી બંધ છે તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો તેને શરુ કરવાની શી કાર્યવાહી કરવામાં આવી ?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** (૧૫-૧૦-૨૦૦૪) :

(૧) ના જી, સરકારી કુમાર છાત્રાલય (ST) જેતપુર પાવી જુન-૦૪ ના સત્રથી બંધ છે તે હકીકત સાચી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

**આઠમી અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૨૮૧૬ | ૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૭૦૩, ૨૭૬૯ | ૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૨૦૬૧, ૨૫૦૮, ૨૬૪૦, ૨૬૬૫, ૨૬૬૮, ૨૭૭૬ | ૬ |
| ૪ | અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૩૪૫ | ૧ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૬૫૦, ૨૬૭૫, ૨૬૭૬ | ૩ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૪૩૧, ૨૫૨૫, ૨૭૪૬, ૨૭૪૭, ૨૭૪૮, ૨૭૭૦, ૨૭૭૧ | ૭ |
| ૭ | ગૃહ વિભાગ | ૨૭૪૫, ૨૮૩૪ | ૨ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૩૩૧, ૨૬૫૭, | ૨ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૨૭૨૧ | ૧ |
| ૧૦ | કાયદા વિભાગ | ૨૮૧૭ | ૧ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૦૩૫, ૨૦૬૬, ૨૨૮૫, ૨૬૦૮, ૨૭૧૪, ૨૭૩૩, ૨૭૩૬, ૨૭૫૬ | ૮ |
| ૧૨ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૧૬૩, ૨૪૧૮, ૨૫૨૦, ૨૬૩૭, ૨૬૩૮, ૨૭૮૫ | ૬ |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૨૦૧૯, ૨૦૫૭, ૨૦૭૫, ૨૩૬૪, ૨૪૧૪, ૨૫૧૩ | ૬ |
| ૧૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૫૬૨, ૨૬૭૮ | ૨ |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૨૬૪૩ | ૧ |
| ૧૬ | આદિજાતિ વિકાસ વિભાગ | ૨૬૨૦ | ૧ |
| | | **કુલ :** | **૫૦** |

-------------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૧૯૯૭-૯૮નો સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો અહેવાલ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૧૯૯૭-૯૮ ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઑડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઑડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત ઈન્ફોર્મેટિકસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૪-૨૦૦૫ નું ગુજરાત હાઉસિંગ બોર્ડનું સુધારેલ અંદાજપત્રક**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડનું સન ૨૦૦૪-૨૦૦૫નું સુધારેલું અંદાજપત્રક અને સન ૨૦૦૫-૨૦૦૬નો ગૃહનિર્માણ કાર્યક્રમ અને મૂડીના કામોનું અંદાજપત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલ અંદાજપત્રક અને મૂડીના કામોનું અંદાજપત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૩-૨૦૦૪ નો ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો અહેવાલ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૨-૨૦૦૩ નો અશકતતા કમિશનર, ગુજરાત રાજયનો અહેવાલ**

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અશકતતા કમિશનર, ગુજરાત રાજયનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (પર્યાવરણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૧-૨૦૦૨નો ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો અહેવાલ**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખાદી ગ્રામાદ્યોગ બોર્ડનો સન ૨૦૦૧-૨૦૦૨નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની અધિસૂચના**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તા. ૨-૯-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક: જીએચ-વી-૨૦૦૪નો ૨૧-બીકેએમ-૧૦૨૦૦૪-૧૮૧-વ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવી.**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો

**સચિવશ્રી** : હું અગિયારમી ગુજરાત વિધાનસભાના સાતમાં સત્રમાં સભાગૃહે પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે, તેવાં સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક: ૧,૨,૩,૪,૬,૭,૮,૧૨ અને ૧૬ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**જાહેર હિસાબ સમિતિના અહેવાલોની રજૂઆત**

**ડો. ચંદ્રિકાબેન ચુડાસમા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો ત્રીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો અને સાતમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યા.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સની સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૫, ૭૮,૪૦,૦૦૦/- ની માગણી ક્રમાંક - ૧૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક -૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૬ રજૂ કરવામાં આવી.**

**માગણી નં.૧૨**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજનાઓની સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૧,૧૪,૬૭,૭૧,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૨૩,૪૯,૨૯,૦૦૦/- ની માગણી ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામા આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી છબીલદાસ ના. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૮ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**માગણી નં. ૭૬**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૫,૯૮,૫૫,૦૦૦/-ની માગણી ક્રમાંક-૭૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૭૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી શીવજીભાઈ ક. આહીર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભીખાભાઈ ગ. જોષી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૭૮**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮૧,૨૦,૨૬,૦૦૦/- ની માગણી ક્રમાંક : ૭૮ રજૂ કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધયક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરું છું.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૧ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૭૯**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતીમહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૬૯,૪૫,૦૧,૦૦૦/- ની માગણી ક્રમાંક - ૭૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૭૯ રજૂ કરવામાં આવી.**

**ડૉ. નીમાબેન બ. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.**

## સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની શુક્રવાર, તા.૧૧-૩-૨૦૦૫ (નવમો દવિસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ.. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ<br>માગણી નં.૧૧** | | |
| ૧. | ૨૦૪૫-ચીજવસ્તુઓ ... શુલ્ક<br>૧૦૩-વસૂલાત... શુલ્ક<br>૦૧-વીજળી... નિરીક્ષક<br>રૂ..૪,૨૩,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૫ પા.નં.૬ | ૧૦૦ | મોટા ઉદ્યોગો પાસેથી બાકી રહેતી વીજ બીલની રકમની સમયસર વસૂલાત ન થતા તેનો આર્થિક ભાર સામાન્ય જનતા ઉપર પડતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.અનિલ જોષીયારા |
| ૨. | ૨૦૪૫-ચીજવસ્તુઓ ... શુલ્ક<br>૧૦૩-વસૂલાત... શુલ્ક<br>(૦૨)-રાજયના .. યોજના<br>રૂ..૧,૧૧,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં.૫ પા.નં.૭ | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં જર્જરીત વાયરો અને થાંભલાઓ સમયસર બદલી જાનહાનિ થતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| *૩. | --"-- | ૧૦૦ | જર્જરીત વાયરો દૂર કરી અન્ડરગ્રાઉન્ડ વાયરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪. | ૨૦૪૫-ચીજવસ્તુ...શુલ્ક<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-ગૃહ ... અમલ<br>રૂ..૪૩,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં.૫ પા.નં.૮-૯ | ૧૦૦ | ગૃહવપરાશના વીજ મીટરો સમયસર બદલવામાં તથા તેની ગુણવત્તાની ચકાસણીની જવાબદારી નકકી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઈ ચૌધરી |
| *૫. | --"-- | ૧૦૦ | વીજમીટરોની નિયમિત ચકાસણી કરવામાં તેમજ મીટરો મુકાયા બાદ કોઈ ફૉલ્ટ આવે તો ગ્રાહક ઉપર તેની જવાબદારી ન આવે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૬. | --"-- | ૧૦૦ | ગૃહવપરાશના વરસો જૂના વીજ વાયરોનું દર વષેર્ નિયમિત ચેકીંગ કરવામાં અને શોર્ટસકીર્ટ/આગના બનાવો બનતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શંકરભાઈ વારલી |
| | | **માગણી નં.૧૨** | | |
| ૭. | ૨૮૦૧-વીજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુત બોર્ડને સહાય<br>રૂ..૧૧,૯૮,૮૩,૦૦,૦૦૦ | ૧૦૦ | બોર્ડ ધ્વારા પાડવામાં આવતા દરોડા દરમિયાન વીજ મીટરો ઉતારી/વીજ સેવા છીનવી લઈ ગ્રાહકોને અપમાનિત કરતા કર્મચારીઓ સામે પગલાં | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૫ પા.નં.૧૨ થી ૧૫ | | લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૮. | --"-- | ૧૦૦ | વિદ્યુત મીટરો ચેક કરવાના બહાને / મીટર ફોલ્ટના નામે ગ્રાહકોને ભારે દંડ ફટકારી આત્મહત્યા કરવા પ્રેરાય તેવા બનાવો બનતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૯. | --"-- | ૧૦૦ | પ્રતિબંધ છતાં દર વરસે ડાયરીઓ છપાવવા પાછળ કરાતો ખોટો ખર્ચ પ્રજાને માથે વીજળી ભાવવધારારુપે ઠોકી બેસાડાય છે તે રોકવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૦. | --"-- | ૧૦૦ | ખેતી માટે જરુરિયાત મુજબ વીજળી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૧૧. | --"-- | ૧૦૦ | વીજક્ષમતા વધારવાને બદલે ઉંચા ભાવે બહારથી વીજળી ખરીદવાને કારણે કરોડો રુપિયાનો પડતો આથિર્ક બોજ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| *૧૨. | --"-- | ૧૦૦ | યોગ્ય વહીવટ/આયોજનના અભાવે ખોટમાં થતા ઉત્તરોત્તર વધારાનો ભાર વીજગ્રાહકો ઉપર પડતો નિવારવામાં તંત્રની ઘોર નિષ્ફળતા. | |
| ૧૩. | --"-- | ૧૦૦ | ઈલેકટ્રીસીટી એકટ અન્વયે વીજ ગ્રાહકો પોતાના વીજ મીટરો નાખી શકે તેવી વ્યાપક જાહેરાતો કરાવી જનતાને મીટરભાડામાંથી મુકિત અપાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મનિષ ગિલીટવાલા |
| ૧૪. | --"-- | ૧૦૦ | ખેડૂતોને વીજ કનેકશનોના એસ્ટીમેટની રકમો ભર્યા પછી ઝડપથી કનેકશનો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માધુભાઈ ભોયે |
| *૧૫. | --"-- | ૧૦૦ | ઉદ્યોગો ઉપર વારંવાર વીજ કાપ મુકવાથી ઔદ્યોગિક ઉત્પાદન પર પડતી માઠી અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૬. | --"-- | ૧૦૦ | સૌરાષ્ટ્રના મોટા અને મધ્યમ શહેરોમાં વારંવાર વિદ્યુત પુરવઠો ખોરવાઈ જતો અટકાવવામાં તંત્રની નિફ્ષ્ળતા. | શ્રી બાબુભાઈ શાહ |
| *૧૭. | --"-- | ૧૦૦ | સૌરાષ્ટ્રમાં ટ્રાન્સમીટરો સંબંધે પ્રજાની ફરિયાદોનું નિવારણ કરવામાં તંત્રનું ઓરમાયું વર્તન. | |
| ૧૮. | ૨૮૦૧-વીજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૨૧-પીડબલ્યુઆર-૨૪<br>જયોતિ ... અનુદાન<br>રૂા..૨,૦૦,૦૪,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫ પા.નં.૨૦ | ૧૦૦ | પૂરતું વીજળી ઉત્પાદન ન હોવા છતાં જયોતિગ્રામ યોજના અન્વયે જનતાને ગુમરાહ કરવામાં આવે છે તે સ્થિતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી છબીલભાઈ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં.૭૬** | | |
| ૧૯. | ૨૦૫૨-સચિવાલય સામાન્ય સેવાઓ.... ૦૯૦-સચિવાલય ૦૧-મહેસૂલ વિભાગ રૂા..૫,૦૬,૨૦,૦૦૦ અં.પ્ર.નં.૨૧ પા.નં.૪૧ | ૧૦૦ | દુષ્કાળની પરિસ્થિતિને પહોંચી વળવા આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.ચંદ્રિકાબેન ચુડાસમા |
| *૨૦. | --"-- | ૧૦૦ | અછત રાહતના વરસો જૂના મેન્યુઅલમાં સુધારા વધારા કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૧. | --"-- | ૧૦૦ | જુદા જુદા હેતુ માટે જમીન સંપાદન કર્યા પછી તેના વળતરની ચૂકવણીમાં વિભાગ કક્ષાએથી થતો અસહ્ય વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવજીભાઈ આહીર |
| *૨૨. | --"-- | ૧૦૦ | જિલ્લા કક્ષાએથી આવેલી મહેસૂલી દરખાસ્તોનો સત્વરે નિકાલ કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૩. | --"-- | ૧૦૦ | કુદરતી આપત્તિના સમયે નુકસાનના અંદાજો સત્વરે તૈયાર કરી કેન્દ્રૂર સમક્ષ રજૂ કરી સમયસર સહાય મેળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જેશાભાઈ બારડ |
| ૨૪. | --"-- | ૧૦૦ | નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવાની કાર્યવાહીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૨૫. | ૨૦૫૨-સચિવાલય સામાન્ય સેવાઓ ૦૯૦-સચિવાલય ૦૪-એલએનડી-૬ મહેસૂલ.... કરવો. રૂા..૧૩,૦૦,૦૦૦ અ.પ્ર.નં.૨૧ પા.નં.૪૩ | ૧૦૦ | મહેસૂલ વિભાગમાં જમીન દફતરનો કૉમ્પ્યુટરાઈઝેશન એકમ ઉભો કરવામાં થતો વિલંબ નિવારવામાં તથા ક્ષતિઓ સુધારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| | | **માગણી નં.૭૮** | | |
| *૨૬. | ૨૦૫૩-જિલ્લા વહીવટ ૦૯૩-જિલ્લા મહેકમ ૦૧-કલેક્ટર કચેરીઓ રૂા..૨૦,૮૦,૩૮,૦૦૦ અં.પ્ર.નં.૨૧ પા.નં.૪૮ | ૧૦૦ | વિકાસના કામકાજ અંગે ધારાસભ્યોએ કરેલ સૂચનો પરત્વે પૂરતું ધ્યાન આપી તે અંગે સત્વરે કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૭. | --"-- | ૧૦૦ | પ્રજાના પડતર પ્રશ્નોનો ઝડપી ઉકેલ મળે તે અંગે પૂરતું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૨૮. | --"-- | ૧૦૦ | સંકલન સમિતિમાં અધિકારીઓની ગેરહાજરીના કારણે ધારાસભ્યોએ રજૂ કરેલા પ્રશ્નોના જવાબો મેળવવામાં તથા ક્ષતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૯. | --"-- | ૧૦૦ | અધિકારી/કર્મચારીઓની વ્યાપક અનિયમિતતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોધાજી ઠાકોર |
| ૩૦. | --"-- | ૧૦૦ | દસ્તાવેજોનો નિકાલ કરવામાં | શ્રી પ્રવિણભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | દાખવવામાં આવતી ગંભીર ઉદાસીનતા | મારુ |
| ૩૧. | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-મહેસૂલ ... કચેરીઓ<br>રૂા..૧૭,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧ પા.નં.૫૫ | ૧૦૦ | માણસા તાલુકાના મંડાલી (વિહાર) ગામની સરકારી ગૉચરની જમીન પરથી દબાણૉ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| | | **માગણી નં.૭૯** | | |
| *૩૨. | ૨૨૪૫-કુદરતી ... રાહત<br>૦૧-અનાવૃષ્ટિ<br>૧૦૧-મફત રાહત<br>રૂા..૭,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧ પા.નં.૭૨ | ૧૦૦ | દુષ્કાળગ્રસ્ત વિસ્તારૉની અશકત વ્યકિતઑને અપાતી રૉકડ રકમની સહાય ત્વરિત મળે તેવું આયૉજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૩. | ૨૨૪૫-કુદરતી ... રાહત<br>૦૧-અનાવૃષ્ટિ<br>૧૦૨-પીવાના ... પુરવઠૉ<br>રૂા..૪૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧ પા.નં.૭૨ | ૧૦૦ | દુષ્કાળગ્રસ્ત વિસ્તારૉમાં પીવાના પાણીનું દરરૉજ વિતરણ થાય તેવું આયૉજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.નિમાબેન આચાર્ય |
| ૩૪. | ૨૨૪૫-કુદરતી.... રાહત<br>૦૬-ભૂકંપ<br>૧૧૧-ભૉગ..... ચૂકવણી<br>૦૨-ઈજાગ્રસ્ત ... ચૂકવણી<br>રૂા..૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧ પા.નં.૮૫ | ૧૦૦ | ચાર વર્ષથી પણ વધારે સમય પસાર થયૉ હૉવા છતાં ભૂકંપથી ઈજાગ્રસ્ત થયેલ વ્યકિતઓના પરિવારૉને હજુ સુધી રહેમરાહે ચૂકવણી થઈ નથી તે સ્થિતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માલજીભાઈ દેસાઈ |
| *૩૫. | ૨૨૪૫-કુદરતી.... રાહત<br>૦૬-ભૂકંપ<br>૧૧૧-ભૉગ .... સહાય<br>૦૩-મૃત્યુ ... ચૂકવણી<br>રૂા..૨૦,૦૦,૦૦૦અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૮૫ | ૧૦૦ | ચાર વર્ષથી પણ વધારે સમય પસાર થયૉ હૉવા છતાં ભૂકંપથી મૃત્યુ પામેલી વ્યકિતઓના પરિવારૉને રહેમરાહે ચૂકવણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મહેસૂલ વિભાગ અને ઊર્જા વિભાગના બંને મંત્રીશ્રીઓ આ ગૃહ સમક્ષ અતિ મહત્ત્વની માગણીઓ લઈને આવ્યા છે. આ બંનેય વિભાગ એ આ રાજયના એક નાના ખેડૂત સાથે જોડાયેલ હોય, એક ગરીબ ઝૂંપડામાં રહેતો માણસ હોય, કરોડપતિ, અબજોપતિ વ્યકિત હોય એ લોકોનો સીધો ટચ મહેસૂલ વિભાગ અને ઊર્જા વિભાગ દ્વારા થાય છે, ત્યારે એમાં થોડાં સૂચન કરવા હું આપ સૌની સમક્ષ ઉપસ્થિત થઈ છું.

મહેસૂલ વિભાગની માગણી નં. ૭૬ માં ૧૫,૯૮,૫૫,૦૦૦ ના મહેસૂલી ખર્ચ સાથે અને માગણી નં. ૭૮ માં ૮૧,૨૦,૨૬,૦૦૦ ની જિલ્લા વહીવટી માટેના ખર્ચની અને માગણી નં. ૭૯ માં ૩,૬૯,૪૫,૦૧,૦૦૦ ની મહેસૂલી ખર્ચની માગણી લઈને આજે મહેસૂલ મંત્રીશ્રી આવ્યા છે. ૨૦૦૫-૨૦૦૬ માં રાજય સરકાર દ્વારા ૭ મ્યુનિસિપાલિટી વિસ્તારોમાં જિલ્લામાં મહારાષ્ટ્રની જેમ જંત્રી માટે, જંત્રીની એ પેટર્ન માટે માળખું ઊભું કરવા માટે પણ માનનીય મંત્રીશ્રી બે કરોડ પાંચ લાખની જોગવાઈ લઈને આવ્યા છે અને એ ૨ કરોડ પાંચ લાખની જોગવાઈ લઈને આવ્યા છે, એની સાથે સાથે એમણે આ વખતે જે માગણીઓ મૂકી છે, એમાં જમીન દફતરના કોમ્પ્યૂટરીકરણ માટે ૫ કરોડ ૯૪ લાખની નવી જોગવાઈ ઊભી કરી છે. આ જોગવાઈ હેઠળ આની સાથેની વહીવટી માળખાની માગણી કરી છે, એમાં ૨૨૫ નાયબ મામલતદારોની માગણી કરી છે, ૪૫૦ ડેટા એન્ટ્રી ઑપરેટરોની માગણી કરી છે, ૨૨૫ તલાટી કેડરનો સમાવેશ કરી અને ૨૨૫ પટ્ટાવાળાની જગ્યાના સમાવેશની આમાં વાત લઈને ગૃહ સમક્ષ માનનીય મંત્રીશ્રી આવ્યા છે. એનાથી આગળ વધીને તકેદારી સેલની જગ્યા ઊભી કરવા માટે ૧૫ લાખની નવી જોગવાઈ લઈને આવ્યા છે. ખાસ સચિવ ખર્ચ માટે ૨૦૦૫ માં ૬૦,૪૮,૦૦૦ સુધારેલા અંદાજ ખર્ચ પ્રમાણે ૨૦૦૫-૦૬ માં ૭૩,૮૫,૦૦૦ ની રકમ માનનીય મંત્રીશ્રીએ અંદાજી છે અને આ રકમની અંદર આપણે જોવા જઈએ તો ૨૨.૮૭ ટકાનો નોંધનીય વધારો કરવામાં આવ્યો

છે, જ્યારે જમીન દફતરની કોમ્પ્યુટરાઈઝના એકમ માટે કોઈ વધારો આમાં કર્યો નથી, અથવા વધારો લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા પણ નથી.

મેં અગાઉ કહ્યું તેમ મહેસૂલ વિભાગ એ સમસ્ત વિભાગનો વડો છે અને એટલા માટે કોઈપણ વિભાગ એવો નથી કે જે વિભાગની સાથે મહેસૂલ વિભાગનું સાનિધ્ય ન હોય, અથવા સતત એનો ટચ ન હોય. આ વિભાગમાં પ્રમાણિકતા ન હોય, આ વિભાગમાં ડિસિપ્લિન ન હોય અને આ વિભાગમાં જો દ્રષ્ટિ ન હોય તો ગુજરાતની પ્રજાને રોવાનો વારો આવે, ત્યારે માનનીય મત્રીશ્રીને કહેવું છે કે આપ જુદી બાબતોને પણ એકી સાથે લઈને આવ્યા છો અને નવી બાબતોના ઉલ્લેખ સાથે પણ અહીયા આવ્યા છો અને મહારાષ્ટ્ર પેટર્નની મુજબ જંત્રી માટે આપણે જનતા પાર્ટીએ ચૂંટણી ઢંઢેરામાં વચનો આપ્યા હતા. અમે નવી જંત્રી લઈને આવવાના છીએ. બે વર્ષ પછી પણ આજે ૭ મ્યુનિસિપાલિટી એરિયામાં આપ જંત્રીની વાત લઈને આવ્યા છો, તે આનંદ પામે તેવું છે, આ ક્યારે પૂરી થશે, ક્યારે કરવાની શરૂઆત કરશો? આયોજન પણ માગો છો, તો એ કહેવું છે કે ૨ વર્ષ પછી વચન ભલે યાદ આવ્યું.

મહારાષ્ટ્ર પેટર્ન પ્રમાણે જંત્રીમાં જઈ રહ્યા છો ત્યારે બહુ ઊંડાણપૂર્વક આ કાર્યવાહી કરવી પડશે, બહુ જ ગંભીરતાથી આ વાતને લેવી પડશે. કેમ કે આપણે નવી વાત ઉભી કરવા માગીએ છીએ. આ જંત્રીઓમાં ઘણી પરિસ્થિતિ છે. તેમાં આગળ પાછળ ઘણા વિવાદો છે. વર્ષો જૂની પધ્ધતિ અને આજની પદ્ધતિમાં આસમાન જમીનનું અંતર છે.ત્યારે આપ નવી વાત લઈને આવી રહ્યા છીએ ત્યારે આ બાબતમાં બહુ ઊંડાણપૂર્વક કાર્યવાહી કરશો તેવી મારી વિનંતી છે.

બીજી વાત કે આજે ૩૨-કના કેટલા કેસો પડતર છે. આજે આ કેસોની પાછળ શું પરિસ્થિતિ છે. તે પરિસ્થિતિની અંદર છેલ્લી બાબતોમાં જે કાર્યવાહી થાય છે તે શું છે. આજે ૩૨-કના કેટલા કેસોનો ભરાવો છે. લોકો આંટા ખાઈ ખાઈ અને ધક્કા ખાઈ ખાઈ પાછા આવે છે. આજે આ વિભાગને આપણે ચેતનવંતો નહીં બનાવીએ તો કાગળ ઉપર ગમે તેટલી યોજનાઓ મૂકીએ અને મેં ફરી કહ્યું એમ મહેસૂલ વિભાગ સક્રિય ન હોય તો સમસ્ત વિભાગોમાં ચેતનાની નવી વાત બહુ વિચારવા જેવી નથી. ૭-૧૨ અને ૮-અની નકલો કૉમ્પ્યુટરાઇઝડ માટે મહેકમ સાથે આવ્યા છીએ. ૭-૧૨ અને ૮-અ ની નકલોની અંદર આજે પ્રશ્નના જવાબમાં માનનીય પંચાયત મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે એમાં આટલા આટલા ડેટા લેવા માગીએ છીએ. પંચાયત મંત્રીએ તલાટી કમ મંત્રીઓને ટ્રેનિંગ આપવાની વાત કરી, ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર આપવાની વાત કરી અને તેની અંદર આ બધા ડેટા આવે, વિડિયો કોન્ફરન્સ થાય તેના માટે ઘણી બધી વાતો આપણે કરીએ છીએ. ત્યારે મારે આ સભાગૃહ સમક્ષ એ વાત પૂછવી છે કે આ કોમ્પ્યુટરાઈઝ કરેલી આટલી બધી નવી બાબતો એટલે ખાસ વહિવટી મહેકમ, તલાટી મંત્રીને આપેલ ટ્રેનિંગ ખર્ચ, ટ્રેનિંગ પાછળ બજેટમાં જે રકમ ફાળવાઈ હોય તે પરંતુ ૭-૧૨ અને ૮-અની નકલો માટે આજની તારીખે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે મામલતદાર ઑફિસની અંદર સવારથી આવેલો માણસ સાંજે પાછો જાય, આઠ-આઠ દિવસ ધક્કા ખાય છે. આજે તલાટી મંત્રીની વાત કરી તો તે ગોત્યા મળતા નથી તેવી વાત સતત ચાલે છે. કોમ્પ્યુટરવાળો માણસ આજે આવ્યો હોય તો ચાર દિવસ સુધી આવતો નથી. અત્યારે સભ્યશ્રીઓ ચિંતા કરતા હતા પંદર રૂપિયાની. ત્યારે મારે કહેવું છે કે પંદર રૂપિયા કરતાં એક ખેડૂત, એક નાનો માણસ ગામડેથી તાલુકા મથકે આવે, આજે એસ.ટી. મળતી નથી, એટલે છકડા રિક્ષામાં આવે છે અને દસ દસ દિવસ સુધી હેરાન થાય છે તેના માટે જે ખર્ચ થાય તે ખર્ચની જવાબદારી કોની? આમાં માનનીય મંત્રીશ્રીએ વિચારી લેવું પડે તેમ છે. જે વાતો કરી છે તેમાં બાકી છે પાંચ જિલ્લા અને તેના ૩૩ ગામો. તેની તાત્કાલિક કાર્યવાહી કરી કે નવેસરથી કરીએ. પાંચ જિલ્લાના ૩૩ ગામો આજે બાકી છે. આ જે બાકી છે તેની ગોઠવણી કરવી પડશે. જયારે કોમ્પ્યુટરાઈઝ કરી રહ્યા છીએ, તેમાં આટલો સમય ગયો, વીતી ગયો, ભલે વીતી ગયો હવે જે સમય બાકી છે ત્યારે ખોટી એન્ટ્રીઓ ન પડે, એક વખત ડૅપ્યુટી કલેકટર પાસે ન જવું પડે તે તમામ બાબતો કોમ્પ્યુટરાઈઝ કૉપીમાં રાખવામાં આવે તેવી મારી માગણી છે.

માનનીય મંત્રીશ્રી ગુજરાત મહેસૂલ પંચ ડિસૅમ્બર ૨૦૦૪ની સ્થિતિએ ૬૫૦૦૦ કેસો પડતર છે.આ મહેસૂલ પંચના કેસોનો નિકાલ લાવવામાં નહીં આવે તો ફરી માગણી લઈને આવવું પડશે કે કેસોની ફાઈલો રાખવા માટે આપણે ગોડાઉન ભાડે રાખવા પડશે. આ ગોડાઉન ભાડે લેવા માટે બજૅટમાં એક નવી વાત ઉમેરવી પડશે. ત્યારે આપના માધ્યમ દ્વારા ધ્યાન દોરવું છે કે આ કેસોના નિકાલ માટે ૭.૨૫ લાખની નવી બાબતો રજૂ કરી છે. ૨૦૦૩-૦૪ માં ૫૨ લાખ ૩૫ હજાર ખર્ચ કરવામાં આવ્યો હતો. આગામી વર્ષમાં ૬૦ લાખ ૨૫ હજારની રકમનો અંદાજ કર્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં પંદર ટકાનો વધારો કર્યો છે, ખર્ચ કર્યો છે અને નવી રકમ ૭.૨૫ લઈને આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે મહેસૂલ પંચ તલાટી મંત્રી, તલાટી મંત્રીએ ના પાડેલ કેસ માટે મામલતદારમાં જવું પડે, મામલતદારે ના પાડેલ વાત ડૅપ્યુટી કલેકટર અને ડૅપ્યુટી કલેક્ટરે ના પાડેલી વાત કલેક્ટર પાસે આવે છે અને કલેક્ટરે ના પાડેલી વાત મહેસૂલ પંચ પાસે આવે છે, પાંચ પાંચ- દશ દશ વર્ષ સુધી એક કેસનો નિકાલ ન થાય, એ કેસ પાછળ જે તે વ્યકિત આંટા ખાઈ ખાઈને થાકી જાય, ત્યારે પરિણામ શું આવે છે? કોઈને ન્યાય ન મળે, ત્યારે એમાંથી ભ્રષ્ટાચારની સુગંધ આવે છે અને એમાંથી દલાલોની

પ્રક્રિયા શરુ થાય છે, ગામડાંમાં બેઠેલા માણસને કોઈક દ્વારા એમ કહેવામાં આવે કે તમે પાંચ વર્ષથી ધક્કા ખાઓ છો તો ૫૦ હજાર કે એક લાખ મને આપો તમારા કેસનો ઝડપી નિકાલ કરાવી આપીશ, એટલે મારે બહુ સ્પષ્ટ અને હૃદયપૂર્વક વાત કરવી છે કે, કેસનું પરિણામ, અપીલ કરી છે? હા અથવા ના, જે આવે તે પણ એને જવાબ અહીંથી મળવો જોઈએ, પણ અહીંથી જવાબ એને મળતો નથી, પાંચ, સાત કે આઠ વર્ષ પછી અપીલમાં ગયેલા કેસને કહેવામાં આવે કે, રીમાન્ડેડ ટુ કલેક્ટર, કલેક્ટરે તો જજમેન્ટ આપી દીધું છે, એની સામે તપાસ માટે મહેસૂલ પંચ સુધી આવ્યા છે, અને ફરીને જો કલેક્ટર અને તલાટી મંત્રીની પ્રક્રિયા કરવાની હોય તો મને એમ લાગે છે કે, આ તંત્રને હવે ખરેખર સૂતું હોય તો એને જગાડવાની જરૂર છે, મહેસૂલ વિભાગ મેં કહ્યું એમ એ ગરીબના ઝૂંપડાથી માંડીને કરોડો અને અબજો પતિ સુધી જોડાયેલો આ વિભાગ છે, આ મહેસૂલ વિભાગમાં ઘણા વખતની બે વસ્તુઓ ઊડીને આંખે વળગે તેવી છે એ બે વસ્તુઓની વાત કરીએ ત્યારે મેં એક જગ્યાએ વાંચ્યું હતું કે, ઘોડો કેવો છે એ મહત્ત્વનું નથી પણ ઘોડા ઉપર બેસેલો અસવાર કેવો છે એ મહત્ત્વનું છે અને એ અસવારની દષ્ટિ કયાં છે એ દષ્ટિને આધારે એ અસવાર એને કયાં લઈ જવા માગે છે એ પણ જરૂરી છે. આ તો ઘોડો એક અને અસવાર બીજો, હવે દષ્ટિ કઈ છે એ બાબતમાં જો વિચાર કરીએ તો મારે બહુ સ્પષ્ટપણે અને દુ:ખ સાથે કહેવું છે કે, કરોડો રૂપિયાની મિલકત લઈ જનાર વ્યકિતઓની સામે કશી જ કાર્યવાહી નહીં કરવાની, કરોડો રૂપિયાની એ જમીન પડાવી લે, અને આવા પ્રશ્નો તો આ સન્માનનીય ગૃહ સમક્ષ વારંવાર આવ્યા છે અને માનનીય મંત્રીશ્રીને એમ કહેવું પડયું છે કે ઘણી બાબતોથી હું અજાણ છું, મારે આ બાબતને માટે ઊંડાણથી જોવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, નિયમો વિરુદ્ધની કાર્યવાહી હોય, કોઈપણ વ્યકિતએ જમીન લઈ લેવાની પ્રક્રિયા હોય અને એના કરતાં વચેટિયાઓની વાત હોય અને ઉદ્યોગ આવે એમાં આપણે રાજી થઈએ, ઉદ્યોગ આવે એ આપણને ગમે પણ કરોડો રૂપિયાનો ઉદ્યોગ આવે એ ઉદ્યોગપતિને કરોડો રૂપિયાની જમીન આપવામાં આવે, પણ એક માણસને ઝૂંપડું બનાવવા જમીન ન આપે અને કરોડો રૂપિયાની જમીન એ ઉદ્યોગ માટે આપે અને એ ઉદ્યોગ બંધ થઈ જાય છે, તો સરકારે આપેલી જમીન છે એ સરકારે નીતિનિયમો પ્રમાણે ખાલસા કરવી જોઈએ, એવી જમીનો સરકારે ખાલસા કરી છે ખરી? કોર્ટમાં મેટર જાય, હાઈકોર્ટમાં મેટર જાય, સુપ્રીમ કોર્ટ સુધી મેટર જાય, એ વ્યકિત સુપ્રીમ કોર્ટ સુધી લડે કેમકે એ લડનાર વ્યકિત કરોડો અને અબજો પતિ છે પણ પેલો ઝૂંપડાવાળો એ કરોડ કે અબજો પતિ નથી ત્યારે મફતની જમીન લઈને એનો છેલ્લો અંદાજ આવે ત્યારે એ અબજોની મિલકત એના નામે થઈ જાય છે અને પછી કહે કે દેવુ થઈ ગયું છે, આ જમીન સરપ્લસ કરી દો, કોના બાપની દિવાળી? સરકારની જમીન, પ્રજાની જમીન છે તો આ બાબતમાં પણ માનનીય મંત્રીશ્રીએ સખત ધ્યાન આપવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, બે ત્રણ બાબતોનું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે, એક માણસનું ઝૂંપડું, એક માણસની કૅબિન, એક માણસ ઓટલા ઉપર પોતાનો વેપાર કરે તો મહેસૂલ વિભાગ ત્યાં ફટાફટ જાય અને કહે કે આ તો પેશકદમી છે એને દૂર કરવી જોઈએ, છાપાઓમાં એની હેડ લાઈન આવે અને એ દૂર કરવામાં આવે પણ પેલા કરોડપતિની જમીનમાં દૂર કરવાની વાત નથી પણ ગરીબ માણસોના ઝુંપડાઓ ઉપર બુલડોઝર ફેરવવા માટે આ મહેસૂલ વિભાગને માનવતા નડતી નથી. આવા તો હજારો અને લાખો દાખલાઓ છે કે ગરીબ માણસોના ઝૂંપડાં તોડી નાખવામાં આવ્યાં હોય કે ગરીબ માણસોની આજીવિકાનો ઓટલો એ છીનવાઈ જાય છે ત્યારે પરિસ્થિતિ શું રહે? શું કામ? તો કહે કે એણે દબાણ કર્યુ છે તો મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, જે ગરીબ માણસોએ ઝૂંપડાં બનાવ્યાં હોય, એણે મકાન બનાવ્યું હોય તો શહેરી વિકાસ વિભાગનું સંકલન કરવું હોય તો એનું અને નાણા વિભાગનું સંકલન કરવું હોય તો એનું સંકલન કરીને આ તમામ ગરીબ માણસોને, એનું જે મકાન છે, ૨૫ ચોરસ મીટર આપવાનો જે સિદ્ધાંત છે એના આધારે આ તમામ ગરીબ માણસોના ઝૂંપડાં તમે રેગ્યુલરાઈઝ કરવા માગો છો? જયારે આપણને અહીં બેસાડયા છે, પ્રજાએ તક આપી છે અને પ્રજાએ આપેલી તક, એની સેવા કરવાનો આ મોકો મને એમ લાગે છે કે, એનાથી વિશેષ માનવતાનું કામ બીજુ કાઈ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ કરોડોપતિઓ સુપ્રિમ કોર્ટ સુધી પહોંચે છે ત્યારે મારી નમ્ર વિનંતી છે કે, ગુજરાતના ગરીબ માણસના ઝૂપડા તોડવાની વાત છે ત્યારે મારી નમ્ર વિનંતી છે કે, સમસ્ત ગુજરાતમાં ગરીબ માણસના ઝૂંપડા છે, ગરીબ માણસોની કેબિનો છે એને નિયમ મુજબ કરી આપવી જોઈએ. આપણે આજે ઘણાં કાયદાઓ રદ કરીએ છીએ, ઘણાં કાયદાઓ નવા ઉમેરીએ છીએ ત્યારે એકાદ કાયદો એવો લાવીએ એ કાયદો ગરીબ માણસ માટે હોય તો અભિનંદન આપીશું. આ તમામને રેગ્યુલરાઈઝ કરીને મહેરબાની કરીને, પગે લાગીને કહું છું કે રસ્તા ઉપર ન લાવો. આટલી આપના દ્વારા વિનંતી કરૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત તરફ ધ્યાન દોરવું છે કે, પરામર્શ કમિટિમાં આ વાત અને મુદ્દો મૂકયો હતો. નવાબી સ્ટેટની જે મિલકતો છે એ કરોડો અને અબજો રૂપિયાની મિલકતો છે. એ મિલકત જે તે વખતે ગુજરાત સરકારે બહુ સ્પષ્ટ કહ્યું હતું કે, જેની મિલકત હોય એને માટે ૬૦ દિવસની મુદ્દત આપવામાં આવી હતી આ વાતને વર્ષોના વહાણા વીતી ગયા એમાં પછી માંગરોળ, માણાવદર, કે કુતિયાણાની હોય આવી નબાવી સ્ટેટની મિલકત જે તે વખતની એની પાસે રહેલા હુકા અને એને કારણે આજે માંગરોળમાં બેસતી કોર્ટ,

તાલુકા પંચાયત કે રેવન્યુની ઓફિસ અને આ તમામ ઓફિસો કે જે આઝાદી પછીથી ત્યાં બેસે છે એની એન્ટ્રી કોઈ એક વ્યકિતના નામે પડેલી છે. આ સીટી સર્વેમાં થાય છે શું? કોઈ દિવસ એ જોવાનો પ્રયત્ન કર્યો છે કે કોની મિલકત, કોના નામે, કોની એન્ટ્રી? પૈસા આપવામાં આવે અને સીટી સર્વે એન્ટ્રી પાડી દે. તાલુકા પંચાયતનું મથક હોય, કોર્ટનું મથક હોય કે રેવન્યુની ઓફિસનું મથક હોય એની આ સરકારમાં બીજાના નામે જો સીટી સર્વે એન્ટ્રી પાડી દેતું હોય તો મને લાગે છે કે, આનાથી વધુ કશું કહેવાનું રહેતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, કરોડો-અબજો રૂપિયાની આવી મિલકતમાં અધિકારીઓ સાથે આવા બે નંબરના દલાલોની સાંઠગાઠ, મારે સ્પષ્ટ કહેવું પડે છે કે આ સાંઠગઠના કારણે જે સ્થિતિ નિમાર્ણ થઈ છે એ રોકવાની જરૂર છે. માનનીય મંત્રીશ્રીએ આ બાબતમાં પરામર્શ કમિટિમાં સ્પેશિયલ આ કેસ હાથમાં લઈને ધ્યાન આપવાની વાત કરી છે ત્યારે હું વિનંતી કરૂં છું કે આવી જે કરોડો-અબજો રૂપિયાની સરકારની મિલકત છે, આપણી મિલકત છે, પ્રજાની મિલકત છે એ કોઈ એક વ્યકિતના હાથમાં ન જાય એની કાળજી રાખવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરની જમીન છે એમાં પંચાયત વિભાગ અને રેવન્યુ વિભાગ બન્ને વિભાગોનું સંકલન જરૂરી છે. અત્યારે ગૌચરની જમીન ઘટતી જાય છે અને અત્યારે પેશકદમી પણ છે. માનનીય મંત્રીએ કહ્યું તેમ જુદી જુદી યોજના માટે પણ જમીનની માંગ છે પરંતુ મારે વિનંતી કરવી છે કે, ગૌચર બાબતમાં એક સ્પેશિયલ મિટિંગ પંચાયત વિભાગ અને રેવન્યુ વિભાગની સંકલન કરીને બોલાવવી જોઈએ. ગ્રામ પંચાયના સરપંચને પેશકદમી દૂર કરવાની સત્તા છે પણ સરપંચ એટલી તાકાત નથી ઘરાવતા કે એ દૂર કરી શકે. ત્યારે મારી વિનંતી છે કે, જે આંખે ઉડીને વળગે એવી ગામતળની જમીન રદ થઈ છે અને નાના માણસને સો વારનો પ્લોટ નથી અપાતો ત્યારે બન્ને વિભાગનું સંકલન થાય અને આનો નિવેડો આવે એ જરૂરી છે અને ગૌચર વધારવાની કલેકટરને સત્તા આપી છે ત્યારે મારે બીજી એક વિનંતી કરવી છે કે દરેક અધિકારીને એના નિયમ અનુસાર, હોદ્દા અનુસાર સત્તા આપવામાં આવી છે પણ 'જા બિલ્લી કૂત્તેકો માર' પોતાને કોઈ નિર્ણય ન કરવો પડે એટલે ફલાણા અધિકારીશ્રીએ ઉપર જોવું, ડેપ્યુટી કલેકટર કલેકટરને મૂકે, કલેકટર ગાંધીનગર સચિવાલયમાં મોકલે અને સચિવાલયની ભૂલ-ભૂલામણીમાં કયાં ફાઈલ ખોવાય જાય એ ખબર ન પડે. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે જેને સત્તા આપવામાં આવી છે એ અધિકારી સત્તાનો ઉપયોગ ન કરે તો એ અધિકારી સામે પણ લાલ આંખ કરીને પગલાં લેવાની જરૂર છે. સામાન્ય બાબત હોય બે ગુંઠા જમીન હોય, કૂવા માટે માગેલી જમીનની ફાઈલ અહીં સચિવાલયમાં આવે અને બિચારો અરજદાર અહીં આટા માર્યા કરે અને હવે તો એને કોઈ અંદર પણ આવવા દેતા નથી ત્યારે મહેસૂલ વિભાગમાં માનનીય મંત્રીશ્રીને મારે ઘણું બધું કહેવું છે પણ સમય નથી એટલે એટલું જ કહીશ કે આ જે મેં સૂચનો કર્યા છે એમાં ઉંડાણપૂર્વક જુએ એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગની પણ આજે માગણીઓ આવી છે ત્યારે ઉર્જા વિભાગના માનનીય મંત્રીશ્રીએ ઘણી બધી જાહેરાતો કરી છે. ઉર્જાવિભાગના મંત્રીશ્રી પણ ઘણા હોશિયાર છે અને આમથી આમ, આમથી આમ કરીને પેલી જાદૂઈ લાકડી ફેરવે, સ્વપ્નું પણ બતાવે પણ હવે એ સ્વપ્નાની શું સ્થિતિ છે એની વાત હું આપના દ્વારા કહીશ. માનનીય મંત્રીશ્રીએ દશમી પંચવર્ષીય યોજનામાં ૪૦૦ કે.વી.ના બે, ૨૨૦ કે.વી.ના ૧૨, ૧૩૨ કે.વી.ના ૩ અને ૬૬ કે.વી.ના ૧૭૪ સબ સ્ટેશનોને કાર્યાન્વિત કરવાનું આયોજન કર્યુ હતું, આનંદ થયો, કરવાં જોઈએ આટલા બધા સબ સ્ટેશનો ગુજરાતમાં કાર્યાન્વિત શા માટે ન કરાય? પરંતુ પરિસ્થિતિ શું થઈ? પરિસ્થિતિમાં ૨૨૦ કે.વી.ના ૩, ૧૩૨ કે.વી.નું ૧, ૬૬ કે.વી.ના ૩૯ સબ સ્ટેશનો થયા, દશમી પંચવર્ષીય યોજનામાં કરેલી જાહેરાતો મેં કહ્યુંને માનનીય મંત્રીશ્રી જાહેરાતો બહુ સરસ કરે અમે પણ રાજી થઈએ. પણ આ સબ સ્ટેશનો કાર્યાન્વિત ન થયાં એનાં માટેનાં કારણો શું ? શા માટે કાર્યાન્વિત નથી થયાં અને એ ન થવાના કારણે જે સ્થિતિ નિર્માણ થઈ એને કારણે જે પ્રજાને સહન કરવું પડ્યું છે એની જવાબદારી કોના માથે ફિકસ કરવી એ પણ આપના દ્વારા કહેવું છે. આગળ વધીને એમણે એક સરસ મજાની વાત શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારની કરી છે. વારંવાર ખેડૂતોની સબસીડીનો સવાલ, ખેડૂતોને અપાતી હોર્સપાવર દીઠની વાત, ૨૦૦૩-૦૪માં ૨.૮૭ કરોડની સબસીડી જી.ઈ.બી. ને આપી, જે ઘટાડીને ૨૦૦૫-૦૬માં ૨.૬૫ કરોડની અંદાજવામાં આવી,

છેલ્લા ત્રણ વર્ષમાં આ બાવીસ લાખનો રાજય સરકારે નોંધનીય ઘટાડો સબસીડીમાં કર્યો છે, આપણે ખેડૂતોની વાતો કરીએ છીએ, ખેડૂતોને સબસીડી આપવાની વાતો કરીએ છીએ પણ જો આપતા હોઈએ તો વધતી જાય આમાં તો આંકડા જે આપ્યા છે આપે કામગીરી અંદાજપત્રમાં વાત કરી છે એના અનુસાર આંકડામાં ઘટાડો બોલે છે અને છતાં આપણે ગરીબોના ઝુંપડામાં દીપ પ્રગટાવીએ, ચાલો સૂરજ ઉગ્યો તેવી વાત કરીએ છીએ, ખેડૂતોને તાત્કાલિક કનેકશન આપીશું, ચોવીસ કલાક વીજળી આપીશું, ખેડૂતોને જરૂર પડ્યે ત્યાં અમે ઉભા રહીશું. અમારા સહિત આ ગૃહના તમામ સભ્યશ્રીઓએ ગામડે ગામડે જઈ જઈને ભાષણો કરીને વાત કરી, મારે આજે પૂછવું છે અઢાર હજાર ગામડાઓના ખેડૂતોની સ્થિતિ શું છે? આજે ગુજરાતમાં જે કનેકશનો આપવામાં આવે છે એના ૧૯૯૨-૯૩ના કનેકશનો હજી પૂરાં નથી થયાં સૌરાષ્ટમાં ક્યાંક ૧૯૯૧ની

સાલના ચાલે છે, ક્યાંક ૧૯૯૨ની સાલના ચાલે છે, ક્યાંક ડાર્કઝોન છે, પી.ડી.સી.ના કનેકશનોની જાહેરાત કરી આનંદ થયો પણ એ કનેકશનો બે વર્ષની અંદર આપવાની જાહેરાત કરી મારે મંત્રીશ્રીને કહેવું છે કે પી.ડી.સી.ના કનેકશનો જેમ ખેડૂતોએ પહેલાં લીધા હતા એમ હવે પી.ડી.સી.ના કનેકશન મફત, કારણકે પૈસા ભરી દીધા છે અને પૈસા ભરી દીધા પછી આ કનેકશનો માટે પાછા પૈસા લેવાની વાત જો આપણે કરીએ તો કોઈક આપણને મારે એમ તો ન કહેવાય મારાથી, પણ સારું ન લાગે એટલે પી.ડી.સી.ના કનેકશનો આપણે એમને એમ આપવા પડે, લાઈટની જે વાત અને જ્યોતિગ્રામની જે વાત કરી છે એની અંદર મેં અગાઉના મારા પ્રવચનમાં વાત કરી હતી એટલે લાંબી વાત નહિ કરું પણ ઘણું બધું કામ બાકી છે આ વખતે જે ગામડાઓ પૂરાં થયાં છે એના આંક પણ ઘણા ઓછો છે ત્યારે વાડી વિસ્તારમાં રહેતા તમામ લોકોને સિંગલફેસ આપવાની વાત માનનીય મંત્રીશ્રીએ કરી છે અને એ બાબતમાં નીચે સુધી માનનીય મંત્રીશ્રી એ પહોંચાડે એવી વિનંતી છે,

ગુજરાતમાં ઉર્જાનીતિની જાહેરાત થઈ, બહુ જ મજા આવી ગઈ, કેવી સરસ ઉર્જાનીતિ, માથાદીઠ વપરાશ એક હજાર યુનિટનો થાય તેવો લક્ષ્યાંક આપ્યો વધીને ૧૫૦૦, ૧૬૦૦નો થાય એવો અંદાજ કરીએ તો ખૂબ સુંદર સ્વપ્નું, ગુજરાતની પ્રજા તો આ વાંચી, વાંચીને રાજીના રેડ થઈ જવાની આટલો બધો માથાદીઠ જો પાવરનો લેસ મળે તો તો અમારે ક્યાંય જવાની જરૂર નથી પણ એની સામે પાવર સ્ટેશનની વાત કરીએ તો કોલબેઝ પાવર સ્ટેશન હાઈડ્રો અને લિગ્નાઈટ આધારિત પાવર સ્ટેશન છે, કોલબેઝ પાવર સ્ટેશન માનનીય મંત્રીશ્રીની વાત સાચી છે પણ આપણે ત્યાં સૌથી વધુ પાવર સ્ટેશન છે કોલબેઝ અને કોલ આપણે બહારથી લાવીએ છીએ. ડ્યૂટી પણ ભરવી પડે છે ઘણાં બધા પ્રયત્નો કર્યા પણ coal based power station આજે પણ આપણને મોંઘુ પડે છે અને નવી વાત એક સૌરાષ્ટ્રના પીપાવાવમાં રાજયનું ત્રીજું એલએનજી ટર્મીનલ સ્થાપવાની વાત પણ માનનીય મંત્રીશ્રીએ કરી છે. કચ્છના અકીમોટા પ્રોજેક્ટ ૨૫૦ મેગાવોટ, સરદાર સરોવર પ્રોજૅકટ ૨૩૨ મેગાવોટ, ધુવારણ ગેસ ઓથોરીટી પ્રોજૅકટ ૧૧.૨૫ અને આની ઉત્પાદન સામે ૬૦૦ મેગાવોટ વધારાની ક્ષમતા થાય અને બીજી ઘણી બધી વાતો કરી અહીંયાથી અહીંયા મળશે, આ પાવર સ્ટેશનમાં આવશે અને ઊર્જા નીતિની જાહેરાત કરી. વ્યકિત દીઠ ૧૫૦૦ થી ૧૬૦૦ મેગાવોટનો પાવર મળે એવી વાત પણ કરી. પણ આ પ્રોજેકટો ક્યારે શરુ થશે? ક્યારે પાવર મળશે અને ત્યાં સુધીમાં રાજયની પરિસ્થિતિ શું? તે પણ માનનીય મંત્રીશ્રી વાત કરે. ગુજરાતને વિદ્યુત બોર્ડનું સુધારણાનું નામ આપીને સાત કંપનીઓની જાહેરાત કરી. મારે મંત્રીશ્રીને કહેવું છે કે આ સાત કંપનીઓની જાહેરાત કરી પણ લોકોમાં ગભરાટ છે, લોકોમાં બીક છે કે ગુજરાતની સરકાર આ સાત કંપનીઓને ધીમે ધીમે વેચી તો નહીં દેને? તેના અધિકારીઓ, તેના કર્મચારીઓ મીટિંગોમાં અમને બોલાવે છે. કહે બહેન આવો. પણ શું કરીએ ભાઈ આવીને? તો કહે કે આ સરકાર સાતે સાત કંપનીઓને જો વેચી નાખવાની વાત કરશે તો શું કરશે? માનનીય મંત્રીશ્રી કહેશે કે અમે તો સુધારણા માટે કરી, નવી પ્રક્રિયાઓ માટે કરી પરંતુ બહુ સ્પષ્ટ જવાબ આપે.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રીઓ માગણી ક્રમાંક: ૧૧, ૧૨, ૭૬, ૭૮, ૭૯ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા અને તે અંગે મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

મહેસૂલ ખાતું માનનીય ચંદ્રિકાબહેને વાત કરી તેમ સૌથી પહેલાં મહેસૂલ ખાતાની જે કામગીરી છે અને મહેસૂલ ખાતું તે મધર ઓફ ઓલ ડિપાર્ટમેન્ટ એમ કહું તો ખોટું નથી. મહેસૂલ ખાતું જ્યારથી આઝાદી આવી ત્યારથી લઈને વિચારીએ તો શરૂઆતમાં બે-ત્રણ મુખ્ય ખાતા હતા તે પૈકીનું આ ખાતું છે. તેની જે પદ્ધતિ છે, કાર્ય પ્રણાલિ છે તે મહેસૂલ ખાતું તે ભૂકંપ હોય, વાવાઝોડું હોય, અતિવૃષ્ટિ હોય, અનાવૃષ્ટિ હોય કોઈ પણ કામમાં મહેસૂલ ખાતું તે અગ્રેસર રહ્યું છે અને તેની જે કામગીરી છે તે વખતે ખાતાંઓ બહુ ઓછાં હતા. આજે તો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ અનેક પ્રકારની પ્રવૃત્તિઓ જુદા જુદા વિભાગ દ્વારા થાય છે પણ તે બધા ખાતાની પ્રવૃત્તિઓનું જે તંદુરસ્ત વહીવટની જે પ્રણાલિકા છે તેને જો પ્રસ્થાપિત કરી હોય, તેને અનુસરતા હોય તો તેની ગાઈડ લાઈન્સ તે મહેસૂલ વિભાગ તરફથી એમને મળતી હોય છે. જિલ્લાનો વડો તે કલેકટર હોય છે અને કલેકટર આટલા બધા અનેક ડિપાર્ટમૅન્ટ પાસે જે કામગીરી હોય છે તે કોઈ પણ ખાતાની કામગીરી હોય તો સીધું મહેસૂલ ખાતા પાસે, કલેકટર પાસે જિલ્લાના વડા તરીકે આવે છે. મને ખબર છે તે વખતે હું જ્યારે જાહેર જીવનમાં નહોતો. શરૂઆતના ૧૫-૨૦ વર્ષ પહેલાં જ્યારે વિધાનસભાના સ્ટેજ હોય, વિધાનસભામાં જ્યારે સભ્યો મળે, વિધાનસભા જ્યારે મળે ત્યારે સૌથી વધારેમાં વધારે critisize જો થતું હોય તો તે બાંધકામ ખાતાનું, મહેસૂલ ખાતાનું થતું. ૧૫-૨૦ વર્ષ પહેલાંના તે વખતનાં પેપરો જોઈએ તો આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. જેમ જેમ વિકાસ થતો ગયો, લોકો જાગૃત થતા ગયા અને આજની તારીખે છેલ્લા દશ વર્ષથી રાજય સરકારનો અભિગમ રહ્યો તેના અનુસાર મહેસૂલ ખાતું જે કામ કરે છે તેને મારે અભિનંદન આપવાં છે.

એક વખતના મહેસૂલ મંત્રી શ્રી પ્રેમજીભાઈ ઠક્કર જે કચ્છના હતા. ઘણા બધા મિત્રો જાણતા હશે તે વખતે એટલી બધી રજૂઆતો થયેલી આ વિભાગ પ્રત્યે કે તેમણે વિધાનસભામાં ફલોર ઉપર એવી જાહેરાત

કરેલી કે હું ઇચ્છું છું કે મહેસૂલ ખાતાનો છેલ્લો મંત્રી હોઉં. બાબુભાઈ સાહેબ જો હું આ ના ભૂલતો હોઉં તો. આ જાતની પરિસ્થિતિ, અનેક જાતની ફરિયાદો, અનેક જાતના પ્રશ્નો અને કંટાળીને એમણે કહેવું પડયું હતું કે હું આ ખાતું બંધ કરી દઈશ. એની જગ્યાએ આજે શું પરિસ્થિતિ છે? આ સરકાર આવ્યા પછી આજે પરિસ્થિતિ એ છે કે એક નવો અભિગમ આપ્યો. હમણાં જ બહેને વાત કરી કે આ ખાતામાં દષ્ટિ જોઈએ. એની પાસે પ્રમાણિકતા જોઈએ. છેલ્લા દસ વર્ષમાં ધીરે ધીરે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ કામ આ સરકારે કર્યુ છે. કેવી રીતે? હું કહું સાહેબ, કે તમે જૂઓ ૪૦ વર્ષના ઈતિહાસને. ગઈકાલે એક પ્રશ્નના જવાબમાં મહેસૂલ મંત્રીશ્રીએ કહ્યું કે ૪૦ વર્ષમાં પહેલી વખત આ મહેસૂલ ખાતાના કાયદા કાનૂનો, જી.આર., પરિપત્રો એ બધા કાયદાઓને આ લોકશાહીમાં, જયારે સારામાં સારી લોકશાહી છે, એમાં વધારેમાં વધારે નડતરરૂપ આ કાયદાઓનું જંગલ છે. એની આંટીઘૂંટીઓ, એના અર્થઘટનો એટલા બધા થાય છે, તે આ સરકાર આવ્યા પછી ૪૦ વર્ષમાં પ્રથમ વખત જુદા જુદા પરિપત્રો અને જી.આર. હતા એનું એકત્રિકરણ કર્યુ. હું આગળ તેની વિગતો આપીશ.

એવી જ રીતે બિનખેતીની વાત કરી. પહેલી વખત એવું બન્યું કે સમયમર્યાદા જે હતી, આપણે સૌ જાણીએ છીએ કે બિન ખેતીની બાબતમાં ભ્રષ્ટાચારને વધારેમાં વધારે અવકાશ છે. પ્રજાને ઓછામાં ઓછી તકલીફ પડે એટલા માટે ૯૦ દિવસનું જે સ્ટેચ્યુટરી પ્રોવિઝન હતું, એમાં ફેરફાર કરીને રેસીડેન્સીયલ માટે ૪૫ દિવસ અને અન્ય હેતુ માટે ૬૦ દિવસની જોગવાઈ પહેલી વખત આ રાજય સરકારે કરી. સૌથી વધારે લાખો લોકોને અસરકર્તા બાબત જે હતી, તે નવી શરત અને જૂની શરતમાં આ સરકારે ફેરફાર કર્યો. એમાં લાખોની સંખ્યામાં કેસોનો આ રાજય સરકારે નિકાલ કર્યો છે. એની જે દષ્ટિ છે, તેની મારે વાત કરવી છે. હું આંકડામાં નહીં પડુ. લોકોને જે મુસીબતો હતી, ખેડૂતોને નવી શરત અને જૂની શરતમાં અને તે જ રીતે વારસાઈની બાબતમાં વારસાઈ એકટમાં પણ એને કલેકટરની મંજૂરી અને મામલતદાર ઓફિસમાં ધકકા ખાવા પડતા હતા. આ રાજય સરકારે એમાં સુધારા કર્યા. એટલું જ નહીં, પહેલી વખત નવી શરત અને જૂની શરતની બાબતે કાયદો લાવ્યા ત્યારે એ પછી જે તકલીફ પડી અને પહેલી વખત સુધારો, ફરીથી સુધારો કર્યો. પ્રજાની તકલીફ હતી, એનું અસરકારક નિવારણ કઈ રીતે થાય? પહેલી વખત જે જવાબદારી, અત્યાર સુધી કોઈપણ મંજૂરી માગે તો ખાતામાં કોઈની જવાબદારી નહોતી. પહેલી વખત રીસ્પોન્સીવ એડમિનિસ્ટ્રેશન જેને કહેવાય, એ પહેલો સુધારો આ સરકારે કર્યો. એ તંત્રની જવાબદારી. ખેડૂત પાસે ઉતારા નંબર ૬ ની એન્ટ્રી નહીં મંગાવવાની. જે જોઈતું હોય, એ તલાટી, મામલતદારે પોતે રેકર્ડમાંથી લઈને મંજૂરી આપવાની. ભલે કોઈ મિત્રોને એમ લાગતું હોય, પણ મારી દષ્ટિએ મોટામાં મોટો સુધારો આ છે.

લોકશાહીમાં અનેક કાયદા બન્યા છે. એના અર્થઘટનો અનેક થાય છે. પ્રજાને તકલીફ પડે છે, એનું મૂળ કારણ એ છે કે તંત્રની કોઈ જવાબદારી હોતી નથી. એના કારણે તકલીફ થાય છે. એના કારણે આ પરિસ્થિતિ નિર્માણ થાય છે. આખા હિન્દુસ્તાનના બધા રાજયોની વાત કરું તો એક ગોવા સિવાય બીજા કોઈ રાજયમાં આવી ડાયરેકટ જવાબદારી વહીવટી તંત્રની નથી. ગોવા નાનકડું રાજય છે, પણ ત્યાં બધા જ કાયદામાં તંત્રની ઉપર જવાબદારી. નો રીસ્પોન્સિબિલિટી ઓફ એપ્લીકન્ટ. આ જાતની પહેલી શરૂઆત, મારી દષ્ટિએ શુભ શરૂઆત કહું. લોકશાહીના ૫૭, ૫૮ વર્ષના વહાણા પછી પ્રજાને સંતોષ થતો નથી. પ્રજાને અનુભૂતિ થતી નથી કે લોક કલ્યાણનું રાજય છે, એનું મૂળ કારણ આ છે. એટલા માટે આ રાજય સરકારે શુભ શરૂઆત કરી છે. તંત્રને જવાબદાર ઠેરવીને, જવાબદારી તંત્ર ઉપર નાંખીને પ્રથમ વખત સારી દિશામાં કદમ માંડયા છે. એ માટે મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

આ સરકાર આવ્યા પછી આઠ કિલોમીટરનો કાયદો આવ્યો. બીજા ઘણાં સારાં કામો થયાં છે. ખાસ કરીને લોકોને સ્પર્શતો, નંબર ૬ ની એન્ટ્રીનો છે એમાં જે રીતે ઝૂંબેશ કરીને ૯૭ થી ૯૮ ટકા કામગીરી આપણે પૂરી કરી છે આ એક અદ્વિતીય કામગીરી રાજય સરકારના મહેસૂલ વિભાગે કરી છે એના માટે મારે અભિનંદન આપવાં જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય પણ જમીન ટોચમર્યાદાનો કાયદો આવ્યો છે એ કાયદામાં અત્યારસુધીમાં જે ગરીબ માણસો માટે જે જમીનો ફાજલ પડતી હતી એ જમીનો અત્યારસુધીમાં રાજય સરકાર હસ્તક જે લીધી એ તા. ૩૧-૮-૦૪ ની સ્થિતિએ ૧,૫૩,૦૫૬ હેકટર જમીનનો કાયમી નિકાલ કરીને જુદા જુદા લોકોને આપેલ છે અને એ કેવા લોકોને કે ૯૮,૩૩૯ એકર અનુસૂચિત જાતિના લોકોને, ૩૧,૬૩૧ એકર જમીન અનુસૂચિત જનજાતિના લોકોને અને ૨૬,૦૮૬ એકર જમીન અન્ય લાભાર્થીઓને આપી છે અને એ સિવાય પણ નર્મદા યોજનાના કારણે જે જિલ્લાઓ એમાં ભરૂચ, વડોદરા, પંચમહાલ એ જિલ્લાઓમાં જે ફાજલ જમીનો છે, પરંતુ કાયમી રીતે નિકાલ કરવાનો એવી એક વર્ષીય ધોરણે પણ ૫૭૦૮ એકર જમીનનો નિકાલ કર્યો છે અને એના માટે ૨૦૦૪માં અત્યારસુધીમાં ૩૫,૮૪૨ લોકોને ૫૫૩.૫૯ લાખ રૂપિયાની સહાય ચૂકવી છે. એ સહાય કઈ કે જે અગાઉ એલ.એમ.બી.ટુ યોજના હેઠળ પહેલાં ૫૦૦ રૂપિયા અપાતા હતા, પછી ૨૫૦૦ થયા અને આ સરકારે એ પછી ૧૯૯૬-૯૭ થી આ સરકારના આવ્યા પછી ૫ હજારની મર્યાદામાં જે

રકમ આવા લાભાર્થીઓને ચૂકવાઈ છે એ એક અદ્વિતીય કામગીરી છે. આ વર્ષના ૨૦૦૫-૦૬ના બજેટમાં પણ એના માટે ૬ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો અગાઉ કે જુદા જુદા કાયદાઓનું જે જંગલ રાજ કહેવાય એમાં પડેલો અરજદાર એ ગૂંચવાયા જ કરે, ગૂંચવાયા જ કરે અને એમાંથી એને બહાર નીકળતાં વર્ષોનાં વર્ષો લાગે એવા પરિપત્રો/ઠરાવોનો મેં અગાઉ જે ઉલ્લેખ કર્યો. તો નવી શરતના અવિભાજય શરતે ખેતીના હેતુ માટે જે ધારણ કરતી જમીનના હકક માટેના અત્યારસુધીમાં ૧૩૨ જેટલા જુદા જુદા ઠરાવો અને પરિપત્રો એના માટેના થયા હતા એ ૧૩૨ પરિપત્રોને એકત્રિત કરીને એનો એક જ જી.આર. બહાર પાડયો છે. એ રીતે હકક પત્રકમાં એની નોંધ કેવી રીતે પાડવી, કયારે પાડવી અને કોણ એનો નિકાલ કરે એના માટેના બધા જ ૯૦ જેટલા પરિપત્રો હતા એને પણ એકત્રિત કરીને એનો એક જ પરિપત્ર કર્યો છે, એ જ રીતે ખેતી વિષયક દબાણો સરકારી પડતર જમીનો ઉપર એનો નિકાલ કરવાના ૧૯ જેટલા ઠરાવો હતા એનો પણ એક જ ઠરાવ કરવામાં આવ્યો છે આવી ના ખરીદી શકાય એવી પડતર જમીનો આપવાના, વિકાસ માટેની યોજનાઓ આપવાના. પણ જુદા જુદા ઠરાવ હતા એ પણ એક કરીને છેલ્લા ૪૦ વર્ષમાં ના બન્યું હોય એ આ રાજય સરકારે કામગીરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને શહેર અને ગામડામાં મહેસૂલ ખાતું એટલે એમાં જમીનનું વેચાણ, ભાડાપટ્ટે જમીન આપવી, બક્ષીસ, ગીરો આ બધી જુદી જુદી કામગીરીને લઈને રોજબરોજના જે વ્યવહારો થતા હતા એમાં સ્થાવર અને જંગમ મિલકત એની જે નોંધ કરવાની વાત છે. એની મિલકતની સમીક્ષા કરવાની એમાં ૨૦૦૪-૦૫ માં એના સુધારેલા અંદાજ મુજબ ૭ લાખ મિલકતો કેસોની સમીક્ષા કરવાનો અંદાજ છે. ૨૦૦૫-૦૬ માં ૭ લાખ ૪૦ હજાર કેસોનો અંદાજ મૂકેલ છે. માપણીના કેસો જે શહેરી જમીન દફતરે માપણીના કેસો ૨૦૦૪-૦૫ માં ૫ હજાર કેસોનો સુધારેલો અંદાજ છે અને ૨૦૦૫-૦૬ માં પણ ૫૫૦૦ થી ૫૭૦૦ જેટલા કેસોનો લક્ષ્યાંક છે. ફેરફારની નોંધ ૨૦૦૪-૦૫ માં ૧ લાખ ૬ હજાર નોંધો અને ૨૦૦૫-૦૬ માં ૧ લાખ ૧૦ હજાર નોંધોનો નિકાલ પ્રમાણિત કરવા ફેરફારની નોંધો કરવાનો છે. નાની કામગીરી એમાં એની ખરી નકલ એટલે કે ટ્રુ કોપી કહેવાય એ અરજદારોને આપવાની વાત છે એમાં ગયા વર્ષે ૨૦૦૩-૦૪ માં ૧ લાખ ૩૮ હજાર માણસોને આવી ખરી નકલ પૂરી પાડવામાં આવી હતી.

૨૦૦૪-૨૦૦૫માં ૧ લાખ ૫૦ હજારનો સુધારેલો અંદાજ છે અને ૨૦૦૫-૨૦૦૬નો પણ ૧ લાખ ૫૦ હજારનો અંદાજ છે. બીજી એક રેવન્યુ ખાતા અંગેની કામગીરી છે માનનીય ચંદ્રિકા બહેને પણ તેનો ઉલ્લેખ કર્યો છે. એ સ્ટેમ્પમાં ૩૨(ક)નો પણ ચંદ્રિકાબહેને ઉલ્લેખ કર્યો છે, રાજય સરકારે અને મહેસૂલ મંત્રીશ્રીએ એમના બજેટમાં ૩૨(ક)ના કેસના ભરાવાના નિકાલ માટે સ્પેશિયલ યોજના મૂકીને તેવા લોકોને તક આપી હતી અને દંડ માફ કરવાની જોવાઈ હતી તે વાત પણ છે. ખાસ કરીને સ્ટેમ્પ ડયુટીમાં રાજયની આવક છે તેમાં લોકોની અજ્ઞાનતાના કારણે કે અન્ય કારણસર જે ચોરીઓ થતી હતી તે ચોરીઓ અટકાવવા માટે પણ મહેસૂલ ખાતું અગત્યની કામગીરી કરી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ રાજયનું વિભાજન થયું, ગુજરાત રાજય ૧-૫-૧૯૬૦ના રોજ જુદું પડયું ત્યારે સ્ટેમ્પની આવક તે વખતે ૨૦૮ લાખ રૂપિયા હતી. આજે મને કહેતા આનંદ થાય છે કે ૨૦૦૩-૦૪માં ૮૨૨.૫૭ કરોડ અને ૨૦૦૪-૦૫માં ૮૨૫ કરોડનો અંદાજ છે. આ રાજયમાં સ્ટેમ્પની જે ચોરી થતી હતી અને રાજય સરકારની આવક કયાં ૨૦૮ લાખ અને કયાં ૮૨૫ કરોડ? આ રાજય સરકારની છેલ્લા દસ વર્ષમાં ચોરીઓ પકડવાની બાબતમાં જે કામગીરી છે તે ખૂબ સારી કામગીરી કરી છે. અને તે સરાહનીય છે. કોમ્પ્યુટરાઈઝ લેખ આપવાની વાત છે નોંધણી દસ્તાવેજો કોમ્પ્યુટરાઈઝ આપવાની વાત છે તેની ફોટો કોપી, તે કોમ્પ્યુટરાઈઝ પદ્ધતિને ૧૯૯૭ થી કાયમી ધોરણે કરી છે. અને જાન્યુઆરી ૧૯૯૮ થી કોમ્પ્યુટરની ચાર નવી સિસ્ટમ દાખલ કરી છે. એમાં વધારો કરીને ફોટો કોપીની કામગીરી ઝડપી બનાવી છે. જૂન ૯૮ થી નવી ૮ સિસ્ટમ ડોકયુમેન્ટ રિઝર્વ નામથી વિકસાવીને કામગીરી હાથ દ ।રી છે. આમ રાજય સરકારે જે કામગીરી કરી છે તે બિરદાવવા લાયક છે. આ વર્ષે રાજય સરકારે જુદી જુદી યોજનાઓ હેઠળ મહેસૂલ વિભાગે જે કામગીરી કરી છે એમાં એક તો એકત્રિકરણ યોજના હેઠળ ૧૪ ગામોને અનુશ્રવણની કામગીરી હાથ ધરી છે. આદિવાસી ગામોનો રી સર્વે અંગેની કામગીરી અંગે પણ ૨૩ ગામોમાં યોજના દાખલ કરી છે. જમીન માપણીમાં ૧૩ હજાર અરજીઓનો નિકાલ કર્યો છે. આ બહુ મોટી કામગીરી મહેસૂલ વિભાગ હસ્તક થઈ છે. અને શહેરી વિસ્તારોમાં ૮૩૪૬૦ હકપત્રકોની નોંધોનો નિકાલ કર્યો છે. ૨૦૦૩-૦૪માં ૫૧૪૧૭ જેટલા હકક પત્રકોની નોંધ કરવાની મોજણી હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ વર્ષે રાજય સરકારે જે નવી કામગીરી હાથ ધરી છે તેનો ઉલ્લેખ કરું કે એકત્રિકરણ યોજનામાં ખેડૂત ખાતેદારોના ખાતામાં આનુસાંગિક કામગીરી માટે ૬૫ લાખના ખર્ચે ૨૦ ગામોમાં એ કામગીરી હાથ ધરવાનું આયોજન છે. ટ્રાયબલ વિસ્તારમાં ૨૫ ગામોમાં રી ડિવિઝન સરવે માટે રૂા. ૨૧૮ લાખના ખર્ચ કરવાનું રાજય સરકાર વિચારી રહી છે. જમીન દફતર અદ્યતન કરવા માટે ૧૫ લાખના ખર્ચે બે જિલ્લાઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું નકકી થયું છે. વર્ષો જુના જમીન દફતરો માટે કુલ ૨૫૦ ગામોને દસ લાખના ખર્ચે લેમિનેશન કરીને

જમીન રેકોર્ડ જાળવવાની કામગીરી હાથ ધરવાનું નકકી કરેલ છે. ૧૪ લાખના ખર્ચે બે જિલ્લાના સીટી સરવે મિલકત કાર્ડના કોમ્પ્યુટરાઈઝેશન માટે કોમ્પ્યુટર આપવા અને ડેટા એન્ટ્રી કરવાનું આયોજન કર્યુ છે. અમદાવાદ મહાનગરપાલિકાની આજુબાજુના વિસ્તારમાં છ હજાર મિલકતોની હદ ચોકસી કરી શહેરી મોજણી દાખલ કરીને ત્રણ લાખના ખર્ચે અને ૩૬ હજાર સનદોને લેમીનેશનની સુવિધા આપવાનું પણ નક્કી કર્યુ છે. છ લાખના ખર્ચે ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓને કૉમ્પ્યુટરની તાલીમ આપવાનું પણ રાજય સરકાર દ્વારા વિચાર્યુ છે. સાત મહાનગરપાલિકાઓના વિસ્તારમાં ૧૨ લાખ જેટલા પ્રોપર્ટી કાર્ડ કોમ્પ્યુટરાઈઝ કર્યા છે. હક્કપત્રક નંબર-૬ કહેવાય એ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ એક વર્ષમાં ૧,૦૨૨૫૨ નોંધો હતી એમાંથી ૯૮.૮૧ ટકાનો નિકાલ કરીને ૯૬.૨૫ ટકાની સિદ્ધિ હાંસલ કરી છે. ૧,૦૨૨૫૨ નોંધોમાંથી ૯૮૪૧૫ નોંધોનો નિકાલ કર્યો છે આ રીતે ૯૬.૨૫ ટકાની સિદ્ધિ હાંસલ કરી છે.

જમીનના કોમ્પ્યુટરાઈઝેશનની વાત કરું તો કોમ્પ્યુટરાઈઝેશન કર્યુ એમાં ૭(૧૨) ૮(અ) વગેરેની શરૂઆતમાં વાત કરી. આ સરકારનો અભિગમ જૂઓ, ૭(૧૨) અને ૮(અ) નું કોમ્પ્યુટરાઈઝેશન થયું. ધારાસભ્યશ્રીઓની બૂમો ઊઠી કે એ મેળવવા માટે ધક્કા ખાવા પડે છે. નકલ મળતી નથી એટલે રાજય સરકારે આ નકલ બે જગ્યાએથી મળે એક તો મામલતદાર પાસેથી અને ગ્રામ લેવલે તલાટી પાસેથી મળે એ જાતના હુકમો કરીને આજે લગભગ ૭૭ જેટલા ગામો છે જ્યાં નકલો પહોંચાડી દીધી છે અને બાકીના ગામોએ પહોંચાડવાની કામગીરી ચાલુ છે. એટલા માટે આ કોમ્પ્યુટરાઈઝેશન કરવાના કારણે કેટલો ફાયદો થવાનો છે, ફાયદો એટલા માટે છે કે એક તો ખાસ કરીને જુદા જુદા ગામોમાં જે જમીન ધારણ કરનાર હોય એને જુદા જુદા ગામોમાં જવું ન પડે અને એને એકજ જગ્યાએથી એકજ ગામમાંથી ઉતારા મળે અને એની સાથે સાથે આ જમીનનું કોમ્પ્યુટરાઈઝેશન થવાથી આ ગામમાં કેટલી જમીન છે એમાં ગોચરની કેટલી જમીન છે, સિંચાઇવાળી કેટલી જમીન, બોર કેટલા કૂવા કેટલા, ગામની કુલ જમીનનું ક્ષેત્રફળ કેટલું આવી અનેક માહિતીઓ એમાંથી મળી રહે એ જાતની સગવડ છે.

ત્રીજી વાત એ છે કે ખેડૂતોને કોમ્પ્યુટરાઈઝ નકલ આપવાની છે એ નકલ એને મળ્યા પછી છ મહિના સુધી એ નકલનો ગમે ત્યારે ઉપયોગ કરી શકશે એ મોટામાં મોટો ફાયદો છે. એટલે કોમ્પ્યુટરાઈઝેશનના કારણે એક તો જમીનો ઉપર અસરકારક દેખરેખ રાખી શકાશે અને રાજયના કોઈપણ જિલ્લાની કે તાલુકાની માહિતી ઝડપથી અને સચોટ રીતે ઉપલબ્ધ થઈ શકશે. આ જાતની કાર્યવાહી રાજય સરકારે કરી છે.

મેં અગાઉ વાત કરી એમાં લૅન્ડ રેવન્યુ કોડની કલમ ૬૫ મુજબ અગાઉ બિન ખેતીમાં જુદા જુદા ૧૨ વિભાગોના અભિપ્રાય માગવામાં આવતા હતા અને એમાં ભ્રષ્ટાચાર થવાનો અવકાશ રહેતો હતો. આ રાજય સરકારના ધ્યાનમાં આવ્યા પછી એ ૧૨ ખાતાના અભિપ્રાય મંગાવવાને બદલે ત્રણ અગત્યના, રેખા નિયંત્રણ, જમીન સંપાદન અને જમીનનું ટાઈટલ. આ ત્રણ મુખ્ય હેતુ છે એની ચકાસણી કરીને કલેક્ટર રહેણાંક હેતુ માટે ૪૫ દિવસ અને અન્ય હેતુ માટે ૬૦ દિવસમાં મંજૂરી આપે એ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે. આ રીતે જે મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતો હતો એ દૂર કરવાની કામગીરી કરી છે. ભ્રષ્ટાચાર કેવો થતો હતો હું મહેસૂલ ખાતામાં હતો એટલે મને ખબર છે. મહેસૂલ ખાતામાં જે કામ ૫ રૂપિયામાં થાય એના માટે ૫૦૦ રૂપિયા આપવા પડે. કારણ કે પેલાને બિન ખેતીની જમીન ખરીદવી હોય, સોદો કરી દીધો હોય એ સમયસર કલીયર ન થાય તો પૈસા કયાંથી આપવા. તેથી આવી તકલીફો ન પડે એટલા માટે એનું અસરકારક નિયંત્રણ રાજય સરકારે કર્યુ છે. તમામ છૂટછાટો આપવાની વાત રાજય સરકારે કરી છે.

બીજી એક વાત આ રાજય સરકારે ખૂબ સારી કરી છે. મુંબઇ ગણોત ધારો ૧૯૪૮માં અમલમાં આવ્યો ત્યારથી ગણોતની જમીન ખરીદવા નાના ખેડૂતો, ગરીબ ખેડૂતોને લોન આપવામાં આવી હતી. વરસોથી એ લોન ભરાતી નહોતી. તેથી માર્ચ, ૨૦૦૪ના અંતે વસૂલાત કરવાપાત્ર હતી એમાં મુદલ ૭૩ .૦૪ લાખ અને વ્યાજની રકમ ૫૬.૧૧ લાખ મળી ૧૨૯.૧૫ લાખની વસૂલાત બાકી હતી. આ રાજય સરકારે પ્રોત્સાહક યોજના જાહેર કરીને વ્યાજ માફી આપવાની વાત કરી.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થાય છે, સભાગૃહ ૧૧-૦૦ વાગ્યે ફરી મળશે અને આપનું પ્રવચન પૂરું થાય છે.

**(વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦)**
**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના મંત્રીશ્રી માગણી નં. ૧૧, ૧૨ અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી માગણી નં. ૭૬, ૭૮, અને ૭૯ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે મારા વિચારો વ્યક્ત કરવા માટે અને સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા બાબતમાં કહું તો આજે વીજળી એ મનુષ્ય જીવન માટે એક અનિવાર્ય અંગ બની ગયું છે. સવારમાં ઉઠીએ અને રાત્રે સૂઈએ ત્યાં સુધી વીજળીની સતત જરૂરિયાત રહે છે. તેને પહોંચી

વળવા માટે રાજય સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. જી.ઈ.બી.નું વીજળીનું ઉત્પાદન છે તે રાજયની જે વીજ માંગ છે તેને પહોંચી વળવા માટે ઉત્પાદન શકિત છે તે દિવસે દિવસે આ સરકારના વહીવટમાં ઘટતી જાય છે. જી.ઈ.બી.ના જે એકમો છે અને જે વીજ ઉત્પાદન કરે છે એ છેલ્લા વર્ષોમાં આપણે તપાસીએ તો તેની ઉત્પાદન શકિત ઘટતી જાય છે. તેની સામે ખાનગી ક્ષેત્રોમાંથી આપણી ખરીદી વધતી જાય છે. છેલ્લા ચાર વર્ષમાં ૧૯૬૪ મિલિયન યુનિટ ઉત્પાદન, ગુજરાત વિદ્યુતબોર્ડ જે ઉત્પાદન કરે છે તે ઘટ્યું છે. છેલ્લા ચાર વર્ષમાં ખાનગી ક્ષેત્રો પાસેથી જે વીજળી લીધી છે ૫૭૮૦ મિલિયન યુનિટ વીજળી ખરીદી છે. પરિસ્થિતિ એ નિર્માણ થાય છે કે ગુજરાત વિદ્યુત બોર્ડ મારફત જે એકમોનું ઉત્પાદન થાય છે તેનો જે ખર્ચ છે તે પર યુનિટ ૧.૭૮ જેટલું થાય છે. તેની સામે ખાનગી ક્ષેત્ર પાસેથી જે ખરીદીએ છીએ તેનો ખર્ચ પ્રતિ યુનિટ ૨.૭૮ જેટલો થાય છે. એટલે એક રૂપિયાનો તફાવત પડે છે. તેનો ભાર રાજયના લોકો ઉપર પડે છે. ત્યારે માનનીય મંત્રીશ્રીએ જે આંકડાઓ આપી, આપણી ૧૦મી પંચવર્ષીય યોજનામાં નવું પ્લાનીંગ કર્યું પણ નવી વીજ ઉત્પાદન શકિત વધારવા માટેનું અમલીકરણ કે કાર્યવાહી કરવી જોઈએ એ રાજય સરકારની અણઆવડત અને નિષ્ફળતા સાબિત કરે છે.

બીજી વાત કરું તો ચોરી અટકાવવી અનિવાર્ય છે. ચોરી અટકાવવામાં કોઈને વાંધો હોઈ શકે નહીં. પણ રાજય સરકારે જે રીતે ચોરી અટકાવવા માટેનાં પગલાં લીધાં છે તેમાં ગ્રામ્ય વિસ્તારમાં જે ખેડૂતો ઉપર જી.ઈ.બી.ના વીજીલન્સ દ્વારા આતંક મચાવવામાં આવ્યો છે એ કોઈ પણ સંજોગોમાં વાજબી નથી. ચોરી કરતા અટકાવે, તેના માટેના પગલાં લેવામાં આવે. નિયમો અને ધોરણ અનુસાર તેની સામે કાર્યવાહી કરે. એ બરાબર છે પણ જે પ્રકારે જ્યારે મિલેટરીમેન હોય અને મિલેટરીના કપડાંમાં સજ્જ થઈને ગાડીઓની ગાડીઓ ભરી અને ધાડા નાખી ખેડૂતોની અંદર આટલો બધો ભય ફેલાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડે ગામડે આજે હાથકડીના પોસ્ટરો ચોંટાડવામાં આવ્યા છે. એના દ્વારા ગામડાઓમાં ભય ફેલાવ્યો છે. ચોરી અટકાવો નહીંતર જેલમાં પૂરી દેવામાં આવશે. એના કારણે જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે, એ હું માનનીય મંત્રીશ્રી અને સરકારને કહેવા માગું છું. એક બાજુ તમે ચોરી અટકાવવા માટે આટલા બધા પગલાઓ લીધા છે. આટલું બધું તમે *•( xxxx) એની સામે જે ગુજરાત વિદ્યુત બોર્ડ એરકન્ડીશન ઑફિસમાં બેસીને જે નિર્ણય લેવામાં આવે છે એના કારણે....

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### શબ્દો રદ કરવા બાબત

**શ્રી સી. ડી. પટેલ (પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય સભ્યશ્રી પુંજાભાઈ વંશ જ્યારે એમના ભાષણમાં આ વાત કરી કે, આ સરકાર *(XXXX) એ બરાબર નથી. એ વાત હું આપના દ્વારા મૂકું છું.

**સભાપતિશ્રી .** :પુંજાભાઈ વશે જે શબ્દો ઉચ્ચાર્યા છે એ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સી.ડી.પટેલની લાગણી દુભાણી હોય તો હું એ શબ્દો પાછા ખેંચું છું.

### માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) (ક્રમશ:)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ચોરી અટકાવવામાં આવે છે એ બરાબર છે. પણ તેની સામે ગુજરાત બોર્ડ જેનું અમલીકરણ કરે છે અને ગુજરાત બોર્ડના અધિકારીઓ અને માનનીય મંત્રીશ્રીના વિભાગ દ્વારા જે કાર્યવાહી થાય છે એ અણઆવડત વહીવટને કારણે જે કરોડો રૂપિયાનું નુકસાન થાય છે તેની સામે આપણે શું પગલાં લઈએ છીએ. જો તમે અસરકારક રીતે આ અણઆવડતને બદલે વ્યવસ્થિત રીતે વહીવટ કરો અને ગુજરાત વિદ્યુત બોર્ડને નુકસાન થાય છે એ અટકાવવામાં આવે તો વ્યવસ્થિત રીતે બોર્ડની કામગીરી સારી રીતે થઈ શકે. મેં ગત વિધાનસભા સત્ર વખતે પણ કહ્યું હતું. તત્કાળ યોજના નીચે જે કનેકશનો આપવામાં આવે છે અને જે મંજૂર કરવામાં આવે છે. (સમયસૂચક ઘંટડી) એના માટે જે પરિપત્રો કરવામાં આવ્યો. તત્કાળ યોજના નીચે જેમનું કવોટેશન મંજૂર થાય અને ખેડૂત પૈસા ભરે અને ખેડૂતના ખેતરમાં જ્યારે લાઈન ઊભી કરવામાં આવે ત્યારે બીજા અન્ય ખેડૂતોના ખેતરમાંથી લાઈન પસાર થતી હોય ત્યારે મંજૂર થયેલ અરજદારે એ ખેડૂતોની સંમતિ લઈ આવવાની હોય છે. એ સંમતિ નહીં લાવવાના કારણે મુશ્કેલી થાય છે.

---

• * **આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.**

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની જે માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ એ ગામડાઓ અને ખેડૂતો માટેનો આ વિભાગ છે. આ કોંગ્રસવાળાઓને તો ખબર હશે કે, અકબર બાદશાહના વખતમાં ટોડરમલે બનાવેલી આ નીતિ છે એ મહેસૂલ નીતિ છે. અંગ્રેજોના વખતમાં એન્ડરસને એના કાયદામાં સુધારા-વધારા કર્યા. મારે એ કહેવું છે કે, અકબર બાદશાહના વખતની નીતિ, એની દષ્ટિ એ આજેપણ ચાલી આવે છે, એમાં કોઈ સુધારા વધારા થયા નથી. ત્યારપછી ૨૧મી સદીની આપણે વાતો કરી રહ્યા છીએ કે મહેસૂલ કાયદા કેવા હોવા જોઈએ અને મહેસૂલી તંત્ર કેવું હોવું જોઈએ? એ નમૂનો જોવો હોય તો માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં જોવા મળે છે. કલેક્ટર કચેરીની અંદર પહેલાં ફાઇલોના ઢગલા હતા, એ ફાઇલોના ઢગલામાં માણસોને શોધવો પડતો હતો. આજે વન ડે ગવર્નમૅન્ટ આ પદ્ધતિથી ચાલી રહ્યું છે અને નવું પરિવર્તન આવી રહ્યું છે અને મિત્રો ૧૭ જેટલા કાયદા એવા છે કે, ૧૭ કામો એવા છે કે, તમે આજે અરજી કરો અને સત્તરે સત્તરના તમને પ્રમાણપત્ર મળે. ૭-૧૨નો ઉતારો લેવો હોય તો તલાટીને શોધવો પડતો હતો. તલાટી કયાં છે એની બે દિવસ પહેલાં તપાસ કરવી પડે. આજે ગામડાનો માણસ તાલુકા પ્લેસ ઉપર હટાણું કરવા જાય અને ૭-૧૨-૮-અ લઈને આવે આ પદ્ધતિ આ સરકારની અંદર બની છે. પહેલાની પદ્ધતિ બહુ જુદી હતી. આજે નવો કરાર, જૂનો કરાર , મારે ગૌરવ સાથે કહેવું છે કે રાજયના ખેડૂતોને નવી શરત અને જૂની શરત વર્ષોથી પડી રહી હતી પણ આ અકબરની દષ્ટિ વાળાને ખબર ન પડી કે ખેડૂત કેટલો પીસાઈ રહ્યો છે. ખેડૂત કેટલો દુઃખી થયો છે. નવા કરારની જમીન એને વેચવી હોય તો માણસ તલાટીને મન ભરીને પૈસા આપે એટલે ૫૦ ટકા જ જમીન વેચાતી હતી, આ સરકાર આવ્યા પછી નવી જૂની શરતની એક ઝુંબેશ ઉઠાવી અને ઝુંબેશ ઉઠાવીને લગભગ મારા વિસ્તારની વાત કરું તો ૯૦ ટકા કામ પૂર્ણ કર્યુ, કેવી રીતે કે તલાટી આ નવો કરાર, જૂનો કરાર કરવો હોય તો તલાટીએ પોતે ખેડૂત પાસે જવાનું અને કચેરીના દરવાજે કોઈએ જવાનું નહીં અને ખેડૂતના ઘેર તલાટીએ જઈને નિયત ફોર્મમાં સહી લેવાની આ પદ્ધતિ કરી, તલાટી મળે કે ના મળે, તલાટીને ફરજીયાત કહેવામાં આવ્યું કે આ નવી શરતોની જેટલી જમીન હોય એને જૂની શરતમાં ફેરવો. એ પોતે મામલતદારમાં જઈ (અંતરાય) એમાં ૯૦ ટકા કામ થયું, તમારા વખતે ૧૦ ટકા પણ નહોતું થતું નવી જૂનીનું આજે હું તમને ખાતરીપૂર્વક કહુ છું કે તમે રેકોર્ડ જોવો, ૯૦ ટકા કામ નવી જૂનીનું પૂરું થયું છે. તમારા વખતે તો કલેકટર કકળાટ કરે, મને ખબર છે, મામલતદાર મુંજાય, સરકાર બિચારી શું કરે? તલાટી કરે એ થાય તમારા વખતમાં. ખેડૂતપોથીઓનું અમે કામ કર્યુ છે. આ સરકારનેં અભિનંદન આપું કે ખેડૂતપોથીઓનું ૨૫ જિલ્લાની અંદર ૪૬,૩૯,૯૭૨ ખેડૂતપોથીઓમાંથી ૪,૪૩,૪૯૮ ખેડૂતપોથીઓનું વિતરણ કરવામાં આવ્યું.

બીજી વાત કરું તો હમણાં આ મહિનાની અંદર દસ્તાવેજ ઉપર ફોટો અને અંગૂઠોનો કાયદો કર્યો, અત્યાર સુધી જૂના લોકો પાર્ટી અમેરીકા રહેતી હોય, ન્યુઝીલેન્ડ રહેતી હોય, અહીં એની જમીન વેચાઈ જતી હતી. ખોટી સહી કરી અને પેલો કહે કે આ મારી સહી નથી તો એને કોર્ટમાં જાવ એમ કહેતા હતા અને આ જે કાયદા લાવી એ માટે સરકારને હું અભિનંદન આપુ છું કે વેચનારનો અને લેનારનો બંન્નેનો ફોટો મૂકવાનો અને અંગૂઠાનું નિશાન આ એક સારામાં સારો કાયદો આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આવ્યો છે. ૭-૧૨-૮-અની ઉઘરાણી વખતે પેલો લખે તો એને પોતાને ખબર ન હોય તલાટીને પોતાને ખબર ન હોય કે મેં આ શું લખ્યું? આવી ૭-૧૨, ૮-અની નકલો આવતી હતી. ત્યારે મંડળીમાં જવું હોય, બેંકમાં જવું હોય તો પેલો ધકકા ખાતો હતો, આજે એને આખું નેસ્તનાબૂદ કરી, આ સદંતર નાબૂદ કરી કોમ્પ્યુટરાઈઝ નકલની જ સ્વીકૃતિ કરવામાં આવી અને ૭-૧૨-૮-અની નકલો મળવાની મુશ્કેલી ન પડે એટલે ૭-૧૨, ૮-અની નકલ તાલુકા મથક ઉપરાંત તલાટી મારફતે ગામે ગામ મળે એવું સુંદર આયોજન કરવામાં આવ્યું. સેવા કેન્દ્રો, ૧ કરોડ અને ૧૦ લાખના ખર્ચે અમારા અમદાવાદની કલેકટર કચેરી બનાવી છે. આ કલેકટર કચેરી પણ સેવા કેન્દ્રમાં, અગ્રતમ ભવ્ય એવું મકાન બનાવ્યું જેમાં સેવાકેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે તેની દરેક વ્યકિતએ એક મુલાકાત લેવાનું મન થાય એવું છે. જનસેવા કેન્દ્રમાં માત્ર ૨૦ રૂપિયા જેવો નજીવો ચાર્જ લઈને જનતાને જે નકલ જોઈતી હોય એ ઝડપી ગતિએ આપવામાં આવે છે. જેનાથી લોકોના સમયનો ઘણો બચાવ થાય છે.

**સભાપતિશ્રી** : પ્લીઝ... પ્લીઝ બેસો, પ્લીઝ પૂરું કરો બાબુભાઈ, માનનીય જેસાભાઈ , બાબુભાઈ પ્લીઝ પૂરું કરો, બેસો પ્લીઝ બાબુભાઈ પ્લીઝ બેસો, માનનીય જેસાભાઈ આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૧૧ અને ૧૨ લઈને આવ્યા છે અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૭૬, ૭૮ અને ૭૯ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને આપના દ્વારા વાત કરવી છે કે ૨૦૦૪-૦૫ના વર્ષમાં નાણામંત્રીશ્રી દ્વારા જે સ્ટેમ્પ ડયૂટીના ૧૦૦ કરોડ ઊભા કરવા માટે જે ઘટાડો કર્યો છે એ આવકાર

દાયક છે. પણ સ્ટેમ્પ ડયૂટીના ઘટાડા બાદ ૧૨.૭૦ ટકા જે હતો એમાંથી ૯.૯ ઘટાડો કર્યા પછી જે ૬૦૦ કરોડની આવક હતી એના બદલે ૮૨૫ કરોડની થઈ, તો મારે આપના દ્વારા વિનંતી કરવી છે કે કેન્દ્ર સરકારે પણ જે તે વખતે એન.ડી.એ. ના રાજમાં ૪ ટકા સમાન દર આખા હિન્દુસ્તાનમાં દરેક રાજયમાં આ સ્ટેમ્પ ડયૂટીનો દર રાખવા માટેની ભલામણ કરેલ છે. અત્યારની કેન્દ્ર સરકાર પણ ૫ ટકા સ્ટેમ્પ ડયૂટીની રજિસ્ટ્રેશન ફી કરવા માગે છે. તો એકંદરે ફાયદો થવાનો છે. આવક વધવાની છે. તો માનનીય મંત્રીશ્રીને આ સ્ટેમ્પ ડયૂટીનો દર છે એ હાલના દરમાંથી ૫ ટકા કરે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની વાત મારા મિત્રોએ કરી. આજે જે ગુજરાતભરના ખેડૂતો છે એમની ૧.૫૪ લાખ અરજીઓ નવી શરતની આજની તારીખે પેન્ડીંગ છે. શા માટે પેન્ડીંગ છે? અહીંથી પરિપત્ર કરવામાં આવ્યો છે કે સામેથી અરજી લઈ અને ખેડૂતોની અરજીઓનો નિકાલ કરવો. તો દોઢ લાખ જેવી અરજીઓ પેન્ડીંગ છે ત્યારે મારી માનનીય મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી છે કે પટ સામેથી ઉઘરાવી એ પટના પૈસા લઈ ખેડૂતોને નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કાર્યવાહી ઝડપી થાય. આમાં મુખ્ય પાત્ર તલાટી છે એ રેવન્યુ અને પંચાયત બન્નેમાં કોનામાં એનું મહેકમ ગણવું એમ પણ નક્કી કરવું જોઈએ. કારણ કે એ પંચાયતનું ગણવું કે મહેસૂલનું એ નક્કી થતું નથી. એટલે આ નક્કી થાય અને રેવન્યુ નીચે તલાટીનો સમાવેશ થાય એવી વિનંતી છે. સમયની મર્યાદા છે પણ માનનીય મહેસૂલ મંત્રીશ્રીને વાત કરવી છે કે ટુકડા ધારાની સંકલ્પ પત્રમાં વાત કરી છે કે ટુકડા ધારો નાબૂદ કરવો. પણ એ કરવામાં જમીન વધવાની નથી. પાંચ ભાઈઓની જમીન ૧૦ વીઘા હોય અને ભાઈઓમાં ભાગ પડે તો એનો ટુકડો સો ટકા થવાનો છે. માણસની ઓળખ મટી જાય, નામ વગરનો માણસ નકામો છે. એટલે આ ટુકડા ધારાને નાબૂદ કરવાની વાત અશક્ય છે. આ બાબતે ગંભીરતાથી વિચાર કરીને ટુકડા ધારાના સરવે નંબર ઉડાવીને જે ગ્રોથ સિસ્ટમની વાત હોય તો તે અશક્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડિઝાસ્ટર મેનેજમેન્ટની કચેરી અને રાહત નિયામકશ્રીની કચેરી બે વિભાગોને એક જ સચિવશ્રી નીચે એનો કારોબાર થાય એ ઈચ્છનીય છે. અમદાવાદ કલેકટર કચેરીમાં જેમ જન સેવા કેન્દ્ર સહિતની ૧૦૦ કચેરીઓ મામલતદાર કચેરી સહિત બેસે છે. આવતા વર્ષોમાં બાકીના જે તાલુકાઓ અને જિલ્લાઓ છે એ બધામાં આવા જન સેવા કેન્દ્રો શરૂ થાય એવી અપેક્ષા રાખું છું.

અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને કુદરતી આફતો ગુજરાતમાં આવતી જ રહી છે. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિમાં પુખ્ત વયનો માણસ હોય અને એ અકસ્માતે મૃત્યુ પામે તો એને ૫૦ હજાર, સગીર વયને ૩૦ હજાર, પાંચ વર્ષથી નીચેનું બાળક હોય તો ૧૦ હજાર અને ઘરવખરીનો નાશ થાય તો ૧૨૫૦ રૂપિયા, ગાય મરી જાય તો ૨૫૦૦, પાડું મરી જાય તો ૭૫૦, પાડો આજે ૨૦ હજારનો થાય છે. બળદ મરે તો ૪ હજાર, જુનાગઢ જિલ્લાની ભગરી ભેંસ, ગીરની ભેંસ મરી જાય તો ૬ હજાર. આજે ૩૦ હજારની, ૪૦ હજારની ભેંસ મળે છે. તો આ દર ઘેંટાના ૧૫૦ રૂપિયામાં ઘેંટું કોણ આપે? આજે મોટું ઘેંટું હોય તો ૫ થી ૬ હજાર લે છે. આ દરમાં પરિવર્તન થાય એવી માનનીય મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી છે. મહેસૂલપંચની વાત કરી. ૬૫૦૦ કેસ પડતર છે તો એકાદ ડિપાર્ટમેન્ટ વધારી તાત્કાલિક કાર્યવાહી થાય,

આપના દ્વારા બીજી ખાસ વાત એ કરવી છે કે મીઠાના અગરિયાને બીનખેતી આવતાં કર લાગુ કર્યો છે, આ ગંભીર બાબત છે, તે માટે તમારે નાના અને સીમાંત ૫૦ એકર કે ૨૫ એકર બિનખેતી આકારશે અને કર જો લાગું કરશે તો આ મીઠાના અગરિયા બિનખેતી કરવાથી ભૂખે મરી જવાના છે, મારી વિનંતી છે કે આ બાબતે તાત્કાલિક વિચારવામાં આવે તે માટે અગરિયાને બિન ખેતી કર લાગુ પડશે તો મોટું નુકસાન થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જાની ઘણી બધી વાત થઈ. હોશિયાર માણસ સો ટકા છે, મંત્રીમા એજ્યુકેટેડ છે એ ઉદ્યોગમાંથી રાજકારણમાં આવી ગયા, મગજ સારું છે આઈ.એ.એસ. કક્ષાના માણસ હોય એટલે એમણે પીડીસી ગઈકાલે જ જાહેર કરી દીધા. એટલે પીડીસીથી અડધું કામ કરી નાંખ્યું છે. મારે બોલવાનું હતું એ ઘણું બધું પૂરું કર્યુ છે.

વિદ્યુતની ખાદ્ય ૮૬૮૩ મેગાવોટ છે એમાંથી ૭૬૦૫ મેગાવોટ અત્યારે ઉત્પન્ન થાય છે. આ તાત્કાલિક થવાનું નથી, એમાં જે વીજપ્રવહન છે એમાં બે-અઢી ટકા ઘટાડો કર્યો છે. ગાંધીનગર જિલ્લો છે, ગાંધીનગર શહેર છે એને ગ્રીનસીટી કહેવાતું અને હવે સૂર્યનગરી બનાવવાની જ્યારે મુખ્યમંત્રીએ વાત કરી છે તો આ બાબતમાં માનનીય મંત્રીશ્રીને વાત કરવી છે કે ગયા વર્ષે ગાંધીનગરને સૂર્યનગરી બનાવવાની તમે જાહેરાત કર્યા પછી એ બાબતમાં કેટલું કામ થયું? એ પણ મારે આપણા દ્વારા કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાહતના કનેકસન પીડીસી (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ટપક સિંચાઈ માટે જે સબસિડી આપવામાં આવે છે એના મિટર દાખલ કરવામાં આવશે તો આ ધમકીરૂપમાં ખેડૂતને આ ટપક સિંચાઈની સબસિડી છે એ તમારે આપવી જોઈએ. નાના-સીમાંત ખેડૂતો આ ગુજરાતના..

**સભાપતિશ્રી** : આપનું પ્રવચન પૂરું થયું જેસાભાઈ, હરજીવનભાઈ.

**શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા અને માનનીય મંત્રીશ્રી મહેસૂલ માગણી નંબર ૧૧, ૧૨, ૭૬, ૭૮ અને ૭૯ લાવ્યાં છે, એમાં મારાં વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ખેડૂતો માટેની જે સુવિધા કરી છે. ગઈકાલે જ મંત્રીશ્રી, ઊર્જાએ ૪૪ નીચે પીડીસી કનેકસન રિઓપન કરવા માટે એમણે જે નિવેદન કર્યુ એ માટે મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું. કારણ કે દક્ષિણ ગુજરાતમાં તો ભૂગર્ભ સિંચાઈથી ખેતી થાય છે. ઉત્તર ગુજરાતમાં અમુક જિલ્લામાં જ ભૂગર્ભ પાણી છે જેના કારણે આજે પીડીસી કનેકસન થઈ ગયેલા શીફટ કરવાના હોય, એક કૂવો કે જે બોર બનાવ્યો હોય અને બાજુમાં ૫૦૦ મિટર દૂર ખેડૂતને લઈ જવું હોય તો શીફટિંગ માટે એને સુવિધા કોઈપણ ખાલી માત્ર જીઈબીને અરજી આપે તો સરકાર શીફટિંગની સરકાર મંજૂરી આપી દે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સતત ૮ કલાક વીજળી મળવાના કારણે ખેડૂતોના મીટર બળવાના કિસ્સા ઘણા ઘટી ગયા. હમણા મને ફરિયાદ મળી કે મોટર રિપેર કરનારા નવરા બેઠા છે, કારણ કે મોટર બળતી નથી. રેગ્યુલર ટ્રીપિંગ વગર કારણે ૮ કલાક ખેડૂતોને નિયમિત વીજળી મળે છે. ટ્રાન્સફોર્મર પર લોડ હતો એ ઘટી ગયો છે, જેના કારણે ટ્રાન્સફોર્મર રિપેરીંગવાળા પણ આજની તારીખમાં બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા કચેરીએ ૧૦૦૦ ટ્રાન્સફોર્મરનો ત્યાં સ્ટોક પડ્યો છે. આજે ખેડૂતોને ટ્રાન્સફોર્મર બળી જાય તો ત્રીજા દિવસે ટ્રાન્સફોર્મર ઊભા કરી દેવામાં આવે છે. જ્યારે ભૂતકાળની અંદર મહિને, ૧૫-૧૫ દહાડે એમને ટ્રાન્સફોર્મર મળતા હતા. આજે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કોઈ ખેડૂતો ઉપર ગોળીબાર કર્યો નથી. કોંગ્રેસની સરકારમાં ખેડૂતો ઉપર જૂલમ ગુજારી ગોળીબાર કરી, સાત-સાત કિસાનોની હત્યાઓ આ ગાંધીનગરની નજીકમાં કરવામાં આવી હતી. હમણાં પૂંજાભાઈ કહેતા હતા કે, વીજળીના વપરાશ માટે એની ઉત્પાદન શકિત ઘટી છે. આપને જણાવવાનું કે, ૨૦૦૩-૦૪ના વર્ષ માટે માથાદીઠ વીજ વપરાશ ૯૩૨ યુનિટ હતો, ૨૦૦૩-૦૪ના પૂર્ણ થયેલ નાણાકીય વર્ષમાં વધુમાં વધુ ૭૬૦૫ મેગાવોટની વીજળીની માંગ ગ્રાહકોની સંતોષવામાં આવી છે. ૨૦૦૩-૦૪ના વર્ષના અંતે કુલ સ્થાપિત શકિત ૮૬૮૨.૬ મેગાવોટ હતી અને ૨૦૦૪-૦૫ના અંતે રાજયની વીજ માંગ ૯,૪૭૦ મેગાવોટ હતી જેને સંતોષવા માટે ૧૩,૭૩૮ મેગાવોટ જેટલી સ્થાપિત ક્ષમતા જોઈએ, સરદાર સરોવર આધારિત આજે ગુજરાતના ખેડૂતો માટે આનંદનો વિષય છે કે, આ જો સરદાર સરોવર યોજના વહેલી પૂરી થઈ હોત તો આજે ગુજરાતના ખેડૂતોને સિંચાઈથી વંચિત રાખવાનું જે પાપ કર્યુ છે એ સામે બેઠેલા લોકોની સરકારે કર્યુ છે, છતાં ભા.જ.પ.ની સરકારે એમાં ઝડપ લાવી, આજની તારીખમાં ૨૫૦ મેગાવોટ ચાલુ કર્યા છે અને ૨૦૦ મેગાવોટ પ્રાયોગિક ધોરણે ચાલુ કર્યા છે, ૪૫૦ મેગો વોટવીજળીનું ઉત્પાદન પાણીથી ચાલુ થઈ ચૂકયું છે અને બાકીના એક હજાર મેગાવોટનું ક્રમશઃ ચાલુ કરવાનું આયોજન છે.

આજે બાષ્પ આધારિત, લિગ્નાઈટ આધારિત, જળ આધારિત, અને ગેસ આધારિત વિદ્યુત, જેનું ઉત્પાદન ગુજરાત સરકારે ૨૦૦૪-૦૫ના વર્ષના અંત માટે ૫૭૮.૭૦ લાખનું આયોજન કરેલ છે જે પૈકી ડિસેમ્બર-૦૪ સુધી ૪૫,૦૫૬.૧૧ લાખ ખર્ચવામાં આવે છે. ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૭૦૮ કરોડ ૧૪ લાખની જોગવાઈ કરવામાં આવી છે. મારે, હમણાં જે ટીકાઓ થતી હતી એના માટે કહેવું છે કે, જે ગુજરાતની ભા.જ.પ.ની સરકારે વિદ્યુત ક્ષેત્રે જે કામો કર્યા છે કે આજે પ્રવહનના જે રેસા હોય છે, જેના વાયર હોય છે એની લંબાઈ, કદાચ કલ્પના પણ ના હોય આ લોકોને કે ટોટલ ૪,૦૦૦ કે.વી.ની-૧૭૭૬ કિલોમીટર, ૨૨૦ કે.વી.ની -૧૦,૯૪૦ કિલોમીટરની લંબાઈ, ૧૩૨ કે.વી.ની-૪,૫૪૨ કિલોમીટરની લંબાઈ, ૬૬ કે.વી.ની- ૧૫૪૨૨ કિલોમીટરની લંબાઈ આમ કુલ ૩૨,૬૮૦ કિલોમીટરની લંબાઈ આ સરકારે કરી છે એના સિવાય ૨૦૦૪-૦૫માં કુલ ૨૨ કે.વી.માં- ૬૬૩ કિલોમીટરનો વધારો થશે, ૬૬ કે.વી.માં- ૨૨૭ કિલોમીટરનો વધારો થશે આમ કુલ ૨૯૦ કિલોમીટરનો વધારો થાય છે ૨૦૦૫-૦૬માં બાકીના ૭૦૬ કિલોમીટરનો વધારો થવાનો છે.

ભૂતકાળમાં સબસ્ટેશનોની સંખ્યા છે એ કેટલી હતી ? બનાસકાંઠા જિલ્લાનો દાખલો આપું, હું ધારાસભ્ય થયા પછી એકપણ સબસ્ટેશન બનાસકાંઠામાં નાખ્યું હોય તો એની વાહ વાહ થાય, આજે બનાસકાંઠા જિલ્લામાં, એમાં મારા ખાલી ધાનેરા વિસ્તારમાં ત્રણ -૬૬ કે.વી.ના સબસ્ટેશનો કાર્યરત કર્યા, બાકીના ૨૨૦ કે.વી.ના બે બનાસકાંઠા જિલ્લામાં આજે કાર્યરત છે એમાં એક ધાનેરામાં અને એક લાખાણીમાં, બાકીના ચાર - ૬૬ કે.વી.ના સબ સ્ટેશનોનું કામ ધમધોકાર ચાલી રહયું છે જેના કારણે આજે ૪૦૦ કે.વી.ના-૯, ૨૨૦ કે.વી.ના ૬૪, ૧૩૨ કે.વી.ના- ૪૯૫ અને ૬૬ કે.વી.ના -૬૪૫ ગુજરાતમાં છે. ૨૦૦૪-૨૦૦૫ના ચાલુ વર્ષમાં ૨૨૦ કે.વી.નું-૧, ૬૬ કે.વી.ના -૨૩ પૂરા થવાના આરે છે અને આવતા ૨૦૦૫-૦૬માં ૪૦૦ કે.વી.નું -૧, ૨૨૦ કે.વી.ના - ૨, અને ૬૬ કે.વી.ના -૩૦ કાર્યરત થવાના છે. આ વીજળીની પ્રગતિ કરી છે કદાચ એ એમની નજરે નહીં આવે.(સમય સૂચક ઘંટડી )

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની વાત કરું છું કે, આજની તારીખમાં કયારેય પણ કોઈ દિવસ ગ્રામ સભાઓ દ્વારા જે અધિકારી ગામડાઓમાં જઈને જે લોકોને પ્રશ્નો પૂછે, ભૂતકાળમાં મને તો અનુભવ છે કે, કોઈ પણ અધિકારી, કોઈ પણ નાગરિકને તાલુકા કચેરીમાં જવું હોય અને મામલતદારને મળવું હોય તો

એના માટે એને ત્રણ-ત્રણ ધકકાએ પણ મામલતદાર મુલાકાત ન આપે એ પરિસ્થિતિ હતી. આજની તારીખમાં મામલતદાર ગામડાઓમાં જઈને ખેડૂતોને પ્રશ્ન પૂછે છે કે તમારા પ્રશ્નો લાવો. આજની તારીખમાં નાગરિક અધિકાર પત્ર આપીને આ સરકારે જે કામ કર્યુ છે, નાગરિક અધિકાર પત્ર દ્વારા લોકો અરજીઓ આપે, એની નિકાલ કરવા માટેની મુદત હોય છે વધુમાં વધું છ મહિનામાં એનો નિકાલ કરવો પડતો હોય છે. ચંદ્રિકાબહેન કહેતાં હતાં કે ઝુંપડપટ્ટીને નિગલેકટ કરે છે. બુલડોઝર ફેરવે છે. આજની તારીખમાં જયોતિ ગ્રામ યોજના દ્વારા ઝુંપડપટ્ટી ઘટી છે અને જયોતિ ગ્રામ યોજના દ્વારા ગામડાંને સમૃદ્ધ બનાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. એક સ્વપ્નુ હતું ગામડાનું કે શહેરમાં વીજળી હોય તો ગામડાંમાં વીજળી કેમ ન હોય? તો આજે ૭૦૦૦ ગામડાંઓમાં જયોતિગ્રામ યોજના દ્વારા વીજળી ઘેર ઘેર પહોંચાડવાનું  અને ગામડાંને સમૃદ્ધ બનાવવાનું આ સરકારે કામ કર્યું છે. એને માટે ધન્યવાદ આપું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક -૧૧, ૧૨, ૭૬, ૭૮, ૭૯ લાવ્યા છે, એમાં મારાં સૂચનો રજૂ કરું છું.

ઉર્જા વિશે મારા મિત્ર હરજીવનભાઈએ ઘણી વાત કરી છે. મારા તાલુકામાં એમનો વિસ્તાર છે. એટલે બતાવીશ કે કહેતા હતા એવું નથી કારણકે વીજળીની માંગ વધારે છે અને ઉત્પાદન ઓછું છે. વીજળી આપણે મોંઘા ભાવે બહારથી લાવીએ છીએ એટલે નુકસાન બોર્ડ અને ખાતાને થાય છે. ઉત્પાદન વધારો તો મોંઘી વીજળી લેવી નહીં પડે અને પરેશાની ભોગવવી નહીં પડે. ખેડૂત અને ઘર વપરાશની વીજળી એ બેમાં વારંવાર કાપ મૂકવામાં આવે છે.

ખેડૂતની વાત કરીએ તો ૮ કલાક પૂરેપૂરી વીજળી મળતી નથી. અને મળે છે તો એના વોલ્ટેજ મળતા નથી. હું પોલીટીકલ સૂચન નથી કરતો. મંત્રીશ્રી અને અધિકારીઓ નોંધ લે કે જી.ઈ.બી.ના એકટમાં જોગવાઈ છે કે ૪૦૦ વોલ્ટેજ એગ્રીકલ્ચરને મળવા જોઈએ. મારા વિસ્તારમાં ૨૦ ટકા પણ એગ્રીકલ્ચર જોડાણમાં ૪૦૦ વોલ્ટેજ મળતા નથી. કયાંક ૧૫૦, કયાંક ૨૦૦ કે ૨૫૦ મળે છે. મોટર બળી જાય, લોડ લે એટલે કહે તમારી મોટર લોડ લે છે. પણ વોલ્ટેજ પૂરા ન મળે તો લોડ ન લે? વોલ્ટેજ આપો. વીજળી ન મળે, વોલ્ટેજ ન મળે અને નુકસાન થાય તો એની જવાબદારી કોઈની નહીં બોર્ડની કે સરકારની કોઈની નહીં પણ જો ખેડૂત ભૂલ કરે તો મનફાવે તે દંડ કરવાનો, દોરડું કાપીને જતા રહેવાનું. આપણે બધા કહીએ છીએ ખેડૂત ધરતીનો તાત છે. આ વખતે નાણામંત્રી ભૂલી ગયા અને તાત નથી કહ્યો પરંતુ ખેડૂતની દુર્દશા આપ જોશો તો ખબર પડશે કે એની હાલત શું છે. વીજળી માટે વખાણ કર્યા પણ વીજળીનો ગોળો ચાલે છે મોટર ચાલતી નથી. સાથેસાથે મોટર બળી જાય એ માટે કોઈની જવાબદારી નહીં મંત્રીશ્રીને વિનંતી છે કે સરકારની કે બોર્ડની અંદર જોગવાઈ કરવી જોઈએ ૪૦૦ કે ૩૫૦ ઓછામાં ઓછા વોલ્ટેજ આપવા. એકટમાં જોગવાઈ  છે એ પ્રમાણે પરિપત્રમાં નહીં એ પ્રમાણે પૂરેપૂરી વીજળી ન મળે તો પાકને નુકસાન થાય તો બોર્ડની જવાબદારી રહેશે. ૮ કલાકની અંદર પૂરી વીજળી નહીં મળે તો બીજા દિવસે વળતર આપવામાં આવશે કે બીજા દિવસે વધારે વીજળી આપવામાં આવશે. એટલું જ નહીં પણ બોર્ડમાં ગમે તેમ લાઈન ખેંચવી જોઈએ નહીં. એ ખેડૂતો માટે છે અમે સંમત છીએ. પાંચ એકર ખેતર હોય અને ૫૦ થાંભલા નાખી દે એને મન ફાવે તેમ થાંભલા નાખે તો પણ ખેડૂત બોલી શકે નહીં. એની માલિકી હોય એ રીતે અમે કહીએ છીએ સાર્વજનિક કામ છે થાંભલા ઊભા થવા જોઈએ પણ બોર્ડને સ્પેસીફીક પરિપત્ર કરીને કહી દો કે ખેડૂતના એગ્રીકલ્ચર ખેતરમાં લાઈન ખેંચતા પહેલા કમ સે કમ ખેડૂતના ધ્યાને મૂકો. થોડું સાઈડમાં થતું હોય તો કરે. ખેડૂતનું ખેતર  વેરવિખેર થઈ જાય છે.  પાંચ એકર જમીનમાં ૫૦ થાંભલા ઊભા કરી દે એ ખેડૂત શું કરે? કોઈપણ ખેડૂત કહેવા જાય તો ધુતકારીને કાઢી મૂકે. કોઈ કાયદો નથી, ખેડૂતનો કોઈ રણીધણી નથી. કોઈથી ના ડરે એટલો બોર્ડથી અને પોલીસથી ડરે છે. કંગાળ થઈ ગયા છે આ બોર્ડથી એમ કહું તો ખોટું નથી. એમનો સ્ટાફ અને હેલ્પર છે નાનામાં નાનો કર્મચારી છે. હેલ્પર . એને મોટા અધિકારીની જરૂર નથી. એવો રીવ્યૂ લેજો કે જોડાણ કેટલા છે અને જોડાણ પાછળ હેલ્પર કેટલા છે. કયાંક ૫૦ જોડાણમાં હેલ્પર છે અને કયાંક ૨૦૦૦ જોડાણમાં હેલ્પર છે. જોડાણના સરવાળા કરીને રાખે કે આટલા જોડાણ છે અને આટલો સ્ટાફ છે એક જણના ભાગે આટલા આવે. એવું કરશો તો કાંઈક થશે.  આજે બૂમાબૂમ બધું ચાલે છે. ભલે તમારી પાસે કાગળ સારા આવતા હોય પણ ખેડૂત પાસે નથી. કદાચ ઉદ્યોગ પાસે હશે, શહેરમાં હશે પણ ત્યાં નથી. એની સાથેસાથે જે ઘર જોડાણ છે.

વિદ્યુત શુલ્કની ૧૭૧૦ કરોડની આવક થઈ છે. એ શુલ્કની અંદર તમામ રાજ્ય કરતા આપણી આવક વધારે છે, તો પણ નુકસાનમાં છીએ. ખરેખર એની અંદર રાહતો આપવી જોઈએ. બીજી બાજુ ઘણી આવકો છે. મજૂરો, ખેડૂતો ઉત્પાદન કરે છે. એને ટેક્સ બીજા આવે છે, એની આવકમાંથી આ તંત્ર ચાલે છે,ઘણી વખત ખબર નથી.  આપણે એક જ વાત કરીએ છીએ કે ખેડૂતો ક્યાં ટેક્સ ભરે છે, ખેડૂતોને મફતનું છે.  મફતનું નથી.  ખેડૂતો પકવે છે એનો ભાવ બીજા નક્કી કરે છે.  લેવાવાળા નક્કી કરે છે.  ડિમાન્ડ હોય તો લે નહિતર

પાછો લઈ જાય. ખેડૂતો ઉપર જ બધુ ચાલે છે. હોર્સપાવર ટેરિફ ઉપર સબસિડી ઘટવા માંડી. એનું કારણ શું છે કે આ કનડગત, કંટાળીને માણસ થાકીને કેટલાક કનેકશન બંધ કરી કરીને બેસી ગયા છે, તો એ રીતે ખેડૂતોને પૂરેપૂરો ન્યાય જો આપવો હોય તો માનનીય મંત્રી, મંત્રી વગર ખાનગીમાં તમે જ્યાં આંગળી મૂકો, ત્યાં ઉત્તર ગુજરાતના ખેડૂતોને ત્યાં જઈને ખેડૂત તરીકે વાત કરજો, તો વાસ્તવિકતાનો ખ્યાલ આવશે કે ખરેખર વાસ્તવિકતા શું છે? ઘણા પ્રશ્નો છે.

રેવન્યુની અંદર પણ સૂચન કરીશ. રેવન્યુની અંદર પણ ઘણા બધા કાયદાઓ કરીએ છીએ. એની પાછળ સરળતા નથી. જે સરળતા હોવી જોઈએ. એમની જે જંત્રી નક્કી કરી, કમિટી નક્કી કરી, આ બધુ સારું, પણ એની પાછળનો જે નિકાલ કરવા માટેનું છે, એમાં સરળતા છે, તેમાં કઈને કઈક ગૂંચ કાઢી દીધી છે. આજે એલ.વી.સી. કમિટી અને જંત્રી. જે ગામતળ છે, ત્યાં ગરીબમાં ગરીબ માણસને રહેવા માટે પ્લૉટ આપવો જોઈએ કે દબાણ ન કરે, બીજે કયાંય ન જાય અને જૂનાં ગામમાંથી નવા ગામમાં એના છોકરાઓ વસવાટ કરે તો એની કિંમત એટલી હોય કે બાજુમાં એને અડધો વીઘો ખેતર મળી જાય, એટલી પ્લૉટની કિંમત થઈ જાય. કયાંથી લાવવાના છે એ દબાણમાં જ રહેવાનો છે, એટલે એની અંદર હોવું જોઈએ. એટલું જ નહિ, જે મંડળીઓ છે, નિશાળ છે, હાઈસ્કૂલ છે, જે સાર્વજનિક હેતુ માટેની જમીન લેવાની છે, એના માટેની આ જે કિંમત બરાબર નથી. એની સાથે સાથે અત્યારે મારા જિલ્લાની વાત કરું તો કેટલીક મંડળીઓ છે. એમને પ્લૉટ માટેની દરખાસ્ત અહીયા મોકલી છે, તો દરખાસ્તમાં ક્વેરી કાઢીને આઠ-દસ વખત પાછી આવે, પછી એની અંદર કહેવામાં આવે કે નર્મદાના રિઝર્વેશનમાં છે, માટે નહિ મળે. નર્મદાના રિઝર્વેશનમાં હોવી જોઈએ, પણ મંડળીનો પ્લૉટ એટલા માટે કાયમી કરવા એને સબસિડી નથી મળતી. કેટલીક દરખાસ્ત અહીયા પડી છે. ખરેખર સાર્વજનિક સંસ્થા માટે સત્તા તે લેવલે આપવી જોઈએ. વાડા રજિસ્ટર પણ બંધ કરી દીધા છે. ખેડૂતોને વાડા, ખળાવાડ પરંપરાથી છે. અગર આ દબાણ નાબૂદ કરવું હોય તો વાડા અને ખળાવાડ બંનેની જોગવાઈ હોવી જોઈએ. તમે નક્કી કરો કે મર્યાદા કેટલી હોવી જોઈએ. વાડા અને ખળાવાડ ખેડૂતોને આપો તો દબાણ કયાંય થશે નહિ. વાડા અને ખળાવાડ રહેવાના છે.

**સભાપતિશ્રી** : આપનું પ્રવચન પૂરું થયું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા અને મહસૂલ વિભાગની માગણી નં. ૧૧, ૧૨, ૭૬, ૭૮, ૭૯ લઈને આવ્યા છે, એમાં હું મારો સૂર પૂરાવું છું.

મહેસૂલ અને ઊર્જા વિભાગ આ બંને વિભાગો એવા છે કે ગામડાની અંદર વસતા કિસાનોના હ્દય સમાન વિભાગ છે. આ વિભાગની અંદર ઊર્જા મંત્રી હોય કે મહેસૂલ મંત્રી હોય એમણે કાયદાની અંદર ઘણા પરિવર્તન લાવીને સરળતા લાવ્યા છે, તે બદલ લાખ લાખ અભિનંદન. જ્યોતિગ્રામ યોજના હોય, નવી શરતમાંથી જૂની શરત હોય, ૮ કિલોમિટરનો કાયદો હોય, તાલુકા મથકે કોમ્પ્યૂટરાઈઝેશન હોય જે વર્ષો જૂનો મહેસૂલનો રેકર્ડ હતો, એને લેમિનેશન કરવાનો જો પહેલીવાર અમલ કર્યો હોય તો તે મહેસૂલ મંત્રીશ્રીએ કર્યો છે. જે આપણાં વર્ષો જૂનાં જમીનનાં માપણીનાં સાધનો હતાં, એ દેશી ખાતરની દોરી અને સાંકળથી માપવામાં આવતા હતા, એને પણ અદ્યતન સાધનો વસાવવા માટેનાં રૂપિયા ફાળવ્યા છે, જે પહેલો રેકર્ડ છે. ઊર્જા મંત્રીશ્રીને તે બદલ લાખ લાખ અભિનંદન.

જ્યોતિ ગ્રામ યોજના. બાબુભાઈ, જ્યોતિ ગ્રામ યોજના લાવવી એ ભારતીય જનતા પાર્ટીના ભેજાની દેણ છે. ગામડાની અંદર રહેતા માણસને ૨૪ કલાક વીજળી આવું સપનામાં પણ કોઈએ વિચાર્યુ ન હતું કે એક વર્ષની અંદર જે વીસ વર્ષમાં થાંભલાની લાઈનો ખેંચાણી ન હતી તે આ સૌરભભાઈએ ખેંચી છે. આજે વિધાનસભા ગૃહની અંદર ૧૯૯૫માં અમે જયારે ચૂંટાઈને આવ્યા ત્યારે સપનામાં પણ વિચાર નહોતો કર્યો કે અમને ચોવીસ કલાક વીજળી મળશે. વિદ્યાર્થીઓને વાંચવા માટે પૂરેપૂરી સવલતો મળશે. ગામડાની બહેનોને સવારે વલોણા ફેરવવામાં ઇલેક્ટ્રિક મોટરથી વલોણા કરવામાં આવશે. આ ભારતીય જનતા પાર્ટીના મંત્રીઓના ભેજા છે.

મહેસૂલ વિભાગમાં બે-ત્રણ સૂચનો કરવાં છે. મહેસૂલનો કાયદો છે તે ઘઉના લોટ જેવો છે. ઘઉના લોટમાંથી રોટલી બને, ભાખરી બને, લાડવા બને, ખાખરા બને અને બિસ્કિટ પણ બને. તો આ કાયદાને માટે જે આપણે અત્યાર સુધી સિંચાઈ યોજનાઓમાં જમીન સંપાદન કરવામાં આવે છે. આ જમીન સંપાદનમાં સરળતા લાવવા માટે જો સંમતિ એવોર્ડનો કાયદો લાવવામાં આવે તો સો ટકા ડૅમ સમય મર્યાદામાં પૂર્ણ થાય અને ખેડૂતો બીજી જમીન લઈ શકે તે માટે મારુ સૂચન છે. બીજુ કે રાજાશાહી વખતે ગામડાઓમાં ખેડૂતોને જમીન મળી અને જમીનની પાછળ વાડા અને ખરા પણ આપવામાં આવ્યા હતા. તે વાડા અને ખરાઓને નિયમિત કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે એક પરિપત્ર બહાર પાડયો હતો. પણ તેની સમય મર્યાદાના કારણે ઘણા ખેડૂતોને તેની ખબર નહીં હોવાને કારણે એનો લાભ લઈ શકયા ન હતા અને ઘણા વિસ્તારોમાં ખરા, વાડાઓને રાવડા હક્ક, કરામા હક્ક, ચૌર હક્ક પણ કહેવામાં આવે છે. એના માટે રાજય

સરકાર ફરી એકવાર પરિપત્ર બહાર પાડે અને જેમ નવી શરતમાંથી જૂની શરતમાં સરળતા લાવેલ છે તેવી સરળતા આમાં લાવે તેવું મારું સૂચન છે. જે ગામોને સિંચાઈ યોજનાઓ કે અન્ય યોજનાઓને કારણે સ્થળાંતર કરવામાં આવે ત્યારે તેઓના ગામતળના પ્લોટ છે તે જૂની શરતના છે તે નવા ગામતળમાં જૂની શરતના જ પ્લોટ મળે તેવું સૂચન છે.

બીજું કે આર્મીમેન જે દેશની રક્ષા કાજે કાયમી સરહદ ઉપર ઝઝૂમતો હોય છે તે નિવૃત્ત થાય પછી તેને જમીન આપવામાં આવે છે તો તે જમીન તેને તાત્કાલિક મળી જાય તેવો કાર્યક્રમ કરી તમામે તમામને લાભ મળે તેવું મારું સૂચન છે. બીજુ કે ડૅમમાં જે જમીન ડૂબમાં જાય છે તેમાં ખેડૂતોએ વળતર લીધુ હોય પણ ડૅમ ઓવરફલો થવા છતાં આ જમીન ડૂબતી નથી અને તે જમીન પડતર પડી રહે છે. તો આવા ખેડૂતોને દબાણ કરતા અટકાવવા માટે નિયમ મુજબના ધારા ધોરણે કિંમત વસૂલી આપવા માટે સરળતા લાવવી જોઈએ. જે ખેડૂતની જમીન સો ટકા ડૂબમાં ગઈ હોય અને તેઓને ખબર ન હોય અને તે જમીન લેવામાં મોડા પડે છે અને તે ખેડૂત ખાતેદાર બની શકતા નથી. તો ખાસ કિસ્સામાં તે ખેડૂતોની સો ટકા જમીન ડૂબમાં ગઈ હોય તેવા ખેડૂતોને લાંબો સમય થયો હોવા છતાં જમીન લઈ શકે અને ખાતેદાર ખેડૂત વારસદાર બની શકે તેવું મારું સૂચન છે.

બીજું કે ગામતળ નીમ કરવાનું હતું અને નીમ તળમાં મંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે કોઈપણ બિનખેતીની અંદર ૯૦ દિવસના બદલામાં ૪૫ દિવસમાં કરવામાં આવશે તે ઘણા આનંદની વાત છે. ગામતળ નીમ કરવામાં સરળતા આવે અને ટૂંકી સમય મર્યાદા નક્કી કરવામાં આવે તો એ ગામડા માટે સારી વાત રહેશે. ગામડામાં અમારા ત્યાં ગામડાઓમાં ખેડૂતને કૂવો ગાળવો હોય ત્યારે શિયાળાની કડકડતી ઠંડીમાં રાતના બાર-એક વાગે ઉઘાડા દિલે જમીનમાં આંટા મારે છે અને જમીનમાંથી ગરમ વરાળ આવતી હોય ત્યાં પાણી હોય તેવું નક્કી કરતા હોય છે. આ ભૂસ્તરશાસ્ત્રી કરતાં વધારે ઉપયોગી પદ્ધતિ છે. સારામાં સારી પદ્ધતિ છે. આમાં સો ટકા સફળતા મળે છે. તો આવા ખેડૂતોને બે ગુંઠા જમીન કૂવો ગાળવા માટે તાત્કાલિક અમલ કરી આપવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

બીજુ એક એન્ટ્રી પાડવાનો પ્રશ્ન છે. નવી શરતની જૂની શરતમાં સામેથી આપણે ફેરવવા માટે રાજય સરકારે પ્રયત્ન કર્યો છે. જયારે કોઈ માણસ મૃત્યુ પામે અગર તો જમીન વેચી તબદિલ કરવાની હોય એટલે આવી એન્ટ્રી પાડવા માટેની સમય મર્યાદા ૩૫ દિવસની છે તો તે માટે મંત્રીશ્રીને અરજી કરે ત્યારથી ૩૫ દિવસ ગણવા જોઈએ અને તે રીતે અમલવારી થાય તેવું મારું સૂચન છે. બીજાં બે સૂચનો નાનાં નાનાં કરવાં છે. ૧૯૬૦માં પ્રમોલગેશનમાં ઘણા ખેડૂતો એવા છે કે તેઓની સૂઝ બૂઝ નહોતી, ખબર નહોતી પડતી અને તેઓ તેઓની જમીનની નોંધણી કરાવી શકયા ન હતા. એવા સુરેન્દ્રનગર જિલ્લામાં પુષ્કળ કેસો છે જે ડૂબની જમીન કહેવામાં આવે છે, એવા ખેડૂતો કે જે સો વર્ષથી, બાપદાદાની છે અને વાવે છે અને આજે પણ વાવે છે એવી જમીન સરળતાથી લઈ એના ખાતામાં જમીન પરત થાય એવું કરવા માટેની મારી લાગણી છે. આભાર.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માનનીય મંત્રીશ્રી અને મહેસૂલ વિભાગના માનનીય મંત્રીશ્રી જે આજે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર આપના મારફતે એમનું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આ સન્માનનીય ગૃહ સમક્ષ બીજા એક સભ્યશ્રી બાબુભાઈ જ. પટેલ (બીજેપી) બોલતા હતા ત્યારે એમણે આ મહેસૂલ પદ્ધતિઓ અકબર બાદશાહના વખતમાં ટોડરમલના વખતથી આવી, પછી એ અંગ્રેજોએ ચલાવી અને એનું અમલીકરણ આજે પણ એ ભાવનાથી થઈ રહ્યું છે.

માનનીય મહેસૂલ મંત્રીશ્રી હંમેશાં લાગણીશીલ હોવા જોઈએ, પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુ:ખે દુ:ખી થવાની આ વિભાગનો જે મોટીવ છે એ મોટીવ કમનસીબે એનો ધ્વંસ થતો જાય છે, એટલા માટે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું અને મહેસૂલ વિશે અગાઉના વક્તાઓએ કહ્યું કે માનનીય મહેસૂલ મંત્રીશ્રી એમ કહે છે કે અધિકારીઓ ઉપર મારો કાબૂ નથી, તો આના કરતાં લોકશાહીની અંદર, જે ખાતું પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુ:ખે દુ:ખી થવાનું હોય એ અધિકારીઓના કારણે આ પ્રજાના સુખે સુખી અને દુ:ખે દુ:ખી થવાનો વિચાર ન કરતા હોય તો એનાથી બીજી કઈ ખરાબ વાત હોઈ શકે? મહેસૂલ વિભાગમાંથી લાગણી શીલતા નષ્ટ થઈ ગઈ છે, એમ કહું તો વધારે પડતું નથી. એ અધિકારીઓને પ્રજાના પ્રશ્નોનો જવાબ આપવાની પણ ફુરસદ નથી એમ મારે ગૃહમાં કહેવું પડે છે કારણ કે કયાંથી હોય? જમીન આપવામાં આ ખાતું કાર્યરત હોઈ અને એ ફલિત થઈ રહ્યું છે. ગઈ કાલે મારા એક પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું હતું, કચ્છમાં કેટલીક જમીન અપાઈ છે, એક પ્રશ્ન માનનીય સભ્યશ્રી ગીલીટવાળાનો હતો એના જવાબમાં એસ્સારની કંપનીને કેટલી જમીન અપાઈ સુરતની? એટલે સુરતની કઈ, કચ્છ સુધી, માનનીય મહેસૂલ ખાતાએ સરકારી જમીન ભાજપના શાસનમાં પાણીના મૂલે આપી છે એના કારણ મેં કહ્યું હતું શરૂઆતના એક પ્રવચનમાં કે ભાજપના બે હજાર દિવસોમાં રોજના દશ કરોડના હિસાબે આ રાજયમાંથી

આવકો ડ્રેઈન આઉટ થઈ છે, વીસ હજાર કરોડ રૂપિયાની આવકો કયાં ડ્રેઈન આઉટ થઈ છે? એની તપાસ થવી જરૂરી છે. ગુજરાતની પ્રજા આટલું મોટું વ્યાજ કરજનું ભરતી હોય ત્યારે આ આવકો કયાં ડ્રેઈન થઈ છે? માનનીય અધ્યક્ષશ્રી, હજી મોટામાં મોટી આવક જો ડ્રેઈન આઉટ થઈ હોય તો કોઈ ખાતાની અંદર તો આ મહેસૂલ ખાતાની અંદર થઈ છે. કોઈ ગરીબ, ખેતમજૂરને જમીનો અપાઈ હોત તો સમજીએ પણ અહીં તો હજારો લાખો વારના હિસાબે જમીનો પાણીના મૂલે આપી દેવામાં આવી છે. ૨૦૦૦ની સાલ પછી એ આપવામાં આવી છે. ભાડા પટ્ટાની જમીનો જો, ગઈ કાલે જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, ગ્રામ પંચાયતની સંમતિ ન હોય તો અમે લઈને ઠરાવ કરીએ છીએ, આ ભાડા પટ્ટાની અંદર ખેતમજૂર અને જમીન વિહોણા ખેડૂતોએ માગણી કરેલી જમીન લૅન્ડ કચેરી ભરાઈ એમને મળી નહીં, પણ એક માગણીદાર, એક ઉદ્યોગને આપવામાં આવે તો સમજીએ પણ સંખ્યાબંધ લોકોને ભાડા પટ્ટાની કિરાનાની અંદર અને જમીનોની દરખાસ્તો એક જ દિવસે ૨૯મી ડિસૅમ્બર, ૨૦૦૩ના રોજ થાય, એક શાહ ઇન્ડસ્ટ્રીઝ કરીને ત્યાં એક ઉદ્યોગ ગૃહ આવેલ, એના માટે ત્યાં જમીનની દરખાસ્ત થઈ એ દિવસે ગ્રામ પંચાયત મામલતદાર કચેરી, ડૅપ્યુટી કલેક્ટર એની પાસે દરખાસ્ત ગઈ ૨૯મી ડિસૅમ્બર, ૨૦૦૩ના દિવસે પહોંચી ગઈ, જેમણે ૯ લાખ મીટરની જમીનની માગણી કરી,

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં માનનીય ધારાસભ્યશ્રી ગોપાલભાઈ ધુઆનો એક ગૌચરની જમીનનો પ્રશ્ન આવેલો ત્યારે અમે કહેલું કે એ વિસ્તારની અંદર આ ગૌચરોની જમીન જે છે એ લોકોએ લેન્ડલેશ લેબર્સ છે એ ખરાબાની જમીન એમને આપવામાં આવતી નથી પણ ઉદ્યોગ ગૃહને આપવા માટે ઉતાવળ થાય છે અને એ પણ પાણીના મૂલે અપાય છે. એ પછી અહીંની રાજ્યકક્ષાની સમિતિ એનો ભાવ ૬૫ રૂપિયાનો ભાવ તો નકકી કર્યો પણ ૨૧૦ એકર જમીન, ૯ લાખ મીટર જમીન કરતાં વધુ જમીનની જેમણે માગણી કરી હતીને પણ એમણે તો માત્ર લીધી ૩ લાખ મીટર જ જમીન લીધી.. વધુ જમીનની માગણી કહી હતી એમણે પછી લીધી માત્ર ૩ લાખ મિટર કેમ કે, પાણીના મૂલે લેવાની વૃત્તિ છે. ત્યારે મારે કહેવું છે કે જમીન માટેની ફાળવણી થાય છે એમાં માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, વિજિલન્સ કમિશનરને તપાસ સોંપે અને નહીં સોંપે તો લોકાયુકતમાં જવું પડશે. આવી જમીનો પાણીના મૂલે આપતા હોય ત્યારે મારે બીજી વાત એ કરવી છે કે, ભૂજની અંદર નવી શરતની જમીન જૂની શરતમાં કરવા માટેનું પ્રિમિયમ નકકી કરવાનું હોય એની ફાઈલ ૬-૬ મહિના સુધી પડી રહે છે અને અંતે એમાં નિર્ણય લીધા વગર પાછી મોકલવામાં આવે છે ત્યારે આજે ત્વરિત નિર્ણય લેવાની સરકારની રીત છે એ રીત રસમનો આ ભાગ છે કે કેમ એ પૂછવા માગું છું, એટલું જ નહીં પણ આ વિભાગને કચ્છ સાથે લાગેવળગે છે ત્યાં સુધી આ ખાતું છે એ કેલેમીટી રીલીફનું ખાતું છે એમાં આપણે આ વખતે ૨૦૦ કરોડ રૂપિયા કરતાં વધુની જોગવાઈ કરી છે.

અબડાસા, લખપત અને એવા બીજા વિસ્તારોમાં અછત જાહેર થઈ છે ત્યારે આ વિસ્તારમાં ઘાસ કેટલું મોકલવામાં આવ્યું? આ વિસ્તારોમાં રોજગારીનાં કેટલાં કામો શરૂ થયાં? આ વિસ્તારનો માસ્ટર પ્લાન કોઈ તૈયાર થયો? આ કામ થયું છે કે કેમ? એનો જવાબ આપવાની જવાબદારી માનનીય મંત્રીશ્રીની છે પણ એનું રિપોર્ટીંગ અધિકારીઓએ કરવાનું છે ત્યારે આપ અધિકારીઓને પૂછજો કે કચ્છમાં અછતગ્રસ્ત જાહેર થયા પછી કોઈ દિવસ મુલાકાત લીધી છે ખરી? કોઈ પ્રજાકીય પ્રતિનિધિને અછતમાં ઘઉં મળ્યા છે કે નહીં એનો જવાબ આપ્યો છે ખરો? ૨૦૦૩માં અછત પૂરી થયા પછી મજૂરોના રોજના ૧૦ રૂપિયા હિસાબે પૈસા કાપી લીધા પણ આજ દિન સુધી એમાંના કેટલાય મજૂરોને ઘઉં મળ્યા નથી એ વાતનું તમારી પાસે એમણે કયારેય રિપોર્ટીંગ કર્યું છે ખરૂં? મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, આ મહેસૂલ ખાતું છે એની લાગણીનો છેદ ઉડી ગયો છે. ટોડલમલના વખતની પ્રજાના સુખે સુખી અને દુ:ખે દુ:ખી થવાની વાત હતી એ વાત ભાજપના રાજમાં કયારનીય વિસરાઈ ગઈ છે. એજ રીતે ભચાઉ શહેરમાં અછતગ્રસ્તોને જમીન ઓછા ભાવે આપવાનું નકકી થયું. આ જમીનો કોને આપી એની નામાવલી આપને રજૂ કરું તો એક નામ છે અરજણભાઈ મેવાભાઈ રબારી કે જેઓ ગોપાલક બોર્ડના પૂર્વ ચેરમેન હતા એમને આપવામાં આવી છે. આવી તમામ બાબતોની વિજિલન્સ પાસે તપાસ કરાવો.

**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

**શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપૂરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ તેમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને હું મારૂં અનુમોદન આપુ છું અને મારા સૂચનો પણ રજૂ કરૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, કમળો હોય એને બધું પીળું દેખાય. એક બાજુ રાજયમાં ઉદ્યોગો ન આવે તો બૂમો પાડવામાં આવે અને એક બાજુ ઉદ્યોગો માટે જમીન આપવામાં આવે તો પણ બૂમો પાડવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ભાજપની સરકાર જયારથી આવી છે ત્યારથી રાજયમાં ખેડૂતો લક્ષી અનેક સુધારા-વધારા કરીને ખૂબ સારાં કામ કર્યા છે. ખેડૂતો તરફી આ સરકારે ૭/૧૨ નો ઉતારો લેવો હોય, ખેડૂત પોથી જોઈતી હોય કે

નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવી હોય એ બધા માટેના અનેક કાર્યક્રમો કર્યા અને એનાથી ખેડૂતોને ફાયદો થયો છે. આ વખતે બિનખેતીની જમીન છે એનું સરલીકરણ થાય એ માટે સરકારે જે પ્રયત્નો કર્યા છે એ ખરેખર આવકારદાયક છે. પહેલા જયારે જમીન બિનખેતી કરવાની હોય ત્યારે ૧૦-૧૨ મહિના જતા હતા. ત્યાર પછી આ સરકારે એવું નકકી કર્યું કે ૯૦ દિવસમાં જમીન બિનખેતી થશે અને હવે તો ૪૫ દિવસમાં બિનખેતી કરવાની વાત આવી છે એ ખરેખર આવકારદાયક છે. પરંતુ આમાં મારું એક સૂચન છે કે બિનખેતી માટે ૧૮ થી ૨૦ જાતની પરવાનગી લેવામાં આવે છે અને એ ક્રિયા કરવામાં હજી બહુ સમય જાય છે અને પિસ્તાલીસ દિવસની આપણે જે વાત કરી છે એ પિસ્તાલીસ દિવસમાં નહિ થાય એટલે ધારોકે વડોદરા શહેરમાં વચ્ચેથી નર્મદાની ના જવાની હોય તો નર્મદાની કોઈ પરવાનગી લેવાની ના હોય એવી રીતે જે પરવાનગીઓ ના લેવાની હોય એ જો આપણે કેન્સલ કરીએ તો એનાથી સરળતા રહેશે,

જિલ્લામાં કલેકટર એક હોય છે, વડોદરા શહેરની વાત કરું તો અમારા શહેરમાં બાર તાલુકા છે, કોઈ ખેડૂત જો બીજા તાલુકામાં જમીન રાખે તો એને મામલતદારનો દાખલો લેવા જવું પડે છે અને એ દાખલો એને વર્ષ વર્ષ સુધી નથી મળતો, જો જિલ્લામાં જ્યારે જમીન રાખે તો કલેકટર જ એનો વહીવટ કરે છે કલેકટરને જમીનની બધી જ ખબર હોય છે, બીજા જિલ્લામાં જો એ જમીન રાખે તો મામલતદારનો તમે દાખલો માગો તો એ બરાબર છે તો આ માલલતદારનો દાખલો લેવાનું રદ કરવું જોઈએ અને જો એક જિલ્લામાં જમીન ખેડૂત રાખે તો ૭/૧૨માં એની એન્ટ્રી પાડવી જોઈએ. જો શહેરમાં ટી.પી. પડી હોય, ટી.પી. મંજૂર થાય અને શહેરમાં જો સીટી સરવે હોય તો આ બેયમાં ખેડૂતો પોતાની એન્ટ્રી દાખલ કરે છે. ૭/૧૨ની જમીનમાં જ્યારે ટી.પી. પડે અને ૩૦ ટકા જમીન જાય ત્યારે ટી.પી. ફાઈનલ થઈને ફાઈનલ પ્લોટ મળી જાય ત્યારે ખેડૂતની રસ્તામાં ૩૦ ટકા જમીન ગઈ હોય છે એ જમીન ખેડૂત બિલ્ડરને વેચે છે એ જમીન વેચવાથી અનેક તકલીફો ઉભી થાય છે, મારામારી થાય છે એટલે જે શહેરમાં ટી.પી. ફાઈનલ થઈ હોય, ફાઈનલ પ્લોટ અપાઈ ગયો હોય એમાં સીટી સરવેનું નામ દાખલ થવું જોઈએ અને ૭/૧૨ માં નામની એન્ટ્રી રદ કરવી જોઈએ.

બીજું વીલથી ખેડૂત બનવાની વાત. આ રાજયમાં વીલથી ખેડૂત બનવાથી રાજયના બહારના લોકો ઘણા ખેડૂત થઈ ગયા છે, રાજયનો કાયદો એવો છે કે જે ખેડૂત હોય એનો દીકરો ખેડૂત થાય તો એનો વાંધો નથી પરંતુ અમારા વડોદરા જિલ્લાની વાત કરું તો એમાં અઢાર હજાર જેટલા એવી રીતે ખેડૂત બન્યા છે. ૧૯૯૨માં એક જી.આર. બહાર પાડ્યો અને એમાં ચોખ્ખું કહેલ છે કે વીલથી ખેડૂત બની ના શકાય. મારી પાસે એક કેસ એવો આવેલો કે એક હરિજન હતો એની જમીનમાં આઠ જણા વીલથી ખેડૂત થઈ ગયેલા, જે પોતાના મા-બાપની સેવા ન કરતા હોય અને એ વીલમાં હરિજનની સેવા આપી હોય અને એમ કહે કે એના મરતાં સુધી સેવા કરી છે અને એ ખેડૂત બની ગયા. પોતાના બ્લેકના પૈસા વ્હાઈટ કરવા માટે આ લોકો ખેડૂત બને છે એની તપાસ કરવી જોઈએ એવા જે ખેડૂતો હોય તો એને રદ કરવા જોઈએ.

બાનાખતની વાત કરું તો ખેડૂતોની કરોડો રૂપિયાની જમીનોના પંદરથી વીસ હજારમાં બાનાખત કરી આપવામાં આવે છે અને પછી એને કોર્ટમાં લઈ જઈને વીસ વીસ વર્ષ, પચીસ પચીસ વર્ષ સુધી કોર્ટમાં કેસ ચાલે છે અને ખેડૂત મરી જાય અને એ જમીન બિલ્ડર એ રીતે પડાવી લે છે, તો બાનાખત છ મહિનામાં જ રદ થઈ જાય, કોઈપણ બાનાખત હોય એમાં ગમે તેવું લખાણ હોય ખેડૂતોની જમીન લે એનું છ મહિનામાં બાનાખત રદ થવું જોઈએ તો જ ખેડૂતોની જમીન બચશે છેલ્લી વાત એ કહું કે આ રાજયમાં જે જમીનો છે ખેતીની આખા દેશની અને રાજયની એ ઓછી થતી જાય છે એમાં નહેરના કામો ચાલતા હોય કે અન્ય કામો તો આનાથી જમીન ઓછી થઈ છે સરકારે ગૌચર જમીન માટે કમિટિ બનાવી છે

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રી એમની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારાં સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય મંત્રીશ્રીનું મારે સૂચનોના રૂપે થોડાક મુદ્દા તરફ ધ્યાન દોરવું છે. વર્ષો પહેલાંની વીજલાઈન જે ઉભી થઈ છે એની વારંવાર રજૂઆત કરવા છતાંય અને વારંવાર વીજલાઈન તૂટી જવા છતાં તેમજ અનેક બનાવો અકસ્માતના બનતા હોવા છતાં આ વીજલાઈનના તાર બદલવામાં આવતા નથી, એ જૂના વીજલાઈનના તાર તાત્કાલિક બદલાય એવી જોગવાઈ કરવી જોઈએ. જે ઘર ઉપર ચાલુ મિટર હોય, બિલકુલ કોઈ કમ્પલેઈન ન હોય કોઈ ફરિયાદ ના હોય છતાંય ગુજરાત વિદ્યુત બોર્ડ મિટર ઉતારી દે છે અને લેબમાં લઈ જઈને એના પર મોટા દંડ ફટકારવામાં આવે છે. ત્યારે એવી જગ્યાએ મીટરમાં ખામીયુકત મીટરો હોય એવી મીટરો ચકાસી અને આ લેબમાં લઈ જઈને દંડ આપતાં હોય તો વાજબી દંડ અને વાજબી વાત.

જનરલ કેટેગરીમાં ખેતીવાડી વીજ જોડાણમાં જે ૨ લાખ ૭૫ હજાર ૪૮૦ અરજીઓ જે ૧૯૯૦થી અત્યાર સુધીના વીજ જોડાણ માટેની પેન્ડીંગ પડી છે તે ખૂબ અસમાનતા છે. હિંમતનગર, ગોધરા, વલસાડ, સુરત ડિવિઝનની અંદર ૧૯૯૧ સુધીના વીજ જોડાણ અપાઈ ગયા છે. ભરૂચ ડિવિઝનની અંદર ૧૯૯૨ સુધીના

વીજ જોડાણો અપાઈ ગયા છે. વડોદરાની અંદર ૧૯૯૪ સુધીના વીજ જોડાણો અપાઈ ગયા છે. સૌરાષ્ટ્રની અંદર ૧૯૯૦ના આજે વીજ જોડાણ અપાઈ રહ્યાં છે. મારી એક વિનંતી મંત્રીશ્રીને છે કે ગુજરાત રાજયની અંદર જો વીજ બોર્ડના કાયદા, નિયમો સરખાં હોય તો તમામ જગ્યાએ એક સરખા વીજ જોડાણ આપવાં જોઈએ.

બીજી વાત મારી તત્કાલ વીજ જોડાણ માટેની જેમની ખાસ કરીને પાંચ ઝોનની અંદર કુલ અરજીઓ ૬૪૫૧૪ અરજીઓ આવેલી છે. એક અરજી દીઠ ૫૦૦ રૂપિયા નોંધણી માટેના પૈસા લેવામાં આવે છે. અત્યાર સુધીમાં જે સ્વિચ ઓવરના કામ છે એવાના ભાવપત્રકો અપાયા છે બાકીના એક પણના ભાવ પત્રકો આજે સાતમા મહિનામાં એક વર્ષ પૂરું થવા આવશે છતાં પણ તત્કાલ વીજ જોડાણ માટેની યોજના જે સમયસર મળવી જોઈએ ખેડૂતોને તેનો લાભ મળી શકતો નથી તેને કારણે ખેતીવાડીની અંદર જો વીજ ચોરીના કારણો કોઈ હોય, કોઈ ખેડૂત બોર કરે કૂવાની અંદર પાણી મળે અને સમયસર વીજ જોડાણ નહીં મળવાને કારણે જ ખેડૂત છે તે વીજ ચોરી કરવા માટે પ્રેરાય છે. ખેતીવાડી વીજ જોડાણની અંદર ખેતીવાડી વીજ જોડાણમાં ખાસ કરીને જે પ્રતિ હોર્સ પાવર દીઠ જેમાં ખેતીવાડીનો શુલ્ક વસૂલ કરવામાં આવે છે તેમાં ૧-૭-૨૦૦૪થી લગભગ ૪૦ થી ૫૦ ટકા જેવો જે વીજ વધારો કરવામાં આવ્યો છે, તેમાં રહેમ દ્રષ્ટિ રાખીને ખેડૂતોને પણ રાહત મળે એવી યોજના કરવી જોઈએ.

બીજું મારું સૂચન એ છે કે, જ્યોતિ ગ્રામ યોજનાની અંદર જે ગામડાંઓને સાંકળી લેવામાં આવ્યા હોય અને ખેતીવાડી વિસ્તારમાં કોઈ પરાં આવેલા હોય અને ગામની અંદર બાજુમાં કોઈ પાણી પુરવઠાની યોજના આવેલી હોય તો પાણી પુરવઠાની યોજનાનો પણ આ તત્કાલ જ્યોતિ ગ્રામ યોજના સાથે લઈને તેનો સીધો લાભ મળે તો તેને ૨૪ કલાક પાવર મળે અને ગામને પીવાનું પાણી મળી શકે.

છેલ્લે હું મારા વિસ્તારની વાત કરી લઉં, દશમી પંચવર્ષીય યોજનામાં મારા વિસ્તારમાં ગોંડલ તાલુકાનું મોટા દડવા ગામ છે તેની અંદર ૬૬ કે.વી.સબ સ્ટેશન મંજૂર થયેલું છે. આજુબાજુમાં ખૂબ લાંબી વીજ લાઈનો છે અને આ ૬૬ કે.વી.સબ સ્ટેશન ઉભું કરવા માટે વારંવાર રજૂઆત થઈ છે એવો બીજો પ્રશ્ન ભીડલી વિસ્તાર જે મારા જસદણ તાલુકામાં આવેલું છે તેની અંદર લગભગ ૧૫-૧૫, ૧૭-૧૭ કિલોમીટર સુધીની વીજ લાઈન ખેંચાયેલી છે જેને કારણે વારંવાર ફોલ્ટ ઉભા થવાના ભય રહે છે અને વારંવાર ફોલ્ટમાં વીજ લાઈનો જાય છે ત્યારે આ ભડલી અને મોટા દડવા વિસ્તારની અંદર દશમી પંચવર્ષીય યોજનામાં ૬૬ કે.વી.નો સમાવેશ થયેલો હોય તો ભલે અને ના થયો હોય તો તેનો સમાવેશ કરીને વહેલી તકે આ જગ્યાએ ૬૬ કે.વી.સબ સ્ટેશનો ઊભા થાય એવી મારી વિનંતી છે.

બીજુ મારું સૂચન એ છે કે, પહેલાં મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર એક વાત તે મૂકવી છે જે વીજ બિલ કલેકશન એજન્સીઓ હતી તે અત્યાર સુધી એક બિલ દીઠ ૨ રૂપિયાનું કમિશન તેને આપવામાં આવતું. મને ખબર નહીં કે માનનીય મંત્રીશ્રીને આટલુ બધુ તેમના કાર્યકરો ઉપર કેમ હેત ઉભરાય ગયુ તેને ૨૫૦ ગણો જેટલો વધારો કરી એક વીજ બિલ દીઠ ૨ રૂપિયાના બદલે ૫ રૂપિયા તેનું કમિશન કરી આપ્યું. રાજકોટ સર્કલની અંદર જેટલી જેટલી બિલ કલેકશન એજન્સીઓ આપવામાં આવી છે અને મારે નામ સાથે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે તમામ મોટાભાગના ૯૦ ટકા ભારતીય જનતા પક્ષના કાર્યકરોને જ આપવામાં આવી છે. બાકીના બધાને જે એજન્સીઓ માગવામાં આવી હતી તે પછી એનજીઓ હોય કે કોઈ પણ હોય તમામની નામંજૂર કરવામાં આવી છે.

મહેસૂલ વિભાગમાં પણ મારે થોડાં સૂચનો કરવા છે. કલેકટર કચેરી, મામલતદાર કચેરી અને રેવન્યુ વિભાગની તમામ ઓફિસો ઉપર નાગરિક અધિકાર પત્ર લટકાવવામાં આવે છે હું શબ્દ એવો નહીં વાપરું પણ જેને કહીએ કે તે "શોભાના ગાંઠિયા જેવું છે" જ્યાં કોઈ પણ એક પણ નાગરિક અધિકાર પત્રની અંદર લખાયેલી સૂચનાઓનો પણ આ રેવન્યુ વિભાગની કચેરીઓમાં તેનો અમલ થતો નથી. હું અને અમારા માનનીય મંત્રીશ્રીઓ અને અમારા સદસ્યો વાત ગમે તે કરતા હોય વાસ્તવિક સ્થિતિ એ છે કે, નાગરિક અધિકાર પત્રનો એક પણ જગ્યાએ તેને તમામ પ્રકારની અરજીઓની અંદર તમામ સુવિધાઓ આપવા છતાં તેનો કોઈ અમલ થતો નથી ત્યારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે જે જગ્યાએ આ નાગરિક અધિકાર પત્ર લટકાવવામાં આવેલા છે તેની અંદરની જોગવાઈઓનો કડકપણે અમલ થાય તેવી તમારે સૂચના જે તે અધિકારીઓને આપવી જોઈએ.

નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા માટેની ઘણીબધી વાતો કરવામાં આવી છે. એમાં મારો જાત અનુભવ છે કે જે તલાટી-મંત્રી હોય છે એની પાસે જયારે કોઈ અરજદાર આના માટે જાય ત્યારે એ અરજી આપ્યા પછી એની ઉપર કોઈ વજન મૂકવામાં આવે તો જ એની અરજી મામલતદાર કચેરીમાં જાય છે અને જયાં સુધી વજન મૂકવામાં ન આવે ત્યાં સુધી સામેથી અરજી લેવા એ જતા નથી.(અંતરાય)આ જૂની વાત નહીં, આજની તારીખે નામજોગ કહેવા માટેનો પણ મારી પાસે આધાર છે અને એ લઈને હું આવ્યો છું અને એ આપવાની પણ મારી તૈયારી છે. આજની તારીખે પણ એ નામજોગ કહેવા માગું છું કે જો આ રીતે વજન

મૂકવામાં ન આવે તો એમ કહેવામાં આવે કે' છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ પાક ઉગાડયો નથી , ખેતી કરવામાં આવી નથી' એવી રીતે એક લીટી લખી નાંખવામાં આવે એટલે કોઈપણ જગ્યાએ એ રજૂઆત ના કરી શકે. તો આ રીતે નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા માટે આ રીતે મારી પાસે આવો નામજોગ આધાર કહેવા માટેનો છે એ આપવાની મારી તૈયારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટૂકડાધારાની વાત કરી છે એનો પણ તાત્કાલિક અમલ થવો જોઈએ કારણ કે વસતિ વધારાના કારણે ભાઈએ ભાગ પડતા જાય છે અને એની અમલવારી ન થવાને કારણે ઘણો પ્રશ્નો ઉભા થાય છે. મામલતદાર કચેરીમાં એની એન્ટ્રી પડતી નથી અને પ્રાંત અધિકારી સુધી અપીલમાં જવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારું બીજું સૂચન એ છે કે...(અંતરાય)

**શ્રી કનુભાઇ મે. ભલાળા (વિસાવદર)** : માનનીય ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ મંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી પોત પોતાના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં સૂર પૂરાવવા અને મારાં મંતવ્યો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧૯ હજાર જેટલાં ગામડાંમાં તેમજ ખેતીવાડીમાં અને અન્ય તમામ પ્રકારના ગ્રાહકોમાં આજે વીજ રેસાઓ અને થાંભલાઓ મારફતે આપણે વીજળી આપી રહયા છે ત્યારે આ વીજળી એ એક એવી વસ્તુ છે કે એનો આપણે સ્ટોક કરી શકતા નથી કે એને પેક કરીને આપી શકતા નથી ત્યારે અગાઉ ચોરીનું પ્રમાણ ઘણું બધું વધારે હતું તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એમાં પહેલી કરીને ચોરીને ડામવા માટેનાં કડકમાં કડક પગલાં લીધાં છે. એમાં શરૂઆતમાં તો અમને પણ એમ લાગતું હતું કે આ બરાબર નથી, પરંતુ હવે અનુભવે અમે સમજયા છીએ કે આ ચોરી ડામવાની જરૂર હતી, નહીંતર આ વીજ વિભાગને તાળાં લગાવીને બંધ કરવો પડયો હોત. તો એના માટે હું આ વિભાગને અને મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આ વીજ વિભાગને આ સરકારે એમાંથી બચાવી લીધો છે.

બીજી એક વાત એ છે કે વીજ વપરાશ વધતાં જે પાવર વધારવો જોઈએ તેના માટે પણ આ સરકારે ઘ ણાં બધાં યુનિટો ગુજરાતમાં અને ગુજરાત બહાર પણ વીજ ઉત્પાદન માટે ચાલુ કરવા માટેનાં પગલાં લીધાં છે.

જયોતિગ્રામ યોજનાની વાત કરું તો ગામડાંમાં રહેતા ખેડૂતો અને ગ્રામ્ય યુવાનો કે જે ભણેલા ગણેલા છે એને કોઈ નાનો મોટો ઉદ્યોગ કરવો હોય, હીરાની ઘંટી માટે કાંઈ કરવાનું હોય તો એ શહેરો તરફ દોટ મૂકતો હતો અને જે ધંધો ગામડામાં ૨ લાખ કે ૫ લાખ રૂપિયામાં શરૂ થઈ શકે એના માટે એને શહેરમાં ૮ કે ૧૦ લાખ રૂપિયાનું રોકાણ કરવું પડતું હતું. તો આવી જે ગામડાની પ્રતિભાઓ છે, જે ભણેલા ગણેલા યુવાનો છે એ લોકો આ જયોતિગ્રામ યોજના થવાની ૨૪ કલાક વીજળી મળવાથી આવા ઉદ્યોગ ગામડામાં ઓછા મૂડીરોકાણથી શરૂ કરી શકે છે અને એના માટે હવે એને શહેરમાં જવાની જરૂર રહેતી નથી. એના માટે હું આ સરકારની આ કામગીરીને બિરદાવું છું.

જયોતિગ્રામ યોજના અંતર્ગત હું બે સૂચનો પણ કરવા માગું છું કે એમાં આપણે લગભગ ૭૦૦૦ જેટલાં ગામડાં આવરી લીધાં છે અને એમાં ૫ થી ૧૦ ટકા લોકો બાકાત રહી જાય છે એમાં સીમ શાળાઓ છે, આશ્રમો છે, જે પછાત ઝૂંપડપટ્ટીનો વિસ્તાર કે જે ગામડાથી થોડક દૂર હોય છે એવા ૫ થી ૧૦ ટકા લોકો આ લાભથી બાકાત રહી જાય છે તો તેમને પણ આમાં જોડી દેવા જોઈએ. હવે જે કાંઈ ગામડાં બાકી રહયાં છે એમને જયોતિગ્રામ યોજનામાં જોડતાં પહેલાં આ જે ૫-૧૦ ટકા લોકો બાકાત રહી જાય છે તેમને લાભ આપીને પછી જ આ બાકીનાં ગામોને જયોતિગ્રામ યોજનાનો લાભ આપવા માટે આગળ વધવું જોઈએ. અત્યારે અમે ગામમાં જઈએ તો આવા જે લોકો આ લાભથી વંચિત રહી ગયેલા લોકો છે એ અમને ગામમાં પેસવા દેતા નથી. ૨૦-૨૦ વર્ષથી કે વર્ષો જૂના આશ્રમો સ્થપાયેલા હોય એ પણ આમાંથી બાકાત રહી જાય છે, મારા વિસ્તારમાં આવા બે આશ્રમો બાકી રહી ગયા છે. ત્યાં ફકત ૮ કલાક જ વીજળી મળે તો બાકીનો રાત્રીનો સમય એમને કેવી રીતે કાઢવો. તો આવા જે લોકો અને સંસ્થા કે આશ્રમો રહી જાય છે એમને પણ આમાં આવરી લેવા જોઈએ. એમાં થોડું મોડું થાય તો વાંધો નથી, પરંતુ ૧૦ વર્ષમાં આવો વિચાર આવ્યો નહોતો એ વિચાર અત્યારે આવ્યો છે તો મેં વાત કરી એ પ્રમાણે એ લોકો રહી ના જાય એ પણ જોવું જોઈએ.

બીજી વાત કરું તો વીજ બોર્ડે સુધારાનાં પગલાં પણ ઘણાં લીધા છે. આખા ભારતમાં કોઈએ ન લીધાં હોય તેવા પગલાં લઈને આ વીજ બોર્ડને સાત કંપનીઓમાં વિભાજીત કરવામાં આવી છે અને ઘણાં બધાં સુધારા પણ કર્યા છે. અને તેને કારણે તત્કાલિક જે રાહત અને લાભ થવાના હોય તે તમામ લોકોને મળી રહે. એટલા માટે આ જે સાત કંપનીઓમાં વીજ બોર્ડનું વિભાજન કરવામાં આવ્યું છે તેને આવકારું છું. બીજી વાત કરું તો આઠ કલાક ખેડૂતોને વીજળી આપવાની વાત છે તેની અંદર પણ આપણે સુધારો લાવવાની જરૂર છે. ચોમાસુ પાક છે એમાં જયારે જયારે વરસાદ ખેંચાતો હોય ત્યારે મગફળી, કપાસ, તલ અને બાજરી જેવા પાકો છે તેને તાત્કાલિક પાણીની જરૂરિયાત ઉભી થતી હોય છે. એટલે આપણે જો આઠ કલાક વીજળી આપવાને વળગી રહીશું તો જયારે આટલા બધા સુધારા આપણે કર્યા છે ત્યારે સમયની માગ પ્રમાણે આમાં પણ સુધારો કરી અને

જયારે વરસાદ ખેંચાય ત્યારે વિભાગ અને મંત્રીશ્રીએ તાલુકા વિસ્તારમાં લાયઝનમાં રહી અને તત્કાલ પાકની જરૂરિયાત હોય તો તેને આઠ કલાકને બદલે ૨૪ કલાક વીજળી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. આમાં જરૂર હોય તો ખેતીવાડી ખાતાને પણ સાથે રાખીને જો ખેતીવાડી ખાતું કહે કે ૨૪ કલાક પાણી મોડું મળશે તો આટલું ઉત્પાદન ઓછું મળશે, ૪૮ કલાક મોડું મળશે તો આટલું ઉત્પાદન ઓછું થશે, તો એ ખેતીવાડી ખાતાને સાથે રાખીને વીજ મંત્રીશ્રી અને જી.ઈ.બી.એ વ્યવસ્થા ગોઠવવી જોઈએ. અને ૨૪ કલાક વીજળી આપી અને આ ઉભો પાક છે તેને બચાવવો જોઈએ. નહીંતર આવા વખતે એ પાકમાં ત્રીસ, ચાલીસ કે પચાસ ટકા જેટલું નુકસાન થાય છે. જયારે ચોમાસામાં વરસાદ વરસતો હોય અને પંદર વીસ કલાકની હેલી હોય ત્યારે ખેડૂત આઠ કલાક પણ વીજળી વાપરતા નથી. એટલે ખેડૂતોના નામે બચત થાય છે તેમાં તાત્કાલિક સુધારો કરી અને જયારે વરસાદ ખેંચાયો હોય ત્યારે ૨૪ કલાક વીજળીની વ્યવસ્થા કરવી જોઈએ. જો આ સુધારો કરવામાં ન આવે તો ખેતીવાડીને આર્થિક નુકસાન થાય છે. અને એમાં જી.ઈ.બી.નો મોટો હિસ્સો હોય છે. ચોમાસુ પાક અને બધું ધ્યાનમાં લેવું જોઈએ, કૂવામાં પાણી હોય, નદીમાં પણ પાણી હોય, ચોમાસુ સારું હોય ત્યારે પણ આઠ કે દસ દિવસે પાણીની તો જરૂર પડતી જ હોય છે એટલે કૂવામાં પાણી હોય તો પણ વીજળી ન મળે તો પાકને પાણી આપી શકાતું નથી. એવા સમયે આઠ કલાકનૈ વળગી ન રહેતાં આ સુધારો કરવો જોઈએ એવું મારું સૂચન છે.

બીજી વાત મારી એ છે કે તત્કાળ વીજ જોડાણની ઘણી માગણીઓ આવે છે. પ્રાયોરિટી મુજબની પણ માગણીઓ છે તે અમારા વિસ્તારમાં ૯૦-૯૧ અને ૯૨ના સમયની બાકી છે. એટલે પાવર જયારે આપણે આઠ કલાક કર્યો છે ત્યારે આવા લોકોને તાત્કાલિક વીજ જોડાણ મળે અને તત્કાળ વાળા જે બાકી છે તેને પહેલા આપી દેવા જોઈએ, પછી જયોતિ ગ્રામ યોજના આગળ વધારવી જોઈએ. બીજી વાત મારી એ છે કે ખેડૂતોને ચોર ગણવામાં આવે છે. આખી ફોજ ઉતારી અને ચોર ગણવામાં આવે છે. દસ વર્ષથી તત્કાળ કનેકશન આપણે આપી શકીએ નહીં તેથી તેમણે થાંભલેથી લાઈન લઈ ને ખેતી કરવી પડે છે તેથી તેને ચોર નહીં પણ તેને મજબૂર ગણવા જોઈએ. માત્ર ખેતીવાડી ઉપર આધારિત જીવન જીવતા હોય તે ચોરી ન કરે તો બીજું શું કરે? એટલે તેમને મજબૂર ગણવા જોઈએ. એટલે એવો સુધારો લાવી અને જેને વીજ કનેકશન તત્કાળમાં આપવાના બાકી છે તેને આપવા જોઈએ. જેના ઉપર સીત્તેરથી એંશી ટકા લોકો નભે છે, આપણે સીત્તેર થી એંશી ટકા ખેતી અને વીજ આધરિત છીએ, તેથી તેના ઉપર ધ્યાન આપવું જોઈએ. આ સીત્તેર થી એંશી ટકાના ઉત્પાદન આધારિત જ આ આખું રોટેશન ચાલે છે, માત્ર કોઈ બીજાના આધારે નથી ચાલતું આટલા મારા સૂચનો ધ્યાન ઉપર લેવામાં આવે તેવી મારી વિનંતી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, બે ત્રણ મિનિટ આપો, વધારે નહીં બોલીએ, જરૂર પડે તો થોડો સમય લંબાવજો.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, થોડો ટાઈમ એકસ્ટેન્ડ કરીએ, સભ્યોને બોલવું છે તેને બોલવા દો.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારાં મંતવ્યો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

આ સરકારે જયોતિગ્રામ યોજના માટે મોટી મોટી જાહેરાતો કરી છે. પરંતુ અમારા આદિવાસી વિસ્તારમાં એનો બિલકુલ લાભ મળતો નથી. આદિવાસીઓના ઘર છૂટાછવાયા આવેલા છે. તેથી આ જયોતિગ્રામ યોજનાનો જે લાભ આદિવાસીભાઈઓને મળવો જોઈએ એ મળતો નથી. તેના લીધે આદિવાસીઓના બાળકો વીજળીના અભાવે ભણી શકતા નથી.

બીજું અમારા આદિવાસી વિસ્તારની અંદર સબ સ્ટેશનો જે વધારવાં જોઈએ એ વધારતા ન હોવાને લીધે ડીમ લાઈટ આવે છે તેથી ખૂબ જ તકલીફ પડે છે. તેથી સબ સ્ટેશનો નવા નખાવા જોઈએ અને પૂરા વૉલ્ટેજથી પાવર મળવો જોઈએ. સરકારે વીજ કર ઘટાડ્યો છે પરંતુ એમાં જે આદિવાસીઓના ઘરે વીજળીકરણ થાય છે એમાં કોઈ ઘટાડો કરવામાં આવેલ ન હોવાથી આદિવાસીભાઈઓને વીજળી બિલ ભરતા કમ્મર તૂટી જાય છે.

અમારે ત્યાં ખેડૂતોને થ્રી ફેઈઝ વીજળી આપવામાં આવે છે. દક્ષિણ ગુજરાત જંગલનો વિસ્તાર છે. અહીંયા અમારો મુખ્ય પાક શેરડી છે. થ્રી ફેઈઝ લાઈટ રાત્રે જ આપવામાં આવે છે. અમારા ખેડૂતો જંગલ વિસ્તાર હોવાને કારણે શેરડીના પાકને રાત્રે પાણી પાવા જાય તો જાનવરોનો ભય રહે છે તેથી એ શેરડીના પાકને પાણી પીવડાવી શકતા નથી. તેના લીધે પાક સુકાઈ જાય છે અને ખેડૂતો પાયમાલ થાય છે.

મોટા ભાગના ડૅમો આદિવાસી વિસ્તારની અંદર આવેલા છે. તેથી જે આદિવાસીભાઈઓ વિસ્થાપિત થયેલા છે એમને જમીન આપવામાં આવેલ હોય એ જમીનના કોમ્પ્યુટરાઈઝ હક્કપત્રકો મળેલ નથી. તો એ તાત્કાલિક મળે એ જરૂરી છે.

મારા વિસ્તારમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગો આવેલા છે. ત્યાં સમયસર વીજળી ન મળતી હોવાને લીધે આ ઉદ્યોગો બાજુમાં દમણ, સેલવાસમાં જવા લાગ્યા છે. મારા વિસ્તારમાં આજે ઉદ્યોગો પડી ભાંગ્યા છે. કારણ કે વીજળી પણ મોંઘી આપવામાં આવે છે. મારા વિસ્તારની આજુબાજુ ઇન્ડિયન ટેરીટરી છે ત્યાં ઉદ્યોગો જવા લાગ્યા છે. તેથી હજારો આદિવાસીભાઈઓ બેકાર બન્યા છે.

મારા વિસ્તારમાં આદિવાસીઓને મોટા મોટા વીજળી બિલ આપવામાં આવે છે. ઉંમરગામમાં મગનભાઈ કોળી પટેલ છે એને ૧૫ હજારનું બિલ આપવામાં આવ્યું એ જોઈને એને એટૅક આવી ગયો અને એ ભાઈ મૃત્યુ પામ્યા. ઉદ્યોગો ઉપર વારંવાર વીજ કાપ મૂકવાથી એની અસરના રૂપે ઘણા બધા ઉદ્યોગો આજે બંધ પડી ગયા છે.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવા માટે ઊભો થયો છું.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ રાજયની ધૂરા સંભાળી ત્યારે એમને મુખ્ય ત્રણ પ્રશ્નોનો સામનો કરવાનો હતો. એક સવારે પ્રાર્થના સમયે ઊઠીએ અને વીજળી જાય એના નિસાસા મળતા હતા. સાંજે વાળુ સમયે વીજળી જાય અને નિસાસા મળતા હતા. મને આજે આનંદ થાય છે કે એમાં સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરીને ગામડાંના લોકોનું આ જે કષ્ટ હતું એનું નિવારણ કર્યુ છે.

બીજો પ્રશ્ન પીવાના પાણીનો હતો. પીવાના પાણીમાં મોટા પ્રમાણમાં ક્ષાર આવતો હતો. એમાં આ રાજય સરકાર ૧૦૦ ટકા સિદ્ધિ તરફ પ્રગતિ કરી રહી છે.

ત્રીજો અગત્યનો પ્રશ્ન છે કે પાઈપ લાઈન દ્વારા ઘેર ઘેર સસ્તો ગેસ આપવાનો છે. અમે પણ વચન આપ્યું હતું. થોડા સમયમાં આ બજૅટ નક્કી કરીને એમાં પણ આગળ વધશે.

માનનીય ઊર્જા મંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું કારણ કે મારા વિસ્તારમાં બે ૬૬ કે.વી.ના સબ સ્ટેશનો સ્થાપ્યા છે. તેના લીધે લોકોને પૂરા વૉલ્ટેજથી વીજળી મળે છે. ધણપ અને જખવાડામાં ૬૬ કે.વી. ના સબ સ્ટેશનો ઊભા કર્યા છે તે ખૂબ સારી વાત છે.

ખાસ કરીને ખેડૂતોને વીજળીની બહુ તકલીફ પડે છે. અમારા વિસ્તારમાં ચાર માસ જ ખેતી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, કપાસ જેવો પાક કદાચ આઠેક માસ સુધી ટકતો હશે બાકી ત્રણ કે ચાર માસ પાક થાય તેમાં બે માસ વીજળી જોઈએ. તેમને ૧૨ મહિનાનું બિલ મળે છે. ખેડૂતોને સતત ચોર ગણીને તેમને વીજચોરીના ખોટા બિલો આપે છે. મારા વિસ્તારમાં ફરિયાદ પણ કરી છે અને એવા અધિકારીઓ ઉપર પગલાં ભરવાં જોઈએ એવું મારું સૂચન છે. આપણે ૧૨ મહિનાના બિલો આપીએ છીએ. ખરેખર ખેડૂતો બે-ત્રણ મહિના વીજળી વાપરતા હોય છે. ઑક્ટોબર, નવૅમ્બર અને ડિસૅમ્બર આ ત્રણ માસ વીજળી પૂરી પાડવા માટે માનનીય ઉર્જા મંત્રીશ્રીએ નવી યોજનાઓ દાખલ કરી છે. એ ખૂબ આનંદની વાત છે. દરેક ટયૂબવેલ ઉપર પણ ૨૪ કલાક લાઈટ રહે તેની પણ વ્યવસ્થા કરી છે.

ઉદ્યોગોમાં ફરીથી રાહત યોજના, સમાધાન યોજના શરૂ કરી છે એ જ રીતે ગામડામાં ખેતી માટે, વીજળી માટે કેટલીક સમાધાન યોજના શરૂ કરી છે એ આવકારદાયક છે. કચ્છ ભૂકંપના નિર્માણ કાર્યો માટે ૮૦૬૨ લાખ જેટલા રૂપિયા ૨૦૦૪-૦૫ની સાલ માટે ફાળવ્યા હતા. તેમાં ૨૦૦૪ સુધીમાં તો ૪૦૬૨ લાખ રૂપિયા તો વાપરી પણ લીધા છે અને ૧૮૦૦ ઉપર ૨૦૦૫માં પૂરું કરવામાં આવશે. વિવિધ યોજનાઓના અમલીકરણ માટે ૮૧૦ લાખ ફાળવણી કરી હતી, દા.ત. જૈવિક ઉર્જા, પવન ઉર્જા, સૌર ઉર્જા, ઉર્જા બચત, લોકસંપર્ક આ બધા માટે, તાલીમ સંશોધન કેન્દ્ર માટે ફાળવ્યા છે. ગોબર બેંક પ્રોજૅકટ સામૂહિક બાયોગેસ પ્લાન્ટ આ બધાંમાં ખૂબ આવકારદાયક પગલાં ભર્યા છે. એ ગુજરાતની પ્રજા માટે આનંદની વાત છે. એ સિવાય તેમાં વીજ નિર્માણ પંચે નક્કી કરેલ દર કરતા ઓછા દરે વીજળી આપવાની સબસિડી નક્કી કરી છે. એ પણ ખૂબ આવકારદાયક છે. તો એટલી મારી લાગણી રજૂ કરું છું. ખાસ કરીને ખેડૂતોની જે વાત છે તેમાં થોડું વધારે ધ્યાન આપીને ખેડૂતોને પૂરતી અને સસ્તી વીજળી મળે, જેથી કરીને ચોરી ન કરે. વીજચોરીના ખોટા બિલો આપવામાં આવે છે તેવા અધિકારીઓ ઉપર તપાસ કરીને પગલાં ભરવામાં આવે તેવી વિનંતી સાથે વિરમું છું, આભાર.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઉર્જા અને પેટ્રોકેમિકલ અને મહેસૂલ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા સૂચનો રજૂ કરું છું. સામી પાટલીએ બેઠેલાં મારા મિત્રો અને ગેલેરીમાં બેઠેલાં મારા સચિવશ્રીઓ અને અધિકારીઓ,..

**અધ્યક્ષશ્રી** : ગેલેરીમાં કોઈને ઉદ્દેશીને ન બોલાય.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : હા,જી ભૂલ. માનનીય અધ્યક્ષશ્રી, સામી પાટલીએ બેઠેલા છે, તેમના પર કળજુગનો પ્રભાવ આવી રહ્યો છે. આ કળજુગના પ્રભાવમાં સામાન્ય માણસની વાત સંભળાતી નથી. જો ધારાસભ્યોની વાત ન સંભળાય, તો સામાન્ય માણસની વાત કયાં સંભળાય? એક ગામમાં સ્કૂલનું મકાન બાંધવા માટે જમીનની મંજૂરી આપવામાં ત્રણ વર્ષથી કવેરી કાઢ્યા કરે છે. એક સામટી કવેરી કાઢે તે બરાબર, ત્રણ વર્ષથી, આપને ખબર છે. બે વખત ફોન કર્યો પણ નથી થયું. આ જનહિતનું કામ જો આ લોકો નહીં કરે તો ફરી તેમને આ બાજુ બેસવાનો વખત આવશે અને તેમને અધિકારીઓ જ લાવશે. આ એ જ કળિયુગ આવ્યો છે. તમે પણ સમજતા નથી, તમને કુદરત માફ. નહીં કરે. તમે પણ સાંભળો, સાચી વાત કરું છું. મારા દિલની વાત કરું છું. જે અધિકારી ખોટું કરશે તેને કુદરત માફ નહીં કરે. અમારા પદાધિકારીઓ ખોટું કરશે તો કુદરત માફ નહીં કરે. એ લોકો એટલું બધું ખોટું કરી રહ્યા છે તેનો બદલો પ્રજા આપશે.

અધિકારીઓને પણ કુદરત આપશે. આઈ.એ.એસ. અધિકારીઓને પણ કેટલું મોટું પદ આપ્યું છે એનો સદુપયોગ કરવો જોઈએ એના બદલે એ દુરુપયોગ કરે છે એ નહીં કરવું જોઈએ. મને કુદરતે આપ્યું છે. આજે હું ચોથી ટર્મ ચૂંટાયો છું. ઓછા ખર્ચે જીત્યો છું. કારણ કે હું નીતિમાં રહું છું. સામી પાટલીએ બેઠેલા પદાધિકારીઓ અને અધિકારીઓ છે એમને કુદરત માફ નહીં કરે. લોકોના કામ કરવાં જોઈએ. આ લોકોના કામ કરવા માટે તો એમને ચૂંટયા છે. લોકોના કામ બરાબર નહીં કરો તો કુદરત માફ નહીં કરે.

મહેસૂલ વિભાગમાં જમીનની બાબત આવે છે. જમીનને લગતા ઘણા બધા પ્રશ્નો છે. નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવામાં આવે છે. આ જૂની શરતમાં જમીન થતાં લોકો વેચી ખાય છે. નવી શરત સારી હતી એટલે લોકો જમીન વેચી શકતા ન હતા. જૂની શરતમાં જમીન થતાં લોકો વેચી ખાય છે. ઘણા લોકોને હજુ વારસાઈ નથી થયા. એ વારસાઈ પણ જલદીથી થાય એ કરાવવું જોઈએ. અમારી સરકારમાં, કોંગ્રેસના વખતમાં તો લોકોના ગમે તેવા કામ થઈ જતા હતા. એ વખતે એવા અધિકારીઓ હતા અને પદાધિકારીઓ હતા એ આ બધા કામ કરી દેતા હતા. આજે તો અમારા કોઈ કાગળનો જવાબ નથી આપતા. કાગળ લખી લખીને થાકી જવાય છે પણ કાગળનો જવાબ નથી મળતો. એ મળે તો સારું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરભભાઈ સાહેબ ઊર્જા મંત્રીશ્રી છે. આ જ્યોતિ ગ્રામની યોજના કરી. જ્યોતિ ગ્રામમાં જે કામ કરો છો એ રીતે ખેડૂતોને ૨૪ કલાક લાઈટ આપો. ખેતીમાં લાઈટની પહેલાં જરૂર છે. આપણો દેશ ખેતી પ્રધાન છે, આપણું ગુજરાત રાજય ખેતી પ્રધાન છે. આપણા રાજયમાં ૭૦ ટકા ખેતી થાય છે. આજે કેટલાય ખેડૂતો લાઈટ માટે ફાંફાં મારે છે. ખેડૂતોની નવા કનૅક્શનની જે માગણી છે એના કરતાં ટાર્ગેટ ઓછો રાખ્યો છે.(અંતરાય) વજુભાઈ સાહેબ, શ્રી નટવરસિંહ કોઈ દિવસ ન ફરે. જે પાર્ટીમાં છે એ જ પાર્ટીમાં રહેવાના છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એ તો અહીંથી ત્યાં કેમ બેઠા એના કારણો કહે છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : એ તો બહુ થોડા સમયમાં ખબર પડી જશે. તમારે ત્યાં લાગ્યું છે એ તો સરખું કરો. પહેલાં તમારું ઘર સરખું કરો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી કારૂભાઈ ચાવડા, નો, નો. શ્રી કારૂભાઈ ચાવડા

**શ્રી કારૂભાઇ ના. ચાવડા (ખંભાળિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક તો માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન એટલા માટે પાઠવું છું કે, આખા રાજયમાં ૨૦૦૪-૦૫ દરમિયાન મહેસૂલ વિભાગના સંપૂર્ણ કમ્પ્યુટરાઈઝેશન માટે ૭૭૭ લાખ રૂપિયાની અંદાજપત્રમાં જોગવાઈ કરી છે. એના કારણે આખા રાજયના વહીવટની અંદર તાત્કાલિક જે કોઈ અરજદાર છે એના કેસની અંદર વહિવટી સરળતા રહે એવી અનેક સુવિધા પ્રાપ્ત થઈ છે. મહેસૂલ મંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા માટે અગાઉના વર્ષોમાં સરકારે જે ખેડૂતોને, નાના માણસોને નવી શરતની જમીન આપેલ હતી, આ ખેડૂતોએ વર્ષો સુધી આ જમીન વેચવી હોય, કે અન્ય નામની કોઈ એન્ટ્રી પાડવામાં કંઈ ભૂલચૂક થાય કે બીજી, અનેક રીતે શરતભંગ ગણીને એ મોટા ભાગની જમીનો છે એ જમીન માલિકોની આ જમીન ખાલસા થતી હતી એના બદલે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર નવી શરતની જમીન છે એ જૂની શરતમાં ફેરવીને ખેડૂતો જે વર્ષો સુધી જે એની મિલકત વેચી નહોતા શકતા, જે એના ભાઈઓના ભાગ પાડવામાં પણ કલેકટરશ્રીની મંજૂરી , આવી લાંબી પ્રક્રિયાને કારણે આ સરળતાને માટે રાજય સરકારે એક ઝુંબેશ ઉપાડીને મોટામાં મોટું કામ કહીએ એવું આ કામ રાજય સરકારે કર્યુ છે. એટલા માટે આ વર્ષે પણ માનનીય કૌશિકભાઈ પટેલે નવી શરતની જમીન જૂની શરતના કેસો માટે ઝુંબેશ ઉપાડીને પણ ઘણા કેસોને વેગ આપ્યો છે એ બદલ એમને પણ હું ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

ઈ ધરા કાર્યક્રમ હેઠળ વર્ષોથી ખેડૂતો માટે આ પ્રાણપ્રશ્ન હતો, ખેડૂતોને ૭-૧૨ કે ૮-અના ઉતારાની જરૂર હોય, તલાટી તાલુકા મથકે રહેતા હોય કે ન રહેતા હોય કે બહારગામ રહેતા હોય ત્યારે અનેક મુશ્કેલીઓ પડતી હતી. એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ ઈધરા કાર્યક્રમ હેઠળ ૭-૧૨-૮-અ ના ઉતારાનું ઈધરાનું મહેકમ પણ તાત્કાલિક મંજૂર થાય એના માટે પણ રાજય સરકારે પ્રયત્નો કર્યા છે અને ૬ નંબર પણ એના માટે તાત્કાલિક ઈધરા કાર્યક્રમ હેઠળ એની પણ એન્ટ્રી ત્યાં જ પડે એના માટે પણ રાજય સરકારે આયોજન કરેલ છે, તેમજ જંત્રી આધારે દસ્તાવેજ, માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના વખતમાં ૩૨-ક ના કારણે અનેક દસ્તાવેજોનો ભરાવો હતો પણ આ રાજય સરકારે જંત્રી આધારિત દસ્તાવેજોનો નિયમ નકકી કરવાને કારણે જે ૩૨-કમાં જે વર્ષો સુધી અનેક દસ્તાવેજો અટવાયેલા પડયા રહેતા હતા એના કારણે હવે દસ્તાવેજ છે એ જંત્રીના આધારે જ બને અને તાત્કાલિક એના દસ્તાવેજ સાત દિવસની અંદર મળી જાય એ પ્રકારે પણ રાજય સરકારે આયોજન કરેલું છે. બિન ખેતીની જમીન રહેણાંકના હેતુ માટે ૪૫ દિવસ અને અન્ય હેતુ માટે ૬૦ દિવસનો ટૂંકો સમય નકકી કરીને પણ તાત્કાલિક જેને બીન ખેતી કરાવી હોય એના માટે પણ રાજય સરકારે સારું કર્યું છે. સ્ટેમ્પ ડયુટીમાં કુલ દર ૧૧ અને ૨૦ ટકા હતા એને બદલે ઘટાડીને તમામ દર ૮ અને ૪૦ ટકાનો થાય. જેના કારણે નાણાકીય સંસ્થાઓમાંથી જે ખેડૂતો, અથવા તો અન્ય લોકો જે ધિરાણો મેળવે છે એને પણ ઘણો બધો લાભ થયો છે. તેમજ

કુદરતી આફતો હોય ત્યારે પણ મહેસૂલ વિભાગ એખડેપગે રહીને જે કંઈ કેશડોલની રકમ હોય આફતો માટે જે કંઈ મદદ કરવાની થાય એ પણ વાવાઝોડું હોય, ભૂકંપ હોય એના માટે પણ મહેસૂલ વિભાગની ખરેખર પ્રશંસનીય કામગીરી કરીને અગાઉના વખતમાં વાવાઝોડું હોય કે કુદરતી આફતો હોય તો લોકોને ખબર પણ નહોતી કે કુદરતી આફત સમયે કોઈનું ઢોર મરી જાય, કોઈના મકાનને નુકસન થાય તો અગાઉના વખતમાં કયારેય લોકોને પણ ખબર નહોતી કે આ બાબતમાં સરકાર વળતર ચૂકવે છે એના બદલે આ રાજય સરકારે ભૂકંપ વખતે, વાવાઝોડા વખતે માલમિલકત, ઢોર, પશુ માટે પણ એમણે સહાય ચૂકવી છે એ ખરેખર અભિનંદનને પાત્ર આ રાજય સરકારે કામ કર્યું છે.

મારાં કેટલાંક સૂચનો છે. કૂવા માટે, ખેડૂતને ૨ ગુંઠા જ જમીન આપવામાં આવે છે. ટૂકડા ધારાને કારણે ` ટૂકડા ધારામાં જે વર્ષોથી જૂના ટૂકડા છે એ જમીન વેચવા માટે ઘણી વખત દસ્તાવેજો ખેડૂતો અભણ હોય છે એના કારણે બનાવી દીધા હોય જેથી અનેક મુશ્કેલીઓ ઉભી થાય છે. ટૂકડા ધારો જે છે એમાં બહુ તકલીફ પડે છે.. જૂના જે ટૂકડા હોયે છે તો ભવિષ્યમાં આવા જે કંઈ ટૂકડાઓ કોઈએ વેચી નાખ્યા હોય અથવા તો વેચવા માટે આવવું હોય ત્યારે પણ આવા નિયમોમાં ફેરફાર કરવો, ખેડૂત ખાતેદાર છે એ ઘણી વખત જમીનો વેચ્યા પછી એને ખબર નથી હોતી, ટૂંકા સમયની અંદર આ જે જમીન ના લે તો ખેડૂત ખાતેદાર મટી જાય છે એના કારણે પણ મુદતમાં વધારો કરવો, ખેતીની જમીન આકાર છે એ મૂળ આકાર માપ થયેલ છે એના ઉપર કેળવણી કર, શિક્ષણ વેરો આ બધો જે કર છે એ ૨૦ પૈસા અને ૩૦ પૈસા એવા નાના કર છે એને ત્રણ ત્રણ નકલમાં એના માટે પહોંચ ૨૦ પૈસાની અને ૫૦ પૈસાની ફાડવી પડે. એટલે એના કારણે વસૂલાત માટે જે આવક છે એના કરતાં ખર્ચ વધે છે એવું મારું માનવું છે. તો આ બાબતે મારું સૂચન છે. ગ્રામ દફતરે ગામતળ વધારવા માટે, ઘણી વખત નાના માણસને પ્લોટ આપવાની વાત હોય તો ગામતળ આપવાની લાંબી પ્રક્રિયા હોવાના કારણે ખૂબ જ સમય જતો હોય છે. એના માટે કંઈક કરવા મારું સૂચન છે.

**ડૉ. નીમાબેન બ. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, વીજળી અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે તે ઉપર મારાં સૂચનો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વીજળીમાં ખેડૂતોને વીજળી માટેની મારી ખાસ રજૂઆત છે કે ખરેખર ખેડૂતોને.......

**અધ્યક્ષશ્રી** : માનનીય દંડકશ્રી, આપની બેઠક ઉપર આવી જાઓ, પ્લીઝ.

**ડૉ. નીમાબેન બ. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, ખેતી ઉપર નિર્ભર લાખો લોકો રોજીરોટી મેળવી રહ્યા છે ત્યારે ખેતી બચાવવી એ અગત્યનો પ્રશ્ન છે અને અછતગ્રસ્ત વિસ્તાર છે કે જેમાં કાયમ વરસાદ નથી આવતો એવા વિસ્તારોમાં સિંચાઈની વ્યવસ્થા નથી તો જે વિસ્તારમાં સિંચાઈની વ્યવસ્થા હોય ત્યાં કાપ મૂકીને પણ આવા વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં ૧૦ કલાક વીજળી આપવી જોઈએ. તો જ ખેતી બચાવી શકાશે અને એમની રોજીરોટી બચાવી શકીશું. જે રીતે જયોતિગ્રામ યોજના નીચે જે અલગ ફેઝ કરવામાં આવ્યો છે તેના પરિણામે વોલ્ટેજ ડ્રોપનો પ્રશ્ન ઓછો થયો છે. લોકો લંગરિયા નાખીને વીજળી લેતા હતા એ પ્રશ્ન હવે પૂરો થયો છે અને લો વોલ્ટેજનો પ્રશ્ન પણ પૂરો થતાં ખેડૂતોની મોટરો બળવાના પ્રશ્નો ઓછા થયા છે. એના માટે અભિનંદન આપું છું. તે ઉપરાંત મારા મત વિસ્તારની બે-ત્રણ માગણીઓ રજૂ કરવી છે. ગાંધીધામ વિસ્તારમાં ખાસ કરીને જે ૮૦ ટકા ઉદ્યોગો આવ્યા છે એ વિસ્તારમાં ઉદ્યોગોને વીજળીની જરૂરિયાતને પહોંચી વળવા માટે ૪૦૦ કે.વી.એ.નું સબ સ્ટેશન અંજાર અને ભચાઉમાં કરવામાં આવે એવી વિનંતી છે. કચ્છની ૨૦ કરોડ

ઉપરાંતની રેવન્યુ ગાંધીધામ વિસ્તારમાંથી મળી રહી છે ત્યારે ગાંધીધામમાં તાત્કાલિક સબ સ્ટેશન કરવામાં આવે. સાથોસાથ ગાંધીધામમાં એક અલગ ડિવિઝન ઓફિસ કરવામાં આવે તો મને લાગે છે કે ઉદ્યોગો અને બધાને અનુકૂળતા રહે. આટલી મારી માનનીય ઉર્જા મંત્રીશ્રી સમક્ષ માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગમાં પણ મારાં થોડાં સૂચનો છે. ગાંધીધામમાં જંત્રીનો પ્રશ્ન એવો છે કે ગાંધીધામને જમીન કંડલા પોર્ટ દ્વારા આપવામાં આવી છે અને કંડલા પોર્ટે આ તમામ જમીન લીઝ ઉપર આપેલ છે એટલે લીઝ ઉપર ૩૨-ક લાગુ પડી શકે નહિ. જેના પરિણામે લીઝ ઉપર પાંચ વર્ષના ભાડાના સરવાળા ઉપર સ્ટેમ્પ ડયૂટી લેવી જોઈએ. જંત્રીની ખૂબ વધારે જાહેરાત થતા લોકોમાં વિરોધ થતાં એક કમિટિની રચના થઈ અને કલેકટર અને સેટલમેન્ટ કમિશનરશ્રીએ ભેગા થઈ અને જે દરખાસ્ત સરકારશ્રીમાં મોકલી છે અને એ સરકારમાં પડી છે એ દરખાસ્ત મંજૂર કરવામાં આવે એવી વિનંતી છે. ભૂકંપના જે બે પ્રશ્નો પોલિસી ડિસિઝનની લોકો રાહ જોઈ રહ્યા છે. મારી વિનંતી છે કે આટલું બધું ભૂકંપમાં આપણી સરકારે જ્યારે કર્યું છે, કોઈપણ હિસાબે કોઈએ પણ કલ્પના નહિ કરી હોય એવી સહાય લોકોને આપી છે અને ભૂકંપમાંથી લોકોને બેઠા કર્યા છે, તેવા સમયે અંજારના લીઝ ધારકોનો પ્રશ્ન છે. લીઝ હોલ્ડરોને કોઈપણ સહાય આપી શક્યા નથી. એ લોકોને લીઝ રેગ્યુલરાઈઝ કરી આપવામાં આવે તો આ લીઝ ધારકો બિલકૂલ રખડી ગયા છે. એવા લોકોની લીઝ રેગ્યુલરાઈઝ કરીને એ લોકોને સહાય આપવામાં આવે. એ ઉપરાંત ભાડૂઆતોનો પ્રશ્ન છે. અવાર નવાર ગૃહમાં રજૂઆત કરી છે. જે ભાડૂઆતો રહેતા હતા એ ખૂબ ગરીબ ભાડૂઆતો છે અને મકાન માલિકો મકાન બનાવતા નથી અને સહાય પણ લેતા નથી. તેના પરિણામે ચાર-ચાર વર્ષ થયા છે તો મને લાગે છે કે મકાન માલિકોને નોટિસ આપીને જો એ લોકો સહાય ન લેતા હોય તો એમાંથી ૫૦ ટકા સહાય ભાડૂઆતોને આપવામાં આવે તો એ લોકો બેઠા થઈ શકે અને એમનું ઘર બની શકે. કાંઈ નહિ તો કમસેકમ મારી એવી વિનંતી છે કે જે રીતે ગેરકાયદેસર દબાણકારોને ૫૫૦૦૦ રૂપિયાનું પેકેજ આપ્યું છે તો તે રીતે આવા ભાડૂઆતોને ૫૫૦૦૦ રૂપિયાનું જો પેકેજ આપવામાં આવે તો એ લોકોને આપણે પૂરો ન્યાય આપી શકીશું.

કુદરતી આપત્તિ જે રીતે અમારે ત્યાં બહુ આવી રહી છે. જે રીતે ડિઝાસ્ટર મેનેજમેન્ટની રચના કરી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની રચના કરી છે એની આ દેશ અને દુનિયામાં સરાહના થઈ છે ત્યારે મારી વિનંતી છે કે આ એક કચ્છમાં અલગ ડિવિઝન આપવામાં આવે અને સ્પશિયલ પેકેજ આપવામાં આવે, કારણ કે કચ્છમાં વારંવાર કુદરતી આપત્તિ આવે છે અને ઝૂંપડપટ્ટીમાં જે આગના બનાવો બને છે એના માટે મારી આ ગૃહમાં ખાસ વિનંતી છે કે એ લોકો એક મિનિટની અંદર રસ્તે રખડતા થઈ જાય છે, ઘરબાર વગરના થઈ જાય છે ત્યારે આવા લોકોને જે કેશડોલ્સ આપીએ છીએ તેમા થોડોક વધારો મોંઘવારીને ધ્યાને લઈને કરવામાં આવે, ૨૪ કલાકમાં કેશડોલ્સ આપવામાં આવે.

**ડૉ. અતુલ કે. પટેલ (કલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૧૧, ૧૨ લઈને આવ્યા છે તેમને મારું અનુમોદન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના સભ્યશ્રી નટવસિંહભાઈની સ્પીચથી આપણે જેમ ગૃહમાં લોહીનું દબાણ-પ્રેસર ઘટાડે છે, એવું જ દબાણ જો આ જ સુધીમાં જે પણ ઘટાડ્યું હોય તો એ પ્રમાણે આપણે યાદ કરીએ તો ૧૯૭૫ માં ઊર્જામંત્રી મકરંદભાઈ દેસાઈ હતા એમણે એ વખતે ખેડૂતોનું ઊર્જા માટે એમણે ટેન્શન ઘટાડ્યું હતું. એ વખતે આપણે યાદ કરીએ તો કોંગ્રેસના જમાનામાં જે ખેડૂતોને વીજળીની તકલીફ હતી તે વખતે માનનીય મકરંદભાઈ દેસાઈએ દૂર કરી હતી અને તેમના માટે આપણે બધા ગૃહના સભ્યો એમને યાદ કરીએ છીએ. આવી જ તકલીફ જે વચેના ગાળામાં કોંગ્રેસની સરકારમાં પડી, એ તકલીફ આપણા આ વખતના ઊર્જામંત્રીએ ખૂબજ સારો વહીવટ આપીને ઘટાડી છે. જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી ત્યારે ચૂંટણી આવી ત્યારે આપણા એજન્ડામાં જ્યોતિગ્રામ વીજ યોજના આપી નહોતી છતાં પણ આવડી મોટી યોજના આ વખતે જે ગૃહમાં લઈને આવ્યા, આપણે બધા જાણીએ છીએ કે આ વીજળી-ઊર્જામાં જે રીવોલ્યુશન આવ્યું છે એ આવતી પેઢી પણ યાદ કરશે. કારણ કે ગામડામાં જ્યારે જ્યારે અમારે રાઉન્ડ લેવાનો થાય ત્યારે ધારાસભ્યશ્રી ગામડામાં જાય એ વખતે એકજ પ્રશ્ન ઉપસ્થિત થતો હતો કે વાળુના ટાઈમે, જમવાના ટાઈમે લાઈટ જાય અને જો એ વખતે અમે ઉપસ્થિત હોય તો લોકો અમારી ત્યાં હાંસી ઉડાવતા હતા. આજે આપણે જાણીએ છીએ કે આટલા બધા ૧૮૦૦૦ ગામડા ગુજરાતમાં છે અને એની એ વીજળીમાંથી સારો વહીવટ કરીને આ સરકારના ઊર્જામંત્રીએ આપણને ૭૦૦૦ ગામડામાં ૨૪ કલાક લાઈટ પૂરી પાડી છે અને આ ૨૪ કલાક લાઈટમાં બાકીના જે ગામડા રહી ગયાં છે એ ટૂંકાગાળામાં પૂરાં થવાનાં છે, આવો વહીવટ આ ઊર્જામંત્રીનો છે અને વીજળીના ગુજરાત વિદ્યુત બોર્ડમાં કામો કેવા ચાલે છે અને એમાં જે સુધારા કરવા માટે એને સાત કંપનીમાં આ ઊર્જામંત્રીએ વેહેંચી દીધી છે. આપણે જાણીએ છીએ કે ઊર્જાની ચોરી થતી હતી એ આજે ઓછી થઈ છે અને બધાને ઊર્જા સફીશ્યન્ટ મળી રહે છે. શહેર હોય કે ગામડું હોય જે ટ્રિપિંગ થતું હતું, જે વારંવાર લાઈટો જતી રહેતી હતી, જે ઉદ્યોગમાં તકલીફ પડતી હતી, મોટરો ઊંડી જતી હતી આ બધા હોર્સ પાવર પૂરા

મળી રહેવાથી આજે આપણે બધા જાણીએ છીએ કે વીજળીમાં ખૂબ જ સુધારો થવા પામ્યો છે. આપણા ઊર્જામંત્રી જે જ્યોતિગ્રામ યોજના લાવવાથી ગામડામાં ભૌતિક સુખ, રોજગારીમાં પણ વધારો થયો છે. મનોરંજન માટે ટી.વી., વિદ્યાર્થીઓ માટે જે કોમ્પ્યુટર કોલેજને પૂરી વીજળી નહિ મળવાથી ત્યાં આગળ લાઈટ નહોતી રહેતી. હું પણ એક ટ્રસ્ટ ચલાવું છું ગામડામાં એમાં જ્યારે અમે શરૂઆત કરી કોમ્પ્યુટર કોલેજની અને એ વખતે વીજળી પૂરી ન હોવાથી અમે એ વખતે કોમ્પ્યુટર કોલેજ પણ ચાલુ કરી શકતા નહોતા. પરંતુ આ વહીવટના લીધે જ્યારે અમને ૨૪ કલાક વીજળી મળે છે ત્યારે આવી કોમ્પ્યુટર કોલેજ એ ગામડામાં ચાલુ થઈ શકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય પણ ગેસ અને પૅટ્રોલિયમ માટે આપણે વાત કરીએ તો આ સરકાર માટે કુદરત પણ ફેવરમાં છે. આપણે થોડા દિવસ પહેલાં જોયું કે, તારાપુરમાં પણ આપણને વિપુલ જથ્થામાં પૅટ્રોલિયમ અને ગેસ મળી આવ્યો છે. આ ગેસનો ઉપયોગ આખા ગુજરાતમાં નાનામાં નાના ગામડાઓમાં પણ ગેસ મળી રહે એવો પ્રબંધ કરવા માટે સરકારને વિનંતી કરું છું. મારે ખાસ આના માટે મંત્રીશ્રીનો આભાર માનવો છે કે, મારા કલોલ મત વિસ્તારમાં ત્યાં જે પહેલાં શરૂઆતમાં ઘરે ઘરે ગેસની પાઈપ લાઈનો હતી પરંતુ જ્યારે કોંગ્રેસનું રાજ આવ્યા પછી આ ગેસની લાઈનો બંધ થઈ ગઈ અને ફરીથી આ લગભગ ૩૬૫ કિલોમીટરની લંબાઈની કલોલની પાઈપ લાઈન પૂરી થઈ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય પરેશભાઈ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા અને મહેસૂલ મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિસ્તારના થોડાં સૂચનો કરવાં માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય ઊર્જા મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, શહેરોમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની જે શાળાઓ છે એ શાળાઓ ઉપરથી વીજ વાયર પસાર થાય છે જેનાથી બાળકોના ભાવી ઉપર એક પ્રશ્નાર્થ છે. માનનીય ઊર્જા મંત્રીશ્રી અમારા પ્રભારી મંત્રીશ્રી છે, મારે એ બાબતમાં ચર્ચા પણ થઈ છે,એમનો હકારાત્મક અભિગમ છે, તમિલનાડુંમાં જે કિસ્સો બન્યો એવો કિસ્સો આપણે ન બને માટે જે શાળાઓ ઉપરથી વીજ વાયર પસાર થાય છે એનું સ્થળાંતર કરવા માટે સરકારશ્રીને વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : પરેશભાઈ, એનો નિકાલ થઈ ગયો છે આગળ ચાલો.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે, શહેરી વિસ્તારોમાં નગરપાલિકાઓના ગુજરાત વિદ્યુત બોર્ડના બીલો બાકી હોવાના કારણે સ્ટ્રીટ લાઈટના નવા કનેકશનો માટેના કવોટેશન પણ જી.ઈ.બી. મારફતે આપવામાં આવતા નથી જેનાથી વિસ્તાર ભૌગોલિક રીતે વિસ્તરતા હોઈ લાઈટોની ઉપલબ્ધિ ન હોવાના કારણે દિનપ્રતિદિન ચોરી, લૂંટ અને ધાડના બનાવો બને છે તો આવા શહેરી વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ માટે નવી મંજૂરીઓ આપવા માટે ઊર્જા મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય ઊર્જા મંત્રીશ્રી જ્યોતિ ગ્રામનો અભિગમ લઈને આવ્યા છે તેનાથી ગુજરાતના ગામડાઓ જળહળતા થાય એવી આ સન્માનીય સભાગૃહના તમામ સભ્યશ્રીઓની લાગણી હોય પરંતુ જ્યોતિ ગ્રામમાં અમુક મહોલ્લા, વિસ્તારો કે જે ગામતળમાં આવતા હોય છતાં એને જ્યોતિ ગ્રામમાં લાઈટ મળતી નથી માત્ર આઠ કલાક જ મળવાપાત્ર થાય છે તો આવા મહોલ્લાઓને વિનામૂલ્યે જ્યોતિ ગ્રામમાં આવરી લેવા જોઈએ અને જળહળતાં ગામડાનો જે આપણો અભિગમ છે એમાં ક્યાંક ખેડૂતોનો ઊભો પાક મૂરઝાઈ ન જાય એની તકેદારી રાખવામાં આવે એવી વિનંતી કરવા માગું છું. સિસ્ટમ સુધારણા યોજના ઊર્જા વિભાગમાં ચાલુ છે એ યોજના અંતર્ગત જે જૂના વાયરો છે ૨૦-૨૫ વર્ષ જૂના વાયરો એ બદલશું તો અકસ્માતના બનાવો નિવારી શકાય એટલે આ યોજનાનો પણ મહત્તમ ઉપયોગ થાય અને શહેરી વિસ્તારના જે રસ્તાઓની ગીચતા બંને બાજુ થાંભલાઓના કારણે જે બે-પાંચ કે દસ ફૂટની જગ્યા હોય એમાં દબાણો થવાની શક્યતા છે તો આમાં સેન્ટ્રલી સ્ટ્રીટ લાઈટની સુવિધા ઊભી કરી તો વાયરની ગીચતા ઘટાડી શકાશે અને શહેરોને નવું રૂપ પણ આપી શકાશે.

માનનીય મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, આપણે જમીનના ટુકડા થતા અટકાવવાનો જે કાયદો છે એના અંતર્ગત એક પેટા બ્લૉક યોજના નામની યોજના કાર્યરત છે આ બ્લૉક યોજનાના કારણે મારા અમરેલી તાલુકાના જ ૨૧ જેટલા ગામડાઓનો જે તે સમયે સમાવેશ કર્યો હતો પણ તેમાંથી માત્ર આઠ જેટલા ગામોમાં આપણે એનું અમલીકરણ કરી શક્યા હતા અને આજના સમયની એ તાતી જરૂરિયાત છે અને મંત્રીશ્રીએ પ્રયત્નો કર્યો છે, સંયુક્ત મીટિંગનું પણ આમંત્રણ આપ્યું પરંતુ સંજોગવસાત મળી શકાયું નહતું પરંતુ આ યોજના આજે નિરર્થક છે. કેન્દ્ર સરકારનો કાયદો છે પરંતુ રિવોક કરવાની સત્તા આપણી પાસે છે તો મારા વિસ્તારમાંથી રિવોક કરવા માટે યોગ્ય કાર્યવાહી થાય એવી વિનંતી છે.

મહેસૂલી આવકો આપણી વધે એવો બધાનો સહિયારો પ્રયાસ હોય પરંતુ શહેરી વિસ્તારમાં આપણે જે સ્ટૅમ્પ ડ્યૂટીનું ધોરણ છે એ સ્ટૅમ્પ ડ્યૂટીના ધોરણને કારણે વારંવાર લેતી-દેતી થવાની જે જમીનની પ્રક્રિયા છે એમાં આજે પાવર ઑફ એટર્ની મારફતે સ્ટૅમ્પ ડયૂટીની જવાબદારીમાંથી છટકવાનો એક પ્રયત્ન થઈ રહ્યો છે

ત્યારે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને હું વિનંતી કરવા માગું છું કે આ દસ્તાવેજની પ્રક્રિયા છે એમાં રેવન્યુ વસૂલાત કરીએ છીએ એમાં સરળ અને સસ્તી પદ્ધતિ અપનાવીશું તો વધુ ટ્રાન્ઝેકશન વાઈટ થશે અને રાજયની મહેસૂલી આવકમાં વધારો કરી શકીશું. છેલ્લે ઉર્જા મંત્રીશ્રીને વિનંતી કરું કે ગામડાંમાં જયોતિ ગ્રામ યોજના આવવાથી ખેડૂતોને ૮ કલાક વીજળી આપવાનો આપણે અભિગમ અપનાવ્યો છે, પરંતુ ખેડૂતો દિવસે વધુ ખેતરમાં રહેતા હોય છે.

**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ઉર્જા અને મહેસૂલ મંત્રીશ્રી જે માગણી લાવ્યા છે ૧૧, ૧૨, ૭૬, ૭૮, ૭૯ એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

સૌરાષ્ટ્રના એક કવિએ કહ્યું છે. " જનેતા જણ તો ભકતજન, કાં દાતાર, કાં શૂર, નહીંતર રહેજે વાંઝણી તું મત ગુમાવીશ નૂર" આ ગુજરાતમાં ૫૦ વર્ષે પણ અંધારાને ઉજાળે એવા ઉર્જા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીની જનેતાને મારે ધન્યવાદ આપવા છે કે જેણે ૪૦ વર્ષ પછી ગુજરાતમાં ઘરે ઘરે ૨૪ કલાક લાઈટ મળે એવી જયોતિ ગ્રામ યોજના કરી. જયોતિ ગ્રામ યોજના એટલે જરૂર પડે તેટલી લાઈટ આપવાની યોજના લાવ્યા છે. એ માટે ધન્યવાદ આપું છું. થોડા ઘણા એમાં સુધારા કરવાના હતા. આ સરકાર માટે જયારે સૂચન આવે, માગણી આવે ત્યારે અમલવારી થાય છે. ઉર્જા મંત્રીશ્રી અમારી મિટિંગમાં અમારા પ્રભારી તરીકે આવે છે ત્યારે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને પ્રાથમિક શાળામાં જયાં જયાં વાયર નીકળે છે, ગ્રામ્ય વિસ્તારના મકાન ઉપર વાયર નીકળે છે તો આનંદની વાત છે કે બીજા મહિને પરિપત્ર કાઢયો કે આ વાયર જી.ઈ.બી.ના ખર્ચે દૂર કરવામાં આવશે. અને આજે કામગીરી થઈ રહી છે.

ખેતીવાડીની વાત છે ત્યારે મારે કહેવું છે કે આવતા દિવસોમાં ખેતીવાડી માટે પૂરતી લાઈટ આપીશું એમાં કોઈ શંકા નથી. કારણકે વપરાશ માટે જયારે ૨૪ કલાક લાઈટ મળી છે ત્યારે આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે તો ખેતીમાં પણ ઓછી લાઈટ નહીં ૮ના બદલે ૧૦ કલાક આપશે એમાં શંકા નથી. સભ્યશ્રીએ કહ્યું હતું કે ચૂંટણીના ઢંઢેરામાં જયોતિ ગ્રામ યોજનાનું નામ નહોતું છતાં પાંચ કરોડની વસ્તી માટે ખાસ ગ્રામ્ય વિસ્તાર માટે જયોતિ ગ્રામ યોજનાની કામગીરી થઈ છે એમાં આવકારીને અભિનંદન આપું છું.

મહેસૂલ મંત્રીશ્રીને પણ સૂચન કરવાં છે. ગામડાંમાં મફત ૨૫ ચોરસવારના પ્લોટ આપતા હતા. મારા વિસ્તારમાં સાવરકુંડલા શહેરમાં મહેસૂલ વિભાગ તરફથી ૧૦ રૂપિયે ચોરસ મીટર એવા ૨૫ ચોરસમીટરના ૪૦૦ જણાને પ્લોટ આપ્યા. આ ખૂબ જ સારું કામ થયું છે. શહેરમાં ૪૦૦ પ્લોટ અપાય ઝુંપડપટ્ટીમાંથી લોકો આજે સારા મકાન બનાવે છે. એ સિવાય રાજયમાં ઘણા વર્ષોથી કોઈ ગામડામાં માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળા માટે જમીન માગે, કોઈ વિકાસ માટે જમીન માગે તો બાન હતો એ મહેસૂલ મંત્રીશ્રીએ ઉઠાવીને હવે કોઈપણ મુશ્કેલી વગર જમીન આપવામાં આવશે. ગામડાંના પાદરમાં જોઈતી જમીન શિક્ષણ માટે હોય કે કોઈપણ વિકાસ કાર્ય માટે હોય તો આપવા માટે બારણા ખુલ્લા છે. લોકશાહી ગુજરાતમાં આવ્યાને ઘણા વર્ષો થઈ ગયા છે. પાંચ વર્ષમાં નવી યોજના થઈ. લોકશાહી સંસ્કૃતિ સાથે સંકળાયેલી છે. કાયમ માટે ઉકેલવા માટે પ્રયત્ન કરતા હોય છે. પહેલા ઉર્જા મંત્રીશ્રી કામ કરતા હતા ત્યારે ખોટા માણસને મુશ્કેલી પડતી હતી. આજે ખોટા અને સાચા માણસ રાજી થયા છે. જયારે ખોટી ચોરી કરતા, ખોટી વીજ વપરાતી સબ સ્ટેશન ખૂબ બળતા હતા. આજે એમાં સુધારો થયો છે. એમાં પણ મારું સૂચન છે કે ખેતીવાડી સબ સ્ટેશન બળે તો મંત્રીશ્રી એવી સૂચના આપે કે બીજા દિવસે એને સબસ્ટેશન મળી જવું જોઈએ. એટલા માટે કે ૫-૬ દિવસ લંબાય તો ખેડૂતોને મુશ્કેલી પડે છે. આવા અનેક નાના મોટા ગુજરાત સરકારે કામ કર્યાં છે અને મહેસૂલ વિભાગ તરફથી જે જે સુધારા કરવામાં આવ્યા છે, તેને પણ હું આવકારું છું. છેલ્લે દર વખતે બોલવાનો વારો આપ્યો છે તે બદલ દંડકશ્રીને અભિનંદન આપું છું. છેલ્લો મારો વારો હોય છે.

**અધ્યક્ષશ્રી** : વારો આવે એ સારું છે.

**શ્રી કાળુભાઇ વી. વીરાણી** : હા, આપનો પણ આભાર. જે જે મારાં સૂચનો છે, તે લખાવ્યાં છે. થોડીક વાત કરવાની છે....

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થયું.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની રૂપિયા ૪૬૬,૬૩,૮૨,૦૦૦ ની માગણી લઈને આ સભાગૃહમાં ઉપસ્થિત થયો છું.

આશરે લગભગ ૨૦ જેટલા ધારાસભ્યશ્રીઓએ પોતાનાં મંતવ્યો આપ્યાં છે. વર્તમાન કામગીરીને કેટલાક ધારાસભ્યશ્રીઓએ વખાણ કર્યા છે, બિરદાવી છે. કેટલાક ધારાસભ્યશ્રીઓએ પ્રભાવી સૂચન કર્યાં છે. આ તમામ મિત્રોનો ખૂબ ખૂબ આભાર માનું છું. વિભાગમાં વધારે કાર્યક્ષમતા કેમ આવે તેવાં સૂચનો થયાં છે. માનનીય બાબુભાઈ ધારાસભ્યશ્રીએ એમના સ્વભાવ મુજબ એમણે વાત કરી છે. અહીંયા છે નહિ, પણ અહીયા કેટલામાં બેઠા હોય તો તેમને વિનંતી કે આ સરકારમાં કોઈપણ વચેટિયાઓ અથવા મળતિયાઓ કયારેય પણ ફાવવાના

નથી. વિજિલન્સને સોંપવાની જરૂરત હશે તો વિજિલન્સને પણ સોંપીશું, બાબુભાઈને કહેવા માગું છું કે તમે જે સરકારમાં મંત્રી હતા, એ સરકારના નેતા હતા, એ સરકાર ઉપર લોકાયુક્તે જે ઈન્કવાયરી મૂકી છે. હાઈકોર્ટમાં કેસ ચાલે છે, એનો પહેલા જવાબ આપે. અમે અમારું કામ ચોક્કસ બજાવવાના છીએ.

અહીયા ઘોડાની સવારીની વાત કરી. ચંદ્રિકાબેન નથી. અમારી સરકાર જે ઘોડા ઉપર સવારી કરી રહી છે, એને નાથવા માટે લગામ પણ છે અને ચાબુક પણ છે, પણ અમારી સવારી નિષ્ઠા માટે છે, વિકાસ માટે છે. અમારી સવારી વહીવટી તંત્રમાં સુધારા માટે છે. અમારી સવારી ગુજરાતને ગૌરવ અપાવવા માટે છે. મોહનભાઈ, રણજિતસિંહભાઈ, કાળુભાઈ વગેરેએ સૂચન કર્યાં છે. વર્ષોથી પડતર પ્રશ્નો, ફરિયાદનો નિકાલ જેટલો શક્ય બને એટલો અમારી સરકારમાં સરળતા લાવવા માટે, ઝડપ લાવવા માટે જે કઈ આવશ્યકતા હોય તે કરવા રાજય સરકાર તત્પર હોય છે. અમારો વિભાગ તત્પર હોય છે. મારી અહીયા ચોથી ટર્મ છે, હાઉસમાં આવ્યો છું, આજે આ સરકારનું ગૌરવ એટલા માટે છે કે ભૂતકાળમાં જે પાર્ટીની સરકાર હતી એમાં મહેસૂલ મંત્રી ઉપર આ જમીનમાં કૌભાંડ કર્યા, આ જમીન વેચી મારી આવા દાખલા આ હાઉસમાં અપાતા હતા. અમારી સરકારનું ગૌરવ છે કે અમારા રાજમાં એકપણ કયાંય આવી ગેરરીતિ બાબત કહી શક્યા નથી. આ પૂરાવા છે. આ કૌભાંડ અને ભ્રષ્ટાચારની વાત નહીં કરી એ જ પૂરાવો છે, કોઈ કહી શક્યા નથી.

ઈન્ફોર્મેશન ટૅક્નૉલૉજી. મહેસૂલ વિભાગ ખૂબ જ જૂનો વિભાગ, એમાં અનેક ઠરાવો, અનેક પરિપત્રો, અનેક કાયદાઓ આ એક મોટું સ્વરૂપ મહેસૂલ વિભાગનું છે. એનો હેતુ, ઉદેશ બર લાવવા માટે અનેક કાયદા, પરિપત્રો, ઠરાવો આ બધાથી લોકહિતની કામગીરી અમારા વિભાગ દ્વારા થાય છે. રેકર્ડ સાથે મોટા ભાગનો વ્યવહાર. વર્ષો, સદીઓ સુધીનું રેકર્ડ ભવિષ્યની અંદર કયાંય સુધી રેકર્ડ સાચવવું પડશે. સમગ્ર વિભાગમાં રેકર્ડ સાથે સંકળાયેલ આ વિભાગ આ રેકર્ડ સુરક્ષિત, સલામત, સ્વચ્છ અને ચેડાંમુકત રહે, એના માટે અમારી સરકારે ઈ-ગવર્નન્સનો કન્સેપ્ટ સ્વીકાર્યો છે. ઈ-ગવર્નન્સ, ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીની અદ્યતન જે વ્યવસ્થા દુનિયામાં શોધાઈ છે, એનો પૂરેપૂરો ઉપયોગ કરવો અને એના દ્વારા ઝડપ લાવવી, સરળતા લાવવી અને ચેડાંમુકત રેકર્ડનો સંગ્રહ કરવો.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારનો અભિગમ ઈ-ગવર્નન્સ, ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી છે, તેનો મારા વિભાગે વધારેમાં વધારે ઉપયોગ કર્યો છે. ઈ-ગવર્નન્સ એટલે ઈઝી, ઈફેકિટવ, એફિસિયન્ટ અને ઈકોનોમિકલ ગવર્નમેન્ટ આ તમામ બાબતો તેમાં સાંકળી લીધી છે. ફકત ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી નહીં ઘણી બધી બાબતો છેલ્લા ૨૦ દિવસથી આપણું આ સત્ર ચાલુ થયું છે ત્યારે અમારા વિભાગે કરેલી કામગીરીની માહિતી પ્રશ્નના જવાબના સ્વરૂપમાં આપી છે. તેમછતાં આ વિભાગે જે કામગીરી કરી હતી, વર્ષોથી કામગીરી કરી હતી તેમાં કેટલી ઝડપ આવી છે તેમાંથી કેટલી મુખ્ય મુખ્ય બાબતો આપના માધ્યમ દ્વારા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

ઈ-ધારા પ્રોજૅકટની વાત થઈ હતી. ઈ-ધારા પ્રોજૅકટની ઘણી વખત ચર્ચા થઈ છે. ઈ-ધારા પ્રોજૅકટમાં ૭.૧૨ અને ૮-અ ખેડૂતનો પ્રાથમિક દસ્તાવેજ છે અને આ દસ્તાવેજો સલામત, સુરક્ષિત અને ચેડાંમુકત એમની પાસે રહે અને તેમને મળે તેના માટે ઈ-ધારા પ્રોજૅકટ હાથ ધર્યો છે. તેમાં છ મહિનાના ટૂંકા ગાળામાં ૧.૫૪ કરોડ પત્રકો કોમ્પ્યુટરાઈઝડ કર્યા છે અને ઓનલાઈન કરવામાં આવ્યા છે. આ કર્યા પછી તેની એક નકલ રાજયના તમામ ખેડૂતોને વેરીફીકેશન માટે ફ્રી આપવામાં આવી હતી અને તે વેરીફીકેશનનું કામ પણ પૂરું કરવામાં આવ્યું છે. ત્યારબાદ તેમાં ફરિયાદો આવી કે અત્યારે ગામ લેવલે નકલો મળતી નથી. તો અઢી કરોડના ખર્ચે ગામની અંદર આજે તલાટી પાસેથી પણ પૈસા આપીને કોમ્પ્યુટરાઈઝડ નકલ મળે છે. આજની તારીખે ગુજરાતમાં ૧૭,૦૬૭ ગામમાં તલાટીઓ પાસે આ રકમ પહોંચી ગઈ છે. આ જે યોજના છે તેનો પ્રભાવ કેટલો છે. ૧૫-૮-૨૦૦૪ થી ૩૧-૧-૨૦૦૫ આ પાંચ મહિનાના ગાળામાં ૭.૧૨ ની ૭.૫૩ લાખ નકલો આપવામાં આવી છે અને ૮-અની ૩.૭૫ લાખ નકલો આપવામાં આવી છે. તેના હિસાબે રાજય સરકારને એક કરોડ સિત્તેર લાખ રૂપિયાની આવક થઈ છે. આ સ્વનિર્ભર યોજના બનાવી છે કે ભવિષ્યમાં આ યોજનામાં મેન્ટેનન્સની જરૂર પડે તો આર્થિક બાબતો નડે નહીં એટલા માટે સ્વનિર્ભર બનાવી છે. સાથે સાથે છ પત્રકોની નોંધ કરવાની કામગીરી રાજય સરકારે ચાલુ કરી છે. ૧૨૮ તાલુકામાં આ કામગીરી અત્યારે ચાલુ છે અને તે માટે વર્ષ ૨૦૦૫-૦૬ માં ૫.૯૪ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. તાલુકા સીવીક સેન્ટર, વન ડે ગવર્નન્સની વાત કરું તો તેમાં હું બહુ ડિટેઈલમા નહીં જાઉં. બપોરે ઓફીસ ખોલે ત્યારે અરજી આપો અને સાંજે તેનો નિકાલ થાય. રાજયના ૨૨૫ તાલુકામાંથી ૨૧૨ તાલુકામાં આ સીવીક સેન્ટર કાર્યરત છે. ૧૦ જેટલી બાબતો આ જ દિવસે સવારે ફી ભરો સામાન્ય ફી અને સાંજે રેકર્ડની કોપી મળી જાય. આ રીતે જનસેવા કેન્દ્રો પાંચ જિલ્લામાં કલેકટર કચેરીઓમાં કાર્યરત છે. ૨૫ જિલ્લા કલેકટર કચેરીઓમાં અત્યારે કોમ્પ્યુટરથી કામગીરી ચાલે છે. જેમ કહયું કે સિટિઝન ચાર્ટરનો કાર્યક્રમ ચાલે છે તેમ આ પાંચ જિલ્લા કલેકટર કચેરીઓમાં જનસેવા કેન્દ્રો ઉભા કર્યા છે. આમ, અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ અને જામનગરમાં લોકભાગીદારીનો આ ઉત્તમ

નમૂનો છે. આ પ્રોજેક્ટ લોકભાગીદારીનો ઉત્તમ નમૂનો છે. આ પ્રોજેક્ટમાં એક કેન્દ્ર ઉભું કરવા માટે ૩૦ થી ૩૫ લાખનો ખર્ચ થાય છે. આ તમામે તમામ રકમ લોકફાળામાં એકઠી કરીને ગુજરાતના પાંચ જિલ્લાઓમાં જનસેવા કેન્દ્રો શરૂ કર્યા છે. તેમાં ૭૨ જેટલી આઈટમો એક દિવસે સવારે અરજી કરે અને સાંજે એન.ઓ.સી.કે જે લેવાનું હોય તેનો નિકાલ થઈ જાય છે. આ લોકભાગીદારીનો ઉત્તમ નમૂનો રાજય સરકાર દ્વારા ૩૫ થી ૪૦ લાખ જેટલી રકમનો ખર્ચ લોકફાળો આપે છે, સરકારમાં વિશ્વાસ છે એટલે લોકફાળો આપે છે અને તેના હિસાબે કામગીરી રાજયમાં કરવામાં આવે છે. જેવી રીતે ગ્રામ્ય વિસ્તારમાં કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમની વાત કરી તેમ શહેરી વિસ્તારોમાં પ્રોપર્ટી કાર્ડ ૩૬ લાખ પ્રોપર્ટી કાર્ડ ચાર વર્ષમાં પૂરા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે અને ૬૦ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર મહેસૂલ વિભાગ સચિવાલયથી તાલુકા સુધી સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કરવા આ વર્ષમાં ૭ કરોડ ૭૭ લાખ રૂપિયાનું આયોજન કર્યુ છે. તમામ કામગીરી સચિવાલયથી તાલુકા સુધી કૉમ્પ્યુટર ઉપર ચાલશે એટલે વર્ષોથી જે વિલંબ થાય છે અને જવાબો મળતા નથી એ પ્રશ્નોનો ઉકેલ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી શરતની જમીન અને જૂની શરતની જમીનની વાત કરી, આજે વાત થાય છે કે હજી પણ જલદીથી મળતી નથી પણ માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું સૌનું ધ્યાન દોરવા માગું છું કે, ખેડૂતોની વાત કરવાવાળા સામી પાટલી ઉપર બેઠેલા મિત્રોએ કયારેય ખેડૂતોનો વિચાર નહોતો કર્યો, અમારી સરકારે વિચાર કર્યો છે કે નવી શરતની જૂની શરતમાં ૬૦ પટ્ટ લઈને ખેડૂતોના હિતમાં આપવી, એમની સરકારો તો પ્રીમિયમ લેતી હતી, ૫૦ ટકા અને ૭૫ ટકા પ્રીમિયમ લેતી હતી પણ અમારી સરકારે તો ફક્ત ૬૦ પટ્ટ લેવાની વાત કરી છે અને આ કામગીરી ચાલુ છે આ અમારા માટે ગૌરવની વાત છે, તેઓ ખેડૂતોની માત્ર વાતો કરતા હતા પણ ખેડૂતોનું હિત નહોતું કર્યુ, અમે આ યોજના જાહેર કરીને એને વળગી રહીને કામ અમે કરીએ છીએ, એના પણ હું આંકડા આપું છું. તા. ૩૧-૧૨-૨૦૦૪ના અંતિત ૩,૦૪,૧૧૨ કેસો પૈકી ૨,૮૫,૨૩૦ કેસોનો નિકાલ કરી, ૯૩.૭૮ ટકાની કામગીરી અમે પૂર્ણ કરી છે, ફક્ત જાહેરાત નહીં પણ એની સાથે સાથે પરિણામ પણ અમે લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હકક પત્રક નોંધણીની પણ વાત કરી, એની વર્ષોથી બૂમો હતી, મેં પણ કહ્યું હતું કે મારો અનુભવ છે, પંદર વર્ષથી જયારે જયારે વિધાનસભા મળે ત્યારે આ હકક પત્રકોની એન્ટ્રી પડતી નથી, અને ધક્કા ખવડાવે છે. પૈસા લે છે પણ આ સરકારે હકક પત્રકો નિકાલ કરવાની ઝુંબેશના સ્વરૂપે લઈ ૯૬ ટકા કામગીરી પૂરી કરવામાં આવી છે. એના પણ આંકડા મેં મારી પ્રશ્નોત્તરીના જવાબમાં આપ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન વિવિધ હેતુઓ માટે રાજય સરકાર પાસે જમીન માગતા હતા, એ જમીન માટેની જે તે અરજદાર કલેક્ટરને અરજી કરે અને કલેક્ટર આખી પ્રપોઝલ તૈયાર કરીને ડી.એલ.પી.સી. ભાવ નક્કી કરીને અને એના પાવરમાં આવે ત્યાંથી સરકારમાં આવે અને સરકારમાંથી કૅબિનૅટમાં જરૂર હોય તો કૅબિનૅટમાં સી. ટી. પી., એસ. એસ. પી. સી. અને એની બહુ લાંબી વિધિ વર્ષોથી ચાલતી હતી અને માનનીય બાબુભાઈ શાહ અત્યારે હાજર છે તો એમને ઉલ્લેખ કરીને કહું કે, માનનીય બાબુભાઈ કહે છે કે સસ્તા ભાવે જમીન વેચી મારી, માનનીય અધ્યક્ષશ્રી, એમના વખતમાં ડી.એલ.પી.સી.ની એમના વખતમાં કમિટી કરી હતી પણ ડી.એલ.પી.સીને ધોરણો ન હતાં આપ્યાં.(અંતરાય). માનનીય અધ્યક્ષશ્રી, હું આગળ કહેવા માગું છું કે ડી.એસ.પી.સી.ને ગાઈડ લાઈન અમે આપી છે. અમારી સરકારે ડી.એલ.પી.સી.ને ગાઈડ લાઈન આપી છે કે જમીનનું યોગ્ય વળતર મળવું જોઈએ, જમીનના ભાવ યોગ્ય થવા જોઈએ, કોઈના દબાણ નીચે ભાવ ન થવા જોઈએ અને એ પ્રમાણે કામગીરી અમારી સરકારમાં ચાલે છે, માનનીય બાબુભાઈ પાસે કોઈ વિગતો હોય તો લઈને આવે કે આમાં ડી.એલ.પી.સી.ના ભાવ સામે કોઈએ આઘાપાછી કરી હોય, હા, ડી.એલ.પી.સી. એમણે બનાવી પણ કમિટીને કામ કરવાની ગાઈડ લાઈન નહોતી આપી. એ ગાઈડ લાઈન અમે આપી છે કે જમીનના ભાવ યોગ્ય થવા જોઈએ, ના સરકારને નુકસાન પડે કે ના અરજદારને નુકસાન પડે, આ ગાઈડ લાઈન અમારી સરકારે આપી છે, અમે તપાસ કરી છે એની અંદર જે વિલંબ થતો હતો, આ સમગ્ર પ્રક્રિયામાં વિલંબ થતો હતો, ભાવ નક્કી થાય એ છ મહિનામાં એ ભાવની વેલીડીટી હતી, અમારી સરકારે આ છ મહિનાની વેલીડીટી કાઢીને એક વર્ષ કરી અને એક વર્ષ પછી પણ જો વિલંબ થાય તો ફરીને ડી.એસ.પી.સી.માં નહીં જઉં, પણ ફક્ત બાર ટકા વ્યાજ લેવું, આ પણ સરળતા અમારા વિભાગે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જંત્રીની વાત થઈ, આજે સરકારની સૂચના પ્રમાણે જંત્રી ફક્ત સ્ટૅમ્પ ડ્યૂટીના ઉપયોગ માટે કરવામાં આવે છે, આ જંત્રીમાં કેટલીક તૃટિઓ, ખામીઓ કે વિસંગતતાઓ જે કંઈ ધ્યાનમાં આવી છે, ત્યારે આ જંત્રીને અપડેટ કરવા આ વર્ષમાં ૨૦૫ લાખ રૂપિયાનું આયોજન અમે કર્યુ છે અને અમદાવાદ અને બીજી સાત મહાનગરપાલિકાઓ અને એની આસપાસનો અર્બન વિસ્તાર છે એની અંદર આ કામગીરી ચાલુ કરી દીધી છે. મહારાષ્ટ્રની જેમ જંત્રી દર વર્ષે અપડેટ થાય એને ધ્યાનમાં રાખીને જે કઈ પ્રાઈઝો નક્કી કરવાની છે તો માર્ગદર્શન મળે એટલે જંત્રી અપડેટ થવી જરૂરી છે અને એ પણ કામગીરી હાથ ઉપર લીધી છે અને મહાનગરપાલિકાઓ અને અર્બન વિસ્તારોમાં આ કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે,

અહીંયા બે પ્રશ્નો હતા, એક ટૂકડા ધારાનો અને એકત્રિકરણનો. વર્ષોથી ૧૯૪૭થી કેન્દ્ર સરકારનો આ કાયદો મને ખ્યાલ છે ત્યાં સુધી લગભગ કેટલાય મંત્રીશ્રીઓ આવ્યા એ મંત્રીશ્રીઓએ જવાબ વર્ષોથી આપ્યો છે. અમારી સરકારમાં બે બાબત ધ્યાનમાં આવી એ અમે કરવા જઈ રહ્યા છીએ. કેન્દ્ર સરકારમાં પણ કહેવું પડશે કે કાયદામાં થોડો સુધારો કરવાનો છે. અમે કેન્દ્રમાં જઈશું. બીજું જે રાજય સરકાર સુધારો કરી શકશે એ કરી શકાય એમ છે એ આજે ધારાસભ્યશ્રીઓને આપના દ્વારા કહેવા માગું છું, આમાં એક બાબત હતી કે ખાતેદારના મૃત્યુ બાદ વારસાઈના કારણે બ્લોક જમીનના ભાગલા પડતા જો ટૂકડો બનતો હોય ત્યારે ટૂકડાની જમીનમાંથી સંયુકત વારસદાર પૈકી કોઈ વારસદાર ટૂકડો ન બને તે માટે પોતાનો હક-હિસ્સો સમજૂતીથી જતો કરે અને એ ખેડૂત ખાતેદાર મટી જતો હોય તો તેનું ખેડૂત તરીકેનું સ્ટેટસ ચાલુ રહે એ માટે જરૂરી સૂચના બહાર પાડવાની સરકારની વિચારણા હેઠળ છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલે આમાં જે વારસાઈથી ધારો કે, કોઈ ખાતેદારની પાંચ એક જમીન જરાયાતની છે હવે એ ત્રણ ભાઈઓ છે એમાં પાંચ એકરની જરાયાતની જમીન ત્રણ ભાઈઓ વચ્ચે વહેંચવી હોય તો બે બે એકર કરે તો બે એકરથી નીચેનો ટૂકડો થઈ જાય અને બે ભાઈઓ એમ કહે કે મારો હક હું જતો કરું છું ટૂકડો ન બને એ માટે તો એ ટૂકડો ન બને અને એ આખે આખો બ્લોક એક ભાઈના નામે થાય. હવે બીજા બે ભાઈઓ જે એનો હક જતો કરે છે પણ એ ખેડૂતના દિકરા તો હતા તો એ હક જતો કરે છે ટૂકડો ન બને એટલા માટે તો બીજા બે ભાઈઓનું પણ ખેડૂતનું સ્ટેટસ ચાલુ રહે એવી એક વિચારણા રાજય સરકાર કરી રહી છે. એટલે બધા પ્રશ્નોનો એમાં અંત આવી જશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદામાં એક એવી જોગવાઈ છે એકત્રિકરણ યોજના હેઠળ પડેલ બ્લોકમાં ખાતેદારના મૃત્યુ બાદ જ જયારે ખાતેદાર ગુજરી જાય પછી, મૃત્યુ બાદ વારસાઈના કિસ્સામાં પૂર્વમંજૂરીની જરૂરત બ્લોકના ભાગ પડતા હોય પણ જયાં ટૂકડો ન કરતા હોય ત્યાં દૂર કરવામાં આવી છે. એટલે મૃત્યુ બાદ વારસાઈ કરે ટૂકડો ન બનતો હોય તો કલેકટરની મંજૂરી લેવાની જરૂર નથી. પણ જે હયાત હોય તે પણ જો વારસાઈ કરવા માગે છે પણ ટૂકડો ન બનતો હોય તો એ કરી શકે એવો સુધારો અમે લાવવા તૈયાર છીએ અને એના માટેની ચર્ચા ચાલી રહી છે. અને જરૂર પડે તો કેન્દ્ર સરકારને પણ કહીશું કે જીવતા જીવ માટે જયારે હયાત હોય વ્યકિત ત્યારે પણ વારસાઈનો લાભ લઈ શકે. કાયદામાં ફકત મૃત્યુ બાદનું છે. આ બે સુધારા આવી જશે એટલે હું માનુ છું ત્યાં સુધી ટૂકડા ધારાની બાબતમાં ઘણા પ્રશ્નો વર્ષોના છે એનો કેટલાક અંશે ઉકેલ આવી જશે એવું મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારોમાં ટૂકડા ધારાનો અમલ ન કરવા બાબત પણ રાજય સરકારની વિચારણા હેઠળ છે કે શહેરી વિસ્તાર છે એમાં ટૂકડા ધારાનું કેટલાક અધિકારીઓ એનું સર્ટિફિકેટ માગે છે એ પણ દૂર કરવાનું અમે કરી રહ્યા છીએ. એક ધારાસભ્યશ્રીએ ખેડૂત પ્રમાણપત્રની વાત કરી. ખેડૂત પ્રમાણપત્રમાં સરકારે ૬૦ દિવસમાં ખેડૂતને ખેડૂત હોવાનું પ્રમાણપત્ર આપવાનો નિર્ણય કર્યો છે અને સંપાદનના સંજોગોમાં ખેડૂત પોતાની તમામ જમીન જતી કરે તો અત્યારે ૧૮૦ દિવસમાં એ બીજે જમીન લે એવી જોગવાઈ છે. પણ એમાં એક સૂચન એવું છે કે, કેસ ટુ કેસ એની ચિંતા કરીને જો કોઈ ખેડૂત વાજબી કારણસર જમીન ન લઈ શકયો હોય તો એવા કિસ્સામાં પણ ભલે સમય વધારે થયો હોય તો પણ એને રાહત આપવી એવી સૂચના આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગણોતિયાની વાત કરું તો ગણોતિયા જયારે જયારે ગણોતિયા બન્યા એ વખતે જમીન માલીકોને પૈસા આપવાના હતા એના વતી ભૂતકાળમાં રાજય સરકારે પૈસા ચૂકવ્યા છે એવી રકમ છે ૪૩.૪ લાખ અને એની અંદર ૫૬.૧૧ લાખનું વ્યાજ ચડેલું છે. રાજય સરકારે આવા ગણોતિયા જો ૩૧-૩-૦૫ સુધીમાં એની પ્રિન્સિપલ એમાઉન્ટ ભરી દે તો વ્યાજ માફ કરવાનો નિર્ણય લીધો છે. એટલે ૫૬.૧૧ લાખ રૂપિયા આ ખેડૂતો માટે રાજય સરકારે માફ કરવાનો નિર્ણય લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા બાન મુકિતની વાત કરી. હવે વિષય રહેતો નથી. આજે રાજયમાં કોઈ જગ્યાએ નર્મદા કે કોઈ પણ સિંચાઈ યોજના માટે બાન મુકિત છે નહીં એને કોઈ બીજા કારણસર કદાચ જમીન નહીં મળતી હોય તો નહીં મળે પણ પાણી પુરવઠા, જળસંપતિ અને નર્મદા વિભાગ માટે આ બાન મુકિત હતી એ સમગ્ર બાન મુકિત ઉઠાવી લેવામાં આવી છે.

રાજય સરકારે શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ જાહેર કરેલ છે. અમારો વિભાગે પણ એમાં સહયોગ આપવાની વાત કરી છે. અત્યારસુધી મહાનગરપાલિકાઓને આની ફરજિયાત અને મરજિયાત સેવા કરવા માટે રાજય સરકાર તરફથી પચાસ ટકા કે પચીસ ટકા રાહતે જમીન આપવામાં આવતી હતી, નગરપાલિકાઓને નહોતી આપવામાં આવતી, આ વર્ષે અમે -નિર્ણય લીધો છે તારીખ -૨૭-૧-૨૦૦૫થી ઠરાવ કર્યો કે મહાનગરપાલિકાની જેમ નગરપાલિકાઓને પચીસ ટકા કે પચાસ ટકા રાહતથી રાજય સરકાર જમીન આપશે. વિન્ડફાર્મની પોલિસી એ પણ ચર્ચાયેલ બાબત છે એમાં બહુ ડિટેઈલ જવાને બદલે કોમન પોલિસી બનાવી છે. વાયબ્રન્ટના જે પ્રોજેક્ટો આવ્યા છે, વિન્ડફાર્મના ઈલેકટ્રિસીટી માટેના સૌરભભાઈના વિભાગને મદદ થાય એનો અમે સરવે કર્યો છે.

એમ્નેસ્ટી સ્કીમની વાત કરીએ તો પડતર કેસો ૩૨-ક ના જે હતા એમાં ગઈસાલે માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સો કરોડ રૂપિયાની આવક માટેનો અમને લક્ષ્યાંક આપ્યો હતો, ગૌરવ સાથે આજે અમે કહી શકીએ તેમ છીએ કે તારીખ ૧-૪-૨૦૦૦ પહેલાના ૧,૧૪,૦૫૩ કેસોમાં ૬૦ કરોડની આવક અમે ઉભી કરી છે અને તારીખ ૧-૪-૨૦૦૦ પછીના ૬૮૦૦ કેસોમાં ૮.૨૩ કરોડની આવક ઉભી કરી છે એટલે કુલ ૧૨૦૮૫૩ કેસોમાં ૬૮.૮૭ કરોડની આવક જે અમે અંદાજ આપ્યો હતો કે સો કરોડની આવક અમે કરીશું એમાં ૬૯ કરોડ રૂપિયાની આવક અમે કરી બતાવી છે અને એ પણ એ વખતની એમ્નેસ્ટીના આંકડા છે આની પછીનું જે કંઈ ડેવલપમેન્ટ હશે એ એમાં એડ થશે, એજ રીતે પડતર દસ્તાવેજો ઝડપથી મળે એના માટે આઉટસોર્સિંગની કામગીરી હાથમાં લેવામાં આવી છે. અમારા વિભાગને પ્લાન હેડે ખૂબજ સામાન્ય પંદર - સત્તર કરોડ રૂપિયા મળે છે. નોન પ્લાનની અંદર મોટો ફાળો મળે છે પણ અમારો વિભાગ ૯૩૦ કરોડ રૂપિયા આ વખતે સ્ટેમ્પ ડ્યૂટીની આવક તરીકે આપવાનું છે, જે ગઈસાલ કરતા સો કરોડ રૂપિયા વધારે થાય છે એટલે અમારો વિભાગ પ્લાનના સદરે જે કંઈ ઓછી રકમની ફાળવણી અમને થાય છે તેમ છતાં સ્ટેમ્પ ડ્યૂટીની આવક રાજય સરકાર તરફથી ફાઈનાન્સ વિભાગ તરફથી જે કંઈ આદેશ આપવામાં આવે છે એ પ્રમાણે અમે આગળ વધીએ છીએ. ગઈસાલ કરતાં લગભગ સો કરોડ રૂપિયા જેટલી આવક હજી અગિયાર મહિનામાં અમે આપી છે, હજી એક મહિનો એન્ડનો બાકી છે એક મહિના પહેલાની આ ફિગર છે એટલે એ પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટીની આવક પણ અમે વધારે પ્રમાણમાં જેટલી બને એટલી અને એમાં પણ ક્યાંય ભ્રષ્ટાચાર ન થાય, ખોટું ન થાય એની અમે ચિંતા કરી છે એ જ રીતે માર્ચ મહિનાથી ૧-૩-૦૫થી દસ્તાવેજ પર ફરજિયાત ફોટો અને અંગૂઠાનું નિશાન એક મિડિયાની અંદર આને ખોટી રીતે માહિતી આપી, ખરેખર હું અભિનંદન આપત એમણે જો સાચી માહિતી આપી હોત તો. વર્ષોથી દસ્તાવેજો ખોટાં કરાવી, કોઈના નામની સહીઓ કરાવી, સહીઓના અંગૂઠા કરાવવાનું ચાલતું હતું અમારા વિભાગે આ મહિનાની પહેલી તારીખથી નક્કી કર્યુ કે જે દસ્તાવેજ કરવા આવે લેનાર-વેચનાર એનો ફોટો ફરજિયાત જોઈશે, એના અંગૂઠાનું નિશાન જોઈએ અથવા એમણે એમ કહ્યું કે અમેરિકામાં રહે છે તો અમેરિકા કોઈ એને પાવર ઓફ એટર્ની આપે તો પાવર ઓફ એટર્નીવાળાનો ફોટો અને એનો અંગૂઠો લેવામાં આવશે, અમેરિકાથી એને અહીંયા નહિ આવવું પડે પણ જે ખોટા દસ્તાવેજો થતાં, સહીઓ ખોટી થતી એમાંથી આ દૂર થવાનું છે. આ રાજ્ય સરકારે ભરેલું પગલું એ સાચું અને સારી દિશાનું છે. રાજ્ય સરકારે પાંચ જેટલા એસ.ઈ.ઝેડ, સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનનું આયોજન કર્યુ છે, ડ્યૂટી જતી કરીને પણ જો રાજ્યનો વિકાસ થતો હોય તો અમારો વિભાગ સ્ટેમ્પ ડ્યૂટી ઝીરો ટકા કરી નાંખે તો એસ.ઈ. ઝેડનો ઝડપથી વિકાસ થાય, જે કંઈ દસ્તાવેજ પર, વિકાસ કરાર પર જે કંઈ સ્ટેમ્પ ડ્યૂટી લેવાની થશે એ પણ માફ કરી દઈશું અને એ રીતે એના પર સ્ટેમ્પ ડ્યૂટી લેવામાં નહિ આવે. એજ રીતે હાઉસમાં હું બિલ લાવેલો એડહેસિવ સ્ટેમ્પનું અમુક અમુક સમયે ડિમાન્ડ આવે છે એની બૂમો પડે છે તો દસ્તાવેજ ઉપર સ્ટેમ્પ લગાવવાનો નહિ પરંતુ એના પર અમે ફ્રેન્કીંગ મશીનની વ્યવસ્થા કરી એ પણ વ્યવસ્થા પૂરી પાડી છે એ જ રીતે ૩૨-ક ની અંદરથી જે સરકારી સાહસો છે એને ૩૨-ક માં નહિ લઈ જતાં એમણે જે કંઈ અવેજની કિંમત બતાવી છે એ કિંમત માન્ય રાખી અને કેસોનો ભરાવો ન થાય એટલા માટે સરકારી સાહસોને આમાંથી બાકાત રાખ્યા છે એમાં ગુજરાત વિદ્યુત બોર્ડ હોય, સરકારી સાહસ હોય એવા લોકોને ૩૨-ક માં નહિ લઈ જવાનો નિર્ણય કર્યો છે. એ જ રીતે ૧૯૬૦ થી ફાજલ થયેલ જમીન, કેન્દ્ર સરકારનો વીસ મુદ્દાનો કાર્યક્રમ છે. દરેક રાજ્યને કેન્દ્ર સરકાર આ કાર્યક્રમ નીચે પર્સન્ટેજની ફાળવણી કરવામાં આવે છે કે આટલું કરવું, છેલ્લા વર્ષની અંદર કેન્દ્ર સરકાર તરફથી ૪૦૦ એકર જમીન ફાળવણીનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો અમારા વિભાગે ૫૬૦ એકર જમીન આપી એ રીતે ૧૪૦ ટકા વીસ મુદ્દાના કાર્યક્રમનો લક્ષ્યાંક સિદ્ધ કરેલ છે બીજી વાત વધારે નહિ કરતાં અહીંયા જે વાત કરી છે ખાસ કરીને અધિકારીઓની વાત,

છેલ્લે અમારા વિભાગમાં મહેસૂલ વિભાગની કામગીરી અંગે આડે આવતા કોઈપણ અધિકારી/કર્મચારી ક્યાંય ગેરરીતિ કરતા હોય, ક્યાંય ખોટું કરતાં હોય. તેના ઉપર પગલાં લીધાં છે. આપના દ્વારા સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું કે, છેલ્લાં એક વર્ષમાં ૪૧ જેટલાં કેસોમાં ચાર્જશીટ આપી છે. ૯૫ કેસોમાં પ્રોસીકયુશનની મંજૂરી આપી છે. ૨૦૦ કેસોમાં શિક્ષાના આખરી હુકમો કર્યા છે અને ૧૧૪ કેસોમાં સસ્પેન્શન કરવામાં આવ્યું છે. આવડી મોટી કામગીરી એક વર્ષમાં જે અધિકારીઓ પણ આમાં સંડોવાયેલા હોય વિકાસની આડે કોઈ પણ આવશે તો આ રાજય સરકાર કયારેય નહીં ચલાવે આ તેની આંકડાકીય માહિતી છે. મારી વાતમાં સરકારની કામગીરીથી ધારાસભ્યશ્રીઓને સંતોષ હોય, બાબુભાઈને સંતોષ હોય, બીજા માનનીય ધારાસભ્યશ્રીઓને સંતોષ હોય તો જે કાપ દરખાસ્તો લઈને આવ્યા છે તે કાપ દરખાસ્તો પાછી ખેંચવા આપના થકી હું વિનંતી કરું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર ૧૧ અને ૧૨ આ વિધાનસભાના ગૃહમાં જ્યારે આજે લાવ્યા ત્યારે ૨૦ જેટલા સભ્યશ્રીઓએ ભાગ લીધો.જે સભ્યશ્રીઓએ અભિનંદન આપ્યાં છે તેમનો હું આભાર વ્યક્ત કરું છું. જેમણે સૂચન કર્યા છે તેમને ચોક્કસ

ખાતરી આપું છું કે હું પોઝીટીવલી તેમનાં સૂચનો ઉપર વિચાર કરીશ અને જેમણે ટીકા કરી છે તેમા મને એવું લાગે છે કે તેમની પાસે માહિતી ના હોવાને કારણે કરી છે એટલે સભાગૃહમાં માહિતી આપવા માટે ઊભો થયો છું.

માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબહેને કહ્યું સ્વપ્નો બતાવ્યાં જાદુઈ લાકડી ફેરવી. સ્વપ્નો બતાડ્યા નથી સ્વપ્નો બતાવીને પૂરાં કર્યા છે જ્યોતિ ગ્રામ યોજના જ્યારે અહીંયા લાવ્યા ત્યારે આ જ સભ્યશ્રીએ કહ્યું કે આ સ્વપ્ન બતાડ્યા છે આજે મને આનંદ થાય છે કે તમારામાંથી ઘણા બધા મિત્રોએ આને અભિનંદન આપ્યાં છે. આ સ્વપ્ન હતાં જે સ્વપ્ન પૂરાં કર્યા છે. ગુજરાત એક માત્ર રાજય છે આખા હિન્દુસ્તાનની અંદર કે જ્યાં એકે એક નગરપાલિકા અને એકે એક શહેરમાં એક મિનિટનું લોડ શેડીંગ નથી. આખા હિન્દુસ્તાનની અંદર દિલ્હીની અંદર એક ત્રણ કલાક અને ચાર કલાક લોડ શેડીંગ છે. બોમ્બે સિવાય એકે એક રાજયની અંદર , એકે એક શહેરની અંદર લોડ શેડીંગ છે ત્યારે ગુજરાત એક માત્ર છે. હું આ બધા સભ્યશ્રીઓને કહું છું કે એક પણ નગરપાલિકા તમારા વિસ્તારમાં હોય, તમારા શહેરમાં હોય અને આ જ્યોતિ ગ્રામમાં તમારું ગામ આવ્યું હોય તેમાં એક મિનિટનું લોડ શેડીંગ હોય તો મને ફોન કરજો હું તરતજ દૂર કરીશ. આજની તારીખમાં આપણે એક રાજય છે તેનું ગૌરવ અમે લઈએ છીએ.

પુંજાભાઈએ વાત કરી અણ આવડત છે, સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે ઊર્જા ખાતું. ઉત્પાદન થતું નથી. હું તેમને થોડાં આંકડા આપવા માગું છું કે, ૧૯૯૯-૨૦૦૦ની અંદર પી.એલ.એફ ૬૩.૭૦ હતો. આ જે કોલસા આધારિત વિદ્યુત મથક હતા તે જૂના જમાનાના મથક છે અને મને કહેતાં આનંદ થાય છે કે જે દિવસથી જીઈબીની સ્થાપના થઈ છે તેમાં કોઈ પણ વર્ષે પ્લાન્ટ લોડ ફેકટર ૭૦ ટકા ઉપર પહોંચ્યો નથી. આ વર્ષે ૭૦ ટકા ઉપર પહોંચશે. કોઈ વખતે નથી પહોંચ્યો, ૫૦ વર્ષના ઈતિહાસમાં નથી પહોંચ્યો. આવકની વાત કરીએ ૧૯૯૬-૯૭માં ૪૬૦૦ કરોડ હતો ઈતિહાસમાં સૌથી પહેલી વખત ૧૦ હજાર કરોડ જીઈબીની આવક પહોંચશે તે આ સાલ પહોંચશે.૯૧૭૫ આખા વર્ષનું હતું આ ફેબ્રુઆરીના અંત સુધીમાં ૯૨૭૮ પહોંચ્યો છે અને આ માર્ચનો મહિનો બાકી અને એક વર્ષની અંદર હજાર કરોડ રૂપિયા વધે એવી સંભાવના છે. ટી. એન્ડ ડી લોસીસની વાત કરીએ આખા દેશની અંદર અડધો ટકો દેશની અંદર પોણો ટકો વધે તો વખાણ કરવામાં આવે છે. ટી એન્ડ ડી લોસીસમાં ૨ ટકાનો ૭૦ ટકાનો ઘટાડો કરી ૨૬.૦૯ ટકા લાવ્યો છે. ખરીદીની વાત કરી ૨૦૦૨ અને ૨૦૦૧માં જે વીજળી ખરીદતા હતા બહારથી તેની એવરેજ સરેરાશ ૨.૫૯ હતી. ૨૦૦૩-૦૪માં તે ઘટાડીને ૨.૨૯ કરી અને આ વર્ષે ૨.૨૯થી ઘટાડીને ૨.૦૯ કરી છે અને સભ્યશ્રી કહે છે વહીવટ કરતા નથી આવડતું. ખાનગી કંપનીઓની વાત કરું જે ખાનગી કંપનીમાં વીજળી ખરીદતી હતી જે ૨૦૦૨-૦૩ની વાત કરું એસ્સાર પાસે ૪ રૂપિયા અને ૧૭ પૈસે ખરીદતા હતા તે ઘટાડીને ૨૦૦૪માં ૨ રૂપિયા અને ૭૦ પૈસા કરી છે. જીપેક પાસે ૫.૫૯ પૈસે લેતા હતા એ ઘટાડીને ૨.૮૯ પૈસા કરેલ છે અને જે એવરેજ આઈ.ટી.પી..ના ૩-૦૦ રૂપિયા હતા એ ઘટાડીને ૨.૩૯ પૈસા કર્યા છે. હું એમ કહીશ કે આ ખાનગી કંપનીઓ પાસેથી જે વીજળી લેતા હતા એમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે એસ્સારને વાર્ષિક ૬૩ કરોડ રૂપિયા ઓછા કર્યા છે, જીપેકને ૨૪૦ કરોડ રૂપિયા, જીઆઈપીસીએલને ૭૩ કરોડ રૂપિયા ઓછા કર્યા છે, એમ કરીને ૪૯૫ કરોડ રૂપિયા ઓછા કર્યા છે. ૮૪૦૦ કરોડ રૂપિયાની લોન ઉંચા વ્યાજના ભાવથી લીધેલ હતી, એમાં ૧૩ થી ૧૩.૫ ટકા વ્યાજ હતું એ વ્યાજમાં ઘટાડો કરીને ૯ થી ૯.૫ ટકા એવરેજ લાવીને ૨૭૦ કરોડ રૂપિયાનો વાર્ષિક લાભ થયો છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, દાખલા આપું કે જે સભ્યશ્રીઓ વાત કરે છે તેમને કહેવું છે કે ભારતીય જનાતા પાર્ટીની સરકાર હતી ત્યારે દિલ્હીમાં કોઈ કોલસાનો વધારો આવ્યો નહોતો, ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી દિલ્હીમાં ત્યારે નૂર, ભાડા કે ફ્રેટમાં કોઈ વધારો આવ્યો નહોતો અને આ કોંગ્રેસ સરકારે આવીને ૨૦ ટકા કોલસામાં ભાવ વધાર્યા છે અને એ રીતે ૨૨૦ કરોડ રૂપિયાનું ભારણ જી.ઈ.બી. ઉપર આવ્યું છે અને ફ્રેટમાં ૭.૫ ટકાનો વધારો કર્યો એનાથી ૧૧૦ કરોડનું ભારણ એમ કરીને કુલ ૩૩૦ કરોડ રૂપિયાનું ભારણ આ જી.ઈ.બી. ઉપર વધ્યું છે એ આ કોંગ્રેસ સરકારને કારણે વધ્યું છે, આમ છતાં પણ અમે કોશિશ કરીએ છીએ કે કોલસામાં આપણે જે એશ કન્ટેઈન વધારે વાપરીએ છીએ એને બદલે વોશ કોલ વધારે વાપરીએ અને એ રીતે ૨૦૦૧-૦૨ માં ખાલી ૭ લાખ ૬૪ હજાર રૂપિયાનો કોલ વોશ આવતો હતો એ ૨૦૦૪ માં ૨૭ લાખ ટન વોશ કોલ લાવ્યા છીએ અને એના કારણે હાલ ૪૦ ટકા એશ કન્ટેઈન હતું એના બદલે ૩૦ ટકા એશ કન્ટેઈન ઉપર લાવ્યા અને જે કેલેરી યુઝ વેલ્યુ ૩૫૦૦ હતી એના ૪૩૦૦ કરી અને એના કારણે કોલસો ચોખ્ખો થવાને કારણે આપણે રીડકશન ઈન ઓકઝોલઝીક ઈન કન્ઝમ્પશન આવ્યું છે અને એના કારણે જી.ઈ.બી.ને તમારે કારણે આટલો ખર્ચ વધ્યો છે એ અમે આ રીતે મહેનતથી ઘટાડયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હજુ પણ અમે આગળ વધવા માગીએ છીએ અને અમે એવું નકકી કર્યુ છે કે કેન્દ્રની અણઆવડતના કારણે(અંતરાય) કોલ ઈન્ડિયા ઈન એફિશિયન્ટ મેનેજમેન્ટને કારણે કોલસાનું માઈનિંગ કરે છે એનો ખર્ચ વધારે થાય છે અને એના કારણે ગુજરાતને કોલસો મોંઘો પડે છે. એના માટે પહેલી વખત ગુજરાત સરકાર અને રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ત્રણ જગ્યાએ આ માઈનિંગ થાય એ માટે

અરજી કરી છે કે અમને માઈનિંગ આપો તો અમે માઈનિંગ કરીશું અને એ રીતે સસ્તો કોલસો કરીશું. તો હું આપને વિનંતી કરું છું કે આપ પણ એમાં થોડીક ભલામણ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, હું ધ્યાન દોરવા માગું છું કે આઈ.ઓ.સી.ની સાથે ઓઈલ કોન્ટ્રેકટ કર્યો હતો એ ઓઈલ કોન્ટ્રેકટમાં અમે જોયું કે એના ભાવ વધતા જાય છે. એટલે અમે આઈ.ઓ.સી. સાથે ૭૧૦૯નો હતો એ ૬૫૦૯નો કોન્ટ્રેકટ કર્યો અને એના કારણે ફાયદો થયો છે અને આજે એની માર્કેટ વેલ્યુ ૧૩૫૧૬ છે એટલે એ જો ના કર્યો હોત તો ૪૦૦ કરોડ રૂપિયાનો બોજો પડયો હોત. અમે આ લાંબાગાળાનો કોન્ટ્રાકટ કર્યો એટલે અમને ફાયદો થયો છે.

માનનીય સભ્યશ્રીઓએ વાત કરી કે વીજળી કયાંથી આવશે? તો અમે સાત પાવર પરચેઈઝ એગ્રીમેન્ટ લાંબાગાળાના કર્યા છે એમાં ૧૭૬૬ મેગાવોટનું વીજળીનું ઉત્પાદન થશે એમાં એન.ટી.પી.સી., સીપટ અને હાઈડ્રો, આ પ્રમાણે કરીને ૨૦૦૭ થી એ ચાલુ થશે તો ૨૦૦૯ સુધીમાં ૧૭૬૬ મેગાવોટ જે આપણે ત્યાં હાઈડ્રોનું પાણી આધારિત ઉત્પાદન નથી, એનાથી માંડીને કોલસા આધારિત ઉત્પાદન અને ગેસ આધારિત એન.ટી.પી.સી. પાસેથી લેવાનો લાંબાગાળાનો કોન્ટ્રેકટ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં ઈલેકટ્રીસીટી ડયુટીની વાત કરું તો અત્યારે રજૂઆત કરવામાં આવી કે ઈલેકટ્રીસીટી ડયુટી ઘટાડવામાં આવે. તો મને કહેતાં આનંદ થાય છે કે આ ભારતીય જનતા પાર્ટીની એક જ એવી સરકાર છે અને માનનીય વજુભાઈ એક જ એવા મંત્રી છે કે જેમના સમયમાં આ વિધાનસભાના ફલોર ઉપર ઈલેકટ્રીસીટી ડયુટી ઘટી છે. ઈતિહાસમાં કોંગ્રેસના કોઈપણ નાણામંત્રીશ્રીને આ ઈલેકટ્રીસીટી ડયુટી ઘટાડવાની તક મળી નથી, તેમણે તો વધારો જ કર્યો છે અને આ એક જ નાણામંત્રીશ્રી છે કે જેમણે અત્યારસુધીમાં ૬૦૦ કરોડ રૂપિયા આપ્યા છે. આ એક જ એવા નાણા મંત્રીશ્રી છે કે જેમણે અત્યાર સુધીમાં છસો કરોડ રૂપિયા આપ્યા છે, અને આ વર્ષે ૨૨૯ કરોડ રૂપિયા આપ્યા છે. મારે વિગતમાં નથી જવું કે કયાં કયાં ઈલેકટ્રીસિટી ડયુટી ઘટી છે, મને ચોકકસ ખાતરી છે કે માજી નાણા મંત્રીશ્રી અહીં બેઠા છે તેઓ મને આ બાબતમાં સમર્થન આપશે. એનર્જી ઓડિટમાં અમે ધ્યાન આપ્યું અને મોટા ઉદ્યોગોને કેવી રીતે રક્ષણ મળે, થોડું ફરજિયાત કર્યુ, શરૂઆતમાં થોડો વિરોધ આવ્યો, આજની તારીખે હવે બધા એનર્જી ઓડિટ કરાવે છે, અને સો થી દોઢસો કરોડ રૂપિયાનો આપણને ફાયદો થયો છે. જી.ઈ.બી.નું રીસ્ટ્રકચરીંગની વાત પણ કરવામાં આવી છે, અત્યારે માનનીય સભ્યશ્રી અહીં બેઠા નથી, પણ મારે તેમનું ધ્યાન દોરવું છે કે કોઈ ખાનગીકરણ થવાનું નથી., આપ જાણો છો કે રી-સ્ટ્રકચરીંગનું બિલ વિધાનસભાએ પસાર કર્યુ છે, અને સરકાર પાસે તેની કોઈ સત્તા નથી, જે કંઈ સત્તા છે તે આ વિધાનાસભા પાસે જ છે. વિધાનસભાની મંજૂરી વગર તે શકય નથી, આ એકટમાં જોગવાઈ છે. એટલે કોઈપણ જાતની ખોટી વાતો કરતા નહીં.

ઈલેકટ્રીસીટી કમિશનના રેગ્યુલેશન છે તે પ્રમાણે આપણે કામગીરી કરી રહ્યા છીએ તે પણ બિરદાવવા લાયક છે. બહેનશ્રીએ સબસ્ટેશનની વાત કરી, કે ટેન્થ પ્લાનમાં ૧૯૧ સબ સ્ટેશનો કરવાના હતા તે કેમ નથી થયા, એ પણ અમે આ વર્ષે માર્ચ સુધીમાં ૪૮ જેટલા કરી નાખીશું અને આવતા બે વર્ષમાં પચાસ પચાસ સબ સ્ટેશનો કરી અને સંપૂર્ણપણે ટેન્થ પ્લાનમાં જે જોગવાઈ કરી હતી તે પ્રમાણે સો ટકા સબ સ્ટેશનો પૂરા કરીશું. નવા પાવર પ્રોજેકટ ગુજરાતમાં આવે છે, જી.એમ.ડી. નો એકીમોટા પાવર પ્રોજેકટ ૨૫૦ મેગાવોટનો ચાલુ થાય છે, સુરત ઈલેકટ્રીસિટી નું પણ ૧૦૫૦ મેગાવોટનું કામ ચાલુ થયું છે. જી.એ.સી.સી નું ૨૦૦ મોગાવોટનું, ૧૦૬ મેગાવોટનું ધુવારણ અને સરદાર સરોવરનો જે ૧૪૫૦ મેગાવોટનો પાવર પ્રોજેકટ છે તેમાં મને જણાવતાં આનંદ થાય છે કે કેનાલ બેડ અને રીવર બેડ બે પ્રોજેકટ છે એમાં ૨૦૦-૨૦૦ મેગાવોટના ૩ આ વર્ષમાં ચાલુ થશે અને બે આવતા વર્ષમાં ચાલુ થશે અને ૨૦૦૬ સુધીમાં ૧૪૫૦ મેગાવોટનું જે સરદાર સરોવર પાવર પ્રોજેકટનું આપણું સ્વપ્ન હતું તે ચોકકસપણે પૂર્ણ થશે. એ ઉપરાંત ગુજરાતને સરપ્લસ સ્ટેટ બનાવવાની માનનીય મુખ્ય મંત્રીશ્રીની ઈચ્છા છે, જે એમ.ઓ.યુ. ૨૦૦૫ માં કર્યા છે એ જોઈએ તો ઓછામાં ઓછા ૧૨ થી ૧૪ હજાર મેગાવોટના એમ.ઓ.યુ. સાઈન કર્યા છે અને ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જે લિગ્નાઈટ આધારિત આવડું મોટું ઉત્પાદન પોતાના વિસ્તાર માટે કરવા માગે છે. સુવિધા આપવા માટે પણ ઘ ણાં કામ કર્યા છે તે અંગે વાત કરું તો પોસ્ટ ઓફિસમાં આવા કલેકશન સેન્ટરોમાં પાંચ રૂપિયા આપીએ છીએ. ૧૯૯૬ પછી વ્યકિતગત બિલિંગ સેન્ટર અમે કોઈને આપેલા જ નથી. જે કોઈ આપેલા છે તે ૧૯૯૬ પહેલાના જ આપેલા છે. અને કોંગ્રેસ સરકારે આપેલા છે. ૧૯૯૬ પછી જે સંસ્થાઓને આપેલા છે તેમાં મને કહેતાં આનંદ થાય છે કે સૌથી વધારે બિલિંગ સેન્ટરો પોષ્ટ ઓફિસને આપેલા છે, અને તેના કારણે આજની તારીખમાં સાત હજાર જેટલી પોષ્ટ ઓફિસમાં ગામડાંમાં આ બિલ સ્વીકારવા માટેના કલેકશન સેન્ટરો છે. અને પ્રજાને આ સુવિધા આપવા માટે પાંચ રૂપિયા ખર્ચવામાં અમને કોઈ તકલીફ નથી. અમે ચોકકસ આપીશું, ગામડાંની વ્યકિતને ૫૦ રૂપિયા ખર્ચીને નગરપાલિકામાં બિલ ભરવા આવવું પડે તેવું સરકાર ઈચ્છતી નથી.

ખેડૂતોને સુવિધા આપવા માટેની વાત પણ કરવામાં આવી છે. હું આપને કહું કે આ કોંગ્રેસ સરકારના વખતમાં જયારે વીજ ચોરી થાય ત્યારે ખેડૂતો માટે એ.બી.સી.ડી. ફોર્મ્યુલા હતી. અને ૨૦ હોર્સપાવરની મોટર

હોય તો તેને ૩ લાખ ૧૬ હજાર નું બિલ અપાતું હતું આજે ૨૦ હોર્સપાવરની મોટર હોય તો તેને ફક્ત ૮૦ હજારનું જ બિલ આપવામાં આવે છે. આ સુવિધા ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. ગ્રામ્યમાં રહેવા માટે એ લોકો એ.બી.સી.ડી. ફોર્મ્યુલા આપતા હતા. અમે એ.બી.સી.ડી.ની ફોર્મ્યુલા કાઢી નાખી છે અને બે હોર્સ પાવર્સ સુધીનો લોડ હોય તો ૫૧૦૦ નું બિલ આપવો તેવો નિર્ણય કર્યો છે. એટલે લાખ બે લાખના બિલો અપાતા હતા તે નીકળી ગયા છે. એ જ રીતે ટ્રાન્સફોર્મરની વાત પણ કરવામાં આવી છે. એક જમાનો હતો કે ટ્રાન્સફોર્મર બળી જાય તો ખેડૂતો લાઈનમાં મહિનો મહિનો ઉભા રહે. આજે હું ઓપન ચેલેન્જ આપું છું કે ટ્રાન્સફોર્મર બળી ગયું હોય તો ૪૮ કલાકમા ન બદલાય તો મારી ઓફિસમાં આવીને મને જાણ કરજો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની વાત નીકળી છે તો સબસિડીની વાત પણ કરીએ. ખેડૂતોની વાત નીકળી છે ત્યારે સબસિડીની વાત કરી લઈએ. ૧૯૯૫-૯૬ની અંદર ૯૯૬ કરોડની સબસિડી આપવામાં આવી હતી. જ્યારે ગયા વરસે ૧૭૧૯ કરોડની સબસિડી આપવામાં આવી છે.

અહીંયા સારા વહીવટની વાત થઈ. અમે કોમ્પ્યુટરાઈઝ કરવા માગીએ છીએ. આજે જી.આઈ. સિસ્ટમ કરવા માગીએ છીએ. જી.આઈ. સિસ્ટમ એટલે શું? ઑફિસમાં બેઠા બેઠા ખબર પડે કે કેટલા વૉલ્ટેજવાળી વીજળી જાય છે. જી.આઈ. સિસ્ટમ એટલે શું કે એમાં ખબર પડે કે કયા વપરાશવાળાની કેટલી વીજળી વપરાય છે. એના ટ્રાન્સ્ફૉર્મરમાં રેકોર્ડીંગ થાય અને ઘરે બેઠા બેઠા ખબર પડે. કોઈપણ જગ્યાએ ફોલ્ટ આવે તો એને ઑફિસમાં ખબર પડે કે આ બંધ પડ્યું છે. આ જી.આઈ. સિસ્ટમનો વડોદરામાં અમલીકરણ થઈ ગયુ છે. અને આવતા દિવસોની અંદર મોટા મોટા શહેરો જેવા કે રાજકોટ, જુનાગઢ વગેરેમાં અમલીકરણ કરવા માગીએ છીએ. અને છ મહિનાની અંદર કામ પૂર્ણ થશે.

જી.ઈ.બી. ના મારા સ્ટાફને ખૂબ ખૂબ અભિનંદન આપવા છે. ફિડર બાઈફરગેશન ૨૦૦૧માં ૧૪૨ અને ૬૮૯ કિલોમીટરની લાઈન નાખવામાં આવી છે. જ્યારે આ ચાલુ વર્ષમાં ૨૮૦ અને ૧૬૩૮ કિલોમીટરની લાઈન નાખવામાં આવી છે. હું થોડા થોડા આંકડા બોલું છું કારણ કે સમય ઓછો છે એટલે રિપ્લેસમેન્ટ જે સભ્યશ્રીએ વાત કરી. જૂની લાઈનો જે અમારા હાથમાં આવી હતી. ૨૦૦૦-૨૦૦૧માં ૩૨૯ કિલોમીટરની લાઈન બદલાઈ હતી. જ્યારે આ ચાલુ વરસે અત્યાર સુધીમાં ૧૬૬૧ કિલોમીટર જૂની લાઈન બદલી છે. મીટરો ચાર લાખ વાર્ષિક બદલાયા હતા. આ વરસે અત્યાર સુધીમાં ૮.૫૦ લાખ મીટરો બદલાયા છે. મેટલ મીટર બૉક્સ ૨૦૦૦-૨૦૦૧ની અંદર ચાર લાખ હતા.(અંતરાય) હું ૧૯૯૫-૯૬ જોઉં તો સાવ ડબ્બો હશે. ૨૦૦૦-૨૦૦૧માં ૪ લાખ ૮હજાર. (અંતરાય) સીંગલ ફેઈઝ મીટરો ૪ લાખ ૮ હજાર હતા એ આ વરસે ૯ લાખ ૪૦ હજાર કર્યા છે.

મારે એક વિષય ઉપર રાજકારણ છોડીને વાત કરવી છે. આ બહુ જ ગંભીર પ્રશ્ન છે. ૫૦ વર્ષથી આપણે એકજ વાત કરીએ છીએ કે ખેડૂતોને વીજળી આપો, ખેડૂતોને વીજળી આપો. જો આપણે ખેડૂતોની હકીકતમાં ચિંતા કરતા હોઈએ તો ખેડૂતોને પાણી મળે એના માટે ચિંતા કરવી જોઈએ અને બીજું પાણી વાપરવા માટે ચિંતા કરવી જોઈએ. માફ કરજો મારે સભ્યશ્રીઓને કહેવું છે કે લાંબો વિચાર નહોતો, લાંબો વિચાર નહોતો એના કારણે ૧૪-૧૪, ૧૬-૧૬ અને ૧૮-૧૮ કલાક વીજળી આપી છે એના લીધે આપણા તળિયા ખાલી થઈ ગયા છે. આ સત્ય છે અને સત્યનો સામનો કરવો જોઈએ. આજે વાત કરુ તો આઠ કલાક વીજળી ગઈ સાલે આપવાનું ચાલુ કર્યુ તો મારી પાસે એટલા બધા ખેડૂતો આવ્યા કે આઠ કલાકમાં ન થાય અને એટલા બધા ધારાસભ્યશ્રીઓ આવ્યા, પરંતુ આજની પરિસ્થિતિમાં એવું બન્યું છે કે આ ધારાસભ્યશ્રીઓ આવીને કહે છે કે તમે જે નિર્ણય કર્યો એ સાચો કર્યો છે. એ જ ખેડૂતો આવીને કહે છે. આખા ઉત્તર ગુજરાતની અંદર આઠ કલાક આપીએ છીએ એ ખેડૂતો કહે છે કે તમારો નિર્ણય સાચો હતો. એના કારણો હું જો આમાં રાજકારણ ન લાવો તો સાચાં કારણો કહું. આઠ કલાકને કારણે પાણી વધે છે. ૧૨ કલાક કરતાં આઠ કલાકમાં પાણીનો જથ્થો વધે છે. બીજું ખેડૂતો પાણીનો બચાવ કરે છે અને એ પ્રમાણે વાપરે છે. ત્રીજું જે કોઈ તકલીફ છે એ મોટા ખેડૂતોને છે. નાના ખેડૂતોને તકલીફ નથી. અને ચોથુ શિયાળાનો પાક તમે એ વિસ્તારમાં આવો. સૌરાષ્ટ્રમાં જોઈએ તો આ વખતે શિયાળાનો પાક નીકળ્યો એ કયારેય ન નીકળ્યો હોય એટલો નીકળ્યો છે. જી.ઈ.બી. પાસે રેકૉર્ડ છે કે ખેડૂતોના પાણી બે મહિના, ત્રણ મહિનાની અંદર ખાલી થઈ જતા હતા. અને પછી વીજળી પણ વાપરતા નહોતા અને પાણી પણ વાપરતા નહોતા. અમે આ ૨૪ કલાકને બદલે આઠ કલાક વીજળી આપવાને કારણે આજની તારીખમાં ઘણા ફિડર ઉપર ઘણા ખેડૂતો આઠ કલાક વીજળી અત્યારે વાપરે છે. હું ચોક્કસપણે કહીશ કે આઠ કલાક આપવાથી ચોક્કસપણે ફાયદો થયો છે. જ્યારે પણ જરૂર પડે વરસાદ ખેંચાયો હોય ત્યારે ૩૦૦-૩૦૦ કરોડ રૂપિયા ખર્ચીને ખેડૂતોને વીજળી અમે આપી છે. ૧૮૦ એમ્યુઝ સુધી વીજળી આપી છે. એવો સમય આવશે અને જરૂર પડશે તો આઠ કલાકથી વધારે આપીશું પરંતુ આપણે જ ખેડૂતો પાસે જઈએ આ ખેડૂતોને સમજાવીએ કે ટપક સિંચાઇ પદ્ધતિમાં જાવ. શિયાળામાં પણ પાક મળશે અને તળ ઉંચા આવશે. આ ડાર્કઝોન આવવાનું કારણ શું? ડાર્કઝોન આવવાનું કારણ એ જ.(અંતરાય) હું ચોક્કસપણે કહી શકું કે આદરણીય મુખ્યમંત્રીશ્રી ટપક પદ્ધતિની ૧૫૦૦ કરોડની યોજના લાવ્યા છે. એ શરૂ થશે અને

ફુલફ્લેજ ગાડી ચાલશે ત્યારે ખેડૂતોને થશે કે પાણી ઓછું આપવાથી ઉત્પાદન ડબલ થાય છે. કમનસીબી એ છે, આપણાં ખેડૂતપુત્રોને એ ખબર નથી કે પાણી વધારે વાપરવાથી ઉત્પાદન ઓછું થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોકેમિકલ્સ વિભાગની વાત કરું તો ગુજરાત પેટ્રો કેપિટલ ઑફ ધ નેશન તરીકે ઓળખાઈ રહ્યું છે. એ કેમ ઓળખાઈ રહ્યું છે? ગુજરાત આવતા દિવસોમાં ગેસ બેઝ વિકાસ કરશે. આપણી પાસે ગેસ માટે અત્યારે જે પ્રમાણે આયોજન કર્યું છે એ પ્રમાણે ઉદ્યોગો, ઘરવપરાશ અને ટ્રાન્સપૉર્ટ આ ત્રણેય જગ્યાએ આપણે ગેસ વાપરી શકીશું. સૌથી પહેલું કામ કર્યું, સોર્સ ઑફ ગેસ. આ અગત્યનું છે. સોર્સ ઑફ ગેસ ન હોય તો કામ ન થાય. તેનું આયોજન એ પ્રમાણે કર્યું છે કે આવતા દિવસોમાં આખા એલ.એન.જી. ટર્મીનલ છે તેના એમ.ઓ.યુ. સાઈન કર્યા તેના કારણે દહેજમાં પેટ્રોનેટ છે તેની કેપેસિટી વધે છે. એટલે એલ.એન.જી. વધારે આવશે. બીજું, આઈ.ઓ.સી. સાથે આપને ખ્યાલ નથી પણ અદ્‌ભૂત કરાર કર્યો છે. આઈ.ઓ.સી.ને ઈરાનમાં જે ગેસ મળ્યો છે એ એલ.એન.જી.માં કન્વર્ટ કરવાના છે. એ કન્વર્ટ કરીને હિંદુસ્તાનમાં લાવવાના છે. તેના ૫ મિલિયન મેટ્રિકટનનો ગુજરાત સરકારે કરાર કર્યો છે. આ એલ.એન.જી. કયાં આવશે? સૌરાષ્ટ્ર અને ગુજરાતની કોસ્ટલ લાઈન પર આવશે. તેના માટે કેન્દ્ર સરકારને વિનંતી કરી છે, આઈ.ઓ.સી.ને કે તમે આ જે ટર્મીનલ લાવો એ પીપાવાવ લાવો. એટલે આપને વિનંતી કરું કે તમે બેનને કહીને થોડું વધારે...પરેશભાઈ, આ લાભ થાય તે પ્રમાણે કરો. ડો. મનમોહનસિંગને કહીને(અંતરાય)

બીજું કહું કે આપણને કેટલો અન્યાય થયો છે? (અંતરાય) સાંભળો. રાજીવ ગાંધીએ આપણને પીપાવાવનું વચન આપ્યું હતું કે પીપાવાવને ગેસ આપીશું. કયાંથી આપીશું? કે તાપ્તીમાંથી. જે નવો ગેસ નીકળે તે તમને આપીશું. હવે આવતા દિવસોમાં નવો ગેસ નીકળવાનો આવ્યો છે. અત્યાર સુધી બધી સરકારોએ લખીને આપ્યું હતું કે આ ગેસ તમારો. અમારી સરકારે પણ લખીને આપ્યું હતું કે આ ગેસ તમારો. મણિશંકર ઐયરનો જવાબ છે ગૃહમાં, પાર્લામેન્ટમાં કે તમને ગેસ મળશે પણ તમારા જે પ્રાઈવેટ ઑપરેટર છે તેની પાસે જવું. એટલે પ્રાઈવેટ ઑપરેટર પાસે જાય અને બહુ સ્પષ્ટ જવાબ લખ્યો છે કે પ્રાઈવેટ ઑપરેટર પાસે જવું અને માર્કેટ પ્રાઈસે લેવું. ગેસ કંટ્રોલ પ્રાઈસે ચાલતો હોય તેના કારણે વીજળીનું ઉત્પાદન થતું હોય તેનાથી ડબલ ભાવે ગેસ માર્કેટ પ્રાઈસે આપણે લઈએ તો પીપાવાવનું સ્ટેશન આવે? ન આવે. આ તમારી કેન્દ્રની નીતિ. આ સપ્લાયની વાત કરી. હવે ડિસ્ટ્રિબ્યુશનની વાત કરું. આજે ડિસ્ટ્રિબ્યુશનમાં અમે પુષ્કળ મહેનત કરીએ છીએ. આજની તારીખે ગેસ ગ્રીડ.(અંતરાય) મારે જવાબ નથી આપવો, તેનું કારણ છે,

મારી પાસે હાઉસને આપવા માટે ઘણી બધી માહિતી છે. આજની તારીખમાં હજીરાથી જે પાઈપલાઈન લાવ્યા હતા એ આપણે વાપી સુધી કરીએ છીએ. તેના કારણે આપણે દક્ષિણમાં મહારાષ્ટ્ર બૉર્ડર સુધી છેક ઉપર મહેસાણા સુધી આપણે પાઈપલાઈન લઈ જઈએ. હું કહું કે ગ્રીડ કેવી રીતે કરીએ છીએ? અંકલેશ્વર-ધુવારણ, કલોલ-હિંમતનગર, કલોલ-મહેસાણા, આણંદ-રાજકોટ-મોરબી, આણંદ-પીપાવાવ અને મોરા-વાપી આ કામ ૧૨૬૯ કરોડના ખર્ચે કરેલ છે અને ૮૨૫ કરોડની પાઈપલાઈન છે. આનો પ્રોગ્રેસ કહું કે અંકલેશ્વર-ધુવારણનો સરવે પૂરો થઈ ગયો છે. કલોલ-હિંમતનગરનો પ્રિ-ક્વૉલિફિકેશન સરવે પૂરો થઈ ગયો છે. એન્જિનિયરીંગ પ્રોસેસ છે. કલોલ-મહેસાણા સરવે કમ્પ્લીટ છે અને પૂરું થઈ જશે. આ ત્રણેય ૨૦૦૬માં થશે અને આણંદ-રાજકોટ-મોરબી છે તેના ટેન્ડર ફેબ્રુઆરીના અંતમાં, માર્ચની શરૂઆતમાં ઈસ્યુ થશે અને કમ્પ્લીશન ૨૦૦૬માં બધી લાઈનો સાથે કરવા માગીએ છીએ. આમાં આનંદની વાત એ છે કે, હિન્દુસ્તાનની અંદર કેન્દ્ર સરકારની એક જ કંપનીએ ૯૦ કરોડ રૂપિયા જે ઇન્ડસ્ટ્રીયલ ડૅવલપમૅન્ટ ફંડ તરીકે ઓળખાય છે એણે કયારેય ઈન્ફ્રાસ્ટ્રકચર માટે પૈસા રોક્યા છે પણ કયારેય સરકારી કંપનીમાં ઈન્ફ્રાસ્ટ્રકચરમાં રોક્યા નથી એણે ગુજરાતમાં પેટ્રોનેટની અંદર ૯૦ કરોડ રૂપિયાની ઇકવિટી લીધી અને ગુજરાત પેટ્રોનેટ કમાતું નથી તો પણ ગુજરાત પેટ્રોનેટની અંદર પ્રીમિયમ શેર આપ્યા છે. આવો દાખલો કયારેય હિન્દુસ્તાનમાં જોવા મળશે નહીં કે પ્રીમિયમમાં કોઈ સરકારી કંપની ગઈ હોય એવો આ દાખલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગેસ ગ્રીડની પાઈપલાઈન તો અમે છેલ્લા ૫ વર્ષથી નાખતા આવ્યા છીએ અને નાખીશું અને કયારેય કેન્દ્રે વાંધો ઉઠાવ્યો નથી. આવતા દિવસોમાં અમને ડર એક જ લાગે છે કે, કેન્દ્ર વાંધો ના ઉઠાવે તો સારું. જો કેન્દ્ર વાંધો ઉઠાવશે તો ગુજરાતને પેટ્રો કેપિટલ બનાવવાનો આપણો જે માસ્ટરપ્લાન છે, ગુજરાતને ગેસ બેઈઝ ઈકોનૉમિક બનાવવાનું એમાં નુકસાન થશે. મારી સભ્યશ્રીઓને એટલી વિનંતી કે, આના માટે થોડાક સક્રિય રહેજો તો આપણને ફાયદો થશે. પ્રાઈઝીંગ ઑફ ગેસની વાત કરું કે, છેલ્લા ૫ વર્ષમાં કેન્દ્રના પ્રાઈઝીંગની અંદર કન્ટ્રોલ પ્રાઈઝ છે. ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રમાં સરકાર હતી ત્યારે એની અંદર કન્ટ્રોલ પ્રાઈઝ ના વધે એના માટે ગુજરાત સરકારે પૂરી કાળજી લીધી અને હું સફળતાપૂર્વક કહું કે, કેન્દ્રમાં આપણા કહેવાથી પાર્લામેન્ટમાં બિલ આવી ગયું હતું, આપણે રોક્યું અને ગેસના ભાવ વધારવાના હતા એ આપણે રોકી શક્યા હતા. આટલું જ કામ આપશ્રી કરો અને ગેસનો વધારો ન આવે એટલી આપશ્રીને મારી વિનંતી.

માનનીય અધ્યક્ષશ્રી, સી.એન.જી.ના સ્ટેશનો કરવા માટે અમે દરેક શહેરની અંદર ગેસની પાઈપ લાઈન નાખવા માગીએ છીએ. આવતા ૨ વર્ષની અંદર જે શહેરોમાં પાઈપ લાઈન નાખવાની છે એનું આયોજન કર્યું છે એના થોડાક નામો આપું છું. વાપી, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સુરેન્દ્રનગર, રાજકોટ, હિંમતનગર, મોરબી, વાંકાનેર, થાનગઢ, ધુવારણ, વલસાડ, નવસારી, આણંદ, નડિયાદ. આ પાઈપ લાઈન દ્વારા બહેનોને ઘ ેરબેઠાં ગેસ મળે એવું આયોજન કર્યું છે. રસ્તાઓમાં જે ગામડાઓ આવે છે એની યાદી મારી પાસે છે હું બોલતો નથી. પણ શહેરોમાં નહીં પણ ગામડાની અંદર પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે કે, જે કોઈ ગામડા વચ્ચે આવતા હોય એને પણ પાઈપ લાઈન નાખીને એને પણ પાઈપ લાઈનથી ગેસ આપવામાં આવે. ગુજરાત એક માત્ર રાજય છે કે, જેણે સી.એન.જી. એકટ પસાર કર્યો છે અને વિધાનસભામાં લાવ્યા છીએ. એ આજે કેન્દ્રમાં પડ્યો છે. અમે મહેનત ખૂબ કરીએ છીએ કે એને તાત્કાલિક મંજૂરી મળે તો આ વિધાનસભા સત્રમાં જ ગૃહ બંધ થાય એ પહેલાં એને રજૂ કરવામાં આવે અને એની ચર્ચા થઈ જાય. પણ આની અંદર વાંધો ન નીકળે એવી હું પ્રભુને પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આવતા ૨-૩ મહિનાની અંદર અમદાવાદમાં ૧૮થી ૨૦ જેટલા સી.એન.જી. સ્ટેશનની સ્થાપના કરવામાં આવશે. આના કારણે નેશનલ કમ્પેઈન ઉપાડવાના છીએ કે જેનાથી આપણે સી.એન.જી.માં કન્વર્ટ કરી શકાય એવું પૅટ્રોલિયમ પાર્ક બનાવવાનું આયોજન કર્યું છે. આજે વાતચીત ચાલી રહી છે, એમ.ઓ.યુ. સાઈન થાય, કોઈક બહારની કંપની થાય. આજની તારીખમાં ગુજરાતમાં પૉર્ટ ઉપર એક પાર્ક બનાવવાના છીએ કે જેથી જે ગ્રિડ અને આખા હિન્દુસ્તાનની અંદર એશિયા, સાઉથ ઈસ્ટ એશિયામાં કોઈ મેઈન્ટેનન્સ હબ નથી તો, ગુજરાતની અંદર આવું મેઈન્ટેનન્સ હબ બને એના માટે પ્રયત્ન કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રૉયલ્ટીમાં હું આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે જે ૨-૩ વર્ષ પહેલાં ૫૫૦ કરોડ હતું. આજે પૅટ્રોલિયમની અંદર રાજય સરકારની રૉયલ્ટી ૧૨૦૦ કરોડ રૂપિયા પહોંચી છે. મને જણાવતાં આનંદ થાય છે કે, જી.એસ.પી.સી. એક માત્ર કંપની છે કે જેણે રાજયની અંદર કેન્દ્રની કંપનીઓ સાથે હરિફાઈ કરે છે, પ્રાઇવેટ કંપનીઓ સાથે હરિફાઈ કરે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નિર્ણયના કારણે, હિંમતના કારણે રાજયને હજારો કરોડો રૂપિયાનો ફાયદો થાય છે. ધોળકા ફિલ્ડમાં આપણે જે શોધ કરી, ઓ.એન.જી.સી.એ છોડ્યું, ગેલે છોડ્યા પછી આપણે કર્યું અને એના કારણે આપણને ઓછામાં ઓછો ૨૦૦૦થી ૨૫૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થશે અને એનું જે ઑઈલ નીકળશે, એપ્રિલથી ઑઈલ નીકળવાનું ચાલુ થશે. એવી જ રીતે તારાપુરમાંથી જે ઑઈલની ડિસ્કવરી થઈ આવી હિન્દુસ્તાનની પહેલી ખાનગી કંપની હતી એચ.ઓ.ઈ.સી. એ આપણી ભાગીદારીમાં એણે રીસર્ચ કર્યું અને રીસર્ચ અને એનાલીસીસ આવ્યા પછી છોડીને જતા રહ્યા. આપણે ફરીથી રીસર્ચ કરાવ્યું, રીસર્ચ ૨ જગ્યાએ કરાવ્યું અને મુખ્યમંત્રીશ્રીએ હિંમત આપી. આની અંદર આપણે આગળ વધ્યા અને હું ચોકકસપણે કહું કે ૧૦૦૦ થી ૧૨૦૦ કરોડ રૂપિયાનું આની અંદરથી ઓછામાં ઓછું આજની તારીખમાં ઑઈલ નીકળશે. પૅટ્રોલિયમ ક્ષેત્ર હોય કે ઊર્જા ક્ષેત્ર હોય આપણે પૂરેપૂરી મહેનત કરી અને સારી કામગીરી કરી, જે દિલ્હીની અંદર પણ આજે આ ક્ષેત્રની અંદર દિલ્હીમાં જી.ઈ.બી.ના કર્મચારીઓને બોલાવવામાં આવે છે, દરેક રાજયોની અંદર એમને મોકલવામાં આવે છે અને કઈ જાતનો આ વિકાસ કર્યો છે એ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. આજે આ હાઉસની અંદર આ ટોટલ ૫૫ હજાર જે સ્ટાફ છે એ લોકોને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને આવતા દિવસોમાં જે અમે નવા રેકોર્ડસ પણ બ્રેક કરવાનું આયોજન કર્યુ છે એમાં પણ ચોકકસપણે સફળતા મળશે, તો આજે મારે આ સભ્યશ્રીઓને વિનંતી કરવાની છે કે જે માહિતી મેં આપી એ માહિતી આપ્યા પછી આપ જરા આપની કાપ દરખાસ્ત પાછી ખેંચો અને જે માગણી લાવ્યો છું એનો સર્વાનુમતે મંજૂર કરો એવી વિનંતી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે હમણાં કીધું તો એમણે જે પ્રમાણેની વાત કરી છે અને જે મેં સાંભળી છે એના ઉપરથી મને એવું લાગે છે કે અમારી જે કાપ દરખાસ્તો છે એ અમે પાછી નથી ખેંચવા માગતા અને એક વાતની ચોકકસ ખાતરી આપું છું કે પાંચ વર્ષમાં કેન્દ્રમાં કોનું કેટલું ઉપજયું એ મને ખ્યાલ નથી પણ અમારી પાર્ટીમાં અમારા નેતાનું ઉપજે છે, કેન્દ્રના જે પ્રશ્નો હશે એમાં હંમેશા આપના સાથે રહીશું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૪, ૬, ૭, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૩ અને ૩૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંકઃ ૧૧, ૧૨, ૭૬, ૭૮ અને ૭૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨-૫૩ વાગ્યે પૂરું થતા, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર, સોમવાર, તારીખઃ ૧૪મી માર્ચ,૨૦૦૫ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**સોમવાર, તા.૧૪ મી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૨૩, ૧૯૨૬ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી, પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# ટૂંકી મુદતનો પ્રશ્ન

## રાજકોટ મહાનગરપાલિકા ખાતે રેંકડીધારકો ઉપર લાઠીચાર્જ અંગે

***૧૮૩ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૨૮-૨-૨૦૦૫ના રોજ રાજકોટ મહાનગરપાલિકા કચેરીમાં રેંકડીધારકો ઉપર પોલીસે લાઠીચાર્જ કરી બે-રહમ માર માર્યો છે, તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો તે અંગે જવાબદાર પોલીસ અધિકારીઓ ઉપર શું પગલાં લેવામાં આવ્યાં?

**ગૃહમંત્રીશ્રી**

હળવો લાઠીચાર્જ કરેલ છે. આ બાબતે રાજકોટ શહેર એ-ડીવી. પો. સ્ટે. માં ફર્સ્ટ ગુ. ર. નં. ૮૭/૯૫, ઈ.પી. કો. કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૯, ૪૨૭, ૧૮૮ તથા ડેમેજ ધી પબ્લિક પ્રોપર્ટી એકટ ક. ૩, ૭ મુજબ તા. ૨૮-૨-૨૦૦૫ના ક. ૧૩/૦૦ વાગ્યે ગુન્હો દાખલ થયેલ છે.

આ ગુન્હામાં ફરિયાદી શ્રી સ. ત. વી. કે. જાડેજા, પો. ઈન્સ. અને વિજિલન્સ ઓફિસર, આર. એમ. સી. કચેરી, રાજકોટવાળા છે, જ્યારે આરોપીઓ (૧) ભરતભાઈ આહિર, (૨) સુલેમાનભાઈ સંઘ ાર (૩) કાનાભાઈ આહિર, (૪) અનિષભાઈ આર. જોષી, (૫) ઈમરાનભાઈ સંઘી તથા પકડેલ અન્ય ૩૭ માણસો છે.

આ બનાવની ટૂંક વિગત એવી છે કે, મ્યુનિસિપલ કોરપોરેશન તરફથી નડતરરૂપ પકડાયેલ લારી, ગલ્લાને એક માસની અંદર છોડી મૂકવા તથા ઓછો દંડ કરવા બાબતે તા.૨૮-૨-૨૦૦૫ના રોજ સૌરાષ્ટ્ર વિદ્યાર્થીસંઘના પ્રમુખશ્રી, અનિષભાઈ આર. જોષી તથા શ્રી ભરતભાઈ આહિર તેઓના આગેવાનો, કાર્યકરો સાથે રાજકોટના લારી, ગલ્લાવાળાની રેલી સ્વરૂપે આશરે ૨૦૦૦ માણસો સાથે મ્યુનિસિપલ કચેરી ખાતે મ્યુનિસિપલ કમિશનરશ્રીને આવેદનપત્ર આપી તે બાદ આગેવાનોએ રેલીમાં રહેલા માણસોને ઉશ્કેરણી કરતા રેલીના માણસો એકદમ બેકામુ બની જઈ રાજકોટ મ્યુનિસિપલ કોરપોરેશન કચેરીના વાહનો, એસ્ટેટ વિભાગની ગાડી, ટાઉન પ્લાનિંગ અધિકારીની ગાડી તથા અન્ય કર્મચારીઓના વાહનો અને રોડ ઉપર એસ.ટી. ની બસ ઉપર પથ્થરમારો કરી વાહનોમાં આશરે રૂા.૧૭,૦૦૦/- નું નુકશાન કરેલ.

સમગ્ર ટોળાના માણસો ઉગ્ર સ્વરૂપ ધારણ કરી બેકાબૂ બની જતા અને જો રેલીના માણસોને વિખેરવામાં ન આવે તો તેઓનો ભોગ ઘણા નિર્દોષ નાગરિકો અને આમ પ્રજાજનો ભોગ બને તેવી પરિસ્થિતિનું નિર્માણ થતાં બંદોબસ્તમાં હાજર રહેલા વિજિલન્સ પોલીસ અધિકારી, સ્ટાફ તથા અન્ય તમામ પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીઓ અને માણસો તેમજ એસ.આર.પી.ના જવાનોથી રેલીને કોર્ડન કરી વિખેરવા માટે હળવો લાઠીચાર્જ કરવા લાગતા અમુક માણસોને પડી જવાથી કે વાહનો ભટકાવાથી તેમજ એકબીજા સાથે અથડાવાથી સામાન્ય ઈજા થયેલ છે. કોર્ડન કરતાં કુલ ૩૭ માણસોને પકડી લેવામાં આવેલ છે. તેઓને મુદત હરોળ નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવેલ છે. પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૨૮-૨-૨૦૦૫ના રોજ રાજકોટ શહેરની અંદર જુદી જુદી જગ્યાએથી રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તરફથી જે રેંકડીઓ હટાવવામાં આવી અને એને કારણે જે રેંકડીધારકો અને કેબીનધારકો પોતાની વાજબી વાત લઈને જ્યારે મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપવા ગયા એ વખતે જે આ રેંકડીધારકો, ગરીબલોકો પર પોલીસ તરફથી વિનાકારણે, બેરહમરીતે અને જેને કહી શકાય લોકશાહી તો નહિ પણ હિટલરશાહીની માફક એમના પર જે લાઠીચાર્જ કરવામાં આવ્યો અને એને કારણે છ ભાઈઓ અને એક બહેન એમ કુલ સાત જણા લોહીલુહાણ થયાં અને એમને હોસ્પિટલમાં દાખલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. રેંકડીધારકો જે રજૂઆત કરવા ગયેલા એમના

પ્રતિનિધિ કમિશનર પાસે ગયેલા અને નીચે રેંકડીધારકો, ગરીબ લોકો હતા એમાંથી કોઈ એકાદ-બે વ્યક્તિએ ટિખળી કરી જીપ પર ફક્ત હાથનો ઘુમ્બો માર્યો જેને કારણે પોલીસ વિફરી અને બેરહમ રીતે આ રેંકડીધારકો અને કેબીનધારકોને માર્યા અને એને કારણે જેને કહીએ હિટલરશાહીનું પ્રદર્શન ઉપસ્થિત થયું હોય તેવું મને દેખાય છે.

માનનીય ગૃહમંત્રીશ્રીનું હું એક બે બાબત પર ધ્યાન દોરવા માગું છું અને મારી માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી છે કે આ ગરીબ લોકોની વાજબી વાત ન સાંભળી અને એમને ન્યાય મળે એવું આ રાજ્યની અંદર ન ચાલતું હોય અને હિટલરશાહી જેવી જો આ પ્રવૃત્તિ થતી હોય તો, મારી પાસે એની સી.ડી. પણ છે આપ જો કહેશો તો હું આપને પણ બતાવીશ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી કહેશે તો એમને પણ હું બતાવીશ કે ખરેખર આમાં આતંક ફેલાવ્યો છે કે કેમ? મારી માગણી એ છે કે જવાબદાર પોલીસ અધિકારી અંગે તપાસ નીમીને... (અંતરાય) પ્રશ્ન પર આવું છું હું કહું છું માનનીય વજુભાઈ આ તો આપના વિસ્તારના લોકો હતા,

**શ્રી વજુભાઈ વાળા** : એમાં મને કહેવાની જરૂર નથી સત્તા પર તમે બેઠા છો, કોંગ્રેસવાળા સત્તા પર બેઠા છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સત્તા પર જે બેઠા હોય તે પણ તમારા વિસ્તારનો આ પ્રશ્ન છે વજુભાઈ, ત્યારે હું રજૂઆત કરું છું, હું કોઈ રાજકીય અવલોકન નથી કરવા માગતો હું તો આ સી.ડી. લઈને પણ આવ્યો છું. આપ કહેશો તો બતાવવાની મારી તૈયારી છે, હું એક વાત એ કહેવા માગું છું કે, આ જે જવાબદાર પોલીસ અધિકારી છે જેમણે રેંકડીધારકો, કેબીનધારકો પર આ સિતમ ગુજાર્યો છે એના પર તપાસ સમિતિ નીમીને એ અંગે જવાબદાર પોલીસ અધિકારી પર પગલાં લેવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : તપાસ સમિતિ નીમવા માગો છો કે કેમ? એટલું કહો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરજીભાઈ વાતને રજૂ કરવામાં મારા કરતાં બહુ હોંશિયાર છે. તેમણે હકીકતને એવી રીતે મૂકી અને પ્રશ્નને સમગ્ર ગૃહ ગેર માર્ગે દોરાય તે રીતે રજૂઆત કરી છે. (અંતરાય) મને સાંભળો, હું વચ્ચે ઊભો નહોતો થયો. પ્રશ્નના બે બ્રેક અપ છે. એક તો રેંકડી હટાવવાની ઘ ટના જ્યાં સુધી રેંકડી હટાવવાની ઘટના છે ત્યાં સુધી રાજકોટ મ્યુનિસિપલ કોરપોરેશનમાં કોંગ્રેસ પક્ષનું શાસન છે એટલે રેંકડી હટાવવાની ઘટનામાં સરકાર ઉપર કશું કહી શકાય એવી સ્થિતિ નથી, ત્યાં તેમના જ મિત્રો શાસનમાં બેઠા છે. આ એક વાત. બીજી વાત અધિકારીઓનું બધું કહું છું. બીજી વાત તેમણે કહ્યું કે લોકશાહી ઢબે રજૂઆત કરવા જતા હતા. આ આખી ઘટનાનો ઉલ્લેખ કરે છે તે રજૂઆત થઈ ગઈ, કમિશ્નરે આવેદનપત્ર લઈ લીધું, પ્રતિનિધિ મંડળને સાંભળી લીધું પછી નીચે ઉતરીને પ્રતિનિધિ મંડળના સભ્યોએ ઉશ્કેરાટ ફેલાવી સરકારી પ્રોપર્ટીને નુકસાન કર્યુ તે પછી પોલીસે કડક પગલાં ભરવાની શરૂઆત કરી છે એટલે રજૂઆત કરવાનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી કોઈ પોલીસ એકશન થયું નથી. તે પૈકીના છ લોકોએ મ્યુનિસિપલ કમિશ્નરની ઓફિસમાં જઈને પોતાની રજૂઆત સારી રીતે પતાવી દીધી અને કમિશ્નરે તેમને જવાબ પણ આપી દીધો. જે કંઈ ચર્ચા પતી ગયા પછી ૨૦ મિનિટ પછી આ ઘટના થઈ છે અને નીચે ઉતરીને જો કોઈ સરકારી પ્રોપર્ટીને નુકસાન કરવા માગતા હોય તો તે પોલીસને રોકવાની ફરજ છે અને હું એવું ચોક્કસ માનું છું કે, આમાં કોઈ અતિરેક નથી થયો પોલીસે તેમની ફરજ બજાવ્યા સિવાય કશું કર્યુ નથી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે જવાબ આમાં હું પૂરાવા સાથે ચાર ગાડીઓનો ઉલ્લેખ છે, પ્રોપર્ટીનો ઉલ્લેખ કરવાનો તેમાં સાબિતી સાથે કહેવાની તૈયારી છે તેમાં એક ગાડીને નુકસાન થયું છે પણ ખરેખર જે રજૂઆત પછી નીચે આવ્યા અને ત્યાર પછી રજૂઆત કરતા હતા તે વખતે પોલીસે લાઠીચાર્જ કર્યો છે તેના પૂરાવા મારી પાસે છે આપ કહેશો તો બતાવવા માટેની મારી તૈયારી છે તેમાં કોઈ રાજકીય અવલોકન કરવું નથી.

**અધ્યક્ષશ્રી** : તેમનું કહેવું એવું છે કે આવેદનપત્ર આપ્યા પછી આ..

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : ના, સામે રજૂઆત થતી હતી અને આ સમય દરમિયાન આ ગરીબ લોકો ઉપર લાઠીચાર્જ કર્યો છે એટલે તેની સાબિતી મારી પાસે છે. માનનીય ગૃહ મંત્રી કહે છે તે બાબતમાં હું સંમત નથી, તથ્ય નથી. મંત્રીશ્રી કહેશે તો પૂરાવા છે હું આપીશ. પોલીસે બે હાથે લાઠીને પકડીને પોલીસે બંધૂકના કુંદાથી માર્યા છે એટલે ન્યાય મળે તે માટે તપાસ કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે જવાબ આપ્યો છે તે જવાબને હું વળગી રહું છું.

----------

# તારાંકિત પ્રશ્નો

**સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલનાં ૭૦ કિ.મી.થી ૧૦૪ કિ.મી.અંતરના બહાર પડેલ ટેન્ડર અને કામગીરી**

***૧૧૫૪૦ શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ ૭૦ કિ.મિ. થી ૧૯૪ કિ.મિ. વચ્ચેના આર.સી.સી. સ્ટ્રકચર કામોના ટેન્ડર ક્યારે બહાર પડ્યાં.

(૨) તારીખ:૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ આ ટેન્ડર પૈકી કેટલી કામગીરી થઈ, અને

(૩) બાકીની કામગીરી પૂર્ણ નહીં થવાના કારણો શું છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા) :**

(૧) સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૭૦ થી ૧૦૪ કિ.મિ.વચ્ચેના સ્ટ્રકચરના કામો માટે ટેન્ડર નવેમ્બર-૨૦૦૦ થી ફેબ્રુઆરી ૨૦૦૪ સુધીમાં બહાર પાડવામાં આવેલ છે.

(૨) નવેમ્બર-૨૦૦૦માં મંગાવેલ ટેન્ડરના ૩૨ સ્ટ્રકચર્સમાંથી ૧૫ ના કામો પ્રગતિમાં છે. જ્યારે ફેબ્રુઆરી-૨૦૦૪માં મંગાવેલ ટેન્ડરના કામો (૧૨ સ્ટ્રકચર્સ) તારીખ ૨૪-૧૨-૨૦૦૪ થી શરૂ કરવામાં આવ્યાં છે.

(૩) આ કામગીરી માટે ખારાશને અનુલક્ષીને વિશિષ્ટ પ્રકારના ' સીઆરએસ' લોખંડ તેમજ વિશિષ્ટ પ્રકારનો 'પીએસસી' સિમેન્ટ વાપરવાનો થાય છે. જેની ઉપલબ્ધિ ઓછી હોવાથી વિલંબ થયેલ છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે ૨૦૦૦નાં કુલ ૩૨ ટેન્ડરો આરસીસી સ્ટ્રકચરનાં કામો ટેન્ડર બહાર પાડવામાં આવ્યા અને તેમાંથી ૧૫ કામો પ્રગતિમાં છે અને ૧૭ કામો હજુ ચાલુ નથી થયા આ ૨૦૦૦ના છે અને અત્યારે ૨૦૦૫ ચાલે છે એક. આ બાકીના ૧૭ કામો કેમ ના ચાલુ થયા અને ક્યારે થશે અને આ ૧૫ જે કામો છે તેનું કામ કયાં સુધી પહોંચ્યું છે અને ત્રીજા ક્રમે આપ્યું છે કે ખારાશને અનુલક્ષીને વિશિષ્ટ પ્રકારનું 'સીઆરએસ' લોખંડ તેમજ વિશિષ્ટ પ્રકારનો 'પીએચસી' સિમેન્ટ વાપરવાનો થાય છે.જેથી ઉપલબ્ધિ ઓછી હોવાથી વિલંબ થયેલ છે. તો ઉચ્ચ પ્રકારનું લોખંડ અને સિમેન્ટ તે કોણે પૂરું પાડવાનું હતું અને જો આ નિગમે પૂરું પાડવાનું આવતું હોય તો ટેન્ડર જ્યારે બહાર પાડવામાં આવ્યું તો આ લોખંડ અને સિમેન્ટ જે તે કંપનીએ પૂરું પાડવાનું હતું કે નિગમે આપવાનું હતું તે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૭૦ થી ૧૦૪ કિલોમીટરની વચ્ચેના અંતરમાં સૌરાષ્ટ્ર શાખા નહેર વચ્ચેનો જે ભાગ છે તેમાં સંરક્ષણના ભૂતળના આપેલ પાણી અને માટીના નમૂના એકત્ર કરીને પરીક્ષણ કરવામાં આવ્યા અને તેમાં માટી સલ્ફીકની માત્રામાં ૩૬૦ મિલિગ્રામ પ્રતિ લિટર અને પાણીમાં ફલોરાઈડની માત્રામાં ૧૫૦૦ મિલિગ્રામ પ્રતિ લિટર જાણમાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, આ આખી વિગતો, એ રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાતોનું બનેલું એક બોર્ડ ઓફ કન્સલ્ટન્ટ છે અને એને એ બતાવવામાં આવ્યું. એમના જાત નીરિક્ષણ નીચે આ બધી વિધિ થાય છે. એમની સલાહ મુજબ ખાસ પ્રકારના લોખંડ અને સીમેન્ટ વાપરવા માટે સલાહ આપવામાં આવી છે. પાણી અને ખારાશને કારણે એ ખવાઈ ન જાય એવા પ્રકારની પાઈપલાઈન, સીમેન્ટ અને લોખંડ વાપરવાનું થાય છે, ત્યારે આ કોરોઝન સીમેન્ટ, સ્ટીલ અને પોર્ટલેન્ડ સીમેન્ટ એ મુખ્ય ઉત્પાદકો ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની છે. સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ, રાષ્ટ્રીય ઈસ્પાત લિમિટેડ એ સ્ટીલ ઉત્પન્ન કરે છે. સીમેન્ટ જે છે તે આ ખામીને દૂર કરવા માટેની સીમેન્ટ એ ખાસ કરીને પોર્ટલેન્ડ, સ્લેક સીમેન્ટ, જી.જી.બી.એસ. આંધ્રપ્રદેશ, ઈન્ડોરામા અને ગ્રાસીમ. આ મર્યાદિત ઉત્પાદનને કારણે એમાં મર્યાદિત પ્રમાણમાં સપ્લાય પણ થાય છે. અને એના કારણે આ વિલંબ થાય છે. છેલ્લે ગુજરાતમાં પણ ૨૦૦૪ થી સૌરાષ્ટ્ર સીમેન્ટ અને દિગ્વિજય સીમેન્ટે પણ એની કામગીરી શરૂ કરી છે. એમણે બીજું પૂછયું છે કે આ ૧૫ કામો, તો ૧૫ કામો પ્રગતિમાં છે અને બાકીના ૧૨ કામો નવેમ્બર (અંતરાય) ૧૨ છે. ૩૨ અને ૧૨ એમ ૪૪ છે. નવેમ્બર-૨૦૦૪ માં શરૂ કરેલ ૧૫ કામો અને બાકીના કામો ફેબ્રુઆરીમાં શરૂ કરેલ છે. હવે બાકી જે કામો રહે છે એ જેમ જેમ સપ્લાય શરૂ થશે તેમ તેમ શરૂ કરવામાં આવશે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પૂછયું છે કે ૨૦૦૦ માં ૩૨ કામોના ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં, એમાંથી માત્ર ૧૫ કામો ચાલુ થયા છે. ૧૭ કામો શરૂ થયા નથી. જે ૧૨ કામોનો જવાબ આપવામાં આવ્યો છે તે તો ૨૦૦૪ ના ટેન્ડરના ચાલુ કરવામાં આવ્યા છે. તો ૨૦૦૦ ની સાલના ૧૭ કામો કયારે શરૂ કરવામાં આવશે? એ પૈકી કોઈ કોન્ટ્રાકટર કોર્ટમાં ગયા છે કે કેમ? ખાસ કરીને જે લોખંડ અને સીમેન્ટ ઉચ્ચ પ્રકારના વાપરવાની વાત હતી તો તે નિગમે આપવાનું છે કે કોન્ટ્રાકટરે આપવાનું છે? નિગમે આપવાનું હોય તો તે કયા સંજોગોમાં અને કયારે નકકી કરવામાં આવ્યું? જે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા, તે

લોખંડ અને સીમેન્ટ પૂરું પાડવા સાથેના ટેન્ડર હતા કે નિગમ પૂરું પાડશે? એનો ખુલાસો માનનીય મંત્રીશ્રી કરે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સીમેન્ટ અને લોખંડ નિગમ દ્વારા ખરીદવામાં આવે છે અને એ પ્રમાણે ભાવ માંગવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો, એમાં મંત્રીશ્રીએ તો ટેકનિકલ માહિતી આપી. પણ નવેમ્બર, ૨૦૦૦ માં ટેન્ડર માગવામાં આવ્યા અને આજે ૨૦૦૫ શરૂ થયું. ૪ વર્ષ સુધી ખાલી ટેન્ડર માગવામાં આવ્યા અને મૂકી રાખવામાં આવ્યાં. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એનો જવાબ આપ્યો નથી. આ જે લોખંડ અને સીમેન્ટ છે, તે તો જે તે એજન્સીએ આપવાના અને એવી કોઈ ખેંચ છે જ નહીં. સી.આર.એસ. લોખંડ આખા ભારતના દરિયાકાંઠામાં વપરાય છે અને આ સીમેન્ટ પણ બીજી સીમેન્ટ કંપનીઓ બનાવે છે, પણ સાચી વાત એ છે કે આ નર્મદા નિગમ પાસે કોઈ નાણાકીય આયોજન વગર આ ટેન્ડર મંગાવેલા અને માત્ર ને માત્ર લોકોને દેખાડવા માટે જ આ કરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** :પ્રશ્ન પૂછો, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હું આપના મારફતે એ પૂછવા માગું છું કે આવી રીતે જે માનનીય સભ્યશ્રીએ પૂછયું કે ૧૫ કામો પ્રગતિમાં છે, તો એ જે ૧૫ કામો પ્રગતિમાં છે, એની કુલ કિંમત કેટલી છે? અને એની પાછળ નિગમે કુલ કેટલો ખર્ચ કર્યો છે? એટલે આ ટોટલ કામો જે છે એ પ્રજાને દેખાડવા માટે કરવામાં આવ્યા છે કે વાસ્તવિક રીતે આ સરકાર શરૂ કરવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : થયેલ કામો ૧૦ કરોડ ૮૭ લાખની કિંમતના થયેલાં છે. કોઈપણ કામ નિગમમાં આયોજન વગર થતું નથી. (અંતરાય) કુલ કિંમત છે ૧૧૮ કરોડ. માનનીય અધ્યક્ષશ્રી, નિગમમાં કોઈ કામ આયોજન વિના થતું નથી, પૈસાનું આયોજન થાય છે, તારીખ પ્રમાણે ટેન્ડર મંગાવવામાં આવે છે અને તારીખ પ્રમાણે ખોલવામાં આવે છે અને કામની શરૂઆતની તારીખ પણ અગાઉથી નકકી કરવામાં આવે છે અને પૂર્ણ કરવાની તારીખ પણ અગાઉથી નકકી કરી દેવામાં આવે છે. સાથે સાથે પાણી છોડવાની તારીખ પણ વર્ષ બે વર્ષ અગાઉથી નકકી કરવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ વર્ષ સુધી કામ શરૂ થયાં નથી. (અંતરાય)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** :એનું કારણ એ છે કે જવાબ મેં આપી દીધો છે એટલે જવાબ આપ્યો નથી.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, લીમડીને નર્મદાનું પાણી આપવાની બહુ સારી વાત છે. મને એક વર્ષ પહેલાં કહેવામાં આવ્યું હતું કે લીમડીને એક વર્ષમાં પાણી આપવામાં આવશે, પરંતુ ત્રણ વર્ષ થયાં આજે આ જ નર્મદાનો પ્રશ્ન છે અને આજે પણ લીમડીમાં પાણી એ ૮-૮ દિવસ સુધી પાણી મળતું નથી. તો નર્મદાનું પાણી લીમડીને કયારે આપવામાં આવશે અને આ લોખંડ અને સિમેન્ટ સમયસર ઉપલબ્ધ થતાં નથી કે કેમ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક :૨.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : સાહેબ, આ બહુ અગત્યનો પ્રશ્ન છે. આટલા બધા સભ્યો પ્રશ્ન પૂછવામાંથી બાકી રહી જાય છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, એક પ્રશ્નમાં પાંચ મિનિટ આપવાની હોય છે (અંતરાય) પ્રશ્ન ક્રમાંક :૨.માનનીય નટવરસિંહભાઈ (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**(આ તબકકે કોંગ્રેસ પક્ષના મોટાભાગના સભ્યશ્રીઓ પોતાની જગ્યા ઉપર ઉભા થઈને પ્રશ્ન પૂછવા દેવાની માગણી કરવા લાગ્યા.)**

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક :૩, માનનીય સભ્યશ્રી, જીતુભાઈ ચૌધરી(અંતરાય) આમાં ૧૫ મિનિટ થઈ ગઈ છે. એમ સમય ના મળે, આમાં ૧૦ મિનિટ ગઈ છે, એમાં પછી સમય ના મળે(અંતરાય) પ્રશ્ન ક્રમાંક:૩, માનનીય જીતુભાઈ,

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : સાહેબ, આવી રીતે પ્રશ્ન ઉડાવી દેવાય તે ચાલે નહીં.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, ઉડાવ્યો નથી, કેટલી મિનિટ થઈ છે આ પ્રશ્નમાં, એ જોઈ લો. આ બે પ્રશ્નમાં ૧૬ મિનિટ થઈ છે. (અંતરાય)

### કપરાડા અને ભિલાડ ચેક પોસ્ટની આવક

***૧૨૫૪૧ શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વલસાડ જિલ્લામાં બે ચેક પોસ્ટ આવેલ છે જેમાં કપરાડા અને ભિલાડની આવક છેલ્લા એક વર્ષમાં તારીખ ૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ કેટલી છે, અને

(૨) આ અન્વયે સામાન્ય રીતે રોજની આવક અંદાજીત કેટલી છે?

**મુખ્યમંત્રીશ્રી(ગૃહ):**

(૧) રૂપિયા ૭૧૭૫.૨૦ લાખ.

(૨) રૂપિયા ૧૯.૬૬ લાખ.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એક જ વસ્તુની ઉપર પેનલ્ટી અને ઈન્ટરેસ્ટ લેવામાં આવે છે એ આ સરકારના ધ્યાનમાં છે કે કેમ? બીજો મારો પ્રશ્ન એ છે કે આ ચેક પોસ્ટો ઉપર ફોલ્ડરીસયા સિસ્ટમ છે એ આ સરકાર બંધ કરવા માગે છે કે કેમ? કારણ કે આ જે ઈન્કમ સરકારને થાય છે એના કરતાં આ ફોલ્ડરીયાઓના ખિસ્સામાં વધારે આવક જાય છે.તો આ સિસ્ટમને બંધ કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઈ સિસ્ટમ અસ્તિત્વમાં નથી.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, ઉંમરગાંવ હોય કે ડાંગ હોય એની ઉપર જે ટેક્ષ લેવામાં આવે છે એના ઉપરથી ઓવર જે ટેક્ષના પૈસા આવે છે એ સરકારની તિજોરીમાં જતા નથી અને આ ચેક પોસ્ટો ઉપર લાખો રૂપિયાનો ભૂષ્ટાચાર થાય છે એની કોઈ ફરિયાદ માનનીય મંત્રીશ્રીને થઈ છે કે કેમ અને એવા કેટલાય ઈન્સપેકટરો આવી ચેકપોસ્ટોથી ૩ કિલોમિટર દૂર જઈને પૈસા ઉઘરાવે છે એ બાબતની સરકારશ્રીને કોઈ જાણ થઈ છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સ્પેસિફીક કપરાળા અને ભિલાડ ચેક પોસ્ટોનો હતો, પરંતુ માનનીય વિરોધપક્ષના ઉપનેતાશ્રીએ જયારે આ પ્રશ્ન ઉભો કર્યો છે એટલે મારે એમને જવાબ આપવો જ પડે કારણ કે તેઓશ્રી એક જવાબદાર વ્યકિત છે. મારે તેમનું...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્નની અંદર એ આવતું હોય તો એનો જવાબ આપો.

**શ્રી અમિત અ. શાહ** : એમણે જયારે ગૃહમાં બોલીને આ વાત રજૂ કરી છે ત્યારે મારે જવાબ આપવો પડશે. મારે એક વાત કહેવી છે કે કપરાડા અને ભિલાડ ચેક પોસ્ટની વાત આ પ્રશ્નમાં છે. આ બે ચેક પોસ્ટની વાત છે એમાં એમનું શાસન જયારે હતું ત્યારે આવક ૭ કરોડ હતી અને અમારી આવક ૭૧ કરોડ રૂપિયા ઉપર પહોંચી છે. અમારી સામે તમે શું આક્ષેપ કરો છો? અમારા વખતમાં તો દસ ગણી આવક વધી છે, હવે ભ્રષ્ટાચાર કોણે કર્યો એ માહિતી હોય તો કહે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું પૂછવા માગું છું કે માનનીય મંત્રીશ્રીને હમણાં જ એક સી.ડી. ભ્રષ્ટાચાર માટેની આર.ટી.ઓ. ઓફિસમાં મોકલી આપેલ છે, તો તે સી.ડી. માનનીય મંત્રીશ્રીને મળી છે કે કેમ? અને બીજું હું એ જાણવા માગું છું કે ૨૦૦૩માં આવક કેટલી થઈ છે?

**શ્રી વજુભાઈ વાળા** : એ સી. ડી. તમારા વખતની હતી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : મેં સી. ડી. મોકલી આપી છે ૨૦૦૩ ના વર્ષની, તે મળી છે કે કેમ? અને મળી હોય તો તે બાબતમાં તપાસ કરવા માગે છે કે કેમ? અને બીજું કે ૨૦૦૩ માં આવક શું હતી?

**શ્રી અમિત અ. શાહ** : આવી કોઈ સી. ડી. મારા સુધી પહોંચી નથી, પરંતુ એક વાત નિશ્ચિત છે કે રાજયની રેવન્યુને લગતો આ પ્રશ્ન છે, એટલે તેને હસા હસીમાં કે રાજકીય અવલોકનમાં તેને ખત્મ ન કરવો જોઈએ. હું એટલું ચોકકસ કહેવા માગું છું કે આ સરકાર આવ્યા પછી જે કોઈ લીકેજીસ હતા તે બંધ કરવા માટે દ્રઢતાપૂર્વક પ્રયત્નો કરવામાં આવ્યા છે અને એટલે જ વીસ કરોડની આવક વધી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભીલાડ ચેક પોષ્ટમાં કરપશન થાય છે તેવી સી.ડી. છે તે સી.ડી.ની તપાસ આપ કરાવવા માગો છો કે કેમ? સી. ડી. હું આપને આપીશ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સી. ડી. આટલા ટાઈમ સુધી કેમ મુકી રાખી તે હું પૂછવા માગું છું. મને આપે એટલે એક જ મિનિટમાં હું તપાસ કરાવીશ. (અંતરાય) સાહેબ મને સી. ડી. આપવામાં આવશે એટલે એક જ મિનિટમાં હું તપાસ કરાવીશ. પણ જોડે જોડે તે લખે કે કેટલા ટાઈમ સી. ડી. મૂકી રાખી છે અને કેમ મૂકી રાખી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : સી. ડી. ડિપાર્ટમેન્ટને તો મોકલી છે, * •(XXX) ટી. વી. ઉપર પણ આવી ગયેલ છે. તો આ બાબતમાં તપાસ કરાવવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** :* (XXX) તે શબ્દો રેકોર્ડ ઉપરથી કાઢી નાખવામાં આવે છે.

**શ્રી અમિત અ. શાહ** : સી. ડી. એમણે મને મોકલી નથી અને મને મળી નથી, મારો જવાબ સાચો જ છે.

• *(XXX) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સી. ડી. ડિપાર્ટમેન્ટને મોકલી છે તેમ મેં વાત કરી છે, આપને મોકલી છે એમ કયાં વાત કરી છે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં કપરાડા અને ભિલાડ બે ચેક પોષ્ટ અલગ બતાવી છે. તો એ બન્ને ચેક પોષ્ટની ઈન્કમ અલગ અલગ કેટલી છે તે મારે જાણવું છે,

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કપરાડાની અલગ ચેક પોષ્ટ નથી પરંતુ ભીલાડ ચેક પોષ્ટ અંતરગત તેનું અલગ નાકુ બનાવેલ છે, તેની આવકનો સવાલ છે ત્યાં સુધી ૩૧-૧-૨૦૦૩ ના દિવસે ૫૦.૪૯ કરોડ, ૩૧-૧-૨૦૦૪ ના દિવસે ૫૫ કરોડ અને ૩૧-૧-૨૦૦૫ના દિવસે ૭૧.૭૫ કરોડની આવક થઈ છે. એટલે એક વર્ષમાં ૨૦ કરોડનો વધારો થયો છે.

**શ્રી શંકરભાઈ મં. વારલી** : હું જાણવા માગું છું કે ભીલાડ ચેક પોષ્ટ ઉપર ટ્રાફિકલોડ વધુ હોવા છતાં તેના પ્રમાણમાં ત્યાં પૂરતો સ્ટાફ છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મંજૂર મહેકમ કરતાં થોડી ઘટ છે, પણ હમણાં જ બીજા વિભાગમાંથી અધિકારી-કર્મચારીઓને આર.ટી.ઓ.ના હવાલે મુકેલ છે, એટલે ટૂંક સમયમાં ઘટ પૂરાઈ જશે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ફોલ્ડરીયા અંગેની મેં ગયા વખતે પણ વાત કરી હતી, દરેક ચેક પોષ્ટ ઉપર આર.ટી.ઓ. સાથે એવા ફોલ્ડરીયા માણસો સાથે રહીને આવી અને પાળી પ્રમાણે કામ કરે છે. અમારે ત્યાં શામળાજીમાં પણ ૨૪ કલાક આઠ આઠ કલાકની પાળીમાં આવા માણસો પાળી પ્રમાણે કામ કરે છે. અને એક માણસ એક દિવસના એક થી દોઢ હજાર રૂપિયા લઈને જાય છે. અને સરકારને ખોટ જાય છે. તો તેની તપાસ કરાવવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ગયા વખતે કહ્યું એટલે એમના કહ્યાં પછી મેં તપાસ કરાવડાવી હતી, પણ આવી કોઈ વ્યવસ્થા અસ્તિત્વમાં નથી.

## ગ્લોબલ ઈન્વેસ્ટ સમીટ-૨૦૦૫ દરમિયાન થયેલા એમ.ઓ.યુ.

***૧૧૫૩૦ શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ (નસવાડી): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ દરમિયાન રાજયમાં ઔદ્યોગિક મૂડીરોકાણ માટે સરકારને કેટલી દરખાસ્તો મળી, અને

(૨) આ સમીટ દરમિયાન કેટલા પ્રોજૅકટ માટે સરકારે એમ.ઓ.યુ. કર્યા?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ):**

(૧) અને (૨) ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ દરમિયાન ઉદ્યોગ ક્ષેત્રવાર કુલ ૧૨ ઉદ્યોગ ક્ષેત્રમાં રૂપિયા ૧,૦૬,૧૬૦ કરોડના મૂડીરોકાણની દરખાસ્તો છે. જેની વિગતો પરિશિષ્ટ-અ મુજબ છે.

પરિશિષ્ટ - અ

| ક્રમ | ઔદ્યોગિક ક્ષેત્ર | MOU/પ્રોજેક્ટ જાહેરાતોની સંખ્યા | સૂચિત મૂડિરોકાણ રૂ. કરોડમાં |
|---|---|---|---|
| ૧ | કૃષિ આધારિત ઉદ્યોગો | ૩૪ | ૧,૦૪૫ |
| ૨ | ઉર્જા | ૧૭ | ૩૮,૦૦૩ |
| ૩ | ઓઈલ અને ગેસ | ૨૫ | ૧૩,૨૮૭ |
| ૪ | ઈન્ફોરમેશન અને બાયો ટેકનોલોજી | ૨૨ | ૩૪૮ |
| ૫ | પ્રવાસન | ૧૪ | ૭,૩૫૨ |
| ૬ | શહેરી વિકાસ અને પાણી પુરવઠો | ૧૩ | ૯,૧૦૦ |
| ૭ | કેમીકલ | ૧૩ | ૩,૬૪૫ |
| ૮ | ટેકસટાઈલ અને એપેરલ | ૧૦ | ૩૦૫ |
| ૯ | હીરા અને આભુષણ | ૭ | ૪૨૮ |
| ૧૦ | બંદર આધારિત (પોર્ટ) | ૩૫ | ૧૫,૫૮૫ |
| ૧૧ | આંતર માળખાકિય સુવિધા | ૪ | ૬૧૨ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ, એન્જીનીયરીંગ, ઓટોમોબાઈલ | ૩૨ | ૧૬,૪૫૦ |
| | **કુલ** | **૨૨૬** | **૧,૦૬,૧૬૦** |

-----------

**શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ** : રાજયનો ઔદ્યોગિક વિકાસ સારી રીતે થાય એ માટે સરકારે લીધેલા પગલાંને આવકારુ છું. સાથે સાથે એક અગત્યની બાબત કે અમારા વડોદરા જિલ્લામાં કયા કયા એમ.ઓ.યુ. થયા છે અને આ ઉપરાંત મારા મત વિસ્તારમાં કવાંટ ખાતે આવેલ ફલોરોસ્પાન એ સરકારનું સાહસ છે, એનું અપગ્રેડેશન સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ-૨૦૦૫ દરમિયાન વડોદરા જિલ્લાને લાગેવળગે છે ત્યાં સુધી સમીટમાં નવ પ્રોજૅકટોની દરખાસ્ત છે. જેમાં ૨૪૫૧ કરોડનું મૂડીરોકાણ મળેલ છે અને ત્યારબાદ જિલ્લાની ગોળમેજી પરિષદ કરવામાં આવી જેમાં જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ઉપસ્થિત હતા. આ ગોળમેજી

પરિષદમાં આ ઉપરાંત ૫૨૨૯ કરોડના મૂડીરોકાણ ધરાવતા આઠ પ્રોજૅકટોની જાહેરાત થઈ છે. એમણે પ્રોજૅકટોની વિગતો માગી છે જે મારી પાસે ઉપલબ્ધ છે એ હું વાચી સંભળાવું છું. વડોદરામાં ઊર્જા મંદિર એગ્રો પાર્ક, ગ્રીન ફિલ્ડ કૅનૅડાની કંપની છે. બેંક ઑફ ઇન્ડિયાએ હેરીટેઝ ઈન્વેસ્ટમેન્ટ માટે દરખાસ્ત કરેલી છે. જી.આઈ.ડી.બી. પટેલ એન્ડ કોઠારી ઇન્ડસ્ટ્રીયલ પાર્ક ઈન્ફાસ્ટ્રકચરની દરખાસ્ત છે. એન્જિનિયરીંગ અને ઓટોમોબાઇલ્સ ઇન્ડસ્ટ્રીઝ માટે સુઝલોન ગૃપ દ્વારા ૧૨૦ કરોડના ખર્ચે એન્જિનિયરીંગ પ્રોડકટની દરખાસ્ત છે. ઑઈલ એન્ડ ગેસમાં અદાણી અને ઓ.એન.જી.સી. ની ૨૩૫ કરોડ અને ૧૭૦૦ કરોડની અનુક્રમે દરખાસ્ત છે. એન્જિનિયરીંગ એન્ડ ઓટોમોબાઇલ્સ ઇન્ડસ્ટ્રીઝમાં એલ.એન્ડ ટી. ની ૩૦૦ કરોડ રૂપિયાની વડોદરામાં મૂડીરોકાણની દરખાસ્ત છે. એજ રીતે વડોદરામાં લાર્સન એન્ડ ટુબ્રો મારફતે એક નૉલેજ પાર્ક એટલે કે યુવાનોને ટેકનિકલ ક્ષેત્રે તાલીમ આપવા માટે ૩૦૦ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ હજીરા અને વડોદરાની અંદર કરેલ છે. રીફલીન નિયોકેમની એક વડોદરાની દરખાસ્ત છે. પેસેફિક વડોદરા બાયો રિફાઈનરીની દરખાસ્ત છે એ વિદેશી મૂડીરોકાણની દરખાસ્ત છે. આત્મીય બાયોફિલ્ડની ૩૦ કરોડના મૂડીરોકાણની દરખાસ્ત છે. ટ્રાન્સપેક સી.ઓકની ૨૩ કરોડની દરખાસ્ત છે. સ્ટર્લિંગ બાયોટેક જિલેટીન એડીબલની ૧૭ કરોડની દરખાસ્ત છે. ગ્રીનફિલ્ડ હેડ્રોફોનીક સિસ્ટમસ અમદાવાદની દસ કરોડ વડોદરામાં મૂડીરોકાણ કરવાની દરખાસ્ત છે. જી.પી.ટી. પાઈપ ઇન્ડસ્ટ્રીઝની ૪૮ કરોડના મૂડીરોકાણની દરખાસ્ત છે. ઇન્ટરનૅશનલ પોલી પ્લાસ્ટની ૧૦૦ કરોડના મૂડીરોકાણની દરખાસ્ત છે. મીતલ ફેરા ટાઈલ્સની ૮૫ કરોડ અને જે સ્પેસિફિકની કહી એ પાંચ હજાર કરોડ રૂપિયાની મૂડીરોકાણની દરખાસ્ત છે. માનનીય સભ્યશ્રીએ એ જાણવા માગ્યું કે ફલોરોસ્પાન માટે અપગ્રેડેશન કરવાની રિકવાયરમેન્ટ પણ છે. જી.એમ.ડી.સી. મારફત આર.એમ.ડી. વર્ક ચાલી રહ્યું છે. એ પૂરું થાય એટલે ફલોરોસ્પાનના મિનિરલ મારફત એ વિસ્તારમાં રોજગારી વધે એના માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : આ એમ.ઓ.યુ. થયા પછી આ પ્રોજૅકટના ડાયરૅક્ટરો સાથે એમ.ઓ.યુ. સાઈન કર્યા છે. તો આ લોકો ગુજરાત સરકાર પાસે કેવા પ્રકારની સવલતો માગે છે અને એ આપવા માટે ગુજરાત સરકારે શું પગલાં લીધાં છે?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : આ મૂડીરોકાણ કારોને પોતાનું મૂડીરોકાણ કરવા માટે આપણે સવલતો આપવા માટે દરેક સૅકટરના અધિકારી નોડલ અધિકારીની નિમણૂક કરી છે. દરેક જિલ્લાવાઈઝ આ મૂડીરોકાણ છે એમાં પ્રભારી સચિવશ્રી અને પ્રભારી મંત્રીશ્રી મારફતે એમની રાજય સરકારના નિયમોને આધીન જે કંઈ જરૂરિયાત હોય એ પરિપૂર્ણ કરવા માટેની રિવ્યુ મિટિંગ કરવામાં આવી રહી છે. રાજયના યુવાનોને રોજગારી માટેની તકો વધે તેના માટે આ ઉદ્યોગો જેમ બને તેમ ઝડપથી કાર્યરત થાય એ પ્રકારની આખી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ :** આ એમ.ઓ.યુ. નક્કી થયા છે એ કેટલા સમય સુધી અમલમાં રહેનાર છે? અને જે તાલુકા કે જિલ્લામાં ગરીબી હોય એ જિલ્લામાં કોઈ ઉદ્યોગપતિ કે એન.આર.આઈ. આવે તેને સમજાવીને એવા વિસ્તારમાં મૂકવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ :** માનનીય સભ્યશ્રીને જાણવું છે કે પછાત તાલુકાઓમાં જે ઉદ્યોગકારો છે તે તેમના ઉદ્યોગોની જરૂરિયાત મુજબ તે સ્થળો નક્કી કરતા હોય છે. છતાં પણ આપણા વિભાગ તરફથી, સરકાર તરફથી આ ઉદ્યોગકારોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે કે જ્યાં ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અથવા એફલુઅન્ટ ટ્રીટમેન્ટ વગેરે માટેની જે વ્યવસ્થા હોય એ વ્યવસ્થાને આધીન એ કાર્યવાહી કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીને કોઈ ઉદ્યોગકારને એમના વિસ્તારમાં ઉદ્યોગ કરવા માટે લઈ જવા હોય તો તેના માટે સરકાર તેમને જરૂરી ફેસીલીટેશન પૂરું પાડશે.

## ગુજરાત વિદ્યુત બોર્ડનું વિભાજન

***૧૨૪૦૪ શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગુજરાત વિદ્યુત બોર્ડનું કેટલી કંપનીઓમાં કઈ તારીખથી રૂપાંતર કરવામાં આવ્યું અને
(૨) બોર્ડમાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓની સેવા વિષયક અધિકારો જળવાઈ રહે તે માટે કઈ શરતો રાખવામાં આવી છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) ગુજરાત વિદ્યુત બોર્ડની રૂપાંતર થયેલી સાત કંપનીઓ તા. ૧-૧-૨૦૦૫થી કામચલાઉ ધોરણે કાર્યાન્વિત થયેલ છે.

(૨) બોર્ડના કંપનીકરણની પ્રક્રિયામાં બોર્ડમાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓની સેવા વિષયક અધિકારો જળવાઈ રહે તે માટે બોર્ડના તમામ યુનિયનોને વિશ્વાસમાં લઈને કાર્યવાહી કરેલ છે.

**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડનું કેટલી કંપનીઓમાં કઈ તારીખથી રૂપાંતર કરવામાં આવ્યું, ત્યારે મને જવાબ આપવામાં આવ્યો છે તેમાં આપના દ્વારા જાણવા માગું છું કે જી.ઈ.બી.નું સાત કંપનીઓમાં રૂપાંતર કરવામાં આવ્યું ત્યારે કઈ કઈ શરતોને આધીન કરવામાં આવ્યું? આ કઈ સાત કંપનીઓ છે? બીજા જવાબમાં કહ્યું છે કે તમામ યુનિયનોને વિશ્વાસમાં લેવામાં આવ્યા છે. ગુજરાત વિદ્યુત બોર્ડના કેટલા યુનિયનો છે? અને આ બધા યુનિયનોને વિશ્વાસમાં લેવામાં આવ્યા છે કે કેમ? મારા આ બે પ્રશ્નોના જવાબ આપે પછી બીજા પ્રશ્નો પૂછું.

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જે કંપનીઓ ફોર્મ કરવામાં આવી છે તે ગુજરાત સ્ટેટ ઈલૅક્ટ્રીસીટી કોરપોરેશન લિમિટેડ વીજ ઉત્પાદનનું કામ કરશે. ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોરપોરેશન લિમિટેડ એ વીજ પ્રવાહનું કામ કરશે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ એ ઉત્તર ગુજરાત ઝોન જોશે. ડિસ્ટ્રીબ્યુશનનું કામ જોશે. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ મધ્ય ઝોનનું કામ કરશે. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દક્ષિણ ઝોનનું કામ કરશે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ પશ્ચિમ ઝોનનું કામ કરશે અને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ એ વ્યાપાર અને બોર્ડની કે અન્ય એવી કામગીરી હશે એ કામગીરી કરવામાં આવશે. જે ટ્રાઈપાર્ટી એગ્રીમૅન્ટ કરવામાં આવ્યા હતા એ ૧૩ ઑકટોબર-૨૦૦૩ સરકાર જી.ઈ.બી. અને યુનિયનની વચ્ચે કરવામાં આવ્યો હતો. એમાં હાજર યુનિયન હતા એ જી.ઈ.બી. એન્જિનિયર એસોસિએશન હતું, જી.ઈ.બી. સુપરવીઝન સ્ટાફ એસોસિએશન હતું, અખિલ ગુજરાત વિદ્યુત સંઘ હતું. ગુજરાત ઈલૅક્ટ્રીસીટી એમ્પ્લોઈઝ યુનિયન હતું. ગુજરાત વિદ્યુત ટૅક્નીકલ કર્મચારી મંડળ હતું. ગુજરાત વિદ્યુત શ્રમિક સંઘ હતું, આ યુનિયનો વચ્ચે સરકારમાં અને જી.ઈ.બી.માં કરાર કરવામાં આવ્યા હતા અને આવતા દિવસોમાં જે કોઈ નિર્ણય કર્મચારીઓનો છે આ ટ્રાઈપાર્ટી એગ્રીમૅન્ટ દ્વારા જે થયો છે એ પ્રમાણે આગળ વધીશું.

**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** : આ સાત કંપનીઓને જે આપવામાં આવ્યા છે તેની શરતો મુજબ કેટલા વર્ષ માટે કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે અને આમાં એસ્સાર કંપનીને કોઈ કામગીરી આપવામાં આવી છે કે કેમ? એ પૂછવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ :** આ સાત કંપની સરકારની કંપનીઓ છે અને આની અંદર કામગીરી આપવાનો સવાલ કયાં આવ્યો? મને સમજ નથી પડતી કે જી.ઈ.બી. એકઝીસ્ટીંગ સરકારની કંપની નથી. કોઈ સરકારી કંપનીના કોન્ટ્રાકટ હોય નહીં. આ કંપની એકટ પ્રમાણે કંપની ચાલે. આમાં કોન્ટ્રાકટ પદ્ધતિ ન હોય. માનનીય સભ્યશ્રીને કોઈએ ઉંધા રસ્તે દોર્યા લાગે છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આવાં કેટલાં યુનિયનો છે અને તે યુનિયનમાં વર્ગ ૧થી ૪ના કેટલા કર્મચારીઓ છે? તે તમામ કર્મચારીઓનો સરકાર આમાં સમાવેશ કરવા માગે છે કે કેમ અને હાલમાં જે હડતાલો ચાલુ છે, ભૂખ હડતાલ ચાલે છે તેના માટે સરકારે શું વિચાર્યું છે?

**અધ્યક્ષશ્રી** : માધુભાઈ, પ્રશ્ન પૂછાય.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે units existing છે એ units સાથે tri-party agreements કર્યા છે. એમણે સફળતાપૂર્વક મંજૂર કર્યા છે. અને કોઈ કર્મચારીની ચિતા કરવાની જરૂર નથી. એનું કારણ છે આપણે જે એકટ બહાર પાડ્યો છે. Gujarat Electricity Industries Reorganisation Regulation Act એની અંદર જે કલોઝ છે એ હું વાંચી સંભળાવું છું. જે સ્પષ્ટપણે કહે છે કે, that the terms and conditions in regard to emoluments and other monetary benefits applicable to them in the first transferee or the section transferee shall in, in any way, be less favouirable then those applicable to them immediately before the transfer એટલે કોઈપણ emoluments જે નાણાકીય છે એ ૧ ટકો પણ ઓછું રાખવામાં આવશે નહીં. એના માટે અમે બહુ કલીયર છીએ. કોઈને પણ છૂટા કરવાના નથી અને all the benefits of servive accrued before the transfer shall be recognised and appropriately provided for to secure the interest of the personnel, આ ત્રણેય જોગવાઈઓ છે એ આપણા એકટની અંદર નાખેલી છે. દરેક કર્મચારીનું હિત ૧૦૦ ટકા જળવાયેલું રહેશે. કોઈ કર્મચારીને છૂટા કરવાના નથી. કર્મચારીઓને આજની તારીખે monetary benefits મળે છે એમાંથી ૧ ટકો ઓછો કરવા માગતા નથી.

**શ્રી કાંતિભાઈ ભા. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, આદિવાસી, એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચને લાભો મળતા હતા. ફરીથી આ કંપની આવવાની છે ત્યારે એમના લાભો ચાલુ રાખવામાં આવશે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની ૧૦૦ ટકા કંપની છે. એટલે સરકારના નિયમો છે, જી.આર. છે એ પ્રમાણે જે કાંઈ લાભ હશે એ મળશે.

**અધિક નિયામક(તબીબી શિક્ષણ) અને આરોગ્ય કમિશ્નરશ્રી સામે એટ્રોસીટીની ફરિયાદ**

***૧૧૭૩૦ ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અધિક નિયામક(તબીબી શિક્ષણ) અને આરોગ્ય કમિશ્નરશ્રી સામે સિવિલ હૉસ્પિટલ અમદાવાદના તબીબી અધિકારી સામે ભેદભાવભર્યું વર્તન રાખવા બદલ એટ્રોસીટીની ફરિયાદ થઈ છે, અને

(૨) આ ફરિયાદ અંગે સરકારશ્રીએ શી કાર્યવાહી કરી?

**માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ):**

(૧) ના, જી. કોઈ ફરિયાદ નોંધાયેલ નથી. પરંતુ આવી બાબતની એક અરજી તા.૧૮-૧૧-૦૪ના રોજ અમદાવાદ શહેર પોલીસને મળેલ છે.

(૨) મળેલ અરજી સંબંધે મદદનીશ પોલીસ કમિશ્નર કક્ષાના અધિકારી દ્વારા તપાસ કરાવવામાં આવેલ છે. તપાસ દરમિયાન અરજીમાં કરેલ રજૂઆતો વહિવટી બાબતોને લગતી માલૂમ પડેલ છે, હજી તપાસ ચાલુ છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે એસ.સી., એસ.ટી.ની બાબતમાં એટ્રોસીટી થતી હોય છે. એમના અપમાન બાબતમાં કે બીજી બાબતમાં, પણ વહિવટી બાબતમાં સરકારી કર્મચારીઓ ઉપર કલમની કસાઈગીરીથી જે રીતના જુલમ અને અત્યાચાર થતા હોય છે. એના માટે તા.૧૮-૧૧-૦૪ના રોજ અમદાવાદ શહેર પોલીસને અરજી મળી એમ કહે છે ફરિયાદ મળી નથી. જો અરજી મળી હોય તો એને ફરિયાદ ગણાશો કે કેમ અને બીજું આ રીતનું unfair જે બિહેવિયર ચાલી રહ્યું છે એને વહિવટી બાબતો કહી અને તમે જે અન્યાય કરવાનું કામ જો સરકાર કરતી હોય તો એ દૂર કરવા માગો છો કે કેમ? આ તપાસ ૧૧મા મહિનાથી ચાલી રહી છે. ૬ નંબરના પ્રશ્નમાં એમ કહ્યું છે કે તપાસ ચાલુ છે અને ૧૫ નંબરના પ્રશ્નના જવાબમાં તપાસ પૂરી થઈ ગઈ છે. તો વાસ્તવમાં સરકારની શું પરિસ્થિતિ છે? એનાથી ગૃહને વાકેફ કરે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, દિનેશભાઈએ જે પ્રશ્ન પૂછ્યો એ પ્રશ્ન હકીકતથી ઘણો દૂર છે. આ પ્રકારની કોઈ કલમની કસાઈગીરી જેવું કશું થતું નથી. સવાલ એક વિભાગની અંદર વહિવટી કામગીરી કરતાં કરતાં કોઈકની ટ્રાન્સફર થાય એ ટ્રાન્સફર પ્રત્યે grievances રજૂ કર્યા છે અને એ પોલીસ સ્ટેશનમાં પણ આવ્યું અને મારે એક બીજી હકીકત તરફ ધ્યાન દોરવું છે કે, તેમણે આની સાથે જ Registrar, City Civil and Sessions Court આપ્યું છે. National Commission for S.C. ને પણ આપ્યું છે. વિઝિલન્સ કમિશ્નરને પણ આપ્યું છે. આ ખાલી પોલીસ સ્ટેશનનો પ્રશ્ન નથી. દિનેશભાઈ ક્યાંક એટ્રોસીટી લાગતું હોત તો ક્યાંક કોર્ટ, એસ.સી., એસ.ટી. કમિશન કે વિઝિલન્સ કમિશ્નરે કોઈકે તો મારું ધ્યાન દોર્યું હોત. જ્યાં સુધી તપાસનો સવાલ છે. ત્યાં સુધી ડી.વાય.એસ.પી. કક્ષાએ તપાસ પૂરી થઈ છે. તેમ છતાંય દલિત કર્મચારીના grievances હતા. એટલે મદદનીશ પોલીસ કમિશ્નર પાસે મોકલી આપ્યું છે અને વધુ તપાસ ચાલુ છે.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮- ૧૧-૦૪ની અરજી કોના તરફથી આવેલ છે અને એ કયાં કયાં સરકારી અધિકારીઓને મોકલવામાં આવી છે અને મારો બીજો સવાલ તા.૧૮-૧૧-૦૪ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીની તપાસમાં કઈ હકીકતો અને વિગતો પ્રકાશમાં આવેલ છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અરજદારશ્રી ડો. શ્રી ચૌહાણ છે. એમણે અરજી ઉપરથી નીચેની જગ્યાએ અરજીઓ આપી હશે એવું ફલિત થાય છે. એમણે કોપી નથી આપી. એમણે અરજીમાં લખ્યું છે કે આટલી જગ્યાએ અરજીઓ આપી છે. ભદ્ર અમદાવાદ, મદદ પોલીસ કમિશ્નરશ્રી, એફ ડિવિઝન, વીજીલન્સ કમિશ્નરશ્રી અને નેશનલ કમિશન ફોર એસ.સી. એસ.ટી. ને અરજી આપી છે અને અરજીની અંદર એમણે જે રજૂઆત કરી છે એમાં ડૉ. સુરેશ શાહ, આરોગ્ય કમિશ્નર અમરજીતસીંગ અને ડૉ. દેશમુખ ઉપર અને ડૉ. ગૌતમ મકવાણા, આટલા લોકો ઉપર એમણે ગ્રીવન્સીસ છે એવા પ્રકારની રજૂઆત કરી છે.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧-૧૨ની સ્થિતિએ આ કેસ બાબતની જે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી દ્વારા તપાસ થઈ રહી છે એમાં વધારાનો કોઈ મુદ્દા , હકીકત, પૂરાવા અરજદાર પાસે

માગ્યા છે કે નહી? અને અરજદારના મંગાવેલ પૂરાવા એની તપાસ એ બધું અધિકારીએ તપાસ કરીને કરવું પડે અથવા અરજદારે આપવા પડે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે રૂબરૂ જવાબ લીધો એ વખતે પૂરાવા માગ્યા હતા પણ એમની ટ્રાન્સફર ઑર્ડર સિવાય બીજો કોઈ પૂરાવા રજૂ કરી શક્યા નથી.

## અમદાવાદ શહેરમાં હયાત પોલીસ સ્ટેશન અને મહેકમ

***૧૨૦૫૧ ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :

(૧) અમદાવાદ શહેરમાં ડિસેમ્બર-૦૪ના અંતે કેટલા પોલીસ સ્ટેશન છે,

(૨) દરેક પોલીસ સ્ટેશનમાં કેટલું મહેકમ મંજૂર છે, અને કેટલું મહેકમ કામ કરે છે, અને

(૩) પોલીસ સ્ટેશન વધારવા માટે સરકારમાં દરખાસ્ત છે કે કેમ ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) ૩૧ પોલીસ સ્ટેશનો (મહિલા પોલીસ સ્ટેશન સહીત)

(૨) પત્રક આ સાથે સામેલ છે.

(૩) હા.

**પત્રક**

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | પો.ઈ. | | પોસઈ | | એ.એસ.આઈ+હેકો | | પો.કો. | | વુ.હે.કો. | | વુ.પો.કો. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ |
| ૧ | વેજલપુર | ૨ | ૨ | ૧૭ | ૫ | ૭૭ | ૪૫ | ૨૩૬ | ૧૦૫ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૨ | એલીસબ્રીજ | ૨ | ૧ | ૧૪ | ૭ | ૫૦ | ૩૩ | ૧૭૪ | ૧૦૯ | ૧ | ૦ | ૦ | ૫ |
| ૩ | સેટેલાઈટ | ૨ | ૨ | ૧૨ | ૯ | ૩૩ | ૫૨ | ૧૦૯ | ૧૩૫ | ૦ | ૦ | ૦ | ૩ |
| ૪ | નવરંગપૂરા | ૨ | ૨ | ૧૨ | ૮ | ૪૦ | ૪૧ | ૧૪૩ | ૧૨૨ | ૦ | ૦ | ૧ | ૨ |
| ૫ | નારણપૂરા | ૨ | ૨ | ૧૨ | ૭ | ૪૬ | ૩૭ | ૧૫૪ | ૧૧૬ | ૦ | ૧ | ૧ | ૨ |
| ૬ | સોલા | ૧ | ૧ | ૫ | ૩ | ૧૫ | ૨૫ | ૪૦ | ૫૬ | ૦ | ૦ | ૦ | ૩ |
| ૭ | ઘાટલોડીયા | ૨ | ૨ | ૧૨ | ૬ | ૩૯ | ૩૭ | ૧૦૩ | ૭૯ | ૦ | ૦ | ૦ | ૩ |
| ૮ | સાબરમતી | ૨ | ૨ | ૧૨ | ૬ | ૪૪ | ૪૫ | ૧૨૫ | ૯૪ | ૦ | ૦ | ૧ | ૫ |
| ૯ | માધવપૂરા | ૨ | ૨ | ૧૨ | ૫ | ૫૪ | ૪૨ | ૨૦૧ | ૧૨૭ | ૦ | ૧ | ૧ | ૨ |
| ૧૦ | શાહપુર | ૨ | ૨ | ૧૪ | ૭ | ૬૮ | ૪૧ | ૩૦ | ૯૮ | ૦ | ૦ | ૦ | ૩ |
| ૧૧ | કારંજ | ૨ | ૧ | ૧૩ | ૭ | ૬૭ | ૫૦ | ૨૧૪ | ૧૩૬ | ૦ | ૨ | ૧ | ૩ |
| ૧૨ | કાલુપુર | ૨ | ૧ | ૧૪ | ૮ | ૬૧ | ૪૮ | ૧૯૬ | ૧૨૬ | ૦ | ૦ | ૧ | ૩ |
| ૧૩ | શહેરકોટડા | ૨ | ૨ | ૧૨ | ૬ | ૫૭ | ૪૬ | ૨૧૦ | ૧૨૨ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૪ | ખાડીયા | ૨ | ૨ | ૧૨ | ૬ | ૫૮ | ૩૩ | ૧૮૫ | ૧૦૧ | ૦ | ૦ | ૧ | ૨ |
| ૧૫ | હવેલી | ૨ | ૨ | ૧૨ | ૬ | ૪૩ | ૨૭ | ૧૬૧ | ૧૦૨ | ૦ | ૦ | ૧ | ૨ |
| ૧૬ | દરીયાપુર | ૨ | ૨ | ૧૪ | ૮ | ૬૮ | ૪૭ | ૩૦ | ૧૦૫ | ૦ | ૧ | ૦ | ૩ |
| ૧૭ | શાહીબાગ | ૨ | ૨ | ૧૩ | ૬ | ૬૧ | ૫૪ | ૧૬૯ | ૧૨૧ | ૦ | ૧ | ૧ | ૩ |
| ૧૮ | સરદારનગર | ૨ | ૨ | ૧૨ | ૭ | ૪૪ | ૪૬ | ૧૨૯ | ૧૦૪ | ૦ | ૦ | ૧ | ૪ |
| ૧૯ | નરોડા | ૨ | ૨ | ૧૧ | ૬ | ૩૭ | ૫૦ | ૧૧૧ | ૧૦૫ | ૦ | ૦ | ૧ | ૬ |
| ૨૦ | મેઘાણીનગર | ૨ | ૧ | ૧૨ | ૭ | ૬૮ | ૪૧ | ૩૦ | ૭૧ | ૦ | ૦ | ૦ | ૪ |
| ૨૧ | ગોમતીપુર | ૨ | ૨ | ૧૪ | ૯ | ૫૦ | ૪૭ | ૧૮૩ | ૧૨૯ | ૦ | ૧ | ૧ | ૩ |
| ૨૨ | બાપુનગર | ૨ | ૨ | ૧૪ | ૭ | ૧૭ | ૫૪ | ૨૬ | ૭૬ | ૧ | ૦ | ૬ | ૪ |

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | પો.ઈ. | | પોસઈ | | એ.એસ.આઈ+હેકો | | પો.કો. | | વુ.હે.કો. | | વુ.પો.કો. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ | મંજૂર મહેકમ | કામ કરનાર હાજર મહેકમ |
| ૨૩ | રખીયાલ | ૨ | ૨ | ૯ | ૬ | ૩૮ | ૩૪ | ૧૧૬ | ૯૦ | ૧ | ૨ | ૨ | ૨ |
| ૨૪ | ઓઢવ | ૨ | ૨ | ૧૨ | ૬ | ૩૬ | ૫૮ | ૧૦૭ | ૯૯ | ૦ | ૦ | ૧ | ૪ |
| ૨૫ | અમરાઈવાડી | ૨ | ૨ | ૧૨ | ૧૨ | ૩૫ | ૫૭ | ૧૧૬ | ૧૩૪ | ૦ | ૨ | ૧ | ૮ |
| ૨૬ | મણીનગર | ૨ | ૨ | ૧૧ | ૧૧ | ૩૪ | ૩૨ | ૧૨૯ | ૧૨૧ | ૦ | ૦ | ૧ | ૧૦ |
| ૨૭ | વટવા | ૨ | ૨ | ૧૨ | ૭ | ૩૧ | ૩૬ | ૮૯ | ૮૯ | ૦ | ૦ | ૧ | ૩ |
| ૨૮ | જી.આઈ.ડી.સી. | ૨ | ૨ | ૧૦ | ૪ | ૩૯ | ૩૮ | ૧૧૬ | ૮૭ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૨૯ | કાગડાપીઠ | ૨ | ૨ | ૧૨ | ૫ | ૪૧ | ૩૯ | ૧૭૧ | ૧૦૬ | ૦ | ૦ | ૧ | ૩ |
| ૩૦ | દાણીલીમડા | ૨ | ૨ | ૧૦ | ૫ | ૩૯ | ૩૫ | ૧૧૬ | ૮૮ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૩૧ | મહીલા | - | - | - | ૨ | -- | -- | -- | -- | ૮ | ૧૦ | ૧૩ | ૩૨ |

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે પોલીસ સ્ટેશન કરવા માટે સરકાર વિચારી રહી છે તો આ નવા કેટલા પોલીસ સ્ટેશનો અમલમાં આવશે? કયા કયા પોલીસ સ્ટેશનનું વિભાજન થયેલ છે અને હાલ કામગીરી કયા તબક્કે છે અને આ નવા પોલીસ સ્ટેશન બનાવવા માટેના ધારા ધોરણો શું છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરના જે પોલીસ સ્ટેશન છે એમાં વધતી જતી વસ્તીના ધોરણો ઉપર સરકારશ્રીએ જે સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે એ મુજબ વાસણા અને એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાંથી એક વાસણા નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. સેટેલાઈટમાંથી વસ્ત્રાપુર નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. ઘાટલોડીયામાંથી મેમનગર નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. સોલામાંથી ચાંદલોડીયા નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. નવરંગપૂરામાંથી ગુજરાત યુનિવર્સિટી નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. નારણપૂરામાંથી વાડજ નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. સાબરમતીમાંથી રાણીપ નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. માધુપૂરામાંથી ઈદગાહ નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. શહેર કોટડામાંથી સરસપુર નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. શાહીબાગમાંથી સિવિલ નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. સરદારનગરમાંથી કુબેરનગર નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. નરોડામાંથી કૃષ્ણનગર નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. મેઘાણીનગરમાંથી ચમનપૂરા નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. બાપુનગરમાંથી ડાયમંડ નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. અમરાઈવાડીમાંથી રામોલ નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. ઓઢવમાંથી રાજેન્દ્રનગર નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. મણીનગરમાંથી ઈસનપુર નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. વટવામાંથી નારોલ નવું પોલીસ સ્ટેશન બનાવવાનું છે. આમ કુલ ૧૮ નવા પોલીસ સ્ટેશનો સ્થાપવા માટે સરકારે સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે. આ ઉપરાંત સરખેજ પોલીસ સ્ટેશન જે સી આકારનું છે. શહેરને ફરતું છે આનાથી નજીકના પોલીસ સ્ટેશનમાં ઘણો બધો વિસ્તાર સમાવવાનો છે. આ જે ૧૮ વાંચ્યા એ પૈકીના પોલીસ સ્ટેશનમાં વિસ્તાર સમાવવાનો છે. જે ક્રાઈટેરીયા છે ૧૫૦ ચોરસ કિલોમીટરથી ઓછો વિસ્તાર ના હોવો જોઈએ, ૫૦ હજારથી વધુ વસ્તી હોવી જોઈએ અને ૧૦૦ કરતાં વધુ સિરિયસ ક્રાઈમ અને ૭૦૦ જેટલા બીજા ગુનાઓની નોંધણી હોય ત્યાં નવું પોલીસ સ્ટેશનનું વિભાજન કરી શકાય એવો ક્રાઈટ એરિયા રાખવામાં આવ્યો છે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સાબરમતી પોલીસ સ્ટેશન જયાં આવેલું છે ત્યાં સુભાષબ્રિજ વિસ્તારની અંદર અનેક વી.આઈ.પી. અવરજવર કરતા હોય છે. અનેક કાર્યક્રમો ગાંધી આશ્રમથી માંડી બીજા વિસ્તારમાં હોય છે અને એ વિસ્તારમાંથી જ્યારે વી.આઈ.પી. પસાર થતા હોય છે ત્યારે સાબરમતી પોલીસ સ્ટેશનનો મોટા ભાગનો સ્ટાફ ત્યાંની વ્યવસ્થામાં ૨-૩ દિવસ રોકાઈ જતો હોય છે તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આવા વી.આઈ.પી.ની વ્યવસ્થા માટે એક અલાયદા પ્રકારની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યશ્રી, આમ તો અલાયદા પ્રકારની વ્યવસ્થા તો હોય છે જ. પોલીસ સ્ટેશન સિવાય બાકીનો શહેરના મહેકમમાંથી પણ ત્યાં આગળ જ્યારે આવા પ્રસંગ હોય ત્યારે સ્ટાફ જતો જ હોય છે પરંતુ ઇન્ચાર્જ તો જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર જ રહી શકે અને આ ધ્યાનમાં રાખીને જ સાબરમતી પોલીસ સ્ટેશનની અંદરથી એક રાણીપ નામનું નવું પોલીસ સ્ટેશન બનાવવાનું નક્કી કર્યુ છે એટલે ઓટોમેટીકલી મહેકમનો પ્રશ્ન પણ એનાથી સોલ્વ થવાની શક્યતા છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષ શ્રી, અત્યારે અમદાવાદ શહેરમાં માનનીય મંત્રીશ્રીએ કીધું એમ નાના નાના પોલીસ સ્ટેશનો થશે પણ અત્યારના હયાત પોલીસ સ્ટેશનમાં જે બે પી.આઈ. હોય છે, ફર્સ્ટ પી.આઈ. અને સેકન્ડ પી.આઈ. નવા પોલીસ સ્ટેશનો થતા આ પોલીસ ઈન્સ્પેકટરોના સ્ટ્રકચરમાં ફેરફાર કરીને એક પોલીસ સ્ટેશનમાં એક કરવા માગો છો કે બે કરવા માગો છો?

**શ્રી અમિત અ. શાહ** : આમ તો સભ્યશ્રીનું સૂચન છે. પરંતુ એવું કરવા જતાં વહીવટી સ્ટાફ ઘણો વધી જવાની શક્યતા રહેલી છે. છતાં આ વાત કાળજીપૂર્વક નીતિ વિષયક સ્તરે વિચારી જઈશું.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આટલા નવા પોલીસ સ્ટેશનો માટે અમદાવાદ શહેરમાં આયોજન ગોઠવ્યું છે. તો એ પોલીસ સ્ટેશનોમાં મહેકમ પૂરું કરવા માટે નવી ભરતી કરવાનું આયોજન છે કે ચાલુ છે એમાંથી પૂરા કરવાના છો?

**શ્રી અમિત અ. શાહ** : બન્ને રીતે આ ઘટ પૂરવા માગીએ છીએ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ પોલીસ સ્ટેશનોમાં જે હદ છે એ હદના સંદર્ભમાં ક્યારેક ક્યારેક ગૂંચવણ ઊભી થાય છે. તો મ્યુનિસિપલ કોરપોરેશનના જે વૉર્ડ છે એ પ્રમાણે એની હદ નિશ્ચિત કરવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન છે કે આ નવા દરેક પોલીસ સ્ટેશન દીઠ કેટલો ખર્ચ થાય છે?

**શ્રી અમિત અ. શાહ** : જ્યાં સુધી હદનો સવાલ છે ત્યાં સુધી નવા પોલીસ સ્ટેશનોની જે રચના થવાની છે એમાં એક્ઝેટ વૉર્ડ દીઠ પોલીસ સ્ટેશન શકય ન બને. પરંતુ આ કન્ફ્યુઝન છે એ લોકો માટે દૂર થાય એના માટે ચોક્કસ પ્રયત્ન કરીશું. ખર્ચનો સવાલ છે ત્યાં સુધી નવા પોલીસ સ્ટેશન બનાવવા માટે સ્ટાફનો પગાર વિગેરે માટે ૧૪.૩૫ લાખ આવર્તક ખર્ચ અને સાધન-સામગ્રી, ફર્નિચર વિગેરે માટે ૧૪.૧૫નો અનાવર્તક ખર્ચ થતો હોય છે.

### બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલની પ્રગતિ અંગે.

***૧૨૫૧૬ શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલના કામની જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ શું પ્રગતિ છે?
(૨) આ કામની ગુણવત્તા જાળવવા શું આયોજન કરેલ છે, અને
(૩) કેટલા સમયમાં આ કામ પૂરું થશે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા):**

(૧) નવૅમ્બર-૨૦૦૪થી કામો શરૂ કરવામાં આવ્યા છે. ૫૪ કિલોમિટર લંબાઈમાં કામો પ્રગતિમાં છે.
(૨) આ કામોની ગુણવત્તા જાળવવા માટે થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનનું આયોજન કરેલ છે અને આ થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનનું કામ એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડ, નવી દિલ્હીને સોંપવામાં આવેલ છે.
(૩) વર્ષ ૨૦૦૬-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, પરંતુ પાણી જૂન ૨૦૦૬ સુધીમાં વહેવડાવવાનું આયોજન છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આપે ૨૦૦૭ની સાલમાં જે કામ પૂરું થવાનું હતું તે જૂન ૨૦૦૬માં પૂરું કરીને પાણી વહેવડાવવાની વાત કરી એ ખૂબ અભિનંદન આપવા જેવી બાબત છે. મારે એ જાણવું છે કે મુખ્ય કેનાલ અને સબ કેનાલ બન્ને તૈયાર થઈ ગયા પછી માઈનોર અને સબ માઈનોરનું કામ હાથ ઉપર લીધું છે કે કેમ? અને બીજું અહીંથી પસાર થતી કચ્છ કેનાલની શું પરિસ્થિતિ છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માઈનોર અને સબ માઈનોરનું કામ અત્યારે શરૂ થયું નથી, પરંતુ શાખાના કામો પૂરાં થયા પછી કરવામાં આવશે. કચ્છ કેનાલનું ૭૫ કિલોમિટરનું કામ નવૅમ્બર-૨૦૦૪માં શરૂ કરવામાં આવેલ છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૨૦૦૬માં આ કેનાલ પૂરી થઈ જાય પછી કુલ કેટલો પિયત વિસ્તાર વધવાનો છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૪,૧૪,૧૮૦ હેકટર.

**શ્રી હરજીવન હી. પટેલ** : નર્મદા મુખ્ય કેનાલ છે, હાલ એનું પાણી બનાસમાં નાખ્યું છે. તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જે નહેર છે એ કયા સ્ટેજે છે અને રાજસ્થાન બોર્ડર સુધી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : એનું કામ ચાલુ છે અને ૨૦૦૬ જૂન સુધીમાં રાજસ્થાન સુધીનું કામ પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : ગત વર્ષોમાં બનાસ નદીમાં આપણે પાણી નાખ્યું એ પાણી કેટલા દિવસ વહ્યું? એના ઉપર ખેડૂતોને પાણીના ભરોસે ખેતી કરી પણ પાણી ન મળવાના કારણો શું છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : નહેર થયા પછી એના પ્રયોગ માટે પાણી છોડવામાં આવે છે. કામમાં કોઈ ખામી રહી ગઈ હોય કે લીકેજ કે અન્ય કોઈ મુશ્કેલી છે કે નહિ એ જોવા માટે પાણી પ્રાગોગિક ધોરણે છોડવામાં આવેલ હતું. પ્રાયોગિક ધોરણે બનાસ, રૂપેણ અને સરસ્વતિ સુધી એ પાણી છોડવામાં આવેલ હતું. આમ, એ પ્રાયોગિક ધોરણે છોડવામાં આવેલ હતું.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : બનાસકાંઠા જિલ્લામાં પસાર થતી નર્મદા મુખ્ય નહેરના મુખ્ય કામની ગુણવત્તા અંગે રાજય સરકારે થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન સોંપ્યું છે. જે કંપનીને આ કામ સોંપ્યું છે એ કેટલી રકમ આ સેવા માટે ખર્ચનાર છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : એ કામ ઉપર આધાર રાખે છે.

**રાયપુર ભૂતની આંબલી વિસ્તારમાં બુટલેગર દ્વારા ચાલતો વિદેશી દારૂનો અડ્ડો**

***૧૧૪૧૯ શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે

-

(૧) અમદાવાદ શહેરમાં આવેલ રાયપુર ભૂતની આંબલી વિસ્તારમાં એક બુટલેગર વિદેશી દારૂનો ગેરકાયદેસર અડ્ડો ચલાવવાની પ્રવૃત્તિ કરતો હોવાની જાન્યુઆરી, ૦૫ની સ્થિતિએ દશ માસમાં ગૃહ વિભાગને કેટલી ફરિયાદો નોંધાયેલ છે,

(૨) પોલીસ તરફથી કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૩) કાયમી ધોરણે દારૂનો અડ્ડો બંધ કરાવવા શી વ્યવસ્થા ગોઠવેલ છે, અને

(૪) બુટલેગર સામે શું શિક્ષાત્મક પગલાં ભર્યા છે?

**મુખ્યમત્રીશ્રી (ગૃહ) :**

(૧) એક પણ નહીં.

(૨) પોલીસ તરફથી-૬૭ અને નશાબંધી તરફથી ૨-દરોડા પાડવામાં આવેલ છે.

(૩) ચોરી છૂપીથી ચાલતી આવી પ્રવૃત્તિ અંગે સચોટ બાતમી મળ્યેથી, દરોડા પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) પ્રોહી. બુટલેગર બંસી ધનાને પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના તા. ૨૬-૧૨-૦૩ના હુકમથી પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ જેલમાં મોકલી આપવામાં આવેલ હતો. જ્યારે તેના સાગરીતો જીતેન્દ્રસિંહ ઉર્ફે જીતીયો રજુજી દરબારને તા. ૨૮-૭-૦૪ના હુકમથી પાસા હેઠળ અટકાયત કરી સુરત જેલમાં અને વિનુજી ઉર્ફે વિનીયો રજુજી દરબારને તા. ૩-૯-૦૪ના હુકમથી પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ જેલમાં મોકલી આપવામાં આવેલ છે. બંસી ધના નામ. ગુજરાત હાઈકોર્ટના હુકમના આધારે તા. ૬-૭-૦૪ના રોજ પાસામાંથી છૂટેલ છે. તેના વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ-૧૫૧ મુજબ તા. ૧૭-૯-૦૪ અને તા. ૧૯-૧-૦૫ના રોજ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું, સાહેબ, કાલુપુર, દરિયાપુર, વટવા, કાડાપીઠ, ખાડિયા છે એ પોલીસસ્ટેશનમાં બધી જગ્યાએ તમે ચાર જગ્યાએ પી.આઈ.ને સસ્પેન્ડ કર્યા છે. અહીં આગળ ૨૪ કલાક અને ૩૬૫ દિવસ દારૂ વેચાય છે તો અત્યાર સુધી પી.આઈ.ને સસ્પેન્ડ કરવાનો હુકમ કેમ નથી કરવામાં આવ્યો?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પી.આઈ.ને સસ્પેન્ડ કરવામાં કેમ નથી આવ્યો તેના માટે તો નિશ્ચિત સરકયુલર કરેલ છે અને ફારુકભાઈને મારે કહેવું છે કે આ સરકયુલર અમે જ કર્યો છે ભાઈ, તમે એટલી તો વાત કરો તમારા વખતે કોઈ પગલાં ભરવામાં નહોતાં આવતાં, અમે શરૂઆતથી પગલાં ભરવાનું ચાલુ કર્યુ છે અને સાહેબ પગલાં ભરવાનો ક્રાઈટેરિયા છે (અંતરાય) સાહેબ, મારે આ ગૃહને માહિતી આપવી છે

કે આ સરકારની રચના પછી જ પોલીસ સ્ટેશનના ક્ષેત્રની અંદર મોટાપાયે દારૂની રેડ પડે અને મટિરિયલ પકડાય તો એના માટે નિશ્ચિત જવાબદારી અધિકારીની નકકી કરતો પરિપત્ર આ સરકારે જ બહાર પાડયો છે અગાઉની કોઈ સરકારોએ બહાર નહોતો પાડ્યો અને જે પરિપત્ર છે એનો કડક અમલ ચાલુ છે. પરંતુ એનો ક્રાઈટેરિયામાં જે રેડ પડતી હોય એ મુજબ અમલ થાય, ફારુકભાઈ કહે એ મુજબ અમલ ના થાય.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની સરકારોએ પરિપત્ર બહાર પાડવો ના પડે એ રીતે વહીવટ ચાલતો હતો અત્યારે પરિપત્ર બહાર પાડીને ભયંકર દારૂ વેચાતો હોય એના ઉપર આટલી બધી કડકાઈ દાખવવામાં આવે છતાં અમુક પોલીસ સ્ટેશનમાં આવી ફેવર કરવાનું કારણ શું છે?

**શ્રી અમિત અ. શાહ** : સાહેબ, કોઈ ફેવર નથી થઈ. પરિપત્ર નિશ્ચિત કાઈટેરિયા મુજબ પગલાં લેવામાં આવ્યાં છે અને સવાલ તમે જે પૂછયો કે ભૂતકાળમાં સારો વહીવટ ચાલતો હતો ત્યારે આ બાજુ બધા હસતાં હતાં કોઈ માનતા નથી ભાઈ રહેવા દોને.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ ચોકકસ એકજ વિસ્તાર માટે પૂછયો છે કે બીજા વિસ્તાર માટે પણ..

**અધ્યક્ષશ્રી** : એ વિસ્તારની જ વાત કરવી પડે, નો, નો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અલગ નોટિસ આપવી જોઈએ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે જવાબ આપ્યો છે માનનીય મંત્રીશ્રીએ પ્રિન્ટિંગમાં પેઈજ-૯ ઉપર એમાં એક આરોપી બંસી ધના જેઓ નામદાર કોર્ટના હુકમના આધારે પાસામાંથી મુકત થઈને હાલ આવી ગયા છે, બજારમાં ફરે છે અને બેફામ દારૂનું વેચાણ કરે છે એમાં માનનીય સભ્યશ્રી ફારૂકભાઈએ ઉલ્લેખ કર્યો એની પૂર્તતા સાબિત થાય છે ત્યારે માનનીય મંત્રીશ્રી આ પ્રશ્નને કેમ હળવાશથી લે છે એ આ ખાતરી આપવા માગે છે કે ચાલો, ફારુકભાઈ જ્યાં જ્યાં દારૂના અડા છે કે નામજોગ ફરિયાદ મળશે એના ઉપર કડક પગલાં ભરાશે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ, પ્રશ્ન ઉપર આવી જાઓ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય મંત્રીશ્રી ખાતરી આપવા માગે છે કે દારૂની એકપણ ફરિયાદ નામજોગ આવે કે ઈનડાયરેક આવે એના ઉપર રાજ્ય કક્ષાએથી કાર્યવાહી કરવા માગે છે ક કેમ? (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ફારૂકભાઈએ ત્રીજી વખત પ્રશ્ન પૂછ્યો, બે વખત કેમ ગેરહાજર હતા એને પૂછો એનું કારણ શું છે? (અંતરાય)

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : સાહેબ, એ નંબરમાં આવ્યો જ નહતો, ક્રમવાઈઝ નહતો એટલે. (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જવાબ આપવાનો બાકી છે બેસો, પરેશભાઈ, ફારૂકભાઈને જવાબ તો આપવા દો. સાહેબ, હું આખા ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે જે એમે ઉલ્લેખ્ કર્યો બંસી ધનાનો અમે તો ફરિયાદ પહેલા પાસમાં પુર્યો હતો, હાઈકોર્ટમાં એ છુંટી ગયા એ પછી ફરીવાર પાસામાં પુર્યો છે, અત્યારે બંસી ધના ગેરહાજર છે, પાસાની અંદર જેલમાં જ છે. સવાલ એટલો જ છેકે વજુભાઈ સાહેબે ધ્યાન દોર્યુ આ ગૃહની અંદર આ જ પ્રશ્ન ફારૂકભાઈએ ત્રીજીવાર પુછયું, સંજોગો એવા છે કે બેવાર બંસી ધના બહાર હતા એટલે ફારૂકભાઈ ગેરહાજર રહ્યા આ વખતે બંસી ધના જેલમાં છે એટલે ફારૂકભાઈ હાજર છે.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને મારે પૂછવું છે કે પરેશભાઈએ કહ્યું બંસીભાઈ બહાર ફરે છે ખુલ્લે આમ. મારી પાસે માહિતી છે. બંસીભાઈ જેલમાં છે. પ્રશ્ન સ્પેસીફીક પૂછવામાં આવ્યો છે. ગૃહનો ઉપયોગ ફકત આ પ્રમાણે કરવો એ બરાબર નથી. બંસીભાઈ અત્યારે અટકાયતમાં છે કે નહીં એ પૂછી લો.(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બંસી ધનાને(અંતરાય) લેવાદેવા છે. બધા એના પક્ષમાં ભેગા થઈ ગયા છે. એનું કારણ શું છે? સારો દારૂ વેચે છે?(અંતરાય)

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ચાર નંબરમાં એમણે ૩ માથાભારે વ્યકિતને પાસામાં પૂર્યા છે અને પહેલા પ્રશ્નમાં એમ લખ્યું છે કે એક પણ અરજી આવી નથી તો આ અરજી ગભરાટને કારણે આવી નથી કે દાદાગીરીને કારણે આવી નથી પ્રજાને ભયમુકત કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અરજીઓ આવી નથી એ હકીકત છે. પણ અરજી ન આવવા છતાં અમે ૬૯ વાર રેડ પાડી છે. પણ ફારૂકભાઈ એમના મત વિસ્તારની ચિંતા કેમ કરતા નથી? ત્યાં કોઈ અરજી આવે એવું કરો.

## રાજયમાં ખાનગી કંપનીઓ દ્વારા ચાલતો બંદરોનો વહીવટ.

***૧૨૬૫૨ શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્યમાં કયા કયા બંદરો તથા જેટીનો વહીવટ તથા સંચાલન ડીસે. ૦૪ની સ્થિતિએ ખાનગી કંપનીઓ તથા પેઢીઓ હસ્તક ચાલી રહ્યો છે,

(૨) બંદરો તથા જેટીનો વહીવટ ખાનગી કંપનીને સોંપવાના શાં કારણો છે, અને

(૩) પરિણામે રાજ્ય સરકારને પ્રતિ વર્ષ કેટલા રૂપિયાની આવક થઈ રહી છે?

**માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) :**

(૧) મુંદ્રા, પીપાવાવ, દહેજ અને હજીરા બંદર તથા ૧૯ કેપ્ટીવ જેટીઓ તથા ૯ ખાનગી જેટીઓનો વહીવટ તથા સંચાલન ડીસે. ૦૪ની સ્થિતિએ ખાનગી કંપનીઓ તથા પેઢીઓ હસ્તક ચાલી રહેલ છે. ૧૯ કેપ્ટીવ જેટીઓ તથા ૯ ખાનગી જેટીઓની યાદી સામેલ છે.

(૨) ઉદારીકરણ અને ખાનગીકરણની નીતિ અનુસાર રાજ્ય સરકારના સીધા મૂડીરોકણ વગર બંદરીય સુવિધાઓ ઉપલબ્ધ થાય છે. અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થતાં આયાત-નિકાસમાં વધારો, ઉદ્યોગોનો વિકાસ તથા રોજગારીની તકો વધે છે.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં કુલ આવક રૂા. ૧૧૧.૨૭ કરોડની થયેલ છે. આમ, રાજ્ય સરકારને સરેરાશ પ્રતિ વર્ષ ૩૭.૦૯ કરોડની આવક થઈ છે.

કેપ્ટીવ જેટીઓની યાદી

| ક્રમ | કંપનીનું નામ | બંદર |
|---|---|---|
| ૧ | દિગ્વીજય સીમેન્ટ કંપની લીમીટેડ | સીક્કા |
| ૨ | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની | સીક્કા |
| ૩ | એસ્સાર સ્ટીલ લી. | હજીરા |
| <br>૪<br>૫<br>૬ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ<br>-ઈપીલીન<br>-સેકન્ડ ગેસ<br>-ઈડીસી | હજીરા |
| ૭ | ગુજરાત અંબુજા સીમેન્ટ લીમીટેડ | હજીરા |
| ૮ | લાર્સન એન્ડ ટુબ્રો લીમીટેડ-મેઈન તથા રો-રો જેટી | હજીરા |
| ૯ | ગુજરાત અંબુજા સીમેન્ટ લીમીટેડ (જુની જેટી) | મુળ દ્વારકા |
| ૧૦ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ, એસ.પી.એમ. | હજીરા |
| ૧૧ | ઈન્ડીયન પેટ્રોકેમીકલ કોર્પોરેશન લીમીટેડ | દહેજ |
| ૧૨ | લાર્સન એન્ડ ટુબ્રો લીમીટેડ | પીપાવાવ |
| ૧૩ | ગુજરાત અંબુજા સીમેન્ટ લીમીટેડ (નવી જેટી) | મુળ દ્વારકા |
| ૧૪ | રીલાયન્સ પોર્ટ એન્ડ ટર્મીનલ લીમીટેડ રો-રો જેટી | સીક્કા |
| ૧૫ | દહેજ હાર્બર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ | દહેજ |
| ૧૬ | રીલાયન્સ પોર્ટ એન્ડ ટર્મીનલ લીમીટેડ ૪-ટેન્કર બર્થ | સીક્કા |
| ૧૭ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ એસપીએમ-૨ નંબર | સીક્કા |
| ૧૮ | એસ્સાર એલ.પી.જી. જેટી | હજીરા |
| ૧૯ | સાંધી ઈન્ડ. લી. | જખૌ |

ખાનગી જેટીઓની યાદી

| ક્રમ | કંપનીનું નામ | બંદર |
|---|---|---|
| ૧ | જે.એમ.બક્ષી એન્ડ કુ. | રોઝી, જામનગર |
| ૨ | શક્તિ કલીયરીંગ | નવા બંદર, જામનગર |
| ૩ | રૂચિ ઈન્ફ્રા. લી. | રોઝી |

| | | |
|---|---|---|
| ૪ | શાંતિલાલ મલ્ટી પોર્ટ ઈન્ફ્રા. લી. | જામનગર |
| ૫ | યુનાઈટેડ શીપર્સ લી. | નવલખી |
| ૬ | સૌરાષ્ટ્ર સીમેન્ટ લી. | પોરબંદર |
| ૭ | આશાપૂરા માઈનકેમ | મુન્દ્રા |
| ૮ | ગુડઅર્થ મેરીટાઈમ | જખૌ |
| ૯ | જયદિપ એસોસીએટ લી. | નવલખી |

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાજય સરકાર દ્વારા જે ૧૯ કૅપ્ટિવ જેટી અને ૯ ખાનગી જેટીનો વહીવટ તથા સંચાલન ખાનગી કંપનીઓને આપવામાં આવ્યો છે એ કયારે કરવામાં આવ્યો છે, એ માટેનો એગ્રીમેન્ટ શું કરવામાં આવ્યો છે? આ દરેક જેટી મારફત વર્ષ ૨૦૦૨, ૨૦૦૩, ૨૦૦૪માં કુલ કેટલી આવક થઈ? આ દરેક જેટી દ્વારા કેટલી રોજગારી ઉભી કરવામાં આવી અને આ દરેક જેટી માટે કેટલી જમીન આપવામાં આવી, શું ભાવે આપવામાં આવી અને શું કરાર કર્યો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ સરસ મજાનો પ્રશ્ન પૂછયો છે. ગુજરાત ભૌગોલિક દ્રષ્ટિએ દરિયાઈ સમૃદ્ધિ ઘરાવે છે અને ગુજરાતમાં જે પ્રકારે ભા.જ.પા.ની સરકારે ૧૯૯૫માં બંદર નીતિ અમલમાં મૂકી અને એ બંદર નીતિ પછી જે પ્રકારે કૅપ્ટિવ જેટી, ખાનગી જેટી સાથેસાથે ખાનગી બંદર, સંયુકત બંદર વિકસાવવા માટે કાર્યવાહી હાથ ઘરાઈ અત્યારે લગભગ બે અઢી વર્ષમાં આ ક્ષેત્ર તળે ૩૭૪૧કરોડ જેટલું મૂડીરોકાણ આ ક્ષેત્રમાં થયું છે. સભ્યશ્રીએ માહિતી માગી છે. કયારે અમલમાં આવી, કેવી રીતે અમલમાં આવી. જેટી લાંબા સમયથી અમલમાં આવી છે. પરંતુ ૧૯૯૫ પછી જે પ્રકારની બંદર નીતિ રાજય સરકારે અપનાવી છે એ બંદર નીતિ અનુસાર કૅપ્ટિવ જેટી અને ખાનગી જેટી દ્વારા ઉદ્યોગોના વિકાસ માટે બાકીના ઈન્ફ્રાસ્ટ્રકચરને મદદરૂપ કાર્યવાહી હાથ ઘરી છે. સામાન્ય રીતે રાજય સરકારને કયા પ્રકારની આવક થાય છે એ પ્રશ્ન પૂછયો છે. રાજય સરકારને સીમિત ક્ષેત્રમાં આવક થાય છે. એ મેં જણાવેલ છે. પરંતુ મેરી ટાઈમ બોર્ડની જે પ્રકારે આવક થાય છે ૨૦૦૧-૦૨માં ૧૮૧.૩૧કરોડ, ૨૦૦૨-૯૩માં ૨૨૧.૯૧કરોડ અને ૨૦૦૩-૦૪માં ૨૩૯.૫૭કરોડ જેટલી આવક થઈ છે. જે પરોક્ષ રીતે રાજય સરકારની આવક ગણાય. આ કૅપ્ટિવ જેટીને કારણે જે પ્રકારનો તફાવત માલુમ પડયો છે. ૧૯૯૫ માં બંદર નીતિ જાહેર થઈ. ત્યારે ગુજરાતમાં નાના બંદરો ઉપરનો ટ્રાફિક ૧૭.૧૫ મિલિયન ટન હતો. ૨૦૦૩-૨૦૦૪ માં ટ્રાફિક વધીને ૮૯.૩૫ મિલિયન ટન ટ્રાફિક થયો છે અને દેશના હિસ્સામાં ખૂબ મોટો સિંહફાળો આ ગુજરાતના નાના બંદરોનો રહેલો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નવમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## અમદાવાદ શહેરમાં આવેલાં થિયેટરો પાસેથી વસુલ આવેલો મનોરંજન કર

૧૧૨૨૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં ડિસેમ્બર, ૦૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કયા કયા થીયેટરો પાસેથી કેટલી રકમનો મનોરંજન કર વસૂલ કરવાનો બાકી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કયા કયા થીયેટરોને તોડી નાખવામાં આવ્યાં, અને | (૨) કમલ અને મંગલમ. |
| (૩) આવા તોડી પડાયેલ થીયેટરો પાસેથી બાકી રહેતો કર વસૂલ કરવા સરકારે શું આયોજન કર્યું છે? | (૩) ગુજરાત મનોરંજન કર અધિનિયમ-૧૯૭૭ મુજબ મનોરંજન કર વસૂલ કરવામાં આવે છે. |

**પત્રક-૧**

| અ.નં. | સિનેમાનું નામ | બાકી મનોરંજન કર | બાકી મનોરંજન કર |
|---|---|---|---|
| | | ૨૦૦૩-૨૦૦૪ | ૨૦૦૪-૨૦૦૫ ડીસે. ૦૪ |
| ૧ | આમ્રપાલી | ૩૮૫૩૨૮ | ૩૪૬૩૫૫ |
| ૨ | અપ્સરા | ૯૮૯૧૪૬ | ૭૧૮૩૯૯ |
| ૩ | આરાધના | ૩૩૧૦૭૨ | ૨૭૧૧૧૧ |
| ૪ | લલીતામહલ | ૮૬૮૯ | ૮૬૮૯ |
| ૫ | શાલીમાર | ૩૦૯૭૦ | ૧૬૨૩૭ |
| ૬ | સંગમ | ૬૭૮૦૦ | ૮૩૯૨ |
| ૭ | મીરા | ૧૪૬૮૩૧૭ | ૧૧૭૭૦૭૮ |
| ૮ | સોનલ | ૧૦૧૧૦૪ | ૧૮૦૨૬૪ |
| ૯ | રોજી | ૬૬૮૨૯ | ૦ |
| ૧૦ | મંગલમ | ૩૦૪૯૨૭ | ૨૧૭૪૧૯ |
| ૧૧ | શ્રી | ૬૬૯૪૧૦૧ | ૬૬૯૪૧૦૧ |
| ૧૨ | કમલ | ૮૭૮૦૧૭૭ | ૭૨૮૪૧૨૫ |
| ૧૩ | આશિષ | ૮૫૫૪૨૦ | ૭૮૯૪૦૦ |
| | | ૨,૦૦,૮૩,૮૮૦ | ૧,૭૭,૧૧,૫૭૦ |

---------

## દાહોદ જિલ્લાને નર્મદાનું પાણી આપવાનું આયોજન

૧૧૨૪૫ **શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાને નર્મદા કેનાલનો લાભ મળશે કે કેમ,

(૨) આ વિસ્તાર કમાન્ડ વિસ્તારમાં જે તે સમયે સર્વેમાં લેવાયેલ છે કે કેમ,

(૩) જો ના, તો પુનઃ સર્વે કરી તેમાં સમાવેશ કરવા શું આયોજન છે, અને

(૪) નર્મદા કેનાલથી દેવગઢ બારીયા તાલુકો માત્ર ૩૦ કી.મી.ના અંતરે બોડેલીથી ફાંગીયા છે, તે વિસ્તાર માટેનું આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લાને નર્મદા કેનાલનો લાભ આપવાનું મૂળ આયોજનમાં નથી.

(૨) નર્મદા કેનાલના લેવલ કરતાં દાહોદ જિલ્લો ઉંચી સપાટીએ હોઈ, યોજનાના પિયત વિસ્તારમાં તાંત્રિક કારણોસર સર્વેક્ષણમાં સમાવેશ કરવામાં આવેલ ન હતો.

(૩) અન્ય સિંચાઈ યોજનાઓનું વિકલ્પરૂપે આયોજન કરવામાં આવેલ છે.

(૪) ઉપર જવાબ (૩) મુજબ.

--------

## બનાસકાંઠા જિલ્લામાં નર્મદાનું પાણી આપવાની કામગીરી

૧૧૨૨૪ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાનું પાણી કેનાલ કે પાઈપ દ્વારા બનાસકાંઠાને આપવાની કાર્યવાહી તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) ૧.નર્મદા મુખ્ય નહેર તથા બે શાખા નહેરોના કામો પ્રગતિમાં છે અને જૂન-૨૦૦૬ સુધીમાં આ નહેરોમાં પાણી વહેવડાવવાનું આયોજન છે.

૨. કચ્છ શાખા નહેરના ૭૫ કિ.મી. લંબાઈના કામોના ટેન્ડર મંજૂર થયેલ છે. આ કામો પણ જુન-૨૦૦૬ સુધીમાં પૂરા કરી પાણી વહેવડાવવાનું આયોજન છે.

૩. પાંચ શાખા નહેરોના કામો બાકીની કચ્છ શાખા નહેરનાં કામો તેમજ વિતરણ

| | |
|---|---|
| | પધ્ધતિનાં કામો ૨૦૦૫-૦૬થી તબક્કાવાર શરૂ કરી ૨૦૦૭-૦૮ માં પૂર્ણ કરવાનું આયોજન છે.<br>૪. સુજલામ સુફલામ યોજનાના ભાગરૂપે નર્મદા મુખ્ય નહેરનું પાણી ઉદ્દવહન કરી દાંતીવાડા જળાશય યોજના માટે બે પાઈપલાઈન તથા સીપુ જળાશય યોજના માટે એક પાઈપલાઈનનું આયોજન કરેલ છે. જેની લાઈનદોરી આખરીકરણ કરવાની કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) બનાસકાંઠા જિલ્લામાં આ યોજનાની કામગીરીથી કેટલા ગામોને લાભ થશે ? | (૨)<br>૧ નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં ૨૩૨ ગામોને સિંચાઈનું પાણી અને ૩૯૪ ગામોને અને ૨ શહેરોને પીવાનું પાણી મળશે.<br>૨ દાંતીવાડા તથા સીપુ યોજનાના હયાત પિયત વિસ્તારને ખાત્રીપૂર્વક સિંચાઈ પૂરી પાડી શકાશે. વધુમાં લાઈનદોરી આખરીકરણ થયેથી વધારાનો લાભિત વિસ્તાર નક્કી થઈ શકશે. |

-------------

**સરકારી અધિકારી/કર્મચારીઓ માટેના સર્વાભિપ્રાય સર્વેક્ષણની કામગીરીનો અહેવાલ**

૧૧૨૩૧ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૪ દરમ્યાન રાજ્ય સરકારે સરકારી અધિકારીઓ/કર્મચારીઓ માટે કઈ કઈ ખાનગી સંસ્થાઓને ક્ષસર્વાભિપ્રાયખ સર્વેક્ષણની કામગીરી સોંપી અને તે પાછળ કઈ કઈ સંસ્થાઓને કેટલી રકમની ચુકવણી કરી, | (૧) વર્ષ-૨૦૦૪ દરમ્યાન રાજ્ય સરકારે મે. ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ સર્વિસીઝ લિ. નવી દિલ્હીને સર્વેક્ષણની કામગીરી સોંપી છે અને તે પાછળ અત્યાર સુધી રાજ્ય સરકારે આ સંસ્થાને કોઈ પણ રકમ ચુકવેલ નથી. |
| (૨) આ સંસ્થાએ સરકારને કેટલા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓના મંતવ્યો નોંધીને અહેવાલ ક્યારે સુપ્રત કર્યો, અને | (૨) ૩.૫૦ લાખ અધિકારીઓ/કર્મચારીઓના મંતવ્યો મેળવ્યા છે, જેનો ડ્રાફ્ટ અહેવાલ સંસ્થાએ તા. ૧-૩-૨૦૦૫ના રોજ રજુ કરેલ છે. |
| (૩) આ સર્વેક્ષણનું પરિણામ ક્યારે જાહેર કરવામાં આવશે? | (૩) આખરી અહેવાલ મળ્યેથી. |

-----------

**પાટણ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનાનો સંપૂર્ણ અમલ**

૧૧૬૪૬ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પાટણ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનામાં દરેક ગામ આવરી લેવામાં આવ્યા છે તે વાત સાચી છે ? | હા, જી. પાટણ જિલ્લાના તમામ ગામો જ્યોતિગ્રામ યોજનાના આયોજનમાં આવરી લેવાયા છે. |

-----------

**જેતપુર તેમજ ગોંડલ તાલુકામાં જ્યોતિગ્રામ યોજનામાં આવરી લીધેલા ગામડાં**

૧૨૨૨૧ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના જેતપુર તેમજ ગોંડલ તાલુકાનાં કેટલાં ગામડાઓમાં જ્યોતિગ્રામ યોજનાનું કામ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પૂર્ણ કરેલ છે, અને | (૧) જેતપુર-૨૪<br>ગોંડલ-૧૦. |
| (૨) બાકીનાં ગામડાંઓ જ્યોતિગ્રામ યોજનામાં ક્યારે પૂરાં કરવામાં આવશે ? | (૨) શક્ય તેટલા વહેલા. |

-----------

**અધિક નિયામક અને રાજ્ય આરોગ્ય કમિશનર સામે એટ્રોસીટીની ફરીયાદ**

૧૧૭૪૧ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં વર્ગ-૧ના અધિકારી મારફત અધિક નિયામક અને રાજ્ય આરોગ્ય કમિશ્નર સામે એટ્રોસીટી કેસની ફરિયાદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ક્યારે નોંધાવી છે, અને | (૧) ના, જી. કોઈ ફરીયાદ નોંધાયેલ નથી પરંતુ આવી બાબતની એક અરજી તા. ૧૮-૧૧-૦૪ના રોજ અમદાવાદ શહેર પોલીસને મળેલ છે. |
| (૨) આ ફરિયાદ અન્વયે પોલીસ તંત્ર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા? | (૨) મળેલ અરજી સંબંધે મદદનીશ પોલીસ કમિશ્નર કક્ષાના અધિકારી દ્વારા તપાસ કરાવવામાં આવેલ છે. તપાસ દરમ્યાન અરજીમાં કરેલ રજુઆતો વહીવટી બાબતોને લગતી માલુમ પડેલ છે. |

-----------

**રાજકોટ જિલ્લામાં તાલુકાદીઠ ઘર દીવડા અને કુટીર જ્યોત યોજના નીચે આવેલી અરજીઓ**

૧૧૭૩૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકા દીઠ દ ાર દીવડા અને કુટીર જ્યોત યોજના હેઠળ કેટલા લાભાર્થીઓની અરજીઓ આવી, અને<br>(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થઇ ? | (૧) અને (૨) કુટીર જ્યોતી યોજના હેઠળ કુલ-૮૬૧ અરજીઓ મળેલ, તે પૈકી ૬૧૬ અરજીઓ મંજૂર થઇ અને તેમાંથી ૫૩૩ વીજ જોડાણ આપવામાં આવેલ છે. તાલુકાવાર વિગતોનું પત્રક સામેલ છે. |

**પત્રક**

| અ.ક્ર, | તાલુકાનું નામ | રાજકોટ જિલ્લામાં | | |
|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓની સંખ્યા | મંજૂર થયેલ અરજીઓની સંખ્યા | અપાયેલ વીજ જોડાણની સંખ્યા |
| ૧. | પડધરી | ૫૯ | ૫૯ | ૫૯ |
| ૨. | રાજકોટ | ૦ | ૦ | ૦ |
| ૩. | જસદણ | ૦ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | ટંકારા | ૦ | ૦ | ૦ |
| ૫. | વાંકાનેર | ૨ | ૨ | ૨ |
| ૬. | લોધીકા | ૬૦ | ૪૯ | ૩૦ |
| ૭. | ગોંડલ | ૨૩ | ૧૦ | ૧૦ |
| ૮. | ધોરાજી | ૨૦૨ | ૧૧૪ | ૧૧૪ |
| ૯. | ઉપલેટા | ૨૬૮ | ૨૧૭ | ૨૧૭ |
| ૧૦. | જેતપુર | ૩૦ | ૭ | ૭ |
| ૧૧. | જામ કંડોરણા | ૧૬૩ | ૧૩૧ | ૭૫ |
| ૧૨. | કોટડા | ૫૪ | ૨૭ | ૧૯ |
| ૧૩. | મોરબી | ૦ | ૦ | ૦ |
| ૧૪. | માળીયા | ૦ | ૦ | ૦ |
| | કુલ.. | ૮૬૧ | ૬૧૬ | ૫૩૩ |

----------

## ચોટીલા અને સાયલા તાલુકામાં નોંધાયેલ અકસ્માતો

૧૧૫૫૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ એક વર્ષમાં કેટલા વાહન અકસ્માત થયા છે, અને | (૧) ૨૪૦. |
| (૨) આવા અકસ્માતમાં કેટલી વ્યક્તિઓના મૃત્યુ થયા છે ? | (૨) ૫૧ વ્યક્તિ. |

----------

## ખેડા જિલ્લામાં દારૂ અંગે દરોડા

૧૧૨૨૬ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તા. ૩૧-૧-૦૫ સુધીમાં દારૂના કેટલા દરોડા પાડવામાં આવ્યા, | (૧) ૨૦૦૩ ના વર્ષમાં ૯૭૧૦ અને ૨૦૦૪ ના વર્ષમાં (૩૧-૧-૦૫ સુધીમાં) ૯૮૭૪ દરોડા પાડવામાં આવેલ છે. |
| (૨) તાલુકાવાર કેટલો દારૂ પકડવામાં આવ્યો, અને | (૨) તાલુકાવાર પકડાયેલ દારૂની વિગતો નીચે મુજબ છે |

| અ.નં. | તાલુકાનું નામ | દેશી દારૂ (લીટર) | વિદેશી દારૂ (બોટલ) |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૬૦૨૩૨.૦ | ૩૭૨૭૦ |
| ૨ | મહુધા | ૨૮૪૯.૦ | ૫૦૯૯ |
| ૩ | કઠલાલ | ૫૮૧૨.૦ | ૨૯૫૬ |
| ૪ | કપડવંજ | ૧૪૭૯૨.૦ | ૧૪૧૪૩ |
| ૫ | બાલાસિનોર | ૧૭૯૪.૦ | ૩૪૨૧ |
| ૬ | વિરપુર | ૪૪૮.૦ | ૪૪૬ |
| ૭ | ઠાસરા | ૩૫૫૭.૦ | ૯૫૦૪ |
| ૮ | માતર | ૭૭૯૫.૦ | ૧૦૧૩૬ |

| | | | |
|---|---|---|---|
| ૯ | ખેડા | ૬૭૦૭.૫ | ૧૩૪૪ |
| ૧૦ | મહેમદાવાદ | ૩૩૫૧૪.૦ | ૪૬૮૫ |
| | કુલ.. | ૧,૩૭,૫૦૦.૫ | ૮૯૦૦૪ |

(૩) કેટલા ઇસમો સામે પગલાં લેવામાં આવ્યા?

(૩) ૧૮૭૩૫.

----------

**સુરત શહેર અને જિલ્લામાંથી પાસા હેઠળ અટકાયત**

૧૦૫૪૮ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં સુરત શહેર અને જિલ્લામાંથી કેટલી વ્યક્તિઓની પાસાના કાયદા હેઠળ અટકાયત કરવામાં આવેલ છે? | સુરત શહેર - ૬૬૯<br>સુરત જિલ્લો - ૧૦૪<br>કુલ ૭૭૩ વ્યક્તિઓ. |

----------

**જ્યોતિગ્રામ યોજના અન્વયે લાભાન્વિત ગામો**

૧૧૪૯૪ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જ્યોતિગ્રામ યોજના રાજ્યમાં ક્યારથી શરૂ કરવામાં આવી, | (૧) સપ્ટેમ્બર-૨૦૦૩ થી. |
| (૨) જાન્યુઆરી-૦૫ સુધીમાં આ યોજનામાં કેટલા ગામોને આવરી લીધેલ છે, અને | (૨) ૬૭૩૮. |
| (૩) બાકીના ગામોને આવરી લેવા અંગે શું ભાવી આયોજન છે ? | (૩) બાકીના ગામોને શક્ય તેટલા વહેલા આવરી લેવાનું આયોજન છે. |

----------

**વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૫ના મહોત્સવ દરમ્યાન થયેલા એમ.ઓ.યુ.**

૧૦૨૩૦ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૫ ના મહોત્સવ દ્વારા રાજ્ય સરકારે મેળવેલ એમ.ઓ.યુ. ની વિગતો શું છે, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૫ના વર્ષમાં કુલ-૨૨૬ રોકાણકારો દ્વારા રૂપિયા ૧,૦૬,૧૬૦ કરોડની મૂડી રોકાણની દરખાસ્તો મળેલ છે. |
| (૨) જે નવા મૂડીરોકાણ અંગેની જાહેરાત આ કાર્યક્રમ માટે કરવામાં આવેલ છે, તેના ફોલોઅપ માટેની શું વ્યવસ્થા સરકારે ગોઠવેલ છે ? | (૨) ઔદ્યોગિક ગૃહો દ્વારા જાહેર કરાયેલ આ મૂડીરોકાણ ઝડપથી ઉત્પાદનમાં આવે તે ઉદ્યોગ ક્ષેત્ર મુજબ નોડલ અધિકારીઓની નિમણૂંક કરી છે.<br><br>-ઉદ્યોગ ક્ષેત્રના સંબંધિત નોડલ અધિકારીઓ તેમની કક્ષાએ, ઉદ્યોગકારો સાથે તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગો સાથે સંકલન કરી ઉદ્યોગોના ઝડપી અમલીકરણ માટે મહત્વની કામગીરી હાથ ધરશે.<br>-સરકાર કક્ષાએ પણ આ ઉદ્યોગોને અમલીકરણ |

બાબતે સમીક્ષા કરવામાં આવશે.

----------

**બાલાસિનોર અને વિરપુર તાલુકામાં ઝુંપડપટ્ટી યોજના હેઠળ વીજ જોડાણ આપવા અંગે**

૧૦૬૬૦ **શ્રી રાજેશ પાઠક (બાલાસિનોર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બાલાસિનોર અને વીરપુર તાલુકામાં સરકાર ઝુંપડપટ્ટીમાં વીજ જોડાણ યોજના હેઠળ ઘર વીજ જોડાણો આપવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યાં સુધી વીજ જોડાણો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) શક્ય તેટલા વહેલા વીજ જોડાણો આપવાનું આયોજન છે.

----------

**એસ. ટી. નિગમને બસો ખરીદવા માટે આપેલ નાણાંકીય મંજૂરી**

૧૧૨૧૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ તરફથી નવી એસ. ટી. બસો ખરીદવા સને ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં તારીખ ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલી નાણાંકીય માંગણી કરતી દરખાસ્તો સરકારને મળી, અને

(૨) આ દરખાસ્તો અંગે સરકારે કેટલી નાણાંકીય મંજૂરી ક્યારે આપી ?

**જવાબ**

(૧) ૬ દરખાસ્તો.

(૨) અગાઉ કરેલ રૂા. ૧૭.૬૯ કરોડની પ્લાન સદર હેઠળ કરેલ વાર્ષિક જોગવાઈની સામે ૨૦૦૪-૨૦૦૫માં રૂા. ૫૦ કરોડની આયોજન સદર હેઠળ વધારાની જોગવાઇ કરવામાં આવી છે.

તદ્ઉપરાંત ૨૦૦૫-૦૬ના વર્ષ માટે રૂા. ૧૩૭.૬૯ કરોડની જોગવાઈ નવી બસો ખરીદવા માટે સૂચવવામાં આવેલ છે.

----------

**બનાસકાંઠા જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ**

૧૧૪૧૮ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાઇઝ તત્કાલ વીજ જોડાણની કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) તાલુકાવાર નોંધાયેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અનુક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૩૩૭ |
| ૨ | અમીરગઢ | ૨૫૦ |
| ૩ | દાંતીવાડા | ૨૨૩ |
| ૪ | ધાનેરા | ૮૮૬ |
| ૫ | ડીસા | ૫૭૧ |
| ૬ | વડગામ | ૩૧૫ |
| ૭ | કાંકરેજ | ૧૫૯ |
| ૮ | ભાભર | ૪૬ |
| ૯ | દીયોદર | ૧૦૯ |
| ૧૦ | થરાદ | ૧૧૨૫ |
| ૧૧ | વાવ | ૧૫ |
| ૧૨ | દાંતા | ૧૫૨ |
| | કુલ : | ૪૧૮૮ |

| | કુલ : | ૪૧૮૮ |
|---|---|---|

(૨) તે પૈકી કેટલા કનેકશનો અપાયા, અને — (૨) ૬.

(૩) બાકીનાઓને તાલુકા વાઇઝ કેટલા સમયમાં કનેકશનો આપવામાં આવશે ? — (૩) બાકીના નોંધાયેલ અરજદારોને તબક્કાવાર અંદાજપત્ર આપ્યા બાદ નાણાં ભરપાઇ થયેથી નિયત સમય મર્યાદામાં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

----------

**કલ્પસર યોજના અંગે જમીન માપણીનું કામ અને થયેલ ખર્ચ**

૧૧૫૦૩ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજના સુચિત સરોવરના કિનારા વિસ્તારોની જમીન માપણીનું કામ કયા તબક્કે છે, અને | (૧) સંલગ્ન ડિજીટલાઇઝડ નકશાઓ બનાવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. |
| (૨) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ રૂપિયા ૨૮૨.૫૦ લાખ ખર્ચ થયેલ છે. |

----------

**નર્મદા મેઇન કેનાલમાંથી કડાચલા, વિંટોજ, ગુતાલ માઇનોર કેનાલમાં પાણી છોડવા અંગે**

૧૨૪૬૫ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદાની મુખ્ય કેનાલમાંથી હાલોલ તાલુકાનાં કડાચલા, વિંટોજ, ગુતાલ માઇનોર કેનાલમાં જાન્યુઆરી-૦૫ સુધીમાં કેટલીવાર પાણી છોડવામાં આવ્યું છે, | (૧) નર્મદાની મુખ્ય કેનાલમાંથી હાલોલ તાલુકાના કડાચલા, વિંટોજ અને વાઘોડીયા તાલુકાના ગુતાલ ગામમાંથી પસાર થતી ગુતાલ માઇનોરમાં જાન્યુઆરી-૨૦૦૫ સુધીમાં ટેસ્ટીંગ માટે ૮ દિવસ માટે પાણી વહેવડાવવામાં આવેલ છે. |
| (૨) આ માઇનોર કેનાલનું કામ તકલાદી હોવાથી વારંવાર તૂટી જાય છે તે સરકારનાં ધ્યાને છે, અને | (૨) આ કામ તકલાદી હોવાનું કે વારંવાર તૂટી જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો આ અંગે સરકાર શું કરવા માંગે છે ? | (૩) ઉપર જવાબ (૨) મુજબ. |

----------

**ગુજરાત વિદ્યુત બોર્ડનું વિભાજન**

૧૧૦૫૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત વિદ્યુત બોર્ડના સુધારણાના ભાગ રૂપે કાર્યક્ષમતા વધારવા બોર્ડનું કેટલી કંપનીમાં ક્યારે વિભાજન કરવામાં આવ્યું, | (૧) ગુજરાત વિદ્યુત બોર્ડની રૂપાંતર થયેલી સાત કંપનીઓ તા. ૧-૧-૨૦૦૫થી કામચલાઉ ધોરણે કાર્યાન્વીત થયેલ છે. |

(૨) આ વિભાજન થવાથી બોર્ડની ઉત્પાદન વિતરણ વ્યવસ્થામાં ફેર પડવાથી બોર્ડની આવકમાં ૧ વર્ષમાં કેટલો વધારો થવાનો અંદાજ છે,

(૨) આ વિભાજન થવાથી બોર્ડની ઉત્પાદન/વિતરણ વ્યવસ્થામાં ફેર પડવાથી બોર્ડની આવકમાં ૧ વર્ષમાં આશરે રૂા. ૧૦૦૦ કરોડ જેટલો વધારો થવાનો અંદાજ છે.

(૩) આ વિભાજન થવાથી ખાનગીકરણની પ્રક્રિયા થનાર છે કે કેમ, અને

(૩) ના, જી.

(૪) જો હા, તો બોર્ડના કર્મચારીઓના ભવિષ્યને કોઇ અસર થશે કે કેમ ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## એમ. ઓ. યુ. અન્વયે ચાલુ થયેલા ઉદ્યોગો બાબત

૧૧૪૧૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલા એમ. ઓ. યુ. ઉદ્યોગકારો સાથે કરવામાં આવ્યા,

(૨) આમાંથી કેટલા ઉદ્યોગો ચાલુ થયા છે, અને કેટલા ચાલુ થયા નથી, અને

(૩) કયા કારણોસર ?

**જવાબ**

(૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રૂા. ૬૬૦૬૮.૫૦ કરોડના મુડીરોકાણ માટે ૭૬ દરખાસ્તો મળી છે.

(૨) અને (૩) તે પૈકી કુલ ૫૬ પ્રોજેક્ટો અમલીકરણ નીચે છે. જેમાંથી ૧૦ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે.

આયોજનબધ્ધ તૈયારીઓને કારણે અને રાજ્યમાં ઉપલબ્ધ વિપુલ તકો તથા તે અંગેના સુમેળભર્યા વાતાવરણને લીધે એકમો કાર્યરત થયેલ છે. બાકી એકમોને કાર્યરત કરવાની પ્રક્રિયા ચાલુ છે.

----------

## ગ્લોબલ ઇન્વેસ્ટર સમીટ-૨૦૦૩માં મળેલી દરખાસ્તો

૧૧૫૨૭ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૩માં મૂડીરોકાણ માટેની કયા કયા ક્ષેત્રે કેટલી દરખાસ્તો મળી હતી,

**જવાબ**

(૧) અને (૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩માં કુલ રૂા. ૬૬,૦૬૮.૫૦ કરોડના મૂડીરોકાણ માટેની કુલ ૭૬ દરખાસ્તો ક્ષેત્રવાર નીચે મુજબ મળેલ છે.

| | |
|---|---|
| - એગ્રો અને ફુડપ્રોસેસીંગ | ૫ |
| - ટેક્ષટાઇલ | ૫ |
| - ખનિજ આધારિત ઉદ્યોગો | ૮ |
| - કેમીકલ અને પેટ્રોકેમીકલ્સ | ૮ |
| - એન્જીનીયરીંગ અને સ્ટીલ | ૫ |
| - ઔદ્યોગિકપાર્ક-એસઇઝેડ | ૮ |
| - ઓઇલ અને ગેસ | ૬ |
| - ઉર્જા | |

| | |
|---|---|
| | ૧૦ - બંદર વિકાસ (પોર્ટ) ૨ - રોડ રેલ્વે ૨ - આરોગ્ય ૧ - શિક્ષણ ૯ - પ્રવાસન ૭<br>રૂા. ૬૬૦૬૮.૫૦ કરોડના મૂડી રોકાણની દરખાસ્તો મળેલ છે. |
| (૨) મળેલી દરખાસ્તથી કુલ કેટલું મૂડીરોકાણ થયું હતું, અને | |
| (૩) મળેલી દરખાસ્તમાં ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ પ્રોજેક્ટની શું પરિસ્થિતિ છે ? | (૩) ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ ૫૬ એકમો કાર્યરત થયેલ છે જે પૈકી ૧૦ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયેલ છે. |

----------

## આણંદ જિલ્લામાં બળાત્કાર, ખૂન અને અપહરણના બનાવો

૧૨૦૩૬ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુ-૦૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બળાત્કાર-ખૂનના અને અપહરણના કુલ કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયા, અને | (૧) બળાત્કાર - ૧૮<br>ખૂન - ૪૮<br>અપહરણ - ૭૦ |
| (૨) કેટલા ઇસમોની ધરપકડ કરી શાં પગલાં લીધા? | (૨) બળાત્કાર - ૩૨ ઇસમો<br>ખૂન - ૮૪ ઇસમો<br>અપહરણ - ૮૮ ઇસમો<br>આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને કેસની તપાસ પૂરી થતાં આરોપીઓ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવે છે. |

----------

## પોલીસ દળમાં વધારાની ત્રણ હજાર જગ્યાઓ વધારવાનું આયોજન

૧૧૮૨૧ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાજેતરમાં રાજ્યના પોલીસ દળમાં વધારાની ત્રણ હજાર જગાઓ ઊભી કરવાનું સરકારની વિચારણામાં છે તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) કયા કયા સંવર્ગની આ જગાઓ ઉભી કરવાનું સરકારે વિચાર્યુ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જગાઓ કેટલા સમયમાં ભરવાનું સરકારનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ઝઘડીયા તાલુકાના ધોળાકુવા અને માલપોર વચ્ચે લાલ માટીના પરવાના બાબત**

૧૨૫૫૦ **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરુચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના ધોળાકુવા અને માલપોર ગામ વચ્ચે લાલ માટીનો પરવાનો કોને આપવામાં આવ્યો, | (૧) ભરુચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના ધોળાકુવા અને માલપોર ગામ વચ્ચે લાલ માટી ખનિજ મળી આવતી નથી તેમજ લાલ માટીના પરવાના માટે કોઈ અરજી પણ આવેલ નથી. તેથી પરવાનો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ લાલ માટી એક ટ્રકમા કેટલી લઈ જવામાં આવે છે અને તેની કેટલી રોયલ્ટી લેવામાં આવે છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ડબલ લાલ માટી લઈ જવા છતાં એક જ રોયલ્ટી પાસ ફાડવામાં આવે છે એ હકીકત સાચી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો આ અંગે સરકાર શું પગલાં ભરવા માંગે છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**સુરત શહેર અને જિલ્લામાં ગેરકાયદેસર કતલખાના અને મટન માર્કેટ**

૧૦૬૦૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત શહેર અને જિલ્લામાં ગેરકાયદેસર કતલખાના તથા ગેરકાયદેસર મટન માર્કેટ સામે તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલા ગુન્હા નોંધવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૧-૧-૨૦૦૪ થી તા. ૩૧-૧-૦૫ દરમ્યાન સુરત જિલ્લામાં (ગ્રામ્ય) ગેરકાયદેસર કતલખાના તથા ગેરકાયદેસર મટન માર્કેટ અંગે કોઈ ગુન્હા નોંધાયેલ નથી, જ્યારે સુરત શહેર અંગેની માહિતી નીચે મુજબ છે.

| વિગત | કેસો |
|---|---|
| | |
| પ્રાણીઓની ગેરકાયદેસર કતલ | ૫ |
| પ્રાણીઓની ગેરકાયદેસર કતલ માટે હેરફેર | ૦ |
| પ્રાણીઓની ગેરકાયદેસર હેરફેર | ૩ |
| કુલ | ૮ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી કેટલા કેસો નોંધાયા અને કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૨) સુરત જિલ્લા (ગ્રામ્ય)માં કોઈ ઈસમની ધરપકડ કરવામાં આવેલ નથી. જ્યારે સુરત શહેરની માહિતી નીચે મુજબ છે.

**Table 1**

| વિગત | કેસો | આરોપી | | |
|---|---|---|---|---|
| | | સંડોવાયેલ | પકડાયેલ | બાકી |
| પ્રાણીઓની ગેરકાયદેસર કતલ | ૫ | ૨૮ | ૨૮ | ૦ |
| પ્રાણીઓની ગેરકાયદેસર કતલ માટે | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦ | ૦ | ૦ | ૦ |
| પ્રાણીઓની ગેરકાયદેસર હેરફેર... | | | | |
| | ૩ | ૭ | ૭ | ૦ |
| કુલ | ૮ | ૩૫ | ૩૫ | ૦ |

----------

**પાદરા તાલુકામાં નર્મદા યોજના આધારિત સિંચાઈનું પાણી**

૧૨૭૪૫ **શ્રી પુનમ ૨. પરમાર (પાદરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાદરા તાલુકામાં નર્મદા યોજનામાં કેટલા ગામોમાં જાન્યુઆરી-૦૫ ના અંતે કેનાલ દ્વારા પાણી સિંચાઈ માટે આપવામાં આવે છે, | (૧) નર્મદા યોજનામાંથી પાદરા તાલુકામાં જાન્યુઆરી-૨૦૦૫ ના અંતે સિંચાઈ માટે ૫૯ ગામોમાં પાણી આપવામાં આવેલ છે. |
| (૨) બાકી રહેલ વિસ્તારો માટે સિંચાઈ દ્વારા કેનાલ માટે શું આયોજન કરેલ છે, અને | (૨) બાકી રહેલ વિસ્તારોમાં ૨૦૦૬-૦૭ સુધીમાં નહેરોના કામો પૂર્ણ કરી સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન કરેલ છે. |
| (૩) આ કામગીરી ક્યાં સુધી પૂરી કરવા માગે છે? | (૩) ------ઉપર મુજબ------ |

----------

**પોલીસ કમિશ્નરેટ અમદાવાદ શહેરમાં યોજાયેલા લોકદરબાર**

૧૨૪૦૭ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને માહિતીના આદાન-પ્રદાનની ભાવના વધે તે માટે રાજ્યમાં તમામ જિલ્લાઓમાં લોકદરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યુ છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ડિસેમ્બર, ૦૪ સુધીમાં પોલીસ કમિશ્નરેટ અમદાવાદ શહેરમાં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ? | (૨) ૩૨૭. |

----------

**નર્મદા યોજના કચ્છ શાખા નહેરનું કામ**

૧૧૨૨૯ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ નર્મદા યોજના કચ્છ શાખા નહેરનું કામ કેટલે સુધી કરવામાં આવ્યું, અને | (૧) નર્મદા યોજના કચ્છ શાખા નહેરની ૭૫ કિ.મી. લંબાઈની કામગીરી અંગેના ટેન્ડરો મંજૂર થયેલ છે. |
| (૨) બાકીનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ૨૦૦૭-૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

## રાજ્યમાં ફ્રી ઝોનને કારણે ઉદ્યોગોના વિકાસ બાબત

૧૨૦૪૮ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઉદ્યોગો માટે ફ્રી ઝોન કેટલા છે, | (૧) કેન્દ્ર સરકારની એકઝીમ પોલીસી-૨૦૦૦-૨૦૦૧ અને ગુજરાત સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન એક્ટ, ૨૦૦૪ અન્વયે રાજ્યમાં ઉદ્યોગો માટે કુલ ૭ (સાત) સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનને મંજુરી/સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે, જે પૈકી ૨ (બે) કાર્યરત છે. |
| (૨) ફ્રી ઝોનના પ્રોત્સાહનના કારણે ડિસેમ્બર-૦૪ના છેલ્લા એક વર્ષમાં નવા ઉદ્યોગો કેટલા આવ્યા, અને | (૨) રાજ્યમાં આવેલ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનમાં કુલ ૨૨૭ એકમો કાર્યરત છે. તે પૈકી જાન્યુઆરી-૨૦૦૪ થી ડિસેમ્બર-૨૦૦૪ દરમ્યાન કુલ ૧૦૦ ઉદ્યોગો નોંધાયેલ છે. |
| (૩) ઉદ્યોગોની દ્રષ્ટીએ સારી સફળતા મળતી હોય તો આવતા દિવસોમાં સરકાર વધુ કેટલા ફ્રી ઝોન વિકસાવવા માંગે છે ? | (૩) ઉદ્યોગોના વિવિધ ક્ષેત્રોમાં અને ગુજરાતમાં જુદા જુદા સ્થળોએ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન સ્થાપવા માટે સરકાર હકારાત્મક વિચારણા ધરાવે છે. |

----------

## જૂનાગઢ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનામાં આવરી લેવાયેલાં ગામડાં

૧૨૬૬૩ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જ્યોતિગ્રામ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લાના કેટલા ગામડાઓને તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધી આવરી લેવાયા, | (૧) ૧૦૩ |
| (૨) યોજના હેઠળ આવરી લેવાયેલ ગામડાઓને ૨૪ કલાક વીજળી મળે છે કે કેમ, અને | (૨) હા જી |
| (૩) આ અંગે કોઈ ફરિયાદ મળી હોય તો કેટલી અને ફરિયાદ નિવારવા શાં પગલાં લેવાયા ? | (૩) કોઈ ફરિયાદ મળેલ નથી. |

----------

## એપેરલ પાર્કની સ્થાપનાની જાહેરાત બાદ સ્થપાયેલ પાર્ક

૧૧૫૩૩ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે એપેરલ પાર્ક સ્થાપવાની જાહેરાત કરેલી છે તે અન્વયે જાન્યુ., ૦૫ સુધીમાં કેટલા પાર્ક સ્થપાયા, અને | (૧) સુરત અને અમદાવાદ એમ બે જગ્યાએ એપેરલ પાર્ક સ્થપાયા. |
| (૨) આ ઉદ્યોગના કારીગરોને તાલીમ આપવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) આ ઉદ્યોગના કારીગરોને તાલીમ આપવા સરકારે નીચે મુજબનાં પગલાં લીધેલ છે.<br>**અ.** ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૧૮-૧૦-૨૦૦૪ના ઠરાવથી સુરત અને અમદાવાદ ખાતે સ્થાપવામાં આવનાર એપેરલ પાર્ક માટે કુશળ કારીગરો તૈયાર કરવા માટે રાજ્યના સુરત, નવસારી, |

વલસાડ, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લા ખાતે નક્કી કરવામાં આવેલ કુલ ૧૦ આઈ.ટી.આઈ. ખાતે તાલીમ વર્ગ શરૂ કરવામાં માટે જરૂરી સાધનસામગ્રીની ખરીદી તેમ જ આઈ.ટી.આઈ. ના ઈન્સ્ટ્રકટરોને ટ્રેનર્સની તાલીમ માટે કુલ રૂા.૩,૧૫,૮૯,૦૦૦ ની રકમ નિયામકશ્રી, રોજગાર અને તાલીમને હવાલે મુકવામાં આવેલ છે.

**બ.** ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૪-૧૧-૨૦૦૪ ના ઠરાવથી એપેરલ ક્ષેત્રે કુશળ કારીગરોની માંગને પહોંચી વળવા માટે સર્વગ્રાહી તાલીમ યોજના જાહેર કરેલ છે. જેની મુખ્ય બાબતો નીચે મુજબ છે.

૧. એ.ઈ.પી.સી., એન.આઈ.એફ.ટી. કે આવી સ્વાયત્ત સંસ્થાઓને તેઓએ કરેલ રોકાણ સામે મહત્તમ રૂા. ૨ કરોડની સહાય.

૨. આઈ.ટી.આઈ.ના તાલીમ કેન્દ્રોમાં એપેરલ તાલીમ માટે સુવિધા વધારવા વન ટાઈમ ગ્રાન્ટ આપવી.

૩. ખાનગી સીવણ કેન્દ્રો આવી તાલીમ આપવાની સુવિધા અપગ્રેડ કરે તો કરેલ રોકાણના ૫૦ ટકા રકમ કેન્દ્ર દીઠ રૂા. ૨૦ લાખની મર્યાદામાં સહાય.

૪. તાલીમાર્થીઓને તાલીમની ફીના ૫૦ ટકા રકમ તાલીમાર્થી દીઠ મહત્તમ રૂા.૫૦૦૦ ની મર્યાદામાં સહાય.

**ક.** વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫ પ્રસંગ વેળાએ સુરત અને અમદાવાદ ખાતે પ્રશિક્ષણ કેન્દ્રો ખોલવા માટે સમજુતી કરાર કરવામાં આવેલ.

----------

## વાજપાઈ રોજગાર યોજના અન્વયે અમદાવાદ શહેર અને જિલ્લામાં મંજૂર કરેલ લોન

૧૧૮૧૨ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વાજપાઈ યોજના હેઠળ સન ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ માં છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કુલ કેટલી વ્યકિતઓને લોન મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) લોન મંજૂર

| અ.નં. | વર્ષ | અમદાવાદ શહેર | અમદાવાદ જીલ્લો |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૨-૦૩ | ૫૧૭ | ૬૧૭ |
| ૨ | ૨૦૦૩-૦૪ | ૨૨૬૯ | ૨૪૯૧ |
| | કુલ | ૨૭૮૬ | ૩૧૦૮ |

(૨) આ મંજુર થયેલ લોનની રકમ કેટલી થાય છે?

(૨) લોનની રકમ (રૂા. લાખમાં)

| અ.નં. | વર્ષ | અમદાવાદ શહેર | અમદાવાદ જીલ્લો |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૨-૦૩ | ૨૯૧.૬૨ | ૩૪૩.૩૩ |
| ૨ | ૨૦૦૩-૦૪ | ૧૧૨૮.૦૯ | ૧૨૨૦.૫૦ |
| | કુલ | ૧૪૧૯.૭૧ | ૧૫૬૬.૮૩ |

----------

**રાજ્યમાં તત્કાળ વીજ જોડાણ માટેની અરજીઓ**

૧૨૨૨૬ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં તત્કાલ વીજ જોડાણો મેળવવાની કેટલી અરજીઓ નિકાલ થયા વગર પેન્ડીંગ છે, | (૧) ૬૨૬૩૪ |
| (૨) મળેલ અરજીઓમાંથી કેટલી અરજીઓમાં એસ્ટીમેટ આપવામાં આવેલ છે, અને | (૨) ૧૫૮૫૮ |
| (૩) કેટલા અરજદારોએ કેટલી રકમ એસ્ટીમેટના આધારે ભરેલ છે ? | (૩) ૩૪૭૩ અરજદારોએ રૂા. ૧૦.૦૧ કરોડની રકમ એસ્ટીમેટના આધારે ભરેલ છે. |

-------------

**ભાવનગર આર.ટી.ઓ. ની આવક**

૧૨૬૩૮ **શ્રી સી. ડી. પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર આર.ટી.ઓ.ની વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૨૫૩૬.૦૭ લાખ |
| (૨) તે પૈકી જાન્યુઆરી, ૨૦૦૫ના અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે ? | (૨) રૂા. ૨૧૫૧.૬૬ લાખ |

-------------

**વાવ અને થરાદ તાલુકાને નર્મદાના પાણી આપવા અંગે**

૧૨૦૦૬ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) : જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાવ અને થરાદ તાલુકાના કેટલા ગામો તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ નર્મદાના પાણીથી વંચિત રહે છે, અને | (૧) નર્મદા યોજનાના આયોજન પ્રમાણે તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ વાવ અને થરાદ તાલુકાનું એકપણ ગામ નર્મદાના પાણીથી વંચિત નથી. |
| (૨) કેટલા સમયમાં વાવ અને થરાદ તાલુકામાં ખેતી માટે પાણી મળશે ? | (૨) વર્ષ ૨૦૦૬-૦૭ થી શરૂ કરી તબક્કાવાર વર્ષ ૨૦૦૭-૦૮ સુધીમાં. |

------------

## રાજ્યના અધિકારી /કર્મચારીઓને કર્મયોગીની તાલીમ

૧૨૬૨૦ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ રાજ્યના કુલ કેટલા અધિકારી અને કર્મચારીઓને કર્મયોગીની તાલીમ આપવામાં આવી, | (૧) તા. ૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ રાજ્યના કુલ ૧,૦૯,૭૪૪ અધિકારીઓ/કર્મચારીઓને કર્મયોગીની તાલીમ આપવામાં આવી છે. |
| (૨) કેટલા અધિકારી-કર્મચારીઓએ તેમનો અભિપ્રાય સરકારને આપ્યો, | (૨) કુલ ૧,૦૫,૯૯૧ અધિકારીઓ/કર્મચારીઓનો અભિપ્રાય મળેલ છે. |
| (૩) સરકારને આનાથી શો ફાયદો થયો, અને | (૩) કર્મયોગી તાલીમ લીધેલ અધિકારીઓ/કર્મચારીઓએ વિધેયાત્મક દૃષ્ટિકોણ કેળવેલ જણાય છે. તેમજ હકારાત્મક વલણ અપનાવી ફરજ બજાવતા જણાય છે. |
| (૪) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૪) તા. ૩૧-૧-૨૦૦૫ સુધી કુલ રૂા. ૧,૪૦,૨૨,૨૫૦/- નું ચૂકવણું કરવામાં આવેલ છે. |

-------------

## ભૂકંપ પુનઃવસન અંગે રાજ્ય સરકારને મળેલ એવોર્ડ

૧૧૫૨૧ **શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં કોમન વેલ્થ એસોશીએશન ફોર પબ્લીક એડમીનીસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ (સી.એ.પી.એ.એમ.) દ્વારા રાજ્ય સરકારને ભૂકંપ પુનઃવસનના કામ માટે આંતરરાષ્ટ્રીય સુવર્ણચંદ્રક પ્રદાન થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ એવોર્ડ મળ્યાની વિગતો શું છે, અને | (૨) ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપ પછી ગજરાત ઈમરજન્સી અર્થકવેક રીકન્સટ્રકશન પ્રોગ્રામ (જીઈઆરપી) હેઠળ ગુજરાતમાં હાથ ધરાયેલ પુનઃવસન અને પુનઃનિર્માણની કામગીરી કરવામાં આવેલ વહીવટી પહેલના સંદર્ભે આ એવોર્ડ આપવામાં આવેલ છે. |
| (૩) આ એવોર્ડની સ્પર્ધામાં કુલ કેટલા દેશોની કેટલી એન્ટ્રીઓ આવી હતી ? | (૩) સ્પર્ધામાં કુલ ૧૪ દેશોની ૧૫૪ એન્ટ્રીઓ આવેલ હતી. |

-------------

## રાજ્યમાં પોલીસ કર્મચારીઓની ઘટ

૧૨૬૭૪ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ રાજ્યના પોલીસ તંત્રમાં કુલ કેટલા પોલીસ કર્મીઓની ઘટ હતી, | (૧) એ.એસ.આઈ. -૩૭૨<br>અ.હે.કો. -૪૪૧<br>પો. કો. -૫૩૭૨ |
| (૨) ૨૦૦૪-૨૦૦૫માં તા. ૩૧/૦૧/૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારે કુલ કેટલા લોક રક્ષકની ભરતી કરી છે, અને | (૨) ૪૦૬૪ લોકરક્ષકની ભરતીની પ્રક્રિયા ચાલુ છે. |

| | |
|---|---|
| (૩) બાકી રહેલ પોલીસ કર્મીઓની ઘટ ભરવાનું રાજ્ય સરકારનું શું આયોજન છે ? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર. |

----------------

**સુરત શહેર અને વલસાડ પોલીસ દ્વારા સંયુકત ઓપરેશનમાં અન્ય રાજ્યના અપહરણકારો ઠાર થવા અંગે**

૧૨૬૪૩ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં સુરત શહેર અને વલસાડ પોલીસે સંયુકત ઓપરેશન હાથ ધરી અપહરણ કેસના અન્ય રાજ્યોના ગુનેગારોને જબ્બે કરતાં પોલીસ સાથેની અથડામણમાં માર્યા ગયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ગુનેગારો કોઈ પ્રોફેશનલ ગેંગ સાથે સંકળાયેલ છે કે કેમ ? | (૨) પોલીસ અથડામણમાં માર્યા ગયેલ આરોપી સંજય ઉર્ફે સંજુ શારદાપ્રસાદ ચૌધરી નેપાળ સ્થિત બંટી પાંડે ઉર્ફે પ્રકાશ પાન્ડે ઉર્ફે લક્ષ્મીદત્ત પાન્ડેની ગેંગ સાથે સંકળાયેલ હતો. |

----------------

**છેવાડાના ખેડૂતો માટે નર્મદાના પાણીનું આયોજન**

૧૧૨૫૫ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનામાંથી પાણીનો શિસ્તપૂર્વક લધુત્તમ વપરાશ થાય અને છેવાડાના ખેડૂતોને સમાનતાના ધોરણે પાણી મળી રહે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૧) નર્મદા યોજનામાંથી પાણીનો શિસ્તપૂર્વક લધુત્તમ વપરાશ થાય અને છેવાડાના ખેડૂતને સમાનતાના ધોરણે પાણી મળી રહે તે માટે દરેક ખેડૂતને તેના ખેતરના ક્ષેત્રફળ મુજબ, વર્ષમાં મર્યાદિત જથ્થામાં, માપીને, વારાબંધી પધ્ધતિ દ્વારા, પિયત સહકારી મંડળી મારફતે જ સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન કરેલ છે. |

------------------

**ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતામાં ખાલી જગ્યાઓ**

૧૧૫૫૪ **શ્રી અમીત ચાવડા (બોરસદ): માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ તમામ સંવર્ગની કેટલી જગ્યાઓ છેલ્લા એક વર્ષથી ખાલી છે, અને | (૧) કુલ : ૨૯૫ જગ્યાઓ ખાલી છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું કાર્યવાહી કરી ? | (૨) આ પૈકી ભરવાપાત્ર જગ્યાઓ ભરવાની બાબત વિવિધ તબક્કે કાર્યવાહીમાં છે. |

----------------

## રાજ્યમાં પોલીસ સબ ઈન્સ્પેટકરોની ખાલી જગ્યાઓ

૧૨૦૪૭ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જાન્યુઆરી-૦૫ના અંતે કેટલા પોલીસ સબ ઈન્સ્પેટકરોની જગ્યાઓ ખાલી છે, | (૧) ૭૩૩ |
| (૨) તેની સામે કેટલા પોલીસ સબ ઈન્સ્પેકટરોની સીધી ભરતીથી ભરતી કરવા સરકાર માંગે છે, અને | (૨) ૧૮૬ |
| (૩) કેટલા સમયમાં તેની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીની પ્રક્રિયા ચાલુ છે. |

----------------

## જુનાગઢ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ અન્વયે અપાયેલ વીજજોડાણ

૧૨૫૪૪ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તત્કાળ વીજ જોડાણ યોજના હેઠળ કેટલા જોડાણો આપવામાં આવ્યા, | (૧) ૧૦૭ |
| (૨) કેટલી અરજીઓ રાજ્ય સરકારને મળી હતી, અને | (૨) ૯૧૨૨ |
| (૩) તે પૈકી કેટલા કનેકશનો આપવામાં આવ્યા ? | (૩) ૧૪ |

----------------

## રાજ્યમાં નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન

૧૧૫૦૦ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ૨૦૦૪-૦૫ના વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે અને તે પૈકી ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ કેટલા કાર્યાન્વિત નિયત કરવામાં આવેલ છે,

(૨) દશમી યોજનામાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો ઉભા કરવાનું આયોજન છે, અને

(૩) આ પૈકી ૨૦૦૩-૦૪ના વર્ષમાં કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત થયેલ છે ?

**જવાબ**

(૧)

| સબ સ્ટેશન | ૨૦૦૪-૦૫માં આયોજન | ડિસે.-૦૪ની સ્થિતિએ કાર્યાન્વિત |
|---|---|---|
| ૪૦૦ કે.વી. | ૧ | -- |
| ૨૨૦ કે.વી. | ૨ | ૧ |
| ૬૬ કે.વી. | ૫૬ | ૨૩ |

(૨) અને (૩)

| સબ સ્ટેશન | દસમી પંચવર્ષીય યોજનામાં આયોજન | ૨૦૦૩-૦૪માં કાર્યાન્વિત |
|---|---|---|
| ૪૦૦ કે.વી. | ૨ | -- |
| ૨૨૦ કે.વી. | ૧૨ | ૩ |
| ૧૩૨ કે.વી. | ૩ | ૦ |
| ૬૬ કે.વી. | ૧૭૫ | ૨૬ |

--------

## રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી ધ્વારા ખાનગી સંસ્થા અને વ્યકિતઓને સેવા આપવા અંગે

૧૨૬૩૧ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી ધ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને સેવા પૂરી પાડવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કઈ કઈ પ્રકારની સેવાઓ પુરી પાડવામાં આવે છે, અને

(૩) તે પેટે કેટલી ફી લેવામાં આવે છે ?

**જવાબ**

(૧) રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી ધ્વારા ખાનગી સંસ્થાઓને સેવા પૂરી પાડવામાં આવે છે. જ્યારે ખાનગી વ્યક્તિઓને સેવા પુરી પાડવામાં આવતી નથી.

(૨) રાજ્યમાં પેટ્રોલીયમ નિપજોનું (સોલવન્ટ વિગેરે) ઉત્પાદન કરતી કંપનીઓ તથા ડીલરોને તેની પ્રોડકટ માટેનું લાયસન્સ મેળવતા પહેલાં એફ.એસ.એલ.નું પરીક્ષણ પ્રમાણપત્ર મેળવવું ફરજીયાત બનાવવામાં આવેલ છે. આવી કંપનીઓ પાસેથી નમુના દીઠ રૂા. ૨૦૦૦/- ની ફી લઈ વિગતવાર પરીક્ષણ અહેવાલ આપવામાં આવે છે. ઉપરાંત ખાનગી સંસ્થાઓ/બેંકો વિગેરેના છેતરપીંડી, ઉચાપત જેવા કેસોમાં હસ્તાક્ષર નિષ્ણાંતોની સેવા સરકારશ્રીએ નિયત કરેલ ધોરણ મુજબ ફી લઈ આપવામાં આવે છે.

તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જે ઉપરની સેવા પુરી પાડેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| અ.નં | સમયગાળો | વિગત |
|---|---|---|
| ૧. | તા. ૧-૨-૨૦૦૪ થી તા. ૩૧-૧-૨૦૦૫ | સોલવન્ટ પરીક્ષણના ૪૬ નમુના હસ્તાક્ષર નિષ્ણાંતના ૨૦ કેસોના ૨૬૬ નમુના. |

(૩) તા. ૧-૨-૨૦૦૪ થી તા. ૩૧-૧-૨૦૦૫ના સમયગાળા દરમ્યાન સોલવન્ટ પરીક્ષણની ફી પેટે રૂા. ૫૫,૦૦૦/- તથા હસ્તાક્ષર નિષ્ણાંતમાં ઓપીનીયન ફી પેટે રૂા. ૧,૩૨,૯૭૧/-ની આવક મળેલ છે.

--------

## સાણંદ અને વિરમગામ તાલુકાને નર્મદા યોજનાનો મળનાર લાભ

૧૧૫૨૫ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનામાંથી સાણંદ તથા વિરમગામ તાલુકાને સિંચાઈ માટે કેટલો લાભ મળશે,

(૨) ડીસેમ્બર-૦૪ ની સ્થિતિએ આ વિસ્તારની નહેરોના કામો કયા તબક્કામાં છે, અને

**જવાબ**

(૧) સાણંદ તાલુકાના ૩૮ ગામોના કુલ ૭૩૦૪૮ એકર અને વિરમગામ તાલુકાના ૬૫ ગામોના કુલ ૧,૨૮,૭૦૯ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

(૨) આ વિસ્તારની ૬ શાખા નહેરોમાંથી ૩ શાખા નહેરોના કામ પૂર્ણ થયેલ છે. અને બાકીની ૩ શાખા નહેરોના કામ પ્રગતિમાં છે. વિતરણ પધ્ધતિના કામો સાણંદ તાલુકામાં પ્રગતિમાં છે અને વિરમગામ તાલુકામાં

| | |
|---|---|
| | તબકકાવાર ૨૦૦૫-૦૬થી હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) આ કામો ક્યારે પુરા થશે ? | (૩) શાખા નહેરોના કામો ૨૦૦૫-૦૬<br>વિતરણ પધ્ધતિના કામો ૨૦૦૭-૦૮ |

--------

## રાજ્ય સરકારનો વિકાસ દર

૧૧૫૫૬ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યનો વિકાસ દર કેટલો રહ્યો છે, | (૧) ૧૫.૪ ટકા |
| (૨) છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા સેકટરમાં વિકાસનો દર વધ્યો છે, અને | (૨)<br>(અ) વર્ષ ૨૦૦૧-૦૨માં કૃષિ અને સંલગ્ન ક્ષેત્ર (પ્રાયમરી સેકટર) ઉત્પાદન ક્ષેત્ર (સેકન્ડરી સેકટર) તથા સેવા ક્ષેત્ર (ટર્શીયરી સેકટર) એમ ત્રણેય સેકટરમાં<br>(બ) વર્ષ ૨૦૦૨-૦૩માં ઉત્પાદન ક્ષેત્ર (સેકન્ડરી સેકટર) અને સેવા ક્ષેત્ર (ટર્શીયરી સેકટર)માં<br>(ક) વર્ષ ૨૦૦૩-૦૪માં કૃષિ અને સંલગ્ન ક્ષેત્ર (પ્રાયમરી સેકટર), ઉત્પાદન ક્ષેત્ર (સેકન્ડરી સેકટર) તથા સેવા ક્ષેત્ર (ટર્શીયરી સેકટર)માં રાજ્યનો વિકાસ દર વધ્યો છે. |
| (૩) વર્ષ ૨૦૦૪-૦૫ના અંતે કુલ કેટલો વિકાસનો દર રહેવાનો અંદાજ રાજ્ય સરકારે રાખ્યો છે ? | (૩) વિકાસનો દર ઉંચો રહેવાની શક્યતા છે. |

--------

## બનાસકાંઠા જિલ્લામાં નશાબંધી કમિશનરશ્રીની સ્ક્વોર્ડ ધ્વારા દારૂ અંગેની રેડ

૧૨૬૭૦ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના નશાબંધી કમિશનરશ્રીની સ્કવોર્ડ ધ્વારા બારોબાર બનાસકાંઠા જિલ્લામાં કયા કયા સ્થળોએ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલીવાર રેડ પાડવામાં આવી, | (૧) સામેલ પત્રક-અ મુજબ. |
| (૨) આ રેડ દરમ્યાન કયા કયા સ્થળોએથી રૂા. દસ હજારથી વધુ કિંમતનો દારૂ પકડાયો, અને | (૨) (૧) કુચાવાળા પેટ્રોલ પંપ નજીક (૨) પાલનપુર-કર્ણાવતી શોપીંગ સેન્ટર સામે પાલનપુર હાઈવે રોડ ઉપર (૩) ચીત્રાસણી, તા. પાલનપુર (પાલનપુર આબુ હાઈવે) (૪) ગાંગુન પાટીયા, ભાભર રાધનપુર રોડ (બે વાર) (૫) પીલુચા ગામ પાસે તા. વડગામ (૬) જુના નાગરપુરા ગામે રોડ ઉપર તા. વડગામ (૭) દૈયપ ત્રણ રસ્તા તા. વાવ (૮) જેતડા ગામની સીમ (થરાદ ડીસા હાઈવે) (૯) ડુગડોલ ગામના પાટીયા પાસે તા. ધાનેરા (કુલ-૧૦) |

(૩) નશાબંધી કમિશનરશ્રીની સ્ક્વોર્ડ ધ્વારા બારોબાર રેડ પાડવાના પગલે કેટલા સ્થાનિક પોલીસ તથા નશાબંધી ખાતાના અધિકારી/કર્મચારીઓ વિરુધ્ધ શિસ્તભંગ વિષયક પગલાં ભરવામાં આવ્યા ?

(૩) નશાબંધી ખાતાએ ઉપર ખંડ-૨માં દર્શાવેલ કુલ-૧૦ ગણનાપાત્ર કેસો પૈકી ૭ કેસોમાં સ્થાનિક અધિકારી/કર્મચારી વિરુધ્ધ ઈન્કવાયરીઓ કરતાં નિષ્કાળજી જણાઈ ન આવતા દફતરે કરેલ છે. જ્યારે ૨-કેસમાં ઈજાફા અટકાવવાની અને ૧-કેસમાં રીપ્રીમાન્ડની શિક્ષા કરેલ છે. પોલીસ ખાતાએ ઉક્ત ૧૦ ગણનાપાત્ર કેસોમાં ઈન્કવાયરીઓ કરતા આ રનીંગ બનાવમાં સ્થાનિક પોલીસ અધિકારી/ કર્મચારીઓની નિષ્ક્રીયતા જણાઈ આવેલ ન હોઈ પગલાં લીધેલ નથી.

**પત્રક - અ**

**રાજ્યના નશાબંધી કમિશનરશ્રીની સ્કવોર્ડ ધ્વારા બારોબાર બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાડવામાં આવેલ રેડોના સ્થળો અને સંખ્યાની વિગતો.**

| અ.નં. | સ્થળો અને રેડોની સંખ્યા | અ.નં. | સ્થળો અને રેડોની સંખ્યા |
|---|---|---|---|
| | (અ) પાલનપુર શહેર વિસ્તારો | | (બ) ડીસા શહેર વિસ્તારો |
| ૧ | ઢુંઢીયાવાડી (છ વાર) | ૧ | નહેરુનગર (એક વાર) |
| ૨ | બોરડી રોડ (એક વાર) | ૨ | લાલ ચાલી (ત્રણ વાર) |
| ૩ | વડલીવાળુ પરુ (એક વાર) | ૩ | રેજીમેન્ટ (એક વાર) |
| ૪ | કર્ણાવતી શોપીંગ સેન્ટર સામે, પાલનપુર હાઈવે (એક વાર) | ૪ | વડલી ફાર્મ (એક વાર) |
| ૫ | બેચરપુરા (બે વાર) | ૫ | માર્કેટયાર્ડ (એક વાર) |
| ૬ | ગોબરી રોડ (આઠ વાર) | ૬ | દાંતીવાડા કોલોની (એક વાર) |
| ૭ | દિલ્હીગેટ (ચાર વાર) | ૭ | કચ્છી કોલોની (એક વાર) |
| ૮ | જુના ગંજ બજાર (એક વાર) | ૮ | લેખરાજ ચાર રસ્તા (એક વાર) |
| ૯ | ગાંધી રોડ (એક વાર) | ૯ | પશુ બજાર (એક વાર) |
| ૧૦ | વાલ્મીકીપુરા (એક વાર) | ૧૦ | વાડી રોડ (એક વાર) |
| ૧૧ | ખોડીયારનગર (એક વાર) | | (ક) અન્ય વિસ્તારો (બનાસકાંઠા જિલ્લો) |
| ૧૨ | અશોક સોસાયટી (એક વાર) | ૧ | કુચાવાડા પેટ્રોલપંપ પાસે (એક વાર) |
| ૧૩ | પાલનપુર હોસ્ટેલ (જહાનારા બગીચા પાસે) (એક વાર) | ૨ | પીલુચા ગામ પાસે તા.વડગામ (બે વાર) |
| ૧૪ | સીંધી કોલોની (એક વાર) | ૩ | ગઢ (એક વાર) |
| | | ૪ | અમીરગઢ પાલનપુર હાઈવે (એક વાર) |
| | | ૫ | ગાંગુન પાટીયા-ભાભર રાધનપુર રોડ (બે વાર) |
| | | ૬ | દૈયપ ત્રણ રસ્તા તા. વાવ (એક વાર) |
| | | ૭ | જેતડા ગામની સીમ (થરાદ ડીસા હાઈવે) (એક વાર) |
| | | ૮ | ડુગડોલ ગામના પાટીયા પાસે તા, ધાનેરા (એક વાર) |
| | | ૯ | છાપી, તા. વડગામ (બે વાર) |
| | | ૧૦ | શેરપુરા તા. વડગામ (ત્રણ વાર) |
| | | ૧૧ | ચિત્રાસણી રોડ (પાલનપુર આબુ હાઈવે) (એક વાર) |
| | | ૧૨ | જૂના નાગરપુરા ગામે રોડ ઉપર તા. વડગામ (એક વાર) |

--------

## કચ્છ જિલ્લામાં પોલીસ ખાતાનું મંજૂર મહેકમ

૧૧૮૧૪ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર પોલીસ ખાતાનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) સામેલ પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કુલ કેટલી જગ્યાઓ સંવર્ગવાર ખાલી છે, અને | (૨) સામેલ પત્રક-૨ મુજબ. |
| (૩) આ જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે ? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર ભરવામાં આવશે. |

**પત્રક - ૧**

**મંજૂર મહેકમની વિગતો**

| પો. સ્ટે. | | મંજૂર મહેકમ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | PI | PSI | UHC | UPC | AHC | APC | કુલ |
| ૧. | ભુજ સીટી | ૧ | ૨ | ૨૫ | ૫૨ | -- | -- | ૮૦ |
| ૨. | ભુજ તાલુકો | ૧ | ૨ | ૨૩ | ૩૩ | ૧ | ૩ | ૬૩ |
| ૩. | માંડવી સીટી | ૧ | ૨ | ૨૦ | ૪૦ | ૬ | ૨૨ | ૯૧ |
| ૪. | માંડવી વોટર | -- | ૧ | ૧૦ | ૫ | ૧ | ૩ | ૨૦ |
| ૫. | ખાવડા | -- | ૧ | ૧૫ | ૨૧ | ૩ | ૧૨ | ૫૨ |
| ૬. | મુંદ્રા | -- | ૧ | ૧૩ | ૧૮ | ૩ | ૧૪ | ૪૯ |
| ૭. | નખત્રાણા | -- | ૧ | ૧૮ | ૨૨ | ૬ | ૨૨ | ૬૯ |
| ૮. | નલીયા | -- | ૧ | ૧૦ | ૧૪ | ૬ | ૨૨ | ૫૩ |
| ૯. | જખૌ | -- | ૧ | ૨૦ | ૨૨ | ૧ | ૯ | ૫૩ |
| ૧૦. | કોઠરા | -- | ૧ | ૧૫ | ૧૩ | ૧ | ૩ | ૩૩ |
| ૧૧. | વાયોર | -- | ૧ | ૧૫ | ૧૨ | ૧ | ૩ | ૩૨ |
| ૧૨. | દયાપર | -- | ૧ | ૧૩ | ૧૭ | ૩ | ૧૨ | ૪૬ |
| ૧૩. | ના. સરોવર | -- | ૧ | ૧૭ | ૧૯ | ૧ | ૩ | ૪૧ |
| ૧૪. | નરા | -- | ૧ | ૨૧ | ૩૨ | ૧ | ૩ | ૫૮ |
| ૧૫. | અંજાર | -- | ૧ | ૧૮ | ૪૦ | ૬ | ૨૨ | ૮૭ |
| ૧૬. | આદીપુર | -- | ૧ | ૧૨ | ૧૯ | ૧ | ૩ | ૩૬ |
| ૧૭. | ગાંધીધામ | ૧ | ૪ | ૨૮ | ૫૨ | ૭ | ૨૪ | ૧૧૬ |
| ૧૮. | કંડલા | -- | ૧ | ૯ | ૧૨ | ૧ | ૩ | ૨૬ |
| ૧૯. | ભચાઉ | -- | ૧ | ૧૨ | ૧૫ | ૫ | ૧૮ | ૫૧ |
| ૨૦. | આધોઈ | -- | ૪ | ૧૧ | ૧૮ | ૧ | ૧૯ | ૫૩ |
| ૨૧. | ભીમાસર | -- | ૪ | ૧૨ | ૧૬ | ૧ | ૧૮ | ૫૧ |
| ૨૨. | રાપર | -- | ૧ | ૧૩ | ૧૫ | ૬ | ૨૨ | ૫૭ |
| ૨૩. | ખડીર | -- | ૧ | ૧૦ | ૬ | ૩ | ૧૦ | ૩૦ |
| | કુલ | ૪ | ૩૫ | ૩૬૦ | ૫૧૩ | ૬૫ | ૨૭૦ | ૧૨૪૭ |

**પત્રક - ૨**

**ખાલી જગ્યાની વિગતો**

| અ.નં. | સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | નાયબ પોલીસ અધિક્ષક | ૩ |
| ૨ | પો. સ. ઈ. બિનહથિયારી | ૨૬ |
| ૩ | પો. સ. ઈ. હથિયારી | ૧ |
| ૪ | પો. સ. ઈ. વાયરલેસ | ૧ |
| ૫ | પો. સ. ઈ. ALMO | ૨ |
| ૬ | એ.એસ.આઈ.આર્મ | ૬ |
| ૭ | આર્મ્ડ હે. કો. | ૧ |
| ૮ | આર્મ્ડ હે. કો. મીકેનીક | ૨ |

| | | |
|---|---|---|
| ૯ | આ.પો.કો. | ૧૩૦ |
| ૧૦ | અનાર્મ એ. એસ.આઈ. | ૩ |
| ૧૧ | અનાર્મ હે. કો. | ૨ |
| ૧૨ | અનાર્મ પો. કો. | ૧૩૭ |
| ૧૩ | મહીલા પો.સ.ઈ. | ૧ |
| ૧૪ | એ.એસ.આઈ.મહીલા | ૯ |
| ૧૫ | મહીલા હે. કો. | ૮ |
| ૧૬ | મહીલા પો.કો. | ૨૯ |
| ૧૭ | કેમલ સવાર | ૫૪ |
| | કુલ ખાલી જગ્યા | ૪૧૫ |

--------

**કડી ખાતે સબ જેલ બનાવવાનું કામ**

૧૨૬૮૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કડી ખાતે સબ જેલ બનાવવાની કાર્યવાહી કયા તબકકે છે, અને

**જવાબ**

(૧) (૧) આ સબ જેલ બનાવવા માટે તારીખ ૧૧-૧૧-૨૦૦૪ના ઠરાવથી રૂા. ૨૯,૧૯,૦૦૦/-ની નકશા-અંદાજોની વહીવટી મંજૂરી આપેલ છે.

(૨) કડી સબ જેલનું જૂનું મકાન તોડી, તે જગ્યાએ નવીન મકાન બનાવવાનું નક્કી થતાં જગ્યા સમતલ કરી તા. ૨૮-૧૧-૦૪ના રોડ ટેન્ડર મંગાવી તા. ૭-૨-૨૦૦૫થી કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ મકાન મહેસાણાએ વર્તુળની કચેરીને મંજુરી માટે મોકલી આપેલ છે.

**પ્રશ્ન**

(૨) આ સબ જેલનું મકાન બનાવવામાં વિલંબ થઈ રહ્યો છે, તે નિવારવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૨) આ સબ જેલનું મકાન સત્વરે બનાવવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણા તરફથી તેમના તા. ૮-૧૨-૨૦૦૪ થી કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ મહેસાણાને બાંધકામનું કાર્ય સત્વરે હાથ ધરી દર માસે થતી પ્રગિતિનો અહેવાલ મોકલી આપવા જણાવવામાં આવેલ છે.

---------------

**ભાવનગર શહેરમાં લગ્ન પ્રંસગોએ માઈક વગાડવાની પરવાનગી બાબત**

૧૨૪૦૧ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ભાવનગર શહેરમાં તા. ૧-૧૧-૨૦૦૪થી તા. ૩૧-૧-૨૦૦૫ સુધીના ત્રણ માસમાં લગ્ન પ્રસંગ નિમિત્તે માઈક વગાડવાની બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૩૩ નીચે કેટલી મંજૂરી માંગવામાં આવી અને તેમાંથી કેટલી અપાઈ?

**જવાબ**

મંજૂરી માંગી--૭૫૨

મંજૂરી આપી--૭૫૨

-----------

## હોર્ડીંગ્ઝ બનાવવા પાછળ ખર્ચ

૧૨૫૩૬ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** ( માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ "સરકાર પહોંચી ગામે ગામ, નાનો ધંધો, મોટું કામ" એવાં કેટલાં હોર્ડિંગ્ઝ બનાવવામાં આવ્યાં તથા તે બનાવવા પાછળ કેટલું ખર્ચ થયું? | ૧૦ હોર્ડિંગ્ઝ<br>રૂા. ૭૨,૩૯૦/- ખર્ચ. |

----------

## અમરેલી શહેરને હવાઈ સેવા આપવા અંગે કેન્દ્ર સરકારમાં રજૂઆત

૧૨૦૩૯ **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી શહેરને હવાઈ સેવા આપવા અંગે કયારે ક્યારે કેન્દ્ર સરકારને રજુઆતો કરવામાં આવી, | (૧) કેન્દ્ર સરકારને આવી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. |
| (૨) રાજ્ય સરકારશ્રીએ આ બાબતે શી કાર્યવાહી કરેલ છે, અગર કરવા માંગે છે, અને | (૨) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ તરફથી મળેલ ગુજરાત રાજ્ય માટેના એવીએશન માસ્ટર પ્લાનના આખરી અહેવાલ મુજબ અમરેલી શહેર માટે નજીકના ભવિષ્યમાં હવાઈ સેવા ચાલુ કરવા માટે પુરતા પેસેન્જર મળે તેવી સંભાવના ન હોઈ, હાલના તબક્કે હવાઈ સેવા ચાલુ કરવા માટે કોઈ આયોજન કરેલ નથી. ભવિષ્યમાં પુરતા પેસેન્જરની શક્યતા ઉભી થશે ત્યારે હવાઈ સેવા ચાલુ કરવા માટે વિચારવાનું રહે છે. |
| (૩) આ બાબતે કેન્દ્ર સરકારશ્રીએ શો પ્રતિભાવ આપેલ છે, અને ક્યારે ક્યારે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજ્યમાં જયોતિગ્રામ યોજના અન્વયે આવરી લીધેલાં ગામો

૧૧૭૩૫ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યના કયા કયા જિલ્લામાં કુલ કેટકેટલાં ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યાં છે, અને | (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ૫૬૫૭ ગામો જ્યોતિગ્રામ થયેલ છે જેની જિલ્લાવાર ગામોની વિગતો સામેલ પત્રકમાં આપેલ છે. |

તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ ગામો.

| અ. નં. | જિલ્લો | જ્યોતિગ્રામ થયેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૧૭ |
| ૨ | અમરેલી | ૭૬ |
| ૩ | આણંદ | ૨૨૮ |
| ૪ | બનાસકાંઠા | ૪૨૩ |
| ૫ | ભરૂચ | ૯૯ |
| ૬ | ભાવનગર | ૨૧૪ |

| | | |
|---|---|---|
| ૭ | દાહોદ | ૩૯૯ |
| ૮ | ડાંગ | ૨૭૭ |
| ૯ | ગાંધીનગર | ૨૧૯ |
| ૧૦ | જામનગર | ૬૦ |
| ૧૧ | જુનાગઢ | ૧૦૩ |
| ૧૨ | ખેડા | ૧૪૨ |
| ૧૩ | કચ્છ | ૫૬૭ |
| ૧૪ | મહેસાણા | ૫૭૯ |
| ૧૫ | નર્મદા | ૬૫ |
| ૧૬ | નવસારી | ૪૩ |
| ૧૭ | પંચમહાલ | ૨૪૫ |
| ૧૮ | પાટણ | ૨૮૦ |
| ૧૯ | પોરબંદર | ૭ |
| ૨૦ | રાજકોટ | ૨૬૧ |
| ૨૧ | સાબરકાંઠા | ૪૦૩ |
| ૨૨ | સુરત | ૨૨૯ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૯૫ |
| ૨૪ | વડોદરા | ૮૯ |
| ૨૫ | વલસાડ | ૧૩૭ |
| | કુલ | ૫૬૫૭ |

(૨) ૨૦૦૫-૨૦૦૬ના નાણાંકીય વર્ષમાં વધુ કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાનું સરકારનું આયોજન છે?

(૨) બાકી રહેતા તમામ ગામો આવરી લેવાનું આયોજન છે.

---------

**નર્મદા યોજના માટે ખર્ચ અને ઉભી કરાયેલી રકમ**

૧૨૦૩૧ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા યોજના માટે કુલ કેટલી યોજનાકીય રકમો ખર્ચવાનું ધાર્યું હતું અને કેટલી રકમો ખર્ચવામાં આવી,

**જવાબ**

(૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં નર્મદા યોજના માટે કરેલ આયોજન તથા તેની સામે કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે : (રૂા. કરોડમાં)

| ક્રમ | વર્ષ | આયોજન | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૩-૦૪ | ૩૬૦૦.૦૦ | ૨૨૯૮.૫૭ |
| ૨. | ૨૦૦૪-૦૫ ડીસે-૦૪ સુધી | ૫૭૨૭.૦૦ | ૧૮૧૧.૬૬ |

(૨) આ માટે માર્કેટમાંથી બોન્ડ મારફત કુલ કેટલી રકમો ઉભી કરવામાં આવી હતી, અને

(૨) નર્મદા યોજના માટે માર્કેટમાંથી બે વર્ષમાં નીચેની વિગતે રૂા. ૧૨૫૦/- કરોડ બોન્ડ મારફત ઉભા કરવામાં આવેલ છે : (રૂા. કરોડમાં)

| ક્રમ | વર્ષ | બોન્ડ મારફત મેળવેલ રકમ |
|---|---|---|
| ૧. | ૨૦૦૩-૦૪ | ૭૦૦.૦૦ |
| ૨. | ૨૦૦૪-૦૫ (૩૧-૧૨-૦૪ સુધી) | ૫૫૦.૦૦ |
| | કુલ | ૧૨૫૦.૦૦ |

| | |
|---|---|
| (૩) આ અંગે કેટલી રકમોની ચૂકવણી કરવામાં આવી? | (૩) માર્કેટમાંથી બોન્ડ મેળવવાની આનુસંગીક કામગીરી અંગે રૂા. ૩.૪૦ કરોડની રકમ ચુકવવામાં આવેલ છે. |

---------

## રાજ્યના બંદરો ખાનગી કંપનીઓને સોંપવા અંગે

૧૨૫૩૭ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યના ક્યા ક્યા બંદરોને ખાનગી કંપનીઓને સોંપવામાં આવ્યા, | (૧) પીપાવાવ, મુંદ્રા, હજીરા, દહેજ, ધોલેરા અને પોસીત્રા ખાનગી કંપનીઓને સોંપવામાં આવ્યા. |
| (૨) જે બંદરો ખાનગી કંપનીઓને સોંપવામાં આવ્યા છે તે પૈકીના કેટલા બંદરોનો તેમણે વિકાસ કર્યો, અને | (૨) ૪ (ચાર) |
| (૩) આ નવા બંદરોમાંથી રાજ્ય સરકારને તા. ૩૧-૧-૦૫ સુધીમાં ૨ વર્ષમાં કેટલી આવક થઈ? | (૩) ખંડ-૧ પૈકીનાં દહેજ, મુંદ્રા, પીપાવાવ એમ ત્રણ બંદરોમાંથી રાજ્ય સરકારને તા. ૩૧-૧-૦૫ સુધીમાં ૨ વર્ષમાં રૂા.૩૦.૨૦ કરોડની આવક થઈ છે. |

---------

## નર્મદા નહેરમાં ડુબવાના બનાવો અટકાવવા લીધેલાં પગલાં

૧૧૪૯૧ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની નર્મદા નહેરમાં ડુબવાના બનાવો બહુ જ બને છે તે માટે સરકાર સજાગ છે, અને | (૧) હા, જી. |
| (૨) આના નિવારણ માટે સરકારે શાં પગલાં લીધાં છે કે લેવા ધારે છે? | (૨) આવા બનાવો નિવારવા માટે સરકારે શ્રેણીબધ્ધ પગલાંઓ લીધાં છે, (૧) મુખ્ય નહેર પર અગત્યના રોડ ક્રોસીંગ પર નહેરમાં ન ઉતરવા બાબતે 'જાહેર ચેતવણી' નાં બોર્ડ મુકવામાં આવેલ છે. (૨) મુખ્ય નહેર પરના અગત્યના સ્ટ્રક્ચરો કે જ્યાં લોકોની અવરજવર વધારે રહે છે ત્યાં કેનાલની બંન્ને બાજુ કાંટાળી તારની વાડ બનાવેલ છે. (૩) મુખ્ય પરના રસ્તા પર મોટા વાહનો પ્રવેશ ન કરે તે માટે લોડીંગ ફ્રેઈમ મૂકેલ છે તેમજ નાના વાહનો નહેરના રસ્તા ઉપર ન પ્રવેશી શકે તે માટે લો-હેડ બેરીકેડ મુકવામાં આવેલ છે. (૪) મુખ્ય નહેર પરના ગાંધીનગર-અમદાવાદ નજીકના ત્રણ પુલો પરથી કોઈ નહેરમાં ન ઉતરે તે કામગીરી માટે સુરક્ષા કર્મચારી મૂકવામાં આવેલ છે. (૫) મુખ્ય નહેર પરના અગત્યના પુલોની પેરાપેટ ઉપર જાળી લગાવવામાં આવેલ છે. (૬) અમદાવાદ-ગાંધીનગર નજીકની મુખ્ય નહેર પર જ્યાં લોકોની અવર-જવર વધારે રહે છે ત્યાં ડૂબતા માણસોને બચાવવા હલેસાવાળી બોટ તથા યાંત્રિક બોટને ફરતી કરવામાં આવેલ છે. (૭) શહેર નજીકના પુલો પર લાઈટ મુકવામાં આવેલ છે, જેથી રાત્રે પણ ડૂબતા માણસોને બચાવી શકાય. (૮) અગત્યના પુલો નીચે |

ડૂબતા માણસ પકડી શકે તે માટે દોરડાની જાળી મૂકવાનું આયોજન છે.
લોક જાગૃતિ માટે મુખ્ય નહેર આસપાસના ગામોમાં ચેતવણી દર્શક પત્રો પણ મોકલવામાં આવેલ છે તથા રેડિયો કાર્યક્રમ મારફત લોકોમાં સંદેશો પહોંચાડી આવા બનોવો ન બને તે માટે જાગૃત્તિ લાવવા પ્રચાર કરવામાં આવેલ છે.

-------------

## વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫ની સિધ્ધિ

૧૧૫૧૯ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ-૨૦૦૫ના તાજેતરમાં વાયબ્રન્ટ ગુજરાત મહોત્સવ દ્વારા રાજ્ય સરકારે મેળવેલ સિધ્ધિની વિગતો શુ ં છે, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૪-૦૫ના વર્ષમાં કુલ ૨૨૬ રોકાણકારો દ્વારા રૂપિયા ૧,૦૬,૧૬૦ કરોડની મૂડી રોકાણ કરવાની તૈયારી દર્શાવેલ છે. આ રોકાણથી રાજ્યમાં ઔદ્યોગિક ઉત્પાદન વધશે, રોજગારીનું પ્રમાણ વધશે અને તે ઉદ્યોગોને આનુષાંગિક પ્રવૃત્તિઓ વિકસશે.<br>વિશેષમાં મહોત્સવને મળેલ વ્યાપક પ્રસિધ્ધિથી અને મળેલ દરખાસ્તોના કારણે ઔદ્યોગિક અને આંતરમાળખાકીય ક્ષેત્રે મૂડી રોકાણ માટે ગુજરાત એક ઉત્તમ સ્થળ છે તે સ્થાપિત થયેલ છે.<br>આ ઉપરાંત ઉકત પ્રસંગે પ્રસિધ્ધ થયેલ માહિતીસભર સોવેનિયરથી ઉદ્યોગ ક્ષેત્રની સંબંધિત વ્યક્તિઓ/ઉદ્યોગકારોને આવશ્યક ઉપયોગી માહિતી સરળતાથી ઉપલબ્ધ થયેલ છે. |
| (૨) જે નવા મૂડી રોકાણ અંગેની જાહેરાત આ કાર્યક્રમમાં કરવામાં આવેલ છે તેના ફોલોઅપ માટેની શી વ્યવસ્થા સરકારે ગોઠવેલ છે ? | (૨) ઔદ્યોગિક ગૃહો દ્વારા જાહેર કરાયેલ આ મૂડી રોકાણ ઝડપથી ઉત્પાદનમાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ગોઠવેલ છે.<br>-રાજ્ય સરકાર ઉદ્યોગોના અમલીકરણ આડે આવતા પ્રશ્નોની અગ્રતાના ધોરણે નિકાલ અંગે કાર્યવાહી હાથ ધરશે.<br>-ઉદ્યોગ ક્ષેત્રના સંબંધિત નોડલ અધિકારીઓ તેમની કક્ષાએ, ઉદ્યોગકારો સાથે તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગો સાથે સંકલન કરી ઉદ્યોગોના ઝડપી અમલીકરણ માટે મહત્વની કામગીરી હાથ ધરશે.<br>-સરકાર કક્ષાએ પણ આ ઉદ્યોગોને અમલીકરણ બાબતે સમીક્ષા કરવામાં આવશે. |

-------------

## વડોદરા આર.ટી.ઓ. કચેરીમાં મંજૂર થયેલ અને ભરાયેલ જગ્યા

૧૧૦૪૯ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ વડોદરા આર.ટી.ઓ. કચેરીમાં મંજૂર થયેલ જગ્યાઓ કેટલી અને ભરેલી કેટલી છે, | (૧) મંજુર થયેલ ૧૪૦ જગ્યાઓ છે. જે પૈકી ૧૦૮ જગ્યાઓ ભરેલી છે. |

(૨) ખાલી રહેલ જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૨) પત્રક સામેલ છે.

(૩) બધી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દીથી.

**પત્રક**

**પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી વડોદરાની તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ખાલી જગ્યા કેટલા સમયથી ખાલી છે તેની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | સંવર્ગ | વર્ગ | ખાલી જગ્યા | નીચે દર્શાવેલ તારીખથી ખાલી છે. |
|---|---|---|---|---|
| ૧. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી | વર્ગ-૧ | ૧ | ૩૧-૫-૦૪ |
| ૨. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી | વર્ગ-૨ | ૨ | ૨૫-૮-૯૪<br>૧-૧-૯૭ |
| ૩. | હિસાબી અધિકારીશ્રી | વર્ગ-૨ | ૧ | ૩૦-૬-૦૪ |
| ૪. | મામલતદાર | વર્ગ-૨ | ૧ | ૨૦-૧૨-૦૪ |
| ૫. | મોટર વાહન નિરીક્ષક | વર્ગ-૨ | ૩ | ૨૪-૭-૦૪<br>૨૬-૭-૦૪<br>૨૭-૭-૦૪ |
| ૬. | સહાયક મોટર વાહન નિરીક્ષક | વર્ગ-૩ | ૨ | ૧૭-૫-૦૧<br>૨૪-૧૨-૯૮ |
| ૭. | વડાકારકુન | વર્ગ-૩ | ૧ | ૩૧-૧૨-૦૩ |
| ૮. | જુનીયર ક્લાર્ક | વર્ગ-૩ | ૧૧ | ૨-૧૧-૦૦<br>૪-૧-૦૨<br>૨૧-૭-૦૧<br>૨૧-૭-૦૧<br>૨૦-૭-૦૧<br>૨૦-૭-૦૧<br>૧-૯-૦૨<br>૨૮-૧૦-૦૨<br>૨૮-૧૦-૦૨<br>૨૮-૧૦-૦૨<br>૨૪-૯-૦૪ |
| ૯. | ટાઈપીસ્ટ | વર્ગ-૩ | ૧ | ૧-૭-૦૧ |
| ૧૦. | આંકડા મદદનીશ | વર્ગ-૩ | ૪ | ૩૦-૧-૦૧<br>૩૧-૫-૦૧<br>૧૬-૧૦-૦૪<br>૨૦-૯-૦૪ |
| ૧૧. | ડ્રાઈવર | વર્ગ-૩ | ૧ | ૩૧-૩-૦૪ |
| ૧૨. | નાયક | વર્ગ-૪ | ૩ | ૧-૭-૦૨<br>૧-૨-૦૩<br>૧-૧૦-૦૩ |
| ૧૩. | પટાવાળા | વર્ગ-૪ | ૧ | ૨૬-૯-૦૨ |
| | કુલ | | ૩૨ | |

-----------

## ભાવનગર બંદરને ચાલુ રાખવાનું આયોજન

૧૧૨૩૪ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર બંદરને પૂર્ણતયા શરૂ રાખવાનું આયોજન શું છે, અને<br>(૨) આ બંદરના આધુનિકરણ માટે સને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં રાજ્ય સરકારનું આયોજન શું છે? | (૧) અને (૨)<br>સુવિધાઓને વધુ કાર્યક્ષમ બનાવવા માટે ક્રોંક્રીટ જેટીનું મજબુતીકરણ, નવા ડ્રેજરની ખરીદી અને કેપીટલ ડ્રેજીંગનું આયોજન છે. |

------------

## સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં પોલીસ મહેકમમાં ઘટ

૧૨૬૬૮ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાના સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાઓના પોલીસ સ્ટેશનોમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર કરવામાં આવેલ છે,<br>(૨) આ પોલીસ સ્ટેશનોમાં હાલમાં દરેક સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) અને (૨)<br>પત્રક સામેલ છે. |
| (૩) આ જગ્યાઓ ન ભરવાના કારણો શાં છે, અને | (૩) ભરતી પ્રક્રીયા ચાલુ છે. |
| (૪) આ જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે? | (૪) જેમ બને તેમ વહેલી. |

**પત્રક**

| અ.નં. | નામ, હોદ્દો | વર્ગ | મંજુર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | **સોનગઢ** | | | | |
| | ૧. પો.સ.ઈ. | | ૧ | ૧ | - |
| | ૨. અ.હે.કો. | | ૧૩ | ૧૩ | - |
| | ૩. અ.પો.કો. | ૩ | ૧૨ | ૭ | ૫ |
| | ૪. આ.હે.કો. | | ૪ | ૫ | - |
| | ૫. આ.પો.કો. | | ૧૩ | ૧૦ | ૩ |
| ૨ | ઉચ્છલ | | | | |
| | ૧. પો.સ.ઈ. | | ૧ | ૧ | - |
| | ૨. અ.હે.કો. | | ૧૦ | ૮ | ૨ |
| | ૩. અ.પો.કો. | ૩ | ૯ | ૬ | ૩ |
| | ૪. આ.હે.કો. | | ૪ | ૪ | - |
| | ૫. આ.પો.કો. | | ૧૨ | ૭ | ૫ |
| ૩ | નિઝર | | | | |
| | ૧. પો.સ.ઈ. | | ૧ | ૧ | - |
| | ૨. અ.હે.કો. | | ૧૨ | ૧૦ | ૨ |
| | ૩. અ.પો.કો. | ૩ | ૧૯ | ૧૧ | ૮ |
| | ૪. આ.હે.કો. | | ૪ | ૩ | ૧ |
| | ૫. આ.પો.કો. | | ૧૨ | ૧૨ | - |

-----------

**વાહનોમાં ઈંધણ તરીકે એલ.પી.જી.ના ઉપયોગને છૂટ આપવા અંગે**

૧૨૪૩૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સરકારે રાજ્યમાં વાહનમાં વાપરવા ઈંધણ તરીકે એલ.પી.જી. ગેસની છૂટ આપી છે, એ વાત સાચી છે,<br>(૨) જો હા, તો વાહનમાં વાપરવા માટેના ગેસના રાજ્યમાં ગેસ સ્ટેશન કુલ કેટલા અને કયા કયા સ્થળે આવેલા છે,<br>(૩) તે પૈકીના સુરત જિલ્લામાં કેટલા ગેસ સ્ટેશન આવેલા છે, અને<br>(૪) વાહન ચાલકોને સરળતાથી ગેસ ઉપલબ્ધ થાય એ માટે સરકારે શી કાર્યવાહી કરી છે? | (૧) (૨) (૩) અને (૪) આવી કોઈ છૂટ રાજય સરકારે આપેલ નથી. વાસ્તવમાં કેન્દ્ર સરકારે મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ના નિયમ નં. ૫૨ના પરંતુક (૧) હેઠળ આવી જોગવાઈ કરી છે. જે આપોઆપ રાજ્ય સરકારોને પણ લાગુ પડે છે. |

-----------

**રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના અન્વયે લાભાન્વિત ગામો**

૧૧૫૩૬ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજનાનો અમલ કરેલ છે, | (૧) ૫૬૫૭. |
| (૨) જ્યોતિગ્રામ યોજના હેઠળ રાજ્યમાં કેટલાં ગામોને લાભ આપવાનો બાકી છે, અને | (૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ૧૨૪૦૮. |
| (૩) તે માટે શું આયોજન છે? | (૩) શક્ય તેટલા વહેલા આવરી લેવાનું આયોજન છે. |

-----------

**હિંમતનગર આર.ટી.ઓ. ની આવક**

૧૨૭૫૪ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હિંમતનગર આર.ટી.ઓ.ની વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૧૬૬૪.૩૦ લાખ. |
| (૨) તે પૈકી જાન્યુ. ૨૦૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે? | (૨) રૂા. ૧૫૦૭.૭૫ લાખ. |

-----------

**ઈન્ડીયા રીઝર્વ બટાલીયન અંગે કેન્દ્ર સરકારમાં રજૂઆત**

૧૧૨૫૨ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં ઈન્ડીયા રીઝર્વ બટાલીયન રચવા માટે કેન્દ્ર સરકારને રાજ્ય સરકારે કોઈ દરખાસ્ત કરેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેન્દ્ર સરકારે તેના પ્રત્યે શું પ્રતિભાવ આપેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ભરૂચ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ

૧૨૦૩૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) : જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તત્કાળ વીજ જોડાણ યોજના હેઠળ ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર મંજૂર થઈ, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે ?

**જવાબ**

(૧) અને (૨) ભરૂચ જિલ્લામાં ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ આવેલ અને મંજુર થયેલ અરજીઓની વિગતો નીચે મુજબની છે.

| તાલુકો | વર્ષ ૨૦૦૩ | | વર્ષ ૨૦૦૪ | |
|---|---|---|---|---|
| | આવેલ અરજીઓ | મંજુર થયેલ અરજીઓ | આવેલ અરજીઓ | મંજુર થયેલ અરજીઓ |
| અંકલેશ્વર | ૨૧૮ | ૫૫ | ૧૯૧ | શૂન્ય |
| હાંસોટ | ૮૨ | ૩૪ | ૪૦ | |
| વાલીયા | ૨૩૬ | ૧૩૨ | ૧૨૫ | |
| આમોદ | ૨૮ | ૧૮ | ૨૩ | |
| ભરૂચ | ૯૪ | ૫૩ | ૧૧૬ | |
| જંબુસર | ૧૬ | ૯ | ૯ | |
| વાગરા | ૦ | ૦ | ૧૬ | |
| ઝઘડીયા | ૨૩૬ | ૧૨૦ | ૩૦૧ | |
| કુલ.. | ૯૧૦ | ૪૨૧ | ૮૨૧ | |

(૩) વર્ષ-૨૦૦૩માં મળેલ અરજીઓ પૈકી રદ થયેલ અરજીઓ બાદ કરતાં તમામને વીજ જોડાણ આપેલ છે, જ્યારે વર્ષ-૨૦૦૪માં નોંધાયેલ અરજદારોને તબક્કાવાર અંદાજપત્ર આપ્યા બાદ નાણાં ભરપાઈ થયેથી નિયત સમયમર્યાદામાં વીજ જોડાણ આપવાનુ આયોજન છે.

-------------

## મુંદ્રા તાલુકામાં સમાઘોઘા વિસ્તારમાં શો-પાઈપ કંપની દ્વારા પર્યાવરણ માટેના એન.ઓ.સી. વગર શરુ કરેલા ઉદ્યોગ માટે એકસાઈઝ માફીની ભલામણ

૧૧૯૫૮ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કચ્છમાં મુન્દ્રા તાલુકામાં સમાઘોઘા વિસ્તારમાં શો-પાઈપ કંપની દ્વારા શરુ કરવામાં આવેલ ઉદ્યોગને પર્યાવરણ વિભાગ તરફથી એન.ઓ.સી. આપવામાં આવેલ ન હોવા છતાં ઉદ્યોગ વિભાગ તરફથી એકસાઈઝ અને સેલટેક્ષ માફી માટે રાજ્યના ઉદ્યોગ વિભાગ દ્વારા ભલામણ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૨) આ એકમ કયારે ઉત્પાદનમાં ગયું અને કુલ કેટલી રકમનાં રોકાણો સામે કેટલી રકમની ટેક્ષ માફી માટે ભલામણ કરાઈ ?

**જવાબ**

(૧) અને (૨) એકમને તારીખ : ૫-૧-૨૦૦૪થી ગુજરાત પોલ્યુસન કંટ્રોલ બોર્ડ દ્વારા એન.ઓ.સી. અપાયેલ છે આ સૂચિત પ્રોજેકટને વેચાણવેરા પ્રોત્સાહન રજીસ્ટ્રેશન આપાયેલ છે. એકમે હજુ ઉત્પાદન શરુ કરેલ નથી.

-------------

## સ્પેશીયલ ઈકોનોમીક ઝોનને કારણે ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ભાવિને ઊભું થયેલું જોખમ

૧૧૭૩૨ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનની સરકારે શરૂ કરેલી કવાયતમાં પાંચ સ્થળોએ ઉદ્યોગોના વિકાસ માટે ઉભા થનારા

**જવાબ**

(૧) ના, જી.

ઉદ્યોગોના વિકાસ માટે ઉભા થનારા ઈન્ડસ્ટ્રીયલ પાર્કનું ભાવી ડામાડોળ બન્યું છે તે હકીકત સાચી છે,

(૨) આ દરેક પ્રોજેકટના શકયતા દર્શી અહેવાલો પાછળ કેટલા રૂપિયાનું ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં ખર્ચ કર્યું છે,

(૨)

| પ્રોજેકટ | | અહેવાલનો ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧. | પીપાવાવ ઈન્ડ. પાર્ક | ૧૬.૦૦ |
| ૨. | મુદ્રા ઈન્ડ. પાર્ક | ૧૫.૫૧ |
| ૩. | દહેજ ઈન્ડ. પાર્ક | ૧૫.૨૧ |
| ૪. | પાદરા ઈન્ડ. પાર્ક | ૧૨.૬૮ |
| ૫. | જામનગર ઈન્ડ. પાર્ક | ૧૪.૪૦ |
| | કુલ ખર્ચ રૂા. | ૭૪.૧૦ લાખ |

(૩) આ અહેવાલ પછળ ખર્ચ કર્યા પછી વિભાગને નબળા પરીણામોને લીધે ફેરવિચારણા કરવાની ફરજ પડી છે તે વાત સાચી છે, અને

(૩) ના, જી.

(૪) આ પાંચ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક કયા કયા છે અને કઈ જગ્યાએ તે સ્થાપવાના છે ?

(૪) (૧) પીપાવાવ
(૨) મંદ્રા
(૩) દહેજ
(૪) પાદરા
(૫) જામનગર (મોટી ખાવડી)

-------------

**માંદા લઘુ ઉદ્યોગ માટે જાહેર કરેલી યોજના**

૧૧૪૮૯ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

પ્રશ્ન | **જવાબ**

(૧) માંદા લઘુ ઔદ્યોગિક એકમો પુનઃ બેઠા થાય તે માટે રાજ્ય સરકારે કોઈ યોજના જાહેર કરી છે કે કેમ,

(૧) હા, જી

(૨) આ યોજના હેઠળ માંદા લઘુ ઔદ્યોગિક એકમોને શું શું લાભો આપવામાં આવે છે, અને

(૨) આ યોજના હેઠળ માંદા લઘુ ઉદ્યોગ એકમો કે જે પોષણક્ષમ બનીને પુનઃસ્થાપિત થઈ શકે છે, તેવા એકમોને નીચે પ્રમાણે રાહતના લાભો આપવામાં આવે છે.

(અ) જી-બાયફર કેસમાં નોંધણી કરાવ્યા પછી મળતા લાભો.
સરકારી લેણાં તરીકે વેચાણવેરા અને ઈલેકટ્રીસીટી ડયુટીની ભરપાઈ માટે વિલંબિત ચુકવણીની સવલત.

(બ) જી-બાયફર સ્કીમમાં નોંધણી કરાવતા પહેલાંના સમયની સરકારશ્રી તેમજ સરકારના બોર્ડ, કોર્પોરેશનની લેણી થતી રકમ પર મળતા લાભો.

સરકારી બોર્ડ કોર્પોરેશન તરીકે ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ, ગુજરાત રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ, ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ, ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ, અને ગુજરાત મેરી ટાઈમ, બોર્ડને, ઔદ્યોગિક એકમ તરફથી ચુકવવાની રકમ તેમજ સરકારશ્રીના વેરા જેવા કે, પાણીવેરા, રોયલ્ટી વગેરેની આ ઔદ્યોગિક એકમે

| | |
|---|---|
| | ચુકવવાની થતી રકમ ભરપાઈ કરવા માટે વિલંબિત ચુકવણીની સવલત તેમજ "વન ટાઈમ સેટલમેન્ટ" ની સવલત આપવામાં આવે છે. |
| (૩) આ યોજના હેઠળ કેટલા એકમો સ્થપાયા ? | (૩) આ યોજના હેઠળ ૧૭ લઘુ ઉદ્યોગ એકમો નોંધાયા છે. જેઓ આ યોજનાના ધોરણો મુજબ પુનઃ સ્થાપનાના લાભો મેળવી કાર્યરત થઈ શકશે. |

------------

## ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ માટે અરજીઓ

૧૨૪૭૯ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ મેળવવા કુલ કેટલી અરજીઓ આવી, | (૧) પારડી તાલુકામાં ૭૬ અન્ય તાલુકાઓમાંથી કોઈ અરજીઓ મળેલ નથી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ પ્રત્યે કાર્યવાહી પૂર્ણ કરી વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૨) એક પણ નહીં. |
| (૩) બાકી રહેલી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવા માંગો છો? | (૩) નાણાંકીય ઉપલબ્ધિ અનુસાર શકય એટલા વહેલા વીજ જોડાણ આપવાનું આયોજન છે. |

-------------

## ઔદ્યોગિક વસાહતોને આધુનિક માળખાકીય સુવિધા માટે રચાયેલ સમિતિ

૧૧૨૨૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ૧૮૨ જી.આઈ.ડી.સી. ઔદ્યોગિક વસાહતોને આધુનિક માળખાકીય સુવિધાઓથી સજ્જ કરવા માટે એક અહેવાલ તૈયાર કરવા સિમતિની રચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના સભ્યો કોણ કોણ છે અને તા. ૩૧-૧-૦૫ સુધીમાં તેની કેટલી વખત બેઠકો મળી, અને | (૨) ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ એકટ, ૧૯૬૨માં સુધારા અંગે તા. ૨૯-૧૧-૨૦૦૪ના ઠરાવથી રચાયેલ કેબીનેટ સબ કમિટિમાં નીચે મુજબના સભ્યો છે.<br>૧. માનનીય મંત્રીશ્રી, પાણી પુરવઠા.<br>૨. માનનીય મંત્રીશ્રી, મહેસૂલ.<br>૩. માનનીય મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ.<br>૪. માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, આયોજન.<br>૫. માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી, ઉદ્યોગ ખાણ અને ખનિજ.<br>તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં ઉકત સમિતિની |

| | |
|---|---|
| | એક બેઠક મળેલ છે. |
| (૩) આ સિમિતમાં તજજ્ઞોનો સમાવેશ કરવામાં નથી આવ્યો તેના કારણો શા છે ? | (૩) જો કમીટીને જરૂર જણાય તો તે તજજ્ઞોનો પરામર્શ કરી શકે છે. |

-----------

**વલસાડ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના અન્વયેની અરજીઓ**

૧૨૫૪૩ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ ૨૦૦૩--૦૪ અને ૨૦૦૪--૦૫ના વર્ષમાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓ પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) તાલુકાવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) વલસાડ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ વર્ષવાર મળેલ અને તે પૈકી મંજૂર થયેલ અરજીઓ નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ અરજીઓ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૪૫૨૬ | ૨૪૪૨ |
| ૨૦૦૪-૦૫ (જાન્યુ.-૦૫ની સ્થિતિએ) | ૩૬૧૦ | ૧૯૬૦ |

(૩) **તાલુકાવાર થયેલ ખર્ચની વિગતો.**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર થયેલ ખર્ચ | |
|---|---|---|---|
| | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ (જાન્યુ.૦૫ સુધી) |
| ૧. | વલસાડ | ૪,૬૩,૫૦૦ | ૬,૩૦,૦૦૦ |
| ૨. | પારડી | ૧૧,૨૦,૫૦૦ | ૭,૧૧,૯૦૦ |
| ૩. | ઉમરગામ | ૬,૦૦,૦૦૦ | ૫૨,૫૦૦ |
| ૪. | ધરમપર | ૭,૮૧,૫૦૦ | ૧૬,૫૯,૦૦૦ |
| ૫. | કપરાડા | ૬,૯૭,૫૦૦ | ૧૦,૬૨,૬૦૦ |

-----------

**ઔદ્યોગિક નીતિની જાહેરાત બાદ લીધેલાં પગલાં**

૧૧૫૩૧ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ (નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

રાજ્ય સરકારે સપ્ટે.૨૦૦૩માં નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરી ત્યાર પછી તેના અમલીકરણ માટે કયા પગલાંઓ લીધાં?

**જવાબ**

રાજ્ય સરકારે સપ્ટેમ્બર-૨૦૦૩માં નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરી ત્યાર પછી તેના અમલીકરણ માટે જુદા જુદા પ્રોત્સાહનોને લગતાં ઠરાવો બહાર પાડેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

૧. લઘુ ઉદ્યોગ તેમજ મધ્યમ કક્ષાના એકમો માટે વ્યાજ સહાય યોજના.

૨. લઘુ તેમજ મધ્યમ કક્ષાના એકમો માટે ગુણવત્તા સુધારણા યોજના હેઠળ સહાય યોજના.

૩. લઘુ અને મધ્યમ કદના એકમો માટે ટેકનોલોજી અપગ્રેડેશન યોજના.

૪. રીસર્ચ અને ડેવલોપમેન્ટ માટેની સહાય યોજના.
૫. ક્રિટીકલ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ યોજના.
૬. કોમન પોલ્યુશન કન્ટ્રોલ એન્ડ ડીસ્પોઝલ યોજના.
૭. કલ્સ્ટર ડેવલપમેન્ટ યોજના.
૮. ડેવલપમેન્ટ કાઉન્સીલની રચના.
૯. ઔદ્યોગિક પાર્ક યોજના.
૧૦. પર્યાવરણની જાળવણી માટે યોજના.
૧૧. માંદા એકમોના પુનરુત્થાન માટે યોજના.

---------

**બનાસકાંઠા જિલ્લામાં મોટા અને નાના નોંધાયેલા ઉદ્યોગો**

૧૧૨૨૫ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં મોટા અને નાના કેટલા ઉદ્યોગો તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ નોંધાયેલ છે, અને | (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કુલ ૧૫ મધ્યમ અને મોટા પ્રોજેકટો નોંધાયેલ છે. અને ૬,૧૮૦ લઘુ ઉદ્યોગો નોંધાયેલ છે. |
| (૨) તે અન્વયે કેટલા ઉદ્યોગો કાર્યરત છે? | (૨) ૧૨-મધ્યમ અને મોટા પ્રોજેકટો કાર્યરત છે. અને ૫૫૨૨ લઘુ ઉદ્યોગ એકમો કાર્યરત છે. |

---------

**ગૃહ વિભાગના કંટ્રોલરુમને મળેલ દારુ, જુગાર અને વરલીના અડ્ડાઓની ફરિયાદો**

૧૧૨૩૩ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગૃહ વિભાગ કંટ્રોલ રુમના સ્વયં સંચાલિત યંત્રના ફોન નં.૦૭૯-૨૩૨૨૦૨૮૯ ના માધ્યમથી કેટલી ફરિયાદો દારુ, જુગાર, વરલીના અડ્ડાઓ/કલબો અને દારુના અડ્ડાઓ બાબતે તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા ૬ માસ દરમ્યાન નોંધવામાં આવી, | (૧) ૪૪. |
| (૨) આ ફરિયાદો અન્વયે રાજ્યના કયા કયા સ્થાનોના કુલ કેટલા અડ્ડાઓ બંધ કરવામાં આવ્યા, અને | (૨) કોઇ દારુ, જુગાર, વરલીના અડ્ડાઓ/કલબો અને દારુના અડ્ડાઓની પ્રવૃત્તિવાળા જણાયેલ નથી. |
| (૩) રાજ્યભરમાં દારુ, જુગાર-વરલીના અડ્ડાઓ સદંતર બંધ કરવા સરકારે કયા નક્કર પગલાં લેવાનું વિચારેલ છે? | (૩) દારુ, જુગારની પ્રવૃત્તિ કરવાની ટેવવાળા અસામાજીક વ્યકિતઓ વિરુધ્ધ જરુરી અટકાયતી પગલાં જેવા કે પ્રોહી-૯૩, તડીપાર, પાસા વિગેરે કરવામાં આવે છે. આવી પ્રવૃત્તિ ફરી ચાલુ ન થાય તે માટે તકેદારી રાખવા સંબંધિત અધિકારીશ્રીને સૂચના આપેલ છે.<br>જુગારધારા તથા નશાબંધી ધારાના કડક અમલ અંગે સરકારશ્રી તરફથી (૧) ક્રમાંકઃ જપધ/૧૦૨૦૦૩/સકમ-૪૮-મ, તા.૧૨-૯-૨૦૦૩ના પરિપત્રો બહાર પાડવામાં આવેલ છે. |

---------

## રાધનપુર તાલુકામાં નર્મદા કેનાલનું કામ

૧૨૫૧૭ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાધનપુર તાલુકામાં નર્મદા બ્રાન્ચ કેનાલ, સબ બ્રાન્ચ અને માઇનોર કેનાલોનું કામ ચાલુ કરી પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને | (૧) રાધનપુર તાલુકામાં ૨૦૦૪-૦૫ થી શાખા નહેરોના કામો શરૂ કરવામાં આવ્યા છે અને તબક્કાવાર ૨૦૦૫-૦૬ થી ૨૦૦૬-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. વિતરણ પધ્ધતિના કામો ૨૦૦૫-૦૬ થી તબક્કાવાર શરૂ કરી ૨૦૦૭-૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) નર્મદાની કેનાલોના પાણીથી સિંચાઇ કયારે ચાલુ થઇ શકશે? | (૨) તબક્કાવાર ૨૦૦૬-૦૭ થી શરુ કરી ૨૦૦૭-૦૮ સુધીમાં. |

---------

## પાટણ તાલુકા પોલીસ સ્ટેશન ગોલાપુર લઇ જવા અંગે

૧૧૬૪૭ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ તાલુકા પોલીસ સ્ટેશન ગોલાપુર ગામે લઇ જવા સરકારે આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો શહેરથી દૂર પાંચ કિમી. એક તરફી પોલીસ સ્ટેશન લઇ જવાનું કારણ શું, અને | (૨) હાલનું પોલીસ સ્ટેશનનું મકાન જર્જરિત થઇ ગયેલ હોવાથી અને ગોલાપુર ખાતે પોલીસ સ્ટેશનનું નવું મકાન બની ગયેલ હોવાથી. |
| (૩) લોકોને પડતી તકલીફ નિવારવા માટે સરકાર આ પોલીસ સ્ટેશન મૂળ જગ્યાએ રાખવા પુનઃ વિચારણા કરવા માંગે છે? | (૩) ના. |

---------

## રાજ્યમાં પાઇપલાઇનથી ગેસ આપવા બાબત

૧૨૨૭૨ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેરની જેમ ગુજરાતના અન્ય શહેરોને ગેસની પાઇપલાઇન સાંકળીને રહીશોને ગેસ પુરો પાડવાની યોજના રાજ્ય સરકારે કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં રાજ્યના કયા કયા શહેરો સમાયેલ છે, અને | (૨) રાજ્યના દરેક જિલ્લાના મુખ્ય મથકોને તબક્કાવાર પાઇપલાઇન નેટવર્કથી આવરી લેવાનું આયોજન છે. |
| (૩) અમદાવાદ શહેરના રહીશોને આ યોજનાનો લાભ કયાં સુધીમાં મળી રહેશે? | (૩) ગુજરાત અદાણી એનર્જી લિ. દ્વારા અમદાવાદ શહેરને ગેસ આપવાની કાર્યવાહી પ્રગતિમાં છે જે તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## ભાવનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ધ્વારા બોગસ દસ્તાવેજો આપવાની ફરિયાદ

૧૧૯૫૨ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભાવનગર ધ્વારા બોગસ દસ્તાવેજો આપવા બાબત કેટલી ફરિયાદો તા.૩૧-૧-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થઈ, અને | (૧) કુલ ૧૨ |
| (૨) આ ફરિયાદો સામે સરકારે શાં પગલાં લીધાં? | (૨) ૧૧ ફરિયાદોમાં પોલીસમાં એફ.આઈ.આર. નોંધવવામાં આવી છે અને તે આધારે આ કેસો કોર્ટ કાર્યવાહીમાં છે. એક કેસમાં ફરિયાદવાળી અરજી નામંજુર કરવામાં આવેલ હોઈ તે માટે પોલીસ કે કોર્ટ કાર્યવાહી કરવામાં આવી નથી. |

-----------

## રાજકોટ જિલ્લામાં પોલીસ સ્ટેશનમાં યોજાયેલા લોકદરબાર

૧૧૭૩૯ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકા દીઠ આવેલ પોલીસ સ્ટેશનોમાં દર માસે યોજાતા લોક દરબારમાં કેટલા પ્રશ્નો રજૂ થયા, અને

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | પોલીસ સ્ટેશન | લોક દરબાર-ની સંખ્યા | રજૂ થયેલ પ્રશ્નોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | મોરબી | મોરબી સીટી | ૧૨ | ૬૩ |
| ૨ | મોરબી | મોરબી તાલુકા | ૧૨ | ૦૮ |
| ૩ | વાંકાનેર | વાંકાનેર સીટી | ૧૨ | ૪૪ |
| ૪ | વાંકાનેર | વાંકાનેર તાલુકા | ૧૨ | ૧૪ |
| ૫ | માળીયા | માળીયા (મિ) | ૧૨ | ૧૬ |
| ૬ | પડધરી | પડધરી | ૧૧ | ૧૫ |
| ૭ | ટંકારા | ટંકારા | ૧૦ | ૦૩ |
| ૮ | ગોંડલ | ગોંડલ સીટી | ૧૧ | ૪૫ |
| ૯ | ગોંડલ | ગોંડલ તાલુકા | ૧૧ | ૧૦ |
| ૧૦ | જસદણ | જસદણ | ૧૨ | ૧૧૯ |
| ૧૧ | જસદણ | વિંછીયા | ૧૨ | ૨૧ |
| ૧૨ | જસદણ | ભાડલા | ૧૨ | ૧૯ |
| ૧૩ | લોધીકા | લોધીકા | ૧૨ | ૦૩ |
| ૧૪ | કોટડા સાંગાણી | કોટડા સાંગાણી | ૦૯ | ૦૯ |
| ૧૫ | જેતપુર | જેતપુર સીટી | ૧૨ | ૭૧ |
| ૧૬ | જેતપુર | જેતપુર તાલુકા | ૧૨ | ૦૪ |
| ૧૭ | ધોરાજી | ધોરાજી | ૧૦ | ૩૭ |
| ૧૮ | ધોરાજી | પાટણવાવ | ૧૧ | ૧૬ |
| ૧૯ | ઉપલેટા | ઉપલેટા | ૧૧ | ૫૨ |
| ૨૦ | ભાયા-વદર | ભાયાવદર | ૧૧ | ૧૦ |
| ૨૧ | જામ-કંડોરણા | જામકંડોરણા | ૧૦ | ૦૯ |
| | | **કુલ :** | **૨૩૮** | **૫૮૮** |

(૨) તે પૈકીના કેટલા પ્રશ્નોનો નિકાલ થયો?

(૨) ૫૭૫.

-----------

## ચોટીલા અને સાયલા તાલુકામાં લૂંટ, બળાત્કાર, ખૂન અને ધાડના બનાવો

૧૧૫૫૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ એક વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલા બનાવો લૂંટ, બળાત્કાર, ખૂન અને ધાડના નોંધવામાં આવેલ છે,

(૨) નોંધાયેલ ગુન્હાઓમાં કેટલા આરોપીઓની ધરપકડ કરી કેસો કરવામાં આવેલ છે, અને

(૩) કેટલા કેસોમાં આરોપીઓ વોન્ટેડ છે ?

**જવાબ**

(૧) લૂંટ - ૦૧
બળાત્કાર - ૦૨
ખૂન - ૦૮
ધાડ - ૦૨

(૨) બળાત્કારના ૨ ગુનામાં ૨ આરોપી, ખૂનના ૮ ગુનામાં ૨૫ આરોપીઓની ધરપકડ કરી કેસો કરવામાં આવેલ છે, લૂંટ તથા ધાડના ગુનામાં આરોપીઓના નામ નમુદ ન હોઈ ધરપકડ થઈ શકી નથી.

(૩) કોઈ કેસમાં આરોપી વોન્ટેડ નથી.

-----------

## ખેડા જિલ્લામાં લૂંટ, ધાડ અને બળાત્કારના બનાવો

૧૧૨૨૭ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૫ ની સ્થિતએ ખેડા જિલ્લામાં તાલુકાવાર લૂંટ, ધાડ, અને બળાત્કારના કેટલા બનાવો પોલીસ દફતરે વર્ષવાર નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ થઈ, અને

(૩) કેટલા ગુન્હા ડીટેકટ થયા ?

**જવાબ**

(૧)

| **તાલુકા** | **તા.૧-૨-૦૩ થી તા.૩૧-૧-૦૪** | | | **તા.૧-૨-૦૪ થી ૩૧-૧-૦૫** | | |
|---|---|---|---|---|---|---|
| | **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** | **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** |
| નડીયાદ | ૬ | ૨ | ૪ | ૯ | ૨ | - |
| ઠાસરા | ૧ | ૩ | - | ૪ | - | - |
| માતર | ૧ | ૧ | - | ૩ | ૨ | ૨ |
| ખેડા | ૧ | ૧ | - | - | - | - |
| મહેમ-દાવાદ | - | - | ૨ | ૨ | ૧ | - |
| મહુધા | - | ૧ | - | ૧ | ૨ | - |
| કઠલાલ | ૧ | - | ૧ | - | - | ૨ |
| કપડવંજ | ૧ | ૧ | ૨ | ૪ | ૩ | ૨ |
| બાલા સિનોર | ૧ | ૧ | ૨ | - | - | ૧ |
| વિરપુર | ૧ | - | - | - | - | |

(૨)

| **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** | **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** |
|---|---|---|---|---|---|
| ૨૧ | ૩૧ | ૨૪ | ૧૯ | ૧૭ | ૧૧ |

(૩)

| **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** | **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** |
|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૧૧ | ૧૧ | ૨ | ૭ |

-----------

## રાજ્યમાં વીજ ઉત્પાદન વધારવાનું આયોજન અને સફળતા

૧૧૨૪૨ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વીજ પુરવઠાની પરિસ્થિતિ

**જવાબ**

(૧) હા, જી.

તથા ગુજરાત વિદ્યુત બોર્ડની કાર્યક્ષમતામાં સુધારો લાવવા માટે સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૨) ભવિષ્યની વીજ માંગને પહોંચી વળવા ૧૦મી અને ૧૧મી પંચવર્ષીય યોજનાઓમાં નવા ૧૫૩૩૪ મે.વો. ક્ષમતા ઉમેરવા માટેના જુદા જુદા પ્રોજેકટો સ્થાપવાનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત મધ્ય પ્રદેશમાં ૨૦૦૦ મે.વો. નો વીજ મથક સ્થાપવા માટે તા. ૨૨-૨-૦૫ના રોજ સમજૂતી કરાર કરવામાં આવેલ છે.

ગુ.વિ.બોર્ડની કાર્યક્ષમતામાં સુધારો લાવવા બોર્ડનું ૭ (સાત) જુદી જુદી કંપનીઓમાં વિભાજન કરવામાં આવી રહયું છે. તેમજ વીજ નુકશાન ઘટાડવા માટે વીજચોરી સામે ઝુંબેશ, જુના મીટરો બદલવા, જર્જરીત લાઈનો બદલવી, ફીડર બાઈફરકેશન વિગેરે પ્રણાલી સુધારવા માટેની યોજનાઓ અમલમાં લાવવામાં આવી છે. હયાત જુના વીજ મથકોમાં આધુનિકરણ અને નવીનીકરણની યોજનાઓ દ્વારા તેની કાર્યક્ષમતા અને આવરદા વધારવામાં આવી રહી છે.

(૩) આ કાર્ય યોજનાના અમલથી રાજ્યમાં તા. ૧-૧-૦૩ થી ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલું વીજ ઉત્પાદન વધારવામાં આવ્યું છે?

(૩) ૧૬૭૦.૪૪૫ મી.યુ.

------------

**લાલ લાઈટવાળા વાહનો વાપરવાની પરવાનગી બાબત**

૧૨૩૩૩ **શ્રી રાજેશ પાઠક (બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સરકારમાં મંત્રીશ્રીઓ અને હાઈકોર્ટના જજ સિવાય અન્ય કોના વાહનો ઉપર લાલ લાઈટ મળવાપાત્ર છે,

**જવાબ**

(૧) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૦૮ની જોગવાઈ (૩) હેઠળ રાજ્ય સરકારે તા. ૧૨-૧-૦૪ અને તા. ૧૦-૧-૦૪ના હુકમોથી સરકારમાં માનનીય મંત્રીશ્રીઓ અને હાઈકોર્ટના નામદાર જજ ઉપરાંત નીચે દર્શાવેલ મહાનુભાવોના વાહનો ઉપર લગાડવા લાલ લાઈટ મળવાપાત્ર છે.

૧. નામદાર રાજ્યપાલશ્રી
૨. માનનીય મુખ્યમંત્રીશ્રી
૩. માન. મુખ્ય ન્યાયાધીશ, ગુજરાત હાઈકોર્ટ
૪. માન.અધ્યશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય
૫. સર્વે માન. મંત્રીશ્રીઓ
૬. વિરોધપક્ષના નેતાશ્રી
૭. હાઈકોર્ટના તમામ નામદાર ન્યાયાધીશો
૮. સર્વે રાજ્ય કક્ષાના માન. મંત્રીશ્રીઓ અને સર્વે નાયબ મંત્રીશ્રીઓ
૯. મુખ્ય સચિવશ્રી

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | ૧૦. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી<br>૧૧. અગ્ર સચિવશ્રી (ગૃહ) ગૃહ વિભાગ<br>૧૨. અગ્ર સચિવશ્રી (વા.વ્ય.) ગૃહ વિભાગ<br>૧૩. અગ્ર સચિવશ્રી (ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ<br>૧૪. માન. મુખ્યમંત્રીશ્રીના સર્વે અધિક મુખ્ય સચિવશ્રીઓ અને સચિવશ્રીઓ<br>૧૫. ચેરમેનશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ<br>૧૬. કોમ્પ્યુનિકેશન વાન ઓફ ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી<br>૧૭. ચીફ ઈલેકટોરલ ઓફીસર<br>૧૮. કમિશ્નરશ્રી, રાજ્ય ચુંટણી પંચ<br>૧૯. લોકાયુક્તશ્રી ગુજરાત રાજ્ય<br>૨૦. ચેરમેનશ્રી, ગ્રીવન્સીસ રીડ્રેસલ ઓથોરીટી ફોર સરદાર સરોવર પ્રોજેકટ-એફેકટેડ પરસન્સ, ગુજરાત રાજ્ય<br>૨૧. નામદાર રાજ્યપાલશ્રીની પાયલોટકાર<br>૨૨. માન. મુખ્યમંત્રીશ્રીની પાયલોટકાર<br>૨૩. એમ્બ્યુલન્સ અને ફાયર ફાઈટરના વાહનો<br>૨૪. માન.નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય |
| (૨) કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નાયબ કલેકટરશ્રી, અધિક કલેકટરશ્રીના માટે કયા નિયમોને આધારે મળવાપાત્ર છે, અને | (૨) કેન્દ્રીય મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ-૧૦૮ની જોગવાઈ (૩) હેઠળ મળેલ સત્તાની રૂએ પ્રશ્ન હેઠળના અધિકારીઓના વાહનોને લાલ લાઈટ મળવાપાત્ર નથી. |
| (૩) આવા નિયમ વિરૂધ્ધ લગાવેલી લાલ લાઈટવાળી ગાડીઓ વાપરતા અધિકારીઓ સામે સરકાર ખાતાકીય તપાસ કરવા માંગે છે કે કેમ? | (૩) નિયમ વિરૂધ્ધ લગાવેલી લાલ લાઈટ વાળી ગાડીઓ વાપરતા અધિકારીઓ સામે નિયમોનુસાર પગલાં લેવાની કમિશ્નરશ્રી, (વા.વ્ય.)આર.ટી.ઓ. અને પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. |

------------

## રાજ્ય માનવ અધિકાર પંચના સભ્યો અને મળેલ બેઠકો

૧૧૨૧૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં માનવ અધિકાર પંચની રચના કરવા માટે બનાવાયેલ સમિતિના સભ્યો કોણ કોણ છે, | (૧) સમિતિના સભ્યો નીચે મુજબ છે.<br>૧. માનનીય મુખ્ય મંત્રીશ્રી અધ્યક્ષ<br>૨. માનનીય અધ્યક્ષશ્રી ગુજરાત વિધાનસભા સભ્ય<br>૩. માન. વિરોધ પક્ષના નેતાશ્રી સભ્ય<br>૪. માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી(ગૃહ) સભ્ય |
| (૨) આ સમિતિએ કરેલ કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે, અને | (૨) બેઠક મળેલ ન હોઇ કાર્યવાહીના તબક્કાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| (૩) આ સમિતિની કેટલી બેઠકો તા. ૩૧-૧-૦૫ સુધીમાં મળી? | (૩) એક પણ નહીં. |

------------

## કલ્પસર યોજના અન્વયે સમુદ્રની મોજણી તથા બેથીમેટ્રીક સર્વેની કામગીરી

૧૧૫૦૫ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર પ્રભાગ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખંભાતના અખાતના દરિયાના સમુદ્રની મોજણી તેમજ બેથીમેટ્રીક સર્વેની કામગીરી જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) ખંભાતના અખાતના દરિયાના સમુદ્રમાં કરવાના થતાં વિવિધ સર્વે જેવા કે બેથીમેટ્રીક સર્વે, સબ બોટમ સર્વે, તથા ઓસીનોગ્રાફીક સર્વે અંગેની કામગીરી નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓસન ટેકનોલોજી(NIOT) ચેન્નાઈને સોંપવામાં આવી છે. આ સંસ્થાએ ઉપરોક્ત સર્વેક્ષણની કામગીરી પૂર્ણ કરી, સર્વેક્ષણનો વચગાળાનો અહેવાલ તૈયાર કરેલ હતો. તથા આ અહેવાલનો, આંતરરાષ્ટ્રીય તજજ્ઞોએ અભ્યાસ કરી, હવે કરવાના થતા વધારાના સર્વેક્ષણ માટે સંસ્થાને સૂચન કર્યુ હતું. આ સૂચનો મુજબની વધારાના સર્વેક્ષણની કામગીરી માટે નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓસન ટેકનોલોજી પાસેથી વિગતવાર દરખાસ્ત મંગાવવામાં આવેલ હતી. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ રૂપિયા ૧૮૦.૭૩ લાખ ખર્ચ થયેલ છે. |

------------

## ઇન્ફોસીટીનો પ્રારંભ અને યુવાનોને રોજગારી

૧૧૦૫૩ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થાય તે માટે ગાંધીનગર ખાતે ઇન્ફોસીટીનો પ્રારંભ કયારે કરવામાં આવ્યો, અને | (૧) પ્રારંભ તા.૧-૮-૨૦૦૦. |
| (૨) આ પ્રોજેકટ થવાથી કેટલા પ્રોજેકટ દ્વારા ગુજરાતના કેટલા યુવાનોને ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રોજગારી આપવામાં આવી છે? | (૨) ૨૪ કંપનીઓ.<br>૧૫૬૬ યુવાનોને રોજગારી આપી. |

---------

## ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી પરીક્ષા અને પરિણામ

૧૧૪૧૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૧લી જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા છેલ્લા બે વર્ષમાં કઇ કઇ જગ્યાઓ માટે પરીક્ષાઓનું | (૧) પોલીસ દળમાં લોકરક્ષકની જગ્યાઓ માટે. |

| | |
|---|---|
| આયોજન કરવામાં આવ્યું હતું, અને | |
| (૨) આ પરીક્ષાઓના પરિણામો કયારે જાહેર કર્યા? | (૨) લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું પરિણામ તા.૨૮-૧-૦૫ના રોજ પ્રસિધ્ધ કરેલ છે, જે આધારે મૌખિક કસોટી લેવાની બાકી છે. |

---------

**જૂનાગઢ આર.ટી.ઓ. ની આવક**

૧૨૭૫૦ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ આર.ટી.ઓ.ની વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) રૂા.૧૮૨૨.૮૦ લાખ. |
| (૨) તે પૈકી જાન્યુ-૨૦૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે? | (૨) રૂા.૧૬૫૦.૯૭ લાખ. |

---------

**અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમન ભંગના કેસો**

૧૧૮૨૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૩૧ જાન્યુઆરી-૦૫ સુધીમાં અમદાવાદ શહેરમાં ટ્રાફિક શાખા દ્વારા કેટલા કેસો વાહનચાલકો સામે કરવામાં આવ્યા છે, | (૧) કુલ ૫,૭૧,૮૬૪ કેસો. |
| (૨) આ કેસોમાં કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, | (૨) રૂા.૪,૯૯,૯૨,૦૮૪/- |
| (૩) કેરોસીનથી ચાલતી રિક્ષાઓ અને વધારે પેસેન્જરો ભરી ફરતી રિક્ષાઓ સામે પોલીસે શું પગલાં લીધા છે, | (૩) નિયમોનુસાર પરમીટ ભંગના કેસો કરવામાં આવે છે. |
| (૪) શહેરમાં વાહનોના ટોઇંગ બાબતે નિર્દોષ વાહન ચાલકો દંડાયાની ફરિયાદો સરકારને મળી છે, અને | (૪) ના, જી. |
| (૫) જો હા, તો આ અંગે શું પગલાં લીધાં છે? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગુજરાત વિદ્યુત બોર્ડના વિભાજન બાબત**

૧૧૪૯૭ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે ગુજરાત વિદ્યુત બોર્ડનું અલગ અલગ નિગમોમાં વિભાજન કરવાનો નિર્ણય કરેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવો નિર્ણય કરવા પાછળનો હેતુ શું છે? | (૨) રાજ્ય સરકારે ગુજરાત વિદ્યુત બોર્ડનું જુદી જુદી સાત વીજ કંપનીઓમાં વિભાજન કરવાનો નિર્ણય કરેલ છે, જેના હેતુ નીચે પ્રમાણે છે:<br>(અ) વીજક્ષેત્રમાં નિયમન અને સુધારણા માટે રાજ્યના ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનઃગઠન અને નિયમન) ધારા, ૨૦૦૩ અને |

કેન્દ્રના નવા વિદ્યુત ધારા, ૨૦૦૩ના અમલીકરણ બાદ દેશભરમાં ઉર્જા ક્ષેત્રે જે હરીફાઇનું વાતાવરણ સર્જાયું છે, તેમાં ગુજરાત વિદ્યુત બોર્ડને સ્પર્ધાત્મક સ્થિતિમાં મુકવા માટે.
(બ) બોર્ડના હાલના કાર્યોનું યોગ્ય રીતે વિભાજન કરી, નવી સંસ્થાઓનું વ્યાપારી ધોરણે સંચાલન થાય, વીજક્ષેત્રમાં લાંબાગાળાના સુધારા લાવીને રાજ્યનો સર્વાંગી વિકાસ થાય અને ગ્રાહકોનું વધુ સારૂ હિત જળવાય.

---------

## કચ્છ જિલ્લામાં વિવિધ ગુના

૧૧૨૩૮ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા છ માસમાં ઘરફોડ, ચોરી, લૂંટ, ખૂન તેમજ મહાવ્યથાના કેટલા ગુનાઓ બન્યા છે, અને

(૨) કેટલા ગુનાઓ ડિટેકટ થયા છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા છ માસમાં બનેલ ગુનાઓ નીચે મુજબ છે.

| ઘરફોડ ચોરી | લૂંટ | ખૂન | મહાવ્યથા |
|---|---|---|---|
| ૧૩૨ | ૧૬ | ૧૦ | ૩૮ |

(૨) નીચે મુજબના ગુનાઓ ડીટેકટ થયા છે.

| ઘરફોડ ચોરી | લૂંટ | ખૂન | મહાવ્યથા |
|---|---|---|---|
| ૨૨ | ૧૦ | ૧૦ | ૩૮ |

---------

## સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં હાઇ-વે લૂંટ અને ઘરફોડ લૂંટના બનાવો

૧૨૦૪૯ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ડિસેમ્બર-૦૪ને અંતે એક વર્ષમાં પોલીસ સ્ટેશન વાઇઝ હાઇવેલૂંટ અને ઘરફોડ લૂંટના કેટલા બનાવો બન્યા,

(૨) આવા લૂંટના કેસોમાં કેટલા મર્ડર કરવામાં આવ્યા, અને

(૩) આવા ગંભીર ગુનાઓમાં અત્યાર

**જવાબ**

(૧)

| સુરેન્દ્રનગર જિલ્લો | | | રાજકોટ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| પો.સ્ટે.નું નામ | હાઇવે લૂંટ | ઘર-ફોડ લૂંટ | પો.સ્ટે.નું નામ | હાઈવે લૂંટ | ઘર-ફોડ લૂંટ |
| સુરેન્દ્ર-નગર સીટી | - | ૦૧ | ટંકારા | ૦૧ | - |
| મુળી | ૦૧ | - | પડધરી | ૦૨ | - |
| સાયલા | ૦૧ | - | જેતપુર તાલુકો | ૦૧ | - |
| પાટડી | ૦૨ | - | મોરબીસીટી | - | ૦૨ |
| | | | ગોંડલ-સીટી | - | ૦૧ |
| | | | ગોંડલ-તાલુકો | - | ૦૧ |
| | | | જેતપુરસીટી | - | ૦૩ |
| **કુલ :** | **૦૪** | **૦૧** | **કુલ :** | **૦૪** | **૦૭** |

(૨) સુરેન્દ્રનગર જિલ્લા હેઠળના પો.સ્ટે.માં નોંધાયેલ હાઇવે લૂંટ તથા ઘરફોડ લૂંટના ગુનામાં કોઇ મર્ડર થયેલ નથી.

જયારે રાજકોટ જિલ્લા હેઠળના ગોંડલ સીટી પો.સ્ટે.માં નોંધાયેલ ઘરફોડ લૂંટના એક ગુનામાં એક વ્યકિતનું મર્ડર થયેલ છે.

(૩) સુરેન્દ્રનગર જિલ્લામાં બનેલ હાઇવે

સુધીમાં કેટલા ગુના ડીટેકટ કરવામાં આવ્યા?

લૂંટના ૦૪ ગુના પૈકી ૦૩ ગુનાઓ ડીટેકટ થયેલ છે. જયારે ઘરફોડ લૂંટનો ૦૧ ગુનો બનેલ છે. જે ડીટેકટ થયેલ છે.

જયારે રાજકોટ જિલ્લામાં બનેલ હાઇવે લૂંટના ૦૪ ગુના પૈકી ૦૩ ગુના ડીટેકટ થયેલ છે. તેમજ ઘરફોડ લૂંટના ૦૭ ગુના પૈકી ૦૫ ડીટેકટ થયેલ છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલા કેસો

૧૨૬૬૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કયા કયા પોલીસ સ્ટેશનમાં કુલ કેટલા કેસો ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ એક વર્ષમાં નોંધાયા,

**જવાબ**

(૧)

| પોલીસ સ્ટેશનનું નામ | કેસોની સંખ્યા | પોલીસ સ્ટેશનનું નામ | કેસોની સંખ્યા |
|---|---|---|---|
| જૂનાગઢ એ-ડીવી. | ૧૦૩૭ | પ્ર.પાટણ | ૩૬૪ |
| જૂનાગઢ બી-ડીવી. | ૯૭૪ | સુત્રાપાડા | ૩૨૦ |
| જૂનાગઢ તાલુકા | ૪૭૮ | કોડીનાર | ૭૦૪ |
| વિસાવદર | ૩૩૭ | ઉના | ૯૪૬ |
| મેંદરડા | ૧૯૯ | ગીર ગઢડા | ૨૦૬ |
| બિલખા | ૦૬૯ | તાલાળા | ૪૨૨ |
| ભેંસાણ | ૧૨૮ | માંગરોળ | ૨૫૩ |
| કેશોદ | ૬૦૨ | શીલ | ૧૯૯ |
| વંથલી | ૩૫૨ | ચોરવાડ | ૨૪૬ |
| માણાવદર | ૧૯૬ | માળીયા હાટીના | ૧૪૬ |
| બાંટવા | ૧૦૦ | મહિલા પો.સ્ટે. | ૮૫ |
| વેરાવળ સીટી | ૫૨૧ | **કુલ :** | **૮૮૮૪** |

(૨) તે પૈકી કેટલામાં ચાર્જશીટ કરવામાં આવી અને કેટલા બાકી છે, અને

(૨) ચાર્જશીટ કરવામાં આવેલ કેસોની સંખ્યા ૭૬૦૩

બાકી કેસોની સંખ્યા ૪૫૮

(૩) સમયમર્યાદામાં ચાર્જશીટ ન કરવામાં આવી હોય તો તેના કારણો શું છે?

(૩) આઇ.પી.સી.કલમ ૨૯૫, ૧૫૩ જેવા કેસોમાં સી.આર.પી.સી.કલમ-૧૯૬ મુજબની મંજુરી મળેથી તેમજ ઇ.પી.કો.કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭(એ), ૪૦૯, ૪૦૬, ૪૨૦ના કેસોમાં હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય આવેથી ચાર્જશીટ કરવામાં આવે છે તે સિવાયના તમામ કેસોમાં સમયમર્યાદામાં ચાર્જશીટ કરવામાં આવે છે.

---------

## રાજ્યમાં પાઇપલાઇન દ્વારા ગેસ આપવા બાબત

૧૦૬૪૨ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા પાઇપલાઇન દ્વારા ગેસ દરેક શહેર અને ગામોને આપવાની યોજના બનાવી છે તેની જાન્યુઆરી-૨૦૦૫ સુધીમાં શું કાર્યવાહી થઇ છે,

(૨) કેટલા વર્ષનો પ્રોજેકટ છે,

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના તમામ જિલ્લાઓના મુખ્ય મથકોને તબક્કાવાર ગેસગ્રીડથી સાંકળવાનું આયોજન છે.

(૩) કેટલા રૂપિયાનો ખર્ચ થયો છે, અને કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને

(૩) મુખ્ય પાઇપલાઇન હજીરાથી કલોલ નેટવર્ક માટે કુલ રૂા.૯૦૯/- કરોડનો ખર્ચ થયેલ છે. ઉપરાંત આગામી ત્રણ વર્ષ સુધીમાં રૂા.૧૨૦૦ કરોડનું ખર્ચ થવાનો અંદાજ છે.

(૪) તા.૩૧-૧-૨૦૦૫ સુધીમાં કેટલા અને કયા કયા શહેરોને ગેસ આપવામાં આવ્યો છે?

(૪) તા.૩૧-૧-૨૦૦૫ સુધીમાં કુલ ૭ શહેરોને ગેસ આપવામાં આવ્યો છે, જેવા કે સુરત, અંકલેશ્વર, ભરુચ, વડોદરા, આણંદ, અમદાવાદ અને કલોલ.

---------

## તાલુકા પ્રમાણે વીજ જોડાણ યોજના અન્વયે દરખાસ્તો

૧૧૮૧૩ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તત્કાલ વિજ જોડાણ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી દરખાસ્તો આવી,

**જવાબ**

(૧) ૬૯૮ દરખાસ્તો આવી જેની તાલુકાવાર વિગતો પત્રક-૧ મુજબ છે.

**પત્રક**

| ક્રમ | અમદાવાદ જિલ્લો | |
|---|---|---|
| | **તાલુકાનું નામ** | **તત્કાલ વીજ જોડાણ હેઠળ મળેલ અરજીઓ** |
| ૧ | બાવળા | ૧૨૧ |
| ૨ | ધંધુકા | ૧૯ |
| ૩ | રાણકપુર | ૨૧૩ |
| ૪ | ધોળકા | ૯૬ |
| ૫ | સાણંદ | ૮૯ |
| ૬ | દસક્રોઇ | ૫૭ |
| ૭ | અમદાવાદ સીટી | ૧ |
| ૮ | દેત્રોજ | ૧૭ |
| ૯ | માંડલ | ૯ |
| ૧૦ | બરવાળા | ૩૪ |
| ૧૧ | વીરમગામ | ૪૨ |
| | **કુલ :** | **૬૯૮** |

(૨) તે પૈકી કેટલાને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) ૨ (બે).

(૩) જે દરખાસ્તો પડતર છે તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

(૩) નોંધાયેલ અરજદારોને તબક્કાવાર અંદાજપત્ર આપ્યા બાદ નાણાં ભરપાઇ થયેથી નિયત સમયમર્યાદામાં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

## આણંદ જિલ્લામાં લૂંટના બનાવો

૧૨૨૨૭ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં ડિસે-૦૪ની સ્થિતિએ કેટલી લૂંટના કિસ્સા નોંધાયેલ છે,

(૨) આ લૂંટમાં કેટલી રકમની લૂંટ થયેલ છે,

(૩) કેટલા તહોમતદારોની ધરપકડ કરવામાં આવેલ છે,

**જવાબ**

| | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
|---|---|---|
| (૧) | ૧૯ | ૧૧ |
| (૨) | રૂા.૧૨,૩૪,૭૭૩<br>રૂા.૨૩,૨૬,૧૪૦ | |
| (૩) | ૨૬ | ૧૪ |

| | |
|---|---|
| (૪) પકડવામાં આવેલ આરોપીઓ પાસેથી કેટલી રીકવરી કરવામાં આવેલ છે, અને | (૪) રૂા.૪,૬૨,૨૫૦ રૂા.૩,૬૯,૧૨૫ |
| (૫) આણંદ જિલ્લાનું પોલીસ તંત્ર એક જ પ્રકારની પધ્ધતિથી થતી લૂંટોને રોકવા શી કાર્યવાહી કરી રહેલ છે? | (૫) - આણંદ જિલ્લામાં એક જ પ્રકારની પધ્ધતિથી થતી લૂંટોને રોકવા માટે અવાર-નવાર કોમ્બીંગ નાઇટોનું આયોજન કરેલ છે.<br>- ગુપ્ત બાતમીદારો રોકી માહિતી મેળવવા આયોજન કરેલ છે.<br>- ગુનામાં સંડોવાયેલ આરોપીઓની ઓળખ માટે કોમ્પ્યુટરાઇઝ ફોટો સ્કેચ તૈયાર કરાવેલ છે.<br>- આવા પ્રકારના ગુનાઓ અંગે લોકોને વાકેફ કરવા અને સજાગ રહેવા માટે દૈનિક પત્રોમાં સમાચાર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.<br>ગુનાઓ બનતા અટકાવવા પોલીસના ફીકસ પોઇન્ટ નાકાબંધી વિગેરેનું આયોજન કરેલ છે. |

---------

**સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટની આવક**

૧૨૬૪૦ **શ્રી સી. ડી. પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આર.ટી.ઓ. સોનગઢ ચેકપોસ્ટ વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) રૂા.૪૮૩૪.૩૯ લાખ. |
| (૨) તે પૈકી જાન્યુઆરી-૨૦૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે? | (૨) રૂા.૪૨૦૨.૭૩ લાખ. |

---------

**શામળાજી વિષ્ણું મંદિરમાં રૂપિયા ૧૨ લાખની ઉચાપત અંગે પગલાં**

૧૨૪૦૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી વિષ્ણું મંદિરમાં રૂપિયા ૧૨ લાખની ઉચાપત થઇ છે, તે હકિકત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ટ્રસ્ટી તેમજ સંચાલકો સામે કાયદેસરના પગલાં લેવા માંગો છો કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) તેમની સામે અત્યાર સુધી શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) આ સંબંધે ટ્રસ્ટના એકાઉન્ટન્ટ તથા કલાર્ક વિરુધ્ધ શામળાજી પોલીસ સ્ટેશનમાં તા.૭-૨-૨૦૦૫ના રોજ ગુનો દાખલ કરવામાં આવેલ છે. કેસની તપાસ ચાલુ છે. |

---------

**રાજ્યને પેટ્રોકેપિટલ બનાવવાનું આયોજન**

૧૧૫૨૨ **શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યને પેટ્રોકેપિટલ બનાવવા માટેની રાજ્ય સરકારનું આયોજન શું છે, | (૧) રાજ્ય સરકારની ભૂમિકા અને તે અન્વયે થયેલ આયોજનની વિગતો નીચે દર્શાવ્યા પ્રમાણે છે:<br>૧. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનને તેલ અને ગેસના ઉત્ખનન ક્ષેત્રે પ્રોત્સાહિત કરી રાજ્યમાં ગેસની વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધિ |

સાકાર કરી છે.

૨. દહેજ ખાતે દેશનું પ્રથમ એવું એલ.એન.જી. ટર્મિનલ કાર્યરત થતા પેટ્રોનેટ એલ.એન.જી.લિ. પાસેથી વાર્ષિક ૧૦ લાખ ટન એલ.એન.જી. મેળવવા માટે રાજ્ય સરકારે સક્રિય ભૂમિકા ભજવી છે.

૩. હજીરા ખાતે શેલ દ્વારા નિર્મિત રાજ્યનું બીજું ટર્મિનલ ઝડપથી કાર્યાન્વિત થાય તે દિશામાં પણ રાજ્ય સરકારની સક્રિય ભૂમિકા રહેલી છે.

૪. આ બન્ને ટર્મિનલોને ૧૦ એમએમટીપીએ સુધી વિસ્તારવાનું આયોજન છે.

૫. એલ.એન.જી. ના વધુ પુરવઠાને ખરીદવા ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન સાથે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ નિગમ મારફત કરારો કર્યા.

૬. રાજ્યના દરિયા કિનારે પેટ્રોલિયમ માટે સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન વિકસાવવાની વિચારણા.

૭. રાજ્યમાં વિપુલ પ્રમાણમાં ગેસનો જથ્થો ઉપલબ્ધ થતા, રાજ્યમાં ગેસ આધારિત અર્થવ્યવસ્થા પ્રસ્થાપિત કરવાની દિશામાં પહેલ કરી, રાજ્યમાં ઔદ્યોગિક, વાણિજિયક, વીજ ઉત્પાદન તેમજ ઘરવપરાશના ઉપયોગ માટેની ગેસ વિતરણ અંગેની નીતિ નક્કી કરી રાજ્ય સરકારે અમદાવાદ અને વડોદરા માટે અદાણી ગૃપ, મહેસાણા, ગાંધીનગર અને સાબરકાંઠા માટે બીપીસીએલ અને રાજકોટ, સુરેન્દ્રનગર માટે ગેસ ઓથોરીટી ઓફ ઇન્ડિયા લિ. ને મંજૂરી આપેલ છે.

૮. ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિ. દ્વારા હજીરાથી કલોલ સુધીની ૪૩૦ કિ.મી. લાંબી ગેસ પરિવહન લાઇન કાર્યરત વિવિધ ગ્રાહકોને ગેસ વિતરણની કામગીરી ચાલુ.

૯. ઉર્જા ઉત્પાદન તથા ઔદ્યોગિક એકમોને હાલમાં અપાતા ૧૭ એમ.એમ.એસ.સી.એમ.ડી. ગેસના પુરવઠામાં વધારો કરી સને ૨૦૦૭ સુધીમાં ૪૦ એમ.એમ.એસ.સી.એમ.ડી. સુધી કરવાનું આયોજન.

૧૦. અમદાવાદ ખાતે વાહનોના ઉપયોગ સારુ સી.એન.જી. પૂરો પાડવા ત્રણ સી.એન.જી. સ્ટેશનો કાર્યરત, વર્ષના અંત સુધીમાં કુલ-૨૦ સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન.

૧૧. રાજ્યના સિરામીક તથા અન્ય ઉદ્યોગોને ગેસ ઉપલબ્ધ કરવાનું આયોજન.

૧૨. વાહનોમાં સી.એન.જી. ના ઉપયોગને વ્યાપક બનાવવા અંગેના કાયદાની વિચારણા.

| | |
|---|---|
| | ૧૩. ગુજરાતમાં નિષ્ણાંત વિદેશી સંસ્થાના સહયોગથી પેટ્રોલિયમ તથા ગેસ અંગે લોકોને તાલીમ આપવા તથા સંશોધનો કરવા ગુજરાત એનર્જી રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઇન્સ્ટીટયુટની સ્થાપના.<br>૧૪. રાજ્યનાં તમામ જિલ્લાઓને ગેસ ગ્રીડથી સાંકળવાનું આયોજન. |
| (૨) હાલમાં રાજ્યમાં ગેસની ઉપલબ્ધિ કેટલી છે, અને | (૨) ૩૧.૫૦ એમ.એમ.એસ.સી.એમ.ડી. |
| (૩) ભવિષ્યમાં તેમાં કેટલો વધારો થવાની શકયતા છે? | (૩) ૭૨ એમ.એમ.એસ.સી.એમ.ડી.એલ.એન.જી. તથા ૩૩ એમ.એમ.એસ.સી.એમ.ડી. નેચરલ ગેસ. |

---------

**પોલીસ કમિશ્નર રાજકોટ શહેરમાં યોજાયેલા લોકદરબાર**

૧૨૬૪૪ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોકદરબાર યોજનાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ડિસેમ્બર-૦૪ સુધીમાં પોલીસ કમિશ્નરે રાજકોટ શહેરમાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા? | (૨) ૮૪. |

---------

**રાજ્યમાં સ્ત્રી અત્યાચારના બનાવો**

૧૨૫૪૫ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્ત્રીઓ ઉપર અત્યાચાર-બળાત્કાર તથા સ્ત્રી છેડતીના કેટલા કેસો નોંધાયા, અને | (૧) અત્યાચાર પૈકી બળાત્કારના - ૩૬૨<br>સ્ત્રી છેડતીના - ૭૫૫ |
| (૨) આ પૈકી કેટલા ગુનાઓમાં આરોપીની ધરપકડ કરાઈ? | (૨) અત્યાચાર પૈકી બળાત્કારના -૩૦૦ કેસોમાં ૫૦૧ આરોપીઓ અને સ્ત્રી છેડતીના - ૭૦૨ કેસોમાં ૧૧૦૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. |

------------

**વીજ ખરીદીના કરારોની સમીક્ષાથી બોર્ડને થનાર ફાયદો**

૧૧૫૦૧ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખાનગી વીજ ઉત્પાદકો દ્વારા વીજ ખરીદીના કરારોની ૨૦૦૩-૦૪ના વર્ષમાં સમીક્ષા કરવામાં આવી હતી, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |

(૨) વીજ ખરીદીના કરારોની સમીક્ષાની બોર્ડને અંદાજીત વાર્ષિક કેટલો ફાયદો થશે?

(૨) અંદાજે રૂા. ૪૯૫.૯૪ કરોડ.

------------

**ઉદારીકરણ અને ખાનગીકરણની નીતિ અંતર્ગત નવા બંદરોનો વિકાસ**

૧૧૫૧૫ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ગુજરાતમાં રાજ્ય સરકારની ઉદારીકરણ અને ખાનગીકરણની નિતિ અંતર્ગત ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ કુલ કેટલા નવા બંદરોનો વિકાસ થયેલ છે?

**જવાબ**

૪ (ચાર).

------------

**બનાસકાંઠા જિલ્લામાં મારબલ, ગ્રેનાઈટ તથા સિમેન્ટ પથ્થર મેળવવા માટે આવેલ અરજીઓ**

૧૨૬૭૧ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ખાણ ખનિજ વિભાગમાં મારબલ, ગ્રેનાઈટ તથા સિમેન્ટ પથ્થર મેળવવા માટેની કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી,

(૨) કેટલી માંગણીઓ મંજૂરી કરવામાં આવી,

(૩) નામંજૂર કરેલ માંગણીઓના કારણો શાં છે, અને

(૪) બે વર્ષમાં ખાણ-ખનિજ વિભાગે રોયલ્ટી પેટે કેટલી રકમ વસૂલ કરી?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મારબલની કુલ ૧૫ અરજીઓ અને ગ્રેનાઈટની કુલ-૦૭ અરજીઓ મળેલ છે. જ્યારે સિમેન્ટ પથ્થરની એક પણ અરજી આવેલ નથી.

(૨) અને (૩)

માંગણી કરાયેલ વિસ્તાર અભ્યારણ્યની નિયમાનુસારની હદમાં આવી જતો હોઈ અથવા માંગણીવાળા વિસ્તારમાં માંગણી મુજબનું ખનિજ મળી આવતું ન હોઈ, કોઈ માંગણી મંજૂર કરેલ નથી.

(૪) બે વર્ષમાં ખાણ-ખનિજ વિભાગે, બનાસકાંઠા જિલ્લામાં રોયલ્ટી પેટે કુલ રૂા. ૭૬૨.૪૯ લાખની રકમ વસૂલ કરી છે.

------------

**કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ અન્વયેની અરજીઓ**

૧૧૮૧૬ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અંજાર, ગાંધીધામ, ભૂજ, મુન્દ્રા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર ઝૂંપડપટ્ટી તથા પેટા પરાનું વિજળીકરણ કેટલું બાકી છે,

(૨) જાન્યુઆરી, ૦૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ગ્રામ્ય પેટા પરા કે ઝૂંપડપટ્ટીના વિજળીકરણ કરવા કેટલી માગણીઓ આવી છે, અને

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨) અને (૩)

જાન્યુઆરી, ૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં

| પેટાપરા માટે | પેટાપરાનું વીજળીકરણ | ઝૂંપડપટ્ટી વીજળીકરણ | ઝૂંપડપટ્ટીમાં આપવામાં |
|---|---|---|---|

| મળેલ માંગણીની સંખ્યા | થયેલ સંખ્યા | માટે મળેલ માંગણીની સંખ્યા | આવેલ વીજજોડાણની સંખ્યા |
|---|---|---|---|
| શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | ૯૪૩ | ૮૫૦ |

(૩) આ માંગણીઓ અન્વયે કેટલા પેટાપરા કે ઝૂંપડપટ્ટીનું વિજળીકરણ કરવામાં આવેલ છે?

**પ ત્ર ક**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ વીજળીકરણથી વંચિત** | |
|---|---|---|---|
| | | **ઝૂંપડપટ્ટીની પડતર અરજીઓની સંખ્યા** | **પેટાપરાની સંખ્યા** |
| ૧ | અંજાર | ૦ | ૪ |
| ૨ | ગાંધીધામ | ૨૪૨ | ૦ |
| ૩ | ભૂજ | ૦ | ૯ |
| ૪ | મુન્દ્રા | ૦ | ૨ |
| | **કુલ** | **૨૪૨** | **૧૫** |

------------

## શહેરી ગરીબો માટે વાજપાઈ રોજગાર યોજનાનો લક્ષાંક

૧૨૪૩૧ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શહેરી ગરીબો માટે વાજપાઈ રોજગાર યોજના અંતર્ગત ભાવનગર શહેર માટે નાણાંકિય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે કેટલો લક્ષ્યાંક નક્કી થયેલ છે, અને | (૧) કુટિર અને ગ્રામોદ્યોગ હસ્તકની સ્વરોજગારીની વાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ ભાવનગર શહેર માટે કોઈ અલગ લક્ષ્યાંક નિર્ધારેલ નથી. યોજનામાં લક્ષ્યાંક જિલ્લાવાર હોય છે. ભાવનગર જિલ્લાનું લક્ષ્યાંક ૭૮૪નું છે. |
| (૨) ભાવનગર મહાનગરપાલિકા પાસે કુલ કેટલી અરજીઓ આવી અને તેમાંથી કુલ કેટલા લાભાર્થીઓને કુલ કેટલી રકમની લોન આપવામાં આવી? | (૨) આ યોજનાનું અમલીકરણ મહાનગરપાલીકા મારફત નહીં પરંતુ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફત થાય છે. જેમાં ખંડ(૧)માં જણાવેલ સમયગાળામાં ૪૬૬ લાભાર્થીઓને રૂા. ૨૫૭.૪૬ લાખની લોન આપવામાં આવી છે. |

------------

## ઈંટોના ભઠ્ઠાઓ શરુ કરવા માટેના નવા નિયમો

૧૨૬૬૦ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ ઉદ્યોગ વિભાગ ધ્વારા ઈંટના નવા ભઠ્ઠાઓ શરુ કરવા નવા નિયમો કયારે બનાવ્યા,<br>(૨) આ નિયમોથી ઈંટોના ભઠ્ઠા શરુ કરનારાઓને કયાં કયાંથી મંજૂરીઓ લેવી પડશે, અને એ મંજૂરીઓ આપવા સરકારે કોઈ સમય-મર્યાદા ઠરાવેલ હોય તો તેવી સમય-મર્યાદાની શું વિગતો છે, અને<br>(૩) મંજૂરીઓ આપવા સમય-મર્યાદા ન | (૧) (૨) અને (૩)<br>ઈંટ ભઠ્ઠા શરુ કરવા માટે વાર્ષિક ધોરણે તેના રજીસ્ટ્રેશનની જોગવાઈ ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ ધ્વારા તા. ૨૪-૭-૯૧ થી નકકી કરવામાં આવેલ છે. આ જોગવાઈ તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ પણ હાલ અમલી છે. નવા ઈંટ ભઠ્ઠા શરુ કરનારાઓએ નીચે દર્શાવ્યા પ્રમાણે મંજૂરીઓ લેવાની રહે છે :-<br>(૧) ઈંટ ઉત્પાદકે નિયત પત્રકમાં જિલ્લા |

ઠરાવેલ હોય તો તેના શું કારણો છે ?

કલેકટર/જિલ્લા ભુસ્તરશાસ્ત્રીને ભઠ્ઠા રજીસ્ટ્રેશન માટે અરજી કરી મંજુરી લેવાની રહે છે,

(૨) ઈંટ ઉત્પાદકે ઉત્પાદન શરુ કરતા પહેલા ઉત્પાદન માટે જાહેર કરેલ વિસ્તાર ખાનગી માલિકીનો હોય તો તે માટે સબંધિત સત્તાધિકારી પાસેથી બિનખેતીની પરવાનગી લેવાની રહે છે.

(૩) હવા (પ્રદૂષણ અને નિયંત્રણ) અધિનિયમ-૧૯૮૧ અન્વયે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી જરુરી સંમતિ લેવાની રહે છે.

ઈંટ ભઠ્ઠા માટે ઈંટ ઉત્પાદકે દર વર્ષ ૩૦મી ઓગષ્ટ પહેલાં જિલ્લા કલેકટર/ જિલ્લા ભુસ્તરશાસ્ત્રીને રજીસ્ટ્રેશન માટે અરજી કરવાની રહે છે. જિલ્લા ભુસ્તરશાસ્ત્રીએ સ્થળ નિરીક્ષણ કરી નિયમાનુસાર ચકાસણી કરી, ૩૦ મી સપ્ટેમ્બર સુધીમાં સામાન્ય રીતે રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર ઈંટ ઉત્પાદકને આપવાનું હોય છે. આકસ્મિક સંજોગોમાં ૩૦ મી ઓકટોબર સુધીમાં આવું પ્રમાણપત્ર આપવાની જોગવાઈ ઠરાવવામાં આવેલ છે.

-----------

**ઔદ્યોગિક નીતિ અનુસાર ઉદ્યોગોના વિકાસ માટે ત્રણ કોરીડોર વિકસાવવા બાબત**

૧૧૭૩૭ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની હાલની ઔધોગિક નીતિ અનુસાર રાજ્યમાં ઉદ્યોગોના વિકાસ માટે ત્રણ કોરીડાર, કરવાનું વિચારેલ છે તે અન્વયે આ વિકાસ માટેના માસ્ટર પ્લાનનું આયોજન હાથ ધરવામાં આવેલ છે કે નહી,

(૨) આ ત્રણ કોરીડોર પૈકી સુરેન્દ્રનગર, રાજકોટ અને મોરબી અંગે વિચારેલ તે હકીકત ખરી છે, અને

(૩) જો હા, તો જાન્યુઆરી,૦૫ ની સ્થિતિએ આ કોરીડોરમાં કયા કયા ઉદ્યોગોના વિકાસનું આયોજન હાથ ધરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

હા, જી. માસ્ટર પ્લાનનો ડ્રાફટ તૈયાર થયેલ છે. તે મુજબ આ કોરીડોરમાં ટેક્ષટાઈલ, એપરલ, સિરામીક, મિનરલ, ઈન્ડસ્ટ્રીઝ (બોકસાઈટ, બેન્ટોનાઈટ, લિગ્નાઈટ) જવેલરી, ઓટોએન્જીનીયરીંગ, ડ્રગ્ઝ અને ફાર્માસ્યુટીકલ્સ જેવા ઉદ્યોગોની વિકાસની શકયતાઓ બતાવવામાં આવી છે.

-----------

**જ્ઞાન ગંગા પ્રોજેકટનું લક્ષ્યાંક અને સિધ્ધિ**

૧૨૦૩૨ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માં રાજ્ય સરકારે 'જ્ઞાન ગંગા પ્રોજેકટ' માટે કુલ કેટલી ફાળવણી

**જવાબ**

(૧) રૂા. ૨.૦૦ કરોડની ફાળવણી કરી હતી.

| | |
|---|---|
| અને કેટલાં ગામડાઓને આવરી લેવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો, અને | લક્ષ્યાંક - ૨૦૦ ગામડા. |
| (૨) ડિસેમ્બર-૨૦૦૪ સુધી રાજ્ય સરકાર દ્વારા જિલ્લા વાર કુલ કેટલા ગામડાઓને આ પ્રોજેક્ટ હેઠળ સમાવી લેવામાં આવેલ અને કેટલા ખર્ચે ? | (૨) આવરી લેવામાં આવેલ ગામડા - ૧૪૯.<br>અંદાજે ખર્ચ રૂા. ૬૧,૨૯,૧૬૫/-. |

------------

### ઉના તાલુકામાં સરકારી પડતર અથવા ગૌચરમાંથી પથ્થરો કાઢી રોયલ્ટીની ચોરી કરવા અંગે

૧૨૫૩૮ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં ઉના તાલુકામાં મંજુર થયેલ કવોરી લીઝના માલીકો મંજુર થયેલ વિસ્તારની બાજુમાં સરકારી પડતર અથવા ગૌચરમાંથી ગેરકાયદેસર પથ્થરો કાઢી રોયલ્ટીની ચોરી કરે છે તે વાત સાચી છે, | (૧) (૨) અને (૩) :<br>જુનાગઢ જિલ્લામાં ઉના તાલુકામાં મંજૂર થયેલ કવોરીલીઝના માલિકો મંજૂર થયેલ વિસ્તારની બાજુમાં સરકારી પડતર અથવા ગૌચરમાંથી ગેરકાયદેસર પથ્થરો કાઢી રોયલ્ટીની ચોરી કરે છે તે બાબતે રજૂઆતો/ફરિયાદો મળેલ છે. જેની વર્ષવાર સંખ્યા નીચે મુજબ છે. |

| વર્ષ | ફરિયાદ/અરજીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૨ |
| ૨૦૦૪-૦૫ | ૧ |
| **કુલ :** | ૩ |

આ અંગે ખાતાની ફલાઈંગ સ્કવોડ તથા જિલ્લાના ક્ષેત્રિય અધિકારી/કર્મચારી મારફત સ્થળ તપાસ કરાવતાં બે રજૂઆતોમાં સ્થળ પર ગેરકાયદેસર ખોદકામ જણાયેલ નથી. એક રજૂઆત અંગે સ્થળ તપાસ કરાવતા બે પટ્ટેદારો લીઝ વિસ્તાર બહાર બિલ્ડીંગ લાઈમસ્ટોનનું ખોદકામ કરતા જોવા મળેલ તે બન્ને પટેદારો પાસેથી રોયલ્ટીના કુલ રૂા. ૨,૨૯,૮૭૦ ની વસુલાત અંગે તેમજ પેશકદમી સબબ કરારખત શરતભંગ અંગે નિયમસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

(૨) આ અંગે સને ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના જાન્યુઆરી -૦૫ સુધીમાં વર્ષમાં રાજ્ય સરકારને કેટલી ફરિયાદો મળી, અને

(૩) તે અંગે સરકારે શું કાર્યવાહી કરી ?

------------

### સુરત આર.ટી.ઓ.ની આવક

૧૨૬૨૪ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત આર.ટી.ઓ.ની વર્ષ ૨૦૦૪-૦૫ ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૭૧૩૨.૭૧ લાખ |
| (૨) તે પૈકી જાન્યુઆરી -૨૦૦૫ના અંત | (૨) રૂા. ૬૫૭૮.૪૨ લાખ |

સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે ?

------------

**ધંધુકા વિસ્તારમાં નર્મદાની નહેરોની કામગીરી**

૧૧૫૨૦ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધંધુકા વિસ્તારમાં નર્મદાની નહેરોનું આયોજન શું છે, અને તે કામ કયારે પૂરું થશે, | (૧) ધંધુકા તાલુકાને લાભ આપતી ત્રણ શાખા નહેરોના કામો પ્રગતિમાં છે. જે તબકકાવાર ૨૦૦૫-૦૬ થી ૨૦૦૭-૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) કેટલા વિસ્તારમાં સિંચાઈ માટે પાણી અપાશે, | (૨) ૧,૭૪,૮૪૧ એકર |
| (૩) નર્મદા યોજનાનું કામ સરકાર વહેલું પુરુ કરવા ઈચ્છે છે, તે વાત સાચી છે, અને | (૩) હા જી. |
| (૪) જો હા, તો આ માટે શું આયોજન છે ? | (૪) ઉપર જવાબ (૧) મુજબ શાખા નહેર તથા પિયત વિસ્તારના કામો જે અગાઉ વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં પૂર્ણ કરવાનું આયોજન હતું તે ટૂંકાવીને સને ૨૦૦૭-૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**સાવલી તાલુકામાં માઈનોર કેનાલનું કામ**

૧૧૦૫૦ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૫ ની સ્થિતિએ સાવલી તાલુકામાં નર્મદા યોજનાની બ્રાન્ચ કેનાલ પૈકી માઈનોર કેનાલનું કેટલા કિ.મી. અંતરમાં કામ ચાલુ છે, અને | (૧) જાન્યુઆરી-૦૫ ની સ્થિતિએ સાવલી તાલુકામાં નર્મદા યોજનાની બ્રાન્ચ કેનાલ પૈકી માઈનોર કેનાલનું ૪૪૫ કિ.મી. અંતરમાં કામ ચાલુ છે, અને |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૨) આ કામ તબક્કાવાર જૂન ૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**ભાવનગર જિલ્લામાં લિગ્નાઇટ આધારિત પાવર પ્રોજેક્ટ માટે આયોજન**

૧૧૨૩૫ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભાવનગર જિલ્લામાં લિગ્નાઇટ આધારિત પાવર પ્રોજેક્ટ શરૂ કરવા અંગે સને ૨૦૦૫-૦૬ માં કરવામાં આવેલું આયોજન શું છે? | **(૧) ૨૫૦ મે.વો. વીજ મથક**<br>ભાવનગર જિલ્લાના ઘોઘા ખાતે પ્રોજેક્ટના ડેવલોપર સાથે સમજુતી કરાર કરવાનું અને સંયુક્ત સાહસ કંપનીના શેર હોલ્ડર્સના કરારની બાબતે વિચારણા કરીને પ્રોજેક્ટમાં આગળ વધવાનું<br>આયોજન છે.<br>**(૨) ૫૦૦ મે.વો. વીજ મથક**<br>ભાવનગર જિલ્લામાં સૂચિત વીજમથક સ્થાપવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી જાન્યુઆરી-૨૦૦૫ માં દરખાસ્તો મંગાવવામાં આવી છે. પ્રોજેક્ટ માટેનું ચોક્કસ સ્થળ, લિગ્નાઇટ લીઝ મેળવવાનું તથા સંયુક્ત સાહસ માટે ભાગીદારીની પસંદગી અંગેની કામગીરી |

કરવાનું આયોજન છે.

----------

**કેન્દ્ર સરકારના એન.ટી.પી.સી. દ્વારા સ્થપાનાર વીજ મથકથી રાજ્યને થનાર લાભ**

૧૧૫૩૭ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારના એન.ટી.પી.સી. દ્વારા નવા સ્થપાનાર વીજ મથકોમાંથી ભવિષ્યમાં રાજ્યને કેટ કેટલો હિસ્સો મળનાર છે, અને | (૧) અને (૨) સામેલ પત્રક મુજબ |
| (૨) આ વધારાનો હિસ્સો ક્યારે ઉપલબ્ધ થશે? | |

**પત્રક**

| **ક્રમ નં.** | **વીજ યોજનાનું નામ** | **મે.વો.** | **હિસ્સો પ્રાપ્ત થવાનું અંદાજીત વર્ષ** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કહલગાંવ સ્ટેજ - ૨ (૩X૫૦૦) | ૯૨ | નવેમ્બર-૨૦૦૬, મે-૨૦૦૭ |
| ૨. | વિન્ધ્યાચલ સ્ટેજ - ૩ (૨X૫૦૦) | ૨૩૯ | ફેબ્રુઆરી-૨૦૦૭ અને ઓગષ્ટ-૨૦૦૭ |
| ૩. | શિપત સ્ટેજ-૨ (૨X૫૦૦) | ૨૩૯ | જાન્યુઆરી-૨૦૦૭ અને ડિસેમ્બર-૨૦૦૭ |
| ૪. | કવાસ સ્ટેજ-૨ (૨X૬૫૦) | ૩૫૩ | ડિસેમ્બર-૨૦૦૭ અને મે. ૨૦૦૮ |
| ૫. | ગાંધાર સ્ટેજ- ૨ (૨X૬૫૦) | ૩૫૩ | ડિસેમ્બર-૨૦૦૭ અને મે. ૨૦૦૮ |
| ૬. | શિપત સ્ટેજ- ૧ (૩X૬૬૦) | ૮૨૪ | એપ્રિલ-૨૦૦૮ ફેબ્રુઆરી-૨૦૦૯ અને ડીસેમ્બર-૨૦૦૯ અને |
| ૭. | બારહ-(૩X૬૬૦) | ૨૬૦ | માર્ચ-૨૦૦૯, જાન્યુઆરી-૨૦૧૦ અને નવેમ્બર-૨૦૧૦ |
| ૮. | નોર્થ કરણપુરા-(૩X૬૬૦) | ૨૮૪ | માર્ચ-૨૦૧૦, ડિસેમ્બર-૨૦૧૦ અને ઓકટોબર-૨૦૧૧ |
| | **કુલ..** | **૨૬૪૪** | |

---------

**જામનગર આર.ટી.ઓ. ની આવક**

૧૨૭૫૫ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર આર.ટી.ઓ. ની વર્ષ ૨૦૦૪-૦૫ ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૨૫૩૬.૦૭ લાખ. |
| (૨) તે પૈકી જાન્યુ. ૨૦૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે ? | (૨) રૂા. ૨૧૪૯.૬૫ લાખ. |

----------

**અમદાવાદ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનામાં આવરી લીધેલાં ગામો**

૧૧૮૧૯ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનામાં ૨૪ કલાક વીજળીકરણ માટે કેટલા ગામડાઓ આવરી લીધા, | (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ૩૯૧ ગામો જ્યોતિગ્રામ થયેલ છે. |
| (૨) કેટલા ગામો બાકી છે, અને | (૨) ૧૫૨ ગામો. |
| (૩) જેમાં સાણંદ, બાવળા, ધોળકા તાલુકામાં કેટલા ગામો આવરી લીધા અને કેટલા ગામો બાકી રહ્યા છે, અને તે ક્યારે પૂર્ણ થશે ? | (૩) |

| તાલુકાનું નામ | જ્યોતિગ્રામ | બાકી ગામો |
|---|---|---|
| સાણંદ | ૨૫ | ૪૧ |
| બાવળા | ૩૬ | ૧૧ |
| ધોળકા | ૪૩ | ૨૭ |

| | | |
|---|---|---|
| ધોળકા | ૪૩ | ૨૭ |

બાકી રહેલ સાણંદ, બાવળા, ધોળકા તાલુકાના ગામો શક્ય તેટલા વહેલા આવરી લેવાનું આયોજન છે.

----------

**ભરૂચ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ ગામોનો સમાવેશ**

૧૨૦૩૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ તાલુકાવાર કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) જ્યોતિગ્રામ યોજના હેઠળ સમાવેશ થયેલ ગામોની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અનુક્રમ | તાલુકાનું નામ | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | અંકલેશ્વર | ૨૯ |
| ૨ | હાંસોટ | ૧૪ |
| ૩ | જંબુસર | ૨૭ |
| ૪ | વાગરા | ૨૯ |
| ૫ | આમોદ | - |
| ૬ | વાલીયા | - |
| ૭ | ભરૂચ | - |
| ૮ | ઝાડેશ્વર | - |

(૨) બાકી ગામોનો સમાવેશ કરવાનું આયોજન છે કે કેમ ?

(૨) હાજી, બાકીના ગામોનો સમાવેશ કરવાનું આયોજન છે.

----------

**સચિવાલય ખાતે રજૂઆત કરવા આવનાર નર્સો ઉપર પોલીસનો બળ પ્રયોગ**

૧૨૭૦૧ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં સચિવાલયમાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી સમક્ષ પોતાના પ્રશ્નોની રજુઆત કરવા રાજ્યની સરકારી હોસ્પિટલોની પરિચારિકાઓ આવી હતી તે વાત સાચી છે,

(૨) આ પરિચારિકાઓ ઉપર પોલીસે બળ વાપરી માર મારી વાળ પકડી ઢસડીને અમાનુષી વર્તન કર્યું છે તે સરકાર જાણે છે, અને

(૩) જો હા, તો જરૂરિયાત કરતાં વધારે બળ વાપરનાર પોલીસ સામે સરકારે શું પગલાં લીધા છે?

**જવાબ**

(૧) ૨૦૦ સ્ત્રી નર્સો સચિવાલય સંકુલમાં પ્રવેશ માટે આવી હતી.

(૨) આ સ્ત્રી નર્સો ઉપર પોલીસે અમાનુષિ વર્તન કરેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**વલસાડ જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલની ઘટ**

૧૨૬૫૭ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલા પોલીસ કોન્સ્ટેબલ ફરજ બજાવે છે,

(૨) મળવાપાત્ર કુલ મહેકમમાં કેટલા કોન્સ્ટેબલની ઘટ છે,

(૩) પારડી તેમજ ઉમરગામ તાલુકામાં

**જવાબ**

(૧) ૫૩૮.

(૨) ૧૧૧.

(૩) પારડી તાલુકામાં - ૫૩

કેટલા પોલીસ કોન્સ્ટેબલની ઘટ છે, અને

(૪) સંવેદનશીલ એવા આ વિસ્તારમાં ઘટ પૂરી કરવા સરકારનું કોઇ આયોજન છે કે કેમ?

ઉમરગામ તાલુકામાં - ૧૩

(૪) હા.

----------

## ગુજરાત વિદ્યુત બોર્ડના વિભાજન અંગેની મુદત

૧૧૨૨૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગુજરાત વિદ્યુત બોર્ડમાં કંપનીકરણ અને વિભાજન માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસેથી માંગેલ મુદત ક્યારે પુરી થાય છે, અને

(૨) આ અંગે કંપનીકરણ અને વિભાજનની પ્રક્રિયા તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૦૫ ના રોજ.

(૨) ગુજરાત વિદ્યુત બોર્ડની વીજ ઉત્પાદનની કામગીરી ગુજરાત સ્ટેટ ઇલેકટ્રીસીટી કોર્પોરેશન લી. ને, વીજ પ્રવહનની કામગીરી ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. ને તેમજ વીજ વિતરણની કામગીરી ચાર કંપનીઓ ઉત્તર ગુજરાત વીજ કંપની લી., દક્ષિણ ગુજરાત વીજ કંપની લી., પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. અને મધ્ય ગુજરાત વીજ કંપની લી. ને કામચલાઉ તબદીલ કરવામાં આવેલ છે, જ્યારે બોર્ડના બાકી પડતા કાર્યો તેમજ જથ્થામાં (બલ્ક) વીજ ખરીદી અને વીજ-વેચાણ વિગેરે કાર્યો માટે તાજેતરમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ નામની સાતમી કંપનીની પણ ડિસેમ્બર-૨૦૦૪માં રચના કરવામાં આવેલ છે. તા. ૧-૧-૨૦૦૫ થી કામચલાઉ રીતે નવી કંપનીઓએ કામગીરી શરૂ કરેલ છે. અને તા. ૧-૪-૨૦૦૫ થી સંપૂર્ણ રીતે કાર્યાન્વીત થઇ શકે તે અંગેની કાર્યવાહી આખરી તબક્કામાં છે.

----------

## સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં યોજાયેલા લોક દરબાર

૧૨૬૩૪ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો જાન્યુઆરી-૦૫ સુધીમાં પોલીસ કમિશ્નર સુરત શહેરમાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧૯.

----------

## પાટણ જિલ્લામાં ગેરકાયદેસર પકડાયેલ હથિયારોનો નિકાલ કરવા બાબત

૧૧૭૩૧ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કોઇ ગેરકાયદેસર [illegible]

**જવાબ**

(૧) ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ૮ (આઠ) ગેરકાયદેસર [illegible]

| | |
|---|---|
| હથિયારો પકડાયા, જમા લીધાં કે જપ્ત થયાં છે, | હથિયારો પકડાયા છે. |
| (૨) જો હા, તો આ હથિયારોનો નિકાલ કરવામાં આવ્યો છે કે કેમ, અને | (૨) આ હથિયારોનો નિકાલ કરવામાં આવ્યો નથી. |
| (૩) જો હા, તો આ હથિયારો કોને વેચવામાં આવ્યા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**અમદાવાદ શહેરમાં એટ્રોસીટીના નોંધાયેલા ગુન્હાઓ**

૧૨૨૭૪ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૩૧-૧૨-૨૦૦૪ દરમ્યાન અમદાવાદ શહેરમાં એટ્રોસીટીના કેટલા કેસોના ગુન્હાઓ નોંધાયા છે, અને | (૧) ૩૭. |
| (૨) આ કિસ્સાઓમાં થયેલી કાર્યવાહીની વિગતો શું છે ? | (૨) ૩૧ કેસોમાં તપાસ પુરી કરવામાં આવી છે. જે હાલમાં કોર્ટ પી.ટી. છે. ૬ કેસોમાં તપાસ હાલમાં ચાલુ છે. |

----------

**રાજ્યમાં દારૂ માટેની પરમીટો**

૧૧૯૫૪ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર દારૂની પરમીટો ધરાવતા ઈસમોની સંખ્યા કેટલી, અને | (૧) પત્રક- અ મુજબ. |

**પત્રક--અ**

**તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર દારૂની પરમીટો ધરાવતા ઈસમોની સંખ્યા દર્શાવતું પત્રક.**

| અ.નં. | જિલ્લાનું નામ | કુલ પરમીટ ધારકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૬૮૨ |
| ૨ | ગાંધીનગર | ૪૫૮ |
| ૩ | વડોદરા | ૫૫૩૧ |
| ૪ | સુરત | ૪૩૦૨ |
| ૫ | રાજકોટ | ૧૨૪૪ |
| ૬ | ભાવનગર | ૪૭૪ |
| ૭ | વલસાડ | ૯૫ |
| ૮ | ડાંગ-આહવા | ૦૭ |
| ૯ | નવસારી | ૧૮૨ |
| ૧૦ | ભરૂચ | ૭૮૪ |
| ૧૧ | નર્મદા | ૮૩ |
| ૧૨ | ખેડા | ૬૭૬ |
| ૧૩ | આણંદ | ૧૧૯૧ |
| ૧૪ | દાહોદ | ૭૪ |
| ૧૫ | ગોધરા | ૩૫૪ |
| ૧૬ | સાબરકાંઠા | ૧૧૦૭ |
| ૧૭ | મહેસાણા | ૭૨૨ |
| ૧૮ | પાટણ | ૨૦૭ |
| ૧૯ | બનાસકાંઠા | ૧૮૧ |

| | | |
|---|---|---|
| ૧૯ | બનાસકાંઠા | ૧૮૧ |
| ૨૦ | કચ્છ-ભુજ | ૧૨૨૩ |
| ૨૧ | જામનગર | ૧૬૬૨ |
| ૨૨ | જુનાગઢ | ૫૮૭ |
| ૨૩ | પોરબંદર | ૪૨૬ |
| ૨૪ | અમરેલી | ૯૫ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૪૭૮ |
| | કુલ : | ૩૦૮૨૫ |

(૨) છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા ઈસમોએ પરમીટો માટે માંગણી કરી ?

(૨) કુલ ૨૫૮૭૧ ઈસમોએ પરમીટો માટે માંગણી કરેલ છે.

----------

**નર્મદા બંધની ઊંચાઈ પૂર્ણતાને આરે લઈ જવા અંગે**

૧૧૭૪૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નર્મદા બંધની ઊંચાઈ પૂર્ણતાએ લઇ જવાની કાર્યવાહી જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) નર્મદા કંટ્રોલ ઓથોરીટીની પર્યાવરણ પેટા-જૂથ દ્વારા તા. ૬-૧-૨૦૦૫ના ૪૧મી બેઠકમાં બંધની મુખ્ય છલતીની ઉંચાઇ ૧૧૦.૬૪ મીટરથી ૧૨૧.૯૨ મીટર સુધી લઇ જવા માટે મંજુરી આપેલ છે. આ જ પ્રકારની મંજુરી નર્મદા કંટ્રોલ ઓથોરીટીના પુનઃ વસન પેટા જુથ દ્વારા મેળવવાની બાબત પ્રગતિ હેઠળ છે. ગુજરાત સરકારે ૧૨૧.૯૨ મીટર ઉંચાઇ માટે જરૂરી પુનઃવસનનું કાર્ય પૂર્ણ કરેલ છે. પુનઃવસનની પેટા જુથની મંજુરી મળ્યા બાદ, નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા બંધનું કામ ૧૨૧.૯૨ મીટર સુધી વધારવાની મંજુરી ટૂંક સમયમાં મળવાની સંભાવના છે. ૧૨૧.૯૨ મીટરની ઉંચાઇ વધારવાની મંજૂરી મળ્યા બાદ, ઉંચાઇ પૂર્ણતાને આરે લઇ જવા માટે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૨) નર્મદા બંધની ઊંચાઈ વહેલી તકે પૂર્ણ કરવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) નર્મદા બંધની ઉંચાઇ વહેલી તકે પૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં, હાલના તબક્કે અસર પામતાં અસરગ્રસ્તોનું પુનઃ વસનનું કામ પુરૂં કરવામાં આવેલ છે અને અન્ય રાજ્યોમાં પણ આ પ્રકારે કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે સાથી રાજ્યો સાથે ચર્ચાઓ-બેઠકો યોજીને સતત અને સઘ ાન પ્રયત્નો કરવામાં આવે છે.

----------

## ખેડા જિલ્લામાં કુટિર ઉદ્યોગો માટે આવેલી અરજીઓ

૧૧૨૨૮ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ તા. ૩૧-૧-૦૫ સુધીમાં આવી, અને

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) આવેલ અરજીઓ (તા. ૩૧-૧-૦૫ સુધીમાં)

| અ.નં. | તાલુકાનું નામ | બાજપાઇ બેંકેબલ યોજના | વડાપ્રધાન રોજગાર યોજના | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કપડવંજ | ૨૧૧ | ૬૮ | ૨૭૯ |
| ૨ | કઠલાલ | ૯૨ | ૫૧ | ૧૪૩ |
| ૩ | નડીયાદ | ૫૬૨ | ૪૦૫ | ૯૬૭ |
| ૪ | મહુધા | ૬૫ | ૩૩ | ૯૮ |
| ૫ | બાલાસિનોર | ૩૦ | ૨૫ | ૫૫ |
| ૬ | ઠાસરા | ૧૦૫ | ૫૫ | ૧૬૦ |
| ૭ | વિરપુર | ૦૭ | ૧૫ | ૨૨ |
| ૮ | મહેમદાવાદ | ૯૭ | ૭૫ | ૧૭૨ |
| ૯ | ખેડા | ૧૩૩ | ૫૨ | ૧૮૫ |
| ૧૦ | માતર | ૧૦૧ | ૫૭ | ૧૫૮ |
| | કુલ : | ૧૪૦૩ | ૮૩૬ | ૨૨૩૯ |

(૨) મંજૂર કરેલ અરજીઓ

| શ્રી બાજપાઇ બેંકેબલ યોજના | વડાપ્રધાન રોજગાર યોજના | કુલ |
|---|---|---|
| ૭૩૯ | ૪૫૪ | ૧૧૯૩ |

----------

## ટેક્ષટાઇલ ઉદ્યોગના આધુનિકરણ માટે સબસીડીની યોજના અન્વયે સુરત શહેરમાં આવેલી અરજીઓ

૧૧૨૪૩ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ટેક્ષટાઇલ ઉદ્યોગના આધુનિકરણને વેગ આપવા માટે વ્યાજ સબસીડી અને કેપીટલ સબસીડીની યોજના દાખલ કરવામાં આવી છે તે વાત સાચી છે.

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત સુરત શહેર અને જિલ્લામાંથી સબસીડી માટે કેટલી અરજી ડીસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ આવેલ છે, અને

(૩) આ અરજી પૈકી કેટલી અરજીનો નિકાલ કરવામાં આવેલ અને કેટલી રકમની સબસીડી રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા. જી. રાજ્ય સરકાર દ્વારા રૂા. ૧૦ કરોડ સુધીનું મુડીરોકાણ ધરાવતા એકમો માટે ૫ ટકા વ્યાજ સહાયની યોજના દાખલ કરી છે. તદુપરાંત ટેકનોલોજી આધુનિકરણ કરતા એકમો માટે ૩ ટકા વ્યાજ સહાયની યોજના દાખલ કરેલ છે. આ બંને યોજનાઓમાં ટેક્ષટાઇલ ઉદ્યોગોના આધુનિકરણનો સમાવેશ થાય છે.

(૨) ૫ ટકા વ્યાજ સહાયની યોજના હેઠળ ૪૪ અરજીઓ અને ૩ ટકા વ્યાજ સહાયની યોજના હેઠળ ૬ અરજીઓ સુરત શહેર અને જિલ્લામાંથી ડીસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ આવેલ છે.

(૩) બધી જ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે અને રૂા. ૨,૮૪,૪૪૦/-ની સબસીડી રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવેલ છે.

----------

## અમરેલી જિલ્લામાં હીરા અને ઝવેરાત માટે ઔદ્યોગિક પાર્કની સ્થાપના કરવાનું આયોજન

૧૧૨૨૦ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં હીરા અને ઝવેરાત માટે ઔદ્યોગિક પાર્કની સ્થાપના કરવા સરકાર માંગે છે કે કેમ, અને | (૧) અને (૨) ખાનગી સંસ્થાઓના સહયોગથી ઔદ્યોગિક પાર્ક સ્થાપવા માટેની દરખાસ્ત મળશે તો રાજ્ય સરકાર યોજના મુજબ પાર્ક સ્થાપવા માટે વિચારણા કરશે. |
| (૨) આ અંગે સરકારશ્રીનું શું આયોજન છે ? | |

----------

## જૂનાગઢ જિલ્લામાં ટ્રીપલ મર્ડર કેસના આરોપીનું એન્કાઉન્ટર

૧૨૬૩૭ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં જૂનાગઢ જિલ્લામાં ટ્રીપલ મર્ડર કેસનો મોસ્ટ વોન્ટેડ આરોપી એન્કાઉન્ટરમાં માર્યો ગયો છે તે વાત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) આ બનાવમાં કેટલા પોલીસ કર્મચારી/ અધિકારીઓને ઈજા થવા પામી છે, | (૨) ૦૧ પોલીસ કર્મચારીને. |
| (૩) આ બનાવની તપાસ કોઈને સોંપવામાં આવેલ છે કે કેમ, અને | (૩) હા. જી, સબ ડીવીઝન મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢને. |
| (૪) જો હા, તો તેનો નિષ્કર્ષ શું છે ? | (૪) તપાસ પુરી થયા બાદ નિષ્કર્ષ જાણી શકાય. |

----------

## રાજ્યમાં વીજ ઉત્પાદન અને વીજ માંગ

૧૨૨૧૯ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જુદા જુદા પાવર પ્રોજેક્ટ દ્વારા પ્રતિમાસ કેટલા મેગાવોટ વીજ ઉત્પાદન થાય છે, | (૧) સને ૨૦૦૪-૨૦૦૫માં, જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ રાજ્યમાં સરેરાશ માસિક ૭૫૩૩ મે. વો. વીજળી મેળવાય છે. |
| (૨) આ ઉત્પાદન સામે પ્રતિમાસ કેટલા મેગાવોટની વીજ માંગ છે, | (૨) સરેરાશ માસિક મહત્તમ અનિયંત્રિત વીજ માંગ ૯૪૩૬ મે. વો. |
| (૩) વીજ ઉત્પાદન અને માંગ વચ્ચે કેટલા મેગાવોટની ખાદ્ય રહે છે, અને | (૩) સરેરાશ ૧૯૦૩ મે. વો. |
| (૪) જે પૂર્ણ કરવા તથા તે સમય દરમ્યાન વધારાની ઉભી થતી વીજ માંગને પહોંચી વળવા આગામી કેટલા સમયમાં કેટલું ઉત્પાદન વધારવાનો અંદાજ છે ? | (૪) દશમી અને અગિયારમી યોજના દરિમયાન ૧૫૩૩૪ મે. વો. ની વધુ વીજ ઉત્પાદન ક્ષમતા વધારવાનું આયોજન છે, આ ઉપરાંત તા. ૨૨-૨-૦૫ ના રોજ મધ્ય પ્રદેશમાં ૨૦૦૦ મે. વો. નો પ્રોજેક્ટ સ્થાપવા મધ્ય પ્રદેશ સરકાર સાથે સમજૂતિ કરાર કરવામાં આવ્યા છે. |

----------

## જ્યોતિગ્રામ યોજના અન્વયે આવરી લેવાયેલા ગામો

૧૧૪૧૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડીસે. ૨૦૦૪ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલાં ગામોને આવરી લેવાનું આયોજન હતું,

(૨) આ પૈકી જિલ્લાવાર કુલ કેટલા ગામોને આ યોજના હેઠળ આવરી લેવાયાં, અને

(૩) કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં જ્યોતિગ્રામ યોજના હેઠળ ૬૦૦૦ ગામો આવરી લેવાનું આયોજન છે. તે પૈકી ફેબ્રુઆરી-૨૦૦૫ના અંતે ૫૧૨૨ ગામો આવરી લેવાયેલ છે. જેની જિલ્લાવાર માહિતીનું પત્રક સામેલ છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | ફેબ્રુઆરી-૨૦૦૫ અંતે |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૩૩ |
| ૨. | અમરેલી | ૧૦૧ |
| ૩. | આણંદ | ૨૬૦ |
| ૪. | બનાસકાંઠા | ૫૯૨ |
| ૫. | ભરૂચ | ૧૫૧ |
| ૬. | ભાવનગર | ૧૯૮ |
| ૭. | દાહોદ | ૬૦ |
| ૮. | ડાંગ | ૨૨ |
| ૯. | ગાંધીનગર | ૧૯૭ |
| ૧૦. | જામનગર | ૬૯ |
| ૧૧. | જૂનાગઢ | ૧૮૪ |
| ૧૨. | ખેડા | ૨૦૧ |
| ૧૩. | કચ્છ | ૩૫૪ |
| ૧૪. | મહેસાણા | ૩૯૧ |
| ૧૫. | નર્મદા | ૨૫ |
| ૧૬. | નવસારી | ૪૫ |
| ૧૭. | પંચમહાલ | ૨૦૧ |
| ૧૮. | પાટણ | ૨૯૪ |
| ૧૯. | પોરબંદર | ૧૭ |
| ૨૦. | રાજકોટ | ૧૮૪ |
| ૨૧. | સાબરકાંઠા | ૫૦૦ |
| ૨૨. | સુરત | ૨૭૫ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૧૮૬ |
| ૨૪. | વડોદરા | ૧૬૫ |
| ૨૫. | વલસાડ | ૧૭૭ |
| | કુલ : | ૫૧૨૨ |

(૩) કુલ રૂા. ૨૬૬.૪૫ કરોડ.

----------

## સ્વાગત કાર્યક્રમમાં મળેલ અરજીઓનો નિકાલ

૧૧૮૨૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યના અરજદારોના પ્રશ્નોના નિકાલ માટે ચાલતા "સ્વાગત કાર્યક્રમ"માં ડિસેમ્બર-૦૪ સુધીમાં કુલ કેટલા પ્રશ્નો મળ્યા છે,

(૨) તે પૈકી કેટલા પ્રશ્નોનો નિકાલ થયેલ છે, અને

(૩) આંતર રાષ્ટ્રીય સંસ્થાઓએ આ કાર્યક્રમને વખાણી તેનો વધુ અભ્યાસ હાથ ધર્યો

**જવાબ**

(૧) રાજ્ય કક્ષાનો સ્વાગત કાર્યક્રમ :-- ૬૦
જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ :--૧૭૬૫

(૨) રાજ્ય કક્ષાનો સ્વાગત કાર્યક્રમ :-- ૬૦૧
જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ :-- ૧૬૬૭૦

(૩) હા. જી,
યુ. કે. સ્થિત કોમન વેલ્થની ઈ-ગવર્નન્સ ફોર

છે, તે વાત સાચી છે ?

ડેવલપમેન્ટ શાખાએ અભ્યાસના અંતે સ્વાગત કાર્યક્રમને પ્રશ્નોના નિકાલ માટેની સૌથી વધુ પારદર્શક પદ્ધતિ તરીકે દર્શાવવામાં આવેલ છે.

----------

**સુરત જિલ્લામાં નાના અને મોટા ઉદ્યોગો**

૧૨૮૩૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલા નાના અને મોટા ઉદ્યોગો આવેલ છે, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કુલ ૫૨૨ મધ્યમ અને મોટા ઉદ્યોગો આવેલા છે અને ૪૫૯૫૭ લઘુઉદ્યોગો નોંધાયેલ છે.

(૨) તે પૈકી તારીખ ૧-૧-૨૦૦૪ થી તારીખ ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં નવા ઉદ્યોગો કેટલા તાલુકાવાર સ્થપાયેલ છે ?

(૨) તે પૈકી તા. ૧-૧-૨૦૦૪ થી તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં નવા ૩૪ ઉદ્યોગો નીચેની વિગતે સ્થપાયેલ છે.

| તાલુકાનુ નામ | એકમોની સંખ્યા |
|---|---|
| ચોર્યાસી | ૩ |
| માંડવી | ૪ |
| માંગરોળ | ૧ |
| પલસાણા | ૮ |
| સુરત સીટી | ૧૫ |
| વાલોદ | ૧ |
| કુલ : | ૩૪ |

અને નીચેની વિગતે કુલ ૧૩૯૩ લઘુઉદ્યોગો સ્થપાયેલ છે.

| તાલુકાનું નામ | એકમોની સંખ્યા |
|---|---|
| ચોર્યાસી | ૯૧૬ |
| ઓલપાડ | ૩૩ |
| કામરેજ | ૪૨ |
| માંગરોળ | ૧૩ |
| માંડવી | ૭ |
| સોનગઢ | ૧૨૬ |
| નિઝર | ૨ |
| વ્યારા | ૧ |
| વાલોડ | ૨ |
| બારડોલી | ૧૦૨ |
| મહુવા | ૧ |
| પલસાણા | ૧૪૮ |
| કુલ : | ૧૩૯૩ |

----------

**કચ્છ જિલ્લામાં ડી.વાય.એસ.પી., ઈન્સ્પેકટર અને પોલીસની ખાલી જગ્યાઓ**

૧૧૨૪૦ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ડીસે.૨૦૦૪ ની સ્થિતિએ ડી.વાય.એસ.પી, ઈન્સ્પેકટરો તથા પોલીસ સબ ઈન્સ્પેકટરોની કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) ડિસે.--૨૦૦૪ની સ્થિતિએ ખાલી જગ્યાઓ

| | |
|---|---|
| નાયબ પોલીસ અધિક્ષક | ૩ |
| પોલીસ ઈન્સ્પેક્ટર | શૂન્ય |
| પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૨૭ |

(૨) આ જગ્યાઓ વણ પુરાયેલી રહેવાના કારણો શું છે, અને

(૨) વહીવટી કારણોસર આ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

(૩) આ જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે?

(૩) વહીવટી અનુકૂળતાને આધીન, શક્ય તેટલી વહેલાં

----------

## દ્વારકા, સોમનાથ, અંબાજી, ડાકોર અને પાલીતાણા મંદિરોની સુરક્ષા વ્યવસ્થા

૧૨૬૨૯ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધ્વારકા, સોમનાથ, અંબાજી, ડાકોર અને પાલીતાણા યાત્રાધામોના મંદિરોની સુરક્ષા માટે રાજ્ય સરકારે કયા પગલાંઓ લીધેલ છે, અને | (૧) આ પ્રસિધ્ધ મંદિરો માટે એસ.આર.પી, સ્થાનીક પોલીસ હોમગાર્ડઝ, જી.આર.ડી. ડોર મેટલ ફ્રેમ ડિટેકટર, વાયરલેસ સેટ, કેમેરા વિગેરેનો બંદોબસ્ત કરાયેલ છે. |
| (૨) ગાંધીનગરમાં આવેલ અક્ષરધામ મંદિર ઉપરના ત્રાસવાદી હુમલા સંદર્ભમાં રાજયના ખંડ-૧માં દર્શાવેલા મંદિરોની ચુસ્ત સલામતી માટે શા વિશેષ પગલાં લેવામાં આવ્યા છે ? | (૨) રાઉન્ડ ધી કલોક સીક્યોરીટી / ક્લોઝ સરકીટ કેમેરા, ડોર ફ્રેમ મેટલ ડિરેકટર વિગેરેની વિશેષ વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

----------

## ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણ બાબત

૧૨૬૪૧ **શ્રી સી. ડી. પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણની યોજના છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેલેન્ડર વર્ષ ૨૦૦૪માં તે પેટે કેટલી રકમ ખર્ચવામાં આવી, અને | (૨) સને ૨૦૦૩-૨૦૦૪ ના વર્ષમાં રૂા. ૪૫૭.૯૬ લાખ |
| (૩) આ રકમ પૈકી કેન્દ્ર સરકાર પાસેથી કોઈ રકમ મેળવવામાં આવેલ છે કે કેમ ? | (૩) હા |

----------

## પોલીસ કમિશ્નરેટ વડોદરા શહેરમાં પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ

૧૨૬૪૫ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલફેરની ભાવનાને ધ્યાને લઈ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી / અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહાત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકિકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કાર્યક્રમ અન્વયે પોલીસ કમિશ્નરેટ વડોદરા શહેરમાં આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) ડિસેમ્બર-૨૦૦૪ ના અંતે કેટલા વર્ષમાં કર્મચારી / અધિકારીઓનું સંવર્ગવાર હેલ્થ ચેકીંગ કરવામાં આવ્યું. ? | (૩) ડિસેમ્બર-૨૦૦૪ના અંતે છેલ્લા વર્ષમાં નીચે મુજબ સંવર્ગવાર અધિકારી/કર્મચારીઓનું હેલ્થ ચેકીંગ કરવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| પોલીસ કોન્સ્ટેબલ | - | ૨૫૭ |
| હેડ કોન્સ્ટેબલ | - | ૯૮ |
| એ.એસ.આઈ. | - | ૭૪ |
| પો.સ.ઈ. | - | ૭ |
| પો.ઈ. | - | ૧ |
| કુલ | - | ૪૩૭ |

----------

**રાજ્યમાંથી યુવતીઓ અને બાળકોના અપહરણ થવા અંગે**

૧૨૫૪૬ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બાળકો તથા યુવતિઓ ગુમ થવાના તથા અપહરણ થવાના કેટલા કિસ્સા નોંધાયા, | (૧)<br>(અ) બાળકો — ગુમ: ૯૧૮, અપહરણ: ૧૭૬<br>(બ) યુવતિઓ — ગુમ: ૧૩૭૭, અપહરણ: ૫૮૦ |
| (૨) તે પૈકી યુવતિઓ અને બાળકોને ગુમરાહ કરી અનૈતિક ધંધામાં ધકેલી દેવાના કોઈ કેસ સરકારના ધ્યાન પર આવેલ છે, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત તતો નથી. |

----------

**સૌરાષ્ટ્ર શાખા ઉપર આવેલ પંપીંગ સ્ટેશન ચાલુ કરવા બાબત**

૧૧૫૦૨ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૌરાષ્ટ્ર શાખા ઉપર લખતર પાસે આવેલ એશીયાનું સૌથી મોટું પંપીંગ સ્ટેશન ક્યારે કામ કરતું થશે, અને | (૧) સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપરનું લખતર ખાતેનું પમ્પીંગ સ્ટેશન માર્ચ-૨૦૦૫થી કામ કરતું થવાનું આયોજન છે. |
| (૨) આ સ્ટેશનમાં કેટલા પંપો બેસાડવામાં આવનાર છે ? | (૨) ૧૬ પમ્પ. |

----------

**એક્રેડીટેશન કાર્ડ માટે આવેલી માંગણીઓ**

૧૨૬૭૨ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માહિતી નિયામકશ્રીની કચેરીમાં તારીખ ૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલા પત્રકારોએ નવિન એક્રેડીટેશન કાર્ડ મેળવવા માટે માંગણી કરેલ છે, | (૧) ૧૪૨ |
| (૨) કેટલા પત્રકારોને આવા કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા, | (૨) એક પણ નહી. |
| (૩) બાકી રહેલ પત્રકારોને આવા કાર્ડ ઈસ્યુ ન કરવાના કારણો શાં છે, અને | (૩) એક્રેડીટેશન કાર્ડ અંગેના નિયમોની સમીક્ષા હાથ ધરેલી હોવાથી. |
| (૪) સરકારશ્રી આવા કાર્ડ કેટલા સમયમાં ઈસ્યુ કરવા માંગે છે ? | (૪) એક્રેડીટેશન કાર્ડના નિયમોની સમીક્ષા પૂર્ણ થયેથી. |

----------

**માનવ કલ્યાણ યોજના અન્વયે કચ્છ જિલ્લામાં આવેલ અરજીઓ**

૧૧૮૧૭ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૨-૨૦૦૩ તથા ૨૦૦૩-૦૪ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં માનવ કલ્યાણ યોજના અન્વયે સહાય મેળવવા કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી, | (૧) ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ.નં.-૧૧૮૫૨/૨૦૦૦ અન્વયે મનાઈ હુકમ હોવાને કારણે અરજીઓ સ્વીકારવામાં આવેલ ન હતી. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને તારીખ | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સહાય આપવામાં આવી, અને | |
| (૩) જેમને સહાય ચુકવાઈ નથી તેના કારણો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**પૂર્વ પટ્ટીમાં બિન આદિવાસીઓની કંપનીઓને ખાણ-ખનીજના કામ આપવા બાબત**

૧૨૦૭૮ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ ગુજરાતની પૂર્વ પટ્ટીમાં સરકાર દ્વારા કયા કયા જિલ્લામાં કેટલી જમીનો બિન આદિવાસીઓની કંપનીઓને ખાણ-ખનીજોનાં કામો માટે આપવામાં આવી છે, | (૧), (૨) અને (૩)<br>ભારત સરકારના ખનિજ છૂટછાટ નિયમો, ૧૯૬૦ તથા ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૧૯૬૬ હેઠળ ખાણ ખનિજના પટ્ટાઓ મંજુર કરવામાં આવે છે. જેમાં આદિવાસી કંપનીઓ કે બિન આદિવાસી કંપનીઓ જેવી કોઈ જોગવાઈ નથી. તેથી બિન આદિવાસી કંપની તરીકે ખનિજ લીઝ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ક્યારે આપી, કેટલાં વર્ષના પટ્ટાના ધોરણે અને તે કયા ભાવે આપી, અને | |
| (૩) કઈ કઈ કંપનીઓને ? | |

----------

**રાજ્યમાં નવા વીજ મથકો સ્થાપવાનું આયોજન**

૧૨૫૩૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ રાજ્યમાં કેટલા નવા વિજ મથકો કયા કયા સ્થળે બનાવવાનું આયોજન છે, | (૧) સામેલ પત્રક મુજબ |
| (૨) તે પૈકીના કયા વીજ મથકોની કામગીરી શરૂ થઈ છે, અને | (૨) નીચેના વીજ મથકોની કામગીરી શરૂ થઈ છે. |

| | | |
|---|---|---|
| (૧) | ૨૫૦ મે.વો. | અકીમોટા જી. કચ્છ ખાતે લિગ્નાઈટ આધારીત વીજમથકો. |
| (૨) | ૧૧૨ મે.વો. | ધુવારણ જી. આણંદ ખાતે ગેસ આધારિત વીજ મથકો. |
| (૩) | ૭૫ મે. વો. | પાનન્ધ્રો જી. કચ્છ ખાતે લિગ્નાઈટ આધારીત વીજમથકો. |
| (૪) | ૧૪૫૦ મે.વો. | સરદાર સરોવર નર્મદા નિગમ લી. હાઈડ્રો વીજ મથક. |
| (૫) | ૧૦૫૦ મે.વો. | આખાખોલ જી. સુરત ખાતે ગેસ આધારિત વીજ મથકા. |
| (૬) | ૧૩૫૦ મે.વો. | ગંધાર જી. ભરૂચ ખાતેનો એનટીપીસી નો ગેસ આધારિત વીજ મથક. |
| (૭) | ૧૩૫૦ મે.વો. | કવાસ જી. સુરત ખાતેનો એનટીપીસીનો ગેસ આધારિત વીજ મથક. |

| | |
|---|---|
| (૩) તેનાથી કેટલો વિદ્યુત પુરવઠો રાજયને વધારે મળશે? | (૩) ૨૪૨૫ મે.વો. |

**પત્રક**

| ક્રમાંક | વીજ મથકની વિગત | સ્થળ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ૨૫૦ મે.વો. લિગ્નાઈટ આધારિત વીજ મથક ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પો. | અક્રીમોટા, જી. કચ્છ. |
| ૨. | ૭૫ મે.વો. લિગ્નાઈટ આધારિત વીજ મથક ગુજરાત વિદ્યુત બોર્ડ. | પાનન્ધ્રો, જી. કચ્છ. |
| ૩. | ૫૦૦ મે.વો. લિગ્નાઈટ આધારિત વીજ મથક ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પો. | જીલ્લો કચ્છ ચોક્કસ સ્થળ નક્કી થયેલ નથી. |
| ૪. | ૫૦૦ મે.વો. આયાતી કોલસા આધારિત વીજ મથક ગુજરાત વિદ્યુત બોર્ડ. | સિક્કા, જી. જામનગર. |
| ૫. | ૨૫૦ મે. વો. લિગ્નાઈટ આધારિત ગુજરાત પાવર કોર્પો. અને મે. નિરમા કેમીકલ્સ વર્કસ લી. ના સંયુક્ત સાહસનું વીજ મથક | ઘોઘા, જી. ભાવનગર. |
| ૬. | ૫૦૦ મે.વો. લિગ્નાઈટ આધારિત વીજ મથક ગુજરાત પાવર કોર્પો. લી. | જીલ્લો-ભાવનગર, ચોક્કસ સ્થળ નક્કી થયેલ નથી. |
| ૭. | ૧૧૨ મે. વો. ગેસ આધારિત વીજ મથક ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પો. | ધુવારણ જી. આણંદ. |
| ૮. | ૧૪૫૦ મે.વો. હાઈડ્રો પાવર પ્રોજેકટ સરદાર સરોવર નર્મદા નિગમ લી. | કેવડીયા, જી. નર્મદા |
| ૯. | ૧૦૫૦ મે.વો. ગેસ આધારિત મેગા પાવર પ્રોજેકટ-ટોરેન્ટ પાવર જનરેશન લી. | આખાખોલ, જી. સુરત. |
| ૧૦ | ૩૦૦ મે.વો. ગેસ આધારિત વીજ મથક ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પો. | ઉત્તરાણ, જી. સુરત. |
| ૧૧. | ૧૦૦૦ મે.વો. ગેસ આધારિત વીજ મથક ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. | હજીરા, જી. સુરત. |
| ૧૨. | ૧૫૦૦ મે.વો.ગેસ આધારિત વીજ મથક એસ્સાર પાવર લિ. | હજીરા, જી. સુરત. |
| ૧૩. | ૩૫૦ મે.વો. ગેસ આધારિત વીજ મથક એલ.એન.ટી. | દક્ષિણ ગુજરાત ચોક્કસ સ્થળ નક્કી થયેલ નથી. |
| ૧૪. | ૧૦૦૦ મે.વો. ગેસ આધારિત વીજ મથક-ગુજરાત પગુથન એનર્જી કંપની લી. | પગુથન, જી. ભરૂચ |
| ૧૫. | ૨૫૦ મે.વો. કોલસા/ ગેસ આધારિત વીજમથક-ગુજરાત સ્ટેટ ઈલેકટ્રસીટી કોર્પો. | ઉકાઈ, જી. સુરત. |
| ૧૬. | ૨૫૦ મે.વો. લિગ્નાઈટ આધારિત વીજમથક-જીઆઈપીસીએલ. | માંગરોળ, જી. સુરત |
| ૧૭. | ૨X૧૦૦૦ લિગ્નાઈટ આધારિત વીજમથક જીઆઈપીસીએલ. | દિક્ષણ ગુજરાત, ચોક્કસ સ્થળ નક્કી થયેલ નથી. |
| ૧૮. | ૬૧૫. મે.વો. ગેસ આધારિત વીજ મથક ક્રીભકો. | પીપાવાવ જી. અમરેલી. |
| ૧૯. | ૧૦૦૦ મે.વો. ગુજરાત પાવર કોર્પોરેશન લી. અને એનટીપીસીના સંયુકત સાહસમાં વીજમથક. | પીપાવાવ, જી. અમરેલી. |
| ૨૦. | ૧૩૫૦ મે.વો. ગેસ આધારિત એનટીપીસીના વિસ્તરણ પ્રોજેકટ. | ગાંધાર, જી. ભરૂચ. |
| ૨૧. | ૧૩૫૦ મે.વો. ગેસ આધારિત એનટીપીસીના વિસ્તરણ પ્રોજેકટ. | કવાસ, જી. સુરત. |

-------------

## નર્મદા યોજનાના સાથી રાજ્યો પાસેથી લેણી રકમ

૧૧૪૯૨ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાના સાથી રાજ્યોએ ડિસેમ્બર-૦૪ ની સ્થિતિએ કેટલી કેટલી રકમ છેલ્લા એક વર્ષમાં આપી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી છેલ્લા એક વર્ષમાં (તા. ૧-૧-૨૦૦૪થી ૩૧-૧૨-૨૦૦૪) નીચેની વિગતે રકમો મળેલ છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | ભાગીદાર રાજ્યનું નામ | છેલ્લા એક વર્ષમાં મળેલ રકમ |
|---|---|---|
| ૧. | મધ્યપ્રદેશ | ૪૪૦.૮૨ |
| ૨. | મહારાષ્ટ્ર | ૬૨.૦૪ |
| ૩. | રાજસ્થાન | ૩૩૨.૦૬ |
| | કુલ :- | ૮૩૪.૯૨ |

(૨) હવે કેટલી રકમ આ રાજ્યો પાસેથી લેણી રહે છે ?

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી નીચેની વિગતે રકમો મેળવવાની બાકી છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | રાજ્યનું નામ | બાકી રકમ | વિવાદીત રકમ | બિન વિવાદીત રકમ |
|---|---|---|---|---|
| ૧. | મધ્યપ્રદેશ | ૧૧૮૭.૦૭ | ૧૦૯૫.૩૪ | ૯૧.૭૩ |
| ૨. | મહારાષ્ટ્ર | ૭૧૭.૪૦ | ૫૧૮.૮૫ | ૧૯૮.૫૫ |
| ૩. | રાજસ્થાન | ૨૨૬.૩૩ | ૧૮૫.૬૦ | ૪૦.૭૩ |
| | કુલ :- | ૨૧૩૦.૮૦ | ૧૭૯૯.૭૯ | ૩૩૧.૦૧ |

-------------

**વડોદરા જીલ્લાની નદીઓ અને તળાવ નર્મદાના પાણીથી ભરવા અંગે**

૧૨૧૧૫ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વડોદરા જીલ્લામાં કઈ કઈ નદીઓ અને તળાવોમાં નર્મદાના નીર ઠાલવવા માટે સરકારે આયોજન કરેલ છે, અને

(૨) આ આયોજન મુજબનું કામ કયાં સુધીમાં પૂર્ણ થનાર છે?

**જવાબ**

(૧) પાણીની ઉપલબ્ધી અને યોજનાના પિયત વિસ્તારની જરૂરિયાત ધ્યાને લઈ વધારાનું પાણી નહેરોને ઓળંગતી નદીઓમાં છોડવાનું તેમજ તળાવો ભરવાનું આયોજન છે.

(૨) વડોદરા જીલ્લામાં મુખ્ય નહેર તથા શાખા નહેરના કામો પૂર્ણ થયા છે. આથી વધારાના પાણીની ઉપલબ્ધી અનુસાર પાણી નદીઓમાં છોડવાનું આયોજન કરી શકાશે. તેમજ જે તે ગ્રામ પંચાયત, તાલુકા/જીલ્લા પંચાયત સત્તા મંડળ તરફથી આવેલ માંગણી મુજબ તળાવ ભરવાનું આયોજન કરવામાં આવશે.

-------------

**ભાવનગર જિલ્લામાં નર્મદાની નહેરો લંબાવવાનું આયોજન**

૧૧૨૩૭ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં નર્મદા નહેર અને પેટા નહેરનું સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં કેટલી લંબાઈના કામનું આયોજન છે,

(૨) તે પૈકી ભાવનગર તાલુકામાં કેટલી, અને

(૩) ભાવનગર તાલુકામાં ઉપરોક્ત નહેરો/પેટા નહેરો લંબાવવા સરકારની શી વિચારણા છે ?

**જવાબ**

(૧) ૨૩ કિ.મી. લંબાઈના કામો પ્રગતિમા છે જે વર્ષ ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે, અને ૨૪ કિ.મી. લંબાઈના નવા કામો વર્ષ-૨૦૦૫-૦૬માં શરૂ કરવાનું આયોજન છે.

(૨) ભાવનગર તાલુકામાં ૬ કી.મી.

(૩) નહેરો-પેટા નહેરો લંબાવવાનું આયોજન નથી પરંતુ આ પેટા નહેરોમાંથી નાની નહેરો કાઢી ભાવનગર તાલુકાના ૧૯૮૧૨ એકર વિસ્તારમાં સિંચાઈ કરવાનું આયોજન છે. આ કામ વર્ષ ૨૦૦૫-૦૬થી શરૂ કરી વર્ષ ૨૦૦૭-૦૮માં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ-૨૦૦૫ માં ઉર્જા ક્ષેત્ર માટે થયેલા સમજૂતી કરારો**

૧૧૫૩૮ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫માં ઉર્જા ક્ષેત્રે નવા વીજ મથકો સ્થાપવા માટે કેટલા સમજૂતી કરારો થયેલા છે અને તે દ્વારા કેટલું મૂડી રોકાણ થશે, અને | (૧) અંદાજે રૂા. ૩૮૦૦૩.૩ કરોડની મૂડી રોકાણના ૧૭ સમજૂતિ કરાર. |
| (૨) આ પ્રોજેકટને આગળ ધપાવવા રાજ્ય સરકાર દ્વારા કયા પગલાં લેવામાં આવેલ છે? | (૨) પ્રોજેકટના અમલીકરણ દિશામાં ઝડપી નિર્ણયો અને સમયાંતરે સમીક્ષા દ્વારા પ્રોજેકટ આગળ ધપાવવાનું આયોજન છે. |

-------------

**રાજ્યમાં વીજ માંગ અને વીજ ઉત્પાદન**

૧૨૦૩૫ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૪-૦૫ ના વર્ષમાં જાન્યુ. ૦૫ ની સ્થિતિએ વીજ ઉત્પાદન કેટલું થયું, અને તેની સામે વીજ માંગ કેટલી છે, અને | (૧) વીજ ઉત્પાદન-૪૮૩૮૨.૪૦૭ મી.યુ. અનિયંત્રિત વીજ માંગ-૯૯૯૫ મે.વો. |
| (૨) આ વધારાની વીજ માંગને પહોંચી વળવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨)<br>(અ) વધારાની વીજ માંગને પહોંચી વળવા માટે પી.ટી.સી. પાસેથી ૭૪૧ મી.યુ. વીજળી ખરીદ કરવામાં આવેલ છે.<br>(બ) દશમી અને અગિયારમી યોજના દરમ્યાન ૧૫૩૩૪ મે.વો.ની વધુ વીજ ઉત્પાદન ક્ષમતા વધારવાનું આયોજન છે. આ ઉપરાંત તા. ૨૨-૨-૦૫ ના રોજ મધ્ય પ્રદેશમાં ૨૦૦૦ મે.વો. નો પ્રોજેકટ સ્થાપવા મધ્ય પ્રદેશ સરકાર સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. |

---------------

# અતાંકિત પ્રશ્નો
## નવમી અતારાંકિત યાદી

**સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ ડોકટરો ધ્વારા મુલાકાત**

અતારાંકિત : ૨૧૫૯ (૫-૬-૨૦૦૪) **શ્રી જયંતિલાલ ર1. કવાડિયા (હળવદ)** : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) પશુ ડોકટરે તેમના વિસ્તારમાં આવેલી પાંજરાપોળ તથા ગૌશાળા સંસ્થાઓમાં અછતના સમયમાં તબીબી સારવાર માટે અઠવાડીયામાં એક વખત નિયમિત મુલાકાત લેવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સુરેન્દ્નનગર જિલ્લામાં કઈ કઈ સંસ્થાઓમાં પશુ ડોકટરો ધ્વારા એપ્રિલ-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી કેટલી મુલાકાત લેવામાં આવી,

(૩) કઈ કઈ સંસ્થાઓની મુલાકાત લેવામાં આવી નથી, અને

(૪) પશુ ડોકટરો ધ્વારા નિયમિત મુલાકાત લેવા શી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૭-૭-૨૦૦૪) :

(૧) હા.

(૨) પશુ ડોકટરો ધ્વારા લેવામાં આવેલ મુલાકાતોનું પત્રક આ સાથે સામેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) યોગ્ય મુલાકાત લેવામાં આવે છે.

**પત્રક**

| અ.નં. | તાલુકો | પાંજરાપોળ/ગૌશાળા | | છેલ્લા ૨ વર્ષમાં એપ્રિલ-૨૦૦૪ની સ્થતિએ પશુ ડોકટરો દ્વારા લેવાયેલ કુલ મુલાકાતની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૧ | વઢવાણ મહાજન પાંજરાપોળ, વઢવાણ | ૮૦ |
| | | ૨ | શ્રી રામરોટી અન્નક્ષેત્ર આશ્રમ ગૌશાળા, કોઠારીયા | ૯૭ |
| | | ૩ | સ્વામિનારાયણ મંદિર ગૌશાળા, વઢવાણ | ૫૩ |
| | | ૪ | લાલજી મહારાજની જગ્યા, વઢવાણ | ૨૭ |
| | | ૫ | ગણપતિ ફાટસર મંદિર ગૌશાળા, વઢવાણ | ૩૮ |
| | | ૬ | વડવાળા મંદિર ગૌશાળા, દુધરેજ | ૪૨ |
| | | ૭ | મનસુખ દોશી ટ્રસ્ટ, સુરેન્દ્રનગર | ૨૨ |
| ૨ | મૂળી | ૧ | મૂળી મહાજન પાંજરાપોળ, મૂળી | ૯૨ |
| | | ૨ | ખાખરાથળ મહાજન પાંજરાપોળ | ૫૬ |
| | | ૩ | સ્વામિનારાયણ મંદિર ગૌશાળા, મૂળી | ૬૭ |
| | | ૪ | માંડવરાયજી મંદિર ગૌશાળા, મૂળી | ૭૫ |
| | | ૫ | દીપચંદ ગાડી ટ્રસ્ટ, મૂળી | ૪૧ |
| | | ૬ | દુધઈ મંદિર ગૌશાળા, દુધઈ | ૪૮ |
| ૩ | સાયલા | ૧ | સાયલા મહાજન પાંજરાપોળ, સાયલા | ૯૮ |
| | | ૨ | લાલજી મહારાજની જગ્યા, સાયલા | ૮૯ |
| | | ૩ | ગોરડીયા હનુમાનની જગ્યા સાયલા | ૫૮ |
| | | ૪ | ધારેશ્વર મહાદેવ, સમઢીયાળા | ૪૫ |
| ૪ | ચોટીલા | ૧ | ચોટીલા મહાજન પાંજરાપોળ, ચોટીલા | ૧૦૩ |
| | | ૨ | થાનગઢ મહાજન પાંજરાપોળ, થાનગઢ | ૮૨ |
| | | ૩ | ધારશી વિહજી જગ્યા, ચોટીલા | ૭૦ |
| | | ૪ | બજરંગ ગૌશાળા ટ્રસ્ટ, ચોટીલા | ૬૪ |
| | | ૫ | નવા સુરજ દેવળ મંદિર, સૂરજ દેવળ | ૪૨ |
| | | ૬ | બાંડીયા બેલીની જગ્યા, બાંડીયા બેલી | ૩૨ |
| | | ૭ | શક્તિ ગૌશાળા ટ્રસ્ટ, બામણબોર | ૮૧ |
| | | ૮ | આપરતા બાપુની જગ્યા, નાની મોલડી | ૯૨ |
| ૫ | ધ્રાગધ્રા | ૧ | ધ્રાંગધ્રા મહાજન પાંજરાપોળ, ધ્રાંગધ્રા | ૧૦૫ |
| | | ૨ | પીપળા મહાજન પાંજરાપોળ, પીપળા | ૮૦ |
| | | ૩ | નરાળી વાટેશ્વર, નરાળી | ૪૬ |
| | | ૪ | લાલજી મહારાજની જગ્યા, રાજસીતાપુર | ૫૯ |
| ૬ | હળવદ | ૧ | હળવદ મહાજન પાંજરાપોળ, હળવદ | ૯૭ |
| | | ૨ | ટીકર મહાજન પાંજરાપોળ, ટીકર | ૪૫ |
| | | ૩ | નરનારાયણ મંદિર ગૌશાળા, ચરાડવા | ૯૬ |
| ૭ | લખતર | ૧ | લખતર મહાજન પાંજરાપોળ, લખતર | ૯૩ |
| ૮ | પાટડી | ૧ | પાટડી મહાજન પાંજરાપોળ, પાટડી | ૮૨ |
| | | ૨ | ઝીઝુંવાડા મહાજન પાંજરાપોળ, ઝીઝુંવાડા | ૬૭ |
| | | ૩ | ગેડીયા મહાજન પાંજરપોળ, ગેડીયા | ૬૩ |
| | | ૪ | બજાણા મહાજન પાંજરાપોળ, બજાણા | ૪૯ |
| ૯ | લીંબડી | ૧ | લીંબડી મહાજન પાંજરાપોળ, લીંબડી | ૯૬ |
| | | ૨ | પાણશીણા મહાજન પાંજરાપોળ, પાણશીણા | ૮૧ |
| | | ૩ | લક્ષ્મીસર મહાજન પાંજરાપોળ, લક્ષ્મીસર | ૯૩ |
| | | ૪ | કબીર આશ્રમ ગૌશાળા, લીંબડી | ૯૫ |
| | | ૫ | મોટા મંદિર ગૌશાળા, લીંબડી | ૧૦૨ |
| ૧૦ | ચૂડા | ૧ | ચૂડા મહાજન પાંજરાપોળ, ચૂડા | ૧૦૩ |

---------

## ખેડૂત આકસ્મિક મૃત્યુના વિમાની સહાય

અતારાંકિત :૨૭૬૩(૧૪-૧૦-૨૦૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૯-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કુલ કેટલા ખેડૂતોના આકસ્મિક મૃત્યુઓ થયા,

(૨) તે પૈકી વીમા સહાય મેળવવા માટે જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

(૩) કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે, અને

(૪) જિલ્લાવાર કેટલા ખેડૂતોના કુટુંબીજનોને કેટલી રકમોની સહાય ચૂકવવામાં આવી ?

**કૃષિ મંત્રીશ્રી** (૬-૧-૨૦૦૫) :

(૧) રાજયમાં ખેડૂતોના આકસ્મિક રીતે થતા મૃત્યુની માહિતી અલગ રીતે એકત્રિત કરવામાં આવતી નથી, પરંતુ તા. ૩૦-૯-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત યોજના હેઠળ મળેલ અરજીઓ મુજબ કુલ ૪૭૪૯ ખેડૂતોના મૃત્યુ થયેલ છે.

(૨) જિલ્લાવાર મળેલ અરજીઓની માહિતી પત્રક-૧ મુજબ સામેલ છે.

(૩) ૨૨૧૦ અરજીઓ મંજુર કરવામાં આવી. ૧૬ અરજીઓ કંપની કક્ષાએ ચકાસણીના હેતુસર પેન્ડીગ છે.

(૪) જિલ્લાવાર ચુકવવામાંઆવેલ સહાયની માહિતી પત્રક-૨માં સામેલ છે.

**પત્રક-૧**

| અ.નં. | જિલ્લાનું નામ | આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૪૯ |
| ૨ | અમરેલી | ૨૦૩ |
| ૩ | આણંદ | ૧૨૮ |
| ૪ | બનાસકાંઠા | ૨૨૬ |
| ૫ | ભરૂચ | ૫૦ |
| ૬ | ભાવનગર | ૨૪૭ |
| ૭ | દાહોદ | ૧૯ |
| ૮ | ગાંધીનગર | ૧૫૭ |
| ૯ | જામનગર | ૨૧૩ |
| ૧૦ | જૂનાગઢ | ૨૪૪ |
| ૧૧ | ખેડા | ૧૫૪ |
| ૧૨ | કચ્છ | ૧૦૦૪ |
| ૧૩ | મહેસાણા | ૨૮૯ |
| ૧૪ | પંચમહાલ | ૧૨૭ |
| ૧૫ | નવસારી | ૪૩ |
| ૧૬ | પાટણ | ૧૫૫ |
| ૧૭ | પોરબંદર | ૪૦ |
| ૧૮ | રાજકોટ | ૪૪૦ |
| ૧૯ | સાબરકાંઠા | ૩૨૮ |
| ૨૦ | સુરત | ૧૧૯ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૭૦ |
| ૨૨ | વડોદરા | ૯૫ |
| ૨૩ | વલસાડ | ૩૦ |
| ૨૪ | નર્મદા | ૧૦ |
| ૨૫ | ડાંગ | ૯ |
| | કુલ | ૪૭૪૯ |

**પત્રક-૨**

| અ.નં. | જિલ્લાનું નામ | ચુકવેલ દાવાઓની સંખ્યા | ચુકવેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૦ | ૬૮ |
| ૨ | અમરેલી | ૮૦ | ૬૨.૫ |

| | | | |
|---|---|---|---|
| ૩ | આણંદ | ૪૯ | ૪૨ |
| ૪ | બનાસકાંઠા | ૬૦ | ૪૧ |
| ૫ | ભરૂચ | ૧૭ | ૧૪.૫ |
| ૬ | ભાવનગર | ૯૧ | ૭૭ |
| ૭ | દાહોદ | ૫ | ૩ |
| ૮ | ગાંધીનગર | ૪૬ | ૩૮.૫ |
| ૯ | જામનગર | ૯૨ | ૭૧.૫ |
| ૧૦ | જૂનાગઢ | ૭૩ | ૬૧.૫ |
| ૧૧ | ખેડા | ૩૮ | ૩૩.૫ |
| ૧૨ | કચ્છ | ૮૧૮ | ૪૧૭ |
| ૧૩ | મહેસાણા | ૧૩૪ | ૧૧૩ |
| ૧૪ | પંચમહાલ | ૪૫ | ૩૯.૫ |
| ૧૫ | નવસારી | ૨૧ | ૧૯.૫ |
| ૧૬ | પાટણ | ૬૩ | ૪૫.૫ |
| ૧૭ | પોરબંદર | ૯ | ૭ |
| ૧૮ | રાજકોટ | ૧૯૯ | ૧૪૬ |
| ૧૯ | સાબરકાંઠા | ૧૩૯ | ૧૦૮ |
| ૨૦ | સુરત | ૪૩ | ૩૮.૫ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૫૮ | ૪૪.૫ |
| ૨૨ | વડોદરા | ૩૫ | ૩૨.૫ |
| ૨૩ | વલસાડ | ૮ | ૭.૫ |
| ૨૪ | નર્મદા | ૬ | ૬ |
| ૨૫ | ડાંગ | ૧ | ૦.૫ |
| | કુલ | ૨૨૧૦ | ૧૫૩૭ |

-----------

## ભાવનગર જિલ્લામાં પાક વીમાની ચુકવવાની રકમ

અતારાંકિત : ૨૮૧૧ (૯-૧૧-૦૪)**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભાવનગર જિલ્લામાં પાક વીમાની કેટલી રકમ તા. ૩૧-૧૦-૦૪ની સ્થિતિએ કેટલા ખેડૂતોને ચૂકવવાની બાકી છે, અને

(૨) તે ક્યારે ચુકવવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી** (૩૧-૧૨-૦૪)

(૧) તા. ૩૧-૧૦-૦૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પાક વીમાની કોઈ રકમ કોઈ ખેડૂતોને ચુકવવાની બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## શિક્ષણ ક્ષેત્રે કલાસ પ્રોજેકટ યોજના હેઠળ શાળાઓની પસંદગી અંગે

અતારાંકિત : ૨૦૦૦ (૨૮-૫-૦૪) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વર્ષ-૨૦૦૨-૨૦૦૩માં કેન્દ્ર સરકાર પુરસ્કૃત કલાસ પ્રોજેકટ યોજના હેઠળ જિલ્લાવાર કઈ કઈ કેટલી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓની પસંદગી થઈ હતી,

(૨) આ પૈકી કેટલી શાળાઓને કેટલી કિંમતના કોમ્પ્યુટર પૂરા પાડવામાં આવ્યા અને કેટલી શાળાઓ બાકી છે,

(૩) આ અંગે કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૪) તેમાંથી રાજ્ય સરકારે કેટલો ખર્ચ કર્યો ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૭-૧૨-૦૪) :

*(૧) અને (૨)

સામેલ પત્રકમાં જણાવેલ પસંદગી પામેલ તમામ ૩૦૦ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓને શાળાદીઠ રૂા. ૩,૪૦,૩૦૬/- ની કિંમતના કોમ્પ્યુટર પૂરા પાડવામાં આવ્યા.

(૩) અને (૪)

કેન્દ્ર સરકાર તરફથી ફાળવવામાંઆવેલ રૂા. ૭.૫૦ કરોડની સમગ્ર રકમનો ખર્ચ કરવામાં આવેલ.
*(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**રાજયના ફાજલ શિક્ષકોને સમાવવા તેમજ થયેલ ખર્ચ અંગે**

અતારાંકિત : ૨૫૨૨ (૪-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ જિલ્લાવાર ફાજલ શિક્ષકોની વિષયવાર સંખ્યા કેટલી છે,
(૨) સન ૨૦૦૨ અને ૨૦૦૩ના વર્ષ દરમ્યાન જિલ્લાદીઠ કેટલા ફાજલ શિક્ષકોને માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સમાવવામાં આવ્યા, અને
(૩) જિલ્લા દીઠ ફાજલ શિક્ષકોને માસિક કુલ કેટલો પગાર ચુકવવામાં આવે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૪-૧-૦૫) :

(૧) પત્રક-અ સામેલ છે.
(૨) પત્રક-બ સામેલ છે.
(૩) જિલ્લાવાર પત્રક-ક સામેલ છે.

**પત્રક-અ**

**તા. ૩૦-૬-૨૦૦૪ની સ્થિતિએ જિલ્લાવાર ફાજલ શિક્ષકોની વિષયવાર સંખ્યાની વિગતો.**

| ક્રમ. | જિલ્લાનું નામ | ગુજરાતી | હિન્દી | અંગ્રેજી | સંસ્કૃત | સમાજ શાસ્ત્ર-સમાજવિદ્યા | ચિત્ર | વ્યાયામ | ગણિત-વિજ્ઞાન | ગણિત | રસાયણ શાસ્ત્ર | ભૌતિક શાસ્ત્ર | જીવ વિજ્ઞાન | મનો વિજ્ઞાન | ગૃહ વિજ્ઞાન ડિપ્લોમાં ધો ૧૨ | એમ. કોમ. | એમ. કોમ. બી.એડ. | અર્થ શાસ્ત્ર | કૃષિ | પશુ પાલન | ધો. ૧૨ વ્ય. લક્ષી | બી. આર.એસ. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શ. | ૪૬ | ૧૮ | ૦૯ | ૧૦ | ૧૦ | ૦૪ | ૦૨ | ૩૮ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૩ | ૭૫ | ૦૦ | ૨૨ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૪૭ |
| ૨ | અમદાવાદ ગ્રા. | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ |
| ૩ | અમરેલી | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૪ | બનાસકાંઠા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | વડોદરા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | ભાવનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| ૧૮ | ૧૭ | ૧૬ | ૧૫ | ૧૪ | ૧૩ | ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કચ્છ-ભૂજ | આણંદ | ખેડા | જામનગર | પોરબંદર | જુનાગઢ | દાહોદ | પંચમહાલ | નવસારી | વલસાડ | નર્મદા | ભરૂચ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૪ | ૦૦ |

| | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | મહેસાણા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦ | પાટણ | ૦૦ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૧૪ |
| ૨૧ | રાજકોટ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૨૨ | સાબરકાંઠા | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૯ |
| ૨૩ | સુરત | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૫ | ગાંધીનગર | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૫ | ૦૧ | ૧૯ |
| ૨૬ | ડાંગ-આહવા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૫૨ | ૨૩ | ૧૪ | ૧૨ | ૧૬ | ૦૪ | ૦૩ | ૪૨ | ૦૨ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૪ | ૭૬ | ૦૩ | ૨૯ | ૧૧ | ૦૫ | ૦૦ | ૧૦ | ૦૧ | ૩૧૩ |

**પત્રક-બ**

**વર્ષ ૨૦૦૨ અને ૨૦૦૩ દરમિયાન જિલ્લાવાર સમાવેલ ફાજલ શિક્ષકોની સંખ્યાની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | માધ્યમિક વિભાગમાં સમાવેલ તેની સંખ્યા | ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સમાવેલ તેની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શ. | ૧૮૮ | ૭૯ | ૨૬૭ |
| ૨ | અમદાવાદ ગ્રા. | ૩૭ | ૧૨ | ૪૯ |
| ૩ | અમરેલી | ૦૦ | ૦૮ | ૦૮ |
| ૪ | બનાસકાંઠા | ૦૨ | ૦૫ | ૦૭ |
| ૫ | વડોદરા | ૪૫ | ૦૩ | ૪૮ |
| ૬ | ભાવનગર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | ભરૂચ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | નર્મદા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | વલસાડ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | નવસારી | ૦૦ | ૦૪ | ૦૪ |
| ૧૧ | પંચમહાલ | ૧૫ | ૧૦ | ૨૫ |
| ૧૨ | દાહોદ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૩ | જૂનાગઢ | ૦૭ | ૧૦ | ૧૭ |
| ૧૪ | પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૫ | જામનગર | ૦૪ | ૦૪ | ૦૮ |
| ૧૬ | ખેડા | ૬૨ | ૧૪ | ૭૬ |
| ૧૭ | આણંદ | ૧૦ | ૦૦ | ૧૦ |
| ૧૮ | કચ્છ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૯ | મહેસાણા | ૫૪ | ૧૩ | ૬૭ |
| ૨૦ | પાટણ | ૦૮ | ૦૭ | ૧૫ |
| ૨૧ | રાજકોટ | ૨૨ | ૦૩ | ૨૫ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૫૯ | ૫૫ | ૨૧૪ |
| ૨૩ | સુરત | ૧૭ | ૨૦ | ૩૭ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૫ | ગાંધીનગર | ૩૭ | ૧૧ | ૪૮ |
| ૨૬ | ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૬૬૭ | ૨૫૮ | ૯૨૫ |

## પત્રક-ક
## ફાજલ શિક્ષકોને ચૂકવવામાં આવતો જિલ્લાવાર માસિક પગાર

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂકવવામાં આવતા પગારની વિગત | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શ. | ૩૫.૪૦૦૦૦ | |
| ૨ | અમદાવાદ ગ્રા. | ૭૧.૮૨૪ | |
| ૩ | અમરેલી | ૨૧.૬૮૩ | |
| ૪ | બનાસકાંઠા | ૦૦ | |
| ૫ | વડોદરા | ૦૦ | |
| ૬ | ભાવનગર | ૦૦ | |
| ૭ | ભરૂચ | ૦૦ | |
| ૮ | નર્મદા | ૦૦ | |
| ૯ | વલસાડ | ૦૦ | |
| ૧૦ | નવસારી | ૦૦ | |
| ૧૧ | પંચમહાલ | ૦૦ | |
| ૧૨ | દાહોદ | ૦૦ | |
| ૧૩ | જુનાગઢ | ૦૦ | |
| ૧૪ | પોરબંદર | ૧૩૭૪૯ | |
| ૧૫ | જામનગર | ૦૦ | |
| ૧૬ | ખેડા | ૦૦ | |
| ૧૭ | આણંદ | ૦૦ | |
| ૧૮ | કચ્છ | ૦૦ | |
| ૧૯ | મહેસાણા | ૦૦ | |
| ૨૦ | પાટણ | ૦૦ | |
| ૨૧ | રાજકોટ | ૦૦ | |
| ૨૨ | સાબરકાંઠા | ૮૧.૨૪૯ | |
| ૨૩ | સુરત | ૧૬૬૮૦ | |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૦૦ | |
| ૨૫ | ગાંધીનગર | ૦૦ | |
| ૨૬ | ડાંગ | ૦૦ | |
| | કુલ | ૩૭૪૫૧૮૫ | |

-----------

## સંતરામપુર તાલુકના ફળવા ગામમાં અમાન્ય માધ્યમિક શાળા

અતારાંકિત : ૨૬૨૯ (૩૧-૮-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સંતરામપુર તાલુકાના ફળવા ગામે વગર પરવાનગીએ શ્રી રામ લક્ષ્મણ માધ્યમિક શાળા ધોરણ-૮ થી ૧૦ની ચાલે છે. તે સરકાર જાણે છે,
(૨) જો હા, તો તે અંગે સરકાર શું પગલાં ભરવા માંગે છે,
(૩) દાખલ થયેલા વિદ્યાર્થીઓના હિતમાં સરકાર શી કાર્યવાહી કરવા માગે છે.
(૪) રાજ્યમાં અન્ય જગ્યાએ આવી અમાન્ય શાળાઓ કાર્યરત છે કે કેમ, અને
(૫) જેની તપાસ કરવા માંગે છે કે કેમ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૦-૧-૦૫) :

(૧) હા-જી,
(૨) અમાન્ય શાળા શરૂ કરવા સામે નિયમ મુજબ સંતરામપુર પોલીસ સ્ટેશન ખાતે એફ.આઈ.આર. (પોલીસ ફરિયાદ) દાખલ કરવામાં આવેલ છે. શાળા બંધ કરવામાં આવેલ છે.
(૩) નજીકમાં આવેલ શાળાઓમાં વિદ્યાર્થીઓને સમાવવાની કાર્યાવાહી કરવામાં આવી છે.
(૪) આવી કોઈ લેખિત ફરિયાદ મળેલ નથી.
(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## ધોરણ ૧૨ના પુસ્તકમાં હરિજન સ્રીઓના વિરૂધ્ધમાં ઉલ્લેખ કરવા અંગે

અતારાંકિત : ૨૬૯૫(૨૩-૯-૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજયના ધોરણ ૧૨ના પાઠ્ય પુસ્તકમાં જુના જમાનામાં હરિજનોની સ્રીઓ પણ મોટા પ્રમાણમાં વેશ્યાવૃતિમાં પ્રવૃત્ત હતી તેવા ઉલ્લેખો કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને
(૨) જો હા, તો કયા આધાર ઉપર આ હક્કિતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**શિક્ષણ મંત્રીશ્રી (૫-૧-૦૫) :**

(૧) હા, જી.
(૨) શ્રી એસ. ડી. પુનેકર અને શ્રી કમલા રાવના સંશોધનાત્મક અભ્યાસના આધારે જ આ વિગત દર્શાવી છે.

-----------

## રાજ્યની શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ આપવા અંગે

અતારાંકિત :૨૭૭૫ (૨૯-૧૦-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં પ્રાથિમક શાળામાં મૂતરડી તથા સંડાશની સુવિધા પુરૂ પાડવા સર્વે કરવામાં આવી રહ્યો છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ કામગીરી કોને સોંપાઈ છે, અને
(૩) જેતપુર-પાવી તાલુકામાં થયેલ સર્વેના પરિણામે શી હકીકતો જાણવા મળી ?

**શિક્ષણ મંત્રીશ્રી (૨૪-૧-૨૦૦૫) :**

(૧) ના જી.
(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## ૧૯૮૦ પહેલાંની ખેડાણવાળી જમીનની અરજીઓની સમીક્ષા કરવા બાબત

અતારાંકિત : ૨૬૪૯(૩-૯-૨૦૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) આદિવાસી અને અન્ય પછાત વર્ગોને સરકારે તા. ૨૫-૧૦-૧૯૮૦ના પહેલાના ખેડાણવાણી તેમજ પાવતી પુરાવાવાળી જમીન માટે જે ખેડૂતોએ જિલ્લાની સમિતિ આગળ સમય-મર્યાદામાં પોતાની જમીનની હકક માટે રજૂ કરવાનું ચૂકી ગયા છે તેમની અરજીઓની ફેર સમીક્ષા કરવા માટે રાજ્યના કેટલા સંગઠનોએ રજૂઆત કરી છે, કયા કયા, અને

(૨) સરકાર આ અંગે શી કાર્યવાહી કરવા માગે છે અને તે કયાં સુધીમાં ?

**વન મંત્રીશ્રી (૨૭-૧-૨૦૦૫) :**

(૧) એકલવ્ય સંગઠન તથા આર્યવાહિની નામની સંસ્થાઓએ રજુઆત કરેલ છે.

(૨) તા. ૬-૧૦-૯૨ના ઠરાવની જોગવાઈ અનુસાર યાદી તૈયાર કરી જે તે ગામના ચોરા ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. આ યાદીમાં જેમના નામનો સમાવેશ થયેલ ન હતો. તેવી વ્યક્તિઓએ યાદી પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસની સમયમર્યાદામાં જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને નાયબ વન સંરક્ષકશ્રીની બનેલ જિલ્લા કક્ષાની સમિતિ સમક્ષ અરજી કરવાની એક તક આપવામાં આવેલ છે. ત્યારબાદ રાજ્ય સરકાર ધ્વારા પત્ર નં. એફએલડી-૧૦૯૨-સીએમ-૧૩-ક, તા. ૮-૬-૯૫થી લીધેલ નિર્ણય મુજબ એક મહિનાની મુદત પુરી થયા પછીથી તા. ૩૦-૪-૯૫ સુધીમાં મળેલ અરજીઓ અંગે જિલ્લા સમિતિ ધ્વારા વિચારણા કરવામાં આવેલ છે. આમ, આવા દાવા રજુ કરવા બે વખત તક આપવામાં આવેલ છે, જેથી દાવા રજુ કરવા માટેની સમયમર્યાદા વધારવી જરૂરી જણાતી નથી.

------------

### વડોદરાની ગુજરાત ઈકોલોજી કમિશન તથા ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ બંધ થવા બાબત

અતારાંકિત : ૨૮૨૭ (૮-૧૨-૨૦૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વડોદરા ખાતેની રાજ્ય સરકારની ગ્રાન્ટ ધ્વારા સંચાલિત ગુજરાત ઈકોલોજી કમિશન તથા ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ વાર્ષિક ગ્રાન્ટના અભાવે બંધ થવાની તૈયારીમાં છે તે હક્તિત સરકાર જાણે છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) રાજ્યની આ બંને મહત્વની સંસ્થાઓ પૂર્વવત ચાલુ રહે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**પર્યાવરણ મંત્રીશ્રી (૧૫-૧-૦૫) :**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

### નવા ઔદ્યોગિક સંકુલો અને હોસ્પિટલોમાં પર્યાવરણીય મંજૂરી

**અતારાંકિત : ૨૮૨૮ (૧૦-૧૨-૦૪) શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં નવી રહેણાંક અને ઔદ્યોગિક સંકુલો, હોટલો, હોસ્પિટલો તથા કચેરીઓના બાંધકામ વખતે પર્યાવરણીય મંજૂરી કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ફરજીયાત બનાવવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) આ જોગવાઇનો અમલ રાજ્યમાં ક્યારથી શરૂ કરવામાં આવનાર છે ?

**પર્યાવરણ મંત્રીશ્રી** (૨૦-૧-૨૦૦૫) :

(૧) હા જી. કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયની તા. ૭-૭-૨૦૦૪ની અધિસુચનામાં નિર્દેશિત શીડ્યુલ-૧ની એન્ટ્રી-૩૧ હેઠળ આવતા બાંધકામ પ્રોજેક્ટ માટે પર્યાવરણીય સુનાવણી કરાવવાનું અને પર્યાવરણીય મંજૂરી લેવાનું ફરજીયાત છે.

(૨) તા. ૭-૭-૨૦૦૪ થી અમલ શરૂ થયેલ છે.

-----------------

### ચાંચ બંદર પાસે કાચબાના ઇંડાને રક્ષણ આપવા બાબત

અતારાંકિત :૨૮૭૧ (૧૦-૧૨-૦૪) **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વન્ય જીવન અધિનિયમ-૧૯૭૨માં રક્ષીત એવા ઓલીવ-રીડલી કાચબા રાજ્યમાં સૌ પ્રથમવાર ચાંચ બંદર પાસે ઇંડા મૂકવા ચાલુ સીઝનમાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ કાચબાના ઇંડાનો ખોરાક તરીકે ઉપયોગ થતો રોકવા તથા કાચબાને સંરક્ષણ આપવા શી મજબૂત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે, અને

(૩) આ જવાબદારી કોને સોંપાઇ છે?

**વન મંત્રીશ્રી** (૨૪-૧-૦૫) :

(૧) હા જી.

(૨) રાજુલા તથા જાફરાબાદ તાલુકાના સમગ્ર દરિયા કિનારા પર રાજુલા તથા જાફરાબાદના રેન્જ સ્ટાફ દ્વારા સતત પ્રવાસ કરી દરિયાઇ કાચબાઓ દ્વારા મૂકવામાં આવતા ઇંડા તથા કાચબાઓને સતત સંરક્ષણ પૂરું પાડવામાં આવી રહ્યું છે, કાચબાઓના ઇંડા જ્યારે મૂકવામાં આવે ત્યારે આ ઇંડાને સતત રક્ષણ પૂરું પાડવા તથા તેની દેખરેખ રાખવા હંગામી ધોરણે માણસો રોકવામાં આવેલ છે અને જરૂર જણાય તો, હંગામી ધોરણે કાંટાળી વાડ કરવામાં આવે છે. આ ઉપરાંત આ વિસ્તારોમાં મત્સ્ય ઉદ્યોગોના કારણે દરિયાઇ કાચબાઓને નુકશાન ન થાય તે માટે જનજાગૃતિ શિબિરો પણ આયોજિત કરવામાં આવી રહી છે.

(૩) આ જવાબદારી રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી, વિસ્તરણ રેન્જ, રાજુલા તથા ઝાફરાબાદને સોંપાઇ છે.

-----------------

## કુતિયાણા તાલુકાના સારણનેસ ગામ પાસે મોરની હત્યા

અતારાંકિત : ૨૮૯૧ (૧૦-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના સારણનેસ ગામ પાસેથી જુલાઇ-૨૦૦૪ માં ત્રણ જેટલા રાષ્ટ્રીય પક્ષી મોર કતલ કરેલી હાલતમાં મળી આવેલા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો મોરના ગળામાં કાપા મૂકી તેના શરીરમાંથી માંસ કાઢી લીધા બાદ મોરના પીંછા તથા પગ રઝળતા મૂકી આરોપીઓ ભાગી છૂટ્યા હતા તે હકીકત પણ સાચી છે,

(૩) જો હા, તો રાષ્ટ્રીય પક્ષીના હત્યારા કોણ હતા તથા તેની સામે શાં પગલાં લેવાયા છે, અને

(૪) રાષ્ટ્રીય પક્ષીની રાજ્યમાં થઇ રહેલ સતત કતલ/હત્યાને રોકવા ઉચ્ચ કક્ષાએ શાં પગલાં લેવાયાં છે?

**વન મંત્રીશ્રી** (૨૪-૧-૦૫) :

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) સદરહુ બનાવ રાત્રીના સમયે બનેલ હોઇ, નજરે જોનાર કોઇ સાક્ષી નથી તેમજ આ બનાવની વિગત જાણનાર કોઇ વ્યક્તિ તપાસ કરતાં મળેલ નથી. જેથી મોરની હત્યા કોણે કરી હતી તેની જાણ થયેલ નથી. આ બાબતની જાણ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ, કુતિયાણાને કરેલ છે.

(૪) રાષ્ટ્રીય પક્ષીની કતલ/હત્યાને રોકવા, તકેદારી રાખવા તથા સતત ફેરણું કરવા સારું તાબાના અધિકારી/કર્મચારીઓને જરૂરી સૂચના આપવામાં આવેલ છે.

-----------------

## પોરબંદર ખાતે આવેલ પક્ષી અભ્યારણયમાં ગંદુ પાણી ભરાવા બાબત

અતારાંકિત : ૨૮૯૨ (૧૦-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પોરબંદર ખાતે આવેલ પક્ષી અભ્યારણમાં રોજ લાખો ગેલન ગંદુ પાણી છોડવામાં આવી રહ્યું છે તે હકીકત સરકાર જાણે છે,

(૨) આભ્યારણમાં ૧ થી ૯ ફુટ સુધી પ્રદુષિત પાણી ભરાઇ જતાં પક્ષીઓ આવતા બંધ થયા છે,અને અભયારણનો મૂળભૂત હેતુ માર્યો જાય છે તે હકીકત સરકાર જાણે છે, અને

(૩) આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે સરકારે શાં નક્કર પગલાં ભર્યા છે ?

**વન મંત્રીશ્રી** (૨૪-૧-૦૫) :

(૧) હા જી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના મુલાકાત અહેવાલ અનુસાર અભ્યારણમાં વરસાદી પાણી સાથે પોરબંદર નગરપાલિકાનું ઘરગથ્થુ ગંદુ પાણી ભરાયેલ છે જે આશરે દસ ફૂટ ઉંડાઇ ધરાવે છે.

(૨) પાણી વધવાના લીધે ક્યારેક ઉંડાઇ વધે છે, જેથી છીછરા પાણીના પક્ષીઓ આજુબાજુ જ્યાં છીછરૂં પાણી હોય ત્યાં સ્થળાંતર કરે છે. પરંતુ, પ્રદૂષિત પાણીના લીધે પક્ષી આવતા બંધ થયા હોય તે સાચું નથી.

(૩) પોરબંદર મ્યુનિસિપલ કોર્પોરેશનને પાણી અધિનિયમ-૧૯૭૪ હેઠળ નોટિસ પાઠવવામાં આવેલ છે. વધુમાં, આ સમસ્યાના ઉકેલ માટે વ્યવસ્થાપનની રીતે તરતા અને સ્થાયી માઉન્ટ બનાવવામાં આવેલ છે.

-----------------

**મોમાઇ મોરાની ગામની સીમમાં પકડાયેલ શિકારીઓ**

અતારાંકિત :૨૮૯૫ (૧૦-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં મોમાઇ મોરા ગામની સીમમાં જૂન-૨૦૦૪ માં જાળ પાથરેલા શિકારીઓ પકડાયેલા હતા તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ શિકારીઓ ક્યાંના વતની હતા, તેમણે કેટલા શિકાર કર્યા હતા,
(૩) શિકારીઓ સામે શાં પગલાં લેવાયા છે, અને
(૪) આ વિસ્તારને સુરક્ષિત કરવા શાં પગલાં લેવાયા છે ?

**વન મંત્રીશ્રી** (૨૪-૧-૦૫) :

(૧) ના જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) મોમાઇ મોરા ગામની સીમ તેમજ આજુબાજુના વિસ્તારમાં શિકારની પ્રવૃતિ ન બને તે માટે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે સતત તકેદારી રાખવામાં આવે છે. તાબાના તમામ કર્મચારીઓને આ અંગે સૂચના આપવામાં આવેલ છે.

-----------------

**અંજાર ખાતે શિકારી ટોળકી પકડાવા બાબત**

અતારાંકિત : ૨૮૯૭ (૧૦-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં અંજાર ખાતે સપ્ટે-૦૪માં શિકાર ટોળકી છ જેટલી જાળ, બે સસલાં, ત્રણ તેતર સાથે પકડી પાડવામાં આવ્યા હતા તે હકીકત સાચી છે,
(૨) આ ગુનાહીત શિકારીઓ સામે વન તંત્રએ કોઇજ પગલાં લીધા નથી અને ફક્ત ચેતવણી આપી જવા દીધા હતા તે હકીકત પણ સાચી છે,
(૩) ગુન્હાહિતોને જવા દેનાર કર્મચારી કોણ કોણ છે તેની સામે શાં પગલાં લેવાયા છે, અને
(૪) ગુન્હાહિત ટોળકી સામે હવે પછી શાં પગલાં લેવામાં આવનાર છે ?

**વન મંત્રીશ્રી** (૨૪-૧-૦૫) :

(૧) ના જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

**જામનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જગાઓ**

અતારાંકિત : ૨૨૮૧ (૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં, વર્ગ-૨, વર્ગ-૩, વર્ગ-૪ ની સંવર્ગવાર કુલ કેટલી જગ્યાઓ મંજૂર, ભરેલ અને ખાલી છે,
(૨) આ ખાલી જગ્યાઓ કઇ કઇ તારીખથી ખાલી છે, અને
(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૪-૧-૦૫) :

(૧)

| અ.નં. | વર્ગ | મંજૂર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ-૨ | ૩૬ | ૩૫ | ૧ |
| ૨ | વર્ગ-૩ | ૧૪૪ | ૯૩ | ૫૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | વર્ગ-૪ | ૧૪૪ | ૧૦૮ | ૩૬ |
| | કુલ.. | ૩૨૪ | ૨૩૬ | ૮૮ |

(૨) ૧ : વર્ગ-૨ ની એક જગ્યા ૨૦૦૩ ના વર્ષથી ખાલી છે. ૨ : વર્ગ-૩ ની ૫૧ જગ્યાઓ ૧૯૯૭થી ૨૦૦૪ સુધીના વર્ષ દરમ્યાન જુદી જુદી તારીખોથી ખાલી છે. ૩ : વર્ગ-૪ ની ૩૬ જગ્યાઓ વર્ષ ૧૯૯૫ થી ખાલી છે.

(૩) પ્રવર્તમાનનીતિ કાર્યભારણ અને જરૂરીયાતોને ધ્યાનમાં લઇ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

--------------

**રાજકોટ મેડીકલ કોલેજમાં વર્ગ-૩ અને વર્ગ-૪ની ભરતી કરવા બાબત**

અતારાંકિત : ૨૭૩૨ (૧૧-૧૦-૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૯-૦૪ની સ્થિતિએ રાજકોટ મેડીકલ કોલેજમાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ગ-૩ અને વર્ગ-૪ ના કુલ કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવી,

(૨) આ તમામ કર્મચારીની ભરતી રોજગાર કચેરીમાંથી નામ મંગાવીને કરવામાં આવી છે કે અન્ય રીતે, અને

(૩) જો અન્ય રીતે ભરતી કરવામાં આવી હોય તો કઇ રીતે કરવામાં આવી ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૮-૧-૦૫) :

(૧) ૧ વહીવટી સંવર્ગ વર્ગ-૩ : ૪૦
૨ પેરામેડીકલ - ટેકનીકલ સંવર્ગ વર્ગ-૩ : ૨૮
૩ વર્ગ-૪ : શૂન્ય

(૨) અન્ય રીતે

(૩) વહીવટી સંવર્ગ વર્ગ-૩ની કચેરી અધિક્ષક, હેડક્લાર્ક અને સીનીયર કલાર્કની જગ્યાઓ ફીડર કેડરમાંથી બઢતી આપીને, જુનીયર કલાર્કની જગ્યાઓ બઢતી-બદલી-ગૌણ સેવા પસંદગી મારફત અને સ્ટેનોગ્રાફરની જગ્યા જિલ્લા કલેકટરશ્રી દ્વારા ભરવામાં આવેલ છે, જ્યારે પેરા મેડીકલ-ટેકનીકલ સંવર્ગની જગ્યાઓ પસંદગી સમિતિની રચના કરી, ભરતી નિયમાનુસાર પાત્રતા ધરાવતા કર્મચારીઓ પાસેથી અરજીઓ મંગાવી એડહોક કરારીય ધોરણે નિમણૂકો આપવામાં આવેલ છે.

--------------

**ભચાઉ તાલુકાના કટારીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૨૭૪૯ (૧૨-૧૦-૦૪) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના કટારીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને તેના હેઠળના સબ સેન્ટરોમાં મંજૂર થયેલ મહેકમ અન્વયે કઇ કઇ જગ્યાઓ તા. ૩૧-૮-૨૦૦૪ ના રોજ ખાલી હતી,

(૨) આ જગ્યાઓ પૈકી બે વર્ષથી વધુ સમયથી કઇ કઇ જગ્યાઓ ખાલી છે,

(૩) એક વર્ષથી વધુ સમયથી વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની કઇ કઇ જગ્યાઓ ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૪-૧૨-૦૪) :

(૧)

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|
| વર્ગ-૨ | શૂન્ય |
| વર્ગ-૩ | ૦૯ |
| વર્ગ-૪ | ૦૧ |

(૨)

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|
| વર્ગ-૨ | શૂન્ય |
| વર્ગ-૩ | ૦૭ |
| વર્ગ-૪ | ૦૧ |

(૩)

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| વર્ગ-૨ | શૂન્ય |
| વર્ગ-૩ | ૦૨ |
| વર્ગ-૪ | શૂન્ય |

(૪) પ્રવર્તમાન નીતિ કાર્યભારણ અને જરૂરીયાતોને ધ્યાનમાં લઇને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગાઓ ભરવામાં આવશે.

--------------

## રાજ્યમાં ડૉકટરો દ્વારા કોડવર્ડ દ્વારા જાતિ પરીક્ષણની જાહેરાત

અતારાંકિત : ૨૮૪૯ (૮-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં અમદાવાદ/વડોદરા સહિતના ડૉકટરો દ્વારા માતાના પેટમાં બાળક હોય તો "જયશ્રી કૃષ્ણ"તથા બાળકી હોય તો "જય માતા દી ના કોડવર્ડથી બાળકની જાતિ પ્રગટ કરવામાં આવે છે, તે હકીકત સરકાર જાણે છે,

(૨) ગર્ભની જાતિ જાહેર કરવી તે ગુન્હો બનતો હોવા છતાં ડૉકટરોની ઉપરોક્ત ગેરકાનૂની રીત-રસમ રોકવા સરકારે શી વ્યવસ્થા કરી છે, અને

(૩) આવા ગુન્હાહીત પ્રેકટીસ કરતા ડૉકટરો સામે શાં પગલાં લેવાયાં છે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૫-૧-૦૫) :

(૧) અને (૨) સરકારના ધ્યાને આવેલ નથી, તેમ છતાં પીએનડીટી એકટ ૧૯૯૪ અન્વયે દરેક જિલ્લામાં એપ્રોપ્રિએટ ઓથોરિટીની નિમણૂંક કરેલ છે. જે આ અંગેની મોનીટરીંગની કામગીરી કરે છે.

(૩) આવા ગુન્હાહીત પ્રેકટીસ કરતા ૧૪ ડૉકટરો સામે કોર્ટ કેસ કરેલ છે.

--------------

## ઔષધ તંત્ર દ્વારા ઉંચા ભાવે દવાની ખરીદી

અતારાંકિત : ૨૮૫૨ (૧૦-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ઔષધ ભંડાર તંત્ર દ્વારા જુલાઇ-૨૦૦૩ માં ભાવો મંગાવી એમ.ઓ.કલીસીનીલ, એમપીસીલીન અને ક્લોકશાસીલીન દવાની બજારથી ખૂબ જ ઉંચા ભાવે ખરીદી કરતા સરકારને એક કરોડની ખોટ ગઇ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આવી બેજવાબદાર અને સરકારને આર્થિક નુકસાન કરતી ખરીદી માટે કોને જવાબદાર ગણવામાં આવ્યા છે,

(૩) આ અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આવી ગેરરીતિ હવે પછી ન થાય તે માટે સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૯-૧-૦૫) :

(૧) નાજી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## સરકારી વાહનો ઉપર લાલ લાઇટનો ઉપયોગ

અતારાંકિત : ૨૭૨૬ (૧૪-૧૦-૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યના કઇ કેડર સુધીના અધિકારીઓને સરકારી વાહન ઉપર લાલ લાઇટ તેમજ ઓરેંજ લાઇટની રાજ્ય સરકારે મંજૂરી આપેલ છે,

(૨) રાજ્યના મહાનગરપાલીકાના કમીશ્નરોને આવી કોઇ મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, અને

(૩) મંજૂરી ન મળેલા વાહનો પર લાઇટો રાખનાર સામે શાં પગલાં લેવામાં આવે છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩-૧-૦૫) :

(૧) આ સાથે જોડેલ યાદીમાં જણાવેલ મહાનુભાવોના અને અધિકારીઓના સરકારી વાહન ઉપર લાલ લાઇટ રાખવા મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ ૧૯૮૯ના નિયમ ૧૦૮ ના પરંતુક (I) (II) હેઠળ સરકારી વાહન ઉપર ઓરેંજ લાઇટના ઉપયોગ માટે કોઇ પ્રતિબંધ નથી.

(૩) ના, જી.

(૪) મંજૂરી ન મળેલા વાહનો પર સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સ ૧૯૮૯ના નિયમ ૧૦૮ની જોગવાઇનો ભંગ બદલ જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.
ચેકીંગ દરમ્યાન આવાં વાહનો ઉપર લાલ લાઇટ રાખેલ હોય તો ચેકીંગ અધિકારી લાલ લાઇટ કાઢી નાખવા સૂચના આપીને ફરજ પાડે છે.

રાજ્યના નીચે દર્શાવેલ મહાનુભાવોની સરકારી ગાડી પર લાલ લાઇટ રાખવાની મંજૂરી આપેલ છે.

**(એ) ફ્લેશર સાથેની**

(૧) માન. રાજ્યપાલશ્રી
(૨) માન. મુખ્યમંત્રીશ્રી
(૩) ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશશ્રી
(૪) ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી
(૫) રાજ્યના કેબીનેટ મંત્રીશ્રીઓ
(૬) રાજ્યના વિરોધપક્ષના નેતાશ્રી
(૭) ગુજરાત હાઇકોર્ટના ન્યાયાધીશોશ્રી
(૮) રાજ્યના રાજ્યકક્ષાના તથા નાયબ મંત્રીશ્રીઓ
(૯) મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય
(૧૦) અગ્ર સચિવશ્રી માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
(૧૧) અગ્ર સચિવશ્રી (ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૨) અગ્ર સચિવશ્રી (વા.વ્ય.) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૩) અગ્ર સચિવશ્રી (ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૪) અધિક અગ્ર સચિવશ્રીઓ, સચિવશ્રીઓ
માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

**(બી) ફ્લેશર વગરની**

(૧) લોકાયુક્તશ્રી, ગુજરાત રાજ્ય
(૨) અધ્યશ્રશ્રી, ફરિયાદ નિવારણ ઓથોરિટી સરદાર સરોવર પ્રોજેક્ટ
(૩) માન. રાજ્યપાલશ્રીની પાયલોટ કાર
(૪) માન. મુખ્યમંત્રીશ્રીની પાયલોટ કાર
(૫) નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
(૬) એમ્બ્યુલન્સ અને અગ્નિશામકના વાહનો
(૭) ચેરમેનશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ
(૮) ગુજરાત રાજ્ય ડીઝીસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના કોમ્યુનીકેશન વાહન
(૯) રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી
(૧૦) કમિશનરશ્રી, રાજ્ય ચૂંટણી પંચ

--------------

**મહુવા તાલુકાના મોટા ખૂંટવડા ગામે મારામારી, ઘરફોડ ચોરી તથા બળાત્કારના બનાવો**

અતારાંકિત :૨૭૮૪ (૨૫-૧૦-૦૪) **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટા ખૂંટવડા ગામે તા. ૧૩-૧૦-૦૪ના રોજની સ્થિતિએ છેલ્લા બે માસમાં મારામારી, ઘરફોડ ચોરી તેમજ બળાત્કારની કુલ કેટલી પોલીસ ફરિયાદો ક્યારે ક્યારે નોંધાઇ,

(૨) આવી ગુનાહિત પ્રવૃત્તિઓ આચરનારા તત્વો કોણ કોણ છે અને તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) મોટા ખૂંટવડા તથા તેની આસપાસના વિસ્તારમાં ભય અને આતંકનું વાતાવરણ સર્જતા તત્વોને કડકમાં કડક શિક્ષા કરવા તથા કાયમી નશ્યત કરવા સરકારનું શું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨-૧૨-૦૪) :

(૧) કુલ : ૭ ફરિયાદો નોંધાઇ છે.

| અ.નં. | ફરિયાદનો પ્રકાર | ફરિયાદ નોંધાયાની તારીખ |
|---|---|---|
| ૧. | મારામારી | ૨-૮-૦૪ |
| ૨. | ,, | ૨૫-૮-૦૪ |
| ૩. | ,, | ૮-૧૦-૦૪ |
| ૪. | ,, | ૧૦-૧૦-૦૪ |
| ૫. | ઘરફોડ ચોરી | ૧૩-૯-૦૪ |
| ૬. | ,, | ૯-૧૦-૦૪ |
| ૭. | બળાત્કાર | ૧૦-૧૦-૦૪ |

(૨)

| ફરિયાદનો પ્રકાર | આરોપીઓના નામ | લેવામાં આવેલ પગલાં |
|---|---|---|
| મારામારી | (૧) ખશીયા ઘેલુભાઇ<br>(૨) ભરત બાબુભાઇ<br>(૩) જીતુભાઇ બાબુભાઇ<br>(૪) બાબુભાઇ ભુરાભાઇ<br>(૫) બાવાજી ગજરાજગીરી<br>(૬) દીપકગીરી ગજરાજ<br>(૭) અલ્પેશગીરી ગજરાજ<br>(૮) હસમુખગીરી મણીગીરી<br>(૯) સીપાઇ સુલતાનભાઇ<br>(૧૦) રજાક કરીમભાઇ | અટક કરી તેમના વિરુધ્ધ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે. |
| ઘરફોડ ચોરી | નામ નમુદ નથી | આરોપીઓને શોધી કાઢવા અંગે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. |
| બળાત્કાર | દલિત છગનભાઇ અરજણભાઇ | આરોપીને અટક કરી જેલમાં મોકલેલ છે. જેલ મુક્ત થયા બાદ અટકાયતી પગલાં લેવા નોંધ રાખેલ છે. |

(૩) તેઓ વિરુધ્ધ કાયદેસરના અટકાયતી પગલાં લેવામાં આવે છે. આરોપીઓને કડકમાં કડક શિક્ષા થાય તે માટે સાહેદોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. જેથી તેઓ આરોપી વિરુધ્ધ કોર્ટમાં પુરતા પુરાવા તથા સાહેદી આપી શકે.

--------------

## રાજ્યમાં આત્મહત્યાના બનાવો અટકાવવા લીધેલાં પગલાં

અતારાંકિત : ૨૮૩૦ (૯-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત જેવાં મોટા શહેરોમાં સપ્ટેમ્બરથી નવેમ્બર, ૨૦૦૪ દરમ્યાન ૫૦ જેટલા આત્મહત્યા/સામૂહિક આત્મહત્યાના બનાવો બન્યા છે તે હકીકત સરકાર જાણે છે,

(૨) નાગરિકોમાં આત્મહત્યા/સામૂહિક આત્મહત્યાના વધેલા બનાવો રોકવા સરકારે કોઇ વિશિષ્ટ પ્રયાસો હાથ ધર્યા છે,

(૩) જો હો, તો તેની શી વિગત છે, અને

(૪) આ જવાબદારી કોને સોંપાઇ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૭-૧-૦૫) :

(૧) હા, જી.

(૨) આવા બનાવો લાગણીવશ તથા અસહ્ય માનસિક તનાવમાં બનતા હોય છે, આ એક શૈક્ષિણક અને જનજાગૃતિનો વિષય છે છતાં શક્ય તેટલી રીતે પોલીસ દ્વારા કાયદાની મર્યાદામાં રહી આવા બનાવો બનતા રોકવા કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) સંભવિત આત્મહત્યા કરવાની જગ્યાઓ જેવી કે નહેર, ડેમ, તળાવ, સરોવર વિગેરે જગ્યાએ આત્મહત્યાએ મહાપાપ છે એવા બેનરો મૂકી સૂચનાઓ આપવામાં આવે છે. આવા બનાવો બાબતે પોલીસને અગાઉથી જાણ થાય તો તેવા બનાવો અટકાવવા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

(૪) પોલીસ ખાતા અને અગ્નિશામક ખાતાઓ દ્વારા ખાસ ટૂકડીઓ બનાવી ચોવીસ કલાક માટે તૈનાત રાખવામાં આવે છે.

--------------

**અમદાવાદ અને સુરત શહેરમાં યુરો-૧ પ્રકારના વાહનો ઉપર પ્રતિબંધ**

અતારાંકિત : ૨૮૩૨ (૯-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) કેન્દ્ર સરકારે આપેલા આદેશ મુજબ પ્રદુષણ ધરાવતાં યુરો-૧ એન્જીનવાળાં વાહનોને અમદાવાદ તથા સુરત શહેરમાં મંજૂરી આપવા, ટ્રાન્સફર કરવા પર રાજ્ય સરકારે સપ્ટેમ્બર, ૨૦૦૪માં પ્રતિબંધ મૂકી દીધો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ આદેશનો અમલ ક્યારથી શરૂ થઇ ગયો છે, અને

(૩) તેના અમલની જવાબદારી કોને સોંપાઇ છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૧-૦૫) :

(૧) હા, જી.

(૨) સપ્ટેમ્બર-૨૦૦૪થી અમલ શરૂ થઇ ગયો છે.

(૩) મોટર વાહન ખાતાના ક્ષેત્રિય કાર્યકારી અધિકારીઓને

--------------

**પોરબંદરમાંથી બનાવટી ચલણી નોટોનું મીની છાપખાનું પકડાવા અંગે**

અતારાંકિત : ૨૮૩૭ (૨૪-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) પોરબંદરમાંથી તા. ૨૭-૧૦-૨૦૦૪ ના રોજ મહાત્મા ગાંધીની છાપવાળી બનાવટી ચલણી નોટો બનાવતું મીની છાપખાનું મળી આવ્યું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કામગીરીના સુત્રધાર કોણ કોણ છે,

(૩) આ છાપખાનામાંથી કેટલા રૂપિયાની કેટલી નોટો બહાર પાડી ફરતી કરવામાં આવી છે,

(૪) ગુન્હાહિતોની સામે શી કાર્યવાહી થઇ છે, અને

(૫) ફરી રહેલી બનાવટી નોટોને પકડી પાડવા શી કાર્યવાહી થઇ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૫-૧-૦૫) :

(૧) ના, જી. પરંતુ આરોપી હેન્ડ ઓપરેટીવ કલર ઝેરોક્ષ મશીનથી અસલ નોટ ઉપરથી કલર ઝેરોક્ષથી ડુપ્લીકેટ નોટ બનાવતાં પકડાયેલ છે.

(૨) આ કામગીરીનો મુખ્ય સુત્રધાર સંજય કેશવ માવાણી ઉ.વ. ૨૪ રહે. મૂળ નવાગઢ તા. જેતપુર હાલ પોરબંદર વાળો છે.

(૩) આરોપીએ રૂા. ૫૦૦/-ના દરની નોટ નંગ-૦૧ તથા રૂા. ૧૦૦/-ના દરની નોટ ૦૮ છાપેલ હતી. તેની શરૂઆત કરતાં પકડાઇ ગયેલ છે.આ નોટોને ફરતી કરવામાં આવેલ હોવાનું તપાસ દરમ્યાન ખુલેલ નથી.

(૪) આ આરોપી સામે પોરબંદર કમલાબાગ પો. સ્ટે. ગુ. ર. નં. ૧૬૪/૦૪, ઇપીકો કલમ-૪૮૯ (એ) થી (ઇ) મુજબનો ગુનો દાખલ કરી આરોપીને અટક કરી તેની પાસેથી બનાવટી ચલણી નોટો બનાવવાની સાધન સામગ્રી કલર ઝેરોક્ષ મશીન તથા રૂા. ૫૦૦/ના દરની નોટ નંગ-૦૧ તેમજ રૂા. ૧૦૦/-ના દરની નોટ ૦૮ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. હાલ આરોપી જેલમાં છે, તેના વિરૂધ્ધ ચાર્જશીટ કરતાં કેસ પેન્ડીંગ છે.

(૫) આરોપીએ હજુ છાપવાની શરૂઆત કરેલ રૂા. ૫૦૦/-ના દરની નોટ નંગ-૦૧ તથા રૂા. ૧૦૦/-ના દરની નોટ નંગ-૦૮ પકડાઇ ગયેલ છે. જ્યારે ફરી રહેલી બનાવટી નોટોની વિગત તપાસ દરમિયાન ખુલેલ હોવાનું જણાયેલ નથી.

------------

**ભીલોડા તાલુકાના જોડ ખાપરેટા ગામે મહિલાને ડાકણ ગણી હત્યા કરવા બાબત**

અતારાંકિત :૨૮૩૮ (૯-૧૨-૨૦૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના જોડા ખાપરેટા ગામે એક મહિલાને ડાકણ ગણીને ઓગષ્ટ ૦૪માં કુહાડીના ઉપરા ઉપરી ઘા મારીને કરપીણ હત્યા કરાઈ હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુન્હાહિત કામના આરોપી કોણ છે, અને તેની સામે શાં પગલાં લેવાયાં છે, અને

(૩) અંધશ્રધ્ધા અને વહેમને કારણે થતી હત્યા રોકવા પોલીસતંત્ર ધ્વારા શાં પગલાં લેવાયાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૨-૧-૦૫) :

(૧) ના, જી. આ મહિલાને ડાકણ હોવાનો વહેમ રાખી કુહાડી મારી મોત નીપજાવેલ છે.

(૨) આરોપી શ્રી નરસિંહભાઈ મનજીભાઈ નિનામા તેઓની સામે ભીલોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં. ૧૦૦/૦૪ ઈ.પી.કો. કલમ ૩૦૨ તથા બીપીએ ૧૩૫ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે અને કાયદેસરની કાર્યવાહી કરી આરોપીની અટક કરવામાં આવેલ છે.

(૩) આવા બનાવો પોલીસના ધ્યાન ઉપર આવે કે જરૂરી અટકાયતી પગલાં પ્રથમથીજ લેવા લાગતા વળગતા પોલીસ અધિકારીઓને સૂચના આપવામાં આવે છે.

--------------

**અમદાવાદ શહેરમાં રખિયાલ ખાતેથી બનાવટી ગુટખાનું કારખાનું પકડવા અંગે**

અતારાંકિત : ૨૮૪૨ (૯-૧૨-૨૦૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) અમદાવાદ શહેરમાં રખિયાલ ખાતે સપ્ટેમ્બર, ૦૪ માં ડુપ્લીકેટ ગુટખા બનાવતું કારખાનું પકડી પાડવામાં આવ્યું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કારખાનનાં સંચાલકો કોણ હતા તેની સામે શાં પગલાં લેવામાં આવ્યા છે,

(૩) આ કારખાનું કેટલા સમયથી ચાલું હતું, અને

(૪) અમદાવાદ શહેરમાં ડુપ્લીકેટ ગુટખાનું વેચાણ અટકાવવા શાં પગલાં લેવાયા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૪-૧-૦૫) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**વાપીના નિરાનનગર ખાતે લઈ જવાનું બીફ હિંસા-નિવારણ સંઘ દ્વારા પકડવા અંગે**

અતારાંકિત : ૨૮૮૧ (૯-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) હિંસા નિવારણ સંઘે જુલાઈ-૨૦૦૪માં અલીપોરથી ગૌવંશ કતલ કરી વાપીના નિરાનનગર ખાતે લઈ જવાતું ૭૫૦ કિલો જેટલું ગૌમાંસ (બીફ) વાપી ખાતે પકડી પાડયું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગંભીર કામના આરોપી કોણ હતા તેની સામે કયા કાયદા અન્વયે શાં પગલાં લેવાયા છે,

(૩) વાપીમાં ગૌમાંસ લઈ જવાતું હતું તે વેપારીઓ/ખરીદનારા કોણ કોણ છે તેની સામે શાં પગલાં લેવાયા છે,
(૪) ગૌવંશ કતલ સંબંધે અલીપોર ખાતેના સત્તાવાળાઓને જાણ કરી પગલાં લેવા સરકારે શી કાર્યવાહી કરી છે, અને
(૫) ગૌ-વંશની કતલ રોકવા ઉચ્ચકક્ષાએ શાં પગલાં લેવાયા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૫-૧-૦૫) :

(૧) હા.
(૨) આ ગંભીર કામના આરોપીઓ નીચે મુજબ હતા.
(૧) જાવેદ મોહંમદ તાહીર ઉ.વ. ૧૮ રહે. વાપી
(૨) જાકીર યાકુબ શેખ ઉ.વ. ૨૪ રહે. વાપી
(૩) કલમ રફીક અરજ ઉ.વ. ૨૫ રહે. વાપી
(૪) ફકીરા રઝીક શેખ ઉ. વ. ૩૯ રહે. વાપી
(૫) અરખુલ કરીમ મુલ્લા રહે. અલીપોર
(૬) હેદર અહમદ રેગુની રહે. અલીપોર
(૭) હનીફ ઈસ્માઈલ મહેતા રહે. અલીપોર
આ આરોપીઓ સામે પારડી પો. સ્ટે. II. ગુ.ર.નં. ૧૦૩/૦૪ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ની કલમ ૫,૮,૯,૧૦(૨) તથા પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ કતલખાના રુલ્સ ૨૦૦૪ મુજબનો ગુનો નોંધી, તેઓની અટક કરી કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ.
(૩) પ્રસ્તુત કામે આરોપી ફકીરા રઝાક શેખ રહે. વાપી. ગૌમાંસ ખરીદનાર અને (૧) અરખુલ કરીમ મુલ્લા (૨) હેદર અહમદ રેગુની (૩) હનીફ ઈસ્માઈલ મહેતા ત્રણેય રહે. અલીપોરનાઓ વેચનાર હતા. તેઓની સામે ઉપર મુજબના કાયદા હેઠળ પગલાં લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.
(૪) ક્ષેત્રીય કક્ષાએ અવાર નવાર વાહનોની ચેકીંગ અને પેટ્રોલીંગ કરી ઉપર મુજબની કાયદેસરની કાર્યવાહી થતી હોય છે.
(૫) ગૌ-વંશ કતલ રોકવા પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ અને પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ કતલખાના રુલ્સ, ૨૦૦૪ વિરુધ્ધના ગુન્હા માટે સખ્તમાં સખ્ત કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ છે.

-------------

## સુરત ખાતેથી ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા તાંત્રિકને બલી ચઢાવતા પકડવા અંગે

અતારાંકિત : ૨૮૮૨ (૯-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરત ખાતે જુલાઈ, ૨૦૦૪માં ભારત જન વિજ્ઞાન જાથા સંસ્થા તથા પોલીસ ટીમના સંયુકત ઓપરેશન દરમ્યાન સામજી ભગત નામના તાંત્રિકને જીવતા બકરાના બલી ચઢાવતા રંગે હાથ પકડી પાડવામાં આવ્યો હતો તે હકીકત સાચી છે,
(૨) આ તાંત્રિક પોલીસ સમક્ષ અત્યાર સુધીમાં કુલ-૫૦૦૦ જેટલા પ્રાણીના બલી ચડાવ્યા હોવાની અતિશય ગંભીર કબુલાત કરી છે તે પણ સરકાર જાણે છે,
(૩) જો હા, તો હજારોની સંખ્યામાં ગેરકાનુની રીતે જીવતા પ્રાણીના બલી ચડાવનાર ગુન્હાહીત તાંત્રિક સામે સરકારે ગંભીરતા પૂર્વક શાં પગલાં લીધા છે તથા શી કાર્યવાહી કરી છે, અને
(૪) તાંત્રિક વિધિમાં જીવતા પ્રાણીની બલીને ગુજરાત બલી પ્રતિબંધક અધિનિયમ-૧૯૭૨ અન્વયે અટકાવવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૫-૧-૦૫) :

(૧) હા, જી.
(૨) આરોપીએ આવી કોઈ કબુલાત કરેલ નથી. ફકત એક બકરાનો બલી ચડાવવા અંગે કબુલાત કરેલ છે.
(૩) આરોપી સામે કાપોદ્રા પો. સ્ટે. ગુ.ર.નં. ૧૫૫/૨૦૦૪ અન્વયે ગુનો રજીસ્ટર કરી, આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે.

(૪) ગુજરાત પશુપક્ષી બલીદાન (પ્રતિબંધ) અધિનિયમ-૧૯૭૨ની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ થાય, તે જોવા આ અગાઉ સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ/જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ તથા અન્ય અધિકારીઓને સુચનાઓ આપવામાં આવેલ છે.

----------------

## દ્વારકા, નાગેશ્વર, હર્ષદ અને ધુમલીના નવલખામાં અને આશાપુરાને પ્રવાસધામો તરીકે વિકસાવવા અંગે

અતારાંકિત : ૨૩૨૭ (૨૯-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં દ્વારકા, નાગેશ્વર, હર્ષદ અને ધુમલીના નવલખાં અને આશાપુરાના પ્રવાસધામો વિકસાવવાનું સરકારનું કયા પ્રકારનું આયોજન છે,
(૨) આ આયોજન પાછળ સરકાર કયાં કયાં કેટ કેટલાં નાણાં ખર્ચવા માંગે છે,
(૩) તે ખર્ચ માટેના નાણાંની શી વ્યવસ્થા કરવામાં આવેલ છે,
(૪) કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે, અને
(૫) કેટલા સમયમાં આ આયોજન પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૭-૧-૦૫) :

(૧) જામનગર જિલ્લામાં દ્વારકા ખાતે પ્રવાસીઓ માટે આંતરમાળખાકીય સુવિધા જેવી કે રસ્તાઓ, વિજળી, પીવાનું ચોખ્ખું પાણી વિગેરે પ્રવાસી સુવિધા તથા પુરાતત્વ સ્થળ ધુમલીમાં નવલખા ખાતે પ્રવાસન સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.
(૨) આ આયોજન પાછળ દ્વારકા ખાતે રૂા. ૧૮૦.૮૮ લાખ તેમજ ધુમલી ખાતે રૂા. ૮.૫૦ લાખના ખર્ચનું આયોજન છે.
(૩) આ ખર્ચ માટે આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર પાસેથી નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે.
(૪) ઉપર દર્શાવેલ પત્રકમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા જે નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે તે પૈકી તેમાં દર્શાવેલ રકમો રાજ્ય સરકાર/પ્રવાસન નિગમને મળેલ છે.
(૫) દ્વારકા ખાતે પ્રવાસીઓ માટે જે આંતરમાળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે તેની કામગીરી પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ મારફતે કલેકટરશ્રી, જામનગર દ્વારા માર્ગ અને મકાન વિભાગના સહયોગથી કરવામાં આવી રહેલ છે. જ્યારે ધુમલીના નવલખા પુરાતત્વ સ્થળ ખાતે સ્મારક સુશોભનની કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે.

### જામનગર જિલ્લાના દ્વારકા તથા ધુમલીના નવલખા પ્રવાસધામ માટેની નાણાકીય જોગવાઈની વિગત દર્શાવતું પત્રક

(રૂા. લાખમાં)

| અ. નં. | પરિયોજનાનું નામ | વર્ષ | કેન્દ્ર સરકારનો હિસ્સો | રાજ્ય સરકારનો હિસ્સો | કુલ રકમ | કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ધુમલીના નવલખા ખાતેના સ્મારકોનુ સુશોભન | ૧૯૯૮-૯૯ | -- | ૦૮.૫૦ | ૦૮.૫૦ | -- | રાજ્ય સરકારની વાર્ષિક યોજના ૧૯૯૭-૯૮, ૧૯૯૮-૯૯ તથા ૧૯૯૯-૦૦માં સ્મારકોના સુશોભન સદરે કુલ રૂા. ૪૨.૦૦ લાખની જોગવાઈ મંજુર થયેલ હતી. તે પૈકી રૂા. ૦૬.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જેમાં નવલખા ટેમ્પલની આસપાસ લેન્ડસ્કેપીંગ, વાયરફેન્સીંગ, સોલર સ્ટ્રીટ લાઈટ, બેઠક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | વ્યવસ્થા, પત્થરનું ફલોરીંગ, વોટર સ્ટોરેજ ટેન્ક તથા જુના કુવાનું સફાઈની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી ટર્કી બેઝીઝ અર્થ ફાઉન્ડેશનને સોંપવામાં આવેલ હતી. |
| ૨ | દ્વારકાનો વિકાસ તબક્કો-૧ | ૧૯૯૮-૯૯ | ૪૭.૮૦ | ૫૦.૮૬ | ૯૮.૬૬ | ૨૩.૯૦ | દ્વારકા પરિયોજના માટે રાજય સરકારનો હિસ્સો રૂા. ૫૦.૮૬ લાખ તથા રૂા. ૪૧.૧૧ લાખ વાર્ષિક યોજના ૧૯૯૯-૦૦માં આંતરમાળખાકીય સુવિધાના સદરે મળેલ રકમ રૂા. ૨૯૫.૦૦ લાખ પૈકી રૂા. ૯૧.૯૭ લાખ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને કામગીરી માટે તબદીલ કરવામાં આવેલ છે. |
| ૩ | દ્વારકાનો વિકાસ તબક્કો-૨ | ૧૯૯૯-૦૦ | ૪૧.૧૧ | ૪૧.૧૧ | ૮૨.૨૨ | ૧૨.૩૦ | -- ઉપર મુજબ -- |
| ૪ | ઘુમલી ખાતે ઈન્ટરપ્રિટેશન સેન્ટર અને સુશોભનની કામગીરી | ૨૦૦૦-૦૧ | ૨૬.૦૫ | ૨૬.૦૫ | ૫૨.૧૦ | ૦૭.૮૦ | આ કામગીરી માટે આર્કિટેકટની પસંદગી કરવાની કામગીરી હાથ ઉપર હતી પરંતુ ભારત સરકાર સાથે તા. ૧૨-૮-૨૦૦૪ના રોજ થયેલ રીવ્યુ મીટીંગ વખતે આ પરિયોજના ડ્રોપ કરવામાં આવેલ છે. |

----------

## નર્મદા યોજનાનું પાણી પાટણ જિલ્લાને આપવા બાબત

અતારાંકિત : ૨૭૫૭ (૧૨-૧૦-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નર્મદા યોજનાનું પાણી પીવાના હેતુસર પાટણ જિલ્લાના કયા કયા તાલુકાને મળનાર છે.
(૨) તે પૈકી સિધ્ધપુર અને સમી-હારીજ તાલુકાના કયા કયા ગામોને પીવાનું પાણી મળનાર છે,
(૩) ઉપરોકત ગામોને કયા સમયગાળા સુધીમાં પાણી પહોંચાડવાનું આયોજન છે, અને
(૪) તા. ૩૦-૦૯-૦૪ની સ્થિતિએ આ યોજનાની પ્રગતિ કઈ સ્થિતિએ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૪-૧૨-૦૪) :

(૧) પાટણ જિલ્લાના (૧) પાટણ (૨) ચાણસ્મા (૩) સમી (૪) હારીજ (૫) રાધનપુર (૬) સાંતલપુર (૭) સિધ્ધપુર તાલુકાઓને નર્મદા યોજનાનું પાણી મળનાર છે.
(૨) તાલુકાવાર નીચે મુજબ ગામ-પરાનો સમાવેશ થયેલ છે.

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧ | હારીજ | કુરેજા |
| ૨ | હારીજ | ભલાણા |
| ૩ | હારીજ | માલસુંદ |
| ૪ | હારીજ | તોરણીપુર |
| ૫ | હારીજ | અડીયા |
| ૬ | હારીજ | કાતરા |
| ૭ | હારીજ | કુંભાણા |
| ૮ | હારીજ | કાઠી |
| ૯ | હારીજ | નાણા |
| ૧૦ | હારીજ | પીપલાણા |
| ૧૧ | હારીજ | માંકા જુના |
| ૧૨ | હારીજ | માંકા નવા |

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૮૬ | સમી | બીસ્મીલ્લાબાદ |
| ૮૭ | સમી | ખરચરીયા |
| ૮૮ | સમી | માંડવી |
| ૮૯ | સમી | દાઉદપુરા |
| ૯૦ | સમી | ગાજદીનપુર |
| ૯૧ | સમી | કનીજ |
| ૯૨ | સમી | મહેમદપુરા |
| ૯૩ | સમી | બાસ્પા |
| ૯૪ | સમી | વરાણા |
| ૯૫ | સમી | વાવલ |
| ૯૬ | સમી | સમશેરપુરા |
| ૯૭ | સમી | કોકતા |

| | | |
|---|---|---|
| ૧૩ | હારીજ | એકલવા |
| ૧૪ | હારીજ | ચાબખા |
| ૧૫ | હારીજ | થરોડ |
| ૧૬ | હારીજ | બોરતવાડા |
| ૧૭ | હારીજ | સરવાલ |
| ૧૮ | હારીજ | સવાસડા |
| ૧૯ | હારીજ | જાસ્કા |
| ૨૦ | હારીજ | દાતરવાડા |
| ૨૧ | હારીજ | જમણપુર |
| ૨૨ | હારીજ | ગોવના |
| ૨૩ | હારીજ | તંબોલીયા |
| ૨૪ | હારીજ | સોઢવ |
| ૨૫ | હારીજ | જસોમાવ |
| ૨૬ | હારીજ | પાલોલી |
| ૨૭ | હારીજ | સરેલ |
| ૨૮ | હારીજ | ખાખડી |
| ૨૯ | હારીજ | નવા ખાખવડી |
| ૩૦ | હારીજ | ગણેશપુરા |
| ૩૧ | હારીજ | નવા માંકા |
| ૩૨ | હારીજ | સાકરા |
| ૩૩ | હારીજ | રાવિન્દ્રા |
| ૩૪ | હારીજ | પીલુવાડા |
| ૩૫ | હારીજ | કલાણા |
| ૩૬ | હારીજ | નવા કલાણા |
| ૩૭ | હારીજ | ખાખલ |
| ૩૮ | હારીજ | રામનગર |
| ૩૯ | હારીજ | જસવંતપુરા |
| ૪૦ | હારીજ | રૂઘનાથપુરા |
| ૪૧ | હારીજ | રોડા |
| ૪૨ | હારીજ | અસાલડી |
| ૪૩ | હારીજ | માંસા |
| ૪૪ | હારીજ | દુનાવાડા |
| ૪૫ | હારીજ | છાપરાપરા |
| ૪૬ | હારીજ | વાંસા |
| ૪૭ | હારીજ | વાખુદર |
| ૪૮ | હારીજ | કાલવણ |
| ૪૯ | હારીજ | આનંદપુર |
| ૯૮ | સમી | ઉપલીયાસરા |
| ૯૯ | સમી | વાઘપુરા |
| ૧૦૦ | સમી | નાનીચંદુર |
| ૧૦૧ | સમી | દુદખા |
| ૧૦૨ | સમી | નાયકા |
| ૧૦૩ | સમી | કાકરીયાનો ટીંબો |
| ૧૦૪ | સમી | ટીડોડીયાનો ટીંબો |
| ૧૦૫ | સમી | સીકરીયાનો ટીંબો |
| ૧૦૬ | સમી | સોનાર |
| ૧૦૭ | સમી | સમી |
| ૧૦૮ | સમી | કાઢી |
| ૧૦૯ | સમી | મોટી ચંદુર |
| ૧૧૦ | સમી | મેમણા |
| ૧૧૧ | સમી | કુવર |
| ૧૧૨ | સમી | નવી કુવર |
| ૧૧૩ | સમી | સુબાપુરા |
| ૧૧૪ | સમી | તારાનગર |
| ૧૧૫ | સમી | રાજપુર |
| ૧૧૬ | સમી | સીપુર |
| ૧૧૭ | સમી | લોલાડા |
| ૧૧૮ | સમી | ખીજડીયારી |
| ૧૧૯ | સમી | જેસડા |
| ૧૨૦ | સમી | ઈસ્લામપુરા |
| ૧૨૧ | સમી | ફતેગંજ |
| ૧૨૨ | સમી | પીરોજપુરા |
| ૧૨૩ | સમી | વાહેદપુરા |
| ૧૨૪ | સમી | અદગામ |
| ૧૨૫ | સમી | સુખપુરા |
| ૧૨૬ | સમી | લાલપુર |
| ૧૨૭ | સમી | હારીજપુરા |
| ૧૨૮ | સમી | જાખેલ |
| ૧૨૯ | સમી | રામપુરા |
| ૧૩૦ | સમી | ચાદરણી |
| ૧૩૧ | સમી | બાબરી |
| ૧૩૨ | સમી | ગોધાણા |
| ૧૩૩ | સમી | ગાંધીનગર |
| ૧૩૪ | સમી | ઉમેદપુરા |

| | | |
|---|---|---|
| ૫૦ | હારીજ | વેજાવાડા |
| ૫૧ | હારીજ | નાના જોરાવરપુરા |
| ૫૨ | સમી | માત્રોટા |
| ૫૩ | સમી | રાજુપુરા |
| ૫૪ | સમી | મુબારકપુરા |
| ૫૫ | સમી | ગુજરવાડા |
| ૫૬ | સમી | જલાલાબાદ |
| ૫૭ | સમી | ઝીલવાણા |
| ૫૮ | સમી | કઠીવાડા |
| ૫૯ | સમી | તરોરા |
| ૬૦ | સમી | રવદ |
| ૬૧ | સમી | લોટેશ્વર |
| ૬૨ | સમી | પાલીપુર |
| ૬૩ | સમી | કુકરાણા |
| ૬૪ | સમી | વાઘેલ |
| ૬૫ | સમી | અરીઠા |
| ૬૬ | સમી | બુડા |
| ૬૭ | સમી | રસુલપુર |
| ૬૮ | સમી | વાઘોસણ |
| ૬૯ | સમી | ઓરૂમણા |
| ૭૦ | સમી | મનવરપુરા |
| ૭૧ | સમી | મુજપુર |
| ૭૨ | સમી | ખાખબડી |
| ૭૩ | સમી | બીલીયા |
| ૭૪ | સમી | ટુવડ |
| ૭૫ | સમી | ફતેપુરા |
| ૭૬ | સમી | રણાવાડા |
| ૭૭ | સમી | રણાવાડાપરા |
| ૭૮ | સમી | દાદર |
| ૭૯ | સમી | ગુંદાપુરા |
| ૮૦ | સમી | જયરામનગર |
| ૮૧ | સમી | ધધાણા |
| ૮૨ | સમી | શેરપુરા |
| ૮૩ | સમી | ભામાથલ |
| ૮૪ | સમી | મોટા જોરાવરપુરા |
| ૮૫ | સમી | ગોચનાદ |

| | | |
|---|---|---|
| ૧૩૫ | સમી | વેડ |
| ૧૩૬ | સમી | બાદરગંજ |
| ૧૩૭ | સમી | રૂપનગર |
| ૧૩૮ | સમી | ભદ્રાડા |
| ૧૩૯ | સમી | સીગોતરીયા |
| ૧૪૦ | સમી | દાદકા |
| ૧૪૧ | સમી | રાફુ |
| ૧૪૨ | સમી | કેલાસપુરા |
| ૧૪૩ | સમી | અનવરપુરા |
| ૧૪૪ | સમી | કોડધા |
| ૧૪૫ | સમી | રણોદ |
| ૧૪૬ | સમી | રૂણી |
| ૧૪૭ | સમી | ખંડીયા |
| ૧૪૮ | સમી | કંચનપુરા |
| ૧૪૯ | સમી | મરદાનગંજ |
| ૧૫૦ | સમી | બોલેરા |
| ૧૫૧ | સમી | શંખેશ્વર |
| ૧૫૨ | સમી | કુવારદ |
| ૧૫૩ | સમી | પાડલા |
| ૧૫૪ | સમી | ગણેશપુરા |
| ૧૫૫ | સમી | રતનપુરા |
| ૧૫૬ | સમી | જહુરપુરા |
| ૧૫૭ | સમી | પંચાસર |
| ૧૫૮ | સમી | મુર્તુજાનગર |
| ૧૫૯ | સમી | મંકોડીયા |
| ૧૬૦ | સમી | દાતીસણા |
| ૧૬૧ | સમી | ધનોરા |
| ૧૬૨ | સમી | ચંદુમાણા |
| ૧૬૩ | સિધ્ધપુર | પુનાસણ |

(૩) માર્ચ-૨૦૦૭ સુધીમાં
(૪) હાલ ટેન્ડરો માંગવામાં આવેલ છે.

----------------

**ભરૂચ અને નર્મદા જિલ્લા પંચાયતોના કર્મચારીઓની બદલી**

અતારાંકિત : ૨૦૯૫ (૨૨-૬-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મે-૦૪ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લા પંચાયત તેમજ દરેક તાલુકા પંચાયતોમાં કેટલા કર્મચારીઓ છે, અને
(૨) સરકાર ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા કર્મચારીઓની બદલી કેટલા સમયમાં કરવા માંગે છે?

**પંચાયત મંત્રીશ્રી** (૨૪-૧-૨૦૦૫) :

(૧) મે-૦૪ ની સ્થિતિએ
ભરૂચ જિલ્લા પંચાયતોમાં :-૧૮૮
ભરૂચ તાલુકા પંચાયતોમાં :-૮૨૬
નર્મદા જિલ્લા પંચાયતમાં :- ૧૦૫ અને
નર્મદા તાલુકા પંચાયતોમાં :-૨૯૭ કર્મચારીઓ છે.
જે અંગે તાલુકાવાર કર્મચારીઓની સંખ્યા દર્શાવતું પરિશિષ્ટ આ સાથે સામેલ છે.
(૨) નિયત કરાયેલ સમય મર્યાદામાં આવી બદલીઓ કરવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનું નામ | ભરૂચ જિલ્લો | | | | | | | | કુલ | નર્મદા જીલ્લો | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જંબુસર | આમોદ | વાગરા | ભરૂચ | અંક્લેશ્વર | હાંસોટ | ઝઘડીયા | વાલીયા | | નાંદોદ | ડેડીયાપાડા | સાગબારા | તીલકવાડા | |
| ૧ | મદદ.તા.વિ.અધિ./ ના.તા.વિ. અધિ. | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૦૪ |
| ૨ | ના.હિ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૨ | ૦૯ | ૨ | ૨ | ૧ | ૧ | ૦૬ |
| ૩ | વિ.અ.(પં) | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૪ | ૧ | ૧ | ૧ | ૦ | ૦૩ |
| ૪ | વિ.અ. (સહકાર) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦૨ |
| ૫ | વિ.અ. (બાંધકામ) | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧૬ | ૨ | ૧ | ૧ | ૨ | ૦૬ |
| ૬ | વિ.અ. (ખેતી) | ૩ | ૨ | ૨ | ૨ | ૩ | ૨ | ૧ | ૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | ૧ | ૦૪ |
| ૭ | આંકડા મદદનીશ | ૦ | ૧ | ૨ | ૨ | ૧ | ૦ | ૧ | ૧ | ૦૮ | ૧ | ૧ | ૦ | ૧ | ૦૩ |
| ૮ | સીની. ક્લાર્ક (વ.) | ૩ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૩ | ૩ | ૧૬ | ૨ | ૨ | ૧ | ૧ | ૦૬ |
| ૯ | સીની. ક્લાર્ક (હિ) | ૨ | ૨ | ૨ | ૨ | ૧ | ૨ | ૨ | ૨ | ૧૫ | ૨ | ૨ | ૨ | ૧ | ૦૭ |
| ૧૦ | જુની. કલાર્ક | ૮ | ૮ | ૬ | ૧૦ | ૧૨ | ૭ | ૭ | ૭ | ૬૫ | ૮ | ૭ | ૬ | ૫ | ૨૬ |
| ૧૧ | કેળવણી નીરી. | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦૭ | ૧ | ૧ | ૧ | ૧ | ૦૪ |
| ૧૨ | સ.ઇ. | ૨ | ૨ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧૪ | ૨ | ૧ | ૧ | ૧ | ૦૫ |
| ૧૩ | ત.ક.મં. | ૬૧ | ૩૭ | ૪૬ | ૯૬ | ૫૧ | ૩૫ | ૭૫ | ૪૨ | ૪૪૩ | ૯૩ | ૩૮ | ૨૮ | ૨૭ | ૧૮૬ |
| ૧૪ | ગ્રામ સેવક | ૧૯ | ૧૩ | ૧૩ | ૨૧ | ૧૧ | ૧૦ | ૨૦ | ૨૪ | ૧૩૧ | - | - | - | - | ૦૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૫ | ડ્રાઇવર | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦૨ |
| ૧૬ | પટાવાળા | ૮ | ૮ | ૯ | ૧૦ | ૧૦ | ૬ | ૯ | ૭ | ૬૭ | ૧૧ | ૬ | ૩ | ૪ | ૨૪ |
| ૧૭ | વર્કચાર્જ મીસ્ત્રી | - | - | - | - | - | - | - | - | ૦૦ | - | - | - | ૧ | ૦૧ |
| ૧૮ | ઇન્સ્ટ્રકટર/ આ.ઇસ્ટ.. | - | - | - | - | - | - | - | - | ૦૦ | ૫ | ૩ | ૦ | ૦ | ૦૮ |
| | કુલ.. | ૧૧૨ | ૭૯ | ૮૯ | ૧૫૫ | ૯૮ | ૭૦ | ૧૨૬ | ૯૭ | ૮૨૬ | ૧૩૩ | ૬૯ | ૪૮ | ૪૭ | ૨૯૭ |

----------------

## ભરૂચ જિલ્લામાં સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ

અતારાંકિત : ૨૪૫૭ (૧૭-૭-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૨૦૦૪ સુધીના છેલ્લા ત્રણ વર્ષ ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ દરમ્યાન ભરૂચ જિલ્લામાં એસ.જી.આર. યોજનાની ગ્રાન્ટ ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાએ કેટલી ફાળવવામાં આવી,

(૨) આ ગ્રાન્ટમાંથી કયા કયા કામો હાથ ધરવામાં આવેલ છે,

(૩) આ તમામ કામગીરી ઉપર સ્થાનિક મજુરો પાસે ખાતાકીય રાહે કામ કરાવવાના બદલે વચેટીયા કે કોન્ટ્રાકટરો રોકીને ઉચ્ચક કામગીરી કરવામાં આવી હોય તેવી કેટલી ગેરરીતિની રજુઆતો સરકારને મળી છે,

(૪) આ રજુઆતો અંગે શું પગલાં ભરવામાં આવ્યા, અને

(૫) મજુરોની રોજી આપવાના બદલે મશીનરીથી કામગીરી કરવામાં આવી અને ચૂકવણા માટે મજુરીની હાજરીનું ખોટું રેકર્ડ ઉભુ કરી છેતરપીડી દ્વારા ગેરરીતિ અને ઉચાપત અંગેના કિસ્સામાં શું કાર્યવાહી કરવામાં આવી?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૧-૧-૦૫) :

(૧) ભરૂચ જિલ્લામાં કેન્દ્ર પુરસ્કૃત એસજીઆરવાય યોજના હેઠળ વર્ષવાર ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાના સેકટર હેઠળ રોકડ નાણાંકીય ફાળવણીની વિગતો નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

| વર્ષ | ગ્રામ્ય કક્ષા | તાલુકા કક્ષા | જિલ્લા કક્ષા | કુલ |
|---|---|---|---|---|
| ૦૧-૦૨ | ૨૦૩.૩૩ | ૧૧૨.૬૭ | ૪૮.૨૮ | ૩૬૪.૨૮ |
| ૦૨-૦૩ | ૨૧૪.૬૪ | ૧૦૩.૬૮ | ૬૯.૧૩ | ૩૮૭.૪૫ |
| ૦૩-૦૪ | ૨૪૯.૦૯ | ૧૨૦.૦૮ | ૮૦.૦૬ | ૪૪૯.૨૩ |
| કુલ.. | ૬૬૭.૦૬ | ૩૩૬.૪૩ | ૧૯૭.૪૭ | ૧૨૦૦.૯૬ |

(૨) આ ગ્રાન્ટમાંથી મુખ્યત્વે કયા પ્રકારવાર કામો હાથ ધરવામાં આવેલ છે તે અંગેની વિગતો અંગે પરિશિષ્ટ-(૧) સામેલ છે.

(૩) સદરહું બાબતે પરિશિષ્ટ-(૨) મુજબ બે (૨) રજુઆતો અને એક (૧) દૈનિક સમાચારમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ મળી કુલ-૩ (ત્રણ) રજુઆતો મળેલ છે.

(૪) આ રજુઆત બાબતે એક (૧) ગુજરાત તકેદારી આયોગે પ્રકરણ દફતરે કરેલ છે. (૨) પ્રાથમિક તપાસમાં તલાટી કસુરવાર જણાંતા ખાતાકીય તપાસની કાર્યવાહી ચાલુ છે. (૩) પ્રાથમિક તપાસ ચાલુ છે.

(૫) સદરહું બાબતે વિગતવાર માહિતી પરિશિષ્ટ-(૨) માં દર્શાવેલ છે.

### પરિશિષ્ટઃ-(૧)

આ ગ્રાન્ટમાંથી મુખ્યત્વે નીચે મુજબનાં પ્રકારનાં કામો હાથ ધરવામાં આવેલ.

(૧) રસ્તાનું મેટલીંગ તથા માટી કામો
(૨) રસ્તાને પથ્થર પેવીંગ તથા સી. સી. રોડ
(૩) રસ્તાના નાળાનું કામ
(૪) રોડ સાઇડ જંગલ કટીંગ
(૫) તળાવની પ્રોટેક્શન વોલ
(૬) આંગણવાડી/કોમ્યુનીટી હોલ
(૭) પાણીનાં ઓવારાં અને પાણીની પાઇપલાઇન
(૮) પાણીની ગટરલાઇનનું કામ
(૯) પાણીની ટાંકી
(૧૦) પાણીના કાંસનું કામ
(૧૧) પાણીનો હવાડો
(૧૨) હેન્ડ પંપનું કામ

(૧૩) સંરક્ષણ દિવાલનું કામ
(૧૪) તળાવ ઉંડુ કરવાનું કામ
(૧૫) ગાંડા બાવળ કટીંગનું કામ
(૧૬) ગ્રામ સફાઇ/વનીકરણનાં કામ
(૧૭) પ્રાથમિક શાળામાં કમ્પાઉન્ડ વોલનું કામ
(૧૮) અન્ય કામો.

**પરિશિષ્ટઃ-(૨)**

| ક્રમ | રજુઆત કરનારનું નામ સરનામું/તારીખ | તપાસ કરેલ છે કે કેમ ? | તપાસની છેલ્લી સ્થિતિ/ લીધેલ પગલાં |
|---|---|---|---|
| ૧ | જીવરામભાઇ વસાવા સક્કરપોર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ | હા | પ્રાથમિક તપાસ કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ ભરૂચે કરી ગુજરાત તકેદારી આયોગને તા. ૨૮-૬-૦૪ થી રીપોર્ટ કરેલ અને ગુજરાત તકેદારી આયોગ પત્ર ક્રમાંકઃ પગખ/૧૧૦૩/૩૮૦૭/૪૨/ઇ તા. ૩૦-૬-૦૪થી સદરહું પ્રકરણ દફતર કરેલ છે. |
| ૨ | જે.એમ. પાટણવાડીયા, સદસ્ય, તાલુકા પંચાયત, તા. ઝઘડીયા | હા | સદર અરજદારની તા. ૨૦-૫-૦૪ની આ બાબતની ફરિયાદના અનુસંધાનમાં જિલ્લા પંચાયત ભરૂચ દ્વારા તપાસ કરેલ છે. પ્રાથમિક તપાસમાં તલાટી-કમ-મંત્રી કસુરવાર જણાતાં તેની સામે ખાતાકીય તપાસણી કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| ૩ | તા. ૯-૫-૦૪ની સંદેશ દૈનિકમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ | હા | નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ભરૂચ પાસે તપાસ કાર્યવાહી પ્રગતિમાં છે. |

----------------

## નવસારી જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૨૫૦૫ (૩૧-૭-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૦-૬-૨૦૦૪ની સ્થિતિએ ગ્રામસેવક આઈ.આર.ડી.પી. અને ગ્રામ સેવક બેનોરની તાલુકાદીઠ કેટલી જગ્યાઓ ખાલી છે,
(૨) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે,
(૩) સરકાર આ જગ્યાઓ ક્યારે ભરવા માંગે છે, અને
(૪) ખાલી જગ્યાઓવાળા ગામો અને વિસ્તારો માટે શી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે?

**પંચાયત મંત્રીશ્રી** (૭-૧-૦૫) :

(૧) ગ્રામસેવક આઈ.આર.ડી.પી. અને ગ્રામ સેવક બેનોરની તાલુકાદીઠ નીચે મુજબની જગ્યાઓ ખાલી છે

| | નવસારી | જલાલપોર | ગણદેવી | ચીખલી | વાંસદા | કુલ |
|---|---|---|---|---|---|---|
| બેનોર | ૯ | ૬ | ૩ | ૬ | ૩ | ૨૭ |
| આઈ.આર.ડી.પી. | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૪ |
| કુલ | ૧૦ | ૭ | ૫ | ૬ | ૩ | ૩૧ |

(૨)ગ્રામસેવક આઈ.આર.ડી.પી. અને ગ્રામ સેવક બેનોરની તાલુકાદીઠ નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

**નવસારી તાલુકો**

| **અ.નં.** | સેજાનું નામ | | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | દડેશ્વર | (બેનોર) | તા. ૩૦-૬-૨૦૦૪ |
| ૨ | ચંન્દ્રવાસણ (સુપા) | (બેનોર) | તા. ૬-૨-૨૦૦૪ |
| ૩ | મોગાર | (બેનોર) | તા. ૬-૨-૨૦૦૪ |
| ૪ | નાગધરા | (બેનોર) | તા. ૧-૮-૨૦૦૩ |
| ૫ | મુનસાડ | (બેનોર) | તા. ૧-૮-૨૦૦૩ |
| ૬ | આમડપોર | (બેનોર) | તા. ૩-૯-૨૦૦૨ |
| ૭ | ખડસુપા | (બેનોર) | તા. ૧-૮-૨૦૦૩ |
| ૮ | અંબાડા | (બેનોર) | તા. ૧-૪-૨૦૦૪ |
| ૯ | પેરા | (બેનોર) | તા. ૧-૮-૨૦૦૩ |
| ૧૦ | પડધા | (આઈ.આર.ડી.) | તા. ૩૦-૬-૨૦૦૪ |
| કુલઃ | ૧૦ | | |

**જલાલપોર તાલુકો**

| | | | |
|---|---|---|---|
| ૧ | બોદાલી | (બેનોર) | તા. ૧-૮-૨૦૦૪ |
| ૨ | સીમળગામ | (બેનોર) | તા. ૧-૪-૨૦૦૪ |
| ૩ | વેછડા | (બેનોર) | તા. ૧-૮-૨૦૦૨ |
| ૪ | પરસોલી | (બેનોર) | તા. ૧-૯-૨૦૦૨ |
| ૫ | આટ | (બેનોર) | તા. ૫-૯-૨૦૦૨ |
| ૬ | કૌથમડી | (બેનોર) | તા.૧-૬-૨૦૦૩ |
| ૭ | વસ્મા | (આઈ.આર.ડી.) | તા. ૧-૪-૨૦૦૪ |
| કુલઃ | ૭ | | |

**ગણદેવી તાલુકો**

| | | | |
|---|---|---|---|
| ૧ | ધનૌરી | (બેનોર) | તા. ૭-૯-૨૦૦૨ |
| ૨ | ઉડાજ | (બેનોર) | તા. ૮-૪-૨૦૦૩ |
| ૩ | માસા | (બેનોર) | તા. ૩૧-૭-૨૦૦૨ |
| ૪ | સાલેજ | (આઈ.આર.ડી.) | તા. ૧-૧૧-૨૦૦૩ |
| ૫ | વેગામ | (આઈ.આર.ડી.) | તા. ૧-૧૧-૨૦૦૩ |
| કુલઃ | ૫ | | |

**ચીખલી તાલુકો**

| | | | |
|---|---|---|---|
| ૧ | કુકેરી | (બેનોર) | તા. ૯-૯-૨૦૦૨ |
| ૨ | મીણકચ્છ | (બેનોર) | તા. ૧-૮-૨૦૦૩ |
| ૩ | દેગામ | (બેનોર) | તા. ૧-૮-૨૦૦૩ |
| ૪ | તળાવચોરા | (બેનોર) | તા. ૧-૮-૨૦૦૩ |
| ૫ | આમધરા | (બેનોર) | તા. ૬-૨-૨૦૦૨ |
| ૬ | જોગવાડ | (બેનોર) | તા. ૧-૭-૨૦૦૩ |
| કુલઃ | ૬ | | |

**વાંસદા તાલુકો**

| | | | |
|---|---|---|---|
| ૧ | ઉનાઈ | (બેનોર) | તા. ૩૦-૬-૨૦૦૩ |
| ૨ | વાંગણ | (બેનોર) | તા. ૮-૩-૨૦૦૪ |
| ૩ | કણધા | (બેનોર) | તા. ૧-૩-૨૦૦૪ |
| કુલઃ | ૩ | | |

(૩) જેમ બને તેમ જલ્દીથી.

(૪) ખાલી જગ્યાવાળા ગામો અને વિસ્તારો માટે નજીકના સેજાના ગ્રામસેવકને ચાર્જ સોંપી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

-----------------

**રાજુલા અને જાફરાબાદ તાલુકામાં સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળના જૂથો**

અતારાંકિતઃ ૨૬૩૯ (૩-૯-૨૦૦૪) **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજુલા અને જાફરાબાદ તાલુકામાં સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ છેલ્લા ૨ (બે) વર્ષ દરમ્યાન તા. ૩૧-૭-૦૪ની સ્થિતિએ તાલુકાવાર કયા કયા ગામોએ કેટલા ગ્રામ્ય ગરીબોના જૂથો બનાવવામાં આવેલ છે, અને

(૨) આવા જૂથોને શી શી મદદ કરવામાં આવેલ છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૧-૧-૦૫) :

(૧) રાજુલા તાલુકામાં ૪૮ અને જાફરાબાદ તાલુકામાં ૨ (બે) ગ્રામ્ય ગરીબોના બચત જૂથો બનાવવામાં આવેલ છે. ગામવાર માહિતી પત્રક-અ આ સાથે સામેલ રાખેલ છે.

(૨) રાજુલા તાલુકામાં તા. ૧-૮-૦૨થી ૩૧-૭-૦૪ સુધીમાં રચવામાં આવેલ ૫ જૂથોને રૂા. ૧૦,૦૦૦/- લેખે રૂા. ૫૦,૦૦૦/-નું રીવોલ્વીંગ ફંડ આપેલ તેમજ જાફરાબાદ તાલુકામાં તા. ૧-૮-૦૨થી તા. ૩૧-૭-૦૩ સુધીમાં રચવામાં આવેલ ૨ જૂથોને રૂા. ૧૦,૦૦૦/- લેખે રૂા. ૨૦,૦૦૦/-નું રીવોલ્વીંગ ફંડ આપેલ છે. જેનું જુથવાર પત્રક-બ સામેલ રાખેલ છે.

**પત્રક-અ**

**<u>રાજુલા તાલુકામાં એસ.જી.એસ.વાય. યોજના નીચે રચવામાં આવેલ સ્વસહાય જુથની ગામવાર માહિતી</u>**

| અનું. | ગામનું નામ | તા. ૧-૮-૦૨થી ૩૧-૭-૦૩ દરમ્યાન નોંધાયેલ ગૃપની સંખ્યા | તા. ૧-૮-૦૩થી૩૧-૦૭-૦૪ દરમ્યાન નોંધાયેલ ગૃપની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | નાની ખેરાળી | ૧ | ૦ |
| ૨ | વાવેરા | ૨ | ૧ |
| ૩ | મોટી ખેરાળી | ૩ | ૦ |
| ૪ | ધારાનો નેસ | ૧ | ૦ |
| ૫ | હડમતીયા | ૨ | ૦ |
| ૬ | કુંભારીયા | ૨ | ૧ |
| ૭ | સાજણવાવ | ૧ | ૦ |
| ૮ | મસુદડા | ૧ | ૦ |
| ૯ | મોરંગી | ૧ | ૧ |
| ૧૦ | ભેરાઈ | ૧ | ૦ |
| ૧૧ | પીપાવાવ | ૩ | ૨ |
| ૧૨ | નીગાળા-૧ | ૨ | ૦ |
| ૧૩ | માંડરડી | ૧ | ૦ |
| ૧૪ | ભાક્ષી | ૧ | ૦ |
| ૧૫ | ડોળીયા | ૧ | ૦ |
| ૧૬ | નેસડી | ૧ | ૦ |
| ૧૭ | દિપડીયા | ૧ | ૦ |
| ૧૮ | ચોત્રા | ૧ | ૦ |
| ૧૯ | દેવકા | ૨ | ૧ |
| ૨૦ | ભચાદર | ૧ | ૦ |
| ૨૧ | ખાંભલીયા | ૧ | ૦ |
| ૨૨ | મોભીયાણા | ૩ | ૦ |
| ૨૩ | બર્બટાણા | ૧ | ૧ |
| ૨૪ | ખાખબાઈ | ૦ | ૩ |
| ૨૫ | ઉચૈયા | ૦ | ૧ |
| ૨૬ | હીડોરણા | ૦ | ૧ |
| ૨૭ | ધારેશ્વર | ૦ | ૧ |
| ૨૮ | નવા આગરીયા | ૦ | ૧ |
| | કુલ | ૩૪ | ૧૪ = ૪૮ |

**જાફરાબાદ તાલુકામાં એસ.જી.એસ.વાય. યોજના નીચે રચવામાં આવેલ સ્વસહાય જુથની ગામવાર માહિતી**

| અનુ. | ગામનું નામ | તા.૧-૮-૦૨થી ૩૧-૭-૦૩ દરમ્યાન | તા.૧-૮-૦૩ થી ૩૧-૭-૦૪ |
|---|---|---|---|
| ૧ | રોહીસા | ૧ | ૦ |
| ૨ | છેલણા | ૧ | ૦ |
| | કુલ | ૨ | ૦ = ૨ |

**પત્રક-બ**

| અ.નં. | જુથનું નામ | ગામનું નામ | અપાયેલ રીવોલ્વીંગ ફંડ | તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ડૉ આંબેડકર બચત જુથ | માંદરડી | ૧૦,૦૦૦ | ૨૫-૨-૦૩ |
| ૨ | જય ભંડારીદાદા બચત જુથ | ભાક્ષી | ૧૦,૦૦૦ | ૨૫-૨-૦૩ |
| ૩ | બુટ ભવાની બચત જુથ | ડોળીયા | ૧૦,૦૦૦ | ૨૫-૨-૦૩ |
| ૪ | મહાકાળી બચત જુથ | મો.ખેરાળી | ૧૦,૦૦૦ | ૩૧-૧-૦૪ |
| ૫ | જય શ્યામ બચત જુથ | ધારાનો નેસ | ૧૦,૦૦૦ | ૩૧-૧-૦૪ |
| | | કુલ | ૫૦,૦૦૦ | |
| ૨ | જાફરાબાદ તાલુકામાં રીવોલ્વીંગ ફંડની વિગત દર્શાવતું પત્રક | | | |
| ૧ | એકતા બચત જુથ | રોહીસા | ૧૦,૦૦૦ | ૧-૭-૦૩ |
| ૨ | જય મહીલા મંડળ | છેલણ | ૧૦,૦૦૦ | ૩૦-૯-૦૩ |
| | | કુલ.. | ૨૦,૦૦૦ | |

-----------------

## પાટણ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના બાકી હપ્તા તથા અધિકારી સામે ફરીયાદ

અતારાંકિત : ૨૭૬૬ (૧૪-૧૦-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પાટણ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૮-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસ યોજનાના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) તેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય હપ્તો ચૂકવાયેલ કેટલા છે, બાકી કેટલા છે, હપ્તા નહિ ચુકવવાના કારણો શા છે?

(૩) મંજૂર થયેલા પરંતુ હપ્તા બાકી હોય તેઓને આ કેટલી રકમ ક્યારે ચુકવવામાં આવનાર છે,

(૪) આ યોજના હેઠળ લાભાર્થીઓ પાસેથી રૂા. ૩૦૦/-ની રકમો સંબંધિત અધિકારીઓ દ્વારા લેવાય છે તે સરકાર જાણે છે, અને

(૫) જો હા, તો આ અંગે સરકારને કેટલી ફરિયાદો મળી છે, સરકારે કસૂરદાર સામે શું પગલાં લીધા?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૪-૧૨-૦૪) :

(૧) પાટણ જિલ્લામાં છેલ્લા તા. ૩૦-૮-૦૪ની સ્થિતિએ બે વર્ષમાં કુલ ૫૪૩ આવાસ બનાવવામાં આવેલ છે.

(૨) તા. ૩૦-૮-૦૪ની સ્થિતિએ બનાવવામાં આવેલ તમામ આવાસોના તમામ હપ્તાઓનું ચુકવણું કરવામાં આવેલ હોઈ બાકી હપ્તા ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉપર (૨) માં જણાવ્યા મુજબ મંજુર થયેલા અને બનાવવામાં આવેલ તમામ આવાસોનું હપ્તાઓનું ચુકવણું કરવામાં આવેલ છે. ઉપરોકત વિગતે બાકી ચુકવણાના હપ્તા કે રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ યોજના હેઠળ લાભાર્થીઓ પાસેથી કોઈ રકમ લેવામાં આવતી નથી. પરંતુ ઈન્દિરા આવાસ યોજનાની યુનિટ કોસ્ટ રૂા. ૪૦,૦૦૦/- પૈકી સરકાર તરફથી રૂા. ૩૬,૦૦૦/-ની રોકડ સહાય અને લાભાર્થીએ રૂા. ૪,૦૦૦/- શ્રમફાળા તરીકે ભોગવવાના હોય છે.

(૫) આ અંગે કોઈ ફરિયાદ અત્રે મળેલ નથી. જેથી તપાસ કરવાનો કે કસુરવાર સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------

## વાંકાનેર તાલુકામાં પંચાસર ગામે પેશકદમી

અતારાંકિત : ૨૭૮૭ (૨૬-૧૦-૨૦૦૪) **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વાંકાનેર તાલુકાના પંચાસર ગામે ૧૧૩ અરજદારોએ પેશકદમીની ફરીયાદ સરકારને કરી છે, તે વાત સાચી છે,

(૨) જો હા, તો પેશકદમી દૂર કરવા સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે, અને
(૩) દબાણકારો કે હોદ્દેદારો સામે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૪-૧-૨૦૦૫) :
(૧) હા, જી.
(૨) પંચાયત હસ્તકના ૪૫ અને રેવન્યુ હસ્તકના ૯ દબાણો દૂર કરવામાં આવેલ છે. બાકીના દબાણો દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે.
(૩) ૧૧ દબાણો હટાવવા દબાણકારોને ફરીવાર નોટીસો આપવામાં આવેલ છે. ૨૩ કિસ્સામાં દબાણના કેસ દાખલ કરેલ છે, ૮ દબાણો હટાવવા હુકમ કરેલ છે. અને બાકીના કેસો દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે. તેમજ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈ મુજબ ગ્રામ પંચાયતને નોટીસ આપવામાં આવી છે.

------------------

## ગઢડા અને ઉમરાળા તાલુકાના વિકાસના કામો પૂર્ણ કરવા અંગે

અતારાંકિતઃ ૨૮૦૮ (૯-૧૧-૨૦૦૪) **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -
(૧) તા. ૩૧-૧૦-૦૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ગઢડા અને ઉમરાળા તાલુકાના કેટલા પંચાયત હસ્તકના વિકાસ કામો અધૂરા છે,
(૨) કેટલા સમયથી અધૂરા છે, અને
(૩) ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૫-૧-૦૫) :
(૧) ગઢડા તાલુકામાં ૧૧ અને ઉમરાળા તાલુકામાં ૫૮ કામો અધૂરા છે.
(૨) ગઢડા તાલુકામાં સામેલ પત્રક મુજબ અને ઉમરાળા તાલુકામાં સાત માસથી (પત્રક સામેલ છે.)
(૩) ગઢડા તાલુકામાં નવેમ્બર-૨૦૦૪માં પાંચ કામો, ડીસેમ્બર-૨૦૦૪માં એક કામ જાન્યુઆરી-૨૦૦૫માં બે કામ પૂર્ણ કરવામાં આવશે, ત્રણ કામો પૂર્ણ થઈ શકે તેમ નથી અને ઉમરાળા તાલુકામાં વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

### ઉમરાળા તાલુકાના બાકી કામોની વર્ષ/હેડવાર માહિતી.
### ૧૫ ટકા વિવેકાધીન યોજના ૨૦૦૩/૨૦૦૪

| ક્રમ | કામનું નામ | અંદા. રકમ | ખર્ચ | કામની સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ચોગઠ હરીજન વાસમાં બોર પંપ | ૫૦,૦૦૦ | -- | કામ શરૂ |
| ૨ | દડવા હરી. વાસમાં સી.સી. રોડ | ૫૦,૦૦૦ | -- | એગ્રીમેન્ટ બાકી |
| ૩ | રામણકા ભંગીવાસમાં ડંકી | ૨૫૦૦૦ | -- | કામ શરૂ |
| ૪ | ચોગઠ ગામ રક્ષક પાળો | ૧૦૧૭૦૦ | -- | કામ શરૂ |
| ૫ | ડંભાળીયા વોશીંગ ઘાટ | ૪૦૧૦૦ | ૨૯૫૮૮ | કામ શરૂ |
| ૬ | ઉમરાળા બાલમંદિર મેટલ રોડ | ૫૦૮૦૦ | -- | કામ શરૂ |
| ૭ | તરપાળા એચ.પી. ડ્રેઈન | ૩૦૦૦૦ | -- | કામ શરૂ |
| ૮ | વડોદ આંગણવાડી કેન્દ્ર ફરતી વંડી | ૩૦૦૦૦ | -- | કામ શરૂ |
| ૯ | ભોજાવદર મેટલ રોડ | ૫૦૮૦૦ | -- | કામ શરૂ |
| ૧૦ | લંગાળા હરી. વાસમાં નાળાનું કામ | ૩૦૦૦૦ | -- | કામ શરૂ |
| ૧૧ | હડમતાળા પાઈપ લાઈન | ૫૦૫૦૦ | -- | કામ શરૂ |
| ૧૨ | ધારૂકા જાહેર રુતરડી | ૧૬૧૦૦ | -- | કામ શરૂ |
| ૧૩ | ધારૂકા અવેડા પર સ્લેપ | ૬૦૦૦૦ | -- | કામ શરૂ |
| ૧૪ | કેરીયા રાજેલા પેવિંગ | ૬૦૨૦૦ | -- | કામ શરૂ |
| ૧૫ | ચોગઠ ઓપન ગટર | ૫૦૬૦૦ | -- | કામ શરૂ |
| **૫ ટકા પ્રોત્સાહક યોજના-૨૦૦૩/૨૦૦૪** | | | | |
| ૧ | ઉમરાળા સ્મશાન ગૃહનું કામ | ૨૦૦૦૦૦ | -- | કામ શરૂ |
| **૧૫ ટકા વિવેકાધિન યોજના ૨૦૦૪-૨૦૦૫** | | | | |
| ૧ | પીપરાળી સી.સી.રોડ | ૭૪૮૦૦ | -- | કામ શરૂ |
| ૨ | ગોલરામા સી. સી. રોડ | ૫૧૦૦૦ | -- | કામ શરૂ |
| ૩ | ધારૂકા સી.સી. રોડ | ૧૦૦૫૦૦ | -- | કામ શરૂ |
| ૪ | ધરવાળા શાળા ફરતી દિવાલ | ૪૦૮૦૦ | -- | કામ શરૂ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | નવા રામણકા શાળા ફરતી દિવાલ | ૪૦૮૦૦ | -- | કામ શરૂ |
| ૬ | ઢોડા અંડર ગ્રાઉન્ડ ગટર | ૭૫૨૦૦ | -- | કામ શરૂ |
| ૭ | નવા અમલપર અવેડો | ૨૪૮૦૦ | -- | કામ શરૂ |
| ૮ | વાંગધ્રા પંચાયત ગૃહ ફરતી દિવાલ | ૨૫૦૦૦ | -- | કામ શરૂ |
| ૯ | બોચડવા આંગણવાડી ફરતી દિવાલ | ૪૦૮૦૦ | -- | કામ શરૂ |
| ૧૦ | ચોગઠ સી.સી. રોડ | ૧૦૦૫૦૦ | -- | કામ શરૂ |
| ૧૧ | લંગાળા આંગણવાડી ફરતી દિવાલ | ૫૦૦૦૦ | -- | કામ શરૂ |
| ૧૨ | લંગાળા પાઈપ લાઈન | ૨૬૫૦૦ | -- | કામ શરૂ |
| ૧૩ | ચોગઠ હરી. વાસમાં સી.સી. રોડ | ૫૧૦૦૦ | -- | કામ શરૂ |
| **ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ-૨૦૦૨/૨૦૦૩** | | | | |
| ૧ | રંઘોળા ગામે અંડર ગ્રાઉન્ડ ગટર | ૧૧૦૬૯૬ | -- | કામ શરૂ |
| **ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ-૨૦૦૩/૨૦૦૪** | | | | |
| ૧ | ઉજવાવ વડોદના રસ્તે અવેડો | ૨૪૮૦૦ | -- | કામ શરૂ |
| ૨ | રેવજા ભંગીવાસમાં ડંકી | ૨૫૦૦૦ | -- | કામ શરૂ |
| ૩ | ધોળા જં. પોલીસલાઈન સી.સી. રોડ | ૧૦૦૦૦૦ | -- | કામ શરૂ |
| ૪ | ગોલરામા શાળા વંડી | ૧૦૦૦૦૦ | -- | કામ શરૂ |
| ૫ | વાંગધ્રા સી.સી. રોડ | ૧૦૦૦૦૦ | -- | કામ શરૂ |
| ૬ | ચોગઠ ગ્રા. રક્ષક દિવાલનું કામ | ૧૦૧૭૦૦ | -- | કામ શરૂ |
| ૭ | રતનપુર નવા પ્લોટમાં સી.સી.રોડ | ૧૦૦૦૦૦ | -- | કામ શરૂ |
| **ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ-૨૦૦૪/૨૦૦૫** | | | | |
| ૧ | લંગાળા દરબાર ગઢમાં સી.સી.રોડ | ૧૯૯૯૫૦ | -- | કામ શરૂ |
| **સંસદસભ્યશ્રીની ગ્રાન્ટ-૨૦૦૨/૨૦૦૩** | | | | |
| ૧ | ઉમરાળા પ્લોટ વિસ્તારમાં સી.સી.રોડ | ૧૦૬૦૦૦ | -- | કામ શરૂ |
| ૨ | ઈંગરાળામાં કોમ્યુનીટી હોલ | ૧૯૯૬૮૦ | -- | કામ શરૂ |
| ૩ | ધરવાળા એપ્રોચ રોડનું કામ | ૮૦૮૦૦૦ | -- | કામ શરૂ |
| **સંસદસભ્યશ્રીની ગ્રાન્ટ-૨૦૦૩/૨૦૦૪** | | | | |
| ૧ | ટીંબી સોડીયમ લાઈટ/રસ્તાનું કામ | ૧૯૬૯૨૦ | -- | કામ શરૂ |
| ૨ | રેવા સી.સી.રોડ | ૪૯૮૯૦ | -- | કામ શરૂ |
| ૩ | રતનપુર સી.સી. રોડ | ૨૪૯૬૦ | -- | કામ શરૂ |
| ૪ | રતનપુર સી.સી.રોડ | ૨૪૯૬૦ | -- | કામ શરૂ |
| ૫ | ડેડકડી સી.સી.રોડ | ૪૯૮૯૦ | -- | કામ શરૂ |
| ૬ | લીમડા સી.સી.રોડ | ૯૯૯૫૦ | -- | કામ શરૂ |
| ૭ | ઝાંઝમેર નાળાનું કામ | ૫૬૫૪૦ | -- | કામ શરૂ |
| ૮ | વડોદ સી.સી.રોડ | ૯૯૯૫૦ | -- | કામ શરૂ |
| ૯ | ટીબી ગટર | ૭૪૯૪૦ | -- | કામ શરૂ |
| **સંસદસભ્યશ્રીની ગ્રાન્ટ-૨૦૦૪/૨૦૦૫** | | | | |
| ૧ | લીમડા અંડર ગ્રાઉન્ડ ગટર | ૧૯૯૮૩૦ | -- | કામ શરૂ |
| **૧૧માં નાણા પંચના કામો-૨૦૦૩/૨૦૦૪** | | | | |
| ૧ | કેરીયા સી.સી.રોડ | ૧૭૪૭૧૪ | -- | કામ શરૂ |
| ૨ | ઉજળવાવ પાણીની ટાંકી | ૧૫૦૦૦ | ૬૭૯૧૧ | કામ શરૂ |
| ૩ | દડવા પાઈપ લાઈન | ૧૮૮૦૦૦ | ૫૧૭૧૫ | કામ શરૂ |
| ૪ | તરપાળા પાણીની ટાંકી | ૧૦૨૧૧૮ | -- | કામ શરૂ |
| ૫ | ટીંબી સી.સી. રોડ | ૧૯૯૭૦૦ | ૧૨૭૪૬૦ | કામ શરૂ |
| ૬ | ઢોડા પાણીની ટાંકી | ૧૪૯૦૦૦ | ૨૧૬૫૨ | કામ શરૂ |

-----------------

## ગઢડા અને ઉમરાળા તાલુકાના વિકાસકામોની પ્રગતિનું પત્રક

| ક્રમ | કામનું નામ | ગામનું નામ | યોજના | વર્ષ | અંદાજી રકમ | થયેલ ખર્ચ | કામ ક્યારે પુરૂ થશે | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | સ્મશાન છાપરી | નવારામપરા | એમ.પી.ગ્રાન્ટ | ૯૫-૯૬ | ૪૦૦૦૦/- | ૨૧૦૦૦/- | નહીં થાય | જે તે સમયે થયેલ હાલ કામ બિલકુલ સ્થળ પર રહેલ નથી |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | રહેલ નથી. |
| ૨ | પ્રા. શાળાનાં રૂમ | લીંબડીયા | એમ.પી.ગ્રાન્ટ | ૯૬-૯૭ | ૧૦૦૦૦૦/- | ૧૪૭૧૮/- | નથી કરવાનું | જુના અંદાજપત્રમાં ગ્રામ પંચાયત કામ આગળ કરવા તૈયાર નથી. શાળાના ઓરડાની જરૂરત નથી. |
| ૩ | ગોવિંદ લખમણના ઘરથી વલ્લભ જીવરાજના ઘર સુધી સી.સી.રોડ | માલપરા | એમ.પી.ગ્રાન્ટ | ૨૦૦૨-૦૩ | ૧૦૦૦૦૦/- | -- | ૧૦-૧૨-૦૪ | -- |
| ૪ | ગામે કોમ્યુનીટી હોલ | માંડવધાર | એમ.પી.ગ્રાન્ટ | ૨૦૦૨-૦૩ | ૧૪૫૫૦૦/- | ૧૦૦૦૦૦/- | ૩૧-૧૨-૦૪ | -- |
| ૫ | પક્ષીમ ગઢાળી ગામે સ્મશાન છાપરી | ગઢાળી | એમ.એલ.એ. | ૨૦૦૩-૦૪ | ૫૦૦૦૦/- | -- | ૩૧-૧૨-૦૪ | -- |
| ૬ | ખીજડીયા ગામે ઓવરહેડ ટાંકીનું કામ | ખીજડીયા | ૧૫ ટકા આયોજન | ૨૦૦૩-૦૪ | ૧૮૭૯૦૦/- | ૯૯૫૦૦/- | ૧૫-૧-૦૫ | -- |
| ૭ | ધુફણીયા ગામે પંચાયત ઘર | ધુફણીયા | ૧૧મું નાણાંપંચ | ૨૦૦૨-૦૩ | ૧૮૦૦૦૦/- | ૨૯૪૦૮/- | -- | સ્થળ વિવાદનાં કારણે આગળ થઈ શકે તેમ નથી. |
| ૮ | રતનપર કોમ્યુનીટી હોલ | રતનપર ગામ | ૧૧મું નાણાંપંચ | ૨૦૦૨-૦૩ | ૧૮૦૦૦૦/- | ૧૦૩૫૫૩/- | ૩૧-૧૨-૦૪ | -- |
| ૯ | પ્રા.શાળાના બે રૂમ | માંડવા | ૧૧મું નાણાંપંચ | ૨૦૦૩-૦૪ | ૨૬૪૦૦૦/- | ૨૪૦૦૦૦/- | ૩૧-૧૧-૦૪ | -- |
| ૧૦ | પાણીની ટાંકી | પીપરડી | ૧૧મું નાણાંપંચ | ૨૦૦૩-૦૪ | ૧૬૯૪૦૦/- | ૧૬૪૮૬૭/- | ૩૧-૧૨-૦૪ | -- |
| ૧૧ | પંચાયત ઘર મંત્રી ઘર | ગામ રાયપર | સી.ડી.પી.ગ્રાન્ટ | ૨૦૦૨-૦૩ | ૧૮૦૦૦૦/- | ૬૯૨૨૨/- | ૩૧-૧૨-૦૫ | -- |

--------------------

## ભાવનગર જિલ્લામાં તલાટી કમ મંત્રી વિરૂધ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૨૮૦૯ (૯-૧૧-૨૦૦૪) **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૦-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા પંચાયત ભાવનગરમાં કેટલા તલાટી કમ મંત્રી વિરૂધ્ધ ફરિયાદ થઈ છે, અને

(૨) કેટલા ઉપર પોલીસ કેસ થયેલા છે?

**પંચાયત મંત્રીશ્રી** (૧૩-૧-૦૫) :

(૧) ૧૨૦.

(૨) ૬ (છ).

-----------------

## રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકોને ખેતી માટે સરકારી જમીન આપવા અંગે

અતારાંકિત :૨૭૯૩ (૪-૧૧-૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકોને વ્યક્તિગત તેમજ સામુહિક ખેતી મંડળીને રાજ્ય સરકારે સને ૨૦૦૦ થી ઓકટોબર-૨૦૦૪ દરમિયાન કુલ કેટલા એકર જમીન ખેતી માટે આપી છે,

(૨) કયા પ્રકારની જમીન (ખાલસા કરીને) ખેતી માટે આપેલ છે, અને

(૩) કેટલા એકર જમીનના કબજા હજુ મૂળ લોકો પાસે છે અને કેટલા એકર લાભાર્થીઓ અથવા મંડળી પાસે છે?

**મહેસુલ મંત્રીશ્રી** (૩-૧-૦૫) :

(૧) કોઈ જમીન આપી નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------

**રાજકોટ તાલુકાના મામલતદાર સામે નિયમના ભંગ માટે પગલાં લેવા અંગે**

અતારાંકિત : ૨૭૯૪ (૪-૧૧-૨૦૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૫-૭-૨૦૦૪ના હુકમથી રાજકોટ તાલુકા મામલતદારે ૧૯૪૯ના (સૌરાષ્ટ્ર ઘરખેડ) અધિનયમની કલમ ૫૪ તેમજ નિયમ ૧૮નું ઉલ્લંઘન કરીને સરકારના નિયમ વિરૂધ્ધ જઈને એક બિનખેડૂત ખાતેદારને ગેરકાનુની ફાયદો થાય તેવી કામગીરી કરી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સંબંધિત મામલતદાર સામે શું પગલાં લેવામાં આવ્યા?

**મહેસુલ મંત્રીશ્રી** (૨૫-૧-૦૫) :

(૧) હા, જી.

(૨) મદદનીશ કલેકટરશ્રી, રાજકોટ દ્વારા સંબંધીત મામલતદાર સામે કરવામાં આવેલ પ્રાથમિક તપાસ અહેવાલ સરકારશ્રીને મળેલ છે, જે ચકાસણી હેઠળ છે.

------------------

**ડીસા તાલુકાના ઝેરડા ગામે આવેલ જાહેર તળાવની જમીનમાં દબાણ**

અતારાંકિત : ૨૮૨૯ (૧૦-૧૨-૨૦૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ડીસા તાલુકાના ઝેરડા ગામે આવેલ જાહેર તળાવમાં લાંબા સમયથી ગુન્હાહીત ઈસમોએ જમીનમાં દબાણ કરી તળાવ હડપ કરી લીધું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દબાણકર્તાઓ કોણ છે તથા તેમણે કયા પ્રકારનું દબાણ કેટલા સમયથી કર્યું છે, અને

(૩) તળાવના દબાણ દૂર કરવાની જવાબદારી કોની થાય છે અને તેમાં નિષ્ફળ જવા બદલ તેમની સામે શાં પગલાં લેવાયા છે?

**મહેસુલ મંત્રીશ્રી** (૨૭-૧-૦૫) :

(૧) પ્રશ્ન એક તળાવ માટે પુછાયો છે પણ ગામે એક કરતાં વધુ તળાવો છે. પ્રશ્નમાં તળાવની કોઈ વિગત નથી. આથી ગામ ગોંદરામાં આવેલ બંન્ને તળાવો ખુલ્લા છે અને તેમાં કોઈ દબાણ થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

-----------------

**જામનગર તાલુકાના મસીતીયા ગામથી લાલપુર રોડને જોડતો રસ્તો પૂર્ણ કરવા અંગે**

અતારાંકિત : ૨૨૭૪ (૨૨-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર તાલુકાના મસીતીયા ગામથી લાલપુર રોડને જોડતો રોડ વર્ષો પહેલાં મંજુરી મળેલ હોવા છતાં પણ પૂર્ણ કરવામાં આવ્યો નથી તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ રોડ પુરો કરવાની કાર્યવાહી કયા તબક્કે છે,

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે,

(૪) આ રોડ ઉપર કોઈ નાળા-પુલિયાના કામો ચાલે છે કે કેમ, અને

(૫) કેટલા સમયમાં આ કામો પૂર્ણ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૪-૧૨-૦૪) :

(૧) હા, જી.

(૨) ટેન્ડર મંજુર થયેલ છે અને ઈજારદારશ્રીને ટેન્ડર સ્વીકૃતિપત્ર આપવામાં આવેલ છે.

(૩) કામની સમય મર્યાદા ૧૦ માસની છે.

(૪) ના, જી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

-----------------

### રાજકોટથી અમદાવાદ સુધીનો ફોરટેક રોડ ઉપર બોગન વેલ રોપવા બાબત

અતારાંકિત : ૨૭૦૦ (૩૦-૯-૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજકોટ-અમદાવાદ ફોરટ્રેક રોડ ક્યારે બનાવવામાં આવ્યો,
(૨) આ રસ્તામાં ડીવાઈડર પર બોગનવેલ રોપી ઉછેરવાનું કામ શરૂ કરવામાં આવ્યુ નથી તે હકીકત સાચી છે અને તેના શા કારણો છે, અને
(૩) તે કામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૩૦-૧૨-૦૪) :

(૧) ચારમાર્ગીય બનાવવાની કામગીરી હુડકો સહાયિત યોજનાથી તથા ભારત સરકાર દ્વારા મંજુર થયેલ કામો અન્વયે ૧૯૯૯માં શરૂ કરી મહદ્દઅંશે માર્ચ-૨૦૦૩માં પૂર્ણ કરવામાં આવેલ છે.
(૨) અને (૩) બોગનવેલ રોપી ઉછેરવાનું કામ શરૂ કરવામાં આવેલ છે.

-----------------

### લોધીકા તાલુકાની મામલતદાર કચેરીનું મકાન

અતારાંકિતઃ ૨૭૩૭ (૧૧-૧૦-૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાની મામલતદાર કચેરી ભૂકંપમાં ભયગ્રસ્ત થઈ ગયા બાદ તા. ૩૦-૦૯-૦૪ની સ્થિતિએ મામલદાર કચેરી સ્ટાફ કવાર્ટર્સમાં બેસે છે તે વાત સાચી છે, અને
(૨) જો હા, તો લોધીકા મામલતદાર કચેરીનું નવું મકાન ક્યાં સુધીમાં તૈયાર કરવામાં આવનાર છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૪-૧૨-૦૪) :

(૧) હા, જી.
(૨) મહેસુલ વિભાગ દ્વારા દરખાસ્ત વિચારણા હેઠળ છે. કામની વહીવટી મંજુરી મળ્યા બાદ, ટેન્ડર પ્રક્રિયા કરી એજન્સી નક્કી થયે કામ પૂર્ણ કરવાનું આયોજન વિચારી શકાય.

-----------------

### ચોટીલા તાલુકાના ગારીડા ગામે કોઝવેના નબળા કામની ફરીયાદ

અતારાંકિત : ૨૭૮૯ (૧-૧૧-૨૦૦૪) **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૯-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચોટીલા તાલુકાના ગારીડા ગામે કોઝવેના નબળા કામની ફરીયાદ સરકારને મળેલ છે કે કેમ, અને
(૨) જો હા, તો તપાસ અહેવાલમાં તથ્ય જણાયેલ છે કે કેમ, અને
(૩) જો હા, તો નબળા કામ માટે જવાબદારો સામે પગલાં લેવામાં આવેલ છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૪-૧૨-૨૦૦૪) :

(૧) હા, જી.
(૨) ક્ષતિઓ જણાયેલ છે.
(૩) જવાબદારોના ખુલાસા માંગેલ છે.

-----------------

### કાલોલ તાલુકાના વેજલપુરની છાત્રાલયનો વિદ્યાર્થી છાત્રાલય છોડી જવા અંગે

અતારાંકિત :૨૭૭૯ (૨૫-૧૦-૨૦૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં અનુસૂચિત જાતિ તથા બક્ષીપંચના છાત્રાલયોમાં સ્વાદ વિનાના ભોજનથી કંટાળીને વિદ્યાર્થીઓ ચાલ્યા જાય છે તે ફરીયાદ સરકાર જાણે છે,
(૨) જો હા, તો કાલોલ તાલુકાના વેજલપુરની સ્વામી વિવેકાનંદ કુમાર છાત્રાલયમાં રહેતા એક વિદ્યાર્થી તા. ૪-૧૦-૨૦૦૪ના રોજ છાત્રાલય છોડી વડોદરા ભાગી આવેલ છે, તે વાત સાચી છે,

(૩) જો હા, તો આ પ્રકરણની સરકાર કોઈ તપાસ કરી, આવી ગંભીરતાને ધ્યાને લઈ સંસ્થા સામે કોઈ પગલાં ભરવા માંગે છે કે કેમ,

(૪) આવું પુનરાવર્તન ન થાય તે માટે રાજ્યની આશ્રમશાળા/છાત્રાલયોની તપાસ માટે કોઈ સમિતિ બનાવવા સરકારે વિચારેલ છે, અને

(૫) આ અંગેની કાર્યવાહી ક્યાં સુધીમાં કરવા સરકારનું આયોજન છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૭-૧-૨૦૦૫) :

| | **અનુસૂચિત જાતિ કલ્યાણ** | **વિકસતી જાતિ કલ્યાણ** |
|---|---|---|
| (૧) | અનુસૂચિત જાતિના છાત્રાલયો માટે આવી કોઈ ફરિયાદ મળેલ નથી. | વિકસતી જાતિના છાત્રાલયો માટે આવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ એક વિદ્યાર્થી જાતે જતો રહેલ છે. | વિકસતી કલ્યાણ ખાતાને લગતી બાબત નથી. |
| (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) | ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો/આશ્રમશાળાઓની સર્વગ્રાહી આકસ્મિક તપાસ માટે આ વિભાગના તા. ૩૦-૫-૯૬ના ઠરાવથી સમિતિ તથા તા. ૧૮-૬-૨૦૦૪ના ઠરાવથી પેટા સમિતિની રચના કરેલ છે. ઉપરાંત રાજ્ય કક્ષાએથી અવાર-નવાર સ્કોવોર્ડ ગોઠવવામાં આવે છે. | સામે મુજબ |
| (૫) | સમયાંતરે સ્કોવોર્ડ કરવામાં આવે છે. | સામે મુજબ |

-----------------

## પાલીતાણામાં ભૂંડને પકડીને હિંસા આચરવા બાબત

અતારાંકિતઃ ૨૬૮૭ (૧૪-૯-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પવિત્ર યાત્રાધામ પાલીતાણામાં છેલ્લા કેટલાંક સમયથી ભૂંડને ક્રૂર પધ્ધતિ વડે પકડી હિંસા આચરવામાં આવી રહી છે તે હકીકત સરકાર જાણે છે,

(૨) આ હિંસાચારને કારણે જૈન આચાર્યો, મુનિઓની ધાર્મિક લાગણી તીવ્ર પણે દુભાઈ રહી છે તે હકીકત સરકાર જાણે છે

(૩) આ ગુન્હાહિત કામના આરોપીઓ કોણ છે તથા સરકારે આ હિંસા અટકાવવા જવાબદારો સામે શાં પગલાં લીધા છે, અને

(૪) પવિત્ર યાત્રાધામોને ભૂંડના સંરક્ષણ માટે તથા તેને સુરક્ષિત રાખવા શું આયોજન કર્યું છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૦-૧-૦૫) :

(૧) રજુઆત મળેલ છે.

(૨) મળેલ રજુઆતમાં લાગણી દુભાયા હોવાનું જણાવેલ છે.

(૩) કલેકટરશ્રી ભાવનગરે જણાવ્યા મુજબ પાલીતાણામાં ચોરી છુપીથી ભૂંડને પકડતા શીખ આરોપીઓ સામે ઢોર અતિક્રમણ ધારાની કલમ-૧૧ એડીઈ મુજબ ગુનો નોંધેલ છે. આવા ગુના ફરીથી ન થાય તે માટે અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

(૪) પાલીતાણા નગરપાલિકા દ્વારા ગૌરક્ષા સંસ્થા સાથે રખડતા ભટકતા જાનવરોને પકડીને સુરક્ષા પુરી પાડવાના કરાર કરવામાં આવેલ છે.

-----------------

## અનુસૂચિત જનજાતિના બોગસ પ્રમાણપત્રોથી સરકારી નોકરી મેળવવા બાબત

અતારાંકિત : ૨૭૪૪ (૧૨-૧૦-૦૪) **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા (વડોદરા શહેર)** : તા. ૧૨-૧૦-૨૦૦૪ના રોજ થયેલા અતારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૭૪૪ના અનુસંધાને **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અનુસૂચિત જનજાતિના બોગસ પ્રમાણપત્ર રજૂ કરીને સરકારી નોકરી મેળવનારાઓ વિરૂધ્ધ પગલા ભરવા માટે સર્વોચ્ચ અદાલતના ચૂકાદા મુજબ, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક વિશ્લેષણ સમિતિની રચના ક્યારે કરવામાં આવી,

(૨) આ સમિતિની બેઠકો નિયમિત મળતી નથી એ હકીકતથી સરકાર વાકેફ છે ખરી, અને

(૩) જો હા, તો સમિતિની બેઠક નિયમિત મળે અને બોગસ અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો રદ કરવાની પ્રક્રિયામાં થતા વિલંબને નિવારવા શા પગલાં ભરવામાં આવનાર છે?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** (૨૩-૧૧-૦૫) :

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૦-૭-૨૦૦૦ના ઠરાવ ક્રમાંક : અજપ-૧૦૯૭-૧૬૪૯-ચ અન્વયે વિશ્લેષણ સમિતિની રચના કરવામાં આવી છે.

(૨) આ સમિતિની બેઠકો નિયમિત મળે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

## અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૧૫૯, ૨૭૬૩, ૨૮૧૧ | ૩ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૨૦૦૦, ૨૫૨૨, ૨૬૨૯, ૨૬૯૫, ૨૭૭૫ | ૫ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૬૪૯, ૨૮૨૭, ૨૮૨૮, ૨૮૭૧, ૨૮૯૧, ૨૮૯૨, ૨૮૯૫, ૨૮૯૭ | ૮ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૨૮૧, ૨૭૩૨, ૨૭૪૯, ૨૮૪૯, ૨૮૫૨ | ૫ |
| ૫ | ગૃહ વિભાગ | ૨૭૨૬, ૨૭૮૪, ૨૮૩૦, ૨૮૩૨, ૨૮૩૭, ૨૮૩૮, ૨૮૪૨, ૨૮૮૧, ૨૮૮૨ | ૯ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૩૨૭ | ૧ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૭૫૭ | ૧ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૦૯૫, ૨૪૫૭, ૨૫૦૫, ૨૬૩૯, ૨૭૬૬, ૨૭૮૭, ૨૮૦૮, ૨૮૦૯ | ૮ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૨૭૯૩, ૨૭૯૪, ૨૮૨૯ | ૩ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૨૨૭૪, ૨૭૦૦, ૨૭૩૭, ૨૭૮૯ | ૪ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | ૨૭૭૯ | ૧ |
| ૧૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૨૬૮૭ | ૧ |
| ૧૩ | આદિજાતિ વિકાસ વિભાગ | ૨૭૪૪ | ૧ |
| | | કુલ : | ૫૦ |

----------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**અમદાવાદ શહેરમાં ફાટી નીકળેલ કમળાનો રોગચાળો**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલ તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં અમદાવાદ શહેરમાં ફાટી નીકળેલ કમળાના રોગચાળાના કારણે શહેરની પ્રજામાં ફેલાયેલ ભય, ચિંતા અને રોષની લાગણી દૂર કરવા તથા રોગચાળો પ્રસરતો અટકાવવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં ".

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)**: અમદાવાદ શહેરમાં નવેમ્બર-૨૦૦૪ થી તા. ૯ મી માર્ચ ૨૦૦૫ સુધી ૧૭૧૩ કમળાના કેસ નોંધાયેલ છે. પીવાના પાણીમાં ગટરનું પાણી ભળવાથી પાણી દૂષિત થવાને કારણે કમળાનો રોગચાળો થવા પામેલ છે. અમદાવાદ શહેરના ૪૩ વૉર્ડ પૈકી ૧૧ વૉર્ડમાં ૧૨૮૭ કમળાના કેસ નોંધાયેલ છે, જેમાં મુખ્યત્વે કાલુપુર, દરિયાપુર, શાહપુર, રાયખડ, જમાલપુર, બહેરામપુર, દાણીલીમડા, વટવા, ઈસનપુર, નરોડા રોડ તેમજ ઠક્કરબાપાનગરમાં કેસ નોંધવા પામેલ છે, તે પૈકી બે મરણ નોંધાયેલ છે.

આ રોગચાળો અટકાવવા અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા રોગ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે:

- અસરગ્રસ્ત વિસ્તારમાં તાકીદના ધોરણે સર્વેલન્સની કામગીરી કરી સ્થળ પર મોબાઈલ ડિસ્પેન્સરી દ્વારા તબીબી સારવાર આપવામાં આવે છે, તેમજ શહેરની સરકારી/મ્યુનિસિપલ હૉસ્પિટલોમાં દર્દીઓને સારવાર આપવાની વ્યવસ્થા કરેલ છે.
- કમળાના નિદાન અર્થે કૉર્પોરેશન સંચાલિત ચેપી રોગ હૉસ્પિટલ, જમાલપુરમાં વિના મૂલ્યે વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.
- પ્રાઈવેટ પ્રેક્ટિશ્નર્સ તેમજ પેથોલોજિકલ લેબોરેટરીનો સંપર્ક કરી કેસ શોધખોળની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.
- સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા દરરોજ પાણીના નમૂના લઈ રેસિડ્યુઅલ ક્લોરીન ટેસ્ટ તેમજ બેક્ટેરિયોલોજીકલ પૃથ્થકરણ કરવામાં આવે છે.
- અસરગ્રસ્ત વિસ્તારમાં ૭૨ જગ્યાએ પાણીની લાઈનો ચેક કરી પાંચ લાઈનો બદલી ગેરકાયદેસર પાણીના કનેકશનો બંધ કરવામાં આવેલ છે, તેમજ પાણીના લીકેજ શોધી તાકીદે રિપેર કરવામાં આવે છે. સદર કામગીરી હાલમાં ચાલુ છે.
- પાણીના સપ્લાય દરમ્યાન ૧,૭૪,૧૨૫ રેસિડ્યુઅલ ક્લોરીન ટેસ્ટ કરી ૧૯,૦૭,૩૬૬ ક્લોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવેલ છે.
- રોગચાળો અટકાવવા અર્થે ઘનિષ્ઠ રોગ અટકાયતી પગલાં અંગે પાણીની મુખ્ય લાઈનોને વોશ આઉટ કરી તેમજ ઊભરાતી ગટરો ડીસિલ્ટિંગની કામગીરી કરી ૨૦,૩૯૮ મૅનહોલ સાફ કરી ડ્રેનેજ લાઈનો કાર્યરત કરવામાં આવેલ છે, તેમજ જરૂરિયાત પ્રમાણે મૅનહોલના ડિસિલ્ટિંગ માટે ખાનગી કોન્ટ્રાક્ટરોની પણ સેવાઓ લેવામાં આવી રહેલ છે.
- આદર્શ સફાઈ કરી આશરે ૨,૨૫,૦૦૦ કિલોગ્રામ જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો. બિન આરોગ્યપ્રદ ખુલ્લા ખાદ્યપદાર્થોનો ૪૪,૪૫૯ કિલોગ્રામ જથ્થો નાશ કરવામાં આવેલ છે.
- જનજાગૃતિ માટે અર્બન હેલ્થ સેન્ટરોના લીંક વર્કરો દ્વારા ગૃપ મીટિંગ, આરોગ્ય પત્રિકાઓનું વિતરણ, સમાચાર પત્રોમાં પ્રેસનોટ તેમજ હોર્ડિંગ દ્વારા કમળાના રોગ તેમજ તેની અટકાયત અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે.

રાજય સરકાર દ્વારા પણ ટૅક્નિકલ માર્ગદર્શન પૂરું પાડેલ છે.

આમ ઉપર મુજબ કૉર્પોરેશન દ્વારા કમળાના રોગચાળા અંગે સમયસર સારવાર અને રોગ અટકાયતી પગલાં લેવામાં આવી રહેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા એ.ડી.બી. ના માધ્યમથી પાણીની પાઈપલાઈન બદલવા અત્યાર સુધીમાં મ્યુનિસિપલ કૉર્પોરેશનને કેટલી મદદ કરવામાં આવી? રાજય સરકાર દ્વારા શહેરોને પૂરતું પાણી આપવા માટે પણ મારા મત વિસ્તારમાં આવેલ મેઘાણીનગરના કલ્પેશ ફ્લૅટમાં ૫૭ જેટલા કમળાના કેસો બન્યા છે. આ અત્યંત આર્થિક રીતે નબળા પરિવારના લોકો છે, તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે રાજય સરકાર અમદાવાદ સિવિલ હૉસ્પિટલ દ્વારા સ્થળ ઉપર મેડિકલ કૅમ્પ કરી દવા અને સારવાર આપવાનું આયોજન કરવા માગે છે કે કેમ? બીજું ગટરનું ડીસિલ્ટિંગ નહિ કરવાના કારણે ઓવરફ્લો થવાથી પાણીની લાઈનમાં ગટરનું પાણી મિશ્ર થવાથી આ સમસ્યા ઊભી થઈ છે. એના માટે એક્શન પ્લાન બનાવી મોનિટરિંગ રાજય સરકાર દ્વારા આપણે કરવા માગીએ છીએ કે કેમ? ત્રીજું આ કોંગ્રેસની મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ઘેરઘેર કમળાના કારણે લોકો શેરડી અને ચણા ખાતા થઈ ગયા છે. આ એક્શન પ્લાન બરાબર બજાવે નહિ તો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને રાજય સરકાર સુપરસીડ કરવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : અમદાવાદ શહેરમાં કમળાના રોગચાળા માટે માનનીય સભ્યશ્રીએ લાગણી વ્યક્ત કરેલ છે. અમદાવાદ શહેરમાં ૪૩ માંથી ૪૨ વૉર્ડમાં કમળાના કેસો જણાયેલ છે, એમાં ૧૧ વૉર્ડમાં કમળાના કેસો વધારે જણાયેલ છે. તાજેતરમાં બે વ્યક્તિઓના મૃત્યુ પણ એના કારણે થયેલ છે. અમદાવાદ શહેરના અંતરિયાળ વિસ્તાર છે, જ્યાં ઘણા લાંબા સમયથી પીવાના પાણીની પાઈપલાઈન ડિસ્ટ્રિબ્યુશન લાઈન બદલવા માટેનું આયોજન હાથ ધરવું ખૂબ જરૂરી છે. પરંતુ એ કાર્ય અત્યારે કૉર્પોરેશન હાથ ધરી શક્યું નથી અને એના કારણે દૂષિત પાણીના કારણે મહદઅંશે આ પ્રકારના કેસીસ માલૂમ પડેલ છે. કૉર્પોરેશને પ્રાથમિક કાર્યવાહી કરેલ છે, પરંતુ લાંબા ગાળાની કાર્યવાહી કરવા માટે પણ કૉર્પોરેશનને જણાવેલ છે. રાજય સરકાર દ્વારા હમણાં જ એટલે કે થોડા મહિના પહેલા એ.ડી.બી. હેઠળ પીવાના પાણીની, ગટર વ્યવસ્થા તથા વરસાદી પાણીના નિકાલ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ૨૯.૨૮ કરોડ રૂપિયા પૂરા પાડેલ છે. ૬૦ લાખ રૂપિયા કુદરતી આપત્તિમાં પૂરના કારણે પાઈપોને નુકસાન થયું હતું, એના અંતર્ગત પૂરા પાડેલ છે, પરંતુ સવાલ જે રહ્યો છે. તેમાં અત્યાર સુધીમાં તે વિસ્તારોમાં પાઈપ લાઈન લીકેજીસ અને બાકીના જે પ્રોબ્લેમ રહેલા છે તેમાં ઝડપથી અને સત્વરે યોગ્ય કાર્યવાહી કરાવવા મહાનગરપાલિકાને જણાવેલ છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રમાણે વિચાર વ્યકત કર્યો છે તે મુજબ તેમના વિસ્તારમાં જ નહીં સમગ્ર વિસ્તારમાં આ પ્રકારનો સરવે હાથ ધરેલ છે. અગિયાર વોર્ડમાં વધુ કેસીસ માલૂમ પડેલ છે તેની સાથે સાથે મ્યુનિસિપલ કોર્પોરેશનની જુદી જુદી હોસ્પિટલો અને સિવિલ હોસ્પિટલ દ્વારા પણ તેની કાળજી લેવાયેલ છે અને આરોગ્ય વિભાગ દ્વારા એક સર્વેલન્સ ટીમ બનાવીને જુદા જુદા સર્વેલન્સ દ્વારા મહાનગરપાલિકાનું ધ્યાન દોરવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીએ કહયું તે મુજબ તેમના વિસ્તારોમાં કેસીસ વધારે છે ત્યાં ચોકકસપણે ઝૂંબેશ સ્વરૂપે જરૂરી જણાય તો મેડિકલ કેમ્પ દ્વારા પણ દર્દીઓને રાહત પહોંચે તે પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, આટલી મોટી માતબર રકમની આર્થિક સહાય છતાં અમદાવાદ શહેરમાં અણઆવડતને લીધે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૭૧૩ કેસ પાંચ મહિનામાં થયા છે તે સરકારી ચોપડે નોંધાયેલ કેસ છે કે તેનો પ્રાઈવેટ સરવે પણ થયો છે. હાલમાં ઈન્ડોર દર્દીઓ કેટલા છે અને જે વિસ્તારમાંણી પાણીનું પોલ્યુશન જાણવા મળેલ છે ત્યાં કલોરીનનું પ્રમાણ શું જાણવા મળેલ છે. રાજય સરકાર દ્વારા ટેકનિકલ માર્ગદર્શન કેવી રીતે પૂરું પાડવામાં આવશે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે કહેવામાં આવ્યું તે મુજબ જુદી જુદી યોજનાઓ તળે મદદ કરવામાં આવેલ છે. જે અગિયાર વોર્ડમાં વધારે કેસીસ માલૂમ પડેલ છે તે વિસ્તારમાં જે તે મહાનગરપાલિકાની હોસ્પિટલો અને સિવિલ હોસ્પિટલોમાં ઈન્ડોર પેશન્ટોને દાખલ કરાયેલ છે. રાજય સરકારે ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી અને તે પહેલાં પણ કોર્પોરેશનને જણાવેલ છે. તદ્ઉપરાંત અહીંથી ટીમ અને ઈન્વેસ્ટીગેશન દ્વારા કાર્યવાહી હાથ ધરાયેલ છે અને જે તે વિસ્તારોમાંથી પાણીના સેમ્પલ અને બાકીની તપાસણી કરીને કાર્યવાહી હાથ ધરાયેલ છે. સાથે સાથે રાજય સરકારે કલોરીન ટેબલેટ અને બ્લીચીંગ પાઉડર અને બાકીની કાર્યવાહી હાથ ધરાયેલ છે. અત્યાર સુધી જે પ્રમાણે ત્યાં ટેકનિકલીરીતે ડીસીલ્ટીંગનું કામ ચાલતું હતું તેમાં કોન્ટ્રાકટ પધ્ધતિ અને મેન્યુઅલ પધ્ધતિ અને બીજા પ્રકારની કાર્યવાહી તાજેતરમાં શરૂ કરવામાં આવેલ છે. મુખ્યત્વે જુદા જુદા પ્રકારની આરોગ્ય વિભાગ દ્વારા કોર્પોરેશનને મદદ થઈ રહેલ છે અને તમામ મદદ જે તે ધોરણોને આધીન કરવા માટેની કાર્યવાહી કરવાનો નિર્ણય કરાયેલ છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદમાં ૩૩ ટકા કરતાં વધારે લોકો ઝૂંપડપટ્ટીમાં અને ચાલીઓમાં રહે છે. આ બધા વિસ્તારોમાં વર્ષોથી પીવાના પાણી પ્રદૂષિત થવાના પ્રસંગો ઉભા થયા છે. આમાં મૂળ પ્રશ્ન પાઈપલાઈનો સડી જાય છે, સંડાસની અને પાણીની લાઈનો ભેગી થઈ જાય છે અને તેમાંથી આ પ્રશ્નો ઉભા થાય છે. તમે દારૂ માટે પી.આઈ.ને સજા કરો. આખા તંત્રની એકાઉન્ટીબીલીટી કોર્પોરેશનની અંદર જુદા જુદા વિભાગના અધિકારીઓની હોતી નથી. તો આ લોકોને જવાબદાર બનાવવા માટે અને વધારે

વિજીલન્ટ રહે અને આ વિસ્તારમાં ૪૩ વોર્ડમાંથી ૪૨ વોર્ડમાં આવું છે. આખા કોર્પોરેશનનું નીચેનું તંત્ર કેટલું બધુ ઢીલાશવાળું છે તે દેખાય છે. તો મારો આગ્રહ છે કે આખા તંત્રને ચલાવવા માટે મ્યુનિસિપલ કમિશ્નર સાથે ધારાસભ્યોની મિટીંગ કરીને સમગ્ર તંત્રને વિજીલન્ટ કરીને કોઈ એકશન પ્લાન માનનીય મંત્રીશ્રી બનાવવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, નવેમ્બર માસથી કમળાના કેસ ધ્યાન પર આવેલ છે. નવેમ્બર માસથી મહાનગરપાલિકાનું ધ્યાન દોરવામાં આવેલ છે. તે વાત મહદઅંશે સાચી છે. એકશન પ્લાન મહાનગરપાલિકાએ તૈયાર કરીને ચાલવું જોઈએ અને તે પ્રકારનો એકશન પ્લાન તૈયાર કરી શકેલ નથી. સાથે સાથે ડિસ્ટ્રિબ્યુશનની લાઈનોનો મોટો પ્રોબ્લેમ છે. આ લાઈનો બદલવા માટે મહાનગરપાલિકાને જણાવેલ છે કે આ પ્રકારનું આયોજન તાત્કાલિક અસરથી હાથ ધરવું જોઈએ. માનનીય સભ્યશ્રીની જે પ્રકારની લાગણી છે એ લાગણી મુજબ કોરપોરેશનના અધિકારીઓ અને ધારાસભ્યશ્રીઓને સાથે રાખીને જે જે વિસ્તારોમાં આ પ્રશ્ન માટેની બાકીની જે પ્રકારની જરૂરિયાત હશે એ ચોક્કસપણે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રોગચાળો ફાટે એટલે એપીડેમિક જેવી પરિસ્થિતિ થતી હોય ત્યારે માત્ર મહાનગરપાલિકાની જવાબદારી છે અથવા તો એને સૂચના આપી છે અથવા તો કહી દીધું છે એમ કહીને જો આરોગ્ય ખાતું એમાંથી છટકવા પ્રયત્ન કરતું હોય તો હરગીજ યોગ્ય નથી, બીજી બાબત એ છે કે નર્મદાનું પાણી બંધિયાર ભરી રાખવામાં આવ્યું છે તેના લીધે બંધ પાણી રોગિષ્ટ બને છે અથવા તો બૅકટેરીયા, જંતુઓનો વિકાસ ખૂબ થાય છે તો પાણી શુદ્ધ થાય એના માટે સરકાર કંઈક પ્રયત્ન કરવા માગે છે, બીજી બાબત એ છે કે જે અમદાવાદ મહાનગરપાલિકાની અંદર માણસો મરી રહ્યા હોય અને એ માણસોની ચિતા ઉપર ખીચડી પકવવાના ઉદ્દેશથી જો પગલાં લેવા માટેની વાત હોય તો આ ગંભીર બાબત છે, આ બાબતમાં સરકાર ખરેખર શું કરવા માગે છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ડો. દિનેશભાઈ તો ભૂતકાળમાં આરોગ્ય મંત્રી રહી ચૂકેલા છે, માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ થાત જો મારા આ પ્રશ્નને રાજકીય સ્વરૂપ આપ્યું નહોત પણ માનનીય દિનેશભાઈએ જે પ્રકારનું સ્વરૂપ આપ્યું છે ત્યારે એમણે જે કોઈ સૂચનો અહીંયાં કર્યા છે એ ખરેખર એમના ગરીબ વિસ્તારના, સ્લમ વિસ્તારોના લોકોનું હિત જો એમના હૈયે હોત તો અને મહાનગરપાલિકા અને પદાધિકારીઓને કર્યા હોત તો એના કારણે ચોક્કસપણે ફાયદો થાત, મારે ખેદ સાથે જણાવવું છે કે જે પ્રકારની સૂચનાઓ આરોગ્ય વિભાગે આપેલી છે એની પૂરેપૂરી અમલવારી મહાનગરપાલિકાના પદાધિકારીઓએ કરી નથી અને એના કારણે આજે આ મુદ્દો આવીને ઊભો છે અને મોટા પ્રમાણમાં કમળાના કેસીસ માલૂમ પડ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનું પાણી બંધિયાર રહેવાના કારણે આ કેસ બનતા નથી પણ પીવાના પાણીની સાથે ગંદું પાણી ભળી જવાના કારણે એ થતા હોય છે. પ્રાથમિક અને માળખાકીય સીધી રીતે જવાબદારી મહાનગરપાલિકાના પદાધિકારીઓની છે એ કાર્યમાં એમણે ઢીલાશ રાખી છે એના કારણે આ સ્થિતિ ઊભી થયેલી છે. આમ છતાં આરોગ્ય વિભાગે તમામ પ્રકારની સૂચનાઓ, પગલાં, સરવેક્ષણ ટીમ અને બાકીની જરૂરિયાતો ઉપરવટ જઈને પણ મહાનગરપાલિકાના વિસ્તારમાં લોકો કમળાની અસરમાંથી મુક્ત થાય એટલા માટે આગવી રીતે મદદ કરેલી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જો માનનીય મંત્રીશ્રી એમ માનતા હોય કે કોરપોરેશનની જવાબદારી છે તો કોરપોરેશનના જે કમિશનર હેઠળ આખુ વહીવટી તંત્ર આવેલું છે, આ કમિશનર અને એના બીજો સ્ટાફ છે એના ઉપર તમે કોઈ પગલાં લેવા માગો છો? એને પાછા બોલાવી લેવા માગો છો કે એની ઉપર તપાસ નીમવા માગો છો કે કેમ ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીને ખ્યાલ હોવો જોઈએ કે મહાનગરપાલિકાના પદાધિકારીઓને પણ નિશ્ચિત કરેલી જવાબદારીઓ હોય છે, આ રીતના પ્રશ્ન પૂછીને નિશ્ચિત જવાબદારીઓમાંથી મહાનગરપાલિકાના પદાધિકારીઓ છટકી જાય એ કોઈ કાળે યોગ્ય ગણાય નહીં.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, રાજય સરકારે એડીબી દ્વારા કરોડો રૂપિયાની અમદાવાદ કોરપોરેશનને જે સહાય કરી અને જે પાણીની ગટરો અને જે ડ્રેનેજ અને પાણીની લાઈનો નાખી છે, જેના ઈન્ટરનલ જોડાણ કરવાની જવાબદારી કોરપોરેશનની હોવા છતાં પણ ઈન્ટરનલ કનૅક્શન ન થવાને કારણે જે કમળાના રોગનો પ્રશ્ન ઊભો થયો છે, એ કોંગ્રેસની અણઆવડત વહીવટને કારણે એ પ્રશ્ન ઊભો થયો છે, કોંગ્રેસની અણઆવડતને લીધે આ જે જોડાણો થવા જોઈએ એ જોડાણો નહીં થવાને કારણે આ કમળાનો રોગ થયો છે તો...

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ બેસો, માનનીય ફારુક શેખ.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમદાવાદ શહેરમાં કોટ વિસ્તારમાં છેલ્લા પચાસ વર્ષથી કોઈપણ જાતની પાઈપ લાઈન બદલવામાં આવી નથી, ડ્રેનેજની જે લાઈન છે એમાં પાણીની પાઈપ લાઈન પસાર થાય છે, એ ડ્રેનેજ અને પાણીની લાઈન બંને પસાર

થાય છે, એટલે દરેક પોળ, અને દરેક એરિયામાં રોજના પાંચ પચીસ કેસ કમળાના અમદાવાદમાં બનતા જ હોય છે તો એ પાઈપ બદલવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ફારૂકભાઈ તો દરરોજ મહાનગરપાલિકામાં બેઠા હોય છે, થોડાક સાંજે જઈ ત્યાં કહો કે ચાર વર્ષ પૂરાં થયાં. મહાનગરપાલિકામાં જે બધું છે એ પૂરું થઈ જશે.

# શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન નિયમ-૪૪

**નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના હેઠળના નિયમોમાં અંશતઃ સુધારા કરવા બાબત**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિધવાઓના પુનઃસ્થાપન માટેની આર્થિક સહાયની ૧૯૭૯ થી અમલિત યોજના તા.૧-૮-૦૩ના ઠરાવથી સુધારેલ સ્વરુપે અમલમાં મુકવામાં આવેલ છે. ઉક્ત ઠરાવના પરિશિષ્ટથી પ્રસિદ્ધ થયેલ નિયમોના નિયમ ૩(બ), ૩(ક), ૩(ડ)(૨) નિયમ-૪ (૧) અને (૨)ની જોગવાઈઓ જેવી કે, અરજી કરવાની સમય-મર્યાદા, આવક મર્યાદા, સહાય ચૂકવવાની બે વર્ષની મર્યાદા, ફરજિયાત વૃક્ષારોપણ વગેરે નિયમોમાં સુધારો કરવાની બાબત સરકારે વિચારણામાં લીધેલ છે.

મને જણાવતાં આનંદ થાય છે કે, ૮મી માર્ચ મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે નિરાધાર વિધવા મહિલાઓને આ યોજનનો લાભ વધુ સરળતાથી મળી રહે તે માટે રાજય સરકારે તા.૧-૮-૦૩ના ઠરાવથી પ્રસિદ્ધ કરેલ નિયમોના કેટલાક નિયમોની જોગવાઈઓમાં નીચે મુજબ સુધારા-વધારા કરવાનો નિર્ણય કરેલ છે.

(૧) **આવક મર્યાદાઃ**- હાલની આવક મર્યાદા વ્યકિતગત વાર્ષિક આવક રૂા.૧૨૦૦/- અને સમગ્ર કુટુંબની રૂા.૩૬૦૦/- હતી જેમાં વધારો કરી જમીન/ મકાન / સ્થાવર જંગમ મિલકતના વ્યાજ, ભાડા તેમજ અન્ય નોકરી ધંધા / રોજગાર વગેરેમાંથી થતી આવક સાથેની વ્યકિતગત વાર્ષિક આવક રૂા.૨૪૦૦/- અને સમગ્ર કુટુંબની વાર્ષિક આવક રૂા.૪૫૦૦/- રાખવાનું નકકી કરેલ છે. (કોઈનું દ ારકામ કરતી હોય તેની આવક ગણવાની નથી.)

(૨) **અરજી કરવાની સમય-મર્યાદાઃ**- હાલની એક વર્ષની સમય મર્યાદામાં વધારો કરી વિધવા થયા તારીખથી બે વર્ષની મુદત સુધીમાં અરજી કરવાની રહેશે.

(૩) જે નિરાધાર વિધવાનો ૨૧ વર્ષનો પુત્ર હોય પરંતુ તે માતાનું ભરણ-પોષણ કરવા માટે સક્ષમ ન હોય જેમ કે, પાગલપન, શારીરિક અપંગતા, આજીવન કારાવાસ અથવા તેનું મૃત્યુ થાય વગેરેના સંજોગોમાં ખાસ કિસ્સામાં સહાય મંજૂર કરી શકાશે.

(૪) હાલની જોગવાઈઓ મુજબ ૧૮ થી ૪૦ વર્ષની વય જૂથની લાભાર્થી મહિલાઓને બે વર્ષમાં સ્વરોજગારીની તાલીમ આપી સાધન સહાય ચૂકવીને માસિક વિધવા સહાયના રોજ બંધ થતી હતી જે હવે વધુ બે વર્ષ માટે ચાલુ રાખવાનું ઠરાવેલ છે. આ સમયગાળા દરમ્યાન વિભાગ તાલીમની વ્યવસ્થા ગોઠવશે કે જેથી વિધવા મહિલાઓને તાલીમને અંતે સાધન સહાય / માર્જીનમની આપીને પુનઃસ્થાપિત કરી શકાય.

(૫) યોજના હેઠળ શહેરી વિસ્તારના લાભાર્થીઓ કે જેઓ મ્યુનિસિસપલ કોરપોરેશન / નગર પાલિકા વિસ્તારમાં રહેતા હોય તેવા લાભાર્થીઓએ સ્વૈચ્છિક રીતે પાંચ વૃક્ષો ઉછેરવાના રહેશે.

(૬) યોજના હેઠળ પ્રાંત અધિકારીઓ દ્વારા નામંજૂર થયેલ અરજીઓ ઉપર ૬૦ દિવસમાં સંબંધિત કલેકટરશ્રીને અપીલ અરજી કરી શકાશે.

(૭) યોજના હેઠળની ખાસ કરીને ૧૮ થી ૪૦ વયજૂથની તથા તેથી મોટી ઉંમરની પણ લાભાર્થીઓ પૈકી પુનઃલગ્ન કરવા ઈચ્છતી મહિલાઓને પુનઃલગ્ન દ્વારા સમાજમાં પુનઃસ્થાપન કરાવવા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓ દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવશે.

(૮) યોજના હેઠળની ૬૦ વર્ષ પૂરાં કરેલ લાભાર્થી જો વૃધ્ધ સહાય યોજના હેઠળ સહાયને પાત્ર હોય તો પણ તેમને વૃધ્ધ સહાય માટે પુનઃ નવેસરથી અરજી કરવી પડતી હતી અને પ્રાંત ઓફિસર દ્વારા તેની ચકાસણી તથા મંજૂરી માટે વિલંબ થતો હતો તેના બદલે હવે આવા પાત્રતા ધરાવતા લાભાર્થીની યાદી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા જરૂરી ભલામણ સાથે સંબંધિત પ્રાંત અધિકારીને મોકલવાની રહેશે. પ્રાંત અધિકારી આવા લાભાર્થીઓને પુનઃ ચકાસણી સિવાય વૃધ્ધ સહાય મંજૂર કરશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો

**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ઓડિટર જનરલની ટિપ્પણ અને સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

**ગુજરાત રાજય વેર હાઉસીંગ કોરપોરેશનના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વેર હાઉસીંગ કોરપોરેશનના સન ૨૦૦૩-૨૦૦૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સાભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોરપોરેશન લિમિટેડ (ગ્રીમકો)નો વાર્ષિક અહેવાલ**

**શ્રીઅનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોરપોરેશન લિમિટેડ (ગ્રીમકો) નો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના ઓડિટ અહેવાલ**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના સન ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના ઓડિટ અહેવાલ તથા સન ૨૦૦૨-૨૦૦૩ના ઓડિટ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રીરમણલાલ ઈ. વોરા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

**ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડનો સન ૧૯૯૯-૨૦૦૦નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની અધિસૂચનાઓ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ/સન ૨૦૦૩ના ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનઃરચના અને વિનિયમ) અધિનિયમ અન્વયેની અધિસૂચનાઓ-

(૧) તા.૨૫-૮-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક : ૦૨/૨૦૦૪
(૨) તા.૨૫-૮-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક : ૦૩/૨૦૦૪
(૩) તા.૨૫-૮-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક : ૦૪/૨૦૦૪
(૪) તા.૨૫-૮-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક : ૦૫/૨૦૦૪
(૫) તા.૨૫-૮-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક : ૦૬/૨૦૦૪
(૬) તા.૭-૧-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક : ૦૧/૨૦૦૫

સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

### ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૭૯ ના અનુસંધાને વધારાની માહિતી

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨૫-૨-૨૦૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી રણજીતસિંહ ચાવડાના " સાબરકાંઠા જિલ્લાના મોડાસા ખાતે લોકોના ટોળા દ્વારા પોલીસ અધિકારી ઉપર જીવલેણ હુમલો" વિષયના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંકઃ૧૭૯ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

### તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૪૩૫ના અનુસંધાને વધારાની માહિતી

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૪-૩-૨૦૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્ય શ્રી જગદીશભાઈ ઠાકોરના "ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા માનવ કલ્યાણ યોજના અન્વયેની કીટનું વિતરણ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૪૩૫ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલી સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શુક્રવાર, તારીખ ૧૧મી માર્ચ,૨૦૦૫ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયમાં મળી હતી.

બુધવાર, તારીખ ૧૬મી, ગુરૂવાર, તારીખ ૧૭મી અને શુક્રવાર, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૫ના દિવસો માટે નીચે દર્શાવ્યા મુજબ સરકારી વિધેયકો અને સરકારી કામકાજ હાથ ધરવા સમિતિ ભલામણ કરે છે.

૧. (૧) બુધવાર, તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૫ના રોજ પહેલી બેઠકમાં વિનિયોગ વિધેયકની વિચારણા હાથ ધ ારવી અને પૂરી કરવી, ત્યારબાદ નીચેના સરકારી વિધેયકો ક્રમાનુસાર હાથ ધરવાં.

(૧) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૧૧ સન ૨૦૦૫નું ગુજરાત રાજવિત્તિય જવાબદારીઓ વિધેયક,
(૨) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૧૩ સન ૨૦૦૫નું શ્રી ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી વિધેયક,
(૩) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૯ સન ૨૦૦૫નું ગુજરાત આવશ્યક ચીજવસ્તુ અને ઢોર (નિયંત્રણ) વિધેયક,
(૪) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૨૦ સન ૨૦૦૫નું ગણપત યુનિવર્સિટી વિધેયક

(૫) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૧૯ સન ૨૦૦૫નું ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા) વિધેયક
(૬) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૨૫ સન ૨૦૦૫નું શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક.
(૭) સન ૨૦૦૫નું મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક
(૮) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૧૦ સન ૨૦૦૫નું ધી સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી યુનિવર્સિટી વિધેયક
(૯) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૧૭ સન ૨૦૦૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળને લગતા કાયદા (સુધારા) વિધેયક
(૧૦) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૧૮ સન ૨૦૦૫નું મુંબઈ ઔદ્યોગિક સંબંધો (ગુજરાત સુધારા) વિધેયક
(૧૧) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૨૪ સન ૨૦૦૫નું ગુજરાતના અધિનિયમ રદ કરવા બાબત વિધેયક
(૧૨) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૨૩ સન ૨૦૦૫નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક
(૧૩) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૨૬ સન ૨૦૦૫નું ગુજરાત દિવાની કોર્ટ વિધેયક

**(૨) પહેલી બેઠકમાં દર્શાવેલ સરકારી વિધેયકો પૈકી જે સરકારી વિધેયકો બાકી રહે તેની વિચારણા બીજી બેઠકમાં હાથ ધરવી.**

૨. ગુરુવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૦૫ના રોજ નીચે મુજબનું કામકાજ હાથ ધરવું:-
 ૧. બુધવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૦૫ના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ સરકારી વિધેયકો પૈકી જે સરકારી વિધેયકો બાકી રહે તે સરકારી વિધેયકો.
 ૨. બિન-સરકારી સંકલ્પો, અને
 ૩. છેલ્લા દિવસનો પ્રસ્તાવ

ઉક્ત કામકાજ પૈકી બિન સરકારી સંકલ્પો ઉપરની વિચારણા હાથ ધરવી અને પૂરી કરવી અને જો સરકારી વિધેયકો ઉપરની વિચારણા બાકી રહે તો

૩. શુક્રવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૦૫ના રોજ નીચે મુજબનું કામકાજ હાથ ધરવું:-
 ૧. ગુરુવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૦૫ના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ સરકારી વિધેયકો પૈકી જે સરકારી વિધેયકો બાકી રહે તે સરકારી વિધેયક.
 ૨. છેલ્લા દિવસનો પ્રસ્તાવ.

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના અહેવાલની રજૂઆત.**

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના બીજો, ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યા.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ)

**કૃષિ અને સહકાર વિભાગ**
**માગણી ક્રમાંક:૪**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ અંગેની સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪,૨૦,૫૯,૫૪,૦૦૦ તથા મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬,૮૦,૫૦,૦૦૦ની માગણી ક્રમાંક:૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૨ રજૂ કરવામાં આવી**

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૪**

**શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (રાજય કક્ષાના પશુપાલનમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અને હેતુ અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮૯,૩૩,૬૨,૦૦૦ની માગણી ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૫**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૪૧,૫૯,૦૬,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧૪,૯૪,૬૯,૦૦૦ ની માગણી ક્રમાંક ૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૩ રજૂ કરવામાં આવી.**

**પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૬૯**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સેવાને લગતી પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૦૬,૭૮,૦૦૦ ની માગણી ક્રમાંકઃ ૬૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૬૯ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૭૧**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩,૩૨,૮૫,૭૮,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧,૦૦૦ ની માગણી ક્રમાંકઃ ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૭૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૫ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની સોમવાર, તા.૧૪–૩–૨૦૦૫ (દશમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં.૨** | | | |
| ૧. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એજીઆર–૧કૃષિ નિયામકની કચેરી રૂા.૩,૦૪,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૬ | ૧૦૦ | કપાસ/તેલીબીયાં પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો અપાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૨. | ––"–– | ૧૦૦ | કૃષિ પાકોનું વધુ ઉત્પાદન થાય અને તેના સારા ભાવો મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હેમાજી રાજપૂત |
| *૩. | ––"–– | ૧૦૦ | કૃષિ પાકો અંગે ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૩–બિયારણ<br>૦૧–કપાસની .... વહેંચણી<br>રૂા.૧,૪૩,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૨૨ | ૧૦૦ | કપાસના બિયારણની જુદી જુદી જાતોની વૃધ્ધિ અને વહેંચણી થયા બાદ બિયારણ નિષ્ફળ જતાં ખેડૂતોની થતી આર્થિક બેહાલી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૫. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૪–કૃષિ ફાર્મ<br>૦૩–એજીઆર–૧૧ ગુજરાત.... સહાયકી રૂા.૨૯,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૨૭ | ૧૦૦ | ટપક સિંચાઈ અંગે ખેડૂતોને માર્ગદર્શન આપી સત્વરે સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ.ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૬. | ––"–– | ૧૦૦ | ટપક સિંચાઈ અંગે અપાતી સહાયની રકમમાં વધારો કરી ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જેશાભાઈ બારડ |
| ૭. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૫–ખાતર... ખાતર<br>૦૧–એમોનિયમ... વહેંચણી<br>રૂા.૬૮,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૩૦ | ૧૦૦ | ખેડૂતોને સીઝનમાં જરુરિયાત મુજબનું રાસાયણિક ખાતર પૂરું પાડવામાં તંત્રની સરિયામ નિષ્ફળતા. | ડૉ.સી.જે.ચાવડા |
| ૮. | ––"–– | ૧૦૦ | રાસાયણિક ખાતરની જિલ્લાવાર વહેંચણીમાં ચાલતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.અનિલ જોષીયારા |
| ૯. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા | ૧૦૦ | ખેડૂતોને આધુનિક પધ્ધતિથી ઓછા ખર્ચે | શ્રી બળદેવજી |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૯–વિસ્તરણ... તાલીમ ૦૧–એજીઆર ૫૦, ૫૩ અને ૫૪ અખતરા .... ફાર્મ રૂા.૨૩,૭૦,૦૦૦ અં.પ્ર.નં.૩ પા.નં.૪૯ | | વધુ પાક ઉત્પાદન મેળવી શકાય તેવી તાલીમ આપવામાં તંત્રની ઉદાસીનતા. | ઠાકોર |
| *૧૦. | ––"–– | ૧૦૦ | ખેડૂતોને સમયબધ્ધ અને સરળતાથી તાલીમ આપી શકાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૧૧. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા ૧૧૦–પાક વીમા ૦૧–એજીઆર.૧૧૧– ગુજરાત... યોજના રૂા.૭,૬૦,૦૦૦ અં.પ્ર.નં.૩ પા.નં.૫૫ | ૧૦૦ | ખેડૂતોને પાક વીમાની રકમો ચૂકવવામાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૧૨. | ––"–– | ૧૦૦ | પાક વીમાની રકમ મંજૂર થયા પછી લાંબાગાળા સુધી ચૂકવણી ન થતાં ખેડૂતોની થતી બેહાલી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૧૩. | ––"–– | ૧૦૦ | પાક વીમાની રકમની જિલ્લાવાર ચૂકવણીમાં જિલ્લાવાર રખાતો ભેદભાવ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૪. | ––"–– | ૧૦૦ | પાક વીમાના કલેઈમની ચકાસણી કરતી વખતે તેમાં રહી ગયેલ ક્ષતિઓ સત્વરે દૂર કરાવી તેને મંજૂર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૧૫. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા ૧૧૧–કૃષિ ... આંકડાશાસ્ત્ર ૦૪–એજીઆર–૮–મુખ્ય...... જણાવવા (કે.પુ.યો.) રૂા.૬૪,૦૮,૦૦૦ અં.પ્ર.નં.૩ પા.નં.૬૧ | ૧૦૦ | મુખ્યપાકના ઉત્પાદનના સાચા અંદાજો તારવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મનિષ ગિલીટવાલા |
| ૧૬. | ૨૪૦૩–પશુપાલન ૦૦૧–નિદેશ અને વહીવટ રૂા.૪,૯૩,૧૫,૦૦૦ અં.પ્ર.નં.૩ પા.નં.૧૦૮–૧૦૯ | ૧૦૦ | પશુપાલન પ્રવૃત્તિ અંગે ખેડૂતોમાં જાગૃતિ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ.દિનેશ પરમાર |
| *૧૭. | ––"–– | ૧૦૦ | પશુપાલન નિયામકની કચેરીની કામગીરી સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૧૮. | ––"–– | ૧૦૦ | જિલ્લા કચેરીઓનું મોનિટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૧૯. | ૨૪૦૩–પશુપાલન ૧૦૧–પશુચિકિત્સા....આરોગ્ય રૂા.૨૫,૬૪,૩૪,૦૦૦ અં.પ્ર.નં.૩ પા.નં.૧૧૦ થી ૧૨૧ | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં ડૉકટરોની ઘટ પુરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૦. | ––"–– | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં નજીકના સ્થળે પશુ દવાખાના શરુ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી છનાભાઈ ચૌધરી |
| *૨૧ | ––"–– | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં દવાઓની અછતને કારણે પશુપાલકોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૨. | ––"–– | ૧૦૦ | ગ્રામીણ તથા પર્વતીય વિસ્તારોમાં ફરતા પશુ દવાખાનાનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શંકરભાઈ વારલી |
| ૨૩. | ૨૪૦૩–પશુપાલન | ૧૦૦ | મરઘાના રોગો અંગે સંશોધન કરવામાં | શ્રી નટવરસિંહ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૧–પશુ ચિકિત્સા...આરોગ્ય<br>૦૧–મરઘાના... સંશોધન<br>રુા.૪,૬૭,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૧૦ | | દાખવવામાં આવતી ઉદાસીનતા. | ઠાકોર |
| ૨૪. | ૨૪૦૩–પશુપાલન<br>૧૦૧–પશુ ચિકિત્સા...આરોગ્ય<br>૦૪–પશુ ... લાવવી<br>રુા.૪૭,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૧૨ | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં પશુઓની સારવાર અંગેની ગુણવત્તા સુધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માધુભાઈ ભોયે |
| *૨૫. | ––"–– | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં વ્યાપ્ત ગંદકી દૂર કરી સ્વચ્છ વાતાવરણ ઉભું કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૬. | ––"–– | ૧૦૦ | પશુમહામારી નાબૂદી કાર્યક્રમને વેગવાન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૨૭. | ૨૪૨૫–સહકાર<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–સહકારી... અધિકારી<br>રુા.૧,૯૩,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૬૮ | ૧૦૦ | સહકારી બેન્કો ઉપર સતત ચાંપતી નજર રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૨૮. | ––"–– | ૧૦૦ | સહકારી બેન્કોનું માળખું તૂટી પડવાની દહેશતથી લોકોનો તેમાંથી ઉઠી જતો વિશ્વાસ પરત મેળવવાની કાર્યવાહી કરવામાં તંત્રની ઘોર નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૨૯. | ––"–– | ૧૦૦ | સહકારી મંડળીઓને સ્વનિર્ભર બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૦. | ––"–– | ૧૦૦ | નબળી સહકારી બેન્કોને ફડચામાં જતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૩૧. | ––"–– | ૧૦૦ | સહકારી બેન્કોમાં થતી ગેરરીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૨. | ––"–– | ૧૦૦ | રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીની કચેરીમાં કામકાજની વહેંચણીમાં થતો ભારોભાર અન્યાય દૂર કરી વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| *૩૩. | ––"–– | ૧૦૦ | રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીની કચેરીમાં અધિકારી/કર્મચારીઓની રહેતી સતત ગેરહાજરી દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૪. | ૨૪૨૫–સહકાર<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૨–જિલ્લા કચેરીઓ<br>રુા.૭,૯૨,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૬૯ | ૧૦૦ | પ્રજાના કામો ન થવા અંગેની વ્યાપક ફરિયાદો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.અનિલ જોષીયારા |
| ૩૫. | ––"–– | ૧૦૦ | અધિકારી/કર્મચારીઓ નિયમિત હાજરી આપે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જેશાભાઈ બારડ |
| *૩૬. | ––"–– | ૧૦૦ | જિલ્લાની સહકારી કચેરીઓનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૩૭. | ૨૪૨૫–સહકાર<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૬–વસૂલાત અધિકારીઓ<br>રુા.૧,૦૯,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૭૩ | ૧૦૦ | દર માસે કરવામાં આવેલ કાર્યવાહીનું મોનિટરીંગ કરી નબળી કામગીરી માટે જવાબદાર વસૂલાત અધિકારીઓસામે સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |

| | | | | |
|---|---|---|---|---|
| *૩૮. | ૨૪૨૫–સહકાર<br>૧૦૧–સહકારી ... તપાસણી<br>૦૧–સહકારી ... તપાસણી<br>રૂા.૧૦,૫૨,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૭૫ | ૧૦૦ | સહકારી મંડળીઓના ઓડિટ અધિકારી/ કર્મચારીઓની નબળી કામગીરીને સુધારવા માટેનાં પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૯. | ––"–– | ૧૦૦ | સહકારી મંડળીઓના હિસાબોની સમયસર તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૪૦. | ૨૪૨૫–સહકાર<br>૧૦૮–અન્ય ... સહાય<br>૦૨–એફએસટી.૩૮. વન ... મંડળીઓ<br>રૂા.૨૫,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૮૦ | ૧૦૦ | વન મજૂર સહકારી મંડળીઓને સહાય આપવામાં ચાલતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૪૧. | ––"–– | ૧૦૦ | વન મજૂર સહકારી મંડળીઓને સહાય આપવામાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વારલી |
| ૪૨. | ૨૪૩૫–અન્ય... કાર્યક્રમો<br>૧૦૧–ખરીદ... સવલતો<br>૦૧–ડબલ્યુઆરએચ–૨ કૃષિ... વેચાણ<br>રૂા.૭૨,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૮૫ | ૧૦૦ | ખેડૂતોને કૃષિ ઉત્પાદનોના ખરીદ અને વેચાણ માટેની સવલતો સરળતાથી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૪૩. | ૩૪૭૫–અન્ય .... સેવાઓ<br>૨૦૦–અન્ય વેપારી... વિનિમયન<br>૦૧–શાહુકાર ... અમલ<br>રૂા.૯૧,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૯૮ | ૧૦૦ | ઉંચા વ્યાજે રુપિયા ધીરતી ઠેરઠેર શરુ થયેલી દુકાનોનું નિયમન અને નિયંત્રણ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઈ ચૌધરી |
| | | **પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ**<br>**માગણી નં.૬૯** | | |
| *૪૪. | ૨૨૫૧–સચિવાલય...સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–પંચાયત.... વિભાગ<br>રૂા.૨,૭૭,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯ પા.નં.૨૪–૨૫ | ૧૦૦ | પંચાયતના કાયદા અન્વયે સરકાર હસ્તકની સત્તાઓનું જિલ્લા/તાલુકા પંચાયતોને હસ્તાંતર કરવા માટે કાયદા કરવાને બદલે પરિપત્રથી થતા અમલની પરિસ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૫. | ૨૨૫૧–સચિવાલય..સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–પંચાયત.... વિભાગ<br>રૂા.૨,૭૭,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯ પા.નં.૨૪–૨૫ | ૧૦૦ | રહેમરાહે આશ્રિતોને નોકરી આપવાના કાર્યમાં થતો વિલંબ નિવારી સત્વરે હુકમો કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.સી.જે.ચાવડા |
| *૪૬. | ––"–– | ૧૦૦ | વિકાસના કામો માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં ગેરરીતિ કરતા સ્થાનિક અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૭. | ––"–– | ૧૦૦ | વિકાસના કામને લગતી ગ્રાન્ટોની સમયસર ચૂકવણી કરી સ્વભંડોળની આવકમાં થતો ઘટાડો દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હેમાજી રાજપૂત |
| ૪૮. | ––"–– | ૧૦૦ | જિલ્લા/તાલુકા પંચાયતોને બંધારણીય દરજજો મળ્યો હોવા છતાં પણ તેના આંતરિક વહિવટની બાબતોમાં થતો હસ્તક્ષેપ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.દિનેશ પરમાર |
| | | **માગણી નં.૭૧** | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૯. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામગૃહનિર્માણ<br>૧૦૨–ભૂમિહીન ... જોગવાઈ<br>રૂા.૯૨,૬૫,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯ પા.નં.૧૪ થી ૧૬ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ગરીબો માટે બંધાયેલા મકાનોની મજબૂતાઈની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૫૦. | ––''–– | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ભૂમિહીન મજૂરોને ઘરથાળના પ્લોટ ફાળવવામાં અપનાવાતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ભારતીબેન પટેલ |
| *૫૧. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૩–આવાસન બોર્ડને સહાય<br>રૂા.૧,૨૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯ પા.નં.૧૬ થી ૧૮ | ૧૦૦ | હલકી કક્ષાના મકાનો અંગેની વ્યાપક ફરિયાદો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૨. | ––''–– | ૧૦૦ | આવાસન બોર્ડની નબળી કામગીરીની સમીક્ષા કરી તંત્રને ચેતનવંતુ બનાવવામાં ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વારલી |
| ૫૩. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામ ગૃહનિર્માણ<br>૮૦૦–અન્ય<br>૦૧–આરડીડી–૨૮–ઈન્દીરા ....... યોજના (કે.પુ.યો.)<br>રૂા.૭,૫૫,૧૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯ પા.નં.૧૮ | ૧૦૦ | ઈન્દીરા આવાસ યોજના હેઠળ બનાવાતાં મકાનોની નબળી ગુણવત્તા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૫૪. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામ ગૃહનિર્માણ<br>૮૦૦–અન્ય<br>૦૧–આરડીડી–૨૮–ઈન્દીરા<br>..... યોજના (કે.પુ.યો.)<br>રૂા.૭,૫૫,૧૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯ પા.નં.૧૮ | ૧૦૦ | ઈન્દિરા આવાસ યોજનાના જિલ્લાવાર લક્ષ્યાંકો પૂર્ણ ન કરતાં જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૫૫. | ૨૫૦૧–ગ્રામીણ....કાર્યક્રમો<br>૦૬–સ્વરોજગાર કાર્યક્રમો<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–ઘટક ... બનાવવા<br>રૂા.૧૯,૫૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં૧૯ પા.નં.૩૪–૩૫ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં સ્વરોજગાર કાર્યક્રમોનો અસરકારક અમલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થશે.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, સહકાર વિભાગ તેમજ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે, ત્યારે અમે એમાં કોઈપણ સંજોગોમાં સંમત થઈ શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત એ કૃષિ પ્રધાન દેશ છે અને ગુજરાત એ પણ ગામડાંનું અને ખેડૂતોનું બનેલું રાજય છે. ગુજરાત અને ભારત અત્યારે સમગ્ર વિશ્વમાં ખેતીવાડી ક્ષેત્રે અને પશુપાલન, ડેરી વિકાસ ક્ષેત્રે, અગ્રેસર રહયાં છે. જયારે આ દેશ આઝાદ થયો અને દેશ જયારે અંગ્રેજોની ગુલામીની જંજીરોમાંથી મુકત થયો ત્યારે આ દેશની પ્રજા, ખેડૂતો, આ દેશના ગામડામાં વસતા લોકો, ખેતમજૂરો, પશુપાલકો, ગ્રામ્ય કારીગરો,

માલધારીઓ અને શહેરોમાં વસતા ઝૂંપડપટ્ટીમાં રહેનારા લોકોની કેવી દૂર્દશા હતી એનો ચિતાર આપણે સૌ જાણીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પૂજય મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલનું આ ગુજરાત અને મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ એમણે આ ગુજરાતની આબાદી માટે જે સ્વપ્ન સેવ્યું હતું અને જે ગ્રામ્ય સ્વરાજયની વાત મૂકી હતી એને પરિપૂર્ણ કરવામાં ૪૫ વર્ષના શાસન દરમ્યાન કોંગ્રેસ સરકારોએ સુદ્રઢ શાસન વ્યવસ્થા અને ગ્રામલક્ષી અને ગ્રામસ્વરાજલક્ષી શાસન વ્યવસ્થાને લીધે પરિપૂર્ણ કરી બતાવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, 'ખેડ, ખાતર અને પાણી એ અનાજને લાવે તાણી' આ ઉકિત ગામડાના તમામ ખેડૂતો અને ગામડામાં વસતા લોકો સારી રીતે જાણે છે. ખાસ કરીને ખેડૂતો જયારે આઝાદી મળી ત્યારે આ દેશની વસતિ ૩૩ કરોડની હતી અને ગામડાંની વસતિમાં ખેડૂતોને કેવી દૂર્દશા હતી કે રહેવા માટેનો કાચાં મકાનો હતાં, રહેવા માટેની કોઈ વ્યવસ્થા નહોતી, પહેરવા માટે પૂરતાં કપડાં નહોતાં, બાળકોને ભણાવી શકતા ન હતા અને ગામડાંના સમગ્ર લોકો ગરીબી રેખાથી નીચે જીવતા હતા ત્યારે કોંગ્રેસ સરકારે સુદ્રઢ શાસન પધ્ધતિ દ્વારા, સિંચાઈ દ્વારા, ખેડ દ્વારા, ખાતર દ્વારા, પાણી દ્વારા, તાલીમ દ્વારા, આયોજનબધ્ધ રીતે ખેડૂતોનું આખું જીવન ધોરણ કેવી રીતે ઉંચું લાવ્યા અને આખા ગુજરાત રાજય અને સમગ્ર દેશને હરિયાળી ક્રાંતિ અને શ્વેત ક્રાંતિ દ્વારા વિશ્વમાં ગુજરાતને ડેનમાર્ક બનાવ્યું એ વાત આપની સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે દેશ આઝાદ થયો ત્યારની આંકડા મારફત માહિતી આપવા માગું છું, ૧૯૯૫-૯૬ સુધીની માહિતી આપવા માગું છું અને ૨૦૦૨-૦૩ ની માહિતી આપવા માગું છું અને અત્યારની માહિતી આપવા માગું છું

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિભાગ મારફતે કૃષિ નિયામકશ્રી દ્વારા એક Districtwise area production and yield per hectre of important coarse and non-coarse in Gujarat State આ જે આવી બૂક બહાર પાડવામાં આવી છે એમાં ૧૯૪૯-૫૦ થી ૧૯૯૫-૯૬ સુધીના પાક ઉત્પાદનના આંકડા આપેલ છે. એમાં પછી વર્ષવાર આંકડા આપેલ છે. એમાં જયારે દેશ આઝાદ થયો ત્યારે પ્રજાને ખાવા માટે પૂરતું ધાન્ય નહોતું ત્યારે આપણે પરદેશમાંથી ધાન્ય પાકોની આયાત કરતા હતા એવી પરિસ્થિતિમાંથી આ દેશ પસાર થયો છે ત્યારે ૧૯૪૯-૫૦ ના વર્ષમાં બાજરીનું ઉત્પાદન પર હેકટર ૨૭૫ કિલોગ્રામ હતું એ ૧૯૭૩-૭૪ માં જયારે ગુજરાતમાં ગુજરાત કૃષિ યુનિવર્સિટીની રચના કરી ત્યાંસુધીમાં આ શાસન પધ્ધતિએ એડૂતોની દૂર્દશામાં સુધારો લાવીને, એને ખેતી કરતો કરીને, ખેતીના જ્ઞાન દ્વારા, ખેતીના પરિક્ષણ અને પર્યાવરણ દ્વારા તેમનામાં જે હરિયાળી ક્રાંતિ દ્વારા ઉત્ક્રાંતિ લાવ્યા એના લીધે ૧૯૭૩-૭૪ માં બાજરીનું ઉત્પાદન ૭૨૩ કિલોગ્રામ પર હેકટર હતું એ ૧૯૯૫-૯૬ સુધીમાં આ ઉત્પાદન ૮૮૩ કિલોગ્રામ પર હેકટર થયું, એ જ રીતે કપાસનું ઉત્પાદન ૧૩૦ કિલોગ્રામ પર હેકટર હતું અને ૨૭૦ કિલોગ્રામ પર હેકટર થયું, દિવેલામાં પર હેકટર ૨૦૦ કિલોગ્રામ ઉત્પાદન હતું અને ૧૬૨૮ કિલોગ્રામ પર હેકટર થયું છે, ઘઉંમાં ૫૬૮ કિલોગ્રામ પર હેકટર ઉત્પાદન હતું એમાંથી ૨૦૮૧ કિલોગ્રામ પર હેકટર સુધી પહોંચ્યા છીએ, રાયડામાં ૨૫૨ કિલોગ્રામ પર હેકટર હતું એમાંથી ૧૧૧૨ કિલોગ્રામ પર હેકટર પહોંચ્યા છીએ, મગફળીમાં ૫૦૪ કિલોગ્રામ પર હેકટર હતા એમાંથી ૫૫૨ સુધી પહોંચ્યા છીએ, ડાંગરમાં ૬૧૫ કિલોગ્રામ પર હેકટર હતા એમાંથી ૧૫૦૨ કિલોગ્રામ પર હેકટર સુધી પહોંચ્યા છીએ, મગમાં ૨૮૫ કિલોગ્રામ પર હેકટર સુધી હતા એમાંથી ૫૯૮ કિલોગ્રામ પર હેકટર પહોંચ્યા છીએ. શેરડીમાં ગોળ રૂપાંતર તરીકે આપણે લઈએ ત્યારે ૧૨૧૬૭ કિલોગ્રામમાંથી ૨૧૨૬૯ કિલોગ્રામ સુધી ૧૯૯૫-૯૬ સુધીમાં પહોંચ્યા છીએ.. આ ૪૫ વર્ષના શાસનકાળ દરમ્યાન ગુજરાતાં ગામડાંને ગુજરાતના ગામડાંમાં વસતા ખેડૂતોને અને ખેડૂતોની આસપાસ જીવતા હોય એમાં ખેતમજૂરો આવી જાય, માલધારીઓ આવી જાય, ગ્રામ્ય કારીગરો આવી જાય, પશુપાલકો આવી જાય એ તમામ લોકોનું જીવનધોરણ ઉંચું લાવવું આ પાક ઉત્પાદકતા દ્વારા પાકનું ઉત્પાદન વધારીને, જે આકાશી વાવેતર થતું હતું તેના બદલે બાર માસી વાવેતરના આયોજન દ્વારા કોંગ્રેસની સરકારોએ ખેડૂતોની જ નહીં પણ સમગ્ર ગુજરાતની આર્થિક આબાદી વધે તે માટે યોજનાઓ બનાવી અને ગુજરાતને ડેન્માર્કનું સ્થાન ૧૯૯૫ સુધી અપાવ્યું હતું.

૧૯૯૫-૯૬ પછીના આંકડાઓ જોઈએ, આ સરકારી છપાયેલી પુસ્તિકના આંકડાઓ જ હું આપું છું. કપાસમાં ૨૭૦ કે. જી. પર હેકટર હતું તે ૨૦૦૨-૨૦૦૩માં ૧૭૫ કે. જી. પર હેકટર થયું. એટલે આટલો દ ટાડો આવ્યો, એ જ રીતે દિવેલામાં ૧૬૨૮ કે. જી. પર હેકટર સુધી પહોંચ્યું હતું, તે ૨૦૦૨-૨૦૦૩માં ૧૧૬૮ કે. જી. પર હેકટર સુધી આવીને અટકી ગયું. ઘઉંમાં ૨૦૮૧ કે. જી. પર હેકટર હતું તે ૧૯૬૭ કે. જી. પર હેકટર આવી ગયું છે. રાયડામાં ૧૧૧૨ કે. જી. પર હેકટર હતું તે ૧૦૭૨ કે. જી. પર હેકટર થઈ ગયું છે. એ જ રીતે મગફળીમાં પણ ઘટયું છે, ડાંગરમાં પણ ઘટયું છે, મગમાં તો સાવ ઘટયું છે. શેરડીમાં પણ ઘટયું છે. તો પછી તમો વધ્યા શેમાં? ચોકકસ કૃષિ મંત્રીશ્રી જવાબ આપશે કે ૨૦૦૨-૨૦૦૩ માં વરસાદ ઓછો પડયો હતો, સીઝન સારી નહોતી એટલે આ થયું હશે, વાંધો નહીં, આકાશી વરસાદમાં કોઈ વખત એવું બની શકે. ૨૦૦૪-૨૦૦૫ માં જો વધ્યું હોય તો તેઓ એમ કહેશે કે સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે એટલે વધ્યું

છે, તો આ રીતે બે મોઢાની વાત કરવી ન જોઈએ. ૪૫ વર્ષમાં કોંગ્રેસની સરકારોએ કે બીજી સરકારોએ જે શાસન પદ્ધતિ અપનાવી તેનાથી ખેડૂતોને રક્ષણનો અભિગમ અપનાવ્યો હતો અને સસ્તી વીજળી મળે, હોર્સ પાવર દીઠ વીજળી મળે, પાણી અને સિંચાઈ આપીને આર્થિક આબાદી વધે અને સમગ્ર ગુજરાતની આર્થિક આબાદી વધે તે દિશામાં આપે પણ માનનીય કૃષિ મંત્રીશ્રી ચાલવું પડશે. તેવી મારી વિનંતી છે.

ગુજરાત રાજય અને ભારત દેશની હરિયાળી ક્રાંતિ દ્વારા ખેડૂતોની અને આપણી આબાદી વધી છે તેનાથી આપણે બધા જાણકાર છીએ, ઓપરેશન ફલડ વન અને ઓપરેશન ફલડ ટુ તેમજ અમૂલ પેટર્ન દ્વારા વ્હાઈટ રીવોલ્યુએશન, શ્વેત ક્રાંતિ આ દેશમાં અને ગુજરાતમાં લાવ્યા અને રાજયમાં પાકની ઉત્પાદકતાની સાથે સાથે ખેડૂતો પશુપાલન વ્યવસાય તરફ વળે અને તેમનું જીવન ધોરણ ઉંચું લાવવાની પદ્ધતિ માટે તેમના માટે શ્વેત ક્રાંતિ લાવ્યા, ગીર અને કાંકરેજી ઓલાદની ગાયોની જાળવણી કરી અને દૂધ ઉત્પાદનમાં વધારો કર્યો, મહેસાણી, સુરતી અને જાફરાબાદી ઓલાદની ભેંસોની જાળવણી કરી અને દૂધ ઉત્પાદકતામાં વધારો કર્યો અને એ રીતે શ્વેત ક્રાંતિ લાવ્યા, હરિયાળવી ક્રાંતિ અને શ્વેત ક્રાંતિ દ્વારા ગુજરાતના ખેડૂતોની આબાદી વધી પણ આ સરકાર તો બીજી જ ક્રાંતિ લઈને નીકળી, હરિયાળી ક્રાંતિ અને શ્વેત ક્રાંતિને ભૂલી ગઈ, અને કેસરીયા ક્રાંતિના નામે આખું સામાજિક માળખું તોડી નાખવાનું કામ કર્યુ, તે વાત હું આપશ્રી મારફત આ સભાગૃહને કહેવા માગું છું.

મારે બીજી વાત પણ કહેવી છે કે ખેતીવાડી ખાતું અને ગુજરાત સરકાર હંમેશા, ખેડૂતો પોતાના ખેતરમાં મહેનત કરીને એક હજાર ફૂટ નીચેથી પાણી લાવીને પોતાના ખેતરોમાં પાક વાવે છે અને તેનું જે ઉત્પાદન થાય તે ઉત્પાદનના પોષણક્ષમ ભાવો ન મળે તો ખેડૂતોએ કરેલી મહેનત એળે જાય છે અને ખેડૂતોને પોતાની મહેનતનું વળતર મળે નહીં. વેપારી ફાવી જાય અને ખેડૂતોની દૂર્દશા થતી જાય, આ વાત હું આપના મારફત એટલા માટે મૂકું છું કે આ સરકારે ખેડૂતોની દૂર્દશા કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. ભારત સરકાર દ્વારા ખેડૂતોને ખેત ઉત્પાદનના ઘટતા જતા ભાવો સામે રક્ષણ મળે તે માટે સમગ્ર દેશમાં ૩ યોજનાઓ મૂકી છે. એક યોજના એમ.એસ.પી. મીનીમમ સપોર્ટ પ્રાઈઝ, લઘુતમ ટેકાના ભાવની યોજના છે. ભારત સરકાર દર વર્ષે અમૂક પાકો, એમાં ખાસ કરીને ગુજરાતના મુખ્ય પાકો છે, જેમાં કપાસ, મગફળી, શેરડી, રાયડો આમાં મીનીમમ સપોર્ટ પ્રાઈઝ એટલે કે લઘુતમ ટેકાના ભાવો નકકી કરે છે, ભાવો તેનાથી વધારે નીચા જાય તો ગુજરાત સરકાર દ્વારા આ પાકોની ખરીદી કરી અને ખેડૂતોને રક્ષણ આપવા માટેની યોજના અમલમાં છે,

બીજી યોજના એમ.આઈ.એસ. યોજના છે, માર્કેટ ઈન્ટરવેન્સન સ્કીમ, આ યોજનામાં ૫૦ ટકા ભારત સરકાર ભોગવે છે અને ૫૦ ટકા રાજય સરકાર ભોગવે છે અને રાજય સરકાર ટેકાના ભાવો નકકી કરે છે, આ યોજનામાં જે પાકોનો સમાવેશ થયો છે તેમાં દિવેલા, જીરૂ, વરિયાળી, ઈસબગુલ અને ડુંગળીનો સમાવેશ થાય છે. આ યોજનામાં, સ્વર્ગસ્થ ચીનમભાઈ પટેલે જયારે ગુજરાતનું સૂકાન સંભાળ્યું હતું ત્યારે ખેતી સમધારણ ફંડ દાખલ કરવામાં આવ્યું હતું અને દર વર્ષે તેમાં અઢી કરોડ રૂપિયાનો ઉમેરો કરવામાં આવતો હતો. એ રીતે ૨૫ કરોડનું ફંડ આ યોજનાના અમલ માટે થઈ ગયું છે પણ છેલ્લા બે વર્ષથી આ સરકારે અઢી કરોડ રૂપિયા પ્રમાણે પાંચ કરોડ રૂપિયા એ ફંડમાં ઉમેર્યા નથી.ખેડૂતોના હિતની વાતો કરતી આ સરકાર ખેડૂતોનું અહિત કરી રહી છે. એ આંકડા ઉપરથી સ્પષ્ટ થાય છે.

ત્રીજી યોજના આર્થિક રક્ષણ આપવાની છે. આ યોજના એવી છે કે મિનિમમ સ્પૉટ પ્રાઈઝ કરતાં બજાર ભાવ વધુ ચાલતા હોય ત્યારે ખેડૂતો વેપારીઓના હાથે દંડાઈ ન જાય, એનું શોષણ ન થાય એટલા માટે બજાર ભાવ આપવાની યોજના, આર્થિક રક્ષણ આપવાની યોજનામાં સમાવેશ થાય છે. અને એના અમલરૂપે ભૂતકાળની સરકારોએ ગુજરાત સરકારોએ ખોટ વેઠીને ખેડૂતોના પાકને રક્ષણ આપવાની યોજના અમલમાં મૂકી હતી. એનો હું દાખલો આપવા માગું છું. ૧૯૯૬-૯૭માં ગુજરાતનું સૂકાન માનનીય શંકરસિંહ વાઘેલા સંભાળતા હતા ત્યારે કપાસની ખરીદીમાં બજર ભાવ કરતાં વધારે કિંમત આપીને ૧૦૦ કરોડ રૂપિયા ગુજકોકને આપીને કપાસની ખરીદી કરી હતી. તે વખતે ગુજરાત સરકારે ૧૦૦ કરોડ રૂપિયાની ખોટ વેઠી હતી. કારણ કે ખેડૂતોનું આર્થિક શોષણ ન થાય એટલે ટેકાના ભાવ કરતાં વધુ ભાવ ખેડૂતોને આપ્યા હતા. ૧૯૯૮માં કેશુભાઈ પટેલની સરકારે પણ ૨.૫ લાખ ગાંસડી ખરીદીને ૨૬.૪૩ કરોડ ખોટ વેઠીને આ ખેડુતોના પાક ઉત્પાદનના ભાવો, બજાર ભાવ મળી રહે એના માટેની વ્યવસ્થા કેશુભાઈ પટેલની સરકારે કરી હતી. એ જ રીતે મહારાષ્ટ્રની સરકારેપણ જે મિનિમમ સ્પૉર્ટ પ્રાઈઝ જે ૫૨ કિવિન્ટલે નક્કી કરેલ છે એના કરતાં વધારે રકમ ૬૦૦ રૂપિયા આપીને એક હજાર કરોડ રૂપિયા આપીને મહારાષ્ટ્રના ખેડૂતોનું શોષણ અટકાવ્યું છે. ગુજરાત સરકાર કેમ વિચારતી નથી? પરંતુ ખેડૂતોના તારણહારવાળી આ સરકાર છે એવું ઢોલ પીટી પીટીને કહે છે એની સામે અમને વાંધો છે.

બીજી વાત સોઈલ હેલ્થ કાર્ડની કરવી છે. આ સોઈલ હેલ્થ કાર્ડ ખેડૂતોને આપીને પાકોના ઉત્પાદનમાં વધારો કરી દીધો. અમે પાકોની વ્યવસ્થા અલગ કરી દીધી છે. કાજુની ખેતી કરવા માંડ્યા છે. આવા સ્વપ્ના દેખાડવાનું ખેડૂતોને બંધ કરી દો અને જે વાવેતર થાય છે એને રક્ષણ આપો, ભાવો આપો, સસ્તી વીજળી

આપો. ૨૪ કલાક વીજળી ન આપો તો આઠ કે દસ કલાક સતત વીજળી આપો. જે કામ કરવાનું છે એ કરો. અહીંયા તમે સોઈલ હેલ્થ કાર્ડની વાત કરી રહ્યા છો. પરંતુ ૩૦ વર્ષ પહેલા ભારત સરકારે સમગ્ર દેશમાં દરેક જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ આપવા માટે જમીન પૃથ્થકરણ લૅબૉરૅટરીની રચના કરી હતી. આખા દેશમાં રચના કરી હતી. એ રીતે ગુજરાત રાજયમાં પણ સોઈલ લૅબૉરૅટરીઓ આવેલી હતી. એટલું જ નહિ આદિવાસી વિસ્તારમાં મોબાઈલ ડિસ્પેન્સરી દ્વારા અમલ શરૂ કર્યો હતો. આવી પાંચ મોબાઈલ લૅબૉરૅટરીઓ ઊભી કરીને જમીનનું પૃથ્થકરણ કરવામાં આવતું હતું. આવી ૧૫ લૅબૉરૅટરીઓ દ્વારા દર વરસે પાંચ હજારનો લક્ષ્યાંક નક્કી કરીને ૭૫ હજાર જેટલા હેલ્થ કાર્ડના પૃથ્થકરણ કરી આપવામાં આવ્યા હતા. એ પૃથ્થકરણ કરી આપવામાં આવતું હતું એના બદલે એક પણ પૈસો સરકાર ખેડૂતો પાસેથી લેતી નહોતી. જ્યારે છેલ્લા બે વર્ષથી એક નમૂના દીઠ ૧૫ રૂપિયા ફી દાખલ કરીને આ સરકાર વેપારી બની ગઈ છે. ખેડૂતો પાસેથી પૈસા ઉઘરાવે છે. પશુપાલનમાં પણ પૈસા, પશુ સારવાર માટે પણ પૈસા, બકરા મરઘાની સારવાર માટે પણ ફી દાખલ કરેલ છે. આ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપે છે એના માટે ફી લેવામાં આવે છે. વરસો પહેલા જે સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવતા હતા એ કામગીરી ચાલુ છે મોબાઈલ લૅબૉરૅટરીઓ હતી એના ડ્રાઇવરની જગ્યા બંધ કરી દીધી. એનો સ્ટાફ ઓછો કરી દીધો છે. અત્યારે કૉમ્પ્યુટરનું એક પત્તું કાઢીને આપવામાં આવે. એનું પૃથ્થકરણ એનું એ, પહેલા જે પૃથ્થકરણ અહેવાલ હતો એનું નામ બદલીને સોઈલ હેલ્થ કાર્ડ કરી નાંખ્યું છે.

ચોથી વાત કૃષિ યુનિવર્સિટીની કરવા માગું છું. ૧૯૭૩માં કૃષિ યુનિવર્સિટીની રચના થઈ એ વખતે કૃષિ ખાતું ખેડૂતોનું હિત જાળવવાની કામગીરી કરતુ હતું. માનનીય કૃષિ મંત્રીશ્રીને રૅકૉર્ડ ઉપર વાત કરું કે અધિકારીઓએ ગેરમાર્ગે દોર્યા છે કે ચાર યુનિવર્સિટીઓ કરવામાં આવશે તો ચાર ગણી ગ્રાન્ટ મળશે એનો ઉપયોગ કરીને ખેડૂતોની આબાદી વધારવાનું કામ લેબ ટુ લેન્ડ પોગ્રામ ચાલતો હતો. તેમાં વધારો કરી શકીશું અને એક નવો શબ્દ લાવ્યા છે. સેટેલાઈટ સુધી પહોંચવાનો. એ વાત એટલા માટે કરવી છે કે ચાર યુનિવર્સિટી થઈ, તેના કારણે ચાર વાઈસ ચાન્સેલર ઉભા થયા, ચાર યુનિવર્સિટી કરી એટલે ચાર રજિસ્ટ્રાર ઉભા થયા. ચાર સંશોધન નિયામકો ઉભા થયા. ચાર બોર્ડ ઓફ સ્ટડીઝ થયા, ચાર એકેડેમીક કાઉન્સિલ ઉભી થઈ, ચાર કોન્વોકેશન બોર્ડ ઉભા થયા, જૂઓ, પ્રજાના પૈસાની લૂંટ અને સરવાળે ખેડૂતોને ફાયદો શું? તમે કપાસ, રાયડો, બાજરી માટેના સંશોધન કેન્દ્રો ઉભા કર્યા? ના, ફક્ત ને કફત ચાર વિભાગો એટલા માટે પાડ્યા હતા કે આપણને ચાર ગણી ગ્રાન્ટ મળશે. પણ આઈ.સી.આઈ.એ એટલી જ ગ્રાન્ટ આપી. તેના ચાર ભાગ પાડી દીધા અને દરેક ચાન્સેલરને એકએક પડીકું પકડાવી દીધું. ગ્રાન્ટમાં કોઈ વધારો થયો નથી. ઉલટાનો વહીવટમાં વધારો થયો. જ્યારે મિટિંગ હોય ત્યારે ચાર વાઈસચાન્સેલર ચાર ગાડીઓ લઈને આવે, ચાર કેન્દ્રનિયામકો ચાર ગાડીઓ લઈને આવે. ખર્ચમાં વધારો થયો અને જ્યારે વાઈસ ચાન્સેલર મૂકવાની વાત આવી ત્યારે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં જે વાઈસ ચાન્સેલર મૂકયા છે, નવસારી કૃષિ યુનિવર્સિટીમાં જે વાઈસ ચાન્સેલર મૂકયા છે, આણંદની કૃષિ યુનિવર્સિટીમાં જે વાઈસ ચાન્સેલર મૂક્યા છે, ગુજરાતના વિકાસ સાથે કંઈ લેવાદેવા નથી. મારે નામ જાહેર કરવું નથી. હું એમ કહેવા માગું છું કે આ રાજયમાં ગુજરાત કૃષિ યુનિવર્સિટી માટે ગુજરાતના પશુપાલકો અને ગુજરાતના હિતની વાત લઈને જે વૈજ્ઞાનિકો નીકળ્યા હતા એવા ડો. એસ.એન.જોષી, જે માજી ખેતી નિયામક છે અને જી.એ.નો પાયો નાખ્યો હતો. ડો. જે.બી. મજમુદાર, જેણે ૧૯૬૮માં હાઈબ્રીડ બાજરીની શોધ કરીને સમગ્ર વિશ્વમાં હરિયાળી ક્રાંતિ આણી હતી. ડો. સી.ટી. પટેલ, હાઈબ્રીડ કપાસની શોધ લઈને સંશોધન કર્યું હતું. ડો. આઈ.બી. પટેલ, હાઈબ્રીડ દિવેલાનું સંશોધન કરીને ખેડૂતોની આબાદી વધારી હતી. ડો. ડી.જે. પટેલ સંશોધન વૈજ્ઞાનિક ડીમેટોલોજીમાં હતા. ડો. એમ.એસ. પટેલ, ડો. એ.એમ. વ્યાસ, જી.એમ. મહેતા, ડો. આર.કે. શુકલ જેવા અનેક વૈજ્ઞાનિકોએ જેના હૈયે સમગ્ર ગુજરાતના હિતની વાત વસેલી હતી તેમાંથી કોઈને વાઈસ ચાન્સેલર ન બનાવ્યા. કોઈને પુનાથી લાવ્યા, કોઈને નાગપુરથી લાવ્યા, કોઈને રાજસ્થાનથી લાવ્યા અને કોઈને મહારાષ્ટ્રમાંથી લાવ્યા. આ ફક્તને ફક્ત ખેડૂતોના શોષણની વાત. ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાં પણ કરવામાં આવી છે. બલ્કે જો તેમને વિકાસ જ હૈયે હોત તો પશુપાલન વિશ્વ વિદ્યાલય જે શંકરસિંહ વાઘેલાની સરકારે અમલમાં મૂકી હતી અને શરૂ કરી હતી એ શરૂ કરવાની જરૂર હતી. પણ ગુજરાતના ડૅન્માર્કને હવે એ ભૂલીને ગુજરાતની બરબાદી કરવા બેઠા છે, ત્યારે મારે આ વાત આપની સમક્ષ મૂકવી પડે છે.

છેલ્લી વાત એ છે કે આ બધું જ છે. સમગ્ર માળખું ગોઠવાયેલું છે. આઝાદીથી આજ દિન સુધી કોંગ્રેસની સરકારોએ ખેડૂતોના હિત માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓ ઘેરઘેર પહોંચી છે. કીટ્સ દ્વારા પહોંચી છે, ઓજારો દ્વારા પહોંચી છે, સાધનો દ્વારા પહોંચી છે, ડ્રિપ ઈરિગેશન દ્વારા પહોંચી છે, સ્પ્રીંકલર દ્વારા પહોંચી છે, પશુપાલકોને પણ કીટ્સ દ્વારા પહોંચી છે, આ બધું એકત્રિત કરીને હમણાં એક કૃષિ મેળો રથ, આ સરકાર રથોની સરકાર છે. તમારે ખરેખર એક રથમંત્રી રાખવા જોઈએ અને ઉત્સવ મંત્રી રાખવા જોઈએ. જ્યારે જૂઓ ત્યારે રથ લઈને નીકળી પડે છે. જ્યારે જૂઓ ત્યારે ઉત્સવ લઈને નીકળી પડે છે. આ કૃષિ મેળામાં ૨૬.૪૬ કરોડની યોજના મૂકી છે. કૃષિ રથની. દરેક જિલ્લામાં એક મહિના સુધી ફરશે. આગળ મુખ્યમંત્રીનો ફોટો હશે, પાછળ કૃષિ મંત્રીનો ફોટો હશે, હશે જ અમે કલ્પી લઈએ છીએ,

કારણ કે પોસ્ટરમાં જોયા છે. આ કૃષિ રથ દ્વારા આજુબાજુમાં ૧૦ મોટરોના કાફલા દ્વારા ગામડાંમાં જશે અને કીટ્સનું વિતરણ કરશે. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને કીટ્સ ન પહોંચે તો કંઈ વાંધો નહીં, પણ તમે જે ઉત્સવો દ્વારા રથના કલ્ચર દ્વારા ખેડૂતોનું કલ્ચર બગાડવા નીકળ્યા છો ત્યારે અમારો સખત વાંધો છે. જે ખર્ચ થવાનો છે ૨૨.૪૬ કરોડ રૂપિયાનો એ ફક્ત વ્યકિત પ્રસિદ્ધિ માટેનો ખર્ચ છે. ભૂતકાળમાં પણ આ વાત કરી છે, આજે પણ કરીએ છીએ અને ભવિષ્યમાં પણ કહેતા રહીશું કે વ્યકિત પ્રસિદ્ધિમાંથી બહાર નીકળીને ખેડૂતોની વાત ઉપર આવો એવી વિનંતી કરું છું. સત્ય સત્ય રહે છે. કોઈ દિવસ સત્ય છૂપાતું નથી. ગાંધારીએ આખી જીંદગી આંખે પાટો બાંધીને રાખ્યો તો પણ ધૃતરાષ્ટ્રની નીતિમાં કોઈ ફેર પડ્યો નહોતો. હંમેશા પાટા ખોલીને સત્ય શું છે એ કહેવું પડે. નહીં તો મને એમ લાગે છે કે ઉણપ આવશે અને ખેડૂતોની આબાદીમાં ઘટાડો થશે.

પંચાયત અને સહકાર વિભાગની જેટલી વાત કરીએ એટલી ઓછી છે. પંચાયતમાં ગ્રામમિત્રની વાત લઈને આવ્યા હતા. એક લાખ ગ્રામમિત્રો અમે આપવાના છીએ. ગામેગામ પાંચ ગ્રામમિત્રો ખેડૂતો અને લોકોના પ્રશ્નો સાંભળશે, લોકોના પ્રશ્નો ઉકેલશે. લોકોના ઈન્ટરવ્યુ થયા, તાલુકા કક્ષાએ ૫૦૦-૫૦૦, ૧૦૦૦-૧૦૦૦ વ્યકિતઓએ ઈન્ટરવ્યુ આપ્યા. ૨૦૦-૨૦૦ રૂપિયા ખર્ચ કર્યું. બે-બે દિવસ બગાડ્યા. તેનું લિસ્ટ બન્યું અને પછી ચૂંટણી જાહેર થઈ. તેથી કહ્યું કે આચારસંહિતા આવશે. પછી તમને ઑર્ડર આપવાના છે. કહીને મત લઈ લીધા અને આજે ત્રણ વર્ષ પૂરા થવા આવ્યા. એક પણ ગ્રામમિત્રની નિમણૂક થઈ નથી. આ કયાં ગયા બધા મિત્રો. ગ્રામમિત્ર, શહેરી મિત્ર, કયા કયા મિત્રોને લઈને નીકળ્યા હતા, એક પણ વાત થઈ નથી. પંચાયતના શાસનમાં પણ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તોડવામાં જે હોર્સ ટ્રેડીંગ કરી છે, એની કલ્પના ન થઈ શકે એવી બાબત છે. ભવિષ્ય એની નોંધ લેશે, વર્તમાન એની નોંધ લઈ રહ્યું છે. બીજી જેટલી વાતો કરીએ એ જુદી છે. પરંતુ કૉંગ્રેસે જે માર્ગ ચીંધ્યો છે, સરદાર પટેલ અને મહાત્મા ગાંધીજીએ જે માર્ગ ચીંધ્યો છે એ ગ્રામ સ્વરાજની વાત લઈને આગળ નીકળે એટલી વાત કરીને વિરમું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, સહકાર, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક રીતે સહકાર વિશે થોડો પ્રકાશ પાડું. ભારતમાં કુલ ૫ લાખ ૫૦ હજાર સહકારી મંડળીઓ છે અને એમાં ૨૪ કરોડ જેટલા સભાસદો નોંધાયેલા છે. ગુજરાતની વાત કરું તો, ગુજરાતમાં સૌથી પહેલી સેવા સહકારી શરાફી મંડળી થયેલી, હું માનું છું કે, આખા ભારતમાં નહીં પરંતુ વિશ્વમાં સૌથી પહેલી વડોદરામાં જે શરાફી મંડળી થયેલી. એમાં ૨૩ સભ્યો અને ૯૦૯ રૂપિયાની મૂડી ઉપર આખી શરાફી મંડળી ઊભી થયેલી. એને આજે ૧૧૫ વર્ષ પૂરા થયા. પહેલી કૃષિ સેવા સહકારી મંડળી અમદાવાદ જિલ્લાના વિસલપુરમાં થયેલી. એને ૧૦૦ વર્ષ પૂરા થયા. આજે ગુજરાતમાં ૫૮૪૯૭ સહકારી સંસ્થાઓ છે. જેમાં મુખ્યત્વે ૭૮૦૫ ખેતી મંડળીઓ, ૧૧૪૫૦ દૂધ મંડળીઓ, ૧૬૫૮૭ ગૃહ મંડળીઓ છે. ગુજરાતમાં દૂધ મંડળીઓ દ્વારા શ્વેત ક્રાંતિની શરૂઆત સમગ્ર ભારતમાં નમૂનારૂપ છે. ખેડૂતોને ધિરાણ માટે ત્રિસ્તરીય માળખું ગુજરાતમાં અસ્તિત્વમાં છે. એમાં ગુજરાત રાજયની સહકારી બૅન્કો ૧૮ જિલ્લાવાર મધ્યસ્થ સહકારી બૅન્કો અને ૩૨૬૪ લાખ ખાતેદારોને ૨૪૪૮ કરોડનું ધિરાણ કરી રહી છે. એમાં ૩ લાખ ૨ હજાર અનુસૂચિત જાતિના અને ૯૭ હજાર જનજાતિના ખાતેદારો છે. કિસાન ક્રેડીટ કાર્ડ ધરાવનાર ૯ લાખ ૯૩ હજાર કિસાનો છે. પ્રાથમિક મંડળીઓના ૨૪ લાખ સભાસદો ગુજરાતમાં છે. ગુજરાત રાજય સહકારી કૃષિ અને વિકાસ બૅન્ક ૧૮૨ શાખાઓ ધરાવે છે.પ્રાથમિક સહકારી મંડળી, દૂધ સહકારી મંડળીઓ, તાલુકા જિલ્લા કક્ષાની મંડળીઓ વગેરેની કામગીરી સુંદર રીતે ચાલી રહી છે.

શ્વેત ક્રાંતિનું સર્જક ગુજરાત ગણીએ તો એમાં ખોટું નથી. અમૂલ પેટર્નથી એકલું ભારતમાં નહીં પરંતુ વિશ્વભરમાં નામના ધરાવે છે અને દૂધ મંડળીઓ ૧૧૪૫૦ છે. પ્રતિદિન ૫૦ લાખ લિટર દૂધ એકત્રિત થાય છે. વિશ્વમાં છેલ્લા ત્રણ વર્ષમાં દૂધ ઉત્પાદનમાં ભારત પ્રથમ ક્રમે છે. એમાં ભારતમાં ગુજરાત ત્રીજા ક્રમે આ દૂધ શ્વેત ક્રાંતિમાં છે. ૨૩ લાખ ૫૯ હજાર દૂર ઉત્પાદકો જેમાં સવા પાંચ લાખ મહિલાઓ, ૧૨ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો, મિલ્ક માર્કેટિંગ ફેડરેશનન ૨૯૦૦ કરોડનું વાર્ષિક ટર્ન ઓવર કરે છે. દૂધ ઉત્પાદકોને વાર્ષિક રૂપિયા ૨૯૫૧ કરોડ મળતા હોય છે. ૨૩ લાખ જેટલા દૂધ ઉત્પાદકો મારફત ૩૫૦૦ કરોડ લિટર જેટલું દૂધ સંપાદન કરવામાં આવે છે. ગુજરાતના ગામડાંની માથાદીઠ આવક અને પરિવાર જો નભતો હોય તો આ દૂધની શ્વેત ક્રાંતિના કારણે અને એની પ્રવૃત્તિઓના કારણે નભી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ય સહકારી મંડળીઓ રાજયમાં ૧૬૮૩૦ એ ગૃહ સહકારી મંડળીઓ એના દ્વારા ૭ લાખ આવાસો પૂરા પાડયા છે. સિંચાઈ માટે ૨૩૪૭ પિયત મંડળીઓ અસ્તિત્વમાં છે અને નર્મદા યોજના હેઠળ ૬૭ તાલુકાઓમાં ૪૮૧૬ પિયત મંડળીઓ બનાવવાનો આપણે સંકલ્પ કર્યો છે. ખરીદ વેચાણ માટે ત્રિસ્તરીય માળખું છે. તાલુકા, જિલ્લા અને રાજય અને એના દ્વારા આપણે ખેડૂતોને અને આમ જનતાને વિતરણની વ્યવસ્થા આપણે પૂરી પાડી શકીએ એમ છીએ.નવ રાજય કક્ષાના ફેડરેશનો અસ્તિત્વમાં છે. ૨૫૭૫

સસ્તા અનાજની દુકાનો આપણે ધરાવીએ છીએ અને ૨૧૧૨ કન્ઝયુમર સ્ટોર અસ્તિત્વમાં છે. રાજયમાં ૧૭૦૦ મહિલા મંડળીઓ અને ૧૯ મહિલા નાગરિક બેંકો અસ્તિત્વમાં છે. મહિલા ઉદ્યોગ સાહસિકોને ધિરાણ પૂરું પાડવાનું કામ કરી રહી છે. ૪૦૦૦થી વધુ સુતર વણાટ ચર્મ ઉદ્યોગ જેવી ઔદ્યોગિક મંડળીઓ દ્વારા નાના ગરીબ કારીગરોને રોજી પૂરી પાડવામાં આવે છે. ૨૬ સહકારી ખાંડના કારખાનામાંથી ૧૫ કારખાના અસ્તિત્વમાં છે અને બારડોલી સહકારી ધોરણે જે ખાંડ કારખાનું ચાલી રહ્યું છે એમાં ૧૦ હજાર ટન શેરડીનું રોજનું પીલાણ થઈ રહ્યું છે. મજૂર સહકારી મંડળીઓ ૨૯૯૬ દ્વારા ૨,૨૩,૦૭૨ મજૂરોને પ્રતિદિન રોજગારી પૂરી પાડવામાં આવે છે. ૧૩૬ જેટલી જંગલ કામદાર મંડળીઓ છે. નાગરિક સહકારી બેંકોની વાત કરું તો રાજયમાં કુલ ૩૫૧ સહકારી બેંકો એની શાખા, પ્રતિશાખા, ૯૬૦ શાખાઓ છે, બેંકોની શેર મૂડી કુલ ૪૫૧ થાપણ ૧૬૩૪૪ કરોડ ધિરાણ ૧૧૩૦૫ કરોડ થાપણ કરતાં ધિરાણ ઓછું એ એની સદ્ધરતા બતાવે છે. શેર હોલ્ડરો ૩૩લાખ ૨૧ હજાર અને થાપણદારો ૧૦૬ લાખ જેવા થાપણદારો. ૯ બેંક શિડયુઅલ બેંકનું સ્ટેટસ ધ ારાવે છે એમાં ૨ બેંકો આજે નબળી પડી છે. માધુપૂરા બેંકની ઘટના બાદ, કારણ કે, માધપૂરા બેંક સાથે ગુજરાત રાજયની કેટલીક સહકારી બેંક જોડાયેલી છે અને એ નબળી પડવાને કારણે જાણે ગુજરાતમાં ભૂકંપ આવ્યો એવી પરિસ્થિતિ સર્જાઈ હતી પણ હું તો ધન્યવાદ આપુ છું સરકારને કે એણે ત્વરિત પગલાં લેવાનું કામ કર્યુ. જેટલી જેટલી નબળી સહકારી બેંકો હતી એની વસૂલાત માટે બેંકોને વિશેષ સત્તા આપવાનું કામ કર્યુ અને વસૂલાતની કાર્યવાહી ઝડપી થાય એનું મોનીટરીંગ અને વન ટાઈમ સેટલમેંટની યોજના લાવી અને સદ્ધરતાના પાયામાં મૂકવાનું કામ કર્યુ છે અને વિશેષમાં સહકારી કાયદા એવા હતા કે જેમાં સંશોધન કરવાની જરૂર હતી. સહકારી કાયદામાં નવું પ્રકરણ ઉભુ કર્યુ ૧૦-બી. કારણ કે ચૂંટણી હોય એમાં તાત્કાલિક જે શેર હોલ્ડર બન્યા હોય તેઓ પણ ચુંટણીમાં ઉમેદવારી નોંધાવતા હતા જેની પાસે ક્ષમતા ન હોય એવી વ્યકિત ઉમેદવારી કરતા હતા. એક વર્ષ પહેલાથી શેર ધરાવતો હોવો જોઈએ અને સતત એની ૨૦ હજારની ડિપોઝીટ ૨ વર્ષ સુધી ધરાવતો હોવો જોઈએ એ જ ઉમેદવાર તરીકે રહી શકતો હતો. એના પછી બેંકે એકહથ્થુ સત્તા ના થાય એટલે ૨ ટર્મ સુધી જ સત્તાધીશ ત્યાં રહી શકે એમાં પછી કેટલીક બેંકો નબળી પડતી હોય એને બચાવવા માટે બીજું સ્ટેપ શહેરી બેંક સમકારીની યોજના ફંડની યોજના લાવ્યા જે કોઈપણ બેંક નફો કરે એના ૧૫ ટકા એ સમકારી ફંડમાં કરવા. આજ સુધીમાં ૧૨ કરોડ ૬૪ લાખ જેવી રકમ એકત્રિત થઈ છે અને નબળી બેંકોને કેવી રીતે મદદરૂપ થવાય એ જ ઉદ્દેશથી આ યોજના દાખલ કરવામાં આવી છે. થાપણ વીમાના એક લાખ રૂપિયા આપણે આપીએ છીએ. આપણે વીમો લઈએ છીએ અને ક્રમશ: આવી ઘટનાઓ બનવાના કારણે પ્રતિદિત એવું લાગવા માંડ્યું કે વધુ વીમો લઈએ. તો રાજય સરકારે પાંચ લાખ સુધીની પ્રપોઝલ કેન્દ્ર સરકારને મોકલી આપી. ૧૮ બેંકો જે નબળી પડી હતી એનો વીમો આપણે પાસ કરાવ્યો. એમાં ૫૯,૯૧,૬૬૮ થાપણદારો હતા, ૫૯૧.૩૬ કરોડનું ચૂકવણું મંજૂર થયું છે. તે પૈકી ૩,૩૫,૬૪૯ થાપણદારોને રૂપિયા ૩૭૨.૪૧ લાખ ચૂકવણી કરવામાં આવી છે. એન.પી.એન.ની આપણે કાયમ માટે ક્રમતા જાળવી શકતા ન હતા. કારણ કે લેણા એટલા વધી જતા હતા કે એના કારણે એન.પી.એ. સચવાતી ન હતી. આર.બી.આઈ. અને ગુજરાત સરકારે એના ઉપર કડક દેખરેખ રાખી અને કડક નિયમોનું પાલન કરવાના કારણે આ એન.પી.એ. જાળવવાની પ્રતિબદ્ધતા આપણે કરી શક્યા છીએ. બેંકો તૂટવાની શરૂઆત આપણા સ્વર્ગસ્થ કોકીલાબેન વ્યાસની મહિલા બેંક સૌથી પહેલી તૂટી. એના પછી સુરેન્દ્ર રાજપૂત જેમાં ચેરમેન હતા એ બેંક તૂટી અને માધુપૂરા બેંકે ભૂકંપ કર્યો અને એને ત્વરિત રીતે કન્ટ્રોલ કરવા માટે સરકારે અગત્યના અને મહત્ત્વના પગલાં લીધાં છે. સહકારી બેંકોમાં માધુપૂરાથી શરૂ કરીને ગુજરાતની અંદાજે ૩૦૦ જેટલી બેંકોમાંથી માત્ર ૪૨ બેંકો ખરાબ વહીવટના માળખાને અસર થઈ અને આ બાબત સરકારે ગંભીરતાથી લીધી. કારણ કે આમાં વિધવા, ત્યક્તા, આર્થિક રીતે નબળા હોય એવા લોકો, કર્મચારીઓ અને સુખી સંપન્ન માણસોનું જીવન એની સાથે સંકળાયેલું હોય ત્યારે એના માટે ખૂબ જ ગંભીરતાથી વસૂલાત માટેના પ્રયત્નો કર્યા અને ધીરે ધીરે આજે ત્રણ વર્ષથી આપણે એટલા સેટલ થયા છીએ કે લોકો વિશ્વાસ મૂકતા થયા છે કે સહકારી બેંકમાં આપણી થાપણો મૂકીશું તો હવે ભયમુકત છીએ. આ પ્રકારનો વિશ્વાસ ફરીથી આપણે સંપન્ન કરી શક્યા છીએ. વિસનગર બેંકના નાણાં ચૂકવવાની શરૂઆત થઈ ગઈ છે અને અવિરતપણે એના કાર્યક્રમો ચાલુ છે. સરકારની પ્રતિબદ્ધતાથી એન.પી.એ.ના કડક નિયંત્રણના કારણે સહકારી બેંકોના વાતાવરણમાં સુધારો થયો છે. વન ટાઈમ સેટલમેન્ટમાં લોકો એક વખત ધિરાણ લઈ જતા હતા એ ધિરાણ લીધા પછી બેંક આપણા ઉપર કંઈ કરશે નહિ એવી માન્યતાના કારણે આ બેંકો નબળી પડતી હતી. એ ન બને એના માટે વન ટાઈમ સેટલમેન્ટની યોજના દાખલ કરી અને ધિરાણ લેનાર અને બેંકના સૂત્રધારો મળીને વસૂલાત કેમ થાય, સેટલમેન્ટ યોજનાને કારણે ૨૦૨૪ લાખની આપણે વસૂલાત કરી શક્યા છીએ. રીઢા બાકીદારો હતા, એમને એમ કે સહકારી બેંકો શું કરવાની હતી? એના હોદ્દેદારો આપણા જ છે. આવા કારણે વસૂલાત કરી શકાતી ન હતી. ફોજદારી ધારા નીચે અને અન્ય પગલાં નીચે સરકારે અને આર.બી.આઈ.એ એના ઉપર દબાણ કર્યું અને ૧૨૦ બેંકોમાં આ કાર્યવાહી કરી એમાં ૮૪૩ પોલીસ ફરિયાદો કરવામાં આવી છે. એના કારણે સારી એવી વસૂલાત આપણે કરી શક્યા છીએ. રાજયમાં ૨૦૧ બજાર

સમિતિઓ છે અને બજાર સમિતિઓમાં ઘણી એવી બજાર સમિતિઓ છે કે જે સધ્ધરતાના પાયા પર છે અને એવી ઘણી બજાર સમિતિઓ છે જે સામાજિક ક્રાંતિ પણ કરી શકે અને સમાજને ઉપયોગી થાય, એના ફંડમાંથી સમાજને કેમ ઉપયોગી થાય એવી વિચારવાવાળી કેટલીક કૃષિ મંડળીઓ આ ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે. બજાર સમિતિમાં જે મોડેલ એકટ કેન્દ્ર સરકારે કર્યો છે એનો અભ્યાસ માર્કેટિંગ ફેડરેશનના લોકોએ ખૂબ કર્યો છે અને મોડેલ એકટ આવે એમાં ના નહિ, પણ મોડેલ એકટમાં અમુક એવી કલમોના કારણે ગુજરાતની મંડીને અસર થાય અને એની મંડીને અસર ના થાય એના માટે વારંવાર અમારા કૃષિમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈને અમે વારંવાર મળ્યા છીએ, વારંવાર મિટિંગો કરી છે અને મિટિંગો કરવાના કારણે અમે કંઈક એવા તારણ ઉપર આવ્યા છીએ કે જેથી ગુજરાતની બજાર સમિતિઓને અસર ના પડે અને એમાં જે મોડેલ એકટ હાલ છે એમાં ગુજરાત લેવલે ફેરફાર કરીને પણ એને કાર્યવંત કરવાનું કામ અત્યારે ચાલી રહ્યું છે.

બજાર ફંડ ૨૦ ટકા આપણે વધારવાની છુંટ હાલ છે. કોઈ સારા એવા કાર્યમાં, કોઈ સારી સાર્વજનિક સંસ્થામાં ડોનેશન આપવાની પરમીશનથી જ આપતા હોય છે એ મર્યાદા હાલ છે. સાહેબ, મોંઘવારી વધવાના કારણે આ ૨૦ ટકા એ કોઈ આઈટમ કહેવાય નહિ તો હું તો અહીંયા અમારા સહકાર મંત્રીને વિનંતી કરું છું. ગયા પ્રવચનમાં પણ મેં વિનંતી કરી હતી કે ૨૦ ટકાની જગ્યાએ ૪૦ ટકાની મર્યાદામાં છૂટ આપવામાં આવે. આમેય નિગરાની તો સહકાર ખાતાના અધિકારીઓની હોય છે તો એ મર્યાદામાં વધારો કરવામાં આવે અને બજાર સમિતિને જ્યારે જ્યારે કહ્યું હોય ત્યારે કુદરતી આફત હોય, દુષ્કાળ હોય ગમે ત્યારે આવી પડેલી આપત્તિમાં બજાર સમિતિ એનું ફંડ રિલિઝ કરતી હોય છે અને આ રીતે સરકારને પણ મદદ કરતી હોય છે.

સુજલામ્ સુફલામ્ યોજનાથી આંતરિક સિંચાઈ સુવિધામાં વધારો થતાં ખેડૂતના પાકોમાં વધારો થવાનો અને જો પાકોમાં વધારો થશે તો બજાર સમિતિઓ અત્યારે જે તે વખતે અસ્તિત્વમાં હતી એનો વિસ્તાર વધારવો પડશે અને વિસ્તાર વધારવામાં આવશે એમાં રાજ્ય સરકારની મદદની જરૂર પડશે. ૨૦૦૪-૦૫ માં ૧૭ કરોડ ૧૭ લાખનું બજેટ હતું. આવતા વર્ષે ૨૦૦ ટકા વધારો કર્યો છે. ૨૦૦૫-૦૬ માં ૪૦ કરોડ ૨૬ લાખ મંજૂરી લઈને આપણા સહકાર મંત્રી આવ્યા છે ત્યારે હું એમને લાખ લાખ ધન્યવાદ આપું છું. એમણે બજાર સમિતિઓ તરફ એમને એક સુંદર એવી સહકાર આપવાની ભાવનાથી કામ કર્યુ છે તથા ૮૬ લાખની બજાર સમિતિ ક્ષેત્રેજોગવાઈ થઈ હતી એને પણ ૨૦૦૫-૦૬ ના અંદાજપત્રમાં ૧૦ કરોડની જોગવાઈ લઈને આવ્યા છે.

બીજું, નાગરિક બેંકો હોય અગર બીજી નાગરિક બેકો હોય એનો એક પરિપત્ર થયો છે એ પરિપત્ર એવો થયો છે કે તમે ધિરાણ ટ્રસ્ટ હોય, બજાર સમિતિ હોય અગર બીજા લોકાયુકત એવા ટ્રસ્ટ હોય એને નાગરિક સહકારી બેંકમાં થાપણો મૂકવી નહિ પણ એનો દ્વિઅર્થ થાય છે. એમણે સહકારી રજિસ્ટારોને સત્તા આપી છે પણ જ્યારે બેંકના હોદ્દેદારો પરિપત્રના હિસાબે આટલું સાહસ કરવા તૈયાર ના હોય તો એવી જવાબદારી એ સહકારી મંડળીના રજિસ્ટારો લે છે. આ કારણે એકબાજુ બેંકો નબળી પડશે અને સધ્ધર બેંકો હાલ જે આજે વિશ્વાસ સંપાદન કરતી હોય અને એમાં થાપણ નહિ મૂકવાનો પરિપત્ર કરે તો એમાં પુન:વિચારણા કરવામાં આવે તો હું માનું છું કે આ ખૂબજ સારુ કામ કર્યુ કહેવાશે.

બીજું કે અહીંયા શ્વેત ક્રાંતિની વાત થઈ. દૂધમાં જે રીતે ક્રમે ક્રમે પેમેન્ટ આપવામાં આવે છે. દૂધ સહકારી મંડળી દ્વારા ૧૦ દિવસે આ પરિવારને રૂપિયા અચૂક ચૂકવવામાં આવે છે અને એને કારણે આ પરિવાર સુખથી એનો વ્યવહાર ચલાવી શકે છે. આમ અનેકવિધ સહકારી મંડળી સરકારના વિવિધ શ્વેત ક્રાંતિ દૂધ મંડળી આ લોકોના જીવનને સ્પર્શતા એવા પ્રશ્નોનું નિરાકરણ કરે છે. બીજું મારે એ કહેવું છે કે જયારે આ ખેડૂતોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુ ફેડરેશન મારફત ૯ જેવા ફેડરેશન છે. એની મારફત જિલ્લા સંઘ ાેમાં અને જિલ્લા સંઘ દ્વારા તાલુકા સંઘમાં આ રીતે વિતરણ વ્યવસ્થા થાય છે. સુવ્યવસ્થિત રીતે વ્યવસ્થા કરવાને કારણે આમ જનતા વિશ્વાસથી કહી શકે કે સહકારી ખાતાનું જે માળખું ગોઠવવામાં આવ્યું છે તે સારું છે. ડ્રિપ ઈરિગેશન ૧૫૦૦કરોડ ફાળવ્યા અને સહકારી ધોરણે ૧૫૦૦કરોડનો યોગ્ય ઉપયોગ થશે. હું માનું છું કે જેવી દૂધમાં ક્રાંતિ આવી એમ ખેતીક્ષેત્રે ક્રાંતિ આવશે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી માગણી નં. ૨, ૪, ૫ અને પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી માગણી નં. ૬૯, ૭૧ લાવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય સહકારી આગેવાન શ્રી નારાયણભાઈએ સહકાર વિભાગની ઘણી સારી વાતો કરી પણ મારે આપના દ્વારા ગૃહને વાત કરવી છે કે સહકાર વિભાગનો આ ૨-૫-૧૦ વર્ષમાં ઉદભવ થયો નથી. સહકાર વિભાગ દેશની આઝાદી પહેલાંની વાત છે. આ ગુજરાતની અંદર ૩૭૮૧૦૦૦ ખેડૂતો છે. એમાં ૨૪,૨૬૦૦૦ ખેડૂતો સીધી રીતે સહકારી સંસ્થા સાથે જોડાયેલા છે. કારણકે જે શાહુકાર, વેપારીથી દબાયેલો, વેપારી સાથે સંકળાયેલા ખેડૂતને માત્ર સહકાર વિભાગ અને સહકારી મંડળી દ્વારા નવી ક્રાંતિ મળી છે. આ દેશ અને વિશ્વની સૌથી મોટામાં મોટી કયાંય સહકારી પ્રવૃત્તિ હોય તો આ દેશમાં સાડા પાંચ લાખ સહકારી મંડળીઓ છે અને

૨૪ કરોડ ખેડૂતો આની અંદર જોડાયેલા છે. આપના દ્વારા વિશ્વની અંદર જેમની નામના છે. ઈફકો અને ક્રિભકો જેવા સહકારી કારખાના છે. સહકારી ધોરણે ચાલે છે. ખેડૂત એનો સીધેસીધો લાભ લઈ શકે એવા કારખાના આવેલા છે.

એશિયામાં સૌ પ્રથમ ૧૮૮૯માં સહકારી પ્રવૃત્તિની સ્થાપના થયેલ એનું શ્રેય ગુજરાતને જાય છે. ગુજરાતમાં ૯૦ રૂપિયાના ભંડોળ સાથે તા.૫-૨-૧૮૮૯ વસંત પંચમીના દિવસે આ સહકારી મંડળીની સ્થાપના બહુ જૂના સમયમાં થયેલ. કૃષિ ધિરાણ માટે સહકારી મંડળીની તા.૧૮-૫-૧૮૯૦માં સ્થાપના થયેલ અને દૂધ સહકારી મંડળી જે આણંદમાં છે, જેની વિશ્વમાં નામના છે. અમૂલ જેનું નામ છે એ વિશ્વમાં નામ છે, એ સહકારી સંસ્થા સાથે જોડાયેલ છે. આજે સહકારી સંસ્થા જે જૂની સ્થાપના થઈ છે. આજે રાજયની અંદર ૧૮ જિલ્લા સહકારી બૅન્ક અને એક એપેક્ષ બૅન્ક સાથે સંકળાયેલ બૅન્કોનું સીધેસીધું ધિરાણ અને ૭૮૪૫ પ્રાથમિક સહકારી મંડળી સાથે જોડાઈને આજે ૫,૦૦૦ કરોડ રૂપિયાનું ધિરાણ આ ખેડૂતોનું સીધુ થાય છે. આપના દ્વારા વાત એટલા માટે કરું છું કે ગુજરાત જમીન વિકાસ બૅન્ક એમાં પણ ૧૩ લાખ ખેડૂતોનું સીધું લાંબી મુદતનું ધિ ારાણ છે. હું સહકારમાંથી આવું છું. હું ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બૅન્ક અને ગુજરાત જમીન વિકાસ બૅન્કમાં પણ છું, એટલે મને થોડો ખ્યાલ છે કે આજે જે પરિસ્થિતિ છે, ક્યાંક ત્રુટિ હશે, એના માટે કાયદો પણ જરૂર હોઈ શકે પણ હું આપના દ્વારા વાત કરવા માગું છું કે સહકારી વિભાગોનું સરકારીકરણ કરવામાં આવ્યું છે, આની સામે વાંધો છે. ૮ વર્ષની અંદર જે સરકાર દ્વારા સહકારનું સરકારીકરણ કરવામાં આવ્યું છે, એની થોડી વાત કરવી છે કે જૂનાગઢ જિલ્લા સહકારી બૅન્કની લોકશાહી ઢબે ચૂંટણી થયા પછી એના ચેરમેન કોંગ્રેસના હોવાના નાતે સભ્યપદમાંથી કાઢી મૂકવામાં આવે છે અને હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ સુધી લડાઈ થાય છે.

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બૅન્કમાં આજે સહકારી સંસ્થાઓમાં ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બૅન્ક ટોપ લેવલની સંસ્થા છે. ૨ વર્ષ થઈ ગયાં, એની ચૂંટણી નથી થતી. ચૂંટણી થઈ તો છેલ્લે ૫ સભ્યો ભાજપના અને ૧૫ કોંગ્રેસના આવ્યા અને એમાં પણ બોર્ડ ઑફ નોમીનીનો સ્ટે! આ સરકાર શું કરવા માગે છે. સહકારનું સરકારીકરણ કરવા માગે છે. એનું ભયંકર જે નુકસાન આવશે, એ ખેડૂતો સુધી આવવાનું છે. ગુજકોમાસોલની ચૂંટણીમાં જુઓ તો તેમાં ૩-૩ વર્ષ ચૂંટણી લેઈટ થઈ છે. પરિણામ શું આવ્યું? છેલ્લે કોંગ્રેસ આવી. આપના દ્વારા વાત કરવા માગું છું કે વેરાવળ બજાર સમિતિને નોટિસ આપી. શા માટે? જમીન સંપાદન કરી છે. જમીન સંપાદન કરીને વ્યવસ્થિત રીતે આગળ વધી રહી છે, એને નોટિસ આપવામાં આવી છે. માનનીય સહકાર મંત્રીશ્રી તટસ્થતાથી વિચાર કરે. ૧૯૯૭ માં આત્મારામ પટેલે સહકારી માળખામાં પોતાનું જીવન સમર્પિત કર્યુ છે. તેમના નેજા નીચે સહકારી સમિતિ બની હતી.ખેડૂતોને ધ્યાનમાં રાખીને એક સમિતિનો અહેવાલ તૈયાર કર્યો હતો. ૨૦૦૧ ની અંદર એ જ અહેવાલનું સંપૂર્ણપણે જે આખું પ્રકરણ છે, એ ૨૦૦૧ ના રોજ વજુભાઈ વાળાના પ્રમુખસ્થાને બીજી એક સમિતિ બની અને સુધારો બે મહિનામાં કરી દેવામાં આવ્યો, એટલા માટે જૂન-૨૦૦૧ ના રોજ આ સહકારી સમિતિનો સંપૂર્ણ અભ્યાસ કરી દુનિયાના ઇતિહાસમાં એક સારામાં સારું એક સહકારી અને ખેડૂતોને સીધો લાભ મળે, મુશ્કેલી દૂર થાય, સહકાર અને સરકાર અલગ પડે તેવા અભિગમ સાથે રિપૉર્ટ આવ્યો, તે રિપૉર્ટ અભરાઈએ ચડાવી દીધો છે. શા માટે? આપના દ્વારા વાત કરવા માગું છું કે રિપૉર્ટ તમારી પાસે પડ્યો છે. રિપૉર્ટ કાયદેસરનો રિપૉર્ટ છે. હું આપના દ્વારા વાત કરવા માગું છું કે ખેડૂતો એ સહકારી સંસ્થા સાથે સીધા જોડાયેલા છે.

આજે કૃષિની વાત કરી. કૃષિને ઋષિ સાથે સરખાવ્યા છે. સવાલ નથી. ખેડૂતોના દીકરા તરીકે કૃષિ અને ઋષિ સરખા જ છે, કારણ કે દેશનો અને ગુજરાતનો જે વિકાસનો દર છે, એ વિકાસનો દર હિન્દુસ્તાનની અંદર લાવતો હોય તો તે ખેડૂત લાવે છે, જ્યારે વર્ષ આખું હિન્દુસ્તાનની અંદર સારું થાય છે, ત્યારે ભારત દેશના વિકાસનો દર એના લીધે ઊંચકાય છે, નહિ કે ઉદ્યોગોના હિસાબે. આજે જે વિકાસનું આર્થિક ભારણ જે મુખ્ય પાયો છે એ ખેડૂત છે. આજે ગુજરાતનું એક વર્ષ સારું જાય એમાં વિકાસનો દર વધે એનો અર્થ એવો નથી, પણ તમારે ખેડૂતોને પડતી મુશ્કેલી પણ જોવી પડશે અને ચૌદ કલાક વીજળી આપવી પડશે. ત્રણગણા વીજળીના ભાવ કર્યા છે તે મૂળ મીટર પ્રથા ચાલુ રાખવી પડશે. નાના અને સીમાન્ત ખેડૂતોને મફત વીજળી આપવી પડશે. પિયત પાણીની કેનાલના જે ભાવ વધાર્યા છે તે પણ ખેડૂતો માટે ઘટાડવા પડશે. વિમાની સુરક્ષિત કરવા પડશે. સાહેબ, એક ખેડૂત તરીકે મારું મુખ્ય નામ હોય તો મને વિમાની સુરક્ષા મળે છે પણ મારી સાથે કુટુંબના નવ સભ્યો હોય તો તેઓને સુરક્ષા નથી મળતી તેનો પણ સીધી રીતે સમાવેશ કરવો પડશે. સોઈલ હેલ્થ કાર્ડ માટેની વાત કરી છે બહુ સારી યોજના છે. ભૂપેન્દ્રસિંહભાઈ હું પોતે આવકારું છું પણ તે કાર્ડની ઝડપથી કામગીરી કરો અને તે કામગીરી કરીને એકેએક ખેડૂતના ખેતરનું પૃથ્થકરણ થવું જોઈએ અને તે પૃથ્થકરણ થયા પછી તેમાં કેટલા તત્ત્વો છે, સેંદ્રિય ખાતરની કેટલી જરૂર છે, રાસાયણિક ખાતરની કેટલી જરૂર છે તે અભણ ખેડૂતને કાર્ડ વહેલામાં વહેલી તકે આપીને કહેવી પડશે. સારી વાત છે. હું આવકારું છું. આ બાબત હું આ ગૃહ મારફતે કહું છું, વહેલામાં વહેલું કરો. મેં વિમાની વાત કરી, હવે માર્કેટીંગ બજારની વાત કરી લઉં. હું કોઈ ટીકા ટીપ્પણ કરવા નથી માગતો. માર્કેટીંગ બજારમાં પેલાએ શું કર્યુ? બીજાએ શું કર્યુ? પણ

તમે શું કર્યુ તેની વાત છે. ગુજરાતમાં મહારાષ્ટ્ર સરકારે એક હજાર કરોડ ભલે આપ્યા પણ તમે અહીંયાં શુ કર્યુ. સાહેબ, હજી મારે બીજી વાત કરવી છે. માર્કેટીંગ બજારના તળિયાના..

**અધ્યક્ષશ્રી** : રિસેસ સુધીમાં પૂરું કરો.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : ભાવે ખરીદી કરવાની આવે છે તો એમાં મહારાષ્ટ્ર સરકાર ભલે જે કરે પણ ગુજરાત સરકારે આગળ આવવું પડશે. ગુજરાતના ખેડૂતો માટે કંઈક આપવું પડશે. તે પછી શંકરસિંહ વાઘેલા હોય કે કેશુભાઈ પટેલ હોય આપવાની વાત છે. કોઈના ઘરમાંથી નથી આપવાના. ખેડૂતોને આપવા માટે ખેડૂતના મંત્રી તરીકે આપવા માટે સો કરોડ નહીં પણ બસો કરોડ પણ આપવા પડશે. ૧૯૯૬-૯૭ની અંદર મોહનભાઈ તમને યાદ હશે. ૧૯૯૭માં મગફળીના ભાવ ૩૫૦૦ હતા. હું મિનિસ્ટર હતો. રાજકોટ મુકામે ૨૦૦૦ માણસોનો જમણવાર કર્યો અને તે સરકારના ખર્ચે. ગુજરાત માટે સૌરાષ્ટ્રના અને ગુજરાતના તમામ કલેકટરશ્રીઓને બોલાવીને વાત કરી કે સૌરાષ્ટ્રના ખેડૂતોને જીવતા કેમ રાખવા છે? શ્રી વિઠ્ઠલ રાદડીયાથી માંડી તમામ હતા. કોઈ પક્ષ પાર્ટીના ધારાસભ્યો ન હતા. ૨૦૦૦ ખેડૂતોમાં સાહેબ આપના દ્વારા વાત કહેવા માગું છું. કલેકટરશ્રીઓએ ના પાડી. નિકાસબંધી સો ટકા કરશો તો ગુજરાતમાં તેલના ભાવ ભડકે બળશે અને સરકાર જશે. અમારી તો ૪૫ ધારાસભ્યશ્રીઓવાળી સરકાર હતી. ૩૬ માં ૪૫ નો આંકડો ફીટ કર્યો છે. આ ઐતિહાસિક નિર્ણય અમે ઉભા થઈને કહ્યું ભલે, સરકાર કાલે જતી હોય તો આજે જાય. પણ એ સો ટકા નિકાસબંધી ટૂંકાવી અને ૨૪ કલાકની અંદર મગફળીના ખાંડીના ભાવ ૩૫૦૦ હતા તેના ૫૨૦૦ થયા . કોઈપણ ખેડૂત કે ધારાસભ્ય ના નહીં બોલી શકે. નિર્ણયો કરવા પડશે. ખેડૂતોના નિર્ણયો માટેની વાત છે. એક-બે જણની વાત નથી. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે સહકાર અને કૃષિ એ તો ગુજરાતના હાર્દ છે. ગુજરાતના હાર્દના નાતે પક્ષ પાર્ટીને ધ્યાને રાખ્યા સિવાય વિકાસ કૂચ કરવી હશે તો ૩૮ લાખ ખેડૂતોને ધ્યાને રાખી એક એક નિર્ણય લેવા પડશે. એમાં કોઈ ડિસ્ટર્બ કરે તો ન ચાલે. સારી બાબત હોય તો ફલાણા કહે તે ન ચાલે. નિર્ણય માનનીય મંત્રીશ્રી તમારે લેવાનો છે. નિર્ણય ગુજરાતના ખેડૂતોના હિતમાં લેવાનો છે. આ જે વાત કરી તે તમારા હદયમાં લાગણી સાથે ઉતારશો અને ગુજરાતના અને ખાસ કરીને ગરીબ અને કચડાયેલા ખેડૂતની વાત કરી છે.

સૌરાષ્ટ્રની ડેરીઓની એક વાત છે. એક જ મિનિટમાં પૂરું કરીશ. ગઈ વખતે માનનીય ભૂપેન્દ્રસિંહજીએ વાત કરેલી કે ડેરીઓ ચાલુ કરવાની છે. ગયા વર્ષે વિધાનસભામાં વાત કરેલી. તે ડેરીઓ હજુ ચાલુ થઈ નથી. સૌરાષ્ટ્રની ડેરીઓ કયારે ચાલુ કરવા માગો છો? વજુભાઈએ કહયુ કે ઓકટ્રોય નાબૂદ થશે અને ડેરીઓ ચાલુ થશે તેવું તો નથી ને? ગુજરાતમાં જૂનાગઢ અને સૌરાષ્ટ્રની ડેરીઓ ચાલુ થાય અને આ તો ખેડૂતનો બીજો ભાગ છે. જેમાં તેનું હદય સમાયેલ છે તે સૌરાષ્ટ્રની ડેરીઓ ચાલુ થાય તેવી આપના દ્વારા વિનંતી કરવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. સભાગૃહ ફરી ૩.૧૫ કલાકે મળશે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**સભાપતિશ્રી મહેન્દ્ર મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના કૃષિ અને સહકાર વિભાગ અને પંચાયત , ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ આજે ગૃહ સમક્ષ લઈને આવ્યા છે તે માગણીઓના સમર્થનમાં મારી બે વાતો રજૂ કરું છું

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ગુજરાત અને ગુજરાતનો પોતાનો એક નોખા પ્રકારનો સ્વભાવ છે એની ઓળખ છે અને આ ઓળખ માત્રને માત્ર આઝાદીના આંદોલન પછીની નહીં પણ આઝાદીના આંદોલન પહેલાંથી કૃષિ અને ઋષિ આધારિત જે આપણી સંસ્કૃતિ, અને એમાં ગામડાંની સંસ્કૃતિને જોડીને જે ગ્રામ્ય સંસ્કૃતિનું નવસર્જન આપણા ત્યાં થયું, આમાં અનેક પ્રકારના યોગદાન આપણા પૂર્વજોનું રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પંચાયત શબ્દ, આપણા ત્યાં એક સ્વાભાવિક શબ્દ છે, સમાજની પોતાની એક પંચાયત હોય છે, પ્રત્યેક સમાજમાં પોતાનું એક પંચાયત મંડળ પણ હોય છે એ પંચાયત મંડળ સમાજના પોતાના હિતોનું રક્ષણ કરવા માટે, સામાજિક રીતરિવાજો અને સુધારાવધારા આવે એ માટે સમાજને ઉપયોગી માર્ગદર્શન આપતું હોય છે. બસ, આ જ પ્રકારના એક પંચાયતી રાજયના સુંદર વિચારને આકાર આપવા આપણા ત્યાં પંચાયત શબ્દને એક વિશેષ સ્વરૂપે આપણી સરકારશ્રીના માધ્યમથી એને આપણે ઓળખતા થયા છીએ અને એટલે આ પંચાયત એ આપણા પોતાના રાજયની, આપણા ગુજરાત રાજયની ઓળખનું એક ગૌરવ બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ત્યાં રાજયના અઢાર હજાર ગામડાંની સાથે ૧૩૮૧૯ ગ્રામ પંચાયતો જોડાયેલ છે. સ્વાભાવિક રીતે આ રાજયના વિકાસનો મુખ્ય આધાર આપણું ગામડું છે અને ગામડું આબાદ તો દેશ આબાદ. આપણા પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજીની સંકલ્પના અને એમણે આપણને આપેલી શીખ એક

મહત્ત્વની બાબત છે. પરંતું મારી કલ્પના પ્રમાણે હું રાજકીય નિવેદન કરવા માગતો નથી, પરંતું હું મારી નાનકડી ઉંમરને ધ્યાનમાં રાખીને કહું છું. આઝાદી પછીના અને આઝાદી પહેલાં આ દેશનું જે અર્થતંત્ર હતું, આપણા દેશનું ગ્રામીણ તંત્ર હતું, આ દેશની જે ગ્રામ્ય કલ્પનાઓ હતી. હું પાંચ હજાર વર્ષ પહેલાંની વાત નથી કરતો, જે દિવસે કૃષ્ણ અને રામ ગામડાંમાં જન્મ્યા હતા એની વાત નથી કરતો પણ બ્રિટિશ રાજય વખતે એટલે કે આઝાદી પહેલાં આપણા ગામડાંની જે દૂર્દશા હતી, એ દૂર્દશાને આઝાદીના કાળ પછી એટલે કે આપણને આઝાદી મળી ત્યારે આપણે સુધારવું જોઈએ, સાડા ચાર દાયકા આબાદીના આપણા ત્યાંથી પસાર થઈ ગયા,

પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજીની જે સંકલ્પના હતી કે ગામડું આબાદ તો દેશ આબાદ એ વાત અધૂરી રહી ગઈ, સત્તાના શાણપણમાં આપણે અને અમારી પૂર્વ સરકારમાં બેઠેલા લોકો સરકી ગયા એને લીધે આ રાજયના, દેશના ત્રણ ભાગમાં ગામડાઓની હું કલ્પના કરું છું. એક તો આઝાદી પહેલાનું જર્જરિત દૂબર્ળ ગુજરાતનું ગામડું અને આઝાદી પછીનું પુજય મહાત્મા ગાંધીજીના સંકલ્પને લઈને ગ્રામ સ્વરાજયના વિચારને લઈને આ ગામડાને પુનઃ ધબકતું કરવા માટની વિચારધારાના રચનાત્મક કાર્ય સાથે જોડીને પુજય મહાત્માજીએ આપેલ શીખ અને એ શીખની અવગણના કરીને આ દેશની આઝાદીના સાડા ચાર દાયકા જેમણે રાજ કર્યું એમણે આ ગામડાને તારાજ કર્યું અને એટલે સાડા ચાર દાયકાનું ગામડું અને ૧૯૯૫ પછીનું આ ગામડું એ અમારી સામે બેઠેલા વિપક્ષના મિત્રો સ્વાભાવિક રીતે જ છાતી ઉપર હાથ રાખીને જો પોતાની જાતને એવું પૂછે અને તટસ્થતાપૂર્વક મૂલ્યાંકન કરવા માગે તો આ રાજયના ગામડાની ૧૯૯૫ પહેલાની જે સ્થિતિ હતી એ અને આજની ૧૯૯૫ પછીની જે સ્થિતિ છે એ સ્થિતિમાં સાચા અર્થમાં કોઈ પરિવર્તન આવ્યું છે કે નહીં? જો એમને આ પરિવર્તન ન દેખાતું હોય તો મારે એમ કહેવું જોઈએ કે એમની જોવાની દૃષ્ટિમાં કોઈક ફરક છે. ગામડાને આપણે રાજકારણ સાથે ન જોડીએ, ગામડું એ આપણા મતનો આધાર ચોક્કસ હોઈ શકે પણ મત બનાવવા માટની એ મતબેંક ન બની શકે અને એટલા માટે આ ગૃહ મારફત કહેવા માગું છું કે, હું પૂજય મહાત્મા ગાંધીજીના વિચારોને વરેલો છું. બચપણથી પૂજય મહાત્મા ગાંધીજીના વિચારોનો અભ્યાસ કરેલો છે, ડો.બાબાસાહેબ આંબેડકરના વિચારોનો અભ્યાસ કરેલો છે, અને એટલે જ સર્વોદયની વાત સાથે જોડાયેલો કાર્યકર્તા છું. આ ગામડાને આબાદ કરવા માટે સર્વોદય મંત્ર હતો એ તાકાતવર મંત્ર આ રાજયમાં ૧૯૪૯માં આઝાદી પછી તુરત મુંબઈ રાજયની સ્થાપના થઈ ત્યારે આપણને મળ્યો, અને ૧૯૪૯થી આ રાજયમાં સર્વોદય પ્રવૃત્તિ આવી. આ સર્વોદય પ્રવૃત્તિમાં મારું કહેવું છે કે ખૂબ ઉંચી તાકાત હતી. હું નાનો હતો ત્યારથી સર્વોદય મંડળ સાથે જોડાયો અને સર્વોદય પ્રવૃત્તિમાં જોડાયો હતો. ડો.દ્વારકાદાસ જોષી સાથે પૂજય રવિશંકર મહારાજની કામગીરી અને પૂજય જયપ્રકાશજીની કામગીરી સાથે મેં કામ કરેલ છે અને એટલા માટે સર્વોદય મેળા મેં જોયેલા છે અને આજે આ સર્વોદયની વાત યાદ કરતા મને ગૌરવ થાય છે અને ગૌરવની સાથે સાથે થોડોક રંજ પણ થાય છે. આ સર્વોદયનો વિચાર પૂજય રવિશંકર મહારાજ અને પૂજય વિનોબા ભાવેએ ઉઠાવ્યો અને આ વિચારને સાકાર કરવા એમણે જબરજસ્ત કામ કર્યું. ઉત્તર બૂનિયાદી વિદ્યાલયો અને એ ઉત્તર બૂનિયાદી વિદ્યાલયો દ્વારા એ વિચારોને લઈને ગામડાને ધબકતું કરવા માટેની જે પ્રવૃતિ આપણે ત્યાં ગામડાઓમાં ચાલતી હતી એ વિચારોનો ધીરે ધીરે આપણે ત્યાં અસ્ત થતો ગયો. ગાંધીજીની વાત તો આપણે ખૂબ કરી રહ્યા છીએ,

આજે દાંડીયાત્રાને ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યાં છે ત્યારે શ્રીમતી સોનિયા ગાંધીના નેતૃત્વમાં દાંડીયાત્રાની જબરજસ્ત સંકલ્પનાને સાકાર કરવા કોંગ્રેસ જઈ રહી છે. હું દાંડીયાત્ર સાથે મારી વાતને જોડવા માગતો નથી પણ, સર્વોદયના વિચારને મારી વાતનું માધ્યમ બનાવું છું. ૧૯૫૦માં સર્વોદયની પ્રવૃત્તિ આવી અને ૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના થઈ ત્યારે પણ સર્વોદયની પ્રવૃત્તિને વધુમાં વધુ પ્રબળ બનાવવા માટેની સંકલ્પનાઓ કરી હતી એ વખતે કોની સરકાર હતી એ કહેવાની જરૂર નથી. પૂજય ગાંધીજીના વિચારોને એ સરકાર વરેલી હતી એવું મને કહેતા ચોક્કસ સ્વાભાવિક રીતે ગૌરવ થાય છે. પરંતુ આ પ્રવૃત્તિ ૧૯૮૦ સુધી ઠીક ઠીક ચાલી. ૧૯૮૦માં એની સમીક્ષા કરવામાં આવી. સમીક્ષાના તારણો આવ્યા, ન આવ્યા એ પહેલા તો એજ દિવસથી તાકીદની અસરથી આ સર્વોદય યોજનાને બંધ કરી દેવામાં આવી અને ૧૯૯૧ સુધી આ સમીક્ષાના આધાર ઉપર ચર્ચા-વિચારણા થતી રહી અને ૧૯૯૧માં આ સર્વોદય યોજનાને પુનઃજીવીત કરવામાં આવી અને એ વખતથી આજે પણ ૩૦ જેટલા કેન્દ્રો આ સર્વોદયના કાર્યરત છે. આ સર્વોદયની પ્રવૃત્તિ એ ગામડાને પુનઃ ધબકતું કરવા માટેની જ પ્રવૃત્તિ નથી, શિક્ષણની પ્રવૃત્તિ જ નથી પણ ગામડાને નવજીવન આપીને સાચા અર્થમાં ગ્રામ સ્વરાજ લાવવાની પૂજય મહાત્મા ગાંધીજીની કલ્પના હતી એ કલ્પનાને સાકાર કરવા માટેની એક રચનાત્મક પ્રવૃત્તિ છે.

અઢાર હજાર ગામડાઓનો વિકાસ ૧૯૯૫ પછી થયો છે અને આ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને ગોકૂળિયા ગામનો સંકલ્પ અમારે ત્યાં આવ્યો, આજે મને કેશુભાઈને યાદ કરતાં ગૌરવ થાય છે કે ગોકૂળિયા ગ્રામનો સંકલ્પ તેઓ લાવ્યા અને ગામડાઓને જે રીતે ધબકતા કરવાનું કામ કર્યુ છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. અમે જ્યારે શહેરમાંથી ગામડા તરફ જઈએ ત્યારે બસ સ્ટેશને ઊભા હોઈએ ત્યારે પંદર-પચીસ-પચાસ લોકોનું ટોળું ઊભેલું અમે જોઈએ અને અમે એમને પૂછીએ કે તમે ક્યાં જાઓ છો એટલે અમને

કહે કે શહેરમાં જઈએ છીએ, અમે કહીએ શહેરમાં કેમ જાઓ છો ત્યારે એ લોકો એમ કહે કે આ ગામડામાં રહીને કરવાનું શું? ગામડામાં હવે આપણને જીવન ધોરણ જીવવાલાયક રહ્યું નથી. આ ગામડામાં જીવન જીવવાના કોઈ સ્ત્રોત નથી અને એટલા માટે અમે આ ગામડાઓ છોડીને શહેર તરફ જઈએ છીએ. શહેરમાં પણ ક્યાં? એમને માટે શહેરમાં કોઈ સોસાયટી નથી કે બંગલો નથી હોતો, આ ગામડામાંથી બહાર નીકળેલા માણસો એ શહેરની ગંદી ઝૂંપડપટ્ટીમાં અને ચાલીઓમાં જઈને જીવતા રહ્યા અને મને કહેતાં દુ:ખ થાય છે કે આ પરિસ્થિતિમાં ગામડા દિનપ્રતિદિન તૂટતાં જતાં હતાં એને બચાવવા આ રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૯૯૫થી સંકલ્પ કર્યો, ગોકૂળિયાગ્રામની યોજનાનો અને આજે હું એકએક આ તાસીર બનીને મૂકવા માગું તો એની એટલી મોટી યાદી બને કે જે પચાસ વર્ષના ઇતિહાસમાં કંઈ નથી કરી શક્યા એ આ રાજયની સરકારે કરી બતાવ્યું છે. ગામડાઓના સર્વાંગી વિકાસની વાત કરીએ તો ગોકૂળિયા ગ્રામથી શરૂ કરેલી આ યાત્રાને સમરસ ગામની વાત. પંચાયત ધારામાં ગ્રામસભા તો હતી, ગ્રામસભા બંધારણીય હોવા છતાં ગામમાં કોઈને ખબર ન પડે કે ક્યારે ગ્રામસભા મળી? આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિચાર મૂક્યો એમણે આ ગ્રામસભાને પુન:જીવિત કરવાનું, ઉજાગર કરવાનું અને ગ્રામજનોને એમાં ભાગીદાર કરવા માટેનું જોડાણ કર્યુ એટલેજ ગામડાઓની સમસ્યા અને મુશ્કેલીઓ અને એની મુંઝવણોના નિરાકરણ માટે ત્યાં અધિકારીઓ મોકલ્યા, પદાધિકારીઓને મોકલ્યા અને એમને મોકલીને અને જે ગ્રામસભામાં કોઈ જાણતું નહોતું આજે એ ગ્રામસભા જીવંત બની અને ગામડાની અંદર જે સમસ્યાઓ હતી એ બહાર આવતી થઈ, ધીરેધીરે પ્રશ્નો ઉકેલાતા ગયા અને આજે ગામડાની જનતાના મનમાં જે ભાવના બેઠી છે આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ તરફ એ ગામડાની તાકાત આજે પુન: બેઠી કરી રહ્યા છે.

ગોકૂળિયાગ્રામથી શરૂ કરી વિશ્વગ્રામ સંકલ્પ, એમાં વધુને વધુ બળ સ્ફુરે તેવી તાકાત જો કોઈએ આપી હોય તો એ જ્યોતિગ્રામ યોજના છે. આ યોજનાના કારણે આ ગામડાઓ ફરીવાર પુન:ધબકતા થવાના છે. આ ગૃહઉદ્યોગો આપણે ત્યાં ગ્રામીણ ગૃહઉદ્યોગો જે હતા, નાના નાના, વારસાગત કામ કરનારા લોકો હતા આજે આ શહેરોની ઝૂંપડપટ્ટીમાંથી બહાર નીકળીને આજે પોતાના ગામ તરફ જવા માંડ્યા છે અને આજે ફરીવાર ગામડામાં જઈને આપણે પૂછીએ કે હવે ક્યાં જાઓ છો ત્યારે શહેરમાંથી ગામ તરફ જતી પ્રજા એમ કહે છે કે અમે ગામડે જઈએ છીએ તો પૂછીએ કે કેમ ગામડે જાઓ છો ત્યારે એ લોકો કહે છે કે, હવે ગામડામાં રહેવાનું મન થાય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. અમારા ગામમાં ચોવીસ કલાક વીજળી મળતી થઈ ગઈ છે. અમારા ગામની ગ્રામપંચાયત મજબૂત બનતી જાય છે અમારા ગામની સમસ્યા અમે જાતે ઉકેલતા થયા છીએ. અત્યારસુધી સરકાર મા બાપ, સરકારમાંથી કોઈ પૈસા આવે અને વિકાસ થાય અને આજે ગામની જનતા પોતાની ભાગીદારીના આધારે ગામડાનો વિકાસ કરવા માટે બહાર નીકળી છે અને લોકભાગીદારીના સંકલ્પનો વિશ્વાસ સાંપડ્યો છે અને એના કારણે આજે સરકાર જેટલા રૂપિયા લે તેની સામે દશ ટકા કરતા વધુ લોકફાળો એકત્રિત કરીને આ ગામની જનતા પોતાના ગામને આબાદ બનાવવા માટે આજે તન, મન, ધનથી પોતાનો પુરુષાર્થ કરી રહી છે આ પુરુષાર્થની ભાવના ઉજાગર કરવાનું કામ આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈને કહ્યું છે અને એટલા માટે અનેક પ્રકારની યોજનાઓ છે સમરસ ગામથી માંડીને હું અહીંયા વાર્તા માંડુ તો સમય ઘણો થાય, પરંતુ મારે એટલું જ કહેવું છે આ સુજલામ્-સુફલામ્‌ની યોજનાથી આ રાજયના ગામડાઓને જીવાદોરી પ્રાપ્ત થઈ છે. જ્યોતિગ્રામ યોજનાથી એનામાં પ્રાણ પૂરાયા છે અને એટલા માટે આજે ગામડાઓમાં રહેવાનું મન થાય એવી યોજનાઓ સાથે ગામડાઓના બેરોજગારો, બેકાર, અભણ, અશિક્ષિત માણસ આજે પુન: પોતાના વિકાસની તક આવી રહી હોય એ પ્રમાણેના એક આશાવાદ સાથે આ રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિવાદન કરી રહ્યો છે અને એટલા માટે આ રાજયના આદરણીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા અને માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં જે માગણીઓ આવી છે તે માગણીના સમર્થન સાથે મારી વાત પૂરી કરું છું ભારત માતાકી જય.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સહકારની માગણીઓ લઈને આવ્યા છે, તેમાં મારા મંતવ્યો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

આ દેશની અંદર સહકારી પ્રવૃત્તિના ૧૯૦૪થી ભારતમાં શ્રીગણેશ થયા અને તેમાંય ખાસ કરીને એશિયા ખંડની અંદર ગાયકવાડ મહારાજાના સમયમાં તેની આ શુભ શરૂઆત થયેલી. તેનો મેઈન હેતુ હતો કે ખેડૂત, ગરીબ લોકો, ગામના લોકો તે તરછોડાય નહીં, તેનો વિકાસ થાય અને સંગઠિત થઈ સારો વિકાસ કરી શકાય. જ્યારે જવાહરલાલ નહેરુ આ દેશના વડાપ્રધાન હતા ત્યારે પંચવર્ષીય યોજનામાં સહકારી પ્રવૃત્તિઓને વેગ મળે તેને માટેની જબરજસ્ત કોશિશ કરી તેને કારણે સહકારી પ્રવૃત્તિઓ ધમધમી. પછી તે ગ્રામ્ય કક્ષાની હોય, પશુપાલનની હોય કે ડેરી હોય અનેક પ્રકારની સહકારી પ્રવૃત્તિઓ હંમેશા આગળ વધી. આજે ભારતની અંદર ૫ લાખ ગામો છે. ગુજરાતની અંદર ૧૮ હજાર ગામ છે અને તમામ ક્ષેત્રે સહકાર પ્રવૃત્તિઓનો દિન-પ્રતિદિન વધારો થયો. આ રાજયની અંદર ૫૭ હજાર સહકારી મંડળીઓ અને ૧ કરોડ અને ૨૧ લાખ લોકો

તેની સાથે જોડાયેલા છે. ખેડૂત ખેતીલક્ષી ધિરાણ પૂરું પાડવા માટે ૧૮ જિલ્લાઓની અંદર ગ્રામ કક્ષાની ૪૦૦ થી વધુ સહકારી મંડળીઓ આમ કામ કરે છે અને રાજયના ૨૫ લાખથી વધારે લોકો આમાં સંકળાયેલા છે. આ જે બધુ થયું તે માત્ર ૪૦ વર્ષમાં જે કોંગ્રેસે સહકારી પ્રવૃત્તિઓને હંમેશા વેગવંતી બનાવી જેને કારણે આ તમામ પ્રવૃત્તિઓને કારણે નાનામાં નાનો ખેડૂત હોય કે નાનામાં નાનો ગામનો રોજગારી કરતો મજૂર હોય આ સહકારી પ્રવૃત્તિને કારણે આર્થિક રીતે આજે મજબૂત બન્યો છે. આ પરિસ્થિતિની અંદર જે પ્રમાણેની સહકારી પ્રવૃત્તિની પરિસ્થિતિ હતી તે પરિસ્થિતિ દિન-પ્રતિદિન જ્યારે આગળ વધતી હતી છેલ્લા દશ વર્ષમાં જે સહકારી પ્રવૃત્તિની જે પરિસ્થિતિ કરવામાં આવી છે આંકડા સાથે કહી શકાય કે સહકારી પ્રવૃત્તિને વેગવંતી બનાવવાના બદલાની અંદર આજે સહકારી પ્રવૃત્તિને અટકાવી દેવામાં આવી છે. સહકારી પ્રવૃત્તિને રાજકીય મોટો એક અખાડો બનાવી દેવામાં આવ્યો છે. આજે સ્થિતિ રાજકીય પરિસ્થિતિને અંતે આજે સહકારી પ્રવૃત્તિમાં દિન-પ્રતિદિન ઘટાડો થતો જાય છે. સભાસદોની સંખ્યા નાગરિક બેન્કની અંદર ૧૩ લાખ હતી આજે ૨૦૦૩-૦૪માં ૩૧ લાખ એટલે ૨ લાખ સભાસદો નાગરિક બેન્કમાં ઘટ્યા છે. ફડચામાં ગયેલી બેન્કો ૨૦૦૧-૦૨માં ૧૪ હતી આજે તેમાં વધારો થઈને ૨૪ આજે વધી છે એટલે ૩૮ જેટલી બેન્કો ફડચામાં ગઈ છે. નબળી બેન્કોની જે કામગીરી છે તે ૪૮ હતી ૨૦૦૧માં તેની અંદર જે વધી અને૧૯૯૦ની અંદર તેમાં વધારો થયો છે આજે ૧૩૮ જેટલી છે. આજે નાગરિક બેન્કની અંદર જે બેન્કો છે તે નબળી બેન્કો જાહેર થઈ છે. આ બધુ થવાનું જો કોઈ કારણ હોય તો સહકારી પ્રવૃત્તિની અંદર જે પરિસ્થિતિ થઈ રહી છે તેવી અનેક મંડળીઓ હોય તે આજે દિન-પ્રતિદિન સહકારી મંડળીઓમાં બેન્કોમાં હોય અત્યારે લોકો ડિરેક્ટર તરીકે ફોર્મ ભરવા માટે પણ ગભરાય છે. સરકાર રાજકીય કિન્નાખોરી રાખી, ખોટા કેસો કરી અને સહકારી આગેવાનોને જેલમાં પૂરી દિન-પ્રતિદિન તેને હેરાન કરવાની પ્રવૃત્તિ આ સરકાર કરી રહી છે અને આ બધી પ્રવૃત્તિઓમાં જે મંડળીઓ છે તે ૪૨ હજાર સહકારી મંડળીઓ તે ઓડિટ કરવાપાત્ર ૨૫ હજાર મંડળીઓ છે. આજે મારે સરકારને પૂછવું છે કે ૬૧૩૩ મંડળીઓનું ઓડિટ આજે બાકી છે. આજે એક બાજુ સહકારી મંડળીઓને વેગીલી બનાવવાની વાત કરતા હોઈએ ત્યારે આજે ૬૧૩૩ મંડળીઓનું ઓડિટ બાકી છે. બોર્ડ ઓફ નોમીનીની અંદર જે કેસો પડતર છે ૨૦૦૧-૨૦૦૨ની અંદર ૧૮૧૯૪ હતા તેની અંદર આજે કેસોની અંદર પણ વધારો થયો છે. ૨૦૦૩-૦૪માં ૨૩૩૭૧ કેસો છે એટલે ૫૧ લાખ ૭૭ નો વધારો આની અંદર થયો છે. એક બાજુ સરકાર ઉત્તમ પ્રકારની કામગીરીના નમૂનાની વાત કરતી હોય આ આંકડો દર્શાવે છે કે જે પ્રમાણેની સહકારી પ્રવૃત્તિની અંદર જે ચાલ્યું છે તેની અંદર દિન-પ્રતિદિન જે સરકારની નબળી કામગીરી છે તે આજે દેખાઈ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય સહકારી પંચનો ખર્ચ છે એ પહેલાં ૨૪ કરોડ ૯૫ લાખ રૂપિયા હતો એ ૨૦૦૫-૦૬ માં ૨૫૦૫૦ કરોડ રૂપિયા કરીને એમાં ૫૫ લાખ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે અને આ કેસોની સંખ્યા જોઈએ તો દિન પ્રતિદિન ૨૦૦૦ ની સાલમાં ૨૧૮૫ કેસો હતા. તો એક બાજુ સરકાર એના બજેટમાં વધારો કરે છે અને એની કામગીરી ૨૦૦૪ માં જોઈએ તો ૩૪૨ એટલે કે ૮૫૭ કેસોનો આજે વધારો થયો છે એ બતાવે છે કે સરકારે એક બાજુ બજેટમાં પૈસા વધાર્યા છે અને બીજી બાજુ કેસોનો દિન પ્રતિદિન વધારો થયો છે. આ સરકારની કામગીરી એટલી બધી નબળી જાહેર થઈ છે કે જેના કારણે આજે સરકારના પૈસા ખોટા બગડી રહયા છે એવું થયેલ છે.માનનીય અધ્યક્ષશ્રી, સહકારી ધિરાણનો લાભ ૩૭ લાખ ખેડૂતોને મળવો જોઈએ એની જગ્યાએ ૫૦ ટકાથી વધારો ખેડૂતોએ આજે એનો લાભ મળતો નથી. સરકારની પ્રવૃત્તિ વેગવંતી થવી જોઈએ એ આજે પણ એમાં કામગીરી વેગવંતી થતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા સંજોગો એવા હોય કે સરકાર મોટી મોટી જાહેરાતો કાર્યક્રમો એમાં કુદરતી આપત્તિ હોય કે, અતિવૃષ્ટિ હોય, ઘરતીકંપ હોય અથવા ખેડૂતોને પાક ધિરાણ માટેની જે યોજનાઓ છે એની અંદર સરકાર બજેટમાં પૈસા મૂકે, ગમે તેવી પરિસ્થિતિમાં માત્ર બજેટમાં મૂકી રાખે અને પછી એ વાપરવા જોઈએ એ વપરાતા નથી. ૨૦૦૧-૦૨ માં ૧ કરોડ ૮૦ લાખ રૂપિયા મૂકયા હતા એમાંથી કશું કર્યુ નહીં, ૨૦૦૩-૦૪ માં ૧ કરોડ ૫૪ લાખ રૂપિયા મૂકયા અને કશું કર્યુ નહીં. કહેવાય કે ખેડૂતોના નામે આ વાત કરવાની છે, પરંતુ ખાટલે મોટી ખોડ હોય તો કઈ પરિસ્થિતિમાં એને આગળ લઈ શકાય . ૨૦૦૫-૦૬ માં ૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે છતાં પણ આજની તારીખમાં એ ૨ કરોડ રૂપિયા પણ વપરાશે કે નહીં એ મને આજે પણ સમજાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ઘણીબધી મંડળીઓ પ્રત્યેની જાહેર કરે, પરંતુ ગ્રામ કક્ષાએ મંડળીઓને એનો લાભ મળે તો બરાબર છે, પરંતુ આજે એવી કેટલીય યોજનાઓ કે ખેતીવાડીમાં ધિરાણ સહકારી મંડળીઓ હોય, સહકારી મધ્યસ્થ સહકારી મંડળીઓ હોય,નાણાકીય સંઘો બનાવવાની પ્રવૃત્તિઓ, એ બધું આંકડાની દ્રષ્ટિએ જોઈએ તો મારી પાસે આંકડા છે એ...(સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો મને પાચ જ મિનિટ થઈ છે.

**સભાપતિશ્રી** : આપણે પ્રથમ વકતાને જ ૧૫ મિનિટ આપીએ છીએ. એકાદ બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : નહીં, નહીં, સાહેબ, ત્રીજા વકતાને પણ વધારે સમય આપ્યો છે. તો મને પણ વધારે સમય આપવો જોઈએ, હજુ તો મારે મહત્વની વાત કરવાની છે.

**સભાપતિશ્રી** : વધારે સમય નહીં અપાય, બે મિનિટમાં પૂરું કરો.(અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, બજાર સમિતિઓની વાત કરું તો એમાં બજેટ ફાળવાય છે, પરંતુ વપરાતું નથી અને આજની તારીખમાં માત્ર ૨૦૦૪-૦૫ માં ૭૬ લાખ રૂપિયા હતા એમાંથી ૭ લાખ રૂપિયા ખર્ચાયા છે અને ૭૦ લાખ રૂપિયા આજની તારીખમાં પડી રહયા છે અને બજાર સમિતિઓમાં જે પ્રવૃત્તિઓ થાય છે એમાં આ બજાર સમિતિઓ ખેડૂતોલક્ષી મંડળીઓ હતી, એમણે ખેડૂતોના હિતની જ વાત કરવાની હતી એની જગ્યાએ આજે રાજકીય અખાડાઓ બનાવી દીધી છે એનો સાક્ષી મારો મતવિસ્તાર આજે થયો છે. હમણાં જ બજાર સમિતિઓની ચૂંટણી હતી અને ચૂંટણીઓ નિમિત્તે ૬૦ થી ૭૦ મંડળીઓ એની અંદર ભાગ લેવાની હતી એમાંથી ૩૨ મંડળીઓ ફડચામાં લઈ જવામાં આવી છે. મને એ સમજાયું નહીં કે ૨૦૦ કરતાં વધારે સભ્યોની દૂધ મંડળીના કહેવાય એ સહકારી મંડળીઓના માર્કેટ યાર્ડમાં નાખ્યા નથી કે અને આજે સુપ્રીમ કોર્ટે એમાં સ્ટે આપ્યો છે અને આજની તારીખમાં રિઝલ્ટનો બાન છે. મારે સમજવું છે કે આપણા સહકાર મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા છે એ તો બહુ સારા માણસ છે, પરંતુ અમદાવાદથી કોઈ રિમોટ કંટ્રોલ ચલાવે છે કે જેના કારણે સહકાર મંત્રીશ્રી સિધ્ધપુરના અલગ છે કે શું એ મને સમજણ પડતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા સંઘ એ આટલો મોટો સંઘ છે, પરંતુ એની ચાલુ બોડીને ફડચામાં લઈ જવામાં આવે. (સમયસૂચક ઘંટડી) અને તાલુકા સંઘમાં જયારે સરકારે ફરીથી કોર્ટમાંથી વહીવટદાર લાવીને મૂકાય તો આજે પણ તાલુકા સંઘમાં એવી રીતે એક એક મહિના સુધી કોર્ટનો ઓર્ડર મૂકયો નથી. માનનીય સહકાર મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ પ્રકારની જો સહકારી પ્રવૃત્તિ ચાલશે તો આવનાર સમયમાં સહકારી પ્રવૃત્તિનું ગુજરાત અને દેશમાં માત્ર નામ પણ નહીં રહે એવું હું માનું છું.

**સભાપતિશ્રી** : બધા માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે હજુ લગભગ સત્તર જેટલા સભ્યશ્રીઓ બોલવાના બાકી છે, એટલે બધા સભ્યો પાંચ પાંચ મિનિટમાં પોતાનું પ્રવચન પૂરું કરે તેવી વિનંતી છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, પંચાયત, ગ્રામ વિકાસ, સહકાર એવા અગત્યના પાંચ ડિપાર્ટમેન્ટ છે, હવે પાંચ માટે એક એક મિનિટમાં પૂરું કરવાનું હોય તો શું બોલવું?

**સભાપતિશ્રી .** : માનનીય મંત્રીશ્રીને સૂચનો આપી દેજો. આપણે પાંચ વાગ્યા સુધીમાં પૂરું કરવાનું છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, મને પૂરો સમય આપજો એવી વિનંતી કરું છું. માનનીય પંચાયત મંત્રીશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ વિભાગની માગણી નંબર ૬૯ અને ૭૧ લઈને આવ્યા છે તેના સંદર્ભમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે અત્રે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મારે ટીપ્પણી ન કરવી જોઈએ, પરંતુ મારા સાથી મિત્રોએ અહીં આગળ ૪૦ વર્ષોના કોંગ્રેસના શાસનના નામે અનેક દુહાઈઓ આપી અને વખાણનો એટલો બધો મારો ચલાવ્યો, મહાત્મા ગાંધીજીના નામનો પણ એમાં સમાવેશ કર્યો કે મહાત્મા ગાંધીજી આઝાદીના માધ્યમથી હિન્દુસ્તાનને આબાદી અપાવવાના મતના હતા, અને અમે તે કામ કર્યુ, પરંતુ મારે આ મારા મિત્રોને પૂછવું છે કે જો તમે ગામડાંનો વિકાસ કરવા માગતા હતા, જો તમે ગાંધીજીની કલ્પના મુજબ ગામડાંને ગોકુળીયું બનાવવા માગતા હતા, જો તમે ગામડાંને આબાદ ગામડું બનાવવા માગતા હતા તો તમે ૪૦ વર્ષના તમારા શાસનમાં ગામડાંનો વિકાસ થાય તેવી એક પણ યોજના મુકી ખરી? મારે વિરોધપક્ષના મિત્રોને પૂછવું છે કે ૧૯૯૫ માં આ રાજયમાં ભારતીય જનતા પાર્ટી સત્તારૂઢ થઈ ત્યાં સુધી રાજયને જોડતા ગામડાંના રસ્તાઓ નહોતા, ત્યાં સુધી આ રાજયમાં પીવાના પાણીની વ્યવસ્થા નહોતી, ત્યાં સુધી આ રાજયને વીજળીની સુવિધા પણ નહોતી. આ કોંગ્રેસી શાસકોનું શાસન પૂરું થયું અને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તારૂઢ બની ત્યાં સુધી આ ગામડામાં શાળાના ઓરડા નહોતા, ત્યાં સુધી ગામડામાં કયાંય સી.સી.રોડ નહોતા, ગામે ગામ શાળાના ઓરડા, ગામે ગામ સ્કૂલની અંદર વિદ્યા સહાયકો, ગામે ગામ આંતરમાળખાકીય સુવિધાનું આયોજન જો કોઈએ કર્યુ હોય તો તે માત્ર અને માત્ર ભારતીય જનતા પાર્ટીની આ સરકારે કર્યુ છે. વિરોધપક્ષના મિત્રો તે કેમ ભૂલી જાય છે કે આજના બજેટમાં અમારી યોજનાઓમાં અમે ગામડાંમાં આતંરમાળખાકીય સુવિધાની વાત કરી, ગામડાંના વિકાસની વાત કરી, વિકાસ લક્ષી યોજનાઓ મૂકી,

કિસાન પથ યોજનાની વાત કરી છે તે બધી ખેડૂતોના વિકાસની વાત નથી તો કોના માટેની વાત છે? આ ગુજરાતની પાંચ કરોડની જનતાને ગુમરાહ કરવાનો પ્રયાસ શેના માટે? ગુજરાતની લોકોની આગળ આ બેવડા મોઢાની વાત કરનારને લોકો બરાબર ઓળખી ગયા છે. એટલા માટે તો ૧૯૯૦ થી દેશવટો આપ્યો છે અને આજ ૨૦૦૫ સુધીમાં કયાંય પત્તો નથી લાગ્યો. હમણાં જે પરિણામો આવ્યા તેના ઉપર તો મારા મિત્રોએ જરૂરી મનોમંથન કરવું જોઈએ, આત્મ નિરિક્ષણ પણ કરવું જોઈએ કે આવડા મોટા બિહારમાં દસ બેઠકો, બિહાર અને ઝારખંડમાં મળીને આખી વીસ બેઠકો, સોનીયા ગાંધી આઈ હે, નઈ દિશા લાઈ હે, હવે આ નઈ

દિશાનો ખ્યાલ આવી ગયો છે. અને ગામડાંના લોકોની આશા, અપેક્ષાઓ પૂર્ણ કરવામાં આ લોકો ઉણા ઉતર્યા છે, માત્ર ગુજરાતમાં જ નહીં પણ બિહાર અને બીજા રાજયોમાં પણ તેઓ ઉણા ઉતર્યા છે અને તેનો જવાબ આ પરિણામોમાં દેશની જનતાએ આપ્યો છે. મારા આ મિત્રોએ ૧૯૯૭ની વાત કરી, ૧૯૯૭માં પણ અમે ઘણું બધું કર્યુ છે. સહકારના કાયદામાં પણ વાત કરવામાં આવી છે.

**સભાપતિશ્રી** : માનનીય માધાભાઈ, માગણીઓ ઉપર આવી જાઓ.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય મનહરભાઈ, અમે શાંતિથી બેઠા બેઠા સાંભળતા હતા, હવે તમે સાંભળો તો ખરા.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર વિભાગની વાત કરું છું. (અંતરાય) તમે માનનીય મનહરભાઈ, બેસીને સાંભળો તો ખરા? ટીકા ટિપ્પણ કરવી હોય તો પછી સાંભળવાની પણ તૈયારી રાખવી પડે.

**સભાપતિશ્રી .** : માનનીય માધાભાઈ, માગણી ઉપર આવો.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૭ના વર્ષની ઘણી બધી વાતો કરવામાં આવી છે. ૧૯૯૭માં કોનું શાસન હતું, માનનીય જેસાભાઈનું શાસન હતું અને એમને કાઢી કોણે મૂક્યા? અમે નહોતો કાઢ્યા. આ કોંગ્રેસવાળાએ એમને કાઢ્યા હતા.

હું મારી વાત ઉપર આવું તો ગ્રામ સ્વરાજ્યની પ્રતીતિ જો કોઈએ કરાવી હોય તો એ અમારી સરકારે કરાવી છે. અહીંયા ગ્રામ સભાની વાત કરવામાં આવી. આ ગ્રામ સભા તમારા વખતે તો ફક્ત પોથીમાં હતી. એને અમલમાં મૂકવાનું કામ અમારા શાસનમાં થયું છે. આજે ગ્રામ સભાની અંદર લોકો આવતા થયા છે. ગ્રામ સભાને લીધે ગામડાં સમસ્યાથી મુક્ત થયા છે. આઠ તબક્કામાં ગ્રામ સભાનો કાર્યક્રમ થયો છે. એની અંદર જે પ્રશ્નો રજૂ થયા એમાંથી ૯૩ ટકાનો નિકાલ અમે કર્યો છે. અને જે પ્રશ્નોનો નિકાલ નથી થયો એને પણ અમે હાથ ઉપર લઈ રહ્યા છીએ. હું આ રૅકૉર્ડ ઉપરની વાત કરી રહ્યો છું. ૯૩ ટકા પ્રશ્નો હલ કર્યા છે. તમારા શાસનમાં લોકોને પોતાનો અવાજ રજૂ કરવાની તક મળતી નહોતી તેથી અમે લોકોએ ગ્રામ સભાના માધ્યમથી લોકોને પોતાનો અવાજ રજૂ કરવાની તક આપી છે.

સમરસ ગ્રામ યોજનાની વાત કરું તો, આ યોજના આ લોકોના શાસનમાં હતી. તેઓએ સમરસ ગ્રામ કર્યા હતા ખરા? આ પાંચ કરોડની જનતાને સમરસ ગ્રામ કેવા હોય એની પ્રતીતિ આ ભારતીય જનતા પાર્ટીના શાસને કરાવી છે.

ગ્રામીણ વિકાસની વાત થઈ. ગ્રામીણ વિકાસ માટે ગામોને શહેરની સમકક્ષ બનાવવા માટે કોઈ યોજના હતી ખરી? હજી મારી ચેલેન્જ છે કે હજી હોય તો પાછળ ઘણા બધા વક્તાઓ બોલવાના બાકી છે એ પોતાના પ્રવચનમાં બતાવે તો અમારા માનનીય મંત્રીશ્રી એનો જવાબ આપી શકે અને આ ગુજરાતની જનતા જાણી શકે કે સાચું કોણ અને ખોટું કોણ.

ગોકુળગામની વાત કરું તો આ વરસને અંતે જાન્યુઆરી, ૨૦૦૫ના અંતે ૨૪૮૫ ગામોને ગોકુળ ગામ બનાવી શક્યા છીએ. આ અમારું કામ છે. અમે ૩૭૯૪ ગામોને સમરસ ગ્રામ બનાવી શક્યા છીએ. અમે ૧૨૬ ગામોને તીર્થ ગ્રામ બનાવી શક્યા છીએ. અહીંયા ઘણા લોકોએ સવાલ કર્યા પરંતુ અમારા શાસનમાં એક પણ લઠ્ઠાકાંડ નથી થયો. લૅન્ડ ટુ લૅબ સુધીનો કાર્યક્રમો અમે આપ્યા છે. આ ગામોના વિકાસ માટેની ચિંતા કરનારા અમે છીએ અને ગુજરાતના લોકોને એની પ્રતીતિ બરાબર થઈ ગઈ છે. અમે ગામડાંને કેન્દ્રમાં રાખીને આયોજન કર્યુ છે. એટલે સમરસ ગ્રામ, તીર્થ ગ્રામ, ઈ-ગ્રામ, ગોકુળીયું ગામ, જયોતિગ્રામ લઈ આવ્યા છીએ. અમે પંચાયતોનો સ્વયં વિકાસ થાય એના માટેનું આયોજન કર્યુ છે. જી-સ્વાન યોજના મારફતે ગામડાંના પ્રશ્નોનો નિકાલ આવે એનો પણ આ સરકારે ખ્યાલ રાખ્યો છે.

**સભાપતિશ્રી .** : માનનીય માધાભાઈ, આપ પૂરું કરો.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, મને બે મિનિટ આપજો. માનનીય અધ્યક્ષશ્રી, આ ગામડાંની પંચાયતો હતી. ૧૩,૮૨૫ પંચાયતો, તેમાં પંચાયત ઘર નહોતા. તલાટી-મંત્રીના નિવાસસ્થાનની વ્યવસ્થા નહાતી. આ કામ પૂર્ણ કર્યા છે અને ૪૭૫ પંચાયત ઘર કે તલાટી મંત્રી વગરની છે તેમાંથી ચાલુ વર્ષના બજૅટમાં.

**સભાપતિશ્રી** : માનનીય ગોવાભાઈ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, કૃષિ અને સહકાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી નં. ૨, ૪, ૫, ૬૯, ૭૧ લઈને આવ્યા છે તેમાં મારા સૂચનો કરવા ઉપસ્થિત થયો છું.

કૃષિ અને બધા વિભાગના આંકડાઓ જે માણસો ખેતી નથી કરતા તેમને તો એવું લાગે છે કે મોટા-મોટા આંકડાઓ આપીને ખેડૂતોને ન્યાલ કરી દીધા છે. પરંતુ વાસ્તવમાં આ આંકડાઓની માયાજાળ વહીવટમાં

જ પૂરી થઈ જાય છે. ખેડૂતના ઘર સુધી કશું જ જતું નથી. આજની માગણીના આ આંકડાની અંદર. મારા ઘણા બધા મિત્રોએ વાત કરી, પણ એ વાત કેવી કરી છે કે પાણીમાં વહાણ ચાલે તેમ માધાભાઈ રેતમાં વહાણ ચલાવતા હતા. કૃષિમાં એક મોટો વિષય છે ખેડૂતો. સરકાર, રાજય અને દેશમાં ખેડૂત આધારિત બધી જ સુવિધા ચાલતી હોય છે. ગામની અંદર ખેડૂત ખેતી કરે છે. ખેતમજૂર મજૂરી કરે છે અને ગામમાં નાનો-મોટો વેપાર કરે છે એ ખેડૂત આધારિત છે અને ખેડૂત આધારિત ગામડું, શહેર અને રાજય સુધીનો વિકાસ થાય છે. તેની અંદર ચીલાચાલુ છે. તેમાં કંઈ નવું નથી. ખેડૂતોની મોટી સમસ્યા છે કે ખેડૂતને લગતી દરેક ચીજ છે, ખેડૂતના વ્યવસાય સાથે સંકળાયેલી છે તેમાં એજન્ટો એમાં સહકારી માળખું હોય, એગ્રો હોય તેના મોટા મોટા એજન્ટો હોય, ચાહે કોઈ પણ હોય, આજે ખેડૂતને લૂંટવા સિવાયનો કોઈ ધંધો માંડ્યો નથી. ખેડૂતને ૧૯૯૫ની સાલમાં મારા વિસ્તારની વાત કરું તો બાજરીના ભાવ ૯૫ રૂપિયા હતા. આજે ૯૧ રૂપિયા છે. તેના પછી ખાતરના ભાવ ત્રણગણા થયા. બિયારણના પાંચ ગણા થયા. વીજળીના ભાવમાં મીટરો સળગ્યા અને ખેતીમાં જે ઓજારો હોય તેમાં ટ્રેસર, ટ્રૅક્ટર હોય કે ખેતીને લગતી વસ્તુ, પાણી કાઢવાની મોટર હોય તેના દસ ગણા ભાવ થઈ ગયા છે. ખેડૂતો ઉપર લૂંટ માંડી છે. હું મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ખેડૂતની વપરાતી તમામ ચીજોની સમીક્ષા કરીને તેમાં ડીપમાં જાવ. પ્રોડકટ મેન્યુફેકચર કરતા હશે ત્યાં જાવ તો ૫૦ ટકા નફો ચડાવીને એ વાયા-વાયા ખેડૂતના ઘેર પહોંચે છે. આપણે સહકારી માળખાના ધોરણે આપીએ છીએ. સહકારી માળખું સદ્ધર છે. પરંતુ જે અમુક ગામોમાં કુટેવ પડેલી છે એવા ગરીબ માણસોનો મંડળીમાં સમાવેશ કરતા નથી. તેને કયો લાભ મળે છે? તેના માટે કોણ છે? નથી સહકારમાં લેતા, નથી સરકારમાં લેતા. એવા માણસો કચડાય છે તેના માટે કંઈને કંઈ વિચારવું જોઈએ. ખેડૂતોની બધી જ વાતો કરી છે. પરંતુ આજે શું દશા છે? તમે ભાવ નક્કી કરી નાંખો. મને વિશ્વાસ છે કે મંત્રીશ્રી ખેડૂતલક્ષી કંઈકને કંઈક જાહેરાત કરશે. જે ખેડૂતોનો પાક છે તેમાં ભાવ નક્કી થતા નથી. ખેડૂત સિવાયની તમામ પ્રોડકટના ભાવ જ્યારે રોમટિરિયલ લાવે છે ત્યારથી નક્કી હોય છે. આટલા રોમટિરિયલના, આટલા લેબરના, આટલો ટેક્સ અને આ ભાવે બહાર પડશે અને મારો આટલો નફો અને આ ભાવે વેચીશું. પરંતુ ખેડૂત જ એવો છે કે કોઈ ભાવ નક્કી નથી. જો પાક પાકી જાય, લેવાવાળો વેપારી ન હોય તો ૫૦ ટકા ભાવ થઈ જાય. અને ઘેર પડ્યું હોય. તો એ ખેડૂતની વાત કરીએ છીએ. દેશ અને રાજય ખેડૂત આધારિત છે. અહીં બેઠેલાઓમાં ૮૦ ટકા ખેડૂતો છીએ તો આપણે એવું કંઈક કરો કે ખેડૂત પણ તેના ભાવ નક્કી કરે. જે પાક વાવવો હોય તે વાવે અને તેના ભાવ પહલેથી નક્કી કરે કે સરકાર આ ભાવ લેશે. અત્યારે

ટેકાના ભાવ બંધાય છે. મંત્રીશ્રી કહેશે કે ટેકાના ભાવ તો છે. પણ માર્કેટમાં ૧૫૦ હોય ત્યારે ટેકાના ભાવ ૧૩૫ હોય, માર્કેટમાં ૧૫૦ હોય ત્યારે ટેકાના ભાવ ૧૫૫ હોવા જોઈએ. તો ખેડૂત ટકી શકે. પરંતુ આપણે ત્યાં પરંપરાથી ટેકાથી માર્કેટના ભાવ વધુ હોય છે. એટલે ખેડૂતનો માલ કોઈ લેતું ન હોય એટલે બિચારો મરતાં મરતાં વેચી આવે, એટલે ખેડૂત છે એ બિચારો લૂંટાઈ જ જાય છે. એ પરિસ્થિતિમાં નવું કરવું જોઈએ. મંત્રીશ્રી આપ હિંમત કરો એવી વિનંતી છે. ખેડૂતોને સીધેસીધા ભાવ મળે, ટપક પદ્ધતિ, ફુવારા પદ્ધતિની બજૅટમાં જાહેરાત કરી છે ૧૫૦૦ કરોડ રૂપિયાની કરી છે. ખેડૂતલક્ષી સારી છે. પણ એગ્રોને આપશો, એજન્સીને આપશો, એજન્ટને આપશો તો એના ઉપર એમના ભાવ ચડી જાય છે. તમામ સબસિડી એમાં જતી રહેશે. ખેડૂતને ઘરે તો ઓરીજીનલ કિંમત છે એટલી જ ચૂકવવી પડશે. બાકીના પૈસા છે એ બારોબાર એજન્ટ હોય, એગ્રો હોય કે એજન્સી હોય એની પાસે જશે. ડ્રિપ પદ્ધતિ છે, ફુવારા પદ્ધતિ છે એની જે પ્રોડકટ છે એ કેટલામાં તૈયાર થાય છે, કેટલામાં બને છે અને કેટલામાં મળે છે? એ શું નફો લે છે? આ જાતનું કરીને મોકલશો તો જ એની સાચી સહાય ખેડૂતોને મળશે. એજન્ટો ખેડૂતો પાસે જઈને કહેશે કે તમારા ૭-૧૨ અને ૮-અ ઉતારા લાવો અને આ ફોર્મમાં સહી કરો. આ વસ્તુઓ કહેશે કે તમારે ત્યાં ૧૫ દિવસ રાખો. અને ચૅકીંગ પૂરું થાય એટલે મારે ઘરે મૂકી જજો. તમને આટલા પૈસા મળશે. મફતનું મળતું હશે એટલે કહેશે મૂકો અને લઈ જાઓ. ખેડૂત બિચારાને ખબર નથી કે, આ શું થઈ રહ્યું છે. પરંતુ નક્કર નિયમ કરો એની પૉલિસી બનાવો. ખેડૂતોને ૮૦ ટકા સબસિડી આપો. સાચી સબસિડી આપો. ૧૦૦૦ ખેડૂતોને આપો. ૧૦૦૦ રૂપિયાનું ઉત્પાદન છે અને એમાં ૮૦૦ રૂપિયાની સબસિડી હોવી જોઈએ અને તમે નક્કી કરો કે આ ખેડૂતને આના ઉપરથી જ ૫ વર્ષ સુધી ખેતી કરવી જોઈએ. ૫ વર્ષ સુધી એ વેચી શકશે નહીં, ભંગારમાં આપી શકશે નહીં. એના પોતાને ત્યાં જ રાખી શકશે.એનું કરારનામું લઈને તમે આપો તો સાચો અર્થ સરશે. નહીં તો આ કાગળ ઉપર થશે. આ બધું કાગળ ઉપર જ ફરે છે. ૧ મહિનો મૂકયું અને પછી બાકી કાગળો બીજે મૂક્યા અને કવર ચૂકતે થાય છે. સબસિડીનો સાચો આશય નથી ઠરતો. સિંચાઈની પદ્ધતિ છે એ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બીજા દેશોની વાતો કરીએ છીએ. એની અંદર આપણે જોઈએ છીએ. એની પદ્ધતિ સરળ છે. એક ખેડૂતની ફરિયાદ આવે કે એની સાથે ચીટિંગ થયું છે. તો ૧૦ જ દિવસમાં એનો નિકાલ આવી જાય છે એનું રિઝલ્ટ આવી જાય છે, એને શિક્ષા કરે છે. આપણે ત્યાં ત્રણ- ત્રણ વર્ષ સુધી એનો પાર આવતો નથી. તપાસ થાય છે, કમિટિ રચી, એનો જવાબ લખે ખેડૂત ફેરવી દીધો અને ફાઇલ થઈ ગયું. આ

ન હોવું જોઈએ. કડકમાં કડક સજા થવી જોઈએ. આ રાજયને બચાવવું હોય, રાજયના ખેડૂતને બચાવવા હોય તો તમામ ચીજ પર નક્કર નિયમો અને કાયદાનો અમલ કરાવવો પડશે. આ તો કિટસ્ આપી અને આ આપ્યું કામગીરીને પૂર્ણ કરી અને એનાથી ખેડૂતને સીધો લાભ થતો નથી. ખેડૂત ત્યાંનો ત્યાં છે. દેવાદાર બની ગયો છે, સહકારી માળખું છે એનાથી આ ખેડૂતો એના દેવાના આધારે ચાલે છે. બાકી તો ખેડૂત ખતમ થઈ ગયો છે. ૯૦ ટકા ખેડૂતો પૂરા થઈ ગયા છે. કોઈપણ વર્ષે એનો ક્રોપ આવે એટલે એને ભાવ જ મળતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ડીસા વિસ્તારની અંદર, અમારે ત્યાં બટાટાની મોટી ખેતી છે. ગયા વખતે બજેટમાં ખૂબ કહ્યું કે, વિદેશી કંપનીને કોન્ટ્રાકટ આપ્યો છે, વિદેશી કંપનીને લક્ષાંક આપ્યો છે. એમાં બટાટાનો લક્ષાંક આપ્યો છે. મોટો પ્રોજેકટ આવવાનો છે. બટાટાના ડબલ ભાવ મળશે. તમે બટાટા ન વેચતા, તમને ભાવો મળશે. એના ભાવ તૂટી ગયા, ૭૦ ટકા ભાવ તૂટી ગયા અને ખેડૂત પૂરો થઈ ગયો. હજુ સુધી કોઈ પ્રોજેકટ દેખાતો નથી. આપણે નહીં કહેવાનું. ખેડૂતને તમે મહેનત કરો જે છે એ આ છે પણ આ એક વચનથી ખેડૂત બરબાદ થઈ ગયો. કેટલાએ દેવાદાર થઈ ગયા છે. કેટલાય ખેડૂતો બરબાદ થઈ ગયા છે. એટલે ખેડૂત માટે નક્કર વાત હોવી જોઈએ. ખેડૂત પુત્ર ભગવાનના ભરોસે બેઠેલો છે. આપણું એ રાજય નહીં પણ ભગવાન માને છે. એના માટે આપણે એક જાતનું કમિટમેન્ટ કરીએ. એના લાભ એને સીધા મળે. એની સાથોસાથ (સમયસૂચક ઘંટડી) હું ટાઇમ જોઈને બોલું છું. હું થોડીવારમાં પૂરું કરીશ. માધાભાઈ જેટલો ટાઇમ લીધો છે એટલા સમયમાં પૂરું કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, એક તો ખેડૂતને એગ્રોવાળાને બદલે બારોબાર આપવું જોઈએ. એમાં માનનીય મંત્રીશ્રી કાળજી રાખીને અંગત રસ લઈને કરશે. બીજી વાત પંચાયતની છે. ખૂબ કહ્યું, ગોકુળિયા ગામ કર્યા છે. શ્રીકૃષ્ણના અવતારમાં હોય એવા કર્યા છે. ૧૫ લાખ અને ૫૦ લાખ મળશે. બાકી તમે જુઓ તો હતું એનું એ જ છે. કાંઈ ફરક પડ્યો નથી. ગોકુળિયું ગામ, શ્રીકૃષ્ણ જેવું ગોકુળિયું, અંધારો રોડ બસ એવું જ છે. બીજું કાંઈ કર્યું નથી. ગ્રામસભાઓ છે. આ ગ્રામસભાની અંદર એક જ ઠરાવની અંદર ૧૦ જાતની ડિમાન્ડ થાય છે. દસ વિભાગના જૂદા જૂદા ઠરાવ એની અંદર થાય છે. વીજળીનો પ્રશ્ન, રેવન્યુનો પ્રશ્ન, ખેતીનો પ્રશ્ન એમ તમામ વિભાગના પ્રશ્નો એક જ ઠરાવમાં લખે છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે વિગત મંગાવો કે આ ઠરાવનો અમલ થયો છે કે કેમ? વીજળીનો પ્રશ્ન આવ્યો તો વીજળીના ઠરાવની નકલ ગઈ છે ખરી? રેવન્યુનો ઠરાવ હોય તો એની નકલ મળી ગઈ છે ખરી? રેવન્યુનો પ્રશ્ન હોય તો રેવન્યુના પ્રશ્નની નકલ ગઈ છે ખરી? કારણ કે એક ઠરાવ છે તલાટીમાં મૂકી દોધો, રજીસ્ટરમાં લખી દીધું કે ધારાસભ્યની ગ્રાન્ટમાં આવે આ જાતનું ચાલે છે. સહકારની અંદર પણ મંડળીઓનું જે છે એ મંડળીઓમાં આપે પરિપત્ર કર્યો કે એક ગામમાં એક જ મંડળી હોવી જોઈએ, અમે એમાં સંમત હતા, ખુશ હતા પરંતુ એક જ ગામમાં દસ દસ મંડળીઓ એક જ હેતુની, અમે અપીલો કરી છે , પડી છે પણ છતાં માનનીય મંત્રીશ્રી સુધી પહોંચી નહીં હોય, એક એક ગામમાં દસ દસ મંડળીઓ છે, એક પણ ચાલવાની નથી.

**શ્રી સી. ડી. પટેલ (પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, સહકાર, પશુપાલન, ડેરી વિકાસ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું. સમર્થન એટલા માટે કે આ દેશ અને આ રાજય એ ૮૦ ટકા ખેડૂતોનો બનેલો આ દેશ અને આ રાજય છે એ ગામડામાં વસે છે. ગામડામાં વસતો ખેડૂત, ગ્રામ વિકાસ ખેતી અને સહકાર આ ત્રણેનું સાથે સંકલિત થઈને ગામડાના વિકાસની પૂજય ગાંધી બાપુની જે કલ્પના કરી હતી ગ્રામ સ્વરાજની અને ગામડાની વ્યકિત આબાદ બને, આઝાદ બને એ ઘર પરિવાર સાચવે , એ સાથે બેસીને રોટલો ખાઈ શકે એવી બાપુ એ જે કલ્પના કરી હતી એ કલ્પનાનું ગુજરાત છે. એ કલ્પનાના ગુજરાતનું ગામડું, ગ્રામ વિકાસની યોજનાઓ દ્વારા

**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

આજે અસ્તિત્વમાં આવ્યા છે અને માટે હું સમર્થન આપું છું. જ્યારે ખેતી અને ખેતી આધારિત વિકાસની વાત થતી હોય ત્યારે હું ખેડૂત છું. ગામડામાંથી આવું છું અને માનનીય ગોવાભાઈ કહેતા હતા કે ખેડૂતોની યોજનાનો લાભ કોને મળ્યો આ વાત સાચી છે. ખેડૂતોની યોજનાનો લાભ આજ દિન સુધી એમની સરકારમાં ખેડૂતોને નહોતો મળતો. એ વચેટીયાઓને મળતો હતો. એ ક્ષેત્રમાં જે ખેતી આધારીત કામ કરતા લોકોને એનો લાભ જોવા નહોતો મળતો. હું ખેતરમાં જતો, બીજ વાવવા જતો, બીજ કેન્દ્ર ઉપર જતો અને બીજ લાવતો હું, ખેતરમાં બીજ ગોડતો, મને એમ થતું કે આ બીજ ફૂટશે અને ફૂટશે એટલે એની રોપણી કરીશ. રોપણીમાંથી ત્યાં આગળ એના ઉપર મોલ આવશે અને મોલમાંથી એના ઉપર પાક થશે પણ આ બીજ એ બનાવટી બીજ નીકળતા હતા અને એમના વખતમાં બનાવટી ચીજોનું વેચાણ થતું હતું એનું મને દુ:ખ છે. હું ખેતરમાં જઈ અને નિસાસો નાખીને પાછો આવતો હતો, ખાતર નાખવાનું ગમે, અમે પણ ખાતર નાખવા માટે પશુપાલનના ધંધા દ્વારા ડેરીએ દૂધ ભરીને થોડા થોડા પૈસા બચાવીને ખેતરમાં ખાતર નાખવા માટે પૈસા બચાવતા અને આ દૂધમાંથી દૂધના વેપારમાંથી ઢોરઢાંખરને પાલવીને બચાવેલા પૈસામાંથી અમે ખાતર લાવતા

અને ખાતર જ્યારે લાવવાનું થાય ત્યારે લાંબી લાઈનો લાગેલી હોય, જે મોટા ખેડૂતો હોય એમના મળતરીયા હોય, એમના દલાલો હોય એમના ત્યાં પહેલા ગાડા ભરી અને ખાતર જતું રહેતું અને અમે લાઈનમાં ઉભા રહેતા અને પહોંચીએ ત્યારે પાટિયા પડી જતા ખાતર નથી. આ પ્રશ્નનું નિર્માણ આ વખતે થતું હતું અને કયાંક એમોનીસમ સલ્ફેટ જ્યારે અમે લેવા જતા ત્યારે એના નામે બનાવટી ખાતર પધરાવી દેવામાં આવતું હતું અને આ બનાવટી ખાતરનો વેપાર કરનાર લોકો એમના સમયમાં એમના હતા એમ હું સ્પષ્ટ કહેવા માગુ છું. આ બાબતનો અમે વિચાર કરીએ છીએ અને બિયારણ સારું મળી શકે, ખાતર સારું મળી શકે, દવા પણ જોઈએ. ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલી વ્યકિતને કયાંક ખેડ, ખાતર અને પાણી અનાજ લાવે તાણી એ વાત કરી ત્યારે એ પાકમાં જીવાત અને જીવાતમાં એટલી બધી જીવાત કે ખેતરમાં જઈએ તો એમ થાય કે બે દિવસમાં ખેતરમાં રહેલો મોલ અને પાક ખલાસ થઈ જશે. આડોશ-પાડોશમાંથી ઉછીના પૈસા લઈને દવા લેવા જઈએ અને દવા છાંટીએ ત્યારે અત્યારે આ લોકોના ભૂતકાળમાં ભ્રષ્ટાચારની જીવાંત પડી હતી અને દવા નાખીએ ત્યારે જીવાંત વધ્યા કરતી હતી અને પાક નહોતો આવતો. આ પરિસ્થિતિ હતી. આ સરકારે એના ઉપર નિયંત્રણ કર્યું. બીજ પ્રમાણિત મળે, ખાતર પૂરતા પ્રમાણમાં જોઈએ ત્યારે મળે અને એના માટે લોન પણ મળે. ૧૦ લાખ લોકોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા અને એ દ્વારા એને જ્યારે જોઈએ ત્યારે ખાતર, બીજ અને સંતોષકારક દવા લાવી શકે. આ બધું લાવે ત્યારે એને પોતાને આનંદ થાય કે પોતાના ખેતરમાંથી મોલ થશે. પાક કાપીને અને ખળામાંથી કાઢીને માથે ઊચકી અને ખેતીવાડી બજાર સમિતિમાં જતા ત્યારે ઉઘાડેછોગ લૂંટ થતી હતી. આજે ૨૨૧ ખેતીવાડી સમિતિમાં વેપારીઓ ખેડૂતોને પૂરેપૂરો ભાવ આપે, તોલ બરાબર થાય, ખોટું કાપવાનું નહિ, કચરો અને કસ્તરના નામે કાપવામાં આવે નહિ અને એ ખેડૂત રોકડી રકમ લઈને ઘેર જતો હોય ત્યારે આનંદ કરતો કરતો દીકરા-દીકરી માટે બજારમાંથી કપડું, ઝભલું, મીઠાઈ લેતો જાય. આ આજની સ્થિતિ એ આ સરકારની દેન છે, આ ભારતીય જનતા પાર્ટીની દેન છે.

માનનીય અધ્યક્ષશ્રી, infrastructure development for the agriculture society (અંતરાય) આ સત્ય ઘટનાનો એ સ્વીકાર નહિ કરે. હું હમણાં બહારથી આવ્યો ત્યારે મારી પાસે એક ભાઈ આવ્યા અને પીળા કપડામાં કશુંક લઈને આવ્યા. એ કેસરી કપડાની વાત કરે છે. હું પીળા કપડાંની વાત કરું છું. મેં પૂછયું કે શું લઈને આવ્યા? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માગણી ઉપર વાત કરો.

**શ્રી સી. ડી. પટેલ** : આ એ જ વાત કરું છું. મારે એ કહેવું હતું કે શ્વેત ક્રાંતિની વાત હમણાં માનનીય સી.ડી.ચાવડા કરતા હતા. જો શ્વેત ક્રાંતિ ગુજરાતના ખેડૂતો દ્વારા થઈ હોય તો હરિયાળી બીજી ક્રાંતિ આજે વિકાસને લઈને ક્યાંક ખેત તલાવડી દ્વારા, આધુનિક ખેતી અને ટપક સિંચાઈ પદ્ધત્તિ દ્વારા સ્પ્રીંકલીંગ મેથર્ડ દ્વારા ગુજરાતનો ખેડૂતોએ કરવાનો છે. પૃષ્ઠના શિખરે જ્યારે ગ્રામ વિકાસને લઈ જવાનું છે ત્યારે પાયાની જરૂરિયાત પૂરી પાડવી પડશે. infrastructure of the village એના માટે થઈને ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકારે ક્યાંક ગોકુળગ્રામની વાત કરી અને એ હેઠળ ગામેગામ છેવાડાના વિસ્તાર સુધી, પરાં વિસ્તાર સુધી સરસ રોડ મળે, ખેતરમાં ગાડું લઈને જાય, ટ્રેકટર લઈને જાય, મોટર સાયકલ લઈને જાય. હવે તો સરકાર દ્વારા નાબાર્ડની યોજના દ્વારા ખેડૂતોને વાહન પણ આપવામાં આવે છે અને વાહન આપવાની યોજના ભારતીય જનતા પક્ષની સરકારે કરી છે. માટે ગુજરાતના આ કૃષિ મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે તમે ખેડૂતો સામે જોયું છે. જેના પગમાં કાંટા ભોંકાતા હતા એ આરામથી આજે વાહન લઈને ખેતરમાં જઈ શકે છે. પોતાના બાળકો, પરિવાર સાથે ખેતરમાં કામ કરી શકે છે. સાથોસાથ જમીનનું પરીક્ષણ કરવામાં આવે. કયો પાક થશે અને કયો પાક ક્યારે અને કેવી રીતે વાવવામાં આવે અને કેવી માવજત કરવામાં આવે કે જેથી વધુ ઉત્પાદન મળી શકે એના માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

સોઈલ હેલ્થ કાર્ડ, આ કેવા પ્રકારના કાર્ડ છે એવી વાત કરતા હતા. ખાલી ગાધીજીના નામે "વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે" વાતો કરવા માટે નથી. હાથીને ઉંદર બનાવનારા પેપરમાં હમણાં પરમ દિવસે જોયું, એકબાજુ મને ગૌરવ અને આનંદ થતો હતો કે મહાત્મા ગાંધીજીની દાંડી યાત્રા ગુજરાતમાંથી ૭૫ વર્ષ નિમિત્તે નીકળી રહી હતી. ત્યારે એવું હતું કે, નીચે લખ્યું હતું ગાંધી અને નીચે ફોટો હતો આંધીનો. આ વાત કરનારા લોકોને ગુજરાતની સ્થિરતાની, ગુજરાતના ગ્રામ વિકાસની ચર્ચા કરવાનો કોઈ અધિકાર નથી. મહાત્મા ગાંધીજીના નામે, ગાંધીના ગુજરાતના નામે, સમરસ એકતાના નામે આ વાત કરવાનો આમને કોઈ અધિકાર નથી. (સમયસૂચક ઘંટડી) આ સરકારે ગ્રામ વિકાસની વાતો કરી છે. આ સરકારે સહકારી ક્ષેત્રની વાત કરી છે. સહકારી ક્ષેત્રમાં આ સરકારનું બહુ મોટું યોગદાન છે. રાજયની ફડચામાં ગયેલી ૪૨ સહકારી બેંકોમાંથી થાપણદારોને થાપણ વીમા યોજના નીચે....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો, ગાંધીજીનું નામ લેવાનો બધાને અધિકાર છે. બેસો, માનનીય બળદેવજી...

**અધ્યક્ષશ્રી** : ચાલો બેસો છબીલદાસ, પ્લીઝ બળદેવજીભાઈ (અંતરાય) બધા લોકોને ગાંધીજીનું નામ લેવાનો અધિકાર છે.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી કૃષિ અને સહકાર વિભાગ, અને મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ લઈને જ્યારે આવ્યા છે, ત્યારે હું એ વાત સાથે સંમત થઈ શકતો નથી.

હું એટલા માટે સંમત થઈ શકતો નથી કે અત્યારે ગુજરાતની અંદર હાલ જે ખેડૂત બાપડા, બિચાર થઈને બેઠા છે ત્યારે આ સરકારમાં ખેડૂતની કોઈપણ પ્રકારની વાત સાંભળવામાં આવતી નથી. ખેડૂતની આ જે દશા થઈ છે તે દશા પણ આ સરકાર જોઈ શકતી નથી. ખેડૂત માટે જ્યારે કાંઈ બે શબ્દો બોલવાની વાત આવતી હોય ત્યારે ખેડૂતની ફેવરમાં આ સરકાર કાંઈ બે શબ્દો બોલી શકતી નથી, આ બેરી, બોબડી અને આંધળી સરકાર ગુજરાતમાં જ્યારે પૂરવાર થઈ છે ત્યારે ખેડૂત બિચારો ક્યાં જઈને બેઠો છે તેની બિલકુલ ચિંતા આ સરકાર કરતી નથી. ઘણા સમયથી બેઠાં બેઠાં સાંભળું છું. ગમે તે સભ્ય બોલવા ઊભો થાય છે ત્યારે ખૂબ ખૂબ અભિનંદન નરેન્દ્રભાઈ મોદીને અને મંત્રીને આપે, હું માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા કહેવા માગું છું કે બધું જ કામ નરેન્દ્રભાઈ મોદી કરતા હોય તો બીજા મંત્રીની ક્યાં જરૂર છે? સરકારને ખોટા ખર્ચા કરવાની ક્યાં જરૂર છે? જો જાદુગરથી આ બધું કામ ચાલતું હોય તો માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા કહેવા માગું છું કે, ગુજરાતમાં જો ખેડૂતોનું ભલું કરવું હોય, ખેડૂતોનું હિત જોવું હોય તો કોઈ સારી યોજના લાવીને કરોને. ખાલી ગુજરાતમાં ગરબા ગાવાથી, પંતગ ઊડાડવાથી કે તાનારીરી ગાવાથી ગુજનાતના ખેડૂતોનું ભલું થવાનું નથી, આવા ખોટા ખર્ચા કરવાથી ગુજરાતનું ભલું નથી થવાનું. ગુજરાતનો ખેડૂતને ચોર કહો, ગુજરાતનો ખેડૂત જ ફક્ત ચોરી કરે છે એવી વાત સમજી ગુજરાતમાં જો વીજળીની ચોરી કરશો તો એને હાથકડીના લગાડવામાં આવશે, એવા પોસ્ટર ઠેર ઠેર લગાડવામાં આવ્યા છે. ખેડૂતની વાત કરું છું, (અંતરાય) સાંભળવાની તૈયારી રાખો (અંતરાય) ખેતરમાં રહેતા ખેડૂતને ૨૪ કલાક વીજળી આપવાની અગર તો..(અંતરાય) ખેતરમાં રહેતા ખેડૂતને રાત્રે ક્યાં જવું એનો આજે અહેસાસ છે.

**અધ્યક્ષશ્રી** : એગ્રીકલ્ચરની વાત છે, પ્લીઝ,

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, સહકારની જ્યારે વાત કરું છું ત્યારે મહેસાણા જિલ્લાની અંદર જિલ્લા રજિસ્ટાર દ્વારા ફક્ત અને ફક્ત બક્ષીપંચ કે પછાતવર્ગનું ગામ હોય એવા ગામની મંડળીને ફડચામાં લઈ જવાના પ્રયત્નો થઈ રહ્યા છે એ વાત ખરેખર ખરાબ વાત છે. એટલે માનનીય મંત્રીશ્રીનું હું આ બાબતે ધ્યાન દોરવા માગું છું કે કોઈપણ મંડળીને જો ફડચામાં લઈ જવાના પ્રયત્નો થતા હોય તો થોડું ધ્યાન દોરે એના કરતાં વિશેષ મહત્વની વાતનું ધ્યાન દોરું કે કડી તાલુકાની અંદર ગોપાલકોની મંડળી જે જમીનો સાથે આવેલી એવી મંડળીને ઈરાદાપૂર્વક એ જમીન સરકાર હસ્તગત કરવા નોટિસો આપી, મંડળીને ફડચામાં લઈ જવાના પ્રયત્નો જિલ્લા રજિસ્ટાર દ્વારા થઈ રહ્યા હતા, સરકારમાં બેઠેલા અધિકારીઓ દ્વારા થઈ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એથીય વિશેષ વાત કરું તો મહેસાણા જિલ્લાની અંદર વિસનગર બેંક જ્યારે ફડચામાં ગઈ ત્યારે એ વિસનગર બેંકના કરોડો રૂપિયા ખઈજનારા જે ઉદ્યોગપતિઓ કહી શકાય, જેમના જામીન કોર્ટે રદ કર્યા હોવાછતાં સહકારખાતા દ્વારા આજે ખુલ્લેઆમ મહેસાણા જિલ્લાની અંદર ફરે છે. એન.કે.પ્રોટીનન્સ નામની એક કંપની કડીમાં આવેલી છે એ કંપની વિસનગર બેંકના કરોડો રૂપિયા ચાઉં કરી ગઈ છે. આજે એ કંપનીના માલિક રોકટોક વગર આજે ખુલ્લેઆમ ફરી રહ્યા છે અને કોઈ સામાન્ય માણસ હોય એને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા પંચાયતની વાત કરું તો મહેસાણા જિલ્લાની અંદર વારંવાર પંચાયતના બજેટ નામંજૂર થયા હોય ત્યારે સરકારમાં બેસીને સરકારના મંત્રી અને અધિકારી દ્વારા ગમે ત્યારે જિલ્લા પંચાયતને મારી નાંખવાની, મનફાવે ત્યારે જીવતી કરવાની અને જીવતી કર્યા પછી એની જે કમિટીઓ છે એની તારીખો પૂરી થઈ હોય છતાં આજદિન સુધી કમિટી બનાવવાની તારીખો નહિ કાઢવાની..

ગુજરાત રાજયનો પંચાયતનો વહીવટ છે. હું આપના દ્વારા કહેવા માગું છું કે ગુજરાતની જિલ્લા પંચાયત જ્યારે આ ગુજરાતની પબ્લિકે કોંગ્રસના હાથમાં આપી છે ત્યારે આ સરકાર એટલી બધી અદેખાઈ કરે છે કે હદ નથી. મન ફાવે એ પંચાયતને ગેરમાર્ગે દોરી, પંચાયતને દૂર કરવા માટે ફકત અને ફકત આ સરકાર દ્વારા જે પગલાં લેવાઈ રહ્યાં છે એ ખરેખર ખરાબ વસ્તુ છે. આપના દ્વારા હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે આ જે બનાવ બની રહ્યા છે એ બિલકુલ ખરાબ છે. એક દિવસ આ ગૃહમાં જ્યારે ગુજરાતના દેવાની વાત આવી ત્યારે ગુજરાતના નાણામંત્રીશ્રીએ વાત કરી કે દેવું કરવા છત્રીસની છાતી જોઈએ. હું આપના દ્વારા કહેવા માગું છું કે ખેડૂતના વિકાસ માટે, ભલા માટે મંત્રીશ્રી હોય કે મુખ્યમંત્રીશ્રી હોય ૩૬ની નહીં ૫૬ની છાતી કરી ખેડૂતોના ભલા માટે વાત કરવી જોઈએ પરંતુ અત્યારે એવું નથી. એસ્સાર, રિલાયન્સ કે મોટા ઉદ્યોગોના ભલાની વાત આવે ત્યારે ૭૨ની છાતી થઈ જતી હોય છે.

ગુજરાતમાં સૌ પ્રથમ જે પંચાયત હતી ત્યારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે પંચાયત પટાવાળાની જગ્યા કોટવાળ તરીકેની જગ્યા હતી અત્યારે આખા ગુજરાતમાં પટાવાળાની નોકરી કરે છે. જૂજ પગાર લે છે. પટાવાળાની નોકરી કરતા હોય ત્યારે પટાવાળાને કાયમી કરી કે કોટવાળની જગ્યા નવેસરથી ઉભી કરીને રોજીરોટી મળે એવા પ્રયત્ન થાય તો સારું. ગોકુળ ગ્રામની વાત કરું તો શરૂઆતમાં ગોકુળ ગ્રામ યોજના તૈયાર કરીને મૂકવામાં આવી ત્યારે શરૂઆતના તબકકામાં જે ગામોને લાભ મળ્યો છે એ પહેલા તબકકામાં જ મળ્યો છે એવો લાભ બીજા કોઈ ગામોને મળ્યો નથી. પ્રથમ તબકકામાં મળ્યો હતો એટલો જ લાભ પાછળથી પસંદગી પામ્યા હોય એવા ગામોને મળે એવી વાત કહેવા માગું છું. ઈ ગ્રામની વાત આવે ત્યારે મંત્રીશ્રીને કહેવા માગું છું કે ઈગ્રામ પંચાયત કરવા જઈ રહ્યા છીએ ત્યારે ગામના લોકોને સાત-બારનો ઉતારો પચાસ પૈસે એક રૂપિયામાં મળે તો ગુજરાતના ખેડૂતો માટે ઘણું ગણાશે. એટલી વાત કરવા માગું છું.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગની માગણી લઈને મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભી થઈ છું.

રાજયના નાણામંત્રીશ્રીએ પોતાની બજેટ સ્પીચમાં આપણા દેશને ઋષિ અને કૃષિના દેશ તરીકે ગણાવ્યો હતો. એમાં કૃષિ એટલે કે ચેતનાનું બિંદુ. કૃષિ આર્થિક ચેતનાનું બિંદુ નહીં પરંતુ ખેડૂત આર્થિક ચેતનાનું બિંદુ છે. ખેડૂતની સ્થિતિ બેહાલ, ચીંથરેહાલ, પાયમાલ ન બની જાય એ જોવાની જવાબદારી આપણા સૌની છે. ખેડૂત પુત્રી હોવાને નાતે કે ખેતી સાથે, પશુપાલન સાથે હું જાતે ગાય ભેંસ દોહતી હોવાથી કેટલાક વિચારો રજૂ કરવાનું મન થાય છે. કારખાનેદાર, ફેકટરીવાળા, ઉત્પાદક હોય, કુડલીથી માંડીને ઘડો બનાવવાવાળો કુંભાર એના માલની કિંમત જાતે નક્કી કરે છે. પરંતુ ખેડૂતની સ્થિતિ એવી છે કે જે માલ પકવે છે એ બજાર સુધી લઈ જાય છે, માર્કેટ સુધી લઈ જાય છે, મંડી સુધી લઈ જાય છે. તો એના માલની કિંમત બીજા નક્કી કરે છે. ક્યાંક વચેટિયા, ક્યાંક દલાલો નક્કી કરે છે. ક્યાંક માલ સારો નથી. એવી સ્થિતિમાં અટવાયા કરે છે. આ સ્થિતિ ઘણી અસહ્ય છે.

આપણે જાણીએ છીએ આપણી ખેતી આકાશી ખેતી છે. સારી થાય તો ખેતી નહીંતર ફજેતી. ખેડૂતને જોઈએ શું? ખેડૂત માત્ર માગે છે ખેડ, ખાતર અને પાણી. નસીબને લાવે તાણી. નસીબ બનાવવા માટે ખેડૂત માગે છે તો વીજળી માગે છે, ખેડૂત માગે છે તો પાણી માગે છે અને પોષણક્ષમ ભાવ માગે છે. આ બધુ કરશે કોણ? આપણે જ કરવું પડશે, એટલા માટે મને કહેવાનું મન થાય છે કે ઘણી વખતે ખેડૂત બિચારો આશાએ, આશાએ વલખાં મારે અને અષાઢ કોરો જાય, તો કઈ બાપના ચાર વીઘાની જમીન છે, એને છોડી નથી મૂકતો, પરંતુ એની ખબર રાખવાવાળા આપણે બધા છીએ. ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય કે પછી કેન્દ્રની સરકાર કે આ રાજયની સરકાર હોય એમણે ખેડૂતોના માટે લાંબા ગાળાની અને ટૂંકા ગાળાની અનેક યોજના બનાવી છે, એ સરહાનીય છે, પરંતુ જ્યાં સુધી આ યોજના પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી એનો કોઈ અર્થ રહેતો નથી. ૧૯૯૫માં આ રાજયમાં કેશુભાઈની સરકારથી માંડી વર્તમાન સરકાર સુધી કેશુભાઈની સરકારે ગોકુળ ગામથી લઈ ચેકડેમ બનાવવા, તળાવો ઊંડા કરવા, આડબંધ બનાવવા, ખેતરનું પાણી ખેતરમાં અને સીમનું પાણી સીમમાં, નર્મદાના પાણી ગુજરાતના ખૂણે ખૂણે પહોંચાડવા અને નર્મદાની મુખ્ય કેનાલમાંથી પાઈપલાઈન કરી એ પાણીને ઘરોઈ, મુક્તેશ્વર, દાંતીવાડા, શીપુ, હાથમતી, ગુહાઈ ડેમ સુધી પહોંચાડવાની યોજનાને મૂર્તિમંત કરવાનું સ્વરૂપ આપ્યું હતું. કડાણાનું પાણી ઉત્તર ગુજરાતને મળે તેવી વ્યવસ્થા કેશુભાઈએ આશાદ્રષ્ટિ, દીર્ઘદ્રષ્ટિ રાખીને કરી હતી. મને સંતોષ છે કે આ વર્તમાન સરકારે આ યોજનાને નવું સ્વરૂપ, નવું રૂપ, નવું નામ સુજલામ્ સુફલામ્ રાખીને ચાલુ રાખી છે. ખેડૂતની પુત્રી હોવાના નાતે ગૌરવ છે, પણ જ્યાં સુધી ખેડૂતને ખેતરે, ખેતરે, ખેડૂતને શેઢે શેઢે પાણી ન પહોંચે ત્યાં સુધી, ખેડૂતને ૮ કલાક નહિ, પણ ૧૨ કલાક વીજળી મળે, તેવું કૃષિ ખાતાએ ઊર્જા સાથે સમન્વય કરીને કરવું જોઈએ. મારા સાથી મિત્ર અને પડોશી કનુભાઈએ કહ્યું હતું કે જ્યારે આકાશી ખેતી ઉપર ખેડૂતે આધાર રાખવો પડતો હોય અને વરસાદ ખેંચાય અને પોતાનો એકને એક લાડકવાયો દીકરા જેવો પાક સૂકાતો હોય અને ખેડૂત બે-ચાર કલાક વધારે વીજળી માગે તો ગુનો નથી, એ એની લાચારી છે અને આ લાચારી દૂર કરવી પડશે. પૂરતી વીજળી આપવી પડશે. કેટલાંક સૂચન કરવાનાં છે. આ ખેડૂતને ટેકાના પૂરતા ભાવ મળી રહે, તે માટે સ્થાયી કૃષિ સમધારણ ફંડની, એટલે કે એગ્રીકલ્ચર ઈક્વિલાઈઝેશન ફંડની વ્યવસ્થા કરવી અને એમાં બજેટની અંદર માતબર રકમ ફાળવી, ખેડૂતને ભાવ ગગડી જાય ત્યારે ઑટોમૅટિક ખરીદી શરૂ થાય તેવું ગોઠવવું જોઈએ.

કિસાન ક્રેડિટની વાત સારી છે. સાથે સાથે સોઈલ હેલ્થ કાર્ડ આપવાની વાત, ફક્ત એની સંખ્યામાં, લક્ષ્યાંકમાં, ગતિમાં વધારો થવો જોઈએ. ટપક સિંચાઈ અપનાવવા ખેડૂતોના વીજ દરમાં રાહતો આપવી જોઈએ. પ્રાયોરિટીમાં વહેલા વીજ જોડાણ આપવું જોઈએ. સજીવ ખેતી સારી રીતે થઈ શકે તે માટે સજીવ ખેતી અપનાવનાર કિસાનને પૅકેજ જે રીતે વેપારીઓને, ઉદ્યોગપતિને પૅકેજ આપીએ છીએ, તેવું પૅકેજ અને માર્કેટિંગ સુવિધા આપવી જોઈએ. કિસાન અને ગ્રાહકને સીધી રીતે જોડતી કૃષિ મંડળી ઊભી કરવી જોઈએ.

તામિલનાડુંમાં આવી કૃષિ મંડળી છે, જેથી દલાલો વચ્ચે ફાવે નહિ. જિલ્લા પ્રમાણે પાક થાય છે, એ પ્રમાણે સ્પેશ્યલાઈઝેશન ઝોન ઊભા કરવા જોઈએ. અમારા ઉત્તર ગુજરાતની અંદર જીરૂ, વરિયાળી, તેલીબિયાંનો પાક થતો હોય તો તે પ્રકારનું માર્કેટિંગ ઊભું કરવું જોઈએ. મસાલા પાક, હર્બલ પાક, તેજાનાના પાક, ઔષધીય પાક અને સુગંધી તેલ જેવા પાક થતા હોય તો તેના માટે નવું કેમ્પસ ઊભું કરવું જોઈએ.

હું માનું છું કે કિસાનોની સમસ્યાને હલ કરવા માટે એક પંચાયત કાઉન્સિલ બૅન્ક તેવી કિસાન કાઉન્સિલની રચના કરવી જોઈએ અને રાજય કક્ષાએ કિસાન આયોગની રચના કરવી જોઈએ. ચાર કૃષિ યુનિવર્સિટી બનાવી એની સાથે અમે બિલકુલ સંમત, હોય પરંતુ આ રાજયની અંદર વર્ષોથી અલગ સ્વતંત્ર પશુપાલન યુનિવર્સિટી બનાવવાની વાત ચાલે છે અને આપણે કદાચ સંકલ્પ પત્રમાં સ્વીકાર્યું છે. હું મંત્રીશ્રીને વિનંતી કરું છું કે અલગ પશુપાલન યુનિવર્સિટી જરૂર બનાવવી જોઈએ, કારણ કે પશુપાલન ધંધા સાથે બહેનો, યુવાનો સંકળાયેલ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને પંચાયતનો વિષય હોઈ લંબાવો.

**અધ્યક્ષશ્રી** : બંને ઉભા થાઓ. મને કહો. આજે પાછું સી.પી.એ.ની મીટિંગ છે. સાંજે બધાએ મળવાનું છે. બધાએ ભોજન માટે ભેગા થવાનું છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** :માનનીય અધ્યક્ષશ્રી, વિષય સારો હોઈ લંબાવો.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સભાગૃહનો સમય એક કલાક લંબાવવામાં આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : હા, અમે સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય એક કલાક માટે લંબાવવામાં આવે છે. બધાને પાંચ પાંચ મિનિટ મળશે. ઘણા બધા બાકી છે. પાંચ મિનિટમાં પૂરું કરો. માનનીય ભારતીબેન.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકાર, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને કેટલીક બાબતો છે. પશુ ચિકિત્સકો માટે ચાર પ્રયોગશાળાઓના આધુનિકરણ માટે અદ્યતન સાધનો પૂરાં પાડવા અને તેમાં પણ નવસારી જિલ્લાને લાભ મળેલ છે, નવા વાહનો ખરીદવા માટે, ગરીબી રેખાથી નીચે જીવતા ખેડૂતોને કૃષિ ઉત્પાદન સાધન પેટીઓ અને કૃષિ વિષયક સાધનો પૂરાં પાડવા વગેરે માટેની જે યોજનાઓ છે અને સાથે સાથે એક નવી બાબત છે. ગૌચર વિકાસ માટેની યોજના તેમાં જિલ્લા પંચાયતને પણ લાભ મળ્યો છે તેમાં કેટલીક બાબતો નોંધનીય છે. સાથે સાથે મારાં કેટલાંક સૂચનો અને માગણી છે. ઘનિષ્ઠ પશુ સુધારણા માટે પૂર્ણ કક્ષાની કચેરી અમારા નવસારી જિલ્લાને મળવી જોઈએ. અમારા જિલ્લામાં સ્ટાફની ખૂબ ઘટ છે. મારા જિલ્લામાં જિલ્લા ખેતીવાડી અધિકારી જગ્યા-૧,પશુ ચિકિત્સક અધિકારી-૭ જગ્યાઓ, ઈજનેર-૧ જગ્યા, મદદનીશ કૃષિ નિયામક પાક સંરક્ષણ-૧ જગ્યા આમ કુલ ૧૦ જગ્યાઓ ખાલી છે તે સત્વરે ભરાવવી જોઈએ. પશુ વિભાગમાં અમારે ન્યાયની દૃષ્ટિએ કામ કરવા હોય તો ખૂબ તકલીફ પડે છે. ડ્રેસરની જગ્યાઓ ૪૪ રદ કરેલ છે. પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ બાબત વિચારણા હેઠળ છે. તો મારી માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે આ ચોથા વર્ગના કર્મચારીઓ, ઘણા દવાખાનાઓમાં તો ડૉકટર પણ નથી, ડ્રેસર અને પટાવાળા દવાખાના સંભાળે છે. જિલ્લા પંચાયત હેઠળ મારા તાલુકાના ખરેગામમાં અગિયાર હજારની વસ્તી છે પણ ડૉકટર નથી, ડ્રેસર પણ નથી. ત્યાં મૂંગા પશુઓની કેવી દશા હશે તે જોવા જેવી બાબત છે. આ ડ્રેસરની જગ્યાઓ માટે વિચારવું જોઈએ.

ખાસ કરીને પંચાયત વિભાગમાં વહીવટ અને વિકાસ માટે પંચાયત સંસ્થાઓનું પ્રદાન ઘણી જ મહત્વની બાબત છે. તેમ છતાં પંચાયતોને નાણાંકીય સહાય અને અનુદાન સમયસર નહીં મળવાને કારણે પંચાયત તંત્ર ટીકાને પાત્ર બને છે. ૧૯૬૩થી પંચાયત ધારા અન્વયે અને હવે બંધારણના ૭૩મા સુધારા અન્વયે વિવિધ સરકારી ખાતાની પ્રવૃત્તિઓ પંચાયતમાં તબદીલ થયેલ છે ત્યારે પંચાયત વિભાગ હેઠળ જુદા જુદા વિભાગની ગ્રાન્ટ મળે અને તે પણ આપણા એક જ અધિકારી વિકાસ કમિશ્નરશ્રી મારફતે મળવી જોઈએ. જેથી દરેક વિભાગોના કામ સરળતાથી અને સમયસર થઈ શકે. એટલા માટે તેમને સમયસર ગ્રાન્ટ આપવી જોઈએ. ગ્રાન્ટ સમયસર નહીં મળવાને કારણે આરોગ્ય જેવા વિભાગોના કર્મચારીઓનો પગાર પણ સમયસર આપી શકતા નથી. છેવટે જિલ્લા પંચાયતોને પગાર ચૂકવવો પડે છે અને તેના કારણે જિલ્લા પંચાયતો માયનસ હોય છે. વિકાસનાં કામો કરી શકતી નથી. રાજયમાં ૭૦૦ કરોડ જેટલી રકમની માયનસ ગ્રાન્ટ બોલે છે. ત્યારે

પંચાયતમાં જુદા જુદા ખાતા તરફથી સુપ્રત થયેલ યોજનાઓ માટે રાજયના અંદાજપત્રમાં દરેક વિભાગવાર ફાળવણીમાં પંચાયતની જોગવાઈ અલગ દર્શાવવી જોઈએ. વધેલી વસતિ અને જરૂરિયાત પ્રમાણે વધારાની ગ્રાન્ટ મળવી જોઈએ કારણ કે ગામડાંમાં પછાત વિસ્તારોમાં જે આરોગ્ય કેન્દ્રો અને પશુ દવાખાનાં આવેલાં છે એ ગ્રાન્ટ વગર શોભાના ગાંઠિયા જેવાં બની ગયાં છે. જરૂરી સ્ટાફ નથી, નવા જિલ્લાઓમાં અમારો નવસારી જિલ્લો પણ આવે છે, અમારા ત્યાં કુલ ૪૭૧ જગ્યાઓ ખાલી છે. વર્ગ-૧ની ૪, વર્ગ-૨ની ૧૫, વર્ગ-૩ની ૩૬૭ અને વર્ગ-૪ની ૮૫ એમ કુલ ૪૭૧ જગ્યાઓ ખાલી હોય ત્યારે અમારા ત્યાં પંચાયતનો વહીવટ કેવી રીતે ચાલતો હશે એ એક નવાઈની વાત છે.

માનનીય મંત્રીશ્રીને મારું નમ્ર સૂચન છે કે, અમારો જિલ્લો એ નવો જિલ્લો છે અને સત્વરે સ્ટાફ મળે એ માટેની માગણી કરેલી છે, નવા મહેકમ માટેની માગણી કરેલી છે પણ એની મંજૂરી આજ દિન સુધી મળી નથી, એની સાથે તલાટી કમ મંત્રી અને ગ્રામ સેવકની, કે જે એક એક જગ્યાઓ છે તો એમાં કરકસર કેવી રીતે ચાલે? એક એક તલાટીને પાંચ પાંચ ગામનું કામ કરવાનું હોય ત્યારે એને ન્યાય મળી શકતો નથી તો એ પણ વિચારવું જોઈએ. પ્રથમ રાજય નાણાં પંચની જે ભલામણો છે, કે જે રાજય સરકારે સ્વીકારી છે તો તેના અમલ માટે પણ જરૂરી કાયદો, નિયમોમાં સુધારા અને વહીવટી હુકમો થવા જોઈએ તે થયા નથી, એમાં એક માત્ર અધ્યક્ષની નિમણૂક કરેલી છે, પંચાયત કાઉન્સિલની જોગવાઈ પંચાયતી ધારાથી કરેલ છે, એમાં મીટિંગોમાં ૫૦ જેટલા નિર્ણયો થયેલા છે પણ આજ દિન સુધી એનો કોઈ ઉકેલ થયો નથી તો એનું પણ ખાસ મહત્ત્વ આપીને પંચાયત કાઉન્સિલની કામગીરી પણ થવી જોઈએ.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગ અને પંચાયત, ગ્રામ ગૃહનિમાર્ણ અને ગ્રામ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી આજે ગૃહ સમક્ષ માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશમાં પ્રથમ હરિયાળી ક્રાંતિ થઈ, તે દેશમાં એવા ભાગમાં થઈ કે જે ભાગમાં પાણીનો વિપુલ પ્રમાણમાં જથ્થો હતો, એટલે કે જ્યાં વધારે પ્રમાણમાં પાણી હતું, ત્યાં આગળ એક મોટા પ્રમાણમાં માલનું ઉત્પાદન થાય એ સ્વાભાવિક હતું. પણ આ દેશમાં એક એવો વિસ્તાર છે કે જ્યાં બીજી હરિયાળી ક્રાંતિ થઈ રહી છે કે જ્યાં ૮૦ ટકા ભાગમાં પાણી નથી અને છતાં પણ એ વિસ્તારમાં હરિયાળી ક્રાંતિ થઈ રહી છે, ખેડૂતો માટે પ્રથમ હરિયાળી ક્રાંતિ થયા પછી પણ ખેડૂતો આર્થિક રીતે કેપેબલ ન બની શક્યા, ઉત્પાદન વધ્યું છે પણ ખેડૂતને પોષણક્ષમ ભાવો ન મળવાના કારણે અને ઉત્પાદનનું ખર્ચ વધારે હોવાના કારણે ખેડૂતો કેપેબલ ન બની શક્યા. ખેડૂત શકિતશાળી બને, ઉત્પાદનના ખર્ચમાં ઘટાડો થાય અને ખેડૂતે ઉત્પન્ન કરેલા માલનું યોગ્ય વળતર મળે એ માટે આ દિશામાં અત્યાર સુધી કોઈએ ચિંતા નથી કરી પણ પહેલી વખતે ગુજરાતની ભાજપની સરકારમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ દિશામાં પહેલ કરી છે. ગુજરાતના ખેડૂતોનું ખેતીમાં ઉત્પાદન થાય છે એ ઉત્પાદનનું ખર્ચ ઘટાડવા માટે અને બીજી વાત, ખેડૂતે તૈયાર કરેલા ઉત્પાદનનું એનું યોગ્ય માર્કેટ મેળવવું, શરૂઆત એમણે કરી, પાણીનો કરકસરપૂર્ણ ઉપયોગ કરીને, પાણીનો જબરજસ્ત ઉપયોગ કરીને, વધારે પાણીથી વધારે ઉત્પાદન મેળવવું એમ નહીં પણ પાણીનો યોગ્ય ઉપયોગ કરીને પૂરતા પ્રમાણમાં ઉત્પાદન મેળવવું એના માટે ડ્રિપ ઈરિગેશન અને સ્પ્રીંકલર આ બંને સકસેસ સ્ટોરી છે, જેનો અત્યાર સુધી કોઈએ વિચાર નથી કર્યો, ગુજરાતમાં ખેતીના ૮૦ ટકા વિસ્તારમાં પાણી જ્યાં નથી ત્યાં આગળ નર્મદા યોજના, સુજલામ સુફલામ યોજના અને લોકલ સોર્સ છે એના આધારે છોડને પાણીની જરૂર નથી પણ ભેજની જરૂર છે, ભેજ દ્વારા પોતે વધુ ઉત્પાદન મેળવી શકે એના માટે રાજય સરકારે ૧૫૦૦ કરોડનું રોકાણ કરી એક ગ્રીમકો નામની એક સંસ્થા, કંપનીની સ્થાપના કરી, જેના આધારે ગુજરાતના ખેડૂતોના, મને એમ લાગે છે કે ભાગ્ય ખોલવા માટે આ એક કંપનીએ માત્ર રાજય સરકારની કંપની નહીં પણ ગુજરાતના ખેડૂતોની પ્રગતિ માટેની શરૂઆત આ કંપનીના આધાર ઉપર થશે, નાની મોટી સબસિડી આપવાને કારણે, થોડા નાનકડા બ્લૉકની અંદર સબસિડી આપવાથી આવડું મોટું કામ ન થઈ શકે, રાજય સરકારે કરકસરપૂર્ણ પાણીનો ઉપયોગ થાય અને ઉત્પાદન ખર્ચ ઘટે એના માટે આ શરૂઆત કરી છે એટલું જ નહીં પણ માનનીય મંત્રીશ્રી પોતાના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એટલે પૈસા તો બરાબર છે પણ રાજય સરકારનું ૧૧ હજાર કરોડનું ટોટલી પ્લાનીંગ બન્યું એની અંદર મેં જરા જોયું તો ૪૧૦૦ કરોડ જેટલો ખર્ચો ખેતીને પૂરક, એ રીતનું આયોજન કરેલું છે. આધારે ખેતીની પ્રગતિ થવાની છે.

ખેડૂતોએ ઉત્પન્ન કરેલા માલને યોગ્ય માર્કેટ મળે એના માટે એગ્રો એક્સપોર્ટ ઝોનની સ્થાપના દેશમાં સૌ પ્રથમ ગુજરાતમાં થઈ છે. ખેડૂતો માટે અત્યાર સુધીમાં ઘણી વાત થઈ છે. ખેડૂતોએ તૈયાર કરેલ માલનું યોગ્ય વળતર મળતું નથી. પરંતુ રાજય સરકાર એની અંદર શું કરી શકે? માત્ર ટેકાના ભાવથી ખેડૂતોને આર્થિક રીતે સધ્ધર ના બનાવી શકાય તેના દ્વારા થોડી ઘણી મદદ કરી શકાય પરંતુ પરમેનન્ટ તેનું આયોજન થવું જોઈએ. આપણે સકસેસ સ્ટોરી અમૂલ દૂધના ઉત્પાદનમાં કર્યુ છે અને આખા દેશમાં એક એવી બ્રાન્ડ આપણે

ડેવલપ કરી છે કે, એને દુનિયા આખી ઈન્ડિયન સ્વીટના નામે હોશેં હોશેં ખાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જ પ્રમાણે બાકીના ઉત્પાદનમાં ના કરી શકાય? તો આવો કંઈ વિચાર ન કર્યો. ગુજરાતમાં જે કપાસ થાય છે ૭૯૭ એ કપાસમાં કોઈ રાસાયણિક દવા વપરાતી નથી. દુનિયા આખીમાં એક વાત એવી ચાલે છે કે રાસાયણિક દવા વગર જે ઉત્પાદન થયું હોય તે માલની કિંમત વધુ ગણાય છે. આપણે પેટન્ટ નોંધાવીને આ દિશામાં આગળ વધી શકીએ. રાજય સરકાર એગ્રો એક્સ્પોર્ટ ઝોનના માધ્યમથી આ દિશામાં આગળ વધી રહી છે ત્યારે એ બાબત ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, હમણાં જ માનનીય સભ્યશ્રી સી.જે.ચાવડા અહીંયા કેટલાંક આંકડા આપી રહ્યા હતા. એમાં એવી વાત હતી કે, આ સરકાર આવ્યા પછી ઉત્પાદન ઘટયું છે ત્યારે મારે આ ગૃહના ધ્યાન ઉપર મૂકવું છે કે, મગફળીનું ઉત્પાદન ૧૯૯૧માં પ્રતિ હેકટર ૩૬૦ કિલો હતું તેની જગ્યાએ ૨૦૦૩-૦૪માં ૨૨૩૫ કિલો થયું છે એટલે ૧૮૭૫ કિલો ઉત્પાદન પ્રતિ હેકટરે વધ્યું છે, તે જ પ્રમાણે બાજરીમાં જોઈએ તો ૧૯૯૧માં ૬૧૫ કિલો હતું તે ૨૦૦૩-૦૪માં ૧૪૯૪ કિલો થયું એટલે ૭૭૯ કિલો ઉત્પાદન વધ્યું છે. કપાસમાં ૧૯૯૧માં ૧૭૬ કિલો હતું તે ૨૦૦૪-૦૫માં ૪૬૪ કિલો ઉત્પાદન થયું છે. તે જ પ્રમાણે ડુંગળીમાં ૧૯૯૧-૯૨માં ૧૨૧૧ કિલો હતું તેની સામે ૨૦૦૪-૦૫માં ૧૮૨૯ કિલો થયું હતું એટલે ૬૧૮ કિલો ઉત્પાદન વધ્યું છે. તે જ રીતે જોઈએ તો દિવેલામાં ૩૨૦ કિલો અને રાયડામાં ૩૦૪ કિલો પર હેકટરે ઉત્પાદન વધ્યું છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, સહકાર, ગ્રામ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્ર હમણાં કહેતા હતા કે, ગ્રામસભામાં બધા પ્રશ્નો ઉકેલાઈ જાય છે. જયારે ગ્રામસભાની વાત થઈ છે ત્યારે હું એમ કહેવા માગું છું કે, ગ્રામસભામાં જે ગયા હોય અને અનુભવ્યું હોય અને જેણે સંખ્યા જોઈ હોય તે ગ્રામસભાની વાત કરી શકે. હું એમ કહી શકું તેમ છું કે ગ્રામસભાનો બિલકુલ ફિયાસ્કો થયો છે. ગ્રામસભામાં ફકત અધિકારીઓ અને બે થી ત્રણ વ્યકિતઓ ગામમાંથી હાજર રહે છે અને ફકત જે પ્રશ્નો રજૂ થાય છે તે કાગળ ઉપર થાય છે. આજની તારીખ સુધીમાં મારા સાથી મિત્રે એમ કહ્યું કે, ૯૩ ટકા પ્રશ્નોનો ઉકેલ આવે છે. પરંતુ હું એમ કહેવા માગું છું કે ૨૫ થી ૩૦ ટકાથી વધારે પ્રશ્નો ગ્રામસભામાં ઉકેલાતા નથી. મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર એક વાત મૂકવી છે કે, મંત્રીશ્રી તેમના વકતવ્યમાં એમ કહેતા હતા કે, જે ગામમાં તલાટી મંત્રી છે તે ગામના મથકે હાજર નહીં રહેતો હોય તો અમે તેમની સામે સખતમાં સખત કાર્યવાહી કરીશું. મારે એમ કહેવું છે કે, માનનીય મંત્રીશ્રીમાં તાકાત હોય તો આજે ગમે ત્યારે આકસ્મિક ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લે અને જો તલાટી મંત્રી તેના મથક ઉપર જોવા મળે તો મને કહે કે તલાટી મંત્રી મથક ઉપર હાજર હતા. એટલે મારું કહેવું છે કે, તલાટી મંત્રીઓ તેના તાલુકા મથકે હાજર રહેતા નથી (અંતરાય)

**શ્રી સી. ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ એમ બોલ્યા કે *"માનનીય મંત્રીશ્રીમાં તાકાત હોય તો"* આ શબ્દો બરાબર નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આ કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી. માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ, આપ આગળ ચાલુ રાખો.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો અર્થ એ છે કે, કામ કરવાની ક્ષમતા હોય તો, માનનીય મંત્રીશ્રીમાં કામ કરવાની ક્ષમતા હોય તો હું એમ કહું છું કે, અમારી કોંગ્રેસની સરકાર હતી ત્યારે પોલીસનું યુનિયન તોડવામાં અમારા માનનીય ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રીએ પગલાં લઈને પોલીસ યુનિયનને તોડીને પોલીસોને કામ કરતા કરી દીધા હતા. એમાં જો માનનીય મંત્રીશ્રીમાં કામ કરવાની સક્ષમતા હોય તો તલાટી કમ મંત્રીશ્રી જે તાલુકા મથકે હાજર નથી રહેતા અને એ હાજર રાખવા માટેની એમનામાં તૈયારી હોય તો ગામમાં જઈને ચેકિંગ કરે અને તલાટી મથકે હાજર રાખવા માટેની કાર્યવાહી કરાવે. ગામતળની અંદર આજે મોટાભાગના ગામતળ નિમ કરવા માટે સરકારની હાલની નીતિને કારણે, વિલંબ નીતિને કારણે આજે ગામતળની અંદર ખૂબ મોટા પ્રમાણમાં દબાણો થઈ રહ્યા છે. સરકારમાંથી જે જિલ્લા કક્ષાની કમિટિ હોય છે એ કમિટિ ખૂબજ ઉંચા ભાવો નક્કી કરે છે જેને કારણે ગામની અંદર લોકોને જે સુવિધા મળવી જોઈએ ગામતળ નિમ થઈને પ્લોટો વેચાતા મળતા નથી અને ગૃહનિર્માણ માટે પ્લોટ મળવા જોઈએ એ મળતા નથી. મારે એમ કહેવું છે કે, ગામતળને નિમ કરવા માટે એની જે કાર્યવાહી છે એ ખૂબ વિલંબ થવાના કારણે મોટાભાગનાં દબાણો થયાં છે. હું એમ કહી શકીશ કે આ સરકાર છે ગૌચરની અંદર થતાં દબાણો દૂર કરવામાં અથવા તો અટકાવવામાં બિલકુલ નિષ્ફળ ગઈ છે, જે ગામડાઓની અંદર ખાસ કરીને છેલ્લાં વર્ષોની અંદર બોરીબંધ અને ખેતતલાવડીની જે કામગીરી આ રાજય સરકારમાં શરૂ થઈ છે એમાં મોટાભાગના બોરીબંધ તો છ થી આઠ મહિના સુધી એ ટકતા નથી

ખેતતલાવડીમાં પણ પાંત્રીસથી ચાલીસ ટકા છે એ માત્ર કાગળ પર છે અને આપને આધાર પૂરાવા સાથે મારી કહેવાની તૈયારી છે. આપણે ખૂબ મોટા વિકાસની વાતો કરીએ છીએ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના મથકો ઉપર જે ખાસ કરીને જે ખૂબજ પ્રમાણમાં અધિકારીઓ અને કર્મચારીઓની ઘટ છે એને કારણે મોટાભાગનો વહીવટ છે એ ઠપ્પ થઈ ગયો છે આપણે ત્યાં ઈ-ગ્રામની વાતો કરીએ છીએ, મોટાભાગની ગ્રામપંચાયતો આર્થિક રીતે ઘણી બધી નબળી હોય છે જે ગામની અંદર ઈ-ગ્રામ કરવા માગતા હોઈએ ત્યાં રાજય સરકારે સીધેસીધા કમ્પ્યુટર યુનિટ આપવાના છે એ જે તે ગ્રામ પંચાયતને રાજય સરકારે આપવા જોઈએ અને એ ચલાવવા માટે સક્ષમ અને આવડતવાળા માણસની નિમણૂંક કરવી જોઈએ. ફક્તને ફક્ત ઈ-ગ્રામ નીચે ગામને લાવવાથી એનો વિકાસ થવાનો નથી. આપણે ખેડૂતોના વિકાસની વાતો કરીએ છીએ એને પોષણક્ષમ ભાવો મળે એની વાતો કરીએ છીએ ત્યારે મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર એક વાત એ મૂકવી છે કે, એસ્સાર કંપની પાસે સરકારના ઘણા બધા પૈસા લેણા છે એસ્સાર કંપનીઓ જેવી મોટી મોટી કંપનીઓને કરોડો રૂપિયાના લાભો અપાયા છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, જ્યાં ખેડૂતોની વાત આવે અને ખેડૂતોને બે થી અઢી કરોડ રૂપિયા જેટલી રાહત આપવાની વાત આવે ત્યારે રાજય સરકાર પાસે પૈસા નથી.

મારે સહકારી ક્ષેત્રની એક વાત પણ માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવી છે. સુરેન્દ્રનગરની જિલ્લા સહકારી બેન્ક છે એની અંદર છેલ્લે કેવું થયું છે જે મંડળીઓનું અસ્તિત્વ ન હોય અથવા તો જે મંડળીઓને ધિ ારાણ આપી શકાય તેમ ન હોય એવી મંડળીઓ મારફતે ભારતીય જનતા પાર્ટીના નજીકના જે માણસો છે એમને કરોડ રૂપિયાનું ધિરાણ કરી દેવામાં આવ્યું છે જેના મારફતે ધિરાણ થયું છે એ ચેરમેનશ્રીને પણ રાતોરાત એવું કહેવામાં આવ્યું કે જો તમે ભા.જ.પ. માં નહિ જોડાઈ જાઓ તો આવતીકાલે તમને પણ સસ્પેન્ડ કરીને જેલભેગા કરી દેવામાં આવશે. આ સરકારની નીતિ છે એ સહકારી પ્રવૃત્તિનું ગળું દબાવવાની હોય તેવું લાગે છે.

મારે એક વાત ખેડૂતોની બાબતમાં એ કરવી છે કે ખેડૂતોને પોષણક્ષમ ભાવો આપવાની વાત છે એમાં જે આર્થિકરક્ષણ આપવાની વાત છે એમાં આની પહેલાંની કોંગ્રેસની સરકારે જે ખેડૂત સંભારણા ફંડ ઉભું કરેલું અને એ વખતે ૧૯૮૦ની અંદર રાજય સરકારે પચીસ કરોડ જેવું ફંડ એકઠું કરીને આ ખેડૂતોને આર્થિક રીતે ભાંગતા કોંગ્રેસની સરકારે અટકાવ્યા હતા, જો આ સરકારની સાચી દાનત હોય આ ખેડૂતોને પગભર કરવાની, આર્થિક રીતે ભાંગતા અટકાવવાની દાનત હોય તો જે કામગીરી અંદાજપત્રનો ભાગ-૧ આપવામાં આવ્યો છે એના પાના નંબર-૧૬ની અંદર રાજય સરકારે ઉલ્લેખ કરેલ છે કે ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવા હોય તો રાજય સરકાર ધારે તો આ ફંડની અંદરથી આપી શકે છે. ખેડૂતોને આર્થિક રીતે પગભર થવા દેવાની, આર્થિક રીતે ભાગતાં અટકાવવાની આ સરકારની દાનત જ નથી.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર વિભાગના અને પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના મંત્રીશ્રીઓ પોતાના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારો સુર પૂરાવું છું અને તે અંગેના મારા વિચારો વ્યક્ત કરું છું.

ગુજરાતની અંદર સહકારીક્ષેત્રનું જે માળખું વર્ષો જૂનું જે પ્રસ્થાપિત થયેલું છે અને આ સહકારીક્ષેત્રને કારણે શ્વેતક્રાંતિ અને હરિયાળી ક્રાંતિ લાવવામાં જો મહત્વનો ફાળો હોય તો એ આ સહકારીક્ષેત્રનો છે. આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી બલવંતસિંહજી પોતાના વકતવ્યમાં એમ કહતા હતા કે ચાલીસ વર્ષના કોંગ્રેસના શાસનને કારણે સહકારી ક્ષેત્રનું માળખું ફુલ્યુફાલ્યું છે પણ હું આ ગૃહને યાદ અપાવવા માગું છું કે, હિન્દુ સંસ્કૃતિની અંદર વર્ષો જૂના આપણા વડીલોએ સહકારની અને પરસ્પરસની ભાવના ખીલવી હતી, ગ્રામ સંસ્કૃતિ અત્યાર સુધી જ્યારે આ બેન્કીંગ પદ્ધતિ નહોતી ત્યારે સહકાર અને પરસ્પર ભાવનાને કારણે આપણે સૌ આપણા ધંધા રોજગાર ચલાવતા હતા. આજે ગામડાંની અંદર એક ખેડૂત પોતાની પાસે પોતાનું સાધન ના હોય તો બાજૂના ખેડૂત પાસેથી લઈને પોતાનું કામ ચલાવતા હતા. તે જ રીતે કોઈ નબળો ખેડૂત હોય અને તેના પુત્રની જાન જોડવાની હોય એવા સમયે કોઈ સધ્ધર બાજૂનાં ગામનો ખેડૂત હોય અથવા મૂડીવાળો હોય તો તેમની પાસેથી માત્ર ઉછીના પૈસા નહીં કે વ્યાજે લઈ અને પોતાનો વ્યવહાર ચલાવતો હતો.આ આપણા લોહીની અંદર પડેલી આ સહકારી ભાવના છે. આ કોઈ પક્ષને કારણે ખીલેલી તે મજબૂત થયેલી કોઈ ભાવના નથી. આજે ગુજરાતની અંદર ૫૮ હજાર જુદી જુદી સહકારી સંસ્થાઓ છે તેમાં રાજય સહકારી બેન્ક ,૧૮ જિલ્લા સહકારી બેન્ક અને તેના મારફતે નીચેનું માળખું લઈ જઈએ તો ૭૮૦૦ જેવી કૃષિ સહકારી મંડળીઓ, ૧૧ હજાર જેવી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને ૫૧૦૦ જેવી બિન કૃષિ સહકારી મંડળીઓ દ્વારા સમગ્ર ગુજરાતની પ્રજાને ખેતીવાડી અને સહકારી ક્ષેત્રે જે ધિરાણ મળી રહ્યું છે અને તેના દ્વારા જે કૃષિનો અને ગ્રામ્ય સંસ્કૃતિનો જે વિકાસ થઈ રહ્યો છે તે આજે બેનમૂન છે.

આપના મારફત માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર બે સૂચના મૂકવા માગું છું કે સહકારી ક્ષેત્રની અંદર આજે જે અર્બન બેન્કો છે તેની અંદર રિઝર્વ બેન્ક સખ્તાઈથી જે પગલાં લઈ રહી છે અને માત્ર ત્રણ હપ્તા જો

ચડત હોય તો સમગ્ર લોનની અંદર એનપીએ ગણે છે અને જેને કારણે બેન્કો નબળી પડવાની શક્યતાઓ છે. ખરેખર ત્રણ હપ્તા તો આજે આપણા જીવનની અંદર સામાન્ય છે અને તેને કારણે આ વસ્તુ બની છે, બનવા સંભવ છે તો માનનીય કૃષિ મંત્રીશ્રીને હું એ કહેવા માગું છું કે આપના મારફતે કેન્દ્રની સાથે વાટાઘાટો લાવી અને આ ત્રણ હપ્તાને બદલે છ હપ્તા કે નવ હપ્તા જેવો પિરિયડ રાખે તો ખૂબ જ આવશ્યક ગણાય છે. એવી જ રીતે શહેરોની અંદર અને નાના એવા ગામડાંની અંદર અથવા નાના શહેરની અંદર શરાફી મંડળીઓ છે આનું પણ ખૂબ મોટું યોગદાન છે. નાના એવા કસબાની અંદર રહેતાં હોય અથવા તો ગ્રૂપની અંદર રહેતાં હોય અને સહકારી મંડળી ચલાવતા હોય તે મંડળીઓની જે પોતાની સરપ્લસ મૂડી છે અને તે સરપ્લસ મૂડી તેને સલામત જગ્યાએ મૂકવી હોય તો આજે અર્બન બેન્કની અંદર મૂકવાની છૂટ નથી અને માત્ર જિલ્લા સહકારી બેન્કની અંદર આ રકમ મૂકવાની છૂટ છે. જિલ્લા સહકારી બેન્ક પોતાની રીતે માત્ર છ ટકાના વ્યાજથી આ નાની શરાફી મંડળીને ધિરાણ અથવા તો સરપ્લસ મૂડી ત્યાં રોકવામાં આવે જેને કારણે આવી નાની મંડળીઓને ખૂબ જ સહન કરવું પડે છે તો માનનીય મંત્રીશ્રીને ધ્યાન ઉપર તે મૂકવા માગું છું કે, અર્બન બેન્કોની અંદર પછી શેડયુલ્ડ બેન્કો નક્કી કરે તો તે અવકારદાયક રહેશે. સધ્ધર અર્બન બેન્કો જે છે તેની અંદર આ શરાફી સહકારી મંડળીની જે સરપ્લસ મૂડી છે તે મૂકવાની જો છૂટ આપવામાં આવશે તો આ શરાફી મંડળીને આડકતરું અનુમોદન મળશે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં કૃષિ સહકાર અને પશુપાલન મંત્રીશ્રીઓ તેમની માગણી નંબર ૨, ૪, ૫, ૬૯ અને ૭૧ જે લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

ભારત દેશ તે ખેતી પ્રધાન દેશ છે. ખેડૂત મજબૂત તો દેશ મજબૂત આવી ઘણી બધી વાતો થઈ પણ આજે ખેડૂતોની પરિસ્થિતિ શું છે તે આ ગૃહમાં ૭૦ થી ૮૦ ટકા ખેડૂતો તે મારા મિત્રો બેઠેલા છે. એમને ખ્યાલ છે આજે ખેડૂત દિવસે અને દિવસે નબળો પડતો જાય છે. ખેડૂતમાંથી ધીમે ધીમે તે ખેતમજૂર બનતો જાય છે ત્યારે ખેડૂતને અહીંયા મારા સાથી મિત્રોએ એમ પણ બિરદાવ્યા કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ખેડૂત ગાડીમાં ફરતો થયો છે પરંતુ મારે દુઃખ સાથે કહેવું છે કે ખેડૂત ગાડીમાં ફરતો નથી થયો પરંતુ લાઈટ વગર તેમના વાડી અને ખેતરમાં અંધારામાં રહેવાની આ પરિસ્થિતિ નિર્માણ કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જો માત્ર કલ્પના અને માન્યતાઓથી જ આપણે ખેડૂતોને બિરદાવતા હોઈએ તો ખેડૂત એ આ જગતનો તાત છે એ કલ્પિત વાતો કરીને ખેડૂતોને માત્ર બિરદાવવાની વાતો કરીને ખેડૂતોને પડતા ઉપર પાટું મારવાની વાત હોય તો એ ખરેખર ખેડૂતો માટે લાઈટનો પ્રશ્ન ગંભીર પ્રશ્ન છે. આજે દિવસે દિવસે ભૂગર્ભનાં પાણી દર વર્ષે ૧૨ થી ૧૫ ફૂટ નીચે જતાં જાય છે અને ૧૦ વર્ષ પહેલાં ૧૦ હોર્સ પાવરની મોટરો પાણી ખેંચવા માટે કામ કરતી એ પાણી ખેંચવા માટે આજે ૩૦ થી ૪૦ હોર્સ પાવરની મોટર વાપરવી પડે છે. પહેલાં ૭ એકર પિયત માટે ૧૦ હોર્સ પાવરની મોટર વાપરતા હતા એટલું જ પિયત આજે આ ૩૦ થી ૪૦ હોર્સ પાવરની મોટર મારફતે થઈ શકે છે અને દિનપ્રતિદિન વીજળીના બિલમાં પણ વધારો થતો ગયો છે અને ૩૦૦ થી ૪૦૦ ગણો વધારો થઈ ગયો છે, સાથે સાથે ઉત્પાદન ખર્ચમાં પણ વધારો થતો ગયો. છે. ઉત્પાદન કરેલ પાકના બજારમાં પોષણક્ષમ ભાવો પણ મળતા નથી અને જો પોષણક્ષમ ભાવો ના મળતા હોય અને ખેડૂતોને પોતાની ખેતી કરતા હોય ત્યારે એ કઈ રીતે ટકી શકશે એ પણ ખેડૂતો માટે એક વિકટ પ્રશ્ન બની રહયો છે. ખેડૂતોને ખરેખર સહાય આપવી હોય તો આજે કોંગ્રેસ સરકારે ૧૬ કલાક વીજળીની જાહેરાત કરી હતી તો તમે કમસે કમ ૧૨ કલાક વીજળી આપવાનું જાહેર કરો તો પણ ખેડૂતોને રાહત મળશે. ખેડૂત માટે માત્રને માત્ર એ જ વાતો કરવામાં આવતી હોય કે ખેડૂત જગતનો તાત છે અને એની સામે ખેડૂતોને એના પાક ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળતા હોય છે અને સરકારની નીતિ પ્રમાણે ખેડૂત સુખી થયેલ છે, પરંતુ આ માત્ર ને માત્ર આપણી માન્યતાઓ છે. એટલે હું ચોકકસ કહીશ કે 'આ માન્યતાથી હકીકત લાખો જોજન દૂર છે, દિલની સંવેદનાથી બુધ્ધિ નિષ્ઠુર છે, મારા આ ગૃહના મિત્રો, ખરેખર ખેડૂતોની વાસ્તવિક પરિસ્થિતિ નિહાળો, પછી જે કહેશો તે મને મંજૂર છે.'

માનનીય અધ્યક્ષશ્રી, સહકાર વિભાગની વાત કરું તો દિન પ્રતિદિન સહકારી ક્ષેત્ર પણ નબળું પડતું જાય છે. આજે રાજયમાં દૂધ ડેરીઓની વાત કરીએ તો કચ્છ, જામનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને સુરેન્દ્રનગરની ડેરીઓ એ ગુજરાત રાજય ડેરી વિકાસ નિગમ સંચાલિત હતી તે ડેરીઓ અંગેનો એક કેસ દિલ્હી બી.આઈ.એફ.આર.માં ચાલે છે અને આજે પણ એનો નિકાલ થવામાં વિલંબ થઈ રહયો છે. તો એના માટે પણ માનનીય મંત્રીશ્રીને આપની મારફત વિનંતી છે કે અન્ય કોઈ સહકારી ક્ષેત્રને આ મંડળીઓનું સંચાલન સોંપવામાં આવે અને એ રીતે આ ડેરીઓને ફરીથી ચાલુ કરવામાં આવે તો કચ્છ અને સૌરાષ્ટ્રના માલધારીઓને પોતાનું દૂધ વેચવા માટે અન્ય જગ્યાએ જવું નહીં પડે અને એ લોકો પોતાનું દૂધ આ ડેરીઓમાં પહોંચાડીને

એના પોષણક્ષમ ભાવો મેળવી શકશે અને પોતાની રોજીરોટીનું એક સાધન મેળવી શકશે. તો વહેલી તકે આ ડેરીઓ શરૂ થાય એના માટે મારી આપની મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. આ અગાઉ પણ ગયા સત્રમાં મેં આના માટેની વાત કરી હતી કારણ કે કચ્છમાં પણ આ જ પરિસ્થિતિ છે. તો જેમ બનેતેમ આ દૂધની ડેરીઓ વહેલી તકે શરૂ થાય એવી આપશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં દિન પ્રતિદિન પશુઓની સંખ્યાના પ્રમાણમાં ગૌચરોની જમીન ખૂબ જ ઓછી થતી જાય છે. ગૌચર નીમ કરવાની વાત આવે, ગૌચરની જમીન જયારે ઘટતી જતી હોય ત્યારે પશુઓને માટે ચારીયાણનો વિસ્તાર ટૂંકો પડતો હોય છે ત્યારે ગામડાંમાં ગૌચરની જમીન પંચાયતની જે પોતાની પડતર જમીન પડેલ છે એ જેમ બને તેમ જલદી નિકાલ કરીને ગૌચર પશુઓ માટે નીમ કરવામાં આવે. (સમયસૂચક ઘ ંટડી)....

**અધ્યક્ષશ્રી .** : માનનીય કારૂભાઈ ચાવડા....

**શ્રી કારૂભાઇ ના. ચાવડા (ખંભાળિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી કૃષિ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એની ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશને અને રાજયને લાગે વળગે છે ત્યાં સુધી પછી એ ઉદ્યોગો હોય, રોજગારની વાત હોય, સમૃધ્ધિની વાત હોય, એ ખેતી ઉપર આપણે આધારિત છીએ અને ખેતીનો તાપ આપણને એ જ ક્ષણે નડે છ. ખેતી સારી હોય તો ધંધો રોજગાર ધમધોકાર ચાલે અને ખેતીમાં દુષ્કાળ હોય તો આખા વર્ષમાં રોજગારીથી માંડીને અનેક સમસ્યાઓ ઉભી થતી જાય છે. એટલે આઝાદી પછીના ઈતિહાસમાં કૃષિ ક્ષેત્રે પાણી રોકવા માટેનું જો સૌથી મોટું કામ કર્યુ હોય અને આખા દેશને પથદર્શક બન્યું હોય તો એ આપણું ગુજરાત રાજય છે.

સિંચાઈની સગવડમાં સૂઝલામ સુફલામની યોજના હોય કે સૌરાષ્ટ્રની ૮૦/૨૦ની યોજના હોય, હવે તો અમે કહીએ છીએ કોંગ્રેસના મિત્રોને કે તમારા જે નાના મોટા સૂચનો હોય તે તમે કરી દો, એટલે અમારી તો એવી દાનત છે કે જેટલા નાના મોટા કામો હોય, પાણીના હોય તો પાણી પહોંચાડી દેવું છે, સિંચાઈના હોય કે આરોગ્યના હોય તો તે જે કંઈ બાકી હોય તે કામો પૂરાં કરી દેવાં છે એટલે ભવિષ્યમાં તમે ગાડીઓમાં ફરે રાખો એટલે કોઈ માથાકૂટ ન રહે. જે કંઈ સૂચનો હોય તે તમે લખાવી દો, હવે કાંઈ બાકી રહેવા નથી દેવું, પાણીથી માંડીને બધા જ પ્રશ્નો ઉકેલી નાખવા છે, એટલે ભવિષ્યમાં તમે એ લીલા લહેર કરો. માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં પાણીના ટેન્કર આવે નહીં તો એ કેવો વિકાસ અને કેટલો વિકાસ થયો હશે? અમારા વિસ્તારમાં ટેન્કર આવે ત્યારે અમે પાણી પીવા ભેગા થતા હતા.

**અધ્યક્ષશ્રી .** : માનનીય કારુભાઈ, આપણે કૃષિની વાત કરવાની છે, સિંચાઈની નથી કરવાની.

**શ્રી કારૂભાઇ ના. ચાવડા** : હા, માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવી છે તેથી મગફળીનો પાક નથી તો પણ ભાવ મળશે કે કેમ તેની મને બીક છે, અગાઉના વખતમાં પુષ્કળ પાક હતો ત્યારે પણ રાજય સરકારે ખરીદી કરી અને એકસ્પોર્ટ ઝોનની વ્યવસ્થા કરી અને ઈતિહાસમાં પહેલી વખત ખેડૂતો માટે ભાવની વાત જો કોઈએ કરી હોય તો તે કેન્દ્રની એન.ડી.એ. સરકાર અને રાજયની ભાજપની સરકારે કરી હતી. આજ દિવસ સુધી ખેડૂતોને પૂરતા ભાવો નહોતા મળતા, પહેલી વખત જો કોઈ સરકારે ખેડૂતોના ભાવો માટે ચિંતા કરી હોય તો તે આ સરકારે કરી છે. અગાઉના વખતમાં પાક વીમો કેટલા વર્ષે મળતો હતો? અગાઉના વર્ષોમાં તો દસ હજારની મર્યાદા હતી અને છ-છ કે સાત-સાત વર્ષે પાક વીમો મળે, બે ત્રણ વખત આંદોલનો થાય, કમિટમેન્ટ થાય, અને દસ હજારની મર્યાદામાં તેમને સાત થી દસ વર્ષે આ પાક વીમો મળે, આ રાજય સરકારે પહેલી વખત પચાસ હજારની મર્યાદા કરી અને ખેડૂતોને પાક વીમો સમયસર મળે તે માટે કામ કર્યુ હોય તો આ રાજય સરકારે પહેલી વખત કર્યુ છે અને તેના માટે આ ભાજપની સરકાર અને આ કૃષિ મંત્રીશ્રીએ જે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા અને પાક વીમો સમય મર્યાદામાં મળે તેના માટે જયાં જરૂર પડે ત્યાં રજૂઆતો કરવી પડે તો તે કરીને પણ આપ્યો છે તેના માટે માનનીય કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહને હું અભિનંદન આપું છું.

અગાઉના સમયમાં ખેડૂતો માટે સ્ટોકની પણ મર્યાદા હતી, ઘરમાં મગફળી રાખી હોય તો સ્ટોક મર્યાદા હોય, અને જલદી વેચી નાખવી પડે, એ જ રીતે લેવીનો પણ કાયદો હતો, મને લેવીની તો બહુ ખબર નથી પણ મારા વડિલો માનનીય દોલતભાઈ જેવા બેઠા છે તેઓ જાણતા હશે કે આ લેવીમાં શું હતું, એ જ રીતે સ્ટોક મર્યાદાનો કાયદો હતો અને ખેડૂતોને માલ માટે પણ લાયસન્સ પ્રથા, ખેડૂતો પોતાનો માલ વેચવા જાય તો એમાં પણ લાયસન્સ પ્રથા, ગમે ત્યાં ગાડી રોકીને મિલમાં જો દસ કિલો વધારે થાય તો માલ સીઝ થઈ જાય, અને ઓછો થાય તો પણ માલ સીઝ થાય, જાણે ખેડૂતનો માલ એ કોઈ દાણચોરીનો માલ હોય તેવાં નિયંત્રણો હતા. હું આ રાજય સરકારને અને બાજપાઈજીની કેન્દ્ર સરકારને અભિનંદન આપું છું કે આવાં

નિયંત્રણો દૂર કરી અને જયાં જેને જેટલો માલ સ્ટોક કરવો હોય એટલો કરે જયાં વેચવો હોય ત્યાં અને જેને વેચવો હોય તેને વેચે, કોઈ નિયંત્રણ નહીં, કોઈ લાયસન્સ નહીં એવા નિયંત્રણો પહેલી વખત દૂર કરાવ્યાં.

**શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી એમના વિભાગની માગણી લઈને આવ્યા છે ત્યારે ખાસ કરીને અહીંયા કૃષિ અને ખેડૂતો માટે ખૂબ વાતો થઈ. ખેડૂતોની પરિસ્થિતિ આજે શું છે, ખેડૂતો બેઠા ક્યારે થાય કે જ્યારે એને ખાતર અને પાણી મળતા હોય. તો જ તેનો પાક સારી રીતે લાવી શકે. આજે ખાતરના ભાવ જોઈએ તો એ ખૂબ જ વધી ગયા છે. અમારા આદિવાસી વિસ્તારની વાત કરું તો વલસાડ અને નવસારી જિલ્લામાં ૧૯૯૨-૯૩માં જે કૂવા માટે લાઈટની માગણી કરી હતી એને આજ સુધી લાઈટ મળી નથી. હજુ એ કેસો પેન્ડિંગ છે. એમને જોડાણ હજુ સુધી મળ્યાં નથી. ત્યારે એ લોકો ઑઈલ એન્જિનથી કૂવામાંથી પાણી બહાર કાઢે છે. અત્યારે ડીઝલનો ભાવ લિટરના ૩૦ રૂપિયા છે. એક કલાકમાં એક થી સવા લિટર ડીઝલ વપરાય છે એનો ખર્ચો ગણીએ તો ૩૦ થી ૪૦ રૂપિયા ખર્ચ થાય. જ્યારે ખેડૂત એના પાકને પાંચ, સાત કે દસ પાણ પાય એનું ખર્ચ ગણીએ અને એની સામે એનો પાક ઘરમાં આવે ત્યારે એને કેટલામાં પડે એ જોઈએ તો ખ્યાલ આવે. એ બજારમાં માલ વેચે અને એના નાણાં ઉપજે એમાં એણે સામે જે ખર્ચ કર્યો હોય એટલાં નાણાં પણ મળતાં નથી. તો એવા સંજોગોમાં કૂવાના વીજળીના જોડાણો પડતર છે. ૧૯૯૩-૯૪થી બાકી છે એને વહેલીતકે મળે તેવી આપની મારફતે મારફત કૃષિ મંત્રીશ્રીને વિનંતી કરું છું.

સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે એ ઘણી સારી વાત છે. અમારા વિસ્તારમાં વહેલી તકે સોઈલ હેલ્થ કાર્ડ મળે તેવી આપની મારફત મંત્રીશ્રીને વિનંતી કરું છું.

સાથે સાથે ખેતીના જે સાધનો છે એમાં વાત કરું તો ઘણાં વરસો પહેલાં નાબાર્ડે ભાવ નક્કી કરેલા છે. આજે આદિવાસી પેટા યોજના હેઠળ જે ખેડૂતોને સાધન સહાય આપવામાં આવે છે. જે કિટસ માટે સહાય આપવામાં આવે છે એમાં આજે દસ ગણો ભાવ વધારો થયેલો છે. ખાતરના ભાવ પણ આજે વધી ગયા છે. ઑઈલ એન્જિન મોટર એના માટે પણ સહાય આપવામાં આવે છે. બજારમાં ઑઈલ એન્જિનનો ભાવ ૧૫ હજાર રૂપિયા ચાલે છે. જ્યારે સહાય આપવામાં આવે છે એ દસ હજાર રૂપિયા ગણીને આપવામાં આવે છે. જે નાબાર્ડનો ભાવ છે. તેથી એમાં પણ સુધારો કરવો જોઈએ. ખેડૂતોને જે વસ્તુની સબસિડી આપવામાં આવે છે એમાં સાધન આપવા માટે કોઈ એજન્સી કે એજન્ટ શોધવામાં આવે છે અને એ ખેડૂતનો સંપર્ક સાધીને પછી આપવામાં આવે છે. આપણે બજારમાં રોકડેથી વસ્તુ ખરીદીએ એનો ભાવ ઓછો હોય છે જ્યારે સબસિડીથી સાધન લઈએ એનો ભાવ ડબલ હોય છે. તો એના માટે પણ સરકારે વિચાર કરવો જોઈએ.

પશુપાલન અને ડેરી વિકાસની વાત કરું તો આજે અમારા ભાઈઓ ગાયો લેતા થયા છે. પશુ માંદુ પડે એના માટે દવા જોઈએ અને દવાખાનાં જોઈએ એ અમારા વિસ્તારના ગ્રામ્ય વિસ્તારમાં ખૂબ જ ઓછાં છે. કૃષિ મંત્રીશ્રી અમારા વિસ્તારમાં આવ્યા હતા ત્યારે વાત કરી હતી. અમારા વિસ્તારમાં ડેરી છે અને એમાં અમે દૂધ આપીએ છીએ. અમારા દૂધનો ભાવ આઠ રૂપિયા મળે અને બિસ્લરી વોટરનો ભાવ ૧૨ થી ૧૪ રૂપિયા લિટરનો હોય. તો દૂધનો ભાવ વધારે મળે એના માટે કંઈક સરકારે વિચારવું જોઈએ.

પશુ દવાખાની અંદર પશુ દીઠ ફી લેવામાં આવે છે. અમારી સરકાર વખતે પશુ સારવાર મફત મળતી હતી. આજે દરેક પશુ દીઠ પાંચ રૂપિયા અને પંદર રૂપિયા જેવી ફી લેવામાં આવે છે. અમારા સી.જે. ચાવડા કહેતા હતા કે ફી શાની લેવામાં આવે છે? મફત સારવાર આપવી હોય તો એના માટે ફીની જરૂર નથી.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

અત્યાર સુધી પંચાયત વિભાગ માટે આ ગૃહના સભ્યશ્રીઓએ ખૂબ જ વ્યાપક માહિતી પૂરી પાડી છે. તેમાં અનેક બાબતોની નવી જે માહિતી છે, નવી જે યોજનાઓ છે, નવી જે પ્રગતિ છે એને લગતી વાતો કરી છે. મારે કહેવું છે કે આ વહીવટમાં જે સરકારી યોજનાઓ છે, સરકારી ગ્રાન્ટ છે. ભારત સરકારની હોય કે ગુજરાત સરકારની હોય, ગ્રામવિકાસમાંથી આવતી હોય કે આયોજનમાંથી આવતી હોય તેમાંથી વિકાસના અનેક કામો થયાં છે અને ગામડું જાગૃત બન્યું છે. પણ સાથે સાથે હમણાં વાત કરી, ગ્રામસભાઓ નિષ્ક્રિય રહે છે. ગ્રામસભા શબ્દ ગુંજતો થયો હોય તો છેલ્લા બે વર્ષથી થયો છે.. તેનું જો કારણ હોય તો ત્યાં ધારાસભ્યો ગ્રામસભાઓમાં હાજર રહેતા થયા છે એટલા માટે. એ ગ્રામસભાઓમાં અનેક પ્રશ્નો આવે છે અને તેમાંથી એ પ્રશ્નોના નિરાકરણ માટે કેવું આયોજન કરવું જોઈએ તેની છેક ઉપરથી નીચે સુધી માહિતીનું ખૂબ સરસ આયોજન ગોઠવાય છે. પરંતુ સ્વયંભૂ સંસ્થાઓ, ગ્રામસભાઓ જેવી રીતે જાગૃત રહે છે, ગામડાંઓ જાગૃત બન્યા છે, તેને પીવાના પાણીની સુવિધા ઘર ઘર સુધી પહોંચાડી છે. ગામડાંના રસ્તાઓ બને તેની પણ યોજનાઓ છે. અનેક યોજનાઓ છે તેના કારણે સ્વયંભૂ સંસ્થાઓ રસ લેતી થઈ છે.

ગામડાના વિકાસ માટે સ્વયંભૂ સંસ્થાઓમાં જો પ્રેરણા આવી હોય તો સરકારની પારદર્શક અને સ્પષ્ટ નીતિ, પારદર્શક વહીવટ અને નિષ્ઠાને કારણે સ્વયંભૂ સંસ્થાઓ આજે દરેક ગામડાંને વિકસિત કરવા માટે, મદદરૂપ થવા માટે, સેવા માટે તલસી રહી છે. જાગૃતિ આવી છે, ઉત્સાહ આવ્યો છે. બીજું ખાસ કરીને પાંજરાપોળ, તાલુકા દીઠ પાંજરાપોળ પાસે ૧૦૦થી ૧૦૦૦ એકર જમીન હોય છે. તેમાં ભલે એ પશુઓ માટે હોય, પરંતુ એ સિવાય પણ ત્યાં વનરાજી, વનસ્પતિ, પાક આ બધું ઉત્પાદન કરીને સારું વાતાવરણ બનાવે છે અને એ તાલુકા દીઠ પાંજરાપોળને અભયારણ્ય રૂપે બનાવવા માગીએ અને વિકસિત કરવા માગીએ તો ચોક્કસ થાય પણ કેટલાક બીજા જે પ્રશ્નો છે. એવા પ્રાણીઓને ત્યાં મૂકીને ખેડૂતોને ખેતીનું રક્ષણ આપી શકીએ.

આ સરકારમાં ઘણી બધી યોજનાઓ છે. કૉમ્પ્યુટર દ્વારા ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત, ઈ-ગ્રામ સુધી લઈ જવાનો સંકલ્પ છે. એ તરફ વિશ્વ સુધી ગુજરાતનું નામ બને એવી એક સારી પ્રગતિ થઈ છે. સર્વેક્ષણ, અભ્યાસ અને તાલીમમાં પણ આગળ વધ્યા છીએ. એવી રીતે ૬ જેટલી નવી જિલ્લા પંચાયતોની અને ૪૦ જેટલી તાલુકા પંચાયતોની પુનઃરચના કરી છે. એક વર્ષમાં તેના ફર્નિચરથી માંડીને રૂમો અને બીજી સુવિધા સુધી જિલ્લા પંચાયત દીઠ ૫૦૦ લાખ એક વર્ષમાં ખર્ચ્યા છે. તાલુકા પંચાયત દીઠ ૫૦ લાખ રૂપિયા ખર્ચ્યા છે. આગામી વર્ષમાં અનેક બજેટ છે. જે ખર્ચ કરી બતાવ્યો છે તેની વાત છે. એ સિવાય સર્વોદય યોજના, ૧૧મા નાણાં પંચની યોજના છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય નટવરસિંહભાઈ,

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા બાપુ સાહેબ ભૂપેન્દ્રસિંહજી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામી પાટલીવાળા ક્યારના કોંગ્રેસને વગોવ્યા કરે છે. તેમને ખબર નથી કે આ કોંગ્રેસમાં તો લોહપુરુષો હતા અને આરપારની લડાઈ લડવાવાળા હતા. અત્યારે તમારી પાસે છે ખરું? તમે કોંગ્રેસને વગોવ્યા કરો છો? બાપુ સાહેબ, આ ખેતી આપણો વિષય નથી. ખેતી તો પટેલોનો વિષય છે. તમે ખેતીનો વિષય લઈને બેઠા છો.

**અધ્યક્ષશ્રી** : નટુભાઈ, એવું નહીં, ખેડૂતોનો વિષય છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : ખેતી તો દરબારોએ કરેલી જ નથી. ચત્તું નાખે અને ઉંધું થાય. બીજા ખેડૂતો ઉંધું નાખે અને ચત્તું થાય. એટલે ખેતી તો ફળેલી નથી. પહેલાં કોંગ્રેસના રાજમાં કૃષિના કેટલા યુનિટો હતા? એ બધા જ બિયારણ, પશુપાલન માટે સારામાં સારી ઓલાદ ખેડૂતોને પ્રાપ્ત થાય એવું કરવું જોઈએ. અત્યારે તો ભેળસેળવાળું થાય છે. ખેતરમાં બાજરી વાવો તો વીઘાનું કોઈ ઉત્પાદન જ નથી મળતું. અમારા કોંગ્રેસના વખતમાં તો સારામાં સારું બિયારણ મળતું હતું. આવું ભેળસેળવાળું બિયારણ મળશે તો ખેડૂતો પાયમાલ થઈ જશે. અમારા કોંગ્રેસના રાજયમાં સારી ઓલાદની ગાયો અને ભેંસો લાવવામાં આવતી હતી અને એ એક ટંકનું ૧૦થી ૧૫ લિટર દૂધ આપતી હતી. ખેતી માટે સારું બિયારણ લાવવામાં આવતું હતું.

શાકભાજી વાવનારા ખેડૂતો લૂંટાઈ જાય છે. કારણ કે, શાકભાજીના ભાવ જ નથી આપતા. ખેત બજારમાં હરાજી થાય છે એમાં ખેડૂતને લૂંટવામાં આવે છે. કોઈ હરાજી થતી જ નથી. દલાલ અને વેપારી સમજી જાય છે અને ખેડૂતોને પાણીના ભાવે શાકભાજી કે અનાજ વેચવું પડે છે. એના માટે કાંઈ એકસપોર્ટ કરવાનું કરો. જેવી રીતે અમે અમૂલ ડેરી બનાવી હતી એનું દૂધ એકસપોર્ટ કરવામાં આવે છે. એટલે ખેડૂતો સુખી થયા છે. એવી રીતે શાકભાજી એકસપોર્ટ કરવાનું કરો તો ખેડૂતોને એનો લાભ મળશે. આ ખેતર પિયતની સગવડ માટે નાના ખેડૂતોને ૨.૫ એચ.પી.ની મોટર આપવી જોઈએ. આ મોટર વાપરવાની ખેડૂતોને મંજૂરી આપવી જોઈએ. નાના અને સીમાંત ખેડૂતો છે એને લાભ મળશે. આ ખેતી એ એક જાતની ફૅક્ટરી જ છે. બધી ફૅક્ટરીઓ બંધ થઈ જાય પણ આ ફૅક્ટરી કોઈ દિવસ બંધ થવાની નથી. કોઈ ખેડૂત પાસે ૨ વીઘા જમીન હોય અને ૨ ઢોર, ગાય અને ભેંસ રાખે તો આ ફૅક્ટરીના સહારે એ જીવી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખેતીવાડી ડિપાર્ટમૅન્ટના અધિકારીઓ છે, પશુપાલન વિભાગના અધિકારીઓ છે એ પણ પદાધિકારીઓ કરે છે એમ જ એ અધિકારીઓ કરે છે. આપણા પદાધિકારીઓ સમા ચાલતા નથી એટલે અધિકારીઓ પણ સમા ચાલતા નથી. આ અધિકારીઓ અને પદાધિકારીઓ સમા ચાલતા હોય તો કોઈ દુઃખ જ ન હોય. પણ એ સમા વર્તતા જ નથી. આ ખેતીને સારી રીતે ચલાવવી જોઈએ. જે રીતે રાજીવ ગાંધી નવી ટૅક્નૉલૉજી લાવ્યા, નવો કમ્પ્યુટર યુગ લાવ્યા. આ બધું કોંગ્રેસવાળા જ લાવ્યા છે. ભારતીય જનતા પાર્ટીવાળા કશું સમું જ કરતા નથી. આપ બધા સીધા રહો. ઘર-ઘરમાં લાગ્યું છે...પાછું એ થશે તો ઉપાધી કરશો. આ જે શાકભાજી છે અને જે માર્કેટમાં વેચાય છે એમાં તપાસ કરવા જેવી છે.

**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, પંચાયત, સહકાર અને પશુ પાલન મંત્રીશ્રી જુદા જુદા વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં હું મારું અનુમોદન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિમાં સરકારશ્રીએ જે કામગીરી કરી છે એ આવકારદાયક છે. ટૅક્નૉલૉજી અને જે પદ્ધતિએ કામગીરી કરી છે એ ખૂબ જ સારી છે. સોઈલ હેલ્થ કાર્ડ હોય, ક્રેડીટ કાર્ડ હોય. ખેતીમાં અનેક સુધારા કરીને ખેતી કરતા ખેડૂતો માટે ખૂબ જ સારી કામગીરી સરકાર કરી રહી છે. અગાઉ જે સરકાર ચાલતી હતી એ સરકાર, એનો વહીવટ, એની સૂઝબૂઝને કારણે લઠ્ઠાથી માણસ મરતા હોય તો એને સહાય કરતી હતી. ૧૯૯૫ પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એણે રાતમાં કામ કરતા હોય, કૂવા ગાળતા હોય, વરસતા વરસાદમાં કામ કરતા હોય એવા સમયે ખેડૂતનું મૃત્યું થાય તો એક લાખ રૂપિયાની સહાય કરે છે એ ખૂબ સારી વાત છે.

મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, ખાતેદાર હોય એને સહાય કરવામાં આવે છે. કે ખરેખર મંત્રીશ્રી મારું એક સૂચન છે. એમાં સુધારો કરે કે કોઈપણ એના વારસદાર હોય એને પણ સહાય ચૂકવવાની જરૂર છે. એટલા માટે કે ખેતી વસ્તુ એવી છે કે એના ઘરમાં ૮ વર્ષનું બાળક અને ૮૦ વર્ષના વૃદ્ધ સુધી કામ કરતા હોય છે ત્યારે આ ખેતી થતી હોય છે, તો બધાનો હિસ્સો હોય છે તો દરેક ખેડૂતને જે અકસ્માત વીમા મળે છે એમાં કોઈપણ એના સભ્ય હોય એને આ સહાય મળવી જોઈએ. વિશેષ સરકારે અગાઉ કામગીરી સારી કરી, વારસાદનું પાણી વહી જતું હતું એને બચાવી અને ૮૦ :૨૦ની યોજના દાખલ કરીને ખરેખર આવતા દિવસોમાં ખેડૂત ખૂબ આગળ આવશે અને ખૂબ આગળ વધશે. જે ૧૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે ટપક પદ્ધતિમાં તો મારે કહેવું છે કે ટપક પદ્ધતિમાં જે જોગવાઈ કરી છે એ જોગવાઈ એવી રીતે વપરાય કે ખેડૂતને બેંક થ્રુ લોન અપાય અને સબસીડી પણ બેંક થ્રુ અપાય ખેડૂતોને તો ખરેખર સાચી સબસીડી ખેડૂતોને મળશે અને વધારેમાં વધારે આ ટપક પદ્ધતિ આગળ વધશે અને વધારે ઉત્પાદન પણ વધશે.

સહકાર બાબત મારે વાત કરવી છે. આ રાજયમાં ૯૧ થી ૯૫ માં સહકારી મંડળીઓમાં બહુ ગોટાળા થયા છે. ઘણી મંડળીઓ ફડચામાં ગઈ એ વખત મારા તાલુકામાં ત્રણ ત્રણ મંડળીઓ ફડચામાં ગઈ છે. જીરા, જાબાર અને એપાર ત્રણ મંડળીઓ ફડચામાં ગઈ કરોડો રૂપિયાનું કૌભાંડ થયું છે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ફરીથી ચોકસાઈ કરીને ગુનેગારોને ખરેખર પકડે અને જે ઉચાપત કરી છે જેણે એની પાસેથી વસૂલાત કરે, એ ત્રણ ગામડાના ખેડૂતોને અત્યારે પાક ધિરાણ મળતું નથી, કારણ કે મંડળીનું લેણું માથે બોલતું હોય , ખરેખર ખેડૂતની હયાતી અને ગામના ખેડૂતોના નામ નથી એવાના નામે ધિરાણ થયું હોય અને કરોડો રૂપિયાની ઉચાપત થઈ છે.

મારે પશુપાલન માટે થોડીક વાત કરવી છે. પશુપાલન, સહકાર, પંચાયત અને કૃષિ બધા એક સાથે સંકળાયેલી વસ્તુ છે અને સારી વાત છે, આ ચાર ખાતા એક જ મંત્રીશ્રી સંભાળે છે જેથી સારો વહીવટ અને સારી કામગીરી થઈ છે કારણ કે આ ચાર વસ્તુ ખેતીને સાંકળીને ચાલે છે. સહકારમાં મેં વાત કરી તેમ પશુપાલન, વસ્તીના ધોરણે તાલુકાના છેવાડાના ગામડા હોય ત્યાં નવા પશુ દવાખાના અપાય, અહીં પશુધન ખૂબ કિંમતી છે. ભેંસની કિંમત ૨૫ થી ૩૦ હજાર રૂપિયા થાય છે. બળદની જોડીના ૨૫ થી ૩૦ હજાર થાય, એની સારવાર સમયસર થાય, સારી થાય એ ખૂબ જ જરૂરી છે તો એમાં પણ મારું એક સૂચન છે કે વસ્તીના ધોરણે મોટા ગામો હોય ત્યાં નવા દવાખાના આપે, તાલુકાથી દૂર ગામડાઓ હોય ત્યાં દવાખાના આપે જેથી પશુઓની પણ ખૂબ સારી રીતે સાર સંભાળ થઈ શકે.

છેલ્લે મારે પંચાયતની વાત કરવી છે કારણ કે ૧૫ વર્ષથી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે મેં ફરજ બજાવી છે. ૫ વર્ષ ગ્રામ પંચાયત અને ૫ વર્ષ જિલ્લા પંચાયત એટલે પંચાયતમાં ખૂબ જ જરૂરી નાનાં એવાં મારાં સૂચનો છે કે રાજયમાં જે જે ગ્રામ પંચાયતો ધૃત ગ્રામ પંચાયતો આવેલી છે અને ખૂબ જ કિલોમિટરની દૃષ્ટિએ પણ જૂદા જૂદા ગામડા હોય છે તો વહેલી તકે એનું વિભાજન થાય. દરેક ગ્રામ પંચાયત જૂદી જૂદી થાય કારણ કે ભારતીય જનતા પાર્ટીની સરકારે એટલો બધો વિકાસ કર્યો છે તો આ ગ્રામ પંચાયતો વસ્તીના ધોરણે અને કિલોમીટરની ગણતરી કરીને જૂદી જૂદી વહેલી તકે કરવી ખૂબ જ જરૂરી છે. મારા મત વિસ્તારની નિત્યાળા જૂથ ગ્રામ પંચાયત છે એમાંથી કૃષ્ણગર અને સાગરબાળા જૂદી ગ્રામ પંચાયત થાય, કાતરોડીમાંથી નવી કાતરોડી જુદી થાય એની દરખાસ્તો પણ અમે જિલ્લા મારફત સરકારમાં મોકલી છે. વિશેષ મારે એક જ સૂચન કરવું છે કે હવે પછીના ખેતીમાં સરકારશ્રીમાં એવું કરે કે વાવણી પહેલા કરાર કરે અને કરાર પછી ખેડૂત વાવે અને એના શું ભાવ આપવાએ એડવાન્સમાં નક્કી કરે જેથી ખેડૂતોને સારા ભાવ મળે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, સહકાર, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ અને પશુ પાલન વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ સ્પીચમાં માનનીય નાણામંત્રીશ્રીએ એ શબ્દોનો ઉલ્લેખ કર્યો હતો કે આપણો દેશ ઋષિ સંસ્કૃતિ અને કૃષિ સંસ્કૃતિને વરેલો છે. માનનીય નાણામંત્રીશ્રીએ એમાં વિશેષ કહ્યું કે આ ઋષિ સંસ્કૃતિ એ સમાજમાં જ્ઞાનનું ચેતના બિંદુ છે અને આ કૃષિ સંસ્કૃતિ એ સમાજમાં આર્થિક ચેતનાનું કેન્દ્ર બિંદુ છે. મને કહેતાં દુ:ખ થાય છે કે આજે આ શાસનમાં ઋષિ સંસ્કૃતિ પણ જોખમમાં છે અને કૃષિ સંસ્કૃતિ

પણ જોખમમાં છે. હમણાં જ આ સન્માનનીય સભાગૃહમાં મારા સાથી મિત્ર મુરબ્બી શ્રી સી.ડી. પટેલ પોતાની વાત રજૂ કરતા હતા. હું નિરાંતે સાંભળતો હતો. મને અચંબો થયો કે મારા સન્માનનીય મિત્રશ્રી સ્વપ્ન જુએ છે કે હકીકત બયાન કરે છે? પણ આ ગૃહની બહાર જઈને મેં પૂછયું કે સી.ડી. સાહેબ હકીકત શું હતી? તો કહે પરેશભાઈ મને સ્વપ્ન આવી ગયું હતું. એમણે સ્વપ્નમાં હકીકત જોઈ છે માટે એમને અભિનંદન આપું છું. આજે કૃષિ મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે સી.ડી. સાહેબ સ્વપ્નમાં જે જોઈ રહ્યા છે એને હકીકતમાં પરિણમવાની નિષ્ઠા કેળવશે તો ખેડૂતોને બહુ આનંદ થશે. અહીં સોઈલ હેલ્થ કાર્ડની વાતો થઈ. સરકારે એનો પ્રચાર અને પ્રસાર કર્યો પરંતુ ખેડૂતનો ખોળો ખૂંદીને મોટો થયો છું, એ હકીકતથી હું વાકેફ છું કે ખેતીનું ઉત્પાદન માત્ર જમીનના પૃથ્થકરણથી નથી મળવાનું. ખેતીનું ઉત્પાદન વધારવા માટે જમીનની ગુણવત્તા, યોગ્ય સમયે એને મળતું પાણી અને અનુકૂળ વાતાવરણ. જો આ ત્રિવેણી સંગમ થાય તો જ વધારેમાં વધારે ઉત્પાદન કરી શકીએ. જમીન ખેડવી એ ખેડૂતના હાથની વાત છે. પાણી એ કુદરતી દેન છે કે ક્યારે વરસશે એ કોઈ નક્કી કરી શક્યું નથી અને વાતાવરણ એ પણ રચવામાં આપણે સક્ષમ સાબિત થવાના નથી. પરંતુ જમીનનું પૃથ્થકરણ કરવાની જે યોજના હતી એને સોઈલ હેલ્થ કાર્ડ તરીકે આપણે પ્રોજૅક્ટ કરી રહ્યા છીએ. કોઈ વાંધો નહિ, એટલું જ્ઞાન ખેડૂતોને મળશે. પરંતુ આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આપે જમીનની તંદુરસ્તી માપવાનું ચોક્કસ નિર્ધાર્યું પરંતુ આ ખેડૂતોની તંદુરસ્તી ઉપર જે અસર થઈ છે એનું નિરાકરણ લાવવાની માનનીય મંત્રીશ્રી પાસેથી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે અમારા જિલ્લામાં ખારોપાટ વિસ્તાર છે. જિપ્સમ જો ન વાવીએ તો ખેડૂતોને યોગ્ય ઉત્પાદન મળતું નથી. પણ ખેડૂતોને જિપ્સમ આપવાની જે પ્રથા છે એમાં સરકારમાં કૃત્રિમ અછત ઊભી થાય અને એ બારોબાર ઉદ્યોગોમાં વેચાઈ જાય છે એમાં તકેદારી લઈ ખેડૂતોને પૂરતા પ્રમાણમાં, સમયસર જિપ્સમ મળે એવી વ્યવસ્થા કરશે તો હકીકતે ખેડૂતોને આનંદ થશે. ગામડાંની વાતો થાય છે, પૂજય ગાંધીના વિચારથી ગ્રામ સ્વરાજ સુધીની વાત આ ગૃહમાં થઈ. ગામડાંને જળહળતા કરવા માટે આપણે જયોતિગ્રામ યોજનાનો એક દ્રઢ સંકલ્પ લીધો છે. પરંતુ આપના દ્વારા માનનીય કૃષિ મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આપે જ્યોતિ ગ્રામ યોજના અંતર્ગત ૨૪ કલાક વીજળી વાપરવા આપી છે પણ એનાથી ખેડૂતોની કેડ તૂટી જાય એવા વીજળી બિલો આવવાના છે. ખેડૂતોની આવક માત્ર ખેતી ઉપર નિર્ભર છે. (અંતરાય) બે જ મિનિટ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : નહીં, પ્લીઝ, માનનીય નરેન્દ્રસિંહ.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, સહકાર, પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકાર ક્ષેત્ર સાથે પણ હું સંકળાયેલો છું અને ખેડૂત પણ છું. ઘણી બધી વાતો અહીંયા આ ગૃહમાં આ માગણીઓ ઉપરની ચર્ચામાં કરવામાં આવી. માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપીશ કે આજે સમગ્ર રાજયમાં કૃષિ ક્ષેત્રે એક હરિયાળી ક્રાંતિ થઈ રહી છે.

મારા સાથી મિત્રોને કેમ નથી દેખાતું? એ જોવાના એમની પાસે ચશ્મા નથી એમ કહું તો એમાં જરા પણ ખોટું નથી. હું જે જિલ્લામાંથી આવું છું એ કચ્છ જિલ્લો એ રાજ્યનો સૌથી સૂકામાં સૂકો જિલ્લો અને આજે કૃષિક્ષેત્રે કચ્છની અંદર એક હરિયાળી ક્રાંતિ થઈ રહી છે એ નિર્વિવાદ વાત છે. કચ્છના મારા સાથીમિત્રો પણ અહીંયા સામેની બેંચ ઉપર બેઠા છે એ લોકો પણ એના સાક્ષી છે. કચ્છની અંદર બાગાયત ખેતીમાં આજે જબરજસ્ત ક્રાંતિ થઈ રહી છે અને કચ્છ કૃષિક્ષેત્રે રાજ્યનો સર્વશ્રેષ્ઠ જિલ્લો બનશે એમાં કોઈ શંકાને સ્થાન નથી, એ આ સરકારને આભારી છે. આટલા સમય સુધી આ વસ્તુ થઈ શકતી હતી, આજે એ વસ્તુ થઈ રહી છે ત્યારે એને આપણે બિરદાવવી જોઈએ. આપણે ગમે તે પક્ષે બેઠા હોઈએ છતાં જે સારી વસ્તુ છે એને બિરદાવવી જોઈએ અને જ્યાં ત્રુટી હોય ત્યાં ચોકકસપણે કહો એમાં જરાય વાંધો નથી, એના માટે પ્રજાએ આપણને ચૂંટીને મોકલ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી ક્ષેત્રની અંદર કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનો હું પણ ચેરમેન છું. સહકારી ક્ષેત્રની અંદર ઘણા સમયથી સંકળાયેલ છું. શું હાલત હતી આ સહકારી ક્ષેત્રની અને સહકારી ક્ષેત્રની આ હાલત કરવાવાળા કોણ હતા? કચ્છ સહકારી ક્ષેત્રની અંદર જે સહકારી મંડળીઓ આપણી સાથે નથી એ મંડળીને આપણે રાજ્યની કોઈપણ સંસ્થાની અંદર સભાસદ નહોતા બનાવતા અને આજે પણ ગુજકોમાસોલની અંદર નથી બનાવતા, એના રેકર્ડ ઉપરનો મારી પાસે પૂરાવાઓ છે. આ ધંધો સહકારી ક્ષેત્રની અંદર આપણે કર્યો છે અને આજે સહકારી ક્ષેત્ર આપણા હાથમાંથી સરકતું દેખાઈ રહ્યું છે ત્યારે આપણને આ બધી પીડા ઊભી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મારા મિત્ર શીવજીભાઈએ વાત કરી, શીવજીભાઈ એના સાક્ષી છે. કચ્છ જિલ્લાનું બધું સહકારી ક્ષેત્ર એમની પાસે જ હતું એ બધું કેમ એમના હાથમાંથી ચાલ્યું જાય છે? કચ્છ જિલ્લા

મધ્યસ્થ સહકારી બેંક હોય, કચ્છ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ હોય, જિલ્લાની APMC હોય, જિલ્લાના ખરીદ-વેચાણ સંઘ હોય આ બધાની અંદર આજે ભારતીય જનતા પાર્ટી આવી છે અને એની અંદર જિલ્લા સહકારી સંઘ નહિ જિલ્લા ખરીદ-વેચાણ સંઘની વાત કરું છું શીવજીભાઈ, જિલ્લા સહકારી સંઘમાં તમે છો પણ જિલ્લા ખરીદ-વેચાણ સંઘ પણ આજે તમામ ક્ષેત્રે આજે એક જબરજસ્ત સરકારની સારી નીતિના કારણે આજે એની અંદર પ્રગતિ થઈ રહી છે, એની અંદર ઘણા બધા સુધારા આવી રહ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રીને થોડાક સૂચનો પણ કરવા માગું છું કે આજે સહકારી બેંક, રાજ્યની જે સરકારી કચેરીઓ છે, સરકારી ઓફિસો છે, જિલ્લાની કચેરીઓ એમણે પણ એમનો નાણાકીય વ્યવહાર આ સહકારી બેંક સાથે કરવો જોઈએ, જેના કારણે આ સહકારી બેંકો ઉપર આવશે. આજે સહકારી ક્ષેત્રની અંદર કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની અંદર આજ થી ૬ વર્ષ પહેલા હું આવ્યો ત્યારે ક્યાં હતી? આજે સાહેબ, પારદર્શક વહીવટના કારણે આજે નબળી બેંકમાંથી નફો કરતી બેંક થઈ ગઈ છે. થોડો ટાઈમ સાહેબ આપો..

**અધ્યક્ષશ્રી** : નો, નો, પ્લીઝ, ઈશ્વરભાઈ.

**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યની અંદર કૃષિ, સહકાર અને પશુપાલન તથા પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યાં છે એના ઉપર મારું સમર્થન માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ખાંડ ઉત્પાદન, દૂધ ઉત્પાદન અને બેકીંગ જેવી વિવિધ ક્ષેત્રની અંદર ૬૦ હજાર જેટલી વિવિધતા સભર સહકારી મંડળીઓમાં ૧.૪૮ કરોડ સભાસદો આ રાજ્યમાં અસ્તિત્વ ધરાવે છે. રાજ્ય કક્ષાએ ટોચની રાજ્ય સહકારી બેંકની વિવિધ, ૧૮ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક તથા ૪૦૦૦ થી વધુ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીને કૃષિ વિષયક વીજ ક્ષેત્રે ધિરાણ આપવામાં મહત્વનું યોગદાન આપેલ છે. ત્રણ વર્ષમાં કૃષિ વિષયક ગ્રામ ધિરાણ પ્રવાહને બમણો કરાવાના કાર્યક્રમ હેઠળ સહકારી બેંકે પ્રથમ વર્ષમાં ૨૮ ટકા જેટલી ભવ્ય સિદ્ધિ હાંસલ કરી છે. એ જ રીતે રાજયની અંદર સહકારી ધોરણે ગુજરાતની અંદર ખાંડ ઉદ્યોગ સ્થપાઈ રહ્યો છે. ૧૯૫૫માં જયારે મુંબઈ રાજય અસ્તિત્વમાં હતું ત્યારે બારડોલી સુગર ફેકટરીની સ્થાપના થઈ. કોડીનાર, ગણદેવી અને આજે ૨૧ જેટલી સહકારી સુગર ફેકટરી ગુજરાતમાં થઈ રહી છે . ૨૦૦૩-૨૦૦૪ના વર્ષનું ખાંડ ઉત્પાદન ૧૩૫.૫૭લાખ મૅટ્રિક ટન નોંધાયું છે. સીઝનની શરૂઆતમાં ૧૨૭.૬૨લાખ મૅટ્રિક ટન હતા. ખાંડનો કુલ જથ્થો ૨૬૩.૧૯લાખ મૅટ્રિક ટન નોંધાયો હતો. દેશનો આંતરિક વપરાશ તેમજ મર્યાદિત નિકાસ મળી ૧૭૫.૫૭ મૅટ્રિક ટન બાદ કરતાં ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૪ ના રોજ ૮૭.૨૨લાખ મૅટ્રિક ટન બફર સ્ટૉક રાખ્યો હતો. ભારત સરકાર તરફથી અગાઉ બફર સ્ટૉક અંગેની બાકી ટ્રાન્સફર સબસીડીની રકમ ચૂકવવામાં આવી રહી છે, ત્યારે દરિયાઈ નૂરની તથા હેન્ડલીંગ ચાર્જની રકમ ચૂકવાઈ નથી. ભારત સરકારે ખાંડની નિકાસ પ્રોત્સાહક યોજના તા.૧-૬-૨૦૦૪ થી બંધ કરી છે. તમામ મિત્રો જયારે સારું થાય ત્યારે કહે છે અમે કર્યું. અને ખરાબ હોય છે ત્યારે અમારા ઉપર ઢોળે છે. આ તમામ મિત્રોને હું વિનંતી કરું છું કે કેન્દ્ર સરકારની જે કામગીરી બાકી છે એમાં આપણે સાથે રજૂઆત કરીએ અને સાથે રહીને કેન્દ્ર સરકારના પ્રશ્નોમાં સહાયરૂપ બની, પ્રશ્નો સુલજાવીને આર્થિક રીતે ખેડૂતો સધ્ધર બને એવી વિનંતી કરું છું.

ગુજરાતની ખાંડ મંડળી શેરડીના કૂચામાંથી બિનપરંપરાગત ઉર્જા ઉત્પન્ન કરે છે. પરંતુ આ સ્ટીમનો વધુ સારી રીતે ઉપયોગ કરી વેપારી ધોરણે વીજળી ક્ષમતા ઉત્પન્ન કરી ગુજરાત ખાણ ઉદ્યોગ ધરાવે છે જેના પરિણામે ચોકકસ રીતે કહી શકાય કે રાજયની ખાંડ મંડળી પ્રતિ વર્ષ સરેરાશ સો લાખ મૅટ્રિક ટન શેરડીનું ઉત્પાદન કરે છે. તેમાંથી ૩૦ટકા એટલે લગભગ ૩૦લાખ મે.ટન કૂચો ઉત્પન્ન થાય છે. પ્રવર્તમાન ટેકનોલોજીમાં જરૂરી ફેરફાર કરી વધુ પ્રૅશરવાળા બૉઇલર તથા વધુ ક્ષમતાવાળા ટર્બાઈનથી વીજ ઉત્પાદન વધુ સારી રીતે કરીને વધારાની વીજળી અન્ય વપરાશકર્તાને પૂરી પાડી શકાય તેમ છે. તે ગણતરી અનુસાર ૩૦લાખ મે.ટનમાંથી ૧૮૦થી ૫૦૦ મેગાવોટ ઉત્પન્ન કરે છે.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી:** મારે એક જાહેરાત કરવાની કે આજરોજ ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા વિધાનસભાના ચોથા માળે આવેલ સમિતિ ખંડ-૧માં ગૃહની કાર્યવાહી પૂરી થતાં રાખવામાં આવી છે. તેમાં દરેક સભ્યશ્રીએ અચૂક હાજર રહેવા વિનંતી છે.

ગુજરાત વિધાનસભાના માનનીય સભ્યશ્રીઓ માટે સોમવાર, તા.૧૪-૩-૨૦૦૫ના રોજ રાત્રે ૮-૦૦ કલાકે સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે ભોજન સમારંભ યોજવામાં આવેલ છે.

આ સમારંભમાં માનનીય સભ્યશ્રીઓને જવા-આવવા માટે એસ.ટી.બસની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બસ સદસ્ય નિવાસ, સેકટર-૨૧ના કમ્પાઉન્ડમાંથી રાત્રે ૭-૪૫ કલાકે ઉપડશે અને સમારંભ પૂરો થયા પછી માનનીય સભ્યશ્રીઓને લઈને સદસ્ય નિવાસ પરત આવશે.

આ ભોજન સમારંભમાં આપને સજોડે પધારવા મારું હાર્દિક નિમંત્રણ છે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના નિમંત્રણ બદલ હું ગૃહ વતી આભાર માનું છું. ૨૧ જેટલા માનનીય સભ્યશ્રીઓએ ૫ વિભાગ ઉપર ચિંતા વ્યક્ત કરી છે, સૂચન કર્યાં છે, રાજકીય અવલોકન કર્યા છે. ૪ વિભાગોનો જવાબ હું આપીશ.

**અધ્યક્ષશ્રી** : આપને વિનંતી કે મીટિંગ પણ છે, ભોજન પણ છે, એટલા માટે ઝડપથી પૂરું થાય તો સારું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : પશુપાલનનો જવાબ મારા સાથી મિત્ર દિલીપભાઈ ઠાકોર આપવાના છે. હું મારી વાતની શરૂઆત કરું તે પહેલા માનનીય સભ્યશ્રીઓને સારી જાણકારી આપવા માગું છું કે ૨૦૦૩ ખરીફના દાવાની ચૂકવણી બાકી હતી, તે વીમા કંપનીએ ૧૯ બૅન્કોને તેના ચેક મોકલી આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, ગ્રામ વિકાસ, પંચાયત અને સહકાર આ ચારેય વિભાગોનું સંકલન કરીને ખેડૂત કેવી રીતે મજબૂત થાય, ખેતી કેવી રીતે મજબૂત થાય, અર્થતંત્ર કેવી રીતે મજબૂત થાય, પંચાયતી રાજ કેવી રીતે મજબૂત થાય, ગાંધીજીનું સ્વપ્ન કેવી રીતે સાકાર થાય, ગ્રામ્ય જીવન કઈ રીતે મજબૂત થાય તે બધું જ કરવાનો પ્રયત્ન મેં કર્યો છે, મારા વિભાગે કર્યો છે. અહીયા ચિંતા જે વ્યક્ત કરી, તેમાં પણ સૂચન હોય કે રાજયકીય અવલોકન હોય કે ચિંતા હોય તો પણ મધ્યમાં ખેડૂત આવ્યો છે. કૃષિમાં પણ ખેડૂત આવ્યો, પંચાયતમાં પણ અને ગ્રામ વિકાસમાં પણ ખેડૂત આવ્યો છે. સાડા ચાર, પાંચ દાયકા સુધી કોંગ્રેસનું શાસન રહ્યું છે. આ સાડા ચાર, પાંચ દાયકા પહેલાનો ખેડૂત અને એ પછીનો ખેડૂત વચ્ચેનું અંતર શું? મારા જુનિયર સાથી મિત્ર હમણાં કહેતા હતા કે હું ખેડૂતનો દીકરો છું અને મેં કોસથી ખેતી કરી છે. તમે જ કહો છો કે કોસથી ખેતી કરી અને અત્યારે હવે વીજળીની માગણી કરવી પડે છે. માત્ર રાજકીય અવલોકન કે માત્ર દોષારોપણથી ઉકેલ આવવાનો છે? એના ઉકેલ માટે સાચું નિદાન અને સાચો ઉપાય કરવો પડશે અને ખેડૂતની ખેતીને મજબૂત કરવી પડશે, સમાજ જીવનનાં બધાં જ સાધનો મેળવવા માટે, બધી જરૂરિયાતો મેળવવા માટે ખેતીને મજબૂત, કૃષિને મજબૂત, ખેડૂતને મજબૂત કર્યા સિવાય બીજો કોઈ ઉપચાર નથી અને એટલા માટે રાજય સરકારે ઈન્ટિગ્રેટેડ બધા જ વિભાગોનું સંકલન કરીને કેવી રીતે ખેતી મજબૂત થાય એનો પ્રયત્ન કર્યો છે. ૫૦ વર્ષમાં પરિણામ એ આવ્યું હતું કે આ બધી જ જરૂરિયાત ધીમે ધીમે ઘટતી જવાના પરિણામે ગામડું છોડીને માણસ, ખેડૂત શહેર તરફ જતો હતો.

આજથી ૫૦ વર્ષ પહેલા કોઈ ગામડું છોડીને સુરત ગયો હશે, એ એક જ ગયો હશે. આજે લાખોની સંખ્યામાં સુરતમાં લોકો છે. કેમ ગયા? એણે જોયું હશે કે પાણી નથી, રસ્તા નથી, શાળાના ઓરડા નથી, વીજળી નથી. મને કહેતાં ગૌરવ છે કે ૨૦૦૦ની સાલ આ ગુજરાત માટે, રાજય સરકાર માટે એક લેન્ડમાર્ક બની રહેવાની છે. ૨૦૦૪ માં રાજય સરકારના તમામ પ્રયત્નોના કારણે એ જળસંચયના પ્રયત્નના કારણે ખેડૂત પોતાના ગામ તરફ આકર્ષાયો કે હું ખેતી કરી શકીશ. જળસંચયમાં વિગતવાર નથી પડતો. ચેકડેમ, નર્મદા, સુજલામ્ સુફલામ્ બધું જ આવી જાય છે. એણે જોયું કે રસ્તા મારા ગામ સુધી થયા છે. એણે જોયું કે હવે શાળાના ઓરડામાં શિક્ષકો છે. શાળાના ઓરડા પૂરતા છે. બધી જ જરૂરિયાત એણે વારતહેવારે જોઈ કે બધી જરૂરિયાત પૂરી થઈ છે. ૨૦૦૪ માં એ જોયું કે મારાં ગામડાં જ્યોતિગ્રામ થયાં છે. ૨૪ કલાકની વીજળી મળતી થઈ છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ગયો હશે ત્યારે એકલો ગયો હશે. ૨૦૦૪ની સાલમાં શહેરમાંથી ગામડામાં આવવાની શરૂઆત થઈ છે અને એટલા માટે લેન્ડમાર્ક વર્ષ ૨૦૦૪ છે. તેમાં મારા વિભાગ તરફથી જે જે કામગીરી કરવામાં આવે છે તે એક પછી એક કહેવા માગું છું. પણ સાથે મહામહિમ રાષ્ટ્રપતિશ્રીએ એક વાત કરી છે કે હવે સમય પાકી ગયો છે. ગામડાને પરા નામની એક યોજના કેન્દ્ર સરકારે આપી છે. તેનો અમલ હજુ થયો નથી પણ આ રાજય સરકારે આ યોજનાની અમલવારી શરૂ કરી છે. Providing urban and rural amenities in the rural areas. માનનીય અધ્યક્ષશ્રી, શહેરમાં જે સુવિદ્યા મળે છે તે ગામડામાં આપવાની શરૂઆતને કારણે ભારતીય જનતા પાર્ટીની સરકારે શહેરમાં મળતી તમામ સુવિદ્યા પૂરાના નામથી આપવાની શરૂઆત છેલ્લા ત્રણ વર્ષથી કરી છે તેના પરિણામે આજે ખેડૂતો એમ કહે છે કે આજે પોષણક્ષમ ભાવો મળવાની દિશામાં આગળ વધી રહ્યા છે. પોષણક્ષમ ભાવ માટે હું આજે વિગતવાર

વાત કરીશ. કેવી રીતે મળશે? માત્ર વાતો કરવાથી મળશે? પોષણક્ષમ ભાવ આપવા હશે તો કોસ્ટ ઑફ પ્રોડક્શનમાં ઘટાડો કરવો પડશે. ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરીએ તો પોષણક્ષમ ભાવ મળે. આ ઉત્પાદન ખર્ચમાં વીજળી આવે, પાણી આવે, ખાતર આવે છે અને રાજય સરકારે તે કરી બતાવ્યું છે. તે પહેલાં કોસથી ખેતી કરતો હતો ત્યારે તેને પોષાતું હતું. ૨૫ હોર્સ પાવર, ૫૦ હોર્સ પાવર, ૧૦૦ હોર્સ પાવર ખેતીમાં વીજળી વાપરતો હતો એટલા માટે પોષાતું નથી અને તેમાં વધારે ખર્ચ થાય છે પરિણામે તેનો ઉત્પાદન ખર્ચ વધારે આવે છે. તો પાણીના તળ કેવી રીતે ઊંચા આવે, ૫૦ હોર્સ પાવર વાપરતો ખેડૂત ૨૫ હોર્સ પાવર કેવી રીતે વાપરતો થાય તો એના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે કે નહી? આ સીધુ ગણિત છે. રાજય સરકારે તેનો અમલ કર્યો છે. રાતોરાત આવી પરિસ્થિતિ બગડતાં ૫૦ વર્ષ થયા તો સુધરતાં તો પાંચ વર્ષ જોઈએ કે નહીં? અને દાવા સાથે કહીએ છીએ, દાવા સાથે. જે દિશા પકડી છે, જે નિદાન કર્યુ છે અને જે ઉપાયો શરૂ કર્યા છે અને તે ઉપાયો તે કારણે રાજયના ખેડૂતને પોષણક્ષમ ભાવ મળવાની શરૂઆત થઈ ગઈ છે. ઉત્પાદન ખર્ચમાં વીજળીમાં બચત કરે, વીજળીના બદલે તેને પાણી જોઈએ છે તે પાણી આપીએ, સોઈલ હેલ્થ કાર્ડની વાત કરવામાં આવી. શ્રી ચાવડા વિદ્વાન છે, સરકારી અધિકારી હતા અને રહ્યા હોત તો કદાચ તે આ જ કરતા હોત. સોઈલ હેલ્થ કાર્ડનું જ તેઓ પણ કેમ રાજકીય અવલોકન આવું કરે છે, તેમના સભ્યશ્રીઓએ કહ્યું કે આ સોઈલ હેલ્થ કાર્ડ તે સારી યોજના છે. કોસ્ટ ઑફ પ્રોડકશન ઘટાડવા માટે સોઈલ હેલ્થ કાર્ડ પણ એક ઉપાય છે. ખેડૂત પોતે ન જોઈએ તે ખાતર વાપરતો હતો તેથી વધારે ખર્ચ થતો હતો. આ પૃથ્થકરણ થયા પછી સમતોલ ખાતર નાંખવાની શરૂઆતને કારણે અને જે પાક જમીન માગે તે નહોતો વાવતો અને આજે જમીન માગે છે તે વાવતો થયો છે. આ પૃથ્થકરણને કારણે કોસ્ટ ઑફ પ્રોડકશન અને પોષાય તેવા ભાવે વેચી શકે તેટલુ ઉત્પાદન ધીમે ધીમે મેળવતો થયો છે. આ એક બે વર્ષની અંદર આ દિશા પકડી છે. તેના દર્શન તેને થયા છે. એક પાકના ઉત્પાદનો સી.જે.ચાવડા કયાંથી લઈ આવ્યા તેની ખબર નથી. મારા સાથી મિત્ર શંકરભાઈએ તેની સ્પષ્ટતા કરી તે વખતે તેઓ ગેરહાજર હતા. વાંચી સંભળાવ્યું છે. હેકટરદીઠ ઉત્પાદનમાં અનેકગણો વધારો થયો છે. પહેલાં અનિયમિત વરસાદને કારણે પાણી નહોતું મળતું હવે નિયમિત ખેત તલાવડી હોય કે ચેકડેમ હોય તેમાંથી પાણી મળે છે અને પરિણામે ઉત્પાદન ઘટતું હતું તે ઉત્પાદન ઘટતું નથી અને ઉત્પાદન જળવાઈ રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૌરવ સાથે કહેવું છે કે, રાજય સરકારના આયોજન અને કિસાનોની મહેનતના કારણે આ રાજયમાં દિવેલા, વળીયારીના ઉત્પાદનમાં આપણું રાજય વિશ્વમાં ૭૦ ટકા ઉત્પાદન કરીને વિશ્વમાં પ્રથમ નંબરે છે, બટાટા અને ડુંગળીમાં પ્રથમ નંબરે છે, તમાકુ, તલ, ગુવાળ, કેળાં અને ચીકુમાં બીજા ક્રમે છે, લસણમાં ત્રીજા ક્રમે છે, દૂધના ઉત્પાદનમાં પહેલા નંબરે છે. ઈસબગુલ પ્રોસેસિંગમાં દુનિયામાં પહેલા નંબરે છે, આની સાથે સાથે ખેડૂતો ગઈ કાલે જે વિસ્તાર વાવતા ન હતા અને સીમીત વિસ્તારમાં વાવેતર કરીને પોતાના કુટુંબનું એ ભરણપોષણ કરતો હતો પણ એને પાણી મળવાની શરૂઆત થઈ, રાજય સરકારે માઈક્રો મેનેજમેન્ટ કર્યુ અને એના કારણે, પહેલાં દર વખતે પોતાની પડતર જમીન જે પડી રહેતી હતી એ જમીનનું માવજત કરવાનું માર્ગદર્શન સોઈલ હેલ્થ કાર્ડનું માર્ગદર્શન, પાણીની વ્યવસ્થા આ બધાયના કારણે હું આજે ગૌરવ સાથે કહી શકું કે માત્ર બે વર્ષમાં, ૨૦૦૨માં ખરીફ વાવેતર એ પહેલાંનું સરેરાશ વાવેતર આ રાજયમાં ૭૭-૭૮ લાખ હેકટરનું હતું, તંત્રના પ્રયત્નોને કારણે , સરકારના આયોજનના કારણે આજે ખરીફ-રવિ થઈને ૮૮ લાખ હેકટર સુધી વાવેતર આ રાજયમાં પહોંચી શક્યા છીએ. આનો સીધો લાભ ખેડૂતોને થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે ૨૦૦૩-૨૦૦૪માં ખાદ્ય પાકોનું ઉત્પાદન ૨૦.૪ મિલિયન મેટ્રિકટન હતું. એ ૨૦૦૩-૨૦૦૪માં બાગાયત પાકોનું ઉત્પાદન ૮.૫૧ લાખ મિલિયન મૅટ્રિક ટન થયું.

રાષ્ટ્રિય પાક વીમા યોજના આખા હિન્દુસ્તાનમાં કોઈ એક એવું રાજય હોય કે જેને બે વર્ષમાં ૭૨૮ કરોડ રૂપિયા રાજયના ખેડૂતોને આપ્યા હોય તો માત્ર ગુજરાત રાજય છે. આ બજૅટમાં પણ હું માનનીય નાણાં મંત્રીશ્રીનો આભાર માનું છું કે, ૨૦૦૫-૨૦૦૬ના બજૅટમાં સો કરોડ રૂપિયાની જોગવાઈ રાખવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના અકસ્માત વીમા યોજના અંગે આ સન્માનનીય ગૃહમાં બધા માનનીય ધારાસભ્યશ્રીઓનું સૂચન અને લાગણી છે, એક પ્રશ્નના જવાબમાં મેં પણ કહ્યું હતું અને આજે ફરીથી દોહરાવું છું કે, અત્યારે આ યોજના ખાતેદાર ખેડૂત વીમા યોજના છે એટલે એ મૃત્યુ પામે તો જ એને લાભ મળે, એના વારસદાર જે ખેડૂત હોય કે ખેતીનું કામ કરતો હોય પણ વીમા યોજનામાં એનું નામ ન હોય અને એને અકસ્માત નડે તો એને લાભ મળતો નથી. અન્ય બાબતો માટે પણ રાજય સરકાર હકારાત્મક રીતે વિચાર કરવા માગે છે અને સત્ર પછી વીમા કંપની સાથે બેસીને આમાં યોગ્ય રીતે ખેડૂતોને કેવી રીતે લાભ આપી શકાય અને જે પડતર કેસોમાં એક ખાસ અધિકારીની નિમણૂક કરીને એ કેસોનો ઝડપથી નિકાલ થાય અને માનનીય ધારાસભ્યશ્રી સી. જે. ચાવડાએ સોઈલ હેલ્થ કાર્ડની વાત કરી તો સોઈલ હેલ્થ કાર્ડમાં એક પણ પૈસો ફી લેવામાં આવતી નથી. માનનીય સભ્યશ્રીને કોઈએ ખોટી માહિતી આપી હોય એમ લાગે છે. ગયા વર્ષે બે

લાખ પાંચ હજાર સોઈલ હેલ્થ કાર્ડ આ રાજયના ખેડૂતોને આપેલાં હતાં, આ વખતે ૩,૬૪,૩૬૦ સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું આયોજન છે. આખા દેશમાં એક માત્ર ગુજરાત રાજય એવું છે કે આ યોજનાનો અમલ કરે છે. સોઈલ હેલ્થ કાર્ડના કારણે જે ખેડૂતોને લાભ થયા છે, એમના અભિપ્રાયો અને એના પરિણામો આપણને મળ્યા છે, કોઈ પણ જિલ્લો એવો બાકી નથી કે એ જિલ્લામાં કોઈ નવા પાકનું માર્ગદર્શન મળ્યું હોય અને ખેડૂતોએ એ પાક ન વાવ્યો હોય, માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો વાવે એ પહેલાં અમે અમારા તરઘડિયા ફાર્મમાં વાવેતર કર્યુ અને આખા રાજકોટ જિલ્લાના ખેડૂતો જોવા ભેગા થયા, જે કપરાડામાં કાજુ થાય છે એના કરતાં વધારે સારા કાજુ રાજકોટ જિલ્લામાં તરઘડિયા ફાર્મમાં થયા છે આ શું બતાવે છે? ગઈ કાલે નહોતા પણ આજે છે, એ ખેડૂતોને ફાયદો જ છે અને એ ફાયદો એના ઉત્પાદનમાં ગઈ કાલે જે પાક ખેડૂત વાવતો હતો. એના કરતાં એને પાંચ ગણા ભાવો કાજુમાં મળ્યા એનો સીધો ફાયદો થયો છે.

ટેકાના ભાવોથી ખરીદી માટે રાજય સરકારે પ્રયત્નો કર્યા છે. કપાસ વિશે પણ ખૂબ વાતો થઈ છે. કપાસ ખરીદવાની જવાબદારી રાજય સરકારની હતી નહી અને આજે પણ નથી, એ માત્રને માત્ર કેન્દ્ર સરકારની જ જવાબદારી છે. એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે ઈમ્પોર્ટ ડયુટી નાંખી હતી, નિકાસ સબસીડી આપીને ભાવો સમતોલ રાખ્યા હતા. આ સરકારે નિકાસ સબસીડી આપી નથી, માત્ર નિકાસની જાહેરાત કરી છે અને ઈમ્પોર્ટ ડયુટી નહીં નાંખવાના કારણે અને ડબલથી વધારે ઉત્પાદન આ વર્ષે થયું છે જેના પરિણામે આ થયું છે.(અંતરાય) સી.સી.આઈ. તો દર વર્ષે ખરીદે છે, પરંતુ આ રાજય સરકારની સૂઝબૂઝને કારણે અને ઈતિહાસમાં પહેલીવાર નાફેડે જો કપાસની ખરીદી કરી હોય તો આ વખતે શરૂ કરી છે એનો લાભ માત્ર ગુજરાતને જ નહીં પરંતુ આખા દેશના લોકોને મળવાનો છે અને ટેકાના ભાવ નીચે ખરીદવા માટે ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે રાજય સરકારે દિવેલા, ઈસબગુલ અને જીરાના પાકને પણ ટેકાના ભાવ નીચે આવરી લેવા માટે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતનો મુખ્ય પાક દિવેલા, ઈસબગુલ અને જીરાની વાત કરું તો આ પાકમાં મોનોપોલી છે પણ વ્યકિતગત મારા મનમાં એક પ્રશ્ન હતો કે મોનોપોલી હોય તો એનો લાભ ખેડૂતોને કેવી રીતે મળે? એના માટે આઈ.આઈ.એમ., દેશના કૃષિ નિષ્ણાતો અને અર્થશાસ્ત્રીઓ સાથે ડિસેમ્બરમાં અમદાવાદ મુકામે મિટિંગ કરીને કે આ આખું અર્થતંત્ર આવી રીતે ચાલે તો વેચાણ બજાર આવી રીતે ચાલે અને આઈ.આઈ.એમ.ના અધિકારીઓના સૂચન અનુસાર એક એકશન પ્લાન અમલમાં આવે આ પ્રકારનું રાજય સરકારે આયોજન કર્યું છે. ઉત્તર ગુજરાતના આ પાકો જે વિશ્વમાં પ્રથમ નંબરે છે અને આપણે કહીએ છીએ એમ ઈસબગુલ, દિવેલામાં પ્રથમ નંબર છે. પ્રથમ નંબરે છીએ તો ખેડૂતોને એનો લાભ કેમ ન મળે? અને એ લાભ મળે એટલા માટે રાજય સરકારે આયોજન કર્યું છે. આ આખી વાતમાં અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિના કિસાનો માટે ૨૦૦૪-૨૦૦૫માં ૮૧૯૫૫ અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ૮૦ લાખ રૂપિયા કૃષિલક્ષી યોજના હેઠળ ફાળવવામાં આવ્યા હતા, ૨૦૦૪-૨૦૦૫માં ૧૦૦૩૦ આદિજાતિના ખેડૂતો માટે ૩૪૯ લાખની સહાય કરવામાં આવી હતી અને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં આ સહાય ૯૫૫ લાખ રૂપિયાની કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેન્દ્રિય ખાતરની ઉપયોગિતાની પણ કેટલાક મિત્રોએ વાત કરી છે. ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય બજારમાં આ સેન્દ્રિય ખાતરનું વર્મી કમ્પોસ્ટનું ઓર્ગેનીક ફાર્મીંગનું એ કેમીકલ ખાતર ઉપયોગ કરવાથી જે રીતે અત્યારે ડબલ્યુ. એચ. ઓ.એ સૂચન અને માર્ગદર્શન આપ્યું છે, અભિપ્રાય આપ્યો છે કે હવે વિશ્વના ખેડૂતો એ ઓર્ગેનીક ખાતર તરફ વળે તો હેલ્થ પોઈન્ટ ઓફ વ્યુ અને અર્નિંગ પોઈન્ટ ઓફ વ્યુ બન્નેમાં એ ખેડૂતોને લાભ થશે અને રાજય સરકારે આ ઓર્ગેનીક ફાર્મીંગને પણ ખૂબ મહત્વ આપ્યું છે.

માનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી કેરી અને શાકભાજી માટે મધ્ય ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં ડુંગળી માટે એમ બે એગ્રો એકસ્પોર્ટ ઝોન કાર્યરત છે. તલ માટે હવે સૌરાષ્ટ્રમાં એગ્રો એકસ્પોર્ટ ઝોનની મંજૂરી કેન્દ્ર સરકારે આપણને આપી છે અને વાઈબ્રન્ટ ગુજરાતના સમય દરમ્યાન એના એમ.ઓ.યુ. પણ થયા છે અને મને કહેતાં આનંદ થાય છે કે, ૧૦૪૪ કરોડના ૩૪ જેટલા સમજૂતી કરાર માત્રને માત્ર એગ્રિકલ્ચરના થયા છે એનો સીધો લાભ રાજયના ખેડૂતોને મળવાનો છે.

રાજયના નિકાસકારોને હમણાં નટવરસિંહભાઈએ કહ્યું કે શાકભાજીની નિકાસ કરો, રાજયનું કૃષિ ઉત્પાદન, એની નિકાસ કેવી રીતે થાય એના માટે રાજય સરકારના સઘન પ્રયત્નો છે. કોષ્ટ ઓફ પ્રોડક્શનની હું વાત કરું છું. હોર્ટિકલ્ચર એને વધારે મહત્વ આપીને, એગ્રીકલ્ચર અને હોર્ટિકલ્ચર, બન્ને માટે ડ્રિપ ઈરિગેશનથી કરકસરયુકત પાણીના વપરાશ પર રાજય સરકારે ભાર મૂક્યો છે અને એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે રીતે હિંમતપૂર્વક જાહેરાત કરી છે અને પંદરસો કરોડ રૂપિયા ગ્રીન રિવોલ્યુશન કંપનીને આપીને, ગુજરાતના ખેડૂતો માટે એક નવી રાહ ચિંધી છે.

ચાર યુનિવર્સિટીઓ માટે પણ ટીકાઓ કરવામાં આવી પણ આપ કોઈ એનો અભ્યાસ કરો, ચાર યુનિવર્સિટી થયા પછીની, કૃષિનો પાયો છે, શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ, આ ત્રણેય કામોમાં ચારેચાર યુનિવર્સિટી થવાના પરિણામે સુંદર કામગીરી થઈ છે. આઈ.સી.આર. એ અલગ અલગ રકમ મંજૂર કરવાની

સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. રાજ્ય સરકારે અલગ અલગ યુનિવર્સિટીઓને પણ પૈસા ફાળવી દીધા છે, ડિવિઝન ઓફ વર્ક થવાનું છે. એક વી.સી. આખા રાજયમાં કેટલું ધ્યાન આપી શકે, એના બદલે ડિવિઝન ઓફ વર્ક અને ચાર વાઈસ ચાન્સલેરોની પસંદગી પણ મેરિટના ધોરણે કરવામાં આવી છે. કોઈ વીસ-પચીસ વર્ષથી બિનગુજરાતી અહીંયા રહેતા હોય એના માટે આપણે કોઈ કહીએ કે એ ગુજરાતી નથી, અમે ગુજરાતી કે બિનગુજરાતી જોયો નથી, ખેડૂતલક્ષી માણસ છે કે નહિ એણે સંશોધનો કેટલા કર્યા છે એ જોયું છે અને એના મેરિટના આધાર પર નિષ્ણાતોની જ પસંદગી કરી છે. રાજય સરકારે સેન્ટર ફોર એક્સેલન્સની માગણી કરી છે એમાં દાંતીવાડા ખાતે દિવેલાના પાક માટે, આણંદ ખાતે બાયો ટેકનોલોજી માટે, નવસારી ખાતે ફોર્સ હાર્વેસ્ટીંગ માટે, જૂનાગઢ ખાતે સોઈલ એન્ડ વોટર મેનેજમેન્ટ માટે રાજય સરકારની કૃષિ યુનિવર્સિટીએ જે નવી નવી જાતો વિકસાવી છે એ ચારે ચાર યુનિવર્સિટી થઈ છે એમાં હરિફાઈનો ભાવ જાગ્યો છે. એગ્રીકલ્ચર ક્લાઈમેટ ઝોન પ્રમાણે આ યુનિવર્સિટીઓની પહેલાં ઝોન પ્રમાણે જે સ્થાપના કરવામાં આવેલી હવે યુનિવર્સિટીઓ આપણે કરી છે તો એ કલાઈમેટ ઝોનના આધારે નવા નવા કૃષિ સંશોધનો પણ કરવામાં આવ્યા છે, દરેક યુનિવર્સિટીએ આ પ્રકારે કામગીરી શરૂ કરી છે. આ બધાજ પાસાઓની અને બધીજ બાબતોની જાણકારી ખેડૂતો સુધી પહોંચે એટલા માટે કૃષિમેળાઓનું આયોજન કરેલ છે. રાજય સરકારે હમણાં દાંતીવાડા અને ઉંઝા એ.પી.એમ.સી.ની સુવર્ણ જયંતિ નિમિત્તે ખૂબ સારા કૃષિમેળાનું આયોજન કરેલું, સાત આઠ લાખ ખેડૂતોએ એમાં ભાગ લીધો અને એનું નિરિક્ષણ કર્યુ અને આધુનિક ખેતી કેવી રીતે કરી શકાય એનું માર્ગદર્શન કેવી રીતે મેળવી શકે એ આખી વાત ખેડૂતોએ ત્યાં નજરે નિહાળી છે. રાજય સરકારનો નિર્ધાર છે કે ખેડૂતોની આવક બમણી થાય, પ્રત્યેક ગામના પંદર ગરીબ કિસાનોને આ ૨૦૦૫-૦૬ના વર્ષમાં સૌથી ગરીબ એવા પાંચ કિસાનભાઈઓને પંદરસો રૂપિયા સુધીની કીટ અને બીજા પાંચ કિસાનભાઈઓને બાગાયતી કીટ અને પાંચ ગરીબ પશુધારકોને પશુપાલનની સામગ્રીની કીટ આ વર્ષે આપવાનું પણ આયોજન છે.

આણંદ ખાતે આવેલ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ વચ્ચે સમજૂતિ કરીને એક ડેરીનું સંશોધન કેન્દ્ર સ્થાપવાની પણ વિચારણા ચાલે છે. આપણે હવે વૈશ્વિકરણમાં દાખલ થયા છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ખાસ ડબલ્યુ.ટી.ઓ. સેલની શરૂઆત કરી છે અને આખા રાજયના ખેડૂતોને માર્ગદર્શન પહોંચાડી શકાય એના માટેનો અભ્યાસ કરવાની શરૂઆત કરી છે આગામી અખાત્રિજ ૧૧-૨ના દિવસથી ખૂબ મોટું અભિયાન, એ અભિયાનને કોઈ મારા કોંગ્રેસના મિત્રો રાજકીય રીતે ન લે. આપણે ખેડૂતને આધુનિક ખેતી સાથે તેને જોડવો છે અને એટલા માટે હું આ ગૃહના સન્માનનીય આપણા સૌ સભ્યશ્રીઓને હું આમંત્રણ આપું છું કે અખાત ત્રીજથી આ કૃષિ મહોત્સવ શરૂ થવાનો છે તેમાં સૌ જોડાય. કિસાનોને આયોજન કરવામાં આપણે મદદ કરવી છે. મૂલ્ય વર્ધિત પાકો તૈયાર કેવી રીતે કરવા તેનું માર્ગદર્શન આપવું છે. ખેડૂતોને અને ખેતીને મધ્યમાં રાખીને આ આખી વાત દરેક ગામમાં એક કરતાં વધારે જળ સંચયના કામ કરવા છે. કેનાલની સાફસૂફી લોક-ભાગીદારીથી કરવી છે. આ બાગાયત અને પશુપાલન અને..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, છ વાગ્યા છે કામમાં ઝડપ કરો. આપણે શોર્ટમાં કરવું પડશે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દા તો જોવા પડશેને?

**અધ્યક્ષશ્રી** : ઝડપથી પતાવો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : જી, સહકાર વિભાગમાં સો વર્ષ આપણે પૂરાં કરીએ છીએ. સો વર્ષ પૂરાં કરવામાં જેમનો જેમનો પણ ફાળો રહ્યો છે તે સૌને હું હાર્દિક અભિનંદન આપું છું કે ગુજરાત એક યશસ્વી સહકારી રાજય તરીકે રહ્યું છે અને તે યશ અપાવવા માટે સ્વર્ગસ્થ જે થયા છે તેમને શ્રદ્ધાંજલિ અર્પુ છું અને અત્યારે હાલ જે કામમાં છે તે બધાને અભિનંદન આપું છું અને ચિંતા પણ વ્યક્ત કરું છું. અહીંયા આપણે ચિંતા જે વ્યક્ત કરવામાં આવી છે તેમાં સૌ સાથે મળીને ચિંતા કરવી પડશે. હું આહ્વાન પણ કરું છું અને આમંત્રણ પણ આપું છું કે અત્યારની પરિસ્થિતિમાં ઉણું કયાં ઉતર્યુ છે, આ ક્ષેત્રને કયાં લૂણો લાગ્યો છે, કયા લેકયુના રહી છે, શું ખૂટે છે? શું કમી છે? શકય હોય ત્યાં સુધી વ્યકિતગત રીતે અને મારા વિભાગે રાજકીય અવલોકન સિવાય કામગીરી કરવાનો પ્રયત્ન કર્યો છે. દોષારોપણ તો ઉભય પક્ષે ઘણાં થઈ શકે પરંતુ સહકાર વિભાગ એવો છે કે તેમાં એકમેક સાથે રહીને આ રાજયની આબરૂ વધે અને તેમાં પણ સેન્ટરમાં તો ખેડૂત આવે છે.

સહકાર ક્ષેત્રમાં પણ સેન્ટરમાં તો ખેડૂત આવે છે. આ ખેડૂત સહકાર દ્વારા કેવી રીતે મજબૂત થાય તે માટે પણ આપણે સૌએ પ્રયત્ન કરવો પડશે. હું આ તકે અમલસાડ વિવિધ કાર્યકારી સહકારી ખેડૂત મંડળીને અભિનંદન આપું છું કે, હમણાં જ વડાપ્રધાનશ્રીએ તેમને શ્રેષ્ઠ મંડળીનો એવોર્ડ આપ્યો છે.

કિસાન ક્રેડિટ કાર્ડ અત્યાર સુધીમાં વાણિજ્ય બેન્કો ૫ લાખ, ગ્રામીણ બેન્કોએ ૧ લાખ અને જિલ્લા બેન્કોએ ૧૦ લાખ કરીને કુલ ૧૬ લાખ ૫૮ હજાર કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા છે. કુલ ધિરાણ અત્યાર સુધીમાં ૨૯૩૯ કરોડ રૂપિયાનું આ માર્ચ ૨૦૦૫ સુધીમાં થવા જાય છે અને ૨૦૦૫-૦૬ આ વર્ષમાં અમારું આયોજન છે, લક્ષ્યાંક છે કે ૨૯૩૯ કરોડમાંથી ૪૮૦૦ કરોડ સુધીનું આ ધિરાણ કઈ રીતે થાય અને ખેડૂતોને વધારે મજબૂત કેવી રીતે બનાવી શકાય, ધિરાણ માળખાને મજબૂત બનાવવાનું પણ આયોજન છે.

રાજય સરકારના પ્રયત્નોથી ભરૂચ, જામનગર અને કચ્છ આ ત્રણ બેન્કો સેકસન-૧૧ હેઠળ હતી તે ત્યાંના સહકારી કાર્યકર્તાઓના સહકારથી અને રાજય સરકારના તંત્રના સહયોગથી આ ત્રણેય બેન્કો તે સેકસન-૧૧માંથી બહાર આવી છે. આગામી સમયમાં બાકીની બેન્કો પણ બહાર આવશે અને બહાર આવવાની તૈયારીમાં મહેસાણા અને ખેડા આ બન્ને બેન્કો પણ આ સેકસન-૧૧માંથી બહાર આવી જવાની પૂરી સંભાવના છે. માનનીય અધ્યક્ષશ્રી, અર્બન બેંકોમાં અનેક લોકોના વિશ્વાસનું પુન:સ્થાપન કરવાનું જરૂરી છે. એમાં આક્ષેપ અને પ્રતિ આક્ષેપથી વિશ્વાસ સંપાદિત નહીં થાય, પરંતુ જે ખૂટે છે એની પૂર્તિ કરવાથી એ વિશ્વાસનું પુન:સ્થાપન કરી શકાશે અને પુન: વિશ્વાસ પ્રાપ્ત થઈ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારસુધીમાં ૪ાા લાખ કરતાં પણ વધારે થાપણદારોની મહામૂલી ૫૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ રકમનું ચૂકવણું રાજય સરકારે કર્યુ છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ મર્જરની નવી યોજનાની જાહેરાત કરી છે. મેં આ હવાલો સંભાળ્યા પછી આજે અર્બન બેંકની પરિસ્થિતિ હતી એનું મૂલ્યાંકન કરવા માટે દરેક બેંકને વ્યકિતગત રીતે મળ્યા પછી ૨૦૦૩ માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને આ રાજય સરકારના એક મંત્રી તરીકે મેં ભલામણ કરી હતી કે આનો એક ઉપાય એ છે કે મર્જર કરવામાં આવે અને મને કહેતાં આનંદ થાય છે કે રાજય સરકારની એ દરખાસ્તનો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સ્વીકાર કર્યો છે અને હવે આ મર્જરની સ્કીમ હેઠળ બાકીની બેંકો પણ બચી જશે.

માનનીય અધ્યક્ષશ્રી, એ.પી.એમ.સી. ની કામગીરી પણ ખૂબ સારી રહી છે અને માર્કેટ વ્યવસ્થા સુદ્રઢ બને અને એમાં ખેડૂતોને સીધો લાભ મળે એ માટેની વ્યવસ્થા રાજય સરકાર તરફથી કરવામાં આવી રહી છે. આધુનિક બજારો સ્થાપવાની યોજના રાજય સરકારે વિચારી છે અને બજારોમાં અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રકચર અને ઈન્ફર્મેશન ટેકનોલોજીની આધુનિક સગવડો ઉપલબ્ધ થાય એના માટેના પ્રયત્નો છે અને એ માટે આ બજેટમાં ૧૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા માનનીય સભ્યશ્રીઓની લાગણી હતી કે વચેટીયા અને વેપારીઓ મારફતે નહીં પણ ખેડૂતો પોતે જ ઉપભોકતાઓને માલ વેચી શકે અને વચ્ચે કોઈ જ આવે નહીં એ પ્રકારની વ્યવસ્થા રાયતુ બજાર આધારિત સીધા વેચાણની વ્યવસ્થા રાજયમાં દરેક જગ્યાએથી શરૂઆત થાય એની પણ રાજય સરકારે વ્યવસ્થા કરી છે અને કેન્દ્ર સરકારે એક મોડેલ એકટ લાવવાની વાત કરી છે એના ભાગરૂપે કોન્ટ્રેકટ ફાર્મિંગ કરાર આધારિત ખેતી, આપણે કહીએ છીએ કે ઉત્પાદનના ભાવ મળતા નથી, પરંતુ આ કરારમાં એવી જોગવાઈ છે કે કરાર કરનાર અને ખેડૂત વચ્ચે કરાર થાય અને આની જયારે મિટિંગ થઈ ત્યારે માનનીય ગોવાભાઈ પણ હાજર હતા અને એમાં એ પ્રકારનો કરાર થવાનો છે કે જે તે પાક માટેનો કરાર થશે એના ભાવ પણ અગાઉથી નકકી થશે અને ખેડૂતને કાયદાકીય રક્ષણ આપવામાં આવશે . આ કરાર આધારિત ખેતી માટે આ રાજયના તમામ એ.પી.એમ.સી.ના ચેરમેન સાથે એક કરતાં વધારે વખત મિટિંગો કરીને આખરી રૂપ આપવાનો રાજય સરકારનો પ્રયત્ન છે. ખેડૂતોના માલિકી હકકમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ન થાય અને કાયદાકીય રક્ષણ મળે અને એને એના ઉત્પાદનના પૂરેપૂરા ભાવ મળે અને.....

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપણે ૬-૧૫ વાગ્યે પૂરું કરવાનું છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : હા, જી, માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતી રાજને વધારેમાં વધારે કેવી રીતે મજબૂત કરવું એ રાજય સરકારનો સંકલ્પ છે અને એ માટે આ એક જ રાજય એવું છે કે જેમાં નિયમિત રીતે ગ્રામ પંચાયતોથી માંડીને જિલ્લા પંચાયતો સુધીની તમામ ચૂંટણીઓ થઈ છે. જે રીતે સહકારમાં કોઈ રાજકીટ દ્રષ્ટિબિંદુથી કામ કરવામાં આવતું નથી એ જ રીતે પંચાયતમાં પણ કોઈ ગમે તે કહેતું હોય, પરંતુ મેરિટ ઉપર જ વિભાગ તરફથી અને મંત્રી તરીકે હું નિર્ણય લઉં છું અને આ પંચાયતોને મજબૂત કરવા માટે રાજય સરકારે પ્રત્યેક ગામમાં પીવાનું પાણી, સિંચાઈનું પાણી, જળસંચય, ચેકડેમોની યોજના, જયોતિ ગ્રામ યોજના, ઈ ગ્રામ યોજના, પંચવટી યોજના આ બધી યોજનાઓ દ્વારા પંચાયતી વ્યવસ્થાને સારી રીતે સુદ્રઢ કરીને મજબૂત કેવી રીતે બનાવવી એ જોવાનું છે. માનનીય કુંવરજીભાઈ બાવળીયા કહેતા હતા કે મંત્રીશ્રીમાં ક્ષમતા હોય તો કરી બતાવે. તો મને માહિતી આપવામાં આવે અને જયાં જયાં હું ગયો છું અને જયાં જયાં મને તલાટી હાજર મળ્યા નથી ત્યાં ત્યાં મેં પગલાં લીધાં છે.

અઢાર હજાર ગામડાંમાં પહોંચવાની કોઈ વ્યવહારુ વાત નથી, તમારી જે કોઈ ફરિયાદ હોય તે કહેશો તો આ મંત્રીશ્રીમાં પૂરી સક્ષમતા છે અને સરકારમાં પણ સક્ષમતા છે, અને સાચી ફરિયાદ હશે તો એમાં પગલાં લેવામાં આવશે, પણ મારી વિનંતી છે કે ફરિયાદ કર્યા પછી જયારે પગલાં લેવામાં આવે ત્યારે તેનો બચાવ કરવા કોઈ ન આવે.

માનનીય અધ્યક્ષશ્રી, સમરસ ગ્રામ યોજના આ પંચાયતી રાજને મજબૂત બનાવવા માટેની ભાવનાત્મક સ્કીમ છે. હરિફાઈ ટાળીને ગામ સમરસ કેવી રીતે થાય તે માટેની યોજના છે. ગ્રામ સભાની પણ ઘણાં લોકોએ ટીકા કરી, પહેલા તમારા વખતમાં માત્ર રેકોર્ડ ઉપર ગ્રામ સભા હતી, હવે રેગ્યુલર કોર્સમાં દર ચાર મહિને એક ગ્રામ સભા બોલાવવામાં આવે છે અને અમે પ્રયત્નો પૂરા કરીએ છીએ કે-

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબો પૂરા થઈ જાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે તેવી વિનંતી કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૦ મિનિટ તો માનનીય મંત્રીશ્રી બોલ્યા છે, હજુ બીજા મંત્રીશ્રીને પણ બોલવાનું છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય મંત્રીશ્રી હવે, દસેક મિનિટ જ લેશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં માનનીય મંત્રીશ્રીએ ૪૦ મિનિટ તો લીધી છે. હવે દસેક મિનિટમાં પૂરું કરાવજો.

**અધ્યક્ષશ્રી .** : માનનીય મંત્રીશ્રી, તમે દસેક મિનિટમાં પૂરું કરજો, માનનીય દિલિપભાઈ, તમે વીસ મિનિટમાં પૂરું કરજો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરમાંથી ગામડાંમા આવેલ માણસને પૂરી સુવિધા મળે, તે સાંજે બહાર હરવા ફરવા જઈ શકે અને તેને પૂરી સુવિધા મળે તે માટે પંચવટી યોજના દાખલ કરી છે. અને તે માટે એક ગામને એક લાખ રૂપિયા અનુદાન આપવામાં આવે છે, અત્યાર સુધીમાં ૩૨૪ ગામો આ યોજનામાં સામેલ થઈ  ગયા છે. એ જ રીતે ઈ ગ્રામ યોજના, તીર્થ ગ્રામ યોજના, સરદાર સરોવર આવાસ યોજના, આ સરદાર સરોવર આવાસ યોજનામાં મેં પ્રશ્નોત્તરીમાં કહ્યું છે તેમ ત્રણ છૂટછાટ આપી છે અને વધુ એક જાહેરાત કરું છું કે મકાન બાંધકામમાં જરૂરી સિમેન્ટ માટે રાહત દરે, એટલે કે બજાર ભાવથી ૨૫ રૂપિયા ઓછી કિંમતે સિમેન્ટની એક થેલી ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ મારફત આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

રહેમ રાહે નોકરી માટેના જે પડતર કેસો હતા તે બધા જ આપવામાં આવ્યા છે અને છૂટછાટ પણ આપવામાં આવી છે કે તેને જો મહેસાણા જિલ્લાનો ઓર્ડર મળ્યો હોય અને કુટુંબ સુરત જિલ્લામાં રહેતું હોય તો તે ૨૫૦૦ રૂપિયામાં તેનું ગુજરાન ચલાવી શકે નહીં, એટલે જો તે અરજી આપે કે મારું કુટુંબ સુરત જિલ્લામાં રહે છે તો તેવા કિસ્સામાં તેમની બદલી સુરતમાં કરી આપીશું.  નાણા પંચની કામગીરી પણ ખૂબ સારી રહી છે. ૧૪૦૦૦ રોડ આ નાણા પંચમાંથી બનાવ્યા છે, અને ૩૪૮ કરોડ રૂપિયાની સામે ૨૫ ટકા લોકફાળા સાથે ૪૪૬ કરોડ રૂપિયાનાં કામો, એમાં આંતરિક રસ્તા, એપ્રોચ રોડ, સ્મશાનગૃહ, સેનિટેશન વગેરે કામગીરી થઈ છે, આ બધી કામગીરી લક્ષમાં લઈને આ વખતે કેન્દ્ર સરકાર આપણને દર વખત કરતાં વધારે પૈસા આપે તેવી પણ પૂરી શકયતા છે.

પંચાયત ઘર એ એક સિદ્ધિ છે. ૧૩ હજાર પંચાયતોમાંથી માત્ર ૩૩૬ ગામો એવા છે કે જયાં પંચાયત ઘ ાર નથી. અને ૩૧ માર્ચ ૨૦૦૬ સુધીમાં બધા જ ગામોમાં પંચાયત ઘર બનાવવાના છે, કેન્દ્ર સરકારે ગોળમેજી પરિષદ બોલાવી અને આખા દેશમાં પંચાયતી રાજ સૌથી શ્રેષ્ઠ રીતે ચાલતું હોય તો ગુજરાતમાં ચાલે છે તેની કેન્દ્ર સરકારના મંત્રીશ્રીએ પણ ત્યાં નોંધ  લીધી છે. નવ રચિત જિલ્લા અને તાલુકાના ભવનોના બાંધકામો પણ પૂરા કરવામાં છીએ.

ગ્રામ વિકાસ વિભાગની વાત કરું તો આ આખો વિભાગ રોજીરોટી આપવા માટેનો વિભાગ છે. દેશમાં જો સૌથી વધારે કોઈ રાજયે  આ વિભાગમાં કામગીરી કરી હોય તો એ ગુજરાત રાજયે કરી છે. મને કહેતાં આનંદ થાય છે કે ખેત તલાવડીની યોજનાને કેન્દ્ર સરકારે માન્યતા આપી છે અને એટલું જ નહિ પરંતુ સફળતાપૂર્વક આ કામગીરી થવાની પૃચ્છા પણ કરી છે.  આંતરરાષ્ટ્રીય સંસ્થા "કાપામ" છે. કોમનવેલ્થ એસોસિએશન એન્ડ મેનેજમેન્ટ નામની સંસ્થા છે. કેનાડાના ટોરોન્ટોમાં કામ કરે છે અને જ્યાં એનું મુખ્ય મથક છે. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીને આ સંસ્થાએ ગોલ્ડન એવોર્ડ આપેલો છે.  એ સંસ્થામાં પણ આ ખેત તલાવડીની યોજનાને મૂકવા માટેની દરખાસ્ત કેન્દ્ર સરકાર કરશે એવી પણ આપણને માહિતી આપવામાં આવેલ છે.

બોરીબંધ, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે આખા રાજયમાં આ યોજના સારી રીતે સફળ થાય એવા રાજય સરકારના પ્રયત્નો છે.

પશુદાણ પ્લાન્ટની સ્થાપના આ વિભાગની મદદથી મહત્વકાંક્ષી પ્રોજૅકટ પણ હાથ ઉપર લીધેલ છે. ગુજરાત રાજય ગ્રામ હાટ પ્રોજૅકટ સ્વસહાય જૂથો ૬૦ હજાર જેટલા રાજયમાં બનાવવામાં આવ્યા છે. એમાંથી ૫૫૧ એટલા સક્ષમ છે કે આખા દેશ અને દુનિયામાં અલગ અલગ જગ્યાએ ભાઈઓ અને બહેનો  જાય છે અને હાથ બનાવટની ચીજો વેચે છે.  આ ચીજો બીજા સ્વસહાય જૂથો પાસેથી ખરીદ કરે છે. એ રીતે સ્વસહાય જૂથ બી.પી.એલ. નીચે કામ કરતાં ભાઈઓ અને બહેનો છે એમને લાભ આપવા માટેનો એક મોટો અભિગમ અપનાવ્યો છે.  નવરાત્રિ નિમિત્તે એક કાર્યક્રમ હતો એમાં ૭૮ લાખ રૂપિયાનો માલ વેચાયો હતો.  આ સ્વસહાય જૂથો દ્વારા કરવામાં આવ્યો હતો.   એ આવક સીધી બી.પી.એલ. લાભાર્થીઓને જાય છે.   મારા

ચારેય વિભાગની વાત અહીંયા હું પૂરી કરું છું અને આપ સૌને વિનંતી કરું છું કે આપે રજૂ કરેલી કાપદરખાસ્તો પાછી ખેંચી લે અને મારી મારી માગણીઓ સર્વાનુમતે મંજૂર કરે તેવી વિનંતી કરું છું.

**શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (રાજય કક્ષાના પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે એ બજેટની અંદર મારા પશુપાલન વિભાગની માગણીઓનો પણ સમાવેશ થાય છે. આજની આ માગણી ઉપર મને એમ હતું કે ધારાસભ્યો ખૂબ જ ચર્ચા કરશે પરંતુ સાત જેટલા ધારાસભ્યશ્રીઓએ જ ભાગ લીધો છે.

ગુજરાતનો મુખ્ય વ્યવસાય ખેતીવાડી છે. અને આ ખેતીવાડીને સમોવડિયો જો કોઈ વ્યવસાય બન્યો હોય તો એ પશુપાલન છે. રાજયની અંદર પશુપાલન વ્યવસાય ખૂબ સારી રીતે વધે, દૂધ ઉત્પાદ વધે તેના માટે રાજય સરકાર મારફત ઘણાં બધા કામો કરવામાં આવી રહ્યા છે. પશુપાલન અને ડેરી વિકસિત દેશમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે.

પશુપાલન અને ડેરી વિકાસ હેઠળની પ્રવૃત્તિઓ ખાસ કરીને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, નાના અને સિમાન્ત ખેડૂતો, ખેતમજૂરો અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો કે ગરીબી રેખા નીચે જીવતા લોકો આ વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ વ્યવસાય રોજગારીની ખૂબ મોટી તકો ગુજરાતમાં બધા લોકોને આપી રહ્યો છે. ૨૦૦૪-૦૫માં ૮૩૬૦ કરોડની આવક આ વ્યવસાય મારફત થઈ હતી. ૨૦૦૫-૦૬માં લગભગ ૮૫૯૪ કરોડ રૂપિયાની વૃદ્ધિ થવાનો અંદાજ આ વિભાગની કામગીરીને કારણે અંદાજવામાં આવ્યો છે. આ સરકારનું અને આ વિભાગનું વીઝન પણ આગામી વર્ષમાં ગુજરાતમાં પશુ આરોગ્ય સેવાઓ સુદ્રઢ કરવી પશુ ઉત્પાદક તથા પશુ ઉત્પાદનમાં પણ વધારો કરવો, પશુપાલકની આવકમાં વૃદ્ધિ કરવી, પશુપાલન અને ડેરીને રોજગારલક્ષી બનાવવા શિક્ષણ, તાલીમ અને વિસ્તરણ જેવી સેવાઓનો વ્યાપ વધારવાનું આ સરકારનું મુખ્ય વીઝન રહેલું છે. વર્ષ ૨૦૦૪-૦૫ મુખ્ય પેદાશોમાં દૂધ ઉત્પાદન ૬૭.૭૮ લાખ મેટ્રીકટન જેટલું થયેલું હતું. ઉન ઉત્પાદન ૨૮.૨૫ કિલોગ્રામ થયેલ હતું. ૨૦૦૫-૦૬માં દૂધ ઉત્પાદનમાં વધારો થાય તેના માટે પણ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. લગભગ ૭૧.૪૫ લાખ મેટ્રીકટન જેટલું ઉત્પાદન થાય તેના માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સાથે સાથે ઉન ઉત્પાદનમાં ૨૯.૪૧ લાખ કિલોગ્રામ ઉન ઉત્પાદન થાય તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ૨૦૦૫-૦૬માં પશુ પેદાશોની આવક ૮૫૯૪ કરોડની અંદાજવામાં આવી છે અને એવી જ રીતે પશુપાલનનો વ્યવસાય આ રાજયમાં સારી રીતે થાય, ડેરીનો વ્યવસાય ખૂબ સારી રીતે થાય તેના માટે ૨૦૦૪-૦૫માં ૬૫ કરોડ, ૭૫ લાખ, ૩૩ હજારનું આયોજન પશુપાલન વિભાગમાં કરવામાં આવ્યું હતું. ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૮૬ કરોડ, ૮૦ લાખ, ૪૦ હજાર રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. એવી જ રીતે ડેરી વિકાસ માટે પણ ગયા વર્ષમાં ૧ કરોડ, ૧૩ લાખ, ૧૪ હજાર રૂપિયાના આયોજન સામે આ વર્ષે ૨ કરોડ ૫૩ લાખ ૨૨ હજાર રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. એવી જ રીતે પશુપાલનનો વ્યવસાય વધે તેના માટે પણ વિભાગ મારફત ઘણા બધા નાના મોટા કાર્યક્રમો આપીને કામગીરી કરવામાં આવી રહી છે. એ જ રીતે પશુ વિકાસના કાર્યક્રમ તળે ચાર પશુ સંવર્ધન ફાર્મ આ રાજયમાં કામ કરી રહ્યા છે. દસ ઘનિષ્ઠ પશુ સુધારણા ઘટક પણ કામ કરી રહ્યા છે અને ૭૮૬ કેન્દ્રો મારફત અને ૪ પશુ બીજ ઉત્પાદક કેન્દ્રો આ વિભાગ મારફત કાર્યરત કરવામાં આવી રહ્યા છે. ૨૦૦૫-૦૬માં ૭ લાખ ઉપર પશુઓને કૃત્રિમ બીજદાન કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. એ લગભગ ગત વર્ષ કરતાં ચાર ગણું બીજદાન થાય તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૦૫-૦૬માં ૫ લાખ ફ્રોઝન સીમેન ડોઝ ઉત્પન્ન કરવાનો આ વિભાગનો લક્ષ્યાંક છે. વર્ષ ૨૦૦૪-૦૫માં લગભગ વર્ષના અંતમાં ૬૫ હજાર પશુપાલકોને આપણે તાલીમ આપીને આ વ્યવસાયમાં ખૂબ આગળ આવી શકે તે માટે પ્રયત્નો કરવામાં આવતા હતા અને એવી જ રીતે આ વર્ષમાં પણ આપણે એક લાખ લોકોને તાલીમ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. એવી જ રીતે આ રાજયની અંદર પશુપાલન વ્યવસાયનો ખૂબ વિકાસ થાય. એની અંદર સવલતો મળી રહે એના માટે ગુજરાત લાઈવ સ્ટૉક ડૅવલપમેન્ટ બોર્ડની રચના કરવામાં આવી છે. જે રચના ૨૦૦૨થી કરવામાં આવેલ હતી. અને આ ગુજરાત લાઈવ સ્ટૉક ડૅવલપમેન્ટ બોર્ડ મારફતે આ વિભાગની અંદર હાલમાં રાજયમાં સંવર્ધન યોગ્ય ગાયો અને ભેંસોને અંદાજીત ૩૦ ટકા કૃત્રિમ બિજદાન કરવામાં આવ્યું છે અને આ બોર્ડ મારફતે આગામી ભવિષ્યમાં પશુઓને તેનો લાભ મળશે અને સારા પશુઓ મળશે. દૂધ ઉત્પાદનમાં ખૂબ મોટો વધારો થાય એના માટે અત્યારે ૬૦થી ૬૫ ટકા સુધી આ કૃત્રિમ બિજદાન કરવાનો લક્ષાંક બોર્ડ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંતરિયાળ વિસ્તારોની અંદર પશુપાલકોને ઘર આંગણે બિજદાન સેવાઓ પૂરી પાડવાનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે. એટલે આ બોર્ડ મારફતે, કેટલાક પશુપાલક મિત્રોને તાલીમ આપીને પણ એમને પૂરક વ્યવસાય દ્વારા રોજી મળી રહે એવું આયોજન કર્યું છે. એમને આ બોર્ડ મારફત સાધનોની કિટસ્ મફત આપીને આ વ્યવસાય કરવા તેઓ આગળ વધે એવો પ્રયત્ન કરી રહ્યા છીએ. અતિ અંતરિયાળ વિસ્તારોમાં કૃત્રિમ બિજદાનની સેવા ઉપલબ્ધ થઈ શકતી નથી. જેથી વધારે અંતરિયાળ વિસ્તારો હોય જ્યાં

વાહન જવાની સંભાવના ન હોય, ત્યાં કૃત્રિમ બિજદાનની ખૂબ જ તકલીફ પડતી હોય છે. ત્યાં સારા નર તૈયાર કરીને આવી વિસ્તારોની અંદર આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા આ યોજનામાં અત્યાર સુધીમાં ૩૧૯.૭૦ લાખની ગ્રાન્ટ આપણને મળી છે. ઘરઆંગણે કૃત્રિમ ગર્ભધાનની સેવા પૂરી પાડવા માટે ગોપાલક મિત્રોને તાલીમ આપવી, કૃત્રિમ બિજદાનની કામગીરી કરતા વ્યકિતઓને રિફ્રેશર તાલીમ, વૅટરનરી ડૉક્ટરોને પ્રોફેશનલ તાલીમ, ગ્રામ કક્ષાએ પશુ વંધ્યત્વ નિવારણ સારવાર શિબિર, રાષ્ટ્રિય કક્ષાના સેમીનાર, બિજદાનનું ઉત્પાદન કરતા મથકોની ગુણવત્તા વધારવી. આવા બોર્ડ મારફત પણ આપણે કાર્યક્રમો કરવા માટે આગળ વધી રહ્યા છીએ. આ ગૃહના માનનીય ધારાસભ્યશ્રીઓ સમક્ષ એક વાત મૂકવા માગું છું કે, નાબાર્ડ યોજના મારફતે આ ભારત દેશની અંદર એક માત્ર ગુજરાત રાજય હતું. જેને આ વ્યવસાય કરવા માટે લોકોને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે, આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે રાજય સરકારે એક પ્રોજૅક્ટ બનાવ્યો હતો અને ભારત સરકાર પાસે એ મંજૂરી માટે મોકલ્યો હતો. નાબાર્ડ યોજના મારફતે આ પ્રોજૅક્ટ મંજૂર થાય એના માટે ભારત સરકારને મોકલેલ હતો. મને જણાવતાં આનંદ થાય છે કે, એકાદ મહિના પહેલાં ભારત સરકારના પશુપાલન મંત્રીના અધ્યક્ષસ્થાને સમગ્ર ભારત દેશના બધા જ પશુપાલન મંત્રીઓની એક બેઠક મળી હતી. એમાં મને સદ્‌ભાગ્યે ભાગ લેવાનો મોકો મળ્યો હતો. આપણે અગાઉથી પ્રોજૅક્ટ મૂકેલ હતો અને ભારત સરકારના પશુપાલન મંત્રીએ આ પ્રોજૅક્ટને મંજૂરી આપી. એટલું જ નહીં, આવો પ્રોજૅક્ટ મૂકનાર એક માત્ર ગુજરાત રાજય જ હતું. આ પ્રોજૅક્ટનો અમલ ફક્ત ગુજરાતમાં જ નહીં પણ ભારતના બધા જ રાજયોમાં અમલ થાય એવી એમણે જાહેરાત કરી હતી. આમ ગુજરાત સમગ્ર દેશને દિશા આપવાવાળું રાજય બની રહ્યું છે. આ પ્રોજૅક્ટની અંદર ઘણી બધી નાની મોટી ૨૯ જેટલી યોજનાઓ મૂકવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.ના લાભાર્થીઓ તરીકે જે લાભો હતા એ લોકોને સરકારી બીજી બધી યોજનાઓના લાભો તો મળતા જ હતા. પરંતુ એ.પી.એલ. જેવા જે લોકો આ રાજયના પશુપાલકો છે એમનો વ્યવસાય વધે એ માટે આ યોજના હતી. આ યોજનાની અંદર ૯૦:૧૦ની યોજના મૂકવામાં આવી છે. એમાં ૧૦ ટકા લાભાર્થીઓનો ફાળો અને ૯૦ ટકા એને લોન મળે. એના ઉપર જે વ્યાજ થાય એમાં ૫૦ ટકા વ્યાજ રાજય સરકારે સબસિડી પેટે રાહત આપવાની. એટલે એ રીતે પશુપાલકોનો વ્યવસાય ખૂબ સારી રીતે વિકસાવી શકીશું, ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી, કપરાળા તાલુકો, જિલ્લા વલસાડમાં પશુપાલન ડેરી, તાલીમ અને રોજગારી મેળવવા માટે વરદાનરૂપ સાબિત થયેલ છે. ૨૦૦૩માં ગુજરાત પેટર્ન હેઠળ ગૌશાળા બાંધવા ૨ લાખ રૂપિયા આપેલ અને ૩૧૧ ભાઈઓ અને ૮૪૬ બહેનોને મળી ૧૧૫૭ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી.

વલસાડ જિલ્લાની અંદર અંતરિયાળ વિસ્તારના પશુઓને પ્રાથમિક સારવાર મળી રહે. તે માટે વિસ્તારના જ આદિવાસી યુવકોને વેટનરી પોલીક્લિનિક વલસાડ ખાતે ૫ દિવસની તાલીમ આપવામાં આવી, ૨ દિવસ પ્રત્યક્ષ તાલીમ, ત્યાંની પાંજરાપોળ, ગુંવલાવ ખાતે આપવામાં આવેલી અને આ કામગીરી એટલી બધી સંતોષકારક રહી હતી અને એટલા માટે જ ઓકટોબર ૨૦૦૫ સુધીમાં આ તાલીમાર્થીઓ મારફત ત્યાં આગળ ૫૦૫ પશુઓને પ્રાથમિક સારવાર આપવામાં આવી અને અત્યાર સુધીમાં ૧૫૦ તાલીમાર્થીઓ સામાન્ય દવા કરી શકે એટલા માટે આ ૧૫૦ તાલીમાર્થીઓને તાલીમ આપી અને તાલીમ આપવાથી એ લોકોને પણ ઘર આંગણે રોજી રોટી મળી રહે અને ૧૫૦ લોકો જે બેકાર હતા એમને તાલીમ આપવાથી એમને રોજગારીનું સાધન મળી રહ્યું. સાથે સાથે આ ગુજરાતની અંદર પશુપાલન વ્યવસાય વધે, વ્યવસાય સારી રીતે થાય એટલા માટે હમણાં તા: ૫-૩-૨૦૦૫ના રોજ દાંતીવાડા સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી ખાતે સમગ્ર ભારતના પશુપાલન વિભાગના વૈજ્ઞાનિકોનો સૅમિનાર રાખવામાં આવ્યો હતો. આ સેમીનારની અંદર લગભગ ૨૦૦ જેવા ભારતના વૈજ્ઞાનિકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું પરંતુ આ ગુજરાત રાજયની અંદર જે રીતે પશુપાલન વ્યવસાય ડેવલપ થઈ રહ્યો છે અને પશુપાલન વિભાગમાં જે રીતે કામગીરી સારી થઈ રહી છે એ ધ્યાનમાં રાખીને ૨૦૦ વૈજ્ઞાનિકોને આમંત્રણ આપ્યું હતું પરંતુ આ સેમીનારની અંદર ૨૦૦ના બદલે ૩૫૦ વૈજ્ઞાનિકોએ ૩ દિવસ માટે ભાગ લીધો અને માત્ર આવવા ખાતર નહીં પરંતુ આ સેમીનારની અંદરથી ગુજરાતમાં જે રીતે પશુપાલન વ્યવસાય આગળ વધી રહ્યો છે એની માહિતી મેળવીને બીજા રાજયને ઉપયોગી થાય એવી માહિતી મેળવી હતી અને આ જ રીતે રાજયે કામ કર્યુ છે, બધા વૈજ્ઞાનિકોએ રાજયને ખૂબ બિરદાવ્યું હતું.

પશુ આરોગ્ય સેવાઓ કરવા માટે પણ વિભાગ મારફત ૪૭૮ પશુ દવાખાના મારફત આ રાજયની અંદર આપણે પશુઓની સારવાર કરી રહ્યા છીએ. ૩૭ જેટલાં ફરતાં પશુ દવાખાનાઓ છે, ૧૪ વેટનરી પોલીક્લિનિક છે અને ૫૫૬ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો અને ૧૫ પશુ રોગ અન્વેષણ કેન્દ્રો આ સરકાર મારફત કાર્યરત કરવામાં આવી રહ્યા છે.

બીજું મારે એ કહેવાનું છે, (અંતરાય ) હું મૂળ વાત ઉપર જ આવું છું ગોવાભાઈ, તમે કદાચ આ વિષય ઉપર બોલ્યા હોત તો મને ઘણો આનંદ થયો હોત, કારણ કે તમે આજકાલ આધુનિક ગોપાલક બનતા જાવ છો એવું મને દેખાય છે એટલે તમે પશુપાલન ઉપર એટલા માટે જ બોલી શક્યા નથી. ભારતની અંદર જ્યારે એન.ડી.એ. સરકાર હતી, માનનીય અટલ બિહારી બાજપાઈજી જયારે વડાપ્રધાન હતા એ વખતે ગુજરાત માટે એન.ડી.એ . સરકાર વખતે આપણે એક યોજના મંજૂર કરી આપી હતી અને એ યોજનાની અંદર ઉત્તર ગુજરાતના જે ૪ જિલ્લાઓ હતા ત્યાં દૂધનો વ્યવસાય ખૂબ સારો ચાલતો હતો અને આ યોજનાની અંદર ભારત સરકારના પૂરા સહયોગથી ૧૦૦ ટકા ખરવાસા મોવાસાની રસીનો એક કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો હતો એમાં પાટણ, મહેસાણા, સાબરકાંઠા અને બનાસકાંઠા આ ચાર જિલ્લાઓનો સમાવેશ થતો હતો. બાકીના જે જિલ્લાઓ હતા એ જિલ્લાઓની અંદર ગોવાભાઈ જયારે તમારી સરકાર હતી ત્યારે ૫૦ ટકા કેન્દ્ર સરકાર પૈસા આપતી હતી અને ૫૦ ટકા પશુપાલકે લોકફાળા તરીકે એમણે ભરવો પડતો હતો પરંતુ જયારે એન.ડી.એ. સરકાર આવી ત્યારે એ ૫૦ ટકામાંથી વધારીને બાકીના જિલ્લાઓ માટે ૭૫ ટકા કેન્દ્ર સરકારે સહાય કરી અને ૨૫ ટકા જે પશુપાલકોએ ભરવાના હતા એના વતી રાજય સરકારે ૨૫ ટકા ભરીને સમગ્ર રાજયની અંદર આ યોજના અમલમાં મૂકી અને એટલું જ નહીં સમયસર સારવારના કારણે, સમયસર રસીકરણના કારણે રાજયની અંદર જે ચેપીરોગો થતા હતા અગાઉના વર્ષોની અંદર ચેપીરોગની સંખ્યા એટલી બધી હતી કે એક એક ગામની અંદર ૫૦-૬૦ જાનવરોમાં ચેપીરોગ થતા હતા, આ ચાલુ વર્ષે અને ગયા વર્ષની અંદર મને આ ગૃહને જણાવતાં એટલા માટે આનંદ થાય છે કે સમગ્ર રાજયની અંદરથી અમારા વિભાગ મારફત અમે સરવે કરાવ્યો તો માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેટલા ચેપીરોગોના કેસ લગભગ ૭૦ થી પણ ઓછા આપણને ચેપીરોગના કેસો જોવા મળ્યા છે. ખરવાસા મોવાસાના રોગ એક એક ગામની અંદર ૫૦-૬૦ થતા હતા. એના બદલે સમગ્ર રાજયની અંદરથી ૧૩૫ જેટલા જ રોગવાળા આપણને મળ્યા છે, એ આ પશુપાલન વિભાગની સુંદર કામગીરી કરી છે એનો દાખલો છે. એવી જ રીતે ૨૦૦૩-૦૪માં ૧૩૫ રોગચાળા નોંધાયેલ હતા એની સામે આપણે આટલું ઓછું કરી શકયા છીએ. લગભગ આ વર્ષમાં ૬૯ નોંધાયેલ હતા. ૨૦૦૪-૦૫માં જુલાઈ ઓગસ્ટ દરમ્યાન ભારે વરસાદ થયો તથા પૂરથી ૧૧ જિલ્લાના ૫૦ તાલુકાના ગામોમાં સમયસર અને અસરકારક પશુઓના આરોગ્યની જાળવણીની કામગીરી કરવામાં આવી. ૧૯૪૬૯ પશુઓને સારવાર તથા ૩૧૩૯૯૭ પશુઓને રસીકરણ કરવામાં આવ્યું.

સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના ગામોમાં ઓકટોબર ૨૦૦૪મા ઘેટાં-બકરાંને પગમાં કંઈક ચેપી રોગ થયાનું જ્યારે જાણવા મળ્યું ત્યારે તાત્કાલિક અસરથી ત્યાં આપણા વિભાગના બધા ડોકટરોને મોકલી આપ્યા અને એની સારવાર કરાવવામાં આવી અને કેટલાય ઘેટાંને બચાવી લેવામાં આવ્યા અને લાખોની સંખ્યામાં ઘેટાંઓને કૃમીનાશક દવા પીવડાવવામાં આવી. વરસાદ ખેંચાયો અને ઘાસચારાનો વિકાસ પૂરતો ન થાય અને યુરિયા ખાતર જેવું ઘાસમાં જાય અને વરસાદ અપૂરતો થાય એના કારણે ઘાસચારાનો વિકાસ ન થાય. પરિણામે નાઈટ્રાઈટ તત્વની માત્રા ઘાસચારામાં વધી જાય છે અને આવું ઘાસ જાનવર ખાય તો થોડા સમયમાં જ એ મૃત્યુ પામે છે.

માનનીય ધારાસભ્યશ્રી જેઠાભાઈ ભરવાડ હાજર નથી પણ મારે એમને અભિનંદન આપવાં છે કે સમી વિસ્તારમાં હું પ્રવાસમાં હતો ત્યારે માનનીય શ્રી જેઠાભાઈનો મને ફોન આવ્યો કે અમારા વિસ્તારમાં આવી રીતે ઘાસ ખાવાથી કેટલાય જાનવરોના મૃત્યું થઈ રહ્યાં છે. મેં તાત્કાલિક અસરથી અમારા પશુપાલન નિયામકશ્રીને મોબાઈલ ફોન ઉપર જાણ કરી અને આખી ટીમ સાથે વેટરનરી કોલેજના લોકોને સાથે જોડીને દરેક ગામમાં પ્રવાસ કરીને જ્યાં જ્યાં મુશ્કેલી હતી ત્યાં બધાને vaccination કરાવ્યું. મારે જેઠાભાઈને ધન્યવાદ એટલા માટે આપવા છે કે એમના ફોન કરવાથી અમારી ટીમ ગામડાંમાં ફરતી હતી ત્યારે ૫૭૩ જેટલા જાનવરોને બચાવવામાં અમને સફળતા મળી છે. એવી રીતે અમારો વિભાગ ખૂબ સારી એવી કામગીરી કરી રહ્યો છે. ઘ ાસચારા માટે પણ આ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવે છે.

હમણાં કહેતા હતા કે જગ્યાઓ ભરો એવી ચર્ચા થતી હતી. આ વિભાગમાં હું કેટલીક બાબતમાં સાચી વાત હશે એ સ્વીકારીશ પણ ખરો. અમારા વિભાગમાં ઘણી જગ્યાઓ ખાલી હતી. એ ખાલી જગ્યાઓ ભરવા માટેની મંજૂરી અમને મળતી જાય છે એવી રીતે અમે જગ્યાઓ ભરવા માટે આગળ વધી રહ્યા છીએ. સંયુકત પશુપાલન નિયામકની ચાર જગ્યાઓ બઢતીથી ભરવા અને એક જગ્યા સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે. નાયબ પશુપાલન નિયામકની ખાલી જગ્યા બઢતીથી ભરવા સરકારશ્રીએ તા. ૧૦-૩-૦૫ના રોજ અધિસૂચના આપીને એકી સાથે ગુજરાતમાં પ્રથમવાર ૩૫ જેટલી જગ્યાઓ ભરવા માટેનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. નાયબ પશુપાલન નિયામકની ત્રણ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી ચાલું છે.

નાયબ પશુપાલન નિયામકશ્રીની બેકલોગની ચાર જગ્યા, એમાં એક મહિલા ઉમેદવાર સહિત ભરવા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત આપી દીધી છે. ૧૬૯ જેટલા પશુ ચિકિત્સકોની ખાલી જગ્યાઓ સામે ૧૫૧ જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાલ ચાલું છે. જે પૈકી ૫૧ જગ્યાઓ બેકલોગથી ભરવાની કાર્યવાહી પૂર્ણ થવાની તૈયારી છે અને ૫૦ જગ્યા સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત આપવામાં આવી છે. ૫૦ સહાયક પશુ ચિકિત્સા અધિકારીની ફીકસ પગારથી ભરવાની કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ છે. પરંતુ કેટલીક વ્યકિતઓના કોર્ટમાં જવાથી ટેમ્પરરી આપણને સ્ટે મળ્યો છે. એ સ્ટે જલ્દી ઊઠી જાય એના માટે કોર્ટમાં આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ અને સ્ટે ઊઠી જાય એટલે આ ૫૦ જગ્યા આપણે ભરવાનું નક્કી કર્યું છે. ૩૪૨ પશુધન નિરીક્ષકની ફીકસ પગારથી ભરવાની જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ટૂંક સમયમાં કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત પૂરી કરવા તરફ જઈ રહ્યો છું ત્યારે દશાવતાર પૈકી આઠમા અવતાર એવા શ્રીકૃષ્ણના પિતા નંદ પોતે ગોપાલક હતા. આ નંદ અને યશોદાનું સંતાન એવા આપણે સૌ ગોપાલ પરિવાર કહેવાય. પશુપાલક, પ્રજાપતિ ભાઈઓ એ એમનો પરિવાર કહેવાય. એટલે કે તેઓના વંશજ હોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલું છે. એટલે કે તમે તો પૃથ્વીના સર્જનહાર,પછી માત્ર માટીના ઘડનાર જ નહીં, લાલન-પાલન કરનારા પણ છો. એટલું જ નહિ પણ મહાન કવિયિત્રી મીરાંએ પણ કહ્યું હતું કે, "સાંઢવાળા સાંઢ શણગારજે, મારે જાવું સો સો કોશ." આવી પ્રેમ લક્ષણા ભકિત રજૂ કરનારાં અને કૃષ્ણના રંગે રંગાયેલા મીરાંએ પણ આ વિભાગની મહત્તા રજૂ કરેલી. આમ, શ્રી કૃષ્ણના વંશજોનો આ વિભાગ છે તેનો પણ મને આનંદ છે. સમયનો અભાવ છે નહિ તો મારે ઘણું બધું કહેવાનું હતું. એટલે હું મારા પ્રવચનમાં લગભગ ૬૦ ટકા કાપ મૂકી રહ્યો છું, તેમછતાં પણ મારા પ્રવચનનો અંત લાવવા માટે પ્રયત્ન હું કરી રહ્યો છું.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ તમારો આભાર માને છે.

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર :** કૃષ્ણ ભગવાને ગોરસ આખું મૂકયું હતું. એમાં ઘણા બધા લગભગ ૧૦ મિનિટ વધારે આપે તો હું સમગ્ર મારું પ્રવચન પૂરું કરવા વિચારી રહ્યો છું. ટૂંકમાં ગોરસ એટલે એક પ્રકારની પૂજા કરવાનું કહેવાય અને આ પૂજા કરવાનું સૌભાગ્ય જેને પ્રાપ્ત થયેલું છે એ મારો પશુપાલક સમાજ માટે કહું કે આવું જ ગોરસ, ગૌરવ પ્રાપ્ત થાય અને સરકાર સર્વે ગોપાલક અને માલધારીભાઈઓ તથા પશુપાલકોના વિકાસ માટે તમામ પ્રકારની ચિંતા કરે, એટલું જ નહિ કુદરતી આફતો વખતે પડખે ઊભી રહે, ખેડૂતોમાં જાગૃતિ લાવી હાડમારીમાંથી નીકળીને ગુણવત્તા સુધારણા લાવે અને પશુપાલકો માટે છેલ્લા ૫૭ વર્ષમાં ના થયું હોય તેવું કાર્ય મુરબ્બીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષપણા હેઠળ અને મુરબ્બીશ્રી ભુપેન્દ્રસિંહજીના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે ત્યારે સ્વતંત્ર વ્યવસાય તરીકે વિકસવા લાગ્યું છે. કારણ કે ગીતાના ૧૮ માં અધ્યાયમાં કહ્યું છે -

યત્ર યોગેશ્વરઃ કૃષ્ણઃ યત્ર પાર્થો ધર્નુધરઃ
તત્ર તત્ર શ્રીર્વિજયો, ભૂતિ ર્ધ્રુવા, નીતિર્મતિર્મમ :

એટલે કે "જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે અને ધર્નુધર પાર્થ છે, ત્યાં વસે લક્ષ્મી, વિજય, સમૃદ્ધિ, નીતિ મુજ મત છે".

"દિશા અને ઉત્સાહ છે તથા નીતિ નિયમ જયાં,
સંવાદિતા, પ્રગતિને, સુખ-સમૃધ્ધિ શાંતિ ત્યાં."

એટલે જ મારે ધારાસભ્ય મિત્રોને કહેવું છે કે આટલું તમે સમજી શકો તો લગભગ તમારી ઘણી બધી મુશ્કેલીઓ તમારા મગજમાંથી પણ નીકળી જાય અને તેથી જ હું માનનીય ધારાસભ્યાશ્રીઓને વિનંતી કરું છું કે તેઓએ પોતાની કાપદરખાસ્તો પાછી ખેંચી લેવી જોઈએ, સાથે બધા જ વિભાગની કાપદરખાસ્તો મારા સાથી મંત્રીશ્રીઓની પણ પાછી ખેંચી લેવા અનુમોદન કરું છું અને સરકારના વિભાગ વતી જણાવું કે

"ધાન્યમં ધનમં પશું બહુપુત્રલાભં
શતસંવત્સરં દીર્ઘમાયુ:"

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, કાપ દરખાસ્ત ઉપર બોલું છું. માનનીય કૃષિમંત્રીશ્રી આમ તો જે દરખાસ્ત લઈને આવ્યા છે. એક વાતની ખાતરી મળે તો અમે પાછી ખેંચીએ કે આ સરકારમાં ૭ કલાક વીજળી મળે છે એના ભાવ બમણા કર્યા છે ત્યારે માનનીય કૃષિમંત્રી એમ કહે કે ૧૪ કલાક વીજળી આપીશું તો અમે કાપદરખાસ્તો પાછી ખેંચી લઈશું. આજે મળે તો અમે બધા પાછી ખેંચવા તૈયાર છીએ. ભલે કૃષિમંત્રી ના કહે પણ ...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નો, નો.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૪, ૧૫, ૧૬, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪ અને ૫૫ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૨, ૪, ૫, ૬૯ અને ૭૧ મત પણ મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**(આ તબકકે સભ્યશ્રી બલવંતસિંહ રાજપુતે પૂરક પ્રશ્ન પૂછતાં તેના જવાબથી સંતોષ ના થતાં સભાગૃહના ઉપસ્થિત રહેલા માનનીય વિરોધપક્ષના નેતા સહીત વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)**

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૪૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૧૫મી માર્ચ,૨૦૦૫ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| અંબાલાલ આ. રોહિત | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૬૯ |
| અધ્યક્ષશ્રી | અધ્યક્ષશ્રીની જાહેરાત | ૫૭૫ |
| અતુલ કે. પટેલ | કલોલ તાલુકામાં કાંસનું ખોદકામ | ૧૨૪ |
| | નર્મદાનું પાણી કાંસમાં છોડવા અંગે | ૧૪૫ |
| | મહેસાણા જિલ્લાને નર્મદાનું પીવાનું પાણી | ૮૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૦૨ |
| અનિલ જોષીયારા | ભિલોડા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ | ૧૦૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૭૧ |
| | રાજ્યના અધિકારી /કર્મચારીઓને કર્મયોગીની તાલીમ | ૪૪૫ |
| | રાજ્યમાં આદિવાસી ખેડૂતોના જમીન દફતરનું કમ્પ્યુટરાઈઝેશન | ૧૩૭ |
| | રાજ્યમાં ઈ-ગ્રામ હેઠળ કરેલ ખર્ચ | ૨૨૬ |
| | રાજ્યમાં માછીમારોને કોન્ટ્રાકટ આપવા અંગે | ૨૫૩ |
| | શામળાજી વિષ્ણું મંદિરમાં રૂપિયા ૧૨ લાખની ઉચાપત અંગે પગલાં | ૪૭૫ |
| | સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાઆ | ૬૩ |
| અનિલકુમાર મો.પટેલ | ઈન્દીરા આવાસ યોજના હેઠળ સહાય આપવામાં ઘટોડો | ૨૩૯ |
| | બારડોલી અને માંડવી તાલુકામાં રાંધણગેસનું વિતરણ | ૧૩૨ |
| | બારડોલી તાલુકામાં પરપ્રાંતિય લોકોને સસ્તા અનાજની દુકાનના લાયસન્સ | ૧૪૮ |
| | વાહનોમાં ઈંધણ તરીકે એલ.પી.જી.ના ઉપયોગને છૂટ આપવા અંગે | ૪૫૯ |
| | સુરત જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કામો | ૨૭૨ |
| | સુરત જિલ્લામાં પશુ ચિકિત્સકો અને નિરીક્ષકોની ખાલી જગ્યાઓ | ૨૬૦ |
| | સુરત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો | ૯૧ |
| | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના ઓડિટ અહેવાલ | ૫૩૭ |
| | તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૪૩૫ના અનુસંધાને વધારાની માહિતી | ૫૩૮ |
| અમિત અ. શાહ | ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૭૯ ના અનુસંધાને વધારાની માહિતી | ૫૩૮ |
| અમીત ચાવડા | આણંદ અને ખેડા જિલ્લામાં જમીનો નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અંગે | ૮૮ |
| અમીત ચાવડા | ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતામાં ખાલી જગ્યાઓ | ૪૪૬ |
| અર્જુનભાઇ દે.મોઢવાડીયા | ગાંધી અને સરદારના નામનો ઉલ્લેખ કરવા અંગે | ૨૦ |
| અશોક ભટ્ટ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૮ |
| આનંદીબેન મ.પટેલ | નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના હેઠળના નિયમોમાં અંશતઃ સુધારા કરવા બાબત | ૫૩૬ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| આર. સી. પટેલ | પછાતવર્ગની આદર્શ નિવાસી શાળામાં વિના મૂલ્યે ભોજન | ૨૪૨ |
| | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે કામ કરતી સંસ્થા/વ્યક્તિઓને એવોર્ડ | ૨૧૦ |
| ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨ |
| | અમદાવાદ શહેરમાં ફાટી નીકળેલ કમળાનો રોગચાળો | ૫૩૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૩૨ |
| ઇશ્વરભાઇ ધ. મકવાણા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૫૪ |
| ઇશ્વરસિંહ ઠા. પટેલ | ખાંડ સહકારી ક્ષેત્રે એનસીડીસી યોજના હેઠળ મદદ | ૨૦૧ |
| | પાનમ હાઇલેવલ કેનાલના કામોની પ્રગતિ | ૭૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૭૫ |
| ઉપેન્દ્રસિંહજી પ્ર.ગોહિલ | વડોદરા આર.ટી.ઓ. કચેરીમાં મંજૂર થયેલ અને ભરાયેલ જગ્યા | ૪૫૬ |
| | વડોદરા જિલ્લામાં જમીન નવસાધ્ય કરવા અંગે | ૯૦ |
| | વડોદરા જિલ્લામાં પાક વીમા યોજના હેઠળ ચૂકવવાની બાકી રકમ | ૨૪૫ |
| | વડોદરા જિલ્લામાં પાણી પુરવઠા યોજનાઓ | ૧૩૧ |
| | વડોદરા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૨૧૫ |
| | વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો સામે નિયમભંગના કેસો | ૧૪૭ |
| | વડોદરા જીલ્લાની નદીઓ અને તળાવ નર્મદાના પાણીથી ભરવા અંગે | ૪૯૬ |
| | સાવલી તાલુકામાં માઈનોર કેનાલનું કામ | ૪૮૨ |
| કનુભાઇ કળસરિયા | ટપક સિંચાઇ માટે ખેડૂતોને પ્રોત્સાહન | ૨૧૫ |
| | મહુવા તાલુકાની મહી પરીએજ યોજના હેઠળના કામો | ૧૦૨ |
| | મહુવા તાલુકામાં સરકારી જમીન માટે ટ્રસ્ટોની માંગણી | ૬૦ |
| | રાજ્યમાં વોટરશેડની કામગીરી | ૨૪૫ |
| કનુભાઇ મે. ભલાળા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૯૭ |
| કરસનભાઈ ભી. પટેલ | ગાંધીનગર જિલ્લામાં બદલીપાત્ર કર્મચારીઓને રહેણાંકના પ્લોટોમાં દબાણ | ૭૧ |
| | સરદાર પટેલ આવાસ યોજનાનો લક્ષ્યાંક અને સિધ્ધી | ૨૧૫ |
| કાંતિભાઇ ત્રિ. ભીલ | ઔદ્યોગિક નીતિની જાહેરાત બાદ લીધેલાં પગલાં | ૪૬૩ |
| | ગ્લોબલ ઈન્વેસ્ટ સમીટ-૨૦૦૫ દરમિયાન થયેલા એમ.ઓ.યુ. | ૪૨૦ |
| | નસવાડી તાલુકામાં વૃધ્ધિ કેન્દ્રની જમીનનું વેચાણ | ૧૩૧ |
| | મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન | ૯૦ |
| કાંતિભાઈ ભા. તડવી | સંખેડા તાલુકાની ૪૨ ગામ પાણી પુરવઠા યોજના | ૫૮ |
| | સંખેડા તાલુકાની ૬૧ ગામ જૂથ પાણી પુરવઠા યોજના | ૯૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| કાંતિલાલ ધ.કચોરિયા | બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોનું વિભાજન | ૨૩૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ શૌચાલયો | ૨૫૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ | ૪૩૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીનની માંગણી | ૧૨૭ |
| | મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાને સુજલામ્ સુફલામ્ યોજનાનો લાભ | ૮૫ |
| કાંતિલાલ રા. લકુમ | અમદાવાદ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનામાં આવરી લીધેલાં ગામો | ૪૮૩ |
| | અષ્ટાવક્ર યોજના હેઠળ સંસ્થાઓને માન્યતા | ૨૪૫ |
| | ઈન્ડીયા રીઝર્વ બટાલીયન અંગે કેન્દ્ર સરકારમાં રજૂઆત | ૪૫૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૮૨ |
| | સાણંદ, ધોળકા અને બાવળામાં સરદાર આવાસના મકાના | ૨૧૬ |
| કાંતિલાલ રે. ગામીત | માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં કેરોસીનની ફાળવણી | ૧૦૩ |
| | સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાને સિંચાઈનો લાભ | ૧૩૬ |
| | સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં પાણી પુરવઠા યોજના | ૬૧ |
| કારૂભાઇ ના. ચાવડા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૭૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૦૦ |
| કાળુભાઇ વી. વીરાણી | કેન્દ્ર સરકારના એન.ટી.પી.સી. દ્વારા સ્થપાનાર વીજ મથકથી રાજ્યને થનાર લાભ | ૪૮૩ |
| | ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ-૨૦૦૫ માં ઉર્જા ક્ષેત્ર માટે થયેલા સમજૂતી કરારો | ૪૯૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૭૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૦૪ |
| | રાજ્યમાં કેરોસીન વિતરણના ધોરણો | ૧૪૫ |
| | રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના અન્વયે લાભાન્વિત ગામો | ૪૫૯ |
| | સાવરકુંડલા તાલુકામાં મહી પરીએજ યોજના દ્વારા પીવાનું પાણી | ૮૬ |
| | સાવરકુંડલામાં ગટર લાઈન રીપેર કરવા અંગે | ૧૨૭ |
| કાળુભાઇ હી.માલીવાડ | ખાનપુર તાલુકા માટે અનાજના અલગ ગોડાઉન | ૬૦ |
| કુંવરજીભાઈ મો. બાવળિયા | જિલ્લા દીઠ ખેત તલાવડી પાછળ ખર્ચ | ૨૬૯ |
| | ટપક સિંચાઇ પધ્ધતિ યોજના હેઠળ અરજી | ૨૩૪ |
| | નદી કાંઠાના વાડા ભાડા પટ્ટે આપવા અંગે | ૫૪ |
| | નર્મદા બંધની ઊંચાઈ પૂર્ણતાને આરે લઈ જવા અંગે | ૪૮૭ |
| | બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકો | ૯૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૬૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| કુંવરજીભાઈ મો. બાવળિયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૯૫ |
| | રાજકોટ જિલ્લામાં ગામતળ નીમ કરવાના કેસો | ૧૩૬ |
| | રાજકોટ જિલ્લામાં તાલુકાદીઠ ઘર દીવડા અને કુટીર જ્યોત યોજના નીચે આવેલી અરજીઓ | ૪૩૩ |
| | રાજકોટ જિલ્લામાં પોલીસ સ્ટેશનમાં યોજાયેલા લોકદરબાર | ૪૬૬ |
| | રાજકોટ જિલ્લામાં બોરીબંધ બાંધવા પાછળ ખર્ચ | ૨૫૬ |
| | રાજકોટ મહાનગરપાલિકા ખાતે રેંકડીધારકો ઉપર લાઠીચાર્જ અંગે | ૪૧૫ |
| કેશુભાઈ હી.નાકરાણી | ગારિયાધાર તાલુકામાં પીવાનું પાણી | ૧૪૯ |
| | ગારીયાધારમાં આવેલ સૌરાષ્ટ્ર રાજ્યના વાડાઓ અને મકાનો | ૯૨ |
| | નર્મદાના પૂરના પાણીથી ભાવનગર જિલ્લાના ડેમો ભરવા અંગે | ૧૩૩ |
| કૌશિકભાઈ જ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૦૪ |
| | સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવતા ભૂકંપના આંચકાઓ અંગે. | ૧૫૦ |
| ગોપાલભાઈ ગો.ધુઆ | કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ અન્વયેની અરજીઓ | ૪૭૮ |
| | કચ્છ જિલ્લામાં ધીરધાર કરનાર ઇસમો સામે પગલાં | ૨૬૪ |
| | કચ્છ જિલ્લામાં પોલીસ ખાતાનું મંજૂર મહેકમ | ૪૫૧ |
| | કચ્છ જિલ્લામાં સરદાર પટેલ આવાસોના ફાળવેલ મકાનો | ૨૫૦ |
| | કચ્છ જિલ્લામાં સો ચોરસવારના પ્લોટ | ૨૨૨ |
| | કરમદડી ગામે થયેલ દીપડીની હત્યા | ૨૮૪ |
| | ખંભાત તાલુકાના હરીપુરા ગામ પાસે નીલગાયનો શિકાર થવા બાબત | ૩૦૯ |
| | ગુટખા અને તમાકુની બનાવટની જાહેરાતો ઉપર પ્રતિબંધ | ૩૧૪ |
| | ચાંચ બંદર પાસે કાચબાના ઇંડાને રક્ષણ આપવા બાબત | ૫૦૬ |
| | બાયડ તાલુકાના ઈન્દ્રાણ ગામે મોરની થયેલ હત્યા | ૩૪૩ |
| | મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન | ૭૩ |
| | રાજ્યમાં ગામ નમૂના નં. ૭/૧૨ અને ૮- અ નું કમ્પ્યુટરાઈઝેશન | ૧૧૫ |
| | લુણાવાડા તાલુકાના ખારોલ ગામની સીમમાં મોરની થયેલી હત્યા | ૩૪૩ |
| ગોરધનભાઈ પ્રા.ઝડફિયા | ઇન્ફોસીટીનો પ્રારંભ અને યુવાનોને રોજગારી | ૪૭૦ |
| | ગુજરાત વિદ્યુત બોર્ડનું વિભાજન | ૪૩૭ |
| | જેસ્ટ્રોફા વાવેતરથી ઉત્પાદન | ૨૪૧ |
| | રાજ્યમાં ૭/૧૨ અને ૮-અ ની નકલો ખેડૂતોને આપવા અંગે | ૧૦૫ |
| | રાજ્યમાં વીજ ઉત્પાદન અને વીજ માંગ | ૪૮૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ગોરધનભાઈ પ્રા.ઝડફિયા | રાજ્યમાં સીમાન્ત ખેડૂતોનું લેન્ડ હોલ્ડીંગ ઘટવા અંગે | ૬૬ |
| ગોવાભાઈ હ. રબારી | બનાસકાંઠા જિલ્લામાં તલાટી-કમ- મંત્રીની ખાલી જગ્યાઓ | ૨૭૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં નર્મદાનું પાણી આપવાની કામગીરી | ૪૩૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં પશુ સારવાર કેન્દ્રોમાં દવાની ગ્રાન્ટની ફાળવણી | ૨૫૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં મોટા અને નાના નોંધાયેલા ઉદ્યોગો | ૪૬૪ |
| | બનાસકાંઠામાં કપાસની ખરીદી પર પોષણક્ષમ ભાવો | ૨૩૭ |
| | બનાસકાંઠામાં ડેમો ભરવા અંગે | ૭૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૫૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૯૧ |
| ગોવિંદભાઈ વ.પરમાર | જુનાગઢ જિલ્લામાં જમીન માપણી માટે અરજીઓ | ૯૮ |
| | જૂનાગઢ જિલ્લામાં ખેતીની જમીન બીનખેતી કરવા માટે અરજીઓ | ૫૭ |
| ગૌતમભાઈ જે. ઝાલા | ખેડા જિલ્લામાં કુટિર ઉદ્યોગો માટે આવેલી અરજીઓ | ૪૮૮ |
| | ખેડા જિલ્લામાં દારૂ અંગે દરોડા | ૪૩૪ |
| | ખેડા જિલ્લામાં લૂંટ, ધાડ અને બળાત્કારના બનાવો | ૪૬૭ |
| ચંદ્રિકાબેન કા.ચુડાસમા | જુનાગઢ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ અન્વયે અપાયેલ વીજજોડાણ | ૪૪૭ |
| | માંગરોળ તાલુકાની ગ્રામ પંચાયતો છૂટી કરવાની માંગણી | ૨૨૭ |
| | માંગરોળ તાલુકામાં માછીમારોને રાહત દરે ડીઝલ/કેરોસીન પૂરું પાડવા અંગે | ૨૫૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૭૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧૪ |
| | રાજ્યમાં સ્ત્રી અત્યાચારના બનાવો | ૪૭૭ |
| | રાજ્યમાંથી યુવતીઓ અને બાળકોના અપહરણ થવા અંગે | ૪૯૩ |
| | જામનગર જમીન વિકાસ બેંકના ડિરેકટર વિરુધ્ધ ફરીયાદ | ૨૨૯ |
| | જામનગર જિલ્લાની સસોઇ સિંચાઇ યોજના | ૫૮ |
| | જામનગર જિલ્લાની સિંચાઈ કેનાલોનું લીફટ ઈરીગેશનમાં પરિવર્તન | ૯૯ |
| છત્રસિંહ પૂં. મોરી | એપેરલ પાર્કની સ્થાપનાની જાહેરાત બાદ સ્થપાયેલ પાર્ક | ૪૪૨ |
| | જંબુસર તાલુકામાં પીવાના પાણીની સમસ્યા | ૬૬ |
| | જળ સ્ત્રાવ કાર્યક્રમ હેઠળ આવરી લીધેલ વિસ્તાર | ૨૫૧ |
| | દ્વારકા, સોમનાથ, અંબાજી, ડાકોર અને પાલીતાણા મંદિરોની સુરક્ષા વ્યવસ્થા | ૪૯૨ |
| | મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું આયોજન | ૧૩૭ |
| | રાજ્યમાં પાઇપલાઇન દ્વારા ગેસ આપવા બાબત | ૪૭૩ |
| | રોજગારી માટે માર્ગદર્શન | ૨૬૫ |
| | સરકારી જમીનો ગ્રાન્ટ કરતી વખતે લેવાની કિંમતના ધોરણમાં તફાવત | ૧૦૫ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| છત્રસિંહ પૂં.મોરી | નવરચિત જિલ્લા/તાલુકા પંચાયતનું બાંધકામ | ૨૨૪ |
| છનાભાઈ કો. ચૌધરી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૭૧ |
| છબીલદાસ ના. પટેલ | ગૃહ વિભાગના કંટ્રોલરુમને મળેલ દારુ, જુગાર અને વરલીના અડ્ડાઓની ફરિયાદો | ૪૬૪ |
| | કચ્છ જિલ્લામાં સિંચાઇ યોજનાઓ ભૂકંપપ્રુફ બનાવવા અંગે | ૫૮ |
| | સરકારી અધિકારી/કર્મચારીઓ માટેના સર્વાભિપ્રાય સર્વેક્ષણની કામગીરીનો અહેવાલ | ૪૩૨ |
| છોટુભાઈ અ. વસાવા | ઝઘડીયા અને વાલીયા તાલુકામાં રેતી, સીલીકા અંગેની લીઝ આપવા અંગે | ૨૮૯ |
| | ઝઘડીયા તાલુકાના ધોળાકુવા અને માલપોર વચ્ચે લાલ માટીના પરવાના બાબત | ૪૪૦ |
| | પશુદીઠ ગૌચર જમીનનું પ્રમાણ જળવાઇ રહેવા અંગે | ૮૩ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લા પંચાયતોના કર્મચારીઓની બદલી | ૫૨૦ |
| | ભરૂચ જિલ્લા પંચાયતના બાંધકામ વિભાગના કર્મચારીઓને છૂટા કરવા અંગે | ૩૨૬ |
| | ભરૂચ જિલ્લા પંચાયતના રેસ્ટ હાઉસમાં ખાલી જગ્યાઓ | ૩૨૬ |
| | ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન બનાવવામાં આવેલ ચેકડેમ બાબત | ૩૫૦ |
| | ભરૂચ જિલ્લામાં સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ | ૫૨૧ |
| જગદીશ ઠાકોર | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ઉચાપત માટે મળેલ ફરિયાદો | ૨૧૭ |
| | ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા થયેલ કામો | ૨૯૩ |
| | ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં ખાલી જગ્યાઓ | ૩૬૨ |
| | ગાંધીનગર જિલ્લા સંકલન સમિતિઓમાં સભ્ય હોય તેવા ગેરહાજર રહેતા અધિકારીઓ બાબત | ૨૭૩ |
| | ગાંધીનગર જિલ્લામાં કૃષિ વિષયક ઓજારો માટે અરજીઓ | ૩૦૫ |
| | ગાંધીનગર જિલ્લામાં ખેડૂત પોથીનું કામ | ૨૯૮ |
| | ગાંધીનગર જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જગ્યાઓ | ૩૬૩ |
| | ગાંધીનગર જિલ્લામાં તલાટી કમ મંત્રીઓની ગેરહાજરી | ૩૨૭ |
| | ગાંધીનગર જિલ્લામાં ધોરણ ૧૧ અને ૧૨ ની શાળામાં નવા વર્ગોની મંજૂરી | ૩૦૬ |
| | ગાંધીનગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત કરવા બાબત | ૩૬૭ |
| | ગાંધીનગર જિલ્લામાં પૂર્ણ થયેલ પાણી પુરવઠા યોજનાઓ | ૩૨૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| જગદીશ ઠાકોર | ગાંધીનગર જિલ્લામાં પ્રવાસન ધામો વિકસાવવા અંગે | ૨૯૦ |
| | ગાંધીનગર જિલ્લામાં રસ્તા બનાવવા માટે ડામરની જરૂરીયાત | ૩૩૧ |
| | ગાંધીનગર જિલ્લામાં રસ્તાઓનું મરામતનું કામ | ૩૬૬ |
| | ગાંધીનગર જીલ્લામાં પાણીમાં ક્ષાર અને ફલોરાઇડનું પ્રમાણ | ૩૨૩ |
| | ગાંધીનગર શહેર અને જિલ્લાની ગ્રાન્ટેબલ તેમજ નોન ગ્રાન્ટેબલ શાળાઓ | ૨૭૮ |
| | ગાંધીનગર શહેર તથા જિલ્લામાં રાષ્ટ્રિય પ્રસુતિ સહાય યોજનાનો લાભ | ૩૪૪ |
| | જામનગર તાલુકાના મસિતિયા, વાવ- બેરાની અને સરમત પ્રાથમિક શાળામાં શિક્ષકોની ખાલી જગ્યાઓ | ૨૭૮ |
| | દહેગામ તાલુકામાં ગૌચરની જમીન ઉપર દબાણો | ૨૯૨ |
| | દહેગામ તાલુકામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર | ૩૦૭ |
| | દહેગામ તાલુકામાં પાણી પુરવઠા યોજનાના કામો | ૩૨૩ |
| | દહેગામ તાલુકામાં પીવાનું પાણી સંપૂર્ણ પ્રેસરથી પુરુ પાડવા માટે આયોજન | ૩૨૪ |
| | દહેગામ તાલુકામાં રોડનાં કામોના વર્કઓર્ડર આપવા બાબત | ૩૩૧ |
| | દહેગામ, ગાંધીનગર, માણસા અને કલોલ તાલુકામાં હેન્ડ પંપો | ૯૧ |
| | નવી શરતની જમીનોમાં ઇંટ ભઠ્ઠા કરવા સામે પ્રતિબંધ | ૧૩૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૭૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૭ |
| | મુખ્ય મંત્રીશ્રીને ધારાસભ્યશ્રીઓદ્વારા પત્ર લખી કરવામાં આવેલ ફરીયાદો / સૂચનો | ૨૭૩ |
| | રાજયના ફાજલ શિક્ષકોને સમાવવા તેમજ થયેલ ખર્ચ અંગે | ૫૦૧ |
| | રાજ્યમાં ઔષધ વિતરણ કેન્દ્રો શરૂ કરવા બાબત | ૩૪૪ |
| | રાજ્યમાં સચિવ અને તેથી ઉપરની કક્ષાના અધિકારીઓનો વિદેશ પ્રવાસ અને ખર્ચ | ૨૭૩ |
| | રાજ્યમાં સીંગતેલના વધી રહેલા ભાવો અંગે | ૨૮૩ |
| | શહેરોમાં શુધ્ધ ઘીમાં ગાય અને ભૂંડની ચરબીની ભેળસેળ | ૨૮૫ |
| જયંતિલાલ રા. કવાડિયા | રાજ્યમાં ફ્રી ઝોનને કારણે ઉદ્યોગોના વિકાસ બાબત | ૪૪૨ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં હાઇ-વે લૂંટ અને ઘરફોડ લૂંટના બનાવો | ૪૭૨ |
| | સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ-મૂળી તાલુકા પંચાયતમાં ખાલી જગ્યાઓ | ૩૬૧ |
| | સુરેન્દ્રનગર જિલ્લાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ | ૨૭૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| જયંતિલાલ રા. કવાડિયા | સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૦:૪૦ ના ચેકડેમો | ૫૯ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ડામર કામ કર્યા વગરના રસ્તાઓ | ૨૯૯ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં તળાવો ઊંડા કરવા અંગ | ૨૭૪ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ ડોકટરો ધ્વારા મુલાકાત | ૪૯૭ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરની ખાલી જગ્યાઓ | ૩૨૬ |
| | હળવદ અને મુળી તાલુકામાં ૫૦૦થી વધુ વસ્તીવાળા ગામ/પરાને રસ્તાની સગવડ | ૩૩૦ |
| | હળવદ અને મુળી તાલુકામાં વડાપ્રધાન ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાઓના કામો | ૩૩૦ |
| જયદ્રથસિંહજી ચં. પરમાર | ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૦૪ | ૧૯૫ |
| | નર્મદા મેઇન કેનાલમાંથી કડાચલા, વિંટોજ, ગુતાલ માઇનોર કેનાલમાં પાણી છોડવા અંગે | ૪૩૭ |
| | સુખી જળાશય યોજનાની કેનાલો રીપેર કરવા અંગે | ૮૫ |
| જસુબેન સ.કોરાટ | જેતપુર અને ગોંડલ તાલુકામાં મહેસૂલ કરની ઉઘરાણી | ૧૩૪ |
| | જેતપુર અને ગોંડલ તાલુકામાં સરકારી જમીનમાં પેશકદમી | ૯૫ |
| | જેતપુર તથા ગોંડલમાં ગૌચરની જમીન ઓછી હોવા અંગે | ૪૪ |
| | જેતપુર તેમજ ગોંડલ તાલુકામાંજ્યોતિગ્રામ યોજનામાં આવરી લીધેલા ગામડાં | ૪૩૩ |
| જીતુભાઈ હ. ચૌધરી | કપરાડા અને ભિલાડ ચેક પોસ્ટની આવક | ૪૧૮ |
| | વલસાડ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના અન્વયેની અરજીઓ | ૪૬૩ |
| | વલસાડ જિલ્લામાં ચેકડેમો | ૭૪ |
| | વલસાડ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ | ૧૧૫ |
| જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા | અનુસૂચિત જાતિના વકીલોને સ્ટાઈપેન્ડ | ૨૬૪ |
| | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટયુશન સહાય | ૨૪૮ |
| | પોલીસ કમિશ્નરેટ અમદાવાદ શહેરમાં યોજાયેલા લોકદરબાર | ૪૪૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૭૮ |
| | રાજ્યમાં હક્કપત્ર નોંધોના નિકાલની ઝુંબેશ | ૬૨ |
| | સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ આવરી લીધેલ જૂથો | ૨૧૯ |
| જીતેન્દ્રભાઈ બા.પટેલ | અમદાવાદ જિલ્લામાં ચેકડેમો અને કોમ્યુનીટી વેલ | ૧૨૮ |
| | અમદાવાદ જિલ્લામાં જમીન મહેસૂલમાં વધારો | ૧૪૬ |
| | અમદાવાદ જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરની ખાલી જગ્યાઓ | ૨૪૨ |
| | અમદાવાદમાં ગ્રાહક સુરક્ષાના કેસોનો ભરાવો | ૮૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| જીતેન્દ્રભાઈ બા.પટેલ | ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ ચૂકવવાની બાકી રકમ | ૨૧૧ |
| | તાલુકા પ્રમાણે વીજ જોડાણ યોજના અન્વયે દરખાસ્તો | ૪૭૪ |
| | વાજપાઈ રોજગાર યોજના અન્વયે અમદાવાદ શહેર અને જિલ્લામાં મંજૂર કરેલ લોન | ૪૪૩ |
| જેઠાભાઈ ઘે. ભરવાડ | ઉદારીકરણ અને ખાનગીકરણની નીતિ અંતર્ગત નવા બંદરોનો વિકાસ | ૪૭૮ |
| | ખાંડ સહકારી ક્ષેત્રે એનસીડીસી યોજના હેઠળ મદદ | ૨૪૬ |
| | પંચવટી યોજના હેઠળ ગામોને આવરી લેવા અંગે | ૨૧૬ |
| | પ્રાથમિક શાળામાં ગણવેશ પેટે રોકડ રકમ | ૨૬૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં હકકપત્રક કે વારસાઈ નોંધો | ૧૧૨ |
| | મહેસાણા જિલ્લામાં જમીનને નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેસો | ૧૪૦ |
| | રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી ધ્વારા ખાનગી સંસ્થા અને વ્યકિતઓને સેવા આપવા અંગે | ૪૪૮ |
| | સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ધોરણમાં ફેરફાર | ૭૧ |
| જેસાભાઈ ભા. બારડ | જુનાગઢ જિલ્લામાં નાની સિંચાઈ માટે ગ્રાન્ટની ફાળવણી | ૯૭ |
| | જૂનાગઢ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનામાં આવરી લેવાયેલાં ગામડાં | ૪૪૨ |
| | જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલા કેસો | ૪૭૩ |
| | જૂનાગઢ જિલ્લામાં બી.પી.એલ કાર્ડ માટે અરજીઓ | ૫૫ |
| | પાક વીમા યોજનાના નાણાં પરત કરવા અંગે | ૨૧૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૫૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૮૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧૧ |
| જોધાજી ગ. ઠાકોર | કચ્છ અને પાટણ જિલ્લામાં નવી જૂની શરતની જમીનો | ૧૪૪ |
| | કચ્છ અને પાટણ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓની જમીનની માંગણીઓ | ૧૨૨ |
| | કચ્છ જિલ્લામાં ગૌચર અને સરકારી જમીનોના કૌભાંડો | ૮૦ |
| | પાટણ જિલ્લામાં ગેરકાયદેસર પકડાયેલ હથિયારોનો નિકાલ કરવા બાબત | ૪૮૫ |
| | પાટણ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનાનો સંપૂર્ણ અમલ | ૪૩૨ |
| | પાટણ તાલુકા પોલીસ સ્ટેશન ગોલાપુર લઇ જવા અંગે | ૪૬૫ |
| | પાટણ તાલુકાના એસ.જી.આર.વાય. ના રસ્તાના કામો | ૨૨૫ |
| | સામાજિક પછાત વર્ગના લોકોને મકાન સહાય | ૨૫૨ |
| ટપુભાઈ લીંબાસિયા | ઔદ્યોગિક નીતિ અનુસાર ઉદ્યોગોનાવિકાસ માટે ત્રણ કોરીડોર વિકસાવવા બાબત | ૪૮૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૬૮ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ટપુભાઈ લીંબાસિયા | રાજકોટ જિલ્લા કલેકટર કચેરીમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ | ૬૯ |
| | રાજકોટ જિલ્લાની આશ્રમશાળાઓમાં ચેકીંગ દરમ્યાન ગેરરીતિ | ૨૫૮ |
| | રાજ્યમાં કપાસ, શેરડી અને મગફળીના ઉત્પાદનમાં વધારો | ૨૭૧ |
| | રાજ્યમાં ખાંડસરીની મિલો | ૨૩૫ |
| | રાજ્યમાં જયોતિગ્રામ યોજના અન્વયે આવરી લીધેલાં ગામો | ૪૫૩ |
| | સિંધુ જળ કરાર અન્વયે ગુજરાતને પાણી | ૧૦૭ |
| દિનેશ પરમાર | અધિક નિયામક(તબીબી શિક્ષણ) અને આરોગ્ય કમિશ્નરશ્રી સામે એટ્રોસીટીની ફરિયાદ | ૪૨૩ |
| | જામનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જગાઓ | ૫૦૮ |
| | જામનગર જિલ્લાનાં ઉદ્યોગોમાં રોજગારી ઉપલબ્ધ કરવાનું આયોજન | ૨૯૦ |
| | જામનગર જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટ | ૨૭૯ |
| | જામનગર જિલ્લામાં નવી લીઝ માટેની અરજીઓ અને મંજૂરી બાબત | ૨૮૮ |
| | જામનગર તાલુકાના મસિતિયા ગામે આંગણવાડીની સુવિધા અંગે | ૩૦૪ |
| | જામનગર તાલુકાના મસીતીયા ગામથી લાલપુર રોડને જોડતો રસ્તો પૂર્ણ કરવા અંગે | ૫૨૯ |
| | જામનગર, દ્વારકા અને કલ્યાણપુર તાલુકાઓના ડેમોના પાણી સિંચાઇ માટે અનામત રાખવા અંગે | ૩૫૨ |
| | દ્વારકા, નાગેશ્વર, હર્ષદ અને ધુમલીના નવલખામાં અને આશાપુરાને પ્રવાસધામો તરીકે વિકસાવવા અંગે | ૫૧૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૬૫ |
| દિપસિંહ શં. રાઠોડ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૭૫ |
| દિલીપકુમાર વિ.ઠાકોર | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૪૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૮૨ |
| દિલીપસિંહ વ.પરમાર | ભૂકંપ પુનઃવસન અંગે રાજ્ય સરકારને મળેલ એવોર્ડ | ૪૪૫ |
| | રાજ્યને પેટ્રોકેપિટલ બનાવવાનું આયોજન | ૪૭૫ |
| | સરદાર આવાસ યોજના હેઠળ આવાસોનો લક્ષ્યાંક | ૨૦૮ |
| | સુનામીગ્રસ્ત દક્ષિણ ભારતના રાજ્યોને રાજ્ય સરકાર તરફથી સહાય | ૯૧ |
| દિલુભા ટે. ચુડાસમા | ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ રકમ મંજૂર કરવા અંગે | ૨૫૪ |
| | ખેત બજાર ઉત્પન્ન સમિતિનું આધુનિકરણ | ૨૨૭ |
| | છેવાડાના ખેડૂતો માટે નર્મદાના પાણીનું આયોજન | ૪૪૬ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| દિલુભા ટે. ચુડાસમા | રાજ્યના નવા જિલ્લાઓના ગ્રાહક સુરક્ષા અંગે પગલાં | ૧૪૬ |
| | રાજ્યમાં જોખમી કારખાનાઓમાં સલામતી | ૨૬૭ |
| | રાજ્યમાં પાણી પુરવઠા માટે યોજનાઓ | ૧૩૧ |
| | સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુકિતનો પ્રશ્ન | ૮૯ |
| દીનુભાઈ બો.સોલંકી | અન્નપૂર્ણા યોજના હેઠળના લાભાર્થીઓને અનાજનો જથ્થો | ૧૩૩ |
| | ગરીબોને અંત્યોદય યોજના હેઠળ અપાતું અનાજ | ૯૨ |
| | જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમોમાં કેસોનો ભરાવો | ૧૪૮ |
| | જ્યોતિગ્રામ યોજના અન્વયે લાભાન્વિત ગામો | ૪૩૫ |
| | રાજ્યના યુવાનોને લશ્કરમાં જોડાવવા અંગે | ૨૧૮ |
| દોલતભાઈ પરમાર | ખંભાત અને ગોધરાની ફેકટરીઓમાં સીલીકોસીસ રોગથી મૃત્યુ | ૨૧૭ |
| | રાજ્યના ખેડૂતોને ૭/૧૨ તેમજ ૮-અ ની નકલો આપવા અંગે | ૮૪ |
| | રાજ્યમાં કપાસના પોષણક્ષમ ભાવો | ૨૪૭ |
| | વડગામ અને પાલનપુર તાલુકાને કેરોસીનની ફાળવણી | ૧૨૫ |
| | સચિવાલય ખાતે રજૂઆત કરવા આવનાર નર્સો ઉપર પોલીસનો બળ પ્રયોગ | ૪૮૪ |
| | સ્પેશીયલ ઈકોનોમીક ઝોનને કારણે ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ભાવિને ઊભું થયેલું જોખમ | ૪૬૦ |
| ધનરાજભાઈ કેલા | ગુજરાત વિદ્યુત બોર્ડના વિભાજન બાબત | ૪૭૧ |
| | વઢવાણ તાલુકામાં ચેકડેમો | ૧૩૦ |
| | સુરેન્દ્રનગર જિલ્લા સીટી સર્વેયર અને મેન્ટેનન્સ સર્વેયર સામે ભ્રષ્ટાચારની ફરિયાદો | ૮૮ |
| | સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલનાં ૭૦ કિ.મી.થી ૧૦૪ કિ.મી.અંતરના બહાર પડેલ ટેન્ડર અને કામગીરી | ૪૧૭ |
| ધનસુખભાઈ ના. પટેલ | ઓલપાડ અને ચોર્યાસી તાલુકામાં ગ્રામ વિકાસ માટે ફાળવેલ રકમ | ૨૬૪ |
| | ભાવનગર જિલ્લામાં પશુ સુધારણા કેન્દ્રો | ૨૬૬ |
| | રાજ્યમાં ભિક્ષુક ગૃહો | ૨૨૧ |
| | સુરત જિલ્લામાં ખેતી અને બિનખેતીની જમીનની એન્ટ્રીઓ | ૧૧૨ |
| | સુરત જિલ્લામાં ગામતળ નીમ કરવા અંગે | ૭૨ |
| | સુરત જિલ્લામાં ગ્રાહક છેતરપીંડીના કેસો | ૧૪૦ |
| | સુરત જિલ્લામાં ડામરના રસ્તાઓ | ૩૨૯ |
| | સુરત જિલ્લામાં નાના અને મોટા ઉદ્યોગો | ૪૯૧ |
| | સુરત જિલ્લામાં સરદાર આવાસ મકાનોની ફાળવણી | ૨૪૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ધનસુખભાઈ ના. પટેલ | સુરત શહેર અને જિલ્લામાં ગેરકાયદેસર કતલખાના અને મટન માર્કેટ | ૪૪૦ |
| ધારશીભાઈ લ. ખાનપુરા | ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ | ૨૦૪ |
| | બી.પી.એલ. કાર્ડ ધારકોને સસ્તા ભાવે અનાજ | ૭૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૮૩ |
| ધીરૂભાઈ હ. ગજેરા | કૃષિ વિષયક પાક ધિરાણ યોજના હેઠળ ખેડૂતોને લાભ | ૨૧૧ |
| | ગુજરાત વિદ્યુત બોર્ડનું વિભાજન | ૪૨૧ |
| | નર્મદા માસ્ટર પ્લાન હેઠળ અમરેલી, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ જિલ્લાને પીવાનું પાણી | ૧૨૮ |
| | રાજ્યની મોટી નદીઓ પર ચેકડેમો | ૮૬ |
| | સુરત જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૨૬૨ |
| | સુરત શહેર અને જિલ્લામાં ઉદ્યોગમાં મજુરોનું શોષણ અંગે | ૨૪૩ |
| નટવરસિંહ ફૂ. ઠાકોર | અમદાવાદ શહેરમાં આવેલાં થિયેટરો પાસેથી વસુલ આવેલો મનોરંજન કર | ૪૩૦ |
| | ઔદ્યોગિક વસાહતોને આધુનિક માળખાકીય સુવિધા માટે રચાયેલ સમિતિ | ૪૬૨ |
| | ગાંધીનગરમાં વિકલાંગ વ્યકિતઓને રાહત દરે જમીન આપવા અંગે | ૬૪ |
| | ગુજરાત વિદ્યુત બોર્ડના વિભાજન અંગેની મુદત | ૪૮૫ |
| | મંડાલી ગામે કેમીકલ્સ ફેકટરીના કર્મચારીને છૂટા કરવા અંગે | ૨૪૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૭૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૯૯ |
| | રાજ્યમાં રોગ પ્રતિકારક બાયોટેકનોલોજી સંસ્થા સ્થાપવા દરખાસ્ત | ૨૧૪ |
| નરેન્દ્રસિંહ મા. જાડેજા | અબડાસા તાલુકાની બાલાપર બુડધ્રો નાની સિંચાઈ યોજનાને ભુકંપ પ્રુફ બનાવવા અંગે | ૧૩૪ |
| | કચ્છ જિલ્લામાં ડી.વાય.એસ.પી., ઈન્સ્પેકટર અને પોલીસની ખાલી જગ્યાઓ | ૪૯૧ |
| | કચ્છ જિલ્લામાં વિવિધ ગુના | ૪૭૨ |
| | ખેત ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા યોગ્ય ભાવો માટે આયોજન | ૨૩૫ |
| | નર્મદા યોજના કચ્છ શાખા નહેરનું કામ | ૪૪૧ |
| | મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન | ૪૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૭૪ |
| | રાજ્યમાં ગામ નમુના નં.૭/૧૨ અને ૮-અ નું કોમ્પ્યુટરાઇઝેશન | ૯૪ |
| | સોઈલ હેલ્થ કાર્ડનું આયોજન | ૨૫૭ |
| નરેશકુમાર મી.કનોડિયા | બનાસકાંઠા જીલ્લામાં હક્કપત્રકો તથા વારસાઈ નોંધો | ૧૨૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| નરેશકુમાર મી.કનોડિયા | રાજ્યની પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનાનું અમલીકરણ | ૨૩૮ |
| | રાજ્યમાં હક્કપત્ર નોંધોના નિકાલની ઝુંબેશ | ૮૦ |
| નારાયણભાઈ લ. પટેલ | ખેડૂત વીમા યોજના અન્વયે અરજીઓ | ૨૧૦ |
| | ખેરાલુ તાલુકાના મોલીપુર ગામની સર્વે નંબર ૪૩૯ની જમીનમાં દબાણ | ૧૪૯ |
| | મહેસાણા જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેસા | ૯૨ |
| | મહેસાણા જિલ્લામાં બાકી હક્કપત્રકો તથા વારસાઈ નોંધો | ૧૩૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૫૦ |
| નીમાબેન બ. આચાર્ય | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૦૧ |
| | કંડલા કોમ્પ્લેક્ષમાં રેશનકાર્ડથી વંચિત મજૂરો | ૩૪૨ |
| | રાજ્યમાં ટ્રેડ એન્ડ કોમર્સના ભૂકંપના પેકેજની અરજીઓ | ૩૪૮ |
| પરસોત્તમભાઈ ઓ.સોલંકી | પોલીસ કમિશ્નર રાજકોટ શહેરમાં યોજાયેલા લોકદરબાર | ૪૭૭ |
| | પોલીસ કમિશ્નરેટ વડોદરા શહેરમાં પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ | ૪૯૨ |
| | શેત્રુંજી ડેમ નર્મદાના પાણીથી ભરવા અંગે | ૮૪ |
| | સુરત શહેર અને વલસાડ પોલીસ દ્વારા સંયુકત ઓપરેશનમાં અન્ય રાજ્યના અપહરણકારો ઠાર થવા અંગે | ૪૪૬ |
| | સ્થાનિક એકમોમાં સરકારી નીતિનું પાલન | ૨૩૧ |
| | સ્થાનિક રોજગારી માટે નિયમોમાં સુધારા | ૨૫૫ |
| પરસોત્તમભાઈ ના.ભોજાણી | જોડીયા તાલુકાની ઉંડ-૨ સિંચાઈ યોજનાના કામો | ૬૨ |
| પરેશભાઈ ગો. વસાવા | નર્મદા જિલ્લામાં પશુ દીઠ ગૌચર જમીનનું પ્રમાણ જળવાઇ રહેવા અંગે | ૬૧ |
| | પંચાયતમાં વિકાસ કેડર વર્ગ-૧ ની ખાલી જગ્યાઓ | ૨૬૩ |
| | વ્યારા, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં પેટ્રોલ પંપો સામે ઓછું પેટ્રોલ આપવાની ફરિયાદ | ૧૨૯ |
| | સુરત જિલ્લામાં એમએનઆર યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૪૩ |
| | સુરત જિલ્લામાં તાલુકાવાર ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રસ્તાના કામો | ૨૧૨ |
| | સોનગઢ તાલુકાની ડોસવાડા નહેર યોજના | ૮૮ |
| | સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં પોલીસ મહેકમમાં ઘટ | ૪૫૮ |
| પરેશભાઈ ધી. ધાનાણી | અમરેલી જિલ્લામાં મગફળી કપાસનું ઓછું ઉત્પાદન | ૨૦૨ |
| | અમરેલી જિલ્લામાં હીરા અનેઝવેરાત માટે ઔદ્યોગિક પાર્કની સ્થાપના કરવાનું આયોજન | ૪૮૯ |
| | એસ. ટી. નિગમને બસો ખરીદવા માટે આપેલ નાણાંકીય મંજૂરી | ૪૩૬ |
| | ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૦૪ | ૧૯૬ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| પરેશભાઈ ધી. ધાનાણી | ગ્રામ વાટીકા યોજના અંતર્ગત ખર્ચ | ૨૪૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૭૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૦૩ |
| | રાજ્ય માનવ અધિકાર પંચના સભ્યો અને મળેલ બેઠકો | ૪૬૯ |
| | રાજ્યમાં પી.બી.એમ. એકટ હેઠળના કેસો | ૧૧૪ |
| | સીમાંત ખેડૂતોને સ્ટેમ્પ ડયુટીમાંથી માફીની યોજના રદ કરવા અંગે | ૭૩ |
| | સોઈલ હેલ્થ કાર્ડની પ્રગતિ | ૨૬૧ |
| પુંજાભાઈ ભી. વંશ | ઉના તાલુકામાં કલમ ૩૨-ક અન્વયે દસ્તાવેજો | ૬૦ |
| | ઉના તાલુકામાં સરકારી પડતર અથવા ગૌચરમાંથી પથ્થરો કાઢી રોયલ્ટીની ચોરી કરવા અંગે | ૪૮૧ |
| | એમ્નેસ્ટી સ્કીમ હેઠળ પડતર દસ્તાવેજો | ૧૩૬ |
| | ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૦૪ | ૧૯૪ |
| | જૂનાગઢ જિલ્લામાં કલમ ૩૨-ક અને એમનેસ્ટી સ્કીમ હેઠળ ગુમ થયેલ દસ્તાવેજો | ૧૦૨ |
| | જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓને મંજુરી | ૩૬૫ |
| | પાકિસ્તાનની જેલમાંથી માછીમારોને છોડવવા કાર્યવાહી | ૨૩૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૮૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૮૬ |
| | રાજ્યના બંદરો ખાનગી કંપનીઓને સોંપવા અંગે | ૪૫૫ |
| | રાજ્યમાં નવા વીજ મથકો સ્થાપવાનું આયોજન | ૪૯૪ |
| | શિક્ષણ ક્ષેત્રે કલાસ પ્રોજેકટ યોજના હેઠળ શાળાઓની પસંદગી અંગે | ૫૦૦ |
| પુનમ ૨. પરમાર | પાદરા તાલુકામાં નર્મદા યોજના આધારિત સિંચાઈનું પાણી | ૪૪૧ |
| પુનાભાઈ ઘે. ગામીત | રાજ્ય સરકારનો વિકાસ દર | ૪૪૯ |
| | વ્યારા અને સોનગઢ તાલુકામાં બંધ હેન્ડપંપ | ૬૪ |
| | વ્યારા અને સોનગઢ તાલુકામાં સસ્તા અનાજની દુકાનો | ૧૩૭ |
| | વ્યારા અને સોનગઢ તાલુકામાં હેન્ડપંપ | ૧૦૪ |
| પોપટભાઈ સ. જીંજરિયા | ચોટીલા અને સાયલા તાલુકામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અંગે | ૧૪૧ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં નવા પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારો માટે અરજીઓ | ૧૧૬ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં નવા રેશનકાર્ડ અંગે પડતર અરજીઓ | ૭૭ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં નોંધાયેલ અકસ્માતો | ૪૩૪ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં પંચાયતના ગૌચર સર્વે નંબરોની તપાસણી | ૨૧૬ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં લૂંટ, બળાત્કાર, ખૂન અને ધાડના બનાવો | ૪૬૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| પોપટભાઈ સ. જીંજરિયા | ચોટીલા તાલુકાના ગારીડા ગામે કોઝવેના નબળા કામની ફરીયાદ | ૫૩૦ |
| | ચોટીલા તાલુકાના મોટા હરસીયા ગામે સો ચોરસવારના પ્લોટ | ૨૪૬ |
| | વાંકાનેર તાલુકાના પંચાસર ગામે સો ચોરસવારના પ્લોટની સનદો | ૩૬૫ |
| | વાંકાનેર તાલુકામાં પંચાસર ગામે પેશકદમી | ૫૨૫ |
| પ્રદિપસિંહ ભ. જાડેજા | ૭/૧૨ અને ૮-અની કોમ્પ્યુટરાઈઝડ નકલો મેળવવા અંગે | ૧૪૦ |
| | અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમન ભંગના કેસો | ૪૭૧ |
| | અમદાવાદ શહેરમાં ફાટી નીકળેલ કમળાનો રોગચાળો | ૫૩૩ |
| | ગામ તળાવો ઊંડા કરવા પાછળ થયેલ ખર્ચ | ૨૩૩ |
| | ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૦૪ | ૧૯૩ |
| | પોલીસ દળમાં વધારાની ત્રણ હજાર જગ્યાઓ વધારવાનું આયોજન | ૪૩૯ |
| | સરકારી જમીનોને બિનખેતીના હેતુ માટે મંજૂરી આપવામાં વિલંબ | ૧૧૪ |
| | સુરત જિલ્લામાં ગામતળ નીમ કરવા અંગે | ૭૨ |
| | સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવતા ભૂકંપના આંચકાઓ અંગે. | ૧૫૦ |
| | સ્વાગત કાર્યક્રમમાં મળેલ અરજીઓનો નિકાલ | ૪૯૦ |
| પ્રબોધકાન્ત દા.પંડયા | કડાણા તાલુકામાં આનાવારી | ૮૫ |
| પ્રવિણભાઈ છ.રાઠોડ | કૃષિ ધિરાણ ક્ષેત્રે આપેલ ધિરાણ | ૨૨૧ |
| પ્રવિણભાઈ ટી. મારૂ | અધિક નિયામક અને રાજ્ય આરોગ્ય કમિશનર સામે એટ્રોસીટીની ફરીયાદ | ૪૩૩ |
| | ગઢડા અને ઉમરાળા તાલુકાના વિકાસના કામો પૂર્ણ કરવા અંગે | ૫૨૬ |
| | ગઢડા અને ઉમરાળા તાલુકાને મહી- પરીયેજ યોજનાનું પાણી પીવા માટે આપવા અંગે | ૬૯ |
| | ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૦૪ | ૧૯૫ |
| | ભાવનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ધ્વારા બોગસ દસ્તાવેજો આપવાની ફરિયાદ | ૪૬૬ |
| | ભાવનગર જિલ્લામાં તલાટી કમ મંત્રી વિરૂધ્ધ ફરિયાદ | ૫૨૮ |
| | ભાવનગર જિલ્લામાં પાક વીમાની ચુકવવાની રકમ | ૫૦૦ |
| | ભાવનગર જિલ્લામાં લેબર કોર્ટમાં પેન્ડીંગ કેસ | ૩૫૦ |
| | ભાવનગરમાં આંબેડકર ભવનનું બાંધકામ | ૨૦૦ |
| | યાત્રાધામ પાલીતાણાના વિકાસ પાછળ થયેલ ખર્ચ | ૩૩૩ |
| | રાજ્યમાં દારૂ માટેની પરમીટો | ૪૮૬ |
| પ્રવિણભાઈ મો. માકડિયા | માંદા લઘુ ઉદ્યોગ માટે જાહેર કરેલી યોજના | ૪૬૧ |
| | રાજકોટ જિલ્લામાં તલાટી-કમ- મંત્રીની ખાલી જગ્યાઓ | ૨૪૦ |
| | રાજ્યની જેલોમાંથી ફરાર કેદીઓ બાબત | ૩૧૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| પ્રવિણભાઈ મો. માકડિયા | સૌરાષ્ટ્રને નર્મદાના પૂરના પાણી આપવા અંગે | ૭૫ |
| પ્રાગજીભાઈ ના. પટેલ | ગ્રાહકોના હિતોની જાળવણી માટેનાં પગલાં | ૪૩ |
| | મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન | ૯૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧૬ |
| ફતેસિંહ વ. ચૌહાણ | ઘોઘંબા તાલુકામાં જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા અંગે | ૮૯ |
| બચુભાઈ ખાબડ | દાહોદ જિલ્લાના નવા તાલુકાઓમાં અનાજના ગોડાઉનો | ૭૫ |
| | દાહોદ જિલ્લાને નર્મદાનું પાણી આપવાનું આયોજન | ૪૩૧ |
| બલવંતસિંહ ચં. રાજપૂત | ૧૯૮૦ પહેલાંની ખેડાણવાળી જમીનની અરજીઓની સમીક્ષા કરવા બાબત | ૫૦૫ |
| | એમ. ઓ. યુ. અન્વયે ચાલુ થયેલા ઉદ્યોગો બાબત | ૪૩૮ |
| | કૃષિ વિષયક પાક વીમા યોજના હેઠળ બાકી ચૂકવણી | ૨૦૬ |
| | ખેડૂત આકસ્મિક મૃત્યુના વિમાની સહાય | ૪૯૯ |
| | ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી પરીક્ષા અને પરિણામ | ૪૭૦ |
| | જયોતિગ્રામ યોજના અન્વયે આવરી લેવાયેલા ગામો | ૪૯૦ |
| | જિલ્લા સમિતિઓએ નક્કી કરેલ જમીનની સનદો આપવા બાબત | ૩૪૨ |
| | ત્વરીત ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે નાણાંની ફાળવણી અને ખર્ચ | ૩૨૪ |
| | નર્મદા આધારિત સિદ્ધપુર તાલુકામાં પાણી પહોંચાડવા અંગે | ૩૬૧ |
| | નર્મદા યોજનાનું પાણી પાટણ જિલ્લાને આપવા બાબત | ૫૧૭ |
| | પાટણ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના બાકી હપ્તા તથા અધિકારી સામે ફરીયાદ | ૫૨૫ |
| | મહી નદીમાંથી ધરોઈ ડેમ ભરવાનું આયોજન | ૧૩૨ |
| | મહેસાણા અને પાટણ જિલ્લાને ધરોઈ જૂથ પાણી પુરવઠા યોજનામાંથી અપાતું પીવાનું પાણી | ૧૪૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૫૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧૭ |
| | રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં કન્યા સ્વચ્છતા સંકુલો અંગે | ૩૪૧ |
| | રાજ્યમાં રણ વિસ્તાર કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ | ૨૯૫ |
| | રાજ્યમાં રોયલ્ટીની રકમો જિલ્લા પંચાયતોને આપવા અંગે | ૩૪૮ |
| | રાજ્યમાં વિદ્યાદીપ યોજનાના લાભાર્થીઓ | ૩૩૯ |
| | રાજ્યમાં સસ્તા અનાજની દુકાનોના પરવાનેદારો સામે ફરિયાદો | ૩૦૭ |
| | રોજગાર વિનિમય કચેરીમાં બેરોજગારોની નોંધણી | ૨૪૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| બલવંતસિંહ ચં. રાજપૂત | સાબરમતી-સરસ્વતી લીંકયોજના અંતર્ગત જમીન સંપાદન | ૯૦ |
| બળદેવજી ચં. ઠાકોર | કડી ખાતે સબ જેલ બનાવવાનું કામ | ૪૫૨ |
| | કડી તાલુકામાં શરતભંગના કેસો | ૧૦૭ |
| | કડી થોળ રોડ પર સરકારી જમીનમાં દબાણ | ૧૩૮ |
| | કલોલ તાલુકામાં નવી જૂની શરતની જમીન | ૬૯ |
| | મહેસાણા જિલ્લાની સહકારી મંડળીઓ ફડચામાં લઇ જવા અંગે નોટીસો | ૨૩૧ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ સેવકોની નિમણૂક | ૨૫૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૬૩ |
| બાબુભાઈ જ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૮૮ |
| બાબુભાઈ મે. શાહ | કચ્છ જિલ્લાના લાકડીઆ, રાપર અને જનાણ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ થી ૪ની ખાલી જગ્યાઓ | ૩૪૪ |
| | કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે સરકારી પડતર જમીન આપવા અંગે | ૯૯ |
| | કચ્છ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ | ૨૨૬ |
| | ગ્રામ વિકાસ એજન્સી દ્વારા વોટરશેડના કામોની ચૂકવણી | ૨૫૨ |
| | ભચાઉ તાલુકાના કટારીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ | ૫૦૯ |
| | ભચાઉ તાલુકાના મનફરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ | ૩૪૬ |
| | ભૂકંપગ્રસ્ત કચ્છ વિસ્તારમાં પશુઓના મૃત્યુ અંગે ચૂકવાયેલ વળતર | ૫૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૯૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૪ |
| | મુંદ્રા તાલુકામાં સમાઘોઘા વિસ્તારમાં શો-પાઈપ કંપની દ્વારા પર્યાવરણ માટેના એન.ઓ.સી. વગર શરુ કરેલા ઉદ્યોગ માટે એકસાઈઝ માફીની ભલામણ | ૪૬૦ |
| | રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ઓરેટ યોજના હેઠળ ખુટતા સાધનો પૂરા પાડવા અંગે | ૩૧૦ |
| | રાપર અને ભચાઉ તાલુકામાં મેલેરીયા નાબુદી માટે દવાનો છંટકાવ | ૩૧૭ |
| | રાપર તાલુકાના બેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબ સેન્ટરોમાં વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ | ૩૪૫ |
| બાલુભાઈ તંતી | ધારી તાલુકાના ખારાપાટ ગામોમાં મહી આધારિત પીવાના પાણીની યોજનાઓ | ૭૮ |
| | બગસરા તાલુકાની મહિ આધારિત પાણી પુરવઠા યોજના | ૧૪૨ |
| | લાઈનના કામમાં ગેરરીતિઓ | ૧૨૧ |
| બાવકુભાઇ ના. ઉંધાડ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૫૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૮૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| બિમલ શાહ | અમદાવાદ શહેરમાં ગ્રાહક સુરક્ષા કેસોનો ભરાવો | ૬૫ |
| | મહેસાણા જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેસો | ૧૦૪ |
| બેચરભાઇ વિ. ભાદાણી | ૭/૧૨ અને ૮-અના દાખલા ગ્રામ્ય કક્ષાએ મળવા અંગે | ૭૮ |
| | અમરેલી શહેરને હવાઈ સેવા આપવા અંગે કેન્દ્ર સરકારમાં રજૂઆત | ૪૫૩ |
| | મહુવા તાલુકાના મોટા ખૂંટવડા ગામે મારામારી, ઘરફોડ ચોરી તથા બળાત્કારના બનાવો | ૫૧૧ |
| | રાજ્યમાં આપેલ સોઇલ હેલ્થ કાર્ડ | ૨૨૮ |
| | લાઠી અને લીલીયા તાલુકામાં હલકી ગુણવત્તાની પીવાની પાણીની પાઈપો | ૧૨૧ |
| ભરત બારોટ | અમદાવાદમાં ગ્રાહક સુરક્ષાના કેસોનો ભરાવો | ૯૦ |
| | કૃષિ યુનિવર્સિટીમાં સંશોધન ક્ષેત્રે સેન્ટર ઓફ એકસલન્સથી લાભ | ૨૧૩ |
| | નર્મદા નહેરમાં ડુબવાના બનાવો અટકાવવા લીધેલાં પગલાં | ૪૫૫ |
| | નર્મદા યોજનાના સાથી રાજ્યો પાસેથી લેણી રકમ | ૪૯૫ |
| | સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુકિતનો પ્રશ્ન | ૧૩૨ |
| | સુનામી ગ્રસ્ત દક્ષિણ ભારતના રાજ્યોને સરકાર તરફથી સહાય | ૧૪૭ |
| | સુરત આર.ટી.ઓ.ની આવક | ૪૮૧ |
| ભરતભાઈ પંડયા | ધંધુકા બરવાળા અને રાણપુરમાં વોટરશેડ યોજના પાછળ ખર્ચ | ૨૨૫ |
| | ધંધુકા વિસ્તારમાં નર્મદાની નહેરોની કામગીરી | ૪૮૨ |
| | વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫ની સિધ્ધિ | ૪૫૬ |
| ભવાનભાઈ જી. ભરવાડ | રાજ્યમાં પોલીસ કર્મચારીઓની ઘટ | ૪૪૫ |
| ભારતીબેન ન. પટેલ | ચીખલી તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના | ૩૫૩ |
| | નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાના બિસ્માર ઓરડાઓ બાબત | ૩૩૫ |
| | નવસારી જિલ્લામા તલાટી કમ મંત્રીની ખાલી જગ્યાઓ | ૨૯૪ |
| | નવસારી જિલ્લામાં ગોકુળ ગ્રામ યોજના હેઠળ ગેરરીતિ અને નબળા કામની ફરીયાદ | ૨૯૪ |
| | નવસારી જિલ્લામાં ગોકુળ ગ્રામ યોજના હેઠળ પૂર્ણ થયેલ કામો | ૨૯૪ |
| | નવસારી જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જગ્યાઓ | ૫૨૨ |
| | નવસારી જિલ્લામાં જમીન માપણીના કામો | ૨૯૮ |
| | નવસારી જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ બાંધેલા આવાસો પાછળ ખર્ચ | ૩૦૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ભારતીબેન ન. પટેલ | નવસારી જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ અંતર્ગત ખેડૂતોને સહાય | ૩૦૫ |
| | નવસારી જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કાર્ડ ધારકોની નોંધણી | ૨૮૩ |
| | નવસારી જિલ્લામાં તૂટેલા નાળાં | ૩૭૦ |
| | નવસારી જિલ્લામાં દારુ અંગે દરોડા પાડી દારુ પકડવા બાબત | ૨૮૭ |
| | નવસારી જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાને સ્ટેટ હસ્તક લેવા બાબત | ૩૦૨ |
| | નવસારી જિલ્લામાં પશુ દવાખાના પોતાના મકાનોમાં ખોલવા અંગે | ૨૭૫ |
| | નવસારી જિલ્લામાં પાક વીમાની રકમની ચૂકવણી | ૩૦૫ |
| | નવસારી જિલ્લામાં પેટ્રોલપંપો તથા કેરોસીન ડેપો પર દરોડા | ૨૮૦ |
| | નવસારી જિલ્લામાં સો ચોરસવારના પ્લોટની ફાળવણી | ૨૯૫ |
| | નવસારી જિલ્લામાં સો ચોરસવારના પ્લોટની ફાળવણી | ૩૨૮ |
| | બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ આપવા અંગે | ૧૨૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૭૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૬૫ |
| | રાજ્યમાં ૭/૧૨ અને ૮-અની નકલો ગ્રામ્ય કક્ષાએ મળવા અંગે | ૭૭ |
| | રાજ્યમાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવા બાબત | ૨૮૬ |
| ભાવનાબેન હે.ચપટવાલા | ખેત બજાર ઉત્પન્ન સમિતિ ધ્વારા કૃષિ મેળાનું આયોજન | ૨૪૩ |
| | ટેક્ષટાઇલ ઉદ્યોગના આધુનિકરણ માટે સબસીડીની યોજના અન્વયે સુરત શહેરમાં આવેલી અરજીઓ | ૪૮૮ |
| | દક્ષિણ ભારતના સુનામીગ્રસ્ત રાજ્યોને રાજ્ય સરકાર તરફથી સહાય | ૧૩૦ |
| | રાજયમાં ઈ-ગ્રામ યોજનાનું અમલીકરણ | ૨૦૫ |
| | રાજ્યમાં વીજ ઉત્પાદન વધારવાનું આયોજન અને સફળતા | ૪૬૭ |
| | સરકારી જમીન ગ્રાન્ટ કરતી વખતે લેવાની કિંમતના ધોરણમાં તફાવત | ૮૯ |
| | સારાભાઈ કેમીકલ્સમાં શ્રમયોગીઓને બાકી પગાર | ૨૬૩ |
| | સુરત શહેર અને જિલ્લામાંથી પાસા હેઠળ અટકાયત | ૪૩૫ |
| ભાવિનભાઈ ન.શેઠ | મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૫ | ૧૯૨ |
| ભીખીબેન ગિ.પરમાર | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન | ૨૬૦ |
| | માલપુર અને મેઘરજ તાલુકામાં બાકી રેશનકાર્ડ | ૯૩ |
| | સમુદાય આધારિત પુનઃસ્થાપન યોજના અન્વયે વિકલાંગોને લાભ | ૨૩૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ભુપેન્દ્રસિંહ મ.ચુડાસમા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૪૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૭૬ |
| ભૂપેન્દ્ર ગ. લાખાવાલા | અનુસૂચિત જનજાતિના ખોટા પ્રમાણપત્ર રજૂ કરી પોલીસ ખાતામાં નોકરી મેળવવા અંગે ફરિયાદ | ૩૪૭ |
| | અનુસૂચિત જનજાતિના બોગસ પ્રમાણપત્રોથી સરકારી નોકરી મેળવવા બાબત | ૫૩૧ |
| મનસુખભાઈ લ. માંડવિયા | પાલીતાણા અને ગારિયાધાર તાલુકાને પીવાનું પાણી પુરુ પાડતી શેત્રુંજય આધારિત યોજના | ૭૪ |
| | પાલીતાણા તાલુકાની પાંડેરીયા જૂથ પાણી પુરવઠા યોજના | ૧૪૧ |
| | પાલીતાણા તાલુકામાં ગ્રામ પંચાયતો અલગ કરવા દરખાસ્ત | ૨૨૫ |
| | ભાવનગર જિલ્લામાં ચેક ડેમો | ૧૧૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૭૩ |
| | રાજ્યના માછીમારો પાકિસ્તાનની જેલમાંથી છોડાવવા અંગે | ૨૫૨ |
| મનીષ ન. ગીલીટવાલા | રાંદેર તાલુકાની સર્વે નં. ૩૪૦ની જમીનની ખોટી વારસાઈ કરવા અંગે | ૧૨૫ |
| મનીષ ન. ગીલીટવાલા | સુરત ખાતે એસ.આર. ઉદ્યોગને જમીન | ૮૨ |
| મહેન્દ્ર શાં. ત્રિવેદી | ગાંધી અને સરદારના નામનો ઉલ્લેખ કરવા અંગે | ૨૦ |
| | પિયજથી ધરોઈ પાઈપ લાઈનનું કામ | ૧૧૬ |
| | ભાવનગર શહેરમાં લગ્ન પ્રંસગોએ માઈક વગાડવાની પરવાનગી બાબત | ૪૫૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧૯ |
| | શહેરી ગરીબો માટે વાજપાઈ રોજગાર યોજનાનો લક્ષાંક | ૪૭૯ |
| | સરદાર આવાસ યોજનાનો લક્ષ્યાંક | ૨૪૧ |
| | સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત પાઇપ લાઇનનું કામ | ૭૪ |
| માધાભાઈ લા. બોરીચા | કેશોદના સામૂહિક આરોગ્ય oiuક.yક[i અપગ્રેડ કરવા બાબત | ૨૮૪ |
| | ગામ તળાવો ઊંડા કરવા આયોજન અને ખર્ચ | ૨૪૦ |
| | ચોરવાડ તથા બાલાગામ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરુ કરવા બાબત | ૨૮૪ |
| | જુનાગઢ જિલ્લામાં ચેક ડેમો | ૧૦૯ |
| | જુનાગઢ જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ ખેત તલાવડીના કામો | ૩૨૮ |
| | જૂનાગઢ જિલ્લામાં તલાટી-કમ- મંત્રીની ખાલી જગા | ૨૬૦ |
| | જૂનાગઢ જિલ્લામાં નાળિયેરીના વૃક્ષમાં રોગ | ૨૭૫ |
| | જૂનાગઢ જિલ્લામાં પશુ ચિકિત્સકની ખાલી જગ્યાઓ | ૨૭૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૫૮ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| માધાભાઈ લા. બોરીચા | રાજ્યમાં નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની ખાલી જગ્યાઓ | ૩૭૦ |
| | રાજ્યમાં સરદાર આવાસ યોજનાનો લક્ષ્યાંક | ૨૭૨ |
| | વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૫ના મહોત્સવ દરમ્યાન થયેલા એમ.ઓ.યુ. | ૪૩૫ |
| | સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાને લોક પ્રતિસાદ | ૭૦ |
| | સૌરાષ્ટ્રની નદીઓને જોડવા અંગે | ૨૯૧ |
| માધુભાઈ જે. ભોયે | કુદરતી આપત્તિ માટે નવી રાહત નીતિ | ૭૦ |
| | જ્ઞાન ગંગા પ્રોજેકટનું લક્ષ્યાંક અને સિધ્ધિ | ૪૮૦ |
| | નર્મદા યોજના માટે ખર્ચ અને ઉભી કરાયેલી રકમ | ૪૫૪ |
| | પૂર્વ પટ્ટીમાં બિન આદિવાસીઓની કંપનીઓને ખાણ-ખનીજના કામ આપવા બાબત | ૪૯૪ |
| | રાજ્યમાં અતિવૃષ્ટિથી નુકશાન | ૧૧૧ |
| | રાજ્યમાં ગરીબ કુટુંબોને ઘઉં અને ચોખાનું વિતરણ | ૧૩૯ |
| | લોક કલ્યાણ મેળામાં યોજનાના લાભો | ૨૪૯ |
| | શ્રમયોગી યોજનામાં લાભ આપવાનો લક્ષ્યાંક | ૨૨૧ |
| માયાબેન સુ.કોડનાની | અમદાવાદ શહેરને પીવાનું પાણી પૂરું પાડવા અંગે | ૧૪૧ |
| | અમદાવાદ શહેરમાં નાગરિક પુરવઠા ખાતાના દરોડા | ૧૧૭ |
| | અમદાવાદ શહેરમાં પેટ્રોલ/ડિઝલમાં ભેળસેળના કિસ્સા | ૭૭ |
| | અમદાવાદ શહેરમાં હયાત પોલીસ સ્ટેશન અને મહેકમ | ૪૨૪ |
| | નિરાધાર વૃધ્ધોને પેન્શન યોજના અન્વયે મળેલ અરજીઓ | ૨૨૫ |
| માલજીભાઈ દે. દેસાઈ | પાટણ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકો | ૮૪ |
| | પાટણ જિલ્લામાં સરકારી તથા ગૌચર જમીનમાં દબાણ | ૧૨૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૭૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૨ |
| મુકેશ ભૈ. ગઢવી | ઈંટોના ભઠ્ઠાઓ શરુ કરવા માટેના નવા નિયમો | ૪૭૯ |
| | દાંતા, અમીરગઢ અને પાલનપુર તાલુકામાં હેન્ડપંપો | ૫૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતો રચવાની રજૂઆત | ૨૫૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં તલાટી-કમ- મંત્રીની ખાલી જગ્યાઓ | ૨૩૬ |
| | સ્થાવર મિલકતોના દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવા અંગે | ૯૬ |
| | હોર્ડીંગ્ઝ બનાવવા પાછળ ખર્ચ | ૪૫૩ |
| મુળુભાઈ હ. બેરા | જામનગર જિલ્લામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના | ૭૮ |
| | જામનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળો | ૨૭૧ |
| | જામનગર જિલ્લામાં સિંચાઈ યોજના માટે જમીન સંપાદન કેસો | ૧૨૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| મુળુભાઈ હ. બેરા | જામનગરમાં વેટરનરી ડોકટરોની જગ્યાઓ | ૨૩૪ |
| | ભાણવડ તાલુકામાં વર્તુ-૨ સિંચાઈ યોજનાનો લાભ | ૧૪૨ |
| | ભાણવડમાં આઈટીઆઈ બનાવવાનું આયોજન | ૨૫૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૮૦ |
| મોહંમદફારુક હુ. શેખ | અમદાવાદ અને સુરત શહેરમાં યુરો-૧ પ્રકારના વાહનો ઉપર પ્રતિબંધ | ૫૧૩ |
| | અમદાવાદ કલેકટર કચેરીમાં પડતર અરજીઓ | ૧૪૫ |
| | અમદાવાદ શહેરમાં એટ્રોસીટીના નોંધાયેલા ગુન્હાઓ | ૪૮૬ |
| | અમદાવાદ શહેરમાં કેરોસીનના કાળા બજાર | ૧૨૪ |
| | અમદાવાદ શહેરમાં ગેસના સિલીન્ડરોની કૃત્રિમ અછત | ૮૧ |
| | અમદાવાદ શહેરમાં રખિયાલખાતેથી બનાવટી ગુટખાનું કારખાનું પકડવા અંગે | ૫૧૪ |
| | ઔષધ તંત્ર દ્વારા ઉંચા ભાવે દવાની ખરીદી | ૫૧૦ |
| | ગેરકાયદેસર સાગી લાકડા ભરેલો પોલીસનો ટેમ્પો પકડવા અંગે | ૩૪૭ |
| | ડીસા તાલુકાના ઝેરડા ગામે આવેલ જાહેર તળાવની જમીનમાં દબાણ | ૫૨૯ |
| | નવા ઔદ્યોગિક સંકુલો અને હોસ્પિટલોમાં પર્યાવરણીય મંજૂરી | ૫૦૬ |
| | પોરબંદરમાંથી બનાવટી ચલણી નોટોનું મીની છાપખાનું પકડાવા અંગે | ૫૧૩ |
| | ભીલોડા તાલુકાના જોડ ખાપરેટા Uામે મહિલાને ડાકણ ગણી હત્યા કરવા બાબત | ૫૧૪ |
| | રાજ્યમાં આત્મહત્યાના બનાવો અટકાવવા લીધેલાં પગલાં | ૫૧૨ |
| | રાજ્યમાં ડૉકટરો દ્વારા કોડવર્ડ દ્વારા જાતિ પરીક્ષણની જાહેરાત | ૫૧૦ |
| | રાજ્યમાં પાઇપલાઇનથી ગેસ આપવા બાબત | ૪૬૫ |
| | રાયપુર ભૂતની આંબલી વિસ્તારમાં બુટલેગર દ્વારા ચાલતો વિદેશી દારૂનો અડ્ડો | ૪૨૭ |
| | વડોદરાની ગુજરાત ઈકોલોજી કમિશન તથા ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ બંધ થવા બાબત | ૫૦૬ |
| મોહનભાઈ ક. કુંડારીયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૯૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૪ |
| | મોરબી, ટંકારા અને પડધરી તાલુકામાં સેકટર રીફોર્મ યોજના | ૯૩ |
| | રાજકોટ જિલ્લામાં પંચાયત ઘર | ૨૩૦ |
| | રાજકોટમાં સરદાર આવાસ યોજનાનો લાભ | ૨૫૫ |
| | રાજ્યમાં પંચાયત વિભાગમાં રહેમરાહેની નિમણૂક | ૨૬૯ |
| | રાજ્યમાં પોલીસ સબ ઈન્સ્પેટકરોની ખાલી જગ્યાઓ | ૪૪૭ |
| યોગેશભાઈ ના. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૯૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| રણછોડભાઈ ચ. ફળદુ | કાલાવડ તાલુકામાં પાક વીમાની ચુકવવાની બાકી રકમ | ૨૫૧ |
| | ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવો | ૨૬૫ |
| | જામનગર જિલ્લામાં બેરોજગારોની નોંધણી | ૨૨૪ |
| રણજિતસિંહ ન. ચાવડા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૮૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ચેકડેમોના કામો | ૩૫૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં દબાણ દુર કરવા અંગે | ૧૨૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં પાણીની મોટરો | ૭૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં પીવાના પાણીના ટયુબવેલના કામો | ૩૨૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં વન વિભાગ હસ્તકની જમીનમાં રસ્તાના અધુરા કામો | ૩૬૬ |
| | હિંમતનગર તાલુકામાં ગામતળ નીમ કરવા અંગે | ૧૪૨ |
| રમણલાલ ઈ. વોરા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૫૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૫૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૫૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૮૪ |
| રમીલાબેન બે.બારા | સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ રોજગારી | ૨૨૮ |
| | સરકારી જમીન બિનખેતી કરવા માટે મંજૂરી આપવામાં વિલંબ | ૧૦૪ |
| | સરકારી જમીનો ગ્રાન્ટ કરવા પર પ્રતિબંધ | ૬૫ |
| રમીલાબેન રા. દેસાઈ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૬૪ |
| | નાયબ પશુપાલન નિયામકોની ખાલી જગ્યા | ૧૯૯ |
| | સતલાસણા તાલુકાના સર્વે નંબર ૧૮ ની જમીનનો કબજો | ૯૩ |
| રમેશભાઈ ના. મિસ્ત્રી | ઔદ્યોગિક એકમોમાં અકસ્માતથી જાનહાની | ૨૧૯ |
| | ભરૂચ શહેરની પીવાના પાણીની યોજના | ૯૩ |
| | સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ધોરણોમાં ફેરફાર | ૧૪૯ |
| | સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમો | ૧૩૪ |
| રશીદા ઈ. પટેલ | ખાનગી ક્ષેત્રના એકમોમાં નિયમના ભંગ બદલ પગલાં | ૨૩૮ |
| | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા | ૨૫૯ |
| | ભરૂચ જિલ્લામાં જમીન બીન ખેતી કરવાની માગણીઓ | ૪૮ |
| | ભરૂચ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ ગામોનો સમાવેશ | ૪૮૪ |
| | ભરૂચ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ | ૪૬૦ |
| | ભરૂચ જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ.કાર્ડ ધારકો | ૯૫ |
| | ભરૂચ જિલ્લામાં સ્વજલધારા યોજના | ૧૩૫ |
| | રાજ્યમાં વીજ માંગ અને વીજ ઉત્પાદન | ૪૯૭ |
| રાકેશ રાવ | આણંદ જિલ્લામાં લૂંટના બનાવો | ૪૭૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| રાકેશ રાવ | ઔદ્યોગિક એકમોમાં મહિલાઓનું શોષણ | ૨૩૬ |
| | માતર ગામની નગરામાં જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પીવાનું પાણી આપવા અંગે | ૭૯ |
| | રાજ્યમાં તત્કાળ વીજ જોડાણ માટેની અરજીઓ | ૪૪૪ |
| રાજેન્દ્રસિંહ ધી.પરમાર | અંત્યોદય યોજના હેઠળ આણંદ જિલ્લામાં ગરીબોને અનાજ | ૭૦ |
| | આણંદ જિલ્લામાં તલાટી-કમ- મંત્રીઓની ખાલી જગ્યાઓ | ૨૩૪ |
| | આણંદ જિલ્લામાં બળાત્કાર, ખૂન અને અપહરણના બનાવો | ૪૩૯ |
| | રાજ્યમાં અતિવૃષ્ટિથી નુકશાન | ૧૧૦ |
| રાજેશ પાઠક | બાલાસિનોર અને વિરપુર તાલુકામાં ઝુંપડપટ્ટી યોજના હેઠળ વીજ જોડાણ આપવા અંગે | ૪૩૬ |
| | લાલ લાઈટવાળા વાહનો વાપરવાની પરવાનગી બાબત | ૪૬૮ |
| લક્ષ્મણભાઈ બા. પટેલ | કોલક તથા ઉદ્‌વાડા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવા અંગે | ૫૨ |
| | ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ માટે અરજીઓ | ૪૬૨ |
| | પારડી તથા ઉમરગામ તાલુકામાં તલાટી કમ મંત્રીની ખાલી જગ્યાઓ | ૩૨૭ |
| | પારડી તાલુકામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો | ૧૩૫ |
| | વલસાડ જિલ્લામાં તલાટી-કમ- મંત્રીની ખાલી જગ્યાઓ | ૨૫૬ |
| | વલસાડ જિલ્લામાં દમણગંગા નહેરમાં લીકેજ | ૯૭ |
| | વલસાડ જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલની ઘટ | ૪૮૪ |
| | વલસાડ જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ લાભાર્થીઓને સનદો | ૨૩૨ |
| વજુભાઈ પ. ડોડિયા | ખાંડ સહકારી મંડળીઓના માધ્યમથી મદદ | ૨૫૪ |
| | પંચવટી યોજના હેઠળ આવરી લેવાયેલા ગામો | ૨૨૯ |
| | પંચાયત સેવાના કર્મચારીઓને રહેમરાહે નિમણૂંક | ૨૨૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૭૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૯૯ |
| | રાજ્યમાં ગામ નમૂના નં. ૭/૧૨ અને ૮- અ નું કમ્પ્યુટરાઈઝેશન અંગે | ૧૩૭ |
| | વિરમગામ તાલુકામાં સુબેદારી પ્રથા | ૬૧ |
| | સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ધોરણોમાં ફેરફાર | ૧૦૩ |
| | સાણંદ અને વિરમગામ તાલુકાને નર્મદા યોજનાનો મળનાર લાભ | ૪૪૮ |
| વજુભાઈ વાળા | ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૦૪ | ૧૯૬ |
| વસુબેન ન.ત્રિવેદી | જામનગર જિલ્લામાં જમીન બિનખેતી કરવાની માંગણીઓ | ૧૦૫ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| વસુબેન ન.ત્રિવેદી | તોલમાપ તંત્ર દ્વારા ગ્રાહકોની છેતરપીંડી અટકાવવાનાં પગલાં | ૬૬ |
| વેચાતભાઈ હ. બારિયા | એસ.એસ. જી. હોસ્પિટલમાં બાયો મેડિકલ વેસ્ટના નિકાલ બાબત | ૩૧૬ |
| | કાલોલ તાલુકાના વેજલપુરની છાત્રાલયનો વિદ્યાર્થી છાત્રાલય છોડી જવા અંગે | ૫૩૦ |
| | ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આવેલ જમીનો પચાવી પાડવા અંગે | ૩૨૯ |
| | છોટાઉદેપુરના નવાપુરા વિસ્તારમાં રહેતા બી.એસ.એફ.ના ૬ માસથી ગુમ થયેલ જવાન | ૩૧૯ |
| | જરોદ રેફરલ હોસ્પિટલમાં ડોકટરની મનમાની | ૩૪૬ |
| | જાંબુઘોડા તાલુકાના લફણી તળાવ દ્વારા સિંચાઈ તથા થયેલ ખર્ચ | ૩૨૫ |
| | જેતપુર પાવી તાલુકાના વાઘવા ગામના તૂટેલા નાળા બાબત | ૩૦૨ |
| | જેતપુર પાવીમાં અનુસૂચિત જનજાતિનું સરકારી કુમાર છાત્રાલય બંધ થવા બાબત | ૩૭૨ |
| | જેતપુર-પાવી તાલુકામાં નાની સિંચાઇના તળાવો ઊંડા કરવા અંગેના ટેન્ડરો બહાર પાડવામાં વિલંબ | ૨૯૨ |
| | બુટલેગર ધ્વારા લાલ-લાઈટવાળી ગાડી વાપરવા અંગે | ૨૮૭ |
| | બોડેલી અને જેતપુર-પાવીમાં કપાસના પોષણક્ષમ ભાવો | ૩૩૪ |
| | રાજ્યની શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ આપવા અંગે | ૫૦૫ |
| | વડોદરા આઇ.ટી.આઇ. માં પાણીની સુવિધાનો અભાવ | ૩૪૯ |
| | વડોદરાના સરકીટ હાઉસના વાલ્મીકી બંગલામાં લાગેલી આગ | ૩૩૨ |
| | વડોદરાની સયાજીરાવ હોસ્પિટલમાં ધનુરની રસી ન મળવા બાબત | ૩૧૭ |
| | સંખેડા તાલુકાની માલુ વસાહત માટે પીવાના પાણીનું આયોજન | ૩૫૩ |
| | સંતરામપુર તાલુકના ફળવા ગામમાં અમાન્ય માધ્યમિક શાળા | ૫૦૫ |
| | સુખી જળાશયનો પેરિફરી રોડ વાહનવ્યવહારને લાયક ન હોવા અંગે | ૨૯૨ |
| | હડકવા વિરોધી રસીનું ઉત્પાદન બંધ કરવા બાબત | ૩૪૭ |
| | હાલોલ તાલુકામાં બી.આર.સી./સી.આર.સી.ના કાર્યક્રમમાં નાણાકીય ગેરરીતિ | ૩૪૨ |
| | હાલોલમાં નવા બંધાયેલા સરકીટ હાઉસમાં પાણી પડવા બાબત | ૩૩૧ |
| શંકરભાઈ મં. વારલી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૯૮ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| શંકરભાઈ મં. વારલી | વડોદરા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં શ્રી બાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે આવેલ અરજીઓ અંગે | ૩૧૯ |
| શંકરભાઈ લ. ચૌધરી | કૃષિ ક્ષેત્રે આપેલ ધિરાણ | ૨૫૩ |
| | ખેત તલાવડી બનાવવા પાછળ ખર્ચ | ૨૨૬ |
| | છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં સરદાર પટેલ આવાસ યોજના પાછળ થયેલ ખર્ચ | ૨૯૬ |
| | તીર્થગ્રામ યોજના હેઠળ જાહેર કરેલ ગામો | ૨૬૬ |
| | પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં હકપત્રકો તથા વારસાઇ નોંધો | ૯૪ |
| | બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલની પ્રગતિ અંગે. | ૪૨૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૬૬ |
| | રાધનપુર તાલુકામાં નર્મદા કેનાલનું કામ | ૪૬૫ |
| | સાંતલપુર તાલુકામાં વહી જતા પાણીથી સિંચાઈ | ૩૯ |
| | સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં યોજાયેલા લોક દરબાર | ૪૮૫ |
| | હળવદ અને મૂળી મામલતદાર કચેરીઓમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૨૯૭ |
| શંકરભાઈ વી. રાઠવા | કચ્છ જીલ્લામાં બંધારા અને ટાઈડલ રેગ્યુલેટર બાંધવા અંગે | ૧૪૫ |
| | ગ્લોબલ ઇન્વેસ્ટર સમીટ-૨૦૦૩માં મળેલી દરખાસ્તો | ૪૩૮ |
| | છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં નવીન કૂવાઓ માટેની અરજીઓ | ૨૭૬ |
| | છોટાઉદેપુર તાલુકાના ધોળી સામેલથી પાવી-જેતપુર તાલુકાના ભીખાપુરાનો રસ્તો બિસ્માર હોવા બાબત | ૮૨ |
| | છોટાઉદેપુર તાલુકાના ભીલપુર ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનનું બાંધકામ | ૩૧૬ |
| | જૂનાગઢ આર.ટી.ઓ. ની આવક | ૪૭૧ |
| | નવા પંડિત દીનદયાલ ઉપાધ્યાય ગ્રાહક ભંડારોને મંજૂરી | ૧૨૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૮૩ |
| | વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓના શોષણ અંગે ફરિયાદો | ૨૧૭ |
| | સમરસ થયેલ ગ્રામ પંચાયતો | ૨૪૬ |
| શિરીષકુમાર મ. શુકલ | કલ્પસર યોજના અંગે જમીન માપણીનું કામ અને થયેલ ખર્ચ | ૪૩૭ |
| | કલ્પસર યોજના અન્વયે સમુદ્રની મોજણી તથા બેથીમેટ્રીક સર્વેની કામગીરી | ૪૭૦ |
| | ગણવેશ અને શિષ્યવૃત્તિની યોજના અન્વયે બાળકોને લાભ | ૨૬૧ |
| | જૂનાગઢ જિલ્લામાં ટ્રીપલ મર્ડર કેસના આરોપીનું એન્કાઉન્ટર | ૪૮૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| શિરીષકુમાર મ. શુકલ | રાજ્યના નવા જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમો | ૮૭ |
| | રાજ્યમાં એગ્રીકલ્ચર ઝોનથી ફાયદો | ૨૪૧ |
| | રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશ | ૧૨૯ |
| શીવજીભાઈ ક. આહીર | અંજાર ખાતે શિકારી ટોળકી પકડાવા બાબત | ૫૦૮ |
| | કચ્છ ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓની સ્કોલરશીપ અંગ | ૩૩૫ |
| | કચ્છ જિલ્લાના પલાસવા ગામમાં નીલગાયનો બંદૂકથી કરેલ શિકાર | ૩૧૦ |
| | કચ્છ જિલ્લામાં ગૌચર જમીન અન્ય હેતુસર ફાળવવા અંગે | ૮૭ |
| | કચ્છ જીલ્લાના જળાશયો નર્મદાના પાણીથી ભરવા અંગે | ૧૪૬ |
| | કુતિયાણા તાલુકાના સારણનેસ ગામ પાસે મોરની હત્યા | ૫૦૭ |
| | ધોરાજી તાલુકાના લાંગડીધાર પાસેથી ગૌ-વંશ પકડાવા અંગે | ૩૧૮ |
| | પાદરા તાલુકાના પાટોદ ગામમાં થયેલ મોરની હત્યા | ૩૧૦ |
| | પાલીતાણામાં ભૂંડને પકડીને હિંસા આચરવા બાબત | ૫૩૧ |
| | પોરબંદર ખાતે આવેલ પક્ષી અભ્યારણ્યમાં ગંદુ પાણી ભરાવા બાબત | ૫૦૭ |
| | ભુજ તથા નખત્રાણામાં ભૂકંપનો મલબો ઉપાડવાના કોન્ટ્રાકટમાં ભ્રષ્ટાચાર | ૩૬૬ |
| | ભુજ શહેરમાં ચાલતો નકલી ઘી નો વેપાર | ૩૧૫ |
| | ભૂજ અને નખત્રાણા તાલુકામાં ગોકુળ ગામ બનાવવાની કામગીરી | ૨૪૮ |
| | ભૂજ અને નખત્રાણા તાલુકામાં પાણી પુરવઠા યોજનાઓ | ૧૨૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૬૯ |
| | મોમાઇ મોરાની ગામની સીમમાં પકડાયેલ શિકારીઓ | ૫૦૮ |
| | રાજકોટ શહેરમાં ચાલતુ ગેરકાયદેસર કતલખાનું | ૩૭૧ |
| | રાજયમાં ખાનગી કંપનીઓ દ્વારા ચાલતો બંદરોનો વહીવટ. | ૪૨૯ |
| | રાજ્યમાં વિદ્યુત સ્મશાનો માટે અપાતી વિજ સબસીડી | ૩૩૨ |
| | વાપીના નિરાનનગર ખાતે લઈજવાનું બીફ હિંસા-નિવારણ સંઘ દ્વારા પકડવા અંગે | ૫૧૪ |
| | સુરત ખાતેથી ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા તાંત્રિકને બલી ચઢાવતા પકડવા અંગે | ૫૧૫ |
| | સુરેન્દ્રનગર શહેરમાં ગરીબ દેવીપૂજક ગર્ભવતી મહિલાને મહિલા કોન્સ્ટેબલ ધ્વારા માર મારવા અંગે | ૨૮૮ |
| | સોઈલ હેલ્થ કાર્ડ હેઠળ જમીનનું કાયમી ધોરણે પૃથ્થકરણ | ૨૨૦ |
| સિદ્ધાર્થ મા. પરમાર | ખાતાકીય તપાસ દરમ્યાન મામલતદારોને બઢતી આપવા અંગે | ૨૯૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| સિદ્ધાર્થ મા. પરમાર | ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની ) જગાઓ અને સેવાઓમાં ખાલી જગ્યાઓ અનામત રાખવા બાબત વિધેયક,૨૦૦૫ | ૧૯૨ |
| | ધોરણ ૧૨ના પુસ્તકમાં હરિજન સ્રીઓના વિરૂધ્ધમાં ઉલ્લેખ કરવા અંગે | ૫૦૫ |
| | રાજકોટ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળના કેસ | ૩૧૫ |
| | રાજકોટ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ | ૩૫૪ |
| | રાજકોટ તાલુકાના મામલતદાર સામે નિયમના ભંગ માટે પગલાં લેવા અંગે | ૫૨૯ |
| | રાજકોટ મેડીકલ કોલેજમાં વર્ગ- ૩ અને વર્ગ-૪ની ભરતી કરવા બાબત | ૫૦૯ |
| | રાજકોટ શહેરનો વિકાસ નકશો | ૩૩૨ |
| | રાજકોટ, કોટડા અને લોધીકા તાલુકામાં કાયમી પીવાના પાણીની વ્યવસ્થા કરવા બાબત | ૩૫૩ |
| | રાજકોટ, જૂનાગઢ,સુરેન્દ્રનગર અને વલસાડ જિલ્લામાં અનુસૂચિત જાતિની ખેતી વિષયક મંડળીઓને જમીન ફાળવવા અંગ | ૩૩૩ |
| | રાજકોટથી અમદાવાદ સુધીનો ફોરટેક રોડ ઉપર બોગન વેલ રોપવા બાબત | ૫૩૦ |
| | રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકોને ખેતી માટે સરકારી જમીન આપવા અંગે | ૫૨૮ |
| | લોધીકા તાલુકાની મામલતદાર કચેરીનું મકાન | ૫૩૦ |
| | સરકારી વાહનો ઉપર લાલ લાઇટનો ઉપયોગ | ૫૧૦ |
| સી. જે. ચાવડા | ગાંધીનગર તાલુકામાં સિંચાઈ માટે સિંચાઈ યોજના | ૧૪૧ |
| | ગાંધીનગરમાં પંચાયત ઘરનું બાંધકામ | ૨૩૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૪૬ |
| | રાજ્યમાં મૂડી રોકાણકારોને રાહત દરે જમીન | ૭૭ |
| | રાજ્યમાં રેવન્યુ રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન | ૧૨૦ |
| સી. ડી. પટેલ | કેન્દ્ર પુરસ્કૃત જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ હેઠળ વિસ્તાર આવરી લેવા અંગે | ૨૩૮ |
| | નર્મદા માસ્ટર પ્લાન હેઠળ રાજ્યના આવરી લેવાયેલા શહેરો તથા ગામો | ૭૦ |
| | ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણ બાબત | ૪૯૨ |
| | ભાવનગર આર.ટી.ઓ. ની આવક | ૪૪૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૫૬૧ |
| | શબ્દો રદ કરવા બાબત | ૩૮૭ |
| | સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટની આવક | ૪૭૫ |
| સુંદરસિંહ ભ.ચૌહાણ | રાજયમાં ગામ નમૂના નં.૭-૧૨ અને ૮- અનું કમ્પ્યુટરાઈઝેશન | ૫૩ |
| | રાજ્યમાં નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન | ૪૪૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| સુંદરસિંહ ભ.ચૌહાણ | વીજ ખરીદીના કરારોની સમીક્ષાથી બોર્ડને થનાર ફાયદો | ૪૭૭ |
| | સૌરાષ્ટ્ર શાખા ઉપર આવેલ પંપીંગ સ્ટેશન ચાલુ કરવા બાબત | ૪૯૩ |
| સુનીલ બા. ઓઝા | ભાવનગર જિલ્લામાં નર્મદાની નહેરો લંબાવવાનું આયોજન | ૪૯૬ |
| | ભાવનગર જિલ્લામાં પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ નિવારવાના પગલાં | ૧૦૬ |
| | ભાવનગર જિલ્લામાં લિગ્નાઇટ આધારિત પાવર પ્રોજેક્ટ માટે આયોજન | ૪૮૨ |
| | ભાવનગર જિલ્લામાં સ્પ્રીન્કલર ફાળવવા અંગે | ૨૫૪ |
| | ભાવનગર તાલુકામાં સાંથણીમાં જમીન આપવા અંગેના કેસો | ૬૮ |
| | ભાવનગર બંદરને ચાલુ રાખવાનું આયોજન | ૪૫૮ |
| | ભાવનગરમાં ખેડૂત ખાતેદારના અકસ્માત વીમા માટે અરજીઓ | ૨૨૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૮ |
| | રાજ્યમાં કુલ ટ્રસ્ટોની નોંધણી અંગે | ૨૯૧ |
| | રાજ્યમાં મહેસૂલ વિભાગ દ્વારા ઈ- ગર્વનન્સ અમલીકરણની શરૂઆત | ૩૨૯ |
| સૌરભ પટેલ | ખેડૂતોના કાયમી ધોરણે કપાયેલ ખેતી વિષયક વીજ જોડાણ પુનઃચાલુ કરાવવા માટે આપવામાં આવતા અંદાજમાં ઘટાડા અંગે | ૧૫૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૭૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૦૮ |
| હરજીવન હી. પટેલ | એક્રેડીટેશન કાર્ડ માટે આવેલી માંગણીઓ | ૪૯૩ |
| | બનાસકાંઠા જિલ્લાને સિંચાઇનો લાભ | ૬૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોની આકસ્મિક મૃત્યુ વીમાની અરજીઓ | ૨૩૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં જમીન સુધારણાના કામો | ૨૫૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં નશાબંધી કમિશનરશ્રીની સ્કવોર્ડ ધ્વારા દારૂ અંગેની રેડ | ૪૪૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં પડતર મહેસૂલી તુમારો | ૧૩૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલ ડીઝલની ભેળસેળના કેસો | ૧૦૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં મારબલ, ગ્રેનાઈટ તથા સિમેન્ટ પથ્થર મેળવવા માટે આવેલ અરજીઓ | ૪૭૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં સો ચોરસવારના પ્લોટની ફાળવણી | ૨૬૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૯૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧૨ |
| | માનવ કલ્યાણ યોજના અન્વયે કચ્છ જિલ્લામાં આવેલ અરજીઓ | ૪૯૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| હરેશકુમાર ઈ. ભટ્ટ | જામનગર આર.ટી.ઓ. ની આવક | ૪૮૩ |
| | નવા જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમો | ૯૬ |
| | રાજયમાં હકપત્રક નોંધોના નિકાલની ઝૂંબેશ | ૫૦ |
| | સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ક્ષાર પ્રવેશના કામો | ૧૩૫ |
| | હિંમતનગર આર.ટી.ઓ. ની આવક | ૪૫૯ |
| હર્ષદભાઈ ચુ. વસાવા | સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુક્તિનો પ્રશ્ન | ૮૧ |
| | સરકારી જમીનોને બીનખેતીના હેતુ માટે મંજૂરી આપવામાં વિલંબ | ૧૨૪ |
| હીરાભાઈ ઓ. સોલંકી | અમરેલી જિલ્લાના જાફરાબાદસામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે જમીન દાનમાં આપવા બાબત | ૩૧૩ |
| હીરાભાઈ ઓ. સોલંકી | અમરેલી જિલ્લામાં કુટિર જ્યોત યોજના અન્વયેની અરજીઓ બાબત | ૩૭૧ |
| | અમરેલી જિલ્લામાં ગામતળ વધારવાની માંગણી | ૩૬૪ |
| | અમરેલી જિલ્લામાં ચાલતા નશાબંધી સંસ્કાર કેન્દ્રો અંગે | ૨૮૮ |
| | અમરેલી જિલ્લામાં ડી.પી.ઈ.પી. યોજના અન્વયે થયેલ કામો | ૩૩૯ |
| | અમરેલી જિલ્લામાં વૃક્ષારોપણ માટે કરવામાં આવેલ ખર્ચ | ૩૦૮ |
| | ખાંભા તાલુકાના વાંગધ્રા ગામે ગામતળ વધારવા અંગે | ૨૯૯ |
| | જાફરાબાદ તાલુકામાં પકડાયેલ દારુ અંગે | ૩૧૮ |
| | ધારાસભાના મત વિસ્તાર દીઠ આયુર્વેદિક, હોમીયોપેથીક દવાખાનામાં સ્ટાફની નિમણુંક | ૩૧૩ |
| | રાજુલા અને જાફરાબાદ તાલુકામાં સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળના જૂથો | ૫૨૩ |
| | રાજુલા અને જાફરાબાદ તાલુકામાં સો ચોરસવારના પ્લોટની સનદો | ૩૬૪ |
| | રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં સ્વજલ ધારા યોજનાની કામગીરી | ૯૪ |
| | અમરેલી જિલ્લામાં એસ.જી.આર. યોજના હેઠળ મંજૂર થયેલ કામા | ૨૨૩ |
| | ખાંભા તાલુકામાં સર્વે નંબર ૧૮૨ની જમીનનો વિવાદ | ૪૨ |
| | રાજુલા તાલુકા પંચાયત કચેરીમાંથી ફોર્મ ગુમ થવા અંગે | ૨૫૧ |
| | રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાની રાયડી જૂથ પાણી પુરવઠા યોજના | ૧૩૪ |
| હેમાજી દ. રાજપૂત | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૫ |
| | રાજ્યમાં આનાવારી તથા અછતની પરિસ્થિતિ | ૧૦૭ |
| | વાવ અને થરાદ તાલુકાને નર્મદાના પાણી આપવા અંગે | ૪૪૪ |
| | વાવમાં ટીડીઓની ખાલી જગા | ૨૧૯ |
| | સસ્તા અનાજની દુકાનો અને પેટ્રોલ પંપોની તપાસ | ૬૮ |